મારી મુંબઈ બહારની સેહેલ.

છપનજી જમશેદજી મોદી.

મારી મુંબઈ બહારની સેહેલ,

યુરોપ અને ઈરાંનની મુસાફરીના ૧૦૧ પત્રો.

લખનાર:

ડા૦ જીવનજી જમશેદજી મોદી.

બી. એ., પી. એચ. ડી., સી. આઇ. ઇ.

મુંબઈ.

જામે જમશેદ પ્રીંટીંગ વર્કસ, મેંગલોર સ્ટ્રીટ, કોટ મધે માણેકજી નવરોજી પ્રીંટરે છાપ્યું છે, અને સમશુલ ઓલમા ડા૦ જીવનજી જમશેદજી મોદીએ, (કોલાબા, કુંવર વીલા,)માં પ્રગટ કીધું છે.

સને ૧૯૨૬ ઇસ્વી.

MY TRAVELS.

A Series of 101 Letters.

By JIVANJI JAMSHEDJI MODI.

B.A. (Bombay University; 1876); Ph. D. (Honoris Causa, Heidelberg, 1912); C.I.E. (1917); Fellow of the University of Bombay (1887); Dipl. Litteris et Artibus (Sweden, 1889); Shams-ul-Ulama (Govt. of India, 1893) Officiér d'Académie (France, 1898); Officiér de l'Instruction Publique (France, 1902); Honorary correspondent of the Archæological Department of the Govt. of India (1914); Campbell Medallist, B. B. Royal Asiatic Society (1918); Fellow of the B. B. Royal Asiatic Society (1923); Honorary Member of the Bhandarkar Oriental Research Institute (1923); Chevalier de Legion d'Honneur (France 1925); Officiér de Croix de Merit (Hungary 1925).

BY THE SAME AUTHOR.

In English.

Religious Ceremonies and Customs of the Parsees.
The Religious System of the Parsees.
A Catechism of the Zoroastrian Religion.
The Naôjote Ceremony of the Parsees.
The Marriage Ceremony of the Parsees.
Marriage Customs among the Parsees, their comparison with similar customs of other Nations.
The Parsees at the Court of Akbar and Dastur Meherji Rânâ.
Aiyâdgâr-i-Zarirân, Shatroîhâ-i-Airân, va Afdya va Sahigiya-Seistân, *i.e.*, The Memoir of Zarir, Cities of Irân, and the Wonders and Marvels of Seistân. (Pahlavi Translations Part I. Texts in Gujarati character, with English and Gujarâti translations and notes).
Jâmâspi (Pahlavi Translations, Part III. Pahlavi, Pazend and Persian texts with translations).
The Persian Farziât-nâmeh and Kholâseh-i Din of Dastur Dârâb Pàhlan, Text and English Version with Notes.
Wine among the Ancient Persians.
Asiatic Papers, Parts I and II. Part III in the Press.
Anthropological Papers, Parts, I, II and III. (Part IV in the Press)
Masonic Papers.
Dante Papers.
Memorial Papers.
Anquetil Du Perron and Dastur Darab.
Moral Extracts from Zoroastrian Books.
A Few Events in the Early History of the Parsees and their Dates.
A Glimpse into the Work of the Bombay Branch Royal Asiatic Society during the last 100 years, from a Parsee point of view.
Dastur Bahman Kaikobad and the Kisseh-i Sanjan.
Education among the Ancient Iranians.
Impressions d'un Parsi sur la Ville de Paris.
La Visite d'un Parsi à la Ville de Constantinople.
La Cérémonie du Naôjote parmi les Parsis.

GUJARATI.

વાયુચક્ર શાસ્ત્ર (Meteorology).

જમશેદ, હોમ અને આતશ (Jamshed, Hom and Fire).

અવસ્તા જમાનાની ઘર સંસારી જીંદગી, ભુગોળ અને એઅકાદનામું (The Social Life, Geography and Articles of Faith of Avesta times).

અનાહીત અને ફરોહર (Anâhita and Farohar).

ભવિષ્યની જીંદગી અથવા આત્માનું અમરપણું (Immortality of the Soul).
મેહેર અને જશને મેહેરગાન (Mithra and the Feast of Mithras).

અવસ્તાના વિશેષ નામોની ફરહંગ (A Dictionary of Avestic Proper Names).

ઇરાની વિષયો, ભાગ પેહેલો (Iranian Essays, Part I).
ઇરાની વિષયો, ભાગ બીજો (Iranian Essays, Part II).
ઇરાની વિષયો, ભાગ ત્રીજો (Iranian Essays, Part III).
મોત ઉપર વાએજ (A Sermon on Death).

શાહનામું મીનોચેહરના રાજ્ય સુધી (Shah-nâmeh up to the reign of Minocheher).

શાહનામું અને ફીરદોસી (Shah-nâmeh and Fridousi).

જ્ઞાનપ્રસારક વિષયો, ભાગ પેહેલો (Lectures before the Dnyân Prasârak Society, Part I).

જ્ઞાનપ્રસારક વિષયો, ભાગ બીજો (Lectures before the Dnyân Prasârak Society, Part II).

જ્ઞાનપ્રસારક વિષયો, ભાગ ત્રીજો (Lectures before the Dnyân Prasârak Society, Part III).

જ્ઞાનપ્રસારક વિષયો, ભાગ ચોથો (Lectures before the Dnyân Prasârak Society, Part IV).

જરથોસ્તી ધર્મ સંબંધી પ્રશ્નોત્તર (Zoroastrian Catechism).

જરથોસ્તી ધર્મની તવારીખ (History of the Zoroastrian Religion).

જરથોસ્તી ધર્મનાં કામો અને ક્રીયાઓ (Zoroastrian Rites and Ceremonies).

પુરાતન ઇરાનનો ઇતિહાસ, ભાગ પેહેલો (Ancient History of Iran, Part I).

ઇરાનનું પેશદાદીઆન વંશ (Peshdâdian Dynasty of Iran).
ઇરાનનું કેયાનીઆન વંશ (Kyânian Dynasty of Iran).

જરથોસ્તી ધર્મ સંબંધી ભાષણો અને વાએજો, ભાગ પહેલો (Lectures and Sermons on Zoroastrian Subjects, Part I).

જરથોસ્તી ધર્મ સંબંધી ભાષણો અને વાએજો, ભાગ બીજો (Lectures and Sermons on Zoroastrian Subjects, Part II).

જરથોસ્તી ધર્મ સંબંધી ભાષણો અને વાએજો, ભાગ ત્રીજો (Lectures and Sermons on Zoroastrian Subjects, Part III).

જરથોસ્તી ધર્મ સંબંધી ભાષણો અને વાએજો, ભાગ ચોથો (Lectures and Sermons on Zoroastrian Subjects, Part IV).

જરથોસ્તી ધર્મ સંબંધી ભાષણો અને વાએજો, ભાગ પાંચમો (Lectures and Sermons on Zoroastrian Subjects, Part V).

જરથોસ્તી ધર્મ સંબંધી ભાષણો અને વાએજો, ભાગ છઠો (Lectures and Sermons on Zoroastrian Subjects, Part VI).

બુનદેહેશ (Bundehesh, Pahlavi Translations, Part II).

કદીમ ઇરાનીઓ, હીરોડોટસ અને સ્ટ્રેબો મુજબ, અવસ્તા અને બીજા પારસી પુસ્તકોની સરખામણી સાથે (The Ancient Iranians, according to Herodotus and Strabo, compared with the Avesta and other Parsee Books).

શાહનામાનાં દાસ્તાનો, ભાગ પહેલો (Episodes from the Shah-nâmeh, Part I).

શાહનામાનાં દાસ્તાનો, ભાગ બીજો (Episodes from the Shah-nâmeh, Part II).

શાહનામાની સુંદરીઓ (Heroines of the Shah-nâmeh).

મુક્તાદના દિવસો કેટલા છે? તે બાબેની પેહેલવી, પાજંદ, ફારસી વિગેરે પુસ્તકોને આધારે તપાસ (An Inquiry from Pahlavi, Pazend, Persian and other works on the subject of the Number of Days of the Fravardegan).

મુંબઈના પારસી ધરમ ખાતાંઓ (Bombay Parsee Charities).

WORKS EDITED BY THE SAME AUTHOR.

K. R. Cama Memorial Volume.

The Pahlavi Mâdigân-i-Hazâr Dâdistân.

K. R. Cama Masonic Jubilee Volume.

Spiegel Memorial Volume.

Sir J. J. Madressa Jubilee Volume.

અર્પણ પત્ર.

ભાઇ રૂસ્તમજી કાવસજી ખરશેદજી મોદી.

મેહેરબાન ભાઈ રૂસ્તમજી

મારી મુસાફરીનું આ પુસ્તક તમોને અર્પણ કરી તમારા નામ સાથ જોડવાની ખુશી હાંસેલ કરૂં છું. એમ કેટલાક સબબોએ કરૂં છું:—

મારા પીઆરા ભાઇ ખરશેદજીનાં એક નબીરા તરીકે તમારી શીખતી જીંદગી દરમેઆંન તમારા અભ્યાસમાં હું કાંઇક કાળજી લેતો હતો. ત્યાર પછી મને સારી પએ યાદ છે કે જ્યારે હું પેહેલો સને ૧૮૮૯ નાં સાલમાં સ્ટોકહોમ ખાતેની ઓરીયેન્ટલ કોનગ્રેસમાં હાજર થવા યુરોપ ગયો, ત્યારે જવા આગમજના કેટલાક છેલ્લા દાહડાઓમાં તે કોનગ્રેસ માટેના કાંઇક વીષયો તયાર કરવી વેલા તમો મને મદદ કરવા મહેરબાંની કરી મારી બાજુએ હતા અને મારા વીષયોની ફેર નકલો કરી આપી હતી. ત્યાર બાદ તમારી શાદીનાં ધાર્મીક આશીર્વાદ મારે મુખથી નાખવાની મને ખુશી ઉપજી હતી. તે બનાવને આજે યાદ કરતાં વધારે ખુશી આ સબબે ઉપજે છે કે તે આશીર્વાદના કોઇક રૂડા શબ્દો તેં દાદારે તમોને આમીન કર્યા છે. તે દાદારે કાંઇક દોલતની, અને દોલત કરતાં વધારે કીમતી અસકેઆમત તરીકે ભલાં જન ફરજંદોની નવાજેશ કરી છે. ખુદા કરેને તે દોલત અને જન ફરજંદો તમોને સર્વ સુખ આપતાં રહે. પણ દોલત માટે પેલા જાણીતા ગાયણકારના આ સુંદર શબ્દો છે, કે જો તેનો સદઉપયોગ નહી થાય તો કોઇ વખત "દોલત દલદરના દરવાજા" થઇ પડે છે. પણ તે દાદારે તમારે માટે દોલતનાં દરવાજા ઉઘાડતાં તમોએ સારાં ભાયગે તે દોલતને 'દલ દર' ને બદલે "સદ દર" યા સો દરવાજાના ઘણા માર્ગે સરીતે વાપડી ભાગ્યશાલી કરી છે. ખાંનગી તેમ જાહેરમાં સખાવત કરી તમોએ દોલતનો કાંઇક સારો ઉપયોગ કર્યો છે, અને હું જોઇ અને જાણીને ખુશી છું કે તમારી સખાવતમાં તમોએ આપણાં પુરાણાં વડીલોનાં ઇરાંન વતનને ચાહ્યું છે અને તે કરતાં વધારે આપણાં બાપદાદાઓનાં હીંદ વતન નોસારીને ચાહ્યું છે.

પણ આ ઉપરાંત મારી મુસાફરીનાં આ પુસ્તકને તમારાં નામ સાથે જોડવાનો મુખ્ય સબબ આ છે કે મારી કોઇક મુસાફરી મેં તમારી મેહેરબાની ભરી ભલી સંગતમાં કીધી છે. કાશમીરની મારી ત્રણ સફરોમાંની છેલ્લી બે મેં તમારી સાથે કીધી છે. મારી નજદીક આઠ માસની આ છેલ્લી મુસાફરી, જેનાં વર્ણનનું આ પુસ્તક છે, તેમાં પણ નોરવે અને ઇરાંનના કેટલાક ભાગની મલી આસરે બે માસની મુસાફરી તમો ભાઇ સાથે કીધી છે.

આ સર્વ આગલી પાછલી હકીકતની ખુશી ઉપજાવનારી યાદ સાથે આ પુસ્તક તમોને ઘણા ઘણી દુઆઓ સાથે અર્પણ કરૂં છું.

સેવક,

જીવનજી જમશેદજી મોદી.

કુંવર વીલા,

કોલાબા,

રોજ આવાં, માહ આદર, સને ૧૨૯૫ યઝદેજરદી,

તા૦ ૧૬ મી મે ૧૯૨૬.

દીબાચો.

"Travel, in the younger sort, is a part of education; in the elder, a part of experience......Let his travel appear rather in his discourse than in his apparel or gesture......Let it appear, that he doth not change his country manners for those of foreign parts, but only prick in some flowers of that he has learned abroad into the customs of his own country." (Lord Bacon's Essay on Travel.)

મારા કોલેજના દિવસોમાં જ્યારે હું બેકનના વિષયો શીખતો હતો, ત્યારે તેના વિષયોમાંથી મુસાફરી ઉપરના તેના વિષયે મારૂં કાંઇક ખાસ ધ્યાન ખેંચ્યું હતું અને મુસાફરીના ફાયદાની અને મુસાફરી કેમ કરવી તે બાબેની તેની કોઇક શીખાંમણોમાંથી ઉપલી મેં યાદ રાખી હતી. મુસાફરી બાબેની તેની કેટલીક શીખામણોમાંથી એક શીખાંમણ કે "મુસાફરીની નોંધ રાખવી," (Let diaries be brought in use), તે મેં ખાસ યાદ રાખી હતી. એ વિષયની શીખાંમણોની કાંઇક યાદ સાથે, મેં મારી જીંદગીમાં પહેલવહેલી લાંબી મુસાફરી સને ૧૮૮૭ ના સાલમાં ઉત્તર હીંદુસ્તાનની, એક કોલાબાવાસી ભલા મીત્ર મરહુમ મી. હોરમજી નવરોજી રતનજી કુપર અને એક ભલા પેશી મિત્ર એ. રૂસ્તમજી કેરસાસ્પજી મોદી સાથે કરી હતી. એ મુસાફરીમાં હું પૂર્વે કલકતે અને ઉત્તર પશ્ચિમે અફગાંન સરહદ પર ખાઇબર પાસમાં અલી મસજીદ સુધી ગયો હતો. તે વખતે એટલે આસરે ૪૦) વર્ષ પર એ અફગાંન સરહદ ઉપર જવું કાંઇક જોખમભર્યું હતું. મને તે સફરની એપ્રીલ માસની એક સુંદર સવાર હજુર સારી પઠે યાદ છે કે જ્યારે, પેશાવરની શેઠ દોરાબજી જશાવાલાની પેહેડી, જેની મેં ત્યાં મહેરબાનીભરી મહેમાનદારી ભોગવી હતી, તેના મેનેજર મી. રૂસ્તમજી એદલજી સકલાતવાલા સાથે, પેશાવરના વડા અમલદાર મેજર વારબર્ટને અમારા રક્ષણ માટે આપેલા ત્રણ અફગાંન ઘોડેસવારોની રેહબરી હેથળ ખરા બામદાદે કાંઇક કકડતી ઠંડીમાં પેશાવર છોડી હું અલી મસજીદ ગયો હતો, અને ખરી બપોરે ગરમીમાં પેલી કહેતી પ્રમાણે, હાથ હાથ જીભ બહાર કાઢતો અલી મસજીદથી જમરૂદ પાછો ફર્યો હતો. મારી જીંદગીના કોઇક થાકેલા દિવસોમાં તે, ભર જવાની હોવા છતાં, ઘણો થાકનો દિવસ હતો, સબબકે મારા જેવા ઘોડેસવારીનો અનુભવ નહિ ધરાવનારાઓ માટે જવા આવવાની મળી ૨૦) મેલની અર્ધા દિવસમાં કરેલી મુસાફરી ઘણી થાકવનારી હતી. પણ તે વખતથી મેં બેકનની ઉપલી શીખાંમણ મુજબ મુસાફરીમાં નોંધ (Diary) રાખવાનો અને તુરતા તુરત જગે જગે નોંધપોથીમાં નોંધ લેવાનો શોખ શરૂ કર્યો હતો. તેથી ખરી બપોરે, જો કે ગરમી એટલી બધી હતી કે જાણે ગરમી અને થાકથી ઘોડા ઉપરથી પડી જાઉં, તોપણ મારી સાથના સવારો સાથે વાત કરતાં મેં ખુદ ઘોડાની પીઠ ઉપરથી આજુબાજુની જગ્યાઓની નોંધ લીધી હતી. પેશાવરની આ નોંધ ત્યાર પછી બે વર્ષે જ્યારે યુરોપ ગયો હતો ત્યારે પેરીસમાં ત્યાંની એશયાટીક સોસાયટી હજુર એક વિષય વાંચવા મને કામ લાગી હતી. મારો તે વિષય "L' Etymologie Populaire

des noms des étapes entre Péchaver et Kabul" એટલે "પેશાવર અને કાબુલ વચ્ચેના મંજલોના ગામોની લોક-જાણીતી શબ્દ-ઉતપત્તી," એવે નામનો હતો અને તે તે વખતના ફ્રાંસના જાણીતા, ફ્રાંસનાંજ નહિ પણ ભણેલી જગતના જાણીતા, ઓરીએન્ટાલીસ્ટ ફીલસુફ મૅા. રેનાંના મશુખપદ હેઠળ તા૦ ૮ મી નવેમબર ૧૮૮૯ ના દીને વાંચ્યો હતો. આ પહેલી મુસાફરીમાંથીજ અખત્યાર કરેલી તબે, કે બનતાં સુધી ત્યાં અને ત્યાંજ અને ત્યારે અને ત્યારેજ નોંધી લેવી, તેણે મને મારી જીંદગીમાં ઘણી યારી દીધી છે.

પણ ખાઇબર પાસ અને અલી મસજીદની આ મુલાકાત તેની થાક ઉપરાંત આ સબબે મને ખાસ યાદ છે કે મેં ત્યાં પેકનની મથાળે ફ્રેલી એક શીખાંમણનો કાંઇક ભંગ કીધો હતો. તે આ કે મારી જીંદગીમાં મેં કોઇપણ દિવસે, ખુદ યુરોપમાં મુસાફરી કરતી વખતે પણ, યુરોપન પોષાક પહેર્યો નથી, પણ અલી મસજીદની મુલાકાતનો આ દિવસ એક અપવાદ હતો. મને સમજાવવામાં આવ્યું હતું, કે મારા પારસી પોષાકથી હું આજુબાજુના કોઇક લુટારા ખીલ્લીઓનું ધ્યાન ખેંચીશ, પણ યુરોપીઅન પોષાકે તેમ બનશે નહિ, સબબકે યુરોપીઅન સેપાહોએ યુરોપીઅન નામની તેઓમાં કાંઇક ધાક ઉતપન કરી હતી.

જામે જમશેદ પત્ર, કે જેમાં મારાં હાલની સફરના આ ૧૦૧ પત્રો પ્રગટ થયાં છે, તેમાં તે વખતે મારી તે પહેલી મુસાફરીના ૩૩) પત્રો તા૦ ૯ મી મેથી તા૦ ૨૦ મી જુન ૧૮૮૯ સુધીમાં પ્રગટ થયાં હતાં. આ લખતાં હું જામે જમશેદનાં તે વખતના અધીપતી મરહુમ મી. અરદેશર બેરાંમજી પટેલનાં ભલાં રૂહને પ્રેમ સાથે યાદ કરૂં છું. તે ભલો ભાઇ મારો એક અઝીઝ ચાહનાર અને વખાંણનાર હતો વળી તે વખતે જામે જમશેદમાં લખાંણના દબાંણની કાંઇ ઘણી દોડાદોડ નહિ હતી. તેથી મારાં તે સફરના પત્રો દરરોજ પ્રગટ થતાં હતાં. આ વખતે આ મુસાફરીના ૧૦૧ પત્રો માટે તેણે એક વર્ષ લીધું છે.

તે પહેલવહેલી મુસાફરીનાં વર્ણનનાં છેલ્લાં ૩૩)માં પત્રમાં જએપુરના પુરાંણાં અમ્બર શહેરના એક સરોવર વિષે લખતાં મેં લખ્યું હતું કે, "કોઇ દહાડો સ્વીટઝરલેન્ડ અને ઇટલીના પહાડી સરોવરનો કહેવાતો અતીસંત સુંદર દેખાવ તમો જુઓ ત્યારની વાત, તેટલાં તમારા પગ આગળ નજરે પડતો એ દેખાવ તો નીહાળી લેઓ."

એ લખવા પછી બે વર્ષે મેં ઉપર જણાવેલી આશા રાખેલી યુરોપની મુસાફરી કીધી હતી અને ઇટલી અને સ્વીટઝરલેન્ડના કોઇક સરોવરો જોયા હતા. તે મુસાફરીમાં પણ મે નોંધ લીધી હતી. પણ અવારનવાર બે ત્રણ પત્રો લખવા ઉપરાંત વધુ હું લખી શક્યો નહિ હતો. મેં વિચાર રાખ્યો હતો કે પાછો ફરી નીગંતે કાંઇ લખીશ પણ તેમ કરી શક્યો નહિ હતો, એ મારી દીલગીરી છે ત્યાર પછી અવારનવાર જુદી જુદી જગ્યાઓની મુલાકાત બાબે થોડાંક પત્રો મે જામેમાં લખ્યાં છે. તેમાં કેશમીર દારજીલીંગ, બર્મા ચીન, જાપાન, દક્ષીણ હીંદુસ્તાન અને સીલોનની મુલાકાતો બાબે લાંબી હાર માળાઓ લખી છે. પણ એ સર્વ પત્રો મેં પુસ્તક રૂપે છપાવ્યાં નથી. તેથી આ છેલ્લી લાંબી મુસાફરીનાં પત્રો એમ પુસ્તક રૂપે બહાર પાડતાં મને ઘણી ખુશી ઉપજી છે. મને મળેલાં કાગળો ઉપરથી અને મોહડે મોહડું જે સાભળ્યું છે તે ઉપરથી હું જાણી શક્યો છું, કે મારાં પત્રો સેંકડો પારસી ભાઇઓ અને બાઇઓએ હોંસથી વાંચ્યાં છે; કેટલાંકોએ તે પુસ્તક રૂપે એકઠાં કરવાની ભલાંમણ કીધી છે. આ સબબે હું ખુશી છું કે કાંઇક અગમચેતી કરી મેં તેની ૪૦૦) નકલો, જેમ તે પત્રો છપાતાં ગયાં તેમ, છપાવવાની ગોઠવણ કરી હતી અને તે ગોઠવણ મુજબ તે આ પુસ્તક રૂપે હું પ્રગટ કરૂં છું.

એમ ગોઠવણુ કરતાં મને કેટલીક સગવડ થઇ છે, પણુ તેમ એક મોટી અગવડ થઇ છે. તે આ કે મારા સર્વ પત્રોનાં પ્રુફો હું પોતે જોઇ શકયો નથી. તેથી તેઓમાં, ખાસ કરી વિશેષ નામોની જોડણીમાં, કેટલીક ભુલો રહી ગઇ છે. તેથી એવી ભુલોનાં સબબે હું કાંઇક શરમીંદગો બન્યો છું. સેવટે આ તકે હું મારા મિત્ર ભાઇ પીલાબક્ષ એદલજી પુનેગરનો મોટો ઉપકાર માંનું છું કે તેવણુ છાપાખાંણુમાંથી આવતા પ્રુફો તસદી લઇ મહેરબાંની કરી તપાસ્યા છે.

કુંવર વીલા, કોલાબા,

રોજ મેહેર, માહા આદર, સને ૧૨૯૫ યઝદેજરદી,

તા૦ ૨૨ મી મે ૧૯૨૬.

જીવનજી જમશેદજી મોદી.

મારી મુંબઇ બહારની સેહેલ.

સાંકળ્યું.

		પાનું.
૧	આ સફર માટે શરૂઆતના બે બોલ	૧
૨	મુંબઇથી એડન	૨
	સફરમાં મુશકેલી વખતના ઉપાયની તાલીમ	૩
	એક વાયરલેસ પેગામ	૪
	આતવારની બંદગી	૪
	સ્ટીમર ઉપર નીપજેલું મરણ	૫
૩	એડન	૫
	એડનની મારી આગલી મુલાકાત	૬
	એડનના એક આગલા જાણીતા પારસીની યાદ	૬
	એડનનાં સાસાનીઅન જમાનાનાં ગણાતાં ટાંકા	૬
	નવી જગ્યાઓની ઉડતી મુલાકાત	૭
	એડનની પુરાણી તવારીખ	૭
	એડનનું અસલી યુનાની નામ	૮
૪	અરબસ્તાન	૯
	કોઇક અસલી અરબ તાયફાઓમાં આતશની સેતાયશ... ...	૯
	ઇરાનની અરબસ્તાન સાથ જોડાયલી તવારીખ	૧૦
	રાતા સમદ્રના બંને કિનારાપર અસલી ઇરાની અમલ... ...	૧૦
	નોશીરવાનની અરબો સાથે લગન સંબંધી શરત	૧૦
	અરબોએ અખત્યાર કરેલાં પારસી નામો	૧૧
૫	સુએઝની નેહેર	૧૧
	આ નેહેરની પુરાણી તવારીખ	૧૧
૬	પોર્ટ સયદ	૧૪
	મી૦ લેસેપ્સ	૧૫
	આફ્રીકામાં ઇરાનનો અમલ...	૧૬
૭	પોર્ટ સયદથી મારસેલ્સ	૧૬
	નાંચ	૧૭
	ફ્રેનસી બોલના તરેહવાર પોશાકો—એક ફરફેડર	૧૮
	ફરફેડ અને "હીપ હીપ હુરરા"	૧૮
	સફરમાં સ્ટીમર ઉપરથી દેખાતાં તવારીખનાં પ્રખ્યાતી ધરાવતાં શહેરો, ક્રીટનો ટાપુ...	૧૯

સાંકળીયું.

		પાનું
	મેસેનાની સમુદ્રધુનીના બંને કિનારાઓ	૧૯
	સીલા અને કેરીબડીસના ખડકો	૧૯
	માર્સેલ્સ અને માર્સેલ્સથી જીબ્રોલટર...	૨૦
૮	નોટર ડામના દેવળ સાથે જોડાયલા વિચારો	૨૧
	લડાઇમાં માર્યા ગયેલાઓની યાદનો સ્તંભ	૨૧
	મારસેલ્સથી જીબ્રોલ્ટર	૨૨
૯	સ્પેન મારફતે અરબ સુધારાની યુરોપ ઉપર અસર	૨૪
	અરબોનો સ્પેન આવવાનો માર્ગ	૨૫
	અરબોનું મુર નામ	૨૫
	અરેબીઅન સુધારો (Culturo)...	૨૫
	અરબોએ સુધારો ક્યાં ક્યાંથી લીધો	૨૬
	અરબોના અમલની લાંબી મુદત	૨૬
	અરબો ઉપર પડેલી મુસીબત	૨૭
	અરબો સામે "ઇનકુઇઝીશન"	૨૭
	અરબોના સ્પેનમાં છેલ્લા દિવસો	૨૮
	અરબ સુધારા (Culture) ઉપર ઇરાનની અસર	૨૮
૧૦	જીબ્રોલટર	૨૯
	જીબ્રોલ્ટર એક અરબ નામ	૨૯
	કિલ્લાવાળો પહાડ...	૨૯
	માલિકી વગરનો જમીનનો ભાગ	૨૯
	જીબ્રોલ્ટરની પુરાણોક્ત અને હાલની તવારીખ...	૩૦
	કીલ્લાની મુલાકાત...	૩૦
	જીબ્રોલ્ટરમાં એક પુરાણો લશ્કરી રેવાજ	૩૧
૧૧	જીબ્રાલ્ટરથી મોરોકો	૩૧
	આફ્રીકા અને યુરોપનું જોડાણ	૩૧
	તેનજીઅર	૩૨
	કાસા બલાનકા	૩૩
	રબાત	૩૩
	મોરોકકોનું "આરકીટેકચર"; તે પર ઇરાનની અસર... ...	૩૩
	માઝાગાંન	૩૪
	અઝમુર	૩૪
	મોરોકકોની તવારીખ	૩૫
	જીબ્રોલ્ટરનો મુરીશ કિલ્લો	૩૫
	લીનીઆનું સ્પેનીશ ગામ	૩૫
	સ્પેનીશ બુલ-રીંગ...	૩૬
૧૨	ગ્રેનેડા	૩૬
	આલહમબ્રા	૩૬
	સ્પેનીશ જીપસીઓ	૩૬
	સ્પેનની જાણીતી ગોધાની લડાઇ	૩૭

પાનું.

એક માનીતો સ્પેનીશ તેહેવાર ૩૮

૧૩ સેવીલ ૩૯
દેવળોમાં બળતી ઓલીવ તેલની બતી ૩૯
સેવીલ શેહેર ૪૦
દેવળ અને તેની મસજીદ ૪૦
દેવળમાં નાચ ૪૦
ગીરલ્ડા (Giralda) નો મિનારો, અરબોની આબઝરવેટરી ... ૪૧
અરબ ભૂગોળશાસ્ત્રીઓ અને અરબ સાએરો ૪૧
અલકઝર (Alcazar), આગલા અરબ પાદશાહનું અએવાંન ... ૪૧
અહીંના મકાનોમાં "પાટીઓ" (patio) ૪૨
જેરૂસલેમવાળા પાઇલેટનું મકાન ૪૨

૧૪ કોર્ડોવા ૪૨
કોર્ડોવા-અરબ એલમનું મધ્યબીંદુ ૪૨
કોર્ડોવાની અરબ યુનીવર્સીટી ૪૩
કોર્ડોવા અને ખલીફાત ૪૩
કોર્ડોવા અને અબદર રહેમાનનું વંશ... ... ... ૪૩
કોર્ડોવાની (Mezquitta) મેઝકીટાની મસજીદ ૪૪
અઝ-ઝહરાનું ખંડીએર ૪૫
સ્પેનની બુલ-ફાઈટના ગોધાઓ ૪૬
કોલમ્બસ અને સ્પેન ૪૬
રવીન્દ્રનાથ ટાગોરની પ્રસિદ્ધતા ૪૭

૧૫ તોલેડો ૪૭
અહીંના આગળના યાહુદીઓ ૪૭
તોલેડોનું દેવળ ૪૭
આ સર્વ કારીગીરી કોણને માટે? ૪૮
આ સર્વ મીથ્યા ૪૮
અહીંના દેવળનો ખજાનો ૪૯
ક્રાઈસ્ટને ફાંસી દીધેલા ક્રોસનું લાકડું અને પરાંનનો ખુસરો ૪૯
પરવીઝ કાર્ડીનલોનાં કીમતી પોશાકોનો ખજાનો, સરખામણીમાં આપણા
દસ્તુર સાહેબોનો સાદો પોશાક ૫૦
દેવળના અને આપણા આતશબેહેરાંમનાં ખજાનાઓ... ... ૫૦
તોલેડોની ઝનજીર... ... ... ૫૦
ધાર્મીક કાંમ માટે હાથનીજ બનાવેલી ચીજો જરૂરની ગણાય, તેનાં
સંબંધમાં નોસારીની યાદ ૫૧

૧૬ મદ્રીદ ૫૧
અરબ રેવાજોની સ્પેન ઉપર અસર... ... ... ૫૧
સ્ત્રીઓપર કાબુ ૫૧
બુલ-ફાઈટ, સુરો ઉપરથી ૫૨
સ્પેનની ખેતી ઉપર અરબોની ખેતીબાનીની અસર ૫૨
શરાબનો મધ્યમ ઉપયોગ ૫૨

		પાનું.
	કોઇક ભાગનો પોષાક	૫૨
	ખુશાલીના પોકાર...	૫૨
	ભોંય ઉપર બેસવાનો રેવાજ...	૫૩
	આગગાડીમાં સાથે જમવા તેડવાની સફાઇ...	૫૩
	ભાષા ઉપર અસર...	૫૩
	સ્પેનનો દાક્ષણ ભાગ, અરબ અસરનો મુખ્ય મુલક	૫૩
	અરબ હુન્નરનો હજુર પણ થતો અભ્યાસ	૫૩
૧૭	પેરીસ—તેના દેવળો...	૫૪
	પેરીસ, પારસી, પર્શીઆ	૫૪
	તા૦ ૧૦ મી મેનો જોન ઓફ આર્કની યાદના જશનનો દિવસ...	૫૫
	ખ્રીસ્તી કેલેન્ડરમાં આ બાઇ જેવાં પીર પેગમ્બરોને દાખલ કરવાનો રેવાજ અને આપણાં કેલેન્ડર તરીકે ગણાતાં 'નાંમગરણું'માં નાંમ દાખલ કરવાના રેવાજ...	૫૬
	પેરીસનાં સુંદર દેવળો. મેડેલીનનું ખુશનુમાં દેવળ	૫૭
	દેવળનાં કનફેશન કાજેના બાકસો	૫૮
	આપણા પારસીઓમાં 'કનફેશન' જેવું કાંઇ હતું કે? ...	૫૮
	દેવળનાં જુદાં જુદાં ચેપલો...	૫૮
	દેવળો ક્રિયાક્રમ ઉપરાંત બંદગીનાં મથકો	૫૯
	કોઇક બીજાં જાણીતાં દેવળો	૫૯
	પેનથેઓં...	૫૯
	નોટરડામ (Notredame); તે ઉપર ઇરાંનનાં આયેહલાં ચિનો	૬૦
૧૮	પેરીસ—છેલ્લી મોટી લડાઇની જંગભૂમીની મુલાકાત	૬૦
	રાઇમ્સ (Rheims) શેહેર...	૬૧
	રાઇમ્સ શેહેરની બાહેરની જંગભુમીની મુલાકાત	૬૨
	સોલજરોનાં ઢીલ ઉપર તાવીજો	૬૨
	લડાઇના મેદાનની ખાણો અને ખાડો (Mine oraters) ...	૬૩
	જમીન માંહે ખોદી કાઢેલાં ભોંયરાંઓ (Dug-outs) ...	૬૩
	તે દાદારની દુન્યામાં નવું કાંઇ નથી...	૬૪
	જંગના મેદાનની હીનડેનબર્ગ લાઇન (Hindenburg Line)...	૬૫
૧૯	પેરીસ શેહેર અને છેલ્લી લડાઇ	૬૫
	આ લડાઇ અને એસબર્ગ શેહેરની યાદનું પુતળું	૬૬
	આર્ક ડ ત્રાયોંફમાં ગુજરેલાંની યાદમાં રાત દહાડો બળતી રોશની.	૬૬
	આ આર્કનાં માર્ગ સાથે જોડાએલા વિચારો	૬૭
	લડાઇની ફતેહની યાદમાં નેપોલીઅનના ફરોહરની અસરકારક યાદ.	૬૭
	નેપોલીઅનના ભાઇ જેરોમને ઉદયોગ બાબે કહેલા શીખામણના શબ્દો.	૬૮
	નેપોલીઅન—તેનું રાજીનામું	૬૮
૨૦	પેરીસ—તેની કોઇક કેળવણીની મંડળીઓ યા ખાતાંઓની મુલાકાત	૬૮
	પેરીસની એશીઆટીક સોસાયટી—કામા ઇન્સટીટયુત તરફથી તેને આંકુએટીલ દુ પેરોનાં જંદ અવસ્તાના પુસ્તકો વાપરવા આપવાં	૬૮

પાનું

મ્યુઝે ગીમે ... ...
એકેડેમી... ... ... ૭૧
બીબલીઓથેક નાશીઓનાલ. ત્યાં દસ્તુર મહેરજીરાણાના નામવાળી
લેખતી આંકુએટીલની નોંધ ૭૨
એનથ્રોપોલોજીકલ ઇન્સટીટયુત ૭૪
૨૧ પેરીસનું લુવરનું જગપ્રસીધ સંગ્રહસ્થાન (Museum) ... ૭૪
લુવરમાં એસીરીઅન અને તેમાં ઇરાનીઅન સેકશન ૭૪
મોં. દયુલાફોએવાળો ઇરાની ભાગ—... ... ... ૭૫
માદામ દયુલાફોએ, એક મરદના પોશાકમાં ૭૫
મારૂં એક બીજુ ધારેલું કામ નાઉ બનવા જોગ થયું ... ૭૬
એક બીજો માર્ગ. તેવા પ્રકારની એક આગળી કોશેશ... ... ૭૬
આવી બાબતો માટે એક પારસી મેમોરીઅલ હોલ (Memorial
Hall) ૭૭
૨૨ પેરીસના કબ્રસ્તાનો ૭૮
એક ખ્રીસ્તી પાયદસ્ત ૭૯
દેવળમાં ચઢાવવામાં આવતી ચીજો... ... ... ૮૦
નેપોલીઅન બોનાપાર્ટની કબર ૮૦
નેપોલીઅનના અને બીજા મહેલોમાં ઇરાનના આગલા પાદશાહોની યાદ ૮૦
૨૩ પેરીસ શહેરમાં એક રાતની સેહેલ... ... ... ૮૧
પેરીસનું હુન્નર ઉદયોગના હુન્નરનું એક્ષીબીશન ૮૨
૨૪ લંડન—રાજકર્તા દેશની મુલાકાત ૮૨
૨૫ ગીલ્ડ હોલ—પહેલા સર જમશેદજીને મળેલું લંડન શહેરનું ફ્રીડમ... ૮૫
અસલી રોમનો અને ઇંગ્લાંડ. હન તાયફાવાળાઓના દોરને સબબે
રોમનોને ઇંગ્લાંડ છોડવું પડયું ૮૫
ફ્રીડમનું મોટું માન પહેલા હીંદીવાન તરીકે મેળવનાર આપણાં
પહેલા સર જમશેદજી... ... ... ૮૬
બીજા અને ત્રીજા સર જમશેદજી ૮૮
ગીલ્ડ હોલમાં ગોગ અને મેગોગનાં પુતલાંઓ ૮૮
ગીલ્ડ હોલ સાથે જોડાયલી ગીલ્ડો અને ફ્રીમેશનરી ૮૯
૨૬ ઇંગલંડના આગલા ધર્મો. તેમાં એક વખતે ફેલાયલી મેહેરયજદની
જરથોસ્તી સેતાયશ ૮૯
ઇંગ્લાંડના સ્ટોનહેન્જ ૮૯
ડ્રુઇડોનો ધર્મ ૮૯
રોમનોનો ધર્મ ૯૦
ઇંગ્લાંડમાં મેહેરયજદની સેતાયશવાળું એક પ્રકારનું મીથ્રઇઝમ... ૯૦
સર જીઓર્જ બર્ડઉડની અને એક દરેહમહેર ઉભું કરવાની સુચના ૯૨
એવી દરેમહેર અત્રે સ્થાપવાની એક વખત બરપા થયલી વકી... ૯૨
ભવિષની કોઈ આશા ૯૩
મરહુમ બાઇ દીનબાઈ પીટીટ અને ઓક્ષફર્ડ યુનીવરસીટી ... ૯૩
૨૭ લંડનની કોઇક ખાસ ધ્યાન ખેંચનારી જગ્યાઓ ૯૩

પાનું.

લંડનના દેવળો ઉવેસ્ટ મીન્સ્ટરએબી... ... ... ૯૩
તાજપોષીનો પત્થર ૯૫
લંડનના મોટા પાર્કો. હાઇડ પાર્કમાં યુનાની એકીલીસનું પુતળું... ૯૫
કલીઓપેત્રા નીડલ... ... ... ૯૫
કલીઓપેત્રા અને ઇરાન ૯૬
લંડનની એક મોટી આગ... ... ... ૯૬
નેલસન અને ડયુક ઓફ વેલીંગટનના સ્તંભો... ... ... ૯૭

૨૮ કેમબ્રીડજની મુલાકાત ૯૭
આપણી આગલી હીંદી યુનીવર્સીટીઓ ૯૮
કેમબ્રીજ યુનીવર્સીટીની બોટ-રેસ ૯૯
યુનાની ફીલસુફ પીઠાગોરસના નામ સાથ જોડાયલું એક પુરાણું મકાન... ૯૯
અહીંનાં સંગ્રહસ્થાનમાં આગલાં બીશ્રેપ્ઝમ સાથ સંબંધ ધરાવતો
એક લેખ સાથનો પત્થર ૯૯

૨૯ સાલીસબરી પલેન તેનો સ્ટોનહેન્જ... ... ... ૧૦૦
આ સ્તોનહેનજ શું છે? ૧૦૧
આ સ્તોનહેનજની રચના... ... ... ૧૦૨
સાલીસબરીનું જાણીતું કેથેડ્રલ ૧૦૨
મરનાર હેનરી ફોસેટનું પુતળું ૧૦૩
૩૦ લંડનથી નોર્થકેપ તરફની સફર. તેમાં જોયલા એક ગલેશીઅર
સુધીની હકીકત. ૧૦૪
નેસ (Nes) ગામ ૧૦૫
મોલ્ડે (Molde) ૧૦૫
ટ્રોન્ડજેમ (Trondhjem) તેનાં બે પાયા ૧૦૬

મારૂ ભાષણ ૧૦૭
નોર્વેની મારી પહેલી મુલાકાતની યાદ... ... ... ૧૦૭
આર્ટીક સર્કલ ઓળંગતી વેળાની કોઇક ક્રિયા... ... ... ૧૦૮
હાલની આ ક્રિયાની તળેટીએ શું છે? ૧૧૦
બરફના એક ગંજાવર ગ્લેશીઅરની (Glacier) ની મુલાકાત... ૧૧૦
૩૧ લંડનથી નોર્થકેપ તરફની સફર—ગ્લેશીઅરવાળાં સ્માર્ટસિનથી નોર્થકેપ ૧૧૧
ટ્રોમસો ૧૧૧
ટ્રોમસોનું સંગ્રહસ્થાન. તેમાં "મુંબઇ સમાચાર"નાં ૭૦ વરસ
પરના જુના અંકની નકલ ૧૧૨
મુંબઇ સમાચારના આ અંકપરથી કોઇ આગલી પાછલી યાદ... ૧૧૨
હામેરફેસ્ટ અને હજેલમસોટોરેન (Hammerfest and
Hjelmsotoren) ૧૧૩
અહેના લેપલેનડરો (Laplanders) ૧૧૪
આ તરફ માછલીની ઉત્પત્તી; તે ઉપરથી વેજીટેરીઅનીઝમ બાબે
ઉપજતા વિચારો ૧૧૬
૩૨ નોર્થકેપ ૧૧૭
આ મધરાતનાં દીસતા સુર્યની જગા ઉપર આવતા કોઇક વિચારો... ૧૨૧

		પાનું
૩૩	નોર્થકેપ તરફથી વળતી સફર—નોર્થકેપ તરફથી મેરોક અને તે તરફનો બરફનો સરોવર	૧૨૩
	સ્કાસ્સંવાગનું માછી બંદર...	૧૨૩
	સ્ટોલવેરનું ગામ...	૧૨૩
	મધરાતનાં આફતાબને છેલ્લી નેમાજ...	૧૨૩
	ઘોર્ડેનનાં ટાપુઓ	૧૨૪
	ટોર્ગેનનો ટાપુ અને ટોઘટિનની ટેકડી—ગંજાવર મોટો ઉંચો કુદરતી ટનલ	૧૨૫
	અમેરીકાનો સ્વતંત્રતા જાહેર કરવાનો દિવસ...	૧૨૬
	મેરોક તરફનો માર્ગ	૧૨૭
	મેરોક ગામ	૧૨૮
	જ્યુપવશીટેન તરફનાં બરફનાં સરોવરની મુલાકાત	૧૨૮
૩૪	નોર્થકેપ તરફથી વળતી સફર-મેરોકથી બેર્ગેન. (Bergen)...	૧૨૯
	ઓલ્ડેન (Olden), ત્યાંથી એક મોટા ગ્લેશીઅરની મુલાકાત ...	૧૨૯
	અહીંથી શરૂ થતી માણીની ગર્દેશ	૧૩૦
	બાલહોલ્મ	૧૩૧
	ગુડવાંન્ગેનનો ફ્રોડ અને નીરોડાલની ખીણ	૧૩૧
	બેર્ગેન શેહેર	૧૩૨
૩૫	સ્કોટલેન્ડ—એડીનબર્ગ	૧૩૩
	દર્યો અને ધમ ગુરૂ	૧૩૪
	સ્કોટલેન્ડ	૧૩૪
	સર વોલ્ટર સ્કોટ અને સ્કોટલેન્ડ	૧૩૪
	સર વોલ્ટર સ્કોટ અને શાહનામાનું એક દાસ્તાન	૧૩૫
	ઇંગલંડ અને સ્કોટલેંડ જાણે ઇરાન અને તુરાન	૧૩૫
	સ્કોટલેંડની નામોશી	૧૩૬
	એડીનબર્ગ. તે સાથે જોડાએલી સ્કોટલેંડની તવારીખ	૧૩૬
	રોક કેસ્ટલ. રાણી મેરી અને બાળક જેમ્સ	૧૩૬
	આર્થર સીટ	૧૩૭
	કુતરાઓનું કબ્રસ્તાન. તે ઉપરથી વંદીદાદમાં જણાવેલા સગો ... બાબે કાંઇક વિચાર	૧૩૭
	ગ્રેફ્રાયર્સ ચર્ચયાર્ડમાં એક કુતરાની કબર અને તેની યાદમાં ફુવારો	૧૩૮
	ગ્રેફ્રાયર્સનું કબ્રસ્તાન અને તેમાં રખાતી લાશો માટે અસાધારણ કાળજી	૧૩૯
	જોન નોક્ષનું ઘર...	૧૩૯
	ડા૦ લીવીંગસ્ટન	૧૪૦
	એક માછીની દુકાન	૧૪૧
૩૬	ગ્લાસગો. તેનું પેલીબાડીને લગતું "એક્ષીબીશન."	૧૪૧
	નાદર ગાય ઢોરો, ઘોડા વગેરે પ્રાણીઓનો સંગ્રહ	૧૪૨
	બે ભાગ્યવંતી ગાયો	૧૪૩
	હજારોની કીમતના નાદર ઘોડાઓ...	૧૪૪

પાનું.

નામીચા નરોથી નામીચા બેટાઓની માતા થવાની કોઇક નામીચી સ્ત્રીઓની ઉમેદ. સેમીગામીસ અને તેહેમીના १४४
ગ્લાસગોની કોઇક બીજી જોયલી જગ્યાઓ १४४
ગ્લાસગો એક મોટાં વેપારી અને વહાણો બાંધનારાં મથક તરીકે .. १४५

३७ સ્કોટલેન્ડના સુંદર સરોવરની મુલાકાત १४५
સેન્ટ મેરીનો સરોવર અને યેરો નદીવાળો ભાગ १४५
પીબલઝ ગામનો પુરાણો ખ્રીસ્તી ક્રોસ અને માછલી... ... १४५
સેન્ટ મેરીઝ લોખ અને લોખ્ખ લાઉ... ... ... १४६
જેમ્સ હોગ—એક ભરવાડ સાએર १४६
સેલકર્ક શેહેર १४७
લોખ્ખ લેમન્ડ વીગેરેની સહેલ १४७
સ્કોટલેંડની હાઇલેન્ડરોની બેગ—પાઇપ १४९

३८ ઇંગલન્ડનો સરોવરવાળો વેસ્ટ મોરલેન્ડ અને કમબરલેન્ડનો મુલક... १५०
કવી વર્ડસવર્થના નબીરા પ્રીનસીપલ ઉવર્ડસવર્થના હાથ હેઠળ મારૂં શિક્ષણ १५०
વિન્દેરમીઅરનો સરોવર १५०
વિન્દેરમીઅરના કબ્રસતાન १५१
બીજા દિવસની સહેલ १५१
કર્કસ્ટોન પાસ ઇન १५१
માણસોને પકડવાનું છટકું... ... ... १५२
કવી સાઉધીની કબર १५३
ડ્રુઇડ સર્કલ १५३
કવી વર્ડસવર્થનું ઘર અને કબર. १५४
વર્ડસવર્થ કોટેજમાં રૂસ્તમ સોહરાબનાં મુબારક નામો... ... १५५

३९ ઇંગલન્ડનું ટેમ્પલ અને ઇન... ... ... १५६
ઇંગલેંન્ડનું ટેમ્પલ १५६
ડા. જોન્સનવાળી "ઇન"... ... ... १५७

४० નામદાર શહેનશાહનો બકીંગહામ પેલેસ—જેમાં નામદાર શહેનશાહ અને શહેનશાહ બાનુંની ગાર્ડનપાર્ટી १५८
ગાર્ડન પાર્ટી १५९
મેહલનો મોટો સુંદર બાગ १५९
રાજાની મેહેમાનદારી १६१
આવી પાદશાહી મીજલસમાં કલચરલ એનથોરપોલોજીએ રજુ કરેલા કોઇક રેવાજો १६१
પાદશાહના મેહેલનાં પુતલાંઓ १६२
પાદશાહી કુટુંબને પારસી કોમ તરફનાં માનપત્રો १६२
४१ અંગ્રેજનું મઝદયસ્નાન મંડળ १६३
એ મંડળની મારી મોલાકાત १६३
એઓની બંદગી... ... ... १६४
માઝદયસ્નાનના ગાહમ્બારો १६६
ત્યારે આ માઝદયસ્નાન પંથ શું છે? તેની નેમ શું છે? ... १६७

		પાનું.
૪૨	બ્રીટીશ મ્યુઝીઅમની લાઇબ્રેરીની અને ઓક્ષફર્ડ યુનીવરસીટીની બોદલીઅન લાઇબ્રેરીની મુલાકાત	૧૬૮
	બ્રીટીશ મ્યુઝીઅમની લાઇબ્રેરી	૧૬૮
	ઓક્ષફર્ડની બોદલીઅન લાઇબ્રેરી. તેમાં દસ્તુર દારાબ પાહાલનનો વંદીદાદ	૧૬૮
૪૩	લંડનના કેટલાક કેળવણી ખાતાંઓ યા મંડળો વિગેરે. ...	૧૭૦
	લંડનના મ્યુઝીયમો	૧૭૦
	નેચરલ હીસ્ટરીનું મ્યુઝીઅમ...	૧૭૦
	ખરતા તારાઓના પત્થરોના સંગ્રહ	૧૭૨
	ત્યાંના પાર્કો અને બાગો	૧૭૨
	ત્યાંની કેળવણી ખાતાંની કેટલીક મંડળીઓ	૧૭૩
	ત્યાંની "ઝોરાસ્ટ્રીઅન એસોસીએશન" તરફનો આવકાર ...	૧૭૪
૪૪	પેરીસની બીજી મુલાકાત—ફ્રેન્ચ સરકારે બક્ષેલું માન	૧૭૪
	પેરીસ શેહેરના કેટેકુમ્બ	૧૭૬
	પેરીસનું ક્રીમેટોરીયમ	૧૭૮
	વર્સેલ્સના બાદશાહી બાગની મુલાકાત	૧૭૮
૪૫	સ્વીટ્ઝરલેન્ડ—ઝ્યુરીખ (Zurich)	૧૮૦
	સ્વીટ્ઝરલેન્ડ	૧૮૦
	ઝ્યુરીખ...	૧૮૧
	સ્વીટ્ઝરલેન્ડના પુરાણા સરોવરના રહેઠાણો—શાહનામાં પ્રમાણે અફ્રાસ્યાબનું એવું રહેઠાણ	૧૮૧
	ચસેચસ્ત સરોવર ઉપરનું એવું પુરાંની અફ્રસીઆબનું રહેઠાણ ..	૧૮૨
	ત્યાંની પુરાણી કબરો. તેમાં મરનારના ઉપયોગ માટેની ચીજ...	૧૮૨
	ઝ્યુરીખનો સરોવર.	૧૮૩
	અને વાગનેર (Wagner) (૧૮૧૩ થી ૧૮૮૭) નું મકાન...	૧૮૪
૪૬	બાર અને ઝુગના પહાડી ગામોની મુલાકાત—બારોની કુદરતી કરામતના ગુફાઓ....	૧૮૪
	માયેરાનપર શેઠ જમશેદજી તાતાના ચહેરાને મળતો ખડક ...	૧૮૫
	એક બોહીમીઅન જીપ્સી કુટુંબ	૧૮૬
	એક બાટલીના રેસ્ટોરાંમાં ભોજન	૧૮૭
	નેસ્ટલનું સ્વીસ કનડેન્સ્ડ મીલ્ક	૧૮૮
	ઝુગનું પહાડી ગામ	૧૮૮
૪૭	લ્યુસર્ન શેહેર અને સરોવરની મુલાકાત...	૧૮૯
	સ્વીટ્ઝરલેન્ડનું સ્વરાજ—વીલીઅમ ટેલનું દાસ્તાન	૧૯૦
	વીલીઅમ ટેલની યાદગારીની જગાઓ	૧૯૧
	લ્યુસર્નના પુરાણા પુલો—તે પરનાં ચિત્રોમાં લ્યુસર્નની પુરાણી તવારીખ	૧૯૨
	લ્યુસર્નના નેગાહ રાખનારા મિનારાઓ	૧૯૨
	લ્યુસર્નનો સિંહ	૧૯૩
	ત્યાંના પુરાણા ઝેબીઆ.રો બાબે જ્ઞાન આપનારો બાગ ...	૧૯૩
	લ્યુસર્નનું દેવળ	૧૯૪
	ગ્લાનસરહોર્નની સેહેલ	૧૯૪

		પાનું.
૪૮	રોન નદીના બરફના પહાડ (Rohone Glacier) તરફની સહેલ	૧૯૪
	આલપાઇન રેન્જમાંનો રોન ગ્લેશીઅર-બરફનો જોફો... ...	૧૯૫
	આર (Aarr) નદીનો પહાડી ખીણ	૧૯૬
૪૯	આલ્પસ પર્વતનો ઘાટ-ફુરકા પાસ-ત્યાંનું હોટેલ	૧૯૮
	ઇનટર લાખેન અને ત્યાંથી નો યુંગ ફ્રાઉ પહાડનો બરફનો ગ્લેશીઅર	૧૯૯
	યુંગ ફ્રાઉ પહાડનો ગંજાવર ગ્લેશીઅર	૨૦૦
	વુમેલબાકના મોટા ધોધો	૨૦૪
	આ પહાડના નામનો અર્થ	૨૦૪
	અમેના આલ્પ પર્વતના જંગલી ફુલો...	૨૦૫
	આ મુલકના કદાવર કુતરાઓ...	૨૦૫
	એવેરેસ્ટના બરફના પહાડ ઉપર જવાની એક જવાન ભાઇની ઉમેદ	૨૦૬
૫૦	મોનત્રો અને ત્યાંથી ગ્રાંડ સેન્ટ બર્નાર્ડ પહાડના પાસની અને મઠની મુલાકાત	૨૦૭
	જીનીવાનો સરોવર...	૨૦૮
	આ સરોવરવાળાં શેહેરમાં એક પારસી કેળવણી ખાતું ઉભું કરવાની એક આગલી હીલચાલ. તે હીલચાલમાં મારી કરવા ધારેલી નેમણુંક	૨૦૮
	શીલોંનો કીલ્લો	૨૦૮
	ગ્રાંડ સેંન્ટ બર્નાર્ડના પહાડ અને પાસની મુલાકાત	૨૦૯
	નેપોલીઅન બોનાપાર્ટ અને આ પહાડી પાસ	૨૦૯
	આ મઠમાં લીધેલું ભોજન...	૨૧૦
	આ મઠની કાંઇક હકીકત	૨૧૧
	સેન્ટ બર્નાર્ડ	૨૧૨
	આ પહાડી પાસ બાબે કાંઇક હકીકત	૨૧૨
	અમેના ધર્મગુરૂ—સાધુઓ	૨૧૩
	અમેના પહાડી સેંન્ટ બર્નાર્ડ નામના મોટા કુતરાઓ	૨૧૪
	ત્રીએન્ટ નદીનો ગોર્જ	૨૧૬
	જબલપોરના માર્બલ રૉકસના ગોર્જ...	૨૧૬
૫૧	બુડાપેસ્ટ-તેની કુદરતી નાસી-તેણે આપેલાં માન અને ધ્યાન ...	૨૧૭
	ડેન્યુબ નદી અને અવસ્તાના દાનુઓ	૨૧૮
	મારી આગલી મુલાકાત	૨૧૮
	બુડાપેસ્ટ ત્યાં એક પછી એક નહિ ધારેલા બનાવો... ...	૨૧૯
	બુડાપેસ્ટ શેહેરની મેહેમાનદારી	૨૨૦
	આ સર્વ મેહરબાનીની અને મેહેમાનદારી શા કારણે?	૨૨૦
	મારાં અમેના ભાષણો	૨૨૧
	પારસીઓ સંબંધી પ્રગટ કરવા ધારેલી માળા...	૨૨૧
	નામદાર રીજન્ટ તરફથી મળેલો ખેતાબ	૨૨૨
૫૨	બુડાપેસ્ટ-રોમનોની એક પુરાણી દરેમેહેર-આગલા હુન લોકોની કબરોની મુલાકાત	૨૨૩
	રોમન દરેમેહેર	૨૨૪
	નોસારીની દરેમેહેર...	૨૨૪
	આગલા હુનોની કબરોવાળી જગ્યાની મુલાકાત	૨૨૫

પાનું.

	ગ્રન્ટીસ શેહેરમાં આપેલું ખાણું	૨૨૬
	પુરાણા હુન લોકોની કબરોની મુલાકાત	૨૨૭
	એક ખેડુતની મેહેમાનદારી—તેવણનાં ઘરમાં નાસ્તો	૨૨૮
	બુદાપેસ્ટ શેહેરમાં જોવાલાયક જગ્યાઓ	૨૨૮
	અસલી હંગેરીઅન નાચ	૨૨૯
૫૩	બર્લીન	૨૩૦
	બર્લીનમાં એક પારસી કુટુંબ	૨૩૧
	કાંઇક આગલી યાદ...	૨૩૧
	બર્લીનની સેહેલ	૨૩૩
	પોટસડેમ	૨૩૪
	લાઇપઝીગ	૨૩૮
૫૪	લેનીન ગ્રાડ—અહીંની એકેડેમીનો આવકાર. અહીંનાં કોઇક પુસ્તકખાનાઓ	૨૩૫
	માર્ગમાં નડેલી પાસપોર્ટની મુશ્કેલી...	૨૩૬
	રશીઆની મહેમાંનદારી	૨૩૭
	અત્રે આવવાનો સબબ—અહીંની એકેડેમી તેની બસો વર્ષની સાલગ્રહ	૨૩૮
	એક પારસી એકેડેમીને માટે મરહુમ રેવરંડ ડા. કાસાગ્રેનીની સુચના	૨૩૮
	દાંસારીવાળા મરહુમ એ. એદલજી મુલ્લાંને મેં એમ બાબે કરેલી સુચના	૨૩૯
	રશીઆના કોઇક સકોલરો સાથે આગલી પિછાણ... ...	૨૩૯
	રશીઆ માટેના કેટલાક આગલા વિચારો ફેરવવાની દીસેલી જરૂર...	૨૪૦
	અત્રેનાં મોટાં પુસ્તકખાનાઓ—તેઓમાં આપણી બાબતોનાં પુસ્તકો	૨૪૦
	મરહુમ ડા. સાલિમાનનો પેહેલવી શબ્દકોષ...	૨૪૦
	ડા. વેસ્ટનું દીનકર્દનું મેન્યુસક્રીપ્ટ...	૨૪૧
	લેનીનગ્રાડમાં એક મહોમેદન મસજીદ...	૨૪૩
૫૫	લેનીનગ્રાડનાં મ્યુઝીઅમો તથા મહેલ. એકેડેમી અને શહેરે આપેલાં ખાણાં	૨૪૪
	અત્રેનાં મ્યુઝીઅમો	૨૪૪
	સીથીઅન સંગ્રહ...	૨૪૪
	હર્મીતાજનાં મ્યુઝીઅમમાં આપણો સાસાનીઅન સંગ્રહ ...	૨૪૪
	આપણા ઘરાની અને તેમાં સાસાનીઅન સીકકાઓનો મોટો અસાધારણ સંગ્રહ	૨૪૫
	સીથીઅન ઘરેણાંનો સંગ્રહ	૨૪૫
	પીટર હોફનો મેહેલ—તેના સુંદર બાગની કાશમીરના બાગ ઉપરથી નકલ	૨૪૫
	લેનીનગ્રાડમાં ગુજારેલો ૧૯૨૫ ના સાલનો મુબારક નવરોઝ ...	૨૪૬
	આ નવરોઝના દિવસે શેહેર અને સરકાર તરફનો સર્વેને આવકાર	૨૪૮
	એકેડમી અને શેહેરે આપેલાં ખાણાં...	૨૪૯
૫૬	માસ્કોની મુલાકાત—તેના મેહેલ, મ્યુઝીઅમો, પુસ્તકખાના વગેરે...	૨૫૧
	રશીઆની ટુંક તવારીખ	૨૫૧

		પાનું.
	મોસ્કોની આગલી હકીકત...	૨૫૨
	પીટરે રશીઅનોને એશીઆટીકને બદલે યુરોપીઅન બનાવ્યા. ...	૨૫૩
	પીટરે સ્થાપેલી એકેડેમી	૨૫૪
	મોસકોનાં દેવળો :...	૨૫૫
	નેપોલીઅનની એક પ્રકારની હારની યાદમાં બાંધેલું દેવળ ...	૨૫૫
	દેવળનો ખજાનો	૨૫૫
	દેવળોનાં આઇકોનો	૨૫૫
	દેવળોમાં "ઘોરેહ" નાં ચિત્રો અને ઘોડાની નાળના સગન ...	૨૫૬
	એક ગરીબ રશિઅનનાં ઘરની મુલાકાત—ત્યાં આઇકોનો ...	૨૫૭
	મરહુમ મી० લેનીનની લાશનું મકાન	૨૫૭
	મોસકોનું ક્રેમલીન...	૨૫૮
	અત્રેના મ્યુઝીઅમમાં એક નવું ઇજીપ્શીઅન સીલ અને પેહેલવી પાપીરૂસ	૨૫૮
	ક્રેમલીનના દેવળનો એક અસાધારણ મોટો ઘાંટ	૨૫૯
	એથી ઉતરતો રંગુનના બુદ્ધીસ્તોના સોનેરી પેગાડાનો ઘાટ—તે સાથે જોડાયલું કેહેણ	૨૬૦
૫૭	મોસકોથી કોકેસસ (Caucasus) પર્વત ઓળંગી ટીફલીસ (Tiflis)	૨૬૧
	મોસ્કોથી ઉપડતાં બે બાબતની ચેતવણી	૨૬૧
	બેસલેન	૨૬૩
	વાડીકવકાસ	૨૬૩
	કોકેસસ પર્વત	૨૬૩
	ટીફલીસ શેહેર	૨૬૫
	ટીફલીસનાં "પીલગ્રીમ ફાધર્સ"	૨૬૬
૫૮	બાકુ—વોઉરૂકસ (કેસ્પીઅન) દર્યો. બાકુનું કહેવાતું આતશકદેહ એક સંભવીત આતશકદેહ...	૨૬૬
	તીફલીસથી બાકુ—માર્ગમાં વોઉરૂકસ દર્યાને નેમાજ... ...	૨૬૬
	આઝરબએઝાન એક્ષ્પ્લોરેશન સોસાયટીનું ઇંજન	૨૬૭
	સુરખાની...	૨૬૭
	બાકુના આ આતશકદેહ બાબે મારો આગલો અભ્યાસ... ...	૨૬૯
	નાના જવાલાજી અને ખરા જવાલાજી	૨૭૦
	મોસકોનાં એક સંગ્રહસ્થાનમાં બાકુના આગલા હીંદુ પુંજારીઓનો દેખાવ	૨૭૦
	હજુર સુધી એ બાબે ચાલતી સમજભૂલ...	૨૭૧
	આગલનાં વખતમાં અબખતે અહીં આતશકદેહ હોવો જોઇએ...	૨૭૨
	આપણા આતશ 'અપામ નપાત' અને અહીંનો નાફ્થા ...	૨૭૨
	અત્રે મારા ધારવા પ્રમાણે એક પુરાણું આતશકદેહ છે ...	૨૭૨
	બાકુ ખાતે મારા બે ભાષણો	૨૭૪
	અત્રેનાં પ્રેસીડન્ટની મુલાકાત...	૨૭૫
	કર માફી.	૨૭૬
૫૯	દરબન્દ. શાહ નોશીરવાનની કોકેસસ પહાડ અને કેસ્પીઅન સમુદ્ર વચ્ચેની દીવાલ	૨૭૬

પાનું.

નોશીરવાનની પહાડ ઉપરની દીવાલ ૨૭૭
૬૦ બાકુથી આરમીનીઆને મારગે તબ્રીઝ... ... ... ૨૭૯
આર્મીનીઆનો મુલક ૨૮૩
મારગમાં મલતો માઉંટ એરારટ (Ararat) ૨૮૩
નોહાની માતાની કબરવાલુ ગામ ૨૮૪
૬૧ તબ્રીઝ–ઇરાંની આઝરબએઝાનની રાજધાની ૨૮૪
અત્રે 'વાયરલેસ ટેલીગ્રાફી "નાં યંત્રનું મુહુરત ૨૮૫
તબ્રીઝ શહેરની કોઇક જગાઓની મુલાકાત ૨૮૬
આ તરફ કાંઇક આગલી ઇરાની યાદ... ... ... ૨૮૭
અત્રે કદીમ ઇરાન તરફ ફરતી મોહોબત ૨૮૭
એક પુરાણું જરથોસ્તી પુસ્તક ૨૮૮
નકારખાનુ અને ખોરશેદની જરથોસ્તી સેતાયશ ૨૮૯
તબ્રીઝ શબ્દનો ધડો ૨૯૦
૬૨ ઉર્મીઆ (ચએચસ્ત) સરોવર અને ઉર્મીઆ જે પએગમબર જરથોસ્તની જન્મભુમીનો મુલક તે તરફ કુચ ૨૯૦
આપણા અને આરબ લખનારાઓ પ્રમાણે આઝરબએઝાન અને તેમાંનું ઉર્મીઆ (અથવા ઉર્મીઆ) પએગમબર જરથોસ્તનો મુલક? ૨૯૧
આ મુલકની મુલાકાત ૨૯૧
તબ્રીઝથી દેલમાન ૨૯૨
પંદરસો આદમીની વસ્તીનાં ગામમાં આસરે સીતેર મસજીદ ... ૨૯૨
અત્રેની પાણીની કનાત ૨૯૨
ચએચસ્ત સરોવરનાં પહેલાં દર્શન ૨૯૩
આ ઉર્મીઆના મુલકમા જંદ અવસ્તાની સરેહદનું અવલોકન ... ૨૯૪
માર્ગમાં મળતા ઝરનારાઓ... ... ... ૨૯૪
આબ જુદાઓ ૨૯૪
"રાઉ ચકીસ્ત" ૨૯૫
૬૩ ઉરૂમીઆ શેહેર. ત્યાંની વાતાવરણમાં કાંઇક પુરાણી જરથોસ્ત ... બાબતોની યાદ ૨૯૬
ઉરૂમીઆમાં "માત મારીઅમ" નું દેવલ અને તેમાં એક જરથોસ્તી માજીની કહેવાતી કબર ૨૯૬
ગઓર તપઅ એટલે અસલી આતશની સેતાયશ કરનારાઓની રાખના ઢુંગરો ૨૯૭
દેલમાંનનો ગઓર તપઅ ૨૯૭
ઉરૂમીઆનો ગઓર તપઅ... ... ... ૨૯૮
એક હાલની મસજીદ ને આગલું આતશકદેહ... ... ... ૨૯૯
ઉરૂમીઆમાં જોયલી અને જાણેલી કોઇક હકીકતો ઉપરથી આપણા કોઇક રેવાજો વગેરેનો મલતો ખુલાસો... ... ... ૨૯૯
ચાર ચશમના કુતરા ૨૯૯
કાન કાપેલા કુતરા ૩૦૦

પાનું.

	સગદીદ	૩૦૦
	પોઉરૂદસે મરયો	૩૦૧
	ચેરાગ બાબેના રેવાજો. તે ફુક મારી બુજવવો નહિ વગેરે ...	૩૦૧
	ઉઘાડે માથે ફરવું નહિ	૩૦૧
	ઉઘાડે પગે ચાલવું નહિ	૩૦૨
	આ તરફના સીધા ગોસ્ફંદો	૩૦૨
	અહીંના ઉદ્યોગી ખેડુતો—વંદીદાદના ફરમાનની યાદ... ...	૩૦૨
	ગાય ગોસફંદો ઉપરથી નામો	૩૦૩
	આ તરફના મુલકની ખાના ખરાબી...	૩૦૩
૬૪	પએગમબર જરથોસ્તનાં ધારવામાં આવતા ગામની મુલાકાત...	૩૦૪
	આમુધ ગામની અતગફ...	૩૦૭
	દીની આગાહી માટેના આઝરબએઝાનના કોઇક પહાડો ...	૩૦૭
	સહન્દ (અસ્નવંત) પહાડ	૩૦૮
	સેવીલાનનો પહાડ...	૩૦૮
	પએગમબર જરથોસ્તની જન્મ ભૂમી નક્કી કરવાના સંબંધમાં એક પહેલવી પુસ્તકની અગત્યતા...	૩૦૯
	આવકાર માટે કુરબાની	૩૦૯
	આ મુલકમાં ખાસ પનીરનો ખાસ ખોરાક	૩૦૯
૬૫	ઉરૂમીઆથી તબરીઝ તરફની વળતી મુસાફરી—માર્ગમાં અરદેશર બાબેગાનના નક્ષો—મારી સાલગરેહ	૩૧૦
	માહરી સાલગરેહ. તે દીવસની કાંઇક હાડમારી	૩૧૦
	સાલમાસ ખાતેના "સુરત દાથી" પહાડનો સાસાનીઅન નક્ષ ...	૩૧૪
	આરમીનીઆ અને શરૂઆતનો સાસાનીઅન અમલ	૩૧૫
	તસુજ ગામની મુલાકાત	૩૧૫
	ઈરાનમાં હમામખાનું	૩૧૬
	આ તરફ જાણેલા કોઇક જરથોસ્તીઓને મલતા રેવાજો ...	૩૧૬
	એક ઇરાની કોનસર્ટ	૩૧૬
૬૬	તબ્રીઝથી બગદાદ	૩૧૭
	સેમ નામનાં ગામડાંના ઝુપડાંમાં કાઢેલી રાત	૩૧૮
	ઝંજાન શહેર	૩૧૯
	હૈદ્રાબાદવાળાં ચીનઇ ખાનદાનનાં એક જવાન તબીબની કબરની મોલાકાત	૩૧૯
	હમદાનથી કેર્માનશાહ જતાં માર્ગમાંથી પાછું ફરવું પડયું ...	૩૨૧
	કેરબલા તરફ હજ માટે જતા કાફલાઓ. તે કાફલાઓનો ચાઉસ	૩૨૨
	બેહીસ્તુનના પહાડની એક ઉડતી મુલાકાત	૩૨૩
	તાકે બોસતાનની મુલાકાત	૩૨૪
	અઝીદહાક ગામ	૩૨૪
	તાકે ગારરેહ	૩૨૫
	ખરાબ મોટરની બીજી ચિંતા	૩૨૫
૬૭	મેસોપોટેમીઆ (ઇરાક) બગદાદ	૩૨૬

પાનું.

સીરીઆમાં આરબોનો બળવો, તેનો બેશી કુટુંબને મળેલો કાંઇક કડવો અનુભવ ૩૨૬
બગદાદમાં જોવાલાયક જગ્યાઓ ૩૨૭
મેસોપોટેમીઆ ૩૨૭
આ મુલકની બે મોટી નદીઓ ૩૨૮
મેસોપોટેમીઆમાં ક્રીસ્તીઓ, તેઓનો પારસીઓ જેવો કાંઇ ફેજ. ૩૨૮
બગદાદ તેની સ્થાપના ૩૨૯
બગદાદની આતરાફમાં અસલી જરથોસ્તી હકુમત ૩૨૯
બગદાદની દરબાર એક મોટી પાઠશાળા હતી... ... ... ૩૩૦
તાઇગ્રીસ નદી ઉપરથી બગદાદ શહેરનો દેખાવ ૩૩૧
એક આરબ ગામ. તેનો ખજુરનો ઉદ્દેગ ૩૩૧
બગદાદમાં એક રાતની સેહેલ ૩૩૧
તાઇગ્રીસ નદી ઉપરની બોટો ૩૩૩

૬૮ પારસી નજરે બગદાદની આજુબાજુની જોવાલાયક જગ્યાઓ.
તેસીફોન. તાકે ખુસરો... ... ... ૩૩૩
એક સખી તયે પારસી બાઇની તાકે કેસરાના ખંડીઆર માટે કાળજી ૩૩૩
ટેસીફોન ૩૩૪
તાકે ખુસરો ૩૩૫
તાક જેવી રચનાનો કોઇ ધાર્મીક ઉપયોગ. દરેમેહેરમાં તાક મુકતાદની "તાકચે."... ... ... ૩૩૮
તાકનું બાંધકામનાં હુનરમાં પ્રગટીકરણ ૩૩૮

૬૯ બગદાદની અતરાફની જોવા લાયક જગ્યાઓ. બાબીલોન ... ૩૩૯
બાબીલોન ૩૩૯
બાબીલોનની પુરાણી તવારીખ. તે ઉપર ઇરાંનની સલતનત... ૩૩૯
બાબીલોન અને હખામનીઅન પાદશાહો... ... ... ૩૪૧
આ શેહેરનાં ખંડીએરોની મુલાકાત ૩૪૨
બાબીલોનમાં નૌસારીની યાદ આપનારૂં બપોરનું ખાણું ... ૩૪૩
બાબીલોનનાં કોઇક પુરાણા રેવાજ... ... ... ૩૪૩
આપણા પેહેલવી પુસ્તકનો બોખ્તનસર (Nebuchadanazar) ૩૪૪
અસલી બેબીલોનીઅન કુતરાઓ ૩૪૪
પાલમાઇરા ૩૪૪
પાલમાઇરા અને આપણું પેહેલવી પુસ્તક દરખ્તે અસુરીક ... ૩૪૫

૭૦ બગદાદ નજદીક મેહોમેદનોની કોઇક જીઆરતી જગ્યાઓ.
ખજુરીઓ અને દાડમડીઓનો આપણા ધાર્મીક ક્રિયાઓમાં ઉપયોગ ૩૪૬
કેરબલા ૩૪૬
કાઝીમેંએ ૩૪૮
રાણી ઝોબેઇદાની કબર ૩૪૯
નજફ ૩૫૦

પાનું

બગદાદને સુંદરતા આપતાં ખજુરીનાં ઝાડો. તે ઉપરથી જરથોસ્તી ક્રિયાઓનાં કાંઇક વિચારો ૩૫૧
ખજુર અને દાડમડીનાં ઝાડો—જરથોસ્તી ક્રિયાઓમાં તેઓની જરૂર ૩૫૨
આઝરબએજાનમાં એ ઝાડો નથી તેનું કેમ? ૩૫૨
આપણા અભ્યાસમાં જાનવરો અને ઝાડપાનોની બાબત... ... ૩૫૩
૭૧ બગદાદથી કેર્માનશાહ—કસરે શીરીન અને તાકે બોસ્તાન ... ૩૫૩
બાનીકીન ૩૫૩
કસરે શીરીન ૩૫૪
શીરીનનાં મેહેલનું ખંડીએર... ... ... ૩૫૪
અફ્રાસ્યાબના સુર્ખે નામના બેટાના નામવાળું સુર્ખેદીદહ્ ગામ ... ૩૫૫
તાકે ગરરેહ ૩૫૫
કેર્માન શાહ ૩૫૬
તાકે બોસ્તાન ૩૫૭
ખુસરો પરવેઝવાળો નક્ષ ૩૫૭
પેહેલવી "માહીગાને ચુમે બોરદાદ" અને ખુશરો પરવેઝ ... ૩૫૮
શાપુર બીજા અને ત્રીજાના નક્ષની તાક ૩૫૯
તાકે બોસ્તાનના ચિત્રોમાં ત્રીજો નક્ષ... ... ... ૩૫૯
તાકે બોસ્તાનના ત્રીજા નક્ષમાં પએગમબર જરથોસ્તનું ગણાતું ચોથું ચિત્ર—મને લાગતી કાંઇક આંચકી ૩૬૦
પએગમબરનાં આ ચિત્ર બાબે મારો આગળો વિચાર, તે હવે કબુલ રાખવાને લાગતી આંચકી... ... ... ૩૬૦
વધારો ૩૬૩
૭૨ બેહીસ્તુન ૩૬૩
બેહીસ્તુનનો પાહાડ, તેની પડોશની નદી ૩૬૪
બેહીસ્તુનનો લેખ ૩૬૪
બેહીસ્તુનનો નક્ષ ૩૬૫
આ લેખનું મથક... ... ... ૩૬૭
રોલીનસન ૩૬૭
બેહીસ્તુનનું નામ ૩૬૭
વધારો ૩૬૮
૭૩ અલવંદ પહાડ—તે ઉપરનો લેખ—અલવંદ નદી ૩૬૯
અલવંદ પહાડનાં નામ માટે દંતકથા ૩૭૦
આ પહાડનું બીજું નામ "ગંજ નામે" ૩૭૦
પત્થરો ખીસાડવા, તે સવાબનો માર્ગ ૩૭૧
અલવંદ પહાડ ૩૭૧
આ લેખનું મથક ૩૭૨
આ તરફ ઝાડો ઉપર બંધાતા કપડાંના કટકા... ... ... ૩૭૨
કંગાવર સંગાવર ૩૭૩
૭૪ હમદાન તેના પુરાણાં ખંડીયરો વગેરે ૩૭૩
હમદાન અને સીકંદર ૩૭૩

પાનું.

સીકંદરની કહેવાતી કબર ૩૭૪
બાઇબલમાં જણાવેલા એક ઇરાંની પાદશાહની કહેવાતી રાણી અને તેણીનાં બાપની કબર ૩૭૪
ઍવુ સીનાની કબર ૩૭૫
આમીર તાહેરની કબર ૩૭૬
હમદાનનો શીરે સંગ ૩૭૬
મુસલમાનું ખંડીએર ૩૭૭
૭૫ હમદાનથી કાઝવીન થઇને તહેરાન ૩૭૭
રસ્તાઓ માટે વધારે જરૂરી કાળજી ૩૭૮
કાઝવીન ૩૭૮
રાણી એલીઝાબેથનો એલચી આ શહેરમાં ૩૭૯
આપણામાં હીંદુસ્તાનમાં બરશનુમ વીગેરે ક્રિયામાં રેતીનો ઉપયોગ ૩૭૯
કાઝવીનમાં જરથોસ્તીઓ ૩૭૯
ઇરાની બાનુઓનાં નામો ૩૭૯
કાઝવીનની એક મસજીદ, આગળ એક આતશકદેહ હોય ... ૩૮૦
૭૬ તહેરાન શહેર. તેનો હાલનો રાજ અમલ. તેનાં દેમાંવન્દ પહાડ અને પુરાણું રએ શહેર ૩૮૧
નવા રાજકારોબારનાં બનાવનાં માનમાં પારલામેંન્ટ હાઉસનાં મકાનમાં મીજલસ ૩૮૧
પહેલવી વંશ ૩૮૨
આ રીજન્ટ સાહેબની મુલાકાત—તેવણે પારસી કોમ માટે મને આપેલો મહેરબાનીભર્યો પેગામ ૩૮૩
નામદાર સપેહસાલાર રીઝાખાન ૩૮૪
પાર્લામેન્ટની મુલાકાત ૩૮૪
આલબુર્જ—તેનો બુલંદ દેમાવંદ પહાડ ૩૮૫
રએ શહેર ૩૮૬
તહેરાન ખાતે આપેલાં ભાષણો ૩૮૭
૭૭ તહેરાન—ત્યાંના જરથોસ્તી ભાઇઓ અને તેઓના ખાતાંઓ... ૩૮૭
સર જમશેદજી સ્કુલનો એક આગલો છોકરો આજે ઇરાંનની પાર્લામેન્ટનો સભાસદ. અરબાબ કેખશરૂ શાહારોખ... ૩૮૭
અરબાબ કેખશરૂનું આલીશાન મકાન. ત્યાંના સુંદર ચિત્રોમાં રાણી કલીઓપેટ્રાનું ચિત્ર. તેવણે આપેલું ખાનું ૩૮૮
એક ઉમેદ ૩૮૯
આંહેનાં જરથોસ્તી ભાઇઓની મુલાકાત ૩૯૦
અરબાબ જમશેદ... ... ... ૩૯૦
આંહેની દરેહમહેરની મુલાકાત. ત્યાં કરવામાં આવેલું જશન. ત્યાં મારૂં ભાષણ. ત્યાં જાહેર થએલી સખાવત ૩૯૧
મારા પેશાનું કાંઇ ભલું કામ ૩૯૨
આંહેની જરથોસ્તી નિશાળોની મુલાકાત ૩૯૩
આંહેની જરથોસ્તી અનજુમનના ચુંટી કાઢેલા અકાબરોનો સોગંદ લેવાનો રેવાજ ૩૯૫

		પાનું.
	તહેરાનનું દખમું	૩૯૫
૭૮	તહેરાનથી ઇસ્ફહાન	૩૯૫
	કુમ શહેર. ત્યાંના ગુંબદને નેમાજ કરવાની રીત	૩૯૬
	કબુતરખાનાઓ	૩૯૭
	કુમથી ઇસ્ફહાન	૩૯૮
	મુર્ચામર ગામ—તેનો જરથોસ્તીઓની તવારીખ સાથે કાંઇક સંબંધ.	૩૯૯
૭૯	ઇસ્ફહાન તેનો આતશગાહવાળો પહાડ	૪૦૦
	ઇસ્ફહાનનો આતશગાહવાળો પહાડ	૪૦૦
	ઇસ્ફહાનનું પુરાણું નામ	૪૦૧
	ઇસ્ફહાનની ઝીન્દે રૂદ	૪૦૨
	ઇસ્ફહાનમાં હાલતા મિનારા	૪૦૨
	ઇસ્ફહાનમાં બીજી જોવાલાયક જગ્યાઓ	૪૦૨
	ઝુલફાની મુલાકાત	૪૦૩
૮૦	ઇસ્ફહાનથી યજદ—માર્ગમાં શરીફાબાદના જરથોસ્તી ગામની મુલાકાત	૪૦૪
	અહેનાં કબુતરખાનાઓ	૪૦૪
	માર્ગમાં મલતો "ગર્દબાદ" નો કાંઇક ખ્યાલ	૪૦૫
	મીરાજ	૪૦૫
	આબ-અમ્બાર	૪૦૫
	શરીફાબાદ અસલ જરથોસ્તી ગામ	૪૦૬
	યઝદની એરતેકબાલી. મેહેરજીરાણા ખાનદાનનાં એક નબીરાના હાથમાં ઇરાનના જરથોસ્તીઓનું ભલું કરવાની તક	૪૦૬
૮૧	શરીફાબાદ	૪૦૭
	જરથોસ્તીઓનાં ઘરો	૪૦૮
	દરાંની ઘરમાં આવકારની રીત	૪૦૯
	આરસી એક ચિન્હ તરીકે	૪૦૯
	અહીંના જરથોશ્તી ધર્માલયો	૪૧૦
	આતશબેહેરામ ગણાતાં આતશકદેહનાં સંબંધની રીતો	૪૧૦
	આતશનું આદોરત	૪૧૧
	આતશકદેહમાં હાથનાં પંજા	૪૧૨
૮૨	યજદ શેહેર. તેની જરથોસ્તી તવારીખમાં કાંઇક સફો. ત્યાંના ગાહમ્બાર	૪૧૨
	આપણા હાલના હસ્તલેખો આ શેહેરોથી	૪૧૨
	આ શેહેરમાં આપણી વસ્તી ટકી શકવાનો એક સબબ	૪૧૩
	૧૮) મી સદીમાં યજદ કેર્માનના જરથોસ્તીઓ. તેઓએ અફગાન લડાઇમાં લીધેલો ભાગ	૪૧૩
	ઉપલે સબબે યજદ શહેરના જરથોસ્તીઓને ખમવી પડેલી જફા	૪૧૪
	યજદમાં ગાહમ્બાર. તે માટે આફ્રીન	૪૧૫
	ગાહમ્બારની ક્રિયા	૪૧૬
૮૩	યજદ શેહેર. તેની કાંઇક વધુ હકીકતો	૪૧૮
	ગાહમ્બારનાં જશનમાં એક દસ્તરખાંન	૪૧૮

		પાનું.
	નૌસારીના મલેસર ફળ્યાના એક રેવાજની યાદ	૪૧૯
	આ રેવાજની કાંઇક યાદ આપનારાં ખ્રીસ્તી સાધુ ભાઇઓનાં નામગ્રહણ	૪૧૯
	ઓક્ષફર્ડ યુનીવર્સીટીનો એકાદ રેવાજ	૪૧૯
	ગાહમ્બારના જશન બાદ વેંહેંચાતી ચ્યઝદ વખને નેતરનો ઉપયોગ...	૪૨૦
	ગાહમ્બારખાનું સ્થાપનાર ગ્રહસ્થનું મકાન...	૪૨૦
૮૪	યજદ. ત્યાંનું ગાહમ્બારનું જશન...	૪૨૨
	ગાહમ્બારનાં જશનની મીસલસ	૪૨૨
	ફુલોને બદલે આંગળી ઉંચી કરવાનો રેવાજ	૪૨૫
	આફરગાનની ક્રયામાં મોદી (myrtle) નો ઉપયોગ ...	૪૨૫
૮૫	યજદ. ત્યાંના જરથોસ્તી મકાનો અને ખાતાંઓ	૪૨૬
	યજદનું દાદગાદ યાને દખમું...	૪૨૬
	પ્રોફેસર મેક્ષમુલરનો સવાલ	૪૨૭
	નીમાઆબાદ ગામ...	૪૨૭
	જરથોસ્તી હમામખાનું	૪૨૮
	યઝદનું જરથોસ્તી તાલીમખાનું	૪૨૮
૮૬	યજદ. તેમાં કોઇક પારસી ખાતાંઓ...	૪૨૯
	હીંદી અને ઇરાની જરથોસ્તી લગનો	૪૩૦
	સર રતન તાતા મેડીકલ હોલ...	૪૩૧
	મરહુમ શેઠ કાવસજી દેશાઇના નામનું ધર્મખાતું	૪૩૧
	શેઠ પેસતનજી મારકરનું ધર્મખાતું	૪૩૨
	અત્રેની છોકરા છોકરીઓની નીશાળો...	૪૩૨
૮૭	ખોરરમ આબાદ ગામ	૪૩૩
	અસ્પન્દ અને મોર્દનો આવકાર	૪૩૩
	તીરંગાનનું જશન	૪૩૩
	હરીસો	૪૩૪
	એક જરથોસ્તીનું મરણ	૪૩૪
૮૮	યજદની કોઇક જરથોસ્તી ક્રિયાઓ અને માન્યતા	૪૩૫
	અત્રેની મરણની કોઇક ક્રિયાઓ	૪૩૫
	લાસને ઉંચકી લઇ જનારા...	૪૩૫
	એક વખતનું ઉઠમણું	૪૩૬
	મરનારની એકલાંની ક્રિયા	૪૩૭
	મરનાર પાછળ ભણાવવામાં આવતી લાખ	૪૩૮
	બરશનુમ લેવાનો લેવાજ	૪૩૮
૮૯	યજદ—નામગ્રહણની દફતરખાની—તે ઉપરથી ઉપજતા કોઇક વિચારો વિગેરે	૪૪૦
	નામ ગ્રહણવાળાં દફતરની કાંઇક વધુ હકીકત...	૪૬૦
	યઝદમાં મુંબઇથી આવેલા બે નવા પરોણાઓ	૪૪૨
૯૦	યજદથી શીવન અને શીવનથી તખ્તે જમશીદ	૪૪૩
	યઝદની આસપાસનો વેરાન મુલક, ત્યાંના જરથોસ્તીઓ માટે એક આશીરવાદ સમાન	૪૪૪

પાનું

સફરનો માર્ગ (જાદેહ) અને રવાનનો માર્ગ ૪૪૪
મહરીદ ગામ ૪૪૫
દેહેશીરથી શીવન... ... ... ૪૪૫
બેહરામગોરના હકૃત ગુમબંદ ૪૪૫
આ તરફ ફુરસખના જુદા જુદા તફાવતો અને આપણી અર્દિવસુર. નીઆમેશમાં જણાવેલી ઘોડેસવારી ૪૪૬
મર્દદસ્તનું નામીચું મેદાન... ... ... ૪૪૭
૯૧ તખ્તે જમશીદ ૪૪૭
આ મેહલવાલા પાદશાહો... ... ... ૪૪૮
એ પાદશાહોના મેહેલો ૪૪૯
અહીંના મેહેલોની રચના... ... ... ૪૫૦
અહીંનો દખ્મે નપીસ્ત અને તેનું પુસ્તકખાનું... ... ... ૪૫૨
એક આતશ કદેહ... ... ... ૪૫૨
૯૨ તખ્તે જમશીદ, દારાયસના મહેલનો સીકંદરનાં હાથે નાશ. તેનાં લેખો વીગેરે ૪૫૩
દારાયસ અને દેનીઅલ. ઇરાનીઓ અને મીડ લોકોનાં નાઉ ફેરવાય એવા કાયદાઓ ૪૫૪
આ મહેલનો નાશ. સીકંદરને હાથે... ... ... ૪૫૫
તખ્તે જમશીદ નામ શા સબબે? બુનદહેશનો આધાર... ... ૪૫૫
અહીંનાં ખીલારોકી લેખો ૪૫૭
૯૩ તખ્તે જમશીદની પછવાડેના પહાડ ઉપરની પત્થરની લાસ-દાનોની જગ્યાઓ ૪૫૮
મેહેલોની પછવાડે પહાડની કઠણે પાદશાહી લાસો મેલવાની જગ્યા ૪૫૮
આપણાં દખમાઓનાં દરવાજા ૪૫૮
લાસને અવલમંજલ પહોંચાડવાની આ રીત શું છે? ૪૫૯
સવાલ કે એમ કાંય? ૪૬૦
એ ત્રણ લાસ-દાનોવાળા પાદશાહો ૪૬૧
આ લાસ. દાનોવાળી જગ્યા ઉપરથી દેખાવ ૪૬૨
આ લાસ-દાનોપરથી સર્વથી અગતનું ચિત્ર ૪૬૨
આ લાસ-દાનનાં નક્ષમાં ફેરોહરોનું ચિત્ર ૪૬૩
મરણ ક્રિયામાં બબેની જોડ ૪૬૩
લાસ-દાનોની હાલની હાલત ૪૬૪
૯૪ તખ્તે જમશીદથી શીરાઝ ૪૬૪
૧ નક્ષે રજબ ૪૬૪
૨ બંદ મીર ૪૬૫
૩ એક મોટા કોરાણની જગ્યા ૪૬૫
બંદીદાદના દોરા ૪૬૬
૪ અગ્રેના નક્ષો ૪૬૬
૫ રોકનાબાદની નદી ૪૬૬
૯૫ શીરાઝ શેહેર ૪૬૮

		પાનું.
	શીરાઝનાં સર્વે સહી	૪૬૮
	પએગમબર જરથોસ્તનું સરવનું ઝાડ	૪૬૮
	શીરાઝ એક પુરાણો મુલક...	૪૬૯
	શીરાઝનો શીરાઝી વાઇન અને સ્પેનનો શેરી વાઇન	૪૬૯
	હાફેજ અને સાદીની કબરો	૪૭૦
૯૬	નક્ષે રૂસ્તમ	૪૭૧
	આપણો "બાજ" શબ્દ	૪૭૧
	જશીયાન ગામ	૪૭૨
	નક્ષે રૂસ્તમ પાદશાહી લાસ-દાનોનું મથક	૪૭૩
	એ લાસ-દાનવાળા પાદશાહો	૪૭૩
	લાસ-દાનોની નીચે સાસાનીઅન પાદશાહોનાં નક્ષા	૪૭૪
	માઉંરો ઉપર ચઢવાની કોશેશ નીશફળ	૪૭૪
	સરકાર તરફથી જોઇતી કાંઇક સવળતા	૪૭૫
	હીંદુસ્તાનના મોન્યુમેન્ટ એક્ટ જેવો એકાદ જરૂરી કાયદો ...	૪૭૫
	આગલા કોઇક ધરાની પાદશાહો પોતાને હાથે પોતાની સેવટની આરામગાહ બનાવતા	૪૭૬
	આ વાર્તા અને માર્ગની ગેરહાજરી ઉપરથી ઉપજતા કોઇક વિચારો	૪૭૬
	તેશીઅશ (Ctesius)	૪૭૭
૯૭	નક્ષે રૂસ્તમ. તેનાં નક્ષોની કાંઇક હકીકત	૪૭૮
	બે વંશનાં નક્ષો...	૪૭૮
	હખામનીઅન નક્ષો	૪૭૮
	દારાયસનું પોતાનું લાસ-દાન	૪૭૮
	દારાયસનાં લાસ-દાનવાળા નક્ષનો લેખ	૪૭૯
	આ લાસ-દાનોની જગ્યા...	૪૭૯
	સાસાનીઅન નક્ષો. પેહલો નક્ષ. તે ઉપરથી ઉપજેલા કાંઇક વિચારો...	૪૭૯
	બીજો સાસાનીઅન નક્ષ	૪૮૦
	બીજા સાસાનીઅન નક્ષો	૪૮૦
	છેલ્લો સાતમો બહેરામગોરનો અમલનો નક્ષ	૪૮૧
	આ હખામનીઅન અને સાસાનીઅન નક્ષોનાં ચિત્રોમાં હાથના ચાળાઓ વીગેરે	૪૮૧
	આ નક્ષમાંની બહાલી માટે આંગલું ઉભું કરવાની રીત અને આપણી આફ્રીનગાનની રીત	૪૮૨
	હાથના કોઇક બીજા ચાળાઓ અને રીતો	૪૮૩
	કાબે એ જરથોસ્ત	૪૮૩
	આપણી હાલની સગડી અને આ આતશકદેહ	૪૮૩
૯૮	શાપુર	૪૮૫
	શીરાઝથી કાઝરૂન	૪૮૫
	મા દીકરીના પહાડો	૪૮૫
	કાઝરૂન	૪૮૫

		પાનું.
	શાપુર શેહેર. શાપુરે સ્થાપેલાં શેહેરો...	૪૮૬
	શાહ શાપુર અને બોલ બેટની રમત	૪૮૬
	કાઝરૂન અને શાપુર શેહેરના આજુબાજુના દેહો	૪૮૭
	શાપુરનાં નક્શો	૪૮૭
	નદીને પેલે પારનાં નક્શો	૪૮૮
	શાપુરનું મોહું બાવલું	૪૮૮
	વધારો	૪૮૯
૯૯	બુશાયર. ઇરાની અખ્બાર	૪૯૦
	કાઝરૂનથી બુશાયર	૪૯૦
	બુશાયર અને રી શેહેર	૪૯૦
	રી શેહેરની મુલાકાત. અત્રે મલતાં અસતોદાંનો...	૪૯૧
	ઇરાન સરજમીનને છેલ્લી સલામ	૪૯૨
	ઇરાની અખ્બાત	૪૯૩
	ઇરાનનો દર્યાઇ કાફલો	૪૯૪
૧૦૦	કરાંચી	૪૯૫
	કાંઇક આગલી યાદ	૪૯૫
	કરાંચી એક ભાગ્યશાળી પારસી શેહેર	૪૯૬
	હીંદ અને ઇરાન વીગેરેની પુરાણી તવારીખમાં કરાંચી	૪૯૭
	બહેમન આબાદ	૪૯૮
૧૦૧	સેવટના બે બોલ	૪૯૮
	તકદીર અને તદબીર	૫૦૦

મારી મુંબઇ બહારની સેહેલ.

સ્ટીમર નાલડેરા, તા૦ ૧૨ મી એપ્રીલ ૧૯૨૫.

આ સફર માટે શરૂઆતના બે બોલ.

તે દાદારનું મુબારક નામ જબાન ઉપર લેઇ, અને તે સાહેબની મારી સફર ઉપર આશિર્વાદ માંગી આ બે બોલ લખું છું. આજથી ૩૬ વર્ષપર તા૦ ૫ મી જુલાઇ ૧૮૮૯ ને દીને મેં પહેલી યુરોપની સફર કરી હતી. ૧૮૮૭ ના માર્ચ માસમાં ઉત્તર હિંદુસ્તાનની પશ્ચીમે ખાઇબર પાસથી અલીમસજીદ અને પુર્વે કલકતા સુધી સફર કરી મેં આ પત્રદ્વારે તે મુસાફરીના બે બોલ લખી મુસાફરીના કાંઇક વર્ણન આપવાની શરૂઆત કીધી હતી. તે વખતે મારી કલમ જવાન હતી, આજે તે ઘસાઇને જઇફ થઇ છે. ૧૮૮૯ ની યુરોપની સફર વખતે પહેલો કાગજ છેક એડનથી લખી શકયો હતો કારણ કે ભર ચોમાસાના ઉછળતા મોજાવાળા દરિયા સબબે સ્ટીમર "ઇમપેરેત્રીક્ષ" ગોદીમાંથી બહાર પડતાં અર્ધા કલાકમાં દરિયા બિમારીથી હું કુબાનમાં જઇ પડયો હતો, તે પાંચ દીવસ સુધી તુટકપર આવી શકયો હતો નહી. આ વખતે ખુદાની મહેરથી તુટક ઉપરથી મારા વહાલાં કોલાબાને, મારી વહાલી કોલાબાની શેઠ જીજીભાઇ દાદાભાઇની દરેહમેહર, જેની પવીત્ર સેવામાં ઘડાઇ અને ડાહ્યો થઇ મેં મારી જીંદગીના આશરે ૩૭ અમુલ્ય વર્ષો પસાર કીધા હતા તેને, ખુશ રીતે નિહાલતાં મેં મુંબઇ છોડયું છે. તે વખતે ઓસ્ત્રીઅન લોઇડ કાં૦ ની "ઇમ પેરેત્રીક્ષ" આગબોટમાં આશરે પાંચ દશ મુસાફરોની સંગતમાં સફર કરી હતી. આજે આસરે પાંચસો સીતેર મુસાફરોની રંગીલી સંગતમાં પી. ઓ. કાં૦ ની આસરે ૧૬૦૦ ટનની મોટી આગબોટમાં સફર કરૂં છું. તે વખતે સ્વીડન દેશમાં ૧૮૮૯ ના સપટેમ્બર માસમાં મલનારી ઓર્યેનટલ કોનગ્રેસની બેઠકમાં હાજરી આપવાની ખાસ નેમ અર્થે યુરોપની સુધરેલી દુનિયાની ખબર લેવા નીકળ્યો હતો. આજે મારી વહાલી કોમના એક મોટાં ખાતાંની ૩૫ વર્ષ સેવા બજાવી તન અને મનને કાંઇક રાહત આપવાની મુખ્ય નેમથી અને સાથે બને તો કોઇક સાહિત્ય યા અભ્યાસ સંબંધી બાબતો ઉપર ધ્યાન આપવાના ઇરાદાથી નીકળ્યો છું. તે વખતે કોઇ ખાતાં મારફતે આવવાની મેં કોશેશ કીધી હતી. પેહેલે મુંબઇની સરકારને, પછી નામદાર ગાયકવાડને, પછી સર જમશેદજી મદ્રેસા જેનો હું તે વખતે એક ફેલો હતો તેને, પછી શેઠ જીજીભાઇ દાદાભાઇ. જેવણની દરેમેહેર સાથ હું જોડાયલો હતો, તેવણનાં ધર્મખાતાંને મેં અરજ કીધી હતી, કે મને પોતા તરફના ડેલીગેટ તરીકે સ્ટોકહોમની ઓર્યેનટલ કોનગ્રેસમાં મોકલે. પણ સર્વે તરફથી નાસીપાસ થયો હતો. એક વખત ફરીથી નામદાર ગાયકવાડને હું પોતે જાતે જુન માસમાં પુને જઇ મળ્યો, પણ નાસીપાસ થયો. મરહુમ સર જમશેદજી ત્રીજા બેરોનેટ, જેવણની પ્રીતિ અને મેહરબાની, તેવણ સાથના કોલેજના સંબંધના વખતથી અને ત્યાર પછી

તેવણ મારાં ભાષણોમાં અવારનવાર પ્રમુખસ્થાને બીરાજી મારા અભ્યાસથી રાજી થતા હતા તે ઉપરથા, હું ભોગ વતો હતો, તેવણે પોતે નામદાર ગાય કવાડ સાથે વાત કરી, તેવણની સુચનાથી પોતે પારસીઓમાં એક ફંડ ઉઘરાવવાની મેહેરબાની કરી મરજી જણાવી, કે જેમાં નામદાર ગાયકવાડે પોતે રૂ. ૫૦૦ ભરી આપવા કહ્યું હતું. પણ તે વખતના જવાનીના કાંઇક ખોટા કે ખરા ખ્યાલથી એમ આમ લોકોનાં ઉઘરાણાથી જવાનું કાંઇ મનમાં ઉતર્યું નહીં, ખાસ કરીને આ સબબે કે એમ આમ લોકના ઉઘરાણાથી જતાં પાછલથી કોઇના સખ્ત ટીકાને પાત્ર થાઉં કે "જીવનજી મોદી પારસી પ્રજાનાં ઉઘરાણાથી ગયા અને યુરોપ જઇ કોનગ્રેસમાં એમ બોલ્યા અને તેમ બોલ્યા" કે જે બોલવું કોઇક સાહેબોને પસંદ નહીં આવે.

આવા કોઇ ટીકાના ખ્યાલથી ડરી નામદાર-સર જમશેદજીની ફંડ ઉભું કરવાની સુચના ગરીબાઇ છતાં મેં ઉપકાર સાથે ના પાડી. પછી સેવટે મારાં વહાલાં ગરીબ માતાજી તરફ ફર્યો. તેવણે એક બોલે કુટુંબની શક્તિવાન હાલત નહીં હોવા છતાં પોતાના એકપુરા દીકરાની ઉછાળો મારતી મોરાદને પાર પાડવા રૂ. ૪૫૦૦ ની રકમની જોગવાઇ મને કરી આપી અને સાડાપાંચ માસ કોનગ્રેસમાં હાજર થવા ઉપરાંત યુરોપમાં ઘણીક જગયાએ ફ્રાંસ, જરમની, નોરવે, સ્વીડન, ઓસ્ત્રીઆ, કોનસ્ટાનટીનોપલ, એથેનસ અને ઇજીપત કરકસરથી ફરી, કાંઇક જોઇ, જાણી, શીખી આવ્યો, તેમાં મોટો ભાગ આસરે દોઢ મહીનો પેરીસમાં અભ્યાસ કાજે ગુજાર્યો હતો. આજે ખુદાતાલાની મેહેરથી જો કે તનની ઓછી શક્તિ સાથે પણ મગજની કાંઇક વધુ અનુભવી ફ્રમીની શક્તિ સાથે પાછો જાઉં છું અને મેળવેલાં જ્ઞાન અને અનુભવના બે બોલ બોલી મારાં મિત્ર વાંચનારાંઓ, જેઓ માટે આ પત્રદ્વારે મેં મારા મરહૂમ મિત્ર પ્રોફેસર દારમેસ્ટેટેરની સુચના ઉપરથી પેહેલી કલમ સને ૧૮૮૭ ના સાલના ફેબ્રુઆરી માસમાં તેવણ સાથની નવસારી તથા સુરતની સેહેલગાહનું વર્ણન કરવા કાજે હાથ ધરી હતી. તેઓને, આ મુસાફરીનો કાંઇક ઉડતો ખ્યાલ આપવા ધારૂં છું. તેમ કરતાં બે પ્રકારની દરગુજર ચાહું છું. એક આ કે કમનસીબે દસ્કત સારા નહીં હોવાથી અને પ્રુફ તપાસવાની જોગવાઇ નહી મળવાથી છાપામાં કાંઇ ભુલો થાય તો તે માફ કરવું. બીજું, જો મારાં લખાણમાં હું અવારનવાર મારી પોતાની જીંદગીનાં (autobiographical) વર્ણનમાં મારા વીચારો (impressions)નો છાપ આપવા ઉતરૂં તો તે પણ દરગુજર કરવું. મારાં વર્ણનને મુસાફરીના મુલકોનાં વર્ણન તરીકે નહીં, પણ જોયલાં, જાણેલાં, સાંભળેલાના કાંઇક ખ્યાલોના છાપ તરીકેજ ગણવું.

મુંબઇથી એડન.

સ્ટીમર નાલડેરા.

તા૦ ૧૫ મી એપ્રીલ ૧૯૨૫

આજે અરબી મહાસાગરમાં દરરોજ આસરે ૪૦૦ માઇલ સફર કરતી અમારી આગબોટ ઉપરની દિવસે દિવસની જીંદગી બાબે કાંઇક બોલવા માગું છું. મુંબઇ જે આસરે ૧૯) ડીગ્રીના અક્ષાંશ (Latitude) ઉપર અને ૭૬) ડીગ્રીનાં રેખાંશ (Longitude) ઉપર આવ્યું છે, ત્યાંથી પશ્ચીમ ભણી જતાં અમોને દરરોજ અહીંના ઘડીઆળ પ્રમાણે આસરે અર્ધો કલાક વખત ફેરવવો પડે છે. એડન ભણી જતાં ફક્ત આસરે બે ત્રણ ડીગ્રી નીચલી લેટીટ્યુડ ઉપર જતા હોવાથી એ દરરોજના ફેરફારના અરસામાં મોટો ફેર પડતો નથી.

વળી લખવા, વાંચવા, ફરવા, વાતચીત અને ખાણાં વચ્ચે વખત સારી રીતે

પસાર થાય છે. તેમાં દરિયો તદ્દન શાંત હોવાને લીધે અને તેમાં કાલે તો કહે છે તેમ કાચ જેવા સપાટ (glassy smooth) હોવાથી આપણને સલુનમાં તો જાણે માલમ પણ પડે નહીં કે આપણે દરિયામાં છિએ. સ્ટીમરનાં એનજીનના ધમકારાજ આપણને જણાવે છે કે આપણે જમીનપર નથી. જેમ શાંત હવા તેમ શાંત પાણી ઉપરની શાંત કુચ વખતે આપણને જાણે એક સરખું લાગે છે. આસરે ચાર પાંચ વર્ષપર જ્યારે જુઇ આગળથી એક "એરોપલેન"માં મુંબઇ ઉપર હવાઇ સફર કીધી હતી ત્યારે મેં એમજ જોયું હતું કે શાંત હવાની સફરમાં પણ એનજીનનો ચાલુ મોટો અવાજ નહીં હોય તો જાણે આપણને કાંઇ વધું વિચિત્ર લાગે નહીં.

સ્ટીમર ઉપર રંગરાગ, રમતગમત, હસીખુશી, નાચખેલ વગેરે પણ આપણને અવારનવાર કોઇક ખ્યાલ મલતો રહે છે તે, હું ધારૂં છું કે, આ છે કે આપણે જીંદગીની વચ્ચે મોતના સપાટામાં પડવાને પાત્ર છિએ.

સફરમાં મુશકેલી વખતના ઉપાયની તાલીમ.

આ દરિયાઇ સેહેલનો ત્રીજો દિવસ કોઇક નવા અનુભવ અને તે સાથના કોઇક ગંભીર ખ્યાલો સાથે પસાર થયો હતો. ખુદા ન કરેને આગબોટને કોઇ હોનારત થાય તો ઉતારૂઓએ કેમ કામ લેવું, તેની એક પ્રકારની તાલીમ (drill) આપવા કાજે કેપટને સહવારે ૧૧ કલાકનો વખત ઠેરવ્યો હતો અને જાહેર ખબર ચોટાડી હતી કે ઘંટા થતાં સર્વ ઉતારૂઓએ હરેકની કેબીનમાં મેલેલા લાઇફ બેલ્ટો પેહેરી સેલુનમાં અને તુટક ઉપર હાજર થવું. એ સર્વ માટે કાંઇ ફરજીઆત હતું નહીં, પણ એવી બાબતનો અનુભવ લેવો સારો છે એમ ધારી, હું પણ ઘંટો થતાં લાઇફ બેલ્ટ ગળાંમાં ઓરવી સલુનમાં ગયો, ત્યાં અને પછી તુટક ઉપર કેપટને એક નાનું ભાષણ આપી સમજ આપી કે હોનારત વખતે સર્વએ મન શાંત રાખી કેમ કામ લેવું અને સ્ટીમરને છોડી જવા કાજે નાની બોટો, જે ઉપલાં તુટક ઉપર ટાંગી રાખી છે, તમાં બેસવા કાજે કેમ માર્ગે લેવો વીગેરે. વળી એવી વખતે બોટમાં સાથે શું ખોરાક પાણી લેવામાં આવે છે તે સમજાવ્યું.

અકસમાત વખતે લેવાના ઉપાયો માટેનાં ચીફ ઓફીસરનાં ભાષણનો સાર નીચે પ્રમાણે છે:—

આ આગબોટના જુદા જુદા ભાગોમાં ૩૯ ચેતવણી આપનારા ઘંટો (alarm bells) રાખ્યા છે કે જ્યારે કેપટનને લાગે કે નહીં છુટી શકાય એવા સંજોગ આવી પહોંચ્યો છે અને સ્ટીમર બોટ સાથે અથડી પડશે ત્યારે તે વજાડવામાં આવે છે. તમ વજાડતાં સર્વએ પોતપોતાના લાઇફ-બેલ્ટ પેહેરી લેઇ કેબીનમાં વળગાવી મુકેલી ખબર પ્રમાણેની જગયા (assembly station) પર ભેગા મળવું. સ્ટીમરના જુદા જુદા ભાગ માટે એવી ત્રણ જગયા મુકરર કીધેલી છે. સ્ટીમર અથડી એક ભાગમાં પાણી આવવા માંડે તો કેટલાક દરવાજાઓ (water-tight doors) રાખેલા છે, તે તુરત બંધ કરવામાં આવે. તે વખતે તે ભાગના ઉતારૂઓએ તુટક ઉપર કયે માર્ગે આવવું તેની સમજ આપવામાં આવી. પછી સર્વએ તુટક ઉપર તેઓને જણાવેલા પોતપોતાની બોટો આગળ ભેગા થવું. આ સ્ટીમર ઉપર છેક ઉપલાં તુટક ઉપર ૨૩ બોટો ટાંગી રાખ્યા છે, જે દરેકમાં ૫૨ ઉતારૂઓ બેસી શકે છે. એક મોટર લોંચ છે, જે એ સર્વ બોટોને ઘસડી લેઇ જાય છે. એ મોટર લોંચમાં ૪૪ ઉતારૂઓ બેસી શકે છે. આ મુજબ કુલે ૧૨૪૦ ઉતારૂઓને ઉતરી પડવાની બોટોની સામગ્રી છે. સ્ટીમર ઉપર બન્ને વર્ગના મળી ૭૦૦ ઉતારૂઓની જોગવાઇ છે. એ ઉપરાંત વહાણવટીઓ ખલાસીઓ, સ્ટુઅરડો, માણસો વીગેરે (crew) ના ૪૭૦ આસામી છે, એટલે ત્યારે સર્વને બચવાને માટે પુરતી બોટો રાખી છે. ઉપલી દરેક બોટમાં બીસકીટ

અને પીવાનુ પાણી હમેશાં મેલી રાખેલું હોય છે, કે અકસમાત વખતે દોડાદોડીમાં ઘોંટાળો થાય નહી. થોડે થોડે દહાડે એ બીસકીટ પાણી બદલે છે કે બીગડેલું વાપરવું નહીં પડે. છ દહાડા સુધી ચાલે તેટલી બીસકીટ અને પાણી ભરી રાખવામાં આવે છે. આવી મુશકુલીના વખતે દરેક ઉતારૂને દરરોજ તેની બોટમાંથી એક ત્રીઆંઉસ રતલ બીસકીટ અને અર્ધો પેંટ પાણી આપવામાં આવે અને તે ઉપર તેઓએ ખુદાના શુકાના કરવા પડે. મુશકુલી આવી પડતાં પંદર મીનીટમાં બોટોએ ઉતારૂઓને લેઇ સ્ટીમર આગળથી ખસી જવાની ગણત્રી રાખવામાં આવી છે. તેમાં ૧૦ મીનીટ બોટોને ઉપરના તુટંક ઉપરથી નીચેના તુટક ઉપર જયાંથી ઉતારૂઆ બરાબર બેસી શકે ત્યાં ઉનારતાં થાય અને એ અરસામાં પેહેલ બીમાર (invalid) ઉતારૂઓને બેસાડવામાં આવે અને દરેક બોટ સાથનાં માણસો તેમાં બેસે. બાકીની પાંચ મીનીટ, જે કેપટને "Abandon ship" એટલે "આગ બોટને છોડી દેવી" એવા આપેલા હોકમ પછીની, તેમાં સર્વ ઉતારૂઓએ તેઓને જણાવેલી બોટામાં બેસવું. બાનુઓને પહેલ બેઠક આપવી. જો સારાં ભાગયે ૧૫ મીનીટની અંદર આગબોટ નહી ડુબી જશે એમ દીસે તો જરા ધીરજ વાપરી, કેપટન બોટામાં થોડોક વધુ ખોરાક અને પીણું જલદીથી ભરાવી લીએ. લાઇફ બેલ્ટ પેહેરી લેતાં સાથે કાંઇક ગરમ કપડાં પણ તુરત પેહેરી લેવાં. વળી ઉઘાડી બોટામાં સફર કરવાનું માટ દરેકે સાથે તડકાંના બચાવની ટોપી પણ લેઇ લેવી.

એક વાયરલેસ પેગામ.

આ ભાપણુવાળી દીવસની સાંજે એક બનાવ બન્યો જેણે "વાયરલેસ ટેલીગ્રાફી" ના ફાયદાનો દાખલો રજુ કર્યો. દર્યામાં ચાલતી સ્ટીમરો એની મદદથી ખબર મેળવતી રહે છે કે પોતાની આંજુબાજુ ૫૦ થા ૧૦૦ માઇલ ઉપર કેઇ કેઇ સ્ટીમરો સફર કરે છે. તેમ ખબર રાખતાં સાંજે એક સ્ટીમર ઉપરથી તાર મળ્યો કે તેની ઉપરનો એક આદમી બીમાર પડી ગયો હતો. તે સ્ટીમર ફકત માલની સ્ટીમર (Cargo-boat) હતી. તે ઉપર ઉતારૂઓ નહીં હોવાથી ડાકટર નહીં હતો, તેથી તે બીમારને અમારી સ્ટીમર ઉપર લેવા અરજ કરી. દુરથી તે સ્ટીમર દેખાવા લાગી. તે નજદીક આવે તેટલાં અંધારૂં થયું. તે સ્ટીમર દુરથી ઉભી રહી અને અમારી પણ ઉભી રહી. થોડા વખતમાં અંધારામાંથી એક બોટ આવતી દેખાઇ. અમારી સ્ટીમરે પોતાની બોટ પાણીમાં ઉતારી. પેલી બોટે તે બીમારને અમારી બોટમાં આપ્યો અને તેને ઉંચકી લેવામાં આવ્યો.

આતવારની બંદગી.

આ તરતા દરિયાઇ મેહેલના એશઆરામ અને રંગરાગ વચ્ચે તે દાદારની અને તે દાદારે સરજેલાં મોતની કાંઇક ગંભીર યાદ આપનારા ખ્યાલો તા૦ ૧૨ મીએ પણ ઉપજયા હતા. આતવારનો દીવસ હોવાથી આગબોટનાં મોટાં સેલુનમાં સહવારે ૧૧ કલાકુ દેવળ ભરાયું હતું, ત્યાં ગંભીર રીતે અર્ધો કલાક પસાર કર્યો હતા. ત્યાં ગવા યલાં ભજનો (hymns) એ કુઠે કુઠે પેગમ્બર ક્રાઇસ્ટના નામને બદલે આપણા પેગમ્બર જરથોશ્તના બરહક નામની યાદ આપી સફરમાં મનને રાહત આપી. મારી ચીન, જાપાનની ત્રણ વર્ષપરની સફરના અહેવાલમાં આ પત્રકાર મેં એવી ખ્રીસ્તી બંદગીઓ બાબે વીવેચન કર્યું હતું. તે વખતે ફ્રેન્ચ સ્ટીમરમાં મુસાફરી કરતા હતો, તેથી કેથલીક રાહરીતોથી ભજનો અને ક્રિયા થતાં હતાં. આ વખતે અંગ્રેજી સ્ટીમર ઉપર પ્રોટેસ્ટન્ટ રીતે થતાં હતાં. પેગમ્બર ક્રાઇસ્ટને બદલે પેગમ્બર જરથોશ્તને મનમાં યાદ કરતાં પ્રોફેસર મેક્ષમુલરના આ શબ્દો યાદ આવતા કે, જો મેરેથોન અને સેલમીસની લડાઇમાં

યુનાનીઓને હાથે ઇરાનીઓ હાર ખાઇ નહીં ગયા હતે, તો આજે આખું યુરોપ પોતાના ભજનોમાં પેગમ્બર જરથોશતનું જ નામ લેતે, અને કોણ જાણે છે કે, કદાચ આ સ્ટીમર ઉપર ભજન કરતું મંડળ ખ્રીસ્તી હોવાને બદલે જરથોશતી હતે. સ્ટીમરનાં મોટાં સુંદર ડાઇનીંગ સલુનમાં થોડો વખત મોજમજાહ અને એશઆરામ બાજુ મેલી, ખુદાના ભજનમાં સહુથી વધુ નરનારીઓનાં મંડળને જોડાયલાં જોવાં એ તન મનની નજરે રાહાત આપનારો દેખાવ છે. તે જોઇને મનમાં વીચાર કરતાં ખુશી ઉપજતી કે, જ્યાંસુધી ઇંગ્લંડના બેટા બેટીઓ આવો ખુદા તરફનો ભક્તીભાવ ચાલુ રાખે છે ત્યાંસુધી ઇંગ્લંડની બોલબાલા છે. ઇંગ્લંડની બોલબાલા સાથે ઘણીક હદે હીંદુસ્તાનની બોલબાલા છે. હીંદુસ્તાનની બોલબાલા સાથે પારસી કોમની બોલબાલા છે. આવો ભક્તીભાવ અંગ્રેજોને ફેરવાયલા મામલાને અનુસરતા બનવાના અને સંજોગો વચ્ચે માંગેલું બક્ષેશ કરવાની ફરજના માર્ગ પર મેલશે.

સ્ટીમર ઉપર નીપજેલું મરણ. રંગરાગ વચ્ચે એક દલગીરી આપનારો બનાવ તા૦ ૧૪ મીએ બન્યો. રાત્રે આસરે ૭–૩૦ ને અમલે ખાણા ઉપર સર્વ હસીખુશીમાં હતાં કે થાલી ઠોકાવાનો કાંઇ અસાધારણ અવાજ આવ્યો. ફરીને જોઇએ છીએ તો કેપટન ડાઇનીંગ સેલુનના દાદર ઉપર આવી ઉભો હતો અને કાંઇ બોલવા માંગતો હતો. તેથી તેનું બોલેલું સાંભળવા કાજે થાલી વજાડવામાં આવી. કેપટને મોટે અવાજે જાહેર કર્યું કે એક ઉતારૂ જે બીમાર હાલતમાં સ્ટીમર ઉપર આવ્યો હતો તે મરણ પામ્યો છે. તેને થોડા વખતમાંજ આઠ વાગે અવલમંજલ પહોંચાડવામાં આવશે અને તેની મરણક્રીયા થશે. જમવાનું તમામ થતાં, તેની લાશ મેલેલી જગ્યા ઉપર જતાં, કેપટને પોતે, સ્ટીમર ઉપર પાદરી નહીં હોવાને સબબે ક્રીયા જે ઘણી ટુંકી અને સાદી હતી તે કીધી. તે ચોપડીમાંથી મરણક્રીયાનું ભણતર (funeral service) ભણી ગયો. ૫ા કલાકમાં તે તમામ થયું. મરનારનાં શરીરને, સ્ટીમરને ધીમી કરી દરિયામાં જળ માતાને સપુરદ કર્યું. ખુદા તે મરનારના રૂહન સહાય થાય અને તેનાં ખેશીઓને દિલાસો દિએ.

આ પ્રમાણે અર્ધા કલાકમાં રંગરાગ વચ્ચે ગમગીની ભ્યાપી રહી, પણ તે તો જાણે સમજ્યા. એ તો કુદરતનો જાણે બેદભર્યો હોકમ અને બનાવ. પણ હજુર તો અર્ધો કલાક નહીં ગયો કે જ્યાં મરનારની લાશ છેલ્લી મુકવામાં આવેલી તેની નજદીકમાં તુટક ઉપર રંગરાગનો નાચ (dance) શરૂ થયો. આપણી પારસી નજરે આ જરા અકુદરતી લાગે. પણ આ દોરંગી દુનયાનો આવોજ દોર છે. આ દુનયામાં ખુશી અને ખુરમી, દલગીરી અને ગમગીની સાથે એમજ જોડાયલી રહેલી છે.

સ્ટીમર જે ઝડપથી માર્ગ કાપે છે તે ગણતાં આજે (બુધવાર તા૦ ૧૫ મીએ સાંજે ચાર યા પાંચ વાગે એડન પહોંચવાની આશા રાખવામાં આવે છે.

સ્ટીમર નાલડેરા,

તા૦ ૧૫ મી એપ્રીલ ૧૯૨૫.

એડન.

આજે એડનમાં કીનારે ઉતરતાં પહેલાં મરહુમ શેઠ કાવસજી દીનશા એડનવાળાની યાદ આવી છે, કે જેવણનું મુબારક નામ કોઇ સ્માઇલ્સ (Smiles) પોતાના શિક્ષણના દાખલાઓમાંના એક તરીકે વાજબી રીતે લઇ શકે. મુંબઇના હાકેમ એડનના પણ હાકેમ છે, પણ તેવણ તો 'ઓફીશીયલ ગવરનર' છે, જયારે મરહુમ કાવસજી અને હાલમાં તેવણના બેટાઓ એડનના જાણે વેપાર, વણજ, હુનર,

સાહસ, જાહેર સેવા વિગેરેમાં "નોન-ઓફીશીયલ ગવરનરો" છે. એ બાપ બેટાઓએ એડનને હાલનું એડન બનાવવામાં નજીક હિસ્સો આપ્યો છે, એઓએ અને એઓની સાથે એડનના બીજા પારસી ભાઇઓએ સાહસીક વેપારીઓ તરીકે એટલી તો નામના મેળવી છે કે તે ઉપરથી અથવા સાહસીક પુરૂષો તરીકે પારસીઓએ મેળવેલી સામાન્ય નામના ઉપરથી એક મુસાફરે (Southern Arabia, by Theodore Bent) એડનથી આસરે ૧૫૦ મેલ દુર આવેલાં મકાલા શેહેરના ખોજાઓ, જેઓ કોઇક પેહેરવેશમાં પારસીઓને મલતા છે, તેઓને પણ ઇ. સ. ૧૯૦૦ ના સુમારે ત્યાં કરેલી પોતાની મુસાફરીનાં વર્ણનમાં પારસીઓ ગણ્યા છે.

એડનની મારી આગલી મુલાકાત.

એડન બાબે હું ૧૮૮૯ ના સાલની મારી મુલાકાતનાં વર્ણનમાં આ પત્રકારે બોલ્યો છું અને તેમ બોલતાં ત્યાંની રમકડાં જેવી સુંદર મી૦ કાવસજી એડનવાળાએ બાંધેલી દરેમેહેર બાબે અને ત્યાંનાં ગંજાવર પુરાણાં ટાંકાઓ બાબે બોલ્યો છું. એ પાણીનાં ટાંકાઓ સાસાનીઅન જમાનાના ઇરાની ઇજનેરોનાં કામનાં પરિણામ ગણાય છે. અસલી ઇરાનીઓ પાણીનાં કામો (Water-works) માં ઘણા કુશળ હતા. તેની જે ગવાહી આજ સુધી કારૂન નદી (જુઓ The Karun River નામનો મારો વિષય) ઉપરનાં એવાં બાંધકામોનાં ખંડીએરો વીગેરેમાં મળે છે, તેને આ એડનનાં ટાંકાઓ ટેકો આપે છે. મારી આ મુલાકાત વેળાએ પારસી દરેમેહેર અને અસલી પારસી ગણાતાં ટાંકાઓની ફરીથી ઉડતી મુલાકાત લીધી હતી.

એડનના એક આગલા જાણીતા પારસીની યાદ.

આ દરેમેહેરના એક હાથ ઉપરનું પડોશનું શાદી રામજીનીનું મકાન અને બીજા હાથ ઉપરનું જુના દખમાનું મકાન એડનના એક આગલા રહીશ મરહુમ મી૦ મેરવાનજી સોરાબજી ખરેગાતની પુરાણી ભલી યાદ આપે છે, કે જેવણે એડનનાં પેહેલવહેલા પારસીઓ માટે કિમતી સેવા બજાવી હતી અને ઉપલાં મકાનોવાળી જગ્યા પારસી કોમ માટે હાથ કીધી હતી. ખરેગાત કુટુંબના નામ સાથે જોડાયલાં એ પુરાણાં દખમા ઉપરની ચાર ભાષાઓ—પાજંદ, પેહેલવી, ફારસી અને ગુજરાતી—માં થોડો કે ઘણો લખાયલો લેખ એડન શેહેરની કોઇક પુરાણી તવારીખ ઉપર આપણું ધ્યાન ખેંચે છે. અરબસ્તાનનાં પુર્વ-દક્ષીણ કીનારા ઉપરના આ મથકમાં પુરાણા ઇરાનની પાજંદ અને પેહેલવી ભાષાઓમાં લખાયલો આ હાલનો લેખ આગલી યાદ આપે છે. આ શેહેર ઉપર એક વખત સાસાનીઅન જમાનામાં પારસીઓનો અમલ હતો. તે વખતે ત્યાં કોઇક સંજોગો ઉપર વપરાતી એ ભાષાઓનો ઉપયોગ નજદીક ૧૩૦૦ વર્ષ બાદ તે આગલા પારસીઓનાં હાલના વારેસોએ આજે અહીં કર્યો છે.

એડનનાં સાસાનીઅન જમાનાનાં ગણાતાં ટાંકા.

ઉપર જણાવેલાં ટાંકાઓ જે જગ-મશહુર (world-famed) ગણાય છે અને જે બે પાહાડોની બીણ વચ્ચે એકેમેક ઉપર નજદીક આઠ દસ ચાબકે ચહડઉતર બંધાયલાં છે, તે સને ૧૮૫૪ માં અહીંના એસીસ્ટન્ટ રેસીડન્ટે અચાનક શોધી કાઢયાં હતાં. તેઓ પહાડની માટીનાં ધોવાણથી અને કચરાથી દટાઇ ગયાં હતાં. તેનો કોઇક ભાગ જોવામાં આવ્યાથી એ અમલદારે તે ખોદી કાઢયાં. ત્યાં લા૦ ૨૦ મી

ફેબ્રુઆરી ૧૮૯૯ ને દીને મળેલી એક તખ્તી કહે છે કે: તેના મુળ બાબે કાંઇ ચોકસ જણાયલું નથી (these tanks regarding the original construction of which nothing is accurat ly known); પણ કોઇક અભ્યાસી મુસાફરોએ જણાવ્યું છે કે તેઓ સાસાનીઅન પાદશાહોનાં અમલનાં હતા આ એડન શેહેર દક્ષીણ અરેબીઆ, જે પશ્ચીમમાં યુનાનીઓના Arabia Felix ના નામથી અને પુર્વમાં "યમન" નાં નામથી જણાયલું હતું, તેનો ભાગ છે. તે ઉપરથી તેનો સાસાનીઅન સંબંધ સંભવીક છે.

નવાં જગયાઓની ઉડતી મુલાકાત.

હું બપોર પછી ત્રણ વાગે એડનને કીનારે ઉતર્યો અને ૫-૩૦ વાગે સ્ટીમર પાછી ઉપડવાની હતી, માટે મારે જે જોવાનું હતું તે દોડાદોડીમાં જોવાનું હતું અને તે માટે શેઠ એડનવાળા ભાઇઓએ મોટરની અને બીજા ભાઇઓએ પોતાની રેહેબરીની મને મેહેરબાની કરી સગવડ આપી હતી. આ વખતે નવું જોવામાં, એડન, જે એક વખતના બળતા પહાડનું બચ્યું ગણાય, તેનો મુખ (crater)તરીકે ગણાતો ભાગ અને ત્યાંની ફીલ્લેબંધી અને એડનથી આશરે ૧૦ મૈલ ઉપર આવેલું શેખ ઉસ્માનનું મથક જે જંગલ વચ્ચેના એક લીલોતરી ભર્યા મથક (oasis) નો ખ્યાલ આપતું હતું, તે હતાં. જીવસટોસટ રાખી હું આ પાછલી જગ્યા તરફ ગયો હતો. સ્ટીમરે ઉપડવાના જાહેર કરેલા વખતથી ફક્ત પાંચ મીનીટ આગમજ હું દોડાદોડ કરી સ્ટીમરપર પાછો ચઢયો. પણ માર્ગમાં મોટરનું ટાયર ફાટતે યા કાંઇ અકસ્માત બનતે તો શું થતે! મારો બેગેજ કયાં અને પ્રોગ્રામ કયાં અને હું કયાં! આજે એવી કોઇક હુલડાઇ માટે કાન ચીમટયો છે. ખુદા ખેર કરે!

એડનની પુરાણી તવારીખ.

એડનની પુરાણી તવારીખ આશરે હજાર વર્ષથી શરૂ થતી ગણાય છે. મેજર બેલ (Wilberforce Bell), જેણે આપણને આપણા કાઠીઆવાડની સુંદર તવારીખ આપી છે અને જેણે અમારી એનથ્રોપોલોજીકલ સોસાયટી હજુર પંજાબના કાંગ્રાવેલીના ધર્મશાળા નામના પાહાડી મથકના એક તાપફ્રાનું સુંદર વર્ણન આપ્યું છે, તેણે પોતાના "The Romance of Aden" નામના નાના વિષયમાં આ શેહેરની કથાયોકત તેમજ સતાધાર તવારીખ ઉપર ઉડતી નજર ફેંકી છે.

(ક) ફરેદુનના ત્રણ બેટાઓની તવારીખની યાદ આપનારા બાઇબલના કેન અને એબેલ (Cain and Abel) ભાઇઓ, જેઓની દંતકથા મેં "અબુલ અને કબુલ"ના નામ સાથે સીલોન જતાં રામેશ્વરમાં સાંભળી હતી અને જેઓની કહેવાતી કબરો મને ત્યાં દેખાડવામાં આવી હતી, તેઓમાંના કેન માટે કહે છે કે, તેણે પેહેલવેહેલું આતશની સેતાયશ માટેનું એક પ્રકારનું યજ્ઞકુંડ એડનમાં બરપા કીધું હતું. રામેશ્વરની માફક અહીં પણ મેન-પાસ (Main Pass) નામનો પહાડી માર્ગ જે આપણે દરમેહેરપર જતાં આવતાં ઓલંગીએ છીએ, તેના એક ખડકમાં કેનની કબરનું મથક ગણાય છે.

(ખ) એવી બોલાતી પુરાણી કથા ઉપરથી આપણે કેટલીક હદે તવારીખ તરીકે ગણાતા વખત ઉપર આવ્યે તો એ શેહેર બાબે એક પુરાણું લખાણ બાઇબલનું છે. ત્યાં એઝેકીએલનું પુસ્તક જેમાં પુરાણાં ઇરાનના સંબંધમાં કોઇક ઇશારાઓ મળે છે, તેમાં The Fall of Tyrus વાળા બાબમાં ટાએરસ શેહેરને કહેવામાં આવે છે કે "Haran and Canneh and Eden, the merchants of Sheba, Asshur and Chilmad were thy merchants"

(Ezekiel બાબ ૨૭ ફ. ૨૩). આ પુસતકમાં જણાવેલું ઇડન તે એડન છે.

(ગ) આરબ લખનારાઓ પ્રમાણે ત્યાર પછી અરબસ્તાનનાં કોઇક તાયફાઓ બાહારથી અહીં આવી વસ્યા હતા.

(ઙ) પેલા ઇરાનના ત્રણ માજીઓ (The three Magi) યા મોબેદો, જેઓને યુરોપ અને એશીઆ, અહીં અને તહીં, અને તેમાં વળી છેક હીંદુસ્તાનમાં સંબંધ ધરાવતા જણાવયા છે તેઓ બાળક ક્રાઇસ્ટને જોવા ગયા ત્યારે એડન બંદરેથી ગયલા કહેવાય છે. આ માજીઓ, જેઓ બાબે આપણા શેહેરમાં બે ત્રણ માસપર રેવરંડ મીલસે કામા ઇનસ્ટીટયુટમાં એક ભાષણ આપયું હતું, તેઓ માટે બીજી જગ્યાએ હું કાંઇક વીગતે બોલ્યો છું.

(ધ) રોમન શાહાનશાહ ઓગસ્ટસના વખતમાં એડનની નજદીક સુધામાં રોમનોનો અમલ ચાલ્યો હતો.

(ચ) ત્યારપછી ઇ. સ. ૬ ઠી સદીમાં નોશેરવાન અદલનો અહીં ઇરાની અમલ ચાલ્યો હતો.

એડનવાળા મી૦ કુકી મનચેરજી કોલાબેવાળાનું ખાનગી સંગ્રહસ્થાન એડનની પુરાણી તવારીખના અભ્યાસીને માટે એક જોવાલાયક સંગ્રહસ્થાન છે, જેની એક ઉડતી મુલાકાત આપણને અરબસ્તાનના પુરાણા અમલની બાકી રહેલી નીશાનીઓનો ખ્યાલ આપે છે. આ માલિકની અટકે મને મારાં વહાલાં કોલાબાના બચગીની પીછાણવાળાં કોઇક કુંબીઓની યાદ આપી હતી.

એડનનું અસલી યુનાની નામ.

એડનનું અસલી રોમન નામ એટેની (Atanne) હતું. યુનાનીઓ એને યુડ ડેમાન (Eudaiman) એટલે "સારૂ અથવા આબાદ મથક" કહેતા. આ એક પહાડી ખડકવાળું શેહેર હોવા છતાં તેને યુનાનીઓએ ઉપલું સારૂં સગનવંતુ નામ આપ્યું હતું. આપણી પારસી બાઇઓ માફક યુનાનીઓ "ખરાબ" હોય તેને પણ "સારૂં" કહેવાનો રેવાજ (Euphony) જાળવતા. "હમેશાં સારૂંજ બોલ્યે" એ આપણી ગયા જમાનાની, અને કેટલીક હદે હજુર ગુજરાતમાં હાલની, પારસી માતાઓનું કહેવું હતું. ઘરમાં દીવો બુજાઇ ગયો હોય તો કદી એમ નહીં બોલે કે "દીવો બુજાઇ ગયો છે." પણ ઉલટુંજ બોલે કે "દીવો વધતો (એટલે વધારે રોશન) થયો છે." તમો કાંઇ પૈસા માંગો અને પોતા પાસે કાંઇ નહીં હોય તો કદી એમ નહી બોલે કે "મારી પાસે પૈસા નથી." પણ ઉલટુંજ બોલે કે "મારી પાસે પૈસા વધતા છે." એવી સારી સગનવંતી ભાષા વાપરવાનો અસલી યુનાનીઓનો રેવાજ હતો. એવાજ "યુફની"ના ખ્યાલથી તેઓ હાલના તોફાની કાળા દર્યા (Black Sea) ને "કાળો દર્યો" કહેવાને બદલે યુકઝીન (Euxine) એટલે "ભલો દર્યો" કહેતા. ભૂમધ્ય સમુદ્રના વેપારના સંબંધમાં અસલમાં જે જગ્યા સીકંદરે સ્થાપેલું સીકંદ્રીઆ (Alexandria) શેહેર ધરાવતું, તે જગ્યા હીંદી મહાસાગરનાં વેપારનાં સંબંધમાં એડન ધરાવતું, અને હાલમાં પણ કેટલીક હદે ધરાવે છે. પણ એક બાબદમાં આ શેહેરો વચ્ચે ફેર છે. તે આ કે વેપારી શેહેર તરીકે વધેલું એલેકઝાનદ્રીઆ સાથે સાથે વીદ્યા, એલમ, હુનરનું મથક થયું અને ત્યાંનું પુસ્તકખાનું (Alexandria Library) એક વીદ્યાલય થઇ પડયું, કે જેણે ઇરાનનું શિક્ષણ આજુબાજુ ફેલાવવામાં કોઇક ભાગ લીધો. તેવું એડનનાં સંબંધમાં બન્યું નથી.

સ્ટીમર નાલદેરા,

તા૦ ૧૬ મી એપ્રીલ ૧૯૨૫.

અરબસ્તાન.

એડનમાં પગ મુકયો તે અરબસ્તાનમાં પગ મેલ્યો અને તે અરબસ્તાનની તવારીખમાં મશહુર થયલાં અને વેરાન અરબસ્તાનમાં સરખામણીમાં આબાદ ગણાતાં અરેબીઆ ફેલીક્ષ, જે પૂર્વ ભણીના લખનારાઓનો મશહુર યમનનો મુલક છે, તેમાં પગ મેલ્યો એમ ગણાય. હવાપાણી, આબાદી અને વેપારવણજમાં જાણીતા થયલા યમનના મુલકે અને તેના હજારો મૈલનો દર્યો ખેડનારા અરબોએ એ મુલક ઉપરથી આપણા હીંદના કીનારા સુધીના સર્વ દર્યાને "અરબી સમુદ્ર" એવું મુબારક ગણાતું નામ (Araby the blessed) આપ્યું છે. આજે આવાં યજદનાં જશનનો મુબારક દિવસ છે, જ્યારે હું મારી કોમનાં સેંકડો બાઇઓ અને ભાઇઓને ચર્ચગેટ સ્ટેશનના કીનારા ઉપર આવાં યજદની નીઆએશ ભણતાં મારી નજર હજુર ચીતારૂં છું. આ સુંદર સ્ટીમરના સુંદર તુટક ઉપરની સુંદર સવારોની મારી આસરે કલાક સવા કલાકની તે દાદારની નીઆએશ ભણતી સેહેલ, મારી આ સ્ટીમર ઉપરની પેહેલા પ્રકારની મોજ છે. તેવી મોજમાં જયારે આજના મુબારક રોજે મેં આવાં યજદની નીઆએશ કરી ત્યારે મન લાગ્યું કે ચર્ચગેટને કિનારે નીઆએશ કરનારી મારી બાઇઓ બાઇઓ, મારા ભાઇ ભાયડાઓ અને તેઓથી આસરે ૧૫૦૦ મૈલ (મુંબઇથી એડન ૧૨૬૭ મૈલ અને એડન છોડવા પછી સુએઝ તરફ જતાં સવારનાં આસરે ૨૩૦ મૈલ કાપેલો માર્ગ) દુર હું બન્ને એકજ "અરબી દર્યા"ની નીઆએશ કર્યે છિએ.

એડનમાં પગ મેલી અરબસ્તાનમાં પગ મેલતાં આપણને યાદ આવે છે કે, એક રીતે જોતાં, આપણે આપણા એક વખતના અરબ દુશમનોના મુલકમાં પગ મેલ્યે છિએ. બીજી રીતે જોતાં, આપણને વાજબી રીતે લાગે છે કે આપણે આપણા ઇરાની વડીલોના મુલકમાં, તેઓના જાથુકના વસવાટવાળા મુલકમાં, અને તેમ નહીં તો તેઓએ અવારનવાર અમલ કરેલા મુલકમાં, તેઓ સાથે સંબંધ ધરાવનારા મુલકમાં પગ મેલીએ છિએ. અરબસ્તાન અને અરબો સાથનો ઇરાનનો સંબંધ કોઇ જગ્યાએ અને કોઇ વખતે એટલો બધો તો અતલગનો હતો કે આપણી "રાતની સરોશ યસ્ત વડી"ની નીરંગ ભણતાં આપણે "તાજી આને બસ્ત કુસ્તીઆન" એટલે "કુસતી બાંધનારા જે "તાજીઓ" માટે ભણ્યે છિએ તે "તાજીઓ" તે જરથોસ્તી બનેલા અરબો છે. તાજી શબ્દ અરબો માટેનો શબ્દ છે. આ બાબતની કાંઇક વધુ વાકેફી મેળવવા માટે મારા વાંચનારાઓનું ધ્યાન હું "The physical character of the Arabs. Their relations with the Ancient Persians" નામના મારા વિષય (Anthropological Papers Part III પાના ૮ થી ૫૧) ઉપર ખેંચું છું. અહીં જો કાંઇ ટુંકમાં કહું તો તે આ છે.

કોઇક અસલી અરબ તાયફાઓમાં આતશની સેતાયશ.

અરબો જાતે જેને એનથ્રોપોલોજીસ્ટો 'ડોલીકોસીફલ' (dolichocephals) એટલે "લાંબા માથાવાળા" કહે છે તેવા હતા. પણ દક્ષિણ અરબસ્તાન અથવા યમનના અરબો બ્રાકીસીફલ (brachycephals) એટલે "ટુંકા માથાવાળા" હતા. આનો એક સબબ આ હતો કે યમનના અરબો ઇરાનીઓ સાથે ઘાડા સંબંધમાં આવ્યા હતા. જેને આપણે સહી તવારીખની આગમજનો (pre-historic) વખત કહીએ, તે વખતમાં અરબસ્તાનના કોઇક ભાગમાં આતશની સેતાયશ જાયજ હતી. ખુદ એડનમાં પણ તે જાએજ હતી. ત્યારે આપણે કહીએ કે એડનમાં શેઠ કાવસજી

દીનશાએ ૪૦ વર્ષપર આતશકદેહ બાંધી પાવત્ર આતશને રોશન કર્યો, તે ગોયા સાસાનીઅન જમાનાનો, એટલુંજ નહી પણ તેની આગમજનો, ખુદ અરબોની સેતાયશવાળો આતશ તેઓના અરબસ્તાનના મુલકમાં રોશન કીધો. આજે ત્યાં આતશની નીઆએશ સાથ બોએ દેવાઇ જે ઘંટ નૌસારીના મોબેદ સાહેબો વજાડે છે તે ફકત સાસાનીઅન ઘંટ સાથની સેતાયશનીજ નહી પણ ખુદ અરબોની પુરાણી આતશની સેતાયશની યાદ આપે છે. વળી આતશ ઉપર બાળવામાં આવતાં લોબાનની પેદાયશ પણ અસલમાં એ અરબસ્તાનના મુલકમાં હતી જયાંથી તે લોબાન ઇરાન ભણી જતું.

ઇરાનની અરબસ્તાન સાથ જોડાયલી તવારીખ.

વળી પેહેલવી બુનદેહેશ અરબો અને ઇરાનીઓના મુળને એક પ્રકારે જોડે છે. ઇરાનના તવારીખી ગણાતા સર્વ પુરાણા વંશોમાં આપણે ઇરાનીઓનો અરબસ્તાન સાથે સંબંધ જોઇએ. ફ્રેદુનના બેટાઓ યમનનો પાદશાહ પાતખુસ્રો, જેનું નામ આપણે પેહેલવી વંદીદાદ, દીનકર્દ, શત્રોઇહાએ ઇરાન અને માદીગાને એ ખીનાએ ફ્રવરદીનમાં એક મજદ સ્નાન પાદશાહ તરીકે જોઇએ છીએ, તેની ત્રણ બેટીઓ સાથે પરણ્યા હતા.

રાતા સમુદ્રના બંને કીનારાપર અસલી ઇરાની અમલ.

આ લખતી વખતે મારી સ્ટીમર રાતા સમુદ્ર (અસલી કલાસીકલ લખનારાઓનાં Erythrean Sea, હાલના લખનારાઓનાં Red Sea) માંથી આપણા નામાઓવાળા કાલઝુમના દર્યામાંથી પસાર થાય છે. તેના બંને કીનારાઓ—જમણા હાથ ઉપર અરબસ્તાનનો અને ડાબા હાથ ઉપર આફ્રીકાનો—ઇરાનની પુરાણી સલતનતની યાદ આપે છે. કાઉસ પાદશાહના વખતમાં મીસર (ઈજીપ્ત), બર્બર અને હમાવરાન (પાછલા વખતનાં હમયામ) ના રાજયોએ બળવો ઉઠાવ્યો હતો, ત્યારે કાઉસ સીસ્તાનના મુલકમાંથી હાલના બલુચીસ્તાનના માર્ગે ઇરાની આખાતપરના મકરાનના કોસ્ટો ઉપરથી વહાણોમાં સવાર થઇ તે બળવો દાબી દેવા ગયો હતો. હાલનો સુએઝીનનો મુલક એક વખત એ પાદશાહની સલતનતનો મુલક હતો. પેશદાદીઅન અને કેઆનીઅન વંશ પછી હખામીનીઅનની વધારે સતાદાર તવારીખ ઉપર આવતાં ઇરાનની અરબસ્તાન ઉપરની હકુમતનો ઇશારો આપણને બેહીસ્તુનના શાહ દારાયસના લેખમાં મળે છે, જયાં અરબસ્તાનને “અલબય” કહયું છે. તે પછી પારથીઅન અને સાસાનીઅન જમાનામાં પણ આપણે અવારનવાર ઇરાનની હકુમત અરબસ્તાનપર જોઇએ છીએ.

નોશેરવાનની અરબો સાથે લગન સંબંધી સરત.

આપણા પારસી સંસારની બાબતમાં એક બીના જે આપણું ખાસ ધ્યાન ખેંચે છે તે આ કે નોશીરવાન અદલે અરબોને એક વખત હરાવી સુલેહની જે સરતો કીધી હતી તેમાં એક આ હતી કે ઇરાની લશકરમાંના યા ત્યાં જતા બીજા ઇરાની જરથોશતીઓમાંથી કોઇ મરદો અરબ સ્ત્રીઓ સાથે પરણે તો ફીકર નહીં, પણ ખબરદાર કોઇપણ અરબે ઇરાની જરથોશતી સ્ત્રી સાથે પરણવું નહીં.

યજદજર્દની હાર પછી ઇરાન ઉપર અરબોનો પગદંડો થયો. પણ તે પગદંડા સાથે અરબોએ ઇરાનને ઘણું આપવાને બદલે સામું ઇરાન પાસે ઘણું લીધું. તે રાજદ્વારમાં અને વીદયા એલમ હુનરમાં લીધું એટલુંજ નહી પણ પ્રોફેસર દાર્મસ્ટેટે કહે છે તેમ ધર્મમાં પણ લીધું.

આ પત્રમાં ઇરાનનાં અરબસ્તાન સાથના જે સંબંધ બાબે બોલવામાં આવ્યું છે તે બાબે Periplus of the Erythrean Sea નો કર્તા પણ કાંઇક રોશની નાખે છે. દક્ષિણ અરબસ્તાનના કેટલાક સીક્કાઓ પણ આ બાબતના જે

ઇશારા રજુ કરે છે તે આપણે મી૦ હીલ (G. F. Hill) ની The Ancient Coinage of Southern Arabia (The British Academy Proceeding Vol. VII)માં જોઇએ છીએ. અરબસ્તાનનો બીજા ભાગોનો વેપાર પૂર્વ તરફ એક વખતે એટલો બધો હતો, કે અરબોએ પોતાની સફરોથી પૂર્વ ભણીની ઘણીક બાબતો ઉપર પોતાનો છાપ મારી છે. મદ્રાસ ઇલાકાના માછલીઓના રોજગાર ખાતાના વડા (James Hornell) એ "The Origins and Ethnological significance of Indian Boat designs) એવે નામનો વિષય લખ્યો છે, (Memoirs of the Asiatic Society of Bengal Vol III, No. 3 pp. 139-256). તેમાં હીંદી મછવાઓની બાબત ઉપર લખતાં અરબસ્તાન, ઇરાન વગેરેનાં વેપાર બાબે કેટલુંક જાણવાજોગ વીવેચન કર્યું છે. મનુષ્યજાતીના મુળ બાબે વીવેચન કરનારા કોઇક શાસ્ત્રીઓ (Ethnologists) ધારે છે કે ભૂમધ્ય સમુદ્ર તરફથી સુધારો (Mediterranean culture) કેટલીક હદે પૂર્વ ભણી છેક મલાઇ દ્વીપકલ્પ સુધી ફેલાયો અને ત્યાંથી પાસીફીક મહાસાગરમાં થઇ છેક અમેરીકા સુધી ગયો. આ વહેવારમાં અરબ વહાણવટીઓએ સારો ભાગ ભજવ્યો હતો અને તેઓનાં મછવાઓનાં રૂપની નકલ હીંદના મછવા બાંધનારાઓએ પણ કીધી હતી. એમ સફર કરતા ખલાસીઓ સગનની કેટલીક ક્રીયાઓ કરતા. દર્યાઇ સફરે જતાં, તેઓ સગન કાજે મછવાની ઉપર એક પાણીનો ઘડો ભાંજતા, તેમ કોઇક ખ્રિસ્તી કેટલીક માછીઓ પાણી છાંટે છે. અંગ્રેજો નવાં વહાણને દર્યામાં ઉતારતાં શરાબની બાટલી ભાંજે છે અને એક પારસી યા હીંદુ વસાહનો દર્યો ઓળંગતાં પુલ ઉપરથી દર્યામાં નાળીએર નાખે છે. એ સર્વને એક પ્રકારે અરબોની દર્યાઇ સફર શરૂ કરવાની ક્રિયા સાથે સંબંધ છે.

અરબોએ અખત્યાર કરેલાં પારસી નામો.

ઇરાનીઓએ, ખાસકરીને સાસાનીઅન જમાનાના ઇરાનીઓએ, અરબો ઉપર ઘણી અસર કીધી હતી, તે એટલી બધી હદ સુધી કે અરબોએ કોઇક ઇરાની નામો અખત્યાર કર્યાં હતાં. દાખલા તરીકે મેરવાન, બાદજોર જે નામ બરાબર ઉપરથી દીસે છે, રૂસ્તમ (જુઓ Spanish Islam by Dizzy પા. ૪૮, ૧૬૭, ૩૧૨.)

સ્ટીમર નાલડેરા,

તા૦ ૧૯ મી એપ્રીલ ૧૯૨૫.

સુએઝની નેહેર.

આજે પાછલી રાતના આસરે ૪ વાગે સુએઝની ખાડી પસાર કરી સુએઝ આવી પહોંચ્યા અને આસરે અઢી કલાક થોભી નેહેરમાં દાખલ થયા. આ નેહેર, મારી આગલી મુસાફરી વેળાએ, મેં મોટે ભાગે રાત્રે પસાર કીધી હતી. તે વખતે પાછું ફરતાં હું એલેકઝાંદ્રીઆ અને કૈરો થઇ સુએઝનાં ગામ આગળથી નેહેરપર આવી પાછો બોટ ઉપર ચઢયો હતો. તે વખતે સ્ટીમરને આવી પહોંચતાં એક દીવસનો વાર હતો,તેથી અહીંના ખરચર, જે કોઇક વખતે ઘોડા કરતાં પણ આસાન સ્વારી આપે છે, તે ઉપર ૧૦ માઇલની મંજલ કરી નેહેરનો એક ભાગ જોઈ ગયો હતો અને નેહેરના આફ્રીકાના કોરટાનો કાંઇક ખ્યાલ બાંધ્યો હતો. આ વખતે દિવસે આખી નેહેર બોટમાં પસાર કરી તેનો વધુ સારો ખ્યાલ બાંધ્યો છે.

આ નેહેરની પુરાણી તવારીખ.

આ નેહેરની પુરાણી તવારીખ જ્ઞાનપ્રસારક મંડળી હજુરના મારા એક ભાષણમાં તેના નકશા સાથે મેં આપી છે. (જુઓ મારા જ્ઞાનપ્રસારક વિષયો ભાગ ૧). એ બાબેની વધુ વીગતવાર હકીકત મેં એશીઆટીક સોસાયટીની

મુંબઇની શાખા હજુરના માગ એક વિષય નામે "The Ancient History of the Suez Canal"માં આપી છે. (જુઓ મારૂં પુસ્તક Asiatic Papers Part II). એ આગલી પાછલી તવારીખ યાદ કરતો, હું આ નેહેર આજે બીજીવાર પસાર કરૂં છું. આ નેહેરની હકીકત આપણને જાણીતાં થયલાં બાનુ મીસ મેનાંના પીતા મોં૦ મેનાંએ "La Stele de Chalouf" નામના પોતાના એક ફ્રેંચ વિષયમાં સારી રીતે આપી છે. પાદશાહ દારાયસ પછીની આ નેહેરની ટુંકી વાંચવાજોગ હકીકત "National Review of May 1921" માં આપવામાં આવી છે.

સુએઝનું પુરાણું નામ આર્સીનો (Arsinœ) છે. તે "ક્લીઓપાત્રીસ" (Cliopatris) ના નામથી પણ જાણીતું હતું. ઇજીપ્તનો મુલક, જેને આપણે લગતાં પુસ્તકોમાં મસર અથવા મીસર કહ્યો છે, તે અસલમાં યુરોપ અને એશીઆના વેપારનો મુખ્ય માર્ગ (highway) હતો. આ સબબે તેને અવારનવાર યુનાનીઓ, રોમનો, ઇરાનીઓ અને મેસીડોનીઅનોએ હાથ કરવાની કોશેશ કીધી હતી. યુરોપના ભૂમધ્ય સમુદ્ર અને એશીઆના રાતા સમુદ્ર (આરબ લખનારાઓનો દર્યાએ કલઝુમ) ને જોડી નાખવા તેઓ વચ્ચે આવેલી સુએઝની સંયોગી ભૂમી (isthmus) ખોદી કાઢી દર્યાઇ માર્ગ ખુલ્લો કરવા, મોશીઓ લેસેપ્સે હાલની નેહેર ખોદી કાઢી, તે આગમજ ઇજીપ્તના કેટલાક પાદશાહોએ ઓછી કે વધતી ફતેહમંદ કોશેશો કરી હતી. તેવી ફતેહમંદ કોશેશ કરનાર પેલો મહાત્મા જગપ્રસીદ્ધ પાદશાહ દારાયસ (દાર્યવુશ) હતો. હીરોડોટસ, સ્ટ્રેબો, દાયાડોરસ સેકયુલસ, પલીની એ બાબે લખી ગયા છે. પણ દારાયસે ખોદેલી નેહેર પાછળથી રેતીથી પુરાઇ જવાથી અને તેની કાંઇ નીશાની પણ બચેલી નહી હોવાથી કોઇક પાછલા લખનારાઓ દારાયસની ફતેહમંદ કોશેશ ઉપર શક નાખતા હતા. આજે પણ જો આ નેહેર વપરાવા વિના અને તેમાં એકઠો થયલો કચરો સાફ થવા વિના પાંચ પચીસ વરસ પડી રહે તો તો તેની ગંધ નિશાન પણ રહે નહીં. સારા ભાગ્યે, જાણે કોઇ નહીં ધારેલા અકસમાતીક બનાવથી, જ્યારે મોં૦ લેસેપ્સે ઇ. સ. ૧૮૬૦ માં એ નેહેર ખોદવી શરૂ કીધી ત્યારે શાહ દારાયસે પોતાની નેહેર ઉપર ખરપા કરેલા સ્તંભોના પથરો હાથ લાગ્યા હતા.

શાહ દારાયસનો પોતાની અનેક કુચ દરમઆન એક શુભ રેવાજ આ હતો, કે તે મોટા બનાવોની જગ્યાઓ ઉપર સ્તંભો બાંધી, તે ઉપર યા ખડક ઉપર પોતાના અમલના બનાવો નોંધતો. એનો જગપ્રસીદ્ધ દાખલો બેહીસ્તુનનાં ૧૩૯૦ ફીટની ઉંચાઇના ખડકપરના લખાણો છે. તેણે એવા સ્તંભો કોનસ્ટાનટીનોપલની પડોશમાં સુંદર "બોસફરસ" પર પોતાના સીથ્યા (Scythia) ઉપરના હુમલા વખતે બાંધેલા હીરોડોટસની તવારીખના પુસ્તકમાં નોંધાયલા છે. ખુદા ચાહશે તો કોઇ દહાડે કોઇ માયના પુતને હાથે તેની શોધ કોનસ્ટાનટીનોપલ તરફ થશે, સબબ કે બાઇઝેનશીઅમ (કોનસ્ટાનટીનોપલનું અસલી નામ)ના લોકો તે સ્તંભોને બોસફરસની ખાડી ઉપરથી ઉઠાવી લઇ ગયા હતા.

દારાયસે પોતાની સુએઝની નેહેર ઉપર એવા એકથી વધુ સ્તંભો ઉભા કીધા હતા. હાલની નેહેર ખોદવાનો પેહેલો વિચાર, કહે છે કે, નેપોલીઅન બોનાપારટને, જ્યારે તે ઇજીપ્ત જીતવા આવ્યા હતો ત્યારે, આવ્યો હતો. ઇ. સ. ૧૭૯૯ માં તે વખતના ફ્રેંચ અમલના દોર વખતે મોં૦ રોઝીઓર (Rozierre) નામના ઇજનેરને હાથ પહેલવહેલે એવો એક સ્તંભ, હાલના સુએઝથી સાડાછ કલાકની મંજલની જગ્યા ઉપર, આવ્યો હતો. તેણે તે ઉપરના ખીલારોકી લેખના આ શબ્દો ઉતારી લીધા હતા: 'દારયવુશ ક્ષાયથ્ય વઝર્ક' " એટલે કે "દારાયસ મોટો રાજા". તની પછી એક બીજા ધણી મોં૦ [illegible]ી

યેર (Devilliers)ના જોવામાં સેરેપીઅમ આગળ એક એવો બીજો પરસીપોલીટન સ્તંભ આવ્યો હતો. ત્યારપછી નજદીક ૫૦ વર્ષે એ સ્તંભોની વાત ભુલાઇ ગઇ હતી. તે પાછળથી જ્યારે મોં૦ ફરડીનાન્ડ લેસેપ્સે (Ferdinand Lesseps) હાલની નેહેર ખોદવા માંડી ત્યારે પાછી તાજી થઇ. તેના બેટા (Charles Lesseps) ને હાથ એવો એક સ્તંભ આવ્યો હતો. કહે છે કે શાહ દારાયસના હુકમે એવા છ સ્તંભો આ નેહેરની બંને બાજુ ઉપર પાછા રેતીમાં દટાઇ પડયા છે.

હવે આ સર્વ સ્તંભોમાં શાલુફના ગામ આગળનો સ્તંભ તેની ઉપરનો લેખ વધારે સારી હાલતમાં જાળવી બચી રહેલો જણાયો છે. આ લેખ જેમ મોં૦ મેનાએ ઉકલાવ્યો છે તેમ નીચે પ્રમાણ છે:—

"ઓર્મઝદ મોટો ખુદા છે. તેણે આસમાન પેદા કર્યું છે. તેણે જમીન પેદા કરી છે. તેણે માણસ પેદા કર્યું છે, તેણે માણસજાતને ભલું ગોહર આપ્યું છે. તેણે (હું) દારયવુશને પાદશાહ બનાવ્યો છે. તેણે પાદશાહ દારયવુશને મોટી શાહાનશાહત આપી છે. હું દારયવુશ મોટો પાદશાહ પાદશાહોનો પાદશાહ, આ દેશોનો પાદશાહ, આ મોટા મુલકનો પાદશાહ છું, જેનો હોકમ દુર અને નજદીકમાં ફેલાયલો છે. હું હખામીનીક લોકોનાં હીસ્ટાસપીસનો બેટો છું, પાદશાહ દારયવુશ કહે છે કે હું પારસી છું, એક પારસી તરીકે હું મીસરપર રાજ્ય કરૂં છું. મેં નાઇલ નદીથી શરૂ થતી આ નેહેર ખોદવાને હોકમ આપ્યો છે. જે (નાઇલ) નામ ઇરાન તરફથી આવતા દર્યા સુધી મીસરમાં દોડતી નદીનું છે. આ પ્રમાણે આ નેહેર અહીં ખોદાઇ છે. મેં આ નેહેરનો હોકમ આપ્યો છે અને કહયું છે કે.........થી શરૂ કરી તે.........દર્યાના કિનારા સુધી. એમ મારી ઇચ્છા છે." આ લેખનો છેલ્લો ભાગ ખરાબ થયો છે.

હખામીનીઅન વંશના પાદશાહો મજ્દયસ્નાન હતા પણ તેઓ જરથોસ્તી મજ્દયસ્નાન હતા કે તે બાબે કોઇ શક દર્શાવે છે. પણ ઉપલા લેખના શરૂઆતના શબ્દો દેખાડે છે કે તેઓ અવસ્તાનો ધર્મ પાળતા હતા. આ લેખમાં શરૂઆતમાં નીચલો ભાગ છે :

"બગ વઝર્ક અહુરમઝદા. હ અવમ અસ્મનમ આદા, હ ઇમામ બુમીમ આદા, હ મર્તીયમ આદા." આ શબ્દો આપણી જમવાની નાની બાજ "ઇથા આત યઝમઇદે"નો જાણે તરજુમો છે.

આ નેહેર પસાર કરવાનો આજનો દિવસ ઘણો સુંદર છે. ગઇ કાલથી ઠંડી એવી પડવા માંડી છે કે સર્વને ગરમ કપડાંની જરૂર પડી છે અને નીચલાં તુટકના ખુલ્લા ભાગમાં ખરી બપોરે પણ લોકો ઉભાં રહી નેહરને નિહાલે છે. આ નેહરને આવા સુંદર દિવસે જોવાની તક હાથ ધરવાની અગત સબબે આજે રવિવાર હોવાથી જે ડાઇનીંગ સલુનમાં ૧૧ વાગે દેવળ ભરાયું તેમાં પુજારીઓની હાજરી ગયા રવિવાર કરતાં ઓછી હતી.

તુટક ઉપરથી, આજુ અને બાજુનો, મુખ્ય કરી જમણા હાથ ઉપરનો, અરબસ્તાનના રેતાળ મુલકનો દેખાવ રેતાલ જમીનનો સુંદર ખ્યાલ આપે છે. છેલ્લી લડાઇ વખતે ટર્કોએ આ નેહેર ઉપર હુમલો કરવા અને તે હુમલા સામે ઇંગ્રેજોએ બચાવ કરવા શું કર્યું હતું તેનો કાંઇ બચી રહેલો ખ્યાલ આપણને અહીં આવે છે.

આ બેમાં—હુમલો કરતા ટર્કો અને બચાવ કરતાં ઇંગ્રેજો એ બેમાં—કોણને સરસાઇ આપવી, તે તે વખતની બંને તરફની સામગ્રીના નજરે જોયલા દેખાવ વગર, જણાવવું મુશકેલ છે. પણ જમણા હાથ ઉપર મૈલોના મૈલો સુધી સફેદ, આંખને દુખવનારા અરબસ્તાનના રેતીના મેદાનો, જેમાં કેઠે કોઇક નાની ઝાડી (bush wood) સીવાય એક ઝાડનું પાતરૂં દીસતું નથી, તે જોતાં આપણને ટર્કોની સબુરી, હિમત- અને સહાસ

ઉપર આક્રીન કરવા વિના ચાલતું નથી કે સેંકડો મૈલના વિસ્તારના રેતાલ મુલકમાં તેઓ ખોરાક, પાણી વગેરેની કેવી સારી ગોઠવણ કરી આગળ આવ્યા હશે. ૧૮૮૯ માં કોનસ્ટાનટીનોપલની લીધેલી મુલાકાત વેળા ત્યાંના ઇંગ્રેજી એલચીને ટર્કોની સીફતમાં કહેલા શબ્દો આજે યાદ આવે છે.

જીંદગીના કોઇક મોજીલા ગણાતા દિવસોમાં આજનો સુંદર દિવસ હું મોજીલા દેખાવનો દિવસ ગણું છું.

સ્ટીમર નાલદેરા,

તા૦ ૨૦ મી એપ્રીલ ૧૯૨૫.

પોર્ટ સયદ.

કાલે આખો દહાડો સવારથી સાંજ સુધી સુએઝની નેહેર ઉપર પસાર થયો. સીબી તરફથી કુએટા જતાં, આસરે ૭ વર્ષપર, વેરાન રેતાલ જંગલનો ખ્યાલ બાંધ્યો હતો અને ઓગસ્ટ માસ હોવાથી સાથે માર્ગમાં ત્રાસદાયક ગરમીનો પણ ખ્યાલ મેલવ્યો હતો. ૩૬ વર્ષપર કેરોથી મેમફીસના પુરાણા શેહેર તરફ જતાં, સાહેરાની છેક નાકેની કોર (fringe) પરથી પસાર થતાં, રેતાલ વેરાનનો થોડોક ખ્યાલ બાંધ્યો હતો, કે જ્યારે, એ વેરાનમાં દાખલ થતાં, અરબ બામીઆએ નાની બંદગી ભણી અમારી મંજલ શરૂ કીધી હતી. પણ કાલે તો આખો દહાડો તુટક ઉપરથી બંને બાજુએ અને ખાસકરીને અરબસ્તાનના કોસ્ટા તરફના રેતાલ વેરાનને જાણે પેટ ભરીને જોયું છે અને તે પણ સવાર, બપોર અને સાંજે તેના તરેહવાર રંગરૂપમાં જોયું છે. જેમ કુદરતને તેની લીલા લેહેર લીલોતરીમાં જોઇ આપણે તે કુદરતના ખાવીંદને યાદ કર્યે છીએ, તેમ તેને તેની વેરાન હાલતમાં પણ કાંઇ ઓર ભયંકાર દમામમાં જોઇ તેના ખાવીંદને યાદ કર્યે છિએ. આ નેહેરની કોરે કોર નાઇલ નદીમાંથી પાણી લાવી મીઠાં પાણીની નેહેર દોડતી કરીછે તેની બરકતથી આફ્રીકાના કોસ્ટા તરફનો ભાગ ઠેકાણે ઠેકાણે ઝાડોની હારથી સુંદર બન્યો છે અને વખત જતાં વધુ બનશે.

પોર્ટ સયદ કાલે છેક સાંજે ૬–૩૦ ને અમલે આવી પહોંચ્યા હતા. સ્ટીમર રાત્રે ૧૧ વાગે ઉપડનાર હોવાથી જમીને ૭–૩૦ ને અમલે અમો કિનારે ગયા હતા. ગઇ વખતે હું કિનારે દિવસે ઉતર્યો હતો. આ વખતે રાત હોવાથી આગલી યાદ બરાબર તાજી કરી શક્યો હતો નહીં. તે વખતે ઉતરતાંને વાર આફ્રીકાના કોસ્તાના એક અરબ ગામડાંનો ખ્યાલ લેવા પડોશના ગામમાં ગયો હતો. આ વખતે તે યાદ તાજી કરવાનું રાત પડેલી હોવાના સબબે બન્યું હતું નહીં. પણ તેમ રંગીલી રાત્રે આ શેહેર જોવાને બન્યું હતું. હીંદુસ્તાન તરફથી આવતો કોઇ નવો મુસાફર આ શેહેરમાં યુરોપનાં એક રંગીલા શેહેરનો પહેલો ખ્યાલ બાંધી શકે છે. તેના એક મોટા રસ્તા "મેન સ્ટ્રીટ"માંની રોશનીથી ચકચકીત બનેલી તેની તરેહવાર દુકાનો આ શેહેરનાં વેપારવણજનો કેટલોક ખ્યાલ આપે છે. આજુબાજુનાં ઘણાંક શેહેરોની વેપારની ચીજો અને ફરૂત તરકારી વગેરે અહીં જુઓ છો.

અહીંના ગંજાવર "બ્રેક વોટર" અને તે ઉપરનું મો૦ લેસેપ્સ (Lesseps)નું ગંજાવર ઉંચું પુતલું જે આગલી વખતે નહીં હતું યા મેં નહીં જોયલું તે આ વખતે જોયું. અંધારી રાત હોવાથી અને ત્યાં રોશની નહીં હોવાથી આખા "બ્રેક વોટર"ના પુસ્તા ઉપર નહીં પણ ઉપલાં પુતલાં સુધી ચાલી જઇ જોવાને બન્યું હતું. દુરની એક દીવાદાંડીની ફરતી રોશની પુતલાં ઉપર પડતી તેથીજ તેનો કાંઇ ઝાંખો ખ્યાલ બાંધી શકાતો હતો. આસરે એક કલાક સુધી ચાલી શકો તેવો આ લાંબો "બ્રેક વોટર" ભૂમધ્ય સમુદ્રનાં મોજાઓથી અને ત્યાંથી ઘસડાઇ આવતી રેતીથી આ નેહેરને બચાવે છે.

મોં૦ લેસેપ્સ.

મોં૦ લેસેપ્સે આખી દુનિયાના વેપારને ફાયદો કરનારી આ નેહેર ખોદી પોતાનું નામ અમર કીધું છે. તેના અમર નામ અને કામને છાજતું તેનું ગંજાવર પુતલું તેણે બાંધેલી સુએઝની નેહેરને નાકે ઉભેલું છે. શાહ દારાયસે આ નેહેર બાંધવાના પોતાના કામને તેને કિનારે છ સ્તંભો ઉભા કરી પોતાને હાથે જાહેર કર્યું હતું. મોં૦ લેસેપ્સનું કામ થવા પછી બીજાઓએ આભારની લાગણી સાથે આ સ્તંભથી તે જાહેર કર્યું છે. પાદશાહ નેપોલીઅન જે તેના કામ અને ફતેહોથી અર્ધો સીકંદર (Semi-Alexander) ગણાયો છે અને જેણે સીકંદરની માફક આખી દુનિયાનાં રાજ્ય (World-Empire) નો ખ્યાલ બાંધ્યો હતો, તેણે પહેલે આ નેહેર બાંધવાનો વિચાર કર્યો હતો. તેણે મોં૦ લેપીર (Lepire) નામના એક ઇજિનેરને તેની યોજના રચવા પણ કહ્યું હતું, પણ તેનો વિચાર સફળ થયો હતો નહી. કહે છે કે જો નેપોલીઅને એ નેહેર બાંધી હતે, તોપણ તે પઇસા સંબંધી બાબતમાં નિષ્ફળ નીવડતે, સબબ કે તેનો વખત સઢથી ચાલતાં વહાણોનો હતો, વરાળથી ચાલતી આગબોટોનો નહીં હતો. આગબોટ જેમ પોતાની વરાળ (steam) ના બળે અહીં ફુંકતા પવનો તેમજ વખતો વખત ઉત્પંન થતા દર્યાઇ અટકાવો (shoals) વીગેરેને કાબુમાં રાખી શકે, તેમ સઢ ઉપર ચાલતાં વાહાણો રાખી શકતે નહીં. તેથી મોટાં વાહાણો નેપોલીઅને બાંધવા ધારેલી નેહેરમાં દાખલ થવાને અચકાતાં. નેપોલીઅન પછી ૧૮૩૦ માં બ્રીટીશ અમલદાર જેનરલ ચેસની (Chesney) એ પણ આ નેહેરનો વિચાર કર્યો હતો, પણ તેનો વિચાર પણ પાર પડયો નહીં. એવી એકાદ બે કોશેશો નિષ્ફળ નીવડવા પછી પોતાના આગલા પાદશાહની મોરાદ આ મોં૦ લેસેપ્સ, ઇજીપ્શીઅન સરકાર સાથની કોઇક મુશકેલીઓ માહાત કરી, પાર પાડી શકયો. આ નામાંકીત નરનાં પુતલાંને અંધકારમાં નમન કરી મારી પોર્ટ સયદની આ બીજી મુલાકાત મેં આસરે ૧૦ વાગે તમામ કીધી. અમારી બોટ હવે યુરોપના દર્યામાં દાખલ થઇ અને આજે હું ભૂમધ્ય સમુદ્ર જેના સુધારાએ (culture) દુનિયા ઉપર અસર કરી છે તેની સપાટી ઉપરથી આ બે બોલ લખું છું.

આપણે પોર્ટ સયદપર પગ મુકયો તે હવે એશીઆને સલામ કરી આફ્રીકામાં પગ મેહલ્યો. આફ્રીકાને આપણું પેહેલવી પુસ્તક "શત્રોઇહાએ ઇરાન" જે આપણું એક પ્રકારે અગતનું તવારીખ-ભુગોળનું પુસ્તક છે, તેમાં "ફ્રીકા" તરીકે કહયું છે. ઇરાન, અરબસ્તાન વીગેરેના આ બાજુના મુલકના શેહેરોની કોઇક તવારીખ જાણવા માટે કોઇ વાંચનારા શોખીનનું ધ્યાન હું આ પુસ્તકના મારા તરજુમા ઉપર ખેંચું છું. મરહુમ સ્કોલર મી૦ એ. એમ. ટી. જેકસન, જેવણનું નાસક ખાતે ખુન થયું હતું, તેવણની ખાહેશ ઉપરથી આ પુસ્તકના તરજુમા પાછળ મેં કેટલાક માસો ગુજાર્યા હતા. આ મારો તરજુમો આ પુસ્તકનો પહેલીવારનો તરજુમો હતો અને તે પુરતી નોંધો સાથનો હતો. મારી સાહીત્ય સંબંધી કોઇક કમીની કોશેશોમાં હું આ પુસ્તકના તરજુમા તરફ માફ થઇ શકે એવી મગરૂરી સાથ જોઉં છું. મારી દલગીરી એટલી છે કે તેની નોંધો મેં ગુજરાતીમાં આપવાથી તેની કદરશનાસી યુરોપીઅન અભ્યાસીઓમાં જેવી જોઇએ તેવી થઇ શકી નથી, તોપણ હું જાણીને ખુશી છું કે પ્રોફેસર હેર્ઝફેલ્ડને મારૂં એ પુસ્તક તેની ઇરાન તરફની શોધખોળમાં કાંઇક ધ્યાન આપવાજોગ દિસ્યું હતું.

આફ્રીકામાં ઇરાનનો અમલ.

હવે પોર્ટ સયદમાં પગ મેલતાં આપણે આફ્રીકાના જે ભાગ ઉપર પગ મેલ્યે છિએ, તે ભાગની તવારીખમાં ઇરાનનો કેટલોક ભાગ છે. તેનો ઇજીપ્તવાળો ભાગ કેટલીક વખતે ઇરાનની સલતનતમાં હતો. ઇજીપ્તનાં જે કેટલાંક વંશો (dynasties) ગણાય છે, તેમાં એક ઇરાનના અમલનું પણ ગણાય છે. એ અમલના સબબે, આગલ જણાવ્યું તેમ, શાહ દારાવસે સુએઝની નેહેર ખોદી હતી. તેની આગમજ કેમબાઇસીસ પાદશાહે તો છેક અંદર ઇથીઓપીઆ (હાલના એબીસીનીઆ) સુધી પોતાનો અમલ લંબાવ્યો હતો. તેના એલચીઓ એબાસીનીઅન રાજાની દરબારમાં ગયા હતા, તેનું હીરોડોટસનું વર્ણન અસલી ઇરાની શરાબની જાણે સ્તુતી ગાય છે. આ એબીસીનીઆના રાજાએ જયારે પોતાની દરબારમાં આવેલા એલચીખાતાં પાસેથી ઇરાની શરાબ માંગીને ચાખ્યો, ત્યારે ઇરાનની દરાખમાંથી બનાવેલા શરાબથી તે ખુશી થઇ કહેવા લાગ્યો કે, ઇરાનીઓ કદાવર, જોરાવર યા ચાલાક છે તે તેઓના આ સુંદર શરાબનાં પીણાંને સબબે છે. એબીસીનીઆના પાછલા રાજાઓ ખ્રીસ્તી થયા હતા અને તેઓમાંના એકના લશકર સાથે નોશેરવાન આદલને અરબસ્તાની યમનની ભૂમી ઉપર ચકમક પડી હતી. પોતાના ઇરાની અમલ દરમીઆન તેઓએ ઇજીપ્તના ધર્મ ઉપર પણ અસર કીધેલી દિસે છે. રેવરંડ કીંગસલીએ એક ઠેકાણે કહ્યું છે કે અસલી ઇરાનીઓ પુરાણી દુનિયાના ધર્મોને સ્વચ્છ તત્વ આપનારાઓ હતા. (They were the Puritans of the Old World) તેણે એ ખાસ કરીને ઇજીપ્તના સંબંધમાં કહ્યું હતું. જરથોસ્તી ધર્મે પોતાના આવાં કામથી ખ્રીસ્તી ધર્મના ફેલાવાનું કામ પણ સેહેલ કરી આપ્યું હતું. તેણે ગ્રીસ, રોમ, ઇજીપ્ત વીગેરે મુલકમાં ત્યાંના ધર્મોનાં અનેક દેવતાઓનાં આકીનને પોતાના એક ઇશ્વરી શિક્ષણથી ખખડાવી નાંખ્યું હતું. તેથી તેવી ખખડાવી નાખેલી તેઓની હાલતમાં ખ્રીસ્તી ધર્મ એ મુલકોમાં કેટલીક આસાનીથી પોતાનો પગ દંડો કરી શકયો હતો.

ઇરાનના ધર્મ ઉપરાંત ઇરાનના બાંધકામે પણ આફ્રીકાના જંગબાર તરફના કોરટાના કોઇક મથકોના બાંધકામો ઉપર અસર કીધી છે. તે બાબે આપણા એકાદ માહાવારીમાં હું ત્રણ ચાર વર્ષ પર વિગતે બોલ્યો છું.

પોર્ટ સયદથી મારસેલ્સ.

પોર્ટ સયદથી મારસેલ્સ જરાક લાંબી સફર છે. હવે યુરોપની ઠંડી શરૂ થઇ છે, તે એટલી હદ સુધી કે ખરી બપોરે પણ કેટલીક બાનુઓ નીચલા તુટકના એક ઉઘાડા ભાગમાં તડકામાં ડેક ચેરો ઉપર તડકાની ટાપી પહેરી બેસી રહે છે. સર્વ રમતગમત, સ્પોર્ટસ, કોનસર્ટ અને ડેન્સમાં ખુશ વખત પસાર કરે છે. સ્ટીમર ઉપર છાપવાનું યંત્ર છે તે મારફતે તરેહવાર પ્રોગ્રામો છપાઇ બહાર પડે છે. સ્પોર્ટસના સંબંધમાં મારી જવાનીની સફર યાદ આવે છે કે જયારે મેં પણ આવતાં જતાં તેમાં ભાગ લીધો હતો. તે વખતે પાછી ફરતી સફરમાં તુટક ઉપર એક પગે કુદવાની સરતમાં હું પહેલો આવ્યો હતો અને તે વખતે મરહુમ મી૦ કાવસજી દીનશા એડનવાળા, જેવણ એડનથી મારી સાથે મુંબઇ તરફની સફરમાં જોડાયા હતા, તેવણે ખુશાલી દેખાડવા કહેલા શબ્દો મને યાદ આવે છે. તેવણે મને કહયું હતું કે એ સરતમાં પહેલો આવી ઇનામ જીતી મેં અસલી ઇરાનીઓનું નામ જાળવ્યું હતું. એવી સખ્ત કસરતના અને હરીફાઇના દહાડા હવે ગયા. પણ કોઇ વખતે નાનાં પીપોમાં કરાં નાખવા (quoits) ની સેહેલ નેમ ટાંકવાની રમતમાં ભાગ

લઇ દિલાસો લઉં છું અને ખુદા હજુર શુક્રાના કરી દુઆ ગુજારૂં છું કે તે સાહેબ આવી શારીરીક નેમ સાથે મારાં મન અને દીલની નમ હંમેશાં ભલી રાખે. કોઇ પાંચ પચીસનું આપણે હાથે ભલું નહીં થાય તો ફીકર નહીં પણ રખેને જાણે કે અજાણ આપણે હાથે કોઇ એકનું પણ બુરૂં થાય.

નાચ. ગઇ કાલે રાત્રે સ્ટીમરના સુંદર કુશાદે ડેક ઉપર થયલા ફેનસી બોલે ઘણાક પ્રકારના વિચારોમાં મનને રમતું મેહલ્યું હતું. ધર્મ, મંડળી અને કેળવણી (Church, Society and School) એક કોમ યા પ્રજાનાં ખાતાંઓ છે, જે તે પ્રજાની સ્થિતિ ઉપર અસર કરે છે. મંડળીમાં પ્રસાર પામેલી ઘણીક ચીજો પહેલ દેવળો, મંદીરો યા ધર્માલયોમાંથી દાખલ થાય છે. નાચ, નાટક અને ગાયણ એવી ચીજો છે, જે પહેલ ધર્માલયો સાથે જોડાયલાં હતાં. આજથી ૨૦૦ યા ૩૦૦ વર્ષો સુધી કોઇ ધર્મી ખ્રીસ્તી પોતાના વસીયતનામામાં ફરમાવતો કે તેના મરણને દિવસે દર સાલ દેવળમાં પવિત્ર નાચ કરાવે. આપણા દેશમાં શીવ દેવતાના માનમાં થતા નાચો જાણીતા છે. "Elements of Hindu Iconography" નામની પોતાની એક ચોપડીમાં મી. ગોપીનાથ રાઓ હીંદી નાચો બાબે જાણવાજોગ હકિકત આપે છે. એવા ધાર્મિક નાચો માટે ૧૦૮ જુદી જુદી રીતીઓ (standard modes) નેમેલી છે. હીંદુ શાસ્ત્રોમાં "નાટ્ય શાસ્ત્ર" નામનું એક ખાસ શાસ્ત્ર છે. મરદ અને સ્ત્રીઓ બંને માટે નાચ જરૂરના ગણાય છે. અસલી યાહુદીઓમાં નાચ ધાર્મિક ઝુમ દેખાડનારૂં સાધન (expression of religious fervour) ગણાતું હતું. અસલી યુનાનીઓમાં નાચ ઇશ્વરની પ્રાર્થનાનું ચિન્હ (symbol of Divine worship) ગણાતું. અસલી રોમનોમાં પણ તેમ હતું. પણ જ્યારે નાચોમાં બંધાદારી નાચ કરનારીઓની બદીનું તત્વ ઉમેરાયું ત્યારે રોમમાં એ હુનરની પડતી આવી. એક લખનાર (E. Scott's Dancing for Strength and Beauty પા૦ ૨૦) કહે છે કે આજે જે આપણે બોલ-રૂમોમાં નાચ જોઇએ છિએ, તે આગલા વખતમાં દેવળોમાં બંદગીનો એક પ્રકાર હતો. (a form of worship in the temples and performed around the blazing altars of the gods). જાપાનના સુંદર મંદીરોમાં ત્યાંની નાચનારીઓથી થતા નાચ બાબે હું આ પત્રદ્વારે જાપાનથી ઈ. સ. ૧૯૨૨ માં લખેલાં એકાદ પત્રમાં બોલ્યો છું. ત્યાં પુંજારીઓ જઇ, એવા એક પવિત્ર નાચ કરાવી પોતે જાણે બંદગી કરી એમ સંતોષ લેતા. હવે નાચોમાં હાલનો ફેન્સી બોલ આપણને આપણા હીંદુસ્તાનના "મલાઇ"ના નાચોની યાદ આપે છે કે જેવો એક નાચ જ્યારે હું આસરે ૧૦ વર્ષનો હતો ત્યારે કોલાબે એક રાત્રે ખુલ્લાં મેદાનમાં જોયલો મને યાદ આવે છે. તેમાં આપણે ભાંડ તત્વ વધારે જોઇએ છિએ. ખરા ધાર્મિક નાચમાં પુંજારી પોતાના દીલમાં ઉછાળા મારતી ધાર્મિક લાગણીઓને નજરે પડતું રૂપ આપે છે. જેમ આપણે પોતે બંદગી કર્યે અને ભણયે તેમાં અને જેમ પઇસા આપી બીજાઓ પાસે બંદગી કરાવ્યે તેમાં ફેર છે, તેમ ધાર્મિક ભાવથી પોતે નાચ કરવો અને પઇસા આપી બીજા ધણી પાસે નાચ કરાવવામાં ફેર છે. એમ પઇસા આપી નાચ કરાવવામાં જ્યારે એક પ્રકારનું ધંધારૂપી (professional) તત્વ દાખલ થયું ત્યારે તેમાં કેઠે કેઠે કેટલુંક ખોટું દાખલ થયું અને તેથી નાચો કેટલાકોના ખ્યાલમાં વાજબી રીતે ઉતરતી જગ્યા લેવા લાગ્યું. પણ તેના અસલ મુળમાં તે એક ભલું કુદરતી કાર્ય છે. નિર્દોષ બાળકો એમ કુદરતી રીતે પોતાની લાગણીઓ દેખાડવા નાચતાં કુદતાં ઉધરે છે.

ફ્રેન્સી બોલના તરેહવાર પોષાકો—એક કરૂઝેડર.

અમારી સ્ટીમર પર ચાલેલા ફ્રેન્સી બોલમાં બાનુઓ અને ગ્રહસ્થોએ પહેરેલા તરેહવાર વિચિત્ર પોષાકમાં જે જોડાંએ મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું હતું, તે એ હતું કે જેમાં એક ગ્રહસ્થે એક કરૂઝેડર (crusad r) નો પોષાક પહેર્યો હતો અને તેની ભાગ્યેજ ખ્રીસ્તી ધર્મની એ પવિત્ર લડાઈઓના વખતની બાનુનો પોષાક લીધો હતો. મારા વાંચનારાઓમાંથી જેઓએ સર ઉવોલ્ટર સ્કોટની "ટેલીસમાન" (ફારસી તલિસમ) નામની નોવેલ વાંચી હશે, તેઓને ખ્રીસ્તીઓની "જેહાદ" સમાનની કરૂઝેડની પવિત્ર ગણાયલી લડાઈનો અને તેમાં લડતા કરૂઝેડરોનો ખ્યાલ આવશે. એ નવલકથામાં સ્કોટે આપણા ફરેદુન અને ઝોહાકના દાસ્તાનને પણ રંગીલી સતરોમાં યાદ કર્યું છે.

કરૂઝેડ અને "હીપહીપહુરરા."

મેં ઉપર કહ્યું તેમ નાચ દેખાવની પવિત્ર જગ્યામાંથી મંડળીમાં દાખલ થયો. તેજ પ્રમાણે આપણી ખુશીખુરમીની ખાણાની મીજલસોમાં "હીપ હીપ હુરરા"ના જે ખુશીભર્યાં પોકારો પોકરાય છે, તેને પણ ધર્મ સાથ, ઉપલી કરૂઝેડની પવીત્ર લડાઇ સાથ અજબ સંબંધ છે. જ્યારે ખ્રિસ્તી પુંજારીઓને પોતાના પવિત્ર જેરૂસેલમમાં જાત્રાએ જવામાં તે તરફના ઇસલામી સેરેસનોથી કાંઇક અટકાવો અને અડચણો પડવા લાગી, સબબ કે જેરૂસેલમ ઇસલામી ભાઇઓના હાથમાં ગયું હતું, ત્યારે પેલો જાણીતો સાધુભાઇ પીટર ધી હરમીટ (Peter the Hermit) દેશદેશ અને ગામેગામ ભટકવા લાગયો અને "જેહાદ" (crusade) પોકારી ખ્રાસ્તીઓને ઇસ્લામીઓ સામે લડવાને ઉશ્કેરવા લાગ્યો. તે કેટે ભાષણો કરી લોકોને ઉશ્કેરતો તો કેટે ફક્ત આ લેટીન શબ્દો પોકારતો કે જેથી લોકો તે શું કહેવા માંગે છે તે સમજી લેતા. તે પોકારતો કે "Hierusalem est perdita" એટલે કે (Jerusalem is lost) "જેરૂસેલમ (આપણા હાથમાંથી) જતું રહ્યું છે." જેરૂસેલમ પાછલું રૂપ છે. આપણા પેહેલવી પુસ્તકોમાં તેને યેરોસલેમ કહયું છે અને અસલી યાહુદીઓ વીગેરે તેને "હીએરૂસલેમ" કહેતા. હવે પીટર ધી હરમીટ ગામેગામ રખડી આ વાકય પોકારતો અને વળી કેટે તો ફકત તેના ત્રણ શબ્દોમાંના પેહેલા હરફો H અને E અને P (હેપ) પોકારતો. ધર્મના પવિત્ર ઝનુનથી ઉશ્કેરાયલા ખ્રીસ્તીઓ આ "એચ. ઇ. પી." હરફોથી બનેલો hep શબ્દ તેના મોહડેથી સાંભળી ધાર્મીક ઝનુનમાં આવતા અને જવાબમાં "હુરરા" પોકારી તેની સાથે પવિત્ર લડાઇ કાજે જેરૂસેલમ "કરૂઝેડર" તરીકે જવાને ખુશીખુશાલી બતલાવતા. ત્યારે પીટરના પોકારવાળો 'હેપ' શબ્દ અને જવાબવાળો "હુરરા" શબ્દોથી બનેલો આપણો "હેપ હેપ હુરરા" ઉપલા ફ્રેન્સી બોલવાળા કરૂઝેડરની કરૂઝેડ ઉપરથી મંડળીમાં દાખલ થયો. જે પોકાર એક વખતે ધર્મની જાનફેશાનીની ખુશી દેખાડનારો હતો તે મંડળીમાં શાદીરામશનીની ખુશીખુશાલીનો પોકાર થયો.

સફરમાં સ્ટીમર ઉપરથી દેખાતાં તવારીખી પ્રખ્યાતી ધરાવતાં શેહેરો— ક્રીટનો ટાપુ.

તા૦ ૨૧ મીએ આગબોટ ઉપરથી જમણા હાથ ઉપર જાણીતા ક્રીટ (Crete) ના ટાપુનાં દરશન કીધાં. તેના આશરે ૮૦૦૦ ફીટની ઉંચાઇના ગણાતા પહાડો બરફથી ઢંકાયલા હતા. તેના બરફના પોહોળા ઢલાવદાર પાટો આપણને સાદી આંખે ખુલ્લા દેખાતા હતા. તે જોઇ મને મારી કેશમીરની બીજી સફર યાદ આવી કે જયારે ગુલમર્ગની ઉપરના કેલાનમર્ગ ઉપર થઇ એક જલા બેશી અને તેવણુનાં કુટુંબ સાથે અમો આ પર્વતના બરફી પહાડ ઉપર ચઢયા હતા અને બરફ ઉપરથી સરીને હેઠે ઉતર્યા હતા. ક્રીટના ટાપુના બરફના પહાડોના પાટો

કેશમીરના ઉપલા પહાડ કરતાં વધારે પોહોળા દીસ્તા હતા. પણ ક્રીટનો ટાપુ આપણું ખાસ ધ્યાન ખેંચે છે તે તેની પુરાણી તવારીખ સબબે છે. આ ભૂમધ્ય સમુદ્રના કિનારા ઉપરના સર્વ મથકો એક વખતે તે જમાનાના સુધારાના પારણા સમાન હતા. તે પારણામાં ઝોકા ખાતું સુધારાનું બાળક ગ્રીસના આમ્બકા સમાન પશ્ચિમ અને પૂર્વ ભણી ઝોકા ખાતું હતું. હાલમાં ક્રીટમાં થયલાં ખોદકામોએ તવારીખ ઉપર ઘણીક રાશની નાખી છે

મેસેનાની સમુદ્રધુનીના બંને કિનારાઓ.

સ્ટીમર ઉપરથી દીસ્તા સુંદર દેખાવોની મોજ અમોને તા૦ ૨૨ મીએ ઘણી સુંદર મળી હતી. જમણા હાથ ઉપર ઇટલીનો દક્ષિણ તરફનો સુંદર શેહેરો સાથનો કિનારો અને ડાબા હાથ ઉપર સીસીલીનો સુંદર લીલોતરીભર્યો ટાપુ એ બે વચ્ચેથી અમો પસાર થયા. ત્રણ વર્ષપર જોયલો જાપાનનો માહેલો દર્યો (Inland Sea) યાદ આવ્યો કે જેની ખુબસુરતી માટે હું આ પત્રદ્વારે આગલ બોલ્યો છું. અહીં દર્યાનો પાટ જાપાન કરતાં મોટો હતો. એક હાથ ઉપર મેસીના શેહેર અને બીજા હાથ ઉપર રેજીઆ દર્યાની સુંદર સફીલને શોભાવતાં હતાં. ઇટાલીના કિનારા ઉપરનાં કોઇક શેહેરો પહાડના ઢોળાવ ઉપર ઉભાં રહી આપણને હોંગ કોંગની કાંઇક યાદ આપે છે. સીસીલીનો જાણીતો "એટના"નો બળતો પહાડ ઘણે ભાગે બરફથી ઢંકાયલો હતો અને તેનું મુખ (orater) હાલમાં જાણે બંધ હોઇ નિંદ્રા કાઢતું હોય તેમ દેખાતું. પણ આગળ ચાલતાં એટના કરતાં ઓછી પ્રખ્યાતી પામેલો "સ્ત્રમબોલી" બળતો પહાડ કાળા અને સફેદ ધુમાડાના પ્રવાહો ખુલા બહાર પાડતો હતો.

સીલા અને કેરીબડીસના ખડકો.

મેસીનાની સામુદ્રધુનીને પેલે નાકે પશ્ચિમ તરફના પેલા કહેવત ઉત્પંન કરનારા બે ખડકોને આપણે તેઓની ગંભીર મોટાઇમાં જોઇએ છિએ. From Seylla to Charibdes એટલે "સીલાથી કેરીબડીસ" એ અસલના પુરાણા (classical) વખતની કહેવત છે, જે આપણી "સુરી વચ્ચે સોપારી"ના જેવી કહેવત છે. એક મુશકેલીમાંથી બચવા જતાં બીજી મુશકેલીમાં આવી પડવાનો સંભવ હોય છે, ત્યારે એ કહેવત વપરાય છે. તે કહેવતના મુળના આ ખડકો છે. આ સાંકડી સામુદ્રધુનીમાં એ બે મોટા ખડકો સામસામા આવે છે અને ત્યાંથી વહાણવટીઓને ઘણી તપાસથી વહાણ ચલાવવું પડે છે. એક ખડકથી દુર રહેવા જરા વધારે બીજી બાજુએ ચલાવ્યું તો બીજા ખડકને અથડવાનો સંભવ છે. આ બે ખડકો જોઇ વધારે ગભરાટ તો કેરીબડીસના બુલંદ મોટા ખડકથી લાગે છે.

ઇટલી અને સીસીલી વચ્ચેની સામુદ્રધુનીમાંથી પસાર થતાં આપણે દુરથી સાઇરેકયુસ જોઇએ છિએ કે જેના ઘેરા (Siege of Syracuse) ની તવારીખ જાણીતી છે. આ ઘેરા માટે કહે છે કે એક કારીગરે કોઇ યુકતીથી આરસીઓ (mirrors) ઉપર સુરયનાં કીરણો ખેંચી તે કીરણોને અવારનવાર ફેંકી એક મધ્ય બીંદુ (focus)માં એકઠાં કરી તેની ભગી જોરાવર ગરમીથી બારાંમાં પડેલાં ઘેરો નાખનારાં વહાણોને બાળી નાંખ્યાં હતાં.

આરકીમીડીસ નામના આગલા જમાનાના એક જાણીતા ગણિતશાસ્ત્રીનો સંબંધ પણ હું ભુલતો નહીં હોઉં તો આજ સાઇરેકયુઝ સાથ હતો. તેને માટે કહે છે કે તે એક ગણિતના મુશકેલ સવાલ (problem)માં ગુંચવાતો હતો. એક દિવસ તે અહીં એક ભરેલાં ટબમાં નાહવા ઉતર્યો. તેમાં નાહવા ઉતરતાં પાણી છલકાઇને બહાર પડયું. તે ઉપરથી તે જે બાબતથી કાંઇ ગુંચવાયા

કરતો હતો તેનો તેને મનમાં ખુલાસો આવી ગયો. ત ઉપરથી કહે છે કે તે અત્યંત ખુશીમાં આવી પોતાને અને પોતાની તે વખતની હાલતને ભુલી જઇ વગર વસ્ત્રે બહાર પડયો અને "I have found it; I have found. it" એટલે "મારી મુશકેલીનો ખુલાસો થયો." એમ પોકારતો પોકારતો શેહેરમાં દોડવા લાગ્યો. પોતાના અભ્યાસની બાબતોમાં મશગુલ થઇ પોતે પોતાને કેમ ભુલી જાય છે, તેના કોઇક વીદ્વાનોના દાખલામાં એનો પણ એક આવો દાખલો છે.

આ તરફના ઇટલી અને સીસીલીના સુંદર રળીઆમણા તેમજ તવારીખથી મશહુર કિનારાઓ વચ્ચેથી પસાર થતાં સ્ટીમરનું સલુન જાણે ખાલી થયું હતું. ઘણાંઓ તુટકો ઉપર હોંશવંતી આંખો સાથ કિનારાઓની ખુબસુરતી નિહાલવાને ભેગા મળ્યા હતા.

આજે એક વાગાને સુમારે અમોએ આ ભુંમધ્ય સમુદ્રના જાણીતા સારડીનીઆ અને કોરસીકાના ટાપુઓ વચ્ચેથી માર્ગ લીધો તેમાં જમણા હાથ ઉપરના કોરસીકાના પછવાડેના આસરે ૮૦૪૦ ફીટની ઉંચાઇના પહાડો બરફથી ઢંકાયલા દીસતા હતા.

સ્ટીમર નાલ્ડેરા, તા. ૨૫ મી એપ્રીલ ૧૯૨૫.

માર્સેલ્સ અને માર્સેલ્સથી જીબ્રોલટર.

અગારી બોટ સવારે ૬ વાગે માર્સેલ્સ આવી પુગી. મેં બીજા ઘણાક સફરીઓ માફક અહીં ઉતરી પેરીસ થઇ સ્પેન, જ્યાં હું ગઇ વખતે ગયો નહીં હતો ત્યાં, જવાનો વિચાર રાખ્યો હતો. પણ તે વિચાર ફેરવી જીબ્રોલ્ટર ઉતરી ત્યાંથી ઉતરે સ્પેન જવાનો વિચાર કર્યો છે. "પુછતાં પુછતાં લંકા જવાય" તેમ અત્રે વાતચીતમાં આ માર્ગની સુચના થઇ તે મેં પસંદ કીધી છે કે જેથી જીબ્રોલ્ટરનો જગપ્રસીદ્ધ કીલ્લો પણ ધીરજે જોવાય. સ્ટીમર છેક પાછલા પહોરે ચાર વાગે ઉપડનાર હોવાથી સારો વખત હાથમાં હોવાથી સાડાસાત વાગામાં કિનારે ઉતરી યુરોપના આ સુંદર દર્યાઇ શહેરમાં પગ મેલ્યો છે. નવ વાગા સુધી પગે ખાસ કરીને "આંખે ઉડી વળગે" એવા તેના બુલેવારના સુંદર પ્રોમેનાડમાં ફર્યો. બહારની મોસમ હજુ તો શરૂ થાય છે તેથી ઝાડોનાં પાદડાંઓ હજુર તો નવાં ખીલે છે. નવ વાગે કુકની ઓફીસ ઉઘડતાં ગયો તો કહેવામાં આવ્યું કે જો પુરતા સાથીઓ થશે તો તેઓ અર્ધા દિવસની એક એક્ષકરઝન પાર્ટી પોતાની મોટી મોટરમાં પોતાના એક ગાઇડ સાથે મોકલશે. થોડા વખતમાં ઓસ્ટ્રેલીઆ તરફથી આવેલી ત્રણ બાનુઓ આવી અને અમો ચાર જનની એક ટોળકીને પોતાના ભોમીઆ હસ્તક સોંપવામાં આવી. ૨૬ ફ્રાંક માણુસ દીઠ લીધા, જેમાં ગાડીભાડું, ગાઇડનો લવાજમ, કોઇક જગ્યા જોવાની ફી સર્વ સમાઇ ગયાં સારાં નસીબે એમ પાર્ટી ગોઠવાવાથી મોટરમાં ઝડપે અને સસ્તું કામ થયું. માર્ગમાં માર્સેલ્સના પુરાણા બંદરની ખાડી ઓળંગવી પડી. તે ઉંચેથી સાંચાથી ચાલતી એક મોટી તર (Transfordeur ferry) ઉપર ઓળંગી. આપણે બેઠા બેઠા ચાર મોટર આસાનીથી ઉપર ચઢી શકે તેવી એ તર થોડે થોડે વખતે ફરતી ફરે છે.

કેટલીક જોવાલાયક જગ્યાઓ જોઇ પણ તે સર્વમાં Notre dame de la garde નું એક ઉંચા ખડક ઉપર આસરે ૪૦૦ ફીટની ઉંચાઇએ આવેલું સુંદર દેવળ હતું, જેના પ્લેટફોર્મ ઉપરથી માર્સેલ્સ તમારા પગ હેઠળ દીસતું. એક ફરનેકયુલર (Fernacular) રેલવે કપી માફક આપણને ઉપર ખેંચી કેટલાંક ચઢાણની થાક કમી કરે છે. ટેકડી સુંદર છે, ત્યાંનો દેખાવ સુંદર છે, દેવળ સુંદર છે, દેવળનો સીંગાર સુંદર છે અને તે સર્વમાં દેવળની ટોંચ ઉપર સુંદરતામાં ઉભેલું માતા મેરીનું બાળક ક્રાઇસ્ટ સાથનું ગંજાવર પુતલું સુંદર્તા

ઉમેરે છે. જેમ એથન્સમાં એક્રો પોલીસ અને જેમ રંગુનમાં ગોલ્ડન પેગોડા બારૂં છોડવા બાદ પણ કલાકો સુધી તમારૂં ધ્યાન અને નજર ખેંચી રાખે છે તેમ અહીં હતું.

નોટ્રડામના દેવળ સાથે જોડાયલા વિચારો.

આ દેવળના નામના ફ્રેંચ શબ્દનો અરથ "રક્ષણ કરતી આપણી બાનુ" એમ થાય છે અને ફ્રેંચ ખલાસીઓનું એ માનીતું દેવળ છે. માર્સેલ્સ અસલ યુનાનીઓના અને રોમનોના વખતથી વેપારનું સુંદર બારૂં ગણાતું આવ્યું છે. તે જાણે ફ્રાંસના ખલાસીઓનું રજકરોજીનું મથક છે. તેથી આ દેવળ અને તેની ઉપરનું મેરી અને ક્રાઇસ્ટનું બુલંદ પુતલું, અથવા વધારે બરાબર રીતે બોલ્યે તો એ મા એ દીકરાના પવિત્ર રૂહો, આ બુલંદ ઉંચાઇએથી દર્યાના બોહોળા પાટ ઉપર મેહેર બાનીભરી નજર રાખે છે અને ત્યાં સફર કરતા ખલાસીઓનું અને બીજા સફરીઓનું દર્યાઇ અકસમાતોથી રક્ષણ કરે છે. દેવળમાં ઘણીક માતાઓએ તોફાનમાં બચેલા બેટાઓ કાજેની અહેસાનશનાસીમાં અથવા જાન ખોહેલા બેટાઓની યાદમાં અહીં તરેહવાર ચીજો અર્પણ કરી છે. આપણા આતશકદેહોમાં જતા પુંજારીઓ માટે તેઓની નજદીકમાંની દુકાનો સુખડ યા અગર વેચે છે. અહીં સુખડ અને અગરની જગ્યા લેતી મીણબતીઓ ઉપરાંત "objets de la piété" એટલે "પરહેઝગારીની ચીજો"ને નામે દેવળમાં અર્પણ થનારી ચીજો વેચાય છે. યુરોપ અને તેમાં ફ્રાંસ સુધારાની ટોંચે ચઢેલો ખંડ અને દેશ ગણાય છે. ત્યાં ફેલાયલાં કોઇક ધાર્મીક આકીનો અને માન્યતાઓ, જેઓને કોઇ ઉતાવળમાં વહેમો કહે, તેઓનો જો આપણી રાહનુમાએ સભા વિચાર કરે તો તે પોતાના દરવાજા બંધ કરવાનો કદાચ ખ્યાલ કરે. આપણે જ્યારે અહીં અને અહીંનાં જેવાં બીજાં દેવળોમાં, તે દેવળો સાથે જોડાયલી હજારો અને લાખો આમ લોકોની માન્યતાનો વિચાર કર્યે છીએ, ત્યારે કહી શકયે છિએ કે, ગમે તેવી વહેમી ગણાતી બાબતો વચ્ચે આપણામાં ઘણુંક સારૂં છે, ઘણુંક ખાલેશ છે. આકીન એક ઓરજ ચીજ છે. જેમ જુદાં જુદાં માણસોને જુદો જુદો ખોરાક રૂચે, તેમ જુદાં જુદાં માણસોને જુદી જુદી માન્યતા પણ રૂચે. એક માણસને જેબી કાંઇ વિચાર પવિત્ર અને ચઢતો કરે તે તેને કરવા દેવો.

લડાઇમાં માર્યા ગયલાઓની યાદનો સ્તંભ.

અત્રેના મેહલહાંના સુંદર પ્રોમેનાડમાં સવારના ફરતાં ત્યાં બરપા કરેલા એક બુલંદ સ્તંભે મને કેટલોકવાર રોકી રાખ્યો. તે સ્તંભ Monument mors નામનો ૧૮૭૦–૭૧ ની જરમનો સાથની લડાઇમાં માર્યા ગયલાઓની યાદનો સ્તંભ છે. પણ એ જાણે સ્તંભોનો સ્તંભ છે. તેની આજુબાજુ ૧૮૭૦ પછીની ઘણીક યાદગારીઓની જમીનપર જડેલી સુંદર ટેબ્લેટો છે. છેલ્લી મોટી લડાઇમાં માર્યા ગયલાઓની યાદમાં પણ આપણે આજુ બાજુ ટેબ્લેટો જોઇએ છિએ. ઘણી તખ્તીઓમાં "Morts au champ d'honneur" એટલે "કીર્તિનાં મેદાનમાં મારયા ગયલાઓ" એવા સુંદર શબ્દો જોઇએ છિએ. આ સુંદર અસરકારક શબ્દો એક આગલા શુરા ફ્રેંચ સેપાહની વાત યાદ આપે છે કે જેણે ઘણીક લડાઇઓમાં બાહાદુરી દેખાડી પોતાનું નામ અમર કર્યું હતું અને જેને ઓફીસર અને કરનલ વીગેરે બનાવવા માંગતાં તેણે ના પાડી ને એક સાધારણ સેપાહ તરીકેજ મરણ પામ્યો. કહે છે કે તેની રેજીમેંટના હાજરી પત્રક (roll) ઉપરથી તેનાં મરણ બાદ પણ તેનું નામ કાઢી નાખવામાં આવ્યું નહી અને લાંબો વખત મરણ બાદ પણ દરરોજ તેનું નામ હાજરી

પુરતાં મોકારવામાં આવતું અને એકાદ સીપાઈ તેનું નામ પોકારતાં ઉપલા ફ્રેંચ શબ્દોમાં જવાબ આપતો કે "કીર્તિનાં મેદાનમાં મારયો ગયો." આપણામાં કેખસરૂ પાદશાહ હજુર જીવતા હોય તેમ કેટલાકો તેનું નામ તંદરાસ્તીમાં ભણે છે. તે પરહેજગાર અમર પાદશાહને આપણે એજ મુજબ કીર્તિમાં અમર ગણ્યે.

અહીંના ફેરો (Pharo) પાર્ક અને બોરેલી (Boreli) પાર્ક આપણી આંખને ટાઢક આપે છે. હજુર તો બહારની મોસમ પુરબહારમાં ખીલી નથી. શીઆળામાં ગુમ થયલાં પાદડાંઓ હજુર તો ખીલે છે. કહે છે કે માર્સેલ્સને તેના રંગીલા રાગમાં જોવા કાજે હજુર એકાદ મહીનો થોબવું જોઇએ. આજે હજુર શીયાળાની ઠંડી છે. હાલનું માર્સેલ્સ તે પુરાણું યુનાનીઓના વખતનું માસીલા (Massila) છે, જે યુનાનીઓએ પહેલે ઇ. સ. પૂર્વે ૬૦૦ માં સ્થાપ્યું હતું. યુનાનીઓના હાથમાંથી તે રોમનોના હાથમાં પસાર થયું હતું. હાલમાં તેના યુનાની અને રોમન અમલની કોઇ જોવાલાયક જગ્યા નથી.

માર્સેલ્સથી જીબ્રોલ્ટર.

ગઇ કાલે સાંજે ચાર વાગે અમારી સ્ટીમર માર્સેલ્સથી જીબ્રોલ્ટર માટે ઉપડી. હવે જાણે કેટલુંક એકલું અટુલું (lonely) લાગે છે, સબબ કે અતયાર સુધી હીંદી ભાઇબંધ મુસાફરો અને તેમાં પારસી મુસાફરો, જેઓની સારી સંખ્યા સ્ટીમર ઉપર હતી અને જેઓની હાજરીથી દર્યામાં સેહેલ કરતી સ્ટીમર હજુરની હીંદુસ્તાનના એક નાના ખુણા સમાન હતી, તેઓ સર્વ મારસેલ્સ ઉતરી ગયાં છે. હું એકલો હીંદી ઉતારૂ છું. તેમાં વળી દર્યાએ ચેડાં કાઢવા માંડયાં છે અને ગઇ રાત્રે પહેલીવાર કેબીન' બારીઓ મજબુત બંધ કરી દેવામાં આવી છે કે રખેને તોફાની દર્યાનો કોઈ કુદતો મોજો અંદર પાણી રેડે. ઠંડી ઘણી પડે છે અને તેમાં ઠંડો પવન ફુંકે છે. ઠંડી અને ઠંડા પવન માટે કોઇક આ તરફના મુલકવાળાઓને "બીટર કોલ્ડ, બીટર ઉવીન્દ" બોલતાં સાંભળ્યે છીએ તો આપણી શી બીસાદ!

આવા સબબે એકલીઅટુલી લાગતી હાલત વચ્ચે પણ આપણા હીંદના કોઇક યુરોપીઅન મીત્રોની સંગત અને વાતચીત કોઇક નજદીકના ભાઇ ભાયડાઓની અને આઈ બાઇઓની કાંઇક ગરજ સારે છે. એવી પીછાણવાળાઓમાં એક ભણેલા મી૦ જસ્ટીસ કીનકેડ છે કે જેવણે "Our friends, the Parsees" નામનું એક નાનું પુસ્તક બહાર પાડી આપણી કોમ બાબે યુરોપીઅન કોમને કેટલીક વાકેફી આપી છે, કે જે પુસ્તક માટે દીબાચા તરીકે બે બોલ "fore-word" તરીકે લખવાની મને માનભરી ખુશી ઉપજી હતી. મારી પ્યારી એનથ્રોપોલોજીકલ સોસાયટીના હાલના આ પ્રેસીડન્ટે પોતાનું "મરાઠાઓની તવારીખ"નું પુસ્તક, હાલમાં તેનું ત્રીજું વોલ્યુમ બહાર પાડી, તમામ કર્યું છે અને તેમ કરી હીંદી તવારીખની સેવા બજાવી છે.

વળી આ સ્ટીમરમાં આપણા હીંદના બે જાણીતા આરકીઓલોજીસ્ટો સર જોન મારશલ અને ડા૦ સ્પુનરની બાનુઓ છે, જેણી બંને પોતાના ભણેલા ખાવીંદોનાં શોધખોળનાં કામની વાત કરે છે. આ બંનેમાં મીસીસ સ્પુનરને જોઇ હું અત્યંત દલગીરી સાથે ખુશી છું. તેણીના ભણેલા વહાલા ખાવીંદના થોડાક દિવસની બીમારી બાદનાં મરણે એ બાનુને મોટો ફટકો લગાડયો છે. એ ફટકાથી તેણી બીમાર થઇ છે અને માર્સેલ્સથી તેણી "એચર" ઉપર સ્ટીમર પર આવી છે. આસરે ૧૭ વર્ષપર તેણી મારી ઉપર એક અમેરીકન મીત્રનું ભલામણપત્ર લઈ એક ભણેલી "મીસ" તરીકે, અમેરીકાની એક ભણેલી દીકરી તરીકે, આવી હતી અને પછી ડા૦ સ્પુનર સાથે પરણી હતી. એક ભણેલા પુરૂષ સાથે આ ભણેલી બાનાના લગન એક પ્રકારનાં "રોમનટીક" લગન

હતાં. તેણીએ ઘણીક ભાષાઓનો અને તેમાં સંસ્કૃત અને ફારસીનો પણ અભ્યાસ કર્યો છે. તે સાથે તેણીએ બર્લીનમાં, હાલમાં આપણા શેહેરમાં આવી ગયલા પ્રોફેસર હેર્ઝફેલ્ડ સાથે, "એસીરીઓલોજી" વીગેરેનો અભ્યાસ કર્યો છે. મરનાર ડૉ૦ સ્પુનર તેણી કરતાં ઉમરમાં નાનો હતો, પણ તેણીના ઉંડા અભ્યાસે તેને તેણી તરફ ખેંચ્યો હતો. આ ભણેલી, સાલેસ બાનુને થોડાં વર્ષમાં વીધવા બની પોતાને વતન જતી જોઇ મારૂં હઇડું જળે છે. તેણીએ અમેરીકાથી આવતાં એક કલાકની વાતચીતમાં મારૂં મન જીતી લીધું હતું. તેમજ ડૉ૦ સ્પુનરે મુંબઇમાં ફકત બે કલાકની એક મુલાકાતમાં એક નમનતાઇભર્યા અભ્યાસી તરીકે અને એક મીઠા સ્વભાવના સુદ્ધા ગ્રહસ્થ તરીકે મારૂં દીલ જીતી લીધું હતું. બંને જણાએ મને એક વખત પોતાના પનોતાં પાટલીપુત્રમાં પોતાના પરોણા તરીકે તેડયો હતો કે ત્યાંનું પારસીપોલીટેન નકલવાળું ખોદકામ મને પોતે દેખાડે. પણ મારી દલગીરી છે કે હું મરનારની રેહેબરી હેઠળ તે મસીદ્ધ ખોદકામ જોઇ શકયો નહીં. આ પાટલીપુત્ર, તેનું ખોદકામ, તે માટેના ડૉ૦ સ્પુનરના વિચારો ઉપરના મારા વિવાદો, વીગેરે માટે મારા શોખીન વાંચનારનું ધ્યાન "પાટલીપુત્ર" ઉપરના મારા વિષય (Asiatic Papers Part II) ઉપર ખેંચું છું. આ ખોદકામ અને તે ઉપરથી અને બીજી બાબતો ઉપરથી બાંધેલા વિચારો બાબે મરનારને કોઇક અવિચારીઓ તરફથી કાંઇક ખમવું પડયું હતું. પણ તેવણના વિચાર તરફ હાલમાં કોઇક હીંદુ અભ્યાસીઓ પોતે ઢળે છે અને આપણે કહે કે, જાણે (Out-spooner Spooner એટલે) સ્પુનરને બાજુએ મુકે છે. તેનો એક છેલ્લો દાખલો મેં જયારે હું છેલ્લા ક્રીસ્ટમસ ઉપર મદ્રાસ ગયો હતો ત્યારે ત્યાંની કોનફરન્સમાં વંચાયલા એક વિષય ઉપરથી જોયો હતો, કે જે ત્યાંની કોલેજના એક ઉઘરતા ઉસ્તાદે વાંચ્યો હતો અને વળી વધુ અગતનું આ કે તેણે ડૉ૦ સ્પુનરની શોધખોળ માટે કાંઇ વાંચ્યું નહીં હતું પણ પોતાના સ્વતંત્ર અભ્યાસથી આ વિચાર ઉપર આવ્યો હતો કે બુદ ગૌતમ બુધ પોતે જાતે ઇરાની હતો અને જરથોસ્તી હતો. ડૉ૦ સ્પુનરનું પણ એવુંજ મત હતું. જયારે મદ્રાસમાં પેલા જવાન અભ્યાસીનો વધુ આગળ વધેલો વિષય મેં સાંભળ્યો ત્યારે તેની સાથે મેં કેટલીક વાતચીત કરી. ડૉ૦ સ્પુનર માટે તેના વિષયની નકલ મેળવી હતી. મારી દલગીરી આ છે કે "આજે મોકલું કાલે મોકલું" એમ કરતાં મેં તે નકલ છેક મુંબઇ પાછા આવવા બાદ કેટલાક દિવસ રહીને મોકલી. પણ તે મોડું થયું હતું. તે પહોંચે તેની એક દિવસ આગમજ આ ભલો વીદ્વાન ઇનફ્લુએનઝાની બીમારીથી હક થયો હતો અને મીસીસ સ્પુનરે જવાબમાં લખ્યું તેમ જો તેવણને બે દવસ આગમજ મારૂં પત્ર અને પેલો વિષય મળતે તો તેને કેટલોક દીલાસો મળતે કે તેની શોધખોળને એમ પરભારો સ્વતંત્ર ટેકો મળ્યો છે.

મેં ઉપર કહયું તેમ મીસીસ સ્પુનર ઘણાં ભણેલાં બાનું છે અને ફારસી પણ જાણે છે, જેનો તેવણે અત્રે અભ્યાસ કર્યો છે. કોઇ અજબ સંજોગ વચ્ચે તેણીને ફારસી જેવી સુંદર ભાષા તરફ ખેંચવામાં, મારી જાણ વગર, મારો અજાણ નાનો હાથ હતો. ઉપર કહ્યું તેમ જ્યારે તેણી પહેલી એક ભણેલી મીસ તરીકે ભલામણપત્ર લઇ મારી આગળ આવી હતી, ત્યારે તેણી સાથની ભણેલી વાતચીતથી ખુશી થઇ હું તેણીને મારી સાથે મારી ગાડીમાં આપણા દખમા દેખાડવા અને ફરવા લઇ ગયો હતો. તેણીએ પોતે પાછળથી મીસીસ સ્પુનર બની મને યાદ આપી તેમ કુઇન્સ રોડ ઉપરથી પાછું ફરતાં સુંદર સાંજે નાળીએરીનાં ઝાડોની ઘટા વચ્ચે આથમતાં સુરજનાં કીરણો સાથે પસાર

થતાં, ફીરદોસી બાબે વાતચીત થતાં, મેં તેણી હજુર ફીરદોસીના શાહનામાની કાંઇક મોઢે યાદ રહેલી બેતો ગાઇ સંભળાવી હતી. ઉપલા સુંદર સંજોગો વચ્ચે ગાઇ સંભળાવેલી બેતોએ તેણીનાં મન ઉપર એવો તો છાપ માર્યો હતો કે, તેણીએ મને પાછળથી લખી જણાવ્યું તેમ, તેણીએ પોતે ફારસી શીખવાનો વિચાર બાંધ્યો અને થોડુંક ફારસી શીખી મારી પાસે શાહનામું વેચાતું મંગાવ્યું. મેં તેણી ઉપર આમુઝન્દાના શાહાનામાની એક નકલ ભેટ મોકલી આપી હતી, અને વલતી અરજ કીધી હતી કે તેણીએ એકાદ વખતે આપણી પારસી બાઇઓ હજુર શાહનામાનું વાંચણ આપવું. હું તેવા કોઇ દિવસની ઉમેદમાં હતો અને ઉમેદમાં રહી ગયો છું અને આજે આ ભણેલી બાનુને પોતાનો સરસામાન બાંધી એક વીધવા તરીકે પોતાનાં અમેરીકાનાં વતન જતી જોઇ મારૂં દીલ દુ:ખા થાય છે. ખુદાનો હોકમ. ખુદા તેણીનાં દુ:ખને વીસરાવે. ખુદા કરશે તો તેણીનો અભ્યાસનો શોખ તે દુ:ખ વીસરાવશે.

આ લખું છું તે સ્ટીમરપરનો મારો છેલ્લો દીવસ છે. તેણીને છેલ્લી સલામ કરી હું પણ મારો સરસામાન બાંધી સવારે જીબ્રોલ્ટર ખાતે ઉતરવા તઇયાર થઇશ. ગમ તેવી મોટી, એશ-આરામ અને સુખસગવડભરી સ્ટીમર હોવા છતાં મને દર્યાઇ સફર ગમતી નથી, સબબ કે જરાક પણ દર્યો ચેડાં કાઢે છે કે હું બેચેન થાઉં છું. આ ૧૫ દિવસમાં ત્રણ દિવસ દર્યાએ બેચેન થઇ મને બેચેન કર્યો છે. પણ જ્યારે હું અવારનવાર દર્યાઇ સફર કરતી બાનુઓને અને કોઇક મરદોને પણ બેચેન થતાં જોઉં છું તો ખુદાની મેહેર કાજે દીલાસો લઉં છું. ગઇ સાંજના અને રાતના દર્યાએ એમ ઘણા હોને બેચેન કર્યા હતા.

આ સફરમાં મેં આ સ્ટીમરના સર્વ ભાગોની મુલાકાત લઇ તેની બનાવટ અને વહીવટનો કાંઇક ટુંકો ખ્યાલ મેળવ્યો છે. છેક ઉપરના ભાગમાં કેપ્ટને પોતે મેહેરબાની કરી લઇ જઇ કેટલીક રસીલી સમજ આપી હતી. પણ જેથી હું ખુશ અને અજબ થયો હતો, તે સ્ટીમરના અંદરના સર્વ સાંચાવાળા ભાગથી હતો. સ્ટીમરની જાણે આખી લંબાઇના ગંજાવર વિસ્તારે સર્વ સાંચાકામ હતું, જેનો ઉપર રહેનારાઓને કાંઇક પણ ખ્યાલ નહીં આવે. ખુદાની હસ્તિની સાબેતી જે નાસ્તિકો હજુર રજુ કરવામાં આવે છે તેમાં એક "નીયમીત યોજના" (Argument from Design)ની છે. આ સટીમરના સાંચાકામની યોજનાથી તે કુદરતના ખાવીંદની કુદરતની રચના ઉપર ધ્યાન જઇ, આ જગત પાછળ તે દાદારનો ગેબી હાથ હોવો જોઇએ તેની ખાત્રી થાય છે.

જીબ્રોલ્ટર, વીક્ટોર્યા હોટેલ,
વા૦ ૨૭ મી એપ્રીલ ૧૯૨૫.

સ્પેન મારફતે અરબ સુધારાની યુરોપ ઉપર અસર.

બરાબર એક પખવાડયું સ્ટીમર ઉપર ગુજારી ગઇ કાલે સવારે ૧૧ કલાકે મેં સ્પેનના દક્ષિણ કિનારે તેના જીબ્રોલટરના ખડકવાળા મથકે મારો પગ મેલ્યો છે. સ્પેન આજે સરખામણીમાં પડતી હાલતમાં છે, પણ તેણે એક વખત આખાં યુરોપ ઉપર એક પ્રકારની સરસાઇ ભોગવી હતી. કોઇક તેની પુરાણી તવારીખ નોહાના બેટા સાથે જોડે છે. ત્યારપછી પેલી જગપ્રસીદ્ધ ઉન પ્રજાના કોઇક પાછલા તાયફાઓ અને ત્યાર બાદ અરબો સાથે તે સંબંધમાં આવ્યું હતું. તેણે નૈકાશાસ્ત્રમાં પ્રવીણતાના ઘણાક પાઠો બીજી પ્રજાઓને આપ્યા છે. એ પાઠોના પરીણામમાં વાસ્કો ડ ગામા અને બીજા પોરટુગીઝ સરદારોએ હીંદુસ્તાનમાં પોરટુગીઝોનો દસ્ત સ્થાપ્યો હતો. આ દેશ ખાતે આવવાની મારી નેમ અરબોને હાથે મશહુર થયલાં કોઇક શેહેરો જોવાની છે કે જ્યાંથી અરબોએ આખાં યુરોપ ઉપર અસર કીધી હતી.

અરબોનો સ્પેન આવવાનો માર્ગ.

ઇરાન ઉપર ફતેહ મેળવી, આફ્રીકાના ઉતર ભાગમાં પગભર થઇ, અરબો ભૂમધ્ય સમુદ્રના દક્ષિણ કિનારે કિનારે આગળ વધતા આલજીઅર્સ અને મોરોક્કો સુધી વધ્યા. જીબ્રોલ્ટર આગળ આફ્રીકા અને યુરોપના કિનારાઓ ઘણા નજદીક મળે છે. આસરે બે ત્રણ કલાકમાં જીબ્રોલ્ટરની સામુદ્રધુની ઓળંગી તમો આફ્રીકાથી યુરોપ આવી પહોંચો. આ જીબ્રોલ્ટર સ્પેનની દક્ષિણે આવ્યાથી અને આલજીઅર્સ મોરક્કોથી નજદીક હોવાથી અરબોએ આફ્રીકાના કોસ્ટા ઉપરથી તેઓના એક સરદાર તારીકની સરદારી હેઠળ ઇ. સ. પૂર્વે ૭૧૧ માં આ જગ્યાએથી સ્પેન ઉપર હુમલો કર્યો અને તે હાથ કીધું અને વર્ષો સુધી ત્યાં પગભર થઇ રહ્યા, તથા યુરોપના "રેનેસાંસ"ને પોતાના સુધારાથી ઘણીક યારી આપી. આ મુજબ ત્યારે જીબ્રોલ્ટર અરબ સુધારો યુરોપમાં દાખલ થવાનો દર્યાઇ દરવાજો હતો. એ દરવાજેથી યુરોપમાં દાખલ થયલો અરબ સુધારો પારસી તરીકે આપણું ધ્યાન વાજબી રીતે ખેંચી શકે.

અરબોનું મુર નામ.

એ અરબો સામા કિનારાવાળા "મોરોક્કો" તરફથી આવ્યા હતા તેથી તેઓ મુર લોકો (Moors) તરીકે જણાયલા છે એ "મુર" નામ યુરોપીઅનોને મોંઢે એટલું બધું તો ચઢેલું હતું કે આપણા હીંદુસ્તાન આવેલા કોઇક મુસાફરો અરબો ઉપરાંત બીજા ઇસલામીઓને પણ મુર તરીકે જણાવવા લાગ્યા. કોઇક ઉતાવળા મુસાફરે આપણા પારસીઓને એવા મુરો સાથે ભેળી નાખ્યા છે. ભાઇબંધ કોમોના સંખ્યાબંધ પુરૂષોમાં આપણી નાની કોમ કાંકરા મીસાલ રહી કોઇવાર કોઇને ભૂલ ખવાડે છે. મેં મારા આગલા એક કાગજમાં કહ્યું છે તેમ એડનની નજદીકના એક અરબ મથકના બોજા ભાઇઓને છેક હાલમાં પણ એક મુસાફરે પારસી તરીકે ગણ્યા છે. મોનસેરાટ (Monserrat) નામના જાણીતા એક મુસાફર પાદરીએ પણ નોસારીના પારસીઓનું વર્ણન કરતાં કાંઇક ભૂલ કીધેલી દીસે છે.

હું જીબ્રોલ્ટર માટે કાંઇ બોલ્યું તે આગમજ જીબ્રોલ્ટરથી શરૂ થતા અરબોના આગલા અમલ બાબે અને તેઓના સુધારાએ યુરોપ ઉપર કરેલી અસર બાબે બે બોલ બોલીશ.

અરેબીઅન સુધારો. (culture)

આજે આપણા લોકો પોતાના બેટાઓને ચઢતી કેળવણી માટે યુરોપની યુનીવરસીટીઓમાં મોકલે છે. એક વખત એવો હતો કે જ્યારે યુરોપીઅન પીતાઓ પોતાના બેટાઓને ચઢતી કેળવણી માટે સ્પેન ખાતેની અરબોની યુનીવરસીટીઓમાં મોકલતા હતા. એવી કેળવણી માટે કોરડોવા (Cordova)ની અરબ યુનીવરસીટી જાણીતી હતી. અરબોએ ઇરાનને હાર આપવા બાદ પોતાનો પગદંડો આજુબાજુ ઘણો વધારવા માંડયો. તેઓ પૂર્વમાં હીંદુસ્તાન તરફ તેમ દક્ષિણ આફ્રીકામાં અને ત્યાંથી સ્પેન વીગેરેમાં પંથરાયા અને પગભર થયા. સ્પેનમાં પગભર થઇ તેઓએ યુરોપને ઘણું જ્ઞાન આપ્યું. યુરોપના સુધારાની તવારીખમાં જે જમાનો મધ્ય જમાનો (Middle ages) કહેવાય છે, તે જમાનાના પેલા અંધકાર ગણાતા જમાના (Dark ages)માં યુરોપમાં જ્ઞાનના સંબંધમાં ઘણો અંધકાર હતો. કેળવણી અને જ્ઞાન ધરમગુરૂઓના વર્ગમાં ઘેરાઇ રહ્યું હતું. બીજા સાધારણ લોકો (laymen)માં તે થોડું હતું. એ અંધકાર પછી જે યુરોપમાં નવો તાજગી (Renaissance)નો વખત આવ્યો તે આણવામાં બીજા સબબો સાથે અરબોનો મોટો હાથ હતો. એક વીદ્વાન કહે છે તેમ યુરાપનો એલમ અરબોના

મોટો આભાર હેઠળ છે. ("Culture and Ethnology" by Dr. Robert H. Lowie). જેમ એક ખેડવા લાયક જમીન લાંબો વખત ખેડાવા વગર પડી રહેવા બાદ જ્યારે ખેડવા માંડે ત્યારે પુષ્કળ પાક આપે, તેમ એલમમાં થોડાં ખેડાયલાં અરબસ્તાનના અરબોનાં મગજો એક વખત ઇરાનનાં સંબંધમાં આવી ખેડાવા અને ખીલવા લાગ્યા, તો તેઓ કૂદકે અને ભુસકે એકદમ આગલ વધવા લાગ્યા. તેઓ લશકરી, રાજદ્વારી તથા કેળવણીની એવી સર્વ બાબતોમાં આગલ વધ્યા. તેઓએ આજુબાજુના મુલકોમાંથી ઘણુંક નવું પ્રાપ્ત કીધું. તેમાં તેઓ ઇરાનથી ઘણુંક શીખ્યા. તેઓ જે શીખ્યા તે ઉપરજ શુકાના નહીં કર્યા પણ પોતે ઘણુંક નવું અસલ ઉત્પન્ન કર્યું અને ઉપર જણાવેલા વીદ્વાને વાજબી રીતે કહ્યું છે કે તેઓને યુરોપ આભારી છે. (European Science is under a lasting debt of gratitude).

અરબોએ સુધારો ક્યાં ક્યાંથી લીધો.

અલબત્તે અરબોનું પોતાનું કેટલુંક હતું. પણ તેઓ આજુબાજુનાઓ ઉપર મજબુત છાપ મારે તેવા બન્યા. તે આજુબાજુથી લીધેલાં સુધારાનાં શિક્ષણ (culture) સબબે હતું. આ બાબત માટે આપણને (Culture and Ethnology by Dr. Robert H. Lowie) સારો ખ્યાલ આપે છે. એ લખનાર કહે છે તેમ તેઓએ ઇરાન અને બેબીલોન તરફથી ભાષાશાસ્ત્ર અને તવારીખનું જ્ઞાન મેળવ્યું, બાઇઝેનટીયમ તરફથી નૌકાશાસ્ત્રનું જ્ઞાન મેળવ્યું, ચીનાઓ તરફથી કાગજ બનાવવાનો હુનર લીધો, યુનાની સુધારા હેઠળ ઉછરેલા સીરીઅનો તરફથી ભૂમીતી શિખ્યા અને હીંદુસ્તાનથી દસાંશ (Decimal) ગણત્રી શિખ્યા. આ સર્વ શિખી, તેઓએ પોતે તે આગળ વધાર્યું અને નવી શોધો કરી યુરોપને પોતાના આભાર તળે મેલ્યું.

અરબોના અમલની લાંબી મુદ્દત.

એ અરબોનો પગદંડો સ્પેન ખાતે કાંઇ પાંચ પચાસ વર્ષનો યા એક બે સદીનો નહીં હતો, પણ નજદીક આઠસો વર્ષ સુધી એઓએ આ તરફ અમલ કર્યો હતો.

આ સ્પેન અને પડોશના પોર્ટુગલનો નાનો મુલક આઇબીરીઅન દ્વીપકલ્પ (Iberian Peninsula) તરીકે બોલાતો હતો, સબબ કે આઇબેરસ નામનાં કોઇ દંતકથાના પુરૂષે હલીબેરીસ નામનું શેહેર, જ્યાં હાલ ગ્રેનેડા (Granada) છે, ત્યાં સ્થાપ્યું હતું. જેમ ફ્રાંસમાં તેમ સ્પેનમાં એક વખતે રોમનાનો અમલ સ્થપાયો હતો. ત્યારપછી પેલા જાણીના પૂર્વ ભણીના હુન તાયફાવાળાઓ, જેઓ માંના ઇરાન ભણીના કેટલાકો માજદયસ્નાન અને જરથોશ્તી હતા, તેઓની કોઇ દુરની પાછલી શાખાવાળા વેન્ડાલ (Vandals) અને વીસીગોથ (Visigoth) તાયફાવાળાઓએ આ મુલકને કેટલાક હેરાન કર્યા હતા. આ વેન્ડાલ લોકોએ પાંથરેલા ત્રાસ અને નાશ ઉપરથી આપણો અંગ્રેજી શબ્દ vandalism બરપા થયલો ગણાય છે. એઓ પછી અરબો આવ્યા. લાંબા વખતના વસવાટ દરમ્યાન એઓમાં માંહેમાંહે પણ લડાઇ થઇ અને એકથી વધુ રાજાઓ રાજ્ય કરવા લાગ્યા. તેઓ માંના કોઇક ખલીફ અને સુલતાન તરીકે પણ જણાવા લાગ્યા. એઓનો અમલ ગ્રેનેડી ખાતે ઘણો પ્રબળ થયો હતો. અહીંના ઇસલામી રાજાઓની લાંબી હારમાં આઠ મહમદ નામના અને ચાર યુસફ (Yusuf) નામના રાજાઓ થયા હતા. એઓમાં પોતપોતામાં હરીફાઇ થવાથી અને ત્રણ હાથે અરબ હકુમત વહેંચાઇ ગયાથી સેવટે ઇ. સ. ૧૪૯૨માં આજુબાજુના નાના સ્પેનીઅર્ડ રાજવાળાઓ ભેગા મળી ઇ. સ. ૧૪૯૨ના સાલમાં સ્પેનમાંથી અરબ હકુમતનો અંત આણ્યો.

અરબો ઉપર પડેલી મુસીબત.

સ્પેન દેશ તરફ અને તેમાં તેના ગ્રેનેડા, કોરડોવા જેવા શેહેરો તરફ મુસાફરો ખેંચાય છે તે હાલના કરતાં પુરાણા સ્પેન કાજે છે. તે વખતે અરબો યા મુર લોકોનાં રાજ્યનું મુખ્ય શેહેર ગ્રેનેડા હતું. તે દર્યાની સપાટીથી ૨૦૦૦ ફીટની ઉંચાઇએ આવ્યું છે. તે દારો નદી, જે નામ અરબોના વખતના હડારો (Hadarro) નામ ઉપરથી પડયું છે, તેનાં પાણીથી આબાદ છે. અરબોના વખતથી એ નદી “મંદાંઓને તનદરોસ્તી આપનારી નદી” કહેવાપાં આવે છે, જેનો સબબ એ છે કે તેનું પાણી પીતાં ઢોરો હમેશાં તનદરોસ્ત રહે છે.

અહીં ઇ. સ. ૮૬૮ થી તે ૧૪૯૨ સુધી અરબ અમલ બરપા રહ્યા. તેઓનો અમલ ખલ્લાસ થયો, તોપણ તેઓ “મુર”ના નામ હેઠળ સ્પેનના પોતાના ખ્રીસ્તી રાજાઓના અમલ હેઠળ થોડુંક સુધી રહ્યા હતા. પણ ૧૫૦૮ માં એક જાહેરનામાથી ઇસ્લામી ધર્મ પાળવાનો અટકાવ થયો અને જેઓ પાળે તેઓને મોહોતની સજાને પાત્ર ઠેરવ્યા. તેઓને બે માસની મુદત આપવામાં આવી કે જેઓ ઇસલામી ધર્મ પાળવા માંગતા હોય તેઓ ગમે તો સ્પેન છોડી ચાલી જાય. જ્યારે આ હોકમથી સંખ્યાબંધ અરબો, તરકી અને આફ્રીકા તરફ નીકળી ચાલવા લાગ્યા અને વસ્તી કમી થવા લાગી, ત્યારે ખ્રીસ્તી રાજાએ બીજું ફરમાન બહાર પાડયું કે બે

અરબો સામે “ઇનકુઇઝીશન.”

વર્ષ દરમ્યાન સરકારના હોકમ વગર કોઇ દેશ છોડી જાય નહીં. કહે છે કે એવી એવી સખતાઇઓથી ઘણા અરબો ખ્રીસ્તી બન્યા હતા. એવા ઘણાક ખ્રીસ્તી બનેલા અરબો ફકત સગવડ ખાતર ખ્રીસ્તી થયા હતા. જીગરમાં ખ્રીસ્તી નહીં હતા, એમ તેઓ તરફ શક દેખાડવામાં આવ્યો હતો. ધર્મ બાબે પુછપરછ કરનારાઓ (Inquisitors) એવે નામે ખ્રીસ્તીઓનું એક મંડળ બરપા થયું, કે તે અરબો ખરેખર ખ્રીસ્તી ધર્મ પાળતા હતા કે બહારનો દેખાવ કરતા હતા, તેની તપાસ કરે. આપણે યુરોપની ખ્રીસ્તી તવારીખમાં એવા પુછપરછ કરનારાં પોપ તરફનાં એક મોટાં ખાતાં યા ધાર્મીક અદાલત (Court of Inquisition) માટે જાણીએ છિએ તેવું અહીં બન્યું.

એવું એક ખાતું પોર્ટુગીઝો ગોઆ ખાતે પણ લાવ્યા હતા. જો પોર્ટુગીઝો હીંદુસ્તાનમાં અંગ્રેજોની માફક સહનશીલતા (Toleration) જાળવતે તો આજે પણ હીંદુસ્તાનમાં પોર્ટુગીઝ ડંકો વાગતે. પણ તેઓએ તેમ કર્યું નહીં, તેથી દેશમાં તેઓ અપ્રીય થઇ પડયા અને પર્ણામમાં અમલ ખોહતા ગયા. આપણ પારસીઓને પણ તેઓની ઝનુની સખતાઇનો ડંખ લાગ્યો હતો. તેઓના અમલ દરમ્યાન થાણા, કલ્યાણી તરફના પારસીઓને ઘણું ખમવું પડયું હતું. હાલમાં આપણાં અદલ બ્રીટીશ અમલ હેઠળ આપણને કોઇ દરમેહેર યા દખમું બાંધવું હોય તો આપણે આપણા લતાના કલેકટરને અરજ કર્યે છિએ. પોર્ટુગીઝ અમલ હેઠળ તેઓના વડા પાદરીના (ecclesiastical) ખાતાંને અરજ કરવી પડતી. પારસી પંચાયતના ટ્રસ્તી સાહેબોએ થોડાંક વર્ષપર ગામે ગામના જરથોશતીઓ પાસે પુરાણા દસ્તાવેજોની માગણી કરી હતી. તે નીષ્ફળ ગઇ હતી, સબબ કે હજુર આપણા લોકો પોતાના કુટુંબી દસ્તાવેજો પોતા પાસેજ રાખી મુકવા માંગે છે. પણ તે વખતે નારગોલનાં પટેલ સાહેબે જે થોડાક પોર્ટુગીઝ દસ્તાવેજો જોવા મને આપ્યા હતા, તે દસ્તાવેજો આવા પાદરીઓનાં ખાતાંનો એક પ્રકારનો જાપતો દેખાડે છે. એ દસ્તાવેજો મુંબઇના પોર્ટુગીઝ પેપર લુસીટાના (Lusitana) માં અને તેઓનો તરજુમો “જરથોસ્તી”

અને "પારસી" માહાવારીઓમાં મેં પ્રગટ કર્યો છે. પાછલા કોઇક મુસલમાન તવારીખનવેશો પણ એવી પોર્ટુગીઝોની ધાર્મિક સખ્તાઇ માટે બોલે છે.

અરબોના સ્પેનમાં છેલ્લા દિવસો.

હવે પોર્ટુગલના પાડોશી સ્પેને એવી સખ્તાઇ જ્યારે અરબો તરફ તેઓની પડતી દરમ્યાન દેખાડવા માંડી ત્યારે ઇ. સ. ૧૫૭૦ માં એકાદ લતાના અરબોએ બળવો ઉઠાવ્યો. સેવટે ફરમાન બહાર પડયું કે કોઇપણ અરબે હવે પછી તે ખ્રીસ્તી ધર્મ પણ પાળતો હોય તોપણ, સ્પેનમાં રહવું નહી. સેવટે ઇ. સ. ૧૬૦૯ માં અરબો સ્પેનને છેલ્લી સલામ કરી ગયા. તેઓ ગયા પણ તેઓ પોતાનાં નામ, કામ, એલમ, હુન્નર, જેમાં ઇરાનના એલમ હુન્નર અને શિક્ષણનો કેટલોક હાથ હતો, તેની છાપ મેલી ગયા. મુસાફરો તે છાપની બાકી રહેલી નિશાનીઓ જોવા આવે છે અને હું પણ એક જીજ્ઞાસુ મુસાફર તરીકે તે ઉપર ઉડતી નજર નાખતા આવ્યો છું. અરબોની સ્પેનમાં હાર અને તેઓએ ખ્રીસ્તીઓને હાથે જોયલો જુલમ અને સેવટે કંટાળીને ધર્મ અને છુટાપણા માટે સ્પેન, જે સેંકડો વર્ષ સુધી, આસરે પાંચસો સાતસો વર્ષ સુધી, તેઓનું વતન થઇ પડયું હતું, તે છોડી જવું, તે જાણે તેઓએ ઇરાનમાં જરથોસ્તીઓ સામે જે કેટલીક હદે કર્યું હતું તેનો કુદરતી બદલા તરીકે પદ્યા હતો, એમ આપણે એક રીતે કહીએ. તેઓએ જે ઇરાનમાં કીધું હતું તે જાણે સ્પેનમાં પોતે પામયા.

અરબ સુધારા (Culture) ઉપર ઇરાનની અસર.

આપણે ઉપર કહ્યું તેમ અરબોના સુધારામાં ઇરાનનો હાથ હતો. ડા૦ હોપગારથ પોતાની તવારીખ (History of Arabia by Hopgarth પા૦ ૬૩) માં કહે છે તેમ અરબોએ ઇરાન શારીરીક રીતે જીત્યું, પણ માનસીક રીતે તો તેઓ ઇરાનને હાથે પોતે જીતાયા, એટલે કે તેઓ ઇરાનને "અરબી" બનાવાને બદલે પોતે જાણે "ઇરાની" બન્યા. એઓના ધર્મમાં જે કેટલુંક ઇરાની જરથોશ્તી તત્વ છે તે આ સબબે છે. જે સીકંદરની ઇરાનની જીતની વખતે બન્યું તે અરબોની ઇરાનની જીતના વખતે બન્યું. સીકંદરે ઇરાન જીતી ઇરાનને યુનાની બનાવવા (Hellenize કરવા) કરતાં યુનાનને સામું ઇરાની (Irania-nized) કર્યું. ઉપલો લખનાર આવી અરબ ફતેહ માટે વાજબી રીતે કહે છે કે "Never have captors more swiftly and subtly been captured by their capture than Arabia by Persia" પ્રોફેસર દારમસ્ટેટે પણ એવાજ વિચારો જણાવે છે. (જુઓ એનું Haurvatat et Ameretat). એક બીજો વિદ્વાન પણ એમજ જણાવે છે કે અરેબીઅન શીલસુફી, વીદયા અને સુધારામાં ઇરાનનો મુખ્ય હાથ હતો. (A short History of the Fatemid Khalifate by De Lavy O'leary પા૦ ૩). મારાં Masonic Papers માં મેસનરીની તવારીખ આપતાં હું આ બાબતમાં કાંઇક વધુ બોલ્યો છું. તે ઉપર મારા માયાળુ બંધુ વાંચનારાંઓનું ધ્યાન ખેંચું છું.

ત્યારે ઇરાન તરફથી અને તેની સાથે બેબીલોન, બાઇઝેનશીયમ, હીંદુસ્તાન અને દુરદરાજ ચીન વગેરે તરફથી આખ ત્યાર કરેલાં તત્વો સાથનો એ અરબ સુધારો ભુમધ્ય સમુદ્રના આખા દક્ષિણ કિનારે અને ઉત્તર કિનારે, તેમજ પશ્ચિમ તરફ સ્પેનની બાજુ તરફ ફેલાયો હતો.

ત્યારે હાલ હું જીબ્રોલટરને કિનારે સ્પેન જવા ઉતર્યો છું તે યુરોપ ખાતેના અરબ સુધારાના આગલા એક દરવાજાએ ઉતર્યો છું, એવા ખ્યાલથી કે એ અરબ સુધારો જેને ઇરાને ઘણુંક આપ્યું છે તે સુધારાની અસર પામેલાં કોઇક મથકો જોઉં. ખુદ જીબ્રોલટર, જે એક પહાડી ખડકી મથક છે, તે તેને

ફક્ત એક દરવાજો હતો અને તેથી ત્યાં કોઇ પણ સુધારાનું ખંડીએર યા તો અસર દીસતી નથી.

જીબ્રોલ્ટર, તા૦ ૨૮ મી એપ્રીલ ૧૯૨૫.

જીબ્રોલ્ટર.

લંડન તરફ જતા તેમજ લંડનથી બીજી તરફ સફર કરનારા કોઇક ટુરીસ્ટો જીબ્રોલ્ટર ખાતે સ્ટીમર ઉભી રહે તે અરસામાં બે ત્રણ કલાક ઉતરી તે જોઇ લે છે, પણ આ પહાડી ખડકનો કીલ્લો જોવા માટે અહીં એકાદ બે દિવસ થોભવાની જરૂર છે. તા૦ ૨૬ મી અને રવિવારે હું અત્રે ઉતર્યો ત્યારે સર્વબંધ હતું, તથી બીજે દિવસે પરવાનગી આપનાર લશકરી અમલદારને મળી જોઇતી પાસ મેળવી, આ ગંજાવર કીલ્લો,–કીલ્લાઓનો કીલ્લો–મેં જોયો છે. એડજ્યુટંટે મારી સાન મેળવવા માટની ખાહેશ જાણી ભલામણના બે શબ્દો "ચીફ ઓફ પોલીસ"ને આપવાથી એ કીલ્લાનો "મુરીશ કેસ્ટલ" નામનો ભાગ પણ મેં જોયો છે. એ ભાગ જોવા માટે ખાસ પાસની જરૂર છે, સબબ કે ત્યાં હાલ "સીવીલ જેલ" છે.

જીબ્રોલ્ટર એક અરબ નામ.

સ્પેનમાં અરબોની આમદની અસરનો દાખલો આપણને શરૂઆતમાં જીબ્રોલ્ટરના નામ ઉપરથીજ મળે છે, કે જે નામ અરબી યા મુરીશ છે. મેં આગલ કહ્યું તેમ તરીક (Tarik) નામના અરબ સરદારે પેહેલવહેલે સ્પેન ઉપર હુમલો કરવા ઇ. સ. ૭૧૧ માં આ ખડકી મથક ઉપર પગ મેલ્યો હતો, અને તેણે એક કીલ્લો બાંધ્યો હતો જે, ઉપર કહ્યું તેમ, હજુર પણ "મુરીશ કેસ્ટલ" નામે જણાયલો છે. એ તરીક સરદારના નામ સાથે એક અરબી શબ્દ "જબ્ર", "જબલ" એટલે પહાડ યા ખડક યા કીલ્લો જોડાઇ "તરીકનો ખડક યા કીલ્લો" (જબ્ર તરીક) ઉપરથી પાછળથી જીબ્રોલ્ટર નામ બનેલું કહેવાય છે. આ કીલ્લાવાળો પહાડ દર્યાની સપાટીથી આસરે ૧૫૦૦ ફીટ ઉંચો છે.

કીલ્લાવાળો પહાડ.

આ ખડકવાળો પહાડ આપણને જુદી જુદી બાજુએથી તરેહવાર રંગરૂપનો દીસે છે. તેમાં સ્પેનની હદની બાજુવાળો ઉત્તરનો ભાગ ભયંકાર દેખાવ આપતો, સીધો ઉભો (perpendicular) દીસે છે, તે એવો કે જાણે ટોચ ઉપરથી પડેલો ભારી બોજો અડડતો વગર અટકવે છેક હેઠે આવે. આવો ખડકવાળો પહાડ હોવા છતાં તેનો કોઇક બીજી બાજુનો ભાગ સુંદર લીલોતરીથી ભરાયલો છે. પહાડની એક કડણે જીબ્રોલ્ટરનું શેહેર વસેલું છે. જેમાં આસરે પચીસ હજારની વસ્તી છે અને તેમાં છ હજાર તો બ્રીટીશ લશ્કર છે. જેઓએ હોંગકોંગ શેહેર જોયું હશે તેઓને અત્રેના શહેરની બાંધણીનો પુરો નહી તો થોડોક પણ ખ્યાલ આવશે. હોંગકોંગ કરતાં આ પહાડનો ઢળાવ ઘણો ઓછો હોવાથી ઘરોની હાર એકમેકની ઉપર લાગી છે. આ સબબે એક મોહલેથી બીજે મોહલે જવાં શેહેરમાં સેંકડો સીડીઓ છે. તેજ સબબે ખડકમાંથી ખોદી કાઢેલા રસ્તા બે ગાડી મુશકેલીથી પસાર થાય તેવા છે અને થાક વગર ચઢાણ, અને તે પણ ઘણી ઢળાવદાર ચઢાણ, ચઢનારા અહીં અજબ મજબુત દીસતા ઘોડાઓ છે.

માલેકી વગરનો જમીનનો ભાગ.

જીબ્રોલ્ટર સ્પેનનો ભાગ છે, પણ જ્યારે તે બ્રીટીશ કબજામાં છે ત્યારે કાંઇ મીના કેશો અટકાવવાના સબબે જીબ્રોલ્ટર અને સ્પેનીશ હદ વચ્ચે એક જમીનના કટકો "ન્યુત્રલ ગ્રાઉન્ડ" એટલે કે "કોઇની પણ માલેકી વગરની જમીન' તરીકે રાખ્યો છે. જીબ્રોલ્ટરની બાજુએ લશ્કરી પહેરો રહે છે જે, ખાસ પાસ વગર, રાત્રે ૮ વાગા પછી કોઇને પણ પેલી બાજુથી જીબ્રોલ્ટરમાં આવવા દીએ નહીં. જીબ્રોલ્ટરનાં કેટલાંક લોકો સ્પેનની હદમાં વધારે ખુલ્લી હવા અને જગા મેળવવા કાજે

રહે છે. અને તેઓએ જાથુક પાસ કરાવી રાખેલી હોય છે. આ "નયુત્રલ ગ્રાઉન્ડ" ઉપર કોઇ કાંઇ વાંક કરે તો કોણ સજા કરે તે બાબે પુરતો ખુલાસો મળ્યો નથી.

જીબ્રોલ્ટરની પુરાણીકત અને હાલની તવારીખ.

આ પહાડી મથક તવારીખનાં બનાવોથી ભરપુર છે. પુરાણીકત તવારીખમાં પેલા યુનાની "રૂસ્તમ પહેલવાન" હરકયુલીસના બે સ્તંભો (pillars) માંનાં એક ઉત્તર તરફનો સ્તંભ આ કિનારેનો ખડક ગણાયો છે. એનો બીજો દક્ષિણ તરફનો સ્તંભ સામે આફ્રીકાને કિનારે છે. મુરીશ સરદાર તરીકને હાથ આવ્યા બાદ, જીબ્રાલ્ટર નામ લેવા બાદ, એ પહાડી મથકના સંબંધમાં લડાઇની કેટલીક હકીકતો જોડાયલી છે. ઇ. સ. ૧૭૦૪ માં તે પહેલે ઇંગલાંડના હાથમાં આવ્યો હતો અને એકાદ બે વખત એ ખડકી મથકે રાજ્યઅમલના હાથો બદલ્યા હતા. આ પહાડની ઉપરથી આપણને દુરથી એક સ્પેનીશ પહાડ દેખાડવામાં આવે છે, જેને "સ્પેનની રાણીની ખુરસી" (Chair of the Spanish Queen) એવે નામે ઓળખે છે. એ નામનો સબબ એવો આપવામાં આવે છે કે એક વખત જ્યારે સ્પેનનાં લશ્કરે તેને અંગ્રેજોના હાથમાંથી લેવાને ઘેરો નાખ્યો ત્યારે સ્પેનના રાજાની રાણી અહીં બેઠક કરી રહી હતી એવા વિચારથી કે આ કીલ્લો હાથ આવે નહીં ત્યાંસુધી હું અહીંથી જાઉં નહીં, પણ તેણીને નાસીપાસ થઇ જવું પડ્યું હતું. એક વખતે સ્પેન ઇંગલંડનું લાંબો વખત સુધી દુશમન થઇ પડ્યું હતું અને મારી ઉમરના ઘણાકોને રાણી એલીઝાબેથના વખતના સ્પેનના દર્યાઇ કાફલા (Spanish Armada)ના ઇંગલાંડ ઉપરના હુમલાની "Attend all ye, who list to hear" નામની કવીતાની સતર, બચગીમાં સ્કુલમાં શીખેલાની, યાદ હશે.

કીલ્લાની મુલાકાત.

આ પહાડ ઉપરથી તા૦ ૨૬ મીએ જોયલા દેખાવની સાંજ મારે મનથી મારી સુંદર સાંજોમાંની સાંજ (Fine evening of evenings) તરીકે મને યાદ રહેશે, કે જ્યારે યુરોપા પોઇન્ટ (Europa Point) ઉપરથી મારા પગ નીચે મોજ મારતા ભુમધ્ય સમુદ્રને, તેની તવારીખ સાથ જોડાયલા તરેહવાર વિચારો ભેગા, સામી બાજુના આફ્રીકાના કોસ્ટાને નિહાળતાં મેં જોયો હતો. તેમજ આ કીલ્લાની મારી તા૦ ૨૭ મીની સવારની મુલાકાત, તેની થાકવી નાખનારી ત્રણ કલાકની ચઢાણ ઉતરાણ સાથ, મને યાદ રહેશે. અંગ્રેજોએ ઇ. સ. ૧૭૮૨ થી ઇ. સ. ૧૭૯૦ સુધીમાં ખડકની અંદર અને અંદર ગોફા માફક કેટલીક ગેલેરીઓ (galleries) બાંધી હતી. ત્યાર પછી તેઓએ બીજી કેટલીક ગેલેરીઓ બાંધી છે, કે જે મારફતે કેટલીક મોટા ગંજાવર તોપો ખેંચી લઇ જઇ ખડકના ભાગોને મુખડે બોથાઓમાં તે તોપો તેઓએ ગોઠવી છે. મને એક દીલસોજ અંગ્રેજ સીપાઇ મારા સાથી તરીકે આપવામાં આવ્યો હતો, જે મને બગલમાં ટેકો આપી ચઢાણ ચઢાવતો અને તેમ કરી કેટલીક ચઢાણની મારી મહેનત ઓછી કરતો હતો. ખરી બપોરે બાર વાગે "બસ" કરી હું એક જગ્યાએ બેઠો હતો ત્યાંથી આજુબાજુના દીસ્તા દેખાવે તેની તવારીખી સંબંધની સર્વ યાદો સાથે મને ખુશ અને વિચાર કરતો મેલ્યો હતો. થોમસ મુરે લાલારૂખમાં "આતશની સેતાયશ કરનારાઓ" નામના પોતાના પુસ્તકમાં પેલા ઇરાની સરદારને હારમજ બંદરના નાકેના કીલ્લાનો બચાવ કરતો જણાવ્યો છે, તેનો કાંઇક વિચાર મનમાં આવ્યો. મારી સાથવાળો સીપાઇ પણ આ ખડકી કીલ્લાના બચાવની સર્વ ચાવીઓ યા ભેદો જાણતો નથી. થોડાક સેપેહસાલારોજ આ જાણે છે. મેં અહીં આવવા પછી

મારો પ્રોગ્રામ પાછો થોડોક બદલ્યો છે. હું આ લખું છું તયારે બપોરના ૧૧–૩૦ નો વખત થયો છે અને બપોરે ૧૨–૪૫ ને અમલે અત્રેથી ઉપડતી એક સ્ટીમરમાં હું આફ્રીકા તરફ જાઉં છું કે ત્યાંની મોરોક્કોની જે બાજુએથી આરબોએ આવી સ્પેનમાં અમલ સ્થાપી, યુરોપને પોતાનો આશરો આપ્યો, ત્યાંનાં કોઈ રાજધાનનો ખ્યાલ બાંધું. માટે હાલ જીબ્રાલ્ટર માટે કાંઈ વધુ કહેવું હોય તો તે હું બંધ કરૂં છું. હું તા૦ ૧ લી મેએ અહીં પાછો ફરવા ધારૂં છું.

જીબ્રાલ્ટરમાં એક પુરાણો લશકરી રેવાજ.

જીબ્રાલ્ટરમાં એક આગલા વખતથી ચાલતા આવેલો લશકરી રેવાજ રોજ સાંજના ધ્યાન ખેંચતો. તે આ: કે "સન સ્ત્રીટ"માં લશકરી "પાઈપર ડ્રમ્સ"નું બેંડ વાગતું વાગતું કીલ્લાના દરવાજે ગવરનરના મકાનેથી કીલ્લાના દરવાજાની કુંચી લઈને આવે કે જે વડે રાત પડવાથી કીલ્લાના દરવાજા બંધ કરે, અને પછી પાછું વાગતું વાગતું તે કુંચી સપુરદ કરવા જાય. હવે હાલમાં વસ્તીની આવજાવ વધવાથી આગળ માફક કીલ્લાના દરવાજા બંધ થતા નથી. તોપણ એમ નામને ખાતર કુંચી લાવી પાછી સપરદ કરવાનો પુરાણો રેવાજ વાજતેગાજતે એક ચિન્હ તરીકે (symbolically) અમલમાં લાવવામાં આવે છે અને આપણને યાદ આપે છે કે આપણે પુરાણા લશ્કરી કીલ્લામાં છિએ. ધર્મ. સંસાર કે રાજદ્વારમાં એમ કોઈ રેવાજની અસલની જરૂરી તદન નીકળી જવા છતાં એક સગન તરીકે યા એક યાદ તરીકે તે રેવાજ પાળવામાં આવે છે. તે સમજવા કાજે એક દાખલો આપણાં લગનમાં "શાહજન" કરવાનો છે. અસલ વરરાજા વાજતેગાજતે પોતાની પ્રીયાને પોતાને ઘેરે ધરણી લાવવા કન્યાને ઘેર જતો અને ત્યાંથી કન્યાને વાજતેગાજતે લાવતો. હવે આપણાં આલબલેસ બાગમાં બંને વેહવાહઓ સાથે રેહવા છતાં એમ શાહજન કરવાનો રેવાજ એક પ્રકારના સગન તરીકે રહ્યા છે કે, એક દરવાજેથી જઈ બીજે દરવાજે પાછું ફરવું. જેમ ગદ્ય કરતાં પદ્ય (કવીતા) આપણને વધુ મજાહ આપે છે તેમ કોઈવાર એવા પુરાણા રેવાજો આપણને મજાહ આપે છે. કોઈવાર આપણે જાણે જીંદગીની "પોએત્રી" ભુલી જઈ ઘણા "પ્રોઝેક" બનતાં જીંદગીની મજાહ ખોઈ છિએ. જીબ્રાલ્ટરની બ્યુગલ અને બેંડ તથા લશ્કરી ગાર્ડ વીગેરેની જીંદગી મને મારાં વહાલાં કોલાબાની ઘણી યાદ આપે છે કે જયાં અહીં માફક સાંજના "સન–સેટ" બેંડો વગાડવામાં આવે છે.

જીબ્રાલ્ટર. તા૦ ૧ લી મે ૧૯૨૫.

શેક્સપીઅરે પોતાના જાણીતા ઓથેલો (Othello) નામના નાટકમાં આપણી મોરોક્કોના મુર લોકો સાથે ઓળખ કરાવી છે. તે મુર લોકોના મોરોક્કો મુલકના કિનારાના ભાગની એક ઉડતી મુલાકાત માટે હું આજે બે બોલ બોલવા માંગું છું. મારા આ થોડાક બોલોને, ફ્રેંચમેનો કહે છે તેમ. બીજાઓને જોવા માટેની ઉલટ આપવા કાજે (encourages les autres)ના મહેરબાની કરી બે બોલ ગણવા. એકના એક મુલકોમાં દર સાલ સેહેલ કરવાને બદલે આવા જુદા જુદા મુલકોની સેહેલ રાહત સાથે ઘણુંક નવું જ્ઞાન આપે છે.

આફ્રીકા અને યુરોપનું જોડાણ.

ભૂરચના શાસ્ત્રીઓ અને ભૂગોળ શાસ્ત્રીઓ પ્રમાણે એક વખત ભૂમધ્ય સમુદ્ર ખરેખર સમુદ્ર નહીં પણ સરોવર હતો. તેનું લેટીન નામ "મેડી–ત્રેનીઅન" એટલે "જમીનની વચમાંનો ભાગ" (ભૂ–મધ્ય) આ સબબે પડયું હતું કે તે આજુબાજુ જમીનથી ઘેરાયલો સમુદ્ર હતો. આપણે જાણ્યે છિએ કે પુર્વ તરફ જુદા જુદા પાદશાહોએ અને તેમાં

શાહ દાયયસે સુએઝની નહેર ખોદી તે આગમજ તે ભાગ સંયોગીભૂમી હતો અને એ બાજુએ આફ્રીકા અને એશીઆ જોડાયલા હતા. તેજ મુજબ પશ્ચિમ તરફ જીબ્રોલ્ટરની સામુદ્રધુની આગલ પણ એક વખત સામુદ્રધુનીને બદલે સંયોગીભૂમી હતી અને અહીં યુરોપ અને આફ્રીકા જોડાયલા હતા. એમ બંને નાકે જમીન હોવાથી ભૂમધ્ય સમુદ્ર ખરેખર ભુમધ્ય સરોવર હતો. વીદ્વાનો કહે છે કે તે આગમજના ઘણા ઘણા આગલા વખતમાં તો યુરોપ અને આફ્રીકાનો કેટલોક ભાગ જોડાઇ ગયલો હતો. સ્પેન અને પોર્ટુગલ જે બંને મળી "આઇબીરીઅન દ્વીપકલ્પ" (Iberian Peninsula) ગણાય છે, તેઓનો મુલક આફ્રીકા સાથે જોડાયલો હતો; પણ તે કુદરતના ધરતીકંપ જેવા મોટા બનાવથી છુટો થયો હતો. જે થોડોક પણ નાનો ભાગ પહેલે સંયોગીભૂમી તરીકે હતો, તેને પાછલા વખતમાં છુટો પાડવામાં દંતકથા હરક્યુલીસ (Hercules)નું નામ જોડે છે અને તેના બે સ્તંભો (pillars)માંનો એક, આગલના એક પત્રમાં જણાવ્યું તેમ. જીબ્રોલ્ટરના ખડકમાં અને બીજો આફ્રીકાના સામા કિનારના એક ખડકમાં રહ્યા.

તા૦ ૨૬ મી એપ્રીલ પી. એ. કું૦ની સ્ટીમર છોડી ત્યારે મેં ધાર્યું હતું કે હવે સ્ટીમરની કોઇ લાંબી સફર કરવી નહીં પડશે. તા૦ ૨૮ મીએ હું જીબ્રોલ્ટરથી આફ્રીકાના સામા કીનારે તેનજીઅર (Tangier) જવા Gebal Zerjon નામની સ્ટીમરપર ચઢયો, ત્યારે ફક્ત ત્રણ કલાકની સફર ધારી હતી, પણ "ફરે તે ચરે" તે કહેવત પ્રમાણે સ્ટીમરપર પુછપરછ કરતાં ત્રણ દહાડાની લાંબી સાની સફર થઇ છે અને પહેલે ધારેલાં ફક્ત તેનજીઅરને બદલે વધુ સ્પેનીશ મોરોક્કોનો કોસ્ટો પસાર કરી ફ્રેંચ મોરોક્કોમાં બે દિવસ ગુજારી અરબ યા મુર લોકોનો મોરોક્કોનો મુલક જોઇ આવ્યો છું, અને ખુદાની મહેરથી જે જોયું, જાણ્યું અને ફર્યો, તેથી જાણે શેર લોહી લઇ આવ્યો છું. તા૦ ૨૮ મીએ અમે ભુમધ્ય સમુદ્રમાં ફરતી બ્લાન્ડ લાઇનની એક સ્ટીમર Gebal Zerjon ઉપર એક વાગે ચઢી તેનજીઅર (Tangier) જવા નીકળ્યો એવા ઠરાવથી કે ત્યાં બે દહાડા કાઢી પાછી ફરતી સ્ટીમર ઉપર પાછું ફરવું. પણ સ્ટીમર ઉપર ચઢવા બાદ તેના ભલા કેપ્ટન (Captain Bredenberg) સાથ વાત કરતાં તેવણે નજર ખોલી કે તેનજીઅરમાં અલબતે મુર લોકોનું ગામ અને તેઓની જીંદગી જોવાનું મળશે, પણ ત્યાં ઘણું જોવાલાયક નથી. તેથી આવતાં અને જતાં જેટલો વખત થોડા થોડા કલાક સ્ટીમર ઉતારૂ અને માલ લેવા ઉભી રહે તેટલામાં મારે તેનજીઅર જોઇ લેવું અને સ્ટીમર એક રાતનાં વધુ તફાવતે કાસાબલાન્કા (Casablancha) જાય ત્યાં મારે જવું અને સ્ટીમર ત્યાં બે દીવસ થોભે તેટલાં ત્યાં ફરી, ત્યાંથી આજુબાજુના ફ્રેંચ મોરોક્કોના કોઇ અસલ મુરીશ શેહેરોનો ખ્યાલ મેળવવો. એ ઉપરથી સ્ટીમરપર જવા પછી એ પ્રમાણે પ્રોગ્રામ બદલ્યો.

તેનજીઅર. સ્ટીમરે આસરે ૪-૩૦, વાગે તેનજીઅરનું બંદર કર્યું કે નાની લોંચમાં બેસી, કિનારે જઇ, એક કલાક ફરી, સ્ટીમરપર પાછો આવ્યો અને તેજ પ્રમાણે આજે પાછી ફરતી સફરે આસરે દોઢ કલાક ફરી આવ્યો.

મારા ઘણાક વાંચનારાઓને કદાચ ખબર હશે કે આફ્રીકાના ઉત્તર-પશ્ચિમ કોસ્ટાના આ શેહરને આપણા મુંબઇ શેહર સાથે તવારીખી સંબંધ છે તે જાણે આપણા મુંબઇ નગરીની બેહેનપણી છે. સતરમા સદીના સાતમા દાહકામાં જ્યારે પોર્ટુગલના રાજાએ પોતાની બેટી કેથેરાઇનને ઇંગલંડના ચાર્લેસ રાજા સાથે શાદીમાં અપી ત્યારે મુંબઇ સાથે આ દુરદરાજનું તનજીઅર પણ લગનની રીતમાં આપ્યું હતું. લડાઇ વખતના કોલકરારોના ફેરફાર સાથે તેન-

જીબ્રાલ્ટર અંગ્રેજોએ બીજે હાથ જવા દીધું અને હાલમાં થોડાંક વર્ષ થયાં તે એક પ્રકારે સર્વ પ્રજાઓ સાથે સંબંધ ધરાવતું (International) શહેર થઇ પડયું છે. તેનજીઅર અંગ્રેજોએ છોડયું પણ મુંબઇ તેઓને હાથ રહ્યું. એમ મુંબઇ આપી દેવા કાજે કોલકરાર થવા છતાં, મુંબઇ તરફના પોર્ટુગીઝ અમલદારો, જેઓ તેનું ભવીષ લીસબનની સરકાર કરતાં વધારે સારી રીતે પીછાણતા, તેઓને "જીવતું નામ તુટતું હોય" તેમ દુખ લાગયું અને ઘણી આનાકાની સાથે મુંબઇ છોડયું. લાહોર વાળા ડા૦ આહમદે આ બાબત ઉપર પોર્ટુગીઝ દસ્તાવેજો મારફતે સુંદર રોશની નાખી છે.

તેનજીઅરમાં સુલતાનાના સુંદર મેહેલ ઉપરાંત, આપણને પુરાણી બાબતની નજરે જોતાં જે ખેંચાણકારક લાગે છે તે ત્યાંની મસજીદ અને ત્યાંનો "કસબા" નામનો અસલી મુરીશ લત્તો છે. આફ્રીકાના કોસ્ટા ઉપરના તેનજીઅર જેવા કિનારાના મોટાં શહેરો કિનારે ઉતરતાંને વાર તો આપણને કોઇ યુરોપીઅન શહેર જેવો ખ્યાલ આપે છે. જે અંદરનો ભાગ છે, તે આપણને અસલી મુરોનાં મથકોનો ખ્યાલ આપે છે.

કાસાબલાન્કા. ફ્રેંચ મોરોક્કોમાં જવા કાજે ઉતરવાનું આ મુખ્ય બંદર છે. કીનારે ઉતરો તો તમોને કોઇ મોટા યુરોપના શહેરનો ખ્યાલ આવે એવાં ત્યાં હોટલો, કાફે, મોટર બસ વીગેરે ભરચક છે. પણ જુનાં મુરીશ ખંડીએરો અને મુરીશ મથકો જોવા માટે રબાત (Rabat) જવું જરૂરનું છે. મોરોક્કોના સુલતાનનું ત્યાં એક મથક છે, ત્યાંથી બોટમાં બેસી, એક નદી ઓળંગી, અસલી મુરોનાં રહેઠાણોનો ખ્યાલ આપતું સારલે ગામ ખેંચાણ કારક છે.

રબાત. કાસાબલાન્કાથી મોટર બસ દિવસના બે ત્રણ વખત દોડી, આસરે બે કલાકે આપણને આ બીજે દરજ્જેના મોરોક્કોનાં પાય તખ્ત શેહેરે પહોંચાડે છે. અહીં જે ખાસ ખેંચાણકારક છે, તે "હસનનો મીનારો" અને તે સાથનું ખંડીએર છે, જે ખંડીએર આપણને અરબોના હુન્નર ઉપર ઇરાનની અસરની મારા વિચાર પ્રમાણે યાદ આપે છે.

મોરોક્કોનું "આરકીટેક્ચર"–તેપર ઇરાનની અસર. મેં આગલ કહ્યું છે કે અરબોના સુધારા ઉપર ઇરાનની મોટી અસર હતી. એ અસર અરબોનાં બાંધકામના હુન્નર (architecture)માં પણ જોવામાં આવે છે. અલબત્ત જ્યારે તેઓ સરખામણીમાં તેઓનાં વેરાન જંગલ (desert)માં રહેતા, ત્યારે પણ તેઓનો બાંધકામનો કોઇ હુનર વેરાન જગ્યાને અનુસરતો હતો. પણ પછી ઇરાન જીતતાં તેઓના હુન્નર ઉપર ઇરાનની મોટી અસર થઇ હતી અને તે અસર મોરોક્કો ખાતેનાં તેઓનાં મકાનો ઉપર પણ અમલમાં આવેલી જણાઇ છે. મી૦ હવોર્ડ (Mysterious Morocco by H. J. B. Ward પા૦ ૫૧) એ બાબે કહે છે કે "We see evidence of Byzantine and Persian influences." હું એ બાબતમાં કોઇપણ રીતે માહીતગાર નથી, તેથી કોઇપણ રીતે ખાતરીથી બોલી શકું નહીં. પણ કહેવાની રજા લઉં છું કે ફ્રેંચ બાંહેધરી હેઠળના મોરોક્કોના એક મુખ્ય શેહેર રબાત (Rabat), જેમાં મોરોક્કોના સુલતાનનું પણ મકાન છે, ત્યાં એક પુરાણું ખંડીએર જોયું છે કે જેણે મને ઘણો ઊંચો અને રોકી રાખ્યો હતો. તેને જોતાંને વાર તખ્તે જમશેદ તરફના પરસીપોલીસના મહેલનું ચિત્ર યાદ આવ્યું. આ ખંડીએરના ફકત રતંભો ઉભા રહેલા છે. કેટલાકોના

ઉપરના ભાગો (Capitals) પણ સલામત છે. દરેકમાં વીસ વીસ એવી વીસ હારમાં એ સ્તંભો એકમેકથી આસરે બાર યા પંદર ફીટને તફાવતે છે, એટલે કુલ ૪૦૦ સ્તંભોનું આ ખંડીએર છે. કેટલાક સ્તંભો ભાંગી ગયલા છે. ઘંટીના ગોળ પથરો માફક ની પથરોની ચાકીઓથી સ્તંભ બનેલા છે. દરેક સ્તંભ આસરે ૧૨ યા ૧૩ ફીટ ઉંચો છે. વળી તેની જગ્યા (position) આપણું ખાસ ધ્યાન ખેંચે છે. દર્યાની સપાટી ઉપર, જોકે કિનારેથી થોડેક દૂર, એક સુંદર ઉંચી જગ્યા ઉપર આ ખંડીએર ઉભેલું છે. તેની પડોશમાં એક ખાડા સમાન બાંધેલું મોટું બાંધકામ છે જે એક મોટો પાણીનો ચશ્મો હોય તેમ દીસે છે. તેની અર્ધે તફાવતે દીવાલના પરદા છે. તેની પડોશમાં એક મોટો ચોરસ બાંધકામનો આસરે બસો ફીટનો 'બુલંદ મીનારો છે, જેની ઉપર અંદરથી ફરતા માર્ગે ચઢી શકાય છે; પણ તેમ ચઢવા માટે સીડીઓ નથી. જેમ રોમના સેન્ટ પીટરનાં મોટાં દેવળમાં છે, તેમ એક ઢલાવદાર માર્ગ છે જે માર્ગે બે ઘોડાઓ સાથે સાથે ઉપર આસાન ચઢી શકે. એ મીનારામાં વચમાં એક એક ઉપર પાંચ મોટા ઓરડાઓ છે. માર્ગે અંધારો નહીં પણ એક માણસ આસાન ઉભું રહે એવા મોટા ગરનાળામાંથી પુરતો ઉજાશ અને હવા આવે છે. "શુકરાના" શબ્દ બોલાય એવો મોટઃ ભૂમધ્ય સરોવરનો અને આજુબાજુના મુલકનો દેખાવ દેખાયો. ઉપલા લખનારે મોરોક્કોનાં બાંધકામ ઉપર ઇરાનની અસર જણાવી છે. તેનો મારા કમીના વિચાર પ્રમાણે આ ખંડીએર એક દાખલો છે. મેં આ પત્રદ્વારે માગી ગયા ક્રીસ્ટમસ પરની સીલોનની સફરનું વર્ણન આપ્યું છે તેમાં જણાવ્યું છે તેમ સીલોનમાં પણ આ સ્તંભોની સુંદર રચનાના બાંધકામો છે. અહીંની કોઇ મસજીદો, જે ઘોડાની નાલ જેવાં આરકાંના દરવાજા (horse-shoed arches) ધરાવે છે, તેની સાસાનીઅન (Sassanian) જમાનાનાં બાંધકામ ઉપરથી નકલ થયલી ઉપલો લખનાર જણાવે છે. માગ વિચાર પ્રમાણે "ઇરાનનાં બાંધકામના હુન્નરની આજુબાજુના મુલકો ઉપર અસર" એવો એક સામટો વીષય કોઇ કાબેલ આરકીટેક્ટ પાસે લખાવવો, એ ઇચ્છવાજોગ છે. અલબતે છુટું છુટું અહીં તહીં ઘણું લખાયું છે. પણ એક સામટા વીષયની જરૂર છે.

માઝાગાન. આપણાં મુંબઇના "મજગામ"ની યાદ આપનારૂં માઝાગાન નામનું અહીં એક મુરીશ શેહેર છે. જ્યાં આપણુ પોર્ટુગીસોનાં વખતનાં કોઇ જુનાં મકાનો જોઇએ છિએ અને તેમાં એક નાહેવાનું જુની ઢપનું મકાન છે. આપણા "મજગામ" શબ્દની શબ્દઉત્પતી માટે જુદા જુદા ખુલાસા રજુ થયા છે. તેમાં એક આ છે કે એ નામ આપણું હીંદી નથી, પણ પોર્ટુગીઝ છે. આ તરફના આ પોર્ટુગીઝ ગામ ઉપરથી એ વિચારને ટેકો મળે છે. તા૦ ૩૦ મી એપ્રીલે આ પુરાણા ગામની અને તેની સાથે "અઝમુર" નામનાં તદન મુરીશ ગામની મુલાકાત મેં લીધી હતી. એ મંજલ આગલા દિવસ કરતાં વધુ ખરચાળ નિવડી હતી, સબબ કે સ્ટીમર સાંજે ૬ વાગે ઉપડનાર હતી, માટે આસરે સાઠ મેલના તફાવતે આવેલાં આ શેહેરપર જઇ આવવા કાજે ખાસ મોટરની ગોઠવણ કરવી પડી હતી. પણ આ ઘણું જ્ઞાન આપનારી સેહેલ હતી.

અઝમુર. મોરોક્કોના કોસ્ટ ઉપરના જે પાંચ શેહેરો જોયાં તેમાં આ છઠું ગામ એક ખરેખરા હાલના સુધારાથી નહીં ફેરફાર થયલાં અરબ ગામનો ખ્યાલ આપે છે. બીજાં શેહેરોમાં ખ્રીસ્તી અને યાહુદીઓની પણ વસ્તી મિલાયલી છે, પણ આ ગામ તદન મુરીશ છે. તેમાં એક પણ ખ્રીસ્તી યા યાહુદી નથી. વળી

આખાં મોટાં ગામમાં એક પણ દારૂની દુકાન નથી, સબબ કે મુર લોકો ચુસ્ત ધર્મી આરબો તરીકે શરાબ મુદલ પીતા નથી. અહીં એક બે આરબોનાં ઘરો અંદરથી જોવાની મેહેરબાની કરી મને તક આપવામાં આવી હતી. તમો ગામમાં ફરો તો જાણે કોઇ મુએલાંઓના ગામમાં ફરતા હોવ તેમ લાગે, સબબ કે, જેમ ઇરાન માટે કહે છે તેમ, સાંકડા મોહલામાંથી તો ફક્ત લાંબી બંધ દીવાલો દેખાય; પણ એક નાના દરવાજા માંથી દાખલ થાવો તો અંદરથી કુશાદે ચોક સાથના ખુલતા ઉજાશનાં ઘરો જુઓ છો. એક આરબ હક થયો હતો તેની પાયદસ્ત કાઢવાની તઇયારી થતી હતી. તેઓની મરણક્રિયા વખતની ગોઠવણનો કાંઇક ખ્યાલ મેળવી શકાયો હતો. મરદો બહાર મોહલ્લામાં ભોંયપર બેઠેલા હતા. સ્ત્રીઓ અંદરના ચોકમાં પરદા મોંહપર નાખી બેઠી હતી. જેઓને કોરાન ભણતાં આવડતું હતું તેઓ નાનાં મોટાં, એક કુંડાળું વળી, ચોકમાં કોરાન ભણતાં હતાં. હાલમાં પણ ઠંડીનો માસ ચાલે છે માટે ખુલ્લા ચોકમાં બસતાં અને તડકે ફરતાં પણ કાંઇ લાગતું નથી.

અહીં મને આ આરબ મુર લોકોનું એક જાહેર હમામખાનું જોવાની તક મળી હતી, જેમાં તદન અંધારી જગ્યામાં ગરમ પાણીથી નાહવાની ગોઠવણ હતી. વજુ વીગેરેનાં સ્વચ્છતાનાં એઓના કોઇક રવાજો આપણા એવા રેવાજોની યાદ આપે છે.

મોરોક્કોની તવારીખ.

આ દેશની પુરાણી કત તવારીખ એટલાસ (Atlas) નામનો રાજા જેનું નામ આફ્રીકાના એટલાસ, જેને હરકયુલીસે માર્યો હતો, તેની સાથે જોડાયલું છે, તેનાથી શરૂ થાય છે. ખુદ તવારીખના વખત ઉપર આવતાં આ કિનારા તરફ આવલું કારથેજ (Carthage) પોતાની રોમનો સાથની Carthagenian War નામની લડાઇથી મશહુર થયું હતું. એ પછી રોમનોનો અમલ થયો હતો અને ગોથ અને વેનડાલ તાયફાવાળાઓનો અહીં દરોરો પડયો હતો. નોશેરવાન અદલના નામની યાદ આપનાર રોમના જસ્ટીનીઅન પાદશાહનું નામ અહીંના કોઇ અમલ સાથે જોડાયલું છે. ત્યાર પછી એકાદ સદીમાં આરબોએ પોતાનો અમલ સ્થાપ્યો. તે જોકે કેઠે કેઠે યુરોપીઅન રાજ્યોનાં કોઇક દાબ હેઠળ છે તોપણ હજુર સુધી, આસરે અગીયારસો વર્ષ સુધી, ચાલુ રહ્યો છે. યુરોપીઅન રાજ્યોનું વડપણ ફેંકી દેવાની હાલની પુર્વ ભણીના રાજ્યોની વલાણ કાંઇ થોડી ઘણી અહીં પણ સંભળાય છે. એક પછી એક એમ બે સુલતાનોએ કોઇક સબબે રાજયગાદી છોડી છે અને આજે તેઓનો એક ભાઇ નામનો સુલતાન છે.

જીબ્રાલ્ટરનો મુરીશ કીલ્લો.

હું જીબ્રાલ્ટર પાછો ફર્યો છું. ખુદ જીબ્રાલ્ટર માટે હું આગલા પત્રમાં બોલી ગયો છું. બોલવાનું તો ઘણું બાકી રહ્યું છે, પણ તે સર્વમાં દાખલ થવાની ફુરસદ નથી. પણ મુસાફરો માટે જીબ્રાલ્ટરના હાલના અંગ્રેજી ગંજાવર કીલ્લાની મુલાકાત, જે કીલ્લાઓની મારી મુલાકાતોની મુલાકાત તરીકે મને યાદ રહી જશે, તે ઉપરાંત તેજ કીલ્લા સાથે જોડાયલા અસલી મુરીશ કીલ્લાની મુલાકાત અગતની છે. આ મુરીશ કીલ્લો જ્યારે જીબ્રાલ્ટરને નામ આપનાર તરીક નામનો મુરીશ સરદાર અહીં આવ્યો હતો, ત્યારે બંધાયલો એ પુરાણો કીલ્લો છે.

સ્પેનીઆનું સ્પેનીશ ગામ.

સ્પેનનાં કોઇક શેહેરો તો હવે પછી જોઇશ. પણ શેહેરામાં તો આગલ વધેલા સુધેરીઓનો ખ્યાલ આવે છે. દેશના ખુદ દેશીઓને તેઓનાં ગામોમાં જોવા જોઇએ. આ સબબે જીબ્રાલ્ટરથી "ન્યુત્રલ ગ્રાઉન્ડ" ગણાતી જગર ધણીઆતી

જમીન મેલી પેલી બાજુના "લીનીઆ" ગામની મેં મુલાકાત લીધી હતી. ત્યાં ખુદ ગામમાં રહેનારા સ્પેનીઆર્ડનો કાંઇક ખ્યાલ આવ્યો હતો.

સ્પેનીશ બુલ-રીંગ. મેં એ ગામમાં પેહેલી વાર "બુલ-રીંગ"(Bull-ring) જોઇ. સ્પેનીઅરડોમાં ગોધાઓને લડાવીને તેઓની લડાઇ જોવી, એ એક "નેશનલ" મોજ ગણાય છે. ખુદ તે લડાઇ જોવાની તક મને મળી હતી નહીં, પણ જે સાંભળ્યું તે ઉપરથી ગાયકવાડ સરકારના બરોડાના રાજ્યમાં જાનવરોની જે લડાઇ કરાવવામાં આવે છે અને ત્યાં મોટી ઠઠ મળે છે તેની યાદ આવી. આ ગોળ કુંડાળાનું, ચઢ ઉતર બેઠકોનું મોટું મકાન છે જેમાં આસરે ચાર પાંચ હજાર માણસો ચઢ ઉતર બેસી વચમાંના કુંડાળામાં ચાલતી લડાઇ જોઇ શકે છે.

કાલે સવારે હું અહીંથી દર્યાનો એક નાનો ભાગ ઓળંગી આલજેસીરાસ (Algeceras) નામનાં શેહેરમાં જઇશ, અને ત્યાંથી આગગાડી મારફતે સ્પેનના ગ્રેનેડા, સેવીલ અને કોરડોવા, જેની આરબ યુનીવરસીટી મધ્ય જમાનામાં કેળવણી માટે મશહુર હતી, તે શેહેરો જોતા જઇશ અને પછી સ્પેનની રાજધાની મેડ્રીદ થઇ પેરીસ જઇશ.

હોટેલ આલમઇદા, ગ્રેનેડા, સ્પેન
તા૦ ૩ જી મે ૧૯૨૫.

ગ્રેનેડા.

આલહમબ્રા. જેમ હીંદુસ્તાન તાજમેહેલ સાથે, ઇજીપ્ત પીરેમીડ સાથે, ચીન તેની મોટી દીવાલ સાથે, જાપાન તેનાં નીક્કોનાં મંદીર સાથે, રોમ તેના સેન્ટપીટરના દેવલ સાથે, એ વીગેરે બીજા કાંઇક દેશો પોતાની નામચીન ઇમારતો સાથે જોડાયલાં છે, તેમ સ્પેન તેના ગ્રેનેડાના આલહમબ્રા સાથે જોડાયલું છે. ખુદાની મેહેરથી ઉપલી નામચીન ઇમારતો જોવા બાદ, આ જાણીતી ઇમારત આજે જોવા માટે હું ખુશી છું. આલહમબ્રા જોયું તો એક રીતે જાણે સ્પેન જોવાની મોયદ બર આવેલી ગણાય. આલહમબ્રામાં જાણે આપણે આગલા અરબોના સ્પેન ઉપરના દોર, તોર, જોર અને એલમ, હુન્નરનું અને ચઢતી પડતીનું ચિત્ર જોઇએ છિએ. ગ્રેનેડા પોતે સ્પેનના મુલકના એક સુંદર ભાગમાં દર્યાની સપાટીથી આસરે ૨૫૦૦ ફીટની ઉંચાઇએ આવ્યું છે, અને હાલના જમાનાના રંગ રાગ, એશઆરામની સર્વ સામગ્રીથી ચકચકીત થયલું શેહેર છે. તેની મશહુરતાનો મુખ્ય સબબ આ આલહમબ્રાનો પુરાણો મુરીશ મેહેલ છે. આલહમબ્રા અત્રેના અરબોના આસરે સાતસો આઠસો વર્ષના દોરદમામનો તેજ પ્રકારે ખ્યાલ આપે છે કે જે પ્રકારે આપણને હીંદમાં મોગલ શાહાનશાહોના દોરદમામનો ખ્યાલ તેઓના તાજમેહેલ વીગેરે મકાનો આપે છે. તાજમેહેલ બહારથી સુંદરતા દેખાડે છે. આ આલહમબ્રા કરોડો રૂપ્યાના ખરચની ઉમદા કારીગીરીનો ખ્યાલ આપે છે. ઇરાન જીતવા પછી દોઢસો બસો વર્ષમાં અરબો અહીં પગભર થયા. અરબસ્તાનનો મોટો ભાગ યમન સીવાય વેરાન છે, તે વેરાનમાંથી અત્રે આવી એલમ હુન્નરનો ઉત્તમ ખ્યાલ આપનારાં મકાનો આ દેશમાં તેઓએ બાંધ્યાં. તેનું શાન પોતાના અરબસ્તાન કરતાં ઇરાન અને બાઇઝેનશીઅમથી તેઓ વધારે લઇને આવ્યા હતા. આ આલહમબ્રાનું વીગતે વર્ણન આપવામાં તેના ગંજાવરપણાં અને વિચિત્રતાને લીધે હારી ખવાય છે. વળી ફરવા હરવા બાદ પુરતું લખવા કાજે ફુરસદ પણ રહેતી નથી. આલહમબ્રા નામ એક મકાન તરીકે બોલાય છે, પણ મોગલાઇ અહેવાલો માફક તેની સાથે તરેહવાર મકાનો જોડાયલાં છે. તેની સાથનો સુંદર પાર્ક જે અહીંના મુરીશ રાજાના ઉનાળાનાં મકાન (summer house) સાથ જોડાયલો છે તે આપણને કાશમીરના મોગલાઇ બાગોની યાદ આપે છે. ત્યાંની

માફક એ બાગમાં પડોશના પહાડમાંથી રાત દહાડો વેહેતું પાણી મળે છે. એ પહાડ પછવાડે કેશમીરની માફક સ્પેનનો મોટે બરફનો પહાડ(Sierra Navada) બરફના સુંદર મોટા પાટોથી ઢંકાયલો આપણે જોઇએ છિએ.

જે આરબોએ એક વખત સ્પેન ઉપર લાંબો વખત અમલ કર્યો હતો, તે આરબોના વારેસો ઉપર આજે સ્પેન મોરક્કો તરફ અમલ કરે છે. છેલ્લો મુર રાજા સ્પેનના ફરડીનાન્ડ રાજાને હાથે હાર ખાઇ ગ્રેનેડાના દરવાજાની કુંચી સોંપી દે છે તે બાબેનું અહીંના એક દેવલ (Cathedral) માંનું ચિત્ર આપણને પાદશાહતોની ચઢતી પડતીનો ખ્યાલ આપે છે. ગ્રેનેડાના કીલ્લાના દરવાજાની એ કુંચી આપણે અહીં દેવલ સાથનાં મકાનમાં જોઇએ છિએ. મુંબઇ પાછો ફરવા બાદ કોઇ વખતે બનશે તો હું આલહમબ્રા વીગેરે માટે વધુ બોલીશ. તેટલાં તો હાલ અહીંયાજ થોભીશું.

સ્પેનીશ જીપસીઓ.

અત્રેનાં લોકોમાં આ સરે ગણસો આરસો “જીપસી”ઓ (Gypsies) છે. તેઓ અહીંના જુદા ગરીબ ભાગમાં રહે છે. ઘણાકોનાં ઘરો ખડકમાં કોતરી કાઢેલાં છે. તેઓને તેઓનાં ગરીબ ઘરોમાં જોવાની મેં ખાસ તક લીધી હતી. આ જીપસીઓ યુરોપના ઘણાક ભાગોમાં રખડતા ફરતા યા જાથુકના એક પ્રકારના ગખડતા રઝળતા ગરીબ લોકો તરીકે રહે છે તેઓનું ગાયણ અને નાચ સાંભળવા અને જોવા ટુરીસ્ટો ખાસ ગોઠવણ કરે છે. આ જીપસી યા ગીપસી લોકો જેઓની ભાષામાં કેટલાક હીંદી, ફારસી વીગેરે એશીઆટીક શબ્દો છે, તેઓ યુરોપમાં કયાંથી આવ્યા, તે વીદવાનો વચ્ચે એક તપાસ માટનો મોટો તકરારી સવાલ છે. મેં મારા એકાદ વીષયમાં કહ્યું છે તેમ તેઓ અસલ હીંદુસ્તાનના એક ગાયણ ગાતા તાયફાના લોકો હતા, કે જેઓને શાહનામામાં “લુરી” તરીકે કહ્યા છે. બેરામગોર પાદશાહે પોતાની ઇરાની પ્રજાને હીંદી ગાયનની મોજ ચખાડવા તેઓને હજારોની સંખ્યામાં ઇરાન બોલાવ્યા હતા, અને મારા વિચાર પ્રમાણે તેઓ ઇરાનથી યુરોપમાં ફેલાયા હતા. આ લોકો મોટે ભાગે ગરીબ અને જેમ આપણા કોઇ ગામમાં ગરીબોનાં બચ્ચાંઓ આપણી ગાડી સાથે ચાલી કાંઇ બક્ષેશ માગે તેમ એઓનાં બચ્ચાં અને સ્ત્રીઓ પણ કાંઇ માંગતાં આપણી પછવાડે લાગે છે. એઓમાંના ઘણાકો સ્પેનના કોઇ ભાગમાં પોતાના તંબુઓ લઇ આજે અહીં તો કાલે તહીં એમ મજુરી કરતા યા ભીખ માગતા ફરે છે.

સ્પેનની જાણીતી ગોધાની લડાઇ (Bull-fight.)

જીબ્રોલ્ટરની પડોશના લીનીઆ શેહેરમાંના ગોધાની લડાઇ માટેના મકાન (Bullring) બાબે મારાં આગલાં એક પત્રમાં હું બોલ્યો છું. અત્રે ગ્રેનેડામાં મને આજે એક બુલ-ફાઇટ જોવાની તક મળી. સાંજે ૪–૩૦ થી ૬ વાગા સુધી અહીંની મોટી “રીંગ” (Plaze de Torre) જેમાં આસરે બાર હજાર આદમી બેસી શકે અને જેમાં આસરે સાતથી આઠ હજાર આદમીઓ આજે ભેગાં મલયાં હશે, તેમાં એ લડાઇ થઇ હતી. સ્પેનીઆરડોના દીલ અને મનમાં આ રમતની મોજે અજબ વાસો કર્યો છે. આપણને તો જોતાં જરાક કમકમાટ લાગે. એ લડાઇ જોતાં મારી તો “ટેમપરેચર” કાંઇ નહી તો જાણે એક “ડીગ્રી” વધી હોય તેમ લાગ્યું. લડાઇનો વખત થતાં શેહેરના પ્રેસીડન્ટ પોતાની ખાસ બેઠક ઉપર આવી બેઠા કે બે રંગબેરંગી પોશાકમાં સજ થયલા ઘોડે-સવારો ઘોડાને ગેલ આપતા રીંગમાં આવીને બેંડના સરોદો વચ્ચે પ્રેસીડન્ટને મયુઝીકલ રાઇડની સલામ કરી, કાંઇ રમત કરી દેખાડી અને પછી ગોધાઓને દાખલ થવાના દરવાજાની કુંચી માગી, પ્રેસીડન્ટે તે ફેંકી કે

તેઓએ જઈ રીંગ ઉઘાડી અને એક મોટો મસ્તાન ગોધો દાખલ થયો અને લોકોના પોકાર વચ્ચે ગભરાઇ ઉભો. પછી ગોધા સાથે લડનારા બે જવાનો (espadas) રંગબેરંગી એશકી કસબી પોશાકમાં દાખલ થયા. ત્યાર પછી આસરે પાંચ છ બીજા રંગબેરંગી પોશાકમાં સજ થયલા પુરૂષો, આપણે ઘોડાના સરકસમાં જોઇએ છીએ તેવી માટી આસરે ૭૦ યા ૮૦ ફીટની લંબાઇનાં ડાયામીટરની રીંગમાં હાથમાં રંગીન લાલ કપડું લઇને આવ્યા, જે તેઓ પેલા ગભરાયલા ગોધાને દેખાડી તેને તેના લાલ રંગથી ગભરાવી ચીડવવા લાગ્યા. આપણી પેલી "red cloth for the bull"ની કહેવત આજે બરાબર સમજ પડી. લાલ કપડું તેને દેખીડે કે તે જોઇ ગભરાઇ ગોધો તેઓનાં આંગ ઉપર મુષ્ટિ મારવા દોડે. તે તેઓના આંગથી દુર લાંબો હાથ કરી પકડેલાં કપડાં ઉપર ધસે કે તેઓ બહુ ચપળાઇ (agility) થી આહીંતહીં ખસી જઇ તેના હુમલાથી બચે. એક ધણી ઉપર ગોધો હુમલો કરે કે બીજો ધણી લાલ કપડું દેખાડતો આગળ જાય અને એ રીતે તે ગોધાને તયાંથી ખસાડે. મુશ્કેલી વખતે "રીંગ"માં ભરાઇ જવાની જગ્યા રાખેલી તેમાં તેઓ આશરો લેય. ગોધો ઘણો ઉશ્કેરાય ત્યારે પેલા બે જવાન પેહેલવાનોમાંનો એક પોતે પણ લાલ કપડાંથી તે ગોધાને ઉશકેરે અને તેમ કરતાં ગોધાને બે તીરો ભોકી દીએ. ગોધો જખમથી વહેતાં લોહી સાથે ગભરાઇ હવે વધારે ઝનુનથી હુમલા કરે, પણ રીંગમાં દાખલ થયલા લડવઇઆઓની ચપળતાની ખુબીજ આ કે તેઓ ચપળતા દેખાડી તે ગોધાના હુમલાથી બચે. કોઇ એકાદ ધણી પડી જાય અને તેની ઉપર સીંગડા મારવા તે ગોધો દોડે કે બીજાઓ તુરત દોડી જઇ તેને લાલ કપડાંથી ગભરાવી તયાંથી નસાડે. પેલો પેહેલવાન રમત કરતો બીજા બે અને પછી વધુ બે મલી એમ છ તીરોથી ગોધાને લોહી લોહાણ કરે, પછી એમ લડાઇ રમતાં તેને તલવાર ભોકી દે. કોઇ વખત એકુ તલવાર અંદર રહી જાય તો બીજી તલવાર લઇ તે ગોધાને ફરીથી ગભરાવી હીમત રાખી આગળ જઇ ફરીથી તે બીજી તલવાર ભોકે. ગોધો વધુ લોહી લોહાણ થાય અને અધમુવો થઇ થોડા વખતમાં થાકી હેઠે પડે કે બીજો ધણી તેના પેટમાં ખંજર ભોકી તેને પુરો કરી નાખે. આ ગોધા લડાઇ દરમ્યાન અવારનવાર બેંડ વાગે. લોકોના શાબાશીના પોકાર અને તાલીઓનો પાર નહી. હવે ત્રણ સીંગારેલાં ખચ્ચરો રીંગમાં આવી પેલા મરણ પામેલા ગોધાને ઘસડી લઇ જાય. એમ છ ગોધાઓ સાથે લડાઇ થાય. રીંગ લોહીલોહાણ થાય કે માણસો આવી રેતી પાથરી સાફ કરે. એ કાંઇ અજબ કંપાવનારી (thrilling) અને ગભરાવનારી રમત છે. બીજા દેશો આ ઘાતકી રમત માટે અણગમો દેખાડે છે, પણ જેમ અંગ્રેજો ઘોડાની શરતોમાં મોજ લે છે તેમ સ્પેનીઆરડો થંડે પેટે આ લોહી રેડાતી રમતમાં ગમત લે છે. કોઇક ખેલનારાઓની બચવા માટેની ચપળતાઇ ખરે ઘણી સરસ દીસે છે. કોઇ વખતે જોનારાઓમાંથી કોઇ એકદમ હોકમ વગર પોતે લડવા ઉતરી પડે છે. થોડીવારમાં તે આ જેર થાય છે. એમ કરવા માટે પોલીસ તેને પકડે છે અને તેને આસરે રૂ. ૧૫ નો દંડ યા ૧૦ દીવસની ટેપ મારે છે.

એક માનીતો સ્પેનીશ તેહેવાર.

સ્પેનીઆરડોના કેટલાક ધાર્મીક તેહેવારોમાં આજે એક અગતનો તેહેવાર ફીસ્ટ ઑફ ધી ક્રોસ (Feast of the Cross) નામનો છે. રાત્રે જમીને રસ્તા ઉપર ફરતાં તેના રેવાજનો ખ્યાલ આવ્યો. હોટલના પડોશના એક મોટા ચોકમાં એક સારી જગ્યાએ ફુલપાનના અને રોશનીના શણગાર સાથે એક સુંદર ખેંચાણકારક માચડો બનાવ્યો હતો. એ દેખાવ જાણે આપણા મુકતાદના શણગારનો ખ્યાલ આપતો. આપણા

કોઇ તવંગરના ઘરના મુકતાદનો શણગાર તો જાણે ખ્રીશ્તાદમાં નહી. આપણા મુકતાદની આરણી માફકના ચઢઉતર તખકકા ઉપર તરેહવાર સુંદર વાઝો યા ફુલદાનોમાં તરેહવાર રંગબેરંગી ફુલો મેલેલાં અને ચઢઉતર તખકકામાં બે ત્રણ ફીટ લાંબી મીણબતીઓ સુંદર બતી-દાનોમાં બળે. આપણા મુકતાદ વચ્ચે અને આ અત્રેના તેહેવારના શણગાર વચ્ચે ફકત આ ફરક કે અહીં કોઇ આતશનું આફરગાન્યું નહી. આતશને બદલે સંખ્યાબંધ મીણબતીઓ બળે. નીચે જમીનપર પણ લીલું ઘાસ પાંથરેલું. વચમાં એઓના મેરી અને ક્રાઇસ્ટનાં પુતલાં મેલેલાં. સેંકડો લોકો તે જોવા આવે. કહે છે કે ઘણાક મોહોલ્લાઓમાં જાહેર ઉઘરાણાથી એમ કરવામાં આવે છે. કોઇ કોઇ લોકો પોતપોતાના ઘરમાં પણ એમ કરે છે. આ તેહેવારને દિવસે સાંજથી આ જોયું કે નાની છોકરીઓ, જેઓ રંગબેરંગી પોશાકમાં સજ થયલી, તેઓ હાથમાં નાની રકાબી પકડી ઓળખાણ પીછાણવાળા પાસે તેમજ બીજાઓ પાસે આ તેહેવારને દિવસે બક્ષેશ મોંઢે ચઢીને માંગે. આજે એમ માંગવામાં કાંઇ શરમ ગણાય નહી. એવી રીત ભેગી કરેલી બક્ષેશ પોતાના લત્તામાં એ ક્રીસમના ક્રાઇસ્ટની યાદમાં કરેલા ફુલપાનના શણગારના ખરચમાં તેઓ વાપરે છે.

સ્પેન-સેવીલ, હોટેલ ઓરીએંન્ટ,
તા૦ ૪ થી મે ૧૯૨૫.

સેવીલ.

ગ્રેનેડાથી સેવીલ જવા કાજે જીબ્રોલ્ટરથી ગ્રેનેડા આવતાં કાપેલા કેટલાક માર્ગથી આપણને પાછું જવું પડે છે. પણ ગ્રેનેડા આવતાં અને છોડતાં આપણે સ્પેનના આજુબાજુના પહાડો, જેમાંના કોઇક બરફથી ઢંકાયલા, ફકત અહીંતહીં છુટાં છવાયાં ઢાળાં (Patohes) મીસાલ નહીં પણ હીમાલયના કોઇ ભાગો માફક આખી શીખરની સપાટીએ અને ઢોળાવ બરફથી ઢંકાયલા અને લીલોતરીથી ભરાયલા પસાર કર્યે છિએ. માર્ગમાં ઓલીવનાં ઝાડનાં ખેતરો પાછળ ખેતરો, જેમાં ઝાડો સુંદર હારોમાં રોપેલાં હોય છે તે, આપણે પસાર કર્યે છિએ અને આપણને એવું દીસે છે કે જાણે સ્પેનનો જીવનગારો ઓલીવ ઉપર છે.

દેવળોમાં બલતી ઓલીવ તેલની બતી.

યુરોપમાં તરેહવાર પ્રકારની નવી રોશનીઓ અને તેમાં વીજળીની પણ-દાખલ થઇ છે, તોપણ તેનાં દેવળોમાં તેના પવિત્ર ગણાતા ભાગ (Sanctuary)માં યા બાજુના ચેપલોમાં આપણે હજી પણ પુરાણા ઓલીવ તેલનોજ દીવો બલતો જોઇએ છિએ. ગંજાવર, મોટાં-ખાસ કરી અંદરથી સુંદર શણગારેલી ઉંચી સીલીંગવાળાં-દેવળોમાં આપણે એવો દીવો બલતો જોઇએ છિએ, ત્યારે કાંઇક ગંભીરતાનો ખ્યાલ આવે છે. ખ્રીસ્તી દેવળોના અંદરના ભાગમાં બહારની રોશની પુર ઉજાશમાં નહીં પણ કમી થતા ઉજાશ (subdued light)માં દાખલ થાય છે. તેવા થોડાક ઉજાશ સાથના અંધકારમાં બલતા ઓલીવ તેલના દીવા, જે જાથુક રાત દિવસ દેવળોમાં બળે છે, તે આપણને એક પ્રકારની ગંભીરતાનો ખ્યાલ આપે છે. આપણાં આતશ આદરાનોમાં જાથુક બળતા આતશ અને ખ્રીસ્તી દેવળોમાં આવા જાથુક બળતા ચેરાગો બાબે અને એ ઉપરથી ઉપજતા કોઇક ગંભીર ધાર્મીક ખ્યાલો બાબે હું મારા વાંચનારોને આપણા શહેરના એક આગલા બીશપ રેવરંડ મ્યુરીનનાં "ક્રાઇસ્ટ અને જરથોશત" (Christ and Zoroaster) નામના વીષય ઉપર ખેંચું છું. આપણા આતશબહેરામના પવિત્ર આતશના ઓરડામાં અથવા નજદીકમાં વીજળીક રોશની સેવી કે નહી તે સવાલ અવારનવાર બરપા થાય છે. આ બાબત ઉપર અવારનવાર વિચાર કરતાં હું હલ માનું છું કે નરમ રોશની (subdued

light) વાળી જગ્યાએ બળતો પવિત્ર આતશ ગંભીરતાનો વધારે સુંદર ખ્યાલ આપે છે, માટે એવી રોશની જેપ કમી હોય તેમ સારૂં.

સેવીલ શેહર. આ શેહેર અસલી મુર લોકોની સતા અને દોલતનું મુખ્ય મથક હતું. તેઓએ આ શેહેરમાં ૫૫૦ વર્ષ અમલ કર્યો હતો. એ શેહેર સાથે દુન્યાની પેહેલવહેલી પ્રદક્ષીણા કરનાર મેગેલન (Magellon), જેનાં નામ ઉપરથી એક સામુદ્રધુની (straits of Magellon) એ પોતાનું નામ લીધું છે, તેનું નામ તેની જન્મભૂમી તરીકે જોડાયલું છે. આ શેહેરમાંથી કોલમબસ પેહેલે અમેરીકા તરફની સફરે નીકળ્યો હતો, જ્યાં તેણે ૧૪૯૨ માં અમેરીકા શોધી કાઢ્યું હતું. વળી આ શેહેર એક વખત રોમનોની સતા હેઠળ હતું અને તેણે હેડ્રીઅન, ત્રેજન અને થીઓડોસીઅસ જેવા પાદશાહો, જેઓ ઇરાન સાથે સંબંધમાં આવ્યા હતા તેઓને, પોતાની ધરતી ઉપરથી રોમને પુરા પાડયા હતા. સ્પેનનાં દેવળો અને નામીચાં મકાનોમાં ફરતાં આપણો ગાઇડ અવારનવાર આપણને ઉમદા ચિત્રો, મ્યુરીલો (Murillo) નાં તરીકે દેખાડે છે. તે ચિતારાની પણ આ શેહેર જન્મભૂમી હતી.

કોલમબસની યાદ આપનારૂં ઘણું આપણે અહીં જોઇએ છિએ. એક મોટું સુંદર મોન્યુમેંટ (Monumento de Cristobel Colon) તેની યાદમાં સુંદર બાગ વચ્ચે ઉભું કર્યું છે, જે ઉપર તેનું તે વખતનું વાહાણ, જેમાં તે અમેરીકા ગયો હતો, તેનો આકાર તેના મુરબ્બી રાજારાણી ફરડીનાન્ડ અને ઇસાબેલાનાં નામો સાથે આપેલો છે.

દેવળ અને તેની મસજીદ. અત્રેની જોવા લાયક જગ્યાઓમાં મુખ્ય અહીંનું દેવળ (cathedral) છે. તે તેજ જગ્યાએ ઉભું છે કે જ્યાં એક વખત ઇસ્લામી મસજીદ હતી. રાજ્યો આ ધર્મોની એમ ચઢતી પડતી છે. ઇસલામી કોન્સ્ટેન્ટીનોપલમાં સોફાયા (Sophia) ની મસજીદની ૧૮૮૯ માં મેં મુલાકાત લીધી હતી. ત્યાં ગનગન અવાજે કોરાન ભણાતું સાંભળી આવેલા વિચારો આજે બીજી રીતે પાછા યાદ આવ્યા. આ તરફ ઉલટું બન્યું છે અને જ્યાં મુસલમાન મુએઝીનના બાંગના પોકારો થતા અને કોરાન ભણાતું ત્યાં આજે ખ્રીસ્તી દેવળોના ઘંટના અવાજો થાય છે અને બાઇબલ વંચાય છે. એ દેવળવાળી જગ્યા ઇસલામીઓએ મસજીદ બાંધી તેની આગમજ પણ પવિત્ર જગ્યા ગણાતી હતી, સબબ કે અહીં એક વખત અસલી રોમનોનું પણ મંદીર હતું. આ દેવળની મેં બે વખત મુલાકાત લીધી. તેમાં પગ મેલતાં તેના ગંજાવરપણાં અને ગંભીરતાનો આપણને ખ્યાલ આવે છે. સવારના પોહોરમાં કોઇ કોઇ પોતાના પાદરીઓ પાસે "માસ" ભણાવતા અને ભકતીભાવથી ખુદાની યાદ કરાવતા.

દેવળમાં નાચ. સ્ટીમર નાલડેરાપર જોયલા ફેનસી બોલ બાબે મારા એક આગલા પત્રમાં મેં લખ્યું હતું કે અસલના વખતમાં નાચોને ધર્મ સાથે અને ધર્મ સંબંધી રેવાજો સાથે સંબંધ છે. સેવીલના કેઠેડ્રલના સંબંધમાં અત્રે જે જાણ્યું છે તે ઉપરથી મને વધુ ગવાહી મળી છે. કહે છે કે અહીં ક્રીસ્ટમસ અને ઇસ્ટરના તેહવારો વધારે ઉત્કંઠાથી પળાય છે. તે વખતે જ્યારે "માસ"ની ક્રીયા ("માસ" શબ્દ આપણા મયજદ શબ્દ જેવો છે અને તે એક સરખા ધાતુપરથી આવે છે અને તેઓ વચ્ચે કેટલુંક સરખાપણું છે) અહીં કરવામાં આવે છે, ત્યારે કહે છે કે હાલમાં પણ કેટલાક છોકરાઓ અસલી પુરાણા (antique) સ્પેનીશ પોષાકમાં મોટા યજ્ઞકુંડ (high altar) પર નાચે છે. તે નાચમાં નાચનારા છોકરાઓ માટે કહે છે કે તેઓ ભકતીભાવથી જાણે પોતાનો જીવજાન તેમાં મેલે છે. આ છોકરાઓનો પોષાક પણ સાધારણ પોષાક

હોતો નથી પણ હાલના ફેન્સી બોલ (Fancy Ball) માફક અસાધારણ હોય છે. તે નાચ સર્વ ગંભીરતા અને ઉલટ (decorum and earnestness) થી કરવામાં આવે છે. આ દાખલો દેખાડે છે કે ઘણાક રેવાજો ધર્મ (church) માંથી મંડળી (society) માં દાખલ થયા છે.

ગીરલ્ડા (Giralda).નો મીનારો, અરબોની ઓબઝરવેટરી.

આ ખ્રીસ્ટી દેવળ સાથે એક મીનારો જોડાયલો છે, જે અસલી અરબોના વખતનો છે અને તે અસલી અરબ એલમ હુન્નરની ગવાહી આપે છે. કહે છે કે એ મીનારો અરબોએ એક વેધશાળા (Observatory) તરીકે બાંધ્યો હતો. આખા યુરોપમાં આ પહેલવહેલી ઓબઝરવેટરી બંધાઇ હતી. જ્યારે યુરોપમાં સર્વ જગ્યાએ સરખામણીમાં જ્ઞાનના સંબંધમાં અંધકાર હતો, ત્યારે અરબોના આ સ્પેનમાં ઘણું ઉજરડું હતું. બીજા લોકોમાં અંધકાર એટલો બધો હતો કે જ્યારે અરબોને, આગલ જણાવ્યું તેમ, સ્પેન છોડી જવું પડયું ત્યારે સ્પેનના લોકો આ મીનારાનો ઓબઝરવેટરી તરીકેનો ઉપયોગ બરાબર સમજી શકયા નહી તેથી તેઓએ તેનો એક ઘંટ માટેના મીનારા (bell-tower) તરીકે ઉપયોગ કરવા માંડયો. આ મીનારા ઉપર પણ મોરોક્કોમાંના રબાત શેહેરના "હસનના મીનારા" માફક અંદરથી સીઢી નથી પણ ઢોલાવદાર રસ્તો છે જે ઉપરથી રાજા ઘોડાપર બેસી ઉપર ચઢી શકતો. આ મીનારા ઉપર જતાં આશરે ૨૫ મીનીટ લાગી પણ ધીમા ઢળાવ હોવાથી થાક ચઢતી નથી.

અરબ ખગોળશાસ્ત્રીઓ અને અરબ શાએરો.

ઉપલો મીનારો જ્યારે યુરોપ અંધકારમાં હતું ત્યારની અરબોની કેળવણી અને જ્ઞાનનો ખ્યાલ આપે છે. અરબોએ ગણિતશાસ્ત્ર અને ખગોળશાસ્ત્ર માટે ઘણું કર્યું છે. અરબોએ સાએરો યાને કવીઓ પણ ઘણા પેદા કર્યા છે. તેમાં કોઇક સાએરો તો ખગોળશાસ્ત્રીઓ પણ હતા. ઓમર ખયામનો દાખલો જાણીતો છે જે સાએર તેમ ખગોળશાસ્ત્રી પણ હતો, સાએરી અને શાસ્ત્રી એમ ઘણી વાર સાથે સાથે જાય છે. બંનેમાં એક જાતના માપની, તે માપ (measure)ની ગણત્રીની, જરૂર પડે છે. સાએરો દુરઅંદેશ જોનારા તરીકે (seers) ગણાયા છે. તેઓ કેટલીક વાર પેગમબરી દરજ્જો ભોગવે છે. પેગમબરો પોતે સાએરી યા કવીતામાં લખે છે. તેઓ સાએરો તરીકે કેટલીક વાર ધાર્મિક પુરૂશો તરીકે ગણાઇ સેતારેશનાસી પણ કરે છે, જે સેતારેશનાસીને ખગોળવીદયાના જ્ઞાન સાથે સંબંધ છે. જેમ કીમ્યુ (alchemy) રસાયન શાસ્ત્રનું તેમ ખગોળ સેતારેશનાસી (astrology) વીદયાનું મૂળ છે. અરબો કવીતા તેમ ખગોળ બંનેમાં મશહુર થયા હતા.

અલકઝર (Alcazar) આગલા અરબ પાદશાહનું અએવાન.

અત્રેનું અલકઝર તરીકે જણાયલું મકાન છે જે જેમ અસલી મુરીશ અરબ પાદશાહેનું રહેઠાણનું મકાન હતું તેમ સ્પેનના ખ્રીસ્તી પાદશાહોના પણ રહેઠાણનું મકાન છે. એ નામમાના કઝર શબદને કએસર, સીઝર સાથે સંબંધ છે. એમાં વધારે વઢાડ પાછળથી થઇ છે. પણ ઘણાક ભાગ અસલી પુરાણો અરબ છે. સેવીલમાં આ મકાન સુંદર ગણાય છે, પણ તેમાં પણ એલચીઓની દરબારનું અએવાન (hall of ambassadors) એક કીમતી ઝવેર માફક ગણાય છે. અસલના રાજા પાદશાહો, પારકા દેશના એલચીઓ યા પ્રતીનીધીઓ હજુર હમેશાં પોતાને અને પોતાના દેશને ઘણી ચઢતી હાલતમાં દેખાડવાને કોશેશ કરતા કે જેથી તેઓને તેમ જોઇ તે એલચીઓના પાદશાહોને તેઓના કઉવતનો કાંઇ

ચઢતો ખ્યાલ આવે અને તેના પરિણામમાં તે પારકા રાજાઓ તેઓના કઉવત માટે ચઢતો ખ્યાલ બાંધી તેઓને દબરાવવાથી દૂર રહે. આપણા દેશમાં આગલી કાથીઓ (Factories)ના યુરોપીયન રાજયોના આવેલા પ્રતીનીધીઓ પોતે દરબાર નહી ધરાવતા પણ તેઓ આજુબાજુના લોકોમાં પોતાના રાજયની મોટાઇનો છાપ મારતા હતા. એટલા કાજે પોતાની કોથીનો કોઇ આસામી મરણ પાંમે તો તેની કબર મોટી દબદબાવાલી બાંધતા-કે જેનો દાખલો આપણે સુરત, ભરૂચ વગેરેના ઇંગ્રેજ અને વલંદા (Dutch) ના કબ્રસ્તાનોમાં જોઇયે છિયે. પોતાનો દમામ દેખાડવા તેઓ દમામદાર કબરો બાંધતા.

આ વખતે સ્પેનનો રાજા અત્રે આવી આ અલકઝર મહેલમાં ઉતર્યો છે તેથી એ મહેલ હું જોઇ શકયો નહી એ મારી દલગીરી છે.

અહીના મકાનોમાં પાટીઓ (patio)

યુરોપમાંના પૂર્વ ભણીની ઢબના શેહેરોમાં સેવીલ ચઢતું (the most oriental) ગણાય છે. તેમ ગણાવામાં તેના "પાટીઓ" તરીકે પીછાણાતા ફુવારા સાથના બાગોનો હાથ છે જે પૂર્વ ભણીના બાગો માફકના છે. ત્યાં ઉનાળામાં લોકો આખો દહાડો પસાર કરે છે. એવા "પાટીઓ"નો નમુનો આપણે કૅથેડ્રલના ચોકમાં જોઇયે છિયે.

જેરૂસલમવાળા પાઇલેટનું મકાન

"What is truth ? said the doubling Pilate" આ શબ્દો કે જે આજથી ૫૦ વર્ષપર કોલેજમાં બેકનના વીષયો શીખતાં તેના "સચ્ચાઇ"ઉપરના પહેલા વીષયના મથાળે આપવામાં આવ્યા હતા તે સેવીલમાં યાદ આવયા. જેરૂસેલમની તવારીખ સાથે ઇરાનને ઘણું લાગેવલગે છે. ત્યાં કોઇ દિવસ તમો પાઇલેટ, જેનાથી ક્રાઇસ્ટને ઘણું ખમવું પડયું હતું, તે જુઓ ત્યારની વાત, પણ અત્રેના એક તવંગર પુરૂશે પેલેસ્ટાઇન જઇ, ત્યાં પાઇલેટનું પુરાણું મકાન છે તે જોઇ આવી, તેના ડીઝાઇન ઉપર એક મકાન બાંધ્યું છે. તે ધર્મી ખ્રીસ્તીઓ ફી આપી જોવા જાય છે. અહી આપણને પાઇલેટની બેઠક અને ક્રાઇસ્ટને મારી નાંખવાની જગ્યા તથા બનાવનો ખયાલ મલે છે.

હોટેલ રેજીના, સ્પેન–કોરડોવા,

તા૦ ૬ ઠી મે ૧૯૨૫.

કોર્ડોવા.

હું સેવીલથી ગઇ કાલે કોર્ડોવા આવ્યો છું. સેવીલથી અત્રે આવવાનો માર્ગ ઘણોખરો અહીંની જાણીતી ગોદલકુઇવર (Godalquiver) નદીને કિનારે અવારનવાર સમાનતર લીટીમાં સુંદર રળીઆમણાં દેખાવ સાથે દોડે છે. સારાં નસીબે હું બાહારની મોસમમાં અત્રે આવ્યો છું અને તેથી સઘળે આંખને તાઢક આપતી લીલાલેહેર અનુભવું છે. આગગાડીની બંને બાજુએ ઓલીવનાં ઝાડોની સુંદર હારો, જવ અને ઘઉંનાં ખેતરો અને જયાં એ નહીં ત્યાં જંગલી સુંદર રંગબેરંગી ફુલો આપણને ખેંચી રાખે છે. અહીંનાં જેવાં જંગલી તેમજ બાગોનાં ફુલો મેં કેહે જોયલાં નથી. એકજ રંગનાં જંગલી ફુલોના સામટાં, જાણે રંગીન ગાલીચો પાંથરર્યો હોય તેમ, ગીચ લાંબા પાટ ને પાટ આપણે જોઇએ છિએ: બાગોમાં પણ સેવીલના પાર્ક (Parque Marina Lorenza) જેવો તરેહવાર ફુલોથી ગીચ ભરેલો બાગ મેં કેહે જોયો નથી. બાગબાને ગોલાબ વીગેરેના વેલાઓ એવા તો સુંદર રીતે અહીંતહીં ચઢાવેલા કે આપણે આફ્રીન કર્યે.

કોરડોવા–અરબ અને એલમનું મધ્યબીંદુ.

મારા મનમાં સ્પેન અને કોરડોવા જાણે "ઇકવેશન" (equation) હોય તેમ હમેશાં રમતાં હતાં, કારણકે તે અરબોના એલમહુનર અને વીદ્યાનું મધ્યબીંદુ એક વખત

ગણાતું હતું. તેની યુનીવર્સીટી યુરોપમાં મશહુર હતી, જ્યાં યુરોપના તવંગર બાપો પોતાના બેટાઓને કેળવણી લેવા યા કેળવણી સંપુર્ણ કરવા મોકલતા. આજે જમાનાની ગીર્દીશથી તે યુનીવર્સીટીના મકાનની જગ્યા પણ કેઇ તે ચોકસ કહેવાઇ શકાતું નથી. પણ શેહરથી દૂર હાલ કેટલાંક ખંડીઓરો ખોદી કાઢે છે, ત્યાં તેનું મકાન મનાય છે. આ યુનીવર્સીટીના સબબે કોરડોવા એલમ હુન્નરનું મુળ મથક (nursery of science and art) ગણાતું હતું.

કોરડોવાની અરબ યુનીવર્સીટી.

સામાન્ય જ્ઞાનની રોશનીમાં પણ મુરીશ અમલ દરમ્યાંન સ્પેન યુરોપમાં સરસાઇ ભોગવતું. કોરડોવાની અરબ યુનીવર્સીટી જાણીતી હતી. યુરોપના ઘણાક શેહેરોમાંથી તવંગરો પોતાના બેટાઓને ચઢતી કેળવણી આપવા માટે અત્રે મોકલતા. આ બાબતના સંબંધમાં થોડીક વીગતે હું મારી "Masonic Papers" નામની ચોપડીમાં ફ્રીમેસનરીની તવારીખ આપતાં બોલ્યો છું તેનો વધુ વીગત માટે હવાલો આપું છું. અહીં અપાતી કેળવણી તરફ યુરોપ ભાવ સાથે જોતું એટલુંજ નહીં પણ આ શેહેર તે વખતની ભણેલી દુન્યાને સેનેકા અને લ્યુશીઅન (Seneca and Lucian) જેવા પુરૂષો રોમ મારફતે આપ્યા હતા.

કોરડોવા અને ખલીફાત.

આપણે છેલ્લી મોટી લડાઇ દરમ્યાંન "ખલીફ" માટે ઘણું સાંભળ્યું છે. ખલીફો અને પાદશાહોના "ખોતબા" માટે પણ આપણે કેટલુંક સાંભળ્યું છે. આ બાબત ઉપર મારા "ઇસ્લામીઓનો ખોતબા અને પારસીઓમાં ભણાતી દસ્તુરી" નામના વિષયનો હવાલો આપું છું. હવે કોનસ્ટાન્ટીનોપલ ઉપરાંત બીજા કોઇક દેશ સાથે પણ ખલીફાત જોડાયલું છે. તે પ્રમાણે મુરીશ અમલ વખતે કોરડોવા શેહેર પણ એક ખલીફાતનું મથક હતું. જેમ પૂર્વ અને પશ્ચિમની બે જુદી રોમન શાહાનશાહતો થઇ હતી, તેમ ખલીફાત બે થઇ હતી અને કોરડોવા પશ્ચિમ ખલીફાત (Western Caliphate)નું મથક થઇ પડયું હતું. તે બગદાદ અને દમાસકસ સાથે ઘણેક પ્રકારે હરીફાઇ કરનારૂં શેહેર હતું. મુર લોકોના અમલ દરમ્યાંન તેની વસ્તી દસ લાખ આદમીની હતી. હાલમાં તે ઘણી કમી છે. એજ પ્રમાણે ગ્રેનેડામાં પણ અહીંના મુરીશ પાદશાહત વખતે પાંચ લાખની વસ્તી હતી, તે હાલમાં ઘણી થોડી છે. જયારે યુરોપના પેરીસ અને લંડન જેવાં શેહેરો અંધકારમાં હતાં ત્યારે આ શેહેરો રોશનીમાં હતાં. માનસીક યા જ્ઞાનની રોશનીજ નહીં પણ શારીરીક રોશનીના સંબંધમાં પણ એમ હતું. કહે છે કે અરબ પાદશાહોના વખતમાં આ શેહેરના દસ મૈલની લંબાઇના રસ્તાઓ ઉપર રાત્રે બતીઓ સળગતી હતી પણ લંડનમાં ત્યારપછી છેક આસરે સાતસો વર્ષે જાહેર રસ્તા ઉપર રાત્રે દીવા સળગાવવા લાગ્યા. વળી અરબોના અમલ હેઠે અહીંના રસ્તાઓ પથર જડી લીધેલા એવા તો સરસ હતા કે વર્ષાદમાં પણ તમો સફાઇથી તે ઉપર ચાલી શકો. પણ તે વખત અને તે વખત પછી સદીઓ સુધી પેરીસમાં એક પણ રસ્તો એવો નહી હતો કે જેમાં વરસાદ પડવા પછી ગુંથી સુધીનો ચીકલ નહી થતો. આ સરખામણી અરબોના અમલમાં અહીં ફેલાયલી સર્વ પ્રકારની સરસાઇ જણાવે છે.

કોર્ડોવા અને અબદર રેહમાનનું વંશ.

કોર્ડોવાને અરબ અમલ હઠળ ચઢતીની પંકતીએ પહોંચાડનાર દમાસ્કસ તરફથી આવેલાં એક કુટુંબ (Omaiyades) ના અબદર રેહમાન નામના પાદશાહો હતા. એ નામના પેહેલા, બીજા અને ત્રીજા અબદર રેહમાને તેને ઉર્મીની ટોકે ચઢાવ્યું

અસલની રોમનોના અમલ હેઠળની આબાદી એઓએ તાજી કીધી હતી. એ ઇસલામી પાદશાહો દમાસ્કસથી સ્વતંત્ર થયા અને તેઓએ એક ગંજાવરમાં ગંજાવર મસજીદ અહીં બાંધી, તથા કોર્ડોવાને બીજું મક્કા બનાવ્યું અને મક્કાની માફક અહીં હજારો જાત્રાળુઓ એક વખત હજે આવતા.

જેમ સર્વ રાજપાટોમાં બને છે તેમ માંહોમાંહેના કજીઆઓએ સ્પેનના અરબ અમલનો અંત આણ્યો. જ્યાં સુધી પેહલા આવનારા અરબો એકજ અમલ તળે હતા ત્યાંસુધી સર્વ ઠીક ચાલ્યું પણ એકથી વધુ અરબ રાજાઓ અહીં અને તહીં થઇ છુટા પડયા કે માંહોમાંહે લડાઇ કરવા લાગ્યા અને તેમ થવાથી નબળા પડવાથી ઉત્તર તરફના સ્પેનીશ રાજાઓએ તેઓને એક પછી એક માહાત કીધા. અબદર રેહમાનનાં વંશ પછી અરબ દોરની પડતી આવી. રાજા ફર્ડીનાન્ડનું નામ એ પડતી આણવા માટે અને સ્પેનની જાતી કીર્તી વધારવા માટે મશહુર છે.

કોર્ડોવાની (Mezquitta) મેઝકીટાની મસજીદ.

કોર્ડોવાની આ ગલી મોટાઇનો ખ્યાલ આપનારાં મકાનોમાં અગ્રે મેઝકીટાના નામે જણાયલી મસજીદ છે, જેમાં હોલમાં દેવળ છે. મેઝકીટા શબ્દજ "મોસ્ક" (મસજીદ)નું એક રૂપ છે. એ જુમા મસજીદ હતી તેના કદ અને વીસ્તારમાં તે મસજીદોની મસજીદ હતી અને હજુર છે. આપણી મુંબઇની જુમા મસજીદ જેવી આસરે ૩૦ યા ૪૦ તેમાં સમાઇ જાય. કહે છે કે તેમાં પચાસ હજાર આદમીઓ એકીવખતે ભેગાં મલતાં અને તેહેવારોપર વધુ થતાં ત્યારે બાહારનો બાગ જ્યાં હાથ મોંહડું ધોવાનો ચોક છે ત્યાં ઉભાં રહેતાં. એ ચોકમાં બાજુએ હજે આવનારા લોકો માટે રહેવાની ગોઠવણ હતી તેના જેવી ગંજાવર વીસ્તારની મસજીદ મેં કહે જોઇ નથી. તે શરૂ થઇ ત્યારપછી ત્રણ મરતબે એક પછી એક એમ ચાર અરબ પાદશાહોએ તેને વધારી છે. એમ આખી મસજીદના આસરે ૧૯૦૦ સ્તંભ (columns) છે. એ સંખ્યા ઉપરથી તેનો ખ્યાલ આવશે. પણ વળી બાંધકામનાં હુન્નરમાં એ એક વીચિત્ર મકાન છે. રોમ, બાઇઝેનટીઅમ અને વીસી–ગોથ લોકોના હુન્નરના અહીં નમુના છે, એટલે એ સ્તંભો તરેહવાર જુદા જુદા દેશના હુન્નરોના નમુના છે. તે ઉપરના "કેપીટલ"માં પાદડાંના જુદા જુદા ચિતાર એ દેખાડે છે. તેમાં દાખલ થવાના આસરે ૧૯ તો દરવાજા હતા. હાલમાં એ મસજીદ દેવળ તરીકે વપરાય છે. એ મસજીદના મોટા વીસ્તારનો ખ્યાલ આ ઉપરથી આવશે કે ખ્રીસ્તીઓએ પાછળથી તેમાં એક દેવળ ઉપલાજ મસજીદ શબ્દના નામ ઉપરથી "મેઝકીટાનું દેવળ" એવે નામે બનાવ્યું છે. તે દેવળ મોટું હોવાં છતાં તેનો કેથીડ્રલવાળો વિભાગ તેના મધ્ય ભાગમાં એક ખુણા માફક નાની જગ્યા રોકે છે. ખ્રીસ્તીઓએ તેના ઉપલા ૧૯ ગંજાવર દરવાજાઓ બંધ કરી નાખ્યા છે અને તે દરેકના ગાળામાં ચેપલો બનાવ્યાં છે. એ અને સ્પેનનાં બીજાં દેવળોમાં કોઇ કોઇ પુંજારાઓનો ભકતીભાવ આપણું ખાસ ધ્યાન ખેંચે છે. એવા ભકતીભાવનું એક રૂપ મેં સેવીલના કેથીડ્રલમાં જોયું હતું. મેં સેવીલનાં તે દેવળની બે વખત મુલાકાત લીધી હતી. તેની મોટાંઇ, શણગાર અને તે સાથની ગંભીરાઇ અને શાંતપણાથી આપણે અજબ થઇએ છિએ. તેની સીલીંગ તરેહવાર શણગાર સાથની આસરે ૧૦૦ થી વધારે ફીટ ઉંચી હશે. તેપર ૨૦ થી વધારે ચેપલો છે જે દરેક ચેપલ મુંબઇના કોઈ દેવળો કરતાં મોટાં છે. એમ દેવળ (Cathedral) માં વળી નાનાં દેવળ (chapel) કેમ હોઇ શકે તેનો ખ્યાલ આપણી દરેમેહેરોમાં કેટલાક જુદા ઇંધોરા હોય છે, તે ઉપરથી આવશે. સવારના પોહોરમાં જુદાં જુદાં ચેપલોમાં પોતપોતા તરફથી "માસ" ભણાવવા

બાનુઓ આવી હતી અને પાદરીઓ માસ જુદાં જુદાં ચેપલોમાં ભણતા હતા. ત્યાં એક બાઇ ચેપલના ઑલ્ટર (altar) આગળ પગે પડવા ગઇ તે ચાલીને નહીં પણ ગુંથણુમંડીએ પડી ગુંથણુ ગુંથણુ ચાલી ગઇ. તે બુઝોર્ગ બાઇને એમ ચેપલનાં ઉંબરથી ઓલ્ટર આગળ ગુંથણુમંડીએ જતાં પાંચ મીનીટ થઇ હશે. તેણીનો ભકતીભાવ (devotion) અસર કરનારો હતો. મને એક વખત યાદ આવે છે કે જયારે એક હીંદુ બાઇ કોલાબે "ઉડ હાઉસ બ્રીજ"ને નાકે દર્યા સાગરને કાંઇ માનતા ચઢાવવા આવી તે નાના કોલાબાનાં બજારથી ને દર્યા કિનારા સુધી ચાલીને નહીં પણ સુઇ સુઇને આવી, એટલે એક વખત સુએ ને હાથ લાંબા કરે પછી ઉઠે અને હાથ લાંબા કીધેલા ત્યાંસુધી વધી પાછી સુએ. એમ પગે પડતી (prostrate) તેણી દર્યા સાગરના દર્શણે આવી. એવા ભકતીભાવના દાખલાઓ આપણને ઘણા વિચારમાં નાખે છે. કહે છે કે ટીબેટમાં કોઇક હીંદુઓ આખો મોટો "માન સરોવર"ની સુઇને પ્રદક્ષીણા કરે છે.

અઝ-ઝહગાનું ખંડીઅર. કોર્ડોવાથી આસરે ચાર મૈલ દુર એક ભાંગેલા મેહેલ નામે અઝ–ઝહગાનું ખંડીએર છે, જે હાલમાં જમીનમાં દટાયલું કેટલેક ભાગે ખોદી કાઢવામાં આવે છે. તે આપણા દેશમાં કોઇક મોગલ પાદશાહોના સંબંધમાં તેઓની માનીતી રાણીઓ બાબેની જે વાતો સાંભળ્યે છિએ તેની યાદ આપે છે. ત્રીજા અબદર રેહમાન અરબ પાદશાહે તે મેહેલ પોતાની એક માનીતી ખ્રીસ્તી બાનુ માટે બાંધ્યો હતો, જે બનાવ બાઇબલનાં ઓલ્ડ ટેસ્ટમેન્ટમાંની રાણી એસ્થર (Esther) ની અને એક ઇરાની પાદશાહ આહુસેરૂસ (Ahuserus), જે કોણ પાદશાહ હતો તે હજુર નક્કી થયું નથી, પણ જેને ઘણાકો ઝર્કસીસ (Xerxes) ધારે છે, તેની વાતોની આપણને યાદ આપે છે. એ ઇરાની પાદશાહની રાણી એસ્થર યાહુદી હતી અને તેણીએ ઇરાની પાદશાહ પાસે પોતાના યાહુદીઓ માટે ઘણી મેહેરબાનીઓ માગી હતી. તેજ મુજબ આ ખ્રીસ્તી રાણીએ પોતાના ખ્રીસ્તીઓ માટે મેહેરબાનીઓ માગી હતી. તેણી તરફની ફીદાગીરી કાજે આ મેહેલ એક પહાડના ઢોળાવ ઉપર તબક્કા ઉપર તબક્કા (terrace upon terrace) એવી રીતે બાંધ્યો હતો. આપણા નીઝામના આર્કીઓલોજીકલ ખાતાંના વડા મી૦ યઝદાનીએ ગયે વર્ષે આ ઇસ્લામી મેહેલના ખંડીએરની કેટલાક દિવસ અત્રે રહી ઉલટ સાથ તપાસ લીધી હતી. અરબોના હુનર કામમાં કોર્ડોવાને તેવણે ઘણું સરસ ગણ્યું હતું. આ ખંડીએરમાંથી જે ચીજો ખોદી કાઢવામાં આવે છે તે ચીજો ઉપરના ફુલોનો શણગાર તેના ઉપરની ઇરાના અસર દેખાડે છે. અસલી ઇરાનીઓ બાગબાની અને ખેતીમાં હુશીઆર હતા, અને પાણીની નેહેરો વીગેરે બાંધવામાં અને એવાં બીજા પાણીનાં બાંધકામો (Water-works) ઉભા કરવામાં પ્રવીણ હતા. તેના ઇશારાઓ આપણા પુસ્તકો અને શાહનામામાં આપણે પુરતા જોઇએ છિએ. જમીનને પાણી પહોંચાડવાની પોતાની ખબરદારી સાથે તેઓ ખેતી અને બાગબાનીમાં પ્રવિણ હતા. કહે છે કે ઇરાનના શાહ વીગેરેના મેહેલોમાં હજુર ઇરાની બાગબાનો છે. ઇરાને યુરોપને કેટલીક હદે બાગબાની આપી છે. આ બાગબાનીની ખબરદારીના સબબે તેઓના હુનરમાં ફુલપાનનો શણગાર ઘણો આમેજ હતો અને તે હુનર આજુબાજુના મુલકોમાં ફેલાયલો હતો. આપણા દેશમાં માઉન્ટ આબુના જાણીતા દીલવારાના જઇન મંદીરનાં સુંદર કોતરકામમાં ફુલોના શણગાર ઉપર વીદ્વાનોએ ઇરાની હુનરની અસર જોઇ છે. એજ મુજબ, અરબો ઇરાનથી અત્રે આ હુનર લાવ્યા હતા. વળી કહે છે કે આ ખંડીએર

વાળું રાણીનું મકાન બાંધવા માટે ગામે ગામથી કારીગરો આવ્યા હતા. તેમાં કેટલાક સીરીઆથી આવ્યા હતા, જ્યાં ઇરાની હુન્નર ફેલાયલો હતો.

ઇસલામી અમલનો અંત આવતાં, કેટલાક પાદરી સાધુ ભાઇઓએ પડોશમાં પોતાનું એક સુંદર મઠ (monastery) પહાડ ઉપર બાંધ્યું છે. તેનાં બાંધકામ માટે તેઓ આ મેહેલમાંથી પથરો વીગેરે લઇ ગયા હતા અને મેહેલને ખરાબ કર્યો હતો. જાણે કુદરતની વહાલી સજામાં તેઓના હાથમાંથી મઠ પણ ગયું છે, સબબ કે તેઓની સત્તા પાછલા સ્પેનીશ ખ્રીસ્તી પાદશાહોના અમલમાં ઘણી તુટી હતી. તેઓ રાજદ્વારી બાબતમાં પડવા લાગ્યાથી તેઓ રાજ્યની ગેરમેહેરબાનીમાં આવ્યા. એવી ગેર-મેહેરબાનીથી પડત પડેલું એક મઠ મેં સેવીલમાં પણ જોયું હતું.

સ્પેનની બુલ-ફાઇટના ગોધાઓ.

આ ખંડીએ રની મુલાકાત લેવા જતાં બુલ-ફાઇટ માટે ગોધાઓને ઉછેરવાની અને રાખવાની જગ્યા જોઇ. ઘેરી લીધેલી મોટી જગ્યામાં તેઓ છુટા ફરે છે અને ચરે છે અને મસ્ત બને છે. તેના માલેકો સરતના ઘોડાના માલેકો માફક કેટલાક તવંગર હોય છે. કહે છે કે એ ગોધાઓ જ્યાં ટોળા (flock) માં ચર છે, ત્યાં તમો જાઓ તો તમુને કાંઇ કરે નહી. પણ તમોને તે છુટો મળે તો આંગ ઉપર આવે. ઉદેપુર જે "રજપુતાનાનું કેશમીર" ગણાય છે ત્યાં જંગલી ભુંડો (boars), જેઓના શિકારની હકીકત આપણે "બેજન મનીજેહ"ના દાસ્તાનમાં વાંચીએ છિએ, તે ઘણાં જોઇએ છીએ. મહારાજાના શિકારગાહની જગ્યાએ તમો જો એકલા જાઓ તો તમારા ઉપર હુમલો કરે. પણ ત્યાં દર સાંજે મહારાજાનાં માણુસો પોકાર કરી દાણા ખવાડવા તેડે છે ત્યારે સંખ્યાબંધ નર, માદા તથા બચ્ચાં આવે છે. તે વખતે તમો તેઓ વચ્ચે ફરો તો કાંઇ અડચણ નહી કરે.

કોલમ્બસ અને સ્પેન.

ગ્રેનેડા અને સેવીલ વીગેરેમાં ફરતાં આ પણે કોલમ્બસ માટે ઘણું સાંભળ્યે છિએ અને જોઇએ છિએ. કોલમ્બસના સાહાસ માટે આપણે ઘણું વાંચ્યું છે, પણ તેને માટે સ્પેનીઅર્ડ લોકોને મોહેથી, તેઓના હરખ વચ્ચે કાંઇ સાંભળવું, એ ઓરજ ચીજ છે. તેઓનો હરખ જાણવો એમાં પણ કાંઇ મજાહ છે. એવો એક સ્પેનીઅર્ડ જે થોડું ક ભાંગુ તુટું અંગ્રેજી જાણતો હતો તેને મોહેથી હરખ સાથે મેં કેટલુંક સાંભળ્યું. કહે છે કે કોલમ્બસ ઇટલીના જીનોઆમાં જન્મી અત્રે (Huelva ગામમાં) એક મિત્ર જે ચિતારો હતો તેને મળવા આવ્યો. તે મલ્યો નહી તેથી તે ગામના એક મઠમાં ગયો. તે મઠનો વડો સાધુ (monk) સ્પેનની જાણીતી રાણી ઇસાબેલાનો વિશ્વાસુ પાદરી (confessor) હતો. તેણે કોલમ્બસના સફર શોધ માટેના સાહાસીક વિચારો જાણીને રાણી આગળ એક પત્ર આપી ગ્રેનેડા મોકલ્યો. રાણી તેના સાહાસીક વિચારોથી ખુશી થઇ, પોતાના જહવેરો વેચી, તેનું નાણું એક સુંદર કોથળીમાં મુકી, કોલમ્બસને તેના સાહાસ માટે આપ્યું. તે કોથળી એક નવાઇ તરીકે ગ્રેનેડાના એક દેવળમાં આપણે જોઇએ છિએ. કોલમ્બસે તે પૈસામાંથી ૩ વહાણો (La Pinta, La Nina અને Santa Maria) બાંધ્યાં અને સાન્ટા મારીઆ વહાણમાં પોતે બેસી પોતાનો વહાણોનો કાફલો અમેરીકા તરફ હીંદુસ્તાનની શોધમાં લઇ ગયો, અને હીંદને શોધતાં અમેરીકા શોધ્યું. ગ્રેનેડા, સેવીલ વીગેરેમાં કોલમબસની યાદ આપનારાં ઘણાં મોન્યુમેન્ટો અને સાધનો છે. એના પોતાના વહાણ સાથનું અને એના સ્ટેચ્યુએટ (statuette) સાથનું એક મોટું મોન્યુમેન્ટ સેવીલમાં છે.

રાબીન્દ્રનાથ ટાગોરની પ્રસિદ્ધતા.

કહે છે કે એક પેગમ્બર પોતાના દેશ કરતાં પારકા દેશમાં વધારે છાપ મારે છે. આપણા દેશનો રાબીન્દ્રનાથ ટાગોર જે પણ એક શાએર તરીકે એક પ્રકારનો પેગમ્બર (Seer) ગણાય તેને માટે પણ આ ખરૂં છે. તેવણ પોતાના દેશ કરતાં યુરોપમાં વધારે વખણાય છે. તેવણના વખાણની સ્તુતી મેં સ્ટીમર ઉપર ફ્રેંચ લોકોથી અને તેમાં છેક કેનેડાથી આવેલા એક બાઈથી અને અત્રે કોઈક સ્પેની અર્ડથી સાંભળી છે. એવણના કોઈક લખાણોનો સ્પેનીશ ભાષામાં પણ તરજુમો થયો છે. એઓ એવણને ફક્ત હીંદુસ્તાનના નહીં પણ દુન્યાના કવી ગણે છે.

હોટેલ કાસ્ટીલા, તોલેડો,
તા૦ ૭ મી મે ૧૯૨૫.

તોલેડો.

ગઈ કાલે રાત્રે સાડાનવ વાગે મેદ્રીડ આવી આજે ત્યાંથી કુકની એક્ષકરશન પાર્ટી સાથે આ પુરાણા શેહેરમાં આવ્યો છું. મેદ્રીડથી પોણાત્રણ કલાકનો મોટરથી રસ્તો છે. આ શેહેર ટેગસ નદી ઉપર ઉંચી જગ્યાએ આવ્યું છે. મેં સ્પેનની ટુંક તવારીખ આપતાં આગળ જણાવ્યું છે તેમ આ શેહેરમાં પણ રોમન, વીસી-ગોથ, અરબ એ સર્વની હકુમત થઈ છે. યુરોપનાં હાલ સુધીનાં વસવાટવાળાં શેહેરોમાં આ શેહેર પુરાણામાં પુરાણું ગણાયછે અને ગોથ લોકોએ તને પોતાનું રાજધાની શેહેર બનાવ્યું હતું. સ્પેનમાં અરબોનો અમલ ઘણી સદીએ.નો હતો પણ સર્વ જગ્યાએ કાંઈ તેઓ શરૂઆતથી પગભર થયા હતા નહીં, તેથી આ શેહેરમાં તેઓનો અમલ આસરે સાડી ત્રણસો વર્ષનો હતો, પણ તે અમલ તે પછીના ક્રીસ્તી અમલ કરતાં ચઢતા પ્રકારનો ગણાય છે. દાખલા તરીકે, કહે છે કે, તે અમલમાં ધર્મની વધારે સહનશીલતા હતી, અહીં યાહુદીઓના બે સીનેગોગ (Synagogues) છે. તેમાંનું એક ક્રીસ્તી દેવળ તરીકે વપરાય છે, જોકે શેહેરમાં હાલ એક પણ યાહુદી નથી. પોર્ટુગલ માફક, ક્રીસ્તી સ્પેન પણ આ સહનશીલતા દેખાડતું આવ્યું છે, અને તે સબબે સ્પેન હાલ આખું ક્રીસ્તી છે. જેમ અરબો અહીંથી ગયા તેમ યાહુદીઓ પણ ગયા. દક્ષિણ સ્પેનમાં કોઈક યાહુદીઓ છે જે મોટે ભાગે ક્રીસ્તી બનેલા છે.

અહીંના આગલા યાહુદીઓ.

એક સીનેગોગ માટેના અહીંના યાહુદીઓનાં ભક્તીભાવ કાજે કહે છે કે તેની બાલીંગનું લાકડું (cedar) પણ પવિત્ર પેલેસ્ટાઈનમાંના લેબેનોન (Lebenon) નામના પહાડપરથી અને બીય હેઠળની માટી પેલસ્ટાઈનના એક બીજા પહાડ (Mount Zeon) પરથી લાવ્યા હતા. કહે છે કે અહીંના પેહેલા યાહુદીઓ પેલા બેબીલોનનાં રાજા નેબુકદનેઝર (Nebuchadnezzar) જેની કેટલીક હકીકત આપણે આપણાં પેહેલવી પુસ્તકોમાં જોઈએ છિએ, તેના હાથથી ત્રાસ પામી અહીં નાહાસી આવ્યા હતા. આપણા હખામીનીઅન પાદશાહ સાઇરસને બાઇબલના ઓલ્ડ ટેસ્ટેમેન્ટમાં (Syrus the anointed એમ) પવિત્ર ભાવથી ચાહ્યો છે, તે આજ સબબે છે કે નેબુકદનેઝરના જુલમાત પછી તેણે યાહુદીઓની મુરબ્બીગીરી કીધી હતી. આપણા આ વંશના પાદશાહોમાંથી કેટલાકોએ એમ યાહુદીઓની કરેલી મુરબ્બીગીરીની વીગત માટે મારા "King Solomon's Temple and the Ancient Persians" એ નામના વિષયનો હવાલે. આપવાની રજા લઉં છું.

તોલેડોનું દેવળ.

તોલેડોનું દેવળ ઘણું તવંગર ગણાય છે. તેની તવંગરી તેના (ક) ઉત્તમ ચિત્રકામ, પત્થરનું કોતરકામ (soulpture) વીગેરે માટે છે તેમ (ખ) તેના કિમ્તી ખજાના (Treasure) માટે છે.

(ક) એમાં જે દિવાલ વીગેરે ઉપર આપણે ચિત્ર જોઇએ છિએ, જે કોતર કામ જોઇએ છિએ તેથી અજબ થઇએ છિએ. શું લખું ને શું નહી લખું? કોઇ વખતે જાણે નાસીપાસી થાય છે કે એમ લખવા કાજે શું કરવા માથે લીધું? રખડ રઝડ વચ્ચે એટલું બધું તો જોવા જાણવા અને નોંધવાનું હોય છે કે શું કહેવું તેના વિચારમાં પડવું પડે છે. અહીં શરીરની આંખ અને મનની આંખ માટે ઘણું જોવાનું છે. અહીં દેવળના ચિત્રકામ વીગેરેમાં જાણે આખું બાઇબલ આપણે વાંચીએ છિએ. અહીં કાઇરેટ પછીના પીરો (Saints)ના નામ ધરણ (Calendar)વાળા પીરોની જે હકીકત નોંધેલી જોઇએ છિએ, તે આટલી બધી છે કે આપણી ઉતાવળી મુલાકાતમાં આપણે જે જોઇએ છિએ, તે જાણે રૂપીઆના એક પૈસાભાર પણ નથી અને હું જે જણાઉં છું તે અહીંજ જોઉં છું અને જાણું છું તેના એક આના ભાગ જેટલું પણ બરાબર રજુ કરી શકતો નથી. આ સર્વ જોઇને એક નીચલો વિચાર આવે છે.

આ સર્વ કારીગીરી કોણને માટે?

આપણે ચિત્ર દોરનારાઓ (Painters) અને પુતલાં બનાવનારાઓ (Sculptors) વીગેરેને તેઓનો હુનર માણસજાત જુએ અને પીછાણે તે માટે તે હુનર વાપરતા સમજીએ છિએ. પણ આ અને એવાં બીજાં ઘણાં બુલંદ—સીલીંગની ઉંચાઇમાં બુલંદ—અને નરમ દાખલ કરેલી રોશની (Subdued light)ના દેવળોમાં જે ઉમદા કારીગીરી આપણે જોઇએ છિએ તે માણસજાત જુએ અને વખાણે તે માટે કરેલી હોય એમ નથી. એક તો ૮૦ થા ૯૦ યા ૧૦૦ ફીટની ઉંચાઇની સીલીંગ અને વળી રોશની પુરતી નહીં, ત્યારે એવાં ઉમદા અને બારીક કારીગીરીનાં કામો બરાબર જોવાઇ અને પિછાણી શકાય નહીં. કેટલુંક નીચેનું કામ પણ એવી જગ્યાએ છે કે મોટી વીજળીક બતીની રોશનીથી આપણને ગાઇડ દેખાડે ત્યારે આપણને લાગે કે ભલા આદમી એોએ આ સર્વ એમ ઉંચે સુધી અને પુરતી રોશની નહી તેવી જગ્યાએ શું કરવા કર્યું હશે? ઉજરડાંમાં અને જોવાય તેમ નીચેજ શા કાજે કર્યું નહી હશે? પણ જવાબમાં એટલુંજ કહેવાય કે "કારીગરોએ આ કામ માણસને રાજી કરવા માટે કર્યું નથી પણ પોતાના ખુદાને રાજી કરવા કર્યું છે. પૈસા આપી કરાવનારાઓએ પણ તે ખુદાને રાજી રાખવા કરાવ્યું છે." ફીદીઆસ (Phydias) નામના એક અસલી કારીગરની વાત છે, કે તેણે મહિનાના મહિનાઓ સુધી એક પુતલાં પાછળ મેહનત લઇ તેને સુંદર રીતે તમામ કર્યું હતું. ફકત માથાં પછવાડેનો ભાગ તમામ કરવા તે દિવસોના દિવસો લેતો હતો. એ ઉપરથી તેના એક મિત્રે કહ્યું કે "ભલા આદમી! એ માથાંની પછવાડેનો ભાગ કોણ જોવાનું છે? દીવાલ આગળ આ પુતલું મુકતાં પછવાડેનો આ ભાગ કોઇની નજરે પડશે નહી. ફીદીઆસે જવાબ દીધો કે "માણસ નહી જોશે પણ ખુદા તો જોશે." આ સુંદર વાત દેખાડે છે કે આપણે આપણું કામ "ખુદા તો પિછાણશે" તેમ કરવાનું છે. ફકત લાખ નહી પણ કરોડોના ખર્ચના આ દેવળો અને તેમાંના કરોડોના ખર્ચના ચિતારકામો તેના કારીગીરીઓએ રૂપયા, આના, પૈના વિચારથી નહી, માણસનેજ ખુશી કરવાના વિચારથી નહી, પણ પોતાના ખુદાને રાજી કરવાના વિચારથી તેના તરફના ભકતીભાવથી કર્યાં છે. "હુનર ખુદાઇ છે." આ શબ્દો આ મતલબે પણ ખરા છે.

આ સર્વ આથ્યા!

જ્યાં દેવળ હતું ત્યાં મસજીદ, જ્યાં મસજીદ હતી ત્યાં દેવળ, જ્યાં રોમનો હતા ત્યાં વીસી-ગોથ (Westorn અથવા પશ્ચિમ ભણીના ગોથ લોકો), જ્યાં ગોથ હતા ત્યાં અરબો, જ્યાં અરબો હતા ત્યાં પાછા ખ્રીસ્તીઓ, એવા જમાનાના

ફેરફારો પણ આવી જગ્યાએ આપણને હુન્નરની અજાયબી સાથે તરેહવાર વિચારમાં રમતા મેલે છે, અને "આ સર્વ મીથ્યા છે" એમ વિચારતા કરે છે. કોઇક મુસીફ લેખોએ સ્પેનના કોઇક શહેરોમાં આજ વિચાર જણાવ્યા છે. અને તાં આ દેવલમાં ફરતાં એક કબર ઉપરના એવાંજ લાટીન શબ્દો ઉપર સાથી–મુસાફરે ધ્યાન ખેંચ્યું. તે માટે કહે છે કે, તેમાં દટાયલા એક કાર્ડિનલે ફરમાવ્યું હતું કે તેની કબર ઉપર તેનું નામ યા કામ કાંઇપણ કોતરાવવું નહીં, પણ આ શબ્દો કોતરાવવા.

"Hic Iacet Pulvis eines et nihil." i.e. Here lies dust ashes and nothing.

એટલે "અહીં મટી, રાખ પડયું છે અને (બીજું) કાંઇ નહીં."

(ખ) અહીંના દેવળનો ખજાનો.

આ દેવળમાં મેં જે જે જોયું તેમાં ઘણો અગતનો ભાગ દેવળનો ખજાનો (Treasure) હતો. તેના એક બંધબરેસ્ત ઓરડામાં વીજળીની ભભુકદાર અને ચલકતી રોશનીમાં જે ખજાનો જોયો, તેનો રોશન ખ્યાલ મન ઉપર રહી જશે. સોનાં, રૂપાં, એમરેલ્ડ, મોતી, હીરા માનક વિગેરે ઝવાહીરોમાં જડી લીધેલી એ ચીજો હતી. આ ધર્મસ્થાનને અને બીજે ઠેકાણે ભેટ થયલી યા મળેલી ચીજો ત્યાં સંખ્યાબંધ હતી. તે માટે શું કહું અને શું રહેવા દેઉં? આ લખતાં પણ જાણે આંખ તે જોયલા દેખાવથી પાછી ચકચકીત થાય છે. એમ તો આપણે કોઇ પાદશાહોના કોઇક ખજાનાઓ—અને તેમાં આપણા ગાયકવાડના ઝવાહીરો—જોઇએ છિએ. પણ અહીં તેનો પાર નહીં. અસલના વખતથી ઘણીક પ્રજાનાં ધર્માળયો, પાદશાહોના મહેલો કરતાં વધારે તવંગર હોતાં આવ્યાં છે. એક શાલ જોઈ તે સર્વ મોતીથી ભરેલી અને કહેવામાં આવ્યું કે તેમાં એંસી હજાર તરેહવાર મોતીઓ હતાં. તેની કિમત શું? તો જવાબ મળ્યો કે "ખુદા જાણે." વળી એવી ચીજો ધાર્મીક ચીજો (relics) તરીકે હોવાથી તેની કિંમત અતી ઘણી ગણાય.

ક્રાઇસ્ટને ફાંસી દીધેલા ક્રોસનું લાકડું અને ઇરાનનો ખુસરૂ પરવીઝ.

અહીં જોયલાં તરેહવાર "રેલીકો"માંથી એક કે મને આપણા પેહેલવી પુસ્તક "માદીગાન યુમે ખુરદાદ ખીનાએ ફર્વર્દીન"ની ખાસ યાદ આપી, જેમાંની એક બાબતનો મેં આપણી એસીઆટીક સોસાયટી હજુર વાંચેલા એક વિષય માટે થોડુંક થયાં અભ્યાસ કર્યો હતો. આ પુસ્તકમાં અસલ ઇરાનમાં "ખોરદાદ સાલ"ને દહાડે શું શું તવારીખી બનાવો બન્યા હતા તેનું વર્ણન આપે છે. તેમાં એક બનાવ આ જણાવે છે કે "એ દહાડે ખુસરૂ પરવેજના રાજાની અઢાર ચીજો યા બનાવો બન્યા હતા. હવે એ ચીજો અને બનાવો શું હતા તે ત્યાં જણાવ્યું નથી, પણ તે શું હતા તે મેં મારા ઉપલા હાલમાં લખેલા વિષયમાં નક્કી કરવાની કમીની કોશેશ કીધી છે. તેમાં એક બનાવ આ હતો કે ખુસરૂ પરવીઝે પેલસ્ટાઇન જીતી લઇ ત્યાંના દેવળમાંથી ક્રાઇસ્ટને જે ક્રોસ ઉપર ફાંસી દીધો હતો, તે ક્રોસ પોતાની ફતેહની ઇધાની તરીકે ઇરાન લઇ ગયો હતો. તે ક્રોસ કેટલોક વખત ઇરાન રહ્યો હતો. પછી ખુસરૂએ રોમન શાહાનશાહ હેરાકલીસ (Heracles) સાથની લડાઇમાં હાર ખાવાથી થયલા કોલકરાર (Treaty) માં એક કલમ આ હતી કે ખુસરૂ પરવેઝે તે ખ્રીસ્તી ક્રોસ જે માટે આખી ખ્રીસ્તી દુન્યા (Christendom)ના જીગર બલતાં હતાં તે પાછો આપવો. તેમ તે પાછો આપી દેવામાં આવ્યો. આ દેવળમાં એ ક્રોસનાં લાકડાંનો એક નાનો કટકો ચકચકીત ઝવાહીરોમાં દીપતા એક મોટા ક્રોસમાં એક ધાર્મીક ચીજ તરીકે રાખ્યો છે. તવારીખની ઉપલી વાત ખરી છે, તેથી ત્યારે અહીંના ખજાનામાં

જે લાકડાંનો ટુકડો છે, તે એક વખત ઇરાનના પાદશાહના ટેસીફાન (Ctesiphon) શેહેર, જેની આપણા પેહેલવી "શત્રોઇહાએ ઇરાન"માં કાંઇક હકીકત છે અને જે શેહેર "મદાયન"નાં નામથી પણ જણાયલું હતું, તેના પાદશાહી ખજાનામાં પણ જઇ આવ્યા હતો.

કાર્ડીનલોના કીમતી પોષાકોનો ખજાનો. સરખામણીમાં આપણા દસ્તુર સાહેબોનો સાદો પોષાક.

આ દેવળમાં એક ખાસ મોટો ઓરડો તરેહવાર સુનેરી રૂપેરી કસબી ઝભાઓથી ઝલકતો હતો. તેમાં સંખ્યાબંધ નામીચા કાર્ડીનલોનાં બદનના પોષાકો ટાંગેલા ઝલકતા હતા. ધાર્મીક ચિત્રોથી ગુંથાયલા એવા કોઇક પોષાકની કિમત હજારોથી અંકાય. આપણી બાનુઓની આગલી કસબી સાડીઓ તો આ કાર્ડીનલોના કસબી પોષાક આગળ બીસાદમાં નહીં. આ કાર્ડીનલ સાહેબોના કિમતી પોષાકો સાથે સરખાવતાં આપણા દસ્તુર સાહેબોના પોષાકો કેવા સાદા છે! હું તો એ સાદાઇ પસંદ કરૂં છું. હવે કોઇ દસ્તુર સાહેબો પોતાની દસ્તુરી કોલાહ યા પાઘડીમાં કસબી છેડા ખોસે છે તેના કરતાં હાલના સંજોગો જોતાં તેઓની સાદી સફેદ પાઘડી હું વધુ પસંદ કરૂં છું.

દેવળના અને આપણા આતશબેહેરામના ખજાનાઓ.

આ દેવળનો ખજાનો આપણા અસલી આતશબેહેરામોના ખજાનાઓની યાદ આપે છે. આ દેવળોની માફક આપણાં આતશબેહેરામોનાં પણ ગન્જ યાને ખજાના હતા. તેના ખાસ ખજાનચીઓ (ગંન્જુર) નેમાતા હતા. વળી એ ખજાનાઓ કેટલીક હદે હાલની બેંકો (Banks)ની ગરજ સારતા. પાદશાહો અને અમીર ઉમરાવોને તેઓ સાથે એક પ્રકારની લેવડદેવડ હતી. મુશ્કેલી વખતે તેઓ ત્યાં પોતાનો ખજાનો સલામતી (Safe-custody) માટે રાખતા. આ બાબતની વીગત માટે આદરગુશસ્પનું આતશબેહેરામ જેના પવિત્ર આતશને આપણી આતશ નિઆએશમાં યાદ કર્યો છે, તેની તવારીખના મારા વિષય ઉપર ધ્યાન ખેંચું છું.

તોલેડોની ઝનજીર.

તોલિડોમાં દાખલ થતાં ત્યાંના એક પુરાણા મકાનમાં બહારથી સંખ્યાબંધ બંદીવાનોના હાથમાં નખાયલી ઝનજીરો યા સાંકળો આપણે ટાંગેલી જોઇએ છિએ જે સ્પેનની આગલી તવારીખની યાદ આપે છે. મુરીશ પાદશાહે બંદ કરેલા કેટલાક ખ્રીસ્તી બંધવાઓને રાજા ફર્ડીનાન્ડે છોડવેલા, તેઓની ઝનજીર અહીં એક યાદ તરીકે રોન્ડા (Ronda) જે જીબ્રેલ્ટરથી આવતાં આપણે પસાર કર્યે છિએ, ત્યાંથી લાવીને જાળવી રાખી છે.

આ શેહેર અરબોએ પોતાની હાર થવાથી છોડયું, ત્યારે કરારનામામાં એક સરત આ કીધી હતી કે જ્યાં હાલ કેથેડ્રલ છે ત્યાં જે અરબ મસજીદ હતી તે રહેવા દેવી. પણ કહે છે કે એક ખ્રીસ્તી કાર્ડીનલની ઉશ્કેરણીથી બીજેજ વર્ષે લોકોએ તે મસજીદ બાળી નાંખી. જ્યાં મુરોએ મસજીદ બાંધી હતી ત્યાં પેહેલે વીસી-ગોથ લોકોએ બાંધેલું ખ્રીસ્તી દેવળ હતું. અરબોએ આગલાં દેવળનો નાશ કર્યો તો તેઓની ગમે તેવી કાળજી છતાં તેઓની મસજીદનો પાછો ખ્રીસ્તીઓના હાથે નાશ થયો.

આ શેહેરમાં અને સ્પેનના કોઇક બીજા ભાગોમાં આપણે પહેલા નેપોલીઅનની જાસ્તીના પણ કેટલાક દાખલાઓ જોઇએ છિએ. એક શેહેર જીત્યું તો પેહેલ તુરત તે શેહેરની મસજીદ યા દેવળ હાથ કરવું, એ આગલો રેવાજ હતો. શેહેરનાં ધર્માલયને હાથ કીધું કે જાણે શેહેર જીત્યું. એમ જીત કરતાં નેપોલીઅનને હાથે સ્પેનમાં ઘણેક ઠેકાણે નાશ થયો છે.

અત્રે દેવળમાં વપરાતી ચીજો, દાખલા તરીકે ધર્મગુરૂઓના ક્રિયા માટેના કોઇક ખાસ સફેદ કપડાંઓ,

ધાર્મિક કામ માટે હાથનીજ બનાવેલી ચીજો જરૂરની ગણાય. તેના સંબંધમાં નૌસારીની યાદ.

માટે જાણવામાં આવ્યું કે એવો ધાર્મિક રૈવાજ છે કે ધાર્મિક કામો માટે સાંચાની બનાવેલી ચીજો નહી પણ હાથની બનાવેલી (handmade) ચીજોજ વાપરવી. એવાં હાથનાં વણેલાં પુરાણાં વસ્ત્રો અત્રે દેખાડવામાં આવ્યાં. આ રૈવાજ ઉપરથી મને આપણો નૌસારી કસબો યાદ આવ્યો કે જ્યાં પવિત્ર કુસ્તી માટે હાથે કાંતેલાં ઉનને બદલે સાંચાનું કાંતેલું ઉન વાપરવાની થતી કોશેશ સામે ત્યાંની કસ્તી વણનારી બાઇઓએ જેહાદ સમાન વાંધો લીધો હતો. એજ પ્રમાણે, કેટલેક ઠેકાણે, ધર્મ પુસ્તકો હજુર પણ હાથનાં લખેલાં વાપરવાનું પસંદ કરે છે આહી દેવળોમાં કોઇક આપણા હાથના લખેલા વંદીદાદના પોથા કરતાં બમણા કદના પોથાઓ આપણે જોઇએ છિએ.

સ્પેનના જેવું હાલ કોઇપણ દેશ જુના ધાર્મીક રૈવાજોનું કદાચજ હશે. તેમાં સર્વે કેથલીક ખ્રીસ્તીઓ છે. કહે છે કે એક પણ પ્રોટેસ્ટન્ટ દેવળ સ્પેનમાં નથી.

હોટેલ માત્રીપાલીતાનો,
તા૦ ૮ મી મે ૧૯૨૫.

મેદ્રીદ.

તા૦ ૬ થીએ મેદ્રીદ આવી આજે તા૦ ૮ મીએ હું તે છોડું છું. જીબ્રાલ્ટર તરફથી પેહેલીવાર યુરોપ આવતા કોઇ હીંદી ભાઇને આ શેહેરમાં યુરોપના એક ચકચકીત રંગીલાં રળ્યામણા મોટા શેહેરનો પેહેલો ખ્યાલ મળે. મેદ્રીદ એક નવું શેહેર છે. તમાં પુરાણું ઘણું થોડું છે. પુરાણું મુરીશ તો નહી પણ પુરાણું સ્પેનીશ પણ અહીં ઘણું થોડું છે. તે છતાં કોઇક મોટા ચોકોના નામ આપણને પૂર્વની યાદ આપે છે. દાખલા તરીકે એક રળ્યામણો ચોક "Plaza de Oriente" નામનો છે. બીજો એક ચોક "Puerta del sol" નામનો છે. તેનું નામ "સોલ" એટલે સુર્ય ઉપરથી શા કાજે પડયું, ત બાબે પુછતાં કહે છે કે એ શેહેરનો એક મોટા ચોક હોવાથી શીઆળામાં સુર્યની કોઇ વખતની પુરી રોશની ભોગવવા લોકો અહીં ભેગાં મળે છે. જેઓએ પેરીસ અને લંડન શેહેરોની મોટાઇ જોઇ હોય અથવા જોવાના હોય, તેઓ માટે મેદ્રીદ કાંઇ ખાસ ખેંચાણકારક નથી. હવે હું એકાદ દિવસમાં સ્પેન છોડી જઇશ. માટે એ દેશ બાબે બીજું કાંઇક, આ પત્રમાં કહી લઇશ.

અરબોએ અત્રેના બાંધકામના હુન્નર ઉપર અને યુરોપના સુધારા ઉપર જે

અરબ રેવાજોની સ્પેન ઉપર અસર.

અસર કીધી છે તે બાબે હું કેટલુંક બોલ્યો છું. આજે કાઇક રૈવાજો બાબે બોલીશ.

યુરોપના બીજા દેશો કરતાં સ્પેન ઘણા જુના

(ક) સ્ત્રીઓપર કાબુ.

વિચારનું (Conservative) છે. સ્પેનમાં સ્ત્રીઓનું છુટાપણું ઘણું કમી છે, તે અરબોના લાંબા અમલનું પરિણામ છે. પરદા જેવું કાંઇ નથી અન સ્ત્રીઓ બહાર ફરે છે હરે છે, તોપણ તેઓ ઉપર પૂર્વ ભણીના દેશો માફક ખાવીંદોનો કાંઇક વધારે કાબુ છે. પરદો નહીં છતાં સ્પેનીઅર્ડો પોતાના મિત્રોને પોતાને ઘરે પોતાની સ્ત્રીઓ સાથે ભેળાવા થોડાજ બોલાવે છે. મોરોક્કો જતાં સ્ટીમરના કેપટને મને કહ્યું હતું કે તેના કોઇક સ્પેનીશ મિત્રો છે. તેઓએ અવારનવાર મને જમવા બોલાવ્યો છે, પણ તે કદી પોતાને ઘરે નહી પણ રેસ્ટોરાં યા

હોટેલમાં. તેઓની બાનુઓને તણુ જોઇ નથી. એ મેં અત્રે બીજાઓથી પણ સાંભળ્યું છે. કોરડોવામાં થોડુંક અંગ્રેજી બોલનાર એક જણે એ બાબતના રેવાજ માટે કહ્યું કે "We do not leave our women alone" આંઓ ધરસંસારમાં વધારે રોકાયલી રહે છે. આબરૂદાર કુટુંબનાં બાઇઓ બહાર ઘણાં ફરે નહી. ગ્રેનેડામાં હું બુલ–ફાઇટ જોવા ગયો હતો ત્યાં આસરે સાત આઠ હજાર મરદોમાં ૨૫ યા ૩૦ પણ બાનુઓ નહી હતી. કૈલબતે એમ કમી હોવાનો બીજો એક સબબ આ પણ ગણાય છે કે જેઓ બહાર નીકળવા માંગતાં હોય તેઓને પણ આ લોહીલોહાણીનો કમકમાટ આપનારો દેખાવ ગમે નહી.

(ખ) બુલ–ફાઇટ મુરો ઉપરથી. અરબો તરફની એક અસર સ્પેની-અર્ડોની બુલ–ફાઇટ ગણવામાં આવે છે. કહે છે કે મુરોએ આફ્રીકાથી તે પેહેલ અહીં દાખલ કીધી. પણ તેઓની લડાઇ સાદી હતી, લોહી રેડનારી નહીં હતી. તેઓ ગોધાને મારી નાખતા હતા નહી, પણ ગોધા સાથે લડી તેના હુમલા સામે બચવા પોતાની ઘોડેસવારીની કાબેલિયતનો ઉપયોગ કરતા. મેં બુલ–ફાઇટ જોઇ તેમાં પેહેલે બે જણા ઘોડેસવાર થઇ પ્રેસીડન્ટ પાસે કુંચી લેવા આવ્યા તે સિવાય ફરીથી ઘોડા આવ્યા નહી. પણ કોઇ મોટી બુલ–ફાઇટ વખતે લડનારાઓ કોઇક વખત ઘોડા ઉપર સવાર થઇ લડે છે, જે આગલી અરબોની ઘોડા ઉપર લડવાની બુલ–ફાઇટના રેવાજની બચેલી નિશાની ગણાય છે.

(ગ) સ્પેનની ખેતી ઉપર અરબોની ખેતીબાનીની અસર. મેં આગળ કહ્યું તેમ નેહેરો જેવાં પાણીનાં બાંધકામોનો હુન્નર અરબોએ ઇરા-નથી લીધો હતો અને અત્રે ફેલાવ્યો હતો. સ્પેનની ખેતીવાડીની હાલની આબાદી અરબોને આભારી ગણાય છે. સ્પેનીઅર્ડો નેહેરો મારફતે ખેતરોને પાણી પુગાડવામાં કુશળ ગણાય છે.

(ઘ) શરાબનો મધ્યમ ઉપયોગ. સ્પેનીઅર્ડો દારૂ પીએ છે. ઘણાક ગામો-માંથી પસાર થતાં અને મોટાં શેહેરોમાં આપણે "Vinos" "વીનોસ"ના પાટીયાંઓ પીઠાં માટે જોઇએ છિએ અને અહીં પણ ગાડીવાના વીગેરેને "pour boir" એટલે "છાંટો પાણી" લેવા માટે બક્ષેશ આપવી પડે છે, તોપણ એક મજા તરીકે તેઓ મધ્યમસર છે. તે અસલી અરબો જે આ શરાબથી પરહેજ રહેતા તેઓની અસરને લીધે છે. હવે મોરોક્કોમાં સાંભળ્યું હતું તેમ ત્યાં પણ જોકે શરાબની મનાઇ છે, તોપણ કેટલાકો તરેહવાર બહાને પીએ છે. કોઇક ધર્મી માણસો યા ધર્મગુરૂ વર્ગના પણ પીએ છે તો તેઓ કહે છે કે "એવા ધર્મી માણસો શરાબ પીએ છે તો તે શરાબ પાણી બની જાય છે." કોઇ શરાબ દુખ દરદ દફે કરે છે તેવે બહાને પીએ છે.

(ઙ) કોઇક ભાગનો પોષાક. સ્પેનના કોઇક ભાગ માટે કહે છે–દાખલા તરીકે પેલી જાણીતી Catherine of Aragon ના એરેગવન મુલકમાં—કે હજુર પણ પોષાકમાં અરબોના પોષાકની નિશાની છે. ઘણાકો મુરો માફક માથાં ઉપર કટકો વીટાળે છે પણ ટોપી પહેરતા નથી.

(ચ) ખુશાલીના પોકાર. એઓના ગાયણુમાં પૂર્વ ભણીની અસર અરબોની અસરના સબબે છે. બુલ–ફાઇટમાં તેઓ વારેઘડીએ પસંદગી દેખાડવા માટે પોકાર કરતા હતા. પણ તે યુરોપીઅનો માફક હુરરા જેવા નહી અને તાબડા ફોડવા જેવા નહી, પણ એક જાતના "હયા હયા" એવા અરબોના શૂરના પોકારો (war-cry) જેવા હતા.

(છ) ભોંય ઉપર બેસવાનો રેવાજ. મેદ્રીદમાં જે હોટેલમાં હું ઉતર્યો હતો તેનાં દીવાનખાનામાં બેસવા માટે સોફા હોવા છતાં ભોંયપર ઘણા નરમ મોટા સુંદર તકીઆ મેળેલા. પુછતાં જણાવવામાં આવ્યું કે મોટે ઘરે હજુર રેવાજ છે કે સુંદર ગાલીચા ઉપર એમ નરમ મોટી બેઠકો મેલી તે ઉપર પલાંઠી મારી યા બીજી રીતે બેસે. આ આપણી પૂર્વ ભણીની રીત છે.

(જ) આગગાડીમાં સાથે જમવા તેડવાની સલુકાઇ. યુરોપના બીજા કોઇ ભાગમાં આપણે નહી જોઇએ તેવી સલુકાઇ (courtesy) આપણા પૂર્વ ભણીના દેશ માફક મેં હ્યા આ જોઇ કે, પોતે સાથે ભાત્યું લીધું હોય અને ખાવા માંડે ત્યારે આપણને સાથે ખાવા કહે. વળી કેટલાકો અજાણ્યા હોવા છતાં ત્રેનમાં આપણા કમપાર્ટમેન્ટમાં આવતાં યા છોડતાં સલામ કરે.

(ઝ) ભાષા ઉપર અસર. અરબોની ભાષાએ સ્પેનીશ ભાષા ઉપર ઘણી અસર કીધી છે. કહે છે કે આસરે ૧૫૦૦ થી ૨૦૦૦ શબ્દો સ્પેનીશ ભાષામાં અરબી ભાષાના છે. પણ એ એક મોટો વિષય છે. કેટલાંક શેહેરનાં મોટાં દેવળો હજુર પણ "મેસ્કીટા" તરીકે ઓળખાય છે, જે શબ્દ મોસ્ક એટલે મસજીદ ઉપરથી ચાલુ રાખ્યો છે, સબબ કે તે અસલ મસજીદ તરીકે વપરાતાં કોઇક મેહેલો હજુર "અલ કઝર" તરીકે બોલાય છે. એ શબ્દ અસલમાં અરબી છે. અરબી શબ્દ ઘણાક નામોમાં હજુર આપણે જોઇએ છીએ. કેઠે આપણે ભાડે આપવા માટેની ખબરમાં Alquilar શબ્દ જોઇએ છિએ. જે કીલાર આપણે "કરાયે આપવું" એટલે ભાડે આપવું તેને મળતો છે.

સ્પેનનો દક્ષિણભાગ. અરબ અસરનો મુખ્ય મુલક. અરબોના દોરદમામવાળાં અને તેઓના અમલની અસર પામેલાં મુખ્ય શેહેરો સ્પેનના દક્ષિણ ભાગમાં છે, જેનો મોટો ભાગ (Andulasia) આન્દુલેશીઆ તરીકે જણાયલો છે. એ નામ અસલી વેન્ડાલ લોકો (Vandals) જેઓએ પોતાની ભાંજફોડની રીતી ઉપરથી આપણને વેન્ડાલીઝમ (vandalism) શબ્દ આપ્યો છે, તે ઉપરથી પડયું છે. સબબ કે અરબોની આગમજ તેઓએ અહીં કાંઇક ત્રાસ વર્સાવ્યો હતો. ગ્રેનેડા, સેવીલ, કોર્ડોવા વીગેરે આગળ જણાવલાં શેહેરો સ્પેનના આ આન્દુલેશીઆવાળા દક્ષિણ ભાગમાં છે અને તેઓમાં આપણે અરબોની અસર ઘણી જોઇએ છિએ. એ મુલકના લોકોના રંગરૂપ (physiognomy)માં પણ અરબ અસર કેટલીક હદે હજુર જણાય છે. ઘણાકોની રગોમાં જાણે હજુર અરબ લોહી કાંઇક વહે છે. અરબો પેહલે જીબ્રાલટર માર્ગે મોરોક્કો તરફથી હુમલો લાવ્યા ત્યારે એક લડતી અને જીતતી પ્રજા તરીકે આવ્યા હતા, અને તેથી તેઓ પોતાની સાથે સ્ત્રીઓને આ મુલકમાં લાવ્યા હતા નહીં. એટલા માટે આ દેશની સ્ત્રીઓને તેઓએ પોતાની બાયડીઓ મોટી સંખ્યામાં બનાવી હતી. આ સબબે અરબ ખુન દક્ષિણના મુલકની વસ્તીમાં ઘણેક ભાગે જોવામાં આવે છે

અરબ હુન્નરનો હજુર પણ થતો અભ્યાસ. હજુર પણ બહારના કોઇક દેશો પોતાના અભ્યાસીઓને પુરાણા અરબ હુન્નરનો અભ્યાસ કરવા સ્પેન મોકલે છે. બાંધકામ સિવાયના બીજા હાથના હુન્નરોનો અભ્યાસ કરવા એક ફ્રેંકફર્ટ (Frankfort) થી આવેલા અભ્યાસી સાથે વાત થતાં મને કેટલુંક જાણવાનું મળ્યું હતું.

આ જવાન અભ્યાસી સાથે ધર્મ બાબે વાત કરતાં તણે આપણા ધર્મના સ્પેન્ત-

મહાન્યુ અને અંધ મહાન્યુ બાબેના વિચારો જણાવી પોતાને કાંઇક જોશ સાથે Dualist જણાવ્યો અને કહ્યું કે "I am a profound Dualist." પદાર્થ અને મોનોઇ રૂહ (Matter and Spirit) એ બે વચ્ચેના સંબંધ અને જંગ ઉપર ઘણીક ફીલસુફી રચાઇ છે. આફ્રીકાના કોસ્ટા ઉપરના મોરોક્કોના મુલકની અને આ સ્પેનના મુલકની મારી ઉડતી સફર મારાં મનથી કોઇ નવી દુનીઆની સફર સમાન લાગી છે. હવે પેરીસ જતાં હું જાણે એક પ્રકારની પિછાણ થયલી જુની દુન્યા તરફ જાઉં છું.

હોટેલ રેશાખ્બો, પેરીસ,
તા૦ ૧૩ મી મે ૧૯૨૫.

પેરીસ—તેનાં દેવળો.

જે પ્રમાણે પૂર્વ ભણી અસલમાં સમરકંદ અને બોખારા જણાયલાં હતાં, તેમ હાલમાં પશ્ચિમ ભણી પેરીસ જણાયલું છે. પેરીસ અને લંડન હાલના યુરોપનાં મોટાં શેહેરો ગણાય છે. એ બેમાં લંડન વધારે મોટું છે. પણ ઘણાક લંડનવાસીઓ પોતે કહે છે તેમ, પેરીસ તેના ગંજાવર મોટા ચોકો (place) સાથે, ઝાડો સાથના મોટા રસ્તાઓ સાથે, વધારે સુંદર છે. આગલી મુલાકાત દરમ્યાન એક વખત મરહુમ પ્રો૦ દાર્મસ્ટેટેરને ત્યાં પ્રખ્યાત શેહેરો બાબે વાત નીકળતાં મેં ઉપલાં સમરકંદ અને બોખારાની સીફતમાં હાફેઝની નીચલી સતરો ગાઇ હતી.

"અગર આન તુર્કે શીરાઝી બ દસ્ત
આરદ દલે મારા,
બખાલ હીંદ, યશ દેહમ સમરકન્દો
બોખારા રા."

એટલે "જો શીરાઝની પેલી સુંદર બાનુ મારા દેલને જીતી લીએ તો તેણીના મોંહ ઉપરના ખીલને માટે હું સમરકંદ અને બોખારાનાં શેહેરો આપી દેઉં." ત્યારે જાણે જવાબમાં મારી આગળ માદામ દાર્મસ્ટેટેરએ ફ્રેન્ચ શાએર મોલીએરની નીચલી હાફેઝને મલતી સતરો ગાઇ સંભળાવી :—

> " Si le roi Henri me donnait
> Paris sa grande ville
> Et qu'il me fallut quitter
> Le cœur de ma mie
> Je dirai au roi Henri
> Reprennez votre Paris
> J'aime mieux ma mie, e'que'
> J'aime mieux ma mie"

આ સતરોમાં કર્તા પોતાના નાયકને પેરીસ જે સુંદરમાં સુંદર ગણાય છે, તે પોતાની પ્રિયાની પવિત્ર મોહોબત કાજે તજી દેવા માંગતો જણાવે છે.

ત્યારે તા૦ ૮ મી મેએ મેદ્રીદ છોડી રાત્રે સ્પેન અને ફ્રાંન્સની સરહદો વચ્ચેના હેન્દાઇ (Hendaye) શેહેરમાં વાસો કરી આવી પ્રખ્યાતીવાળાં પેરીસ શેહેરમાં તા૦ ૯ મીએ હું આવ્યો છું.

પેરીસ, પારસી.

પેરીસ, પારસી, પર્શીઆ, પેહલવી પર્શીઆ. આ સર્વ શબ્દો જાણે કોઇ પ્રકારનાં સગપણનો નહી તોપણ કોઇ બીજી બાબતોનો સંબંધ ધરાવે છે. ઇરાનનો શાહ નાસરૂદીન પોતાની યુરોપની પેહેલી સફરના પોતાના ફારસીમાં લખેલા હેવાલમાં પારીસની આબોહવા, ફુલફળ, ઝાડપાનો, ભાષા વિગેરે માટે પોતાનાં ઇરાન સાથે સરખામણી કરી પેરીસ તરફ મોહીની દેખાડે છે.

પેરીસ મને કાંઇક પ્યારૂં છે. મારી પેહેલી સફર વખતે મેં જો યુરોપના કોઇ શેહેરમાં વધારે વખત ગુજાર્યો હોય, તો તે આ પેરીસ શેહેર છે, જેની મેં તે વખતે બે મુલાકાત લીધી હતી અને તેમાં બીજી વખતે તો દોઢ મહીનો ગુજારી, તે વખત (૧૮૮૯)નું મોટું એક્ષીબીશન ફરી ફરીને બરાબર જોયું હતું અને અહીંના કેટલાંક ખાતાંઓની ધીરજથી મુલાકાત લઇ કાંઇક ફ્રેન્ચનું શાન મેળવ્યું હતું. વળી તે સાથે ફ્રેન્ચ ભાષાનો થોડોક અભ્યાસ પણ કર્યો હતો. તે

વખતના મિત્રો બારથીએ ડ મેનાર, પ્રો૦ રેના, પ્રો૦ દાર્મસ્ટેટે વીગેરે ગયા છે. એઓમાંના પેહલા બેના પ્રમુખપણા હેઠળ મેં અહીંની "એસીઆટીક સોસાઅટી" અને "ઇનસ્ટીટયુટ" ની "એકડેમી દે બાઝાર્ટ એ એંસ્કીપશીઓં" (Acadamie des Beaus Arts et Inscriptions) હજુર ફ્રેંચ ભાષામાં બે વિષયો વાંચ્યા હતા. મેં આપણી પુર્વ ભણીની બાબતોનો કાંઇક કમીના અભ્યાસ કર્યો છે અને તે અભ્યાસમાં અત્રેના કોઇક અભ્યાસીઓને મારી કમીની શક્તી પ્રમાણે કાંઇક નજીવી મદદ કરી છે, જે તેઓએ પોતાનાં પુસ્તકોમાં સ્વીકાર્યા છે, તેની કદરશનાસીમાં અહીંનાં કેળવણી ખાતાંએ મને સાહીત્ય સંબંધી બે ખેતાબો આપ્યા છે. એમાંના બીજા માટેનો ચાંદ તે વખતના ફ્રેંચ કોનસલે એક સુંદર કદરશનાસીના પત્ર સાથે મરહુમ ચોથા સર જમશેદજી ઉપર કોમના વડા તરીકે મને એનાયત કરવા મોકલ્યો હતો. તેવણ સાહેબે તે જાહેરમાં આપવાને મરજી દેખાડી હતી પણ તે મેં તેવણના મુબારક હાથે ચુપચુપ પારસી પંચાયતના ટ્રસ્ટી સાહેબોની એક મીટીંગમાંજ લેવાનું પસંદ કર્યું હતું. મારા એક બેરામાહ તરીકે તેવણે તે આપલી વખતે કહેલા મીઠા શબ્દો મને આજે ઉપકાર અને ખુશી સાથે યાદ આવે છે. આ સર્વ સંજોગો વચ્ચે ત્યારે મને પેરીસનું નામઠામ પ્રીય લાગે છે. આ મોટાં, રંગીલાં, ગુલજાર અને કેળવણી, વીદ્યા, એલમ હુન્નરમાં આગલ વધેલાં શેહેર માટે મારાં પત્રોમાં પુરતું બોલવું અશક્ય છે. તેણે મારાં મન ઉપર આગલી વખતે જે છાપ માર્યો હતો તે છાપના વિચારો મેં "Les Impressions d'un Parsi sur la Ville de Paris" એવે નામના મારા એક વિષયમાં ટુંકમાં જણાવ્યા છે, તેનો મારા કોઇક વાંચનારાઓને હું હવાલો આપું છું. તે વિષય મેં "સરકલ લીટરેર" હજુર વાંચ્યો હતો, જેની પહેલવહેલી સ્થાપનામાં ફ્રેંચ ભાષાના એક શોખીન તરીકે મેં બીજા ભલા ભાઇઓ સાથે કમીનો ભાગ લીધો હતો. અજબ સંજોગો વચ્ચે એ સરકલ જેને મરહુમ દાર્મસ્ટેટેએ મુંબઇમાં "ફ્રાન્સનું એક ખુણું" (a corner of France) કહ્યું છે તેને એક એવા મરહુમ ધણીએ સ્થાપ્યું છે કે જેવણની પોતાની પીટીટ (Petit) અટક સાથે એક પ્રકારનો ફ્રાંસ સાથ સંબંધ હતો. તે મરનારનું પનોતું નામ મારા આભારી જીગરમાં તેવણની દીલસોજ મેહેરબાની માટે એક ખુણામાં કોતરાયલું છે તેવણને મો. સેના (M. Senart) જેવણ અત્રેની Societe' Asiatique ના સરનશીન છે અને પોતાના ઉંડા અભ્યાસ માટે જગમશહુર છે, તેવણને મોંઢે યાદ થતાં અત્રે સાંભળી મને ખુશી ઉપજે છે. ત્યારે આવી આગલી પાછલી યાદ આપનારાં આ શેહેરમાં એક વખત ફરીથી મને લાવવા માટે હું તે દાદારના શુકાના કરૂં છું.

તા૦ ૧૦ મા મેનો જોન ઓફ આર્કની યાદના જશનનો દિવસ.

તા૦ ૧૦ મીએ પહેલવહેલે બહાર નીકળવા માંડયું કે રસ્તા ઉપર પાયદળ અને ઘોડેસ્વારોની ગડબડ ચાલતી હતી, સબબ કે આજે પેલી જાણીતી પીર પેગામબર તરીકે મનાતી બાનુ જોન ઓફ આર્ક (Joan of Arc)ના જશનનો દિવસ હતો. દેવળોમાં તેણીની યાદમાં બંદગીઓ ચાલતી હતી. એક જગ્યાએ શેહેરનો વડો પોતે જઈ તેણીના મોન્યુમેન્ટ ઉપર ફુલનો હાર મેલનાર હતો. માટે આ તેહેવારને દીને રખેને પેલા તોફાની ગણાતા કમ્યુનીસ્ટો (communists) વીગેરે કોઇ તોફાન કરે, તેની તપાસ માટે આ પોલીસની હાજરી હતી. ચોકસ રસ્તાઓ બંધ હતા, તેથી મારા હોટેલના મેનેજરે આવી, સમજાવી, મને જવા દેવા અરજ કરી. સાંજે સેન્ટ મેડેલીન (St. Madeleine) નાં જાણીતાં મોટાં દેવળમાં હું ગયો, ત્યારે ત્યાં જોયું કે

તેમાં મેલેલાં એ બાનુનાં, પોતાના દેશ માટે હથ્યાર બેંચેલાં, એક પુતલાં આગલ ફુલપાનનો અને સંખ્યાબંધ બળતી મીણબતીઓનો શણગાર કર્યો હતો અને લોકો તેણીની તરફ ભકતીભાવ દેખાડતાં હતાં. ઇંગલાંડની તવારીખમાં આપણે વાંચ્યું છે કે ઇંગલાંડ સાથની લડાઇમાં આ બાનુએ કોઇક કરામતી પ્રેરણા સાથે ફ્રાંસને મદદ કીધી હતી અને તેનો તેણીને આજે બદલો મલતો હતો. અભ્યાસીઓનું અહીં એક મંડળ બન્યું છે, તેના સ્ત્રીઓના વર્ગ તરફથી આ બાનુના એક મોન્યુમેન્ટને ફુલનું ક્રાઉન ચઢાવવા જતાં એક ડેપ્યુટેશનને મેં માર્ગમાં જોયું. આજે શેહેરનો મોટો ભાગ વાવટાઓથી શણગારેલો હતો. શેહેરના વડાએ લશકરી ઠાઠમાઠ સાથે અને બેન્ડના (Marseillaice)ના રાગ સાથે Place de Pyramide આગળનાં આ બાઇના સ્તંભને ફુલનો હાર ચઢાવ્યો હતો. આ બાઇ જાણે ફ્રાંસની ગોર્ડ આફીદ હતી, જેણીએ ઇરાન ઉપર તુરાનના હુમલા વખતે અડીભીડીએ હથ્યાર પેહેડી લડાઇ ઉઠાવી હતી. જો ઇંગલાંડને તેની તવારીખમાં કોઇ મુલક સાથે ઘણી લડાઇ થઇ હોય તો તે ફ્રાંસ સાથે હતી. એવી એક લડાઇ વખતે, આ બાનુએ, ૧૭ વર્ષની જવાન ઉમરે, દેશના પ્યાર ખાતર, જાણે કોઇ ઇશ્વરી પ્રેરણાથી ભાન મેળવી, લડાઇનું બખ્તર પેહેર્યું. અંગ્રેજોએ ઓરલીઅન્સ (Orleans) ને ઘેરો નાખ્યો હતો, તે તેણીએ લશ્કરની સરદારી લેઇ છોડવ્યો અને અંગ્રેજી લશ્કરને હાર આપી અને રાજા સાતમા ચાર્લસ (Charles VII)ને રાઇમ્સ (Rheims), જેનું દેવળ ફ્રાંસના રાજાઓને ગાદીનશીન થવાનું મુખ્ય મથક હતું, ત્યાં લેઇ જઇ રાજા તરીકે અભીષેક (consecrate) કીધો. પછી પેરીસને ઘેરામાંથી છોડવતાં જખમી થઇ. સેવટે અંગ્રેજોએ તેણીને પકડીને બાળી નાખી. આ સર્વ બે વર્ષમાં બન્યું અને ૧૯ વર્ષની નાની ઉમરે તો તેણી ગુજર પામી. ફ્રાંસનો તો શું પણ કોઇપણ દેશનો દેશી તેણીના સ્તંભને અલબતે નમે. પેરીસમાં કેટલેક ઠેકાણે અને રાઇમ્સમાં પણ તેણીના બાવલાંઓ અને ચિત્રો છે તેણીના અશોફરોહરની પવિત્ર યાદનો આજે દિવસ હતો અને તેથી પેરીસ ગાજીવાજી નીકળ્યું હતું. આપણા ફરવરદીન યશતમાં કેટલીક પરણેલી સ્ત્રીઓ સાથે કન્યાઓને પણ યાદ કરી છે, તેવા પ્રકારની આ ફ્રાંસની કન્યા હતી.

ખ્રીસ્તી કેલેન્ડરમાં આ બાઇ જેવાં પીર પેગામ્બરોને દાખલ કરવાનો રેવાજ અને આપણાં કેલેન્ડર તરીકે ગણાતાં "નામગરણુ"માં નામ દાખલ કરવાનો રેવાજ.

આ દેશહીતકારીક બાઇને તેણીના મરણ વખતે એક દમ જ્યારે કોઇ સમબે લોકલાગણી તેણીની તરફેણમાં હોય ત્યારે તેનો લાભ લઇ પવિત્ર પીર પેગામબરોની ટીપમાં દાખલ કરી હતી નહીં, પણ મરણ બાદ ઘણેક વર્ષે જ્યારે દોડાદોડની લાગણી નરમ પડી હતી ત્યારે દાખલ કરવામાં આવી હતી અને તા૦ ૧૦ મી મેનો દિવસ તેણીની યાદમાં જશનનો દિવસ ઠેરવવામાં આવ્યા. આપણામાં નામગરણુમાં કોમના મોટા ખેરખાહોનાં નામ દાખલ કરવાનો રેવાજ કાંઇક એને મલતો છે, પણ દલગીરી ભર્યું છે કે તે રેવાજ પાળવાની રીત વાંધાભરી છે. થોડુંક થયું કરાંચીના કોઇક ભાઇઓએ એ બાબે એક મરનાર તરફ પુર માન છતાં એક "પ્રીનસીપલ" યાને નીયમ તરીકે વાંધો ઉઠાવ્યો હતો તે મને યાદ આવે છે. આ એક કોમ તરફથી મરનારને મલતું મોટું માન છે અને તે મરણના તાજા અવસરે દોડાદોડીમાં આપવા કરતાં ધીરજે વિચાર કરી આપવાનું દરૂસ્ત દીસે છે. હાલની રીતી ફેરવવાનું જરથોસ્તી લાભ સાચવનારી મંડળીએ બીડું ઝડપ્યું હતું અને મારી પાસે એક ભાષણ પણ કરાવ્યું હતું, પણ પોતાની મંડળી જે તુરતની

બરપા થઇ હતી, તેનાં કામને કોઇકો તરફની લાગણીથી કાંઇ આંચકો લાગે નહીં એવા વિચારથી ઉંચકેલું બીડું તેણે પાછું મેલી દીધું છે. અગેનો એક આગલો ફીલસુફ કોંટ (Compte), જેનો Positive Religion તરીકે ગણાતાં મત સાથે જાણીતો સંબંધ છે, તેના જેવાએ પણ પોતાના નવા ગણાતા પંથમાં આ જાણીતા માનીતા પુરૂષોનાં નામ યાદ કરવાનો રેવાજ રાખ્યો હતો. આ બાબત ઉપર હું મારાં એક ભાષણમાં વીગતે બોલ્યો છું.

પેરીસનાં સુંદર દેવળો—મેડેલીનનું ખુશનુમા દેવળ.

પેરીસ મોટાં સુંદર દેવળો, મેહેલો, બાવલાંઓ, ચિત્રો ચોકો, બાગો, ફુવારો, રસ્તાઓ વગેરેનું સુંદર ગુલજાર શેહેર છે. જે જુઓ તે મોટું, ગંજાવર અને સુંદર. આ સર્વમાં તેનાં દેવળો, તેઓની સુંદરતા અને બુલંદી ઉપરાંત તેઓ સાથે જોડાયલા તવારીખી બનાવો અને ધાર્મિક રેવાજો માટે આપણું ધ્યાન ખેંચે છે. તેઓની રચના, તેઓમાં ચાલતી ધર્મક્રિયા ત્યાં જોવામાં આવતો ભકતીભાવ વીગેરના અભ્યાસ માટે એક બે દેવળો ધીરજે સારી રીતે જોવાં જોઇએ. મેં એવાં કોઇક દેવળો જોઇ મારી આગલી યાદદાસ્ત તાજી કીધી છે. પણ તેઓમાં બે—મેડેલીન (Madeleine) અને સેન્ટ ઓગસ્ટીનના—દેવળો ધીરજે જોયાં છે. તેમાં મેડેલીનના દેવળની ત્રણ મુલાકાત લીધી છે. માટે એ દેવળ બાબે પુર વીગતે બોલીશ.

આ દેવળ, જેને આસતે આસતે જોગવાઇએ તૈયાર કરતાં, ઇ. સ. ૧૭૭૭ માં શરૂ કરવા બાદ આસરે ૬૫ વર્ષ થયાં હતાં, તે અત્રેનાં દેવળોમાં ઘણું દબદબાભર્યું (the most magnificent) ગણાય છે. આપણા ટાઉન હોલ માફક તેનો દબદબાભર્યો પણ ઘણેક દરજ્જે કદ અને મોટાઇમાં વધારે સુંદર દેખાવ લાગે છે. તેના દરવાજા ઉપર આવતાં આપણે ખ્રીસ્તી ધર્મના દસ અગતનાં ફર્માનો (Ten Commandments), તેઓને બરનાં કોતરકામનાં ચિત્રો સાથે, બન્ને બાજુના સ્તંભો ઉપર વાંચીએ છિએ. તેને ચારે બાજુએ ફરતો વરંડા માફકનો ભાગ છે. તેમાં આગલા પીર પેગામ્બરોનાં મોટાં પુતલાંઓ છે. ગોસ્પેલ લખનારા ચારે સેન્ટો અને ફરેસ્તાઓ ઉપરાંત બીજા સેન્ટોનાં પુતલાં છે. એ પુતલાંઓમાં જે ફરેસ્તા ગણાતા સેન્ટોનાં પુતલાં છે તેમાં ગ્રેબ્રીઅલ જે આપણા સરોશ યજદ માફકનો અને મીકાએલ જે મેહેર યજદ માફકનો ફરેસ્તો છે તેઓનાં પુતલાં આપણું ખાસ ધ્યાન ખેંચે છે. તેવા સેન્ટોને પાંખો સાથે ચિતાર્યા છે. મીકાએલ બાબે મેં St. Michael of the Christians and Mithra of the Zoroastrians નામનાં મારા વિષયમાં (Anthropological Papers Part II) માં કેટલુંક વીવેચન કર્યું છે. આપણા મેહેર યજદ માફક એ ફરેસ્તો ગુજરેલાંઓના કામોને ત્રાજુમાં જોખે છે. તેનું બોધકારક કોતરકામનું ચિત્ર મેં એક બીજાં દેવળ (Sainte Chapelle)માં જોયું. તે ચિત્રમાં એને ત્રાજુ સાથે અને તે ત્રાજુમાં રવાનો સાથે ચિતાર્યા છે. જેઓનાં ભલાં કામો ભુડાં કરતાં વધારે હોય છે તે રવાનોને તેના જમણા હાથ ઉપર જઇ હસતાં રમતાં ખુશીમાં ચિતાર્યા છે; અને જેઓનાં ભુંડાં કામો ભલાં કરતાં વધારે હોય છે તેઓને ડાબા હાથ ઉપર રડતાં બળતાં દલગીર ચેહરે ચિતાર્યાં છે. મેડલીનના બીજાં પુતલાંઓમાં કેટલીક સ્ત્રીઓને આપણે પીર (Saint) ની પવિત્ર પદવીએ ચહેલી જોઇએ છિએ ત્યારે આપણી ફરવર્દીન યસ્તમાંની કેટલીક નારીઓ અને કન્યાઓના અશો ફરોહરોની યાદ આપણને આવે છે.

દેવળમાં અંદર દાખલ થતાં આપણે ઘણાંક ધર્મ ખાતાંઓને લગતી ધર્મની સુંદર પેટીઓ દીવાલે બાજુબાજુના શણગારને આડે આવે નહીં તેમ જડી લીધેલી જોઇએ છીએ.

દેવળના કનફેશન કાજેના બોકસો.

દેવળમાં આજુ-બાજુ નજર કરતાં આપણે લાકડાંની બંધ કરેલી કેટલીક નાની બંધ બેઠકો જોઇએ છિએ. તેમાં મુકરર કરેલા પાદરીઓ આવી બેસે છે અને બહાર મોઢું દેખાય નહી તેમ બેહેદીનોને ઉભા રહેવાની જગ્યા છે, જ્યાં તેઓ આવી પોતાની તકસીરો હોય તે પાદરીઓ આગળ કબુલ કરે છે. આપણાં સ્ટેશનો ઉપર મોટા અવસરોએ-ટીકીટો આપવા જે કામઅલાઉ બીસાડી શકાય એવા માચડાઓ હોય છે તવા એ કનફેશનના બોકસો છે. દેવળમાં એક ટીપ વળગાવેલી છે જેમાં જુદી જુદી ભાષાઓમાં કનફેશન કરાવનારા પાદરીઓનાં નામો આપ્યાં છે એટલે કે કોઇ અંગ્રેજી યા જર્મન યા ઇટાલીઅન વીગેરે ભાષા જાણતો હોય અને ફ્રેંચ ભાષા નહી જાણતો હોય તો તેને માટે તેની ભાષા જાણનાર પાદરીને તેડવામાં આવે. એવી ઘણીક ભાષાઓમાં મેં ચીનાઇ, જાપાનીઝ, આનામીટ ભાષાનાં નામો જોયાં. આપણી કોઈ હીંદી ભાષાના કનફેશનરોના નામો હતાં નહી. સબબ કે એવા કોઇ ધણીઓ આવતા હશે નહી. જો જરૂર પડે તો એવી ભાષા જાણનારા પાદરીઓ એઓ પેદા કરે યા તેને તે ભાષા શીખવી ઉભો કરે. જુદી જુદી ભાષાઓના એવા કનફેશનરોના મેં આસરે ૬૦ ઉપર નામો જોયાં. અંગ્રેજી, જર્મન વગેરે. જેનાં લોકો ઘણા આવે તે ભાષા જાણનારા ઘણા કનફેશનરો નેમ્યા હતા.

આપણા પારસીઓમાં "કનફેશન" જેવું કાંઇ હતું કે?

આપણામાં હાલ કનફેશન કરવા નો એટલે દસ્તુર સાહેબો આગળ પોતાની તકસીરો કબુલ કરી તોબેશ કરવાનો રેવાજ નથી જોકે તે આપણામાં પણ આગલ હતો, એમ આપણને આપણા કોઇક લખાણો ઉપરથી અને ખાસ કરી પતેત ઉપરથી માલમ પડે છે. "પીશ રદ દસ્તુરે દીની" એટલે દીનના સરદાર યા વડા દસ્તુર આગળ એમ ગુનાહ કબુલ કરવામાં આવતો. આપણી પતેતની શરૂઆતમાં "પીશ શુમા વેહાન" એટલે "તમો ભલા (ભેગા મલેલા)ઓ હજુર" મનશની ગવશની કુનશ્નીના શબ્દોના ભણતર સાથે પતેત જોડનાર દસ્તુર યા મોબેદ એક જાતનો સામાનય એકરાર કરે છે. જયારે હું સર જમશેદજી મદરેસામાં મરહુમ દસ્તુરજી પેશોતનજી આગળ મારા પહેલવીના પાઠો લેતો હતો ત્યારે એ બાબે વાત નીકળતાં એ દસ્તુરજીએ જસાવાળા કુટુંબના એક પુરૂષનું નામ દીધું હતું—તે નામ હાલ મને યાદ નથી—કે એવણ દસ્તુરજીના વડીલ આગલ પોતાની તકસીરોનો એક પ્રકારનો પસ્તાવો કરવા આવતા હતા. આપણું આગલું કનફેશન હાલના ખ્રીસ્તી કનફેશન પ્રમાણેનું નહી હોય પણ કોઇ એવી જાતના પ્રકારનું હોય.

દેવળનાં જુદાં જુદાં ચેપલો.

આ દેવળોમાં જતાં આપણે સામાન્ય બંદગીને વખતે નહી પણ બીજે વખત જોઇએ છિએ કે કોઇ ઉત્તર તો કોઇ દક્ષિણ તો કોઇ પશ્ચમ એમ જુદી જુદી દીશાએ મોંહ કરી તે તરફ ખુરસીઓ ફેરવી સામા સામી પીઠ કરી ભણે યા પગે પડે યા યાદ કરતાં બેસે. તેનો સબબ આ કે આ મોટાં દેવળોમાં અંદરને અંદર જાણે નાના ચેપલો (chapels) યા દેવળો બંને બાજુએ હોય છે. કોઇમાં એવાં પાંચ યા છ, તો કોઇમાં વધારે ઓછાં. ત્યારે પોતાને ભાવતાં ચેપલના યજ્ઞ કુંડ (altar) નો સેજદો કરી બંદગી કરવા તેઓ પોતાની ખુરસીઓ અને મોંહ ફેરવે. મોટા યજ્ઞ કુંડ (high altar) ઉપરાંત નાના આલટરો જુદા જુદ સેન્ટો યા પીર પેગામબરોના ગણાય. ભણનારાઓ પોતાને ભાવતા યા માનીતા પીર પરહેજગારની યાદ કરે. આપણામાં એને મળતુ કાંઇ હોય તો તે આ છે કે કોઇને કોઇ ચોક્સ યજદ યા ફરેસ્તા ઉપર વધુ ભાવ યા આકીન હોય તો ત તેને નામે દરૂન કરાવે, યા આરાધના કરાવે કે

બેહેરામ એજદના યા ફલાના યજદના દરૂન કરવા. પાક પરહેજગાર પુરૂષની યાદ કરાવવાના દાખલા તરીકે મારી જાણમાં છે કે નવસારીમાં કોઇ માનતા લેતા કે ફલાણું તેઓનું કામ પાર પડે તો દસ્તુર મેહેરજી રાણાનાં યા ખુરશેદજી દેશાઇના યા હોમાજીના દરૂન કરાવે. સાધારણ આરાધના ઉપરાંત લોકો પોતાની ચાહના ફરેસ્તાની યા પરહેજગાર પુરૂષની યાદ કરે યા કરાવે.

દેવળો ક્રિયાકામ ઉપરાંત બંદગીના મથકો.

આપણી દરેમહેરો બંદગીની જગ્યાઓ (places of worship) કરતાં ક્રિયાકામોની વધારે જગ્યા છે. પણ અહીંના દેવળો ક્રિયા કરતાં બંદગીના વધારે મથકો છે. કોઇ પણ વખતે પચીસ ત્રીસ જણને બંદગી માટે યા શાંત ભક્તીભાવ માટે આવેલાં આપણે જોઇએ છિએ. તેઓ પોતપોતાના માનીતાં ચેપલ આગળ જઇ ત્યાં મીનબતી ચઢાવે છે, જેમાં કોઇ ત્રણ ચાર ફુટ લાંબી પણ હોય છે.

દેવળોની બેઠકોમાં કોઇએ પૈસા આપી પોતાની ખુરસી રીઝર્વડ કરી રાખી હોય છે. કોઇએ તેવી ખુરસી એક નાના ખાના સાથની બનાવેલી હોય છે કે જેમાં તે ધણી પોતાનું ધર્મ પુસ્તક વગેરે રાખી મુકે.

કોઇક બીજાં જાણીતાં દેવળો.

કોઇક બીજાં જાણીતાં દેવળોમાં હોલી ચેપલ (Sainte chapelle) નામનું દેવળ આપણું ધ્યાન તેમાં જાળવેલી ધાર્મિક ચીજોમાં ક્રાઇસ્ટને ફાંસી દીધેલા ક્રોસના એક લાકડાના કટકાના સંબંધમાં ખેંચે છે. યુરોપના કેટલાંક દેવળો એવા કટકા ધરાવવાનું માન ભોગવવા આતુર છે. એ ક્રોસ ખુશરૂ પરવેજ પેલેસ્ટાઇન જીતી ઇરાન લઇ ગયો હતો તે બાબે સ્પેનના એક દેવળના રેલીકોના સંબંધમાં હું બોલ્યો છું.

પેનથેઓં.

એક બીજું પુરાણું દેવળ એક સ્ત્રી સેન્ટ (Ste Geneviéve)ને નામનું છે, જે હાલમાં પેનથેઓં (Pantheon) ને નામે ફ્રાંસના કીર્તિવંત પુરૂશોની યાદગારીના મથક (House of France) તરીકે વપરાય છે અને ગણાય છે જેમાં ફ્રાંસના જાણીતા પુરૂશો જેવાકે વોલ્ટેર અને વીકટર હ્યુગોની કબરો છે એઓના પીશોના મનાતા મોજેજાઓના સંબંધમાં અને ફ્રાંસના એક માનીતા સેન્ટ (St. Devis) નું ચિત્ર આપણે તેના મોજેજાની યાદ આપતું (Martyrdom of St. Devis) નું જોઇએ છિએ કે તેનું માથું ઉરાડી દેવામાં આવ્યું ત્યારે કોઇ કરામત યા મોજેજાથી તેણે પોતાના હાથમાં ઝીલી લીધું.

અહીં એક ચિત્રએ જે મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું તે પેલા જાણીતા હુન લોકોના સરદાર એટીલાનું "Atilla et son arsnée" એવે નામનું છે. હુન લોકો જેઓ સામે એક ચીનાઇ શેહેનશાહે ચીનની મોટી ૧૫૦૦ મૈલ લાંબી દીવાળ બાંધી હતી અને જેઓના એક તાયફા સામે નોશેરવાન અદલે કેસપીયન સરોવર આગળ એક દીવાલ બાંધી હતી, તે લોકોના આ શુરા સરદારે એક વખત આખાં યુરોપને ધ્રુજાવ્યું હતું અને તેણે એક વખત આવીને પુરાણા પેરીસના પણ દરવાજા ઠોકયા હતા. હીંદુસ્તાન અને ઇરાન ઉપર હુમલો કરનારા આ હુન લોકો ધર્મે માજદયસ્નાન હતા એમ મેં મારાં એક કામા ઇનસ્ટીટયુટના ભાષણમાં દેખાડયું હતું અને ત્યાં હું સેવટ મારા મમુમ રેવરંડ મફીકનથી જાણી ખુશી થયો હતો કે તેમણા વિચાર પ્રમાણે મેં મારૂં અનુમાન પુરવાર કર્યું હતું. આ ચિત્રમાં એટીલાને હથીઆર ખેંચી પોતાના લશકર સાથે હુમલો કરતો દેખાડયો છે. ચીનની "બોક્ષર વોર" દરમયાન જર્મનીના માજી કયસરે એટીલા અને તેના હુનોની નકલ કરવાને પોતાના સીપાહીને

કહેવાથી છેલ્લી લડાઇ દરમ્યાન જર્મનો વારેઘડીએ "હન" તરીકે બોલાયા હતા.

નોટ્રડામ (Notre Dame) તે ઉપર ઈરાનના મોબેદોના ચિત્રો.

નોટ્રડામનું દેવળ પેરીસનું ખાસ દેવળ(Cathedral) તરીકે ગણાય છે. એમાં દાખલ થતાં બહારથીજ જે કોતરકામે મારૂં પહેલું ધ્યાન ખેંચ્યું તે ઈરાનના પેલા ત્રણ માજીઓ (The Three Magi) યા મોબેદો હતા, કે જેઓ બાળક ક્રાઇસ્ટના જન્મની વાત સાંભળી, કદાચ તેને પોતાના ધર્મ પુસ્તકોમાં જણાવેલો સોશયોસ સમજી પેલેસ્ટાઇન આવયા હતા. દરવાજાના આ કોતરકામમાં તેઓને માથાં ઉપર તાજ સાથે ડાહ્યા પુરૂષો તરીકે ચિતાર્યા છે. તેઓના માથાંનાં તાજ વીગેરે ઉપરથી તેઓ ઇરાની પાદશાહો તરીકે પણ કેટે ખ્રીસ્તી પુસ્તકોમાં બોલાય છે.

આ ઈરાની માજીઓ અથવા મોબેદોને પાદશાહો તરીકે તાજ સાથે ચિતારવાની બાબત મને યાદ આપે છે કે હાલમાં પણ થોડુંક સુધી બેહદીનો પોતાના મોબેદો યા ધર્મગુરૂઓને "બાદશાહ" તરીકે બોલાવતા. હું સફેદ પાઘડી સાથે એક છોકરો હતો ત્યારે મારા શેઠ જીજીભાઈ દાદાભાઇના ખાનદાનના એક ભલાં બાનુ મને હું તેવણ આગળ જતો હતો ત્યારે "આવો બાદશાહ" એમ આવકાર દેતાં. આપણામાં આતશબહેરામ તથા આદ્રાન પણ પાદશાહ ગણાય છે તેમ મોબેદો પણ ગણાતા. શાહ જમશેદ શાહનામામાં પોતા માટે એક પાદશાહ તેમજ મોબેદ તરીકે બોલે છે (મનમ પાદશાહો હમ મુબદી) આ ચિત્રના કોતરકામના હાથમાં એક ગુરજ જેવું હથીઆર આપણે જોઇએ છિએ, જે આપણને યાદ આપે છે કે હાલમાં પણ એક મોબેદનો છોકરો નાવર થવા જતાં યા "પાદશાહ" બનતાં હાથમાં ગુરજ રાખે છે, જે આપણી ખુરશેદની નીઆએશમાં જણાવવા પ્રમાણે દેવોને મારનાર એક હથીઆર તરીકે ગણાય છે (યઝાઇ વઝરેમ હુનીવીખ્તેમ કમેરેધે પઇતી દએવનામ.)

પેરીસ, હોટેલ રોશામ્બો,
(Rochambeau),
તા૦ ૧૮ મી મે ૧૯૨૫.

પેરીસ—છેલ્લી મોટી લડાઇની જંગભૂમીની મુલાકાત.

આપણે છેલ્લી દુન્યાવરણની લડાઇ દરમ્યાન વાંચતા હતા કે લડાઇનો મોટો દરોરો જર્મનો તરફથી આ પેરીસ શેહરના અતરાફમાં પાડવામાં આવ્યો હતો. એક વખત શરૂઆતમાં તેઓ પેરીસથી ફક્ત ૧૫ મૈલના તફાવત સુધી ફતેહ સાથ દોડી આવ્યા હતા અને પછી પાસો પાછો ફરતાં તેઓને થોડુંક પાછું હઠવું પડયું હતું અને ત્યાં લડાઇની સેવટ સુધી, થોડુંક એમ કે થોડુંક તેમ, આગળ વધી કે પાછળ હઠી, પડી રહ્યા હતા. કોઇક જગ્યાએ થોડાક સો બસો વારોને છેટે ફ્રેંચમેનો અને જર્મનો એકમેકના બચાવપર અને એકમેક ઉપર હુમલો કરતા ત્રણ ચાર વર્ષો સુધી પડી રહ્યા હતા. દુન્યાની સર્વ લડાઇઓમાં આ લડાઇ આ બાબતમાં એક નવીન પ્રકારની લડાઇ હતી. હવે આપણે વાંચ્યે તે એક વાત અને તે લડાઇની જંગભૂમી નજરે જોઇ, લડાઇની સર્વ રાહરીતીઓની વાકેફી નહી હોવા છતાં, તેની ગોઠવણો આપણી કમીની શક્તી પ્રમાણે થોડીઘણી સમજીએ એ બીજી વાત.

નિશાળમાં અને કોલેજમાં અભ્યાસ કરતી વેળાએ આપણા હખામનીઅન વંશના ઇરાનીઓ અને યુનાનીઓ વચ્ચેની મેરેથોન (Marathon)ની લડાઇ માટે આપણે કેટલુંક વાંચ્યું હતું, કે જે લડાઇ મી૦ ક્રેસી (Cresy)ની ટીપ પ્રમાણે દુન્યાની એક યા બીજી પ્રકારની મોટી અસર કરનારી ૧૬ લડાઇઓ (decisive battles of the world) માંની એક લડાઇ ગણાઇ છે. પ્રોફેસર મેક્ષમુલરે લખ્યું છે કે જો એ અને સેલમીસની દર્યાઇ લડાઇમાં ઇરાનીઓ હાર્યા નહીં હતે, તો આજે આખાં યુરોપમાં જરથોશ

ધર્મ ફેલાયો હત. હવે આ લડાઇનું કોઇ વર્ણન ઇરાનીઓને હાથે લખેલું બચેલું નથી, અને તેથી યુનાનીઓના વર્ણન ઉપર આધાર રાખી આપણા ઇરાનીઓને ઘણા ગેરઇનસાફ કરવામાં આવતો હતો કે તેઓના હજારોનાં લશકરને મુઠીભર યુનાનીઓએ હરાવ્યું હતું. આ સહેરાગાત બાબે કાઉન્ટ ગોબીનો જેવા ફ્રાંસના તવારીખનવેશે પોતાની ઇરાનની તવારીખમાં ઇરાનીઓને ઇનસાફ આપવાની તજવીજ કીધી છે. મારી આગલી મુસાફરી વેળા મેં એથેન્સ જઇ, ત્યાંથી એ મેરેથોન ની લડાઇની જંગભુમી ઉપર જઇ, ત્યાં તે લડાઇનો કાંઇક ખ્યાલ મેળવ્યો હતો. તે જંગભુમી ઉપર એક ખેડુતનાં ઝુપડાંમાં તેના વાલ વટેણાનું બપોરનું ખાણું લીધું હતું અને તે વિચારથી હજુર પણ મારા મોંઢામાં મોજનું પાણી છુટે છે. તે મુલાકાતમાં મેળવેલાં જ્ઞાનના અનુભવ ઉપરથી આ છેલી લડાઇની જંગભૂમીના એક ભાગની મેં ગઇ કાલે મેસર્સ કુક એન્ડ સનની એક પાર્ટી સાથ, મુલાકાત લીધી હતી. બે કલાકની એક ઝડપી ટ્રેનની મુસાફરીથી જાણીતાં રાઇમ્સ (Rheims) શેહેર જઇ, ત્યાંથી મોટરમાં આસરે ૨૫ મૈલનો ચકરાવો લઇ, કેટલીક લડાઇમાં મશહુર થયલી જગ્યાઓ જોઇને લડાઇની કોઇક રાહરીતીઓનો ખ્યાલ મેળવ્યો. મેસર્સ કુક એન્ડ સન પોતાની પાર્ટીઓ જુદી જુદી લડાઇની જગ્યાઓ માટે ગોઠવે છે. તમોને ગમે તે જગ્યાએ જવાને માટે અથવા ગમે તો ચાર પાંચ દહાડા બધી જગ્યાઓએ જવા માટે તમો તમારી પસંદગી કરો. મને એ સર્વમાંથી “Rheims. The Chemin des Dames and the Hindenburg Line”ની મુલાકાત પસંદ પડી, સબબ કે લડાઇ દરમ્યાન મેં પારસી લેખક મંડળ હજુર કેટલાંક ભાષણો આપ્યાં હતાં અને પછી “The Ancient Germans” બાબે મારી એન્થ્રોપોલોજીકલ સોસાયટી હજુર વિષય વાંચ્યો હતો, તેમાં આ રાઇમ્સ શેહેર માટે કાંઇક કહ્યું હતું. જર્મનોના અસલી વડીલો, જેઓમાં હાલના હીંદુઓ માફક બાયડીએ ખાવીંદના મરણ પાછળ “સતી” થવાનો, વીધવા લગ્નના અટકાવનો, માહોમાહેનાં લગ્ન વીગેરેના રેવાજો હતા, અને જેઓમાં આપણા ઇરાનીઓ માફક રાજબંધારણમાં ન્માન-પધ્ધતી, વીસ-પધ્ધતી, જંતુ-પધ્ધતી જેવી રચના હતી તે વીગેરે બાબતોની કાંઇક હકીકતો માટે મારા વાંચનારાઓને મારા એ વિષયનો હવાલો આપું છું.

રાઇમ્સ (Rheims) શેહેર.

રાઇમ્સ શેહેર ફ્રાંસનું એક પુરાણું શેહેર છે અને ફ્રાંસના સર્વ પાદશાહો રાજગાદીએ આવતાં આ પુરાણાં શેહેરના જાણીતાં દેવળમાં તાજ પેહેરતા. આ શેહેરમાં તેઓ એકદમ એ કામ માટે દાખલ થતા નહી, પણ કોઇ અસલી રેવાજ જાળવી, એક બીજા પડોશના ગામમાં એક રાત સુઇને પછીજ દાખલ થતા. અહીંનું જાણીતું દેવળ, જે હાલમાં આપણને સંખ્યાબંધ ગોળાઓથી જાણે વીંધાઇ ગયલું દીસે છે, તે ઇ૦ સ૦ ૪૦૦ માં બંધાયું હતું. જ્યારે જર્મનો પેહેલ પેરીસપર ધસ્યા, ત્યારે તેઓએ આ શેહેર હાથ કર્યું હતું. તે વખતે જર્મન ક્રાઉન પ્રીન્સ અહીં નવ દહાડા રહ્યો હતો, તે ઘર આપણને દેખાડવામાં આવે છે. અમારો ગાઇડ એક ફ્રેંચ સેપાહ હતો તે એ શાહજાદા માટે એક સેપાહી બચ્ચા તરીકે સારા વિચાર દર્શાવતો હતો પણ ખુદ કયસર માટે સખત બોલતો હતો. આ શાહજાદો જ્યારે મુંબઇ શેહેરની મુલાકાત દરમ્યાન આપણા દોખમા જોવા આવેલો ત્યારે તેને જોઇ હું જે વીચાર બાંધી શક્યો હતો તે આ કે બીજાના મન ઉપર તેના માટે ભુંડો છાપ મારે એવો તનો દેખાવ હતો.

આ શેહેરનાં પુરાણાં કેથેડ્રલ ઉપર તે એક ધર્માલય હોવા છતાં ગોળા ફેંકવા માટે

જર્મનો જગના ધીક્કારમાં આવી પડયા હતા, પણુ તે માટે તેઓ બચાવમાં કહેતા કે ફ્રેંચ લોકો દેવળનો ખોટો ઉપ્યોગ કરી તેમાં સોલજરો રાખતા હતા. આ દેવળ અને રાઇમ્સ શેહરનાં સંખ્યાબંધ ભાંગેલાં ઘરો તેની પાયમાલીનો ખ્યાલ આપે છે. તેનાં ૧૫૦૦૦ ઘરોમાંથી ૧૦૦૦૦ નાશ પામ્યાં હતાં. લડાઇ બાદ હાલ સુધીમાં તો ઘણાક ઘરો પાછાં બંધાયાં છે. લડાઇનાં ગોળાઓ સામે બચાવ આપવા, અહીં અને બીજે ઘણીક ઠેકાણે, કિમતી બાવલાંઓ વીગેરેને રેતીના કોથલાઓ (sand-bags) માં સીકડી લેવામાં આવ્યા હતા કે જેથી ગોળાઓનું જોર તુટે.

અહીંનું બીજું પુરાણું દેવળ (St. Remy Church), જે સદીઓ સુધી આજુબાજુના લોકો માટે જાત્રાનું મથક હતું, તે ઘણું બચી ગયું છે. આ શેહેરમાં પણ આપણે પેલી "જોન ઓફ આર્ક", બાઇનું પુતલું દેવળ આગળ ઉભૂ કરેલું જોઇએ છિએ. સબબ કે અંગ્રેજોને હરાવી તેણીએ ચાર્લસ રાજાને અહીં લાવી રાજ્યભીષેક કર્યો હતો.

જ્યારે પેહેલા ફતેહમંદ હુમલા બાદ, માર્નની પેહેલી લડાઇ પછી, જર્મનોને પાછું હઠવું પડયું, ત્યારે તેઓને થોડાક દિવસની પાદશાહી બાદ આ રાઇમ્સ શેહેર છોડવું પડયું હતું અને તેઓ હઠીને એક સલામત જગ્યાએ પડાવ નાખી, ત્યાં મજબુત બાંધકામો કરી, લગભગ સેવટ સુધી પડી રહ્યા હતા કે જ્યાંથી ચાલુ આ રાઇમ્સ શેહેર ઉપર તેઓએ ગોળાઓ ફેંકવા માંડયા હતા. એટલા માટે પેહેલા હુમલા વખતે નહીં પણ પાછળથી ચાલુ લડાઇ દરમ્યાન આ શેહેર નાશ પામ્યું હતું. પેહલી નાહાસભાગ વેળાએ જર્મનો અહીં જે ઘણીક ચીજો—કોલાહ, હથ્યારો વીગેરે દોડાદોડીમાં મેલી ગયલા તે ટુરીસ્તોને "કયુરીઓસીટી" તરીકે વેચવામાં આવે છે. પેહેલા હુમલા દરમ્યાન ઠંડુ મન રાખી, સમયસુચકતા વાપરી, અહીંના પ્રીફેકટ (Prefect) જાહેરનામું બહાર પાડી, લોકોને જ્યાં જવાય ત્યાં જવા કહ્યું, અને જેઓને કેટે સગાંવહાલાંઓ યા મીત્રોને ત્યાં બહાર ગામોમાં જવા જેવું નહીં હોય તેઓને સરકારને ખરચે નીભાવવા દીલાસો દીધો હતો. તે જાહેરનામાની નકલ અત્રે વળગાવેલી વાંચતાં ખ્યાલ આવે છે કે ફ્રેંચમેનોએ કેવા ચોક્કસ નીયમથી સબુરી સાથે કામ કરવા માંડયું હતું.

રાઇમ્સ શેહેરની બાહેરની જંગભૂમીની મુલાકાત.

શેહેર બહાર જંગભૂમી ઉપર જતાં આપણુને લડાઇના તરેહવાર રંગરૂપોનો ખ્યાલ આવે છે. માર્ગમાં આપણે જર્મનોના કોઇક તોપોનાં બચાવનાં મથકો (Machine guns sheds) જોઇએ છિએ, જે જમીનમાં થોડુંક ખોદી બાંધી લીધેલાં છે. સામેથી આવતા તોપના ગોળાઓ સામે પોતાની તોપો બચે એવી મુકતી છે. બહારથી ટેલીફોનથી પેગામ મળે તેમ, તોપોની દીશા બદલી, અંદરની બચાવની જગ્યામાંથી તેઓ તોપો છોડતા હતા.

આ જંગભૂમી ઉપર કેટલાંક કબ્રસ્તાનો જોયાં, જેમાં અંગ્રેજો, ફ્રેંચમેનો વીગેરેના સેપાહોને દાટવામાં આવ્યા હતા. દરેક કબર ઉપર ફક્ત લાકડાંનો એક ક્રોસ ઉભો કર્યો છે. એકાદ જગ્યાએ ૧૦૦૦૦ કબરો છે. આ લડાઇ બાદ, કાલબુદો એકઠાં કરી તેઓના પોષાકો, દીલ ઉપરની કોઇ ચીજો વીગેરેથી જેઓનાં નામો મુકરર થયાં, તેઓનાં નામો મુકી શકાયાં છે.

સોલજરોનાં દીલ ઉપર તાવીજો.

આ લડાઇ દરમ્યાન સેંકડો નહી પણ હજારો સોલજરોના કાલબુદો ઉપરથી બીજી ચીજો સાથે તરેહવાર પ્રકારનાં તાવીજો (amulets) મળ્યાં છે, કે જે આપણું ખાસ ધ્યાન ખેંચે છે કે "માણસજાતનો ખવાસ ઘણો સામાન્ય છે." (Human Nature is the same). દીલ ઉપર

તાવીજો રાખ્યાં હોય તો બીમારી યા મુશકેલી યા આફત નહી આવે એ ખ્યાલ ઘણેક હદે સામાન્ય છે. ઘણીક માતાઓ યા બાયડીઓ યા બેનાએ પોતાના બેટાઓ, ખાવીંદો યા ભાઇઓને દેવળોમાંથી ક્રિયાથી પાક કરેલાં (consecrated) તાવીજો લાવી પેહડાવેલાં કે તેઓના તે વહાલાંઓ સલામત પાછા ફરે પણ તાવીજો હોય કે નહી તોપણ, વખત મિસાલ, લડાઇ પોતાનું કામ કરતી જાય છે. ગમે તે હોય પણ પેહડનારાઓને તે તાવીજોએ અજબ હીમત, ઉલટ અને બહાદુરી આપી હશે. એવું એકીન કે જે એક માણસના આચારવિચારને ચઢતા (elevate) કરે, તવા વીચારોને એકદમ આડે આવવું એ દરૂસ્ત નથી. એક વિચાર તમારે મનથી વહેમ લાગે પણ જો તે કોઇ ધણીન ચઢતો કરે, પવિત્ર કરે તો તેને તે વિચાર બાંધવા દેઓ.

લડાઇનાં મેદાનની ખાણો અને ખાડા (mine-craters.)

લડાઇનાં મેદાનમાં ઘણુંક જોયું, જાણ્યું, શિખ્યા તેમાં એક બે બાબદો નજરે જોવા વગર સમજ પડે નહી તેવી હતી. અહી એક ચાકની ઉત્પત્તી (chalk formature)નું મોટું મેદાન છે, જેનો એકાદ ભાગ તેના ઉજાશ ફેંકતા સફેદ ભાગથી બપોરી વખતે આપણી આંખને ત્યાં ફરતાં ફરતાં ઘણી દુખવે છે. આ જગ્યાએ આવતાં પરાબર ખ્યાલ આવ્યો કે મહીનાના મહીના સુધી, ત્રણ ચાર વર્ષો સુધી. ફ્રેંચમેનો અને જર્મનો એકમેકની જાણે આડાઆડ સામસામા બચાવમાં કેમ પડી રહ્યા હશે! અને તે પણ એટલા નજદીક કે મોટેથી પોકાર મારી એકમેક સાથે વાત પણ કરી શકે અને તે છતાં એકમેક ઉપર હુમલો કરી લડાઇનો ચુકાદો લાવી શકે નહીં. કાંટાદાર ધાતુના તારો (barbed wires) થી પોતાની છાવણીનો બચાવ કરી અવારનવાર તેઓ એકમેક ઉપર ગોળીઓ ફેંકતા રહેતા. આપણે શાહનામામાં વાંચીએ છિએ કે જંગના મેદાનમાં બે પેહેલવાનો સામસામા મળી જાણે એક પ્રકારના ભાષણો કરી હથ્યારની લડાઇ આગમજ શબ્દોની લડાઇ લાંબો વખત કરે, તે કદાચ કોઇ આવી રીતે હશે.

પણ તેમ પડી રહી બન્ને બાજુવાળાઓ પોતાનું છુપું કામ કરતા રહે અને તે આ કે પોતાની છાવણીમાંથી એક જગ્યાએ છુપી રીતે એક ખાણ ખોદવા માંડે. તે દુશ્મનની છાવણીની જગ્યાની નીચે સુધી ખોદી તેમાં દારૂગોળો ભરી તે ઉડાડી દીએ. તેથી દુશ્મનની છાવણીમાં નાશ પંથરાય. જમીનમાં મોટાં ખાડ, ગંજાવર મોટો ખાડ, આસરે સો ફીટના વ્યાસનો પડે. એવા કેટલાક ખાડા (mine craters) જોયા, જે જાણે ગઇ સફર વખતે જોયલા વીસુવીઅસના બળતા પહાડના કોઇ ખાડ (crater)ની યાદ આપે. કહે છે કે એવી એક ખાણ (mine) થી એક વખત આસરે ૨૫૦ ફ્રેંચ સેપાહો માર્યા ગયા અને તેઓના માંસનો એક ટુકડો પણ હાથમાં આવ્યો નહી.

જમીન માંહે ખોદી કહાડેલાં ભોંયરાંઓ (dug-outs.)

આ લડાઇની એક બીજી નવી રાહરીતીનો ખ્યાલ આ જંગભૂમી જોવાથી આવ્યો, તે તોપના ગોળાથી યા હવામાં ઉડતાં એરીઓપલેનથી બચવા કાજે ખોદેલાં ભોંયરાંઓ, જેઓને "ડગ-આઉટ" કહે છે તે હતાં. એકમાં હમે ઉતર્યા, જે જમીનની સપાટીથી આશરે ૫૦ થી ૭૫ ફીટ ઉંડાણમાં હશે. બે બતીઓ સાથે અમો આસરે અર્ધો પોણો કલાક અંદર ફર્યા. બતી સળગાવે તેટલાં ઉજાસ તો તદન અંધારૂં ગાર—જાણે દોજખનો ગાર. અંધારૂં તો એવું કે આપણા એકાદ પુસ્તકમાં દોજખના અંધારા માટે કહે છે તેમ જાણે છરીથી અંધારૂં કપાયં કહેવામાં આવ્યું કે તે "ડગ આઉટ" એમ અંદર ને અંદર ૨૫ મૈલ સુધી ખોદી કહેલા છે. જે હજી

જોયો તે પહેલ પત્થરની ખાણુ હતી, તેને એમ વધારીને ડગ–આઉટ તરીકે વાપરી હતી. અંદર સોલજરોને સુવા માટે 'વાયર' ના તારનાં જમીનથી થોડાંક ઉંચા બીછાણાં હતાં. કહે છે કે ચાર પાંચ રેજીમેન્ટો અંદર રહે, ખાએ, પીએ, સુએ, મરે. અને સર્વ કરે. ઓફીસરોનો જુદો ઓરડો હતો. અંદરજ એક ઠેકાણે પીવાનું પાણી ખોદી કહાડેલું. કહે છે કે કોઇ મરણ પામે તેને દાટવાની જગ્યા પણ અંદરજ. એ ડગ–આઉટનો ખ્યાલ તમો તમારી આગગાડીનાં ટનલ ઉપરથી બાંધી શકો. પણ તે પહોળાઇ લંબાઇમાં ઘણો મોટો ધારો. યુરોપની પહેલી મુલાકાત વખતે આલપ્સના પહાડોનો સેન્ટ ગોથાર્ડ (Gothard) નો મોટો ટનલ ઓળંગેલો યાદ છે, પણ આ ડગ–આઉટ તો જાણે ટનલોનો ટનલ. કહે છે કે વાપરતી વખતે વેન્ટીલેટરો કામ કરે અને કેઠે કેઠે ટનલ માફક કાંઇક હવાઉજાશ માટે માર્ગો રાખેલા. એ મોટા "ડગ–આઉટો"માં વળી નાના ટનલો બાજુએ ખોદેલા તે તો જુદા. મેં ઉપર કહ્યું કે જાણે "દોજખના જેવું અંધારૂં." પણ માણસ ચાહે છે તો શારીરીક દોજખને પણ કેટલીક હદે બેહેસ્ત બનાવે છે. તેમ કહે છે કે લડાઇ દરમ્યાન અંદર વીજળીકે રોશની, વેન્ટીલેટરો વીગેરેથી બનતી રાહત સિપાહીને મળે તેમ ગોઠવણ કીધેલી હતી. વળી એકના એક લશ્કરને અંદર રાખે નહી. અવારનવાર બદલી કરે. તેઓ વધારે સ્વચ્છ હવાપાણીમાં એકાદ મહીનો રહી આવે. અત્રેના એક લાંબો વખતનો વાસો કરતાં ભલાં પારસી બાઇ જેવણ લડાઇ બાદ તુરત એક જર્મન "ડગ–આઉટ" જોઇ આવ્યાં હતાં, તેવણે કહ્યું કે તે "ડગ–આઉટ"માં જર્મન કાઉન પ્રીન્સ પોતાનાં લશ્કર સાથે રહેતો હતો. તેનાં મથકમાં તો દીવાલો વીગેરે રંગીન "ટાઇલ્સ" વીગેરેથી જડી લીધેલી અને વળી ત્યાં બીજી કેટલીક રાહત હતી.

તે દાદારની દુન્યામાં નવું કાંઇ નથી.

હું તેવું માનનારાઓમાંનો એક છું કે જેઓ કહે છે કે, આ દુન્યામાં નવું કાંઇ નથી. (There is nothing new under the Sun). જો તમો ખુદાતાલાને અને તેની જગતને અનંત (Infinite) માનો અને જ્યારે હાલની વીદ્યાએ તમોને કહ્યું છે કે આ દુન્યામાં તે દાદારને હાથે પહેલો આદમી, તમારો ગય–મરેથન અથવા ગયોમર્દ, પચીસ પચાસ લાખ વર્ષ ઉપર જન્મ પામ્યો હતો, ત્યારે શું તે દાદાર આ લખ્ખો વર્ષ માણસજાતને અંધકારમાં રાખી તમારી આ વીસમી સદીનેજ બધે પ્રકારે રોશન બનાવી. જો એમ માન્યે તો એક પ્રકારે તે દાદારનાં ડહાપણ (Providence) ઉપર કમી રોશની પડે છે. પણ કોઇ ઘણા આગલા વખતની બાબતોની હા–ના બાજુએ મુકી તમો તમારા પહેલવીના "હજારાઓ" (millenniums) ઉપર આવો તો, હીંદુ પુસ્તકો તેમ તમારાં પુસ્તકો અને શાહનામા જેવાં તવારીખી પુસ્તકો દેખાડે છે કે હાલની લડાઇ દરમ્યાન જાહેરમાં આવેલા "એરીઓપલેન" તેમાંથી નખાતા બોમ્બો, લડાઇમાં દુશ્મનોને એક જાતની ખરાબ હવા (ગેસ)થી થોડો વખત આંધળા કરવા, આવી ડગ–આઉટો ખોદવા, એ સર્વ થોડું કે ઘણું આગલા વખતમાં જણાયલું હતું. આ બાબે એક વખત આપણા "ટાઇમ્સ ઓફ ઇન્ડીઆ"માં હું વધારે વીગત બોલ્યો છું. શાહનામામાં એવી ખોદેલી જગ્યાની લડાઇની યુક્તી માટે કેખસરૂની અફ્રાસ્યાબ સાથની લડાઇમાં "કન્દેહ" એટલે "ખોદેલી જગ્યા" એવા શબ્દો આવે છે તે હાલની લડાઇની ટ્રેન્ચો (trenches) ને લગાડયે કે "ડગ–આઉટ"ને લાગુ પડે તે વિચારવાજોગ છે.

જંગનાં મેદાનની હીન્ડેનબર્ગ લાઈન (Hindenburg Line.)

આ લડાઇ દરમ્યાન એક શુરા જર્મન સેપાહસાલાર તરીકે હીન્ડેનબર્ગનું નામ મશહુર થયું છે. તેણે પોતાની લશ્કરી યોજનામાં રચેલી હદ જે "હીન્ડેનબર્ગ લાઇન" તરીકે ઓળખાય છે તે આપણને આ રંગભૂમી ઉપર દેખાડવામાં આવે છે. આ શુરા સેપાહસાલારને જોયા હોય તો મારા વિચાર પ્રમાણે, જો હું ભુલતો નહીં હોઉં તો, આપણા ડા૦ મારીનાને જોઇ લેવા. એક વખત જર્મનો અંગ્રેજોના ખેશી અને સગા (Kith and Kin) ગણાતા હતા. પણ હવે જોવાની રીતી (angle of vision) બદલાવાથી તે વિચાર પણ બદલાયો છે. એના સંબંધમાં "લાંબા માથાંવાળા" અને "ટુંકા માથાંવાળા" (Long-headed and short-headed) એમ "એનથ્રોપોલોજી" જે વર્ગો કરે છે, તે વર્ગ બાબેની ગણાણી આપતાં, એક લખનારે હીન્ડેનબર્ગના ચેહેરાનું ચિત્ર આપ્યું છે. તે જોતાં મને બરાબર ડા૦ મારીના યાદ આવ્યા હતા. કદાચ હું ભુલતો હોઉં એમ ધારી, મેં તે ચિત્ર ઉપર લખેલું નામ ઢાંકી, મારા બે મદદનીશ ભાઇઓને પુછ્યું હતું કે આ ચેહેરો કોણના જેવો છે? તો તેઓએ એકદમ એકમેકથી સ્વતંત્ર રીતે ડા૦ મારીનાનું નામ દીધું હતું. એ તબીબ સાહેબ ઉપર પણ મેં તે ચિત્ર જોવા મોકલ્યું હતું કે એવણે જો કોઇ વખતે પોતાના ચેહેરાનું "એનથ્રોપોલોજીકલ" માપ લેવાડયું હોય તો તે સરખામણી કરવા કામ લાગે.

આ ભૂમીની મુલાકાત દરમ્યાન આ હદની લીટી પસાર કરી કે જ્યાંથી લડાઇના છેલ્લાં વર્ષમાં જેરમનોએ હુમલાની યોજના (offensive) શરૂ કીધી હતી.

પેરીસ—હોટેલ રેશારઓ,
તા૦ ૧૮ મી મે ૧૯૨૫.

પેરીસ શેહેર અને છેલ્લી લડાઈ.

મેં છેલ્લાં પત્રમાં છેલ્લા લડાઇની જંગ ભૂમીની મુલાકાતનું કેટલુંક વર્ણન કર્યું પણ એક રીતે ખુદ પેરીસ પોતે પણ જંગના સીદ્ધા સપાટામાં આવ્યું હતું. હું આ પત્રમાં આ બાબતના સંબંધમાં અને આ લડાઇની કોઇક અત્રે દીસતી જાણવાજોગ બાબતમાં કાંઇક બોલીશ.

આ લડાઇ દરમ્યાન તેના છેલ્લાં વર્ષ (૧૯૧૮) માં આપણે મુંબઇમાં તારની ખબરો સાંભળી હતી કે જર્મનોએ એક મોટી તોપ બનાવી છે જે ૭૦ મેલ સુધી ગોળા ફેંકી શકે છે. આ તોપનું નામ બેર્થા (Bertha) કહી હતું. એક તોપ આટલે તફાવતે ગોળા મારે તે એક મોજેજા (miracle) સમાન અજબ ગણાવા લાગ્યું અને એવી અજાયબીના પણ તારો મળવા લાગ્યા. આ બનાવથી મને આપણી પશ્તો અને પેહેલવી પુસ્તકોમાંની એરેક્ષ નામના તીરંદાઝની વાત યાદ આવી હતી અને મેં તે ઉપર મારી એનથ્રોપોલોજીકલ સોસાયટી હજુર એક વિષય વાંચી કાંઇ સરખામણી કરી હતી. ઇરાની વાર્તા પ્રમાણે એક નામીચા તીરંદાજે એવો તો જોરથી સહવારના પોહોરમાં એક તીર ફેંકયો હતો કે તેના જોરને લીધે તે સહવારનો છુટેલો છેક બપોરે એક જગ્યાએ પડયો અને લડાઇના કરારની સરત પ્રમાણે ત્યાં ઇરાન અને તુરાનની સરહદ નક્કી થઇ. આ બન્ને બનાવ જે એક મોજેજા યા કરામત સમાન ગણાયે છે તે એક ગોળા અને તીરની બનાવટમાં ગણાય છે કે જેથી તે એક projectile તરીકે ફેંકાતા તેમાં પણ કોઇ યુક્તીથી નવી ઝહડપ આવે છે.

આ મોટી તોપનો એક ગોળો મેં આગળ વર્ણવેલા મેડલીનના દેવળપર પછવાડેના ભાગ ઉપર પડતાં ત્યાંના

વરંડાનો એક પથર ભાંગ્યો અને તેનો ભાંગેલો ટુકડો ઉડી ત્યાં મેલેલાં સેન્ટ લ્યુકના પુતલાંનું માથું ઉરાડી મેલ્યું. અહીંની સરકારે લડાઇની એક નિશાણી તરીકે તે પુતલું એમજ માથાં વગરનું રહેવા દીધું છે અને તની હેઠે આ બનાવની નોંધ કોતરી છે કે તા૦ ૩૦ મે ૧૯૧૮ ને દીને એક જર્મન બોમ્બ યા ગોળા (oblus allemand) આ દેવળ ઉપર પડી પુતલાંનું માથું ભાંગી નાંખ્યું છે.

એની આગમજ ગુડ ફ્રાઇડેને દહાડે આવો એક ગોળો એક બીજું દેવળ (St. Gervais), જે પાવત્ર ચેપલ (Sainte Chapelle) ને નામે પણ ઓળખાય છે, ત્યાં ચાલતી બંદગી વખતે પડયો હતો અને તનો એક ભાગ ભાંગી નાંખ્યો હતો, જે આપણે રસ્તા ઉપરથી પણ જોઇ શકયે છિએ. તે ભાગેલો મોટો ભાગ અંદર પડવાથી ૭૨ માણસો માર્યા ગયાં હતાં.

આવા જોખમને લીધે અત્રેની સરકારે કોઇક દેવળો અને મહેલોમાંથી સુંદર કારીગીરીનાં કામો અને અહીંના જાણીતા પુરાણા વણતકામના પરદાઓ (tapiseri) કહાડી લઇ બહાર મોકલી દીધા હતા.

આ લડાઇ અને સ્ટ્રાસબર્ગ શેહેરની યાદનું પુતલું.

પરીસમાં Place de la Concorda નામના એક મોટો ગંજાવર ચોક છે. ત્યાં ઇજીપ્તથી લ્યુક્ષોરથી લાવેલું એક ગંજાવર એકજ પત્થરમાંથી કોતરી કહાડેલું મોન્યુમેન્ટ (monolithic obelisk) મેલેલું અને આજુબાજુ ફ્રાંસનાં નામી આઠ શેહેરોની યાદ આપનારાં પુતલાંઓ છે. તેમાં એક જાણીતું સ્ટ્રાસબર્ગ શેહેર જેની મુલાકાત મેં આઇ સફર વખતે લીધી હતી. તેનું પુતલું છે. આ પુતલાંની આગલી હકીકત દરદનાક હતી. ૧૮૭૧ ની લડાઇમાં જર્મનોએ આલસેસ-લોરેન (Olsace Lorraine) લેતાં આલસેસનું આ શેહેર પણ લીધું. ત્યારથી ફ્રેંચોએ ત્યાં શોક દેખાડવા માંડયો હતો અને લોકો પણ કબર ઉપર ચઢાવવાના હારો (mourning wreaths) ત્યાં ચઢાવતા હતા. પણ આ છેલ્લી લડાઇ બાદ જ્યારે આ શેહેર પાછું હાથ આવ્યું છે ત્યારે લોકો હવે તેને ખુશાલીના હારો ચઢાવે છે. એક પુતલાંની પણ જાણે ચઢતી પડતી આવતી!

આર્ક ડ ટ્રાયોંફમાં ગુજરેલાંની કીર્તીમાં રાત દહાડો બલતી રોશની.

એક ખાસ જગ્યા જે હાલમાં સર્વ લોકોનું ખાસ ધ્યાન ખેંચે છે તે (Arc de Triomphe de l'Etoile) નામનું નપોલીઅને પોતાની ફતેહોની યાદમાં બરપા કરેલું ફ્રાંસની લડાઇઓનાં અને લડાઇઓ જીતનારા સરદારોના નામ સાથનું ગંજાવર સુંદર આર્ક છે. તે હમેશાં મુસાફરોને "વાહવાહ" પોકારાવતું જમા કરે છે. પણ હાલમાં ત્યાં ઇંગલાંડની માફક લડાઇનાં મેદાનમાં માર્યો ગયલો એક સીપાહ જે કોણ છે તે માલમ નહીં તેવા (unknown soldier) ને દાટવામાં આવ્યો છે. ત્યાં આંખે ઉડી વળગે એવા ફુલોના હારો લોકો અને મંડળીઓ તરફથી ચઢે છે. આપણા આતશની સેતાયંશ કરનારા પારસીઓને વધારે ખેંચાણકારક આ છે કે ત્યાં કોઇ યુકતીથી રાત દહાડો બલતું રોશન રાખવામાં આવે છે. કોઇ ગેસથી રાત અને દહાડો તે મરનાર સોલજરની યાદ સાથે લખો માર્યા ગયલા સીપાહોની જાયુક યાદમાં તે યાદગીરી ઉપર જાયુક રોશની નાખનાર બલતું ત્યાં બળે છે. બલતું તો હમેશાં જલ્યા કરે છે તોપણ કહે છે કે—મને પોતાને તે ક્રિયા જોવાની તક મળી નથી—દર સાંજે એક પ્રકારની ધાર્મીક ક્રિયા (ritual) તરીકે એકાદ ડેપ્યુટેશન યા મંડળી તરફથી કોઇ પુરૂષ આવી તે બલતાંને વધારે રોશન કરે છે, આપણા શબ્દોમાં કહયે તો જાણે બોઇ દે છે. જોકે ઉપલા ચોકસ વખતે નહીં

પણ બીજે વખતે આ બલતાંને વધારે રોશન કરવાની સાદી ક્રિયા મેં આ જોઇ કે બે મંડળો તરફનાં ડેપ્યુટેશનો ત્યાં ફુલના હારો ચઢાવવા આવ્યાં હતાં. તેના વડાએ ત્યાં ઉભા રહેલા એક સેપાઇના હાથમાંથી તલવાર લઇ તે તલવારથી બળતાં આગલનું ચક્ર ફેરવ્યું કે વધારે રોશન મોટું બળતું થયું. તે ડેપ્યુટેશનો તે કબરને જોતાં આજુબાજુ ફરી સેજદો કરી વીદાય થયાં. આ આરકું દબદબાભર્યું છે. જગ્યા ગંજાવર ખુબસુરત છે. દેશની તેમજ કિર્તિ માટ મર્યો ગયલાઓની યાદ આપનાર એક સેપાઇની ખાક ત્યાં પડેલી છે. તે ઉપર સુંદર ફુલોના હારો સુગંધ આપે છે. તે સર્વ સાથ ત્યાં આ રાત દહાડો રોશન બલતું બળે છે. ડેપ્યુટેશનો આવી તે બલતાંને ક્રિયા રૂપે વધારે રોશન કરે છે. આ સર્વ આપણને કેવા ગંભીર તેમ ખુશ. મનને રાહત આપનારા તેમ બોધ દેનારા વિચારો સુચવે છે! એક અશેમ વોહુ અ "ઇધ ઇરીસ્તનામ ઉર્વાનો યજમઇદે" એવાં ગુજરેલાંઓની યાદના શબ્દો ભણતો હું આ મુલાકાત દરમ્યાન ઘણીક વાર આહીં ઉભો છું અને તે દાદાર હજુર વિચારો મોકલ્યા છે.

આ આર્કાના માર્ગ સાથે જોડાયલા વિચારો.

આ કબરવાળાં આર્કાં હેઠળ જવાના માર્ગ સાથે પણ કેટલાક વિચારો જોડાયલા છે. આગલી ફતેહોની યાદ આપનારાં આ આર્કાં હેઠળથી આગળ ગાડીઓ પસાર થતી હતી. પણ ૧૮૭૧ ની લડાઇમાં હાર ખાવા બાદ આગલી ફતેહોમાં ગાળો પડયો અને આલસેસ અને લોરેનનો મુલક ગયો. તે સબબે ફતેહની યાદના એ આર્કાંમાંથી જવાનો રસ્તો ગાડીઘોડા માટે સાંકળથી બંધ કરવામાં આવ્યો હતો. પણ ચાર વર્ષપર ફતેહ થતાં તે પાછો ઉઘાડયો. પછી ઉપલા સેપાઇને અહીં દાટયો છે ત્યારે તેના માન ખાતર પાછો માર્ગ બંધ કર્યો છે. આપણે ક્રિયા કર્યા અને ક્રિયા માટે ખોદયે છિએ. કોઇક સાહેબો ક્રિયાઓને બાજુ મેલવા માંગે છે. કોઇ સાહેબો તેને અતીબગું વજન આપે છે. પણ "Ceremonies are means to an end, not the end itself" એમ સમજી ક્રિયાઓને હદસરનું ઘટતું વજન આપવામાં ડહાપણ છે. કોઇપણ પ્રજા એક યા બીજી જાતની ક્રિયા વગરની નથી. ઘટતી અસર કરનારી ક્રિયા આપણને એક પ્રકારના સાઅરી (Poetic) ખ્યાલમાં મેલે છે. આપણે ઘણા prosaic બનવામાં જીંદગીની એક મોજ ખોઇએ છિએ.

લડાઇની ફતેહની યાદમાં નેપોલીઅનના ફેરાહરની અસરકારક યાદ.

હોટેલ દેઝ ઇનવેલીડની જગ્યા પાસે નેપોલીઅન બોનાપાર્ટના નામ અને કામને શોભા આપે એવું તેની કબરનું મોટું દબદબાભર્યું મકાન છે. કહે છે કે તા૦ ૫ મી મે ૧૯૨૧ ને દીને નેપોલીઅનની ૧૦૦ મી બાર્જ ગઇ. તે દહાડે માર્શલ ફોખ (Marshall Foch), જે આ લડાઇ જીતનાર સરદાર હતો, તે ત્યાં ગયા અને ઓસ્ટ્રીઆ સાથે થયલી (Austerlitz ની) લડાઇમાં નેપોલીઅને જે તલવાર વાપરી હતી અને જે તેની કબરનાં મકાનમાં રાખવામાં આવી છે, તે પોતાના હાથમાં ધરી અને નેપોલીઅનની કબર આગળ ઉભો રહી તેની કબર તરફ ફરી નીચલા અસરકારક શબ્દો કહ્યા. (હું ગુજરાતીમાં તરજુમો આપું છું, તેમાં શબ્દોની ઝમક ઘણી ઓછી થાય છે.) "પાદશાહ (Sire)!

તમો નીરાંતે સુઓ ! તમો કબરમાં સુતાં સુતાં પણ તમારાં ફ્રાંસ માટે મેહેનત કરો છો ......જે અમારાં લશકરો આર્કડ ટ્રાયોંફ જે તમોએ બાંધ્યો છે તેમાં ફતેહમંદ દાખલ થયાં છે તો તેનો સબબ આ કે આ (તમારી) ઓસ્ટેરલીટ્ઝની તલવારે માર્ગ બતલાવ્યો છે કે ફતેહ મેળવવા કાજે અમોએ કેમ કૌવત ભેગું કરવું અને લશકરને લડાઇમાં લઇ જવું."

માર્શલ ફોખના આ થોડાક અસરકારક શબ્દો ભાન આપે છે કે ગુજર પામેલાઓ પોતાના વહાલાં કામોની યાદ આપી જીવતાંઓને પ્રેરણા આપે છે. કહે છે કે નેપોલીઅન ત્રીજાએ પોતાના બેટાને આવાંજ આફીનથી શિખામણ દીધી હતી કે "યાદ રાખજે કે નેપોલીઅન તારાં કામ ઉપર નેગાહ રાખે છે."

નેપોલીઅનની આ કબરનું મકાન ખુદ તેના પોતા માટે તેમ એક પ્રકારની પવિત્ર જાત્રા સમાન મુલાકાત કાજે જોવા લાયક છે. ત્યાં જઇ બે ઘડી વિચાર કરી આપણે દાખલ થઇયે ત્યારે હોઇએ તેના કરતાં થોડાક વધારે ડાહ્યા થઇ બહાર નીકળ્યે છીએ.

નેપોલીઅને ભાઇ જેરોમને ઉદયોગ બાબે કહેલા શિખામણના શબ્દો.

આ મકાનનાં બે ભાગમાં નેપોલીઅનના બે ભાઇઓની પણ કબરો છે. તેમાંના એક જેરોમને નેપોલીઅને કહેલા શબ્દોએ મને કોઇક વખતે પ્રેરણા આપી છે. તેણે ભાઇને આવી મતલબનું કહ્યું હતું કે "તું નાની ઉમરે ઉદયોગી મરણ પામ્યો છે એવું સાંભળવાને હું ખુશી થઇશ. પણ વગર ઉપયોગે તું લાંબી જીંદગી ગુજારે તે જોઇને હું ખુશી થઇશ નહીં." આ સુંદર શબ્દો છે. લોખંડ વપરાશથી ચલકે છે. વગર વપરાશે પડી રહેતાં તે કાટ ખાય છે અને કાટ ખાઇ ખવાઇ જાય છે.

નેપોલીઅન-તેનું રાજીનામું.

નેપોલીઅનનું નામ મને બચપણથી વહાલું છે. તેણે ફ્રાંસને તે જે છે તે બનાવવામાં આગેવાન ભાગ લીધો છે. તેના ફોનટેન બ્લો (Fontain Blend) ના મહેલની મેં પેલી વખતે તેમજ આ વખતે પણ એક દહાડો ત્યાં જવા આવવામાં પસાર કરી મુલાકાત લીધી છે. તે મુલાકાતથી બન્ને વખતે છાતી ભરાઇ આવે તેવી યાદ સાથે મેં તેની તે ટેબલ જોઇ છે કે જે ઉપર રાજ ત્યાગ કરવાનું રાજીનામું લખ્યું છે. તેના રાજીનામાના શબ્દો આપણને ઘણા વિચાર કરતા મેલે છે. તેના એ રાજીનામાની ફેક-સીમીલી નકલ ત્યાં મુકવામાં આવી છે કે જે ઉપર તે લખી રહી નામોગદી સાથે તેણે કલમ હાથમાંથી ફેંકી દીધી હતી. તેના ડાઘ પણ એમના એમ છે. તે આ રાજીનામામાં જાણે ભરાઇ આવેલી છાતી સાથે જણાવે છે કે જ્યારે તેને જણાવવામાં આવ્યું છે કે તેનું રાજીનામું દેશના ભલા માટે છે ત્યારે દેશના ભલા ખાતર તે રાજીનામું આપે છે.

નેપોલીઅન અર્ધો-સીકંદર (demi-Alexander) ગણાયો છે, તે ઘણીક હદે વાજબી છે.

પેરીસ, તા૦ ૨૩ મી મે ૧૯૨૫.

પેરીસ-તેની કોઇક કેળવણીની મંડળીઓ યા ખાતાંઓની મુલાકાત.

પેરીસ કુદરતની મસંસામાં અને આપણા શેહરના સંબંધમાં કામ કરનાર આર્થર ક્રાફર્ડની યાદ આપનાર બેરન હાઉસમાન જેવાએ તેને આપેલા હસ્તકૃત સુંદરતામાં તેમજ વળી તેના નકશીદાર રંગરાગ ઉપરાંત અભ્યાસ અને એલમ હુન્નરની બાબતોમાં પણ આગળ વધેલું છે. ખાસકરી આપણી પારસી નજરે જોઇ તેની અભ્યાસ સંબંધી કોઇક મંડળીઓ અને ખાતાંઓ માટે હું આ પત્રમાં બે બોલ બોલીશ.

પેરીસની એસીઆટીક સોસાયટી-કામા ઇનસ્ટીટયુટ તરફથી તેને આંકુએટીલ ડુ પેરોંના જંદ અવસ્તાના પુસ્તકો વાપરવા આપવાં.

મેં પેરીસની સોસી એટે એસીઆટીકની આજે મુલાકાત લઇ મારી તેની સાથની આગલી પિછાણ તાજી કરી હતી. ગઇ સફર વખતે મેં તેની હજુર

"L'Étymologie Populaires des noms des étapes entre Pichavér et Kaboul" એવે નામે વિષય વાંચ્યો હતો. ૧૮૮૭ ના સાલમાં અફગાન સરહદ ઉપર અલી મસજીદના કીલ્લા સુધી જતાં આવતાં કરેલી કાંઇક પુછપરછ અને અભ્યાસ વીગેરેથી ત્યાંના શાહ જમશીદના નામ સાથ જોડાયલી જમરૂદ નામની જગ્યાની અને બીજી કેટલીક જગ્યાઓના નામની જે હકીકત મેં એકઠી કરી હતી અને જે મેં મારી હીંદુસ્તાનની મુસાફરીના મારાં વર્ણનમાં પણ આ પત્રદ્વારે આપી હતી તે બાબત ઉપર એ વિષય હતો. તે વખતે ફ્રાંસનો તે વખતનો જાણીતો ફીલસુફ ઉસ્તાદ મોં. રેના (Renan) જેવણની જીંદગીની મરહુમ મી૦ ખરશેદજી રૂ. કામાની જીંદગી સાથે મેં મારાં એક ભાષણમાં કાંઇક સરખામણી કરી છે, તેવણ પ્રમુખ હતા. હાલમાં ડા૦ એમીલ સેના જેવા નામીચા ઉસ્તાદ તેના પ્રમુખ છે. આંકુએટીલના પોતાના પુસ્તકખાનાને લગતાં પોતાના હાથની મારજીન વીગેરેપર કરેલી નોંધ સાથનાં જંદ અવસ્તાનાં પુસ્તકો ખુદાની મેહેરથી તેના માલેક મી૦ લિસલી સારમ તરફથી ક્રોલમ્બો ખાતેથી ત્યાંની જાણીતી ખાનવાળા સાહેબોની પેહેડીના મેનેજર ભાઇ કેખશરૂ ચોકસીની મારફતે મારે હાથ આવ્યાં હતાં, અને તે મેં મારાં વહાલાં કામા ઇનસ્ટીટયુટને ભેટ કરાવ્યાં હતાં. આ કિમતી વોલ્યુમોની શોધથી અત્રેના ઉસ્તાદો ખુશ થયા હતા અને ડા૦ સેનાએ પોતાની એસીઆટીક સોસાયટી માટે તે પુસ્તકોની માગણી કરી હતી. કામા ઇનસ્ટીટયુટે આ નવાઇ જેવાં પુસ્તકો આપી દેવાને બદલે તે થોડો વખત વાપરવા આપવાનું ઠેરવ્યું હતું અને તે પુસ્તકોનો વીમો ઉતરાવી તે હું મારા પોતા સાથે તપાસીને અત્રે લાવ્યો હતો. એ પુસ્તોકોની બાબત ઉપર એક વિષય વાંચી અત્રેની સોસાયટીને મારે હાથે તે સપુર્દ કરવાં, એ મારે મનથી આ વખતની સફરનું મારૂં એક મુખ્ય મીશન (mission) યા કામ હતું. તે પાર પડયું છે તેથી હું ખુશી થયો છું. આ એસીઆટીક સોસાયટીની દર માસે બીજા શુક્રવારે એક સભા મળે છે. તેમ તા૦ ૮ મી મેની સભામાં મેં લખ્યું હતું તે ઉપરથી મારી એ બાબત મેલવામાં આવી હતી. પણ મોરોક્કો ખાતે જવાનું થવાથી સ્પેનમાં હું ધારવા કરતાં વધારે વખત રોકાઇ ગયો અને અત્રે એક દિવસ મોડો એટલે તા૦ ૯ મીએ રાત્રે આવ્યો, તેથી તે મીટીંગમાં વાંચવાને બન્યું નહી. એ ઉપરથી ડા૦ સેનાએ મહેરબાની કરી તા૦ ૧૬ મી મેને દિવસે ૩–૩૦ ને અમલે (અત્રે એવી સભાઓ એમ પાછલા પહોરે મળે છે.) "Association Francaise des Amis de l'Orient" નામનું નવું મંડળ જે Musée Guimet નામના જુદા જુદા પુર્વ ભણીના ધર્મોનો અભ્યાસ કરનારાં ખાતાંમાં બરપા થયું છે અને જેના પણ એવણ સરનશીન છે તેની ખાસ બેઠક બોલાવી કે ત્યાં મારે એ વોલ્યુમો ઉપર કાંઇક બોલી તે સપુર્દ કરવાં. આસરે ૬૦ યા ૭૦ બાનુઓ અને ગ્રહસ્થોનો મેળાવડો ભેગો થયો હતો. મેં મારો વિષય મુંબઇની સોસાયટી હજુર વાંચવા બાદ વધારે સંપુર્ણ કરવાની કમીની કોશેશ કીધી છે. આંકુએટીલના ખરાબ હરફો એક "એમપલીફાઇંગ ગલાસ"ની મદદથી વાંચવામાં અને તેની નોંધોનો અભ્યાસ કરવામાં મેં કેટલાક દહાડાઓ અને મહીનાઓ પસાર કીધા છે. માટે તે મારા કમીના અભ્યાસનાં પરિણામ તરીકેના વિષય સાથે આ પુસ્તકો આ મીજલસમાં અત્રેના એસીઆટીક સોસાયટીના પ્રમુખ તરીકે ડા૦ સેનાને સોંપવાને મને ઘણી ખુશી ઉપજી હતી. મારો વિષય અતી ઘણો લાંબો છે. વળી અત્રે ઘણાકો અંગ્રેજી સમજતા નથી. માટે ડા૦ લેવીએ આસરે ૨૦ મીનીટમાં તમામ થાય તેમ મેહેરબાની કરી તેના શરૂઆતના ભાગનો ઇન્તેખાબ ફ્રેંચ ભાષામાં પોતે તૈયાર કીધો હતો તે મેં વાંચ્યો, પણ તે આગમજ આ શેહેરની મારી આગલી અને હાલની

મુલાકાત બાબે ફ્રેંચ ઉસ્તાદોએ આપણા ઇરાની સાહિત્યની જે સેવા બજાવી છે તે વીગેરે બાબત ઉપર મેં આસરે ૨૦ મીનીટ સુધી વીવેચન કર્યું. હું ફ્રેંચ થોડુંક બોલી શકું છું, પણ ફ્રેંચમેનો સાથે લાંબો વખત વાતચીત નીભાવી શકતો નથી, સબબ કે તેઓ ઘણી ઝડપથી બોલે છે અને વળી એ ભાષામાં શબ્દો ઘણા જોડાઇ જાય છે. ગમે તેમ હોવ, પણ એ ભાષાનું થોડુંક જ્ઞાન મને મોરોક્કો, સ્પેન અને અહીં કાંઇક ઉપયોગી થઇ પડયું હતું. મારી જીંદગીમાં ફ્રેંચ ભાષામાં વાંચવાને બદલે એમ મોઢેથી બોલવાની મારી ઉપલી મીજલસમાં આ પહેલી કોશેશ હતી અને તે પાર પડી તે માટે અને મારે હાથ આ પુસ્તકો આવવા માટે અને તે મારે હાથે સપુર્દ કરવાને હું શકતીવાન થયો તે માટે હું ખુદાનો આભારી છું. મારો જરીબ હાથ તે દાદારની તવંગરીને આભારી છે. અત્રેના અને બહારના ઉસ્તાદો અને અભ્યાસીઓ વચ્ચે હું "મછીકી જાલમાં જીંગા" જેવો છું. મારૂં આ કામા ઇન્સ્ટીટયુટ તરફનું મીશન પાર પડવા માટે બોલતાં હું કામા ઇન્સ્ટીટયુટના માગ મેહેરબાન દીલસોજ સરનશીન સાહેબને અને તેની કમીટીના મારા હમશગીર્દ ભલા ભાઇઓને અને મારા નવા ઉમંગી મદદનીશ ભાઇને યાદ કરી તેઓને મારી દુઆ સલામ પહોંચાડું છું અને તેઓ તરફથી મલતી યારી માટ આભાર જાહેર કરૂં છું.

મ્યુઝે ગીમે.

મો૦ ગીમે નામનાં એક સખ્ખી ભણેલા ધણીએ સ્થાપેલું પૂર્વ ભણીના ધર્મોને લગતી ચીજોનું આ સંગ્રહસ્થાન અભ્યાસની નજરે, ખાસ કરી ચીન, જાપાન, ઇજીપ્તના અભ્યાસના સંબંધમાં, જોવાલાયક છે. મેં તેની ઉપલાં ભાષણ પછી બીજે દિવસે લાંબી મુલાકાત લીધી હતી. તેમાં હાલ અફગાનીસ્તાન ખાતેના ખોદકામની ચીજોનો એક નવો સેકશન વધ્યો છે અને વધે છે. હાલમાં જે મેલાયું છે તે ત્યાં પ્રસાર પામેલા બુધીસ્ત ધર્મના સંબંધમાં વધારે છે. પણ જાણીતા આર્કીઓલોજીસ્ટ મો૦ ફુચેની આગેવાની હેઠળ ત્યાં જઇ આવેલા એક સ્કોલરથી જાણ્યું છે કે ત્યાં હાલમાં બલખ ભણી જવાના માર્ગપર સાસાનીઅન જમાનાનું નોશેરવાન અદલના વખતનું પણ કાંઇક એઓએ જોયું છે.

પારસીઓને લગતું અહીં ઘણું થોડું છે. આફ્રગાનમાં વપરાતી થોડીક ચીજો "office de l'Afergan" એવી નોંધ સાથે અને કુસતી, બરસમના તારો, વરસની વીતી, ગુરજ વીગેરે એક કેસમાં મેલેલું છે. કોઇક ચીજો મી૦ જેહાંગીર બમનજી પીટીટે મીસ મેનાને આપેલી તે તેણીએ તેવી નોંધ સાથે અહીં મેલેલી છે. બરસમ ઉદવાડાના વડા દસ્તુરજીએ મીસ મેનાને આપેલી "Donné par le grand Prétre de l'Atash Bahram d' Udwada" એવી નોંધ સાથે અહીં મેલેલી છે. હું જાણું છું કે એરવદ રૂસ્તમજી બેજનજી રાનજીએ પણ કોઇક ચીજો ભેટ આપી હતી. તે અત્રે નહીં હોવાથી પુછતાં જણાવવામાં આવ્યું કે લીઓં (Lyon) ખાતે પણ મો૦ ગીમેએ એવું એક સંગ્રહસ્થાન તે પોતાનું ખાસ શેહેર હોવાથી સ્થાપ્યું છે ત્યાં થોડીક ચીજો મોકલી છે. એક કેસમાં આસરે ઇસ્વીસન બીજી સદીનું ગણાતું એક સીથીઅન વાઝ જે ત્રાન્સઓક્ષીએનામાં એક કબરમાં મેલેલું મલ્યું હતું, તે અસલી પારસીઓના ધર્મને લગતા વાઝ તરીકે મેલેલું છે. અહીં જોયલી કેટલીક જાપાનીઝ, ચીનાઇ અને ઇજીપશીઅન ચીજોએ મને એ મુલકોની મારી સફરોની મને યાદ આપી. બે ઇજીપશીઅન મમીઓ ઉપરનાં કપડાંઓ પગમાંના જોડા સાથે મેલેલા હતા, તે તેઓના અસલી પોષાકનું જ્ઞાન આપતાં. મમીઓને મેલવાનાં કેટલાંક બાકસો (sarcophagus) હતા, તેમાં એક ઇ૦ સ૦ પુર્વે ૨૫૦૦ વર્ષપર ચાર ઇંચ જાડાં લાકડાંનો બનાવેલો હતો.

એકેડેમી. ફ્રાંસનું ઇન્સ્ટીટ્યુટ જગપ્રસિદ્ધ છે. તેની ચાર એકેડેમી છે. તેમાંની એક Académie des Blaux art et Inscriptions નામની છે. તે એકેડેમી હજુર મેં આગલી વખતે એક વિષય Quelques observations sur les Ossuaires Rapportés, de Perse par M. Dieulafoy et déposés au musée du Louvre, એવે નામે મેં વાંચ્યો હતો. મો૦ દ્યુલાફોય ઇરાનથી જે અસ્તોદાનો અહીં લાવ્યો છે તે બાબત ઉપર આ વિષય હતો. આ બાબત ઉપર તે વખતે મરહુમ પ્રો૦ દાર્મેસ્ટેટે સાથે મને કેટલીક વાત થઇ હતી. મારા અભ્યાસી ભાઇઓ જોશે કે પ્રો૦ દાર્મેસ્ટેટેએ પોતાના વંદીદાદના તરજુમાની પહેલી આવૃતીમાં દખમા અને અસ્તોદાનની બાબનો ભેળી નાખી છે. પણ મારા આ વિષય પછી અને તેવણ સાથે એ બાબે લાંબી વાત થવા પછી વંદીદાદની પોતાની બીજી આવૃતીમાં તેવણે આ બાબત સુધારીને ચોખ્ખી કરી જુદી પાડી છે. તેવણ સાથે થયલી તે વખતની યાદ અને તેવણે તે બાદ કરેલો ફેરફાર હું ખુશી સાથે યાદ કરૂં છું. મારા આ વિષય વખતે મરહુમ બારબીએ ડ મેનાર, જેવણે મો૦ મોહલના શાહનામાને સંપુર્ણ કરવામાં કાંઇ ભાગ લીધો હતો, તેવણ પ્રમુખ હતા. તારીખ ૨૨ મીને દીને આ આકાડેમીની ઉપલી સર્વ બાબતોની ભલી યાદ સાથે મેં ફરીથી મુલાકાત લીધી હતી, સબબ કે સાગં ભાગ્યે તે દિવસે તેની માસીક બેઠકની મને તક મળી હતી. આ એકેડેમીનાં ફક્ત ૪૦ સભાસદો હોય છે, જેઓ કોઇ વખતે The Forty Immortals તરીકે બોલાય છે. આગલી વખતે મેં જોયું હતું અને હાલમાં પણ જોયું કે એ સભાસદોમાં કાળા બાલના કોઇપણ હતા નહીં. સર્વે સફેદ બાલના અને કોઇક તો ૭૦ થી વધુ ઉમરના બુઢોઓ હતા. એનો સબબ આ કે પોતાના અભ્યાસમાં પુખ્ત થયા હોય એવા લાંબા અભ્યાસવાળા ઉસ્તાદોનેજ એઓ ખાલી પડતી જગ્યાએ નેમે છે; પોતાની ઉમર અભ્યાસમાં ઘસી નાખેલાઓજ ચુંટી કઢાય છે. અભ્યાસની જુદી જુદી બાબતોના ઉસ્તાદોના ખાતાંમાં દાખલ થઇ, ફ્રાંસના આ નામીચાં ઇન્સ્ટીટ્યુટના એક મેમબર થવું એ મોટું માન ગણાય છે. હું સભા મળવાના વખતની આગમજ ગયો હતો તેથી કેટલોક વખત મેં ત્યાં મેલેલાં આગલા નામચીન ઉસ્તાદોનાં પુતલાંઓ જોવામાં ગુજાર્યો. છેક સતરમી સદીના ઉસ્તાદોનાં ત્યાં પુતલાંઓ જોયાં. તેઓમાં કવી Molier (૧૬૨૨–૧૬૭૫), કુદરતી ઇલમના ઉસ્તાદો જેવા કે Lavoisier (૧૭૪૩–૧૭૯૪), Cuvier (૧૭૬૭–૧૮૩૩) હતા. વળી ત્યાં Chautebrand (૧૭૬૮–૧૮૪૮). તથા આપણા પારસીઓની તવારીખના જાણીતા અભ્યાસી Sylvastre de Sacy (૧૮૦૧–૧૮૭૭) ના સ્ટેચ્યુ છે. એક વિદ્વાન Volnez (૧૭૫૬–૧૮૨૦) નાં પુતલાં હેઠળ મેલેલા નીચલા શબ્દોએ પુરાણા ખંડીએરોની મુલાકાતના સંબંધમાં મને ગઇ વખતે તેમ આ વખતે ઘણીવાર વિચારમાં ખેંચી રાખ્યો.

"J' irai vivre dans la solitude parmi les ruines; j'interrogervi les monuments anciens sur la sagesse des temps passé" પુરાણા ખંડીએરો આગલા જમાનાનું ડહાપણ આપણને શીખવે છે.

આ એકેડેમીના મીટીંગના ઓરડાના દરવાજા ઉપર પેલા ઇટલીના જાદુગર સમાન મનાતા અને ગણાતા જાણીતા શાએર વર્જીલનું ચિત્ર આજુબાજુ બે બાઇઓ સાથનું હતું. ઇટલીમાં આગલી વખતે જોયલાં આ શાએરના પુતલાંની અને તેને માટે સાંભળેલી તરેહવાર વાતોની યાદ આવી. હજુર પણ લોકો અલઅલટપ્પે તેનું પુસ્તક ઉઘાડી ફાલ (sorte virgillante) જુએ છે.

બીબલીઓથેક નાશીઓનાલ. ત્યાં દસ્તુર મેહેરજીરાણાના નામવાળી જોયલી આંક્વેટીલની નોંધ.

પારીસમાં જેમ સર્વ મોટું અને ગંજાવર છે તેમ તેનું આ પુસ્તકખાનું પણ છે. તેની મેં આગળ લીધેલી મુલાકાત આ વખતે તાજી કીધી એટલુંજ નહીં, પણ આ વખતે તેના સર્વ ભાગોની મુલાકાત તેના વડાની મહેરબાનીથી તેવણ સાથે ફરીને લીધી. તે સર્વ જોઇને હું તેની મોટાઇથી દંગ થઇ ગયો. તેમાં ૪૦ લાખ પુસ્તકો છે. વળી એક લાખ ઉપર તો હાથનાં લખેલાં મેન્યુસક્રીપ્ટો છે. મારી એસીઆટીક સોસાયટીની લાઇબ્રેરી જેણુ મને હું જે છું તે ઘણે દરજજે બનાવ્યો છે, તે લાઇબ્રેરી માટે હું ખુશી છું કે તે હીંદુસ્તાનમાં મોટી લાઇબ્રેરી છે. પણ તેના જેવી પચાસ યા સો લાઇબ્રેરીઓ આ બીબલીઓથેકમાં સમાઇ જાય. એનાં રીડીંગ રૂમમાં કોઇ વર્તમાન-પત્રો વાંચવાનાં નથી, પણ તરેહવાર બાબતનો અભ્યાસ કરવાનો છે. મને કહેવામાં આવ્યું તેમ દરરોજ સરાસરી આસરે ૭૦૦ અભ્યાસીઓ વાંચવા આવે છે, જેઓ માટે એક મોટા હોલમાં ટેબલ ખુરસી વીગેરેની લખવા માટેની સર્વ સગવડ કીધી છે. હું ગયો ત્યારે હોલ ચીકાર હતો અને સર્વ પોતાને જોઇતી ચોપડીઓ માંગી અભ્યાસ કરતા હતા. આ લાઇબ્રેરીના સર્વ ભાગોમાં અને ખાસ બનાવેલા તેનાં લોખંડી તબકાઓ યા માળો ઉપર ફરો તો તમોને નવ દસ માળ ચઢવા પડે. તમો ખોટી થવા વગર ફકત સર્વ જગ્યાએથી પસાર થઇ જવા માંગો તો તમોને પોણાથી એક કલાક ફરતાં થાય. તેના મેન્યુસક્રીપ્ટોના મોટા હોલમાં આસરે ૪૦ જણને મેં અભ્યાસ કરતા જોયા. આ મુલાકાત મેં આ મેન્યુસક્રીપ્ટોના ભાગ માટે લીધી હતી. હું અગીઆર વાગે ગયો હતો, એવા ખ્યાલથી કે એક બે કલાકમાં આંક્વેટીલનું તે મેન્યુસક્રીપ્ટ કે જેમાં મેહેરજીરાણા અને અકબરની સુરત ખાતે કાંકરાખાડી આગળ મુલાકાત થઇ હતી તેની નોંધ હતી તે નજરે જોઉં અને તપાસું કે બીજી કોઇ એવી નોંધ મળે છે કે. ચાર વાગા સુધી હું કામ ખલાસ કરી શકયો નહીં અને મારી વહાલી યાદમાં રમી રહેલા અને રમી રહેતા મરહુમ દસ્તુરજીની યાદમાં મેં આજે જાણે પવિત્ર અપવાસ પાળ્યો એમ મને લાગ્યું. હોટેલે ૬ વાગે આવી, જમી ત્યાં હું આ ભાગ રાત્રે સાડાદસ વાગે, મરહુમનાં પવિત્ર રૂહથી પવિત્ર પ્રેરણા પામતો, ખુશાલ દીલે અને મને લખું છું, અને મરનારના તે રૂહને મારી દરૂદો સલામ પહોંચાડું છું. મારી આગલી મુલાકાત પછી એ બાબતનો અભ્યાસ કરતાં મીસ મેનાએ આ નોંધ ઉપર મારૂં ધ્યાન ખેંચ્યું હતું કે તે બરાબર સમજ પડતી નથી અને કદાચ મને ઉપયોગી થાય તેથી તેનો ફોટો મંગાવી તેના અભ્યાસ કરી તે મેં મારાં એ બાબતનાં પુસ્તકમાં આપ્યો છે. પણ આજે મને તે નોંધ નજરે જોતાં ખુશી ઉપજી છે. નાપની જોડણી બાબે કાંઇ પોતાનો ગુંચવાડો જણાવ્યો હતો. મારાં તે વખતનાં પેપર "Notes of Anquetil Du Perron (1755-61) on King Akbar and Dustur Meherji Rana"માં મે ખુલાસો કીધો અને જણાવ્યું હતું કે "I think Anquetil has written the name as "Mehriar fils de Rana" મેં તે વખતે જે "હું ધારૂં છું" (I think) એ ર "ધારણા" જણાવી હતી તે હાલમાં અહીં અસલ જોઇ, હવે હું ખાતરીથી કહું છું કે તે મારી ધારણા ખરી હતી અને મીસ મેનાને ગુંચવાવનારા શબ્દો "fils Rana" એટલે "રાણાના છોકરા" એમ છે. આપણે "એબન રાણા" અથવા "બીન રાણા" કહીયે છીએ તેમ આંક્વેટીલ ફ્રેંચમાં જણાવ્યું છે. મને આ ચોપડી શોધતાં કાંઇક મુશ્કેલી પડી હતી સબબ કે હોટેલમાંથી હું મારો અસલ વિષય લઇ જવાને ભુલી ગયો

હતો. કોઇ ભવિષ્યનો અભ્યાસી એ નોંધનું પુસ્તક જોવા માગે તો તેને મદદ કરવા હું નીચલી વીગત નોંધું છું. તેવણું પુસ્તક અધીકારી પાસે "XVIII (8874) Notes et Extraits sur les Parsis (1759) 64 pages" એવી નોંધનું પુસ્તક માંગવું. આંકુએટીલના મેન્યુસક્રીપ્ટના ૧૦ માં પાનાપર મેહેરજીરાણાવાળી નોંધ છે. "Bibliotheque Nationale. Catalogue Général des Manuscrits Français, par Henri Omont" એવા છપાયલા કેટલગમાં આ હસ્તલેખની નોંધ પાના ૨૪૪ પર છે. તે બાબતનું મથાળું 8857-8882 Papièrs de l'Orientalist A H. Anquetil du Perron (+1805) એવી રીતે છે. એ નોંધમાં એમ + ક્રોસ છે તેની મતલબ ખ્રીસ્તી વર્ષ એમ સમજવું. A. D. અથવા A. C. ને બદલે એઓ એમ ફક્ત ક્રોસ પાડે છે. આજની આ પુસ્તકખાનાની લાંબી મુલાકાતથી હું ખુશી થયો છું.

આંકુએટીલનું નામ એક બીજા દસ્તુર, દસ્તુર દારાબ કુમાનાના નામ અને કામના અભ્યાસની બાબતમાં પણ મારે મોઢે ચઢયું છે. તે દસ્તુરે પોતાના હાથનો લખેલો વંદીદાદ મેં આગલી વખતે જોયો હતો. એ બાબત ઉપર હું મારા એક વિષયમાં લંબાણથી બોલ્યો છું. એક ત્રીજા નામચીન દસ્તુર, દસ્તુર દારાબ પાહાલન, જેવણની જીંદગી અને લખાણો બાબે બે માસ થયાં એક પુસ્તક મેં પ્રગટ કર્યું છે, તેવણને હાથનો લખેલો એક વંદીદાદ પણ આ બીબલીઓથેકમાં છે. મેં ઉપર મીસ મેનાનું નામ દીધું છે. તે બાઇની મેં બે વખત મુલાકાત લીધી છે. તેણી લડાઇ સબબે પોતાની કેટલીક ગુજારાની આવક ખોઇ બેઠી છે અને તનદરૂસ્તીએ નબળી પડી છે. જો કોઇપણ યુરોપીઅન બાનુ યા ગ્રહસ્થ સાથે મને ઘણો પત્રવહેવાર થયો હોય તો તે આ બાઇ છે, જેવણ ઉપર મેં સેંકડો પત્રો તેણીએ પુછાવેલી ખબરોના સંબંધમાં લખ્યાં છે અને સેંકડો મેળવ્યાં છે. શિખવતાં શિખાય છે તેમ હું તેવણ સાથના સંબંધમાં કાંઇક વધુ જ્ઞાની બન્યો છું. તેણીને સર્વ રીતે નબળી પડેલી જોઇ મારૂં જીગર બળે છે.

યુરોપની આ અને બીજી લાઇબ્રેરીઓમાં આપણાં ઘણાં પુસ્તકો છે, તેના કોલોફોનો વીગેરેનો અભ્યાસ આપણી તવારીખ માટે ઘણો અગતનો છે. દાખલા તરીકે ઉપલા દસ્તુર દારાબ પાહાલનનાં મરણના સને ઉપર આ બીબલીઓથેકમાંના એવણના લખેલા વંદીદાદે રોશની નાખી છે અને તે આ કે તેવણના કુટુંબીઓ તરફથી તેવણનાં મરણનું જે સાલ જણાવવામાં આવે છે તે સાલ પછીના સાલમાં તો તેવણે આ અત્રે વાળો વંદીદાદ લખ્યો હતો એમ તેના કોલોફોન ઉપરથી માલમ પડે છે. ત્યારે તેવણ હાલ સુધી ગણવામાં આવતાં વર્ષ પછી મરણ પામેલા હોવા જોઇએ.

તવારીખના સંબંધમાં, અહીંના પુસ્તકખાનાંઓમાંના આપણાં પુસ્તકો અગતનાં છે એમ સમજી, પારસી પંચાયતના ટ્રસ્ટી સાહેબોએ તેઓના કુલોફોન વીગેરેની સર્વ હકીકત એકઠી કરવાનું કામ ડા૦ જમશેદજી માણેકજી ઉનવાળાને રૂ. ૧૨૦૦ નું ઓનરેરીઅમ આપી સોંપ્યું હતું. અલબત એ પુસ્તકખાનાઓએ પોતપોતાનાં છપાવેલાં કેટલગોમાં કેટલીક વીગતો આપી છે પણ ત ઉપરાંત વધુ કામની જરૂર હોવાથી ઉપલા ભણેલા ભાઇને આ કામ સોંપ્યું હતું. તેવણે તે કામ કરી એક વિષય લખ્યો છે.

ઉપલાં મેન્યુસક્રીપ્ટવાળાં ખાતાંમાં મેં જે થોડાક કલાકો આંકુએટીલના પોતાના હાથની પોતાના અભ્યાસની નોંધોના મેન્યુસક્રીપ્ટો જોવામાં પસાર કીધા છે ત ઉપરથી હું ધારૂં છું કે અત્રે આવેલાં આપણાં પુસ્તકો ઉપરાંત હીંદુસ્થાન આવી ગયલા આંકુએટીલ જેવા મુસાફરોના પોતપોતાની નોંધોનાં લખાણો પણ બારીકીથી તપાસવા લાયક છે. દસ્તુર મેહેરજીરાણાવાળી ઉપલી નોંધ આંકુએટીલની એવી ઉપરટપકે લીધેલી તેની નોંધપોથીમાંથી મળે છે.

એનથ્રોપોલોજીકલ ઇન્સ્ટીટયુટ.

મારી મુંબઇની એનથ્રોપોલોજીકલ સોસાયટીની તેના ઓનરરી સેક્રેટરી તરીકે આસરે ૨૬ વર્ષ થયાં હું કોમીની સેવા બજાઉં છું. એનથ્રોપોલોજીકલ બાબતોના અભ્યાસે જેને આપણે "જીંદગીની મોજ" (zest of life) કહીએ તે મને આપી છે. તે અભ્યાસે મને ધણીક સહનસીલતા (tolerance) શિખવી છે અને તરેહવાર રસમો, રેવાજો, માન્યતા, આકીન તરફ હંડે પેટે એક પ્રકારના સાએરી (poetic) વિચારથી મને જોતો કર્યો છે. આ સબબે જ્યારે "મ્યુઝે ગીમે" ખાતેનાં મારાં ભાષણ બાદ મને અત્રેના એનથ્રોપોલોજીકલ ઇન્સ્ટીટયુટના એક સભાસદે તેની તા૦ ૨૦ મી મેની બેઠકમાં હાજર થવાને આમંત્રણ દીધું ત્યારે તે મેં ખુશીથી સ્વીકાર્યું. એક બાનુ પોતાના આફ્રીકા ભણીના એક મુલકનો વિષય રજુ કરતી હતી, તે તમામ થતાં પ્રો૦ ટોયે, જેવણ અત્રે આપણી અવસ્તા ભાષાનાં ઉસ્તાદ છે અને જેવણ પ્રમુખસ્થાને હતા તેવણે, મને થોડાક મીઠા શબ્દોથી આવકાર આપ્યો. મેં મારી શકતી પ્રમાણે ફ્રેંચમાં થોડાક શબ્દો બોલી, મારી સોસાયટી તરફની દુઆ સલામ તેઓને પહોંચાડી, આપણા દેશ તરફની કાંઇ હકીકત તેઓએ જાણવી હોય તો મારી સોસાયટીની સેવા તેઓ સનમુખ મેં રજુ કરી. મુંબઇની સોસાયટીનું નથી પોતાનું મકાન કે નથી પુસ્તકખાનું કે નથી મ્યુઝીઅમ. અત્રેની આ મંડળી એ સર્વ પહેલી પંકતીએ ધરાવે છે.

પેરીસ, તા૦ ૨૩ મી મે ૧૯૨૫.

પેરીસનું લુવરનું જગપ્રસીદ્ધ સંગ્રહસ્થાન (MUSEUM).

અત્રેનું લુવર (Louvre)નું સંગ્રહસ્થાન એક લેખે સંગ્રહસ્થાનોનું સંગ્રહસ્થાન છે. તે જાણે એક મોટું મુંગેમાંહેનું ફુળવગીચાનું છે. આપણા મુંબઇના "પ્રીન્સ ઓફ વેલ્સ" મ્યુઝીઅમમાં તેના એક ટ્રસ્ટી તરીકે હું કાંઇક લાભ લેઉં છું, પણ તે બીચારૂં સંગ્રહસ્થાન જેનું આપણા શેહેરમાં એક રોનકદાર મકાન છે, તેના જેવાં તો આસરે એકસો સંગ્રહસ્થાનો લુવરનાં ગંજાવર મોટાં મકાનોમાં સમાઇ જાય. તેમાં દેખાડવા મેલેલી ચીજો કરોડોની કિંમતની ગણાય છે. તેના સ્કલ્પચર્સ અને પેન્ટીંગોની ગેલરીઓ જોતાં થાકી વરીક જવાય છે. એ સંગ્રહસ્થાન આગલી વખત મેં ધીરજે કેટલીકવાર જોયું હતું. આ વખતે મેં તે બે વખત જોયું છે. સ્કલ્પચર્સ કરતાં પેન્ટીંગસ મને વધારે ખુશ કરે છે. તેમાં ભકતીભાવ દેખાડનારાં (devotional) ધાર્મીક ચિત્રો કોઇ વખત મન ઉપર અજબ નતિજનક અસર કરે છે.

આપણા મુંબઇના સંગ્રહસ્થાન માટે મેં ઇસારો કીધો છે, તો તેના સંબંધમાં હું જણાઉં છું કે આપણામાં ઘણાકોને ખબર નથી કે લેડી નવાઝબાઇ રતનજી જમશેદજી તાતાએ કેવો કિમતી સંગ્રહ તેને બક્ષેશ આપ્યો છે. એવણે પોતાના ખાવીંદની વસીએત ઉપરાંત ઘણું આપ્યું છે, જેની કિમત હુન્નરની નજરે આસરે ૧૫ લાખથી વધુની અંકાય છે. એવણે ભેટ આપેલાં પીકચરોથી મુખ્ય કરી બનેલી "પીકચર ગેલરી" આપણા મુંબઇના સંગ્રહસ્થાનનો મુખ્ય સણગાર છે.

લુવરનાં એસીરીઅન અને તેમાં ઇરાનીઅન સેકશન.

આ ગંજાવરમાં ગંજાવર, તવંગરમાં તવંગર સંગ્રહસ્થાનમાં આપણી પારસી નજરે એસીરીઅન સેકશન ઘણો અગતનો છે. તેમાં તમો ખુદ અસલ પાંખો સાથના એસીરીઅન ગોધાઓ વીગેરેના મોટા પથ્થરકામો જુઓ છો. આ સેકશનમાં મને ઘણો બેંચાણકારક અને એક રીતે જાણે પ્યારો એક મોટો પથરનો ટુકડો દિસ્યો, જે શાહ દારાયસે સુએઝની નહેર ખોદી હતી ત્યાં તની

નોંધ માટે ઉભા કીધેલા સ્તંભના ઉપરના ભાગનો એક ટુકડો છે. તે જાડાઇમાં આસરે દોઢ ખીલસ, પોહોળાઇમાં ૪ ખીલસ અને ઉંચાઇમાં ત્રણ ખીલસ છે. ખીલારોફી હરફની એક અધુરી, કેટલાક હરફ ઉડી ગયલા એવી, પેહેલી યાદી એ ઉપર છે, અને તે ઉપર ફરોહરની પાંખ છે. નીચલા લેખ સાથે સ્તંભનો આ ટુકડો અહીં મેલેલો છે.

"Stele Bilingue de Darius er Canal, du Nil a la mer Rouge. Fragment du tex!e perse. Don de Mr. Chartrey.

એટલે "પેહેલા દારાયસનો બે ભાષાનો સ્તંભ. રાતા સમુદ્ર ઉપર નાઇલ (નદી)ની નેહેર. ઇરાની લેખનો ટુકડો મો૦ ચારત્રેએ ભેટ કીધેલો." અહીં નાઇલ નદીની નેહેર કહ્યું છે સબબ કે, એ નેહેર બાબેના મારા અંગ્રેજી અને ગુજરાતી વિષયમાં મેં કહ્યું છે તેમ, શાહ દારાયસે અર્ધી નેહેર હાલની નેહેરની સમાંતર (parallel) લીટીમાં બાંધી હતી અને બાકીના અર્ધા માર્ગ માટે તેને તેણે નાઇલ નદી સાથે મળવી દીધી હતી.

મો૦ દ્યુલાફોઆવાળો ઇરાની ભાગ.

આપણા પારસીઓનું ધ્યાન વધારે ખેંચનાર બીજો ભાગ મો૦ અને માદામ દ્યુલાફોએ બન્નેએ ઇરાનમાં સ્યુસા ખાતે ખોદકામ કરી લાવેલી ચીજોનો ભાગ હતો. એ ભાગે મને આ વખતે પણ વધારે ખેંચ્યો તે આ સબબે કે મેં ઉપર જણાવેલા એકેડેમી હજુરનો મારો વિષય આ સેકશનમાં મેલેલાં કેટલાંક અસ્તોદાનોની બાબત ઉપર હતો.

આ ભાગમાં ઉપલા ફ્રેંચ ઉસ્તાદે પોતે તપાસેલાં સ્યુસાના ખંડીએર ઉપરથી અને દારાયસના પારસીપોલીટન મેહેલના ખંડીએર ઉપરથી આર્ટાઝર્કસીસ (Artaxerxes Nemon)ના મેહેલનો, જેમ તે અસલમાં હોય તેમ, સુંદર મોડેલ ઉભો કીધો છે. તમો ઇરાંન જઇને કાંઇ ખંડીએર જુઓ તો ભલું, નહીં તો અહીં તમોને હખામીનીઅન પાદશાહોના સુંદર સ્તંભો સાથના મેહેલનો સુંદર ખયાલ આવે છે. આર્ટાઝર્કસીસના આ મેહેલ અપદાન (Apadana) તરીકે ઓળખાય છે. આ ઇરાની શબ્દનો ધાતુ પ્રમાણે અર્થ શું તે બાબે આગલી વખતે મને મો૦ દ્યુલાફોએ સાથે થયલી વાત યાદ છે. તેના અર્થ બાબે હજુર કાંઇક અચોકસપણું છે. એ શબ્દ પાછલા "આબાદાન" (prosperous) શબ્દનું આગલું રૂપ દીસે છે.

આ ભાગમાં આપણે આર્ટેમીસ (artemis)નું એક ચિત્ર જોઇએ છિએ. લુવરમાં સ્કલપચરના ભાગમાં આપણે વીનસ દેવતાનું પુતલું જોઇએ છિએ. એ બન્ને આપણી પારસી નજરે તપાસવા લાયક છે. આ આર્ટેમીસ અને વીનસ જે એક ખુબસુરત સેતારો છે, તેના ચિત્રને આપણી આંવાઅર્દવીસુર અનાહીતના ચિત્ર સાથે સંબંધ છે. આંવાઅર્દવીસુર અનાહીતના અને મીથ્રના પાછળથી પુતલાં બન્યાં હતાં તે આપણે જાણીએ છિએ. આપણા અનાહીત શબ્દનો ફારસીમાં "નાહીદ" શબ્દ બન્યો છે, જે સુંદર સેતારો, કે જે ઉપર કહ્યું તેમ ખુબસુરતમાં ખુબસુરત સેતારો છે, તે માટેનો શબ્દ છે. ત્યારે આંવા યશ્તમાં એક અસલી પેહેરેલી ઓઢેલી, સોલેશણગાર કરેલી અને સુંદર દેખાવની સ્ત્રીનું જે ચીત્ર શબ્દોમાં દોર્યું છે, તેનો કાંઇક ખયાલ આપણને વીનસના પુતલાં ઉપરથી આવે છે, જેનું "વીનસ એફ માઇલો" નામનું સુંદરમાં સુંદર ગણાતું પુતલું આપણે લુવરમાં જોઇએ છિએ.

માદામ દ્યુલાફોએ એક મરદના પોષાકમાં.

આગલી વખતે જ્યારે હું ઉપર જણાવેલા મો૦ દ્યુલાફોઆને મળવા ગયો હતો ત્યારે તેવણે પિછાણ કરાવતાં મેં તેવણના

ધણીઆણીને મરદના પોષાકમાં જોઇ હું અજબ થયો હતો. સબબ પુછતાં જાણ્યું હતું કે તેણી પોતાના ખાવીંદ સાથે શોધખોળ માટે ઇરાન ગઇ હતી ત્યારે ત્યાં લોકોની ચુનાચેરા કરનારી જીજ્ઞાસાથી બચવા તેણીએ મરદનો પોષાક પેહેરવાનું દુરસ્ત ધાર્યું હતું અને પેરીસ પાછું ફરતાં પણ તે પોષાક તેણીએ ચાલુ રાખ્યો હતો. લુવરમાં ઇરાનથી લાવેલાં સ્યુસા તરફનાં ખંડીએરોમાં આ બાઇનું પણ નામ તેણીના ખાવીંદ સાથે એક શોધક તરીકે છે. તેણીએ પોતાના અનુભવનું એક પુસ્તક પણ બાહાર પાડયું છે.

મારૂં એક બીજું ધારેલું કામ–તે નહીં બનવાજોગ ઠર્યું.

આંકુએટીલના વૉહયુમો અત્રે એક વિષય વાંચ્યા સપુર્દ કરવાં, એવાં મારાં પહેલાં કામ માટે મેં ખુશી દેખાડી છે. મારૂં એક બીજું ધારેલું કામ ઉપર જણાવેલા સુએઝની નેહેરપરના સ્તંભના સંબંધમાં હતું. તે અત્રે જાણેલી હકીકત પ્રમાણે નહીં બની શકશે એમ મેં જોયું છે. મારી એક ખાહેશ કેટલુંક થયું આ હતી કે સુએઝની નેહેર ઉપરનો આગળ જણાવેલો શાહ દારાયસનો સ્તંભ મારી પારસી કોમે નેહેર ઉપરથી મંગાવી સંજાણ ખાતે તેના સ્તંભની પડોશમાં ઉભો કરવો કે તેથી પોતાના માદર વતનની પ્રિય યાદ તેઓને વધુ અને વધુ ચાલુ રહે. જ્યારે ઇજીપ્તથી કલીઓપેત્રાની નીડલ (Cleopetra needle) ઇંગલાંડ લઇ ગયું છે અને જ્યારે ફ્રાંસ ત્યાંથી એક મોટું ગંજાવર ઓબેલીસક (obelisk) લુક્ષર (Luxor) ખાતેથી લાવ્યું છે, તો સરખામણીમાં એક નાનો સ્તંભ પારસી ભાઇઓ હીંદુસ્તાન લઇ જાય તે કાંઇ ઘણા ખરચનું મુશકેલ કામ હતું નહીં, સબબ કે તે સ્તંભ મારા પેહેલાં ધારવા પ્રમાણે મો૦ લેસેપ્સે શોધવા પછી કદાચ ત્યાંજ પડી રહ્યો હોય અને નેહરને કિનારેથી સ્ટીમરપર ચઢાવવાં અને મુંબઇમાં સ્ટીમર ઉપરથી ઉતારી આગગાડીમાં ચઢાવવા વીગેરેનો થોડાક હજારનો ખરચ થાય. આસરે આઠ નવ વર્ષપર મેં ઇજીપ્તના આપણી નામદાર સરકારના પ્રતીનીધીથી તેમજ ફ્રાંસ ખાતે પુછપરછ કીધી હતી. તે પુછપરછ લડાઇની ગડબડ દરમ્યાન હતી, પણ તે વખતે હું જે જાણી શકયો હતો તે ઉપરથી એવી ભ્રાંતીમાં હતો કે કદાચ તેની શોધ અને ઉકળામણ પછી તે પાછો રેતીમાં બચાવ ખાતર દાટી દેવામાં આવ્યો હોય. તેમ નહી હોય અને બીજે કુહે હોય તો ત્યાંથી મેળવવાનો કાંઇ વિચાર કરવાનું હતું. પણ અત્રે કરેલી પુછપરછ ઉપરથી જાણી શકયો છું કે તેનો એક નાનો કટકો ઉપર જણાવવા પ્રમાણે અત્રેના લુવર (Louvre)માં હોવા ઉપરાંત મોટો ભાગ કેરોના સંગ્રહસ્થાનમાં છે. હવે હાલની ઇજીપશીઅન સરકારની લાગણી પોતાના દેશની કીર્તી માટે ઘણી તિક્ષણ બનવાથી એ સ્તંભનું ખંડીએર સંગ્રહસ્થાનમાં હોય કે રેતીમાં દટાયલું હોય, તોપણ તઓ તે હવે પોતાના દેશમાંથી કદી બાહાર જવા દીએ નહીં.

એક બીજો માર્ગ–તેવા પ્રકારની એક આગલી કોશેશ.

ત્યારે જો પારસી સાહાસ ચાહે તો "ફુલ નહી તો ફુલની પાંખડી", તે કહેવત પ્રમાણે, આ નામીચા સ્તંભની ઉપરથી એક નકલી સ્તંભ તેઓ સંજાણ ખાતે યા બીજે કેઠે યાદગારી તરીકે ઉભો કરી શકે.

હવે આપણા ઇરાની ખંડીએરોના કાસ્ટોના મોલ્ડ (mould) ઉપરથી કોઇ નકલી ખંડીએરના ભાગો મુંબઇમાં કેઠે ઉભા કરવા એવો ખ્યાલ આસરે ૨૫ વર્ષપર બરપા થયો હતો. શેઠ ખરશેદજી રૂ. કામાએ અને મેં તે હીલચાલ હાથમાં લીધી હતી અને એક મહેહનજર ફરતી કીધી હતી, તે એવી મતલબે કે પારસી શ્રીમંતોએ એવા પોતાને પસંદ

આવતા ખંડીએરોના નમુનાઓ પોતપોતાએ મંગાવવા, કે જેમ થવાથી આપણા શેહેરમાં તેનો સારો સંગ્રહ થાય. મરહુમ સર દીનશાજી મા૦ પીટીટે અને શેઠ જમશેદજી તાતાએ દીલસોજી દેખાડી કોઇક એવા ભાગો માટે નામો ભરી આપ્યાં હતાં. પણ પાછળથી તે હીલચાલ બંધ પડી તે આ વિચારે કે એમ જુદા જુદા તવંગરોના ઘરે તે છુટા છુટા વીખરાયલા હોવાથી મતલબ પાર પડે નહી અને તેથી તે માટે એક જાહેર જગ્યાની જરૂર ધારવામાં આવી. મરહુમ સર દીનશાજીએ સર જમશેદજી પા. બે. ઇન્સ્ટીટયુશનનું મકાન સુચવ્યું કે તેના સુંદર દાદરની દીવાલે તે નમુનાઓ જડવામાં આવે. પણ તેમ ત્યાં મેલાતાં તે સ્કુલના છોકરાઓને હાથે ખરાબ થવાનો સંભવ ઉભો થયો. એવા એવા વિચારોથી તે યોજના તે વખતે બંધ પડી, પણ હાલમાં પારસી કોમ તે પાછી હાથ ધરે એ દરૂસ્ત દીસે છે.

આવી બાબતો માટે એક પારસી મેમોરીઅલ હોલ (Memorial Hall.)

આ બાબતના સંબંધમાં મરહુમ શેઠ નવરોજી નશરવાનજી વાડયા જેવણનું દીલ પારસીઓ માટે કાંઇક ભલું કરવા કાજે તેવણની જીંદગીના પાછલા વખતમાં ઉભરાતું હતું, તેવણની યોજના મને યાદ આવે છે. અરસપરસના મિત્ર મરહુમ મી૦ નાનાભાઇ બનાજી મારફતે એક મોલાકાત ગોઠવાતાં એ વખતે એ બાબતમાં એવણ સાથે એવણના બેલા વીસ્ટા બંગલામાં લાંબી વાત થઇ હતી. તેવણની ખાહેશ એ હતી કે પારસીઓ માટે એક "મેમોરીઅલ હોલ" બાંધવામાં આવે કે જ્યાં કોમની સારી સેવા બજાવનારા મહાન પુરૂષોનાં ચિત્રો મેલવામાં આવે અને કોમના કોઇક બનાવોની યાદગારીની નીશાનીઓ પણ ત્યાં રાખવામાં આવે, ગયે સાલ છેલી લડાઇમાં માર્યા ગયલાઓની યાદગારી જાળવવાનો સવાલ બરપા થયો હતો, ત્યારે આવો કોઇ યાદગારીનો હોલ હોય તો તેવી યાદગારી માટે એક લાયક જગ્યા થઇ પડે. મારા કમીના વિચાર પ્રમાણે પારસી કોમે પોતાના ઇરાનના ખંડીએરોના કાસ્ટ યા નમુનાઓ પોતાના આ ફરી લીધેલા દેશમાં દીન અને દેશ તરફના પ્યાર ખાતર આવા કોઇક હોલમાં યા બીજે કેઠે બરપા કરવાં એ પસંદ કરવાજોગ છે. તેવાં મકાનમાં કોઇ બીજા તવારીખી ચિત્રો પણ રહે; દાખલા તરીકે પારસીઓ હીંદુસ્તાન આવ્યા અને કિનારે ઉતર્યાં અને સંજાણમાં રાજાને મળ્યા તે બનાવનું ચિત્ર. એવું એક ચિત્ર, કોઇક ધારી શકાતાં સાધનો ઉપરથી, પારસી પંચાયતના ટ્રસ્ટી સાહેબોએ આપણાં મરહુમ મહારાણીની જ્યુબીલી વખતના યા શાહ એડવર્ડની તાજપોપીના અવસરના એડ્રેસના કાસકેટ ઉપર ચિતરાવ્યું છે.

એવા ચિત્રમાં ચિતરાવવાજોગ બીજો બનાવ શાહ અકબરની દરબારમાં દસ્તુર મેહેરજીરાણા અને પારસીઓએ હાજર થવાનો છે. આ પાછલી બાબત કોઇ યુરોપની સ્કલપટરોની પેહેડીએ પોતે પોતાની એક મદેહનજરમાં રજુ કરેલી મને યાદ આવે છે કે જે ઉપર હું ભુલતો નહી હોઉં તો મરહુમ નામદાર ચોથા સર જમશેદજીનું તેવણની યુરોપની સફર વખતે ધ્યાન ખેંચાયું હતું. તેવણ સાહેબે તે બાબતની મદેહનજરનું કાગજ મારા ઉપર મોકલવાની મને યાદ આવે છે. કોઇપણ રીતે અહીં મેહેલોમાં અને સંગ્રહસ્થાનોમાં ઇરાનનાં તવારીખી બનાવોના સંબંધનાં જે ચિત્રો અને પથ્થરકામો જોવામાં આવ્યાં છે તે ઉપરથી આ વિચારો સુજ્યા છે અને તે રજુ કરવાની છુટ મેં લીધી છે.

પેરીસ, તા૦ ૨૪ મી મે ૧૯૨૫.

પેરીસનાં કબ્રસ્તાનો.

પેરીસમાં સર્વે ખાતાંઓ મોટા પાયા ઉપર અને ગંજાવર છે. તેમજ તેનાં કબ્રસ્તાનો પણ ગંજાવર છે. એડીસન કહે છે કે જેમ એક શેહેરમાં થતાં મરણની ટીપ તેમ તેનાં કબ્રસ્તાનોની મુલાકાત આપણને રંગરાગ અને ખુશી ખુશાલી વચ્ચે કોઇ ગંભીર ખ્યાલમાં મેલે છે. એક મજા માટે, કહે છે કે તેમાં એવો રેવાજ હતો કે લગ્ન જેવી ખુશીખુરમીની મૌજલસમાં પણ એક મુરદાંને લાવીને ત્યાં મેલવું કે તે જોઇ રંગરાગમાં ધસડાઇ જતાં જીંદગીની ગંભીર બાજુનો પણ વિચાર આવે. આપણામાં પણ લગ્ન વખતે બે દહાડા આગમચ "વરધપતર"ની ક્રિયાના એક ભાગ તરીકે ગુજરેલાંઓના અશોફરોહરોને યાદ કરવાનો વિચાર છે તે કોઇ આવા શુભ ખ્યાલથી બરપા થયલો હોવો જોઇએ. આવા ખ્યાલથી કોઇ શેહેર યા ગામની મુલાકાત દરમ્યાન હું તેનાં કબ્રસ્તાનો પણ, બને છે તો, જોઉં છું અને તેઓની કબરો ઉપરના લેખો વાંચી કાંઇક ડાહ્યો બનું છું.

પેરીસના મોટાં કબ્રસ્તાનોમાં એક પાદરી (પેર એટલે ફાધર)નાં નામ ઉપરથી જણાયલું પેર લા શેઝ (Pére la chaise) નું અને મોન્ટ માર્ટર (Mont martre) એટલે "માર્ટીર (martyr) થઇ ગયલાઓના પહાડ"નું કબ્રસ્તાન આ બે ઘણાં જાણીતાં છે. તેઓનો દરેકનો વીસ્તાર આસરે ૩૦ એકરનો છે. આ બે મેં આગલી વખતે ઘણો વખત રોકી જોયાં હતાં. એ બેમાંથી મોન્ટ માર્ટરનું કબ્રસ્તાન ઉંચી જગ્યાએ આવવાના સબબે આપણને આપણી ડુંગરવાડીની યાદ આપે છે. આગલી વખતે મેં આ કબ્રસ્તાનની નવેમ્બર માસની તા૦ ૧ લી યા તા૦ ૨ જીએ મુલાકાત લીધી હતી જે બે દિવસો અહીં Le jour de tous les saints અને Le jour de tous les morts તરીકે સર્વે અશોફરોહરોના તથા સર્વે ગુજરેલાંઓના દહાડા ગણાય છે. તે વખતે ટેકડીની ટોચ ઉપરથી હજારોની સંખ્યામાં લોકોને હાથમાં આપણા સુખડને બદલે મીણબતી અને રંગબેરંગી તાજાં અને હસ્તકૃત ફુલોના હારો સાથે આપણી ડુંગરવાડીની સીડીઓ માફકની સીડીઓ ઉપર ચઢતાં જોયલાંનો ગંભીર દેખાવ આજે પણ મને યાદ છે. ટેકડીને ઉપર આવી પોતપોતાનાં વહાલાંઓની કબરો તેઓ પોતાને હાથે વારીઝુરી સાફ કરતાં હતાં અને પછી તેઓને યાદ કરતાં હતાં અને એક નેમેલી જગ્યાએ મીણબતી ચઢાવતાં હતાં. હજારો મીણબતીઓ ચઢાવવામાં આવતી તેને બલે પણ ક્યાં? તેથી એકને ૨ ઘડી વીને ચઢાવી કે એક બે મીનીટમાં ફુક મારી તે બુજાવી બાજુએ નાંખે. અહીં કેટે દેવળો વીગેરેમાં મીણબતીઓ માણસની ઉંચાઇ જેટલી લાંબી હોય છે.

આ વખતે મેં "પેર લા ચેઝ"ની સીમેત્રીની બે વખત મુલાકાત લીધી અને તેમ કરવામાં મારી ખાસ ખાહેશ એ હતી કે મારા મરહુમ મિત્ર મી૦ કાવસજી દાદાભાઇ દુબાશ, જેવણ ન ધારેલા અત્રે મરણ પામ્યા હતા, તેવણની કબરને સેજદો કરી, મરનારનાં રૂહને મારી દરૂદો સલામ પહોંચાડું. હજારો હજાર કબરોમાંથી તેવણની કબર પહેલા દિવસની ઉતાવળી મુલાકાતમાં શોધી કાઢવી મુશ્કેલ હતું, સબબ કે અહીં પારસીઓ માટે કોઇ અલાહેદી જગ્યા કરી રાખી નથી. બીજી વખતે, તા૦ ૧૮ મી મેના પાછલા પહોરે, એક ભલા પારસી મિત્રની રાહબરી હેઠળ પુછપરછ કરતાં તેવણની કબરને જોઇને તેવણનાં રવાનને બે શબ્દોની ઘટતી યાદ સાથે સેજદો કરી શકયો હતો. તે ઉપર ફારસી, ગુજરાતી અને અંગ્રેજી હરફે લખ્યો કોતરેલા છે. ફારસીમાં 'હુમત

હુખ્ત અને હુવર્શત" શબ્દો છે. ગુજરાતી લેખ નીચે પ્રમાણે છે :—

"બેહેસ્તનશીન શેઠ કાવસજી દાદાભાઇ હોરમજી દુબાશની વહાલી યાદમાં.

જન્મ—રોજ દેપાદર માહ બહુમન સને ૧૨૨૭ યઝદેઝર્દી.

મરણ—રોજ ગોઆદ માહ અરદી-બેહેશ્ત સને ૧૨૯૧ યઝદઝર્દી."

પછી અંગ્રેજીમાં એવોજ લેખ છે.

આ રંગેરંગમાં ભલા જરથોશ્તી બચ્ચા સાથે મને, અપારી જવાન વયે એલફીન્સ્ટન કોલેજમાં પિછાણ પડી હતી, જે એકમેક તરફના માન સાથે ચાલુ રહી હતી. મારાં વહાલાં કામા ઇનસ્ટીટયુટના જર્નલના વાંચનારાઓએ કોઇક આર્ટીકલોની સાથે એવણનું મુબારક નામ જોડાયલું જોયું હશે. એક દિવસે એક મિત્રને ત્યાંની નવજોતની મિજલસમાં આપણી બાબતો ઉપર વાત નીકળતાં મરનારે પોતાની ખુશીથી મને રૂ. ૧૦૦૦ની રકમ આપવા જણાવી, કે મારે ગમે તેમ, આપણી બાબતોના પારકી જબાનોમાં લખાયલા વિષયોનો તરજુમો કરાવવામાં તે વાપરવી. તેપ ને મેં ઉપલાં જર્નલ માટે તરજુમો કરાવવામાં વાપરી. સારાં ભાગ્યે પેહેલીજ બાબત એવી હતી કે જેથા હું ખુશી થયો હતો. મો૦ આઇનોસ્ત્રાનઝેવ (Inostranzov) નામના એક રશીઅન ઉસ્તાદ, જેવણ સાથે મને પત્રવેહેવારથી પિછાણ થઇ, તેવણે મારી "A few Events in the History of the Parsees" નામની ચોપડીનો હવાલો આપી યજદજર્દ પછીની ઇરાનની તવારીખના બનાવોના દાખલા આપ્યા છે, કે જે બનાવો બનવાના સબબે આપણા વડીલોને "કીસ્સે સંજાણ"માં જણાવવા પ્રમાણે હીંદુસ્તાન નીકળી આવવું પડયું હતું. બીજો વિષય પણ એ વીદ્વાનની કલમથીજ હતો, જેમાં મારી "પારસીઓની મરણ-ક્રીયાં"ની ચોપડીનો કાંઇક હવાલો પકડી ગુજરાતી વીરાફનામાના એક ચિત્ર ઉપર વિવેચન કર્યું હતું.

મરનાર મી૦ કાવસજીનાં શુભ દાખલાની નકલ કરી મરનારના ભલા બેટા મી૦ જમશેદે પણ મને એવાંજ કામ માટે રૂ. ૫૦૦ આપ્યા છે. આ બક્ષેશોમાં વધુ ખુબી આ હતી કે તે માગવા વગરની બક્ષેશો હતી.

કબ્રસ્તાનોની

એક ખ્રીસ્તી પાયદસત બાબત ઉપર

બોલતાં હું એક ખ્રીસ્તી પાયદસત માટે બોલીશ, જે મેં તા૦ ૨૨ મી મેની સવારે "રયુ લક કે" મોહોલ્લા આગળનાં "વર્જીન મેરી"નાં દેવળની મુલાકાત વેળા જોઇ હતી. એક કલાકને આસરે એ ક્રિયા ચાલી. ખ્રીસ્તી પાયદસતો મેં અવારનવાર જોઇ છે, પણ આજે સંપુર્ણ જોઇ. કોઇ મોટે ઘરનાની આ પાયદસત હતી. તેને કબ્રસ્તાને લઇ જવા આગમજ આ દેવળમાં ક્રિયા માટે લાવવામાં આવી હતી. સંખ્યાબંધ મીણબતીઓ રોશન કીધી હતી. તે હજુર મારી આતશની નીઆએશ વીગેરે ભણતાં મેં ઘણુંક જાણવાજોગ જોયું. મેં ખાસકરી આ જોયું કે જેમ સુધરેલી પ્રજાઓમાં તેમ નહી સુધરેલીઓમાં, ધર્મક્રિયાઓમાં જેમ કેઠે લંબાણ થાય છે તેમ કેઠે એક પ્રકારની ટુંકું કરવાની રીત (a shortening process) પણ દાખલ થાય છે કે જે બાબે મેં મારા ટીબેટન ક્રિયાઓના સંબંધમાં આ પત્રકારે અને બીજે ઠેકાણે કહ્યું છે દાખલા તરીકે એઓમાં મરનારને સેજદો કરવાની એક રીત અસલમાં આ હતી કે પાયદસતે આવનારાઓ પવિત્ર કરેલાં પાણીમાં એક પીછી બોળી તે પીછીનું પાણી મરનારની લાશ ઉપર ક્રોસની નીશાની કરી છાંટે. આ ક્રિયા હાલમાં બરાબર કરતા નથી પણ ટુંકું કરવા એક વખત પવિત્ર પાણીમાં પીછી બોળી કે પછી વારેબડીએ દરેક જન તે બોળવાને બદલે ફક્ત એકેકના હાથમાંથી તે પીછી લઇ ક્રોસની નીશાની કરે કે જાણે પવિત્ર પાણી છાંટયું.

આપણે આપણી મરણક્રિયામાં ઘણો ખર્ચ થવાની ફર્યાદ કરીએ છિએ, પણ અહીં જે જોઇએ છિએ અને જાણ્યે

છિએ તે સા સરખાવતાં આપણી સાદી ક્રિયા, શૅખ સાદી કહે છે તેમ,

"પાદશાહે તખ્તપર મરવું કે ગરીબે જમીનપર મરવું સરખું છે,"

તે વધારે દુરસ્ત છે. સર્વ એક સાદા સફેદ પોષાકમાં લાખંડની એક સરખી ગેહાનપર જાય છે. પણ અહીં એક મરણ થયું તો ક્રિયાની કારસાજી કરનાર (આપણા પાવરી જેવા undertaker) ને "પેહેલો વર્ગ" યા "બીજો વર્ગ" યા "ત્રીજો વર્ગ" એમ ભપકાદાર પાયદસત માટે હોકમ આપવામાં આવે તો તે પ્રમાણે ભપકા સાથના ઠાઠમાઠની પાયદસત હોય છે. આગળ એક ઘોડો યા બે ઘોડાનો ભપકો થતો. હાલ મોટરનો ભપકો થાય છે. ચીન દેશના પેકીન શહેરમાં જોયલું એક પાયદસ્તનું સરઘસ યાદ આવ્યું કે જે પેહેલ હું પિછાણી શકયો નહીં કે તે લગ્નનું સરઘસ છે કે મરણનું છે. અલબતે અહીં તો સર્વ કાળા પોષાકથી માલમ પડે છે. હું તો કહું છું અને માનું છું કે ગમે તેમ હોવા છતાં આપણામાં સો ઘણી ભલાઇ છે.

દેવળમાં ચઢાવવામાં આવતી ચીજો.

આ દેવળમાં જે એક ચીજે મારૂં ધ્યાન ખેંચ્યું, તે આ કે દેવળની દીવાલે કોઇનાં ખરાં આખાં નામ સાથે યા કોઇના શુરૂઆતના હરફો સાથે તખ્તીઓ વળગાવેલી કે જે "માનતાની તખ્તીઓ" (Votive offerings) હતી. કુઠે લખેલું કે "Protégés mon fils," એટલે "મારા છોકરાને સારૂં કરજો." કુઠે લખેલું કે "Reconnaissance pour une grace obtenue" એટલે "મારી મોરાદ પાર પડી તેના ઉપકારમાં." આ ઘણી ખરચાળુ માનતા હતી. આગળ આપણામાં એવી કોઇ માનતા લેવાતી હતી તો બાનુઓ આતશબેહેરામને "પોરી ચઢાવતી" જે તે ગરીબ બાઇઓ પોતે બચ્ચાં છોકરાંઓ સાથે ખાતી હતી કે એક બે બીચારા ઓમ્મે દેનારા ગરીબ મોબેદ સાહેબો ખાતા. હવે તમો તમારે પોતપોતા માટે વિચાર કરો કે ચુના પત્થરની દીવાલને ચઢાવેલી ઉપલી ખરચાળુ તખ્તીઓ ભલી કે ગરીબ ઘરોમાં એવી તક સાથે પેટ ભરવાને ખવાતી પોરીઓ ભલી? હજુર એના કરતાં સુના રૂપાંના હૈડાં સમાન ગણાતાં પત્રાં (hearts) ભલાં કે જેવાં આપણાં આતશકદેહોને ચઢાવવામાં આવે છે અને જે ધર્માદયના ખરચમાં કામ લાગી શકે.

નેપોલીઅન બોનાપાર્ટની કબર.

જ્યારે આજે આપણે મરનારોને યાદ કર્યે છિએ ત્યારે નેપોલીઅન, જે બીજો સીકંદર ગણાતા, તેની અત્રેની કબરની યાદ કર્યે. તેનાં નામ અને કામને લાયકની તેની દબદબાભરી કબર અહીં છે. તે બેચીત એકથી વધુ વખત જોવાલાયક અને જોઇને જીંદગી માટે ગોર કરવા લાયક જગ્યા છે. પેરીસમાં અહીં અને તહીં ફરતાં નેપોલીઅન, તેની પેહેલી રાણી જોસેફીન (Josephine), જેણીને પેટે છોકરો નહી અવતરવાથી રાજીખુશીથી તેને છોડી દીધી હતી, તેનાં નામો અને કામો, મેહેલો અને સ્તંભો અને તેઓની તરેહવાર વાતોની હકીકત સાંભળીએ છિએ. તેમજ એ પાદશાહની પડતીની પણ વાતો સાંભળીએ છિએ અને તે પડતીની નીશાનીઓ જોઇએ છિએ. એક હાથ ઉપર તેના દબદબાભર્યા મેહેલો અને બીજા હાથ ઉપર તેની પડતીની કહાણીઓ અને સેવટે તેની દબદબાભરી કબર!

નેપોલીઅનના અને બીજા મેહેલોમાં ઇરાનના આગલા પાદશાહોની યાદ.

અહીંનાં મેહેલોમાં ફરતાં મેં બે જગાએ વરસેલ્સ અને ફોનટે બ્લો (Versailles અને Fontain bleu)માં આપણા એક ઇરાની પાદશાહના સંબંધનાં ચિત્રો જોયાં. તેમા એક બાઇબલમાં જણાવેલા

આહુસરૂસ (ઝર્કસીસ યા આર્ટાઝર્કસીસ) અને તેની યાહુદી રાણી એસ્થર (Esther)નાં હતાં. આપણી પારસી નજરે જોતાં એ ચિત્રોથી આપણે શરમાવું જોઇએ કે એક ઇરાની પાદશાહ પોતાની ઇરાની રાણીને છોડીને એક યાહુદી સ્ત્રીનાં પ્યારમાં પડયો અને તેણીની ઉશ્કેરણીથી તેને ઇરાનીઓને હાડમાર કીધા હતા. કહે છે કે જ્યારે ઇરાનનો શાહ નાસરૂદીન અહીં આવ્યો હતો, ત્યારે આ ઇરાન સાથે સંબંધ ધરાવનાર એસ્થર રાણીવાળા ઓરડામાં તેને આરામ આપવામાં આવ્યો હતો.

આવું બીજું ઇરાની ચિત્ર સીકંદરને હાથે હાર ખાધેલા દારા પાદશાહના સંબંધનું છે. એ પાદશાહની રાણી સીકંદર પાસે પોતાને આજીજી સાથે રજુ કરે છે. આપણે જાણીએ છિએ કે પાછળથી સીકંદર દારાની બેટી રોશનક સાથે પરણ્યો હતો.

પેરીસ, તા૦ ૨૫ મી મે ૧૯૨૫.

પેરીસ શેહેરમાં એક રાતની સેહેલ.

પેરીસ શેહેરને દિવસ ઉપરાંત એક રાતે ફરીને જોવું જોઇએ. મેં પેહેલી વખતે પેરીસ સંબંધી મારા વિચારો જાહેર કરતાં મારાં "સરકલ લીટરેર"ને કહ્યું હતું કે "પેરીસમાં તો દરરોજની દિવાળી થાય છે." ૩૬ વર્ષ બાદ તો તે વધારે ખરૂં છે. પેરીસની દરરોજની રોશની જોવાને મોસમ ઉપર દર રાત મેસર્સ થોમસ કુક એન્ડ સન પોતાની એક યા વધુ કારો ફેરવે છે. તેવી એક મોટી કારમાં પચિસ જણની અમારી ટુકડી તા૦ ૨૦ મીએ રાતે ૯ વાગે નીકળી ૧૧ વાગે પાછી ફરી હતી. રાત્રે ૧૧ વાગે પણ જાણે દિવસ માફક પેરીસના કેટલાક ભાગો ... રોશનીથી હલીમલી રહ્યા હતા. ... પોતાનો અનુભવ મને જણાવ્યો કે તેણે એક રાત્રે ૧૨ વાગે "પ્લાસ દ લા કોનકોર્ડ"ના મશહુર ચોકના રસ્તા ઉપર અને શાંઝ એલીઝે ઉપર દિવસના જેટલીજ મોટરોની ભીડ જોઇ. આઠ આઠ દસ દસ મોટર એકી વખતે આવે એવા મોટા રસ્તાઓ ઉપર પણ ભીડ થાય છે. અમારી પાર્ટી સાથે એક "લેકચરર" હતો તે અવારનવાર ચાલતી ગાડીએ—ધાર ધીમી દોડાવતાં—અને કોઇવાર ગાડી ઉભી રાખીને, અમોને કેટલુંક સમજાવતો હતો. તેણે કહ્યું કે અહીંના કોઇ રેસ્ટોરાં (Restaurants) રાત્રે બાર વાગેજ ઉઘડે અને તેમાં નાચ અને રંગરાગ પાછલી રાત સુધી ચાલે. મને હોંગકોંગ (Hongkong)ના ચીનાઇ હોટેલો યાદ આવ્યાં કે જે ચીનાઓ રોશનીના ઘણા શોખીન હોવાથી, તમારા ભલા ધનેતરને ત્યાંના લગ્નની રોશની કરતાં વધારે રોશનીથી દીપાવે. તે હોટેલોમાં પણ ચીનાઓ રાત્રે ૯ થી ૧૦ વાગે જાય અને રંગરાગ કરે અને કોઇ તો અફીણ પીતા ત્યાંજ લાંબા થઇ આરામ કરે. ત્યાં જે જોયલું તેનાથી યુનાની પેરીકલીસના વખતની યુનાનીઓના જીંદગીનું કાંઇ ભાન આવતું. પેરીસનાં કેટલાક રંગીલા મોહોલાઓની રોશનીથી આપણે ખુશ ખુશ થઇયં અને અજબ થઇયે. પણ તેમ "એનું સેવટ શું?" એમ ગંભીર વિચારમાં પડયે છીએ. તવારીખ શિખવે છે કે ઘણી મોજમજાહ એક પ્રકારનું પડતું ખેંચાણ (re-action) આણે છે. પણ જ્યાંસુધી પેલા મેસોનીક શબ્દો "From Labour to Refreshment and from Refreshment to Labour" નો ઘટતો મધ્યમસર તોલ ફ્રાંસ કરશે, ત્યાંસુધી ફ્રાન્સની નાડ સલામત છે. છેલ્લી લડાઇ વખતે તેણે જે ગંભીરાઇથી પોતાનો ટેક જાળવ્યો છે અને ૭૦ મૈલથી આવતા ગોળા સામે ટકી રહ્યું છે, તે ઉપરથી આપણે કહી શકયે કે સર્વ રંગરાગ વચ્ચે પેરીસની નાડ ખુદાની મેહેરથી સલામત છે.

સંજોગો

પેરીસનું હુન્નરઉદ્યોગનાં વચ્ચે જ્યારે હુનરોનું એક્ષીબીશન. ૧૮૮૯ માં હું અત્રે પેહેલો આવ્યો હતો, ત્યારે તે સાલનું મોટું એક્ઝીબીશન ઉઘડયું હતું, જે ૬ માસ ચાલુ રહ્યું હતું. આ સાલ તેવું મોટું સામાન્ય બાબતોનું નહી પણ હુન્નર ઉદ્યોગનું એક મોટું એક્ઝીબીશન હું આવ્યો તેજ દહાડે ઉઘડયું છે. તેની મેં ત્રણ વખત મુલાકાત લીધી છે. તેનો વીસ્તાર અતી ઘણો મોટો છે. કેટલાક મોટા રસ્તાઓ તેઓની ટ્રામ લાઇનો વીગેરે બંધ કરી તેની જગ્યા માટે લીધા છે. પેરીસની સેન નદી ઉપરનો એક પુલ પણ બંધ કરી તેની જગ્યામાં લેવામાં આવ્યો છે. એવું ધારો કે આપણા શેહેરમાં ફ. કા. ઇનસ્ટીટયુટથી તે કોલાબે ઉડ હાઉસ રોડ સુધીનાં સર્વ મેદાનો હાથ કરવામાં આવે, તે ઉપર દોડતી ટ્રામવે પણ બંધ કરવામાં આવે અને યુનીવર્સીટી આગલના મેયો રોડથી તે રેલવે લાઇન સુધીની જગ્યા એક્ઝીબીશન માટે હાથ કરવામાં આવે તો તે ઉપરથી આ એક્ઝીબીશનની મોટાઇનો કાંઈ ખ્યાલ આવશે.

રોશની જોવા જવાના દિવસે અમારી સાથે એક જર્મન જોડું પણ મારી સાથ કુકની કારમાં પેરીસની રોશની જોવા નીકળ્યું હતું. જ્યારે અમારો લેક્ચરર છેલ્લી લડાઇમાં જર્મનોથી પડેલા ગોળા માટે યા હાની માટે બોલતો, ત્યારે હું ગુજરાતીમાં કહેતો કે "તમોને આ સર્વ સાંભળી શરમાવું પડતું હશે." તેઓ ખુશમીજાજથી આ સાંભળતાં. સેવટે હું જે શબ્દો બોલી તેઓથી છુટો પડયો તે બોલો બોલી, અત્રેનું સંખ્યાબંધ રોકાણનું (busy) પખવાડયું પસાર કરી આજે હું પેરીસથી છુટો પડું છું કે "Vive la France. Vive l' Allemagne." ખુદા ફ્રાંસ અને જર્મની બન્નેને મિત્ર બનાવી, દુનીઆની સુલેહ માં ઉમેરો કરી, તેઓને આબાદ રાખે.

લંડન, હે–માર્કેટ હોટેલ, પીકાડીલી સરકસ, તા૦ ૧ લી જુન ૧૯૨૫.

લંડન—રાજકર્તા દેશની મુલાકાત.

તા૦ ૨૫ મી મેને દીને પાછલા પહોરે ૩–૩૦ કલાકને અમલે મારા રાજકર્તા શાહાનશાહના દેશમાં ડોવર ખાતે પગ મેલી હું એજ દીને આસરે ૫–૩૦ ને અમલે લંડન આવી પહોંચ્યો છું. ૩૬ વર્ષપર આવ્યો હતો ત્યારે કેલે છોડતાં સ્ટીમરના સેલુનમાં હેઠે જઇ પડવું પડયું હતું, પણ આ વખતે, ખુદાની મેહેરથી, ઇંગ્લીશ ચેનલનું નામ જરા બદનામ હોવા છતાં, દર્યો જાણે "ડાહ્યો દીકરો" બન્યો હતો અને હું સ્ટીમરના ડૂટક ઉપર આખો વખત ખુલ્લા આફતાબને નેહાલતો અને ડોવરના ચાક જેવા સફેદ કિનારાનો અને ડુંગર ઉપરના કીલ્લાનો દેખાવ જોતો ઉભો રહી શકયો હતો. મને મથાળે મેલેલાં નામ વાળાં હોટેલમાં છેક છઠે માળે, પણ એક હવાઉજાશવાળો, આફતાબનાં કીરણોને મારા ઓરડામાં દાખલ કરતો એક સારો ઓરડો, એક ભલી અને શિખવા આવેલી જવાન પેશી બાઇએ મેહેરબાની કરી આગમજથી એક મિત્ર મારફતે ગોઠવણ કરાવવાથી મળ્યો છે. હાલના અત્રેના એક્ષીબીશનના હીંગામમાં, કોઇ અત્રે આવીને પોતે પુછપરછ કરી, કોઇ મધ્યમસર દામનાં હોટેલ અને ઓરડા માટે ગોઠવણ કરવા જાય તો કદાચ તેને અહીંતહીં રખડવું પડે. રાત દહાડો ઓટોમેટીક લીફ્ટ ચાલતી હોવાથી, છઠો માળ હોવા છતાં, અડચણ લાગતી નથી. વળી આ લત્તો તરેહવાર દુકાનોની રંગબેરંગી અને રંગ બદલતી વીજળીક રોશનીથી રાત્રે બારએક વાગા સુધી હલીમલી રહે છે.

મેં લંડનને જોવા અને મારી આગલી પિછાણ તાજી કરવા માંડયું છે. શરૂઆતમાં કુક કમ્પનીની પાર્ટીઓ સાથે ૬ દિવસ સુધી અહીંતહીં ફરવાની ગોઠવણ કીધી છે, તેમ ફરીને શેહેરના અને તેની

જોવાલાયક જગ્યાઓનો સામટો ખ્યાલ મનમાં બાંધવા માંડયો છે. તેમ કરવા બાદ અગતની જગ્યાઓની ફરીથી ધીરજે મુલાકાત લેવા માંડી છે અને લઇશ. તેમ જોતાં મારી નાની નજરે કાંઇ ખાસ ધ્યાન ખેંચાવી બાબતો હશે તે માટે બે બોલ બોલીશ અને ઉપજતા કોઇક વિચારો રજુ કરીશ.

બીજા પારકા દેશોમાં ફરવા બાદ, મારા ભલા શાહાનશાહના આ રાજકર્તા દેશમાં પગ મેલતાં, પેહેલું તો જાણે એક પ્રકારની મનને રાહાત મળે છે કે જાણે આપણ થોડાક આપણાં પોતાના ઘરમાં આવ્યા. વળી આપણા પાદશાહના મુલકમાં આવતાં બીજા સબબે પણ એક પ્રકારની ખુશી ઉપજે છે. આપણા પોતાના દેશની અને આ અને બીજા દેશોની કાંઇક આગલીપાછલી તવારીખ જાણી, હું પણ આપણા ગઇ પેહડીના કોઇક રાજદવારી આગેવાનો માફક માનું છું કે હજારો મૈલ દુર આવેલું આ ઇંગ્લાંડનું નાનું ટાપુ પોતાના કરતાં ઘણાં મોટાં મુલક ઉપર રાજ કરે, તેમાં ખુદાતાલાનો જાણે કાંઇ ગેબી હાથ છે.

હું એક પારસી તરીકે, દીની અને દુન્યવી શિક્ષણથી, એક પાદશાહના રાજ્યને પસંદ કરૂં છું અને ખાસ કરીને આપણાં ઇંગ્લાંડ જેવી હદસરની પાદશાહી (limited monarchy) ને પસંદ કરૂં છું. આપણાં દીની અને તવારીખી સાહીત્યએ આપણ પારસીઓને એક પાદશાહની પાદશાહીને સ્વીકારતા ઉધાર્યા છે. દરેક પારસી ઘરમાં કોઇ અને કોઇ વખતે આફ્રીનગાન જેવી ધર્મક્રિયાનું ભણતર થતાં "અહુરહે મજદાઓ રએવતો ખરેનંઘુહતો આફ્રીનામિ ક્ષથ્રયાન દંઘહુપઇતી" વીગેરે શબ્દો ભણાતાં આપણ આપણા પાદશાહના હકમાં એક વખત નહીં પણ ઓછામાં ઓછી ત્રણ વખત દુવા ગુજાર્યે છિએ. મારી જીંદગીમાં હજારો વખત હું એ કર્દો ભણ્યો હોઇશ. આપણા માજી પાદશાહની તાજપોષી વખતે અસલી ઇરાની અને હાલની અંગ્રેજી તાજપોષી ઉપર એક ભાષણ આપતાં એ કર્દાનો આપણી જે બેતબાજીમાં મેં તરજુમો કર્યો હતો, તે બેતબાજી બેહલી લડાઇ દરમ્યાન મારાં વહાલાં કુટુંબ સાથે ઘ ક વખત ગાઇ પાદશાહના હકમાં મેં દુવા ગુજારી છે. આવા સંજોગો વચ્ચે ઉછરી, હું મારી કોમ સાથે મારા પાદશાહને ઘણો ચાહું છું.

આપણા પાદશાહના અંગ્રેજી રાજ્ય તરફની આપણ પારસીઓની બેરખાહી કાંઇ આંધળી વફાદારી નથી. આપણી પોતાની ઇરાનની તવારીખ પણ આપણને દેખાડે છે કે આ ણા ઇરાની વડવાઓ પણ પાદશાહ તરફની વફાદારીના ખ્યાલમાં ઉછરવા છતાં, કોઇ આંધળી વફાદારી દેખાડતા હતા નહીં, પણ સમજદાર વફાદારી દેખાડતા હતા. આપણાં સાહીત્ય અને દીને આપણને સમજદાર (intelligent) વફાદારી શિખવી છે અને નહીં કે આંધળી વફાદારી.

હવે આપણા દેશની અને બીજા દેશોની તવારીખનું થોડુંક જ્ઞાન યાદ કરતાં આપણને લાગે છે કે સર્વ સંજોગો વચ્ચે ઇંગ્લાંડનું રાજ્ય આપણા દેશને માથે તે દાદારે આપણી કોઇ બેહેતરી માટે સરજેલું છે. ઇંગ્લાંડે આપણા દેશમાં કાંઇ નહીં તો સુલેહ અને ઇનસાફ પાથરી આપણું ઘણું ભલું કર્યું છે. અલબતાં, અંગ્રેજો કાંઇ ફરેસ્તા નથી. તઓમાં કાંઇક ખામીઓ છે, જે તેઓ હવે પોતે જોવા અને જાણવા લાગ્યા છે. આપણા નામદાર શાહાનશાહે પોતાની આપણા દેશની પેહેલી મુલાકાત બાદ જે કહ્યું હતું તે હજારોહજારઘણું દુરસ્ત હતું અને છે કે આપણા રાજકર્તા અમલદારોએ વધારે દીલસોજી (sympathy) દેશ તરફ દેખાડવી જોઇએ. તેમ થશે તો સઘળું સારૂં થશે. ઇંગ્લાંડે આપણું કેટલુંક ભલું કર્યું છે. તેણે આપણને કેળવણી આપી વધુ હકો માગવાની હાલતમાં મેલ્યા છે એજ તેના તરફનો મોટો આશીર્વાદ છે. આજ

ઇંગ્લાંડ આપણુને વધુ આપશે અને વધુ લેવા દેશે. હાલના સર્વ સંજોગો વચ્ચે તેની બાંહેધરી આપણુને કેટલીક હદે કાંઇ નહી તો થોડાંક વધુ વર્ષો સુધી જરૂરની છે. ત્યારે આ પ્રકારનાં જે થોડાક વિચારો મનમાં હમેશાં રમતા રહ્યા છે તેવા વિચારો સાથે, આ દેશમાં અને આ શેહેરમાં કાંઇક ખુશી સાથે મેં પગ મેલ્યો છે અને જોવા અને જાણવાલાયકનું ફરીથી જોવા અને જાણવા માંડયું છે.

જાણીતી કુક કું૦, જે આસરે ૬૦ વર્ષ થયાં કામ શરૂ કરવા બાદ જાણે આખી દુન્યાનું એક ખાતું થઇ પડયું છે, તેના હાથમાં શરૂઆતમાં મેં પોતાને મેલ્યો છે. તેની સાથે મેં નીચલી મુલાકાતો અને સેહલો ગોઠવી કુટલુંક જોયું છે અને જોઇશ.

૧–૨ તા૦ ૨૭ અને ૨૮ મી મેના બે દિવસ: તેની પાર્ટી સાથે સહેવારના ૯ થી તે સાંજના ૫–૧૫ સુધી, બપોરના આસરે ૧॥ કલાકના તેઓના કોઇક હોટલમાં આસાએશ લઇ, આખાં શેહેરની ઉડતી મુલાકાત જે દરમ્યાન ગીલ્ડ હોલ, લંડન ટાવર, સેન્ટપોલનું દેવળ, લંડન મ્યુઝીઅમ, નેશનલ ગેલરી, ધી ટેમપલ તેટ ગેલરી, વેસ્ટમીન્સ્ટર એબ્બી, વોલેસ કલેક્શન અને બ્રીટીશ મ્યુઝીઅમ જેવી જાણીતી જગ્યાઓ ઉતરી અને ફરીને જોઇ છે. પાર્કો ચાલતી ગાડીએજ જોયાં છે.

૩. તા૦ ૩૦ મી મે: હેમ્પટન કોર્ટની અન તે તરફના પાર્કો અને બાગોની બપોર પછી મુલાકાત.

૪. તા૦ ૧ લી જુન: વીન્ડસર, તે તરફ મી૦ ગ્રે (Grey) ના સંબંધની જગ્યાઓ, ઇટન કોલેજ અને પાછું ફરતાં થેમ્સ નદીના સુંદર ભાગની બોટમાં સેહેલ.

૫. આવતી કાલે તા૦ ૨ જીએ રાત્રે ૮ વાગે લંડનના "ઇસ્ટ એન્ડ" તરીકે જણાયલા ગરીબ લત્તાની મુલાકાત.

૬. તા૦ ૩ જીએ પરમ દહાડે આખો દહાડો સહવારે '૧૦ થી સાંજે ૬ સુધી "બ્રીટીશ એમપાયર એકઝીબીશન".

બીજી એકાદ બે સેહલો હવે પછી મુકરર કરવા ધારી છે. વચમાંના કોઇક ખાલી દિવસોએ પગે ચાલી સેન્ટ જેમસીસ પાર્ક, ગ્રીન પાર્ક અને હાઇડ પાર્ક, તેમાંના સુંદર સરોવરપર એક બોટમાં થોડીક સેહલ કરવા સાથે જોયા છે અને એક દિવસે બ્રીટીશ મ્યુઝીઅમની લાંબી મુલાકાત લીધી છે, જે દરમ્યાન હજુર તો ફકત રોમન ગેલરી અને ગ્રીકો–રોમન સ્કલ્પચરના ત્રણ ઓરડાઓ અને પુરાણા (archaio) યુનાની સ્કલ્પચરના ભાગો જોવાઇ શકાયા છે. આ ગંજાવર મ્યુઝીઅમ માટે વધુ મુલાકાતોની જરૂર છે.

કુકની પાર્ટીઓ સાથે જે ભોમીઆઓ આવે છે તેઓ માટે કુકવાળાઓ "લેકચરરો" તરીકે બોલે છે, તે ઘણીક હદે વાજબી છે. સબબ કે તેઓ આપણુને જે દેખાડે છે, તેનું તવારીખી જ્ઞાન પણ આપે છે. મેં નીયમ રાખ્યો છે કે હમેશાં હાથમાં પેન અન નોટ બુક સાથે ફરવું અને તેના લેકચરોની નોંધ લેતા રહેવું. ત્યાં અને ત્યાંજ અને તેજ વખતે નોંધ લેતાં અને વળી હરફો સારા નહીં હોવાને લીધે કુટલીકવાર મારૂં લખેલું મને પોતાને ઘરે આવી વાંચતાં ઉકલતું નથી. પણ તેમ હોવા છતાં ઘરે આવી નોંધો યાદદાસ્ત ઉપરથી નોંધવા કરતાં તુરતજ ગમે તેવી ભાંગીતુટી પણ નોંધો લેવાનું હું પસંદ કરૂં છું.

અત્રેની મુલાકાતની બાબતમાં હું હવે પછી થોડીક વીગતે બોલીશ. તેટલાં કહું છું કે આજે અત્રે આવવાને એક અઠવાડયું થયું તેમાં કોઇ દિવસે હું એટલો શાદમાન અને ખુશી થયો નથી કે જેટલો આજની સેહેલમાં સુંદર થેમ્સ નદી ઉપરની સેહેલથી હું ખુશી થયો છું. એવી નદીઓને શહેર બાહાર ગામડાંમાં સુંદર ગેશ્ન અને ખેલ કરવી જોવી જોઇએ. આજે મને કેશમીરની જેલમ નદી યાદ આવી, પણ થેમ્સનો કોઇ સુંદર ભાગ કેશમીરની જેલમને પણ વીસરાવે એવો હોય છે.

લંડન–પીકાડીલી સરકસ, હે માર્કેટ હોટેલ, તા૦ ૪ થી જુન ૧૯૨૫.

ગીલ્ડહોલ—પેહેલા સર જમશેદજીને મળેલું લંડન શેહેરનું ફ્રીડમ.

હાલનું લંડન, જેની વસ્તી આસરે પંચોતર લાખની ગણાય છે, તે તો નવું મોટું લંડન છે, પણ ખરૂં લંડન જે લંડન શેહેર (city) ગણાય છે, તે તો ઘણા નાના વીસ્તારની જગ્યા છે, જેની વસ્તી ફક્ત આસરે ૧૪૦૦૦ની ગણાય છે. આ જુનાં શેહેર સાથે જાણીતાં ગીલ્ડહોલનો સંબંધ છે, કે જે ગીલ્ડહોલની તવારીખ સાથે ઇંગ્લાંડની તવારીખ કેટલીક હદે જોડાયલી છે. આ નાના પુરાણા શેહેરનો કારોબાર તેના લોર્ડ મેયર અને બીજા સભાસદો (આલ્ડરમેનો)ને હાથે ચાલે છે.

અસલમાં રોમનો, જેઓએ પોતાનો અમલ પૂર્વ અને પાશ્ચમમાં ફેલાવ્યો હતો, તેઓએ ઇંગ્લાંડમાં પણ પોતાનો અમલ સ્થાપ્યો હતો અને તેઓના અમલના વખતની ઘણી ચીજો અને ખંડીએરો, જે કેઠેકેઠેથી શોધી કાઢવામાં આવ્યાં છે, તેઓનો સંગ્રહ આપણે બ્રીટીશ મ્યુઝીઅમમાં દાખલ થતાં ડાબા હાથપર, પેહેલોજ મોટો ઓરડો જે "રોમન ગેલરી" નામે જણાયલો છે, તેમાં જોઇએ છિએ. તે અસલી રોમનો, જેઓનો અમલ ખ્રીસ્તી સનની પેહેલી ચાર સદીઓ દરમ્યાન હતો, તેઓના વખતનું લોન્ડીનીઅમ તે લંડનનું અસલ શેહેર છે, જે ઉપર ગીલ્ડહોલ સાથે સંબંધ ધરાવનાર લોર્ડ મેયર બીજા સભાસદો સાથે વહીવટ ચલાવે છે.

અસલી રોમનો અને ઇંગ્લાંડ હુન તાયફાવાળાઓના દોરને સબબે રોમનોને ઇંગ્લાંડ છોડવું પડયું.

એક પ્રજા પોતે જીતેલા અને નજદીક ચાર સદી સુધી અમલ કરેલો દેશ કદાચજ રાજીખુશીથી છોડી જાય. પણ રોમનોને તેમ કરવું પડયું હતું. તેઓના પોતાના શેહેર અને મુલક ઉપર પેલા પૂર્વ ભણીથી આવેલા હુન લોકો, જેઓએ આપણાં હીંદુસ્તાનને અને ઇરાનને બુમ પડાવી હતી, તેના કેટલાક તાયફાઓએ પણ બુમ પડાવી હતી. તેઓના રાજા આલીટા (Alitta) એ પેરીસના પણ દરવાજા ઠોક્યા હતા. તેના ઘોડેસવાર મોટાં ચિત્રો આપણે પેરીસમાં એકથી વધુ જગ્યાએ જોઇએ છિએ. જ્યારે એ હુન તાયફાવાળાઓએ રોમન શાહાનશાહત ઉપર હુમલો કરવા માંડયો અને તે વર્ષો સુધી ચાલુ રાખ્યો, ત્યારે રોમે પોતાના મુલકના બચાવ માટે પોતાનું રોમન લશ્કર (Roman legion) ઇંગ્લાંડથી ખેંચી લીધું. તેમ થતાં ઇંગ્લાંડમાં વળી બીજા પારકાઓએ હુમલા કરવા માંડયા, ત્યારે ઇંગ્લાંડના લોકોએ કાલાવાલા કરી રોમને આજીજી ભરી અરજ કીધી, કે તેણે પોતાનો અમલ પાછો ચાલુ કરવો. રોમે જેમ તેમ થોડાં વર્ષ તેમ કરી, ત્યાંની કીલેબંધી મજબુત કરી, ત્યાંનાં સ્વદેશીઓને તે કીલ્લેબંધીથી દુશ્મનો સામે કેમ બચાવ કરવો તે શિખવ્યું અને પછી લશ્કરને પાછું ખેંચી લીધું. પણ દુશ્મનોએ પાછો હુમલો કરતાં પોતે કાંઇ કરી શક્યા નહી, ત્યારે ફરીથી બ્રીટને રોમને અરજ કીધી કે તેણે પાછો અમલ ચાલુ કરવો. આ કાકલુદી ભરી બ્રીટનની અરજનો પત્ર તવારીખમાં "બ્રીટનના વીલાપના પોકારો" (The groan of the Britons) તરીકે જણાયલા છે. ઇંગ્લાંડની આ આગલી તવારીખ યાદ કરતાં મને આપણા દેશની હાલની બેચેનીની હાલત યાદ આવે છે, કે આપણે ઇંગ્લાંડને

ગાંસડા પોટલા બાંધી ઉઠાંગરી કરી જવા કહીશું અને ઇંગ્લાંડ જો તેમ કરે તો રખેને આપણી હાલત બીજા પાડોશી દુશ્મનોના સંબંધમાં "બકરૂં કાઢતાં ઉંટ પેઠું" તેવી થાય. ખુદા ખેર કરે. હવે ત્યારે ઉપલા રોમનોના અમલ દરમ્યાનનું જે લંડન તે ઉપર જણાવેલું અસલનું નાના વીસ્તારનું શેહેર (city) છે, કે જે ઉપર લાર્ડ મેયરનો અમલ ગીલ્ડહોલ તરફથી ચાલે છે અને જે શેહેર પોતાનું છુટાપણું પોતાની હદની બાહારના અંગ્રેજોને અને બીજાઓને એક માન તરીકે (Honoris Causa) આપે છે અને જે (Freedom of the City of London) મેળવવું એ મોટું માન ગણાય છે.

આગલી રાહરીતી પ્રમાણે એ શેહેરનું છુટાપણું ચાર પ્રકારે મેળવાતું. (૧) એ શેહેરના રેહેવાસીઓનાં છોકરાંઓ બાપદાદાના હક (patrimony)થી તેનું છુટાપણું તેના શેહેરીઓ તરીકે ભોગવે. (૨) આ શેહેર બાહરનો કોઇ ધણી આ શેહેરનાં ફ્રીમેનની શીખાઉ (apprentice) તરીકે નોકરી બજાવી તે મેળવે. (૩) તે ખરીદી (redemption or purchase) થી મેળવાતું. (૪) અને એ શેહેર પોતે એક મોટાં માન (Honorary distinction) તરીકે તે કોઇને બક્ષેશ આપતું. આ છેલ્લી રીત મજકુર માન લેનાર માટે મોટામાં મોટું માન ગણાતી આવી છે.

આ મોટું માન પેહેલા હીંદીવાન તરીકે મેળવનાર આપણા પેહેલા સર જમશેદજી.

આ તવારીખમાં મશહુર ગીલ્ડહોલની મેં પેહેલી ઉડતી મુલાકાત લેવા પછી, તા૦ ૩ જી જુને સહવારે ૧૧ કલાકે ફરીથી મુલાકાત લીધી હતી. એ મુલાકાત એટલી આગલીપાછલી હકીકતની જાણ આપનારી (instrnotive) થઇ પડી કે છેક ચાર વાગ્યા સુધી ખાણું લેવાનું મુલતવી રાખવું પડયું. આ ગીલ્ડહોલનું સંગ્રહસ્થાન પોતે અત્રેની જુની ચીજો (antiquities) ના સંગ્રહ માટે પ્રેંશાણકારક છે. પણ તે ઉપરાંત મેં કેટલોક વખત તેનાં પુસ્તકખાનામાં કાઢયો અને પુછપરછ કરી તેના આગલા દસ્તાવેજોના મોટાં પુસ્તકમાંથી મરહુમ નામદાર પેહેલા સર જમશેદજીને આ લંડનનાં પુરાણાં નાના શેહેરે જે છુટાપણું (freedom) આપ્યું હતું, તેની સુંદર શણગારેલી તે વખતના અમલદારની સહી સાથની વેલમપરની નકલ જોવાનો સંતોષ મેળવ્યો. આસરે ત્રણ યા ચાર ફીટની પોહોળાઇ લંબાઇનાં મોટાં સુંદર પુસ્તકમાં એ "ફ્રીડમ"ના દસ્તાવેજોની નકલો જાળવી રાખી છે. મેં જોયલું આ બાંધેલું વાલમ સને ૧૮૩૨ થી ૧૮૫૮ સુધીનું વાલમ છે. મને બરાબર યાદ નથી કે મરહુમ ખા૦ બા૦ બમનજી પટેલે આ ફ્રીડમની નકલ વીગત સાથે આખી આપી છે કે નહી. પણ હું તે આખી જેમ મેં તે જોઇ છે તેમ નોંધ કાજે આપું છું કે મારા પારસી ભાઇઓ અને બાઇઓ, જે પનોતાં નામ માટે તેઓ હમેશાં મગરૂર છે, તે જમના સંબંધની કાંઇક વધુ હકીકતો જાણે.

MUSGROVE LOCUM TENENS MOON MAYOR.

A Common Council holden at the Mansion House of the Lord Mayor of the City of London on Saturday the 14th day of April 1855, Resolved Unanimously "that the Freedom of this City be presented to Sir Jamsetjee Jeejeebhoy of Bombay, in the East Indies, Knight, as a testimonial of the high estimation, entertained of him by the Corporation of the City of London and from respect for his justly renowned character as a princely benefactor of his

country and mankind—a noble example of blameless private life and public worth as a citizen of Bombay and of spotless commercial integrity as a most eminent British subject and Merchant in India."

Mereweather.
HENRY D. SMITH.

SCRIPSIT.

આ ફ્રીડમની નકલ અત્રેના ગીલ્ડહોલની લાઇબ્રેરીમાં એક છાપેલી ચોપડી જે નીચલે નામની છે, તેમાં પાને ૨૧૧ ઉપર છાપી છે.

"London's Roll of Fame, being complementary Votes and Addresses from the City of London on presentation of The Honorary Freedom of that City to Royal Personages, Statesmen, Patriots Warriors, Arctic Explorers, Discoverers, Philanthropists and Scientific men, with their replies and acknowledgments, from the close of the Reign of George II A. D. 1757 to 1884.'

આ છાપેલી નકલમાં સર જમશેદજીના ફ્રીડમની બાબતમાં શરૂઆતમાં નીચલી નોંધ છે.

"Sir Jamsetjee Jeejeebhoy, Sir Francis Graham Moon, Lord Mayor, Sir John Key, Bart, Chamberlain 1855. At a Court of Common Council 14th April 1855, it was resolved unanimously." ......એ પછી ઉપલો અસલ સુંદર વેલમપર લખેલી નકલ પ્રમાણેનો ઠરાવ છે. આ છાપેલા પુસ્તકમાં ઉપલી કાઉન્સીલનો બીજો ઠરાવ નીચે પ્રમાણે નોંધ્યો છે.

"That the said Resolution be ornamentally written on vellum, signed by the Town Clerk, properly emblazoned, framed, and glazed and presented to Sir Jamsetjee Jeejeebhoy."

આ બીજા ઠરાવ ઉપરથી દીસે છે કે કાઉન્સીલે આશા રાખી હતી કે સર જમશેદજી પોતે ઇંગ્લાંડ જઈને હાથોહાથ મેળવે, પણ તેમ બન્યું નહી. આ અરસામાં સર જમશેદજીની તબીયત જઇફી વગેરેથી નાદુરસ્ત ચાલતી હતી. આ સબબે ઉપલી છાપેલી ચોપડીમાં આપણે નીચલી ફુટ–નોટ વાંચીએ છિએ.

"As the Recipient of the compliment did not visit England, he could not take up his Freedom, but the Resolution of the Court, ornamentally written, was forwarded to him at Bombay."

મરહુમ બીજા સર જમશેદજીના એક એક્ઝીક્યુટર તરીકે, તેવણની અસંકેઆમતનો હેવાલો લેતાં, આ નોંધમાં જણાવેલી ઠરાવની નકલ તેવણનાં મેહોગાન કેસ્ટલના ખજાનાના અંદરના ઓરડામાં જોવાની મને કાંઇક ઝાંખી યાદ આવે છે.

હવે જેમ આપણી યુનીવરસીટીમાં "ડોકટર"ની યા એવી બીજી કોઇ ડીગ્રી જ્યાંસુધી તે ધણીને રીતસર (formally) એનાયત કરવામાં નહીં આવે ત્યાંસુધી બરાબર મળેલી નહીં ગણાય, તેમ આ સર જમશેદજીના બાબમાં બનેલું દીસે છે. સબબ કે એવણની પછી મુંબઇના જાણીતા સર આલબર્ટ સાસુનને એ ફ્રીડમ આપવાનો જે અહેવાલ આપણે ઉપલાં પુસ્તકમાં વાંચીએ છીએ, તેમાં લખવા પ્રમાણે સર આલબર્ટને તે આપતાં ચેમબરલેને (Chamberlain) નીચે પ્રમાણે તેવણને કહ્યું હતું:

"Already has this Court paid a compliment to one of those Indian Merchants, Sir Jamsetjee Jeejeeboy, who did not however visit this country to take upon himself the Honorary Freedom. You are therefore the first native subject of Her Majesty's Indian Empire upon whom that Freedom has been confirmed."

વળી ફુટ–નોટમાં જણાવે છે કે, "Sir Jamsetjee died before

visiting Europe" આ હકીકત ઉપરથી દીસે છે કે જો તબીયત યારી દેતે તો પેહેલા સર જમશેદજીની યુરોપની મુલાકાતની આશા રાખવામાં આવી હતી.

ફ્રીડમની અસલ નકલમાં જે નામ ફક્ત "Moon" તરીકે છે તે તે વખતના મેયર Sir Francis Graham Moon નું છે. જે નામ મસગ્રોવ તરીકે છે તે તેવણની વતી કામચલાઉ કામ કરનાર (locum tenens) મેયરનું છે. "મેરીવૃધર" તરીકે જે સહી છે તે તે વખતના "ચેમ્બરલેન"ની છે, જે ઓધ્ધેદાર એવા દસ્તાવેજપર સહી કરતો.

બીજા અને ત્રીજા સર જમશેદજી.

આ ગીલ્ડહોલનાં મ્યુઝીઅમમાં કલોક મેકર્સ યાને ઘડીઆળીઓની ગીલ્ડનો જુનાં નામીચાં ઘડીઆળોનો સંગ્રહ છે. એ સંગ્રહવાળા ઓરડામાં આપણે બીજા સર જમશેદજીનો ફોટો જોઇએ છિએ. વળી ત્યાં ત્રીજા સર જમશેદજીએ એ સંગ્રહને ભેટ આપેલાં બે જુનાં સુનાનાં સુંદર નાના ઘડીઆળો એવણના નામની નોંધ સાથે જોઇએ છિએ. એ સંગ્રહના છાપેલા કેટલગમાં તેની નોંધ નીચે પ્રમાણે નાં૦ ૪૬ માં જોઇએ છિએ. "Watch-gold, duplex, enamel dial with seconds. A very fine specimen of duplex work, bearing the following inscription. Bequeathed by the late Sir Jamsetjee Jeejebhoy 3rd Bart, C. S. I. of Bombay to the Worshipful Company of clock-makers of London. 18th July 1898. Date of Hall-mark 1787-8." બીજું એવણે ભેટ આપેલું ઘડીઆળ જાણીતા ઘડીઆળી મેકબનું છે, જ્યાં નોંધમાં આ જેમ્સ મેકબ માટે જણાવે છે કે તે ૧૮૧૧ માં આ ઘડીઆળીઓની ગીલ્ડ (guild) નો Senior Warden હતો.

મારી જીંદગીમાં આ મેકબના અને જોન્સનાં ઘડીઆળો ઘણાં નામીચાં ગણાતાં. આપણા જુના આતશબેહેરામોમાં અને દરેમેહેરોમાં એ પુરાણી કમ્પનીઓનાં ઘડીઆળો હજુર પણ જોવામાં આવે છે. મરહુમ શેઠ જીજીભાઇ દાદાભાઇની દરેમેહેરમાં એવું એક પુરાણું ઘડીઆળ તેની સ્થાપનાનાં વખતથી છે, અને મારા લાંબા સંબંધના વખતમાં ફક્ત એક વખત તે ઘડીઆળીને ત્યાં રીપેર માટે ગયું હતું. એવાં ભરૂસેદાર સારાં ઘડીઆળો આપણા દેશમાં તે આગલા વખતે આવતાં હતાં. ત્યાર આવા નામીચા ઘડીઆળીની પેહેડીનાં જુનાં ઘડીઆળ જેમાંનાં એક ઉપર ઇ૦ સ૦ ૧૭૮૭-૮૮ નો અને બીજાં ઉપર ઇ૦ સ૦ ૧૮૧૫-૧૬ નો સને (Hall-mark) નોંધેલો છે, તેઓને આ કલોક મેકર્સવાળા સંગ્રહમાં ઉકમાઇની નોંધ લઇ જાળવવામાં આવ્યાં છે. એ ઉપર ભેટનો જે સને છે તે સનેનાં વર્ષમાં મરહુમ ત્રીજા સર જમશેદજી પોતે મહારાણીજીની દાયમંડ જ્યુબીલીની અવસરે લંડન આવ્યા હતા. તે વખતે તે એવણે ભેટ આપેલાં હોવાં જોઇએ.

ગીલ્ડહોલમાં ગોગ અને મેગોગનાં પુતલાંઓ.

આ ગીલ્ડહોલમાં એક ગેલરીમાં Gog and Magog નામનાં પુતલાંઓ આપણું ખાસ ધ્યાન ખેંચે છે. તેઓ આપણી પૂર્વ ભણીની દંતકથાવાળાં "જુજ અને માજુજ" છે. જેઓ માટ કેટલાક ઇસલામી વીગેરે લખનારાઓ લખી ગયા છે. એઓ બે મોટા રાક્ષસો ગણાતા જેઓની સામે થવાને સીકંદરે કોશેશ કીધેલી કહેવાય છે. વળી એક ખલીફ માટે કહે છે કે તેણે પણ તેઓ સામે એક કાફલો મોકલ્યો હતો. હું ભુલતો નહીં હોઉં તો ફીરદોસી પણ એઓ માટે સીકંદરનાં દાસ્તાનમાં બોલે છે. લોર્ડ મેયરનું વાર્ષિક સરઘસ; જે Lord Mayor's day એવે નામે જણાયલા દિવસે અસલી રાહરીતી અને રેવાજે પ્રમાણે ફરે છે, તેમાં અસલમાં ગીલ્ડહોલની આ બે રાક્ષસોની આકૃતીઓને પણ

ફેરવવામાં આવતી. હવે આ પૂર્વ ભણીની દંતકથાવાળા રાક્ષસો લોર્ડ મેયરના ગીલ્ડહોલમાં અને સરઘસમાં કયાંથી આવ્યા ? એ અજબ દીસે છે. તેને માટે જે કહેવાય છે તે વાર્તાઓ કેમ ફેરવાઇ જાય છે તેનો અજબ દાખલો રજુ કરે છે. કહે છે કે અસલમાં ગોગમેગોગ અને કોરીનીઅસ (Gog magog and Corineus) નામના બે રાક્ષસો મધ્યમ જમાનાઓના અત્રેના સાધુઓ (monks) ની વાર્તામાં જણાયલા હતા. આ બેમાંથી પાછલો વીસરાઇ ગયો અને પેહેલું ગોગ-મેગોગ નામ છુટું પડી તે પૂર્વ ભણી જણાયલા બે રાક્ષસોના નામમાં બદલાઇ ગયું.

ગીલ્ડહોલ સાથે જોડાયલી ગીલ્ડો અને ફ્રીમેશનરી.

ફ્રીમેશનરીના મુળ માટે કેટલાંક અનુમાનો છે. તેમાંનું એક શરૂઆતમાં પથ્થરનું કામ કરનારા કડીઆઓ (masons) સાથે તેને જોડે છે. ઉપર જણાવેલા ઘડીઆળીઓ, માછીઓ વીગેરેના ધંધાના સંબંધમાં જુદી જુદી ગીલ્ડો યાને મંડળો હત તેમ છેક પુરાણા વખતમાં મેસનોની પણ એક ગીલ્ડ હતી. આગળ આપણે જોયું છે તેમ હાલના મેસોનીક લોડજો માફક તેઓ પણ Worshipful Master અને Senior Warden વીગેરે નામનાં ઓહદેદારો ધરાવતી. ત્યારે મેસનોની પણ એવી અસલમાં ગીલ્ડ હતી. રોમનોના વખતથી બાંધકામ કરનારાઓની આવી ગીલ્ડો હતી.

લંડન-પીકાડીલી સરકસ,
તા૦ ૫ મી જુન ૧૯૨૫.

ઈંગલંડના આગલા ધર્મો. તેમાં એક વખતે ફેલાયલી મેહેરયજદની જરથોશતી સેતાયશ.

ઇંગ્લાંડના "સ્ટોનહેન્જીસ."

ઇંગલંડે એક પછી એક ઘણા ધર્મો જોયા છે. એવા જાણમાં આવેલા ધર્મોમાં પેહેલો ધર્મ તે હતો કે જેમાં પુંજાનાં મંદીરો તરીકે ચોક્કસ પ્રકારના પથરોના કુંડાળાંઓ મળે છે, જે સ્ટોનહેન્જીસ (Stonehenges) તરીકે જણાયલા છે. આપણા દક્ષિણ હીંદુસ્તાનમાં મળતા પુરાણા એવા પથ્થરના કુંડાંઓ પણ એજ પ્રકારના છે. "Every day Life in New Stone, Bronze and Iron ages" by M. Quenart એ બાબે કાંઇ હકીકત આપે છે. કોઇ શોખીન વાંચનારને એ પુસ્તક આપણી બોમ્બે બ્રાંચ રોયલ એસ્યાટીક સોસાયટીમાંથી મળશે. તેમાં પાના ૪૨-૪૯ માં ઇંગ્લાંડનાં એ પુંજાના મંદીરોની હકીકત મળશે. એની સેતાયશમાં ગુજરેલાંઓની યાદની માન્યતા (sepulchral cult) સમાયલી હતી. એ અત્રેના બ્રોન્ઝના જમાના (Bronze Age) માં ફેલાયલી હતી. એની જગ્યાઓમાં કેઠે Thuribulum તરીકે જણાયલાં સુગંધી બલતણ બાળવાનાં વાસણો (incense vessel) મળે છે. એ બાબે તા૦ ૯ મી મે ૧૯૧૯ નાં "એઠીનીઅમ" ચોપાન્યાંમાં એક લાની વિષય આપવામાં આવયો છે.

ડ્રુઇડોનો ધર્મ.

આ પછી ઇંગ્લાંડમાં ડ્રુઇડ (Druids) લોકોનો ધર્મ ફેલાયો હતો, કે જેઓ પૂર્વ તરફના લોકો ગણાતા હતા. એઓના ધર્મને કોઇ પ્રકારની ખોરશેદ અને આતશની સેતાયશ સાથે સંબંધ હતો. એઓના નામનો ધાતુ ડ્રુ (અવસ્તા ડ્રુ) એટલે "લાકડાં" ઉપરથી છે, જે

લાકડાંમાંથી ઉત્પન્ન થતા આતશ સાથે તેઓનો કોઇ પ્રકારનો સંબંધ દેખાડે છે.

આપણા દેશમાં ટોડા (Todas) નામના થોડાક લોકો—તેઓની વસ્તી હવે તમામ ઘટતી જાય છે—નીલગીરીની ટેકડી ઉપર ત્યાંના ગવરમેન્ટ હાઉસની પાસે રહે છે. તેઓને સેલ્ટો-સીથીઅન (Celto-Scythian) તાયફાના ગણવામાં આવે છે, અને તેઓનો ધર્મ આ ડ્રુઇડોને મલતો ગણવામાં આવે છે. આસરે ૨૦ વર્ષપર, ઉટાકામંદની મારી મુલાકાત દરમ્યાન આ હવે મુઠીભર રહેલા લોકોની વચ્ચે અને તેઓના વિચિત્ર ઘેહાં મકાનોમાં પસાર કરેલો થોડોક અભ્યાસી વખત મને યાદ આવેછે. એ બાબત ઉપર હું "A few Notes on the Todas of the Nilgiris" એવે નામના મારા વિષયમાં બોલ્યો છું (જુઓ મારૂં પુસ્તક Anthropological Papers Part II. જુઓ મારૂં પુસ્તક A glimpse into the Work of the B. B. R. A. Society). એઓની માન્યતા સાથે એક પ્રકારના પત્થરનાં કુંડાળાં યા ઢગો (cromlechs or stone Moles) જોડાયલા છે. એઓનાં કોઇક ખંડીએરોને આ ગ્રેટ બ્રીટનનાં પુરાણા ડ્રુઇડ ગામોનાં ખંડીએરો સાથે સરખાવવામાં આવ્યાં છે. કોઇએ તેઓનો ઇરાનના પાર્થીઅનો સાથે સંબંધ જોયો છે. આ સરખામણીવાળા ડ્રુઇડ લોકોનો ધર્મ અત્રે અને ફ્રાંસમાં પણ ફેલાયલો હતો.

આપણામાં એક પ્રકારની સ્વચ્છતા માટે ગઓમેઝ યા નીરંગ શરીરે લગાડવાનો રેવાજ અસલી છે. તેવો રેવાજ યુરોપના કોઇક જુના ભાગોમાં પણ જાએજ હતો અને હજુર થોડુંક સુધી જોવામાં આવતો. ફ્રાંસમાં બાસ-બ્રીટન (Bas-Britagne) નામનો ભાગ છે, ત્યાં ખેડુતોમાં નીરંગનો કોઇક દવા તરીકેનો ઉપયોગ થોડુંક સુધી જોવામાં આવતો હતો, તે આ ડ્રુઇડ લોકો જેઓ પૂર્વથી પશ્ચિમ ભણી ગયા હતા તેઓ મારફતે ગયો હતો. આ ડ્રુઇડોનો ધર્મ ઇંગ્લાંડમાં પણ ફેલાયો હતો.

કહે છે કે એન્ગલસી (Anglesey) નામની જગ્યા છે તે આ ડ્રુઇડ લોકોનું મુખ્ય મથક હતું. રોમનોએ તેઓને મારી કાઢ્યા ત્યાંસુધી તેઓ અહીં રહેતા હતા. ઇંગ્લાંડના પુરાણા ખંડીએરોમાં મલતા એક પ્રકારના ઉભા પત્થરો (standing stones) અને એવા પત્થરોના કોઇક ધાર્મિક કુંડાળાંઓ Druidical circles તરીકે જણાયલાં છે. એવાં પત્થરનાં કુંડાળાંઓથી ઘેરેલી જગ્યા તેઓની કોઇ ધાર્મિક જગ્યા ગણાતી. એ કુંડાળાંમાં તેઓ પત્થરોને ઉભા ખોસી દેતા. એવા કોઇક પત્થરો ૧૮ ફીટ જેટલા ઉંચા દાટેલા મળ્યા છે.

રોમનોનો ધર્મ.

આ ડ્રુઇડ લોકો પછી અત્રે રોમનોના અમલ દરમ્યાન રોમનોના દેવતાઓની માન્યતાનો ધર્મ ફેલાયો. રોમના પુરાણા ખંડીએરો, જેવાં કે તેઓએ બચાવ અર્થે બાંધેલી દીવાલોના ખંડીએરો, ઉપરાંત તેઓના ધર્મની માન્યતાની બીજી ચીજો પણ અત્રે મળે છે. ગીલ્ડહોલ, બ્રીટીશ મ્યુઝીયમમાં એ સર્વ આપણે જોઇએ છિએ. વેસ્ટ-મીન્સ્ટર એબી સાથે જોડાયલું "ચેપ્ટર હાઉસ" નામનું પુરાણું મકાન જ્યાં અસલના વખતની પાર્લામેન્ટ મલતી હતી, ત્યાં પથરની એક ગંજાવર લાસ મેલવાની પેટી (sarcophagus) મેં જોઇ, જે આસરે ૯૬૦૦ વર્ષની પુરાણી ગણાય છે. રોમનોએ આગલા ડ્રુઇડ લોકોને મારી કાઢી તેઓના ધર્મને હડસેલી કાઢી પોતાના દેવતાઓનો ધર્મ અત્રે સ્થાપ્યો હતો.

ઇંગ્લાંડમાં મેહેર યજદની સેતાયશવાળું એક પ્રકારનું મીથ્રઇઝમ.

હવે રોમનોના ઉપર જણાવેલા અમલ દરમ્યાન મેહેર યજદની સેતાયશનું એક રૂપ, જે મેહેર યજદના અવસ્તાના નામ "મીથ્ર" ઉપરથી "મીથ્રઇઝમ" તરીકે જણાયલું

છે, તે ઇંગ્લાંડમાં પણ ફેલાયું હતું. રોમન સેપાહોએ ઇરાનના પશ્ચિમ ભાગમાં ઇરાનીઓ સાથે સંબંધમાં આવી તે સેતાયશ કાંઇક ફેરફાર સાથે પોતામાં દાખલ કીધી હતી. એ મીથ્રઇઝમે રોમના અનેક દેવતાઓના કોઇક મતને તોડી, ખ્રીસ્તી ધર્મના ફેલાવા માટે એક પ્રકારનો માર્ગ સુતરો કરી આપ્યો હતો. પૂર્વ યુરોપનો મોટો ભાગ એક પ્રકારનું મીથ્રઇઝમ માનતું. રોમન સેપાહો, આગળ જણાવ્યું તેમ, ઇંગ્લાંડ જઇ રહેતા હતા, ત્યાં તેઓ પોતા સાથે એ મેહેર યજદની સેતાયશ લઇ ગયા હતા, એટલુંજ નહીં પણ, ઇરાનના કોઇક જરથોશ્તીઓ પણ, સર જીઓર્જ બર્ડઉડના કહેવા પ્રમાણે, રોમનો સાથે એશીઆ માઇનરના ભાગમાં સમાગમમાં આવી, છુટાછવાયા રોમન શાહાનશાહતના લશ્કરમાં જોડાયા હતા, અને તેમ જોડાઇ તેઓ આજથી સોળસો યા સતરસો વર્ષપર રોમન લશ્કરમાં ઇંગ્લાંડ ગયા હતા અને ત્યાં પોતાના ઇરાની મેહેર યજદની સેતાયશ પાંથરવામાં કાંઇક ભાગ લીધો હતો. ઇંગ્લાંડમાં કેટલેક ઠેકાણે એ અસલી મેહેરની સેતાયશને લગતી નીશાનીઓ જાણમાં આવી છે. આ વિષે મેં મારાં હુન લોકો બાબેના વિષયમાં જણાવ્યું છે. સર જીઓર્જ બર્ડઉડે નીચે પ્રમાણે લખ્યું છે :—

"In Great Britain, there are, I believe, forty contemporary monuments of ancient Persians, Zoroastrians of the Roman army of occupation in these islands; and the remains of several of them are to be found along the wall of Hadrian, within a cycle-sweep of Edinburgh. St. Ives in Huttingdonshire, the abbot of Ramsey, in the eleventh century, dedicated a chapel to Ivo, a Zoroastrian, who came to England and died here in the seventh century—possibly as a refugee from Iran, when first invaded by the Arabs."

ત્યારે આજે જ્યારે હું મારા ઓરડામાંથી ખોરશેદ યઝદને નેહાલતો (મારાં સારાં નસીબે અત્રે હાલ દિવસો ઘણુંખરા ખુલ્લા આફતાબના પ્રકાશ સાથના પસાર થાય છે.) મારી (ખોરશેદ) મેહેરની નીઆએશ કરું છું ત્યારે મને કોઇવાર યાદ આવે છે કે મારી આગમજ પંદરસો, સતરસો વર્ષપર પણ આપણા માદર વતન ઇરાનના જરથોસ્તીઓએ અહીં મેહેર યજદની નીઆએશ કરી હશે. વળી જ્યારે આપણા કોઇ વડીલોએ ધર્મના પ્યાર ખાતર હીંદુસ્તાન ભણી જઇ ત્યાં સંજાણ ખાતે પડાવ નાખ્યો, કે જે પડાવની યાદમાં સંજાણ ખાતે બરપા કરેલા સ્તંભની સ્થાપનાને તે દાદારની મેહેરથી મારી કમીની જીંદગીના એક અગતના બનાવ તરીકે હું ગણું છું, ત્યારે કોઇ થોડાક જરથોસ્તીઓ અત્રે પણ નીકળી આવ્યા હતા.

મીથ્રઇઝમે રોમન સેપાહો ઉપર ખાસ અસર કરી હતી તેનો એક સબબ આ કે સેપાહો એક જાતની લશ્કરી કવાયદમાં ઉછરે છે. હવે મીથ્રઇઝમ અથવા મેહેરની સેતાયશમાં પણ એક પ્રકારની કવાયદ (discipline) હતી કે "આવી રીતેજ ખાવું, પીવું, રહેવું, વડાના હોકમો માનવા." વીગેરે. આપણી દરેમહેરમાં પાકીજગી અથવા પરહેઝગારી તરીકે જાળવવી જોઇતી હાલની કવાયદ તે આગલી કવાયદનો કાંઇ ખ્યાલ આપે છે. એ બાબે એક લખનાર કહે છે કે

"The impressive initiation and communion of mithraism, a sun-worship of Persian origin, seem to have been the symbol of a strong and pure message. Its elaborate Free-masonic organization, its stern discipline, appealed particularly to the legionaries who carried it to all parts of the Empire-Mithraic inscriptions and monuments are numerous in Gaul."

રોમનાં જુલીઅન (Julian) શાહાનશાહે નવું સર્વ-દેવતાનું આકીન

(pantheism) રોમન શાહાનશાહતમાં દાખલ કીધું હતું, તેમાં ખારશીદને એક ચિન્હ (the Symbol of the one Divine Essence) ગણ્યો હતો.

સર જીઓર્જ બર્ડઉડની અત્રે એક દરેમેહેર બરપા કરવાની સુચના.

મેં ઉપર સર જીઓર્જ બર્ડઉડનું નામ દીધું છે. તેનું નામ દેતાં મને તે ભલા ધણીની યાદ આવે છે. આગલી વખતે હું તેવણુને અત્રે મળ્યો હતો અને અમો બન્ને એકમકથી ખુશી થયા હતા. તેવણુ મને એક દિવસે મેહેરબાની કરી પોતાને ત્યાં જમવા બોલાવ્યો હતો અને તે વખતે પોતાના ઘરમાં એક પારસી ધર્મગુરૂ જમવા આવ્યો તે સબબે તે બનાવની યાદમાં તેવણુ પોતાના ઓરડાનો શણગાર સર્વ સફેદ ચીજોથી કીધો હતો, તે એટલે સુધી કે, મારૂં ધ્યાન ખેંચી તેવણુ કહ્યું તેમ, ખાણાની સેવટે હાથનાં આંગળાં ધોવાનાં "કપો" (finger-cups) માં પણ સફેદ ફુલો તેવણુ મુકાવ્યાં હતાં. તેવણુ સાથે અભ્યાસની બાબતમાં મેં સુંદર વાતો કીધી હતી અને અભ્યાસ કેમ કરવો તે બાબે કેટલુંક શિખ્યો હતો. જમવા બાદ, એક મિત્ર મળવા આવ્યા તેવણુને, તેવણુ કહેલા આ સખુનો, મરનારના પવિત્ર રૂહની યાદ કરી, આજે હું યાદ કરૂં છું. તેવણુ કહ્યું કે

"I consider it an event in my life that a Parsee priest has come to my house and dined with me."

તે વખતે તેવણુ મારી સાથે મરહુમ શેઠ દાદાભાઇ નવરોજીને અને શેઠ ગજદર બારીસ્ટરને પણ જમવા તેડયા હતા. ત્યાં સર જીઓર્જ બર્ડઉડે શેઠ દાદાભાઇને સુચના કીધી કે "તમો અત્રેના પારસીઓ અત્રે એક આતશકદેહ સ્થાપો અને જીવનજી મોદીને તમારા પહેલા અત્રેના દસ્તુર બનાવો." શેઠ દાદાભાઇએ મુશ્કેલીઓ જણાવી અને તેમાં મુખ્ય આ કે, અત્રેના પારસીઓની વસ્તી ફક્ત આવજાવ કરતી વસ્તી (fleeting population) હતી, જેમાં મુખ્ય ભાગ આવતા જતા અભ્યાસીઓનો હતો. હવે ત્યારે સર જીઓર્જે અત્રે એક "મેહેર" યજદની યાદ આપનારી એક "દરે-મેહેર" સ્થાપવા કહી, તે આગલી મેહેર યજદની સેતાયશની યાદ આપનારી હતી.

એવી દરેમેહેર અત્રે સ્થાપવાની એક વખત બરપા થયલી વકી.

પણ ત્યાર પછી અત્રે એક દરેમેહેર સ્થાપવાની વાત મરહુમ શેઠ જમશેદજી તાતા યુરોપમાં હક થયા તે વખતે બરપા થઇ હતી. તેવણુનાં બેહેન, જેવણુ નૌસારીનાં એક ખુણામાં રહી, ખુણે હોવા છતાં, પોતાની કોમની બેહબુદી માટે અહીં અન તહીં નજર રાખે છે, તેવણુ પોતાના ભલા ભાઇની નઇબતે મને રૂપ્યા ત્રિસ હજારની એક રકમ ધર્મ ખાતે આપવા જણાવી કે મારે તે બાબે પત્રવેહેવાર ચલાવવો અને તે રકમમાંથી લંડન ખાતે એક દરેમેહેર સ્થાપી ત્યાં એક મોબેદને રાખવા. આ ભલાં બાઇની ધારેલી કોઇક સખાવતો પાર પાડવાને મને ખુશી ઉપજી છે અને ઉપજે છે. તવણુના મરનાર બેટા મી૦ કેખશરૂએ ગુજરવા આગમજ મને મેહેરબાની કરી યાદ કરીને પોતાના માતાને જણાવ્યું હતું કે જો તેવણ તેવણુને નામે કોઇ ધર્મખાતું સ્થાપે તો તેના કારોબારમાં મને સાથે ટ્રસ્ટી તરીકે લેવો. તેમ તે મરનારની યાદના ટ્રસ્ટમાં હું એક ટ્રસ્ટી તરીકે સામેલ થઇ, થોડાંક વર્ષ આ બાઇના સંબંધમાં આવ્યો હતો. તે વખતથી તેવણુ ફરમાવેલી સખાવત મારી ગરીબ શકતી પ્રમાણે પાર પાડવાને હું મારી સેવા આપું છું. આ સબબે મેં તે વખતે અત્રે સર મનચેરજી મેરવાનજી ભાવનગરી, જેવણુને અત્રે ખુદાની મેહેરથી તન અને મનની દરૂસ્તી સાથે પોતાના જરથોસ્તી ભાઇઓના

કામમાં ઉલટભર્યો ભાગ લેતા જોઇને હું ખુશી છું, તેવણુ સાથે કેટલોક પત્રવેહેવાર ચલાવ્યો હતો. પણ તેનું પરીણામ કાંઇ ફતેહમંદ આવ્યું નહી, સબબ કે આ લંડન જેવાં મોટાં અને મોંઘાં શેહેરમાં એક મોબેદ સાહેબને રાખી દરેમેહેર ચલાવવી એ મુશકેલ કામ છે. તે માટે ઘણી મોટી રકમની જરૂર છે.

ભવિષની કોઇ આશા.

પણ મને લાગે છે કે, ખુદાની મેહેરથી, મેહેર યજદ સાથ તાલુકો રાખનારી દરેમેહેર કોઇ વખતે અત્રે બરપા થશે. આ સંબંધમાં મને ઇંગ્લાંડની એક યુનીવરસીટીની માગણી યાદ આવે છે. કે જેના એક પ્રોફેસરે ખાહેશ દેખાડી છે કે કોઇ પારસી માયનો પનોતો પુત એક સારી જેવી રકમ આપી તે યુનીવરસીટીના સંબંધમાં એક અવસ્તાના શિક્ષણની ખુરસી (ચેર) સ્થાપે. વંદીદાદનું સબાવન બાબે એક શિક્ષણ છે કે કોઈ જ્ઞાન શોધવા આવે તો તેને કેળવણીની મદદ કરવી એ પુન્યવંતુ કામ છે, ત્યારે જો કોઇ નવા વિચારનો માએનો પુત એવી "ચેર" સ્થાપે અને જુના વીચારનો કોઈ માએનો પુત અત્રે દરેમહેર સ્થાપે તો બન્નેનું કામ થાય. તેવી દરેમેહેરના દસ્તુર યા મોબેદ તરીકે એવા કોઇ ભણેલા ધણીને નેમવામાં આવે કે જે દરેમેહેરના ધર્મગુરૂના ઓદ્ધા ઉપરાંત યુનીવરસીટીમાં શિક્ષણ પણ આપે. એમ બને તો દરમેહેર નીભાવવાના ખરચનો બોજો પણ કાંઇક કમી થાય.

મરહુમ બાઇ દીનબાઇ પીટીટ અને ઓક્ષફર્ડ યુનીવરસીટી.

આ બાબતના સંબંધમાં મને મરહુમ સખી-વજુદ બાઇ દીનબાઇ પીટીટ યાદ આવે છે. ઓક્ષફર્ડની યુનીવર્સીટીએ એક અવસ્તાની "ચેર" સ્થાપી ડા૦ મીલ્સને તે આપવા માંગી, અને તે માટે યુનીવરસીટી તરફથી પારસીઓને અરજ થઇ. તે અરજ પારસી પંચાયતના ત્રસ્ટી સાહેબો તરફથી જાહેરમાં મેલાઇ. બાઇ સાહેબ દીનબાઇની તે જાણમાં લાવતાં તેવણે પાંચ વર્ષ સુધી તે "પ્રોફેસરશીપ"ના લવાજમનો અર્ધો ભાગ આપવા મોટાં દીલથી મરજી જણાવી. બીજા અર્ધા ભાગ માટે ડા૦ મીલ્સે અત્રેજ કાંઇ ગોઠવણ કરી. પાંચ વર્ષ તમામ થવા આગમજ બાઇ દીનબાઇ ઉક થવાથી મરનારનાં બેટી બાઇ આંવાબાઇએ બાકીની મુદત માટે પોતે જોઇતી રકમ આપી. ત્યાર પછી પારસી પંચાયતના ત્રસ્ટી સાહેબોએ આ કામ માટે ભેગી કરેલી રકમમાંથી થોડોક વખત રકમ આપતી કરી. આ ભલાં કામ સાથના મારા કમીના સંબંધને હું આજે મરનારોના રૂહની ભલી યાદ સાથે ખુશીથી યાદ કરૂં છું.

લંડન, તા૦ ૧૨ મી જુન ૧૯૨૫.

લંડનની કોઈક ખાસ ધ્યાન ખેંચનારી જગ્યાઓ.

લંડનનાં દેવળો: ઉવેસ્ટમીનીસ્ટર એબી.

અસલના વખતથી રાજાના મેહેલો કરતાં દેવો યા દેવતાઓનાં દેવાળ્યો યા દેવળો ઘણી દોલત અને કિર્તિ ખેંચતાં રહ્યાં છે. કોઇક વખતે છેડાયલી પ્રજા મેહેલોનો નાશ કરે છે, પણ દેવળોનો કવચીતજ કરે છે. વળી મેહેલો પાછળ એકલા રાજાઓ પૈસા ખર્ચે છે, પણ દેવળો પાછળ રાજા અને પ્રજા બન્ને પૈસા ખર્ચે છે.

એવાં અત્રેનાં દેવળોમાં ઉવેસ્ટમીનીસ્ટર એબી એક પુરાણું ધર્માલય તરીકે આપણું પહેલું ધ્યાન ખેંચે છે. સ્પેનમાં આપણે જોયું કે આરબોનો દોર તમામ થયો અને તેઓની મસજીદો ખ્રીસ્તી દેવળોમાં ફેરવાઇ તોપણ કેટે તે દેવળો મેસકીટા, જે "મોસ્ક" અથવા "મસજીદ"નો અપભ્રંશ છે, તેને નામે હજુર ઓળખાય છે. તેમ અહીંનું આ

દેવળ જોકે તેમાં કોઇ એબટ નથી અથવા તે આગલા વખત પ્રમાણેનું કોઇ કેથલીક "એબી" નથી પણ પ્રોટેસ્ટન્ટ દેવળ છે, તોપણ તે પુરાણા કેથલીક નામથી "એબી" તરીકે ઓળખાય છે. હેનરી આઠમા રાજાના વખતમાં ઇંગ્લાંડનાં પુરાણા મઠોનો નાશ થયો હતો. મારા કોલેજના અભ્યાસ દરમ્યાન મેં Dissolution of the Monasteries in the Reign of Henry VIII" એવા વિષય ઉપર એક ઇનીઆઇનો ઇનામનો રેસાલો લખ્યો હતો. તે વખત પછી જાણે મને મઠો જોવાનો અને મઠોના સાધુઓ સાથે વાતચીત કરવાનો કાંઇક શોખ લાગ્યો છે. આ સબબે મેં આગલી સફર વખતે ઇટાલીના કોઇક મઠોની અને પછી ટીબેટની સરહદ ઉપર દાર્જીલીંગ ખાતે અને બર્મા, ચીન, જાપાન અને સીલોન ખાતે હાલનાં મઠોની મુલાકાત લેવામાં અને ત્યાંનાં સાધુ ભાઇઓ સાથે બે ઘડી વાત કરવામાં મોજ લીધી છે. તેમાં નાસકની "બાર વરસે ગોદાવરી"ની છેલ્લી જાત્રા વેળાએ આસરે ચાર પાંચ હજાર સાધુભાઇઓનાં સંઘોમાં સુંદર કલાકો પસાર કર્યા છે. ત્યારે એબી યા મઠનું પુરાણું નામ ધરાવતા આ ધર્માળયે, જોકે તેનું અસલ કામ બદલાયું છે તોપણ, મને જેમ આગલી વખતે તેમ હાલમાં ખેંચ્યો છે. આગલી વખતે તેનાં એક ડીન ઉપર મરહુમ મી૦ કેખશરૂ કાબરાજીએ એક ભલામણ પત્ર આપ્યો હતો, સબબ કે અંગ્રેજી સન્જગીતના તેવણે કરેલા "રુક્ષદેવ કૃપાળુ કેસર"ના તરજુમા કાજે તેવણ તેની સાથે સમાગમમાં આવ્યા હતા. ત્યારે તેવણની મદદ અને રેહબરી સાથે એ એબી મેં જોયું હતું અને તેવણની પોતાની આગેવાની હેઠળ એક વખત ભકિત થઇ હતી, ત્યાં ગયો હતો. આ વખતે આ એબીની મેં ફરીથી બેવાર મુલાકાત લીધી છે. આ એબીની શરૂઆત આસરે ૧૦૦૦ ના સાલથી થઇ હતી.

આ એબી આપણે ફક્ત તેના એક પછી એક જમાનાના પુરાણા બાંધકામ તરીકેજ જોવાનું નથી, પણ ઇંગ્લાંડની ધાર્મિક, સંસારી, સાહીત્ય સંબંધી, રાજદ્વારી વીગેરે જીંદગીની યાદોના એક સંગ્રહ તરીકે જોવાની જરૂર છે. કોઇક પુરાણા ધર્માળયોમાં, દાખલા તરીકે આપણા દક્ષિણ હીંદુસ્તાનનાં મંદીરોમાં, આપણે જાણે બુધીસ્ટ યા બ્રાહ્મણીક સ્કીપચરો વાંચયે છિએ. પણ અહીં આપણે એવાં ખ્રીસ્તી સ્કીપચર કરતાં દેશનું સેકયુલર સ્કીપચર વધારે વાંચીએ છિએ. એ સર્વમાં આપણ દાખલ થઇશું નહી, પણ આપણું ખાસ ધ્યાન ખેંચતી કોઇક બાબતો માટે બે બોલ બોલીશું.

જેમ આપણાં દેશનાં ધર્માળયો તેમ અહીં દેવળો સાથે ઘણાક મોજેજાઓ (miracles) અને આગાહીઓ (prophecies) જોડાઇ છે. તેજ મુજબ આ એબી સાથે છે. આ એબીની કિર્તિ અથવા દમામને થોડો કે ઘણો ફટકો કોઇ ઇંગ્લાંડના પાદશાહોથી મળ્યો છે. તેવા પાદશાહોમાં પહેલો હેનરી આઠમો રાજા હતો, જે "ધોબીના વાગા" માફક રાણીઓ બદલી નાખવા માટે જાણીતો થયલો હતો. તેણે પોતાની બે રાણીઓને મારી નાખી હતી અને બે સાથે છુટાછેડા કીધા હતા. તે એમ આસરે છ રાણીનો રાજા બન્યો હતો. અને એમ રાણીઓ બદલતાં તે પોતના વડા ધર્મગુરૂઓ સાથે અને પોતાના પુરાણા ધર્મ સાથે અથડામણમાં આવ્યો હતો. તેણે મઠોને વીખેરી નાંખતાં આ પુરાણા મઠની કીર્તીને એબ લગાડી હતી. તેની પછી ક્રોમવેલે આ દેવળને એક વેન્ડાલ (vendal) સમાન નુકસાન કર્યું હતું. આવી ચઢતી પડતી વચ્ચે આ એબી આપણાં ઘણાક પાદશાહોની તાજપોશી (coronation) નું મથક થઇ પડયું હતું, અને જેમ આપણા ઇરાની પાદશાહોના માથાં ઉપર ઇરાનના મોબેદાન મોબેદો તાજ મેલતા તેમ અહીં અંગ્રેજી

પાદશાહોના માથા ઉપર આર્ચબીશપો તાજ મેલતા આવ્યા છે.

તાજપોષીનો પત્થર.

ઇંગ્લાંડ સુધારાવધારામાં આગળ વધવા છતાં, કોઇક જુના રેવાજોને, જ્યાંસુધી તેઓ હાનીકરતા નહીં હોય ત્યાંસુધી, વળગી રહેવામાં જુના વિચારનું (conservative) છે. તેની યાદ આપણને આ એબીમાં મેલેલા એક પત્થર ઉપરથી મળે છે. એ પત્થરને એક સાદી ખુરસીમાં જડયો છે. ઇરાનના એક પછી એક રાજાઓ, કોઇ સુના રૂપાનાં તખ્ત ઉપર તાજપોષી કરવાને બદલે, આ સાદા પત્થરવાળી ખુરસીપર તે કરવામાં સગન સમજે છે. આ પુરાણા તાજપોષીના પત્થરના વખત આગમજનો આગલા સેક્ષન જમાનાનો તાજપોષીનો એક બીજો વધારે જુનો પત્થર આપણે હેમ્પટન પાર્ક તરફ જતાં મારકેટ આગળ મેલેલો જોઇએ છિએ.

લંડનના મોટા પાર્કો— હાઇડ પાર્કમાં યુનાની એકીલીસનું પુતલું.

કુક કંપનીની પાર્ટીઓ સાથ અને તે ઉપરાંત સવાર સાંજ કોઇક ફાલતુ દિવસે પગે ફરી જે જોવા માંડયું છે તેમાં અહીંના સુંદર મોટા પાર્કો ખાસ ધ્યાન ખેંચે છે. માણુસના હાથની બલીહારી કરતાં ખુદાના હાથની બલીહારી વધુ ધ્યાન ખેંચે છે. હાલ સુધીમાં પગે ફરી હાઇડ પાર્ક, સેન્ટ જેમ્સીસ પાર્ક, ગ્રીન પાર્ક, કેનસીંગટન ગારડન અને કુકની પાર્ટી સાથે હેમ્પટન કોર્ટનો પાર્ક અને બાગ અને તે તરફનો ચેસ્ટન્ટના સુંદર ઝાડો સાથનો બુશી પાર્ક જોયા છે. તેઓ બાહારની મોસમના આ પાછલા ભાગમાં પોતાના પુરબાહારમાં ખીલી જીવને ખુશ કરે છે. હાઇડ પાર્કના સર્પેન્ટાઇન નામે જણાયલાં હસ્તકૃત સરોવરમાં બોટમાં બેસી ફરતાં, કેશમીરનાં સરોવરોની ઝાંખી યાદ આવે છે. પેરીસમાં જેમ શાંઝએલીઝે અને ટ્યુલરીના બાગો આપણને ખેંચે છે, તેમ અહીં આ સુંદર પાર્કો આપણને ખેંચે છે. તમાં હાઇડ પાર્ક તો જાણે પેરીસનો "શાંઝ-એલીઝે" છે. હેમ્પટન કોર્ટ તરફના પાર્કો બાજુએ મેલતાં, ખુદ લંડનના પાર્કો અને બાગો માટે કહે છે કે તેઓ છ હજાર એકરનો વીસ્તાર રોકે છે. ત્યારે ૭૫૦૦૦ એકરનો વીસ્તાર રોકતાં લંડન શેહેર માટે છ હજાર એકર એટલે આસરે ૧૨ મો ભાગ લોકોને ફરવાહરવા અને ચોખ્ખી હવા પહોંચાડવા માટે રાખેલો છે.

આ સર્વે પાર્કોમાં ૩૬૩ એકર રોકતો હાઇડ પાર્ક, બીજા પાર્કો સાથે સરખાવતાં, જાણે તે દરજ્જો ભોગવે છે કે જે દરજ્જો પેરીસમાં "શાંઝએલીઝે" ભોગવે છે.

હોમરના પેહેલવાનોમાં એકીલીસ (Achilles) મોટો દરજ્જો ભોગવતો હતો. તે વિચારે જોતાં આ ગંજાવર બાગ જેમાં સઘળે ફરતાં પગ દુઃખી આવે છે, તેમાં એકીલીસ પેહેલવાનનું ઉભું કરેલું ગંજાવર પુતલું જાણે એક લાયક જગ્યાએ મેલેલું છે. આ પુતલાં ઉપરનો લેખ વાંચતાં દીસે છે કે આ એક વીચિત્ર પ્રકારનો સ્તંભ છે. આ એકીલીસનું પુતલું ઇંગ્લાંડની બાનુઓએ ઉભું કર્યું છે અને તે ડયુક ઓફ વેલીંગટન અને તેના શુરા સેપાહોને અર્પણ કર્યું છે. તેઓએ મેળવેલી ફતેહવાળી લડાઇઓમાં જીતેલી તોપોની ધાતુમાંથી તે બનાવ્યું છે. આ લેખમાં ત્યારે ઇંગ્લાંડની બાનુઓએ એ ડયુકને યુનાની એકીલીસ સાથ સરખાવ્યો છે.

કલીઓપેત્રા નીડલ— ઇજીપશીઅન રાણી કલીઓપેત્રા અને ઇરાન.

જેમ ફ્રાંસ પુરાણા મીસર દેશમાંના લ્યુક્ષરમાંથી એક ગંજાવર ઉંચું ઓબેલીસ્ક જેને ઉંચકી લાવવામાં પણ ઘણી મેહેનત ખેંચવી પડેલી, તે ઉંચકી લાવ્યું છે તેમ, ઇંગ્લાંડે પોતાની તે મુલકમાંની ફતેહમંદ

કારકીર્દીની નીશાણી તરીકે એક ઓબેલીસ્ક (obelisk) અહીં ઉંચકી લાવ્યું છે. તે મીસર ખાતે આસરે ઇ. સ. પૂર્વે ૧૪૭૦ માં એક રાજા (Tehutimes III) એ હેલીઓપોલીસ, જેનું નામ તેના ધાતુ પ્રમાણે સુર્ય સાથ સંબંધ દેખાડે છે, ત્યાંનાં એક ખોરશેદને અર્પણ કરેલાં મંદીર આગળ બરપા કરેલું હતું, એટલે ત્યારે તે આસરે ૩૪૦૦ વર્ષનું પુરાણું છે. તે હેલીઓપોલીસથી ઉઠાવી સીકંદ્રીઆ ખાતે ઇ. સ. પૂર્વે ૨૩ માં લાવી મેલવામાં આવ્યું હતું અને તે ત્યાં પડી રેતીમાં દટાઇ ગયું હતું. અંગ્રેજો તેને ત્યાંથી ખોદી કહાડી અત્રે લાવ્યા છે. સીકંદરે સ્થાપેલાં ઉપલાં સીકંદ્રીઆ (Alexandria) શેહેરની સ્થાપના માટે અને ત્યાંનાં જગપ્રસીદ્ધ પુસ્તકખાનાંની કાંઇક હકીકત માટે Alexandria and the Alexandrian Library નામના મારા વિષય ઉપર ધ્યાન ખેંચવાની રજા લઉં છું. આ પુસ્તકખાના સાથે જોડાયલી ફીલસુફી જેની સાથે નેઓ-પલેટોનીક (Neo-Platonic) ફીલસુફીને કાંઇક સંબંધ છે, તે ઉપર ઇરાનના શિક્ષણની કાંઇક અસર હતી. આ ગંજાવર સ્તંભને અત્રે ઉંચકી લાવવામાં ઘણીક ઇજનેરી હિકમતની જરૂર પડી હતી. એક ૧૦૦ ફીટ લાંબા ખોખાં (cylinder) માં તેને ઉતારી તે ખોખાંને દર્યામાં તરતું મેલી એક સ્ટીમર ખેંચી લાવી હતી. પણ "બે ઓફ બીસકે"ના તોફાની દર્યામાં તોફાનને લીધે તે ખોખાંને છોડી દેવું પડયું હતું. સેવટ તેને પાછું હાથ કરી ઇ. સ. ૧૮૭૮ માં તે ઓબેલીસ્ક અહીં બરપા કીધું છે. છેક ૧૮૦૧ માં જેનરલ એબર ક્રોમ્બીએ ઇજીપ્તમાં મેળવેલી ફતેહની યાદમાં તેને અહીં લાવવાનો વિચાર કરવામાં આવ્યો હતો. તે વિચાર જોકે તોફાન વીગેરેની હાડમારી સાથે છેક પોણોસો વર્ષે પાર પડયો, તોપણ આ સ્તંભની હાડમારી તમામ થઇ નહીં હોય તેમ, છેલ્લી મોટી લડાઇ દરમ્યાન જર્મનોએ ફેંકેલા એક બોમ્બથી તે કેટલુંક નુકસાન પામ્યું હતું.

કલીઓપેત્રા અને ઇરાન.

હવે ઇજીપ્ત અને સીકંદ્રીઆને ઇરાન સાથે સંબંધ હોવા ઉપરાંત ઇજીપ્તની જગપ્રસીદ્ધ ખુબસુરત રાણી કલીઓપેત્રા, જેણી જાણે ધોબીના વાગા માફક પોતાના પતીઓ બદલતી બાનુ તરીકે તવારીખમાં બદનામ થઇ છે, તે રાણીએ એક વખત જાણે કે અંજાણે ઇરાનની મોટી સેવા બજાવી હતી. શેક્સપીઅરે પોતાના એક નાટક (Antony and Cleopatra)માં પ્રસીદ્ધ કરેલા એનટની માટે કહે છે કે તેનો ઇરાન ઉપર કડવો ડોળો હતો. તે રોમ તરફથી ઇરાન ઉપર હુમલો કરવા માંગતો હતો. તેમ કરવા ઇરાનની નજદીકના એક મુલક તરીકે તેણે ઇજીપ્તમાં મુકામ કરવા તેણે આ રાણી કલીઓપેત્રાની મેહેરબાની અને પ્રીતી શોધી અને કેટલીક રીતે તેણીની મોહોબતવંતી જાળમાં ફસ્યો. પણ કહે છે કે એ રાણીએ તેને ઇરાન ઉપર હુમલો કરવા દેવાની કાંઇપણ તક આપી નહીં. આ વિષય ઉપર હું વીગતે મુંબઇ સમાચારના એક નવરોજી અંકમાં બોલ્યો છું.

લંડનની એક મોટી આગ.

મુંબઇની તવારીખમાં ઇ. સ. ૧૮૦૪ ની એક મોટી આગ મશહુર થયલી છે કે જે આગમાં કોટનો મોટો ભાગ બળી ગયો હતો અને તે સાથે પાંચ પચાસ નહી પણ ઘણાક પારસીઓનાં ઘરો બળી ગયાં હતાં. સુરતની તવારીખમાં ૧૯ મી સદીના ત્રીજા યા ચોથા દાહેકામાં લાગેલી એક મોટી આગ—જેનો બરાબર સને મને યાદ નથી—મશહુર થયલી છે. જે આગને સબબે પહેલા સર જમશેદજીએ બરપા કરેલાં આગનાં સંકટનીવારણ ફંડની બાકીમાંથી આજે સુરત પારસી ચેરીટી ફંડ અને સુરતી હીંદુ ચેરીટી ફંડ મોટી પુંજી સાથે પોતાનું પુન્યવંતું કામ કરે છે. આવીજ રીતે આજથી આસરે હઠીસો વર્ષપર લંડન, જે તે વખતે એક નાનું ઉગતું શેહેર હતું.

તેની તવારીખમાં જેમ એક મોઠી મરફીએ તેમ ઇ. સ. ૧૬૬૬ ની આગે મોટો ભાગ લીધો છે. કોઇ વખતે "માઠું થાય તે સારાં કાજે" એમ બને છે. અને તેનો આ આગના સંબંધનો દાખલો લંડનમાં અહીંતહીં ફરતાં આપણે ઘણીવાર સાંભળ્યે છિએ. તે વખતનાં લંડન શહેરના મોટા ભાગને બાળી નાંખી, તે આગે તેને નવા પાયા ઉપર ઉભાતું થવામાં યારી દીધી હતી. "ધી મોન્યુમેન્ટ" નામે એક મોટો સ્તંભ આ બનાવની યાદમાં અહીં ઉભો થયો છે.

નેલસન અને ડયુક ઓફ વેલીંગટનના સ્તંભો.

નેલસન અને નેપોલીઅનનાં નામો જાણે ઇંગ્લાંડની તવારીખમાં એક સામાસામી જોડકી મીસાલ છે. નેપોલીઅન સામે ત્રાફાલગરની લડાઇ જીતી, નેલસને જાણે આપણા ડયુક ઓફ વેલીંગટનનું કામ કેટલીક હદે વોટરલુની લડાઇ માટે આસાન કર્યું હતું. બેઉ ઇંગ્લાંડનાં બાબીજાયા સરદારો હતા, જેઓ ઇંગ્લાંડને વારસામાં શારીરીક ફતેહ ઉપરાંત નીતીજનક બોધો આપી ગયા છે. નેલસનના મરતી વખતના શબ્દો કે "ઇંગ્લાંડ દરેક માણસથી આશા રાખે છે કે તેણે તેની ફરજ બજાવવી" એ આપણ સર્વ માટે પણ શિખામણના શબ્દો છે.

લંડન, તા૦ ૧૩ મી જુન ૧૯૨૫.

કેમબ્રીડજની મુલાકાત.

આપણા કેળવાયલા વર્ગમાં ઓક્ષફર્ડ અને કેમબ્રીડજના નામો ઇંગ્લાંડની નમુનેદાર યુનીવર્સીટીઓનાં મથકો તરીકે મશહુર છે. ઓક્ષફર્ડની યુનીવર્સીટીની કોઇક કોલેજોની અને તેની જગપ્રસીદ્ધ બોડલીઅન લાઇબ્રેરીની મુલાકાત ગઇ સફર વખતે મરહુમ ભલી યાદવાળા ડા૦ મીલસની રેહબરી હેઠળ મેં લીધી હતી. આ વખતે બે દહાડા કેમબ્રીડજની મુલાકાત લઇ તેની યુનીવર્સીટીનો અને તેની જીંદગીનો કાંઇક ઉડતો થોડોક ખ્યાલ મેળવ્યો છે. આ મુલાકાત દરમ્યાન તેની ૧૭ કોલેજોમાંથી ત્રણ—ત્રીનીટી, ઇમેન્યુઅલ અને છોકરીઓની ગર્ટન—જોઇ છે. કહે છે કે કેમબ્રીડજમાં પચાસ પ્રોફેસરો, પંચોતેર રીડરો અને ત્રણસો ફેલોના હાથ હેઠળ આસરે પાંચ હજાર વિદ્યાર્થીઓ કેળવણી લે છે.

સર્વે કોલેજોમાં ત્રીનીટીની નામીચી કોલેજ જેમ મોટો વીસ્તાર તેમ મોટી અગત્યતા ધરાવે છે. ત્રણ ચાર મોટા ચોકો ધરાવતી એક ગંજાવર મકાનની અથવા, વધારે બરાબર બોલ્યે તો, મકાનોના હારવાળી આ કોલેજ છે. તે પોતાની એક સુંદર મોટી લાઇબ્રેરી ધરાવે છે. જેમાં કેટલાંક પુરાણા હસ્તલેખો છે. એ હસ્તલેખોમાં ફારસી તથા અરબી પુસ્તકો સાથે જાણીતા ડા૦ હાઇડ અને સર વીલીઅમ જોન્સનાં નામો જોડાયલાં છે કે તેઓએ તે ફારસી તથા અરબી પુસ્તકોનો પહેલે કેટલોગ બનાવ્યો હતો.

ઇમેન્યુઅલ કોલેજના પ્રીનસીપલ ડા૦ જાઇલ્સની મુલાકાત લેતાં તેવણ પૂર્વે ભણીની ભાષાઓના અભ્યાસ માટે ઘણી કાળજી દેખાડતા હતા. એ ભાષાઓમાં આપણી અવસ્તા—પહલવી ભાષાના શિક્ષણ માટે તેવણ ખાસ કાળજી ધરાવતા દેખાતા, કે તે ભાષાઓનું શિક્ષણ કેમબ્રીડજ ખાતે ચાલુ થાય તો સારૂં. લંડનમાં સ્કુલ ઓફ ઓરીએન્ટલ સ્ટડીઝ (School of Oriental Studies)ના વડા જાણીતા સર ડેનીસન રોસની અને તેના જાણીતા પ્રોફેસર આર્નલ્ડની મુલાકાત લેતાં, એ વિદ્વાનો લંડનની યુનીવર્સીટી તરફથી કાળજી દેખાડતા કે પારસીઓ આ સ્કુલના સંબંધમાં આપણી ભાષાઓના શિક્ષણ માટે કાંઇ ગોઠવણ—કાંઇ નહી તો શરૂઆતમાં પાંચ વર્ષ માટે ગોઠવણ—કરે તો સારૂં. મરહુમ ડા૦ મીલસ જેવણ ઓક્ષફર્ડ ખાતે આપણી ભાષાઓના ઉસ્તાદ હતા,

તેવણના મરણ બાદ આપણી ભાષાઓની કોઇ ખાસ ઉસ્તાદી કેળવણીનું શિક્ષણ બંધ થયુંછે. એ મરનાર માટેની "ચેર" પણ શરૂઆતમાં ૫ વર્ષ માટે બરપા થઇ હતી અને તેને સ્થાપવાના કામમાં મોટો ટેકો મરહુમ બાઇ દીનબાઇ નશરવાનજી પીટીટનો હતો અને તે માટે પારસી પંચાયતના ત્રસ્ટી સાહેબોએ પણ હીલચાલ કરી થોડીક રકમ ભેગી કરી હતી.

કેમબ્રીડજની કોલેજોમાં ત્યાંની બાનુઓ માટેની ગર્ટન કોલેજ, જેની સ્થાપનાને આસરે ૫૫ વર્ષ થયાં છે, તેની મુલાકાત મેં કાંઇક ખાસ કાળજી સાથે લીધી હતી, સબબ કે એ કોલેજનું ગર્ટન નામ ધરાવતી છોકરીઓની એક સ્કુલ આપણા શેહેરમાં મીસ મુસ, કેટલાંક વર્ષ થયાં, ઘણા માબાપોનાં સંતોષ વચ્ચે, મુંગે મોઢે, કાંઇપણ ધોંઘાટ ઉત્પન્ન કર્યા વગર તેના કામના પ્યાર ખાતર, મેહેનત લઇ ચલાવે છે. આ ભલાં બાઇએ મારી વહાલી દીકરીઓને પોતાની ભલી કેળવણીથી ભલી દીકરીઓ બનાવી છે, માટે મારાં મનમાં ઉપકારી લાગણી અને દુઆઓ સાથે મારી અત્રેની એ કોલેજની મુલાકાત વેળા મેં એવણને યાદ કર્યાં હતાં અને એવણની સ્કુલ બાબે એ કોલેજનાં એક કરતાંકારવતાં બાઇ સાથે આ કોલેજ બાબે પુછપરછ કરતાં કેટલીક વાતચીત કરી હતી.

આ બાઇ સાથે વાતચીત કરતાં હું જોઇ શકયો છું કે જેમ નવા વિચારવાળાઓ જુના રેવાજ (custom) માટે કહે છે કે તે ઘણો જુલમગાર છે. (Custom is the greatest tyrant) તેમ જુના વિચારવાળાઓ "ફેશન" માટે વાજબી રીતે કહી શકે કે ફેશન પણ હાલના વખતમાં મોટી જુલમગાર થઇ પડે છે. દાખલા તરીકે વાતચીતમાં માલમ પડયું કે આ ખાતાંની નેમ સ્ત્રીઓ માટે કેળવણીનાં સાધનો મરદો જેટલાંજ પુરાં પાડવાની છે. પણ તે કાંઇ ફેશનને ખાસ ફેશન તરીકે શરણ થવાની નેમ રાખતું નથી, હવે મારી આગલી સફર અને હાલની સફર વચ્ચેના ગાળામાં મેં સ્ત્રીઓના સંબંધમાં બે મોટા ફેરફારો જોયા છે.

(૧) એક તો ૩૬ વર્ષપર કોઇ એક પણ સ્ત્રીને બીડી પીતાં આપણે જોતા હતા નહી, તો હવે ઘણી સ્ત્રીઓ બીડી પીવા લાગી છે. (૨) બીજું તો સંસાર મંડળમાં મોટો ફેરફાર આ છે કે મુછાળા મરદો હવે મુછો બોડાવે છે. આગળ "મુછપર તાવ દેવો" એ મરદાનગી ગણાતી. હવે તે મરદાનગીની નીશાની દુર કરી મરદો સ્ત્રીઓ માફક વગર મુછાળા થાય છે. આગળા વખતમાં સ્ત્રીઓ પોતાના બાલના શણગારમાં ઉમદા સ્ત્રીપણું જોતી. પોતાના લાંબા બાલમાં તેણીઓ શણગાર, શોભા અને મગરૂરી લઇ તે એક પ્રકારની બક્ષેશ ગણતી. પણ હવે સ્ત્રીઓ બાલ કપાવી મરદો માફક ટુંકા બાલ રાખે છે.

હવે કહે છે કે આ ગર્ટન કોલેજે પહેલે બંદોબસ્ત રાખ્યો હતો કે તેની છોકરીઓએ બીડી પીવી નહિં. પણ તેમે ફેશનના દેવતાને શરણ થવું પડયું છે અને માબાપોએ પોતે પોતાની બેટીઓ ઉપરથી એ અટકાવ દુર કરવા અર્જ કરવાથી તે ખેંચી લીધો છે.

આપણી આગલી હીંદી યુનીવર્સીટીઓ.

અહીં યુનીવર્સીટીનાં શીક્ષણોની તરેહવાર બાબતો જોતાં અને તે તરેહવાર અંગબળની કસરતોને જે ઉતેજન આપે છે તે જોતાં આપણા દેશની આગલી સર્વ વીદ્યાઉતેજકાળપો યાદ આવે છે કે જે તે જમાનાની યુનીવર્સીટીઓ હતી. પુરાણા હીંદની એવી યુનીવર્સીટીઓમાં તેક્ષીલા અને નાલન્ડા જાણીતી હતી. તેમાં પાછલી માટે તો તે વખતનો જાણીતો ચીનાઇ મુસાફર યુએન શીએન કહી ગયો છે કે તેના નીભાવ માટ ત્રણસો ગામો જુદાં કાઢયાં હતાં. તેઓની આવકમાંથી તે શાળાના અભ્યાસીઓને મુફત રાખતી અને ખવાડતી પીવાડતી તેમજ કેળવણી આપતી. હાલમાં તેઓના જેવું મુફત કામ કરતું કોઇ

ખાતુ' ગણાતુ' હોય તો તે કેરોની અલ-હઝરની ઇસલામી યુનીવર્સીટી છે. કહે છે કે આપણો નોશેરવાન અદલ પણ એવાં કેળવણીનાં મથકોનો પેરખાહ હતો. એવી પેરખાહીથી, સાત યુનાની વીદ્વાનો તેઓના મુલકમાં બદનામીમાં આવી પડવાથી, તેણે તેઓને પોતાનાં ઇરાનમાં આશરો આપ્યો હતો અને યુનાનીઓમાં તે "તખ્તપર બેઠેલો એક ફીલસુફ" (The Philosopher on the Throne) ગણાતો.

કેમબ્રીડજ યુનીવર્સીટીની બોટ-રેસ.

કેમબ્રીડજની મારી મુલાકાતનુ' અઠવાડયુ' આખાં વર્ષમાં અગતનુ' અઠવાડયુ' ગણાય છે. સબબ કે હવે કોલેજો બંધ થશે. તેની પરીક્ષાઓ થઇ છે અને હવે પરિણામો જણાવાવાનાં છે, તેથી સર્વ અભ્યાસીઓ છુટા પડતાં રંગરાગ કરે છે, તેઓ પોતપોતાના ખેશીઓને ગામેગામથી એ અઠવાડયાંમાં બોલાવે છે અને રમતગમત અને નાચરંગ થાય છે. ત્રીનીટી કોલેજમાં રાતના નાચ માટે મોટા પાયા ઉપર તૈયારી ચાલતી જોઇ હતી. આ સર્વ ચળવળમાં મને અત્રેની "કેમ" નદી ઉપરની કોલેજો વચ્ચેની હરીફાઇની બોટ-રેસો જોવાની તક મળી. હજારો લોકો નદીને બન્ને કિનારે આસરે દોઢ બે મૈલને તફાવતે ભેગાં મળ્યાં હતાં. ઓક્ષફર્ડ અને કેમબ્રીડજની યુનીવર્સીટી વચ્ચેની બોટ-રેસો વખતની લોકોની હુલડ અને ઉમંગનો ખ્યાલ તા૦ ૧૨ મી જુનને દીનની અત્રેની સરત જોવાથી આવ્યો. નવા ફેરફારો થવા છતાં જુના નામો, જુના રેવાજો, જુની રાહરીતીઓને વળગી રહેવામાં ઇંગ્લાંડ ઘણું "કનઝરવેટીવ" છે, તે ટર્મ બંધ થવાનાં અઠવાડયાંનુ' જે નામ છે, તે ઉપરથી માલમ પડે છે. આગળ આ સર્વ રમતગમત મે માસમાં થતી તેને "મે-વીક" (May week) કહેતા. હાલ તમાસાનો વખત બદલાવાથી જોકે સર્વ મહીમા જુન માસમાં થાય છે, તોપણ અસલી "મે-વીક" નામ હજી વપરાય છે.

યુનાની ફીલસુફ પીઠાગોરસનાં નામ સાથે જોડાયલું એક પુરાણું મકાન.

કેમબ્રીડજમાં એક પુરાણું મકાન કાંઇક જીગ્નાસાની નજરે જોવાલાયક લાગ્યું, સબબ કે તે પીઠાગોરસનાં ઘર (Pythagoras House) તરીકે જણાયલું છે તે બાજુનાં બે જણ સાથે વાત કરતાં તેઓ કહેવા લાગ્યાં કે ૧૨૦૦ વર્ષપર પીઠાગોરસ અહીં આવી રહેલો. આ કેળવણીનાં મોટાં મથકમાં પણ કોઇક ઓછાં ભણેલાંઓને તવારીખના વખતના અનુક્રમનો ખ્યાલ હોતો નથી. પણ હકીકત આ જણાવવામાં આવે છે કે કોઇ આગલા વખતમાં અહીં કોઇ એકાદ બે પુરૂષો રહેતાં હોય કે જેઓને ત્યાં પીઠાગોરસની ફીલસુફીના અભ્યાસ માટે બીજાઓ ભેગા મલતા હોય. હાલનાં મકાનમાં આગલાં મકાનનો જુનો ભાગ આવા કોઇ સંબંધની યાદગારી તરીકે જાળવી રાખવામાં આવ્યો છે.

અહીંના સંગ્રહસ્થાનમાં આગલાં મીથ્રેઇઝમ સાથ સંબંધ ધરાવતો એક લેખ સાથનો પત્થર.

કેમબ્રીડજમાં તેનું અસલી ચીજોનું સંગ્રહસ્થાન (Museum of Antiquities) જોવાલાયક છે. એક ભણેલા પ્રોફેસર સાથે મીથ્રેઇઝમ બાબે વાત થતાં તેણે આ સંગ્રહસ્થાનમાંનો એક પત્થર જોવા મારૂં ધ્યાન ખેંચ્યું કે તે એક મીથ્રની સેતાયશ કરનારા સેપાહ (Methraic soldier)ની કબરનો પત્થર ગણાય છે. તે "બુક સ્ટોન" તરીકે જણાયલો છે. અત્રેની યુનીવર્સીટીની લાઇબ્રેરીના જાણીતા લાઇબ્રેરીઅન ડા૦ થોમસની મેહેરબાની-ભરી રેહબરી હેઠળ તે પત્થર મેં જોયો. તે પત્થરના લેખ ઉપરથી તે કોઇ મીથ્રેઇક સેપાહનો છે એમ માલમ પડતું નથી, તોપણ તે બીજા કોઇકં સબબોને લીધે

એક મીશ્રેઇક સેપાહનો ગણાય છે. આ પત્થરના લખમાં જાણે મરનાર તે પત્થર જોનારને આ તેપરનો લખ વાંચનારને કહે છે કે તું મારી કબર જોય તો તે વખતે નીચે પ્રમાણે બોલી મને દરૂદો સલામ પોંહોંચાડજે.

"Fair Youth! My greeting to thine shrine.
Though but a mortal course be thine.
Since all too soon thou wing'dest thy flyght.
From realms of speech to realms of might.

આપણા જુના હસ્તલેખોના લખનારાઓ પણ પોતાના વાંચનારાઓને એમ દુઆ ગુજારવા કહે છે.

આ લેખવાળો પુરૂષ સીરીઆ તરફનો હતો અને તેનું નામ હર્મીસ (Hermes) હતું. તે પોતાને હર્મીસ નામના દેવતાનો નામરાસીઓ (name-sake) જણાવે છે. મેં મારા એક મેસોનીક વિષયમાં જણાવ્યું છે કે ઇજીપશીઅન અને ગ્રીક દેવતો હર્મીસ કેટલીક બાબતમાં અવસ્તાના હઓમને મલતો છે. એ હર્મીસ દેવનો પવિત્ર આતશને કુદરતી વીદ્યાની નિશાની (emblem) ગણતો. અવસ્તાના હઓમ શબ્દને પેહેલવીમાં લખતાં તે હર્મ (Herme) પણ વંચાવાનો સંભવ છે.

મીથ્રેઇઝમની બાબતમાં આ જાણવાનું અગતનું છે કે મો૦ કયુમોં જે મીથ્રેઇઝમની બાબત ઉપર આ વખતમાં એક સતાદાર લખનાર ગણાય છે, તેના કહેવા પ્રમાણે, પુરાણા મીથ્રેઇઝમની નિશાનીઓ યુરોપના જુદા જુદા ૧૪ મુલકોમાં જાણમાં આવી છે.

કહે છેકે કેમબ્રીડજમાં હાલ હીંદુસ્તાન, ચીન, જાપાન, આસામ વીગેરેનાં એશીઆટીક મુલકોના ૧૫૦ અભ્યાસીઓ છે. તેઓમાંના એકને તો બોટની સરતમાં પોતાની બોટની સરદારી લેતો જોયો. પારસીઓમાં આશરે ૬ વીદ્યાર્થીઓ છે. જેઓમાંના ઘણાકોને મારા હમદીનો તરીકે જોઇ મને ખુશી ઉપજી હતી. ગર્ટન કોલેજના અભ્યાસીઓની આગલી ટીપમાં મેં એક નામ એમી (આઇમાઇ) રૂસ્તમજી તરીકે જોયું છે.

સાલીસબરી, તા૦ ૧૫ મી જુન ૧૮૨૫.

સાલીસબરી-તેના સ્ટોનહેન્જ.

મને આ શેહેર, જે લંડનથી આસરે ૮૦ મૈલ દુર છે, ત્યાં લાવનાર સબબ, આ શેહેરથી આસરે આઠ દસ મૈલ દુરના "સાલીસબરી પલેન"ના મેદાનમાં આવેલાં કોઇ ચોકસ નહી જણાયલાં પુરાણા લોકોનાં આસરે ૩૫૦૦) પાંત્રિસસો વર્ષપર બંધાયલાં સ્ટોનહેન્જ (Stone-henge) છે. ઇંગ્લાંડના એક પછી એક જણાયલા ધર્મો નીચે પ્રમાણે છે:—

૧. કોઇ પ્રકારની ખોર્શેદની સેતાયશ કરનારો ધર્મ.

૨. કુઇડ લોકોના એક પ્રકારની કુદરતની અને તેમાં આતશની સેતાયશ કરનારો ધર્મ.

૩. રોમનોના દેવતાઓની સેતાયશનો ધર્મ, જેની સાથે પાછળથી મેહર યા મીથ્રની સેતાયશ દાખલ થઇ.

૪. ખ્રાસ્તી ધર્મ.

આ સર્વ ધર્મોની સેતાયશના કાંઇ નહીં ને કાંઇ ખંડીએરો યા નીશાનીઓ આ મુલકમાં મળે છે.

આ ધર્મોમાંથી બીજા ડ્રુઇડીઝીમ માટે મેં આગળ કાંઇક એશારા કર્યા છે. ફ્રાન્સના ધર્મોની એક પછી એક તવારીખ જોઇએ છિએ તો ત્યાં પણ લગભગ એવી હાર મળે છે, પણ તે મુખ્ય કરી ડ્રુઇડીઝમ, જેમાં આતશની સેતાયશ જાએજ હતી, તેનાથી શરૂ થાય છે. એક લખનાર કહે છે તેમ આતશની શોધ સાથે આતશની આ સેતાયશ શરૂ થઇ (The invention of fire was a revolution, so momentous that most races have hel dit divne). ઇરાનમાં શાહ ફરેદુનના છા

આકસ્માતીક આતશની શોધ થઇ અને તે સાથે "જશને સદેહ"ની સ્થાપના થઇ તે, તેમજ એ શાહ આતશને ખુદાની ખુદાઇનું એક ચિન્હ ગણ્યું તે આપણે જાણ્યે છિએ. એક પરમેશ્વર અને આત્માની અમર્ગી એ ડ્રુઇડીઝીમના મુળતત્વો હતા. ઇંગ્લાંડમાં ઓક (Oak) આગલા વખતમાં એક માનીતું અને લગભગ પવિત્ર ઝાડ ગણાતું તે આજ સબબે કે તે આતશને રોશન કરી લાંબો વખત તેને રોશન રાખતું. "ડ્રુઇડ" શબ્દનો ધાતુ પણ લાકડાં સાથે સંબંધ રાખે છે. તે અવસ્તામાં "લાકડાં" માટે વપરાતા "દ્રુ, દાઉરૂ" શબ્દ ઉપરથી છે. એ પુરાણાં ડ્રુઇડોનાં ચિત્રો આપણને પૂર્વ ભણીના પુરાણા લોકોના ચેહેરાની યાદ આપે છે. આપણા પહલવેહેલા હીંદુસ્તાનમાં સંજાણ પ્રાતે આવેલા મોબેદોનું કોઇ હાલમાં ચિત્ર ચિતારવા માંગે અને તે માટે મારી પાસે કોઇક ખ્યાલ માટે નમુનો માગે તો હું એ ડ્રુઇડોના ચેહેરાનો નમુનો આપું. (એવાં ડ્રુઇડ ચિત્ર માટે ઓગસ્ટ ૧૯૨૨ નું Review of Reviews પા૦ ૨૧૭ જુઓ.) અત્રે આગલાં ડ્રુઇડીઝમની યાદ આપનાર તરીકે કોઇક મેસોનીક લોડજો છે, જેમાં ક્રિયાના એક ભાગ તરીકે કહે છે કે "ઓક"ના ઝાડના લાકડાંનો આતશ સળગાવે છે.

હવે આતશ એ સુર્યની રોશનીનું નજરે પડતું રૂપ છે. આ સબબે સુર્યની સેતાયશ એક રીતે આતશની સેતાયશની આગમજ હતી. ઇંગ્લાંડમાં પહેલે આ સુર્યની સેતાયશ, બીજા દેશો માફક, જાયજ હતી અને આ સાલીસબરી પ્લેનમાં બચી રહેલું મોટા પત્થરોનું સ્ટોનહેન્જનું ગંજાવર ખંડીએર તે સુર્યની સેતાયશનું જમાના બાદ બચી રહેલું એક ખંડીએર છે. તેના ઘણાક પત્થરો આજુબાજુના લોકો ઘરબાર માટે ભાંજી લઇ ગયા છે અને વળી આગલા વખતમાં તે ભાંજી રસ્તાઓ બનાવવાનાં કામમાં આવ્યા હશે, પણ પાછલા વખતમાં ધાર્મીક તવારીખની તેની અગત સબબે તે ઉપર ધ્યાન ખેંચાયાથી હાલમાં કેટલાક પત્થરો બચ્યા છે. અલબતે હાલમાં પણ હવા તેમજ પાણી તેઓ ઉપર અસર કરતાં જાય છે.

આ સાલીસબરી પ્લેન ઉપર હું એના સ્ટોનહેન્જથી ખેંચાયો છું; અને આ સ્ટોનહેન્જ તરફ હું ખેંચાયો છું તે આપણા દેશમાં દક્ષિણ હીંદુસ્તાન તરફ જે મરનારોની યાદના કોઇ ખંડીએરો છે અને જે હાલમાં Cromlech યા dolmen યા menhir જે પૂર્વ ભણીથી આ તરફ આવેલા સેલ્ટીક (Celtic) લોકોના શબ્દો છે, તેઓ બાબેનાં વાંચણથી ખેંચાયો છું.

હવે આ સ્ટોનહેન્જની આજુબાજુ દૂર આપણે કેટલાક માટીના પુસ્તાઓ (Mounds) જોઇએ છિએ, તે આ સ્ટોનહેન્જની માન્યતા ધરાવનાર તે વખતનાં લોકોની લાસનાં મથકો છે. મરનારોની લાસ જ્યાં મેલાઇ હોય—પછી તે ખુદ આખી લાસ યા તે લાસોને બાળી હોય તો તેના હાડકાં મેલાયાં હોય—ત્યાં આજુબાજુ પત્થરો ઉભા કરવા એ ઘણીક પ્રજાઓનો પુરાણો ચાલ છે. મેં કેટલીક વખત કહ્યું છે, તેમ આપણો આ વીસમી સદીનો સુધારો એક યા બીજી રીતે આગલા જમાનાઓનો—ખુદ જંગલી ગણાતા જમાનાઓનો—થોડો યા ઘણો પડઘા (echo યા reflex) છે. તેમ તમો હાલના જમાનાનાં કોઇ ક્રીસ્તી કબ્રસ્તાનમાં જઇ મરનારોની લાસ ઉપર પત્થરનાં જે તખ્તી યા લેખ સાથનાં બાંધકામો (monuments) જુઓ છો, તે આગલા જમાનાનો પડઘો છે કે જ્યારે લોકો એમ મરનારોની લાસોની આજુબાજુ પત્થરો ઉભા કરતા હતા.

આ સ્ટોનહેનજ શું છે?

હવે આ સ્ટોનહેન્જ શું છે, તે બાબે અનેક વિચારો થયા છે અને ઘણુંક સાહીત્ય બરપા થયું છે, પણ હાલમાં વીદ્વાનોનું મત ઉપર પ્રમાણે એક અનુમાન

ઉપર એકમત થતું દેખાય છે. આ બાબે ગયેજ સાલ એક વીદ્વાને એક નાનુ પુસ્તક (Stonehenge, Today and Yesterday, by Frank Stevens, Curator of the Salisbury Museum) પ્રગટ કરયું છે અને તેમાં જણાવ્યું છે કેઃ—

Weighing, therefore, the archœologist's and astronomer's evidence, it is fairly safe to conclude that Stonehenge can be dated at about 1700 B. C. and that its use was religious; probably a temple, in which the Sun may have been adored in some way. As yet the actual nature of the worship is a matter for speculation"

એ સ્ટોનહેન્જના મંદીરની રચના એવા પ્રકારની છે કે જુદી જુદી મોસમે આફતાબ પ્રકાશતાં તા૦ ૨૧—૨૨ મી જુનના (Summer Salstice) ના વખતે એવી રીતે પ્રકાશે છે કે તેના કિરણો મંદીરના વચમાંના એક યજ્ઞકુંડ (Altar) ઉપર બરાબર પડે. સર્વ ધર્મોમાં હાલમાં પણ સુર્યની દિશાઓની જગ્યાઓ (Orientation) ઉપર ધ્યાન આપવામાં આવે છે, તેમ અહીં પણ હતું. ઇજીપ્તની ગંજાવર પીરામીડોના સંબંધમાં પણ એવું "ઓરીએન્ટેશન" જાણવામાં આવ્યું છે.

આ સ્ટોનહેન્જની રચના. એક લખનાર કહે છે તેમ જ્યારે આપણે આ ખંડીએર આગલ આવી ઉભા રહીએ છિએ ત્યારે તે આપણને એક પ્રકારનો દબદબો અને કાંઇક ખેંચાણ કરનારી સુંદરતા (dignity and charm) દર્શાવે છે. ત ગંજાવર મોટાં મેદાન (Salisbury plain) ની વચ્ચે ઉભેલું થોડાક ઉભા અને થોડાક પડી ગયલા ગંજાવર પત્થરોનું મોટું ખંડીએર છે.

એની રચના નીચે પ્રમાણે છે. ઉભા દાટેલા પત્થરોના બે મોટાં કુંડાળાઓ કર્યાં છે. પહેલાં કુંડાળાનો વ્યાસ(diameter) આશરે ૧૦૮) ફીટનો છે. એક કુંડાળાંમા પહેલે ઉભા ૩૦) ત્રિસ પત્થર દાટેલા હતા, જેમાંથી હાલ ૧૬) સોલ બચી રહેલા છે. દરેક પત્થર આશરે ૩૦) ત્રસ ફીટ લાંબો છે, જેમાંનો આશરે ૯) નવ ફીટનો ભાગ જમીનમાં દાટેલો છે અને ૨૧) ફીટનો ભાગ ઉંચે ઉભો છે. બીજા કુંડાળાના પત્થરો નાના કદના છે. આ બે કુંડાળાંઓ ઉપરાંત બે ઘોડાની નાળ રોકાં અર્ધાં (Horseshoe) કુંડાળાં છે, જેનાં પત્થરો પણ નાના છે.

ઉભા દાટેલા મોટા ઉંચા બબ્બે પત્થરો ઉપર એક મોટો પત્થર આડો મેલેલો છે. એમ બે ઉભા અને તેઓની ઉપરથી એક આડો પત્થર (ઘરના એક મોટા ઉબર ઉપરથી તમો ખ્યાલ બાંધો) જો છુટા હોય તો આપણને જાપાનના ધર્મ ર્ત્યોના ટોરાઇ ('orai) અને આપણા દેશમાંનાં ભોપાલની બેગમ સાહેબાના સાંચીના બુધીસ્ત તોરન (toran) ની યાદ આપે. દુરથી ધ્યાન ખેંચનાર એક ખુલ્લાં મેદાનમાં આવેલાં ખંડીએર તરીકે તેણે મને કાશમીરના માર્ટંડ (Martand).ના ખંડીએરની યાદ આપી કે તે પણ એક સુર્યની સેતાયશનું મંદીર કેટલાકોથી ગણાયું છે.

સાલીસબરીનું જાણીતું કેથેડ્રલ. જેઓ અહીં સ્ટોનહેન્જ જોવા આવે તઓ માટે અત્રેનું પ્રસીદ્ધ કેથેડ્રલ પણ જોવા લાયક છે. આ દેવળમાં ખાસ બે બાબત આ છે કે ૧) એક તો તે એક મોટું આશરે ૭૦૦) વર્ષનું પુરાણું દેવલ હોવા ઉપરાંત પોતાના મીનારાની ટોચ (spire) માટે નવાઇ ધરાવે છે તે એમ કે ઇંગ્લાંડના સર્વ દેવળોમાં એના જેટલો ૪૦૦) ફીટનો ઉંચો સ્પાયર કોઇ દેવળમાં નથી. ૨) બીજું આ કે તે ઘણા મોટા વિસ્તારના કમપાઉન્ડ વચ્ચે હોવાથી તેની બુલંદી અને મોટાઇનો દમામ ઘણો લાગે છે.

તેના કમપાઉન્ડનાં એક ઝાડના છાયા હેઠે બેસી બપોરે ૧–૩૦ દોઢના અમલે તેનો દબદબાભર્યો દેખાવ જોતાં જોતાં લીધેલું મારૂં બ્રીકફાસ્ટ અને ફ્રુટનું લંચ અત્રેના હાટલો અને રેસ્ટોરાંઓનાં લન્ચો કરતાં મને વધારે યાદ રહેશે

આ દેવળમાં ઘણે ઠેકાણે મેલેલા લખાણોમાં એક આ હતું કે:–Say a prayer for a blessing on those who minister and thos: who worship here "

આ મોટા દેવળના વીશાળ ચોકમાં, રોશન તડકામાં, એક સુંદર ઝાડ નીચે, લીલોતરીભર્યા ઘાસ ઉપર બેસી, મારૂં ઉપલું સાદુ સુતરૂં ભોજન લેતાં મેં એક દુઆ ગુજારી હતી અને તે ફરીથી ગુજારૂં છું કે ખુદા અહીં કામ કરતા ધર્મગુરૂઓ ઉપર પોતાના આશીર્વાદ વરસાવે કે તેઓ અહીં આવતા હજારો લોકોના જીંદેહ રવાનની ભલી રેહબરી કરે અને ખુદા અહીં ભક્તિ કરવા આવનારાઓની ભલી મોરાદો પાર પાડે.

મરનાર હેનરી ફોસેટનું પુતળું.

આ શહેરમાં માર્કેટના ચોકમાં જ્યાં દર અઠવાડયે એક દહાડો મોટું બજાર ભરાય છે ત્યાં મેં હેનરી ફોસેટનું પુતળું જોયું, ત્યારે મને મારા આગલા કોલેજના દાહડા યાદ આવ્યા કે જ્યારે મેં તે વખતે ત્રણ વૉલનટીઅર બાબતોમાંથી એક તરીકે અર્થવિદ્યા (Political Economy) લીધી હતી અને તે કાજે મીલના પુસ્તક સાથે આ ફોસેટની "પોલીટીકલ ઇકોનીમી" વાંચી હતી. મારા કમીના વિચાર પ્રમાણે ફક્ત ભાષાઓનો અભ્યાસ એક માણસને ખરો કેળવાયલો (cultured) બનાવતો નથી, પણ સાથે તવારીખી, અર્થવીદ્યા અને બીજી બાબતોનો અભ્યાસ તેમ બનાવે છે.

આ મી૦ ફોસેટનું નામ આપણા દેશના ગઇ સદીના છેલ્લા ભાગના રાજદ્વારી યોદ્ધાઓમાં જાણીતું હતું, સબબ કે તે વખતે તે પાર્લામેન્ટમાં જાણે લગભગ એકલો હીંદના બેરખાહ તરીકે લડતો હતો. તે અપંગ થયો હતો અને કહે છે કે તેની પ્રિયા તેની સાથે તે અપંગ થવા પછી પરણી હતી, એવું કહીને કે "તેના જેવા એક મોટા દીલના ભણેલા માણસ સાથે તે અપંગ હોવા છતાં પરણવામાં માન છે."

નોરવેનો કોસ્ટો, બેર્ગેન્સકે સ્ટીમ
નેવીગેશન કું૦ની સ્ટીમર ઇર્માં,
તા૦ ૨૮ મી જુન ૧૯૨૫.

લંડનથી નોર્થકેપ તરફની સફર–તેમાં જોયલા એક ગ્લેશીઅર સુધીનો હકીકત.

મુંબઇથી ઉપડયો ત્યારે મનમાં વિચાર કર્યો હતો કે આએ વખતની સફરમાં બને તો મધ્ય રાત્રે બાર વાગા સુધી દેખાતો યાને ચોવીસ કલાક દેખાતો સુર્ય (Midnight Sun) જોવા કાજે, અને તે સાથે નોરવેના પશ્ચિમ કિનારાનો સુંદર ભાગ જોવા કાજે જવું. તેમ જવા ખુદાતાલાની મેહેરબાનીથી હું નીકળ્યો છું. મધરાતે સુરજને જોવાનો ખાસ વખત જુનની અર્ધવચ્ચેથી તે જુલાઇની સેવટ સુધીનો છે. આ સબબે, મોસફરી એ મુદતમાં જતી સ્ટીમરો માટે સફરીઓની દોડાદોડ થાય છે અને પેસેજ મેળવવી મુશકેલ પડે છે તેમજ દામ પણ અતી ઘણું આપવું પડે છે. લંડન આવતાં સાથ તે માટે પુછપરછ કરતાં તા૦ ૧૯ મી જુને ઉપડતી સ્ટીમર (Arcadia) માં ગોઠવણ કીધી હતી. પણ તેટલાં કલકત્તા તરફથી અત્રે આવેલા એક ભલા બેશીએ, મેહેરબાની કરી, પોતાનાં કુટુંબ સાથની ટોળકીમાં મને જોડાવા કહેવાથી તેવણ અને તેવણનાં ભલાં કુટુંબ સાથે આ તરફ આવવા હું નીકળ્યો છું. અમારી ટોળકી આઠ જણની છે; તેમાં આ બેશી, તેવણનાં ધણીઆણી, બે બેટીઓ અને બે બેટાઓ સાથે અમારી ટોળકી સાત માદીઓ અને એક અર્ધ–માદી સમાન

બીજા ભલા બેશી સાથે આઠ જણની બની છે. આવી સફરી સ્ટીમરો ઉપર પેસેનજરોનાં નામો છાપી દરેક સફરીના હાથમાં એકેક નકલ આપે છે. તેમ આપતાં અમારા ભાઇબંધ મુસાફરોને સાત સાત મોઢાઓનાં નામો જોઇ અજાયબી લાગે છે. વળી તેઓ આપણી કોમ માટે તરહવાર પૂછપરછ કરે છે સફરીઓમાં મોટો ભાગ અમેરીકનોનો છે, જેઓમાંના કોઇક મુંબઇ આવી ગયલા અને આપણા લોકો સાથે થોડાક સમાગમમાં આવેલા, તેથી ખુશી થઇ વધુ પૂછપરછ કરે છે. મને પોતાને તો મારાં નજદીકનાં બેશીઓને ભેટી તેઓ સાથે સફર કરવામાં ઘણી રાહત મળે છે અને ખુશી ઉપજે છે. આ કુટુંબ તેમાંના બાનુઓ સુધાં સફર કરવામાં કાંઇક હિમત વાન છે. તેઓ સાથે કાશમીરમાં ગુલમર્ગથી અપર્વતના બરફના પહાડ ઉપર ચઢવાની ત્રણ કલાકની સફરનું અને વિસ ત્રિસ મીનીટમાં બરફપરથી સરીને પાછું ઉતરવાની સફરનું વર્ણન મેં આ પત્રદ્વારે કેશમીરના મારા અહેવાલમાં આપ્યું છે. એઓ સર્વ બધાં એકીવખતે પેરીસથી લંડન હેવાઇ મુસાફરી મારફતે બે કલાકમાં આવ્યાં હતાં.

અમો લંડનથી મંગળવાર તા૦ ૨૩ મી સહવારે ૧૦ કલાકે રેલવે ત્રેનમાં કીંગસક્રોસ (King's Cross) સ્ટેશન ઉપરથી ઉપડી કેમબ્રીજ, યોર્ક, દર્હામને માર્ગે પાછલા પોહોર ૩–૧૫ ને અમલે "To carry coal to New Castle" ની કહેવતવાળાં ન્યુ કેસ્ટલ શેહેરમાં આવી પુગ્યાં અને ત્યાંથી ૪૦૦૦ ટનની સ્ટીમર લીડામાં સવાર થઇ સાંજે ૫ વાગે નોર્વેના કિનારા ઉપરના Bergen શેહેર તરફ જવા માટે ઉપડયાં. સ્ટીમર ઉપર ચઢતાંવાર પાંચ વાગ્યામાંજ ખાવાનો ઘંટો થતાં જણાવવામાં આવ્યું કે આ તરફનો દર્યો ઘણોખરો થોડો કે ઘણો તોફાની હોવાથી, તેમાં દાખલ થવા આગમજ, હજુર તો સ્ટીમર હાઇન નદીમાં હોય તેટલાં જમાડી લે છે. એ ખબર સાંભળતાંજ મનમાં ચિંતા લાગવા માંડી અને જમીને કેબીનમાં ગયા તો જોયું કે દરેકના બર્થ આગળ સી–સીકનેસ વખતે કામ લાગે તેવી ગોઠવણ રાખેલી. સતાવાળાની આ સર્વ સાવચેતી તદન બરાબર હતી. સબબ કે નોર્થ–સીમાં દાખલ થતાંજ સર્વને પોતપોતાની કેબીનમાં જવાની ફરજ પડી. હું સાંજે સાડાસાતને સુમારે મારાં બર્થમાં જઇ પડયો તે આખી રાત અને તા૦ ૨૪ મીનો બીજો આખો દહાડો રાત્રે ૧૧–૩૦ સુધી બિછાનામાંજ કાઢયો અને ત્યાંજ કાંઇક ચાહ પાણી બે ત્રણ વખત કર્યું. મારા હલ તેજ ઘણાકોના હાલ હતા. પછી જાણવા પ્રમાણે, અમો સર્વ આસરે ૧૦૦ સફરીઓમાંથી ફકત આસરે પંદર સોળ જણજ ખાણાની મેજ ઉપર જઇ શકયા હતા. આ તા૦ ૨૪ મીનો દિવસ ઘણોજ કંગાળ દિવસ નીવડયો હતો. પણ અમો આ વીચારથી દીલાસો લેતાં કે બેહેસ્તમાં જવા કાજે આ દુનયાનું કાંઇ દુઃખ, રંજ, સંકટ, મેહેનત અમારે ખમવીજ જોઇએ. તેમ કાંઇક સુંદર, કાંઇક સારૂં, કાંઇક અસાધારણ જોવા, જાણવા અને ભોગવવા માટે થોડું ઘણું ખમવું પડે તો મુંગે મોંઢે ખમવું જોઇએ.

તા૦ ૨૪ મીની મધરાને આસરે સાડાબારને અમલે અમોએ નોર્વેના કિનારા ઉપર પગ મેહલ્યો. હજુર મધરાતનો ખોરશેદ જોવાને પાંચ છ દહાડાનો વાર હતો. પણ તેટલાં આ તરફ જાણે તેનું બેઆનું મલતું હતું. સબબ કે જો કે સુર્ય અસ્ત પામ્યો હતો, તોપણ સાંજનું ઝઝકલું ચાલુ રહી સવારનું ઝઝકલું શરૂ થતું અમોને જણાયું.

તા૦ ૨૫ મીએ સવારના પોહોરમાં બે વાગે સ્ટીમરે બર્ગન શેહેર છોડયું. આખો દહાડો, જાપાનના માહેલા દર્યા (Inland Sea)ની સફર, જે માટે આ પત્રમાં છપાયલાં સને ૧૯૨૩ ના મારાં જાપાનથી લખેલાં પત્રોમાં મેં વર્ણન કર્યું છે, તેની યાદ આવી. પણ જાપાનના તે દર્યાની ખુબસુરતી આ નોર્વેના દર્યા આગળ ઘણી ઝાંખી પડે છે. નોર્વેનો આ પશ્ચિમ કિનારો આપણા દેશના પશ્ચિમ કિનારા

માફક સીધા નથી, પણ સરોવર સમાનના પાણીના ભાગો (fords), જે જમીનના વીસ્તારમાં દાખલ થઇ અંદર ગયા છે, તેનાથી કતરાયલો બન્યો છે અને તે સબબે તે સુંદર જણાય છે. આપણને સંખ્યાબંધ જગ્યાએ એવું લાગે કે ત્યાં માર્ગ બંધ થયા છે, પણ આગળ વધતાં, પહાડનાં કોઇ સુંદર ખુણામાંથી બીટ માર્ગ છે અને તે માર્ગમાં અવારનવાર માછલી પકડનારાંઓનાં સુંદર ગામો (fishing villages) આપણને મળે. આ કિનારાના ફોર્ડોની સુંદરતાનો ખ્યાલ આ ઉપરથી આવશે કે નોર્વેનો આ પશ્ચિમ કિનારો સીધી લીટીમાં સતરસો મૈલનો મપાયો છે, પણ જેમ હાલમાં દર્યો જમીનના માહેલા ભાગોમાં દાખલ થઇ ગયો છે તેમ તેની લંબાઇ માપતાં તે બાર હજાર મૈલનો બન્યો છે અને તે ઉપર દોઢ લાખ નાના મોટા ટાપુઓ બન્યા છે. આ સબબે નોર્વેનો આ કિનારો સુંદર બન્યો છે. વળી સંખ્યાબંધ પહાડોની વચ્ચેનાં પાણી પસાર થઇ જતાં આપણે દહાડાના ચોવીસે ચોવીસ કલાક ચાલુ અણીંતણી બરફ જોઇએ છિએ.

નેસ (Nes) ગામ. તા૦ ૨૬ મી જુને સ્ટીમર "નેસ" નામનું સુંદર ગામ, જે એન્ડલસ્નેસ (Andalsnes) તરીકે પણ ઓળખાય છે, ત્યાં ઉભી. જે સ્ટીમર કમ્પની મારફતે અમો સફર કર્યે ૯ઇએ તે અને બીજી એવી કમ્પનીઓ નોર્થકેપ તરફ મધરાતનો સુરજ દેખાડવા લઇ જતાં, ઉપર જણાવવા પ્રમાણે, ત્યાં સ્ટીમરોને સીધી લઇ જતા નથી, પણ ઉપર જણાવેલા માહેલા ભાગોમાંના કેટલાક સુંદર પાણીના ભાગો (fords) માંથી લઇ જઇ આપણને કિનારાનો સુંદર ભાગ દેખાડે છે. તે ઉપરાંત તે અંદરના ભાગોની બીજી સેહેલો (excursions) થોડાક વધુ દામ ભરવા કરે છે. એવાં ગાર "[illegible]ડોનો" તેણે અમારે માટે તૈયાર કર્યાં હતાં. તેમાંનું પહેલું આ ગામથી "રોમ્સડલ" (Romsdal) ની ખીણ જોવા જવા માટેનું હતું. કિનારે ઉતારી, આપણા મુંબઇની આગલા વખતની બગીઓ માફકની બે માણસ બેસે તેવી ગાડી, જેને અત્રે "સ્ટોકજેરી" (stalkjeræ) કહે છે, અને જેમાં હાંકનાર પછવાડે બેસે છે, તેવી ગાડીઓમાં અમોને લઇ જવામાં આવ્યા. આ માર્ગમાંના ખાલી ખડકના ઉંચા ડુંગરો, જેઓમાંનો કોઇ ત્રોલતીન્ડેર (Trolltinder) એટલે "ડાકણોના પહાડ" (Witches peaks) તરીકે લગભગ છ હજાર ફીટ ઉંચો છે, તેઓનો ગંજાવર દબદબાભર્યો દેખાવ જલદીથી વીસરાશે નહીં. આ પહાડો જાણે પત્થરનાં ગંજાવર મોટાં ઉંચાં દેવળો (Rock Cathedrals of Nature) હોય, તેમ અજાયબી અને ખુશી સાથે મનને તરેહવાર ચિંતનમાં નાંખે છે. આવા ખડકી ઉભા પહાડોની હાર મેં આગળ કુઠે જોઇ નથી. પોતાની સર્વ વેરાની વચ્ચે તેઓ એક પ્રકારની સુંદરતા આપી, પોતાની તરેહવાર રૂપો પકડતી બુલંદ ટોંચો મારફતે તે દાદાર તરફ તન અને મનની નજર લઇ જાય છે. આ તરેહવાર રૂપોમાં ટોંચોના એકાદ ઝુમખાએ "પરણવા જતી કન્યાનું સરઘસ" (The Bridal Train) એવું નામ મેળવ્યું છે. ઘણાક માર્ગે કેશમીરની જેહલમ નદીની યાદ આપે છે. તે રાઉમા (Rauma) નદીને કિનારે દોડે છે અને તેના એક ખીણ (Romsdal Valley) વાળો ભાગ જાણે આંખે ઉડી વળગે એવો સુંદર છે અને હરખાતું હૈડું "શુકરાના! શુકરાના! ઓ દાદાર! તારા હજારો હજાર શુકરાના!" એવા શબ્દો નોંધ-પોથીમાં લખાવી આપણને હરખાવે છે. નોર્વેના સુંદર દેખાવોમાં આ એક જવાહેર (Gem) ગણાય છે.

મોલ્ડે (Molde). ઉપલી યાદ રહી જાય એવી સુંદર સેહેલ કીધા બાદ બપોર પછી સવા કલાકે સ્ટીમરપર આવ્યા કે સ્ટીમર ઉપડી અને તેણે સાડાચાર વાગે મોલ્ડે નામનું સુંદર ગામ, જે નોર્વેનું નીસ (Nice of Norway) તરીકે

ઓળખાય છે, તે ગામમાં અમોને ઉતાર્યા. આ સુંદર શહેર City of Roses એટલે "ગુલસ્તાન" તરીકે પણ બોલાય છે, સબબ કે અહીંના ગુલાબો ઘણા વખણાય છે. હાલ તેની મોસમ નહીં હોવાથી તેનાં સુંદર નમુના જોઇ શક્યા નહીં. કહે છે કે એકાદ માસમાં અત્રેના આ ગુલાબના છોડો પોતાનું સુંદર પાણી દેખાડશે.

અત્રે જોવા લાયક જગ્યાઓમાં એક પુરાણું લાકડાંનું નાનું સુંદર દેવળ છે, જેમાંનું "Women at the Sepulchre" નામનું ચિત્ર ચિતારોના શોખીનોમાં વખણાય છે.

આ શહેરમાં મને જે જગ્યા ઘણી ગમી તે અહીંનો સુંદર ઘટા સાથની ટેકડી ઉપર આજુબાજુનો સુંદર દેખાવ આપતો પાર્ક (Park) હતો. તે પાર્ક પોતાના દેખાવ કરતાં ત્યાંથી દેખાતા દર્યાના નાના ટાપુઓ સાથના સુંદર દેખાવ માટે જોવાલાયક છે. તે દેખાવ જાપાનમાં જે ત્રણ સુંદરમાં સુંદર દેખાવોવાળી જગ્યાઓ છે, તેમાંના એકની યાદ આપે છે.

ટ્રોન્ડજેમ (Trondhjem) તેના બે ધોધો.

તા૦ ૨૭ મીને દીને અમારી બોટે આસરે પચાસ હજાર આદમીની વસ્તીવાળું ટ્રોન્ડજેમ શહેર ત્યાં ઉતરીને જોવાની અમોને તક આપી. પણ અહીં ખુદ શહેર કરતાં શહેરથી આસરે ચાર મૈલ દુરના બે મોટા ધોધો નામે Nedre અને Ovre Lerfos—એટલે એક નીચેનો અને બીજો તેની ઉપરનો—કુદરતની લીલાના પુંજારીઓ માટે જોવાલાયક છે. એમાંનો પહેલાએ મારી આગલી સફર વખતે જોયલા રાઇન નદી ઉપરના સ્લાફહાઉસેન (Schlafhaussen on the Rhine)ના ધોધની યાદ આપી. આપણે ચિત્રમાં અમેરીકાના નાયગારાનો ધોધ જોઇઓ છઇએ તેનો કાંઇક નાનો ઝાંખો ખ્યાલ બીજો ઉપરનો ધોધ આપણને પોતાના પોહોળા પટથી આપે છે. કહે છે કે અત્રેના ધોધો ૧૦ થી ૧૨ હજાર "હોર્સપાવર"નું બળ ધરાવે છે. નોર્વેના સર્વે ધોધો, જે આસરે ૫૦ છે, તેનો પાવર એક અંગ્રેજ કમ્પનીએ ખરીદયો છે અને તે દર્યામાં દોરડું (cable) નાખીને તે પાવર ઇંગ્લાંડ લઇ જવા અને ત્યાં વાપરવા ધારે છે.

અમેરીકામાં ધોધોની શક્તીનો તરેહ-વાર ઉપયોગ થાય છે અને તેમાં એક આ કે તેના વિજળીક પ્રવાહથી જેઓને ખુનના વાંક માટે મોતની શિક્ષા થઇ હોય તેઓને મારી નાખવામાં આવે છે. તે ઉપરથી અમારા નોર્વેજીઅન ભોમી-આએ ખુશીભરી મગરૂરી સાથે પોતાના નોર્વેના મુલક માટે કહ્યું કે એ દેશના લોકો એવાં ભલાં છે કે ખુનના જવલેજ કેસ બને છે અને ખુન થાય છે તો તે કોઇ દીવાના પુરૂષથી દીવાનાપણામાં થાય છે. આની કાંઇક સરખાઇ નોર્વે માટેના એક ઓફીશીઅલ પુસ્તક ઉપરથી માલમ પડે છે. (Norway Official Publication for the Paris Exhibition 1900. By Dr. Sten Konow and Mr. Karl Fischar p-210). આ પુસ્તક પ્રમાણે ૧૮૯૧ થી ૧૮૯૫ સુધીના પાંચ વર્ષમાં ફક્ત આડત્રીસ ખુનના કેસો થયા હતા અને જોકે કાયદામાં મોતની સજા (capital punishment) કબુલ રાખી છે, તોપણ ૧૮૭૬ પછી ન્યાયાધીશોએ કોઇને પણ મોતની સજા કીધી નથી.

આ ટ્રોન્ડજેમ શહેર જાણે નોર્વેનું વેસ્ટમીન્સ્ટર એબી છે, સબબ કે નોર્વેના રાજાઓનો આ શહેરમાં રાજ્યા-ભીષેક કરવામાં આવે છે.

નોર્વેનો કોસ્ટો, બેર્ગેન-સકે સ્ટીમ નેવીગેશન કુંપનીની સ્ટીમર ઉપર્માં,

તા૦ ૨૮ મી જુન ૧૯૨૫.

લંડનથી નોર્થકેપ તરફની સફર—

મારૂં ભાષણ.

અમારી બોટ ફક્ત ૬૫ પેસેનજરો સમાવી શકે તેવી નાની છે અને તે નાની હોવાથી નોર્વેના કિનારાના કુદરતના સુંદર ખુણાઓમાં જઇ શકે છે. તેના સફરીઓમાં મોટો ભાગ અમેરીકન સફરીઓનો છે, જેઓ અમો પારસીઓની ટોળકી સાથે મેળાઇ આપણી કોમ માટે તરેહવાર પુછપરછ કરવા લાગ્યા. ઘણાકો એ મુજબ પૂછપરછના ઇંતેજાર હોવાથી એવી ગોઠવણ કરવામાં આવી કે મારે આપણી કોમ બાબે એક ભાષણ આપવું, જે રવિવાર તા૦ ૨૮ મી જુનને દિવસે ૧૧ વાગે સ્ટીમરના જમવાનાં દીવાનખાનામાં મેં કર્યું. હું નીચલી બાબતો ઉપર બોલ્યો હતો:—

(ક) હીંદ શોધવા જતાં કોલમ્બસે અમેરીકા શોધ્યું.

(ખ) અમેરીકાના યુનાઇટેડ સ્ટેટ્સના કેટલાક ભાગની વસ્તી ખ્રીસ્તી હોવા છતાં તેનાં મત (dootrine) બાબે મતફેર હતાં અને સહનશીલતા નહી મલતાં ધર્મને ખાતર-પોતાનાં વહાલાં વતનને છોડી જનાર તેઓના વડીલો, કે જેઓ Pilgrim Fathers તરીકે ગણાતા છે, તેઓના વંશની છે. તે બનાવની આપણા "પીલગ્રીમ ફાધર્સ" ગણાતા વડીલો સાથે સરખામણી.

(ગ) આપણી અસલી ઇરાનની તવારીખપર ટુંકી નજર.

(ઘ) હખામીનીઅન વખતમાં અસલી યાહુદીઓ જેઓથી ખ્રીસ્તીઓ છુટા પડયા તેની હકીકત અને જેરૂસલમ ખાતે અસલી યાહુદીઓ અને આપણો સંબંધ અને નેબુકદનઝરે નાશ કરેલાં તેઓનાં મંદીરને પાછું બાંધવામાં પારસીઓએ કરેલી મદદ (King Solomon's Temple and the Ancient Persians).

(ઙ) આપણો ધર્મ અને માન્યતા.

આ ભાષણ આપતાં મને ઘણી ખુશી ઉપજી હતી કે તે દાદારની મેહેરથી મારી વહાલી કોમની આગલી અને હાલની તવારીખ બાબે અને ધર્મ બાબે હું આ નોર્વેના કિનારાના દર્યાની ઠંડી સરીલ ઉપરથી બે બોલ બોલવાને ભાગ્યશાળી થયો હતો અને મારા સાંભળનારાઓને રાજી કર્યા હતા. ભાષણો તો સેંકડો આપ્યાં છે, પણ આ ભાષણ, જેવા સંજોગો વચ્ચે અને જે સ્થળ, કાળ અને સ્થીતી વચ્ચે મેં આપ્યું હતું, તે મને યાદ રહી જશે. આજથી નજદીક ૪૦ વર્ષ ઉપર મેં પહેલ મારી કોમ અને ધર્મ ઉપર, તે વખતના મરહુમ ગવરનર સર જેમ્સ ફર્ગ્યુસનના પ્રમુખપદ હેઠળ, ખુણેખુણામાં ચીકાર થયલા ટાઉનહોલમાં એક ભાષણ આપ્યું હતું. ત્યારબાદ ૪૦ વર્ષે તે દાદારે લગભગ તેવી બાબત ઉપર મુંબઇની ઓગણીસ ડીગ્રીની અક્ષાંસ ઉપરથી અત્રેની સીતેર ડીગ્રીની અક્ષાંસનાં, ત્રણ કલાકમાં આવી પહોંચતા આર્કટીક મહાસાગરની ઠંડી સરીલ ઉપર, ભાષણ કરવાને મને જીવતો અને જાગતો રાખ્યો તે માટે મારૂં આભારી સર તે દાદાર હજુર ધરૂં છું.

નોર્વેની મારી પેહલી મુલાકાતની યાદ.

આ ભાષણ વેળાએ મને યાદ આવી હતી અને હાલ આ લખતાં યાદ આવે છે કે જોકે નોર્વેના દર્યામાં હું આ પહેલીવાર બોલ્યો છું, પણ ખુદ નોર્વેમાં હું તેની રાજધાની ક્રીશ્ચીઆનામાં આવીજ બાબત ઉપર ૩૬ વર્ષપર ૧૮૮૯ ના સાલના સપટેમ્બર માસમાં બોલ્યો હતો. ત વખતે સ્ટોકહોમ ખાતે મળેલી ઓરીએન્ટલ કોન્ગ્રેસમાં પહેલ દિવસે, તેના ભણેલા રાજા ઓસ્કરે, જેવણ લાટીનમાં એક ભાષણ કર્યું હતું, તેવણના પ્રમુખપણા હેઠળ જુદાં જુદાં રાજ્યો અને ખાતાંઓના ડેલીગેટોએ કાંઇક શબ્દો કહ્યા હતા. તે વખત કોઇનો ડેલીગેટ નહીં હોવા છતાં મને પારસી કોમના એક સભાસદ તરીકે ગણી—અને

આવી કોન્ગ્રેસની બેઠકોમાં એક પારસી તરીકે હું પહેલોજ હતો માટે—મને બોલવાની તક આપી હતી. મેં મારૂં એડ્રેસ અવસ્તા ભાષામાં આપ્યું હતું અને તેનો અંગ્રેજીમાં તરજુમો કર્યો હતો. તે વખતે જવાનીનું જોર હતું, અવાજ બુલંદ હતો, તે દાદારે એક મોબેદાન મોબેદનો ગાતી ઢપનો (Singing) અવાજ આપ્યો હતો. તે સર્વ સબબે તે દાદારની મેહેરથી હું મીજલસ ઉપર અતીઘણી અસર કરી શકયો હતો અને પાદશાહે જતી વખત આગળ આવી પોતાનો હર્ષ જાહેર કર્યો હતો. આ શરૂઆતનાં ભાષણે મને કોન્ગ્રેસમાં કાંઇક લોકપ્રીય બનાવ્યો હતો. તે ઉપરથી જ્યારે કોન્ગ્રેસ સ્ટોકહોમ ખાતે ઉઘડવા અને મળવા બાદ ક્રીશ્ચીઆના—તે વખતે નોર્વે અને સ્વીડન ભેગાં રાજ્યો હતાં—ખાતે મળી ત્યારે મને ખાસ આગ્રહ કરવામાં આવ્યો હતો કે સ્ટોકહોમમાં શાહ જમશેદ, નાવર અને હોમ બાબે મેં રજુ કરેલા વિષયો ઉપરાંત મારે ક્રીશ્ચીઆનામાં આપણા ધર્મ ઉપર બોલવું. તેમ મેં કોન્ગ્રેસ હજુર એક ભાષણ કર્યું હતું. તે બનાવને આ વખતે મેં આભારી હૈડાં સાથે યાદ કર્યો છે. આવા કોઇ જીંદગીના બનાવો તે વખતેજ નહી પણ પાછળથી પણ ખુશી સાથે યાદ આપતા રહે છે. તે વખતે રાજા ઓસ્કરે મને Litteris et Artibus નો "ડીપલોમા" એક સુંદર સુનાના ચાંદ સાથે બખશ્યો હતો, જે બનાવ તરફ હું કમીના હર્ષ સાથ જોતો રહ્યો છું.

આર્ટીક સર્કલ ઓળંગતી વેળાની કોઇક ક્રિયા.

રવિવાર તા૦ ૨૮ મી જુનને દીને એક વાગે અમો ખાણાપર બેસવા બાદ અમારા કેપટને તેવણ ઉપર આવેલો નીચલો તાર મોટેથી સર્વને વાંચી સંભળાવ્યો :—

The Captain
S. S Irma

28/6/25.

I shall come on board your ship to-day to certify that all your passengers have passed the Northern Polar circle.

Neptune, king of all the deep waters.

એ પેગામ વાંચી કેપટને કહ્યું કે બરાબર બે વાગે આપણે ઉત્તર ધ્રુવ તરફની લીટી (Northern Polar or Artic circle) ઓળંગી ઉત્તર ધ્રુવ તરફના નોર્થકેપ તરફ જઇશું. માટ ઉપલા પેગામ પ્રમાણે દર્યાના (દેવતા) રાજા નેપચુન તરફથી એમ આ નવાઇ જેવી જગ્યાનો દર્યો ઓળંગવા કાજેનો ખાત્રિપત્ર મેળવવા કાજે સર્વએ જમીને ઉપરના તુટંક ઉપર આવવું, તેમ સર્વે ગયા. આસરે બેને સુમારે સ્ટીમર દસ મીનીટ ઉભી રહી. બરાબર ૨ ને સુમારે જમણા હાથ ઉપરના એક. પહાડના ગોફા જેવા ભાગ તરફ નીશાની કરી કેપટને કહ્યું કે બરાબર અહીંથી દોરાતી લીટીથી આર્ટીક સર્કલના કુંડાળાંની લીટી પસાર થાય છે. તેવામાં બંદુક ફુટવાનો મોટો અવાજ થયો અને એકદમ સામેથી બારણું ઉઘડી નેપચુન દેવતા, જે દર્યા ઉપરનો મવક્કલ રાજા છે, તે અમારી સનમુખ આવી ઉભો. પગમાં ઘણી મોટી એડીનાં મોટાં બુટ હતાં. મોંહ ઉપર એક "મારક" પહેરેલું અને દીલમાં પાણી તપકાતું મોટું ઝભા જેવું એક વસ્ત્ર, જે ઉપર સઘળો દર્યાઇ પાલો (See-weeds) વળગેલો હતો તે પહેરેલું, હાથમાં એક મોટું ભુંગળું પકડેલું હતું, તે મારફતે બોલી પોતાનાં વહાણ ઉપર આવવાનો સબબ તેવણે જણાવ્યો. પહેલે કેપટને તે દેવતા વા રાજાની અમો પેસેનજરો સાથે ઓળખાણ કરાવી અને પછી એક પછી એક અમો આસરે ૬૫ ઉતારૂઓનાં નામ પોકારી તેઓને આગળ તેડી તેઓની આ દર્યાઇ રાજા સાથે ઓળખાણ કરાવી.

દરેકને નેપચુને નીચલા શબ્દોમાં દુઆ દેઇ એક સુંદર દર્યાઇ ચિતારો સાથની છાપેલી સર્ટિફીકેટ આપી:—

"Fortune and Happiness may follow you on this and your later journey."

એ દુઆ સાથે નોરવીજીઅન ભાષામાં છાપેલી દરેકને નીચલી સર્ટિફીકેટ તેઓનાં નામ સાથે આપી :–

Ieg Njord Gud for al skibsfart, bevidner perved at (અહીં નામ લખે છું) den 28, Juni, 1925 ombord i det Bergenske Dumpskibsselskabs skib "Irma." har passerct den nordlige polarcirkel.

Held og lykke folgeham paa denne og aller senere reiser.

Hestmando 28-6-1925.

JOH. LOOSE

Kaptein.

તરજુમો–નોરવીજીઅન ભાષાના એક નમુના તરીકે આ સર્ટિફીકેટ અસલ ભાષામાં આપું છું. તેનો તરજુમો મને સમજાવવામાં આવ્યો તેમ નીચે પ્રમાણે છે:—

"હું સર્વ દર્યાઇ સફરોનો દેવતા ખાત્રી આપું છું કે (અહીં નામ લખેલું) એ તા૦ ૨૮ મી જુન ૧૯૨૫ ને દિવસે બર્ગેનવાળી સ્ટીમશીપ કું૦ની સ્ટીમર "ઇર્મા" ઉપર ઉત્તર ધ્રુવનું સર્કલ પસાર કર્યું છે. શુભ અને સારૂં ભાગ્ય આ અને બીજી સફરોમાં તમારી સાથે રહે. હેસ્ટમાન્ડો, ૨૮–૬–૧૯૨૫.

જોહ. લુઝ,

કેપ્ટન.

આ સર્ટીફીકેટ આપતાં દેવતા નેપચુન, (જે સ્ટીમર ઉપરનો બધા સાથે સમાગમમાં આવેલો એક અમલદાર હતો), તે દેવતાને છાજતા ભુંગળાં મારફતેના ગંભીર માથે અવાજે કોઇ કોઇને માટે અવારનવાર કાંઇ રમુજી ટાંહુકા પુરતો હતો. આસરે પોણો કલાક બાદ આ દેવતા રાજા પોતાના મકાને ગયો.

આથી કાંઇ ભુમધ્ય રેખા (Equator) ચઢતા પ્રકા- ઓળંગતાં આવા પ્રકા- રની કોઇ રની થતી કોઇક ક્રિયા. રમુજી ગંભીર ક્રિયા "ઇકુએ-ટર" ઓળંગવાં પણ કરવામાં આવે છે. એ ક્રિયાની પુરતી હકીકત જાણવા માટે "Down under with the Prince" by E. Cotes નામની આપણા મીન્સ એન્ડ વેલ્સની ઓસ્ટ્રેલીઆ તરફની મુસાફરીની સુંદર ચોપડીનો હવાલો આપવાની રજા લઉં છું. તેમાં "Neptune boards the Renown" નામે એક જુદો બાબ છે. તે પ્રમાણે ટુંકમાં આ ક્રિયાની હકીકત નીચે પ્રમાણે છે. એ ક્રિયા એક પ્રકારની દર્યાઇ સફર માટે ઘડાવા કાજેની (initiation) ની ક્રિયા છે. (ક) એક અંધારી રાતે દર્યાનો રાજા નેપચુન સ્ટીમર ઉપર આવે છે. તેની રાણી Amphritite અને જજ, ડાક્ટર, પોલીસમેન, હજુરીઆ વીગેરેનો ઠાઠમાઠ તેની સાથે હોય છે. તે સર્વને જાહેર કરે છે કે પોતાના "Order of the Equatorial Bath"ની દરબારની Investiture ની ક્રિયા તે બીજે દહાડે જેઓ ઇકુએટર પહેલવહેલ ઓળંગતા હશે તેઓ માટે કરશે. આ ક્રિયા માટે એક જાતનું ધાર્મિક નાહાન (Baptism) જરૂરનું છે. એમાં એક જાતની જલદીથી ગળે ઉતરે નહીં તેવી (dough-pills ની) ચાશણી (physicking), બાલ બોડાવવાની ક્રિયા અને પાણીમાં બોરાવા (ducking) ની ક્રિયા જરૂરની છે. તુટક ઉપર ચાર ફીટ ઉંડું પાણી રહે તેવી કેનવાસની ટાંકીમાં પાણી ભરી તેમાં પેલા પહેલવહેલી વેળા આ ભૂમધ્ય રેખા ઓળંગનાર ઉમેદવારને ઉતારી એક લાકડાના અસ્ત્રાથી તેનું માથું બોરી નહવાડવાની ક્રિયા કરવામાં આવે છે. એક ખુરસીપર બેસાડી માથું બોરી તેની ખુરસી ઉંધી કરી નાખે કે તે પેલી કનતાનની ટાંકીમાં પડી સ્નાન

કરી ચોખ્ખો થાય. નેપચ્યુન દેવતા સાથે આવેલા bearn નામના તેના હજુરી-આઓ તેને ત્રણ વખત પાણીમાં બોળી સ્નાન (three times three ducking) આપે.

હાલની આ ક્રિયાની તળેટીએ શું છે?

ઘણીકવાર બને છે તેમ, એક ક્રિયાનું અસલ મુળ યા અસલ નેમ વીસરાઇ જતાં અને તેની પાછલા વખતમાં ગરજ નહીં રહેતાં, તે એક ખાલી ખોખાં તરીકે કાંઇક રમુજી તત્વ ભેળાઇ તે સાથે ચાલુ રહે છે. એક દાખલો આપવાથી હું કહું છું તે વાંચનારને સમજ પડશે. આપણામાં આગળ લગ્નમાં વરરાજા વાજતેગાજતે સરઘસ સ.ે કન્યાને ઘેર પરણવા જતો અને આશીરવાદ આદ કન્યાને પોતાને મકાને લાવતો. ત્યારે આ શાહાજન એટલે પાદશાહી (શાહ) ગણાતી સ્ત્રી (જન)ને ઘરે લાવવાનું સરઘસ બરહક હતું. હવે આલબલેસ બાગ જેવી જગ્યાએ વર કન્યા તરફના સાથે એકજ જગ્યાએ હોવા છતાં શાહાજનમાં એક દરવાજેથી જઇ બીજે દરવાજે આવવું યા ચોકમાં અને ચોકમાંજ બે પગલાં શાહાજન ફરવું, એક સગન તરીકે જરૂરનું ગણાતું રહ્યું છે. ઉપલી દર્યાઇ ક્રિયાઓમાં શરૂઆતમાં જ્યારે નૌકાશાસ્ત્રનો હુનર હાલના જેટલો આગળ વધેલો નહી હતો ત્યારે આવું "ઇનીસીએશન" એક જરૂરી ધાર્મિક નેમ ધરાવતું હતું, પણ વખતના વેહેવા સાથ તે ધાર્મિક નેમ ભુલાઇ હાલમાં એક રમુજી ક્રિયા તરીકે ખોખ્ખું બાકી રહ્યું છે.

બીજો દાખલો આ કે વહાણ યા મછવા ઉપર એક ક્રોસ રાખવામાં આવતો તેને આવતાં જતાં સેલરો નમી માન આપી ખુદાની મેહેરબાની માંગતાં. તે ક્રોસ ગયો તોપણ તે મેલાવાની ખાલી જગ્યાને નમવાનું ઘણીક વખત ચાલુ રહ્યું. કહે છે કે નામદાર પ્રીન્સ ઓફ વેલ્સની સફર વખત કિનારા ઉપરથી કોઇ અમલદાર મળવા જાય તો quarter-deck નું તુટક જ્યાં પહેલે ઉપલો ક્રોસ રહેતો તેને સલામ (salute) કરે.

ઉપર જણવેલાં (Arctic circle નાં) કુંડાળાંની અક્ષાંસ (Latitude)ની લીટી ભૂમધ્ય રેખા જે મીડું (Zero) ગણાય છે, ત્યાંથી આસરે ૬૬) છાસઠ ડીગ્રી ઉત્તરે છે. ખુદ નોર્થકેપ જ્યાં જવાનું છે તે આસરે ૭૧ ડીગ્રી ઉત્તરે છે. ત્યારે આપણા ૧૯) ઓગણીસ ડીગ્રીવાળા મુંબઇથી ઉત્તરે એકોતેર ડીગ્રીની અક્ષાંસ ઉપર જતાં ઘણી ઠંડી અને બરફ હોય તેનો ખ્યાલ આવે છે.

બરફના એક ગંજાવર ગ્લેશીઅર (Glacier) ની મુલાકાત.

રવિવાર તા૦ ૨૮ મી જુનને દીને આસરે ૪ કલાકે એટલે આર્ક ટીક સરકલ ઓળંગવા પછી આસરે બે કલાકે એક સુંદર જગ્યા જોઇ અમારી બોટ ઉભી. આજુ અને બાજુ, આગળ અને પાછળ, અહીં અને તહીં, બરફથી અને મોટે ભાગે સુંદર લીલોતરીથી ઢંકાયલા આસરે ૧૦૦૦ હજાર ફીટની ઉંચાઇના પહાડોમાંના એક પહાડની તળેટીએ તે ઉભી. સામે એક સફેદ મોટો ગ્લેશીઅર જેનો એક ઉંચો પહાડ ૫૨૦૦ ફીટ ઉંચો છે તે ઉભો હતો. ગલેશીઅર તે એક પ્રકારે બરફની નદી યા ઢોળાવદાર મેદાન છે. નદીના પાણી પ્રવાહી તરીકે સરસરાત, ઢળાવના પ્રમાણ પ્રમાણે કલાકના કેટલાક મૈલની ઝડપે દોડે છે પણ આ બરફથી બંધાયલી નદી આખાં વર્ષમાં ફકત થોડા ફુટ ઉપરના પડેલા અને વધુ પડતાં બરફના દબાણથી આગળ વધે છે. જે ગ્લેશીઅર આગળ અમો આવ્યા તે નોર્વેના સ્વાર્ટીસેન (Svartisen) નામનાં ગ્લેશીઅર છે. એ ગ્લેશીઅર પાંત્રિસ મૈલ લાંબું અને ૧૦ મેલ પહોળું બરફનું ગંજાવર મેદાન (plateau) છે. હું ભુલતો નહીં હોઉં તો મારૂં "વાયુચક્રશાસ્ત્ર અથવા હવા વીસેની વીદ્યા" (Meteorology) નામનું પુસ્તક, જે મારૂં સર્વથી પહેલું

પુસ્તક હતું, તેમાં મેં ગલેશીઅર માટે કાંઇક વીવેચન કર્યું છે. તેનો મારા વાંચનારને હવાલો આપવાની રજા લઉં છું. એમ. એ. ની પરીક્ષા જે પાસ કરવાની મેં આશા રખી હતી, પણ તે આશા પાર પડી હતી નહીં, તે માટે મેં Chemical Physics, Inorganic Chemistry, Physical Geography અને Meteorology એ બાબતો મેં લીધી હતી અને તેમાં ફીઝીકલ જીઓગ્રાફી (ભૂતળ વીદ્યા)ના એક ભાગ તરીકે ગલેશીઅરોની આ બાબતનું કાંઇક ગ્નાન મેળવ્યું હતું, પણ આજે એક જીવતાજાગતા ગ્લેશીઅરને જોઇ અને તેની તળેટીએ જઇ થોડાક બરફ ઉપર ઉભા રહી તેને, તેના સફેદ પોષાકમાં, અહીંતહીં રોશનીના કિરણો સબબે બલુ લીટીઓ સાથે નેહાળી, અતીઘણી ખુશી ઉપજી હતી. કેપટને અમોને બે કલાક આપ્યા હતા, અને સ્ટીમરની નાની લોંચમાં કિનારે જવાની જોગવાઇ કરી આપી હતી. એક ચીજ બાબે વાંચવું અને અભ્યાસ કરવો તે એક ચીજ અને નજરે જોવી તે ઓરજ ચીજ છે.

મેં આગળ જણાવ્યું છે તેમ, બરફના પહાડો ઉપર, હીમાલય પર્વતના કાશમીરના કોઇક પહાડો ઉપર, હું અવારનવાર ચઢયો છું. સંજોગો વચ્ચે, ગુલમર્ગની પાછળના બરફના પહાડ ઉપર, જે કલકતાવાળા પેશી મી૦ રૂસ્તમજી કાવસજી મોદી અને તેવણનાં કુટુંબ સાથે હું ગયો હતો, તેજ પેશી અને તેજ કુટુંબ સાથે હીમાલયથી હજારો મૈલ દુરના એક ગલેશીઅરના બરફ ઉપર ઉભું રહેવાની મારી સરજત હતી. પણ કેશમીરનો ઉપલો બરફનો પહાડ આ ગંજાવર વીસ્તારના ગલેશીઅર આગળ કાંઇ ખીસાહમાં નહીં. આ ગલેશીઅર આપણને આખો એક જગ્યાએથી દેખાતો નથી. વચ્ચમાં એક પહાડ નડે છે. પણ જે ભાગ જોયો તે તો દર્યા તરફ ઉતરતા નદી જેવા ભાગો (arms)માંનો એક ભાગ હતો. જે થોડોક ભાગ તેની ગંજાવર ઉંચાઇ અને કદમાં જોયો તેથી પેટમાં અને આંખમાં ટાઢક પડી અને મનમાં કાંઇ ઓરજ ચિંતન આવવા લાગું. આ સુંદર દેખાવ હજુર ઉભો કરવા માટે તે ખુદાનો હજારોહજાર શુકરાના કર્યા છે અને કરૂં છું.

નોર્વેનો કોસ્ટો—સ્ટીમર ઇર્મા,
તા૦ ૨ જી જુલાઇ ૧૯૨૫.

લંડનથી નોર્થકેપ તરફની સંફર— ગ્લેશીઅરવાળાં સ્વાર્ટીસેનથી નોર્થકેપ.

ત્રોમઝે. તા૦ ૨૯ મી જુને ત્રોમઝે (Tromse) જે ૬૯) ડીગ્રી ઉતર અક્ષાંસ ઉપર છે, ત્યાં અમારી બોટ આવી પહોંચી. અહીં તા૦ ૧૮ મી મેથી તા૦ ૨૫ મી જુલાઇ સુધી મધરાતના૦ સુર્ય દેખાય છે અને ચોવીસ ચોવીસ કલાક તે ઉપર ને ઉપર દેખાતો રહે છે. ઉત્તર ધ્રુવ તરફ જે શોધખોળ માટે કાફલાઓ (expeditions) જાય છે, તેઓનું સર્વ તૈયારી તમામ કરી ઉપડવાનું એ મુખ્ય મથક છે.

અમારી બોટ આ મથક ખાતે આવે તેની થોડોક વખત આગમેજ, અમારી બોટ ઉપર ગડબડસડબડ અને દોડાદોડી ચાલી રહી અને સલામીના વાવટા ચઢાવવામાં આવ્યા. પુછતાં માલમ પડયું કે ધ્રુવો તરફનો જાણીતો શોધક આમન્દસેન (Ronald Anundsen) ઉત્તર ધ્રુવ તરફથી આવી સ્ટીમર સેલમેર (Selmer) ઉપર ત્રોમઝે ખાતેથી બેર્ગેન જાય છે. થોડા વખતમાં તેની આગબોટ અમારી પાસેથી વાવટાઓથી સીંગારેલી પસાર થઇ. બન્ને બોટો ઉપરથી મુબારકબાદી અને જવાબના પોકારો થયા. અમારી બોટે બંદુકના બાર કરી સલામ કીધી અને તેનો તેણે જવાબ આપ્યો. તેની બોટ ઉપર તેનું એરોપલેન હતું. જે મારફતે તે આ વખતે ઉત્તર ધ્રુવ તરફ

શોધખોળ માટે ગયો હતો. તેનો પત્તો નહીં લાગવાથી તેને મદદ કરવા ખાસ સ્ટીમરો ધ્રુવ તરફ અહીંથી મોકલી હતી. પણ કહે છે કે એ પોતેજ પોતાનાં નુકશાન પામેલાં એરોપલેનને દુરસ્ત કરી સલામત આવ્યો છે. આ સબબે એના અત્રે આવી પહોંચવાથી ત્રોમસોમાં ઘણી ખુશાલી ફેલાઇ હતી અને એની સ્ટીમર સાથે બીજી એકાદબે સ્ટીમરો પણ દોડતી હતી. એની સલામતીના તારો કેટલાક દિવસ થયાં હરખ સાથે દુન્યાના સર્વ ભાગોમાં વંચાયા હતા. અમારી બોટમાંના અમેરીકનો તેને જતો જોઇ હરખાતા હતા, સબબ કે એક કરોડપતી અમેરીકને એને આ શોધખોળ માટે મદદ કીધી હતી. તવંગર અમેરીકનો એમ દુન્યાના જ્ઞાનના ભંડારમાં વધારો કરવા લાખો રૂપીઆ મોટાં દીલથી આપે છે.

ત્રોમસોનું સંગ્રહસ્થાન—તેમાં "મુંબઇ સમાચાર"ના ૭૦ વર્ષપરના જુના અંકની નકલ.

આ નાનાં શહેરમાં જોવા અને જાણવા લાયક તેનું સંગ્રહસ્થાન (museum) છે, જેમાં ખાસ આ છે કે આપણે તેમાં આ ઠંડા મુલકનાં જાનવરોના "સ્ટફ્ડ" કરેલા નમુનાઓ અને આ મુલક, જ્યાં કેશમીર માફક લાકડું સસ્તું છે, તેની અસલી ચીજો (antiquities) જોઇએ છિએ. એક ભાગમાં અહીંના લોકોને બાહારના મુલકોનો ખ્યાલ આપવા ત્યાંની કાંઇ નવાઇ જેવી ચીજો, જેવી કે અસલ ચીનથી આવતી સાદરીની વર્ષાદની છત્રીઓ મુકેલી છે. આ બાહારની નવાઇઓમાં એક ચીજ સાથની કાગજની ચીપ ઉપર "Hinduish anis" એટલે "હીંદી ખબર" એવું નામ વાંચ્યું અને તેની સાથે જોયું તો મુંબઇનું એક ગુજરાતી વર્તમાનપત્ર હતું, જે ઉપર સમાચાર નામ દીઠું. રખેવાલ (custodian) ને તેડી લાવી કુંચી મંગાવી અને કેસ ઉઘાડી જોયું તો તે "તા૦ ૭ મી ડીસેમ્બર સને ૧૮૫૫ હરોજ, સંવત ૧૯૨૨ ના કારતક વદ ૧૪ ને વાર શુક"નું મુંબઇ સમાચાર હતું, એટલે આજથી આશરે ૭૦) વર્ષનો મુંબઇ સમાચારનો અંક હતો. વધુ જીજ્ઞાસા ઉશકેરાવાથી તેમાં શું બાબતો છે તે જોતાં માલમ પડયું કે તેમાં મુખ્ય કરી વેપારી બાબદો અને જાહેર ખબર હતી. જાહેર બાબતોમાં બે બાબત હતી. ૧) એલફીનસ્ટન મદ્રેસા (તે વખતના Elphinstone Institution or College)ની પરીક્ષા માટે સરકારે પાંચ પરીક્ષકો નેમ્યા હતા, તે સર્વે અંગ્રેજ હતા અને એક પણ દેશી નહીં હતા તેથી દલગીરી દેખાડી એકાદ દેશી પરીક્ષકની હીમાયત કરી હતી. પરીક્ષકોની ફી દરેકની દરરોજની રૂ. ૩૦ હતી.

૨) બીજું "અંગ્રેજના રાજનું સુખ અને સ્વતંત્રપણું તથા રૂશીઆના રાજનો જુલમ અને ગુલામી", એ બાબત ઉપર મી૦ ડોસાભાઇ ફરામજી કરાકાએ આગલા આતવારે ટાઉન હોલમાં વાંચેલા રેસાલાની એક નકલની પહોંચ સ્વીકારી હતી.

મુંબઇ સમાચારના આ અંક ઉપરથી કોઇ આગલી પાછલી યાદ.

મુંબઇ સમાચાર અને મી૦ ડોસાભાઇ ફરામજી, આ બે નામોએ મને મારી જીંદગીની કોઇક આગલી પાછલી બાબતોની યાદ આપી, જે (auto-biographical) બાબતોની હકીકત અત્રે નોંધવાની ખાહેશ થાય છે.

૧. મુંબઇ સમાચારના પુરાણા નામ અને કામ સાથે હું નાનો સતર વર્ષનો છોકરો હતો, ત્યારથી મારા એક મરહુમ ખેશી "કાવસજી કાકા" એ પિછાણ કરાવી હતી, સબબ કે તેઓ મરહુમ "દસ્તુર" ફુરદુનજી મરઝબાન, જેઓએ મુંબઇ સમાચાર સ્થાપ્યું હતું, તેઓના હાથ હેઠળ એ પત્રની ઓફીસમાં કામ કર્યું હતું અને પાવરધા બન્યા હતા. હું ફુરદુનજી મરઝબાન માટે "દસ્તુર" તરીકે બોલું છું, સબબ કે એઓની કાબે

હીઅતના સબબે પારસી પંચાયતના પુરાણા દફતરોમાંનાં એકમાં એવણને એક જગ્યાએ આ નામથી બોલાવ્યા છે. આ દેખાડે છે કે દસ્તુર બાપના દીકરા દસ્તુર થાય તે ઉપરાંત કોઇ ખાસ ભણેલા પુરૂષને એ એલકાબ માનપુર્વક (Honoris causa) આપવામાં આવતો હતો. એ મરનાર મરઝબાન કાબેલ હોવા ઉપરાંત એક શુદ્ધ પ્રમાણીક ગ્રહસ્થ હતા. દસ્તુરોમાં ઉંચ વર્તણુંક (character) ની ખાસ જરૂર છે. એવા ઉંચી વર્તણુંકના સાદા પરહેજગાર દસ્તુરોને પગે પડવામાં પુન્ય લાગે. મરહુમ મી૦ ફરદુનજી મરઝબાનજી એવા પ્રકારના પુરૂષ હતા. દસ્તુર નહીં હોવા છતાં પારસી પંચાયતનાં એકાદ દફતરમાં "દસ્તુર"ના એલકાબથી એમણે ઓળખાવ્યા હતા. ગઇ પેઢીમાં એવા દસ્તુરના એલકાબથી કોમે ઓળખવા લાયક પુરૂષ મરહુમ એરવદ શેહેરીઆરજી ભરૂચા થઇ ગયા છે, જેવણ ભણેલા હોવા ઉપરાંત નમુનેદાર ભલી વર્તણુંકના "મરતાને મર નહીં કહે" એવા ભલા હતા.

મુંબઇ સમાચારને સ્થાપનાર દસ્તુર મરઝબાનને યાદ કરતાં એવણના કુટુંબના વારેસો સાથના મારા સંબંધને યાદ કરૂં છું કે તેવણના એક બેટાના બેટાની દીકરીને મેં મારી દીકરી કીધી છે અને મારા એક દીકરાને તે બેટાએ પોતાનો દીકરો કર્યો છે. તેવણના બીજા બેટાના બેટા અને તે બેટાના બેટા સાથે આ પત્રદ્વારે હું ઘાડા સંબંધમાં આવ્યો છું અને તે કાજે મારૂં એક પુસ્તક તે બેટા અને તેવણના સ્ટાફને મેં અર્પણ કર્યું છે. આ સર્વેની મને આ સંગ્રહસ્થાનમાં ખુશી સાથે યાદ આવી.

આજેનાં સંગ્રહસ્થાનમાં યાદ થયલા બીજા પુરૂષ મી૦ ડોસાભાઇ કરાકાને એક ઉપકાર પિછાણનારા અને ઉપકાર કરનારા મિત્ર (obliging friend) તરીકે યાદ કરૂં છું. તેવણનાં પારસીઓની તવારીખનાં પુસ્તક માટે પારસી ધર્મ માટે લખેલા બાબોના અભ્યાસને હું હરખ સાથે એ ભલા પુરૂષની યાદ સાથે યાદ કરૂં છું. તેવણે ૭૦) વર્ષપર પોતાનાં ભાષણમાં રજુ કરેલો ઉપલો વિષય આજની અશાંતીના વખતમાં કાંઇક ખાસ ધ્યાન ખેંચે છે.

હામેરફેસ્ટ અને હજેલમ સોટોરેન (Hammerfest and Hjelmsotoren).

મંગળવાર, તા૦૩૦ મીએ સવારે અમો હામેરફેસ્ટ આવ્યા, જે ચાર હજાર આદમીની વસ્તીનું એક માછીમારોનું સુંદર ગામ છે. અહીં સ્ટીમર કોલસો લેવા ઉભી રહે છે. કનારે ઉતરી ટેક્ષીમાં બેસી (આ તરફ પણ ગામોમાં હવે એક બે ટેક્ષીઓ ફરે છે.) Meridianstoten (Meridian-column) નામનો એક સ્તંભ જોઇ આવ્યા. તે ઉપર લાટીન અને નોરવેજીઅન ભાષાઓમાં લેખ કોતરેલો છે, તે પ્રમાણે હકીકત આ છે. આ જગ્યાએથી શરૂ કરી ડેન્યુબ નદી સુધીની રેખાંસ (Longitude) નોરવીજીઅન, સ્વીડીશ અને રશીઅન ભુમીતીના ઉસ્તાદો (Geonesters) નાં એક મંડળે (International Commission) સને ૧૮૧૬ થી ૧૮૫૨ સુધીમાં કામ કરી નક્કી કરી હતી. તે બનાવની યાદમાં આ સ્તંભ છે. આ જગ્યા ફુગ્લેન્સ (Fuglanes) નામની છે. આજથી ૧૦૨ વર્ષપર ઇ. સ. ૧૮૨૩ માં અહીં Sir Edward Sabine નામના એક માહીતગાર ઉસ્તાદે પેનડુલમ (pendulum) થી ધ્રુવાકર્ષણ વગેરેના અખતરા કર્યા હતા. આ જગ્યાએથી જે arc of Meridian 25°—20' કહેવાય છે તે આર્કટીક મહાસાગરથી ડાન્યુબ નદી સુધીનું નોર્વે, સ્વીડન અને રશીઆ માર્ગે નક્કી કરવામાં આવ્યું હતું. આ દેશોના આ વખતના રાજાઓ ઓસ્કર પહેલો, એલેક્ષાન્ડર પહેલો અને નીકલસ પહેલાની આ કામના મુરબ્બીગીરીની આ સ્તંભપર નોંધ લીધી છે. આ સ્તંભના લાટીન લખનો મારા સાથી—બેથી ભાઇ જાલ રૂસ્તમજી મોદીએ મને

તરજુમો કરી આપ્યો છે, તે તરજુમાને આધારે આ નોંધ આપું છું.

આ જગ્યાએ તા૦ ૧૪ મી મેથી તા૦ ૩૦ મી જુલાઇ સુધી સુર્ય અસ્ત પામતા નથી એટલે અહીં અઢી મહીનાનો એક ચાલુ દહાડો બને છે. તેજ પ્રમાણે તા૦ ૨૧ મી નવેમ્બરે સુર્ય અસ્ત પામે તે તા૦ ૧૧ મી જાનવારી સુધી ઉગે નહી, એટલે કે એકાવન દહાડાની એક લાંબી રાત બને. આ લાંબી રાત દરમ્યાન કહે છે કે ચંદ્ર અને સેતારાની રોશની બીજા મુલકો કરતાં અહીં ઘણી રોશન પ્રકાશે છે. આ સબબે ચંદ્ર અને સેતારાઓ અહીંના લોકોને ઘણા વહાલા લાગે છે. અમારી સ્ટીમરે પોતાનું "ઇર્મા" નામ પણ એક આકાશી સેતારા ઉપરથી લીધું છે. એક દિવસે મધરાતનો સુર્ય જોવા હું ૧૧–૩૦ ને અમલે તુટક ઉપર આવ્યો. તો સફેદ પોષાકમાં સજ થયલા સ્ટીમરના નોર્વેજીઅન બબરચીઓ, જેઓ ખાણાની સ્વચ્છતા માટે સફેદ કપડાં પહેરે છે, તેઓ વાજીંત્ર સાથે સુંદર હલકથી એક ગાણું ગાતા હતા, તે ગાણાએ મને ખેંચી રાખ્યો અને પુછતાં માલમ પડયું કે તેઓ માહતાબની રોશનીની સીફતમાં ગાણું ગાતા હતા. એકાવન દહાડાની લાંબી રાતે અત્રેનાં લોકોને ચંદ્ર વહાલો લાગે તેમાં અજબ થવા જેવું નથી.

આ હામેરફેસ્ટ જગ્યાએથી એક કલાકે ઉપડી ચાર કલાકને અમલે અમારી બોટ Hjelmsotoren નામનાં એક ખડકી પહાડ હેઠળ આવી આશરે અર્ધો કલાક થોભી. બંદુકના બાર થયા અને થોડાક રોકેટો છુટા તો આ પહાડી ખડકના ખુણાઓમાંથી સેંકડો અને હજારો દર્યાઇ પંખેરાંઓ (Sea-birds) ઉડી હવાને જાણે કાગજના સફેદ મોટા ટુકડાઓ હોય તેમ ભરી નાંખી. આ પંખેરાંઓનાં રેહેઠાણના મકાન સબબે આ ખડક "bird-rock" તરીકે જણાયલો છે. અહીંથી સ્ટીમરે પાછું ફરી નોર્થકેપ તરફનો માર્ગ લીધો. કહે છે કે અહીં શીઆળામાં જયારે કોઇ વખતે "ઓરોરા બોરીએલીસ" (Aurora Borealis)નો કુદરતી વીજળીક ચમત્કાર દેખાય છે અને તે દેખાવ સાથે સામા પ્રકારના વીજળીક પ્રવાહો જોડાતાં કરકર (cracling) અવાજ થાય છે, ત્યારે આ હજારો પક્ષી (Sea-swallows) નો અવાજ તે સાથે મળી જાણે બંદુકના બાર (distant volleys of muskctry) થતા હોય તેવો અવાજ ઉત્પન્ન કરે છે.

અત્રેના લેપલેન્ડરો (Laplanders.) આ તરફની નવાઇઓમાં અત્ર ઉત્તરે વસતા લેપલેન્ડરો યાને લેપ લોકો છે. સોમવાર તા૦ ૨૯ મીએ આખો દહાડો અને બાજુએ સુંદર દેખાવો જોતાં અમારી બોટ આસરે ત્રણ કલાકે ત્રોમસો (Tromso) નામના દશ હજાર આદમીની વસ્તીવાળા એક શેહેર આગળ આવી ઉભી રહી અને અમોને કિનારે ઉતરી શેહેર જોવા માટે પાંચ કલાક આપવામાં આવ્યા.

હજુર તો સ્ટીમર ઉભી રહે તેટલાં કિનારા ઉપરનાં સંખ્યાબંધ લોકોમાં નવાઇ જેવી રંગબેરંગી ટોપી અને પોષાક સાથના બે પુરૂષોને જોયા. કિનારે ઉતરવા દરવાજો ઉઘાડે તે આગમજ કાંઇક હરામ સાથે બોટ ઉપરથીજ તેઓમાંના એક સાથે શેકહેંડ કીધી અને તેનું નામ તેને હાથે મારી નોંધપોથીમાં લખાવી લીધું. જે Henrick Rasthe (હેનરીખ રાસ્થે) કરી હતું. આ બે ધણીઓ અત્રે આર્ટીક મુલક તરફના લેપલેન્ડના મુલકના રહીશો (Laplander), હતા. એ લેપલેન્ડરો રેનડીઅર (reindeers), જે આ તરફના જાણીતાં જાનવરો છે અને જેનું માંસ હવે અહીં સ્ટીમર ઉપર ખાણામાં આપવામાં આવે છે, તેનાં ગોવાળાં (flocks) ને ચરાવનારા ભરવાડો છે. આ લેપલેન્ડરોનું અસલ મુળ એશીઆટીક છે. તેઓ આ તરફના જુના રહીશો છે ખરા, પણ તેઓ અસલથી અત્રના રેહેવાસી નથી. તેઓ હુંગરીનાં

હંગેરીઅનો, જેઓના અવરતામાં જણાવેલા અસલી હન લોકો સાથના સંબંધ માટે અને જેઓના અ.પણા માજદયસનાન ધર્મ સાથના સંબંધ માટે હું આગળ બોલ્યો છું. તેઓ સાથે સંબંધ ધરાવે છે. તેઓની ભાષા જે Finnish, Ugrian group ની ભાષાઓ ગણાય છે, તેમાંની એક ભાષા છે. નોર્વેમાં તેઓની વસ્તી બારસો માણસની છે. તેઓના રેનડીઅરોની ગણત્રી આસરે તોંતેર હજારની કરવામાં આવી છે. તેઓની બે જાત અત્રે કહેવાય છે. ૧) ફ્જેલ્ડ Fjeld Lapps જેઓની સંખ્યા ઓછી છે અને જેઓ રેનડીઅરોના ભરવાડો છે. ૨) Sjo-Lapps એટલે દર્યાઇ લેપો (Sea-Lapps), જેઓની સંખ્યા મોટી છે અને જેઓનો મુખ્ય પેશો માછીનો છે. એઓ પહેલા કરતાં વધારે ગરીબ ગણાય છે. નોર્વે અને સ્વીડન વચ્ચેના કોલકરારો પ્રમાણે સ્વીડનના લેપ લોકો ઉનાળામાં અત્રે અને અત્રેના નોર્વેના લેપ લોકો શીઆળામાં સ્વીડન જાવઆવ કરી ત્યાં રહી શકે છે. તેઓની મોસમે મોસમની આવજાવ (migration) થી કોઇકવાર ફીશાદ ઉઠે છે, સબબ કે બીજા જમીનદારો તેઓ માટે ફર્યાદ કરે છે, કે તેઓ સાથના રેનડીઅરો આવતાં જતાં તેઓનાં ખેતરોને નુકશાન કરે છે.

આ લેપ લોકોની ભટકતી હાલતનો ખ્યાલ મેળવવાની તક બુધવાર તા૦ ૧ લી જુલાઇને દીને સહવારે મળી હતી કે જ્યારે અમારી બોટ એઓ સાથે અમારી પિછાણ કરાવવા સ્કાર્સવાગ (Skarsvaag) ઉભી હતી. ત્યાં આશરે દોઢ મૈલના તફાવતપર તેઓનો એક તંબુ જોયો. અલબતે તેઓનાં ગામમાં સારાં બાંધેલાં સાદાં નાનાં ઝુપડાં સમાન મકાનો છે. પણ આ તંબુ તેઓની ભરવાડી ભટકતી (nomadic) જીંદગીનો ખ્યાલ આપતો. આ તંબુમાં બે મરદો, બે સ્ત્રી અને એક બાળકનું કુટુંબ હતું. તેઓ સર્વે સફેદ ચામડીનાં ગોરાં હતાં, પણ બહારની ભટકતી જીંદગીથી ચામડી ખબરાયલી હતી. તંબુમાંનાં રાચરચીલાંમાં લાકડાંનાં અને ચામડાંનાં વાસણો હતાં. ચુલો વચમાં જમીનપર પથર ગોઠવી કરેલો હતો. તંબુ ઝાડોનાં લાકડાંની ડાંખળીઓ ઉપર કપડું વીંટાળી બનાવેલો હતો અને તે મથાળેથી થોડોક ખુલ્લો હતો. આપણા દેશમાં ભટકતા કામદારો જે રીતનાં કામચલાઉ કપડાંના તંબુઓ લઇ ફરે છે તે રીતને મળતો આ તંબુ હતો.

આ કુટુંબના બે ભરવાડી કુતરાઓ હતા, જેઓ એઓના ચંચળ મિત્રો અને સોબતીઓ (intelligent friends and companions) ગણાય છે. એઓનાં રેનડીઅરોનાં ગોવાળો ઉપર રીંછો યા વરૂઓ યા એવા જીઆનગાર જાનવરો હુમલો કરે ત્યારે આ કુતરાઓ તેઓનું રક્ષણ કરે છે. એઓ બહાર જાય છે ત્યારે કુતરાના ગળામાં એક લાકડું બાંધી—જેમ આપણા દેશમાં ગાય, બળદને બાંધે છે કે દુર જતાં નહીં રહે તેમ—તેને દરવાજા ઉપર બેસાડે છે કે ઘર તપાસે. એઓની સ્ત્રીને માથે બેઠી કાન ઢંકાય તેવી ટોપી હોય છે. મરદોની ટોપી, જેને Sauvka કહે છે તે ચોરસ ચાર ખુણાના મથાળાં (top) ની હોય છે, જેમાં પીછાં યા ગરમ ચીજો ભરેલી હોય છે કે માથાંમે બાહાર ફરતાં સરદી નહીં લાગે. પગમાં આપણા લોકો ચાંમના જોડા પહેરે છે તેવા જાડાં તળીઆનાં ચાંમના જોડા પહેરે છે, પણ ફરક આ કે જોડાના ઉપરના ભાગ ઉપર વધુ એક ચામડું જડી લીધેલું હોય છે કે પગનો કોઇ ભાગ ઉઘાડો રહે નહી અને ઠંડી સામે બચાવ થાય. ચાંમનો સબબ આ કહે છે કે તેઓ શીઆળામાં સ્કી (Sky) નામની ટોંચદાર નાના મછવા જેવી બનાવટની બેઠકોમાં ઉભા રહી બરફ ઉપર મુસાફરી કરે છે. ત્યારે આ ચાંમમાં પટો ભેરવવાની સગવડ પડે છે.

આ લેપલેન્ડરો ધર્મે હાલ ખ્રીસ્તી બન્યા છે. તેઓ લ્યુથરનો પ્રોટેસ્ટન્ટ (Lutheran) ધર્મ પાળે છે. તેઓ

પાસે અમાએ એક ગીત ગવાડયું, જે તેઓએ ઘણા સુંદર હલકે જાણે કોઇ પુર્વે ભણીના રાગ (melody)થી ગાયું. તે એક ધાર્મીક ગીત હતું, જેનાં અરજ ગુજારનારા પેહેલા શબ્દો નીચે પ્રમાણે હતા :—

Chali Yesus iedat gavat (Make me Right O Jesus! in my heart).

એક બાઇ પાસે બચ્ચાંને સુવાડવા માટેનું 'હાલરડું' ગવાડયું તો તે ફક્ત લલાબી (Lulabi) માફક કાંઇક અર્થ વગરનું ફક્ત સુંદર ગીતડું હતું, જેના વારેઘડીએ સંભળાતા શબ્દો નીચલા હતા :—

"સોલી લીલી લુલી
સોલી લુલી લુલી"

જે ગાયણુ હતું તે તેઓના સાદાં દીલનાં સુંદર હલકમાં આપણુને પણ થોડેક વખતે સુવાડી દીએ તેવું હતું.

એઓનાં બચ્ચાંનું પારણું (Koms એટલે cradle) લાકડાનું હાથમાં લઇ ફરાય તેવું મછવા રૂપનું બનાવેલું હતું, જેમાં માથાં આગળ જરા છત્ર મીસાલે હતું.

એઓને એઓના રેનડીઅરોના ગોવાળાં સાથે નજદીકથી જોવાની આશા થોડીક હદે ભંગ થઇ, સબબ કે આસરે પોણો કલાક ખોટી થવા છતાં, તે જાનવરો આવી પહોંચ્યાં નહી. પણ અમો તદન નાસીપાસ થયા નહી, સબબ કે અમો કેટલુંક પાછું ફરવા પછી તે જાનવરોનું ટોળું દોડતું આવ્યું. પણ અમારી બોટનો ઉપડવાનો વખત થયો હતો, તેથી દુરથીજ જોઇ સંતોષ મેળવ્યો હતો. એ જાનવરોનાં શીંગડાં આપણું ખાસ ધ્યાન ખેંચે છે, તે આ સબબે કે તેઓનાં બે શીંગડાંમાંથી એક ઝાડની ડાંખલી માફક ઘણાંક નાનાં શીંગડાં ફુટે છે. એવાં એક રેનડીઅરનાં ત્યાં પડેલાં શીંગડાંમાં મેં નાના મોટાં ૨૦ શીંગડાં ગણ્યાં.

નોર્વેના આ તરફના દર્યામાં ફરતાં તેના માછલીના મોટા રોજગારનો ખ્યાલ આવ્યો.

આ તરફ માછલીની ઉત્પત્તી—તે ઉપરથી "વેજીટેરીઅનીઝમ" બાબે ઉપજતા વીચારો.

સંખ્યાબંધ માછીમારોનાં ગામો અમોએ પસાર કર્યાં. કોઇક મોટાં ગામોમાં માછલીના રોજગાર માટે કારખાનાઓ હતાં. તમાં તા૦ ૨ જી જુલાઇએ Lofoten Arohipalego નાં ટાપુઓ વચ્ચેથી પસાર થતાં કિનારા ઉપર રૂની ગાંસડીઓ માફક સુકી માછલીની ગાંસડીઓની કિનારે કિનારે અવારનવાર હારની હાર જોઇ તેથી વધુ ખ્યાલ આવ્યો. અહી બીજે ઠેકાણુંઓ માફક માછીમારો ઉનાળામાં ખેતી કરે છે અને શીઆળામાં માછલા મારે છે. કહે છે કે ફીન માર્કેન (Finn Marken) નામનાં ફક્ત એક ભાગમાં વરસ દહાડે સાડા છ કરોડ "કોડ" નામની માછલી (cod-fish) પકડે છે.

મારી પોતાની અંગત દીલસોજી જે સાહેબો "વેજીટેરીઅન" છે અને ગોસ માછલી નથી ખાતા તેઓ તરફ અને જેઓ દારૂ નથી પીતા તેઓ તરફ છે. પણ મારા કમીના વીચાર પ્રમાણે એવી લાગણીમાં ધર્મને નામે કોઇ અટકાવનો અજબ વીચાર (faddism) ધરાવવાની જરૂર નથી કે ધર્મના પુસ્તકોમાં અહીં અને તહીં ના કહ્યું છે. અલબતે સ્થળ, કાળ, સ્થીતિ પ્રમાણે, આપણા ગરમ દેશમાં કોઇ ચોક્કસ વર્ગો, દાખલા તરીકે મનનું ઘણું કામ કરનારા બ્રાહ્મણ જેવા ધર્મી વર્ગો, ગોસ્ત માછલી નહી ખાય તો તે સમજ પડે છે. પણ સર્વ સ્થળ તે પરહેજી ટકી શકતી નથી. અત્રેનાં લોકોન વેજીટેરીઅન થવા કહે અને માછલીના રોજગારથી દુર રહેવા કહે તો લખો લોકો ભુખે મરે અને માછલીનો જાન બચાવવા જતાં કદાચ માણસોના જાન જાય. અત્રેથી વધુ ઉત્તર તરફના પોલર મુલકમાં જ્યાં

"એસકી મોસ" લોકોનો કાંઇક વસવાટ છે, ત્યાં અનાજ જેવું કાંઇ નથી. ત્યાં તો ખુદાએ અને તેની કુદરતે માછલી અને રેનડીઅરનાં ગોસ્ત ઉપરજ માનવીની જીંદગીનો આધાર રાખ્યો છે. માછલીજ તેઓનો મુખ્ય (Staple) ખોરાક છે. તા૦ ૨ જીએ પાછલા પોહોરે ૪) કલાકે અમારી બોટ સ્વોલ્વીર (Svolveer) નામના માછલીના રોજગારનાં ગામ આગળ ઉભી તો, આ તરફ બને છે તેમ, દુરથી બોટ જોઇ આ નાનાં ગામનાં લોકો બંદરે સંખ્યાબંધ ભેગાં મળ્યાં, સબબ કે તેઓને ત્યાં બીજાં ગામનાં લોકોને જોઇ ગમ્મત મળે છે. આ વખતે મેં જોયું તો ગામનાં બચ્ચાંઓના હાથમાં આપણી મોટી બોઇ જેવી સુક્કી માછલીઓ હતી અને તેમાંથી માંસ તોડી તેઓ રોટલી માફક ખાતાં. બીજા દેશમાં માતાઓ બચ્ચાંઓને સાંજે હાથમાં બીસકોટ યા રોટી ખાવા આપે, ત્યારે અહીં માતાઓ બચ્ચાંઓના હાથમાં આખી મોટી સુક્કી માછલીઓ આપે. મેં ચાખી જોઇ તો સ્વાદીસ્ટ લાગી, પણ એવી ખારી, કાચી, સુકવેલી માછલીનો એકાદ મોટો કટકો, અને તે પણ ભુજ્યા વગરનો, આપણે ગળે ઉતરે નહી, તે આ બાળકો રોટલી માફક ખાય.

આ ઉપરથી હીરોડોટસ આસરે ૨૩૦૦) વર્ષપર Iohthiophagi નામના માછલી ખાનારાં લોકો માટે જે કહી ગયો છે તે બરાબર યાદ આવે છે. એ લોકો તે બલુચીસ્તાનના દક્ષિણ ભાગ ઉપર આવેલાં "મકરાન"ના મુલકના અસલી લોકો દીસે છે. "મકરાન" નામ "માહીખુરાન" એટલે "માછલી ખાનારાઓ" ઉપરથી બન્યું છે. એ વેરાન મુલક છે, જેમાં અનાજ મુદલ થતો નથી. તેથી લોકો માછલી ખાઇ જીવે છે, એટલુંજ નહીં, પણ તેઓ જાણે માછલીમાંજ રહે છે અને માછલીજ પહેરે છે, એટલે કે તેઓ પોતાનાં ઘરો મંજાવર મોટી મગર જાતની માછલી જે એ દર્યાના કિનારા ઉપર મળે છે, તેનાં હાડકાંનાં થાંભલા વીગેરે બનાવીને અને તેઓનાં મોટાં ભીંગડાં વીગેરેનાં નળીઆં કરીને ઘેર બાંધતા. તેઓ માછલીનાં ચામરાંનાં કપડાં પહેરતા. માછલીને સુકવી, તેને દળી, તેનો આટો બનાવી, તેની તેઓ રોટલી બનાવી ખાતા, ત્યારે માછલી તેઓનો મુખ્ય (staple) ખોરાક હતો. આપણા દેશના ગરીબ લોક મુખ્ય કરી અનાજના આટાની રોટલી ઉપર જીવે અને ઉપર જરા સવાદ માટે (relish તરીકે) સુક્કી માછલીનો ટુકડો લીએ. તેથી ઉલટું એઓ માછલીના આટાની રોટલી ખાય અને ઉપર જરા સવાદ તરીકે અનાજ, જે જવલે મળે, તે ખાય.

અત્રે માછલીનો એટલો બધો ઉપયોગ અને ફેલાવો છે કે કિનારેથી આવતી કોઇ ચીજોમાં પણ માછલીનો (fishy) વાસ અને સવાદ આવે છે. ખાસકરીને જ્યારે કિનારા ઉપરથી આવતું તાજું દુધ સ્ટીમર ઉપર કોઇ વખત પીઉં છું તો તેમાં જરાક માછલીનો વાસ અને સવાદ અનુભવું છું.

નોર્વેનો કોસ્ટો-સ્ટીમર ફર્મા,

તા૦ ૨ જી જુલાઇ ૧૯૨૫.

નોર્થકેપ.

અમારી આ ૧૫) દિવસની સફરની સેન્ટરની જગ્યા નોર્થકેપ હતી, ત્યાં અમારી બોટ મંગળવાર તા૦ ૩૦ મી જુનને પાછલા પોહોરે આસરે છને સુમારે હોર્નવીકેન નામના અખાત (Hornvioan Bay)માં આવી ઉભી. આ ઉત્તર તરફનો કેપ (North Cape) યુરોપની ઉત્તરમાં ઉત્તર જગ્યા (Northernmost point) ગણાય છે. તે ૭૧°-૧૦'-૨૪" એકોતેર ડીગ્રી, દસ મીનીટ અને ૨૪ સેકંડના અક્ષાંસ ઉપર આવી છે. ત્યાં તા૦ ૧૩ મી મેથી તા૦ ૩૦ મી જુલાઇ સુધી મુદલ અસ્ત પામ્યા વગર સુર્ય પ્રકાશે છે. એટલે ત્યાં ૭૯) દિવસનો • એક ચાલુ લાંબો દિવસ થાય છે, જે અરસામાં એક મીનીટ પણ ખોરશીદ દ્રષ્ટીમર્યાદા

(horizon) હેઠે જઇ અસ્ત પામતો નથી. આ નોર્થકેપ માગેરો (Magero)નો ટાપુ ઉપર આવ્યો છે

આ ઠંડા કેપ તરફ આવવાની આ સફરની નેમ મધરાતે પણ સુર્યને પ્રકાશતો જોવાની છે. તે સાથે નોર્વેનો આ સુંદર કિનારો પણ જોવાનું મળે છે. આ સફર દરમ્યાન—સફરના છેલ્લા બે દહાડાની રાત, ખુદ "નોર્થકેપ" આગળની રાત અને ત્યાંથી પાછા ફરતાં પેહેલા બે દિવસની રાત મળી આખી પાંચ રાત ખોરશેદને દ્રષ્ટીમર્યાદાની ઉપર જોવાની તક સફરીઓને મળે છે. પણ એમાં નસીબદેવી પર આધાર રહે છે. જેમ હીમાલય ઉપર દારજીલીંગમાં રાતના બે વાગાથી ઉઠી અરી બામદાદે સુર્યને તેના ઉગતા તરેહવાર રંગરૂપોમાં જોવા મુસાફરો જાય છે પણ કોઇવાર બરાબર તેજ વખતે વાદળાં ફરી વળવાથી તેઓ નાસીપાસ થાય છે, તેમ અત્રે પણ કેબીનની સગવડ અને મોસમ પ્રમાણે આસરે રૂ.૫૦૦ થી રૂ.૧૦૦૦ સુધી ખરચ કરી આવનારાઓને નાસીપાસ થવાનો સંભવ રહે છે. એટલું સારૂં છે કે એક નહીં તો બીજી, બીજી નહીં તો ત્રીજી, એમ પાંચ રાત આપણને મળે છે કે જેથી બધી નહીં તો એકાદ રાતે પણ આપણે બરાબર મધરાતે સુર્યને આથમવા વગર દ્રષ્ટીમર્યાદા (horizon) પર આવી પાછો ઉગતાં જોઇએ. પણ કોઇ વખત એવું બને છે કે અત્રે આવતી કોઇ ટુકડીને સર્વ પાંચ રાત નાસીપાસ થવું પડે છે. દાખલા તરીકે આગલે પખવાડયે આવી ગયલી એક ટુકડી માટે અમારા કેપટને કહ્યું કે તે ટુકડીની સફરના સર્વ પંદર દહાડા વાદળ વર્ષાદના ગયા અને તેઓ નાસીપાસ થયા.

હવે અમારી ટોળકીને રૂતુ સારી હોય તો મધરાતે આફતાબ જોવાની પેહેલી રાત તા૦ ૨૮ મી જુનની હતી. અમો સર્વ જાગ્રત રહ્યા હતા. કેપટને કહ્યું હતું કે જેઓ સુવા ગયા હશે તેઓની જાણ માટે જો તે મધરાતે સુર્ય દેખાશે તો બંદુકનો બાર કરવામાં આવશે કે જે સાંભળવે તેઓ તુતકપર આવે. હું દસ વાગે મારી કેબીનમાં જઇ સુતો. પણ જીવને ચટપટ થતાં, ઉંઘાયો નહીં ઉંઘાયો તેમ, પોણાબાર કલાકે આગમજથી તુતકપર આવ્યો. અલબતે, સબણું જેવું જોઇએ તેવું, બોલ્લું વાંચી શકો તેમ, ઉજરડું હતું. પણ ખોરશેદ યજદે મેહેરબાની કરી નહીં અને બંદુક ફુટી નહીં અને અમો નાસીપાસ થયા. એ વખતે, જાગ્રત હોવાથી મેં ખોરશેદ મેહેરની નીઆએશ ભણી લઇ ફરજીઆત ગુજારી લીધી કે મોડેથી ઉઠાય તોપણ ફીકર નહી. મધરાતે બાર વાગે ખુદ આફતાબને નમીને નહીં, તોપણ તેની રોશનીને નમીને ખોરશેદ મેહેર કરવી એ નવાઇ સમાન લાગતું.

બીજી રાત્રે, એટલે તા૦ ૨૯ મી જુન સોમવારની રાત્રે, અમો ભાગ્યશાળી થયાં હતાં. સાંજથી કેપટને આશા આપી હતી, તેથી એ રાત્રે ઘણાકો, અને તેમાં હું પણ, બીછાને ગયાં નહી અને આ પત્ર માટે લખવામાં મેં વખત ગુજાર્યો. સુર્ય જેવો ઇચ્છીએ તેવો આખો વખત ખુલ્લો હતો નહીં, તોપણ તેને મધરાતે એમ જોઇ સર્વ ખુશ ખુશ થયાં. હવે પછીના ત્રણ દિવસો સાથે સરખાવતાં સુર્ય આગળ દ્રષ્ટીમર્યાદાપર કાંઇક વાદળાંઓ હતાં. પણ તેની પછીના દિવસો સાથે સરખાવતાં ઓરજ પ્રકારનો રોશનીનો સુંદર દેખાવ જોયો, કે જે કદી વીસરાશે નહી. તે આ કે કોઇક વાદળાંઓ આફતાબની રોશનીથી સુંદર દેખાવ આપતાં. એક જાતના લાલ પ્રકાશ (glow) નો પટો લાંબા વખત આંખ અને મનને ખુશી કરતો દેખાયો. આ દીને અને હવે પછીના બીજા બે દિવસે બાર વાગાના સુમારે કેપટન સ્ટીમરને એવી જગ્યાએ થોભાવતો, કે કોઇ પહાડ આડે હોય નહી. બરાબર બાર વાગે બંદુક ફુટી ત્યારે સર્વ ખુશીથી શાદમાન થઇ અને અજાયબીથી દંગ થઇ આફતાબને નેહાળી પોતાની ખુશી તરેહવાર શબ્દોમાં જણાવતા. ખુરશેદ માટેના આપણા "રયામંદ અને ઓરહમંદ" શબ્દોનો પુરતો ખ્યાલ આવતો.

કોઇક વીખરાયલાં વાદળોને સબબે આફ્તાબની રોશનીથી એ સુંદર સ્તંભો (pillars) એવા તો સુંદર રંગીત બન્યા હતા કે બે ઘડી જોયા કર્યું. આ સર્વ જોઇએ અને ખુશ ખુશ થઇએ, તેટલામાં ખોરશેદ યજદ તો પોતાનું કામ કરતા રહ્યા હતા, એટલે કે તેવણ આકાશપર પાછું ચઢવા માંડયું અને અમો ખુશખુશાલ ગોફતેગો બાદ એક વાગે કેબીનોમાં જઇએ તેટલાં તો તેવણ થોડાક આકાશપર પાછા ચઢયા હતા.

પણ ખરો કીર્તીવંત, ખરો ખોરહમંદ, ખરો નુરમંદ દિવસ (glorious day), દિવસોનો દિવસ, આ જીંદગીમાંજ નહીં, પણ કદાચ આવતી જીંદગીમાં પણ યાદ રહે તેવો દિવસ તો તા૦ ૩૦ મી જુનનો હતો. અમો દર્યામાં ઉત્તર કેપપર આવ્યા હતા ખરા, પણ એ કેપની સેવટની અણી હજુર થોડીક દુર હતી, તેથી ત્યાં જવા માટે સર્વ સાંજે જમવા પછી આસરે ૧૦) કલાકે સ્ટીમર ઉપરની નાની સ્ટીમ લોંચ મારફતે કિનારે ઉતર્યા. નાની લોંચે ચાર ફેરા ખાઇ સર્વને કિનારે ઉતાર્યા.

આ દહાડો સર્વ સફરીઓ માટે, ફકત આ સફરમાંજ નહીં પણ જાણે તેઓની જીંદગીમાં પણ અગતનો હોવાથી, કેપટને તે દિવસે સાંજે વધારે સુંદર ખાણાનો હોકમ આપ્યો હતો. વળી સર્વ જનને એક યાદગારી (souvenir) તરીકે ખાસ સુંદર મીનું (menu) યાને ખાણાની વાણીઓનું કાગજ આપ્યું હતું. તેમાં એક વાણી North Cape Sauce નામની મીઠાઇની બનાવી હતી.વળી બાર વાગે પીવા માટે કિનારેથી પહાડ ઉપર ચંપીનની બાટલી અને કાંઇક મીઠાઇ મોકલી હતી.

કિનારે ઉતરવા પછી જાણે ખરેખર એક મોટું સેવટનું હફતખાન ચઢવાનું હતું. તે એક લગભગ ઉંચો એક હજાર સતર ફીટ ઉંચો પહાડ હતો. પહાડો તો ઘણા હું ચઢયો છું તેમજ હીમાલયની કાંગ્રા, કુલુ, કેશમીરની ખીણો વીગેરેમાં ચઢયો છું. પણ આ તો ઘણા થોડા ઢળાવનો લગભગ ઉભો પહાડ હતો, જે કઠણની ઘણી નાની નાની વળાણોથી ચઢવાનો હતો. ખુદાનું નામ જબાનપર લઇ ૧૦) વાગે ચઢવા માંડયું. હવે એવી ચઢાણોમાં faste lentement ના નીયમને સોનેરી શીખામણ તરીકે ગણી હમેશાં ધીમી ચાલે ચઢાણ ચઢવી પડે છે. આ સબબે આ એક હજાર ફીટની ઉંચાઇ ધીમી ઝડપે ચઢતાં મને આસરે સવા કલાક ઉપર થયો. તે ચઢવા પછી વળી નોર્થકેપને બરાબર ઉત્તર નાકે જવા કાજે ઉપરનાં સીધાં મેદાન (plateau) ઉપર આસરે ૨૦ મીનીટની બીજી ચાલ છે. એમ ચઢતાં અને ચાલતાં હું બારમાં વીસ મીનીટ કમે સેવટની ટોચે જઇ પહોંચ્યો હતો અને ત્યાં વાદળાં વગરની સુંદર સાંજે કહું, કે મધરાતે કહું, કે બામદાદે કહું, જે સુંદર દેખાવ જોયો, તેનું શું વર્ણન કરૂં? દર્યાની સપાટીથી એક હજાર ફીટની ઉંચાઇના સીદ્ધા ઉભા પહાડપરથી જોતાં, નીચેના બુલંદ દર્યાની દ્રષ્ટીમર્યાદાપર ખોરશેદે પુર ખોરેહ અને નુર સાથે ઉતરી, તેવાંજ ખોરેહ અને નુર સાથે જાણે થોડીક મીનીટ થોભી, પાછું ઉપર ચઢવા માંડયું. અમો સઘળાં splendid, magnificent, wonderful એવા શબ્દો ઓચરી એકેકને પોતાની ખુશી જાહેર કરતાં હતાં અને સર્વને મનથી આ તેઓની જીંદગીના દિવસોમાંનો એક અગતનો આનંદકારક દિવસ હતો. ખુરશેદને તેના પુરતા દમામ અને દબદબા, ખોરેહ અને નુર સાથે, એમ મધરાતે ૧૨) વાગે પોતાના ઘરબારથી હજારો મૈલ દુર, એક હજાર ફીટ ઉંચાઇના બુલંદ પહાડ ઉપરથી જોવો, એ અલબતે કોઇને પણ માટે જીંદગીના દિવસોમાંનો એક અગતનો દિવસ ગણાય. એક અમેરીકન ગ્રહસ્થે કહ્યું કે ખુદાની હસ્તી માટે કોઇ શક ધરાવનાર (infidel) ને આ નોર્વેના કીનારા ઉપર જ્યાં આપણે તે દાદારનું પ્રગતી દર્શન (manifestation) તેની સુંદર કુદરતમાં જોઇએ

છિએ, ત્યાં, અને તેમાં ખાસકરી આ સ્થળે અને આ વખતે અત્રે લાવવો જોઇએ અને તપાસવું કે તે પોતાનો શક કેમ ચાલુ રાખે છે. અહીં આપણા પગ હેઠળના આર્કટીક મહાસાગર માટે એક લખનાર બરાબર કહે છે કે "The Arctic Ocean, illuminated by the weird light of the midnight Sun, never fails to impress the spectator most powerfully." મારા પોતાના કોઇ શબ્દોમાં વધુ બોલવાને બદલે એક લખનારના શબ્દો, જેથી આ તરફની સફર (Cruise) પર આવનારને અમારી સ્ટીમર કંપની વાકેફ કરે છે, તે શબ્દો રજુ કરૂં છું.

NORTH CAPE

Advancing to the edge of the liff, I looked upon a uniquec and never-to-be-forgotten scene. Below, beyond me, and on either side lay in sublime and awful solitude the Arctic Sea, stretching away to that still undiscovered region of the north, which with its fatal charm has lured so many brave explorers to their doom. Straight from the polar sea apparently, the wondrous Northern Lights (an opalescent radiance born of the twilight and the dawn) came stealing o'er the waters like a benediction; and, to enhance its mystery and beauty, when I looked northward over the rounded shoulder of the globe I saw—the Midnight Sun. At this great height and northern latitude it did not sink to the horizon, but merely paused apparently some twenty feet above the waves, then gradually rose again. It was the first of countless sunsets which had that day been following each other around the globe. It was the first of countless sunrises which hour after hour in so many continents would wake to life again a sleeping world. I have seen many impressive sights in many lands, but nothing, until time for me shall be no more, can equal in solemnity the hour, when standing on the threshold of a continent and on the edge of this immeasurable sea, I watched, without one moment's interval of darkness, the Past transform itself into the Present, and Yesterday become To-day.

John L. Stoddard.

સર્વ સફરીઓની જીંદગીના આ અગતના દિવસે આ સુંદર બનાવ (phenomenon)ના પ્રસંગની ખુશાલીમાં, મેં આગળ કહ્યું તેમ, કેપટને આ ડુંગર ઉપર, આ નોર્થકેપની છેક સેવટની ટોચ અને કોર (edge) ઉપર, પીવા કાજે સેમ્પેન બીસક્રીટ સાથે મોકલ્યો હતો, તે સર્વએ ખુશીખુશાલી સાથે એકમેકને પોતાનો હરખ જણાવી પીધો. એક નોરવીજીઅન ગ્રહસ્થે પોતાની ઘણીઆણી સાથે રમુજમાં આવી ગલાસ અડાવી, આ મુબારક પ્રસંગે સર્વ જવાન બાઇઓને દુઆ ચાહી કે, "Min scol, din scol, aller klemen maidchen wohl (my good fortune, your good fortune, All litt'e girls' good fortune) એટલે "મારૂં સારૂં નસીબ થાય, તારૂં સારૂં નસીબ થાય, સર્વ કન્યાઓનું સારૂં નસીબ થાય." જ્યારે દુન્યાના કરોડો અને અબજો આદમીઓ ઉંઘતાં હતાં ત્યારે અમો તે વખતે સર્વને

ખીદાર કરનાર આફતાબને નમીને શરાબ પીતા. કાર્લાઇલ (Carlyle)ના આ સુંદર શબ્દો છે કે, "While all the nations of the Earth are sleeping, you here stand in the presence of that great power which will wake them all" એટલે "જ્યારે સર્વ પ્રજાઓ ઉંઘા-યલી હોય છે, ત્યારે તમો તે શકતી (સુર્ય) આગળ ઉભા રહો છો કે જે સર્વને બીદાર કરે છે.

આ યાદગાર પ્રસંગે, કેટલાક નવા થયલા અમેરીકન મિત્રોએ આ શુભ અવસરે મને ચાહી, મારી સલામતી લીધી. તેઓ ખાસ કરી આ બીનાથી ખુશી થયા કે, મોટી ઉમર હોવા છતાં, હું ધીમે ધીમે ઉપર ચઢી આવ્યો. આ સલામતીના જવાબમાં તે દાદારની કરામત બાબે અને અમો સર્વેને અત્રે લાવવા માટેની તેની સેપાસ ગુજારીમાં હું બે શબ્દો બોલ્યો અને એક પારસી તરીકે From Nature to Nature's God ને યાદ કરી, એઓના દેશના પેલા કરોડપતી કારનેગી (Carnegie)ના શબ્દોની યાદ આપી કે જેણે મુંબઇના એકબે ઉપર પારસી ભાઇઓ અને બાઇઓને મહાસાગર તરફ અને અસ્ત પામતા આફતાબ તરફ નજર કરી ખુદાની બંદગી કરતા જોયા હતા અને તે ઉપરથી તેણે આપણી સેતા-યશની કેટલીક પ્રસંસા કરી હતી. મારાં શેહેરથી હજારો મૈલ દુર, આ મધરાતના ખોરશેદની હજુર, દર્યાની સફીલ ઉપર, એક હજાર ફીટના ઉંચા પહાડ ઉપર, યુરોપ ખંડની ઉત્તરમાં ઉત્તર કોરે, તે દાદારની યાદમાં એમ બે બોલનું નાનું ભાષણ કરવાની મળેલી જોગવાઇ માટે હું ખરેજ ખુશી થયો હતો અને હું મને પોતાને ભાગ્યશાળી સમજતો. તે દાદાર હજુર આ મેહેરબાની માટે મારૂં કમીનું સર મેં નમાવ્યું અને નમાઉંછું. અહીં કોરે કોર ઉભું રહી આફતાબને છેલ્લો સેજદો કરી ઉતરતાં ખ્યાલ કર્યો કે જાણે આ સફર સફળ થઇ છે. હવે જાણે આ સફરની સેવટ પહોંચી ઘરે વળતી સફર શરૂ કરવાની છે. અમોને સ્ટીમર ઉપર પાછું ફરતાં બે વાગ્યા અને તુરત સ્ટીમરે લંગર ઉંચકી પાછી ફરતી સફર શરૂ કરી. સ્ટીમર ઉપર આવતાં જાણ્યું કે, આ ચઢાણની મુશકેલી સબબેજ કેટલાક સફરીઓ ઉપર આવ્યા નહીં હતા. તેઓ સાથે કેપટને પણ બરાબર બાર વાગે મધરાતના સુર્યની યાદમાં શેમપેન પી સલામતી લીધી. આ ખરેખર એક યાદગાર દિવસ હતો!

આ સેવટના પહાડ ઉપર, તેની મુલાકાત લઇ ત્યાંથી મધરાતનો સુર્ય જોવા આવનાર રાજા રાણીઓએ કોઇક નાના મોન્યુમેંટો ઉભા કર્યા છે. એમાં એક રાણીની મુલાકાતનો "13 June 1922 Wilhelmina koeningin der Nederlanden" એવા સને સાથના લેખનો છે. તેણી જે સ્ટીમર (Botavia) માં આવેલી તેનું નામ નોંધ્યું છે.

બીજો નોર્વે-સ્વીડનના રાજા ઓસ્કાર (Oscar) ની મુલાકાતનો (૧૮૭૨)ના સાલનો છે. કહે છે કે જર્મન શાહાનશાહે ઇ૦ સ૦ ૧૮૯૧ માં અહીં આવી એક સ્તંભ ઉભો કર્યો હતો, પણ તે મારા જોવામાં આવ્યો નહી.

પાછી ફરતી સફરમાં પણ ખુદાની મેહેરથી અમોને વાદળ વગરના દિવસો મળ્યા હતા, અને તેથી બીજી બે રાતો પણ અમો બાર વાગા સુધી તુટકપર રહ્યા હતા અને મધરાતે ખોરશેદ જોયો હતો. અહીં સુર્યને બરાબર જોવા માટે કાળા કરેલા કાચો અથવા પાતળાં કપડાંની છત્રી ઉપયોગી થઇ પડે છે કે આંખને નુકસાન થાય નહી.

આ મધરાતના દીસતા સુર્યની જગ્યા ઉપર આવતા કોઇક વીચારો

આખો દિવસ ચોવીસે ચોવીસ કલાક ખોરશેદને પ્રકાશતો જોઇ ઘણાક વીચારો આવે છે અને મનને જાણે વીચારોની ગમતના વમળમાં નાખે છે. આપણી પૃથ્વી પોતાની ધરી (Axes) ઉપર ફરે છે અને સાથે સાથે સુર્યની આજુબાજુ

ફરે છે. એમ ફરતાં જ્યારે તે પોતાની ધરી ઉપર ફરે છે ત્યારે કાંઇક વલાણ (dip) લે છે. એ વલાણ ઉત્તર ધ્રુવ તરફ આસરે ૨૩° (તેવીસ ડીગ્રી) સુધીની છે. તે દાદારે સરજેલી આવી ગર્દેશને લીધે એમ ઉત્તર ધ્રુવ તરફ જુદી જુદી અક્ષાંસો (latitudes)ના પ્રમાણ પ્રમાણે ચોવીસ કલાકથી વધુ લાંબા દિવસો અને લાંબી રાતો બને છે અને છેક ઉત્તર ધ્રુવ તરફ છ માસના દિવસ અને છ માસની રાત બને છે. દક્ષિણ ધ્રુવ તરફ એથી ઉલટે વખતે એમ બને છે. હવે એવા બનાવ સબબે સંસાર, ધર્મ વીગેરેના કાનુનોમાં કેવો મોટો ફેરફાર થાય છે! દાખલા તરીકે, સંસારમાં થતી સલામઆકરામ લેઓ. હવે અહીં "ગુડ નાઇટ" જેવું કાંઇ બોલવાનું નથી. એક ગ્રહસ્થે સાંજ પછીના એક વાગે Good night કહેતાં રમુજમાં તેને કહેવામાં આવ્યું કે Good morning બોલો.

એક બીજા ગ્રહસ્થે વાજબી રીતે કહ્યું કે હવે "ગુડ-ઇવીનીંગ" યા "ગુડ નાઇટ" વીગેરે શબ્દોને ફખસદ આપી, આપણે પેલી જર્મન રીતે સલામ કરવી કે "Gott mit euch bis wir uns wiedersehen (Good be with you till we meet again) એટલે "પાછા મળ્યે ત્યાંસુધી ખુદા તમારો નેગેહબાન થાઓ," એમ છુટું પડતાં તેણે સલામ કીધી.

હવે તો વળી ધર્મના કોઇ કાયદા કાનુનો બાજુ મેલાય છે. હાવન ગેહ આપણા દેશમાં ક્યારે શરૂ થાય અને પાછલી રાતના, ખુદા નહીં કરેને, કોઇ હક થાય તો તેનો પહેલો દહાડો ગણવો કે બીજો તે માટે અમારા ભલા અને ભણેલા સરનશીન શેઠ મ. પે. ખરેગાતના સરનશીનપણા હેઠળ "ગેહ કમીટી"માં ફરેલું કામ અને તે માટે ઘડેલા મારા રીપોર્ટનું કામ યાદ આવ્યું કે અહીં તો તે સર્વ ફોકટ. જ્યાં રાતજ નહીં પડે ત્યાં અઇવીસુથ્રમ ગેહ કે તે પછીની ઓશન ગેહજ આવે નહીં, ત્યારે કરવું શું? સુવા જતી વખતે કઇ ગેહ ભણવી. જ્યારે રાત પડેજ નહી ત્યારે "સરોશ યશ્ત રાતની વડી", ભણવી ક્યારે? એવા તરેહવાર રમુજ આપતા ગંભીર વીચારો આવે છે. એવું ધારો કે ધંધા સબબે યા કોઇ બીજા સબબે આ તરફ પારસી ભાઇઓની વસતી થાય અને દરેમહેર સ્થપાઇ તો સારે માથે સરોશનો યા બીજો વંદીદાદ ક્યારે કરે? જેને રાત્રે બાર વાગા કહે ત્યારે પણ સુર્યની રોશણી! પણ કેઇ કહે કે ત્યારે વંદીદાદ કરવાનું માંડી વાળવું. પણ આટલી હજશને અને આટલા વંદીદાદથી આતશને પાક કરી પરથવા જોઇએ તેવાં ફરમાનોનું શું? કાંઇક રમુજી ગંભીર ખ્યાલો સાથે આ સર્વ વીચારો આવે છે અને મનને ખ્યાલોની રમતગમતમાં મેલે છે.

પણ આ સર્વ ખ્યાલો વચ્ચે અને તે ખ્યાલોની તળેટીએ ગંભીર ભાન આવે છે કે સર્વ 'કાળ, સ્થળ અને સ્થીતી" પ્રમાણે કરવાનું છે. સંસારી અને ધાર્મીક કાયદાઓ માણસે ઘડ્યા છે. તેજ માણસે તેઓને કાળ, સ્થળ અને સ્થીતી પ્રમાણે ફેરવવાના છે. ઘણીકવાર "જુનું" "જુનાં" તરીકે ટકી શકતું નથી. વળી અહીં ખાસ યાદ રાખવાનું છે કે અહીં ઉત્તર ધ્રુવ તરફ આવતાં ફક્ત "સ્થળ" તરફજ જોવાનું નથી, પણ "કાળ" તરફ પણ જોવાનું છે. આજે અઇવીસુથ્રમ ગેહ ક્યારે ભણવી અને હોશન ગેહને ક્યારે શરૂ થતી ગણવી તેનો સવાલ મને વીચારમાં નાખે છે તો આજથી છ માસ રહી હાવન કેમ ગણવી તે સવાલ ઉત્પન્ન થાય. હાલ જેમ રાતનું અંધારૂં પડતું નથી તેમ છ માસ બાદ ઉત્તર તરફ ઉજરડું પડશે નહીં. આ મુલકમાં તો તમારાં ફસલ મંડળ અને ગેહ કમીટીએ સર્વ નવા પ્રકારનું કામ કરવું પડે.

વળી અહીં કાંઇ સુર્ય પૂર્વ ભણી ઉગી પશ્ચિમે આથમતો નથી, અને તેથી ચોક્કસ ભણતરો વખતે પુર્વ ભણી ફરવું કે પશ્ચિમ ભણી ફરવું એ ફોકટનું કે હેણું થઇ પડે છે. સુર્ય જાણે ઉત્તરથી ઉગી આસમાનપર મધ્ય ભાગે ચઢી પશ્ચિમની

વલાણુ લઇ ઉત્તર તરફ પાછો ઉતરે છે. છેક ધ્રુવ તરફ તેની ગરદેશનું કુંડાળું ઘણું નાનું બને છે. દક્ષિણ ધ્રુવ તરફ ઉલટી ગરદેશ છે.

બર્ગેન–નોર્વે,
Hotel Rosenkrantz,
તા૦ ૮ મી જુલાઇ ૧૯૨૫.

નોર્થકેપ તરફથી વળતી સફર—નોર્થકેપ તરફથી મેસેક અને તે તરફનો બરફનો સરોવર.

તા૦ ૧ લી જુલાઇએ મધરાતના વખત પછીના બેના અમલે અમારી બોટે નોર્થકેપથી પાછું ફરવા માંડયું. જતી વખત અમારી બોટે જે માર્ગ લીધો હતો તેને બદલે પાછું ફરતી વખતે અમોને નોર્વેના પશ્ચિમ કિનારાનો બીજો સુંદર ભાગ દેખાડવા બીજો માર્ગ લીધો હતો અને આ વખતે અમોએ વધારે સુંદર દેખાવો સાથની જગ્યાઓ જોઇ. જતી વખત એકજ લાંબેની સેહેલ (excursion) ગોઠવેલી હતી પણ પાછા ફરતાં માર્ગમાં ત્રણ સેહેલ ગોઠવી હતી.

સ્કાર્સવાગનું માછી બંદર.

તા૦ ૧ લીએ સવારે સ્કાર્સવાગ (Skarsvaag) નામનાં એક માછીમારોનાં ગામમાં કિનારે ઉતર્યા. જોકે નોર્થકેપની જગ્યા યુરોપની ઉત્તરમાં ઉત્તરની જગ્યા છે, પણ ત્યાં ગામ યા વસ્તી નથી. તેથી આ ગામ યુરોપની વસાયલી જગ્યાઓમાં છેક ઉત્તરની વસાયલી જગ્યા છે. અહીં થોડાક લેપલેન્ડરોની વસ્તી છે. તેઓના એક તંબુમાં વસતાં એક કુટુંબની મુલાકાતનું વર્ણન આગળ લેપલેન્ડરો માટે બોલતાં કર્યું છે.

સ્વોલ્વેરનું ગામ.

ગુરૂવાર તા૦ ૨ જી જુલાઇએ અમારી બોટ એક સુંદર ફીઓર્ડ (Trollfjord) માંથી પસાર થઇ, જેની બાજુએ આસરે પાંત્રીસસો ફીટની ઉંચાઇના પહાડો હતા અને તેઓની બાજરૂપી કઢણો છેક નીચે સુધી બરફથી ઢંકાયલી હતી. અમો ત્યાંથી આગળ વધી સાંજે સ્વોલવેર (Svolvaer) નામનું માછીમારોનું ગામ જે અત્રેના લોફોટેન ટાપુઓના ઝુમખા (Lofoten Achipalego)માં અગતનું ગણાય છે, ત્યાં ઉતર્યા. ત્યાં આગળ જણાવવા પ્રમાણે બચ્ચાંઓને પાંઉ બીસકીટને બદલે મોટી સુકી માછલીઓ ખાતાં જોયાં, કે જે ઉપરથી અમોને કહેવામાં આવ્યું કે અહીં માછલી મુખ્ય ખોરાક છે. આ તરફના માછીમારોના ઘણાંક ગામો માટે આપણે આપણા તરફના કિનારાના માછીમારોના ગામો ઉપરથી વીચાર નહી બાંધવો. તેઓ નાના પણ સુંદર હાલના જમાનાની ઘણીક સગવડો સાથનાં ગામો છે.

મધરાતના આફતાબને છેલ્લી નેમાજ.

આજે મધરાતે ખોરશેદને છેલ્લો જોવાનો દિવસ હતો. તેથી ૯) વાગે બીછાને જઇ જરા આસાએશ લઇ ૧૦–૪૫ ને અમલે આ મધરાતના સુર્યને છેલ્લી નેમાજ કરવા તુટક ઉપર આવ્યો. સર્વેએ glorious! glorious! વીગેરેના સીફાતી શબ્દોથી તેને નેહાલવા માંડયો. કેપટને થોડીક મીનીટ સ્ટીમર ઉભી રાખી અને બરાબર બાર વાગે આગલી ચાર રાતોની માફક બંદુકના બારથી જાણે આફતાબને સલામી આપી અને સર્વને ખબર આપી. મધરાતનો સુર્ય જોવાની મારી આ છેલ્લી રાતે સુર્યને આથમતા અને ઉગતો જોઇ નમીને મારી નોંધપોથીમાં લખેલા શબ્દો અત્રે નોંધું છું:

"મધ્યરાતનો ખોરશેદ જોવાનો આ છેલ્લો દહાડો છે. ખુદાની મેહેરથી પાંચ દિવસોમાંથી ચાર દિવસો તેને તેનાં પુરતાં ખોરેહમાં પુરતો "રયોમંદ" અને "ખોરેહમંદ" જોયો છે. તેને નમીને, તેની મારફતે તે દાદારને નમીને, દુઆ ગુજારૂં છું, કે તે દાદાર કુલ જગતનું

ભલું કરે! તેમાં મારાં વહાલાંઓનું, મારી કોમનું પણ ભલું કરે!

"ઓ દાદાર! તારા હજારોહજાર શુકાના કે તારી મેહેરથી હું આ જીંદગીની સાંજે, સવાર અને સાંજને એક કરનારા તારા આફતાબને આ સુંદર મુલક અને સુંદર જગ્યાથી જોઉં છું, તારા હજારો હજાર સેપાસ!!!

એક પ્રસંગે અમેરીકન મિત્રે ખુશી-ભર્યા ચેહેરા સાથે આવીને પોતાનો હરખ જાહેર કર્યો અને પોતાનાં ખ્રીસ્તી ગાયણો (Psalms)ના આ શબ્દો લાગણી સાથે બોલ્યો કે "Heavens declare the glory of God" એટલે "આકાશ ખુદાની કિર્તિ જાહેર કરે છે." તેણે પોતાના બાઇબલના આ શબ્દો પણ ભકતીભાવથી યાદ કર્યા કે "God said: 'Let there by Light' and there was Light."

આ વખતે પક્ષિઓ પણ જાણે આસાએશ માટે ગયાં હતાં નહી, અને અહીં તહીં ઉડીને જાણે પારસીઓની માફક ખોરશેદને નમતાં હતાં. એમ પક્ષિઓને, જાણે ખોરશેદને નેમાજ કરવા કાજે ગેલ કરતાં જોઇ, કાશમીર તરફના એક મુસાફરના શબ્દોની યાદ આવી કે જેણે પોતાના પુસ્તકમાં લખ્યું છે કે, કાશમીરમાં "નાના પારસીઓ" (Little Parsees) મોટી સંખ્યામાં રહે છે. બરીબામદાદે સુર્યને ઉગતો જોઇ લાર્ક (Lark) પક્ષીઓ લલકારે છે તેથી તેઓ જાણે ખોરશેદની નીઆએશ ભણતાં હોય તેમ તેણે જણાવ્યું. આ છેલ્લા દિવસે આફતાબ દ્રષ્ટીમર્યાદા ઉપર આવતાં કેટલોક વખત સુધી જાણે બે સુંદર સુરજો હોય તેમ રોશનીનો દેખાવ દેખાયો. તે એમ કે તેનો પડછાયો પાણી ઉપર પડી ચકચકીત રંગ અને ખુબસુ-રતીમાં જાણે બીજો સુર્ય દેખાડતો. આ બે સુર્યના દેખાવે કેટલોક વખત ટકી રહીને ઘણાકોને ખુશી કર્યા.

ગુરૂવાર

લોફોટેનના ટાપુઓ. તા૦૨ જી જુલાઇ—

અમારી બોટ નોર્વેના દર્યાના લોફોટેન (Lofoten) ટાપુઓમાંથી પોતાનો માર્ગ, આગળ કહ્યું તેમ, લેવા લાગી હતી. એમાં રાફટસુન્ડ, (Raftsund) નો ભાગ એટલો તો સુંદર છે કે તુટક ઉપરથી ખસવા નહીં ગમે. એકથી વધુ વખત વીચાર કીધો કે લખવાનું જે ચઢી ગયું છે તે પુરૂં કરૂં. પણ વાંચનારાઓની સેવા અને મારાં મનની ગમતની સેવા, આ બે વચ્ચેની લડાઇમાં બીજી ફતેહ પામી. આપણામાં કહેવત છે કે "રોજનો વેહા (એટલે લગન) કરતો પણ લાજે." તેમ હું પણ લાજું છું. હું પણ શરમાઉં છું કે કોઇ કહેશે કે, "અવાર-નવાર જીવનજી માદી કહે છે કે 'આ મજાહનું છે! આ સુંદર' છે." પણ હું કરૂં શું? તે દાદારની મેહેરથી દરરોજ મનને, જીવને અને આંખને સુંદર ભોજન મળે છે અને તે જાહેર કરવા વગર ચાલતું નથી. જે ખરેખર છે અને જે હું જોઉં છું, તેનો થોડોક ભાગ પણ બરાબર કહેવાઇ શકાતો નથી. ઘણુંક મનમાં અને મનમાં રહી જાય છે. ઇચ્છા ઘણી થાય છે કે મને મલતાં મનનાં ભોજનમાંથી મારા વહાલા વાંચનારાઓને કાંઇ વધારે ભોજન આપું, પણ તેવી ઇચ્છા ધરાવવાં છતાં જે આપી શકું છું તે માત્ર એકાદ બુકલા સમાન છે.

ખુદાતાલાની મેહેરથી આ છેલ્લા ત્રણ દહાડા, ખોરશેદ યજદના પુરતા પ્રકાશનાં સુંદર પસાર થયા છે. તેમાં આજે તો ઓવરકોટ અને ગલપટો, કાનની ટોપી અને હાથનાં મોજાં, એ સર્વેને દુર કરી ખુલ્લા આફતાબમાં સન-બાથ, અથવા પેલા જાણીતો જર્મન સાએર ગેઍથે (Goethe) અસલી ઇરાની બચ્ચાંઓ માટે કહે છે તેમ, સુર્યનું બેપટીઝમ (Baptism) લઇએ છિએ. કલાકે કલાક સુંદર દેખાવો બદલાય છે.

પહાડોની વચ્ચે દર્યો ગોયા તળાવ જેવો શાંત છે અને જાણે સુમારા બરફ ઉપરથી આ સુમારા કાચ ઉપરથી આપણે ચાલતા હોઇએ એમ લાગે છે. આજુ અને બાજુ, સામે અને પછવાડે ધીમા ઢળાવના લીલોતરીભર્યા પહાડો, અહીં અને તહીં, થોડા કે ઘણા, બરફથી ઢંકાયલા પસાર થાય છે. પછવાડે કેઠે દુર વધુ મોટા પહાડો પોતાના કોઇક નાના મોટાં ગ્લેશીઅરો સાથે દેખાય છે. કિનારે જમીનદારો અને માછીમારોના લીલોતરીભર્યાં ખેતરો અને સુંદર છુટાં ઘરો સુંદરતા આપે છે. કેઠે બરફ સુર્યના તાપથી બચેલી જગ્યામાં છેક પાણીની સપાટીથી થોડાક વાર ઉંચે સુધી દેખાય છે. પાણીમાં માછલીઓ કુદે છે અને ગેલ કરે છે. માછીમારોની સુંદર નાની બોટો અવારનવાર આ શાંત પાણીમાં દેખાય છે. પહાડોનો અને વાદળાંઓનો પડછાયો પાણીમાં પડી કેઠે કેઠે જાણે પાણીના પાતાળમાં "સાનેમેટોગ્રાફ" દેખાડે છે. તેમાં બપોર પછી આસરે ૨–૩૦ ને સુમારે તો કેપટન અમારી બોટને ગોકળગાયની ધીમી ચાલથી ચલાવી ખુદાતાલાનું સુંદરમાં સુંદર ખુણું (Trollfjord) દેખાડી લાવ્યો. ત્યાં આસરે એક બે મીનીટ ઉભા રહી પાછો ફર્યો. અત્રે દર્યાનો આ સાંકડો ભાગ જોઇ એક ભાગ્યબંધ મુસાફર બોલ્યો કે, "નોર્વે કરતાં કોઇપણ મુલક વધારે ખુબસુરત હશે નહીં." નોર્થકેપના પહાડ ઉપર સેવટની નોર્થકેપની ટોચે ઉભા રહ્યા ત્યારે, ગઇ કાલે ૫.ને તા૦ ૧ લીની મધરાતે સુર્યને દ્રષ્ટીમર્યાદા ઉપર આવી પાછો ચઢતો જોયો ત્યારે, આજની સુંદર સવારે અને એવા કોઇક પ્રસંગોએ મનમાં હરખને માર્યું ગોયા એમ લાગે કે "મારૂં જીગર, મારૂં દીલ, મારૂં હૈડું કાઢીને તે દાદારના પગ આગળ મારા કમીના આભારની કમીની ઇબાદી તરીકે મેલાતું હોય તો તે મેલું." શુક્ર ત દાદારના!

ટોર્ગેનના ટાપુ અને ટોર્ઘાટેનની ટેકરી- ગંજાવર મોટો ઉંચો કુદરતી તનલ.

શુક્રવાર તા૦ ૩ જી જુલાઇને દીને સવારે ૬) કલાકે આમાએ આર્કટીક સર્કલની સીમા-લીટી પાછી ઓળંગી.

પછી બપોરે એક વાગે ટોર્ગેન (Torgen) ના ટાપુ આગળ થોભ્યા. જમીને કિનારે ઉતરી, ટોર્ઘાટેન (Torghaten) ની ટેકડી, જે ૮૨૪) ફીટ ઉંચી છે, તેની અર્ધી ઉંચાઇએ, ચારસો સાત ફીટની ઉંચાઇએ, એક પહાડમાં બુલંદ કુદરતી ટનલ (natural tunnel) બન્યો છે તે જોઇ આવ્યા. હજારો હજાર વર્ષના કોઇ ચાલુ હવાપાણીની અસરથી ખોડાઇને બનેલો આ મોટો ટનલ છે. આ ટનલ દાખલ થતાં પાંસેક ફીટ ઉંચો છે, પણ પેલે પાર બસો છેંતાલીસ ફીટ ઉંચો છે. તેની કુલ્લે લંબાઇ પાંચસો પાંત્રીસ ફીટ છે. તેની પોહોળાઇ છત્રીસથી છપન ફીટ છે. તેમાંથી તમો પસાર થઇ પેલે નાકે જાઓ છો, ત્યાંથી બીજી બાજુનો દર્યો દેખાય છે. દર સાલ ઉપરથી પથરો પડતા હશે, સબબ કે તે પસાર કરતાં નાના મોટાં ખડકના ટુકડાઓ (boulders) તપાસી તપાસી ઓળંગવા પડે છે. અંદર જઇ ઉભા રહી કાંઇક ચીંતા સાથે—સબબ કે કોઇ પણ વખતે માથાં ઉપર નવો પથર ગબડી પડે એવો ભય રહે છે—૨૦૦ ફીટ ઉંચેનો ખોડાયલો ભાગ જોઇને હવા-પાણી આ પૃથ્વીને તેનું રૂપ આપવામાં શું ભાગ લે છે તેનો ખ્યાલ આવે છે. અજાયબીથી આપણને દંગ કરે એવો આ કુદરતી બનેલો ટનલ છે. અંદરથી તેને નાકે સુધી જતાં એક કલાક થાય છે.

આજે બપોરે સ્ટીમર થોડો વખત ભર દર્યામાં ઉભી રહી. સબબ પુછતાં માલમ પડયું કે નોર્વેને સ્વીદનથી છુટું પાડી જુદું રાજ્ય બનાવનાર એક મોટો રાજ્ય અધીકારી મરણ પામ્યો છે તેની પવીત્ર યાદ કાજે તે ઉભી રહી હતી. હું પેહેલે છત્રીસ વર્ષપર સ્વીદન નોર્વે આવ્યો હતો, ત્યારે એ બન્ને દેશો પેલા જાણીત.

રાજા ઓસ્કાર (Oscar)ના અમલ હેઠળ જોડાયલા હતા. હાલ છુટાં પડવાનો સબબ આ છે કે નારવેજીઅનોની મુખ્ય ફર્યાદ આ હતી કે સ્વીડનના રાજા તેઓના મુલક તરફ જાણે સાવકાં બચ્ચાં માફક જોતા હતા અને નોર્વેના ભોગે સ્વીડનને ઘણો લાભ આપતા. દાખલા તરીકે બહારગામ કોનસલો મોકલે તો કોઇ પણ વખત નારવેજીઅનને કોનસલ નહીં નેમે.

તા૦ ૪ થી જુલાઇ— અમેરીકાનો સ્વતંત્રતા જાહેર કરવાનો દિવસ.

તા૦ ૪ થી જુલાઇનો દિવસ આ દર્યામાં કાંઇ નવા અનુભવ સાથે પસાર થયો. સવારે સાડાસાતને અમલે તુટક ઉપર બંદગી કરતાં કરતાં બોટના ઉંચા દોલ ઉપર અમેરીકન વાવટો ઉડતો જોયો તા૦ ૪ થી જુલાઇને દિવસે આસરે દોઢસો વર્ષપર અમેરીકાએ સ્વતંત્રપણું (Independence) મેળવ્યું હતું, તેનો એ વાર્ષિક દિવસ હતો. તેથી પોતાની બોટ ઉપર મોટી સંખ્યામાં જે અમેરીકનો હતા તેઓ તરફના અને તેઓના દેશ તરફના માનને ખાતર કેપટને એ વાવટો ચઢાવ્યો હતો સ્ટીમર ઉપર ચીકાગોના એક અમેરીકન ગ્રહસ્થ હતા, તેવણે આ દિવસે અગ્યાર કલાકે જમવાના મોટા ઓરડામાં એક મીજલસ આ યાદગાર દિવસ પાળવા કાજે ભેગી મળવાની ગોઠવણ કીધી હતી. ૧૧) વાગે ઘંટ થયો અને સર્વ ભેગા મળ્યા. તેવણે મેહેરબાની કરી મને આગમજથી વાકેફ કર્યો હતા અને મારે અમેરીકનોના આ મોટા તેહેવાર પાળવાની મીજલસમાં કાંઇક ભાગ લેવાનો હતો. સ્ટીમરના નાના "ઓરકેસ્ત્રા" બેંડે અમેરીકન નેશનલ સોંગ "The Stars-spangled Banner"નાં ગીતથી પ્રોગ્રામ શરૂ કર્યો. શરૂઆતમાં અને પછી વચમાં, ઉપલા ગ્રહસ્થ, જેવણ સરનશીન હતા, તેવણ આજની બાબત ઉપર વીવેચન કરતા હતા. એઓના ઉપલાં "નેશનલ સોંગના" શરૂઆતના શબ્દો નીચે પ્રમાણે છે:—

"Oh! say Can you see by the dawn's early light.

What so proudly we hailed at the twilight's last gleaming.

રોશનીના સંબંધમાં અગત્યતા ધરાવતા આ મુલકમાં આ શબ્દો જાણે ઘટતા અને દરૂસ્ત હતા. એઓના આ ગીતનું ઉપલું નામ એઓના રાજ્ય અમલની રચનાનો કાંઇક ખ્યાલ આપે છે. એઓએ પોતાનું બંધારણ ૧૩) રાજ્યો (states)થી શરૂ કર્યું. બાકીનો મુલક ફક્ત ટેરીટરીઝ (territories) તરીકે ગણાતો. જેમ તે મુલકના ભાગો બરાબર અમલમાં મેલાતા ગયા, તેમ તેઓનાં સ્ટેટ બનતાં જઇ પેહેલાં સ્ટેટસમાં તેઓ જોડાતાં ગયાં અને હાલમાં એવાં ઉડતાળીસ સ્ટેટોનું યુનાઇટેડ સ્ટેટસ (United States) બન્યું છે. હવે એ હરેક સ્ટેટનો એક સેતારો (star) હતો અને તે પ્રજાના ઝુંડાપર મેલાતો. આ દિવસે રાત્રે આ દિવસની યાદમાં મોટું ખાણું કેપટને આપ્યું હતું, તે વેળાએ આ ૪૮) સેતારા સાથનું કપડું ત્યાં ટાંગ્યું હતું.

આજનું પ્રોગ્રામ એઓના નેશનલ એન્થમ (National Anthem) સાથે તમામ થયું, જેમાં આખી મીજલસે ઉઠીને ભાગ લીધો. કોઇ અજબ સંજોગ વસ્ગે એઓના એ એન્થમનો રાગ (tune) આપણા ગોડ સેવ ધી કીંગ (God save the king)ના રાજગીતને મલતો છે. એ એન્થમનાં શરૂઆતના શબ્દો આપણા એન્થમ માફક મને કાંઇક મજાહની ગીલી લગાડે છે. તે નીચલા શબ્દોથી શરૂ થાય છે.

My Country! Tis of Thee
Sweet Land of Liberty
Of Thee I sing

જ્યારે નીચલી સતરો ગાય છે કે:—

Thy name I Love
"I love thy rocks and rills
Thy woods and templed hills.

My heart with rapture thrills
Like that above,

ત્યારે આપણુને આપણી "નેમો આઓધણાંમ"ની બંદગી યાદ આવે છે, જેમાં પણ કુદરતની બુલંદ પેદાયશ તરફ "નેમો" યાને "નેમાજ" યાને મોહોબત (love) જાહેર કરે છે.

આ નોર્વેના સુંદર મુલકના સુંદર પહાડો આ ગીતમાં બોલાતા "Templed hills" યાને "મંદીર સમાન પહાડો"ના દાખલા રજુ કરે છે.

પ્રોગ્રામની સેવટે "નેશનલ એન્થમ" રજુ થવા આગમજ મને એલતેમાસ થવા પ્રમાણે હું દીલસોજી દેખાડનારા થોડાક શબ્દો બોલ્યો અને સેવટે નીચલી માહાતાબને અરજ કરતી ફારસી ગજલની કાંઇક કડીઓ તરજુમા સાથે ગાઇ સંભળાવી.

"અએ માહે આલમ-સુઝે મન!
અઝ મન ચેરા રંજીદે ઇ;
વએ શમએ શબ-અફરૂઝે મન!
અઝ મન ચેરા રંજીદે ઇ."

મારી આખી જીંદગીમાં જાહેરમાં મેં કોઇ વખત ગીત ગાયું હોય તો તે આ ઉમરે આ રોજે હતું અને તે પણ ક્યાં? પારકી અમેરીકન મીજલસમાં, નોર્વેના પહાડી મુલકમાં, તેના સુંદર દર્યાની સફીલપર, એક ચાલતી સ્ટીમર ઉપર! એની કાંઇ અજબ બનાવ! મારે મનથી કાંઇ અજબ અનુભવ! ખુદાની મેહેરથી હું જરૂરી હલકથી તે ગાઇ શક્યો હતો, એ મારી ખુશી હતી. Oh-you young man! એવા શબ્દોથી ઉપલા મિત્રે આ ગાયણ માટે પોતાની ખુશી જણાવી ત્યારે તે મારી બેવડી ખુશી થઇ પડી હતી. સ્ટીમરનાં માણસોને આગળ જણાવ્યા પ્રમાણે ચંદ્રમા માટે દલગીરી-ભર્યો સાદ (plaintive voice)થી ગાતા સાંભળ્યા હતા, તે ઉપરથી આ ગજલ ગાવાનું મને સુજ પડયું હતું.

મેરોક તરફનો માર્ગ.

સનીવાર તા૦ ૪થી જુલાઇએ ચાર વાગ્યા પછી મેરોક (Merok)ના ગામ તરફ જવા જે માર્ગમાંથી પસાર થયાં તેની સુંદરતા, તેની ખુબસુરતી, તેની મનહરણ બલીહારી માટે હું શું કહું અને શું રહેવા દઉં? ખુદાતાલાની ખુદાઇ લાકડી અહીં અને તહીં ફરી શું શું સુંદરતા પાથરે છે! આજે તો જાણે સુંદરતાની ટોંચ (climax) આવી હોય—હજુર, આવી હોય એમ નહીં, પણ આવતી હોય તેમ કહું, સબબ કે કાલે શું જોઇશું તે કેમ કહી શકું?—એમ જાણે લાગે છે. અમારી બોટ સુંદ'માં સુંદર પાણીના માહેલા ભાગો (fjord or ford)માંથી પસાર થવા લાગી. તે સ્ટોર ફોર્ડ (Storfjord)માં અને પછી સુનેલ્વઝ ફોર્ડ (sunelvsfjord) અને પછી ઘણા સાંકડા ઉભા પહાડોથી ઘેરાયલા સુંદર ગઇરંગેર ફોર્ડ (Geirangerfjord), જે નોર્વેના સુંદર ફોર્ડોમાં એક ઘણા સુંદર ફોર્ડ યા પાણીનો ભાગ ગણાય છે તેમાં દાખલ થઇ. નોર્વેના મુલકના આ લાંબા નામોનો ઉચ્ચાર કરવામાં એક અજાણ પુરૂષ તરીકે મારાથી કાંઇક ભુલ થતી હશે તે માટ દરગુજર ચાહું છું. અહીં એક બે નહીં, પાંચ પચીસ નહીં, પણ સેંકડો પાણીના નાના અને મોટા ધોધો અમો બન્ને બાજુએ જોતા પસાર થતા. સ્ટીમર કેઠે પહાડોથી ઘેરાયલા ૩૦૦ યા ૪૦૦ ફીટના સાંકડા ભાગમાંથી પસાર થતી. તેની બન્ને બાજુએ સુંદર પહાડો દોડતા, જે કેઠે ઉભા પાંચસોથી હજાર ફીટ ઉંચા હતા. તેમાં સેંકડો નાના મોટા સુંદર પાણીના ધોધો હેઠે ફોર્ડના પાણીમાં પડતા. કેઠે કેઠે તો બન્ને બાજુના ધોધોના અવાજનું સુંદર ગાણું સંભલાતું. કેઠે સો, બસો યા ત્રણસો ફીટથી તો કેઠે પાંચસો સાતસો ફીટ ઉંચેથી તે ધોધો પડતા. આપણા દેશમાં ગોઆ તરફના "ગએર સપ્પા" (Gairsappa)ના ધોધ જોયા

હતા. ત્યારે તે બાબે જે વાંચેલું હતું તે ઉપરથી એવા ખ્યાલમાં હતો કે તેઓની આસરે ચારસો ફીટની ઉંડી પડત (dip) ઘણી મોટી ગણાતી. પણ અહીંના ધોધોની એકદમની પડત આગળ તે કાંઇ બીસાદમાં નહીં. કેઠે જાણે સફેદ ફુમતાં હોય તેમ, તો કેઠે ઝીણી ધારમાં, તો કેઠે મોટા ધોધબંધ જથ્થામાં તે ધોધો પડતા. જાણે ધોધોના મોજાંઓમાંથી પસાર થતા. આ જગ્યાએ ફકત આ ધોધોનીજ ખુબસુરતી નહીં સમજવી, પણ અહીંતહીં, થોડા કે ઘણા બરફથી ઢંકાયલા પહાડોની અને કેઠે કેઠે બુલંદ ખડકોની ખુબસુરતી અને દબદબો નેહાલવાનાં છે.

મેરોક ગામ.

આ મેરોક (Merok) ખાતે અમારી સ્ટીમર સાંજના થોભી, સબબ કે અહીંથી કાલે એક સેહેલપર જવાનું હતું. તેટલાં સાંજે આઠ કલાકે સ્ટીમરની લાંચમાં જઇ ત્યાંનો મોટો ધોધ જોઇ આવ્યા ત્યાંનું ગામ છુટાં છુટાં ઘરોનું એક નાનું ગામ છે. કિનારે એક નોરવીજીઅન જોડું જે અંગ્રેજી જાણતું હતું તે મળ્યું, અને તેઓ સાથની વાતચીતે ઘણા વીચારો સુચવ્યા અને અત્રેની ખબર આપી. બાઇ બાવીંદ કરતાં ઘણી ચંચળ હતી અને ધાર્મીક બાબતો ઉપર ગંભીર વીચાર કરનારી હતી. તેણીએ આપણી હીંદી ભગવતગીતા (Bhagvat Gita) ના અંગ્રેજીમાં એકથી વધુ તરજુમા વાંચી અભ્યાસ કર્યો હતો અને હીંદી ફીલસુફી ઉપર માહીત હતી. તેણી ક્રીશ્ચીઆનાથી અત્રે હવા ફેરબદલ કરવા કાજે આવી હતી. તેણી ફર્યાદ કરતી કે "અમારાં લોકો પાસે નાણું ઉઘરાવી મીશનરીઓ હીંદુસ્તાન, જ્યાં પુરતું ધાર્મીકપણું અને ખુદાનું આકીન છે, ત્યાં જાય છે, તેને બદલે તેઓનું અહીં યુરોપમાં, જ્યાં ઘણો અંધકાર છે અને ખ્રીસ્તી ધર્મ તેના વાસ્તવીકપણામાં બરાબર પળાતો નથી, ત્યાં વધારે કામ છે." તેણીએ ઇચ્છયું કે હીંદુસ્તાનની ફીલસુફી શીખવનારા હીંદુ મીશનરીઓ અત્રે આવે, જેઓને જોઇ તેઓ ઘણાં ખુશી થશે.

૨ રવીવાર

જયુપવશીટેન તરફના બરફનાં સરોવરની મુલાકાત.

તા૦ ૫ મીએ આ મેરોક ગામને કિનારે ઉતર્યા અહીંથી એક રસ્તો નોર્ડફ્યોર્ડ (Nordfjord) અને પુર્વના નોર્વે તરફ જાય છે. એ માર્ગમાં જયુપવશીટેન (Dyupvashytten) એટલે ઉંડાં સરોવરનું ઝુંપડું (The Deep Lake Hut) નામનું હોટેલ જે એક સુંદર સરોવર, જેમાં બરફ તરતું દીસે છે, તે ઉપર ત્રણ હજાર બસો પંચાણું ફીટની ઉંચાઇએ બાંધેલું છે, ત્યાં અમો આગળ જણાવેલી નોર્વેની પુરાણી ઢપની બગીરોકી ગાડીમાં ગયા. સુંદર ખીણમાંથી પસાર થવા બાદ અમો એવા ભાગમાંથી પસાર થયા કે જ્યાં જે બરફના ખેતરો (snow-fields) કહેવાય છે તે હતાં. બરફનાં કોઇક મેદાનમાંથી બરફ કાપી કહાડી, તેનાં પીગળતાં પાણીને જુદો માર્ગ આપી તેમાંથી રસ્તો કોતરી કહાડયો છે અને આપણી ગાડીઓ બરફનાં તેવાં ખેતરોમાંથી પસાર થાય છે. સેવટે એક મોટા સરોવરપર આપણે આવ્યે છિએ કે જેમાં બરફ તરતું રહે છે. એવો એક નાનો સરોવર (Lakelet) જે આસરે ૧૦) વર્ષપર કાશમીર ખાતે ગુલમર્ગની ઉપરના પહાડ ઉપર જઇ જોયો હતો અને જે માટે તે વખતે આ પત્રદ્વારે મેં લખ્યું હતું, તેની અત્રે યાદ આવી. પણ આ સરોવર કેશમીર કરતાં મોટો હતો. આ મુલકમાં અલબત્તે આપણી કેશમીરની સુંદર ખીણની વારેઘડીએ યાદ આવે છે, પણ અહીં સર્વ મોટા પ્રકારમાં અને વધારે સુંદર છે. અહીં આવી ખુદાતાલાની સુંદર જગ્યાઓએ સાહાસીક પુરૂષો હોટેલ ઉઘાડે છે અને ત્યાં હજારો સફરીઓ કુદરતની બલીહારી જોઇ આફ્રીન કરે છે. આ હોટેલવાળાએ કાંઇક થોડી સામગ્રી મેલી છે તે મારફતે અહીં પડેલાં બરફના એકાદ નાના ઢળાવ

ઉપર ચઢી, આપણે બરફ ઉપરથી સરવાની કાંઇક ગ્રાની ગમત મેળવી શકયે છિએ, તેવી કાંઇક ગમત ત્યાં મેલેલી લાકડાંની એક નાની સ્લેજપર બેસી મેળવી.

બેર્ગેન-સકે સ્ટીમર કું૦ની
સ્ટીમર લીડા,
તા૦ ૯ મી જુલાઇ ૧૯૨૫.

નોર્થકેપ તરફથી વળતી સફર—મેરોકથી બેર્ગેન (Bergen).

મારી નોર્થકેપ તરફની સેહેલનાં વર્ણનનું હું આ છેલ્લું પત્ર ઇંગ્લાંડ પાછું ફરતાં સ્ટીમર ઉપરથી કાંઇક ધ્રુજતી કલમથી લખું છું, સબબ કે જોકે દર્યો જતી વખત માફક તોફાની નથી—તે વખતે કિનારે પહોંચતાં તે સબબે બે કલાક મોડું થયું હતું—તોપણ તદન શાંત નથી. આ તરફનો દર્યો પોતાની કાંઇક અશાંતી માટે જણાયલો છે, માટે તે થોડો ઘણો પોતાની અસરપર જાય છે. આ પત્ર મેરોક ગામ છોડવા બાદની વલતી સફરના છેલ્લા ભાગની બાબત ઉપર છે.

ઓલ્ડેન (Olden) ત્યાંથી એક મોટા ગ્લેશીઅરની મુલાકાત.

સોમવાર તા૦ ૬ ઠી જુલાઇએ નોર્થફોર્ડ (Northfjord), જે નોર્વેના કિનારાપરનાં સુંદરમાં સુંદર માહેલા પાણીના ભાગોમાંનો એક ગણાય છે, તેમાં અમારી બોટ દાખલ થઇ અને અમો તેના નાકેનાં ઓલ્ડેન નામના ગામ આગળ આવ્યા. ત્યાં કિનારે ઉતારી અમોને ઘોડાગાડીમાં બ્રીક્ષડલ નામના બરફના ગ્લેશીઅર (Brixdal Glacier) તરફ લઇ જવામાં આવ્યા. આ બરફનો નદી સમાન ઢળાવદાર ડુંગર યોસ્ટેડાલસબ્રી (Jostedalsbrae) નામનાં બરફનો ગ્લેશીઅર, જે યુરોપમાં સર્વેથી મોટામાં મોટો ગ્લેશીઅર ગણાય છે, તેનો એક ભાગ (offshoot) છે. તેનો વીસ્તાર ત્રણસો વીસ ચોરસ મૈલનો છે, તની આજુબાજુના અને નીચેનાં બરફના મેદાનો (snow-fields) સાથે તો ત પાંચસો ચોરસ મૈલનો ગણાય છે. એક કલાક રસ્તો કાપવા બાદ એક મીઠા પાણીના સરોવરપર, સુંદર સંખ્યાબંધ નાના મોટા ધોધો જોતા તમો એક મોટર લોંચમાં સફર કરો છો. નોર્વેના કિનારા ઉપરની આ સફરમાં તમો સેંકડો ધોધો આસરે પાંચસોથી એક હજાર ફીટની ઉંચાઇથી સીધા યા એકાદ બે પડત સાથે જોઇ જીવને ખુશ કરો છો. કોઇ મોટા ધોધો આખી ખીણને અવાજથી ધ્રુજાવતા, તો કોઇ ઝીણું નાજુક ગાણું ગાતા. તેઓના રૂપમાં પણ તરેહવાર ચોંકાણકારક ફેરફારો તમો જુઓ છો. આ સબબે કોઇ કોઇને તરેહવાર નામો આપેલાં હોય છે. દાખલા તરીકે એકાદ ધોધને કન્યાનો બુરખો (Bridal veil) એવું નામ મળ્યું છે, સબબ કે તે દેખાવમાં એક નવી પરણવા જતી કન્યા મોંઢા ઉપર છુટો વીખરાયલો ઝીણો સુંદર બુરખો નાખે છે તેવી ઝીણી ધારથી પડે છે. ધોધોના કોઇ ઝુમખાને "સાત બેહેનોના ધોધો (Seven Sisters' Waterfalls) તરીકે ઓળખે છે. કોઇનો પાણીનો જથ્થો અને પડત એવી હોય છે કે તેની રજકણો જાણે વાદળાં રૂપે ઉડે છે અને ચઢે છે.

ઉપલો ઉંચો અને આડાઅવળા પહાડોથી ઘેરાયલો સરોવર તેના બીલોર જેવા ઠંડા પાણીમાં નીચેથી જાણે કુદરતનો "સીનેમેટોગ્રાફ" જોતાં એક કલાકમાં પસાર કીધો. પછી પાછા ત્યાંની પુરાણી ઢબની ગાડીમાં સવાર થયા. એક કલાકની બીજી મંજલ બાદ ત્યાં સેહેલાણીઓ માટે ઉભી કરેલી મોટી ઉતારાની જગ્યા, જે 'ઇન' (Inn) તરીકે તેમજ હોટેલ (Djupvandit oeranger) તરીકે બોલાય છે, ત્યાં

આવી પહોંચ્યા. હવે હજુર એક કલાકની કાંઇક મુશકેલ ચઢાણ સાથની ચાલ, જે પાછલા ભાગમાં મોટા છુટા પત્થરો (boulders) તેમ સુપારા પગ સરી જાય તેવા ખડકો ઉપરથી હતી, તે બાકી હતી. તે ચાલ તમામ કરી તમો તમારી બારણાવાળા ગંજાવર ગ્લેશીઅરની એક શાખાની તળેટીએ આવી ઉભા રહ્યા છો અને કાંઇક માનભરી ચિંતા ઉપજાવે એવા દબદબાભર્યા (awful majestic) બરફના ઉતરી આવતા પહાડનો દેખાવ જુઓ છો.

તમારી આગળ, નીચેના ભાગમાં, જાણે એક બરફની જરા ઢળાવદાર દીવાલ હોય તેવી દીવાલ તેમાં જોઇ એક હાથ ઉપર અજાયબીથી દંગ થઇ, બીજા હાથ ઉપર ખુશ ખુશ થઇ અને કુદરતની કરામત ઉપર કુરબાન થઇ, "આફ્રીન! આફ્રીન!" પોકારતા ઉભા રહો છો. મેં આ દીવાલની હેઠે થોડેક તફાવતે ખડક ઉપર બેઠક લઇ મારી નોંધપોથી કાઢી કે કાંઇ વીચારો નોંધું. પણ થોડીક પળમાં ઉંચે જોતાં કોઇક ચિંતાનો મોજો મનમાંથી પસાર થયો કે કદાચ આ એજ પળે પેલા શાસ્ત્રીઓએ જણાવેલા "એવેલાંશ" (avalanche) નો બનાવ બને અને બરફની દીવાલમાંથી એક ટુકડો આવી પડે તો શું થાય? ખુદાએ થોડી કે ઘણી જીંદગી જે બાકી રાખી છે તે મારા માટે નથી, પણ મારાં વાહલાંઓ માટે અને બીજાઓ, જેઓની હું કાંઇક પણ થોડીક કમીની સેવા કરી શકું, તેઓના માટે ટ્રસ્ટમાં આપેલી જીંદગી છે. હું ઉઠયો અને દુર જઇ શાંત બેઠો. ત્યાં વીચારના વમળમાં બે ઘડી તે દાદારની સેપાસ સાથે પસાર કરી અને જે નોંધપોથીમાં લખ્યું હતું તે અત્રે નોંધું છું.

"ઓ ખુદા! તેં બક્ષેલી આ લાંબી જીંદગી, કશા ખાતર નહીં તો તારા આ સુંદર ગંજાવર દબદબાભર્યા મોટા દેખાવ માટે જીવવા લાયક, ભોગવવા લાયક દીસી છે. તારી કરામત માટે મારી કમીની નેમાજ! તારી મહેર માટે મારો જીગરનો સેપાસ! આ મારા દહાડાઓમાંનો એક દહાડો!!" થોડોકવાર રહીને ઉઠીને આજુબાજુ કાંઇક ફર્યો. મારા નાના બેઉ મિત્રો, ભાઇ જાલ અને સોરાબ મોદી પાસે, તેઓનાં પુરતાં જોરથી બરફની દીવાલપર પત્થરો ફેંકાવ્યા કે બરફની કાંઇક બનાવટનો ખ્યાલ આપે, તો માલમ પડયું કે બરફ ઉપરથી આવતા ધમતા બોજા (pressure)થી જડ થઇ કાણુ આરસ માફક એવું તો બંધાયલું કે ફકત તેના જાણે બેચાર કાંકરા ખરે. બાજુથી હેઠે ઉતર્યાં અને તે દીવાલને હાથ લગાડી કાંઇક ટુકડો કાઢવાની કોશેશ કરતાં થોડીક રજકણો હાથ આવી. તે મોંઢામાં મુકી, તનને નહી, પણ મનને સંતોષની ઠંડક આપી.

અહીંથી શરૂ થતી પાણીની ગર્તેશ.

જ્યારે હું અહીં દીવાલ માટે બોલું છું, ત્યારે કાંઇ આખી મોટી ઉભી દીવાલ સમજવી નહી, પણ આ સેવટનો ભાગ સમજવો કે જયાંથી એક ઉંડા મોટા ગોફાસમાન અંધકારવાળો ભાગ, જે દબદબાભર્યો અને સાથે કાંઇક ચિંતાભર્યો દેખાવ આપતો હતો, તેમાંથી ધોધબંધ પાણી વેહેતું હતું. તે પાણી વહીને એક નાની નદી બનાવતું, જે આગળ જતાં આ ગંજાવર ગ્લેશીઅરના બીજા ભાગો (off-shoots)માંથી આવતાં પાણી સાથે મળીને જરાક મોટી નદી બનાવતું. તે નદી વહીને મેં આગળ જણાવ્યું તેમ સરોવર બનાવતું. તે સરોવરનાં એક ખુણામાંથી પાણી વહી પાછી એક નદી બનતી, તે નદી ઓલ્ડેનની ખીણ (Olden Valley) માંથી વહી પાણીના ધોધો બનાવતી. એઓમાંનો એક મોટો ગંજાવર ધોધ આગલી સાંજે મેં તેની ઉપર લાકડાં ગોઠવીને બનાવેલા ઝુલતા નાના પુલ ઉપરથી તેની સુંદરતામાં નેહાળ્યો હતો. એ પુલ ઉપર ફકત એકેક માણસેજ ઉભું રહેવું

સલામત છે. આ ધોધનું પાણી ત્યાર બાદ પાછું નદી બની અમારી સ્ટીમર ઉભી હતી તે પાણીના ભાગ (ford)ને જઇ મળે છે. કોણ જાણે છે કે તે પાણીમાંનું કોઇક ટીપું દર્યાવને મળી ત્યાંથી બાષ્પીકરણ (evaporation)થી આસમાનપર ચઢી વાદળું બની, પાછું બરફ રૂપે એજ પહાડ ઉપર પાછું પડશે, યા બીજે કેઠે કદાચ કોઇ મોટી ગર્દેશ કરતું કરતું નોર્થ સી, બ્રીટીશ ચેનલ, જીબ્રાલટરની સામુદ્રધુની, ભુમધ્ય સરોવર, સુએઝની નેહેર, રાતો સમુદ્ર ઓળંગી તમારાં શેહેરના અરબી સમુદ્ર યા હીંદી મહાસાગરમાં આવી ત્યાંથી બાષ્પીકરણથી ઉપર ચઢી તમારા હીમાલય (Himalaya)ના શિખર ઉપર જશે યા કદાચ વર્ષાદરૂપે મારાં મુંબઇ શેહેરપર પડી મારાં કોઇ વહાલાંઓ યા મીત્રોનાં તનને ભીંજવશે યા તેઓની તરસ મટાડશે. આહ! આ પાણીની ગર્દેશ કુદરતની ગર્દેશને લગતા મનને મોજ આપનારા, નીતીનો ધડો આપનારા ઘણા વીચારો સુચવે છે. આપણાં એક પેહેલવી પુસ્તકમાં કહે છે તેમ, જે ટીપું સ્વચ્છ હશે, સફ હશે, ખાલેશ હશે, તેજ હલકી વરાળ તરીકે ઉપર ચઢશે. જાણે તે દાદાર હજુર ચઢશે. જેમાં કાંઇ મિશ્રણ હશે, ખાર હશે, ભાર હશે તે જમીનપર ઠરી રહેશે. આપણા રવાનની ચઢાણનો પણ એજ વીચાર લેવો: જે ખાલેશ હશે તે જલદી ચઢશે.

વીચારના વમળમાં ડોલતો, યુરોપનાં આ મોટામાં મોટા "ગ્લેશીઅર"ના ઠંડા પાણીના એક પ્રવાહનાં પાણીથી કુસતી પાદયાબ કરી તે દાદારને યાદ કરતો ઉપર જણાવેલાં હોટેલમાં પાછો ફરનાર હું છેલ્લો હતો. ત્યાં તનને હસ્તી આપનાર સ્થળ પ્રમાણે મળેલું સાદું સુતરું ભોજન લઇ તાજો થઇ ઉપર પ્રમાણેનીજ ગાડી અને સરોવર અને પછી પાછી ગાડીની સફર કરી સાંજે અમારે ઠેકાણે આવતાં ખોટે બીજા કોઇ સુંદર ખુણાં માટે ઉડાંગરી લીધી.

મંગળવાર, તા૦ ૭ મી

બાલહોલમ. જુલાઇએ અમો સોગનેફોર્ડ (Sognefjord) નામના નોર્વેના લાંબામાં લાંબા પાણીના ભાગમાં દાખલ થયા. સવારે નવને સુમારે બાલહોલ્મ અથવા બાલેસ્ટ્રાન્ડ (Balholm or Balestrand) નામની રળીઆમણી જગ્યાએ અમોને તે જોવા ઉતાર્યા. નોર્વેના સુંદર ખુણાઓમાં સાહાસીક હોટેલવાળાઓ, હવાનો ફેરફાર કરવા કાજે, ઠંડે પેટે અને ધીરે ધીરે, અહીંતહીં, સફર કરનારા સફરીઓ માટે હોટેલો ઉઘાડે છે, તેવું એક મોટું હોટેલ આએ જગ્યાએ આવ્યું છે. તે હોટેલના મોટાં દીવાનખાનામાં મેલેલાં સુંદર ચિત્રો નોર્વેની સંસારી જીંદગીનો કેટલોક સામટો ખ્યાલ આપણને આપે છે.

અહીં આસરે દોઢ કલાક ખોભવા બાદ અમારી સ્ટીમર ઉપલા ફોર્ડમાં આગળ વધી. પાણીના આ ભાગને છેડે જતાં માર્ગમાં એક જગ્યાએ નોર્વેના આગલા એક "વીકીંગ" (Viking) રાજાનું મોટું પુતળું બરપા થયલું જોયું, જે માટે સ્ટીમરનાં નોર્વેજીઅન મિત્રોએ કાંઇક ખેદ સાથે જણાવ્યું કે માજી જર્મન શાહાનશાહ વીલીઅમે અત્રેના નોર્વેના રાજાને પુછ્યા પરછ્યા વગર આ મુલક સાથના જર્મનીના કોઇ આગલા સંબંધનો સબબ જણાવી આ પુતળું ઉભું કર્યું છે. એક નાનાં રાજ્ય તરીકે એક શાહાનશાહ સામે કોઇ અટકાવ કરનારું નહીં હોવાથી આ સાંખી જવામાં આવ્યું.

ગુડવાંગેનનો ફોર્ડ અને નીશડાલની ખીણ. અહીંના ફોર્ડમાં પાણી કેઠે કેઠે ચાર હજાર ફીટ સુધી ઉંડાં છે. અહીંનો પાણીનો ભાગ સાંકડો અને ઘણા ઉંચા પહાડોથી ઘેરાયલો છે. આ ફોર્ડમાંથી આગળ વધતાં અઉરલાંડસફોર્ડ (Aurlandsfjord) જે ઉપલા ફોર્ડનો એક ભાગ

છે, તેનાં સાંકડામાં સાંકડો ભાગ "નીરોફોર્ડ" (Naerofjord), જે પોહોળાઇમાં ફક્ત બસો ને વીસ ફીટ છે, ત્યાં આવ્યા. અહીં આજુબાજુના કેટલાક પહાડો હજારો ફીટ ઉંચા છે, જે ઉપરથી ઘણાક પાણીના ધોધો પડે છે. આ ઉંચા પહાડોની વચ્ચેના આ સાંકડા પાણીના ભાગમાં બોટ દાખલથઇ ગુડવા-ગેન (Gudvangen)ના સાંકડા ભાગ આગળ થોભી. અહીંથી નીરોડાલ (Naerodal) ની ખીણ શરૂ થાય છે, જેમાંથી નીરોએલ્વ (Naeroelv) નામની નદી શરૂ થાય છે. અમોને બોટમાંથી આએ ખીણમાં, આ નદીને કિનારે, મોટરમાં અને બીજા થોડાકોને ઘોડાગાડીમાં સ્ટાલહેમ (Stalheim) નામની જગ્યાએ લઇ જવામાં આવ્યા, જ્યાં બે મોટાં ગંજાવર પાણીના ધોધો મોટી ઉંચાઇએથી પડી ઉપલી નદી બનાવે છે. અહીં Stalheim Hotel નામનું હોટેલ, જે આસરે ૧૦૦૦ ફીટની ઉંચાઇએ છે, ત્યાં ગાડીમાંથી ઉતારી ત્યાંથી ખીણનો સુંદર દેખાવ દેખાડવા લઇ જવામાં આવે છે. આ ચઢાણ ચઢતાં ધીમી ચાલે આસરે સવા કલાક થાય છે. ત્યાં ચા પાણી કરી પાંચ વાગે અમો હેઠે ઉતર્યા. ઉપર ચઢવાની થાકવનારી મેહનત સાથે સરખાવતાં આ છેલ્લી મંજલ ત્યાંથી દેખાતા સારા દેખાવ છતાં મને અને ઘણાકોને નાસીપાસી ભરી લાગી.

બુધવાર, તા૦ ૮ મીની

બેર્ગેન શેહેર. સહવારે સાત વાગે અમો બેર્ગેન શેહેર, જ્યાંથી નોર્થકેપની રળીઆમણી ૧૫) દિવસની સફર શરૂ કીધી હતી, ત્યાં પાછા આવ્યા અને ઇંગ્લાંડ તરફ ન્યુકેસ્ટલ જતી સ્ટીમર બહારવને જનાર હોવાથી ત્યાં એક દહાડો થોભ્યા. આ શેહેરમાં બે ચીજો ખાસ જોવાલાયક છે. એક અહીંનો આસરે ૧૦૦૦ ફીટ ઉંચાઇનો એક પહાડ જ્યાં રોપ-રેલ્વેથી ઉપર ચઢયે છિએ. નોર્વેનો કિનારો સંખ્યાબંધ ટાપુઓ અને પાણીના ભાગો (fords) થી કેમ બન્યો છે તેનો ખ્યાલ આપણને આ પહાડ ઉપરથી બરાબર આવે છે. આપણે અહીંથી ઘણાક ફોર્ડો અને નાના મોટા ટાપુઓ જોઇએ છિએ.

અને બીજું જોવાલાયક મકાન સંગ્રહસ્થાન (Museum) છે. અહીંના સીક્કાઓના સંગ્રહમાં કેટલાક ઇરાનના પાર્થીઅન વંશના સીક્કાઓ જોયા. તેઓમાં મીથ્રીડાટીસ (Mithridates I મેહેરદાદ) ઓરોડીસ (Orodes I હુ-રઓધ ઇ૦ સ૦ પુ૦ ૫૪ થી ૩૭) ફ્રેઓરટીસ (Phraortes IV ફ્રવર્ત) અને વોલોજીસીસ (Vologeses પેહેલવી વલખશ)નાં સીક્કાઓ હતા. હીંદી સીક્કાઓમાં શાહ આલમ (ચોથા) અને આલમગીરને નામના જોઇએ છિએ. પોષાકોના સંગ્રહમાં Koinsledragt Parser એવાં નામના કાર્ડ હેઠળ આપણાં પારસીઓની સ્ત્રીની સાડી, મરદનું ખોખું અને બચ્ચાંનું ઝભલું જોયું. એ ગઇ સદીના આપણા પોષાકનો સંગ્રહ હતો, સબબ કે તે વખત પ્રમાણે પાઘડીમાં સફેદ રૂમાલ ખોસેલો હતો. અહીં આપણે ઉત્તર ધ્રુવ તરફનાં જાથુકનાં બરફમાં વસતા "એસ્કીમોસ" લોકોના ગરમ પોષાકનો અને વપરાશની ચીજોનો સંગ્રહ જોઇએ છિએ.

આ બેર્ગેન શેહેર નોર્વેનાં શેહેરોમાં એક પુરાણો દેખાવ (quaint old-world appearance) આપતું શેહેર ગણાય છે અને આ તરફનું મોટું માછલીના વેપારનું શેહેર છે. આપણા દેશમાં ૨૦૦) વર્ષપર જુદી જુદી યુરોપીઅન પ્રજાઓની કોઠીઓ (factories) સ્થપાઇ હતી અને તેઓના વહાણોના કાફલાઓ East India-Men of War તરીકે ઓળખાતા હતા. તેવા એક વલંદાના કાફલા સાથે, મુંબઇ અંગ્રેજોના હાથમાં આવવા પછી, ઇ૦ સ૦ ૧૬૬૫ માં અંગ્રેજી કાફલાને અત્રે લડાઇ થતી હતી. પુર્વ તરફના મુલકોનો અને તેમાં આપણા

દેશનો વેપાર પોતાને હાથ કરવાની હરીફાઈમાં ઘણી લડાઈઓ થતી હતી. કહે છે કે તેઓની એ લડાઈમાં અંગ્રેજો સામે ડેનમાર્ક જેનો અત્રે કાંઈક અમલ હતો, તેના ડેન્સ લોકોએ વલંદા (Hollanders)ને મદદ કરી અંગ્રેજોને હાર આપી અને તેઓની કેટલીક તોપ હાથ કીધી હતી. તેઓમાંની કોઈકને સુનાની પ્લેટ ચઢાવીને કહે છે કે આ શેહેરમાં યાદગાર તરીકે રાખી છે.

અમારી નોર્થકેપની સફર હસીખુશી સાથે સફળ કરવા માટે તે દાદારનો આભાર માની, અમોએ નોર્વેના મુલક, તેને છેલ્લી સલામ કરી, બેર્ગેનને કીનારેથી તા૦ ૯ મી જુલાઈએ સહવારે ૧૧–૩૦ ને અમલે છોડયો, અને તા૦ ૧૦ મી જુલાઈએ આસરે પાંચ વાગે અમો ઇંગ્લાંડને કિનારે પાછા ઉતરીશું.

સ્કોટલેન્ડ–એડીનબર્ગ,
નોર્થ બ્રીટીશ સ્ટેશન હોટેલ,
તા૦ ૧૨ મી જુલાઈ ૧૯૨૫.

સ્કોટલેન્ડ–એડીનબર્ગ.

બર્ગેનથી તા૦ ૯ મીએ સવારે ૧૧–૩૦ ને અમલે ઉપડેલાં અમો ન્યુ કેસ્ટલ તા૦ ૧૦ મીએ આસરે ૩–૧૫ કલાકે આવી પહોંચ્યા. ત્યાંમાંથી ટાઇન નદીમાં સ્ટીમર દાખલ થયા બાદ આપણને કિનારે, ખાસકરીને જમણા હાથ ઉપર, ચાલતાં બાંધકામોથી ઇંગ્લાંડની "શીપીંગ ઇનડસ્ટ્રી" યાને વહાણો બાંધવાના હુનરનો કાંઇક ખ્યાલ આવે છે, અને આપણે થોડુંક સમજી શકયે છિએ કે ગંજાવર મોટી સ્ટીમરો કિનારા ઉપર ગંજાવર માચડાઓ ઉપર કેમ બાંધવામાં આવે છે.

આગલા વખતમાં આપણાં હીંદુસ્તાન દેશમાં જે વહાણો બાંધવાનો હુનર જાણીતો હતો, તે હાલમાં કચડાઇ ગયો છે અને તેનું કારણ આ તરફના ન્યુ કેસ્ટલ, ગ્લાસગો જેવાં શેહેરોની આ બાબતની હરીફાઇ સમજે છે. યુનાની સીકંદર અને ઇરાની દારાયસે હીંદને કાંઇક આપ્યું હતું, તેમાં આ વહાણો બાંધવાનો હુનર પણ હતો. આપણા શાહ દરાયસે હાલના આગળ વધેલા વીદ્યા હુનર જેવું ઘણુંક સંગીન ભંડોળ તે વખતની દુનયાને આપ્યું હતું. જેમ સીકંદરનો દર્યાઇ સેનાપતી (Admiral) નીઆર્કસ હતો તેમ દારાયસનો સેનાપતી સાઇલેક્ષ (Sylax) હતો. દારાયસે તેને સીંધુ નદી ઉપર અને ઇરાની અખાતને કિનારે શોધખોળ (explorations) કરવાનું કેટલુંક કામ સોંપ્યું હતું. તેના વખતમાં ઇરાનનું દર્યાઇ બળ કાંઇક વધ્યું હતું. તે બળને આધારે તેણે હીંદુસ્તાનનાં વહાણોના બાંધકામનો કાંઇક હુનર આપ્યો યા શિખવ્યો હતો. આપણા ગઇ સદીના સુરતના લવજી વહાડીઆ અને તેવણના વારેસોએ આ હુનરમાં જે કુશળતા દેખાડી નામના મેળવી હતી, તે જાણે તેઓએ તેઓના ઇરાની બાપદાદાઓથી વારસામાં મેળવી હતી. પારસી પંચાયતના ટ્રસ્ટી સાહેબોએ આસરે પચીસ ત્રીસ વર્ષ ઉપર જાહેરમાં કરેલી અરજ ઉપરથી તે સાહેબોના હાથમાં જે કેટલાક દસ્તાવેજો આવ્યા હતા, જે મેં આગળ જણાવવા પ્રમાણે મુંબઇના એક પોરચુગીઝ પત્ર (Luoitano) માં છાપ્યા છે અને જેને તરજુમા આપણી કોમના મહાવારીઓ "જરથોસ્તી" અને "પારસી"માં પ્રગટ કરાવ્યો છે, તે પ્રમાણે આસરે બસો ત્રણસો વર્ષપર પણ તારાપોર, નારગોળ વીગેરેના કોસ્ટા ઉપરના આપણા પારસી હમદીનો વહાણો બાંધવાનો હુનર ચલાવતા હતા અને પોતાનાં વહાણો પણ આપણા પશ્ચિમ કિનારા ઉપર ફેરવતા હતા. આ વહાણોનાં બાંધકામનો હુનર ઇંગ્લાંડના એ કામના કારખાનાઓને હાથે કેમ પડી ભાગો તે બાબે "The Ship building Industry of India" એવે મથાળેના વિષયમાં આપણે કેટલુંક જાણવાજોગ

વાંચ્યે છિએ. (Indian Review of November 1922 p. 725). કસીદ હુનરમાં અસલી ફીનીશીઅનો અને ચીનાઓ સરસ ગણાયા છે. તેઓને તેઓના આ હુનરમાં ઉધારનાર (cradle) પણ દર્યાનો અખાત હતો. (જુઓ The Romance of Commerce, by Salfridge).

દર્યો અને ધર્મગુરૂ.

નોર્વેમાં, તેના દર્યાના નાના મોટા ભાગોમાં ફરતાં અને તે દેશ છોડી મોટા દર્યા માર્ગે અહીં ન્યુ કેસલ આવતાં, તેમજ દર્યા છોડતાં, તે દાહારની દાહારીમાં દર્યો જે કામ કરે છે તેના કાંઇક વીચારો આવે છે. એક લખનાર દર્યાને વાજબી રીતે ધર્મગુરૂઓ સાથે સરખાવે છે. ધર્મગુરૂઓનું એક કામ બેહદીનોને "સ્નાન" કરાવી યા "નાહાન"—બેપટીઝમમાં પણ એક જાતનું પવિત્ર પાણીનું સ્નાન છે—નાહવાડી પવિત્ર કરવાનું છે. તેમ દર્યાનું કામ પણ ફક્ત માણસોનેજ નહી પણ દેશોના કિનારાઓને ધોઇ સાફ કરી એક પ્રકારનું તેઓને નાહાન (ablution) આપવાનું છે. એ બાબે શાએર કીટસ (Keats) પોતાના એક સોનેટ (Sonnet) માં કહે છે કે

"The moving waters at their priest-like task
Of pure ablution round earth's human shores"

જ્યારે આપણે આપણા દેશમાં ગંગા, જમના, સીંધુ, ગોદાવરી વીગેરે નદીઓનાં કાંઠા ઉપર યા દર્યા સાગરના કિનારાપર સ્નાન કરવા જનારાઓને ત્યાં કોઇક ધાર્મીક ક્રીયા સાથે સ્નાન કરતા જોઇએ છિએ ત્યારે આ કાંઇક વધુ હદે વાસ્તવીક દેખાય છે.

સ્કોટલેન્ડ.

ન્યુ કેસ્ટલથી તા૦ ૧૦ મીની સાંજે નીકળેલાં અમો સ્કોટલાંડમાં એડીનબર્ગ ખાતે ૯ કલાકે આવી પોંહચ્યા હતા. સ્કોટલાંડ યુરોપના દેશોમાં જેમ સુંદર તેમ કાંઇ ઓર પ્રકારની પુરાણી અસલી યાત અને નવાઇ ધરાવતું (romantic) દેશ ગણાયું છે. સર્વ દેશીઓ પોતાના દેશ માટે ચાહ ધરાવે છે, પણ સ્કોટલેન્ડના લોકો પોતાના સુંદર દેશ (Bonnie Scotland) માટે અજબ ચાહ ધરાવે છે. તેવા ચાહ અને દેશાભીમાન સાથે તેઓ જયાં પણ હોય ત્યાં પોતાના મુલક માટે પ્રીતી દેખાડે છે. એનો દાખલો આપણે ઘણોખરો દર વર્ષે આપણા દેશમાં જોઇએ છીએ. તેઓ પોતાના દેશના રક્ષણહાર ગણાતા પીરની યાદમાં એક ખાણું (St Andrew's Dinner) કરે છે. તેઓના પહાડી મુલકે દુન્યાને જે કોઇક મોટા સાએરો અને સાહસીક નરો આપયા છે તે નરોની મગરૂરીભરી યાદ તેઓના દેશ માટેનો પયાર વધારે છે. એઓના દેશે એઓને અને ઇંગ્રેજી ભાપા જાણવી દુન્યાને સર વોલ્ટર સ્કોટ અને બર્ન્સ જેવા સાએરો અને મંગોપાર્ક અને લીવીંગસ્ટન જેવા શોધકો આપ્યા છે.

સર વોલ્ટર સ્કોટ અને સ્કોટલેન્ડ.

સર વોલ્ટર સ્કોટ અને સ્કોટલાંડ મારે મનથી જવાન વયે જાણુ એક "ઇકવેશન" હતું એટલે હું બંનેને જાણુ સાથે જોડતો આવ્યો છું. એડીનબર્ગના સ્ટેશન ઉપર ઉતરતાંજ ત્યાંના ઉપર નામ દીધેલાં હોટેલમાથી આ જાણીતા ઇંગ્રેજ કવી અને નવલકથા લખનારનું મોટું, તેના નામ અને કામને છાજતું, આશરે ૨૦૦ બસો ફીટ ઉંચું, એક ઓર પ્રકારની સુંદર, કાંઇક આરકાંરૂપી બાંધણીનું, મોન્યુમેંટ આપણે તેના પુતલાં સાથે જોઇયે છિયે. એડીનબર્ગ સ્કોટલેંડના સુંદર નામને છાજતું એક સુંદર શહેર છે. તેમાં તેનો પ્રીનસેસ સ્ટ્રીટ એક શણગાર છે અને તે શણગારવાળા મોહોલ્લાની આ સુંદર મોન્યુમેંટ વધારે શણગારરૂપ છે.

સર વૉલ્ટર સ્કોટ અને શાહનામાનુ એક દાસ્તાન.

મારા ઇંગ્રેજી અભ્યાસમાં મેં નવલકથાઓ ઘણી થોડી વાંચી છે અને જે વાંચી છે તે સર વોલ્ટર સ્કોટની નવલકથાઓ, જેવી કે ટેલીસમેન, કેનીલવરથ અને આઇવેન્હો, સ્કુલ અને કોલેજના અભ્યાસ માટે વાંચી હતી. કોઇ અજબ રીતે શાહનામાના દાસતાનો તરફ મારૂં ધ્યાન આ સ્કોટલેંડના કવીએ ખેંચ્યું હતું. આપણામાં આગળ પરનચકી વગેરે જગ્યાઓએ, ગઇ સદીની શરૂઆત અને અર્ધવચે, ઇરાનના પાદશાહ પહેલવાનોના દાસ્તાનો વંચાતાં હતાં, તે મુખ્ય કરી બરજોરનામાના હતાં અને શાહનામાના થોડાં હતાં. દસ બાર વર્ષની ઉમરથી મને દાસ્તાનો સાંભળવાનો અને વાંચવાનો શોખ લાગો હતો તે બરજોરનામાનાં દાસ્તાનો હતાં. ખુદ શાહનામાના દાસ્તાનો તે વખતે ઘણાં થોડાં જણાયલાં હતાં. પેલા કહેવત સમાન શબ્દો છે કે "A man is the child of circumstances" એટલે "એક માણસ સંજોગોનું બાળક યા પરીણામ છે", તેમ મારા સંબંધમાં હતું. મારા પીતાજીના હસ્તકની શેઠ જીજીભાઇ દાદાભાઇની કોલાબાની દરેમહેરમાં બરશનુમ લેવા આવનારા સાહેબોમાં કોઇ બુલંદ આવાઝવાળા મોબેદ સાહેબ બુલંદ આવાજે રાતના અગીઆર યા બાર વાગા સુધી બરજોરનામું વાંચતા હતા. તેમાં એક મારા મરહુમ ખેશી એરવદ પાલનજી દાવસજી માદન હતા, જેવણ દેખાવે રૂઆબ છાતીના અને બુલંદ કદના અને હિમતવાન હતા, તેમ આવાજે પણ બુલંદ સુંદર હલક ધરાવતા. તેવા મોબેદ ભાઇઓના વાંચણથી મારાં દાસ્તાનો વાંચવાનો શોખ બરજોરનામાંથી શરૂ થયો હતો. શાહનામાનો વાંચવા લાયક તરજુમો ત્યાંસુધી થયો હતો નહી. આ પછી જયારે સોલ સતર વર્ષની ઉમરે સ્કુલ અને કોલેજમાં સ્કોટની નોવલોનો અભ્યાસ મેં કર્યો ત્યારે તેની તેલીસમેન (Talisman) નામની નોવેલ વાંચતાં તેણે તેનાં ફુટમાં ઇસારો કરેલાં જોહાક ફરેદુનના દાસ્તાને મારૂં પહેલું ધ્યાન શાહનામાના દાસ્તાન ઉપર ખેંચ્યું.

આ સાએરના નામ સાથે મારી વધુ પિછાણ કરાવનાર તેની "લેડી ઓફ ધી લેક"ની કવીતા હતી કે જે એલફીનસ્ટન હાઇ સ્કુલમાં શિખતાં મોઢે કરાવવામાં આવતી હતી.

ઇંગ્લંડ અને સ્કોટલેંડ જાણે ઇરાન અને તુરાન.

ઇરાનં અને તુરાન બેઉની સરહદો એક એક સાથે મળેલી હોવાથી તેઓની તવારીખ ઘણી ખરી એકમેક સાથની લડાઇની તવારીખ હતી; તેમજ કેટલેક મઆરે ઇંગ્લાંડ અને સ્કોટલાંડ વચ્ચે આગલા વખતમાં હતું. ઇરાનની સરહદ તુરાન સામે સાચવનારા મરઝબાનો માફક ઇંગ્લેંડની સરહદ સ્કોટલેંડ સામે સાચવી રાખનારા પુરાણા મારકવીસો હતા. આ "મારકવીસ" શબ્દ પોતે પણ જાણે મરઝબાન શબ્દનું એક રૂપ છે. જયારે પણ સ્કોટલેંડના લોકો ઇંગ્લંડની સરહદ ઉપર હુમલા કાજે આવતા ત્યારે એ સરહદના મરઝબાનો પહાડો ઉપર મોટો આતશ તે હુમલાની ખબર આપવા સળગાવતા. એમ એક પહાડ ઉપરથી બીજા દુરના પહાડ ઉપર આતશ સળગાવી આ હુમલાની ઇંગ્લંડને ખબર આપવામાં આવતી. જ્યાંસુધી એ બે મુલકો એક રાજાના હાથ હેઠળ જોડાયા હતા નહી ત્યાં સુધી એમ ચાલતું રહયું હતું. આ આતસ સળગાવવાની એક મોટી ધાતુનું જાળી રૂપું વાસણ અત્રેના "રોક કેસ્ટલ"પર અમોએ જોયું. તેની પડોશમાં દુશમનને આવતો જોવા માટે (Out-look)ની એક જગયા પણ જોઇ.

સ્કોટલેંડની નામોશી.

ઇંગ્લેંડ અને સ્કોટલેંડ વચેની આગલી લડાઇઓની યાદ આપનારૂં એક અધુરૂં મકાન, "સ્કોટલેંડની નામોશી" (Scotland's Disgrace) એવે નામે, નેલસનની યાદગારીના સ્તંભની પડોશમાં, પહાડ ઉપરની એક જગ્યા ઉપર, આપણને દુરથી વારેઘડીએ. અત્રે ફરતાં દેખાય છે. એ માટેની હકિકત આ મુજબની છે કે સ્કોટલેંડે આગલ ઇંગલેંડ ઉપર ઘણીક ફતેહો મેળવી હતી, તેની યાદમાં અહીંના લોકોએ એક મકાન, "એથનસ" શહેરના પહાડ ઉપરના જગપ્રસીદ્ધ "એક્રોપોલીસ" (Acropolis) ની ઢબ ઉપર બાંધવાનું શરૂ કર્યું હતું. પણ પઇસા ખુટી ગયાથી તે અધુરૂં રહ્યું હતું તે આજ સુધી તેમ અધુરૂં છે. તે ઉપરથી આ અધુરૂં રાખવાના કામને "નામોશી ભર્યું" ગણી એ મકાને ઉપલું નામ મેળવ્યું છે. સ્કોટલેંડ હાલ સરખામણીમાં આગલ કરતાં સારી હાલતમાં છે. અને તેથી તે એ મકાન પુરૂં કરવા માંગે તો આસાનીથી તેમ કરી શકે. પણ હવે તો એ બે દેશો વચ્ચે સુલેહ થઇ બંને જોડાયા છે. તેથી એ કામ પુરૂં કરવાનું જરૂરી ધારવામાં આવતું નથી. આ બે દેશો જોડાયાં છે ખરાં, પણ કેટલુંક થયું સ્કોટ લોકોએ "પાંખ ફફડાવવા" માંડી છે અને તેઓ પોતાના દેશ માટે એક જુદી પારલામેંટ માંગે છે. આ ખાહેશના અવાજો અત્રેના કેટલાક રહેવાસીઓ તરફથી અમારા કાને અત્રે પડ્યા. તેઓ આયર્લેંડની હદે નહી પણ પોતાના માહેલા કારોબાર માટે થોડાક છુટા થવા માંગે છે.

એડીનબર્ગ–તે સાથે જોડાયલી સ્કોટલેંડની તવારીખ.

એડીનબર્ગ એક મોટા ધોરી રસ્તાઓ સાથનું ટેકડાઓ ઉપર આવેલું એક સુંદર શહેર છે. તેની સુંદરતા સબબે તે "સ્કોટલેંડના પેરીસ" તરીકે ઓલાયું છે. વળી તે પોતાના નામીચા સાક્ષરો વગેરેના કાર્યો સબબે અને તેના વિદ્વાન શાસ્ત્રીઓ અને એલમ હુનરના ઉસતાદોની કિર્તિના સબબે કોઇ લખનારથી "હાલનું એથન્સ" (Modern Athens) ની ઉપમા પામ્યું છે. તે સાથે એથન્સના "એક્રોપોલીસ"ના નકલ કરનારા ઉપલા મકાન સબબે પણ એ નામ આપવામાં આવ્યું હોય. સ્કોટલેંડની તવારીખમાં આ શહેરની તવારીખ અગતનો ભાગ લે છે. તેની સ્થાપના નોરધિમબ્રીઆ (Northembria) ના ૧૩૦૦ વર્ષપરના એક સરદાર નામે એડવીન (Edwin) સાથે જોડાય છે, કે જેના નામ ઉપરથી તેણે પોતાનું નામ લીધું છે. તેમાં ફરતાં તેના ગરોક કેસ્ટલના કિલ્લામાં તેના હોલીરૂડના પાદશાહી મેહેલમાં અને તેના દેવળોમાં આપણે આ દેશની આગલી તવારિખ વાંચ્યે છિએ.

રોક કેસ્ટલ–રાણી મેરી અને બાળક જેમ્સ.

સ્કોટલેંડની રાજદ્વારી તેમજ ધાર્મીક તવારીખના કોઇ આગલા સદીઓના સંબંધમાં સ્કોટલેંડનો ઉંચા ખડક ઉપરનો કિલ્લો (Rock-Castle) જોવા અને જાણવાલાયક છે આ ખડકપરના બાંધકામોના કોઇક ભાગનો સંબંધ ઈ૦ સ૦ પૂર્વે આશરે ૯૮૯ ના સાલથી ગણાય છે. આ કિલ્લા અને પડોશના હોલીરૂદનો મેહેલ રાજદ્વારી તેમજ ધર્મની તવારીખના બનાવોની યાદોથી ભરપૂર છે. અહીં આપણે ધર્મ માટેના ઝનુન માટે તેમ ધર્મ તરફના આકીન માટેના ખ્યારના બનાવોની યાદ સાંભળયે છિએ. એ સર્વમા મેરી (Mary Queen of Scots) આપણું ખાસ ધ્યાન ખેંચે છે. અહીં ધર્મ સુધારક નોક્ષ (John Knox પોપના અમલ સામે અને કેથલીક પંથ સામે લડત ચલાવતો હતો. રાણી મેરી ચુસ્ત કેથોલીક હતી. કહે છે કે જ્યારે તેણીની જાણમાં આવ્યું કે તેણીનો તુરતનો જન્મેલો બેટો, જે

સ્કોટલેંન્ડનો રાજા થનાર હતો, તેને પ્રોટસ્ટંટ પંથમાં ઉધારવાની કોશેશ થતી હતી, ત્યારે પોતાના કેથલીક મઝહબને ખાતર તેણીએ પોતાના બાળક બેટાનો જાન જોખમમાં નાંખી, છુપી રીતે આ કીલ્લા ઉપરથી એક ટોપલી (basket) માં બાળકને હેઠે ઉતારી, પોતાના વિશ્વાસુઓના હાથમાં સોંપ્યું કે તેઓ છુપી રીતે તેને સ્ટરલીંગ કેસ્ટલ (Sterling Castle) જે આ માને ત્રાક્રેકસ તરફ જવાની સેહલમાં આગગાડીમાંથી દેખાડવામાં આવ્યો હતો, ત્યાં લઇ જાય. ત્યાં મોકલી તેણીએ તેને કેથલીક ધરમ પ્રમાણે બેપટીઝમ અપાવી દીધું હતું. આ બનાવના સંબંધમાં તેણીનો સુવાવડનો ઓરડો અને જે બારીએથી તે બાળકને નીચે ઉતારવામાં આવ્યું હતું. તે અહીં દેખાડવામાં આવે છે.

આપણા હીંદુસ્તાનના આગલા દેશી રાજયોની કોઇક ખુનરેજીની હકિકતોને ભુલાવે એવી હકિકતો આપણે અહીં સાંભળયે છિએ અને તેની જગ્યા જોઇએ છિએ. થોડુંક થયું આ ત્રેના કિલ્લાના એક કમાંડરે એકાદ દિવાલનો ભાગ કોઇ કામ માટે તોડાવયો તો તેમાંથી એક બાળકની લાસ મળી આવી. તેની કશી ઓળખાણ માલમ પડી નહીં, કે તે કોણ બાળક હતું. કહે છે કે તેણે તે લાસને એમની એમ એ દિવાલમાં પાછી ચણાવી લીધી છે.

આ કિલ્લાની પડોશનો હોલીરૂડનો મેહેલ પણ આગલાં ધાર્મીક ઝનુનનો કાંઇક દાખલો રજુ કરે છે. શરૂઆતમાંજ આપણે જોઇએ છિએ કે એક પુરાણાં નજદીકનાં કેથલીક ચેપલનો પ્રોટસ્ટન્ટોએ સળગાવી દઇને અને બીજી રીતે નાશ આણ્યો છે અને તે હજુર એમનું એમ રાખ્યું છે.

ઉપલા કિલ્લા અને આર્થર સીટ. મેહેલ સામે પેલા જાણીતા આર્થરને નામે જણાયલા પુરાણા સરદારની ટેકડી છે, જેનું આર્થર સીટ (Arthur's Seat) નામ આપણે આપણાં માહાબળેશ્વરના પહાડની એક ટેકડીને અપાયલું જાણયે છિએ. એ રાજાની "રાઉન્ડ ટેબલ" (Round Table)ના પેહેલવાનો અને આપણા ઇરાની પાદશાહના વખતના ઇરાની પેહેલવાનોના ઝુમખાની બાબત મેં મારા એક વિષયમાં રજુ કીધી છે.

કુતરાઓનું કબ્રસ્તાન—તે ઉપરથી વંદીદાદમાં જણાવેલા સગો બાબે કાંઇક વીચાર. આ કિલ્લામાં, જે એક નાની જગ્યાએ મારૂ ખાસ ધ્યાન ખેંચ્યું, તે કુતરાઓનું ફુલપાનો સાથનું નાનું કબ્રસ્તાન હતું. પુછતાં કહેવામાં આવ્યું કે આ કિલ્લામાં અવારનવાર રહેતી લશકરી રેજીમેન્ટોના "પેટ" તરીકે માનીતા ગણાતા કુતરાઓને તેઓના મરણ બાદ અહીં દાટવામાં આવના.

ઘણીક રેજીમેન્ટોના પોતાનાં માનીતાં જાનવરો હોય છે. કોઇનાં એવાં માનીતાં જાનવરો તરીકે કુતરા હોય છે, કોઇના બકરા હોય છે, કોઇનાં હરણો હોય છે. કોલાબા ખાતેના મારા બચગીથી પસાર થયલા લાંબા વસવાટમાં મેં એ કેટલીક રેજીમેન્ટોના સંબંધમાં જોયું હતું. જેમ આપણામાં ધાર્મીક ગણાતા 'વરસીઆ" નામના ગોધા માટે તેનો ધાર્મીક ઉપયોગ કરનારાઓ ખાસ કાળજી રાખે છે અને તેને સારીપેઠે ખવડાવે છે, પીવડાવે છે અને રાખે છે, તેમ આ "પેટ" ગણાતાં માનીતાં વહાલાં જાનવરો માટે છે. તેઓ માટે ખાસ દેખરેખ રાખનાર અને માવજત કરનાર સોલજરો હોય છે. જ્યારે પણ રેજીમેન્ટ બહાર "પેરેડ" વીગેરે માટે ફરવા નીકળે છે ત્યારે, યા કુચ કરતી વખતે, આ જાનવરને, કોઇ વખતે કાંઇક શણગાર આપી, આગળ હરોળમાં ચલાવે છે. એવા એક બકરાને માથા ઉપર એક પ્રકારના તાજ સાથે મેં કોલાબા ખાતે કેટલાંક વર્ષપર જોયલો મને યાદ છે. લંડનમાં આ વખતે

એક રવિવારે "સન-ડે પેરેડ" (Sunday Parade)માં મેં એમ જોયું.

આ ચાલ કેમ પડી તે માટે મેં આગળ સાંભળેલું યાદ છે કે એક વખત એક રેજીમેન્ટ વેરાન જગ્યાએ કુચ કરતાં પાણી માર્ગમાં નહી મળવાથી તરફડતી હતી. તેવામાં તેઓએ એક બકરાને એક દીશાએ જતાં જોયો તો તેની પાછળ જતાં તેઓને પાણીની જગ્યા માલુમ પડી. ત્યારપછી તે રેજીમેન્ટે તે બકરાને પોતાની સાથે પોતાને ઉપયોગી થઇ પડેલા એક જાનવર તરીકે રાખ્યો અને તે રેજીમેન્ટના સર્વે સેપાઇ તેને જાન બચાવનાર પ્રાણી તરીકે સગનવંતુ અને લગભગ પવિત્ર પ્રાણી ગણવા લાગ્યા તેમજ તેની ખાસ માવજત કરવા લાગ્યા. શું મતલબથી એક રેજીમેન્ટે એમ કર્યું હતું, તેની અસલ નેમ બાજુએ મેલાઇ, અને બીજી રેજીમેન્ટો પણ પોતાના "પેટ" તરીકે બકરાઓ રાખવા લાગ્યા. તે પછી બકરા ઉપરાંત કોઇ બીજાં પ્રાણીઓ, જેવા કે કુતરાઓ યા હરણો રાખવા લાગ્યા. આ કિલ્લામાં અવારનવાર રહેતી રેજીમેન્ટો પોતાના આવા માનીતા કુતરાઓને, તેઓ માટે એક જુદું કબ્રસ્તાન બનાવી, તેઓનાં મરણ બાદ ત્યાં દાટવા લાગી અને માણસોનાં કબ્રસ્તાન માફક તેમાં ફુલપાન કરવા લાગી.

હવે આ બાબત ઉપરથી આપણા વંદીદાદની એક બાબતની યાદ આવે છે અને તે માટે આપણે જે સમજી શકયે છિએ તેને ટેકો મળે છે. ત્યાં સઘળા કુતરાઓ, જેઓની જુદી જુદી જાત, મોહોલ્લાની પાસબાની કરનાર, ભર વાડોનાં ગાય ઢોરનું રક્ષણ કરનાર તરીકે હતી, તેઓ પણ ઉપયોગી પ્રાણી તરીકે માનીતા, વહાલા અને પવિત્ર થઇ પડયા હતા. જે આપણને ઉપયોગી હોય તે આપણને વહાલું થઇ પડે છે અને તે વહાલું થઇ પડી લગભગ પવિત્ર ગણાય છે. તેમ અસલી ઇરાનમાં બન્યું હતું. તેથી કોઇક કુતરાઓ મરણ પામતા તો તેને અવલમંજલ પહોંચાડવાની ક્રિયા પણ એક પ્રકારે માણસોના જેવી હતી. તેઓના ઉપયોગીપણાને સબબે તેઓ પ્રીતિને લાયક બન્યા હતા. આપણામાં આગાજ કોઇ ખયાલથી આપણને ઉપયોગી થઇ પડતા મરઘાને જ્યારે તે મરણ પામે ત્યારે સદરો વીંટાળી કોઇ દાટતા હતા.

ગ્રેફ્રાયર્સ ચર્ચ્યાર્ડમાં એક કુતરાની કબર અને તેની યાદમાં ફુવારો.

ઉપલો દાખલો તો માનીતા કુતરાઓના એક જુદા માણસોના જેવાં કબ્રસ્તાનનો છે. પણ એની જોવાલાયક જગ્યાઓમાં જે અત્રેનું એક કબ્રસ્તાન (Grey Friar's Churchyard) છે, તેમાં એક વફાદાર કુતરાની કબર શેહેરના ભલા ભલા નરોની વચ્ચે છે. તે કુતરા માટે કહે છે કે તેનો ધણી મરણ પામવા બાદ એ કબ્રસ્તાનમાં દટાવા પછી, તેનો વફાદાર કુતરો વર્ષોના વર્ષો સુધી તેની કબર આગળ મોટો ભાગ પડયો પાંથર્યો રહેતો. કબ્રસ્તાનના રખેવાલે તેને ત્યાંથી દુર કરવા ગમે તેટલી કોશેશો કીધી તે ફોકટ ગઇ અને ઘણીક ઠેકાણે બંધ રાખેલા ત્યાંથી કોઇ રીતે નીકળી આવી ત્યાં બેસતો. એની વફાદારી આ શેહેરમાં જાણીતી થઇ હતી, તેથી તે મરણ પામ્યો ત્યારે તેને પણ આ કબ્રસ્તાનમાં દાટવામાં આવ્યો. એટલુંજ નહીં પણ એ કબ્રસ્તાનની બાહેર રસ્તાપર એક જાણીતા બાનુએ (બેરોનેસ બરડેટે) તેની યાદમાં એક નાનો ફુવારો તેના પુતલાં સાથે અને તેનાં જાણીતાં થયલાં નામ સાથે બંધાવ્યો છે. તેપર મેં નીચલો લેખ વાંચ્યો:—

"A Tribute to the affectionate fidelity of Greyfriar's Bobby in 1858."

ગ્રેફ્રાયસનું કબ્રસ્તાન. તેમાં લાસો માટે રખાતી અસાધારણ કાળજી.

ઉપર જણાવેલું કબ્રસ્તાન તેની સાથે જોડાયલા વીચારો માટે, ત્યાં દટાયલા પુરૂષો માટે અને કોઇક પુરાણા અહીંના ખ્યાલો જાણવા માટે અગતનું છે. પહેલું તો તે ઉપલા કુતરાની કબર માટે અને તેના ધણીની કબર માટે જણાયલું છે. વળી કેહે નહીં જોયલું તેવું ત્યાં આ જોયું કે કેટલીક કબરો ઉપર આડાઅવળા મજબુત સળીઆઓ જડી લીધેલા હતા. એનો સબબ આ જણાવવામાં આવ્યો કે કોઇ પુરૂષોની પાયદસ્ત સાથે કોઇક પુરૂષો જાણે મરનારને પિછાનતા હોય તેમ આવે અને તેને દાટવા વીગેરેની હકીકત જાણી લે. પછી તેઓ એકાદ રાત્રે ગુપચુપ આવી તે કબર ખોદી તેમાંથી લાસ કહાડી લઇ જઇ કોઇ તબીબ ઉસ્તાદોને માણસની "એનેટોમી"ના અભ્યાસ કાજે વહાડકાપ માટે વેચે તે ઉપરથી કોઇક મરનારના ખેશીઓએ તે કબરોને ખોદતા અટકાવવા કાજે તે ઉપર સળીઆઓ જડાવ્યા હતા. આ વાત સાંભળી આપણા દેશની મરનારોની લાસના સંબંધની બીજા પ્રકારની વાતો યાદ આવી. તે આ કે કોઇ કહેવાતું "કાળું જાદુ" કરવા માટે માણસોનાં માથાંની ખોપરીઓ (skulls) અગતની ગણાતી. તે સબબે કોઇ કોરગાઓ તેવા જાદુથી સારૂં કરવાનું કહેનારા કોઇ તબીબો માટે યા એવા પુરૂષો માટે ગુજરેલાંઓની લાસ સાથે છુટ લેતા અને તે માટે કોઇ તેવાજ ખ્યાલથી દીવાળી ઉપર કાળીચઉદસનો દિવસ અગતનો ગણાતો અને તે દિવસેજ તેવી ખોપરીઓ મેળવવા કોશેશ થતી. કોઇ કોરગાઓએ એવું કામ આપણા દખમાઓના સંબંધમાં કરવાની કોશેશ કીધી હોય તે ઉપરથી, યા રખેને તેઓ કોઇ કદાચ એમ કરે એવા સબબથી, આપણા મુંબઇના દખમાઓની દીવાળીના દહાડા ઉપર ખાસ તકેદારી રાખવા કાજે ત્યાં થોડાક નસેસાલાર ખાંધીઆઓને રાત દહાડો રાખવામાં આવતા હતા. પંચાએટના સેક્રેટરી તરીકે મારો સંબંધ જોડાવા પછી પણ એમ કરવામાં આવતું હતું. એ રસમ હજુર પણ હું ભુલતો નહી હોવું તો નોસારીમાં ચાલુ છે.

સ્કોટલેંડની જોન નોક્ષનું ઘર.

ધાર્મીક તવારિખ સાથે જોન નોક્ષ (John Knox) નામના પુરૂષનું નામ રેફર્મેશન માટે બાઠ ભીડનાર એક પુરૂષ તરીકે સારી પેઠે જોડાયલું છે. તે અત્રેના દેવળ (Cathedral Church) માં પોપ અને તેના ધર્મગુરૂઓ (Papacy and Prelacy) વીગેરે સામે વાએજો કરતો. આ સબબે લોઅર હાઇ સ્ટ્રીટમાં આવેલું તેનું ઘર એક જોવાલાયક ઘર ગણાય છે, જ્યાં તેની કેટલીક ચીજો વીગેરે જાળવી રાખેલી છે, ત્યાં ત્રણ પુરાણી ચીજોએ મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું હતું.

૧) એક હાલના વખતની માણસોને તેડવાની ઘાંટરડી (Call-bell) ને બદલે એક પ્રકારના કાપા કાપાનો સળીઓ, જે ઉપર બીજો સળીઓ ફેરવવાથી આવાજ થાય (old knocks).

૨) બીજું, ત્યાં મેલેલી જંજીરો (chains), જે વડે ઉલટો ધર્મ માનનારા તરીકે ગણાતાઓ (heretics) ને બંધ કરવામાં આવતા. આ જંજીરો અત્રે ફેલાયલી આગલી ધાર્મીક અસહનશીલતાનો ખ્યાલ આપતી હતી.

૩) ત્રીજી અગતની ચીજ, એઓના ખ્રીસ્તી ગીતો (psalms) ને ગાયણ (music) માં ઉતારેલી ચોપડી હતી જેમાં નીચલો અર્ધો ભાગ આપણે હાથમાં લઇ વાંચ્યે તેમ સીધો અને ઉપલો અર્ધો ભાગ ઉંધો લખેલો, કે જેથી આપણી સામે આવી ઉભેલો શખસ સહેલાઇથી તેની સામે સીધો હોવાથી, વાંચી શકે. હવે આપણા હાથના

લખેલા કોઇક જુનાં પુસ્તકોમાં આપણે જોઇએ છિએ કે અવસ્તા હરફનો ભાગ સીધ્ધો આપણે ચોપડી હાથમાં લઇ વાંચ્યે તેમ હોય છે. પણ તેનો સંસ્કૃત યા ગુજરાતી તરજુમો યા સરેહ ઉંધી લખેલી કે જે વાંચવા માટે આપણને વારેઘડીએ ચોપડી ઉંધી પકડવી પડે. હવે ઘણાંક પુસ્તકોમાં "આહરેમન" નું નામ આવે છે, ત્યારે તેનું નામ પણ ઉંધું લખેલું હોય છે અને તેનો સબબ આપણને સમજ પડે છે કે તે ઉંધી અક્કલવાળા આહરેમન ઉપર ધીક્કાર નાખવા તેનું નામ સીધ્ધું નહીં પણ ઉંધું લખવું. પણ આ આપણાં ધર્મ પુસ્તકોની બાબતમાં એમ ઉંધું લખવાનો સબબ શું તે બાબેના કોઇક ખુલાસાઓમાં નીચલા ખુલાસાને, જોન નોક્ષનાં ઘરમાં જોયલું ઉપલું પુસ્તક, જેના જેવું મેં આ પહેલીવાર જોયું છે, તે ટેકો આપે છે. આ ખુલાસો બરાબર દીસે છે કે અસલ વંદીદાદના પોથામાંથી એ રીત શરૂ થઇ. વંદીદાદ ભણનાર જોતી મોબેદ પોતા સામે પોથો સીધ્ધો રાખી તે વાંચીને ભણે. પણ વચમાં અવારનવારજ ક્રિયાકામ (ritual)નો જે ખુલાસો આત્રવક્ષી મોબેદની જાણ માટે લખવાનો હોય તે પણ જો સીધ્ધો લખે તો તે મોબેદને જોતી પાસે આવી ઉભા રહી તે વાંચવા પડે, અને તેથી જોતીને ભણતરમાં હરકત થાય તેમજ વળી તે બરાબર વંચાય પણ નહીં. આ સબબે આ ક્રિયા કેમ કરવી તેનો ખુલાસો ગુજરાતીમાં ઉંધો લખવામાં આવ્યો કે જેથી આત્રવક્ષી સામી બાજુ એથી તે સહેલાઇથી વાંચી શકે. હવે ઘણીકવાર એક રેવાજ વાજબી રીતે સમજ પડતી સારી નેમથી દાખલ થાય છે, પણ તે નેમ ભુલાઇ જવાથી યા બીજી રીતે તે એક ફર્માન તરીકે રહી જાય છે. તેમ અહીં બન્યું. વંદીદાદના પોથામાં આ ક્રિયાવાળો ખુલાસો ગુજરાતીમાં ચોક્કસ નેમથી ઉંધો લખ્યો પણ તે ધાર્મીક પુસ્તકો માટે કાંઇ જરૂરનું ફર્માન હોય તેમ લખવામાં આવ્યું, અને આ રીવાજ વંદીદાદ ઉપરાંત બીજાં પુસ્તકોમાં પણ દાખલ થયો. ઉપલાં ક્રીસ્તી ગાયણોનાં પુસ્તકમાં અર્ધું પાનું તેજ લખાણનું ઉંધી યા સામી બાજુથી લખેલું કે બીજો ધણી તે બાજુથી વાંચે અને એ ધાર્મીક ગીતનાં ગાયન કરનારને પાના ફેરવી મદદ કરે.

ડા૦ લીવીંગસ્ટન. સ્કોટલેન્ડે દુન્યાને ઘણાક નામીચા નરો આપ્યા છે, તેઓમાં એક લીવીંગસ્ટન હતો, જેણે આફ્રીકાના નાઇલ નદીવાળા કેટલાક ભાગની શોધખોળ કીધી હતી. મારી માનીતી જ્ઞાનપ્રસારક મંડળી, જેના પ્લેટફાર્મ ઉપરથી મેં મારૂં પહેલવેહેલું ભાષણ કર્યું હતું, તે મંડળી મારફતે, હું ભુલતો નહીં હોવું તો, મરહુમ મી૦ કેખશરૂ કાબ્રાજીએ તે વખતના પારસી વાંચકની પહેલી પિછાણ કરાવી હતી. આ જગપ્રસીદ્ધ નરનું પુતળું આપણે અત્રે સ્કોટ મોન્યુમેન્ટની પડોશમાં જોઇએ છિએ. આ નરની જીંદગીના એક બનાવે મને કોઇકવાર સારી પ્રેરણા આપી છે, તેથી તેનું નામ મને એક રીતે વહાલું છે અને તેથી તેનું બાવલું મેં કોઇક ખાસ પ્રીતિ સાથે જોયું. કહે છે કે, આફ્રીકામાં એક દહાડે પોતાની શોધખોળની રખડમાં થાકી તે એક જગાએ બેઠો એવું ધારીને કે હવે ત્યાંજ તેનું મોત આવશે. બીઆબાન જંગલમાં રખડતાં તે ભુખ, તરસ અને થાકથી મરણતોલ હાલતે ત્યાં જાણે મરવા પડયો. ત્યાં બેસવા બાદ થોડેકવારે તેણે આ વેરાન જંગલમાં, કોઇ ખડકવાળી જગા વચ્ચે, એક ઝીણા જંગલી ફુલને જોયું કે જે સઘળી વેરાન વચ્ચે એકલું અટુલું ત્યાં ઉગ્યું હતું. તે એકલાં અટુલાં ફુલે તેને પ્રેરણા આપી. તેણે મનમાં વીચાર્યું કે 'આ વેરાન જંગલ, જ્યાં પાણીનું એક ટીપું મને મળતું નથી, ત્યાં ખુદાતાલાએ આ ફુલને ઉગાડી જીવતું રાખ્યું છે તો શું તે સાંઈબ

મને બચાવશે નહીં?" એવા પ્રેરણાના ખ્યાલથી તેણે હિંમત પકડી અને આગળ ચાલ્યો. તે થોડી વારમાં માણસની વસ્તી વચ્ચે આવી પહોંચ્યો અને બચ્યો. તેની આ નાની વાર્તા કોઇક મુશ્કેલીઓમાં જોઇતી યાદ આપી પ્રેરણા સાથે આપણને હિંમત આપી શકે એમ છે.

એક માછીની દુકાન. એક શેહેરમાં ગાડીની ઉતાવળી સેહેલ કરવા બાદ જો વખત હોય તો પગે ચાલી સેહેલ કરવાથી ઘણુંક વધુ જાણવા જોવાનું મળે છે. એવી એક સેહેલે હું તા૦ ૧૭ મી સવારે નિકળ્યો. તે સેહેલમાં માછલીની એક મોટી દુકાને મને ખેંચ્યો અને સ્કોટલેંડના કિનારા ઉપરના ઉત્તર તરફના દર્યાના માછલીના રોજગાર બાબે પુછપરછથી ઘણુંક જ્ઞાન આપ્યું. આપણા શેહેરોના માછલીના સંગ્રહો (aquarium) વિદ્યાની નજરે અગતનાં છે, પણ આ માછલીવાળાની દુકાન મને જાણે એક વેહેવારૂ "એકવેરીઅમ" માલમ પડયું. તરેહવાર માછલીઓ લખ્ખો અને કરોડો રૂપીઆની દેશ દેશોમાં ખવાય છે. આ મછીનો વેપારી દર માસે આસરે વીસ હજાર રૂપીઆની માછલી વેચે છે. તેની દુકાન ઉપર આસરે ૨૦) માણસો સફાઇથી માછલીઓ સાફ કરતા હતા અને સંખ્યાબંધ પેટારાઓ બરફ સાથે ત્યાં પડેલા હતા. માલિકે સમજાવ્યું કે બરફમાં તે સાત દહાડા સુધી માછલી રાખે છે. શીઆળામાં બરફ વગર પણ સાત યા આઠ દહાડા માછલી રહે છે. આ ઉનાળાના દહાડામાં પણ માછલી બે દિવસ અહીં બરફ વગર રહે છે. છેલ્લી લડાઇ બાદ, બીફ મોંઘું પડવાથી, માછલીનો ખોરાક અતી ઘણો વધ્યો છે અને તબીબો પણ ગોસ્ત કરતાં માછલીના ખોરાકની ભલામણ કરે છે. નોર્વેમાં ત્યાંના માછલીના વેપાર માટે ઘણુંક સાંભળ્યું હતું. ત્યાં તો પાણીમાં, દુધમાં અને ઘણીક ચીજોમાં માછલી અને માછલીનો સોરમ આવતો અને આપણે જાણે તે વાસથી પળોટાઇ ગયા હતા. અહીં આ તરફના વેપાર અને ખપ માટે કેટલુંક વધુ જાણ્યું.

એડીનબર્ગ, તા૦ ૧૬ મી જુલાઇ ૧૯૨૫.

ગ્લાસગો—તેનું ખેતીવાડીને લગતું "એક્ષીબીશન."

એડીનબર્ગથી ગ્લાસગો આગગાડીથી સવા કલાકના રસ્તા ઉપર છે. તે શેહેરની એક ઉડતી મુલાકાત અહીંથી તા૦ ૧૫ મી જુલાઇએ સવારનાં ત્યાં જઇ અને તેજ રાત્રે પાછા ફરી લીધી હતી. એડીનબર્ગ સાડાત્રણ લાખ આદમીની વસ્તી સાથે સ્કોટલેન્ડની રાજધાની ગણાતું આવ્યું છે. પણ ગ્લાસગો સાડાઆઠ લાખની વસ્તી સાથે તેના કરતાં વેપારવણજ, કારખાનાઓ, વહાણો બાંધવાના હુનર વીગેરે સબબે એડીનબર્ગ કરતાં મોટું અગતનું શેહેર ગણાય છે. તેના વેપારવણજ વીગેરે સીવાય તેમાં ખાસ ખેંચાણ કરનારૂં કાંઇ નથી, પણ ત્યાં તા૦ ૧૪ મીથી ચાર પાંચ દિવસ માટે "Highland and Agricultural Exhibition" ને નામે ખેતીવાડીને લગતી ચીજોનું એક્ષીબીશન ભરાયું છે. જેમાં ખેતી વીગેરેના ઉમદામાં ઉમદા ગાય ઢોરો, ઘોડા વીગેરેનો પણ સંગ્રહ (Cattle show) કર્યો છે. તે હાલ થોડુંક ખેંચાણકારક છે. આ એક્ષીબીશનમાં દાખલ થતાં ખેતીવાડીને લગતાં ઓજારો અને સાંચાકામનો મોટો સંગ્રહ છે. ગ્રેટ બ્રીટનમાં આગગાડી અને મોટરથી અહીંતહીં મુસાફરી કરતાં આપણે જોઇએ છિએ કે ખેતીવાડી વટીકમાં હાલ મોટા પાયા ઉપર કામદારોની સંખ્યાને કમી કરનારાં યંત્રો અને તેમાં બાફ અને વીજળીથી ચાલતાં યંત્રોનો મોટો ઉપયોગ થાય છે. એવી બનાવટમાં "કેરેવાન" (Caravan ફા૦ કારવાન) નામની મોટી ગાડીઓ આપણું ખાસ

ધ્યાન ખેંચે છે. થોડા વખતમાં એવી ગાડીઓ સાધારણ મુસાફરો માટે પણ બનાવવામાં આવે તો હું અજબ થાઉં નહી. હાલમાં આ ગાડી સાધારણ રસ્તાઓ બનાવવા યા ખેતરોમાં કામ કરવા માટે કામદારો કાજે વપરાય છે. બારી બારણા સાથની આ એક મોટી ગાડી છે. જેમાં સ્ટીમરની કેબીન માફક ચાર મજુરો માટે સુવાના બર્થ છે અને ચુલો વીગેરે છે. મોટો ભાગ એવો છે કે જેમાં કામદારો પોતાનાં ઓજારો અથવા માલ અથવા બાંધવાની ચીજો ભરે. તે જાણે કામદારોનું એક પ્રકારનું રાચરચીલાં સાથનું સ્ટોર રૂમ સાથનું લાવ લઇ જાવ થઇ શકે તેવું ઘર છે, જેને મજુરો જેગ ગમે તેમ અને જ્યાં ગમે ત્યાં આગળ એક મોટરગાડી જોડી ખેંચી લઇ જાય.

બીજી ચીજોના નાના મોટાં કારખાનાઓ સાથે હવે ખેતીવાડીમાં પણ તરેહવાર વીજળીક યંત્રોનો ઉપયોગ થતો ચાલે છે. તે કયાં સુધી ચાલશે અને વધશે? તેનું પરીણામ શું? આપણને કોઇ વખત અને ખાસ કરી આવાં યંત્રોના ઉપયોગ વધતો જતો જોતાં ગંભીર ખ્યાલ આવે છે. જ્યાં ૨૫) માણસ કામે લાગી પોતાની અને બાળગોપાળની રોટી પેદા કરતાં ત્યાં હવે પાંચ દસ માણસોથી કામ ચાલે છે. તેનું પરીણામ જો કોઇ બીજા માર્ગો નહીં ઉઘડે તો આ આવે કે કામ નહી મેળવી શકે એવા કામદારો (the unemployed)ની સંખ્યા વધતી જાય અને તેથી તવાઓમાં બેદાલી અને બેચેની વધતી જાય, જે સામાન્ય રીતે મંડળી (society) ને નુકસાન કરે. આગળ જ્યારે સર્વ હાથે (mannual) કામ થતું ત્યારે દોલત વધારે હાથે વહેંચાતી. હવે સાંચાકામથી કામ થતાં દોલત આગળ કરતાં થોડાકોના હાથમાં જમે થાય છે અને તેથી દોલત અને દલદેશરી કરનારી, મજુરી (Capital and Labour) વચ્ચેનો ઝઘડો બરપા થાય છે અને જો એમજ ચાલે તો વધુ બરપા થશે. અલબતે આ સર્વ કોઇક જુના ઘસાઇપીસાઇ ગયલા (old fashioned) વીચારો ગણાય, પણ ગમે તે કહો પણ આપણે જોઇએ છિએ કે તેમ બને છે. એમ વગર કામ મેળવનારાઓની સંખ્યા ઓછી કરવા કાજે આપણે જાણ્યે છિએ કે માલથસ (Malthus) જેવાઓના વીચારો ઉપરથી બાળબચ્ચાંઓ કમી પેદા કરવાની કોઇક અકુદરતી સુચનાઓ થાય છે, જે ઘણાકોને કમકમાવે છે. આ આપણી જુની આંખોને ઘણુંક અકુદરતી બનતું દેખાય છે. હાલના જેવા મામલાથી સોશીએલીઝમ ઘણું બરપા થતું જાય છે. આપણને ઇરાનની તવારિખ પ્રમાણે પેલો મઝદક જાણે પહેલવહેલો એવો સોશીએલીસ્ટ હતો, એનાં એવાં સોશીએલીઝમ સાથે મેં એક પુરાણા વખતનાં ચીનાઇ સોશીએલીસ્ટનાં શિક્ષણની મારા એક વિષયમાં સરખામણી કરી છે. જરથોસ્તી ધર્મનું શિક્ષણ કે તવંગરોએ પોતાની તવાનગીરી છુટે હાથે વાપરી, ઓછા તવંગર યા ગરીબોને સહાય થવું અને દોલતની મોટી સંખ્યામાં વાંટણી પોતાને હાથે જાતે સખાવત રૂપે કરવી એજ કાંઇક ઉપાય દીસે છે. આ તરફ સાંચાકામનાં ઉપર જણાવવા પ્રમાણેના વધારે ઉપયોગથી ઉપજતા કોઇક વીચારો સાથે એવા પણ વીચારો આવે છે કે આ દુન્યામાં ઘણીક બાબતોમાં પેનડયુલમ એક બાજુ ઢળે છે તો તે પુરતાં જોશથી પાછું બીજી બાજુ ચઢે છે. તેમ તે સાહેબની પ્રેરણાથી કોઇ માયના પુતો જગતના આવા કારોબારોને એકતા (harmony) માં લાવવાની કોશેશ કરતા નીકળી આવે.

નાહર ગાય ઢોરો, ઘોડા વીગેરે પ્રાણીઓનો સંગ્રહ.

મેં મારા એકાદ વિષયમાં જણાવ્યું છે તેમ આપણા ગાહંભારો, જે ઋતુના જશનો છે, તેના અવસરો એક પ્રકારના પુરાણા વખતમાં "એક્ષી બીશનો"

ની જાણે ગરજ સારતા હતા. આપણા ગાહમ્બારોના સંબંધમાં એક ભણતર "વીસ્પરદ" નામનું છે, જે શબ્દનો અર્થ "તમામ (ચીજો)નો સરદાર" એમ થાય છે. આપણી જુનદેહેશમાં ખોદાતાલાની પેદાયશો જેમાં ખેતીવાડીની પેદાયશો પણ જણાવી છે તેમાં સર્વે (વીસ્પ)થી સરસ ચીજ યા સરદાર (રદ) કોણ યા શું તે જણાવ્યું છે. હવે ગાહમ્બારના અવસરોમાં જુદા જુદા જુરજીમરોએ પોતાના પેશાની ઉમદામાં ઉમદા ચીજો તે ગાહમ્બારના જશનોમાં રજુ કરવાનો વીચાર છે. એવો પોતાના શેહેર યા ગામનાં ગાહમ્બારના જશનોમાં પોતાના ખેતરમાં થયલી નાદરમાં નાદર ચીજો, પોતાના પાકનાં પહેલાં પરીણામ (first fruits) તરીકે રજુ કરવી, એ જાણે પુન્યનું કામ ગણાતું, જેથી ખુદા અને તેના અમેશાસ્પંદો રાજી થઇ તેનાં ખેતર ઉપર આશીર્વાદ વરસાવે એવી આશાઓ અને ઉમેદો આગલા વખતમાં બરાબર ફસલોનાં બર વખતે કામ કરી સારી ચીજો પેદા કરવાને ઇરાની જુરજીમરોને જાણે પ્રેરણા દેતા.

હવે આ એગ્રીકલ્ચરલ શોમાં એવી ખેતીની ફળફળાદી અને તરકારીનીજ ઉમદા ચીજો રજુ કીધી હતી, તે ઉપરાંત ત્યાં શુકાના કર્યે તેવા, "બનામે યજદ" પોકાર્યે એવાં, દુધાળાં અને નહી દુધાળાં જાનવરો રજુ થયાં છે. તે જોઇ અજાયબી સાથે ખુશી ઉપજતી. એવા માતેલા, ફરબે, તંદરોસ્ત, મોટા ખેતીના ઘોડાઓ કે ગોધા, યા બળદો કે બકરાં મેંઢાં, કદી મેં જોયાં હતાં નહીં. સેંકડો પ્રાણીઓ અહીં જુદા જુદા માલેકોએ મહિનાઓ અને વર્ષો સુધી તેઓની માવજત કરી તેઓને નાદર બનાવી રજુ કીધાં હતાં, કે પરીક્ષકો સર્વે (વીસ્પ) ને તપાસી તેઓના જાનવરોને સર્વેથી સરસ સરદાર (રદ) તરીકે ઠેરવી, જાણે "વીસ્પરદ" શબ્દને ખરો પાડી, તેઓને ઇનામો આપે,

બે ભાગ્યવંતી ગાયો.

અહીં દેખાડવા મેલાં ગાય ગોસ્પંદોમાં બે ગાયોએ મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું હતું. ત્યાં જણાવવા પ્રમાણે છેલ્લી મોટી લડાઇમાં યેપર્સની લડાઇ (Battle of Ypres) દરમ્યાન અંગ્રેજી લશકરની એક રેજીમેન્ટે બેલજીઅમમાં એક જગ્યાએ બે ગાયોને દુશ્મનના મારાથી બચાવી પોતાની સાથે રાખી હતી અને તે દુધાળી ગાયોએ તે પછીની લડાઇ દરમ્યાન માટે ભાગે તેઓને દુધ આપ્યું હતું. આ સબબે તે રેજીમેન્ટમાં એ ગાયો લાડકી અને માનીતી (pet) ગાયો થઇ પડી હતી. તેઓ તેને પોતા સાથે ઇંગ્લેંન્ડ લાવ્યા હતા અને ફતેહનું જે સરઘસ (Victory procession) નીકળ્યું હતું, તેમાં તેઓને હરોળમાં ચલાવી માન આપ્યું હતું. આપણા પાદશાહે પોતાના બકીંગહામ પેલેસમાં તેડાવી તેઓને જોઇ માન આપ્યું હતું. આ બે ગાયોને ઉપલી (2nd Scots Guard) રેજીમેન્ટે "બેલા" અને "બેર્થા" (Bella and Bertha) નામો આપેલાં છે. તેઓએ હવે એ ગાયોને લોર્ડ બલીથ્સઉડ (Lord Blythswood)ને સ્વાધીન કીધી છે કે તેવણે મેહરબાની કરી કલાઇડ નદીને કાંઠે આવેલાં બલીથ્સઉડના પાર્કમાં રાખવી, કે ત્યાં તેઓના કહેવા પ્રમાણે આ ગાયો પોતાના દહાડા શાંતીમાં તમામ કરે (end their days peacefully). આ ગાયોને જોઇ અને તેઓની હકીકત જાણી આપણા ઇરાની પાદશાહ ફરેદુનને દુધ પાઇને ઉધારનાર "પુરમાએ" ગાય યાદ આવી, કે જે ગાય ઉપરથી આપણા "ગાઓપાની ગુરૂજે" પોતાનું નામ અને સીકલ લીધાં છે, અને જે ગાય ઉપરથી ફરેદુનનાં વંશના કેટલાક પુરૂષોએ પોતાનું "તોરા" એટલે ગાય બળદના સંબંધનું કુલવંત નામ લીધું છે.

હજારોની કીમતના નાહર ગોધાઓ.

અહીં ગોધાઓના સંગ્રહમાં કોઇક તદન સફેદ ગોધાઓ જોયા કે જેને ખરીદી આપણા કોઇક આતશબેહેરામના મુતવલીઓ "વરસીઆ" તરીકે વાપરવા ખુશી થાય. પણ એવા ઇનામ મેળવનારા કોઇ નામીચા ગોધાઓને જેમ પાદશાહને "શાએર" (Sire) તરીકે કહે છે તેમ "શાએર" એટલે "વડીલ" તરીકે બોલવામાં આવે છે. અમોને કહેવામાં આવ્યું કે એવા કોઇકની કીમત ત્રણ ચાર હજાર પોંડ યા વધુ એટલે આસરે ચાલીસ યા પચાસ હજાર રૂપીઆ ગણાય છે. તેઓનાં બુનથી નામીચા ગોધાઓની ઉત્પત્તી (breed) કરવા એવી મોટી કિમત અંકાય છે. એવા ગોધાના માલેકોને સેંકડો રૂપીઆ આપી બીજા ગાય ગોરૂપંદોના માલેકો પોતાની ગાયોને ગર્ભવંતી કરે કે તેઓનાં બુનથી તેઓને ત્યાં નામીચા ગોધાઓ પેદા થાય.

ઉપર જણાવેલા શુદ્ધ સફેદ ગોધાઓ તરફના ભાવનો દાખલો સર વૉલ્ટર સ્કોટની નીચલી સતરોમાં જોવામાં આવે છે:—

The milk white bull
Kept our stoutest kernes in awe.
Even at the pass of Beal'maha.

નામીચા નરોથી નામીચા બેટાઓની માતા થવાની કોઇક નામીચી સ્ત્રીઓની ઉમેદ—સેમીરામીસ અને તેહમીના.

નામીચાં પ્રાણી (Sire) નામીચાં બચ્ચાં ઉતપન્ન કરે તેની ઉપલી હકીકત માણસોના સંબંધમાં મને બે વાર્તા યાદ આવી.

એક વાત સીકંદર અને રાણી સેમીરામીસ (Alexander and Semiramis)ની છે. સેમીરામીસ રાણી માટે કહે છે કે તેણી સીકંદરની બહાદુરી અને હુશીઆરીની નામના સાંભળી દુરદરાજ દેશથી કુચ કરતી તેની છાવણીમાં આવી હતી, કે તણી તેની સાથે હકદાર રીતે રહી, આશાવંતી હાલતમાં આવી, પોતાને મુલકે જઇ, તેના જેવા દલેર બેટાની ભાગ્યશાળી માતા થાય. આપણા શાહનામાવાળી તેહેમીનાએ જેહાં પેહેલવાન રૂસ્તમનો રખશ આવીજ મતલબથી ચોરાવેલો દીસે છે કે તેથી રૂસ્તમ તેણીના સમનગાન શેહેરમાં આવે અને તેણી તેની સાથે હકદાર રીતે રહી આશાવંતી હાલતમાં આવી તેના જેવા શુરા અને વીરા પેહેલવાન બેટાની ભાગ્યશાળી માતા થાય. તેમ તેણી બહાદુર સોહરાબની માતા થઇ હતી.

આ કેટલ–શોમાં મેંઢાંઓને એવાં તો સારી રીતે ઉધારેલાં જોયાં કે કદમાં જાણે નાની ગાયો હોય. વળી જેમ બાગબાન પોતાના ઝાડપાનોને તરેહવાર રીતે કાપીને શણગારે તેમ ભરવાડોએ પોતાના કોઇક આસુદાં મેંઢાંઓના વાળ શણગાર આપે તેમ કાપી તેઓને સુંદર રંગ દીધેલો કે જેથી આસુદાં મેંઢાંઓ વધારે જોવાલાયક અને સુંદર દીસે.

ગ્લાસગોની કોઇક બીજી જોવાલાયક જગ્યા.

ગ્લાસગોનું એક્ષીબીશન જોઇ, ગાડીમાં લટાર મારી શેહેરને જોયું. આ શેહેરમાં "જીઓર્જ સ્કુએર" જાણે તેનો "બાકાલગર સ્કુએર" છે. સર વોલ્ટર સ્કોટને તેના જન્મ–શેહેરેજ નહીં પણ આખાં સ્કોટલેંન્ડે પોતાનો કરી લીધો છે. આ સબબે તેની યાદગારીના સ્તંભો (monuments) યા પુતલાં ઘણાંક શેહેરોમાં છે. એડીનબર્ગમાં તો તેનાં નામ અને કામને છાજતું ૨૦૦) ફીટથી વધારે ઉંચું મોન્યુમેન્ટ છે. એક આગલા દિવસની સેહેલ દરમ્યાન સેલકર્ક (Salkirk) શેહેર, જેની બહાર સ્કોટનું તે તરફના વસવાટનું મકાન આપણને

દુરથી દેખાડવામાં આવે છે, અને જે શેહેરનો તે કેટલાંક વર્ષ સુધી શરીફ હતો, ત્યાં પણ તેનું એક સુંદર પુતળું તેની કવીતાની કેટલીક લીટીઓ સાથે જોઇએ છિએ, કે જે લીટીઓમાં તેણે પડોશમાં વહેતી યારો (Yarrow) નદી, જેને શાએર વર્ડસવર્થે (Wordsworth) પણ પોતાની કવીતામાં અમર કરી છે, તે નદીને યાદ કીધી છે. આ ગ્લાસગો શેહેરમાં પણ એ જગમસીહુર શાએરનું એક મોટું આસરે એકસો ફીટ ઉંચા સ્તંભ ઉપર બરપા કીધેલું પુટલું આપણે જોઇએ છિએ.

આ સ્કુએરમાં છેલ્લી લડાઇની યાદનું એક મોટું "વોર–મેમોરીઅલ" આપણું ખાસ ધ્યાન ખેંચે છે, જેની નીચેના ચોગાન (base) ઉપર એક તાડ, મહાડ, ખજુરીના (palm) વર્ગનું ઝાડ પાડી, તેની પડોશમાં pax એટલે "સુલેહ યા શાંતી" શબ્દ લખી, મરનારોને શાંતી ઇચ્છી છે. પામ, જે વર્ગનું ખજુરીનું ઝાડ આપણી ઇજશનેની ક્રિયામાં અગતની જગ્યા લે છે તે ઘણીક પ્રજાઓમાં એક યા બીજા પ્રકારના ખ્યાલો દેખાડનાર નીશાની (symbol) ગણાયું છે.

ગ્લાસગો એક મોટાં વેપારી અને વહાણો બાંધનારાં મથક તરીકે.

એક વેપારી શેહેર તરીકે ગ્લાસગો આખી દુન્યામાં મશહુર છે. તેના વેપારવણજનો ખ્યાલ બાંધવા તેની હારબંધ ગોદીઓની મુલાકાત વેપારી બચ્ચાઓને જરૂરી ગણાય છે. અમારી આ મુલાકાત દરમ્યાન એક માર્ગમાંથી તે ઉપર દુરથી નજર ફેંકી હતી. પણ તા૦ ૧૬ મીએ "ટ્રોસેક્સ" વીગેરે સરોવરોવાળા સ્કોટલેંડના પહાડી મુલક તરફથી પાછું ફરતાં ટ્રેન બદલવા માટે ગ્લાસગોના સ્ટેશન ઉપર આસરે એક કલાક થોભવું પડયું, ત્યારે આ ગોદીવાળા ભાગની એક ઝડપી ટુંકી મુલાકાત લઇ કાંઇક ખ્યાલ બાંધ્યો હતો.

એડીનબર્ગ, તા૦ ૧૭ મી જુલાઇ ૧૯૨૫.

સ્કોટલેન્ડના સુંદર સરોવરોની મુલાકાત.

સફરીઓને સ્કોટલેન્ડ તરફ ખેંચનાર મુખ્ય કરી તેનાં પહાડી સરોવરો (lochs) છે. એ સરોવરોની અમોએ બે દિવસ સુધી સેહેલ કરી હતી.

પહેલી સેહેલ

સેન્ટ મેરીનો સરોવર અને યેરો નદીવાળો ભાગ.

તા૦ ૧૬ મી જુલાઇને દીને સેન્ટ મેરીનાં સરોવર અને પડોશની એક નદીના ભાગ (St. Mary's Loch and Yarrowside) ની હતી. એ તરફની ટેકરીઓ (Pentland Hills) ની નીચેથી પસાર થઇ, ટવીદ (Tweed) અને યારો નદીઓની ખીણમાંથી માર્ગ લઇ, તે તરફના ગામો (Pennicuik, Peebles and Inner leathen) માંથી થઇ, યેરો નદીને કાંઠેથી સેન્ટ મેરીના નાના સરોવરપર ગયા હતા.

પીબલઝ ગામનો પુરાણો ખ્રીસ્તી ક્રોસ અને માછલી.

માર્ગમાં પીબલઝ ગામમાં એક છસો વર્ષથી પુરાણા ક્રોસ ઉપર અમારૂં ધ્યાન ખેંચવામાં આવ્યું હતું જે, તેની ઉપરના લખ પ્રમાણે, ત્યાંની મારકેટ ઉપરનો ક્રોસ (The Old Market Cross) હતો અને તે અહીં ગામના મધ્ય ભાગમાં લાવી મેલવામાં આવ્યો હતો. આપણે છાસ્ટીમાં આપણા દેશી ખ્રાસ્તી ભાઇઓને અહીં અને તહીં પોતાની માનતાની જગ્યાએ ક્રોસ ઉભા કરતા જોઇએ છિએ. તે પ્રકારનો આ એક આગલા વખતનો શેહેરી ક્રોસ હતો. તે ઉપરનું "ટ્રીનીટી"ના સંબંધના એક ચિન્હ તરીકે ત્રણ માછલીઓનું ચિત્ર આપણને યાદ આપે છે કે, માછલી તેની ઉડતી ફરતી ચપળતા (buoyanoy)ના સબબે જેમ આપણામાં સગનની ઇધાણી

ગણાય છે, તેમ તે અસલી પ્રાસ્તીઓનાં પણ એક ચિન્હ ગણાતી. આપણા વોહરા ભાઇઓ માછલીને પોતાની નજરે જીવતીજાગતી ફરતી (buoyant) જોય, તેજ ખરીદી ખાય. એ રીત, સગનના એક ચિન્હ તરીકે તેના તરફ જોતાં, દુરસ્ત અને વાજબી દીસે છે.

સેન્ટ મેરીઝ લોખ અને લોખ લાઉ.

સરોવર ઉપર જવાનો માર્ગ યેરો નદી, જેને સાયર વર્ડસવર્થે (Words-worth) પોતાની કવિતામાં જાણીતી કરી છે, તેના કિનારા ઉપરથી છે. આપણા દેશની ગંજાવર નદીઓ સાથે સરખાવતાં આ યેરો નદી અને એવી બીજી આ તરફની નદીઓ બીસાદ વગરની છે પણ કવીઓ તે ઉપર ફીદા થાય છે તે તેના માર્ગની ઘટા માટે છે. આ સેન્ટ મેરીનો સરોવર તમામ થતાં લોખ લાઉ (Looh Lowe) શરૂ થાય છે. આ બે સરોવરોની વચ્ચેની જગ્યા ઉપર એકાંત જગયાએ ઉંચાણમાં આવેલું સર્વે બાજુએનાં લેખો સાથનું એક બાવલું આપણને પોતા તરફ ખેંચે છે.

જેમ્સ હોગ—એક ભરવાડ સાયર.

આ પુતલું આ દેશના એક સાયર (James Hogg) નું છે, જે અહીં એત્રીક ભરવાડ (Etriok Shep-herd) તરીકે મશહુર થયો છે. તે આ તરફની એત્રીક નદીના ભાગ ઉપર મેંઢાં ચરાવનાર ભરવાડ હતો, તે સબબે તેના હાથમાં ભરવાડી લાકડી છે અને પોષાક પણ ભરવાડી છે. તેની પાસે તેના ભરવાડી કુતરાને ઉભો રાખ્યો છે.

હવે એક સાધારણ ભરવાડ, જે થોડું લગભગ નહીં જેવું, શીખેલો, તે સાયર કેમ બને એમ પહેલી નજરે આપણને અજબ લાગે છે. પણ સાયરો, જેઓ "એક પ્રકારે સીઅરો (Seers) યાને પેગમ્બર સમાન છે, તેઓ પોતાના મનની દીર્ઘદ્રષ્ટીથી, અંતરજ્ઞાનથી, ખુદ ખોદાતાલા તરફથી શિક્ષણ મેળવે છે. તેઓને માણસ તરફથી નહીં પણ ખુદ પ્રભુ તરફથી કેળવણી મળેલી હોય છે. શાહ અકબર જેવા નામીચા પાદશાહ માટે કહે છે કે તેને લખતાં વાંચતાં પણ નહીં આવડતું. તે બાબે તેનો તવારીખનવેશ અબુલફઝલ એજ પ્રમાણે બચાવ કરે છે કે એવા ફીલસુફ માણસોને ખુદ ખુદા તરફથી અંતરજ્ઞાની કેળવણી મળેલી હોય છે. આપણા દેશના ભક્તી પંથ (Devotion-Sohool) નાં કબીર, પ્રેમાનન્દ, મીરાંબાઇ જેવાં સાયરો, આપણા સાધારણ ખ્યાલ પ્રમાણે કેળવાયલાં નહીં હતાં. પણ તેઓ ઇશ્વરથી પ્રેરણા પામી પોતાની કવિતા લખતાં. આ ભરવાડી કવિ એવા પ્રકારનો કવિ હતો. જ્યારે એનાં પુતલાં સામે ઉભો રહી તે ઉપરના લેખ હું ઉતારતો, ત્યારે આ તરફના લોકો, જેઓ આતવાર હોવાને સબબે આ સરોવરો ઉપર ઉજાણીએ આવ્યાં હતાં, તેઓ મલકાઇ મલકાઇને પોતાના દેશના આ ભરવાડ સાયર માટે બોલતાં.

આપણા ઇલાકામાં માથેરાનની ટેકરીના બજારે એક એવા પ્રકારનો મરાઠી કવી ઉભો કર્યો હતો, જેને પ્રીન્સીપલ મેકમીલન એક વખતે બોમ્બે બ્રાંચ ઓફ ધી રોયલ એશીઆટીક સોસાયટી સનમુખનાં પોતાના એક વિષયમાં જાણમાં લાવ્યો હતો. તે બજારનો વગર કેળવાયલો એક સાધારણ પુરૂષ હતો, પણ સાયરી કરતો હતો. આપણા અવસ્તામાં કહે છે કે પેગમ્બર જરથોસ્તનાં આવવાથી આજુ-બાજુની કુદરતને પણ જાણે નવું શિક્ષણ મળ્યું હોય, તેમ તે ખુશી થઇ. "ભલે આવ્યો જરથોસ્ત" એવા પોકાર કરતી હતી. અત્રેના આ ભરવાડી સાયરના પુતલાં ઉપર તેની કવિતાની કોઇ કળીઓ લખી છે. તે ઉપરથી આ વાત યાદ આવે છે. તે સતરોમાં તે અહીંની સુંદર કુદરતને સુંદર સાંજે તેની ખીણો, ઝાડપાનો, ફુલો, નદી નાળાંઓ સાથે વખાણે છે. તે સબબે આ તેની યાદમાં આ સ્ટેચ્યુ ઉભું કરનારે નીચે લખ્યું છે

કે "તેણે પવનને પણ ગાણું ગાવાનું શિક્ષણ આપ્યું હતું." (He taught the wandering winds to sing). આવા કોઇક સુંદર ખ્યાલો સાથ, સુંદર સ્કોટલેન્ડના આ સાએરી સરોવરોમાંના લોખ લાઇના બીલોરી પાણીમાં, જે પાદશાહ કુસતી કરી, એ આવાં અર્દવીસુરને યાદ કરી તે મારી કુસ્તીઓમાંની એક સુંદર કુસ્તી અને નીઆએશોમાંની એક સુંદર નીઆએશ તરીકે યાદ રહેશે.

સેલકર્ક શેહેર. આ સુંદર સરોવરોપરથી પાછાં ફરતાં, યારો નદી, જેણે એઓમાંથી પોતાનું મુળ લીધું છે, તેના કિનારા ઉપરથી માર્ગ લેતાં, અમો સેલકર્ક (Selkirk) શેહેર ઉપર આવ્યા. આ અને તેની પડોશની જગ્યા સાથે સ્કોટલેંડના જાણીતા સાએરો બર્નસ અને સ્કોટની પેલા જાણીતા આફ્રીકન મુસાફર મંગો પાર્ક (Mungo Park) નાં નામો જોડાયલાં છે. અહીં સ્કોટનું આસરે ૧૦૦ ફીટ ઉંચું એક મોન્યુમેન્ટ છે. અહીં પડોશમાનાં (Abbotsford) શેહેરમાં તેની એક મીલકત હતી અને તે આ શેહેરનો ઘણાં વર્ષ સુધી શેરીફ હતો. તેનું કોર્ટહાઉસ આપણને દેખાડવામાં આવે છે. આ સેલકર્ક ગામનાં લોકોએ પોતાના હમ શેહરી મંગો પાર્કનું પણ પુતલું અહીં ઉભું કર્યું છે કે જેણે આફ્રીકાની સખત મુસાફરી કરી તે દેશ ઉપર કેટલુંક અજવાળું નાંખ્યું હતું.

લોખ લોમન્ડ વીગેરેની સેહેલ. સ્કોટલેંડનાં સરોવરોની મન ઉપર વધારે સુંદર છાપ મારે એવી સેહેલ તો તા૦ ૧૬ મી જુલાઇની વધારે સુંદર સરોવરો વીગેરે (Trossachs, Loch Katrine અને Loch Lomond) તરફની હતી. એડીનબર્ગથી અમોને પહલે આગગાડીમાં લઇ જવામાં આવ્યા. માર્ગમાં આપણે ફોર્થ નદીનો ગંજાવર પુલ, જે દુનીઆના સર્વે પુલોમાં ઉંચામાં ઉંચો પુલ ગણાય છે, તે પસાર કર્યે છિએ. (એ પુલ અમાંએ એક આગલે દહાડે મોટરમાં તેની નીચે જઇ જોયો હતો. તે સવા મૈલ લાંબો અને દર્યાની સપાટીથી એકસો પાંસેઠ ફીટ ઉંચો છે.) ત્રેનમાં એબરફોઇલ (Aberfoyle) સ્ટેશને ઉતર્યા આપણને અસલી ચાર ઘોડાની કોચોમાં સરોવર તરફ લઇ જવામાં આવે છે. એક ઉમરાવ (Earl of Montrone) ની મીલકતમાંથી માર્ગ પસાર થાય છે. કહે છે કે તેને પોતાની મીલકત ઉપરથી મોટરો પસાર થવા દેવા સામે અભાવ છે. માટે આ રીતે અસલી કોચમાં મુસાફરી કરાવવામાં આવે છે.

આ ઉમરાવને શા સબબે પોતાની મીલકતપરથી હાલની ઘોંઘાટ કરતી મોટર ચલાવવા સામે વાંધો છે તે હું જાણતો નથી. હાલમાં કેટલુંક થયું આ તરફ એક મંડળ (Association) બરપા થયું છે. તેની નેમ આ છે કે ખુદાતાલાએ પોતાની કુદરતનાં સુંદર દેખાવોનાં જે જે સુંદર ખુણાઓ બનાવ્યા છે ત્યાં આગગાડી લઇ જવા માટે યોજના થતી હોય તો તેની સામે પ્રોટેસ્ટ કરવો. આગગાડીની ચાચીયારીઓ અને તે સાથે થતી અસાધારણ આવજાવ જાણે તે સુંદર ખુણાઓનો સુંદર એકાંતવાસ અને ખુબસુરતી બીગાડે છે. જો આ ઉમરાવે કોઇ એવા ખ્યાલથી ઘોંઘાટ કરતી મોટરોને પોતાની આ સુંદર મોટી મીલકત ઉપરથી પસાર થતી અટકાવી હોય તો મારા જેવા કુદરતની સુંદરતા ઉપર મોહીત કમીના પુરૂષની તે તરફ દીલસોજી છે. મારી આસરે ૩૦) વર્ષપરની કાશમીરની પહેલી સેહેલગાહ મને યાદ આવે છે કે જ્યારે અમારા પોટમેને મને વાજબી રીતે કહ્યું હતું કે "જ્યારે કાશ્મીરમાં આગગાડી થશે ત્યારે બેહેસ્ત ત્યાંથી નાહાસશે. અને ઉંચા પહાડોમાં જઇ ભરાશે."

આ સરોવરપર જતાં અને પાછાં ફરતાં આગગાડી, ચાર ઘોડાની કોચ, સ્ટીમ લોંચ, પાછી કોચ, પાછી સરો-

વરપર હોય, પાછી આગગાડી એમ ફેરબદલ કરવું પડે છે અને તેમ કરતાં સ્કોટલેંડનાં સરોવરોવાળા પહાડી મુલકોનો પુરતો ખ્યાલ મળે છે. સહવારના નીકળેલા રાતે આસરે સાડાનવે ઘરે આવ્યે છિએ. માર્ગમાં ત્રોસેકસનાં સુંદર દેખાવના ભાગમાંથી બાજુએ લોખ કેત્રીન (Loch Katrine) વીગેરે જોતા પસાર થઇએ છિએ. આ દિવસની સફર (tour) સુંદરતા ઉપરાંત કેટલીક તવારીખી॰ અને પુરાણી (romantic) બાબદોની યાદ આપનારી છે. શરૂઆતના માર્ગમાં આપણે સ્ટર્લીંગ કેસ્ટલ (Sterling Castle), જયાં આગળ જણાવવા પ્રમાણે રાણી મેરીએ પોતાના કેથલીક ધર્મના પ્યારને ખાતર પોતાના બાળક બેટા (ભવીષના સ્કોટલેંડના જેમ્સ છઠા)ને જોખમ ભરી મેહેલમાંથી ટોપલીમાં ઉતારી બેપટીઝમ અપાવવા મોકલ્યો હતો તે, એક જાણીતી લડાઇની જગ્યા (Battlefield of Bannockburn ઇ૦ સ૦ ૧૩૧૪) ફોર્થ નદી, તે ઉપરનો પુલ, સ્કોટલેંડની નામનાને મશહુર કરનાર એક પુરૂષ (Sir William Wallace) નું એક પહાડ ઉપર બાંધ્યા કરેલું મોટું મોન્યુમેન્ટ, સ્કોટે મશહુર કરેલાં રોબ રોએ (Rob Roy) ની ભુમી વીગેરે પસાર કર્યે છિએ. એબર ફોઇલ (Aber Foyle) ગામ, જયાંથી આગળ જણાવેલા ઉમરાવની મીલકત શરૂ થાય છે, ત્યાંથી કોચ, જે માટે ઉંચી પહાડી ચઢાણ સબબે ચાર કદાવર ઘોડાની જરૂર પડે છે, તેમાં બેસીએ છિએ. તે કોચમાં મુસાફરી કરતાં આપણને દુરથી એક ઘર જયાં સર વોલ્ટર સ્કોટે પોતાની જાણીતી કાવતા (Lady of the Lake) લખી હતી, તે દેખાડવામાં આવે છે.

કવિઓ પોતાની સાએરીમાં તેમાં કેટલુંક કલ્પીત હોવા છતાં, પોતાના નાયક યા નાયકણ માટે પોતાના કોઇ નર યા નારી મિત્રને મનમાં રાખે છે. દાખલા તરીકે ઇટાલીઅન કવી ડેન્ટી (Dante) એ પોતાના એક પ્રકારે વીરાફનામા જેવી કવિત (Divine Comedy)માં બીએત્રીસ (Beatrice)ને મનમાં રાખી હતી. સ્કોટે આ સરોવરો વીગેરેના સાએરી વર્ણનમાં એલેન નામની બાનુને મનમાં ધારી હતી.

એબર ફોઇલના હોટેલ (Nicol Jarvie Hotel), જયાં આપણને લાંબી પહાડી સફર સબબે સકાળેથી બપોરનું ભોજન લઇ લેવું પડે છે, ત્યાંથી લોખ એક્રે (Achray) ને દુરથી નેહાળતા, ત્રોસેકસ (Trossacks) ના સુંદર ઝાડપાનોથી ભરાયલા પહાડી ભાગ વીગેરેમાંથી પસાર થઇ લોખ કેત્રીનપર ગાડીમાંથી ઉતરી બોટમાં બેસી, તે સરોવર તેની આજુબાજુનો દેખાવ જોતા પસાર કર્યે છિએ. આ સરોવરને પેલે નાકે (Stronach Lacher) આગળ ઉતર્યે છિએ. માર્ગમાં આપણને સ્કોટે પોતાની કવિતામાં વર્ણન કરેલી જગ્યાઓ વીગેરે (Goblin's Cave, Silver Strand, Ellen's Isle) નાં મથકો દુરથી દેખાડવામાં આવે છે. કેત્રીન સરોવરને પેલે કિનારે સ્ટ્રોનખ લાખર ઉતરી આપણે પાછી એક કલાકની ઘોડાની કોચની મુસાફરી કરી ઇનવર્સનેડ (Inversnaid) આવી લોમલોમન્ડનો જાણીતો સુંદર સરોવર, જે આ મુલકના સર્વે સરોવરોની સુંદરતાનું સામટું રૂપ (epitome) ગણાય છે, તેપર મોટર લોંચમાં સફર કર્યે છિએ. તેના કિનારાપરનો પહાડ (Ben Lomond) ત્રણ હજાર એકસો બાગુ ફીટ ઉંચો પોતાનાં તરેહવાર પ્રકારના લીલી સુકી જોયલા દમામમાં આપણને ખુશી કરે છે. આપણે પેલે કિનારે (Bullock) ઉતરી ત્રેન પકડી ગ્લાસગો થઇ એડીનબરો પાછા ફર્યે છિએ. ગ્લાસગોમાં ત્રેન બદલવા આસરે એક કલાક થોભવું પડે છે. અહીંથી મેં આ વેપારી શેહેર, જે તેના વહાણોના રોજગાર અને બાંધકામ માટે વખણાયેલું છે તેની ગોદીઓ (doks) વાળા ભાગની ઉડતી મુલાકાત લીધી હતી. સ્કોટલેંડનાં સરોવરોની આ સફર ઘણી સુંદર, રમણીય,

તનને રાહત અને મનને મજાહ આપે એવી સફર હતી. પણ તે મજાહમાં કોઇક દિવસ ધીમા ધીમા વર્ષાદનો હોવાથી કાંઇ ખલલ પડી હતી. પણ તેમ બીજા હાથ ઉપર કેઠે કેઠે કાંઇક ધુમસ અને પતળાં વાદળાંઓના દેખાવથી સુંદરતા રખતી.

સ્કોટલેંડના હાઇલેન્ડરોની બેગ-પાઇપ.

પહાડી મુલક સાથે અને ખાસકરી સ્કોટલેંડના હાઇલેન્ડ સાથે ત્યાંના હાઇલેન્ડરોની બેગ-પાઇપ કાંઇ ખાસ સંબંધ ધરાવે છે. ગ્લાસગોના આગળ જણાવેલાં એક્ષીબીશનમાં હાઇલેન્ડરોનું આ બેગ-પાઇપનું બેંડ સાંભળ્યું હતું. એમ આપણે મુંબઇમાં પણ કોઇ વખતે બેગ-પાઇપરોને સાંભળ્યે છિએ. પણ ખુદ હાઇલેન્ડમાં પહાડોની વચ્ચે બેગ-પાઇપ સાંભળવી એ કાંઇ ઓરજ કાનને અને મનને મજાહ આપે છે, તેથી સ્કોટલેંડના એક લેક ઉપર એક હાઇલેન્ડરને બેગ પાઇપ વજાડતાં સાંભળ્યો, ત્યારે તેનો આવાજ કાંઇક પડગાહ સાથે ઘણો સુંદર લાગ્યો. પહાડો વચ્ચે એવું કોઇ વાજીંત્ર ઘણું ખુશ લાગે છે. એક વખતે હીમાલય પર્વતની ધર્મશાળા નામની ટેકડી ઉપર એક ગુરખા રેજીમેન્ટને તેનું બેગ-પાઇપ બેન્ડ વજાડતાં સાંભળેલું મને યાદ આવે છે કે જ્યારે તે બેન્ડે એક નાકેથી બીજે નાકે ફરહર કરતાં તે વજાડયું હતું. એક ઠેકાણે ઉભા રહી વજાડવા કરતાં જ્યારે ત ફરહર કરતાં વજાડવામાં આવે છે તો આજુબાજુની જુદી જુદી જગ્યાના જુદા જુદા કોઇક પડઘા સાથે તે વધારે રમણ્ય લાગે છે. આપણા બરજોરનામામાં આપણે કેટે પહાડી લોકોએ પોતાની વાંસલી વજાડી સરાદ સંભળાવવાની વાત વાંચ્યે છિએ. મારી બચગીનો વખત અત્રે બેગ-પાઇપ સાંભળી મને યાદ આવ્યો. જ્યારે મારાં વહાલાં કોલાબામાં એવી એકાદ હાઇલેન્ડરોની રેજીમેન્ટ આવતી ત્યારે હું તેની બેગ-પાઇપ સાંભળતો. લશ્કરી બેંડ સાંભળી, લશકરી કવાયદોના આવાજો સાંભળી, લશકરી દેવળોનાં ઘંટો અને ગાડોની લોઢીઓ સાંભળી મારી માફક મારા થોડાજ વાંચનારાઓએ પોતાની જીંદગીનો મોટો ભાગ પસાર કીધો હશે.

આ બેંડનાં વાજીંત્ર માટે બોલતાં અત્રે બેંડ વાગતી વખતે જાળવવામાં આવતી ચુપકીદી યાદ આવે છે. આપણા દેશમાં બેંડ સ્ટેન્ડો ઉપર ઘણાકો બેંડ સાંભળવા નહી પણ જાણે જોવા જતા હોય તેમ લાગે છે, સબબ કે આજુબાજુ છોકરાંઓ મોટો આવાજ કરતાં દોડતાં અને રમતાં ફરે છે. હાજર રહેલાઓ એક ગાડીથી બીજી ગાડીએ મુલાકાતો આપી વાત કરતા ફરે છે, પણ એક સાંજે આઠ વાગે હાઇડપાર્કમાં ફરતાં ફરતાં જોયું કે ત્યાં વાગતું બેંડ-આ ઉનાળાની મોસમના લાંબા દહાડાઓ ઉપર તે માટેનો વખત આઠથી દસનો છે-સર્વ ચુપકીદીથી સાંભળતા. ત્યાં જગે જગે ચુપકીદી (silence) એમ પાટીયાં માર્યાં હતાં. બેંડ શરૂ થતાં ત્યાંનો પાસેનો માર્ગ પણ દોરડાં આડાં કરી બંધ કરવામાં આવ્યો કે લોકોની ફરહરનો પણ કાંઇ આવજ બેંડના સરોદોને આડે આવે નહી. એક કાંઇક ગડબડ કરતાં બાળકને પોલીસમેન નરમાશથી હાથ પકડી સરકલમાંથી બાહાર કાઢયું. ફ્રેંચ લોકોમાં પેલા કહેવત સમાનશબ્દો છે કે :

"La musique et la seur de la religion" કે "ગાયણ એ ધર્મની બેહેનપણી છે." ગાયણમાં વજાડનારાઓએ યા ગાનારાઓએ ભેગા મળી એક-આવાજ ઐકતા (harmony) અને નિયમ વીગેરે જાળવવા જોઇએ, તોજ તેઓનું ગાયણ સુંદર નીવડે છે. તેમ ધર્મ પણ ઐકતા, નિયમ તથા વ્યવસ્થાનો પાઠ આપે છે. આ સબબે એક લખનારે કહ્યું છે કે જો એક માણસ દરરોજ એવું સુંદર ગાયણ સાંભળે તો તે તેના તનની દુરસ્તી અને મનની દુરસ્તીને ફાયદો કરે છે. ત્યારે અત્રે બેંડ વખતે જળવાતી ચુપકીદી આપણને તેની ખરી જરૂરીઆતનો ખયાલ આપે છે અને આપણે જોઇએ છિએ કે લોકો ખરેખર બેંડ સાંભળવા જાય છે અને નહીં કે માત્ર મહીમા જોવાને જાય છે.

ઉવીંડેરમીઅર હોટેલ,
વીન્ડેરમીઅર, તા૦ ૨૦ મી જુલાઇ ૧૯૨૫.

ઇંગ્લેન્ડનો સરોવરવાળો વેસ્ટ મોરલેન્ડ અને કમબરલેન્ડનો મુલક.

તા૦ ૧૭ મી જુલાઇએ સાંજે સાડાચારને અમલે એડીનબર્ગ છોડીને અમો માર્ગમાં ઓક્ષેનહોલમ (Oxenholme) સ્ટેશનપર નવ કલાકે ટ્રેન બદલી, રાતે સાડાનવે ઇંગ્લેંડનાં સુંદર સરોવરોના લત્તા (Lake District) વાળા વીન્ડેરમીઅર (Windermere) સરોવરપરના એ નામનાં ગામમાં આવી પહોંચ્યા.

જેમ સ્કોટલેંડનાં સરોવરોનો લત્તો શરૂઆતની શિખતી જીંદગી વેળા વાંચેલી સર વાલ્ટર સ્કોટની "લેડી ઓફ ધી લેક"ના સંબંધમાં ખેંચાણકારક હતો, તેમ ઇંગ્લેંડનાં સરોવરોનો આ લત્તો મને કવી વર્ડસવર્થના સંબંધમાં ખેંચાણકારક હતો.

કવી વર્ડસવર્થના નબીરા પ્રીનસીપલ ઉવર્ડસવર્થના હાથ હેઠળ મારૂં શિક્ષણ.

એ લત્તો મારે માટે એવડો ખેંચાણકારક આ સબબે હતો કે વર્ડસવર્થ (Wordsworth) ની કોઇક કાવતાઓ એલફીનસ્ટન કોલેજમાં હું એ કવિના પોતાના નબીરા પ્રિન્સિપલ વર્ડસવર્થ આગળ શિખવાને ભાગ્યશાળી થયો હતો. આ જાણીતા ઉસ્તાદની ઉસ્તાદગીરી હેઠળ હું રોમની તવારીખનો કોઇક ભાગ પણ શિખ્યો હતો. આ ભલા ઉમદા સ્વભાવના ઉસ્તાદનું શિક્ષણ ઘણું ખેંચાણકારક અને વળી આપણાં પોતામાંથી કાંઇ ખેંચનારૂં (searching) હતું. ફકત આપણે તેનાં લેકચરો સાંભળ્યે તેમજ નહીં, પણ તે આશા રાખતો કે આપણે પોતે તેના લેકચરોનો પુરતો લાભ લેવા ઘરથી કાંઇક વાંચી તૈયાર થઇ આવ્યે. મને એક દિવસ યાદ છે કે તે ભલાં ઉસ્તાદે મારે બરડે પાણી ઉતાર્યું હતું. પણ તે બરડે ઉતારેલાં પાણીએ પરસેવા માફક જાણે કાંઇ મનનું ઝેર કાઢી નાખી ચપળતા આપી હતી. એક દિવસે રોમની તવારીખ શિખવતાં તેણે સવાલ કર્યો કે સીસીલીનો કયા કોસ્ટ઼ો ઘણો લાંબો છે? હું બરાબર જવાબ આપી શકયો નહીં. તેથી તેવણે મને થથરાવી કાઢયો અને તે તેવણનો ફડો થથરાટ આજે મને તેવણના બબાવાની સાહેબીવાળા મુલકમાં ફરતાં જાણે ગીલી લગાડે છે.

વિન્ડેરમીઅરનો સરોવર.

આ લતો જોવા આવવા માટે અમોએ ત્રણ રાત 'વીન્ડેરમીઅર' માં ગુજારી અને બે આખા દિવસની સેહેલો કરી છે. પેહેલા દિવસ અમોએ આ વેન્ડેરમીઅરનો રમણ્ય સરોવર, જે અહીંના બધાં સરોવરોમાં લાંબાંમાં લાંબો છે, તેના ઉપર પસાર કીધો. તેની એક જગ્યાના ડક્કા (Bonnes Pier) પરથી સ્ટીમ લોંચ, જે આ સરોવરપર દિવસમાં ત્રણ ચાર વખત દોડે છે, તેમાં બેસી તેને એક નાકે (Lak side) સુધી જઇયે છિએ, તેના કિનારા ઉપર જાણે ખુદ બોટના તુટક ઉપર બેઠા હોઇએ એવું ખાણા માટે મકાન છે, ત્યાં જાણે તનની રગેરગોમાં તેમ મનની રગેરગોમાં તરેહવાર સુંદર વીચારોની મજાહ આપનારૂં ભોજન લીધું, પછી સરોવરને બીજે કિનારે એમ્બલ સાઇડ (Amble side) ઉતર્યા ત્યાંથી ત્યાં ફરતી શાર ડ બાંક (Char de Bank), જે ગાડીઓએ હાલમાં યુરોપમાં સફરીઓની આગલી સફરોનું સ્વરૂપ બદલી નાંખ્યું છે, તેમાં બેસી કોનીસ્ટન સરોવર તરફ ગયા અને કિનારેથી તેના થોડા ભાગનો દેખાવ જોયો. આ જમીનનો માર્ગ આપણી આ દિવસની સફર (tour) માં ગોઠવવામાં આવે છે, સબબ કે સરોવરોની બહાર પણ કેટલીક પહાડી સુંદરતાની જગ્યાઓ છે. તેમ આ તરફ પણ હતું. આ સુંદર

ખુણામાંથી ગાડીમાં પાછા ફરી ઉપલાજ સરોવરમાં વળતી સેહેલ કરી ઘરે આવ્યા. આ વખતે ગાડીને બદલે સર્વે પગે ચાલી વિન્ડેરમીઅર ગામ (town) નો ખ્યાલ મેળવ્યો. જ્યારે હું ગામ અને નાના ગામડાંઓ માટે બોલું ત્યારે અત્રે તેઓ સાથે ઘણીક સફાઇ સુઘડાઇ અને સુંદરતાનો ખ્યાલ જોડવો જોઇએ.

વીન્ડેરમીઅરનું કબ્રસ્તાન. માર્ગમાં એક કબ્રસ્તાનની ટુંકી મુલાકાત લઇ આ તરફના કબ્રસ્તાનનાં કુટુંબી કબરોનાં સંગ્રહ (family vault) નો કાંઇક વધુ ખ્યાલ મેળવ્યો. એક મરનારની કબર માટે જગ્યા વેચાતી લઇ તેની લાશ તેમાં મેલતાં, તેઓ તેના કુટુંબના કોઇ બીજાની હવે પછી માટે જાણે સામગ્રી કરી રાખે છે. કુટુંબમાં બીજા મરણો થતાં, તેઓની લાશોને તેમાં એકપર બીજી મેલી, બહારના પથર ઉપર તેના જન્મ મરણની નોંધ ઉમેરતા જાય છે. આ કબ્રસ્તાનમાં એક યાદગારીનો સ્તંભ છેલ્લી આફ્રીકન લડાઇના સંબંધમાં એક ઓર પ્રકારની નોંધ સાથે જોયો. તે ઉપર લખેલું કે તે પત્થર (Memorial Stone) સુલેહની યાદમાં ખરપા કર્યો છે.(In grateful remembrance of the Declaration of Peace in South Africa 1903). હાલની છેલ્લી લડાઇના સંબંધમાં આપણે ગામેગામ પત્થરો મરનારોની યાદમાં જોઇએ છીએ. પણ આ પત્થર મરનારોની યાદમાં નહીં પણ સુલેહની શુક્રગુજારીમાં ખરપા કર્યો હતો. તે મરનારો માટેની દલગીરીને બદલે તે લડાઇની ખુવારી તમામ થવા માટે જીવતાંઓની ખુશીનો સ્તંભ હતો. આ દક્ષિણ આફ્રીકાની લડાઇ સરખામણીમાં નાની હતી, પણ તેણે ગ્રેટ બ્રીટનમાં ઘણો ત્રાસ ફેલાવ્યો હતો અને માનવામાં આવે છે કે તે લડાઇએ આપણાં મરનાર મહારાણી વીકટોરીઆને ઘણી ચિંતામાં નાંખી, કદાચ તેવણની જીંદગીનાં એક બે વર્ષ ઓછાં પણ કર્યાં હોય.

બીજા દિવસની સેહેલ. બીજા દિવસની સેહેલ પહાડો વચ્ચેની અને સરોવરોના કિનારાપરની મોટર મારફતે હતી. વીન્ડેરમીઅર છોડી વેસ્ટ મારલેંડની હદ ઓળંગી આપણે કમબરલેંડની હદમાં દાખલ થઇએ છિએ. એ બન્ને કાઉન્ટીઝ (counties) માં નાના મોટાં સરોવરની સંખ્યા ઘણી છે. આ બીજે દિવસની સેહેલમાં આશરે આઠ સરોવરોને એક પછી એક જોતાં કેટલોક સુંદર પહાડી મુલક પસાર કર્યો. એક કાઉન્ટીમાંથી બીજામાં જતાં માર્ગમાં આપણે કર્કસ્ટોન પાસ (Kirkstone Pass) ઓળંગ્યે છિએ. બે પહાડોની વચ્ચેનો આ તરફનો સાંકડો માર્ગ (pass) ઓળંગતાં પેશાવરથી કાબુલ જવાના માર્ગની ખાઇબર પાસનો કાંઇક ઝાંખો ખ્યાલ આપણને આવે છે. પણ ખાઇબરની પાસ વધારે લાંબી અને બન્ને બાજુએ કાંઇક ઉંચા પહાડો સાથની છે.

કર્કસ્ટોન પાસ ઇન. હોટેલોની સ્થાપનાની આગમજના વખતમાં ઇંગ્લેંડ, સ્કોટલેંડ વીગેરે મુલકોમાંની "ઇન" (Inn) એ દેશોની તવારિખમાં, ખાસકરીને એ દેશોના કોઇક મહાન પુરૂષોની તવારિખમાં, જગતનો ભાગ લેતી. મુસાફરો માટે આપણા દેશમાં જે જગ્યાઓ ધરમશાળાઓ જાળવતી હતી અને કેટલીક હદે હજુર જાળવે છે તે જગ્યાઓ આ તરફ "ઇનો" જાળવતી હતી. મુસાફરીના માર્ગમાં એવી ઇનો ટપે ટપે હતી, જ્યાં મુસાફરો એકાદ રાત થોભી આગળ વધતા હતા. જેમ આપણા ગુજરાતમાં એવી ધર્મશાળાઓમાં ઉતરતા સફરીઓ તાડીનાં પીણાંની આશા રાખે, તેમ અત્રે 'ઇન'માં એ તરફના લોકો દારૂની આશા રાખે. એવી ઇનો મુસાફરોને કામ લાગવા ઉપરાંત તેના ગામનાં લોકોને પણ ફુરસદે

ખાસકરીને સાંજે મળવા બેટવાની જગ્યા (rendezvous) સમાન હતી. જ્યાં ગામના લોકો પોતાના મિત્રમંડળમાં ભેગા મળી, એક બે ગલાસ દારૂ નોશ કરતા જઇ, ગામ યા શહેરની રાજદ્વારી બાબત ઉપર યા એવી કોઇ ગામગપાટાની બાબત ઉપર ખુશ વાતચિત કરે. આપણે જાણ્યે છિએ કે જોન્સન જેવા જાણીતા પુરૂષોના નામો સાથે કોઇ નહીં ને કોઇ 'ઇન' તેઓના મિત્રમંડળ સાથે ભેગા મળવાની જગ્યાઓ તરીકે જણાયલી હતી. નોસારી તરફની ભાષામાં બોલું તો તે તરફના ભાયડાઓમાં કોઇને "કાજી"નો તાડીનો માંડવો તો કોઇને "મેલા"નો માંડવો માનીતો હોય છે કે ત્યાંજ તેઓ સાંજે ખાસ મિત્રો સાથે ભેગા મળી બેઘડી તાડી પીતા જઇ મોજ મેળવે. ભલા ભણેલા બેટાઓ અને સરસ્વતી માતાની પુંજા કરનારાઓ પણ ત્યાં જઇ પલાંઠી મારી બેઘડી નિર્દોશ મોજ મેળવે છે, તેમ અત્રે પણ ભલા ભણેલાઓના સંબંધમાં તેઓની જાણીતી માનીતી "ઇનો" હતી જોન્સનની એવી એક માનીતી ઇનની મેં એક વખત મોજભરી મુલાકાત લીધી છે, જે બાબે હું હવે પછી બોલીશ.

હવે એવી વટેમાર્ગુઓ વીગેરે માટેની એક 'ઇન' ઉપલા પાસની ટોંચે "કર્કસ્ટોન પાસ ઇન" એવે નામે અને સદ્ધર કરતા રાહદારીઓને જાણીતી છે. ઇંગ્લેંડની એક બીજી ઇન (તે કોઇ ડર્બી તરફની કહે છે) સીવાય આ ઇન ચૌદસો છોતેર ફીટની ઉંચામાં ઉંચી જગ્યાએ છે. મેં ગાડી થોભાવી તેની મુલાકાત લીધી, ત્યાં દારૂ વેચવાની જગ્યાએ તે તરફ બે ત્રણ જણો દારૂ પીતા હતા. એ ઇનમાં વટેમાગુંઓ માટે ચાર બેડો યા બીછાના રાખેલાં છે. હવે એવી ઇનોમાં પણ હાલના વખત પ્રમાણેની આગળ કરતાં વધુ સુખીઆની ગોઠવણો રાખે છે.

માણસોને પકડવાનું છટકું.

અહીં કોઇક આગલા વખતની પુરાણી ચીજો ટુરીસ્ટોની જાણ માટે મુકી છે. તેમાં જે ચીજે મારૂં ધ્યાન ખેંચ્યું તે man-trap એટલે માણસોને પકડવાનું છટકું હતું. જેમ ઉંદર, બીલાડી, સસલાં (rabbit) વીગેરેને પકડવાનાં છટકાં હોય છે તેમ એક માણસને પકડવાનું મોટું છટકું હતું. તે આગલા વખતમાં ખેતરો વીગેરેમાં ઘાસ વીગેરેની હેઠે માંડવામાં આવતું કે કોઇ ચોર ખેતરનો પાક વીગેરે ચોરવા રાતે આવે તો તેમાં પગ પડતાં પકડાઇ જાય.

આ પાસની ઉંચાઇ પસાર કરી આપણે કમ્બરલેંડમાં દાખલ થઇ એક પછી એક કેટલાક સુંદર સરોવરો અને ખીણો (Brother's Water Lake, Patterdale Valley, Ulls Water Valley) વીગેર પસાર કર્યે છિએ. દુરના પહાડ ઉપર આપણને આગલા વખતની ઇંગલેંડ અને સ્કોટલેંડની હદ (border land) દેખાડવામાં આવે છે, કે જે તે વખતના અહીંના મર્ઝબાનો પોતપોતાના દેશ તરફથી તપાસતા. તેઓ આ તરફની મિલકતની આયપત ખાતા અને તેના બદલામાં સરહદ તપાસવા સેપાહો પુરા પાડતા. આ મુલકમાં આપણે ઇંગ્લેંડના ઘણાક જાણીતા, નાનાં મોટાં ઝાડો (Hawthorn, Hazel Ash tree, cherry, beach, plane or Sycamore, Yew, Oak, Monkey puzzles tree વીગેરે) નો સંગ્રહ જોઇએ છિએ. તેમાં પ્લેન યા ચિનારના આ તરફના ઝાડો તો કેશમીરના ગંજાવર ચિનાર સનમુખ જાણે બચ્ચાં સમાન છે. મોગલ પાદશાહોએ કેશમીરને ઇરાન તરફથી ચીનાર લાવી શોભાવ્યું છે. ત્યાંના ગંજાવર "ચીનાર બાગ" આ તરફ મને અવારનવાર યાદ આવે છે. ઇરાન તરફ આ ઝાડ માટે એક અંગ્રેજી સાઅરે જે

ધસારો કીધો છે તે ઉપરથી એ ઝાડ બાબે લખેલા મારા એક વિષય (Anthropological Papers Part 1) ઉપર ધ્યાન ખેંચવાની રજા લઉં છું.

કવી સાઉધીની કબર. આગળ ચાલતાં માર્ગમાં અમે કાસથ્વેટનું દેવળ અને તે સાથનું કબ્રસ્તાન જોવા થોભ્યા, સબબ કે તે સાથે કવિ સાઉધી (Southey) નું નામ જોડાયલું છે. આ કવિની અહીં કબર છે. દેવળમાં તેનું સુતેલી લાશનાં ચિત્ર સાથનું એક મોન્યુમેન્ટ આપણે જોઇએ છીએ. કબ્રસ્તાનમાં આસાએશ લેવા માટે મેલેલા એક સાદા પત્થરના બાજટ ઉપરના નીચલા લેખે મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું, સબબ કે એવી બેઠકો ઉપર આપણે એવા લેખો કવચીતજ જોઇએ છિએ. તે ઉપર લખ્યું હતું કે,

> " Before you rest for aye
> Here sit and think and pray."

એટલે અહીં બાજટપર બેસી આસાએશ લેનારને કહે છે કે "તું હમેશ માટે આસાએશ લે (એટલે મરણ પામે) તે આગમજ અહીં બેસ અને વીચાર કર અને બંદગી કર." હું બેઠો, મેં વીચાર કીધો, બંદગી કીધી—બંદગી સાઉધીના રૂહ માટે, બંદગી મારા પોતા માટે કે મારે માટે પણ એવો વખત આવશે તે માટે ખુદા મને તૈયાર કરે. દેવળમાં સાઉધીનાં ઉપલાં સુતેલાં પુતલાંના સુંદર ગાલને ચુમી લઇ તેના રૂહને દુઆ પહોંચાડી દેવળ છોડયું, તે છોડતાં નોંધપોથીમાં લખેલા અલ્ફાઝોને યાદ કરી હું આગળ ચાલ્યો "ઓ ખુદા! મરનારનાં રૂહને શાંતી આપજે ઓ સાઉધીનાં રૂહ! મારો તે દાદાર તરફ આવવાનો વખત આવે તે માટે લાયક થવા મને પ્રેરણા બક્ષજે."

ડ્રુઇડ સર્કલ. ગ્રેટ બ્રીટનના પુરાણા ડ્રુઇડો જેઓ પૂર્વ તરફથી અહીં આવેલા હતા અને જેઓના ધર્મને ખોરશેદ, આતશ વીગેરે સાથે કાંઇ સંબંધ હતો, તે માટે આગળ હું કાંઇક બોલ્યો છું. તે ડ્રુઇડોના ધર્માળયનું એક ખંડીએર માર્ગના હતું. મને તે માટે આગમજથી ખબર હતી નહીં. પણ સડસડાટ મોટર ચાલતાં અમારી પાર્ટીમાંના એક ચંચળ નાની બાનુએ મારો આવી બાબતની વાકેફીનો શોખ જાણી મેહેરબાની કરી મારૂં ધ્યાન ખેંચ્યું કે એક પાટીઆં ઉપર તેણીએ Druid Circle (ડ્રુઇડોનું કુંડાળું) એવું નામ વાંચ્યું છે. તેટલાં મોટર સડસડાટ અમારા સાથવાળાં બાઇઓને આસરે બે મૈલ ઉપર ચાના મથક ખાતે ચા પીવા મેલી મોટરમાં અમો મરદો પાછા ફર્યા અને આ ડ્રુઇડોનું કુંડાળું જોયું. નહીં ધારેલું આ સર્કલ, જે માટે મેં વાંચેલું, તે જોવાને મને બન્યું, અને તે માટે હું ઘણો ખુશી થયો અને આ દહાડાના સેહેલની મારી ખુશીમાં આ મુલાકાતે ઘણો વધારો કીધો. મેં આગલાં એક પત્રમાં સાલસબરી પ્લેન-પરના "સ્ટોનહેન્જ" (Stone-henges) નું વર્ણન કર્યું છે અને કાંઇક હકિકત આપી છે. તે ગંજાવર મોટા પત્થરોના "સ્ટોનહેન્જ"નાં કુંડાળાં (સર્કલ) આગળ આ સર્કલ ઘણું નાનું અને નાના પત્થરોનું હતું. અહીં દાટેલા પત્થરોનું એક મોટું કુંડાળું હતું, જેમાં આસરે ૩૩) પત્થરો હતા. એક બાજુએ આસરે ૧૧) પત્થરોનું નાનું કુંડાળું હતું. કુલે આસરે ઉડતાળીસ પત્થરો હતા. અંદરનું નાનું કુંડાળું, સ્ટોનહેન્જનાં યજ્ઞકુંડ માફક જાણે કોઇ ખાસ પાવન જગ્યા (Sanctum Sanctorium) સમાન હતું.

હવે પહેલે આ તરફ આ ડ્રુઇડ લોકોનો ધર્મ કે "સ્ટોનહેન્જ" વાળાઓનો ધર્મ? એ બાબે કાંઇ ચોકસ કહેવાયલું નથી. બન્નેના એક પ્રકારની કુદરતની સેતાયશ

અને તેમાં ખાસકરી પૉરશેદની સેતાપથ સાથે સંબંધ છે. બન્ને ઉંચી ટેકડીની જગ્યા ઉપર છે. કોઇક વિદ્વાનો સ્ટોન-હેન્જનો જમાનો આ ડ્રુઇડ સર્કલના જમાનાથી આગળનો ગણે છે. હું કાંઇ ખબરદાર તરીકે આ બાબત ઉપર વધુ બોલવાને લાયકનો નથી. પણ આ બન્ને જગ્યાઓ બરાબર જોઇ, કેટલોક વીચાર કરવા બાદ મારા કમીના વીચાર પ્રમાણે, હું આ અનુમાન ઉપર આવું છું કે બન્ને લગભગ એક વખતના (contemporary) હોય. જેમ એક ચદતું આતશકદેહ તે આતશબેહરામ, અને ઉતરતું તે આદરાન યા દાદગાહ. જેમ એક મોટું મંદીર અને બીજું નાનું મંદીર. તેમ આ બન્ને એકજ માન્યતાના હોય અને ચઢઉતર દરજ્જો ધરાવતાં હોય. હવે મારા આ ખ્યાલમાં હું આ બાબતનો ટેકો લઉં છું કે, જ્યાંસુધી જણાયલું છે ત્યાંસુધી સ્ટોનહેન્જ એકજ બન્યું છે. પણ કહે છે કે અહીંનાં જેવાં "ડ્રુઇડ સર્કલો" ગ્રેટ બ્રીટનમાં એકથી વધુ છે. એક ગંજાવર મોટા પત્થરોનું મોટું ધર્માળય સામટી મદદથી એકાદજ બંધાઇ શકાય. પણ લત્તા લત્તાવાળાઓ પોતાની ધાર્મિક હાજતો માટે એવાં નાનાં ધર્માલયો બાંધી શકે. નાના ગરીબ લત્તાવાળાઓને મોટાં ધર્માળયો બાંધવાનું પરવડે નહીં.

સાંભળવા પ્રમાણે લંડનમાં મેસોનીક લૉજોમાં ડ્રુઇડના નામની (Druids Lodge) પણ છે કે જેમાં કહે છે કે એક લાકડાંનો આતશ સળગાવવામાં આવે છે.

કવી વર્ડસવર્થનું ઘર અને કબર.

આ ડ્રુઇડ સર્કલ જોઇ આગળ ચાલતાં બીજાં સરોવરો વીગેરેની ઘટા જોતા જોતા ગ્રાસમીઅર (Grasmere) ગામ અને સરોવર, જેઓને વર્ડસવર્થે યાદગાર કર્યા છે, ત્યાં આવી પહોંચ્યા. પહેલે માર્ગમાં આવતું ત્યાંનું કબ્રસ્તાન જોયું કે જેમાં વર્ડસવર્થની કબર હતી. આ કવિની કબરવાળો ભાગ જાણે કબ્રસ્તાનમાં કબ્રસ્તાન હતું, સબબ કે એની અને એનાં કુટુંબના બીજા વર્ડસવર્થોની અને છોકરી જમાઇ જેવાં નજદીકનાંઓની કબરો એકમેકની પાસે મળી, એક ખાસ જગ્યા તરીકે કટેરાથી ઘેરી લીધેલી છે. એની અને એની ધણીઆણીની કબરો સાદી ફક્ત એઓના નામો અને સને સાથની છે. આતવારનો દિવસ હોવાથી પડોશનાં દેવળ—આગલા વખતમાં કોઇક કબ્રસ્તાનો દેવળોની પાવત્ર જગ્યાની પડોશમાંજ કોઇ ગંભીર ખ્યાલથી રાખવામાં આવતાં તેમાં બંદગી ચાલતી હતી. તે બંદગીના ગંભીર અવાજે આ સાએરની ગંભીર યાદના કોઇક વીચારોમાં વધુ ગંભીરતા ઉમેરી.

મેં આશા રાખી હતી કે પ્રિન્સિપલ વર્ડસવર્થને પણ અહીં દાટવામાં આવ્યા હશે, પણ તેમ નહીં હતું. તેવણે પોતાની કૉલેજમાંથી ફારેગ થવા બાદ થોડાક વખતમાં ઇટાલીના કોઇક સુંદર ભાગમાં પોતાનો વસવાટ કર્યો હતો અને ત્યાંજ તેવણની કબર કરેલી હોવી જોઇએ.

અહીંથી અમો "દોવ કૉટેજ" નામે જણાયલાં ઘરમાં ગયા, જે માટે Wordsworth Cottage એવા શબ્દોના પાટીયાંથી માર્ગ દેખાડવામાં આવ્યો હતો. એના નામ અને શાએરી તરફ પવિત્ર ભાવ રાખનારાઓ માટે એનું એ પુરાણું ઘર એક જાત્રા (pilgrimage) નાં મકાન જેવું થઇ પડયું છે અને ઘણા મુસાફરો તેની મુલાકાત લે છે. એ ઘરને તેનાં કોઇક આગલાં રાચરચીલાં સાથે રાખ્યું છે અને તેમાં એનાં મરણ બાદ એની સાએરીના સર્વ પુસ્તકો, જે જુદા જુદા પુરૂષોએ બાહાર પાડયાં છે તેનો સંગ્રહ કર્યો છે. વળી તેમાં ઘણાક એના અને એની સાથે સંબંધ ધરાવનારાઓના હસ્તલેખ (manuscript), અસલ કાગળો મેહલાં છે જે આપણને પોતા તરફ વધારે ખેંચે છે.

વર્ડસવર્થ કોટેજમાં રૂસ્તમ સોહરાબનાં મુબારક નામો.

આ હસ્તલખોમાંથી જે એકે અમારૂં ખાસ ધ્યાન ખેંચ્યું તે સોહરાબ–રૂસ્તમનાં નામ સાથનો હતો. તેની હકીકત ત્યાં આ પ્રમાણે લખી છે. "Part of the Original Ms. of Mathew Arnold's 'Sohrab and Rustom, presented to the Cottage by Miss Arnold, Foxthon.' આ હસ્તલખમાં જે બાબત છે તેની શરૂઆતની થોડીક સતરો ઉતાવળમાં ઉતારી છે, તે ઉપરથી હું ધારૂં છું કે આએ પાનાઓ ઇરાનની સરહદના પેહેલવાન હજીરે સોહરાબને, જ્યારે તેણે રૂસ્તમની હકીકત પુછી ત્યારે ઉડાવનારો જવાબ આપ્યા, તેના શબ્દોનાં છે. તે નીચલા શબ્દોથી શરૂ થાય છે.

But for hence seek him for he is not here
For now it is not as when I was young
When Rustom was in front of every fray
But now he keeps apart, and sits at home.

મેથ્યુ આરનોલ્ડે સોહરાબ રૂસ્તમનું દાસ્તાન અંગ્રેજી કવિતામાં રચી અંગ્રેજી વાંચનારાઓને તે જાણીતું કર્યું છે. આપણા આગલા એક ગવરનર સર રીચર્ડ ટેમ્પલે મરહુમ બીજા સર જમશેદજીના માનમાં મળેલી એક સભામાં આપણા પારસીઓની રગોમાં રૂસ્તમ સોહરાબનું અસલી બલુ લોહી વહે છે એમ કહી આસરે ૫૦) વર્ષપર આપણને હરખાવ્યા હતા. તેની એ બાબતની વાકેફી અને તેનું એ તરફ ખેંચાણ મેથ્યુ આર્નોલ્ડની સાએરીથી ખેંચાયલું હોવું જોઇએ. આપણા તે બાબતનો આ અંચળ, ઝહડપ્યો, ચબરાક ગવરનર આપણાં ફારસી સાહિત્યનો શોખીન બન્યો હતો અને સાંભળવા પ્રમાણે તેણે પુના ખાતે મરહુમ દસ્તુરજી હોશંગજી પાસે ફારસીના કાંઇક વધુ પાઠો લેવા માંડ્યા હતા. વળી તેણે આ ભણેલા દસ્તુરજીને "ઓરીએન્ટલ ટ્રાન્સલેટર" નેમવાનો વીચાર રાખ્યો હતો. પણ કોઇ સંજોગો વચ્ચે તેમ બનતું બનતું જરાકમાં રહી ગયું હતું. એવા કોઇ બીબીજાયા હાકેમો આપણા પારસી દસ્તુર મોબેદ અભ્યાસીઓની કદર બુજવા બાહેશમંદ હોય છે, પણ કાંઇક ખતરો પડવાથી તે રહી જાય છે. મરહુમ દસ્તુર મુલ્લાંફીરોજના અભ્યાસની કદર તે વખતના દનકન અને માલકમ જેવા ગવરનરો પિછાણતા હતા. તેમ મરહુમ દસ્તુરજીની કદર સર રીચર્ડ ટેમપલ પિછાણતો હતો.

મેં નીચલી દુઆ ગુજારી અને તે મારી નોંધમાં નોંધી, અને ત્યારબાદ વર્ડસવર્થનું ઘર મેં છોડયું:–

"મરનારના નમીરા પ્રિન્સિપલ વર્ડસવર્થને યાદ કરી, તેનાં રૂહને દુઆ પહોંચાડી, તેની દુઆ માંગું છું. શુકનું દાદારના! કે તે વખત પછી નજદીક અર્ધી સદી મને જીવતો જાગતો રાખ્યો છે."

આ ઘર છોડી આગળ વધતાં આપણે કવી કોલરીજ (Coleridge) જે પણ આ મુલકનો હતો, તેનું ઘર, અને ગ્રાસમીઅરનો સરોવર જે એક નાનો સરોવર છે તે, અને રાઇડલ વોટરનો સરોવર અને રાઇડલ માઉન્ટ (Rydal Mount), જ્યાં વર્ડસવર્થ મરણ પામેલા કહેવાય છે તે, અને રસ્તા ઉપર આવેલાં પગથ્થાં સાથનો એક ઉંચો ખડક, જેના સરોવર તરફના ખુણામાં બેસી આ કવી પોતાની કવીતા જોડતો, તે પસાર કર્યે છિએ.

ઇંગ્લાંડના આ સુંદર સરોવરોની સુંદર સેહેલ તમામ કરી અમો તા૦ ૨૩ મી જુને નીકલેલા. આજે તા૦ ૨૦ મી જુલાઇએ, નજદીક એક માસની સફર કરી, લંડન પાછા ફર્યે છિએ. જે ભલાં કુંટુંબની ભલી સંગતમાં ઘણું ક

ભાન, જ્ઞાન, મોજ, અને રાહત આપનારી અને ઘણાક ભલા વીચારો સુઝવનારી આ સફર કીધી છે તેનાથી હું આજે સાંજ સુધીમાં ઉપકાર સાથે છુટો પડીશ અને મારાં હોટેલમાં જઇ લંડનમાં જે કાંઇક હજુર જોવા, જાણુવા, લખવાનું છે તે તમામ કરીશ.

આ પત્ર તમામ કરતાં, લંડનથી ઉપડતાં અને ન્યુ કેસ્ટલથી અત્રે આવતાં અને ફરતાં, આગગાડીની ચાલ (corridor) માં ઉભો રહી ભણતાં, ચિંતન કરતાં, ગોર કરતાં જે જોયું છે અને જાણ્યું છે તે ઉપરથી માલમ પડે છે કે આ મુલકમાં, લગભગ આખાં ગ્રેટ બ્રીટનમાં, માણુસના હુન્નરે જાણે કુદરતનાં કામ સાથે કાંઇક દીલસોજી (co-operation) દેખાડી કામ કર્યું છે. કુદરતની મહેરથી મુલક સુંદર છે તેને માણુસે જાણે વધુ સુંદર બનાવ્યો છે. તમો સેંકડો ખેતરો, ગઉચરણો, ખાલી ઘાસ્યાંઓ, મરઘાં બતકાં ઉછેરવાની જગ્યાઓ (poultry farms) પસાર કરો છો. તે સર્વમાં તમો નીયમ, રચના (method) જુઓ છો. સઘળી જગ્યાએ જાણે ઇંચે ઇંચ જમીનનો ઘણુંમાં ઘણો ફાયદો મેળવવાની કોશેશ કરવામાં આવી છે. જેને આપણાં તરફ ફકત ઘાસની ઉત્પતી થાય તે માટેના "ઘાસ્યાં" કહીએ છિએ અથવા જેને આપણે ગઉચરણ કહીએ છિએ તેને મળતી જગ્યાઓ (common) ને પણ માણુસના હુન્નરે જાણે સુંદર અને ઇંચે ઇંચનો લાભ આપનારાં બનાવ્યાં છે. તેથી સઘળું આંખને સુંદર દેખાય છે જમીન ખાડાખબોચીયાંની હોય કે ગઉચરણની ઉંચી નીચી હોય તો, ઉંચાંને ખોદી તેમજ નીચાંને પુરી લેઇ, ઇંચે ઇંચમાંથી, જાણે પેદાયશ મેલવવાની કોશેશ કીધી છે. કુદરતે જેમ આપ્યું છે તેમ રહેવા દઇ જે મળ્યું તે ઉપર શુકરાના કરી બેસી રહેવાને બદલે જ્યાં ઘાસનું એક તણખલું હોય ત્યાં બે ઉગાડવાની કોશેશ કીધી છે. તેથી સુંદર પહાડો અને સરોવરો ઉપરાંત આગગાડીમાંથી પસાર થતાં તમો એકસરખાં સુંદર દીસતાં ચઢ ઉતર ખેતરો, ઘાસ્યાંઓ, ગઉચરણો પસાર કરો છો. આ કુદરતની બલીહારીમાં માણુસના હુન્નરની બલીહારી દેખાડે છે. ખુદા કરે ને જે જોયું છે અને જાણ્યું છે તે જે "ભોત ગઇ અને થોડી રહી" તેમાં પણ પ્રેરણા આપતું યાદ રહે.

હેમાર્કેટ હોટેલ—પીકાડીલી,
લંડન, તા૦ ૨૧ મી જુલાઇ ૧૯૨૫.

ઇંગ્લેન્ડનું ટેમ્પલ અને ઇન.

નજદીક એક માસ બહાર ગુજારી ગઇ કાલે હું લંડન પાછો ફર્યો છું અને જે જોવાનું, જાણવાનું અને લખવાનું રહ્યું છે તે પુરૂં કરવા માંડયું છે. લાંબા વખતે લખું છું, માટે કાંઇ ફરીથી લખાતું હોય તો અને ભૂલ થતી હોય તો દરગુજર ચાહું છું. હું જાણું છું કે આગલાં પત્રોમાં ઉતાવળમાં કોઇક નામોમાં ભૂલ થઇ છે. વળી આ પત્રોમાંનાં કેટલાંક ચાલતી આગગાડીમાં, જયારે બીજાં કેટલાંક મોડી રાતે લખેલાં હોવાથી પ્રીન્ટરને થોડાક શબ્દો યા આંકો બરાબર ઉકલ્યાં નહી હોય અને તેથી ભૂલ થયલી હોય તો તે માટે પણ હું દરગુજર ચાહું છું.

ઇંગ્લેન્ડનું ટેમ્પલ. ઇંગ્લેન્ડમાં એક મકાન અને ખાતું ટેમ્પલ યાને મંદીરનાં પવિત્ર નામથી ઓળખાય છે અને તે પવિત્ર નામ સાથ "ઇન," જે ખાણીપીણીની જગ્યા ગણાય છે, તે પણ જોડાયલી છે. ઘણીક પ્રજાઓમાં ટેમપલ યા ધર્માળય સાથે કાંઇક ખાણીપીણી જોડાયલી હોય છે. જાપાન બાબેના મારાં એક પત્રમાં મેં એ બાબે આ પત્રદ્વારે લખ્યું છે કે ત્યાં મંદીરો સાથે ખાણીપીણી જોડાયલી હતી. આપણી કોઇક દરમેહેરો સાથે પણ ખાણીપીણી માટેના ઓટલાઓ જોડાયલા છે. તેમ ટેમ્પલ

યા મંદિર સમાન ગણાતાં ખાતાં સાથે પણ 'ઇન' જોડાયલી છે. હવે આ ટેમ્પલ હાલમાં કાયદા સંબંધી અભ્યાસ કરવા માટેનું એક ખાતું થયું છે. પણ તેની આગલી તવારીખ દેખાડે છે કે તે ખાતાંને શરૂઆતમાં ધાર્મિક ખ્યાલો સાથે કાંઇક સંબંધ હતો. અસલમાં, ધર્મ સાથે સંબંધ રાખનારા પુરૂષોજ કાયદામાં પણ પ્રાવણ ગણાતા હતા. આ એક મોટો વિષય છે.પણ આગલા કોઇ રેવાજે અને ખાતાંઓના સંબંધમાં વપરાતો એ શબ્દ હાલ સુધી ચાલુ રહેલો છે. આ ટેમ્પલની મેં બે વખત મુલાકાત લીધી હતી. મારો વડો બેટો આગલા વર્ષોમાં એજેના ટેમ્પલ સમાન ખાતાંનો પુંજારી હતો. તેને મેં આપણા એક ટેમ્પલ, ધર્માળય માટે અવસ્તા, પેહેલવી, ફારસી, ફ્રેંચ, સંસ્કૃત વીગેરેની કેળવણી આપવા માંડી હતી. પણ સરજતે બીજો માર્ગ લીધો હતો. આ સબબે આ વહાલા બેટાએ જે સરસ્વતી માતાની અહીં ત્રણ સાલ પુંજા કીધી હતી, તે ખાતાં સાથ સંબંધ ધરાવનાર ખાતાંની મેં કાંઇક હેતુ સાથે મુલાકાત લીધી હતી.

આ ધારામંડળનાં ખાતા સાથે 'ઇન' શબ્દ જોડાયો છે અને તેમ જોડાઇ તેના ખાતાંઓ સાથે એ ખાતાંનો સંબંધ જોડાયો છે. ઇંગ્લેન્ડના કોઇક જાણીતા લખનારાઓ પણ અહીં પુંજારીઓ હતા. અહીં ફરતાં અને જોનસનની કાંઇક વાત થતાં, એક ગ્રહસ્થે જોન્સનના નામ સાથ જોડાયલી એક પુરાણી 'ઇન તરફ ધ્યાન ખેંચ્યું.

ડા૦ જોન્સનવાળી “ઇન.”

હાલના હોટેલોની માતા સમાનની આગલા જમાનાની “ઇનો” માટે વીનડરમીઅરથી લખેલાં પત્રમાં હું થોડુંક બોલ્યો છું. ખુદ લંડનમાંની એવી એક પુરાણી “ઇન” જે “ચેશાયરના પનીરની ઇન” (Cheshire Cheese Inn) તરીકે ઓળખાય છે અને જે “ટેમ્પલની ઇન” (Temple's Inn) તરીકે પણ કોઇ વખત બોલાય છે અને જે સાથે ડા૦ જોન્સનનું જાણીતું નામ ત્યાં સાંજે અવારનવાર જનાર તરીકે જોડાયલું છે,તેની મુલાકાત મેં તા૦ ૧૧ મી જુને સાંજે સાત કલાકને અમલે, જ્યારે ઘણાકો ત્યાં દારૂ નોશ કરવા આવ્યા હતા તે વખતે, લીધી હતી. ત્યાં તેની કાંઇક હકિકતોનું પાટીયું મારેલું છે, તે પ્રમાણે તે ઇ૦ સ૦ ૧૬૬૭ માં પાછી બાંધવામાં આવી હતી. અંદર દાખલ થતાં પીઠાં માફકના બાર આગલ તેમજ પડોશમાં કેટલાકો અસલી ફેશનના ધાતુના ગલાસોમાં દારૂ પીતા હતા. જ્યાં ડા૦ જોન્સન બેસતો તે જગ્યા નઅલા લેખ સાથની જળવાયલી આપણે જોઇએ છીએ :–

“The favourable seat of Dr. Samuel Johnson. Born 18th September 1709. Died 1784. In him, a noble understanding and masterly intelligence were united with grand independance of character and unfaili g goodness of heart, which won the admiration of his own age and remain as recommendations to the reverence of posterity.”

અહીં એવા શરાબખાનાની સીફતમાં એના પોતાના શબ્દો નીચે પ્રમાણે હતર્યા છે : “No Sir! There is nothing which has yet been contrived by man by which so much happiness has been produced as by a good tavern.”

આવાં એક શરાબખાનાની સીફતમાં ડા૦ જોન્સનના ઉપલા શબ્દો વાંચી નૌસારીના કોઇ તાડીના માંડવામાં જનાર અને તાડીપર મોહીત પડનાર એક પુરૂષ મને યાદ આવ્યા કે જેવણુ “ખજુરી માવલી” એમ પોકારી ખજુરીને માતા સમાન ગણી કોઠી કરતા હતા.

અહીં જોન્સનની બેઠકવાળી ખુરસી એક કેસમાં તપાસીને રાખવામાં આવી

છે અને એના ગ્રંથોની પુરાણી નકલો પણ જાળવી રાખી છે. એક નામીચા ચિતારાએ (Sir Joshua Reynolds એ) એનું પાડેલું ચિત્ર નીચલા લેખ સાથે ત્યાં મુકવામાં આવયું છે: "The glory of a Nation are its authors." અહીં કેટલાક ભાયડાઓ શરાબ નોશ કરી અને તે સાથે ખાણું લઇ ખુશ રંગરાગ અને લેહેરમાં આવ્યા હતા. શિખતી જવાન વયે મેં જોન્સનનાં પુસ્તકોનો કાંઇક અભ્યાસ કર્યો હતો. તેની આગલીપાછલી યાદથી અને ત્યાં બેઠેલાઓને ખાતાપીતા અને રંગરાગમાં આવેલા જોઇ, હું પણ કાંઇ લેહેરમાં આવ્યો અને મરહુમ ડા૦ જોન્સનની ભલી યાદમાં એક જીન્જર એલની બાટલી નોશ કીધી.

બીજાઓને ખુશ મજાહ કરતા જોવા એમાં આપણી પણ મોજ સમાય છે. નોસારી જેવાં ગરગામડાંમાં, કોઇ વખત ત્યાંનાં પીઠાંમાં ને તાડીના માંડવામાં જઇ, દુર મુંગો મુંગો ઉભો રહી,ગરીબ ગામડીયાઓની ગામગપાટાની વાત સમજવામાં હું મોજ લઉં છું. ખુશ કેફમાં બોલાતી વાતચિતમાં આપણે કોઇ વખત સારૂં ડહાપણ પણ સાંભળ્યે છિએ. આપણાં એક પેહેલવી પુસ્તકમાં શરાબના સંબંધમાં છુટ મુકી જણાવ્યું છે કે હુમત, હુખ્ત અને હુવર્શ્તની યાદમાં ત્રણ જામ યા ગલાસ શરાબ પીવાથી ભલા વીચાર પણ આવી શકે છે.

મેં ઉપલી ઇનમાંની અત્રેની શરાબની મોજ ઉપરથી આપણા ગુજરાતની તાડી માટે કાંઇક વીચારો, આગળ જણાવ્યા પ્રમાણે, બાંધ્યા હતા. પણ પછળથી ત્યાં ખરીદેલી "The Olde Cheshere Cheese of London City. The Literatcurs' Haunt" એવે નામની ચોપડી ઘરે આવી જોતાં તેમાં પેહેલુંજ ચિત્ર (Frontispeee) "Toddy at the Cheshire Cheese" નામેનું જોયું, જેમાં કેટલાક "અનામે યજદ" કહે તેવા માટેલા તંદરૂસ્ત પુરૂષોને શરાબ નોશ કરતા ચિતાર્યા છે. આ 'ઇન' માટે "સાહિત્યમાં પ્રસીદ્ધ પુરૂષોનું ધામ" (Litterateurs' Haunt) એવી રીતે બોલવામાં આવ્યું છે, સબબ કે ત્યાં જોન્સન ઉપરાંત બીજા પણ તે વખતના અને પાછલા વખતના લખનારાઓ, જેવા કે ગોલ્ડસ્મીથ, ડીકન્સ અને ટેનીસન પણ જતા હતા. ઘણાંક નામાંકીત નામો સાથે આ શરાબખાનું જોડાયલું હોવાથી સાહિત્યના ખેતરમાં કામ કરનારાઓ કાંઇક પવિત્ર ઉલ્લાસથી તે જોવા જાય છે. આ સબબે શેક્સપીઅરની જન્મભુમીવાળાં શેહેર (Stratford-upon-Avon) માફક આ જગ્યા માટે મક્કા (Mecca of Anglo-Saxondom) તરીકે બોલાય છે. એવા મક્કાની આસરે એક કલાક હજ કરતાં પણ બીજા હાજીઓ માફક મને કાંઇક ખુશી ઉપજી હતી.

અત્રે ટેમ્પલમાં અને ઉપલી ઇન અને બીજી ઇનોમાં જે જોયું અને જાણ્યું તે ઉપરથી માલમ પડે છે કે સુધરેલું ઇંગ્લેન્ડ આવા કોઇ અસલી રેવાજોને કાંઇક સાએઝી ખયાલોથી વળગી રહે છે. દાખલા તરીકે અત્રેના જાણીતા "ટાવર" સાથે જોડાયલી તરેહવાર વાતો આપણને દેખાડે છે કે આપણે આપણા રાજવાડાઓમાં જે આગલા વખતના પ્રપંચોની વાતો સાંભળ્યે છિએ તે સર્વેને જાણે વિસરાવે તેવા રાજદ્વારી પ્રપંચોમાંથી ઇંગ્લંડ પણ પસાર થયું હતું.

હે માર્કેટ હોટેલ–પીકાડીલી સર્કસ,
લંડન, તા૦ ૨૪ મી જુલાઇ ૧૯૨૫.

નામદાર શાહાનશાહનો બકીંગહામ પેલેસ—તેમાં નામદાર શાહાનશાહ અને શાહાનશાહબાનુની ગાર્ડન પાર્ટી.

આપણા નામદાર શાહાનશાહના લંડનમાં એકથી વધુ મેહેલો છે, પણ શાહાનશાહ, જયારે ખુદ લંડનમાં હોય, ત્યારે તેવણુનો વસવાટ બકીંગહામ

પેલેસમાં હોય છે. આજ રોજે તા૦ ૨૪ મી જુલાઇએ નામદાર શાહાનશાહ અને શાહાનશાહબાનુંની ગાર્ડન પાર્ટી હતી. ત્યારે આ મોટા મેહેલના નીચેનો થોડોક ભાગ અને તેનો મોટો સુંદર બાગ જોવાની તક મળી હતી.

ગાર્ડનપાર્ટી.

શાહાનશાહ આ ઉનાળાની મોસમમાં દર સાલ ગાર્ડનપાર્ટી કરી પોતાની પ્રજાના ઘણાકોને મળે છે. એવણના મેહેમાનોની સંખ્યા આસરે બાર હજારથી ઉપરની થાય છે. માટે બે દિવસ પાર્ટી કરી અર્ધાં ભાગને એક દિવસે તા૦ ૨૧ મીએ. અને બીજા અર્ધાને ત્રણ દીવસ રહી તા૦ ૨૪ મીએ એમ આમંત્રણ કરવામાં આવ્યાં હતાં. મને તા૦ ૨૪ મીનું બીજી પાર્ટીનું ઇજન હતું.

આમંત્રણની રીત આપણા દેશના હાકેમોની પાર્ટીઓની રીતથી શાહાનશાહના દરજજા પ્રમાણે, જુદી પ્રકારની હોય છે. નામદાર શાહાનશાહ અને બાનુના હુકમથી ખાસ હજુરના ઉમરાવ અમલદાર ઇજન કરે છે. "The Lord Chamberlain is commanded by their Majesties to invite Mr......" એમ ઇજન બાહાર પડે છે. મેહેલના ચોક અને બાગમાં દાખલ થવા કાજે બાગના મોટા વીસ્તાર પ્રમાણે ચાર દરવાજા છે. તે ચારે દરવાજા મેહેમાનોને આવવા કાજે તેઓની મોટી સંખ્યાના સબબે ખુલ્લા કરવામાં આવે છે. આ ગાર્ડન પાર્ટી, જેને પાછલા પોહોરની પાર્ટી (Afternoon Party in the Garden of Buckingham Palace) તરીકે ઇજનના કાર્ડમાં જણાવી છે, તે માટે ચારથી સાડાછનો વખત જણાવ્યો હતો. સવાત્રણ વાગે બાગનાં દરવાજાઓ ખોલવાનું જણાવવામાં આવ્યું હતું, તેથી ત આગમજ ત્રણ વાગામાં તો મેહેલના મુખડાની સામેના મેહેલને દખદખો આપનારા મોટા માલ (Mall) ના રસ્તા ઉપર મોટરોની હાર લાગી હતી.

મેહેલનો મોટો સુંદર બાગ.

આ મેહેલના મુખડા ઉપર કમ્પાઉન્ડ ઘણો થોડો છે અને તેથી બાગ જેવું મુખડા ઉપર થોડું છે. પણ મેહેલના મુખ્ય દરવાજામાંથી દાખલ થઇ આપણને બાગમાં જવા કહે છે, ત્યારે ત્યાં જઇ જોઇએ છિએ અને ફરયે છિએ, ત્યારે આપણને ખ્યાલ આવે છે કે પાદશાહના મોટા નામને છાજતો અને આ મોટા મેહેલને છાજતો મોટો વિશાળ સુંદર લીલોત્રીવાળી જગ્યાઓ (lawn) સાથનો આ બાગ છે.

આ તરફના ઘણાખરાં ઘરોની રચના પ્રમાણેનો આ મેહેલ અને બાગ છે. આપણા દેશમાં સરસાહુકારોનાં આલીશાન મકાનોમાં શરૂઆતમાં નાનો મોટો બાગ હોય છે અને પછી અંદરથી મકાન હોય છે. પણ અહીં આપણે ગુજરાતના ગરગામડાંઓ માફક ઘણાખરાં ઘરો જોઇએ છિએ. આપણી તરફ આગલ બારણે સર્વ ઘરોની સરખી હાર હોય છે અને પછી ઘરમાં થઇ પછવાડે જઇએ ત્યારે નાના મોટા ચોકો યા વાડાઓ જેમાં ઝાડપાન હોય છે, તે જોઇએ છિએ. આપણે અત્રે ત્રેનોમાં પસાર થતાં ગીચ વસ્તીની બાહેર પરાંઓમાં એમજ જોઇએ છિએ. ઘરની પછવાડે ચોકો હોય છે, જેમાં બાગ કરે લો, મરઘાં બટકાંની જગ્યા રાખેલી અને લોકો સાંજે ત્યાં ખુરસી કહાડી બેઘડી બેસ ઉક કરે. પાદશાહનો મેહેલ પણ જાણે લગભગ એજ રૂપે પછવાડે અને બાજુએ બાગ ધરાવે છે.

શાહાનશાહ અને શાહાનશાહબાનુ ઠેરવેલે વખતે બરાબર ચાર કલાકે પોતાના મેહેમાનો હજુર આવ્યાં હતાં. મેહેલની અંદર પેહેલે પોતાના ખાસ અમીર ઉમરાવોની મુલાકાત લીધી હતી. અંદર શું બન્યું તે આપણુ આમની જાણમાં આવતુ

નથી. આસરે સવાચારે એ બન્ને નામદારો બાગમાં મેહલના બાજુના દરવાજાથી ઉતર્યાં હતાં. હું એવા ખ્યાલમાં હતો, કે મુંબઇમાં શાહાનશાહી કુટુંબની આમદ વખતે બને છે તેમ મેહેમાનો બે હારમાં આ ગંજાવર મોટાં લોનમાં ઉભા રહેશે અને તેઓની હાર વચ્ચેથી તેઓ પોતાના મેહેમાનોને દર્શન આપતાં પસાર થશે. પણ નહી. તેઓ બન્ને છુટાં પડયાં. શાહાનશાહબાનુ મેહેમાનોની વચ્ચે એકગમથી પસાર થવા લાગ્યાં અને ઓળખાણ પિછાણવાળાઓને મળવા લાગ્યા અને શાહાનશાહ બીજી બાજુએ છુટા મેહેમાનો વચ્ચે ફરવા લાગ્યા અને ઓળખાણવાળાઓને મળવા અને તેઓ સાથે એક બે મીનીટ વાત કરવા લાગ્યા. વળી લોર્ડ ચેમબરલેન કેટલાકોની પોતે અવારનવાર નવી ઓળખાણ કરાવતા. કોઇ નવા આવેલાઓ યા આગળ પિછાણ નહી થયલાઓ પોતે કોણ છે અને કયાંથી આવ્યા છે તે, જ્યારે રાજા બીજાઓ સાથે વાત કરે ત્યારે, લોર્ડ ચેમબરલેનને જણાવતા અને તેવણ રાજા સાથ તેઓની પીછાણ કરાવતા. મહારાણીજી હજુર પણ એમજ બનતુ. આ રીતે બે ખેંચાણ કરનારાં કુંડાળાં થયાં હતાં. હું મારા સફેદ પોષાકમાં દગલી પાઘડી સાથે હાજર થયો હતો અને જ્યાં હતો ત્યાં મહારાણીજી હસતે મુખડે ઓળખાણવાળાઓને મલતાં ભેટતાં અને કાંઇક વાત કરતાં આવી પહોંચ્યાં. મને મારા સફેદ પોષાકમાં જોઇ તેવણ સાથના ઉમરાવ અમલદારનું ધ્યાન ખેંચાયું. તેવણે મારી આગળ આવી મને હું કયાંથી આવ્યો છું અને કોણ છું તે પુછયું અને તે જાણ્યા બાદ પોતા સાથે મને લઇ જઇ નામદાર મહારાણીજી સાથે મારી ઓળખાણ કરાવી. જ્યારે રાણીજીને એકલા જોયાં ત્યારે હું વીચારમાં પડયો કે શાહાનશાહ પોતે કેમ નથી આવ્યા. શું કારણ હશે એક ગૃહસ્થને પુછતાં તેવણે ખુલાસો કીધો કે તેવણ છુટા બીજા ઝુમખામાં ફરે છે. ત્યારે હું ત્યાં ગયો અને જ્યારે તેવણ મલતા, ભેટતા અને હસતે ચેહેરે આવ્યા ત્યારે તેવણના મુબારક ચેહેરાનાં મેં દર્શન કર્યાં.

લોર્ડ ચેમબરલેને મને શાહ આગલ રજુ કર્યો અને મારી પિછાણ કરાવી. હું કયાંથી આવ્યો છું અને કયારે આવ્યો છું, વીગેરે તે નામદારે પુછયું અને આગળ વધ્યા. મારા નામદાર શાહાનશાહ અને શાહાનશાહબાનુના પોતાના મુલકમાં, તેઓના પોતાના મેહેલના બાગમાં, તેઓના એક ગરીબ મેહેમાન તરીકે હાજર થઇ, તેઓનાં મુબારક દીદારનાં દર્શન કરવાથી મને ખુશાલી ઉપજી હતી. રાજાને બે પ્રસંગે મુંબઇમાં મેં જોયા હતા. એક વખત અહીં પણ એ બન્નેનાં જોડાંને એક માસપર અત્રેની એસકોટની સરતમાં તરણના પેવીલીઅનની સામે અમારી કુક કંપનીની ગાડી હતી ત્યાંથી જોયાં હતાં. પણ આજે દર્શન કરવા ઉપરાંત તે નામદારોના મુબારક હાથો સાથે હાથ મેળવતાં અને બે શબ્દોની વાતચીત કરતાં મને ઘણી ખુશી ઉપજી હતી. સેંકડો વખત "અહુરહે મજદાઓ રએવતો ખરેનંઘુહતો આફ્રીનામી ક્ષથ્રવાંન દંઘહુપઇતી" વીગેરે શબ્દો ભરેલી મારાં રાજાના હકમાં મેં આફ્રીનગાન ભણતાં દુઆ ગુજારી છે લડાઇ દરમ્યાન એ કડનો કરેલો મારો બેતબાજીનો તરજુમો મારાં વહાલાં કુટુંબ સાથે દર રાત બિછાને જતાં અમારી બીજી બંદગીની સાથે ભણી મેં એ નામદારના હકમાં દુઆ ગુજારી છે. પણ આજે તેવણના દેશમાં, તેવણના ઘરમાં, તેવણ સાથે બે બોલ બોલી, તેવણે મેહેમાનદારી માટે રજુ કરાવેલા નેઆમતોના બે ત્રણ નવાલા ચાખીને, તેઓના હકમાં દુઆ ગુજારવાની તક મળી તે માટે હું ખુશી છું. ખુદા તેઓ ઉપર સર્વે આશીર્વાદ વર્ષાવે અને તેઓને ખુશી અને સુખી રાખે!

રાજાની મેહેમાનદારી.

પાદશાહની મેહેમાનદારી તેવણુનાં નામ અને ઠામને છાજતી હતી. મોટાં લોન યા લીલોતરીભર્યા ઘાસનાં મેદાનમાં એક બાજુએ કુશાદે આસરે ૨૦૦) ફીટ લાંબો સુંદર માંડવો નાંખી, સુંદર મીષ્ટાનોથી મેહેમાનદારી કરી હતી. આ મોટો માંડવો આમલોક માટે હતો. એક માંડવો "Reserved for diplomatic service" એવાં લખાણ સાથે પારકાં રાજ્યોના એલચીઓ વીગેરે માટે હતો. એક નાનો સુંદર માંડવો, હરોલમાં એક નાના હીંદી પેવીલીઅન સાથે પાદશાહી કુટુંબનાં અને નજદીકના અમીર ઉમરાવો માટે હતો. આસરે દોઢ કલાક પોતાના મેહેમાનો વચ્ચે ફરી એ બન્ને ઘણીધણીઆણી ઉપલા છેલ્લા પેવીલીઅનમાં ગયાં હતાં. આસરે ૩૦ યા ૪૦ ફીટ દુરથી એક સુંદર દોરડું બાંધી તેવણુની જગ્યાને, પારસી ધાર્મીક ભાષામાં બોલું તો, જાણે પાવી ઘેહેરી પવિત્ર બનાવી રાખી હતી કે તેમાં કોઈ દાખલ થાય નહી.

અહીં એક ચીજ મને ઘણી વિચિત્ર લાગતી હતી, તે આ કે આ દોરડાંથી ઘેરેલી જગ્યાની બાહેર સંખ્યાબંધ લોકો આસપાસથી ખુરસી લાવી ગોઠવાઈને બેઠાં હતાં અને રાજાના પેવીલીઅનમાં શું થાય છે તે નેહાલ્યા કરતાં હતાં.

આવી પાદશાહી મીજલસમાં કલ્ચરલ એનથ્રોપોલોજીએ રજુ કરેલા કોઈક રેવાજો.

આવી પાદશાહી મીજલસોમાં આપણે જે જોઈએ છિએ અને જાણ્યે છિએ, તે ઉપર શાંત વિચાર કરતાં આપણને માલમ પડે છે કે "કલ્ચરલ એનથ્રોપોલોજી" પુરાણા વખત માટે, અને તેમાં ખાસ કરીને જંગલી ગણાતા વખતના રેવાજો અને રાહરસમો માટે, જે કહે છે તે એક યા બીજે રૂપે કાંઈક ફેરફાર સાથે ઉતરી આવ્યું છે. આ વિસમી સદીના પચીસમા સાલમાં પાદશાહી મંડળમાં પણ જોવામાં આવતી કોઈક રીતીઓ કોઈ જંગલી ગણાતા જમાનાથી ફેરફાર સાથે ઉતરી આવી છે. કહે છે કે એક વખત ઇંગ્લંડના લોકોમાં વેહેમ હતો કે કોઈને કાંઈ ચામડીનું દર્દ થયું હોય તો તે જો પોતાના રાજાના શરીરપરના કોઈ કપડાંનાં કોઈ ભાગને હાથ લગાડે તો તે સારૂં થતું હતું. પાદશાહના શરીરને જાણે કોઈ ખુદાઈ પુરૂષ તરીકે પવિત્ર ગણવામાં આવતું. હાલમાં તેનાં કપડાંને નહીં પણ તેના હાથ સાથે હાથ મેળવવામાં કાંઈક ઓર પ્રકારની તનની દરૂસ્તી નહી તોપણ મનની દરૂસ્તી યા ખુશી શોધવામાં આવે છે. શહાનશાહને સ્ત્રીઓ જરા ગુંથણ વાંકાં કરી સલામ (કર્ટસી) કરે છે. મરદો સર નમાવે છે. આ રેવાજો કોઈ પુરાણા રેવાજોના વારસો છે કે જ્યારે ફર્માનબરદારી માટે મરદો પોતાનું માથું પોતાના વડાઓ આગળ ધરતા કે રાજા ગમે તે કરે, ગમે તો માથું ઉરાડી પણ નાખે. સ્ત્રીઓ જરા પગ વાંકા કરી "કર્ટસી" કરે છે, તે આગલા વખતમાં ગુંથણમંડીએ પડી, આજેજી દેખાડવાનું એક ટુંકું રૂપ છે. પાદશાહ રાત દહાડો જમીનપર ચાલે પણ આવા અવસરો, જે એક પ્રકારે પવિત્ર અવસરો ગણાય, ત્યારે તેના પગ સાધારણ જમીનપર નહીં મેલાવા જોઈએ, પણ કોઈ "કારપેટ" યા કપડાંપર મેલાવા જોઈએ. આવી મીજલસમાં ફરતાં હરતાં આપણે ઘણુંક એવું જોઈએ છિએ કે જે આગલાં જંગલી ગણાતા જમાનાનું વારસ સમાન છે.

આ મેળાવડામાં ઘણાકો છત્રીઓ લઈને હાજર થયાં હતાં. અલબતે છત્રીઓ મીજલસને લાયકની સુંદર હતી. ઇજનના કાર્ડ ઉપર લખેલું હતું કે Weather permitting એટલે જો વર્ષાદનો દિવસ બને તો પાર્ટી માંડી વાળેલી સમજવી. વળી ત્યાં જવા બાદ અહીંની ૠતુ અચોક્કસ હોવાથી, વર્ષાદ આવે તો તે માટે છત્રી રાખવાનું જરૂરનું હતું અને તે માટે છુટ હતી. અંત્રે મને આપણા

દેશના ઉદેપોરના મહારાજાની દરબારનો છત્રી બાબેનો રેવાજ યાદ આવે છે કે જે રેવાજ પ્રમાણે રાજાની હજુરમાં તો કોઇથી છત્રી નહીં ઉઘડાય, એટલુંજ નાહેં પણ રાજાના મેહલની ટોંચ ઉપરની છત્રી તમોને દેખાય કે તમોએ તુરત ગમે તેટલા દુર હોવ તોપણ છત્રી બંધ કરવી જોઇએ. મને એક દિવસ યાદ છે કે એક નાતાલના તેહવારપર રાજાની મેહેરબાનીથી અમારા ઉદેપોરના મેજબાન સાથે રાજાનો વાઘનો શેકાર જોવા ગયા તો ખરી બપોરે હાથીની અંબાડી ઉપર અમોને તડકામાં ભુંજાવું પડયું હતું. પણ જંગલમાં એક વાઘ જોવો અને તેનો શીકાર જોવો એ એક મોજ હતી.

વળી આપણા તરફ કોઇકનો એવો ખ્યાલ છે કે હાકમની પાર્ટીમાં જવું તે ગાડીઘોડા યા મોટરમાંજ જવું. અહીં સંખ્યાબંધ લોકોને આપણે ચાલતાં આવતાં અને જતાં જોઇએ છિએ. કોઇ નજદીકના ઉમરાવ અને ઉમરાવજાદીઓ પણ ચાલતાં આવજાવ કરે છે.

પાદશાહનાં મેહેલનાં પુતલાંઓ.

મીજલસ તમામ થતાં મેહેલના નીચેના ભાગમાં થઇને પાછું બહાર જવાનું હતું તેથી તેમ જતાં ઘણાંકો મેહેલનો નીચેનો જોવાઇ શકાતો થોડો ભાગ જોતા હતા. મેં પણ ફરીને તે જોયો. તેમાં એક આ જોયું કે દેશનો આ મોટો પાદશાહ, જે ધર્મનો રક્ષક (Defender of the Faith) ગણાય તેના મેહેલમાં પણ કોઇક એવાં પુતલાંઓ હતાં કે, જેના કરતાં સરખામણીમાં વધારે સારાં પુતલાં માટે મુંબઇના આપણા એક ધર્માલયમાં સવાલ ઉઠાડવામાં આવ્યો હતો કે તે મર્યાદાભરેલાં નથી. ફકત અહીં આપણા રાજાના મેહેલમાંજ નહીં પણ યુરોપના ઘણા રાજાઓના મેહેલોમાં અને કેળવણી, વિદ્યા, એલમહુન્નરના પવિત્ર સમાન મથકોમાં પણ આપણે એવા સંખ્યાબંધ પુતલાંઓ જોઇએ છિએ. તે ઉપર હુન્નરની નજરથી જોવામાં આવે છે અને આવો વખતે પાદશાહી મુદ્રાલેખ યાદ કરવાનો છે કે Honi soit qui mal y pense મતલબ કે "જે બુરૂં વિચારે તેને બુરૂં થાય છે."

પાદશાહી કુટુંબને પારસી કોમ તરફનાં માનપત્રો.

આ પાદશાહી મેળાવડા ઉપરથી પારસી કોમ તરફના આપણાં પાદશાહી કુટુંબને આપવામાં આવેલાં માનપત્રો યાદ આવે છે. ધારવામાં આવતું હતું કે એવાં માનપત્રો અને તેના કાસકેટો સંખ્યાબંધ હોવાથી કોણ જાણે કયાં રહેતાં હશે. પણ એવું દીસે છે કે સુંદર કાસકેટો કુઠે દેખાડવા મુકેલાં હોય છે. દાખલા તરીકે પારસી કોમ તરફનું એક કાસકેટ મેં ઇમપીરીઅલ ઇન્સટીટયુટમાં તા૦ ૨૦ મી જુનને દિવસે જોયું હતું. એવાં બીજાં કદાચ વીન્ડસર કેસ્ટલના મેહેલમાં હશે.

પારસી પંચાયતના ખાતાં સાથના મારા ૩૨) વર્ષના સંબંધ દરમ્યાન મહારાણી વીકટોરીઆ, રાજા એડવર્ડ, હાલના રાજા જીઓર્જ અને પ્રાન્સ ઓફ વેલ્સને અપાયલાં પારસી કોમ તરફનાં માનપત્રોના સંબંધમાં હું આ૦પો છું. એમાંના પેહલાં બેના સંબંધમાં મારો કાંઇક કમીનો હાથ હતો. તે મેં પેહેલે ત્રસ્ટી સાહેબોની ફરમાશથી ઘડયાં હતાં અને પછી પંચાયતના વકીલોને પાદશાહી ખેતાબો અને ઘટતી પાદશાહી ભાષાની કોઇક સુચના માટે રજુ કર્યાં હતાં. પછીનાં માનપત્રો બીજા સાહેબોએ ઘડયાં હતાં અને તેમાં અવસ્તાના દુઆના ભાગમાં મારો કમીનો હાથ હતો.

પાદશાહી કુટુંબને પારસી કોમ તરફથી અપાયલાં માનપત્રોમાં એકમાં મારો સંપુર્ણ સીધો હાથ હતો તે બનાવને હું મારી જીંદગીનો એક ખુશ બનાવ ગણું છું. હાલના નામદાર પાટવી કુંવર હીંદુસ્તાન આવવા પછી ચીન જાપાન તરફ ગયા હતા, જાપાન ગયા ત્યારે હું પણ

ત્યાં ગયો હતો. ત્યાં કોબેના પારસી ભાઇઓએ મને આવકાર અને મેહેમાનદારી આપવા એક મેળાવડો કર્યો હતો. ત્યાં તેઓએ વીચાર કરીને શાહજાદા કોબે ખાતે આવે ત્યારે પારસી કોમ તરફથી એક માનપત્ર આપવા ઠેરાવ્યું હતું અને મને એલતેમાસ કરવાથી તે બીજે દહાડે સવારે મેં ઘડી આપ્યું હતું. તેઓએ તેનો ખરડો ત્યાંના કોનસલને પહેલે સરેસ્તા મુજબ પસંદગી માટે દેખાડતાં તે એક શબ્દના પણ ફેરફાર વગર બહાલ રહ્યો હતો. મારા તે માનપત્ર સાથના કમીના સંબંધને અત્રે આજે ખુશી સાથે યાદ કરતાં કોબેના મારા જરથોસ્તી ભાઇઓને યાદ કરી મારી નમનતાઇભરી દુઆઓ પહોંચાડું છું.

લંડન, તા૦ ૨૬ મી જુલાઇ ૧૯૨૫.

અત્રેનું મઝદસ્નાન મંડળ.

અત્રે "The British Mazdaznan Association" એવે નામે એક મંડળ છે જેનું મુખ્ય મથક (Empire Centre) લંડન (Langham House, 308 Regent Street) માં છે. તેની આસરે આઠ દશ શાખાઓ ઇંગ્લંડ અને સ્કોટલંડના મુખ્ય શેહેરોમાં છે. તેઓ દર આતવારે સવારે અગીઆર વાગે અને સાંજે સાત વાગે પોતાનું દેવળ ઉપલે ઠેકાણે ભરે છે. આપણા માઝદયસ્નાન શબ્દ ઉપરથી એઓએ પોતાનું નામ લીધું છે. તેની પહેલી સ્થાપના થીઓસોફીકલ સોસાયટી અને ક્રીશ્ચીઅન સાયનસ સોસાયટી માફક પહેલે અમેરીકા, જેમાં પૂર્વ ભણીના સાન અને ડહાપણ તરફ અને ખ્રાસ્તીઓની પોતાની કોઇક જાણીતી માનતાઓ તરફ કેડે કેડે ધારવા કરતાં વધુ વલાણ દીસે છે, ત્યાં થઇ. મને યાદ છે કે આસરે ત્રિસ વર્ષપર મારા ઉપર બે અમેરીકનો તરફથી પત્રો આવ્યાં હતાં કે તેઓને જરથોસ્તી ધર્મમાં લેશ. મેં જણાવ્યું હતું કે આ એક મોટો કોમી સવાલ છે. જેનો કોમના વડીલોથી ચુકાદો થવો જોઇએ. એ કાંઇ એક બે પુરૂષોનું કામ નથી. એ પત્રવેહેવારના ચોક્કસ શબ્દો મને હાલ યાદ નથી. એવું દીસે છે કે તે પછી જરથોસ્તી ધર્મે કોઇક ચોક્કસ વર્ગનું, આખા ધર્મ તરીકે નહી, પણ કોઇ ચોક્કસ બાબતોમાં વધારે ધ્યાન ખેંચ્યું છે. ત્યાં તેઓએ મઝદસ્નાન નામનો એક ધાર્મીક પંથ સ્થાપ્યો છે. જે ત્યાં આસ્તે આસ્તે ફેલાયો છે અને હાલ તેની શાખાઓ યા તેના જેવી મંડળીઓ અત્રે તેમજ યુરોપના બીજા કોઇક ભાગોમાં સ્થપાઇ છે. હું તેઓનાં કામમાં થોડોક ઉડતો લાભ અવારનવાર લેતો રહ્યો છું. તેઓ અમેરીકા ખાતે "મઝદસ્નાન" એવે નામે કેટલુંક થયું એક માસીક બાહાર પાડે છે, જે મારા ઉપર આવે છે અને હું તે કેટલુંક થયું મારાં કામા ઓરીએન્ટલ ઇનસ્ટીટ્યુટમાં મોકલતો રહ્યો છું.

એ મંડળની મારી મોલાકાત.

જ્યારે હું અત્રે આવ્યા અને સાંભળ્યું કે તેઓનું એક મંડળ અત્રે પણ છે, ત્યારે મેં એક દિવસે તેની મુલાકાત લેવાનો વીચાર રાખ્યો હતો. અત્રેની ઝોરોસ્ત્રીઅન એસોસીએશને તા૦ ૨૦ મી જુને મને મેહેરબાની કરી ચાહીને આવકાર આપવા જે મેળાવડો કર્યો હતો, તેમા તે મંડળના અત્રેના વડા જેવણ શિક્ષક (Teacher) તરીકે બોલાય છે, તેવણ (Arthur F. Gault) આવ્યા હતા, ત્યારે એક મિત્ર, જેવણ અવારનવાર એ મંડળમાં જાય છે, તેવણે મારી સાથે ઓળખાણ કરાવી હતી. તે વખતે એકાદ પ્રસંગે તે મંડળમાં જવાની મેં ખાહેશ જણાવી હતી. તે મુજબ હું આજે આતવારે અગીઆર કલાકે તેઓની બંદગી (service) વેળાએ ગયો હતો. એક બીજા પારસી મિત્ર, જેવણ મને મળવા આવ્યા હતા, તેવણ પણ મારી સાથે આવ્યા હતા. હાલ ઉનાળાની મોસમમાં અઠવાડયાંની ઓસરટે ઘણાકો

બાહાર જાય છે, તેથી આસરે વીસ યા પચીસ જણ હાજર હતાં અને તેમાં મોટો ભાગ સ્ત્રીઓનો હતો. મરદો ઘણા થોડા હતા. દીવાનખાનામાં એક ઉંચો પ્લેટફોર્મ હતો જે ઉપર એક પ્રકારનો યજ્ઞકુંડ (altar) બનાવેલો હતો, જે ઉપર હરોળમાં એ મંડળના અમેરીકાવાળા પીતા યા સ્થાપક ડા૦ ઝરદુસ્ત હનીશ (Rev. Dr. Ottman Zaradusht Hanish), જેવણની હાલ એંશી વર્ષની ઉમર કહેવાય છે, તેવણનું નાનું અર્ધ–અંગી પુતલું (bust) હતું. પછવાડે સાત મીણબતીઓ હતી. સાતનો સબબ પુછતાં ખુદાના સાત ગુણો (attributes) ની યાને આપણા સાત અમેશાસપંદોની સંખ્યા જણાવી હતી. પડોશમાં એક કપ હતું, તે માટે પુછતાં તે સતસંગ અથવા ચાશની કરાવવાનું કપ (communion cup) જણાવવામાં આવ્યું. કહે છે કે કેફ વગરનો શરાબ અને પવિત્ર રોટી (Sacred Wine and Bread) એ ક્રિયામાં ચોકસ વખતે હાજર રહેલાઓમાંથી જેઓ માગે તેઓને આપવામાં આવે છે. એક વાસણમાં ધુપ માટે બાળવાનું કાંઇ સુગંધી બલતણ હતું. પાસે એક સાંપના રૂપનું ધુપદાન (Censer) હતું, જેમાં તે ધુપ બલતી હતી. મેં પુછયું કે સાંપ (માર) તો આપણા ધર્મમાં તેમજ ખ્રાસ્તી ધર્મમાં સેતાન અથવા આહેરેમનની નિશાણી (symbol) ગણાય છે, તે આવાં મંડળમાં કેમ હોય? તો ખુલાસો મલ્યો કે જગતમાં ભલાં બુડાંનો કોઇક પ્રકારનો સમાગમ છે, જેમાંથી ભલાંને છુટું પાડવાનું છે. યજ્ઞકુંડની બે બાજુએ બે બેઠક ઉપર પાંચ પાંચ મીણબતીનાં બીજા ઝુમખા હતા, જે આ વખતે સળગાવ્યા નહીં હતા. બંદગીના ચોક્કસ તબક્કા પછી ઉપલી સાત મીણબતીઓ સળગાવી હતી. દીવાલે સુર્યનાં ચિત્ર હતાં, જેમાં માહેલો ભાગ ચાર અનાસરો (elements) ની નિશાણી તરીકે ચાર રંગનો હતો. દીવાલે યજ્ઞકુંડ પછવાડે કમળ (lotus) ફુલના ચિત્ર સાથનો પરડો હતો.

હેઠે ખુરસીની બેઠકો ઉપર (Avesta in song) એટલે "ગાયણમાં અવસ્તા" એવી ચોપડીઓ તે વખતે ભણવા કાજે મેલેલી હતી. ત્યાં વળી સુર્યનાં એક ચિત્ર સાથની "Mazdaznan Songs selected from Avesta in songs" એવી પણ ચોપડીઓ હતી. બીજું કેટલુંક એઓના પંથનું સાહીત્ય ત્યાં એક ટેબલ ઉપર હતું.

એઓની બંદગી.

અગીઆર વાગે એઓની બંદગી (service) શરૂ થઇ. તે વખતે ઉપર નામ દીધેલા વડા યા "ટીચર" થોડાક ભુરા રંગનો લાંબો ઝભો (gown) પેહેરીને પોતાનાં ધણીયાણી સાથે આવ્યા અને બન્ને જણ પ્લેટફોર્મપર બીરાજયાં. બાઇના અંગમાં સફેદ ઝભા જેવું ગાઉન હતું. આપણે કુસ્તી બાંદયે છિએ તેની જગ્યાએ એક કમરબંધ યા પટો ગાંઠ સાથનો બાંધેલો હતો, કે જેવો આપણે આપણા દેશમાં કોઇ પાદરીઓ (હું ભુલતો નહીં હોઉં તો Fransiscan Fathers) ની કમર ઉપર પણ જોઇએ છિએ. એઓએ ગળામાં પણ ગાંઠ સાથની પવિત્ર ગણાતી એક સુંદર દોરી પહેરેલી હતી.

બંદગીઓ નીચલાં નામોની હતી:–

૧. (Salaam A'eikum) "સલામ આલેકુમ" એવાં ઇસલામી નામની પહેલી ભણવા, જેમાં સુલેહ સલામતી (Peace સલામ યા સલામતી) માટેની દુઆ ગુજારી હતી. તેમાં ઇસ્લામી ભાઇઓના અર્ધ ચંદ્ર crescent નો ઇશારો હતો. (ઉપર જણાવેલી બંદગીની ચોપડીનું નંબર ૩૮).

૨. I am What Men call God એટલે માણસો જેને ખુદા કહે છે તે હું છું. આખી બંદગીના વાક્યો "I am" એટલે હું છું એવા શબ્દોથી

શરૂ થતા અને તે આપણા અહુરમજદ યસ્તનાં "હાત નામ અાહ્મ, પાત નામ અાહ્મ" વીગેરે "અાહ્મ" હું છું (I am) શબ્દોની યાદ આપતી (નાં ૩૩).

૩. Assurance નામની બંદગી "Our Father who art in Peace એવા શબ્દોથી ખ્રીસ્તી ઢપની બંદગીની યાદ આપતી (નાં ૩૯).

આ બંદગીઓ પછી ઉપલી સાત બતી સળગાવવામાં આવી. પછી પેલા વડાએ ટુંકમાં થોડુંક વીવેચન કરી જણાવ્યું કે, પાંચ વર્ષમાં સર્વ લોકો "મઝદઝ્નાન" થશે.

૪. Behold the Image of God (નાં ૫૩).

૫. Fountain of Wisdom and Light, જે "a star of the day and night!" એવા શબ્દોથી ખોરશેદની યાદમાં હતી.

૬. Mazdaznan Confession (એકરારનામું) જે આપણી "મઝદયસ્નો અાહ્મ" ની યાદ આપતા શબ્દો "I am a Mazdaznan, who worships but one God" &c થી શરૂ થાય છે.

૭. Mazdaznan Affirmation, જે "I am all in one individually and one in all collectively" એવા શબ્દોથી શરૂ થાય છે, જે ખુદા સર્વવ્યાપક છે તે જણાવે છે.

૮. "યથા અહુવઇર્યો (Yatha Ahu Vairyo નાં ૪૩). આ બંદગીમાં આખી 'યથા અહુવઇર્યો" નહીં પણ ફક્ત એટલાજ શબ્દો ગાયણ રૂપે, જુદે જુદે રાગે સુંદર અવાજે બોલતા અને સાથે તેનો અર્થ બીજી કલી તરીકે નીચે પ્રમાણે આતા.

Yea, the Lord's will, Yea the Lord's will is the law of Holiness, જે આપણા "યથા અહુવઇર્યો અથા રતુશ અષાતચીત" શબ્દોનો ભાવાર્થ દેખાડે છે.

૯. અશેમ વોહુ (નાં ૪૪). આ બંદગી પણ આખી નહીં પણ ફક્ત એટલાજ શબ્દો તરેહવાર અવાજથી ગાતા. તેનો તરજુમો પણ બીજી કલી તરીકે બોલતા કે:

"Holiness is the best of good, Holiness is best of all."

આ બે બંદગીના સંબંધમાં વડાએ થોડાક શબ્દો અાવાજની ધ્રુજણી યા હલચાલ (vibrations) માટે કહ્યા.

હું જાણું છું કે અવસ્તામાંજ બંદગી કરવા બાબે અાવાજની હલચાલ (vibrations) બાબે કેટલુંક બોલવામાં આવે છે. કોઇક સાહેબો તેને હસી કાઢે છે. આ બે બંદગીઓ અહીં વાજીંત્ર સાથે જે સુરથી ગાયણરૂપે ભણવામાં આવી તે સુરે તેઓને સાંભળતાં, મને વીચાર અાવ્યો કે અાવાજ (ના vibrations) ની કાંઇ અસર હોય તો તે આવી રીતે સુંદર હલકે તેના તરેહવાર રંગરૂપમાં ભણવાથી બચીત થાય. ધીરજથી વીચાર કરતાં જાણે એમ લાગ્યું કે જાણે બન્ને બાજુવાળાઓ—vibrations ની અસર માનનારાઓ અને નહીં માનનારાઓ—ભૂલે છે. "વાઇબ્રેશન" માનનારાઓ થોડા ભૂલે છે. બીજાઓ વધારે ભૂલે છે. પહેલી બાજુવાળાઓ, જોકે ખુદ "વાઇબ્રેશન"ની બાબતમાં ખરા છે તોપણ તેઓ તેના સેવટના પારણામના સંબંધમાં ભૂલે છે. જો "વાઇબ્રેશન"ના સબબેજ અવસ્તામાં બંદગી કરવી જોઇએ, એમ તેઓ દલીલ કર તો આપણે ઘણીકવાર મનમાં બંદગી કર્યે છીએ, એક પણ સંભળાતો અવાજ, જેવા હવામાં "વાઇબ્રેશન" ઉત્પન થાય તે, કર્યા વગર મનમાં ભણ્યે છિએ તેનું કેમ?

અલબતે એક સુંદર અાવાજી મોબેદને સુંદર અાવાજે ભણતાં સાંભળવામાં મોજ છે. અવસ્તા ભાષાના ભણતરની

મોજ તેને માટે આવાજે ભણુવામાં છે. આપણુંજ મોટો આવાજ આપણુ કાને પડે તેમાં મોજ છે. સુંદર આવાજી મોબેદના ભણુતરે મને એકથી વધુ વખતે પ્રેરણા આપી છે અને મારે હાથે ભલાં કામો કરાવ્યાં છે. મારે હસ્તકની શેઠ જીજીભાઇ દાદાભાઇની દરેમેહેરમાં નીરંગ-દીનની વંદીદાદ ભણુાતાં મોબેદોના સુંદર આવાજો, જે સાથે હું કેટલુંક ભણુતર સમજતો તેણે, મને કેટલીક વખતે સુંદર વીચારોમાં નાખ્યો. મધરાતે શાંત વખતે તે મોબેદોને બાગેબુલંદ સુંદર આયણરૂપી આવાજે ભણુતાં રૂડા વીચારોની હું કોઇ પ્રેરણા લેતો હતો. હું ગરીબ આદમી છું. પણ મારી ગરીબી છતાં મેં મારી ગરીબ શકતી પ્રમાણે કાંઇક રકમો મારા પંચાયતના ખાતામાં ભરીછે. તેમ બે વખતે રૂપીઆ પાંચસો પાંચસોની રકમો ભરી છે, તે મારા ઉપર થયલા આભારની યાદમાં બે મરનારોની એહેસાનશનાંસીમાં ભરવાની પ્રેરણા એવી મધરાત વંદીદાદનું સુંદર આવાજી ભણુતરથી અને તે સાથે વીચાર કરવાથી થઇ હતી. તે ઉપરથી "અશોત અહુરો-મજદાઓ" શબ્દોથી જોતી વંદીદાદ માંડે છે ત્યારે ઉઠતાંને વાર મારા ત્રસ્તી સાહેબો ઉપર મોકલવા ધારેલી રકમ સાથે લખવાના પત્રના ખરડા તાતીગાહે તઇયાર કર્યા હતા કે રખેને ઢીલ થતાં સારી અસર દુર થઇ જાય. આ દાખલો આ કાજે આપું છું કે અલબતે મન ઉપર સુંદર અસર કરનારો આવાજ કાંઇક ફાયદાઓ ધરાવે છે. પણ તે અવાજ સાથનીજ બંદગી, બંદગી ગણાય એમ નથી. તેવી (formal) બંદગી એક રીતે આપણને ખરી બંદગી માટે તઇયાર કરે છે. કેટલીક હદે ખરી બંદગી આપણી અવસ્તાની નેમેલી (formal) બંદગીઓ પછી બે ઘડી આપણા ખુદા સાથે જાણે મનમાં વાત કરવાથી, તેને યાદ કરી, આપણી મુશકેલીઓ અને મોરાદો રજુ કરવામાં સમાયલી છે.

માઝદસ્નાનના ગાહમ્બારો.

ઉપલી બંદગીઓ બાદ એ મંડળના વડાનાં ધણીયાણીએ એ મંડળના એક "ગાહમ્બાર" માંથી એવણુ આવ્યાં હતાં તે ઉપર કાંઇક વીવેચન કર્યું. તેવીવેચન કરતાં તેવણુની છાતી ભરાઇ આવી અને આંખમાંથી કાંઇક આંસું પડયાં જે રૂમાલે નુછવાં પડયાં. આ કાંઇ દલગીરીનાં આંસું નહીં હતાં, પણ એક પ્રકારની ઉંડી લાગણી (emotion) નાં, એક પ્રકારના ગાહમબારની મીજલસમાં મેળવેલી ખુશીની લાગણીનાં આંસું હતાં. મને યાદ છે કે ૩૬) વર્ષપર હું જયાર રોમમાં પવિત્ર પોપ સાહેબને મળવા ગયો હતો ત્યારે તે પવિત્ર ગણાતા મોટા પુરૂષની મુલાકાત લઇ બહાર આવેલી બે બાનુઓનાં આંખમાંથી આંસું નીકળતાં મેં જોયાં હતાં. મેં ધાર્યું કે પોપે કાંઇ ધમકાવ્યાં હશે, પણ તેમ હતું નહીં. પુછપરછ કરતાં માલમ પડયું કે ખ્રીસ્તી ધાર્મીક દુન્યાના એક મોટા પરહેજગાર પુરૂષની મોલાકાતની લાગણીથી તે આંસુંઓ તપકતાં હતાં. આ બાઇના સંબંધમાં પણ તેમજ હતું.

હવે એવણુના ગાહમ્બારની બાબત ઉપર આવતાં એઓ હાલ વર્ષમાં બે ગાહમ્બારો કરે છે. એક અમેરીકામાં અને એક સ્વીટઝરલેંડમાં. એઓના ગાહમબારો આસરે એક અઠવાડયું ચાલે છે, જેમાં ગંભીર બાબતો ઉપર વીવેચનો થાય છે, કંઇક ઉજાણી પણ થાય છે અને ગામેગામના માઝદસ્નાનો ત્યાં આવી એકમેકને ભેટે છે, પુછયું કે એવા મેળાવડાને "ગાહમ્બાર" શા માટે કહો છો? તો જવાબ આ મળ્યા કે જરથોસ્તીઓના ગાહમ્બાર માફક આ અવસરે સર્વે ગરીબો અને તવંગરો એક પંગતીએ ભેગા મળે છે અને જમે છે. આપણા ગાહમ્બારની આ એક નેમ માટે હું મારા "ગાહમ્બાર" ઉપરના ભાષણનો હવાલો આપવાની રજા લઉં છું.

ત્યારે આ માઝદસ્નાન પંથ શું છે? તેની નેમ શું છે.

મેં જે વાંચ્યું હતું તે ઉપરથી અને જે અહીં જોયું છે અને જાણ્યું છે અને જેના ઉપર કાંઇક ખ્યાલ આપ્યો છે તે ઉપરથી આ દીસે છે કે આ નવા પંથે જરથોસ્તી ધર્મના તેમજ ખ્રાસ્તી ધર્મના શીક્ષણમાંથી જે એઓને રૂડું, ભલું, સારૂં દીસ્યું છે તે લીધું છે. મને કોઇ પુછે કે એઓ આપણી સમજ પ્રમાણે "જરથોસ્તી કહેવાય કે?" તો હું ના કહું. તેઓ આપણી સર્વ હાલની અને આગલી જરથોસ્તી રાહરીતીઓ, મતો (doctrines), રેવાજો, ક્રિયાઓ માનતા નથી બલકે જાણતા પણ નથી, પણ તેઓ પોતાની બંદગીઓમાં જેમ ક્રાઇસ્ટને યાદ કરે છે તેમ એક મહાન ગુરૂ તરીકે આપણા પેગમ્બરને યાદ કરી તેનું મુબારક નામ જબાનપર લે છે. ખ્રીસ્તી અને માઝદસ્ની ધર્મમાંથી કોઇક એઓને દીસતા સારા વીચારો એઓએ પોતાના પંથમાં લીધા છે. આપણે તો એઓને જરથોસ્તી ગણવા વગર એઓ પોતાને માજદસ્ની તરીકે લખે છે તેમ લખવા દઇ કાંઇક દીલસોજીથી એઓ તરફ જોવાનું છે. દુન્યાને પોતાનાં ભલાં માટે જે ગરજ છે તે ખુદાને પિછાણનારા (God-knowing) અને ખોટાં કામોના સંબંધમાં તેનાથી બીહનારા (God-fearing) માણસોની જરૂર છે. પછી તેઓ જરથોસ્તી હોવ કે માજદસ્નાન હોવ, હીંદુ હોવ કે ઇસલામી હોવ.

હું જાણું છું કે એ પંથના સ્થાપક વીગેરે માટે કાંઇ નહી ને કાંઇ કહેવામાં આવે છે, તે બાબે હું કાંઇ ચોકસ જાણતો નથી. પણ આપણે તે ઉપર જોવાનું નથી. આપણે તો એ પંથના શિક્ષણ તરફ અને તેથી થતી અસર તરફ જોવાનું છે. થોમસ મુરે પોતાની લાલારૂખ (Lallarukh) માં આપણને કહ્યું છે તેમ ફરેસ્તાઓ ઉંચાઇએથી નીચે પડે છે અને એક સાધારણ રામશગર (songstress) પડેલી હાલતમાંથી ફરેસ્તો બની ઉપર ચઢી શકે છે. માટે એક આદમી એક વખત પડેલો પણ હોય તો શું તે પડેલો ઉઠીને ચઢતો નહી થઇ શકે? આપણને તો શિક્ષણ સાથે કામ છે. શિક્ષણની આગલી કરતાં પાછલી જોવાની છે.

એઓની બંદગીની છેવટે મને અરજ કરવામાં આવી કે મારે બે શબ્દો બોલવા. આ નહી ધારેલુ આમંત્રણ હતું. તેમ હું દીલસોજીના બે બોલ બોલ્યો. એઓની બંદગીની રાહરીતીમાં યા બંદગીમાં યા શિક્ષણમાં એવું મેં કાંઇપણ જોયું નથી કે જાણ્યું નથી, કે જે "ખોટું છે એમ હું કહું". એઓ એક પ્રકારના ભેદી વીચારો (mysticism) ઉપર ઢળે છે. ગોસ્ત માછલી ખાતા નથી. દારૂથી પરહેજ રહે છે. દવાદારૂ કરતાં સારા વીચારો હુમત, હુખ્ત અને હુવર્શત જેઓને એઓની બંદગીમાં વખાણ્યાં છે તેઓ ઉપર, તન મનને સારી હાલતમાં રાખવા કાજે, જોય છે. ઉંડો દમ (deep breathing) વીગેરેને વજન આપે છે. હાલના યુજેનીક્સ (Eugenix) ને ભલી ઓલાદ ઉત્પન્ન કરવા અગત આપે છે. આ સર્વમાં કાંઇપણ ખોટું નથી. આપણ પારસીઓએ કાંઇ નહી તો ખુશી થવાનું છે કે તેઓના મહાન પેગમબરનું મુબારક નામ અને તેઓના ખુદા, તેઓના મજદનું મુબારક નામ કોઇ નવા પંથો વાહાલ સાથે યાદ કરે છે. એઓ આપણાં જેવા જરથોસ્તી નથી પણ એક ખુદાને માનનારા માજદયસ્ની છે અને માજદયસ્ની ધર્મનાં હુમત, હુખ્ત અને હુવર્શતના જરથોસ્તી શિક્ષણને કબુલ રાખે છે. એ માટે આપણે ખુશી થવાનું છે કે આપણી કોમમાં યા દીનમાં આવ્યા વગર સેંકડો અને હજારો બીજાઓ મઝદ અને જરથોસ્તના મુબારક નામો યાદ કરી થોડા કે ઘણા ભલા વીચારો કરે છે અને કરાવે છે.

લંડન, તા૦ ૨૮ મી જુલાઇ ૧૯૨૫.

બ્રીટીશ મ્યુઝીઅમની લાઇબ્રેરીની અને ઓક્ષફર્ડ યુનીવરસીટીની બોદલીઅન લાઇબ્રેરીની મુલાકાત.

આપણા અસલી ઇરાનમાં જે જગ્યા પરસીપોલીસ ખાતેનું "દજે નપીશ્ત"નું પુસ્તકખાનું અને સમરકન્દના આતશબેહેરામ સાથે જોડાયલા "ગંજે શપીગાન" સાથનું પુસ્તકખાનું લેતાં હતાં, લગભગ તેવીજ જગ્યા ગ્રેટ બ્રીટનમાં બ્રીટીશ મ્યુઝીઅમનું પુસ્તકખાનું અને ઓક્ષફર્ડનું બોદલીઅન પુસ્તકખાનું લે છે. ઇરાનમાં લખાતાં સર્વ અગતનાં પુસ્તકોની નકલો ઉપલાં ઇરાની પુસ્તકખાનાઓમાં રહેતી. તેમ આ બે લાઇબ્રેરીઓના સંબંધમાં છે. બ્રીટીશ મ્યુઝીઅમની, ખાસકરીને તેનાં પુરાણા યુનાની, રોમન, એસીરીઅન વીગેરેના સંગ્રહની મેં ચાર લાંબી મુલાકાત લીધી છે.

બ્રીટીશ મ્યુઝીઅમની લાઇબ્રેરી.

આ મુલાકાતોમાં એક, ખાસકરી તેની ગંજાવર મોટી લાઇબ્રેરીની મુલાકાત તા૦ ૨૨ મી જુલાઇએ લીધી હતી, જે ફ્રાંસની "બીબલીઓથેક નાશીઓનાલ" પ્રમાણે દુન્યા વરણની મોટી લાઇબ્રેરી છે. તેના એક પુસ્તક અધીકારીએ સર્વ ભાગમાં ફેરવી મને તે દેખાડી હતી આ પુસ્તકખાનામાં રોજ આસરે સાતસોથી હજાર જણ વાંચવા આવે છે. અભ્યાસીઓ ત્યાં અભ્યાસ કરી લખે તથા વાંચે તે માટે ખાસ સગવડ આપવામાં આવેછે. ચુપકીદી એવી તો જાળવવામાં આવે છે કે લાઇબ્રેરીઅન આપણી સાથે હલુથી વાત કરે તે પણ સાંભળવી જરાક મુશકેલ પડે. આ પુસ્તકખાનામાં આપણી બાબતની ચોપડીઓ થોડી છે. તે મોટે ભાગે ફારસી ચોપડીઓ છે અને તે ઘણીક આપણા આગલા ગવરનર સર જોન માલકમના સંગ્રહની છે. તેમાં એક કીસ્સેહ ઇ સંજાણ છે, જે સંજાણ શબ્દનું રૂપ માલકમ પોતાની નોંધમાં સેન્ટ જોન તરીકે આપે છે. (The Kissa Sanjan or Story of St. John, being a History of the Emigration of the Parsees into India and their first Troubles and Wars in their own defenoe).

બીજી એક હાથની લખેલી ચોપડી ઉપરથી દીસે છે કે મરહુમ દસ્તુર બેદલજી સંજાના પણ માલકમ સાથે સંબંધમાં આવેલા હતા. એવણના ત્યાં જણાવવા પ્રમાણે, તેવણે એ ચોપડી "મીસ્તર મેજોર માલકમ સાહેબના હોકમથી" લખી હતી. માલકમને તેવણ જમશેદ અને ફરેદુન અને નોશેરવાન સાથે સરખાવે છે.

ઓક્ષફર્ડની બોદલીઅન લાઇબ્રેરી—તેમાં દસ્તુર દારાબ પાહાલનનો વંદીદાદ.

મેં મારા ખેશીઓ સાથે ઓક્ષફર્ડની મોલાકાત આજે તા૦ ૨૮ મી જુલાઇએ લીધી હતી. ઓક્ષફર્ડની જગપ્રસીદ્ધ યુનીવરસીટીની કોલેજોમાં અમોએ મોડલીન (Magdalen), બેલીઅલ અને ત્રીનીટી કોલેજો જોઇ. હાલ વેકેશન હોવાથી વિદ્યાર્થીઓની આવજાવ અને ચળવળ વીના આ કોલેજો ખાલી હતી. ઓક્ષફર્ડની મુલાકાત દરમ્યાન ઓક્ષફર્ડનું સંગ્રહસ્થાન (the Ashmolean Museum and University Galleries) પણ જોવા લાયક છે. અહીં અસલી યુનાની આર્ટેમીસ કે જેણી યુનાનની અર્દવીસુર અનાહીત હતી, તેણીનું પુતલું જોયું, તેણીના પોષાકનું વર્ણન (olad in short doubled tunio and skin of quiver at shoulder) આપણને આબાં યશ્તમાંના અર્દવીસુરના

પોષાકનાં વર્ણનની બાદ આવે છે. અહીં આપણુ મીથ્ર યા મેહેર યજદની સેતામેથના સંબંધમાં મીથ્રને લગતાં બે પુતલાંઓ જોઇએ છિએ. (Torse of Mithra's torch-bearer અને Mithra slaying a bull).

અત્રેનો યુનીવરસીટીનો કોનવોકેશન હોલ જોકે ત્રણ હજાર છોકરાઓ સમાય તેવો મોટો છે, તોપણ અચંબાકારક નથી. એમાં આપણા કોનવોકેશન હોલ માફક ચેનસેલર અને વાઇસ ચેનસેલરની બેઠક એક પલાટફોર્મપરજ નથી પણ જુદી છે. વાઇસ ચેનસેલર પોતાના પ્રોક્ટરો સાથે નીચે બેઠક લે છે.

બોડલીઅન લાઇબ્રેરીની મુલાકાત ઘણી અચંબાકારક અને અગતની હતી. તેમાં આપણા સાહિત્યને લગતાં પુસ્તકોના સંબંધમાં નીચલાં બે ઘણી અગતનાં પુસ્તકો જોયાં.

(ક) ઇજશનેનું મરહુમ દસ્તુરજી જામાસ્પજીએ ભેટ આપેલું અસલ પુરાણું પુસ્તક, જેની ઓક્ષફર્ડ યુનીવરસીટીએ ૨૦૦) નકલો ફોટો-ઝીંકોથી બાહાર પાડી છે.

(ખ) એક વંદીદાદ, જે જોઇ મને ઘણી ખુશી ઉપજી અને જેની હસ્તી જાણી મેં શોધી કાઢી હોય તેમ સંતોષ ઉપજ્યો. તે મરહુમ દસ્તુર દારાબ પાહાલનનો લખેલો એક વંદીદાદ હતો. આ દારાબ દસ્તુરજીની જીંદગી બાબે અને તેવણના ફરજીઆતનામાં અને ખુલાસે દીન બાબેના અભ્યાસમાં મેં ઘણાક મહીનાઓ પસાર કીધા છે અને આજ વર્ષ એક પુસ્તક પ્રગટ કીધું છે, તે અભ્યાસ દરમ્યાન મેં તેવણને હાથના લખેલા કેટલાક વંદીદાદના પોથાઓનું વર્ણન કીધું છે. પણ મને તે વખતે ખબર નહી હતી કે તે દસ્તુરજીનો એક વંદીદાદનો પોથો ઓક્ષફર્ડ યુનીવરસીટીની બોડલીઅન લાઇબ્રેરીમાં છે. ત્યાંના એક લાઇબ્રેરીઅનના કહેવા પ્રમાણે બોડલીઅનના કેટલોગમાં તેની હકીકત નથી. મુંબઇ આવી તે કેટલોગ જોવાનું છે. આ વંદીદાદનો ગુજરાતી કોલોફોન નીચે પ્રમાણે છે. કોઇક શબ્દો ખરાબ થયા છે તેથી બરાબર ઉકલતા નથી. "સંવત ૧૭૮૦ (પછવ ડેનું મીંડું ભુસાઇ ગયું છે) ના ફાગણ શુદી ૫) વાર ગુરૂએ રોજ શ્રી અહુરમજદ માહ મુબારક અમરદાદના દીને વંદીદ (આ વંદીદાદ શબ્દ છે. વચમાંનો 'દા' હરફ લખવાનો રહી ગયો છે.) તમામ કીધો. એનો લખનાર દર વેળાએ તે હીનદોસ્તાન અનદરન કસબે નોશારીએ દારાબ દસ્તુર પાહાલન બેન દસતુર ફરેદુન કલમી શોદ. એ પોથાનો લખાવનાર એ. ખોરશેદજી એબણી રૂશતમજી ઉરફે બજાંનાએ લખાવીઓચ. જે કોઇ પઢે હઆ પદાવે તે એના લખનારપર તા૦ એના લખવનાર (લખાવનારને બદલે આવો શબ્દ છે. એક કાપો રહી ગયો છે) પર દુઆએ (પછીનો શબ્દ ઉતાવળમાં ઉકલાવી શકાતો નથી સબબ કે ખરાબ થઇ ગયો છે) અનોશેરવાન રસાનદ."

મરહુમ દસ્તુરજીના પેરીસના "બીબ્-લીઓથેક નાશીઓનાલ"ના વંદીદાદને કાંઇક જાહેરની જાણમાં આ જામે જમ શેદ મારફતે લાવવાને મને મોટો સંતોષ ઉપજ્યો હતો. તેના કોલોફોનનું મારૂં વાંચણ ત્યાંની સોસાયટીના એક જરનલમાં તેના ફોટોગ્રાફ સાથે છપાયું છે. તે પછી આજે આ વંદીદાદને જાહેરમાં લાવતાં મને ઘણી ખુશી ઉપજે છે. ઓક્ષફર્ડ આવવાનો ફેરો જાણે આ શોધથી વળી ગયો છે.

હવે મેં મારા આંકેટીલ ડુ પેરોં માટેના એક વિષયમાં એક વંદીદાદ માટે જણાવ્યું છે કે તેને બોદલીઅનમાં સાંકળથી ટાંગી યા બાંધી રાખ્યો હતો. મારા વીચાર પ્રમાણે હું ધારૂં છું કે, તે આએજ દસ્તુર દારાબ પાહાલન નો વંદીદાદ હતો. જ્યારે નવરોજી માનેકજી શેઠ પેહેલવેહલા પારસી તરીકે ઇંગ્લંડ આવ્યા હતા, ત્યારે તેવણને જે વંદીદાદ

દેખાડવામાં આવેલો જણાયો છે તે એજ વંદીદાદ હતો એમ હું ધારૂં છું.

અસલમાં એવાં મોટાં હસ્તલેખ પુસ્તકોને સાંકળથી બાંધી રાખતા હતા કે કોઇ ચોરી જાય નહીં. તેમ એ વંદીદાદને અહીં બાંધી રાખ્યો હતો. તેની એક સાંકળનો અને તે સાથે બાંધેલો પુસ્તકનો નમુનો અત્રે જોઇ મને વધારે ખુશી ઉપજી હતી. એ દસ્તુરજીએ ઉપલાં કોલોફોનમાં ખાહેશ દેખાડી છે તેમ મેં એરવદ સાહેબના રૂહ ઉપર અને લખાવનારના રૂહ ઉપર દુઆ ગુજારી. ઓક્ષફર્ડ જે આસરે ૬૦ યા ૭૦ મૈલ દુર છે, ત્યાંથી રાતે નવ કલાકે પાછો ફરી હું રાતે પોણાબાર વાગે આ લખું છું અને દુઆ માંગું છું કે મરહુમ દસ્તુરજીનું અનોશેરવાન મારા ઉપર દુઆ ગુજારે કે હું મારી આ અને હવે પછાની બાકીની રાતો તનમનની શાંતી સાથે ભલી રીતે અને શરમ આબરૂ સાથે ગુજારવાને તે દાદારની મેહેરથી શક્તીવાન થાઉં.

લંડન, તા૦ ૨૯ મી જુલાઇ ૧૯૨૫.

લંડનના કોઇક કેળવણી ખાતાંઓ યા મંડળો વગેરે.

લંડનના મયુઝીઅમો.

લંડનના કેળવણી ખાતાંઓમાં તેના મ્યુઝીઅમો અગતનો ભાગ લે છે. તેનું બ્રીટીષ મ્યુઝીઅમ પેરીસના (Louvre) લુવરની માફક જાણે એક દુન્યા વરણનું ખાતું છે તેમાં જુની અને નવી દુન્યા પુર્વ અને પશ્ચિમની દુન્યા એ સર્વનું કાંઇક જ્ઞાન આપણે માહેત કર્યે છિએ. તમો ઇજીપ્ત કે ઇરાન, રોમ કે યુનાન, એસીરીઆ કે બાબીલોન્યાના પુરાણા મુલકોની જગ્યાઓ ઉપર જાઓ અને જુઓ ત્યારની વાત પણ તેટલાં જાણી બરને આગળ તમોને ઘણું જોવાનું અને જાણવાનું હાં મલે છે. પેરીસના લુવરમાં, ઇંગ્લંડના આ બ્રીટીષ મ્યુઝીઅમમાં તેમજ એડીનબરોના મોટાં મ્યુઝીઅમમાં તમો તમારાં ઇરાનનાં ખંડીએરોમાંનાં કોઇકના અસલ ભાગો અને કોઇકના "કાસ્ટો" મોટી સંખ્યામાં જુઓ છો. આ જોતાં આપણને કાંઇક વિચાર આવે છે કે ઇરાનના આપણા બેટાઓના કરી લીધેલાં હીંદ દેશમાં અને આપણા મુખ્ય મથક તરીકેના મુંબઇ શેહેરમાં આપણે માટે એવું જોવા અને જાણવા જોગું કાંઇ નથી. હવે હાલની સામટી જાગ્રતીના વખતમાં કોઇ પણ દેશ પોતાના ખંડીએરોના કોઇ ભાગો પોતાના દેશની બાહેર જવા દીએ તે દહાડાઓ હવે વહી ગયા છે. પણ ઘણીક ચીજોના આબેહુબ નમુનાઓ યા કાસ્ટો આપણે મંગાવી શકયે. આ બ્રીટીશ મ્યુઝીઅમના સંગ્રહનું ટુંકમાં પણ વર્ણન કરવું મુશકેલ છે.

બ્રીટીષ મ્યુઝીઅમ ઉપરાંત અત્રેનું વીકટોરીઆ એન્ડ આલબર્ટ મ્યુઝીયમ, ઇમપીરીઅલ ઇનસ્ટીટયુટનું મ્યુઝીઅમ, લંડન મ્યુઝીઅમ, જેમાં ખુદ લંડનની કાંઇક પુરાણી ચીજો આપણે જોઇયે છીએ, તે સર્વ મુલાકાતને લાયક છે.

નેચરલ હીસ્ટરીનું મયુઝીયમ.

બ્રીટીષ મ્યુઝીયમ ગંજાવર મોટું મકાન ધરાવે છે તે છતાં તેને લગતા નેચરલ હીસ્ટરી મ્યુઝીઅમને એક જુદાં કુશાદે મકાનમાં જુદું રાખવું પડયું છે. આ મ્યુઝીઅમ દશ પંદર હજાર વર્ષ પરનાં અને તેની આગમજનો જમાનાનાં જાનવરોનું આપણને કાંઇક જ્ઞાન આપે છે. આપણા પુસ્તકોમાં તેમ યાહુદીઓના પુરાણા પુસ્તકોમાં જમશેદ, ફરેદુન યા નોહા જેવા પુરૂશોની ઉમર પાંચસો સાતસો યા વધુની જણાવે છે તે માટે કોઇ કહે છે કે આગલા વખતોમાં માણસો વધારે કદાવર હતાં અને તેઓની ઉમર ખરેખર ઘણી મોટી હતી. એ આપણે ગળે ઉતરતું નથી. પણ જ્યારે નેચરલ હીસ્ટરીના સંગ્રહસ્થાનમાં આપણે

જે પુરાણા જમાનાના જાનવરોના હાડ-પિંજરો જોઇયે છિએ અને હાલના જમાનના પણ કાઇક મોટાં જાનવરોના હાડપિંજરો જોઇયે છિએ ત્યારે આપણે અજબ થઇયે છિએ. માણસ જાત પછી જાનવરો અને ઝાડ પાનોની પેદાયશમાં ખુદાની કુદરતની શક્તી કેવી કમાલ છે તે આપણે જોઇયે છિએ. અહીં આપણે કોઇક હાલના જમાનાના મોટાં બુલંદ ઝાડોના લાકડાં વગેરે જોઇયે છિએ, અને તેની હકીકત જાણુયે છિએ તો માલમ પડે છે કે ઝાડોના પાંચસો અને સાતસો વર્ષના આવરદા તો ઘણા દાખલાઓમાં મલે છે. આપણે હાતમ તાઇ અને એવાં પુસ્તકોમાં આગલા વખતના ગંજાવર અઝદાહો વગેરેની વાતો વાંચતાં તેને સહરાઘત સમજયે છિએ પણ એવા ગંજાવર અઝદાહો, જેઓના પેટમાં આખું માણસ સમાય તેના અહીં નમુના જોઇયે છિએ.વળી આપણે જમીન ઉપર ઘોડા, સીંહ, હાથી, વાઘ વગેરે મોટાં પ્રાણીઓ જોઇયે છિએ. પણ આ કુદરતી પદાર્થોના સંગ્રહસ્થાનમાં ફરતાં આપણે જયારે નજરોનજર જોઇયે છિએ ત્યારે આપણી ખાત્રી થાય છે કે દર્યાના પટાનાં માછલીઓ પણ કદાવર તનની અને ઘોડા, સીંહ, હાથી વાઘના જેવાં મોંહવાળી હોય છે.દરયાઇ ઘોડા,હાથી, સીંહ, (sea-horse, sea-lion, sea-elephant) વગેરેના લખાણોના લેબલો સાથે આપણને અજબ કરનારાં પ્રાણીઓ આપણે જોઇયે છિએ. વળી કોઇક પ્રાણીઓ જાણે માણસાઇ ખવાસના આપણે જોઇયે છિએ. દાખલા તરીકે એક માછલી સાધુના નામ અને ગુણ દેખાડનારી (monk seal) છે.

* મેં બહમન અમશાસપંદ અને તેની પેદાયશ એથ નામના મારા વિષયમાં કાંઇક થોડું કહ્યું છે તેમ કોઇક પ્રાણીઓમાં માણસ જાતના સદગુણો યા સામાન્ય ગુણો એક યા બીજે રૂપે થોડા યા ઘણા દીસે છે,દાખલા તરીકે કોઇક પ્રજામાં એકથી વધુ બાયડી પરણવા (polygamy) નો રેવાજ છે તો કોઇમાં એકજ બીબીને પરણવા (monogamy) નો રીવાજ છે તેમ પ્રાણીઓમાં પણ કોઇક એકજ માદા સાથે રહે છે યા જાણે પરણે છે. બીજીની સંગત કરતાં નથી. સ્ત્રી જાતીમાં સ્ત્રીઓની ખાહેશ આ હોય છે કે જે પુરૂષ તેઓને અમન ચમનમાં સારાં ઘરબારમાં રાખે તેની સાથે પરણવું. અભ્યાસીઓએ માછલીઓના ગુણોનો વર્ષો સુધી અભ્યાસ કરી દેખાડયું છે કે કેટલીક માદા માછલીઓમાં પણ જાણે શોખ હોય છે કે શોભીતાં ઘરબારોવાળી નર માછલી સાથે પરણવું. માછલાંઓ પણ પક્ષીઓ અને કેટલાંક બીજાં જાનવરો માફક મોસમે મોસમ દર્યાઓ બદલનારી (migratory) પ્રાણીઓ છે. કહે છે કે એમ દર્યાઇ-હેઠાણ બદલવાની મોસમે નર માછલીઓ બીજી નવી જગ્યાએ પહેલે ઉતરી આવે છે અને નવી જગ્યાના ખડકોમાં પોતાના નવા મકાનો યા ઘરો કરે છે. તેઓ એકમેક સાથે જાણે હરીફાઇ કરે છે કે પોતા માટે સુંદર શોભીતું મકાન બનાવવું. આપણે આ સંગ્રહસ્થાનમાં એવાં ઘણાંક સુંદર માછલાઓનાં મકાનો(shells) જોઇયે છિએ. હવે કહે છે કે નર માછલાઓ એમ નવી જગ્યાએ ઉતરી આવવા પછી અને જાણે પોતાનું નવું ઘરબાર માંડવા પછી, માદા-માછીઓ ઉતરી આવે છે અને પેલા નરોએ બનાવેલાં મકાનોમાં જેનું મકાન સુંદર અને સગવડ-વાલું હોય છે તે મકાનને પસંદ કરી તેમાં માદા માછી જાણે તેની સાથે પરણી રહે છે. "આહ! ખુદાની કુદરત નેહારી છે!" એવા શબ્દો આપણે આ ગંજાવર, સર્વ પ્રકારે તવંગર, અને કેટલીક જગ્યાએ અજાયબીમાં ગરકાવ કરનારાં સંગ્રહસ્થાનમાં યાદ કર્યે છિએ, અને તે સાહેબની કરામતપર આફ્રીન કર્યે છિએ.

ખરતા તારાઓના પત્થરોના સંગ્રહ.

આ સંગ્રહસ્થાનમાં એક ભાગમાં આપણે આકાશમાંથી ખરી પડતા તારાઓના પત્થરો (meteors) નો મોટો સંગ્રહ જોઇયે છિએ. થોડાંક વર્ષપર જ્યારે ખરતા તારાઓના વર્સાદ (meteoric showers) નું વર્ષ ગયું ત્યારે એ ખરતા તારાઓ બાબે અને તેઓ બાબે અને તેઓ માટેની આપણા પુરાણાં અવસ્તા પેહેલવી પુસ્તકોની હકીકત બાબે કાંઇ વિવેચન કરનારૂં ભાષણ મેં આપ્યું હતું અને તે પ્રગટ કર્યું હતું. તે સબબે આ ભાગની મુલાકાત મેં કાંઇક ખાસ ખુશી અને લાભ સાથે લીધી. ત્યાં નાનાથી મોટા ગંજાવર આકાશમાંથી પડેલા એવા પત્થરોનો મોટો સંગ્રહ છે. અહીં એવા આકાશમાંથી પડેલા કોઇ પત્થરો આશરે ત્રણ ફીટના વ્યાસના અને સાડાત્રણ ટનના વજનના છે. અહીંના સંગ્રહ ઉપરથી તે દાદારનાં ખોહલાં, પોહેલાં, ચોહલાં આસમાનની કરામતો ઉપર વિચાર જાય છે અને આપણે જાણિયે છિએ કે તેની સૃષ્ટિ કેવી અનંત છે. આજે રાત્રે આપણે કોઇ તારો આકાશમાં ઝળકતો, ચળકતો, પ્રકાશતો જોઇશું, પણ ખુદા જાણે તે તારો તો કદાચ આપણા પેગામબર જરથોસ્તના મરણ દિવસેજ મરી ગયો હશે યાને બુજાઇ ગયો હશે. તે છતાં આજે રાતે હજારો વર્ષ બાદ આપણે તેની રોશની જોઇશું. સબબ આ છે કે તે તે દાદારની જગતમાં આપણાથી એટલો તો દુર હશે કે તે જરથોસ્તના મરણ વખતે તેની સાથે સાથે મરણ પામ્યો હશે યાને બુઝાઇ ગયો હશે તોપણ દર સેકંડે એક લાખ ને એંસી હજાર મૈલની ઝડપે રોશની મુસાફરી કરે છે તે ઝડપે દોડી આવતાં તેના બુજાઇ જવી વખતના છેલ્લાં કિરણને આપણી તરફ આવતાં હજારો વર્ષ થયાં છે. આ મુજબ તે દાદારની જગત અનંત છે અને તે અનંત જગ્યામાં અહીં મેલેલા પત્થરોવાળા ખરતા તારાઓએ આ છોકે વધતો ચપળ ભાગ લીધો હશે. આ નેચરલ હીસ્ટરીના સંગ્રહસ્થાન (Museum of Natural History) માં થોડાક સુંદર જ્ઞાની કલાકો ગુજારવા સાથે અત્રેનો જાનવરોનો સંગ્રહવાળો બાગ (Zoological Garden) અને તેમાં માછલીઓનું સંગ્રહસ્થાન (aquarium) વીગેરે જોવાને ભુલવું નહીં જોઇયે. મેં પહેલું એવું સંગ્રહસ્થાન ૩૬ વરસપર નેપલ્સ (Naples) માં જોયું હતું. ત્યાર પછી સરખામણીમાં નાનું મધરાયનું જોયું છે. પણ આ અત્રેનાં સંગ્રહસ્થાનમાં ઘણી જીવતી માછલીઓનો એક મોટો સુંદર સંગ્રહ છે અને તે વળી બીજી રીતે ખુદાતાલાની કુદરતથી તમોને જેમ ખુશી તેમ અજબ કરે છે. એમાં પસાર કરેલા બે ત્રણ કલાક તમોને ઘણા જ્ઞાની અને ડાહ્યા બનાવશે.

અત્રેના પાર્કો અને બાગો.

ઉપલું જાનવરોનું સંગ્રહસ્થાન અને માછલીઓનું એકવેરીઅમ અત્રેના ઘણાક પાર્કોમાના એક પાર્કમાં છે. અત્રેના હાઇડ પાર્ક, ગ્રીન પાર્ક, સેંટ જેમ્સીસ પાર્ક, રીજંટ પાર્ક, કેનસીંગટન પાર્ક અને ગાર્ડનસમાં લંડનના મારા વસવાટમાંના ઘણાક કલાકો મેં પસાર કર્યા છે. સારૂં ભાગે મારા વસવાટવાળા પીકાડેલીની નજદીકમાંજ પહેલાં સેંટ જેમ્સીસ પાર્ક શરૂ થાય છે. તેથી ખાસ કોઇ સવારની સેહલ વા સાંજની થાકેલી સેહલ એ બાગથી કેટલીક વાર મેં શરૂ કરી છે. એ પાર્કો હજાર ઉપરના એકરોનો વિસ્તાર ધરાવે છે અને તેઓ આ મોટાં લંડનના ફેફસાં તેમ શોભા સમાન છે. આપણા વંદીદાદમાં કહે છે કે જે જગ્યા ઉપર એક પરણેલું જોડું રહેતું હોય તે જગ્યા ખુશાલ રહે છે. આ પાર્કોમાં એવાં સેંકડો અને હજારો જોડાંઓને પોતાના બાળ ગોપાળ સાથે, આ ઉનાળો જે અત્રેના એક વર્ષનાં જાણાવવા પ્રમાણે ઘણો સુંદર ઉનાળો

(a glorious summer) નિવડયો છે, તેવા દિવસોમાં લીલાં ઘાસમાં બેઠેલાં અને સુતેલાં અને ગેલ કરતાં જોવાં એમાં પણ મોજ છે. તેઓથી જાણે આ બાગની જમીન ખુશી થાય છે.

આ પાર્કોમાનો એક પાર્ક જે રીજન્ટ પાર્ક છે, તે સાથે આપણા એક આગલા પારસી શેઠીઆ પહેલા સર કાવસજી જહાંગીરનું નામ જોડાએલું છે. તેઓએ આ બાગમાં આવતાં લોકોને પાણી પીવા કાજે એક ફુવારો બંધાવ્યો છે. તે ઉપર એક પારસીની ઇંગ્રેજી રાજ તરફની વફાદારી સાથેની નોંધ એક લેખમાં લીધી છે. મારી આગલી મુલાકાત વેળાનો એક દિવસ મને યાદ છે કે જ્યારે એક બાનુને અહીં ઉભી રહી એ ફુવારા ઉપરની તખ્તી વાંચતાં મેં જોઇ હતી. તે વાંચી તેણીએ પોતાનો ઉદગાર કાંઇ આવા શબ્દોમાં જાહેર કર્યો હતો કે "તેઓની કેવી મેહરબાની! કે દુર દેશથી આ જગ્યાને યાદ કીધી." આ પેહલા સર કાવસજી જહાંગીર ઉપરથી મને હાલના સર કાવસજી જહાંગીર યાદ આવે છે. તેઓ મારી તે વખતની મુલાકાત દરમ્યાન અત્રે ક્રિસ્ટલ પેલેસ (Crystal Palace) આગળના એક સબર્બ (suburb) માં રેહેતા હતા અને તેઓએ એ પેલેસની સ્કેટીંગ કોર્ટ ઉપર મને મેહરબાની કરી સ્કેટીંગ કરવાનો પેહલો પાઠ આપ્યો હતો.

અત્રેની કેળવણી ખાતાંની કેટલીક મંડળીઓ.

અત્રેની કેળવણી ખાતાંની કેટલીક કોઇક મંડળીઓના મથકોની મેં મુલાકાત લીધી હતી તેઓમાંથી બે હજુર મે વિષયો રજુ કર્યા હતા. ૧) અત્રેના એનથરોપોલોજીકલ ઇનસ્ટીટયુટમાં "The Daily Life of a Parsee of the Seventeenth Century as referred to in the Faraiat nameh of Dastur Darab Pahlan' એટલે "દસ્તુર દારાબ પાહલનના ફરજીઆત નામા પ્રમાણે સતરમી સદીના એક પારસીની દરરોજની જીંદગી" એવે નામે એક વિષય મેં રજુ કીધો હતો. બીજો વિષય અત્રેની ફોકલોર (Folklore) સોસાએટી હજુર The Visha-Kanya of India as illustrated by a Persian Story "એટલે હીંદુસ્તાનની વિષ કન્યા અને તેને મલતી ઇરાની વાત" એવે નામનો હતો.

અત્રેની પર્શીઅન સોસાએટી, જે આપણા "ઇરાન લીગ"(Iran League) ના જેવા નેમ ધરાવતી એક મંડલી છે, તેની સનમુખ એક વિષય રજુ કરવાની મને માગણી થઇ હતી. પણ શરૂઆતમાં તેની મીજલસ માટે ઘટતો વખત નહીં હોવાથી તે વિષય ઓગસ્ટ માટે જો બને તો મુલતવી રાખ્યો હતો. પણ મારે થોડા દિવસ વેહલું લંડન છોડવાનું થવાથી તે રજુ થયો નથી. આ મંડલના આપણા માજી ગવરનર લાર્ડ લેમીંગટન સરનશીન અને સર મનચેરજી ભાવનગરી નાયબ સરનશીન છે.

લાર્ડ લેમીંગટન સાથે બે વખત મુલાકાત થતાં તેઓને આપણી તરફના એક ભલા દસ્તુરજીને યાદ કરતાં સાંભળી હું ખુશી થયો હતો. આ આપણા માજી હાકમ પોતાની હકુમતના છેલ્લા દાહડા ઉપર પોતાની ધણીઆણીની બીમારીના અત્રેથી સમાચાર મળવાથી પુના ખાતે બેચેન બન્યા હતા. તે વખતે મરહુમ દસ્તુરજી હોશંગજીએ તેઓને દુઆ સાથે એવો મતલબનો દીલાસો દીધો હતો કે "ફીકર ના કરો લેડી લેમીંગટનને ખુદા સારૂં કરશે." તેમ તેઓ સારાં થયાં હતાં. તેથી એ હાકમ એ મરહુમ દસ્તુરજીની દુઆ અને દીલાસાને ખુશી સાથે યાદ કરે છે આ સબબે મને યાદ છે કે જ્યારે મરહુમ દસ્તુરજી ગુજરવાની અત્રે ખબર પડી હતી ત્યારે લાર્ડ લેમીંગટને મરહુમ ચોથા સર જમશેદજી ઉપર કાગળ લખી તેઓના કુટુંબને પોતાની દલગીરી અને દીલસોજી કેહ રીતે જણાવવા અરજ કીધી હતી અને

તેવણુ સાહેબે મને ફરમાશ કરવાથી મેં એ બાબે એક પત્ર તેવણુના કુટુંબ ઉપર લખ્યા હતા.

અત્રેની "ઝોરોસ્ટ્રીઅન એસોસીએશન" તરફનો આવકાર.

હું આવતી કાલે લંડન છોડીશ. તેમ કરતાં હું અત્રેના પારસી મંડળ (Zoroastrian Association of Europe) ના મહેરબાન સરનશીન અને કમીટીના મેમ્બર સાહેબોનો મોટો આભાર માનું છું. તેઓએ તા૦ ૨૦ મી જુને મહેરબાની કરી મને આવકાર આપવાને એક ઉજાની સાથની મિજલસ બોલાવી હતી અને અત્રેના પારસી ભાઇઓને મળવાની મને જોગવઇ આપી હતી. એ મંડળી તરફથી તેનાં લાયક ડીવાળા સરનશીન સર મનચેરજીએ મહેરબાની કરી કહેલા કદરશનાસીના શબ્દો ની અને મંડળીના કદરશનાસીના ઠરાવના શબ્દોની હું આભારી જીગર સાથે કિમ્મત પિછાણું છું. દેશપરદેશની મારી સફરો દરમ્યાન માગ જરથોસ્તી ભાઇઓ મને ચાહ અને પ્રીતી સાથે જે આવકાર આપે છે તે હું મારા પોતા કરતાં ફરજ બજાવવાની મારી કમીના કોશેશ અને મારા કમીના અભ્યાસની કદરશનાસી ગણુ છું. જે સાહેબો મને ચાહે છે તેઓને ખુદા પોતાના ખજાનાથી ચાહે એ મારી દુઆ છે. હું એવાં માન તરફ ફકત માન તરીકેજ નહી પણ ફરજના કરજની એક પ્રકારની જવાબદારી તરીકે જોઉં છું. ખુદા તે જવાબદારીને લાયકનો જવાબ આપવાને મને સહાય થાય. મારી આ તરફની સફરી સફળ થઇ છે તે માટે તે દાદારનો આભાર માનું છું અને આ ગુલજાર શહેર હું કાલે છોડું છું. ખુદા આ શહેરને, આ મુલકને, તેના પાદશાહ અને મજાને આબાદ રાખ!

પેરીસ, તા૦ ૩ જી ઓગસ્ટ ૧૯૨૫.

પેરીસની બીજી મુલાકાત—ફ્રેન્ચ સરકારે બક્ષેલું માન.

અસલ ધારેલા ગોઠવણ કરતાં ચાર પાંચ દિવસ વહેલો હું તા૦ ૩૦ મી જુલાઇએ પેરીસ આવ્યો છું. ચાર પાંચ દિવસ રહી કોન્ટીનેન્ટપર જઇ હું અત્ર આવનાર હતો, પણ એમ જલદી આવવાનો સબબ હું નીચે રજુ કરું છું. જુન માસની આખેરમાં મને નહીં ધારેલી ખુશ ખબર પેરીસથી મળી હતી કે મારું નામ ફ્રેન્ચ સરકાર હજુર મારા કમીના અભ્યાસની કદરશનાસીમાં રજુ થયું છે કે જેથી લીજીઓ દ ઓનેર (Legion d' Honn ur) નો ખેતાબ જે "નાઇટહુડ" (Chevalier) નો ખેતાબ છે તે મને આપવામાં આવે. મેં તે ઉપર ચોક્કસ મદાર બાંધ્યો હતો નહી, સબબ કે પેલી કહેવત છે કે "માણસ ધારે છે શું અને બને છે શું" (Man proposes, and God disposes). ત્યારપછી ઉપલી ખબર મળવાં બાદ નજદીક એક માસે હું નોર્થકપ તરફથી લંડન પાછો ફર્યો ત્યારે મારા નામે બહાર થયલો એક કાગજ મને મળ્યો, જે ઉપરથી ઉપલી ખબર ખરી પડી. આ ખેતાબ જે ધણીને આપવામાં આવે છે તે ધણી ઉપર ત ધણી મરે તેના ચાંદ વગેરે (insignia) સાથે મોકલી આપવામાં આવે છે. પણ મને જણાવવામાં આવ્યું કે જો મારાથી બનતું હોય તો મારે તા૦ ૩૧ મી જુલાઇ આગમજ પેરીસ આવવું કે જેથી કેટલાક ભણેલા પુરૂષો એક બીજાં કામ માટે ભેગા મળનાર છે ત્યાં તેઓ હજુર મને તે ખેતાબ હાથે હાથ આપવામાં આવે.

મને ૧૮૯૩ માં શમ્સ-ઉલ ઉલમાનો ખેતાબ મળ્યો ત આગમજ દસ્તુરજી સાહેબો પેશોતનજી અને હુમાજીને તે

ખેતાબ મળ્યો હતો અને નામદાર સરકારે અન્ને પ્રસંગે સેક્રેટેરીએટ (Secretariat) માં ખાસ દરબારો તે આપવા માટે ભર્યા હતા જ્યારે મને તે ખેતાબ મળ્યો ત્યારે મેં નામદાર સરકારને લખીને જણાવ્યું હતું કે હું તે માટે ખાસ દરબારની ખાહેશ રાખતો નથી અને તેટલા માટે તેની "ઇનસીગ્નીઆ" વગેરે મારા ઉપર મહેરબાની કરી મોકલી આપવાં અને નામદાર સરકાર તરફથી તેમ કરવામાં આવ્યું હતું. મેં આગળ જણાવ્યું છે તેમ ફ્રેન્ચ સરકાર તરફના એક આગલા ખેતાબ માટે પણ મેં તે ખાનગીમાં લેવાનું પસંદ કર્યું હતું. આ વખતે પણ હું તેમ કરતે. પણ જ્યારે મને મારા પોતા તરફના અને મારી કોમ તરફના માન તરીકે ગંભીરતા (the solemnity of L-gion d' Honneur in homage to yourself and to the Par-ee Community) સાથે આપવા જણાવ્યું ત્યારે તેમ તે થોડીક જાહેરાત સાથે લેવા કાજે હું તા૦ ૩૦ મીએ અસલ ગોઠવણ કરતાં થોડા દિવસ જલદી અત્રે આવ્યો.

ઉપર જણાવેલો થોડાક વિદ્વાનોનો મેળાવડો જે કામ માટે થયો હતો તે આ કામ માટે હતો કે અત્રેની સરકાર અફગાનીસ્તાન ખાતે આર્કીઓલોજીકલ શોધખોળ માટે જે એક "મીશન" મોકલે છે તેના સંબંધમાં વિચાર કરે. આ "મીશન"ને સલાહ આપવા કાજે એક કમીશન (une Commission consultativ) નેમવામાં આવ્યું છે. તે કમીશન તા૦ ૩૧ મીએ સવારે સાડાનવને અમલે કેળવણી ખાતાંના વડા વજીર (Ministre de l' Instruction Publique) ની ઓફીસમાં મળનાર હતું. તે અવસરે તે કમીશનના ભણેલા સાહેબો હજુર મને એ માન આપવાનું હતું. એ કમીશન પોતાનું કામ શરૂ કરે તે આગમજ કેળવણી ખાતાંના ઉપલા વજીર ત્યાં આવ્યા અને બે મીઠા કદરશનાસીના શબ્દો કહી મહેરબાની કરી પોતાને હાથે આ ખેતાબનો સુંદર ચાન મારી છાતીએ ઓળગ્યો. મેં બે શબ્દો ઉપકારના કહ્યા અને જણાવ્યું કે એ માન મારા પોતા કરતાં, ફ્રાન્સના સંબંધમાં, ઇરાની સાહિત્યના અભ્યાસી વર્ગને અને મારી વહાલી પારસી કોમને મળેલું હું સમજું છું. ત્રણ ચાર મીનીટમાં આ કામ સાદી ગંભીરતા સાથે તમામ થયું અને કેટલાક ભલા વિદ્વાનો તરફથી મને જાતી મુબારકબાદી મળી. તેઓમાંના કોઇએ તો ફારસી જબાનમાં વાતચીત કરી.

મારા કમીના અભ્યાસની અને અભ્યાસી કોમની આ કદરશનાસી માટે હું ખુશી છું અને તે દાદારનો આભાર માનું છું. હું મારા અભ્યાસી ભાઇઓનો તેમજ મારી કોમનો કમનો સેવક છું. મારી કમીની સાહિત્ય સંબંધી સેવાઓની આવી કદરશનાસી મારી કોમ તરફ બીજા દેશના વિદ્વાનોનું ધ્યાન ખેંચે તેથી હું ખુશી છું. આપણા દેશના એક આગલા હાકેમ સાહેબે એ ખબર જાણતાં મને મુબારકબાદી આપી લખ્યું છે કે "It has been well deserved and I hope it will be regarded as an honour to India." આ ખેતાબ માટે ફ્રેન્ચમેનો મગરૂર છે અને તે પોતાના દેશ બાહેર તેઓ કવચીતજ આપે છે. આએ સાલ તેઓએ પોતા તરફથી એક ખાસ ડેપ્યુટેશન મોકલી નેપાલ Nepal) ના મોટા વજીરને એ ખેતાબ હાથોહાથ આપ્યો છે, સબબ કે તેણે ફ્રેન્ચ અભ્યાસીઓ તેઓના નેપાલ દેશમાંની બુધીસ્ત બાબતોની શોધખોળના સંબંધમાં મદદ કીધી હતી. માટે હીંદુસ્તાનના એક ગરીબ હાદી તરીકે મને મળેલું માન ઉપલા હાકેમ સાહેબે જાણે હીંદને મળેલાં માન તરીકે વાજબી રીતે ગણ્યું છે. એક આપણા દેશના આગલા મોટા વિદ્વાન ઓહદેદારે મહેરબાની કરી મને

મુબારકબાદી આપતાં લખ્યું છે કે "French Orientalists are extra-ordinarily capable as their publications show; and it must be a great gtatification to you and to your friends also to know that your researches and literary output have been considered by them worthy of recognition in this manner. The "Legion d'Honnur" falls to few savants outsid the rank of the French themselves; you are greatly to be congratulated" એક આગેવાન પારસી મેહેર-બાની કરી લખે છે કે "It is deservedly earned by you and thereby one more service has been rendered to the community." આ મુજબ મારી કમાની ગરીબ સેવાઓ સબબે ઉપલા ભલા એંગ્રેજોના લખવા પ્રમાણે મારી કોમને અને મારા દેશને એ માન મળેલું ગણાય તેથી હું વધુ ખુશી છું. એ ઐતાબ સાથના પત્રમાં પણ મારી "નેશનાલીટી" હીંદી જણાવી મારા દેશને યાદ કર્યો છે અને મને એક પારસી તરીકે અને એક ધર્મગુરૂ તરીકે જણાવ્યો છે. એમ મારા દેશને, મારી પારસી કોમને અને મારા અથોરનાન ભાઇઓને નામ બ નામ યાદ થયલા જોઇ હું વધારે ખુશી છું. હું મારા હીંદુસ્તાન દેશના, મારી પારસી કોમના અને મારા અથોરનાન ભાઇઓના હકમાં દુઆ ગુજારૂં તે દાદાર પાસે મારે માટે માગું છું કે તે સાહેબ મને કમીનો રાખે અને આ જીંદગીની સાંજમાં કાંઇક થોડી પણ બની શકતી સેવા બજાવતો રાખે. હું બિશાદ વિનાનો છું, અને જે છું તે દાદારની મેહેરથી છું.

પેરીસ શેહરના કેટેકુમ્બ.

જ્યારે અહીં આવ્યો છું, ત્યારે કોઇ એકાદ બે રહી ગયલી વધુ ચિજો જોઇ આગલા ૧૮૮૯ ના સાલની મુલાકાતના અનુભવને તાજો કરૂં છું. એમ અનુભવને તાજો કરતાં તા૦ ૧ લી આગસ્ટે આસરે એક કલાક હું જાણે ગુજરેલાંઓની દુન્યામાં જઇ આવ્યો છું. પેરીસની જમીન માહેની હાડકાંના સંગ્રહની જગ્યા, જે કેટેકુમ્બ (catacomb) તરીકે બોલાય છે, તે મને એકથી વધુ વખત મુલાકાત આપવા લાયક દિસે છે. અલબતે જેઓ કોઇક શોકજનક યા એવો ગંભીર દેખાવ જોઇ ધાસ્તીખાઇ (nervous થઇ) જતાં હોય તેઓએ અહીં જવાથી દુર રહેવું. આ કેટેકુમ્બ તે જાણે એક ગંજાવર મોટું કબરસ્તાન (Ossuary) યાને હાડકાંઓનું જમીન માહેલું મકાન છે, જેમાં આસરે વીસથી ત્રીસ લાખ આદમીઓનાં હાડકાંનો સંગ્રહ છે. તે જમીનનાં પેટા માંહે માઇલોના માઇલ સુધી છે.

કહે છે કે જ્યારે અસલમાં આસરે બારસો પંદરસો વર્ષપર અને આગલા રોમનોના અમલ હતે, ત્યારથી મરણ પામેલાં માણસોની દાટેલી લાસો ઉપરથી માંસ ખવાઇ જવા બાદ તેઓનાં હાડકાંઓને અહીં એમ જમીનનાં પેટામાં મેલવામાં આવતાં. તે રેવાજ હાલ સુધી જુદે જુદે રૂપે ચાલે છે. આપણે એક અંધારી સીડીઓ મારફતે જમીનમાં એક તનલ માફક ખોદેલી જગ્યામાં ઉતર્યે છિએ. આપણ દરેક પોતાના હાથમાં એક મીનબત્તી ગ્રહ્યે છિએ. અંદર જઇ તે સળગાવી એ, એ મ્યાની પછવાડે એમ સુધી ચાલ્યે છિએ. આસરે દસ મીનીટ ચાલવા બાદ આપણે હાડકાંઓની હારોની હારો પસાર કર્યે છિએ. હાડકાંઓને બરાબર, જાણે ઇંટો દિવાલમાં રચી તેમ, ગોઠવેલાં છે. નીચે માણસોનાં માથાં (skulls) ની હાર ગોઠવી તે ઉપર હાથ પગનાં મોટાં

હાડકાંઓ છૂંટરડી માફક રચેલાં છે. તે ઉપર પાછી બીજી માથાંઓની હાર રચી છે, એમ પાંચ પાંચ એકમેક ઉપર માથાંઓની હાર અને વચમાં હાડકાંઓ છે. એમ બન્ને બાજુએ જોતાં જોતાં તમો ચાલો છો. વળી વચમાં આજુબાજુ કેટે ગલીઓ (avanues) છે જેમાં પણ એમ હાડકાં રચી દીધેલાં છે. આપણને દર માસના પેહેલા અને ત્રિજા શનીવારે એક ગાઇડની સાથે એક ફ્રેંકની ફી લઇ જોવા જવા દે છે. કેટે જગાપણુ થોભવા વગર આસરે ૫૦) મીનીટ અમોને ફેરવ્યા. અંદર તુરતાતુરત કાંઇપણ નોંધ લેવાનું બને નહીં. જો કેટે થોભ્યા અને તમારી ટોળકી ચાલી ગઇ તો તમો અંધારામાં આખડયા કરો અને કદાચ અંદર જાયુકના રહી જાઓ. બહાર આવી તુરત યાદેયાદ કાંઇક નોંધ લખી લીધી. પણ તે નોંધબુક કમનસીબે ગઇ કાલે, વર્સેલ્સની મુલાકાત દરમ્યાન, થોડોક વર્ષાદ આવતાં ઉતાવળમાં ખીસામાં મુકવા જતાં કેટે પડી ગઇ છે. આ મારી બીજી નોંધબુક આ સફરમાં ગુમાઇ છે. પાંચ પચીસ રૂપ્યા ગુમાવવા કરતાં એવી નોંધ–બુક ગુમાવતાં મને ઘણી દલગીરી ઉપજે છે. તેથી આજે કાંઇક યાદદાસ્ત ઉપરથી લખું છું કે જાણે ગુજરેલાંઓના—

આસરે વીસથી ત્રીસ લાખ ગુજરેલાંઓના—આ મુલકની મુલાકાતે કેટલાક ગંભીર વિચારો કરતો મને મેલ્યો હતો. આ કાંઇ સઘળાં હાડકાં એકદમ ખાડામાં નાંખ્યા હોય તેવું અસ્તોદાન નથી પણ નીયમીત રચેલું ગોઠવેલું અસ્તોદાન છે; જાણે અસ્તોદાનોનું ગામ છે; ફકત ગામ નહીં પણ જાણે જમીન માંહેલું (subterranean) શેહેર છે. એને લગતી યાદીમાં કહે છે તેમ તો તે જાણે મુંબઇથી માહીમ–વાંદરા સુધી લંબાયલા તનલનું મથક છે. જેમ જીવતાંઓના એક ગામ યા કસબામાં ફરતાં એક સીદ્ધો માર્ગ અને પછી ડાબી અને જમણી બાજુએ ગલીઓ, જેઓ ઉપર પાટીઆં મારેલાં કે "ફુલાણી રસ્તો," તેમ આ "ગુજરેલાંઓનાં ગામમાં તમો જુઓ છો. જમણી અને ડાબી બાજુએ પાટીઆંપર નહી પણ બાજુએ દીવાલ ઉપર લખેલું કે "ફુલાણી ગલી (avanue)." કેટે કેટે લખેલું કે "આ હાડકાંઓ ફુલાણા ફુલાણા કબ્રસ્તાનનાં છે." કેટે આપણને વિચાર અને ચિંતામાં નાખનારા નીતિજનક ફકરાઓ લખેલા. દાખલા તરીકે "મોટા મોટાઓની તાજોતખ્તપરથી પડતી આવે છે અને નાનાઓ ચઢે છે." "મોત ખુદાએ સરજ્યું નથી." "મોત આશીર્વાદ સમાન છે."

આગળ સાંભળેલી હકિકતની યાદદાસ્ત ઉપરથી કહું છું કે કહે છે કે અહીં આમ લોકો યાને ગરીબો, જેઓને માટે ખાસ દામ ખરચી કબર માટે જગ્યા ખરીદવામાં આવી હોય નહી, તેઓની લાશોવાળી જગ્યા સાત વર્ષના અરસા બાદ ખોદવામાં આવે છે. થોડીક જગ્યા ખોદતાં માલમ પડે કે લાશ ઉપરનું સર્વ માંસ ભક્ષ થઇ ગયું છે તો તે ગરીબોનાં કબ્રસ્તાનના સર્વ હાડકાંઓને એકઠાં કરી આવા કેટકુમ્બોમાં ગોઠવે છે. જો સાત વર્ષે ખોદતાં માલમ પડે કે હજુર માંસનો પુરો ભક્ષ થયો નથી તો બીજાં પાંચ વર્ષ રહી તે હાડકાંઓ કાઢી અહીં મેલવામાં આવે છે અને તે કબ્રસ્તાન બીજાં ગરીબોની લાશો માટે વાપરવામાં આવે છે. શેહેરમાં તવંગરો યા મધ્યમ વર્ગના જેઓ જુદી જગ્યા લઇ તેમાં એકમેકના ઉપર લાસો મેલી પોતાના કુટુંબની કબર (Family vault) બનાવે છે, તેઓ કરતાં ગરીબોની સંખ્યા વધારે હોય છે. તેઓનાં હાડકાંઓના એવા સામાન્ય અસ્તોદાનો બને છે.

આ પેરીસ શહેર વસ્તીમાં વધતું ગયું ત્યારે અસલી કબ્રસ્તાનો શહેરોના વીસ્તારમાં આવ્યાં. કોઇક કબ્રસ્તાનો પરથી રસ્તા કાઢવા પડયા. એવે સબબે તે કબ્રસ્તાનોને સામાન્ય ઉપયોગમાં લેતાં તેમાની લાસોનાં હાડકાંઓને અત્રે રાખ

વામાં આવ્યાં. અહીં એમ એવી કોઇક "સીમેત્રીઓ" ના નામો આપણે જોઇયે છીએ.

૩૬) છત્રિસ વર્ષપર રોમમાં ત્યાંના એક સાધુ પંથનું એવા પ્રકારનું એક મથક જોયલું મને યાદ છે. તે જગ્યાએ મને અજબ કર્યો હતો. તે એમ કે ત્યાં તમો દાખલ થતાં જોવા માંડો છો કે હાડકાંઓ અને ખોપરીઓ વગેરે ને દીવાસે એવી કુનેહથી રચેલાં કે તેથી જાણે દીવાલ ઉપર કાંઇ તરેહ પાડી શણગાર (decoration) કરેલું હોય. કોયે જાણે ફુલ પાડેલાં યા ચક્ર પાડેલાં યા ઝાડો પાડેલાં. આ "કેટેકુમ્બો" બાબે હું કોઇ વખતે વધારે વીગતે બોલીશ.

પેરીસનું ક્રિમેટોર્યમ. મેં અત્યાર આગમજ લાસને બાળવાના કોઇક મકાનો (crematoriums) જોયાં છે. ૧૮૮૯ માં મીલાન તરફનું અને ૧૯૨૨ માં ચીનમાં શંઘાઇ ખાતેનું અને જાપાનમાં કોબે ખાતેનું સાદી ઘપનું, એમ જોયાં છે. પણ ગયા મે માસમાં અત્રેનું ક્રિમેટોર્યમ બરાબર સર્વ ગોઠવણ સાથે જોયું છે. તે ઉપરથી પહેલ વહેલો ખ્યાલ આ આવ્યો કે આ દુન્યામાં કોઇક લાગણીભર્યો વિચાર (sentiment) ઘણું કામ કરે છે. પરડા પછવાડે શું બને છે તેનો કાંઇક ખ્યાલ (sentiment) એક યા બીજી રીતે માણસના મનને એક યા બીજી બાજુ ઘલતું કરે છે. આ ઠેકાણે મેં બલતી લાસો જોઇ છે. કેટલીક બીજી હકીકત જોઇ છે અને જાણી છે તે ઉપરથી ક્રિમેટોર્યમની રૂઢી વિરૂદ્ધ વિચાર ધરાવનારાઓની લાગણીનો હું ખ્યાલ કરી શકું છું, અને આ બાબતમાં "જે "જુનું તે સુનું" " તે કહેવત મને યાદ આવે છે. તે સાથે શેખ સાદીના આ સુંદર શબ્દો યાદ આવે છે કે, "જ્યારે આપણો પાક જાન ગુજરવાનો વીચાર કરે છે ત્યારે તખ્તપર મરવું કે ખાક પર મરવું સરખું છે."

પણ આ ક્રિમેટારીમમાં જે ચીજે મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું તે લાસને બાલવા પછીના પણ "અસ્તોદાનો" છે. અહીં ક્રિમેટોર્યમની પાસે આજુબાજુ મકાનો છે જેની દીવાલો સેંકડો નાની માટી તખ્તીઓથી ભરાઇ ગઇ છે. જે તખ્તીઓની પાછળ મરનારોની લાસ બાલવા પછીની હાડકાંઓની યા તેઓની રાખની નાની માટી સંદુકો રાખવામાં આવે છે. દીવાલો એવી સેંકડો યા હજારો તખ્તીઓથી ભરાયલી છે. તે સંદુકો રાખવા માટેની જગ્યા માટે ઇંચે ઇંચના ભાવ પ્રમાણે પૈસા લેવામાં આવે છે. જે પ્રમાણમાં અહીં એવી સંદુકો જોઇએ છિએ તે પ્રમાણ તરફ જોતાં દિસે છે કે આ અગ્નીદાહની રીતી અહીં કાંઇક વધુ પગ પેસારો કરતી જાય છે. લંડનમાં કહે છે કે મહાન પુરૂષોની કબરોથી "વેસ્ટ મીન્સ્ટર એબ્બી" ભરાઇ ગયું છે, માટે તે ધર્માલય પણ હવે લાસોને બદલે લાસોની રાખનું મકાન ભવિષમાં થઇ પડે એ તદન સ્વભાવિક છે.

વર્સેલ્સના બાદશાહી બાગની મુલાકાત. ફ્રાંસમાંથી નેપોલીઅન બોનાપાર્ટના કુટુંબની શાહાનશાહત ગઇ છે. તેમાંથી તેના આગલા લુઇ અને ચાર્લ પાદશાહોની પાદશાહી ગઇ છે. તેમાંથી તેની જોસફીનો અને મારગેરેટેસની સુંદર દરબારો ગઇ છે. તે મજારસ્તાન બન્યું છે. તે છતાં તે હજુર ઘણે દરજ્જે પોતાના દરજ્જામાં શાહેનશાહી છે, પોતાના ખરચોમાં પાદશાહી છે, પોતાની સુંદરતામાં એક જાતીના સીંગાર સમાન છે. આપણે આપણા દેશના કાશ્મીરના મોગલ બાદશાહોના બાગો જોઇ ખુશ થઇએ છિએ. પણ જો શાહ અકબર યા જેહાંગીરનાં રૂહો અને આરી કાંઇ નહીં તો ફ્રાંસનો વર્સેલ્સ (Versailles) નો બુલંદ બખ્તાવર મેહેલ જોયે, તે મેહેલનો ગંજાવર માટો આંખને ઠંડી વળગે એવો બાગ જોયે અને બાગ અહેનો પાદશાહનો બાગ

(Jardin du roi) જોયે, તો તેઓ કાંઇક શરમાય કે તેઓના બાગો, તેઓની સર્વ સુંદરતા છતાં, અહીંના બાગ આગળ જાણે બિશાદ વિનાના છે. કેશમીરનાં સાલિમારના યા બીજા બાગમાં ચઢ ઉતર ફરતાં તમો તેને આસરે પંદર વીસ મીનીટમાં જોઇ શકો. પણ આ વર્સેલ્સના બાગને તેના સર્વ સુંદર ખુણા ખંટોલામાં યા તેના ફુવારે ચોગાનોમાં જોવા કાજે તમોને બે ત્રણ કલાક લાગે. આ ગંજાવર સુંદર બાગના નાના મોટા સર્વ ફુંવારાઓ દર માસે પેહેલા આતવારે અર્ધો કલાક ઉડતા મુકે છે, ત્યારે જાણે ફ્રાંસની નાની મોટી જગત હજારોની સંખ્યામાં ભેગી મળે છે. તા૦ ૨ જી ઓગસ્ટના પેહેલા આતવારે હું ત્યાં હોવાથી આ ફુંવારા ઉડતી વખતે જોવા ત્યાં ગયો હતો અને ખુશ થયો હતો. આસરે દોઢ હજાર ઓરડાઓનાં આ દુન્યા વર્ણુન ગંજાવર મેહેલને લાયકનો તેનો મોટો બાગ હતો અને બાગને લાયકના તેના ફુંવારા હતા.

કાશમીરના મોગલાઇ બાગો માફક તેના ચઢ ઉતર તબક્કા હતા. ત્યાંના બાગો ।મસાલ આપણુ દુર વેરનો સુંદર દેખાવ જોઇએ છીએ. ત્યાંના દાલ સરોવરને બદલે આપણે ત્યાં એક મોટો હસ્તકૃત સરોવર જોઇએ છિએ; જેમાં લોકો બોટોમાં ફરે છે. સવાઆર વાગે જ્યારે સર્વ ફુંવારાઓ છોડયા ત્યારે ભેગી મળેલી હજારોની ખલકત ખુશ ખુશ થઇ હતી. કેશમીરના બાગો અને ત્યાંનાં બાગો વચ્ચે ફરક આ કે કેશમીરમાં પછવાડે પહાડની હાર છે, જેમાંથી પાણી પોતાની સપાટી શોધતું ધમધોકાર આવે છે. ત્યાં પછવાડે પહાડ નથી અને પાણી હસ્તકૃત ગોઠવણુથી લાવવામાં આવે છે, જેથી અર્ધો કલાક ફુંવારા ઉડે છે તેટલામાં કહે છે કે અતી મોટો ખરચ થાય છે.

હવે કેશમીરના બાગો સરખામણીમાં ઘણા નાના, જાણે રૂપાની આનો યા અર્ધો આનો સમાન છે. કેશમીરનું સાલિમારનાં બાગમાંનું ઉપરનું મકાન, જેમાં થોમસ મુરે પોતાની આતશની સેતાયશવાળાઓ (Fire worship-pers) ના દાસ્તાનવાળા લાલારૂખમાં પેલા સાઓર ફરામરોજ (બુખારૈસ્ટના શાહજાદા) ને ઓરંગઝેબની બેટી લાલારૂખ સાથે પરણતો ચિતાર્યો છે તે વર્સેલ્સના મેહેલ આગળ રૂપાના એક દોઢીઆ સમાન, એક ગરીબ ઝુંપડી સમાન છે, તોપણ મારા વિચાર પ્રમાણે એ બે વચ્ચે કાંઇ સંબંધ છે.• એકે બીજાં માટે કાંઇક થોડો કે ઘણો ખ્યાલ આપ્યો છે. સાલિમારના મકાન અને બાગના ચઢ ઉતર તબક્કા અને ત્યાં આવી પોહોંચવાની નેહેર અને આ બાગની રચનામાં કાંઇક મળતાપણું હું જોઉં છું.

આ બાબતનાં સંબંધમાં એક અગત્યની વાત ખાસ કરીને યાદ રાખવાની છે, અને તે આ કે શાહ જાંગીરની કેશમીરની મુલાકાતમાં તેના દરબારીઓ સાથે મા૦ બેરનીએ (Bernier) નામનો એક ફ્રેંચમેન, જે ઝવેરી હતો, તે હાજર હતો. તે કેશમીરની સુંદરતાની જાબજા તારીફ કરે છે ત્યારે હું વિચાર કરું છું, હું અટકલ કરું છું કે આ મોગલાઇ બાગની રચનાએ ફ્રાંસના બાદશાહી ખાનદાન અને આ બર્નીએ મારફતે કાંઇક ખ્યાલ આપ્યો હોય. જે કેશમીરમાં નાનું તે ફ્રાંસમાં તેના બાદશાહી નામ પ્રમાણે મોટું અને વધારે સુંદર બન્યું છે. પણ નમુનો (model) કેશમીરનો દીસે છે, જેમાં ઉપલા ફ્રેંચમેનનો હાથ હોય. આ બાબદ ઘટતાં પુસ્તકો સાથે અભ્યાસ કરવાજોગ છે.

હું કાલ રાતે સ્વીટઝરલેન્ડ જવા કાજે પેરીસ છોડીશ પેરીસની મારી મોલાકાત ન ધારેલી રીતે ખુદાતાલાએ સફળ કરી છે. પેરીસે મને "પારસી" તરીકે એક "પારસી પ્રીસ્ટ" તરીકે ચાહ્યો છે. તેમ ચાહ મેળવવા કાજે તે દાદારે મારા ગરીબ અભ્યાસમાં મને

વાળી દીધી છે. તે માટે હું તે દાદારનો આભારી છું. ફ્રાન્સના આ જાણીતા અને માનીતા શબ્દો "Vive la France" "ખુદા ફ્રાન્સને આબાદ રાખે" એવી દુઆ ગુજારી હું આ સુંદર શેહેર છોડું છું અને ઘર તરફની વલતી સફર શરૂ કરું છું.

સ્વીટઝરલેન્ડ–ઝયુરીખ, હોટેલ સેન્ટ્રાલ,
તા૦ ૮ મી ઓગસ્ટ ૧૯૨૫.

સ્વીટઝરલેન્ડ–ઝયુરીખ (Zurich).

તા૦ ૪ થીએ સવારે નવ કલાકે પેરીસથી નીકળેલો બાલ માર્ગે હું અત્રે સાંજે આઠ કલાકે આવી પહોંચ્યું છું, અહીં એક મીત્ર મેશીએ મારા ઉતારાની ગોઠવણ આ હોટેલમાં મેહેરબાનીની રાહે કરી રાખી હતી. માર્ગમાં બાલ ખાતે આપણને ટ્રેન બદલવી પડે છે અને આ સરહદ ઉપરના શેહેર ખાતે ફ્રેંચ અને સ્વીસ બન્ને સરકારનાં કસ્ટમ ખાતાંની અને પાસપોર્ટની તપાસ હેઠળથી જવું પડે છે. કસ્ટમ ખાતાંની તપાસ થોડો વખત હમેશાં ચિંતા આપે છે, સબબ કે કોઇ હદ ઉપરાંત કાળજીમંદ અમલદાર આપણી જેમ તેમ દાબી દાબીને ભરેલાં વસ્ત્રો વગેરે ગમે તેમ ફેરી નાખી તપાસે છે, કે જે પછી દોડાદોડમાં તે પાછાં ગોઠવવામાં આપણને મુશકેલી પડે છે. અત્યારસુધી એક રાજ્યમાંથી બીજામાં જતાં આવતાં મને આસરે દજન વખત એવી મહેનત અને ચિંતામાંથી પસાર થવું પડયું છે. તેમાં ઇંગ્લંડથી પાછું ફ્રાંસ આવતાં કાંઇક વધુ ચિંતામાંથી પસાર થવું પડયું. આ તરફ સર્વે હોટેલોમાં આપણને ઓઢવાનું પુરતું મળે છે. પણ કદાચ કોઇ મોટા માર્ગની બાજુની (out of the way) જગ્યાએ જતાં તેમ નહી મળે તે કાજે ઓઢવા બે શાલો રાખી છે કે જે ટ્રંકમાં થોડી જગ્યા રોકે અને કામ સરે. તે બે શાલો ઉપર ઘણાં ચુંથણાં પડયાં. એક અને પછી બીજા અને ત્રીજા અમલદારોએ ઉખેડી અને તપાસી અને ઘણીકવારે કેટલુંક સમજાવી કહેવા બાદ તેનો નીકાલ આવ્યો. એવી નવાઇની કોઇ નહીં વપરાયલી નવી ચીજો આપણને મહેનત આપેછે.

સ્વીટઝરલેન્ડ.

સ્વીટઝરલેન્ડ ખાતે હું આ બીજીવાર આવ્યો છું. ૧૮૮૯ ના સાલમાં બ્રીનડીસી ઉતરી ઇટલીનાં શેહેરો જોઇ માઉન્ટ ગોથાર્ડ તરફથી આવ્યો હતો અને લેક લ્યુસર્ન અને તેના ઉપરના રીગી અને પીલેટસના પહાડો જોઇ અને રાઇન નદીપરના શાફ હાઉસેનનો ધોધ જોઇ થોડો વખત ઝયુરીખ રહી પેરીસ ગયો હતો. આ વખતે સામી બાજુને રસ્તે આવ્યો છું. સ્વીટઝરલેન્ડ ખુદાતાલાની મેહેર પામેલો, કુદરતની ખુબસુરતી સાથનો એવો એક સુંદર મુલક છે કે ત્યાં સફરીઓને એકથી વધુ વખત આવવા ગમે. લંડન અને પેરીસ જેવાં શેહેરો મને ગમેછે તે તેના ગંજાવર મોટા મ્યુઝીઅમો અને એવાં જ્ઞાન આપનારાં ખાતાંઓ સબબે ગમે છે, તેના મોટા પાર્કો અને બાગો અને શેહેર બાહેરની સુંદર જગ્યાઓ માટે ગમે છે. પણ ગીચ વસવાટનાં મોટાં શેહેરો તરીકે તેઓ આપણને જાણે ગભરાવી નાંખે છે. તેમાં મોટા રસ્તાઓ અને ચોગાનોવાળાં પેરીસ કરતાં લંડન વધારે ગભરાવે છે. જ્યારે સ્વીટઝરલેન્ડનો મુલક તેની કુદરતી સુંદર ઘટા અને તાજગી સબબે આપણને વધારે ખેંચે છે.

વિદ્વાનોએ આપણને શિખાડયું છે કે એક ઘણા પુરાણા વખતે યુરોપનો મોટો ભાગ બરફના જમાના(Glacial period) માંથી પસાર થયો હતો. તેમ પસાર થતાં ઉતરે નોર્વે અને આ તરફ સ્વીટઝરલેન્ડ જેવા મુલકોએ કોઇ હજારો વર્ષના જમાના સુધીના તે ઉપર બંધાયલાં આઇસના થરોઓ સબબે તરેહવાર રંગ રૂપ લઇ પોતાના સુંદર પહાડો અને ખીણો, ફીર્ડો અને સરોવરો

મેળવ્યાં છે. તેઓ હાલના જમાનામાં સુંદર છે તે જાણે હજારો હજાર વર્ષ સુધી તેની સપાટીપર લાગેલાં આઇસના ઘસારાની તેઓએ ખેંચેલી કષ્ટીની સબુરીનું પરીણામ છે. તમો આ ઝ્યુરીચ શેહેર, જે તેનું બીજું અગતનું શેહેર ગણાય છે, તે તરફ આવી પહોંચવા આગમજ, આ મુલકની ખુબસુરતી આગગાડીમાંથીજ જોવા પામો છો. માર્ગમાં તમો યુરોપના કેટલાક મુલકોને આબાદ કરનાર રાઈન નદી જુઓ છો.

આ નાના સુંદર મુલકે જમાનાની કેટલીક ગર્દેશ જોઇ છે. તેણે અસલી રોમનો અને હુન લોકો વટીકનો કેટલોક અમલ જોયો છે. હાલમાં ત નાના રાજ્યોનું જાણે આ તરફ "યુનાઇટેડ સ્ટેટસ" કોનફીડરેશનના નામ હેઠળ બન્યું છે અને પેલી કહેવત પ્રમાણે "નહી માં કે નહી ભાં"ની વગર ગડબડની રાજનીતી અખત્યાર કરી એક નાના સ્વતંત્ર રાજ્ય તરીકે રોબ રાખીને ટકી રહ્યું છે. છેલ્લી લડાઇમાં જ્યારે લગભગ આખું યુરોપ એક યા બીજી બાજુએ ઘસડાયું હતું, ત્યારે તેણે પોતાનું અલગપણું ગંભીર ચુપકીદી સાથે જાળવ્યું હતું. તેની વસ્તીનો જેટલો ભાગ જર્મન બોલે છે, લગભગ તેટલોજ ભાગ ફ્રેન્ચ બોલે છે. બાકીનો થોડો આસરે બે લાખની વસ્તીનો ભાગ ઇટાલીઅન બોલે છે.

આ પહાડી મુલકના બેટાઓ બહાદુર લડવૈયા તરીકે પોતાના મુલક કરતાં બહારના મુલકોમાં વધારે જાણીતા થયલા હતા. તેની એક હાલની નિશાણી તરીકે આપણે જાણીએ છિએ કે નામદાર પોપનાં થોડાક રક્ષણહાર સેપાહોમાં સ્વીસ ગાર્ડ (The Swiss guards) જાણીતા છે. અહીં અસલમાં જમીનદાર બાપના કેટલાક બેટાઓમાંથી વડો જમીનનો માલેક થતો અને બાકીનાઓ બાપીકા ભાઇની જમીન ઉપર વધુ કામદારોનું કામ નહીં હોવાને સબબે પારકા દેશોના લશકરોમાં સેપાહો તરીકે જોડાતા અને તેમ પોપની દરબારમાં પણ બન્યું અને બનતું રહ્યું છે.

ઝ્યુરીખ. સ્વીટઝરલેન્ડનું આ બીજું મુખ્ય શેહેર એજ નામના સરોવરપર અને એ સરોવરમાં દાખલ થતી અને તેમાંથી વેહેતી લીમેટ (Li mmat) નદી ઉપર આવેલું સુંદર શેહેર છે. પહાડોની વચ્ચેના સરોવરના કિનારે તે જાણે મોટો ખોહમાં હોય તેવું શેહેર છે. અત્રે આવવા બાદ બીજે દહાડે કુકની એક પાર્ટી સાથે જોડાઇ શેહેરનો નીચેથી તેમજ તેના ઘટાભર્યા બે પહાડો ઉપરથી સુંદર ખ્યાલ મેળવ્યો.

સ્વીટઝરલેન્ડનાં પુરાણા સરોવરનાં રહેઠાણો— શાહનામા પ્રમાણે અફ્રાસ્યાબનું એવું રહેઠાણ. આ શેહેરની જોવા લાયક જગ્યાઓમાં તેનું સંગ્રહસ્થાન (મ્યુઝીયમ) અગતનું છે. યુરોપનાં ઘણાંક શેહેરોનાં એવાં સંગ્રહસ્થાનોમાં આપણે પુરાણા જમાનાઓમાં જે પત્થરના, બ્રોન્ઝ ધાતુ, લોખંડ વગેરેના ઉપયોગના જમાનાઓ (Stone, Bronze, Iron ages) હતા તેઓની ચીજો આપણે જોઇએ છીએ. એવા આપણા દેશ ખાતેનો પત્થરની બનાવેલી ચીજોનો સંગ્રહ અને તેમાં આપણા બેકથે ખાતે મળેલા પત્થરની બનાવટોનો સંગ્રહ જે મુંબઇની એનથ્રોપોલોજીકલ સોસાયટીને મળેલો, તે આપણા પ્રીન્સ ઓફ વેલ્સ મ્યુઝીઅમમાં મેલેલો છે. એવો એક આ તરફનો સારો સંગ્રહ અત્રેના સંગ્રહસ્થાનમાં છે. પણ એ સંગ્રહ કરતાં જે ચીજોએ મને કાંઇક નવું જ્ઞાન આપ્યું તે અત્રેના સરોવરોમાંનાં કોઇ પુરાણાં રહેઠાણો (iake dwellings) ના નમુનાઓ (models) છે, જે ઉપરથી આપણા શાહનામામાં એક ઠેકાણે જણાવેલાં સરોવરી રહેઠાણ, જે કદાચ આ પ્રમાણેનું હોય, તેની કાંઇક સમજ પડી.

અને જ્યારે ઉપર જણાવેલો બરફનો જમાનો (glacial period), જેની

બાકી રહેલી નિશાણી તરીકે આલ્પસના કોઇક ગધેશીઆરો હજુર રહેલા છે, તે ખલાસ થયો અને આઇસની સપાટીને બદલે ઝાડપાનની જમીન બની અને તે ઉપર જાનવરોનો વસવાટ થયો. તે વખત—અને તે વખત કોઇ હજારો વર્ષના પુરાણા ગણાય તે—બાદ જ્યારે માણસનો વસવાટ થયો ત્યારે તે જમાનાનાં માણસોને ફાડી ખાનારાં જાનવરોથી પોતાનું રક્ષણ કરવાનું હતું. વળી તે જમાનાનાં જાનવરો, તેઓનાં હાડપિંજરો આપણે લંડન વગેરેનાં નેચરલ હીસતરીનાં મ્યુઝીઅમોમાં જોઇએ છિએ, તેમ ઘણાં મોટાં અને ત્રાસદાયક હતાં. આ રક્ષણ કાજે કહે છે કે, તે અસલી માણસો પોતાનાં ઘાસ અને ઝાડપાલા વગેરેનાં રહેઠાણો સરોવરો ઉપર પાણીમાં બાંધતાં. જેમ આપણે કેથે દર્યામાં માછી-મારોના ઉભા દાટેલા ખુંટાઓ જોઇએ છિએ તેમ તે અસલી જંગલી સમાન ગણાતાં માણસોએ અગેનાં સરોવરોના કિનારા ઉપર પાણીની અંદર ખુંટાઓ દાટી તે ઉપર આડાં લાકડાં વીગેરે મુકી તે ઉપર માટી નાંખી પોતાનાં ઝુંપડાંઓ બનાવેલાં. તે જાણે ખુંટાઓ ઉપર ઉભાં કરેલા નાના ટાપુઓ હતા. ઝુંપડાંના તે ટાપુઓને તેઓએ જમીન ઉપર જવા કાજે એવાજ લાકડાંના નાના પુલોથી જોડેલાં. જેમ કોઇક કીલ્લાઓમાં બચાવ માટે બાંધેલી પાણીની ચરની ઉપરના પુલો દુશ્મનની ચઢાઇ વખત ઉંચકી નાખે તેમ તે માણસો રાતને વખતે સરોવરો ઉપરનાં પોતાનાં ઝુંપડાંઓમાં આવી પુલો ઉંચકી લીએ કે ફાડી ખાનારાં જાનવરો અંદર આવે નહી. વળી કદાચ પાણીમાં ઉતરી કોઇ જાનવરો ઝુંપડાંઓ આગળ આવે તેના બચાવ ખાતર ઉપર જણાવેલા ખુંટાઓ ઘણા ઉંચા રાખેલા. આવી રીતના અગેના અસલી માણસોનાં રહેઠાણોના નમુનાઓ આ સંગ્રહસ્થાનમાં જોવાથી એ સરોવર ઉપરના રહેઠાણો (lake-dwelling) માટે જે કાંઇ વાંચેલું તેની બરાબર સમજ પડી.

ચએચસ્ત સરોવર ઉપરનું એવું તુરાની અફ્રાસીઆબનું રહેઠાણ.

આગલો ચએચસ્ત સરોવર, જે હાલના ઇરાનનો ઉરમીઆ (Urumiah) સરોવર છે, અને જેને આપણી આતશની નીઆએશમાં "ચએચસ્ત વરોઇશ મજદધાત" વગેરે શબ્દોથી યાદ કર્યો છે અને જે સરોવરને આપણા પેગમ્બરના જન્મ દેશ સાથે પણ કોઇક સંબંધ છે, તે માટે ફીરદોસી પોતાના શાહનામામાં કહે છે કે જ્યારે તુરાની અફ્રાસ્યાબ પોતાની દીકરીના દીકરા કએખુશરૂને હાથે ઘણો બતંગ આવ્યો, ત્યાર તે નાસભાગ કરતો આ સરાવરમાં એક જગ્યાએ ભરાયો. ત્યાં હોમ નામનો એક આબેદ યા પરહેજગાર પુરૂષ રહેતો હતો. તેણે તેને અવારનવાર જોયલો. હવે જ્યારે કેખુશરૂ અફ્રાસીઆબની પુંઠ પકડતો ત્યાં આવ્યો ત્યારે આ આબેદે તેના વજીર ગોદરેજને વાકેફ કર્યો કે અફ્રાસ્યાબ આ સરોવરમાં કેથે રહેઠાણ કરી રહેલો છે. આ સરોવરના કોઇ આડાઅવળા ફાંટામાં એક પ્રકારનું રહેઠાણ (lake-dwelling) બાંધી તે ત્યાં રહેલો હોય એમ દીસે છે. ફીરદોસીનું વર્ણન જેવું જોઇએ તેવું ચોક્કસ નથી તેથી કોઇ આ રહેઠાણને સરોવરપરનાં કોઇ ગોફાનું રહેઠાણ ધારે, પણ જો તેને આપણે પાણી માહેલું રહેઠાણ ગણ્યે તો સ્વીટઝરલેન્ડના સરોવરોનાં રહેઠાણના આ મ્યુઝીઅમમાંનો નમુનો આપણને તેનો કાંઇક ખ્યાલ આપે છે. અહીંના સરોવરોમાં કેઠે કેઠે એવાં સરોવરી રહેઠાણો શોધી કાઢયાં છે

અગેની પુરાણી કબરો—તેમાં મરનારના ઉપયોગ માટેની ચીજો.

આ સંગ્રહસ્થાનમાં જે બીજી ચીજ આપણું ખાસ ધ્યાન ખેંચે છે તે પુરાણી કબરો છે. આપણે ઇજીપ્ત યુનાન વગેરે આગલા જમાનાના જાણીતા મુલકોની પુરાણી ચીજોમાં તે

મુલકોમાં મરનારોની કબરની પેટીઓ (Sarcophagus) જોઇએ છીએ. ઇજીપ્તની કોઇક સારકોફેગસો આપણને અજબ કરે છે કે તે ગંજાવર સારકોફેગસોને ત્યાં કબરોમાં કેમ ઉતારી હશે. હવે આ મુલકમાં પણ આપણે કોઇક સારકોફેગસો જોઇએ છીએ જે ઉપલી ઇજીપ્તથીઅન સારકોફેગસો કરતાં વધારે સાદી છે અને આપણને ખ્યાલ આપે છે કે આ જાતની પેટીઓ પેહેલાં સાદાં રૂપમાંથી આસ્તે આસ્તે સુંદર કેમ બનતી ગઇ. વળી એ કબરોમાં મરનારોને બીજી જેહાનમાં કામ લાગે એવા કોઇક ખ્યાલથી મેલલી કેટલીક ચીજોનો અહીં સંગ્રહ છે. પુર્વ ભણીના ઘણાક ધાર્મીક ખ્યાલોની હસ્તી આપણે એ પ્રમાણે અહીં જોઇએ છિએ. ખ્રીસ્તી ધર્મના પગપેસારા આગમજ અહીં પણ કુદરતની સેતાયશની માન્યતા ફેલાયલી હતી.

ઝ્યુરીખનો સરોવર. સફરીઓ સ્વીટઝરલેન્ડ આવે છે તે તેના સરોવરોની અને તેની આસપાસના પહાડોની સુંદર સીનરી જોવા આવે છે. પશ્ચિમ ભણીથી આવતાં એવો પેહલો સરોવર આપણને આ શેહેરના નામવાળો ઝ્યુરીખનો સરોવર મળે છે, જે આસરે ૨૫ થી ૩૦ મૈલ લાંબો છે અને કેટે આસરે દોઢ બે મૈલ પોહોળો છે. દિવસે અવારનવાર કેટલીક સ્ટીમરો એક નાકેથી બીજે નાકે રેપર્સવીલ (Rapperswil) સુધી આવજાવ કરે છે, તેમાં એકાદ સફર આ સરોવરના બન્ને બાજુના કિનારાઓની સુંદરતાનો આપણને ખ્યાલ આપે છે. વળી તેને કિનારે કિનારે કેટલાંક સુંદર ગામો, પહાડની ચઢ ઉતરે ફટેલું છે. એવા કુદરતી સરોવરોને આ તરફ માણસનો હુનર વધારે સુંદર રૂપ આપે છે.

આપણા મુંબઇ શેહેરના ગરીબ લોકોને સરોવરની સુંદરતાનો કાંઇક ઝાંખો પણ ખ્યાલ આપવાના પુરાં સાધન નથી. આપણી તરફ નજદીકમાં સરોવરનો કાંઇક ઝાંખો, ફુલ નહી તો ફુલની પાંખડી જેવો, ખ્યાલ આપનાર સરોવર આપણો વેહારનો લેક છે. પણ આપણા લોકો તેને જોવા જાય છે તે તેના બંદ આગળથી જોઇ ઉજાણી કરી પાછા આવે છે, સબબ કે તેની આજુબાજુ સર્વ દિશાએ ફરી વળવા કાજે પુરતી સગવડ નથી. એક સુંદર સવાર મને યાદ છે કે જ્યારે આસરે ત્રણ ચાર કલાક ચાલી મેં તેની સર્વ આજુબાજુનો ચકરાવો ખભડાયલા પગી–માર્ગે લીધો હતો. એ આપણા નાના સરોવરનાં કિનારાને સારી હાલતમાં મેલવામાં આવે તો તે આપણા સેહેલાણીઓને થોડીક પણ સુંદર સેહેલ પુરી પાડે. આ ઝ્યુરીખના સરોવરપરનાં ઝ્યુરીખબર્ગ અને મીટલબર્ગના (Zurichberg and Mittelberg) પહાડો, જ્યાં કેટલીક ઉંચાઇ સુધી જવા કાજે ત્રામની સગવડ છે, તે ઝ્યુરીખના સરોવરનો ઉંચેથી સુંદર ખ્યાલ આપે છે. ઝ્યુરીખબર્ગ ઉપર જતાં ત્યાંનું ગીચ જંગલ (forest) એક શાંત અને શીતળ જંગલનો ખ્યાલ આપે છે. આ મોટાં જંગલમાં લોકોને ફરીહરી ઉજાણી કરવા અત્રેની સરકારે સર્વ ઘટતી સગવડ આપી છે. તા૦ ૮ મી જુલાઇની એક સવારના સુંદર બે કલાક મેં તેમાં પગે ચાલી ફરી પસાર કીધા છે. આપણા પોતાના શેહેર પાસે કાંઇક સુંદર જંગલનો ખ્યાલ આપનાર માહીમનું જંગલ (Mahim wood) બહારગામથી આવતા ટુરીસ્ટોને તાડમાહાડના ઝાડોના એક ઝુમખાના જંગલ તરીકે જોવાલાયક થઇ પડયું હતું. પણ તેની પણ હવે આખેરી આવતી જાય છે. રાત દહાડાનું કામ અને હળેહથરી તો છે, પણ શેહેરનાં ગરીબોને તનમનની રાહત કાજે કુદરતના કોઇ શાંત ખુણાઓ પુરા પાડવા એ એક પુન્યનું કામ છે.

અત્રે વાગનેર (Wagner) (૧૮૧૩ થી ૧૮૮૩) નું મકાન.

અત્રે આપણને પેલા જાણીતા જર્મન ગાયણુ જોડનાર વાગનેરના મકાન તરીકે એક મકાન દેખાડવામાં આવે છે જ્યાં તે ત્રણ ચાર વર્ષ રહેલો હતો અને પોતાના શાએરી ગાયણો રચ્યાં હતાં. આ વાગનેર આપણુ પારસીઓનું ધ્યાન પોતા તરફ ખેંચે છે તે તેના પાર્સીફલ (Parsifal), જે અસલ પર્સીવલ (Perceval) નું રૂપ ગણાય છે, તે નામનાં સંગીત ગાયણુનાં ઓપેરા સબબે છે. આપણામાં જેમ શાહ જમશેદની "જામે જમશેદ" એટલે જમશેદની કોઇ કરામતી જામ જણાયલી છે, તેમ પુરાણા ખ્રીસ્તીઓમાં હોલી ગ્રેલ (Holy Grail) નામની કોઇક ભેદભરી પવિત્ર જામ જણાયલી હતી. તે જામ ઉપર આ ગાયણકાર શાએરે પોતાનો ઓપેરાનો મદાર રચ્યો છે. અસલ ૧૩ મી સદીમાં જર્મન ભાષામાં પાર્ઝીવલ (Parzival) નામની એક વીરરસ કવિતા (epic poem), એક જર્મન શાએર (Walfron von Exhenback) થી લખાઇ હતી, જેમાં એક પવિત્ર જામ (Holy Grail or Vase) ને એક નિશાણ (symbol) ગણી તેની સાથે એક બહાદુર પુરૂષ (Knight) ના સાહસો જોડયાં હતાં. એ પાર્ઝીવલ નામ રૂપ બદલાતાં Percyvelle અને Perceval બન્યું. વાગનેરે તે નામને પાર્સીફલ રૂપ આપ્યું છે. એ શાએર ગાયણકાર આપણાં ઇરાનની કાંઇક હકીકતોથી, હું ભુલતો નહીં હોઉં તો કાઉન્ટ ગોબીનોનાં ઇરાની તવારીખનાં લખાણો મારફતે, વાકેફગાર થયો હતો.

ઝયુરીખ, તા૦ ૮ મી ઓગસ્ટ ૧૯૨૫.

બાર અને ઝુગના પહાડી ગામોની મુલાકાત—બારના કુદરતી કરામતના ગોફાઓ.

ઝયુરીખ આવનારા સેહેલાણીઓ માટે આસરે પોણા યા એક કલાકના આગગાડી મારફતે રસ્તાપર આવેલા બાર (Baar) ગામ આગળના કુદરતી ગોફાઓ જોવાલાયક છે. આપણે આપણા દેશમાં ગોફાઓ તો ઘણા જોયા છે. તેમાં કોઇક કુદરતી ગોફાઓ છે અને કોઇક માણસે કોતરેલા સાદા તેમજ કોઇક કારીગરી સાથે કોતરેલા હસ્તકૃત ગોફાઓ છે પણ અહીંના આ ગોફાઓ, જેઓ તેઓના અંદરના માંડવા સમાન ભાગને લીધે ગ્રોટો (grottos) તરીકે બોલાય છે તે, નવી નવાઇ સમાન છે. તે માટે મેં આગળ વાંચ્યું હતું, પણ આ વખતે તે જોવાનો સંતોષ મને મળ્યો છે. આ સાધારણ ગોફા જેવા ગોફાઓ નથી, પણ સેંકડો અને હજારો વર્ષના પાણીના વહેવાથી બનેલા ગોફાઓ છે, જેઓએ જાણે નકસી કરી હોય તેવી રીતે તરેહવાર રંગના આકારો ઉત્પન્ન કર્યા છે.

કોઇક મુલકોમાં તેના પહાડોના પેટામાં યા જમીનના માહેલા ભાગમાં પાણીના રાત દહાડાના ટપકવાથી અને તે પાણીએ ખડક ઉપર અસર કરવાથી તરેહવાર રંગ રૂપના આકારો બને છે જેને વિદ્વાનો સ્ટેલેકટાઇટ (stalactite) અને સ્ટેલેગમાઇટ (Stalagmite) કહે છે. એવા કુદરતી કાર્યના સ્ટેલેગમાઇટના રૂપો આપણને આ જગ્યાએ જોવાને મળે છે. આ કુદરતની બનાવટ (phenomena) દેખાવમાં તરેહવાર રૂપ લે છે. આબુના પહાડ ઉપરના દીલવારાના જાણીતાં સુંદર મંદીરમાં તમો છીલીંગ પર તરેહવાર પ્રકારનું બારીક કોતરકામ જુઓ છો તેને કાંઇક મળતું, પણ વધારે લાંબી ટીંગાવી અણીઓ (needles) જેવું આ કુદરતી બનાવટનું કામ છે.

પછી તમો પહાડપર ચઢી, પહાડની પેટાંમાં ઉતરો છો અને પછી નજદીક અર્ધો માઇલના તફાવત સુધીમાં ફરતાં આવા કુદરતી ગ્રોટોમાં કુદરતના જાણે તરેહવાર ફાંટાઓ (freaks and fancies) તમો જુઓ છો. અહીં આવા બે ગોફા છે, તેમાં એકને ગરૂડ પક્ષીનો ગ્રોટો (Grotto of the Eagle) કહે છે, સબબ કે તેમાં એક ઠેકાણે રાત દહાડો ટપકાતાં પાણીના કાર્યથી જાણે ગરૂડ પક્ષી બન્યું હોય તેમ ખડકનો ભાગ બન્યો છે. બીજા ગોફાને રીંછનો ગ્રોટો (Grotto of the Bear) કહે છે, સબબ કે તેમાં એક ઠેકાણે તપકાતાં પાણીના કાર્યથી જાણે મોટું રીંછ હોય એવો દેખાવ બતાવે છે. પણ એ બન્ને ગ્રોટોમાં ખડકના ભાગોએ સંખ્યાબંધ બીજાં રૂપો લીધાં છે. આ ખડકનો પત્થર મજબુત નથી, પણ નરમ છે તેથી તે ઉપર અંદરના પાણીથી જલદી અસર થાય છે. આપણે અંદર ફરીએ છિએ, ત્યારે કેટલેક ઠેકાણે પાણી આપણા શરીરપર ટપકે છે અને કેટલેક ઠેકાણે પાણી ભરાયલું જોઇએ છિએ. એ ગ્રોટોના માર્ગ ચઢ અને ઉતરનો, સાંકડો, કેઠે બે માણસો પણ મુશકેલીથી પસાર થાય તેવો સાંકડો છે. કેઠે પાણીની અસરથી કાંઇક મોટા ગુંબજ જેવા ખોલ બન્યા છે, જે ઉપર તરેહવાર રૂપના આકારો લટકે છે. માટે ભાગે જાણે ગંજાવર દ્રાખના ઝુમખા હોય તેમ દીસે છે. કેઠે જાણે સુંદર ઝાડો બન્યાં હોય તેમ દીસે છે. તમો કલ્પનાથી તરેહવાર રૂપો ધારી શકો. આપણા દેશમાં આપણે જોઇએ છિએ કે કેઠે બહારના ખડકના કોઇ ભાગોએ સુર્ય, હવા અને પાણીની અસરથી ઘસાઇ, કાંઇ ખાસ રૂપ લીધું હોય તો, તેને કાંઇ ખુદાઇ કરામતનું કામ ગણી ત્યાં પુંજાવાના થવા માંડે. એકે શરૂ કર્યું તો બીજાઓ પુઠે આવી તેમ કરે. જો આ ગ્રોટો હિંદુસ્તાનમાં હોય તો તે એક મોટી જાત્રાનું મથક થઇ પડે. અહીં કાંઇ પંદર વીસ વારની જગ્યા ઉપર આ પાણીની અસરનાં રૂપોનો સંગ્રહ બન્યો નથી પણ લાંબા વીસ્તારની જગ્યા ઉપર એમ બન્યું છે. આ બે ગ્રોટોમાંથી પેહેલો ૧૮૯૨ માં અને બીજો ૧૯૦૨ માં શોધી કાઢવામાં આવ્યો છે. અંદરના અંદર ચઢ ઉતર કરી તમો બહાર નીકળો છો, ત્યારે તમો પોતાને જમીનની સપાટીથી આશરે બસો યા ત્રણસો ફીટ ઉંચે ચઢેલા જુઓ છો. યુરોપના કોઇ બીજા ભાગોમાં પણ એવાં મથકો છે. કેઠે તો એમ પહાડના પેટામાં પાણીની અસરથી માર્ગ ખોદાઇ નદીઓ બનેલી છે, એટલે જમીનની સપાટી ઉપરને બદલે જમીનનાં પેટમાં મૈલોના મૈલ સુધી અંધારામાં નદીઓ (subterranean rivers) દોડે છે. કહે છે કે તેમાંની માછલીઓ તદન આંધળી હોય છે. આવી એકાદ નદી જેમાં સફરીઓને સર્વ કુદરતી બનાવ દેખાડવા માટે નાની બોટોની પણ સગવડ આપેલી હોય છે, તેનું વર્ણન મરહુમ શેઠ કરામજી દીનશાજી પીટીટની યુરોપની મુસાફરીનાં પુસ્તકમાં વાંચ્યું હતું, ત્યારથી મને તેવો દેખાવ જોવાની ખાહેશ થવી હતી. આજે તેવી નદી રૂપે નહીં, પણ ગ્રોટો રૂપે તે બનાવ જોઇ મને ખુશી ઉપજી છે.

માથેરાનપર શેઠ જમશેદજી તાતાના ચેહરાને મળતો ખડક.

આ ગ્રોટો જોતાં અને તેમાં લાંબો વખત પાણીના ટપકવાની અસરથી બનેલાં તરેહવાર સુંદર આકારો અને રંગરૂપો જોતાં થોડુંક થયું મુંબઇ તરફ માથેરાનમાં પેનોરામા પોઇન્ટ ઉપર મરહુમ શેઠ જમશેદજી નશરવાનજી તાતાનું જે કુદરતી પુતળું બનેલું કહેવાય છે, તેની યાદ આવી. તેવણના ચેહેરારૂપી એ આકાર મરનાર હક થવા પછી થોડાં વર્ષમાં બન્યો હોય એમ નહીં સમજવું, પણ સેંકડો વર્ષના હવા, પાણી, અને સુર્યની ખડક ઉપરની ચાલુ અસરથી

તે બનેલા હોવા જોઇએ. કોઇ એકાદ અહસ્થ એવા બનેલા આકારને જોઇ પોતાના ધ્યાનમાં ઉતરે તેવા પુરૂષના રૂપને મલતો તેને ધારે કે તે પછી બીજાઓમાં તે આકાર તે પુરૂષના નામ સાથ જોડાય છે. અહીંના ફોટોમાંના તરેહવાર ચીજોને મલતા ઘણાક આકારોમાંથી બે આકારો એકાદ જોનારને રીંછ મા ગરૂડ પક્ષી જેવા દેખાયા અને તેણે તેમ જાહેર કીધા તો પછી બીજાઓની આંખોને પણ તે આકારો તેવાજ દીસે છે. ખંડાલામાં એકાદ પુરૂષને પહેલે લાગ્યું કે ત્યાંના એક પહાડની શીખર ડયુક ઓફ વેલીંગટન, જેનું નાક કહે છે કે કાંઇક મોટું હતું, તેનાં મોટાં નાક જેવી છે, તે ઉપરથી તેણે તેને ડયુકનું નાક (Duke's nose) એમ નામ આપ્યું અને પછી બીજાઓને પણ તેમ લાગતાં તે નામ તે શીખરને લાગુ પાડયું. આપણા આકાશી નક્ષેત્રોને પણ રીંછ, સિંહ, માછી વીગેરે નામો તેના તારાઓના કોઇ ઝુમખાઓના તેવા દીસતા આકાર ઉપરથી મળેલા છે.

એક બોહીમાઅન જીપ્સી કુટુંબ.

સ્પેન તરફનાં શહેરોની મુલાકાતનાં મારાં વર્ણનમાં જીપસીઓ (gypsies) ના એક સંસ્થાન બાબે અને એ લોકો બાબે હું બોલ્યો છું. ઉપલા ફોટો જોવા કાજે ઝ્યુરીખથી આગગાડી મારફતે આસરે પોણા કલાકના માર્ગે ઉપર આવેલાં બાર ગામ ખાતે ઉતરી ત્યાંથી ઘોડાગાડીમાં ફોટોપર જતાં બાર (Barr) ગામના જાણે નાકે એક છાંયાદાર જંગલમાં એક "કેરેવન", જે બાબે હું મારા ગલાસગોનાં "એગ્રીકલચરલ એકઝીબીશન" વાલા પત્રમાં કાંઇક બોલ્યો છું, તે ત્યાં છુટેલી મેં જોઇ અને આજુબાજુ કોઇક બૈરાં છોકરાંઓને ઉભેલાં મેં જોયાં. તુરત ગાડી ઉભી રખાવી ત્યાં જઇ એ રખડતાં જીપ્સીઓ બાબે અને તેઓની આ "કેરેવન" યાને વંજારી ગાડી બાબે કાંઇક જાણવાજોગ હકીકત જાણી. આગળ જે જાણેલું અને સાંભળેલું તેનો જાણે વચવહાર દાખલો અહીં જોવાનો અને જાણવાને મલ્યો. મને કહેવામાં આવ્યું કે આ બોહીમીઆ (Bohemea) તરફના જીપ્સીઓનું એ કુટુંબ છે. એવાં કુટુંબોનું કોઇ એક રહેવાનું ઠેકાણું નથી. તેઓ ભટકતા ધંધાદારીઓ છે. આ તરફ તેઓનો ધંધો લોકોના ભાંગેલાં તુટેલાં વાસણો સમારી આપવાનો છે. એ ધંધો કરતા કરતા તેઓ ભટકતી જીંદગી ગુજારે છે. આજે એક ગામમાં જઇ પડાવ નાંખ્યો કે તે ગામનાં ગરીબ લોકોનાં ભાંગેલાં તુટેલાં વાસણો દુરૂસ્ત કરી આપે. ત્યાં કામ ખલાસ થયું કે બીજે ગામ જાય એમ આખું વરસ અને આખી જીંદગી તેઓ ભટકતી પસાર કરે. એઓ કદીકામ એક ઠેકાણે રહે નહીં અને એઓને તેમ રહેવા ગમે નહીં. મેં આગળ કહ્યું છે તેમ મારા વિચાર પ્રમાણે એ જીપ્સીઓ અસલ હીંદુસ્તાનના ગવૈયા વર્ગના હતા અને તેઓને શાહ બહેરામગોરે ઇરાન પોતાની પ્રજાને ગાયણની મોજ આપવા તેડાવ્યા હતા. તેઓ ત્યાર પછી પશ્ચિમ યુરોપમાં ફેલાયા. રીતભાતમાં હજુર કાંઇક એશીયાટીક રહી તેઓએ ઘણુંક યુરોપીયન અખત્યાર કર્યું છે અને તેમાં ખ્રીસ્તી ધર્મ અખત્યાર કર્યો છે. તેઓ ઘણાખરા રોમન કેથોલીક છે. હવે થોડાંક વર્ષ થયાં ઉપર જણાવેલી કેરેવનોનો ઉપયોગ થવા માંડતાં તેઓએ પણ "કેરેવાન" સાથે મુસાફરી કરવા માંડી છે. આ બોહીમીઅન જીપસીઓની કેરેવન એક ઘોડાની હતી. આ કુટુંબ બાર પેશીઓનું બનેલું હતું. તેઓમાં બે મરદો, બે સ્ત્રીઓ અને આઠ બચ્ચાંઓ હતાં. બચ્ચાંઓ, એવાં બનાસ બજાર બોલવે તેવાં, સુંદર, તંદુરસ્ત, ગુલાબી ગાલના હતાં, કે જાણે તમો તેઓના ચેહરા ઉપરનો ગુલાબ તોડી લ્યો. રાત દહાડાની ઘરબાહેરની કુદરતી (out-door) જીંદગીનું એ પરીણામ.

હતું. કેરેવનમાં સ્ટીમરની કેબીનના બર્થ માફક બે બર્થો હતાં, તેમાં બચ્ચાંઓને સુવાડે અને મોટાંઓમાંના એકાદ બે કેરેવનમાં બર્થની હેઠળ સુએ અને થોડાંક બહાર ઝાડની નીચે સુએ. વર્ષાદ આવે તો કેરેવનની પછવાડે કેરેવનને એક છેડો બાંધી કપડાંનો તંબુ બનાવે. લંડનની એસકોટ (Ascot) ની શરતના મેદાનમાં ત્રણ ચાર તવંગર અમીર ઉમરાવોને મેં જોયા હતા કે જેઓ પોતાની મોટી સુંદર ચાર ઘોડાની કોચોમાં આવ્યા હતા અને મેદાનમાં ઘોડા છોડી નાંખી પોતાની ગાડીઓ (coach) ની પછવાડે તેની સાથે કપડું લટકાવી સુંદર તંબુ બનાવતા. આ ગરીબ બીચારા જીપસીઓ જરૂર વખતે એમ તંબુ બનાવી વરસાદથી ઝાડ હેઠળ આશરો લે છે. તેઓ સાથે તેઓનો રક્ષણહાર કુતરો હતો. ઘોડાને ચરવા છુટો મેલ્યો હતો. સ્ત્રીઓએ ઝાડ હેઠળ ચુલા બનાવી ગરીબ રાચરચીલાંઓ સાથે ઘેર માંડયું હતું.

એક ખાટકીનાં રેસ્ટોરાંમાં ભોજન.

આગગાડીમાંથી ઉતરી, ફોટો, જે એ વાગા પછીજ ત્યાંનો એક ગાઇડ દેખાડે છે. તે જોવા જવા આગમજ ગામનાં એક રેસ્ટોરાંમાં બપોરનું ભોજન લીધું. યુરોપનાં ઘણાંક રેસ્ટોરાંમાં સફર દરમ્યાન ભોજનો લીધાં છે. તે સર્વમાં એ દિવસનું બપોરનું ભોજન મને તેના સંબંધના બનાવો (associations) સબબે વધારે યાદ રહેશે. રેસ્ટોરાં એક ખાટકી ગ્રહસ્થ ચલાવતો હતો. તે ખાટકી હતો, જમીનદાર હતો અને વળી રેસ્ટોરાં પણ ચલાવતો હતો. આ ફોટોવાળું મથક એક ગામ હતું, તેથી આ રેસ્ટોરાં પણ ગામડાં જેવી રહેરીતી અને રીતભાતનું હતું. અહીં તમારે ફલાણા પોષાકમાં જમવા બેસવું અને ફલાણામાં નહી એવું કંઇ નહી હતું. કોઇક "ખાસી પાઘડી"ના બનીઠની રહેલા હતા, તો કોઇક કામ કરવાના શર્ટ (shirt) માંજ હતા. ખાટકી માલેક પણ પોતાના આખા દહાડાના ફુલ ડ્રેસમાંજ જમવા બેઠા હતા. ગુજરાતનાં કોઇ ગામડાંના કાજી અને મેહેલાના માંડવાઓમાં તાડીનાં ઘર્યાં ફરે તેમ અહીં સ્વીટઝરલેંડનો શરાબ શીશામાં ફરતો હતો.

જમવા બાદ મેં ખાટકી ભાઇને કહ્યું કે તમારૂં ઘર અને ખાટકીખાનું દેખાડો તો તેણે હસીખુશીથી તે દેખાડયું. સુરતમાં તે મને જાનવરને કાપવાના મોટા ઓરડામાં લઇ ગયો. દાખલ થતાં હું શું જોઉં છું? તેજ વખતે એક તેનો મદદનીશ મોટું હથ્યાર લઇ એક વાછરડાંને જબેહ કરવા ગુમાવતો હતો. એક આંચકા સમેત હું પાછો હઠયો અને કાંઇ બીજું દેખાડવા કહ્યું. તેણે જે જે દેખાડયું તે ઉપરથી તે એક મોટો તવંગર પુરૂષ માલમ પડયો. મકાન જે મોટું અને કુશાદે હતું તે તની પોતાની માલેકીનું હતું. તબેલામાં મોટા ચાર ઘોડાઓ હતા, જે તેનો માલ લાવ લઇજાવ કરતા અને ખેતીના કામમાં આવતા. તે ઉપરાંત તે એક મોટરનો માલેક હતો. તે ફકત ગામને ગોસ્ત પોંહોંચાડનાર ખાટકી હતો એટલુંજ નહી, પણ ગામ બાહેર પણ ગોસ્ટ પોંહોંચાડનાર ખાટકી હતો. કોણ જાણે કદાચ મારા વાંચનારા ભાઇઓમાંથા કોઇ, જેઓને માંસનો હદબહાર શોખ હોય અને મોટાં જાનવરનું પણ ગોસ્ત ખાતા હોય, તેઓ વટીક પણ એનું ગોસ્ત ખાતા હશે. કોણ જાણે તેના મદદનીશે ગુમાવેલાં જે હથ્યારને જોઇ હું કમકમી પાછો હઠયો, તેજ હથ્યારથી ઠાર થએલાં પ્રાણીનું માંસ તેઓ બે ચાર માસમાં મુંબઇમાં ખાશે. મતલબ આ કે તે ગોસ્તનો મોટો ખાટકી–વેપારી હતો. તેણે મને સઘળે ફેરવીને દેખાડયું તો એક મોટા ઓરડામાં સઘળું સાંચાકામ ચાલતું હતું. સેંકડો બલકે હજારો રતલ ગોસ્ત જુદા જુદા રૂપમાં તે સાંચાઓથી કપાતું, અંથાતું અને તેના સોસેજીસ બનતા, જે ડબ્બાઓમાં પેક થઇ એના ગામ બહાર જતાં. એક

મોટો ઓરડો ગોસ્તને ઠંડકમાં રાખનારો "રેફ્રીજરેટર"નો હતો. સર્વ રીતે આ એક તવંગર ખાટકી–વેપારી હતો. મારા ગાઇડે પુછતાં કહ્યું કે તે મોટાં દીલનો હતો અને અવારનવાર ગરીબો કાજે કાંઇ સખાવતમાં આપતો.

એ ધણીને મેં જોયો અને એ ધણી માટે જે મેં જાણ્યું તે ઉપરથી યાદ આવ્યું કે આપણે એક માણસ ભલો છે કે ભુંડો છે, તે આબરૂદાર ગ્રહસ્થ છે કે વગર આબરૂનો છે, તે તેના ધંધા ઉપરથી વીચારવાનું નથી. રસકીન સુંદર રીતે એ બાબતમાં કાંઇક વિવેચન કરે છે કે એક માણસ શું કામ કરે છે તે નહીં પણ તે પોતાનું કામ,—પછી તે ચઢતું હોય કે ઉતરતું હોય, ખાટકીના પેશાનું હોય કે ચઢતા ગણાતા પેશા (professions) નું હોય તોપણ—કેવી પ્રમાણીક રીતે કરે છે તે આપણે જોવાનું છે. મારા એક વિષયમાં મેં એક ખાટકીની વાતો જણાવી છે કે તે ખાટકીનું કામ કરતો હોવા છતાં, હરરોજ પોતાના બુઢાં માતપીતા તરફની ફરજ બજાવી ભલી જીંદગી ગુજારતો હતો, અને તે કેમ બીજાઓ કરતાં ભલો અને સ્તુતીપાત્ર ગણાતો.

નેસ્ટલનું સ્વીસ કનડેન્સ્ડ મીલ્ક.

સ્વીટઝરલેંડ પોતાના દેશ બાહેર પોતાની પેદાશ–દાખલા તરીકે ઉપર જણાવવા પ્રમાણે પોતાના દેશનાં જાનવરોનું ગોરસ–મોકલે છે, તેમાં નેસ્ટલના નામથી જણાયલું દુધ (Nestle's Condensed Milk) જાણીતું છે. દેશપરદેશનાં ઘણાં બચ્ચાંઓ અહીંની ગાયમાયોનું એ દુધ પીએ છે. હું બાસર ગામથી ૧૦) મીનીટના આગગાડીના રસ્તાથી ઝુગ (Zug) નામનાં ગામમાં અને તે નામના સરોવર ઉપર ગયો હતો, ત્યાં મને દુરથી આ કનડેન્સ્ડ મીલ્કનું કારખાનું દેખાડવામાં આવ્યું હતું. સુંદર, પુષ્ટીકારક ચારો મળવાના સબબે અહીંની તનદુરસ્ત ગાયો ઘણા જથામાં તનદુરસ્ત દુધ આપે છે અને ઘણાંક દુર દેશના બાળકોની માતા બને છે. મારી કોમનાં જે બાળકો આ સરજમીનનું ઉપર જણાવેલું દુધ પીતાં હોય તેઓને અને તેઓની માતાઓને તે દુધ આપતી અગેની ધરતીમાતાની સપાટી ઉપરથી મારી દુઆ સલામ પહોંચાડું છું અને દુઆ ગુજારૂં છું કે પુરાતાલા સર્વ માતાઓને પોતાનાં બચ્ચાંઓને પોતાની છાતીથી દુધ આપતી કરે.

ઝુગનું પહાડી ગામ.

બાર (Barr) ના મોટા જેવા જવા કાજે, ટ્રેનની સગવડ ખાતર, પહેલે ઉપર જણાવેલાં ઝુગ ગામમાં જવું પડયું. સ્વીટઝરલેંડના નાના ગામોની જીંદગીનો આવાં નાનાં ગામો જોવાથી આપણને કાંઇક ખ્યાલ આવે છે, અને સર્વ નવા ફેરફારો છતાં આ ગામે પોતાનો પુરાણો દેખાવ (old world appearance) જાળવી રાખ્યો છે. ગમે તેવાં નાનાં ગામો હોય તેઓમાં પણ તેઓના જુના તત્વ સાથે હાલનું કાંઇ નવું સમાયલું હોય છે. આ ગામ નજદીક પણ એજ નામનો એક સુંદર સરોવર છે, જેની સપાટીને એક નાના પાર્કથી શણગારી ત્યાંનાં લોકોને કાંઇક તનમનની મોજ આપવામાં આવી છે. સ્વીટઝરલેંડના રાજકારોબાર માટે એ મુલકને ૨૨) કેનટોન (canton) માં વહેંચી નાંખ્યું છે. તેમાં આ ઝુગનું કેનટોન નાનામાં નાનું છે. ઉતરતાંને વાર જોયું તો ગામ ધજા તોરણોથી નવો પોષાક પહેરતું હતું, સબબ કે બીજે દિવસે અહીં સ્પોર્ટસ (sports) ની રમતો થવાની હતી.

કહે છે કે સ્વીટઝરલેંડમાં દર ત્રણ વર્ષે સ્પોર્ટસના કસરતના અખાડાઓ થાય છે અને તે એક વર્ષે એક "કેન્ટોન" માં તો બીજી વખતે બીજા કેન્ટોનમાં એમ થાય છે. આ વખતે આ કેન્ટોનની વારી આવી છે. આગલાં જુનાંની આવી રમતો, ઓલીમપીક ગેમ્સ

(Olympic Games) માફક, મોટા પાયાપર ચાર દહાડા સુધી ચાલે છે.

આ નાનાં ગામમાં પણ તેનાં નામ સાથનાં પ્રમાણનો એક ટાઉન હોલ છે. આ એક પુરાણું મકાન છે, જેની પાસે આ ગામની પુરાણી ચીજો (antiquities) નું એક સંગ્રહસ્થાન છે. ઉપલા સીટી હોલમાં જે એક ચીજ ઉપર મારૂં ધ્યાન ખેંચવામાં આવ્યું તે આ હતી કે જેમ દેવળો વગેરેમાં મરણ યા કોઇ મોટા બનાવની યાદગીરીની ટેબલેટો હોય છે તેમ અહીં કોઇ મોટા પુરૂષનાં લગ્નની યાદગીરીની ટેબલેટ હતી. બીજી એક નવાઇ જોઇ તેની હકીકત આ કે ગામના કારોબારીઓમાંથી કોઇને કાંઇ અગતની બાબત ઉપર બોલવું હોય ત્યારે તે ત્યાં ટાંગેલી એક જુના પ્રકારની ઘંટડી વગાડે અને તે ઉપરથી બધાઓ તેના બોલવા તરફ ધ્યાન આપે.

લ્યુસર્ન, હોટેલ દ લા પોસ્ટ,

તા૦ ૧૨ મી ઓગસ્ટ ૧૯૧૫.

લ્યુસર્ન શેહેર અને સરોવરની મુલાકાત.

તા૦ ૯ મી ઓગસ્ટે ઝુરીખથી ૯ કલાકે ઉપડી આસરે ૧૦–૩૦ ને અમલે હું આ શેહેરમાં આવ્યો છું. એ દિવસે આતવાર હોવાથી કુકની પારટી સાથે ગોઠવણ નહીં થઇ શકે, માટે આવતાંને વાર ખબર કાઢી ૧૧–૩૦ ને અમલે સરોવર ઉપર સફર કરતી એક સ્ટીમર પકડી આખો દહાડો સરોવર અને તે ઉપરની કોઇક જગ્યાઓમાં પસાર કીધો. લ્યુસર્નની મારી આ બીજી મુલાકાત છે. ૧૮૮૯ માં ઓસ્ટ્રીઅન લોઇડ કુંની સ્ટીમર મારફતે બ્રીન્ડીસી (Brindisi) ઉતરી તે શેહેર અને નેપલ્સ અને તેનો બળતો પહાડ વીસુવીઅસ અને તે પહાડ ફાટવાથી દટાઇ ગયલું તેનું પુરાણું પામપીઆઇ શેહેર જોઇ, રોમ, ફલોરેન્સ વેનીસ, મીલાન, પીઝા, જોઇ લુસર્નના સરોવરને પલે નાકે ઉતરી સરોવર જોતો જોતો આ શેહેરમાં આવ્યો હતો. આ વખતે પશ્ચિમ ભણીથી આ શેહેર ખાતે આગગાડીમાં આવી તેનો સરોવર જોઇ આવી મારી આગલી યાદ પાછી કાંઇક તાજી કીધી છે. તે વખતે આ સરોવર ઉપર બીજી વખત જઇને તેના રીગી અને પીલેટસના પહાડો તેઓની પહાડી રેલવે મારફતે જોયા હતા. આ વખતે આ નાકેથી તેના બીજા નાકા ફલ્યુએલેન (Fluelen) સુધી જઇ સ્ટીમર મારફતેજ આ શેહેરમાં પાછો ફર્યો. સ્ટીમર મારફતે જતાં આસરે ત્રણ કલાક અને પાછું ફરતાં ત્રણ કલાક થાય છે. બએ ત્રણ ત્રણ કલાકે સ્ટીમરો દોડે છે તેથી તમો બીજે નાકે ઉતરી ત્યાં ફરીને બીજી સ્ટીમરે પણ પાછા ફરી શકો અથવા ઉતાવળ હોય તો ત્યાંથી આવતી એકાદ ટ્રેન પકડી પણ પાછા ફરી શકો.

આ લ્યુસર્ન શેહેર મુસાફરોને પોતા તરફ ખેંચે છે તે તેના પોતા ખાતર નાહ પણ તેના સુંદર સરોવર ખાતર. વળી ફક્ત સુંદર સરોવર ખાતરજ નહીં પણ તે સુંદર સરોવર ઉપર આવેલા તેના સુંદર તરેહવાર ઘાટા અને રંગરૂપ દેખાડનારા પહાડો ખાતર છે. વળી એ ઉપરાંત આ સરોવર એક રીતે સ્વીટઝરલેંડની પુરાણી તવારીખને રૂપ આપનારા કોઇક બનાવોનું મધ્યબીંદુ છે. સ્વીટઝરલેંડ પોતાનું આગલું છુટાપણું થોડો વખત ઓસ્ટ્રીઅન શાહાનશાહતના મોટા અમલદારોના જુલમાત સાથે ખોઇ બેઠું હતું. તે જુલમાતથી તેને છોડવનારા કેટલાક બનાવો આ સરોવરના કિનારાના કેટેકેટેના ભાગોમાં બન્યા હતા. આ સબબે એ સરોવર ઉપરના કોઇક ભાગો સ્વીટઝરલેંડના પોતાના લોકોને પવિત્ર જગા સમાન ખેંચે છે અને બહારના મુસાફરોને પણ ખેંચે છે.

સ્વીટઝરલેંડને છુટાપણું અપાવનાર (liberator) તરીકે• ટેલ (William Tell) નામના શુરા મર્દ (national

hero) નું નામ જાણીતું થયલું છે. બહારના વાંચનારાઓને આ દેશાભીમાની પુરૂષની હકીકતથી વાકેફ કરનાર જર્મન શાએર શીલર(Friederich Schiller) હતો, જેણે વીલીઅમ ટેલ એવે નામનો નાટક આ શુરા પેટ્રીઅટને પોતાના એક પેહેલવાન તરીકે લઇ રચ્યો છે. પેલો જાણીતો જર્મન શાએર ગોએથે (Goethe) જે ફારસી શાએર હાફેઝની નકલ કરી તેણે લખેલી એક કવીતા (West-Ostlichen Diwan) ન સબબે "જર્મન હાફેઝ" તરીકે ગણાયો છે, અને જેણે એ દીવાનમાં આપણ પારસીઓને મલકાવે એવું એક નામું પારસી નામે (Parsi-nameh or Buch der Parsen) એવે નામથી લખ્યું છે, તે આ સુંદર મુલકપર મોહીત પડી અહીં ત્રણ વખત આવ્યો હતો અને તેણે પોતાના મિત્ર શીલરને આ ટેલના દાસ્તાન ઉપર એક નાટક રચવા સુચના કીધી. આ સરોવરની કેટલીક દંતકથા બરાબર સમજવા હું એ દાસ્તાન અહીં ટુંકમાં આપું છું.

સ્વીટઝરલેંડનું છુટાપણું. વીલીઅમ ટેલનું દાસ્તાન.

સ્વીટઝરલેંડ પહેલે રહાએટી (Rhaeti) નામના લોકોથી વસાયલું હતું. અસલી સેલ્ટ લોકો (Celts), જેઓ પૂર્વ તરફથી પશ્ચીમ ભણી ફેલાયા હતા, તેઓના હેલવેટીઆ (Helvetia) નામના એક તાયફાએ તેઓને નીચેના મેદાનો (plains) માંથી પહાડો ઉપર હાંકી કાઢયા હતા. ત્યાર પછી ઇ૦ સ૦ પૂર્વે ૫૮) માં રોમનોએ અહીં પોતાનો દસ્ત સ્થાપ્યો. ત્યાર પછીના અરસામાં સ્વીટઝરલેંડ એક જુદા નાના મુલક તરીકે ઇ૦ સ૦ ની ૧૩) મી સદી સુધી છુટાપણું ભોગવતું રહ્યું. ત્યારપછી તેણે પોતાને પડોશના ઓસ્ત્રીઆના શાહાનશાહની આંહેધરી હેઠળ મેહલ્યું, કે તે જરૂરી વખતે બચાવ આપે. તેમ કરવા છતાં તે પોતાનું જાતી છુટાપણું ભોગવતું રહ્યું. પણ ઇ૦ સ૦ ૧૨૦૮ માં ઓસ્ત્રીઆના એક ડયુકે તેને પોતાના તાબામાં લઇ તેનું છુટાપણું છીનવી લીધું. તેણે મોકલેલા હોકમો ભુંડા અને જોહાકી દોરના જુલમગાર નીવડવાથી જાણે જેમ ઝુહાક સામે કાવે આહનગરની લડત શરૂ થઇ હતી તેમ તેઓ સામે લડત શરૂ થઇ. પેહેલે સ્તાઉફાશેર (Stauffacher) નામના એક ખેડુતની બાયડીએ પોતાના ખાવીંદને છુટાપણું મેળવવાની ઉલટ આપી એ ધણીએ પોતા સાથે બીજા બે જણને સામેલ કરી ત્રણે જણે છુટાપણું મેળવવાના સપત લીધા. દરેક જણે પોતા સાથે બીજા દસ દસ જણ લાવવાનું માથે લીધું. એમ ત્રીસ જણે છુટાપણું મેળવવાના સપત લીધા અને પછી તે હીલચાલ આગળ વધી.

ત્યારબાદ વીલીઅમ ટેલે (William Tell) ઇરાનના કાવે આહનગરનો ભાગ અત્રે ભજવ્યો. ગેસાલેર (Gesaller) નામના ઓસ્ત્રીઅન હોકેમે સર્વેને ફર્માવ્યું કે તેઓએ તેની ટોપી (hat) જે તેની હજુરમાં મેલવામાં આવી હતી, તેને સલામ કરવી. ટેલે તેમ કરવાને સાફ ના પાડયું. ત્યારે આ જુલમગાર હાકેમે તેને કહ્યું કે "તું નીશાનબાજીમાં કુશળ છે, તેથી તારા નાના બેટાના માથા ઉપર એક સપરચંદ મેલી તે સપરચંદને તારા તીરે વીંધી નાંખી મને તારો હુનર બતાવ." આ એક વધુ મોટા જુલમનો હોકમ હતો, કે જેમાં ટેલના બેટાના જાનનો જોખમ હતો. પણ ટેલે ખુદાતાલાની મેહરબાનીથી પોતાના બેટાના બાલને પણ હાની લાવયા વગર તેના માથા ઉપરના સપરચંદને વીંધી નાખ્યો. ટેલે એમ તીર મારતાં પોતાનાં કામઠાં (cross-bow) માટે એક બીજો પણ ફાલતુ તીર રાખ્યો હતો કે જો તેનો પેહેલો તીર નીષ્ફળ નીવડતાં તેનો બેટો માર્યો જાય, તો તે બીજા તીરથી તે પેલા જુલમગારને વીંધી નાંખે. તેના આ ઇરાદાની વાત જાણતાં પેલા જુલમગારે

તેને જંજીર નાખી બંધ કીધો અને પોતાની બોટમાં અહીંના સરોવર ઉપર સ્વાર થઇ તેને સાથે લઇ તેને એક કીલ્લામાં બંધ કરવા નીકળ્યો. માર્ગમાં તોફાન લાગ્યું. હવે ટેલ જેમ નીશાનબાજીમાં તેમ સરોવરપર મછવાઓના કુનેહથી તોફાન વખતે પણ સલામત ચલાવવામાં એક નાખોદા તરીકે પણ કુશળ હતો, તેથી આવી મુશકેલી વખતે પેલા હાકેમે તેને બંધમાંથી છોડી પોતાના મછવાને તોફાનમાંથી બચવા કાજે સલામત હંકારવાને જણાવ્યું. ટેલે છુટો થઇ તેમ કર્યું, અને પછી મછવાને એકદમ કિનારે લઇ જઇ, કિનારા ઉપર કુદી પડી, છુટો થઇ, કિનારેથી પોતાની લાતે તે બોટને હટાડી કાઢી, પહાડ ઉપર નાઠો અને એક જગ્યાએ ભરાઇ બેઠો. પેલો હાકેમ તેની પુંઠે તેને પાછો પકડવા કિનારે ઉતરી તેને પહાડપર ખોળવા લાગો. ટેલે તેને પોતા પાસેના બીજા તીરથી વીંધી નાખ્યો. એમ કરી તેણે આ મુલકને ઓસ્ત્રીઆના જાલેમ અમલદારો, જેઓ બેલીફ (bailiff) તરીકે ઓળખાતા તેઓના દોરથી છોડવ્યું, તેથી તે સ્વીટઝરલેંડનો છુટકો કરનાર (librator) ગણાયો છે. તેના આ કામની યાદ લ્યુસર્નના આ સરોવરપર એકથી વધુ જગ્યાએ થાય છે. તેથી આ સરોવરની સેહેલગાહ આજુબાજુની સુંદરતાના સબબે તનમનને રાહાત આપવા ઉપરાંત જાણે એક દેશહિતકારી પુરૂષ (patriot) ની યાદગીરીની જીઆરતગાહ, જીઆરતે યા જાત્રાએ જવા સમાન પણ થઈ પડે છે.

વીલીઅમ ટેલની યાદગારીની જગ્યાઓ.

જે જગ્યાએ તેણે ઉપર જણાવવા પ્રમાણે કિનારે કુદી પડી ત્યાં પેલા જાલેમ આસ્ત્રીઅન બેલીફને મારી નાખ્યો તે જગ્યા ટેલની જગ્યા (Tellsplatte) ના નામે ઓળખાય છે અને તે લ્યુસર્નના સરોવર ઉપર ફરતી બોટોના સ્ટેશનો માંહેનું એક સ્ટેશન છે. તા૦ ૯ મીની સરોવર ઉપરની સેહેલગાહ દરમ્યાન આ મથકે ઉતરી મેં તે જગ્યા જોઇ. જ્યાં તેણે પેલા બેલીફને મારી નાખ્યો હતો તે જગ્યાએ એક ચેપલ એટલે એક યજ્ઞકુંડ (altar) સાથનું નાનું દેવલ બાંધ્યું છે. તેની ત્રણ દીવાલો ઉપર એની જીંદગીના ઉપર જણાવેલા બનાવો એટલે કે છોકરાના માથા ઉપર મેલેલા સપરચંદને વીંધી નાખવો, લાતથી બોટને હટાવી કાઢવી, છુટાપણું મેળવવા કાજે આગેવાનોએ સપત લેવા, વીગેરેના બનાવો ચિતાર્યા છે.

હું આ જગ્યાએ ઉતર્યો એવા વિચારથી કે પછી ચાલતો ફ્લ્યુએલેન (Fluelen), જે સરોવરને બીજે નાકે છે અને જ્યાં સ્ટીમર પાછું ફરવા માટે આસરે પોણો કલાક થોભનાર હતી ત્યાં જઇ ત્યાંથી લ્યુસર્ન આવવા માટે સ્ટીમર પકડીશ. આ ચેપલ સરોવરપરથી આસરે સો ફીટની ઉંચાઇએ છે તે જોઇ ઉપલા સેવટનાં મથકે પગે ચાલી જવા આસરે એક કલાકનો રસ્તો છે. એ રસ્તે એમ સરોવરના થોડોક ભાગ પગે ફરવાથી આપણને ત્યાંની સુંદરતાનો વધારે બરાબર ખ્યાલ આવે છે. મોટે ભાગે સરોવરની સપાટીથી સોથી બસો ફીટની ઉંચાઇએથી રસ્તો પસાર થાય છે. પેલે કિનારે જાઉં તેટલાં તો સ્ટીમર પાછી ઉપડી ગઇ. માર્ગમાં એક અમેરીકન કુટુંબ, જે સાથે સ્ટીમર ઉપર આવતાં પિછાણ થઇ હતી, તેઓએ પોતે ભાડે કરેલી ગાડીમાં અરધે રસ્તેથી મને સાથે તેડયો, પણ પગે ચાલી સરોવરની સુંદરતાનો વધારે છાપ લેવા ઉપકાર સાથે ના પાડયું. તેથી જયારે સ્ટીમરને ઉપડી જતાં જોઇ ત્યારે પસ્તાવો લાગો. પણ ઘણું દલગીર થવાનો સબબ નહી હતો, સબબ કે દોઢ કલાક પછી બીજી સ્ટીમર ઉપડનાર હતી. માઠું થાય તે સારાં કાજે એમ દીલાસો લઇ બેઠી થવાના વખતનો ઉપયોગ કરી, આ

મથકેથી આસરે દોઢ મૈલપર આલ્ટડોર્ફ (Altdorf) ગામમાં આ ટેલનું મોન્યુમેન્ટ છે, તે ટ્રેનમાં જોઇ આવ્યો. આ ગામમાં બરાબર તેજ જગ્યાએ આ શૂરા મર્દની યાદમાં એક સ્તંભ (monument) ઉભું કીધું છે કે જ્યાં તેને ઉભો રાખી પેલા જુલમગાર હાકેમે તેની પાસે તેના બેટાના માથા ઉપર તીર ફેંકાવ્યો હતો. જ્યાં તેના નાના છોકરાને માથા ઉપર સફરચંદ સાથે ઉભો રાખ્યો હતો, તે જગ્યાએ એક ફુવારો હાલ ઉભો કીધો છે. આ સ્તંભ આસરે ૫૦ થી ૬૦ ફીટનો છે અને તેની નીચે ટેલનું એક બાવલું તેના છોકરા સાથે ઉભું કર્યું છે. ખાંધે તીરનું કામઠું (cross-bow) છે આ કામઠાંમાં તીર સાધારણ રીતે હાથે દોરી ખેંચાય તેને બદલે કાંઇક કળાથી દોરી વધારે જોરથી ખેંચાય તેમ યુકતી કરી છે. તેની ઉપર નીચલો લેખ છે.

"Erzahlen wird Man
Von den schuzen Tell
So lang die Berge
Stehn auf ihren grunde."

એટલે "જ્યાંસુધી પહાડો ઉભા (એટલે કાયમ) રહેશે ત્યાંસુધી તેઓ (માણસો) ટેલની બહાદુરી માટે બોલશે."

પુતળાંની હેઠે એક ક્રોસ અને એક ઘોઘાનું ચિત્ર છે. આ બન્ને નિશાણીઓ અહીં આ મુલકના મોનોગ્રામ તરીકે ઘણી જગ્યાએ જોઇએ છિએ. એમાં ઘોઘાને કૌવત અથવા જોરની નિશાની (symbol) ગણી છે.

આ જગ્યાથી એકાદ મૈલના રસ્તા ઉપર બીજે દિવસે ત્યાંથી રોન નદીના બ્રિશીઅર તરફ પસાર થતાં મને ટેલનું જન્મ–ઘર દેખાડવામાં આવ્યું. એનું મરણ પણ એની બહાદુરીને લાયક રીતે નીવડયું હતું. કહે છે કે પડોશની નદીમાં રેલ આવી ત્યારે તેમાં ડુબી જતાં એક બાળકને બચાવવા જતાં એ ડુબી ગયો હતો.

લ્યુસર્નના પુરાણા પુલો–તેપરનાં ચિત્રોમાં લ્યુસર્નની પુરાણી તવારીખ.

લ્યુસર્ન સરોવર ઉપર અને તેમાંથી વેહેતી રયુસ (Reuss) નદીના કિનારાઓ ઉપર લ્યુસર્ન શહેર આવ્યું છે. તેના બે કિનારાઓને જોડનારા પુલોમાં બે પુરાણા લાકડાંના છાપરાં સાથના પુલો છે. તે તેનાં અસલી બાંધકામનાં સબબ કરતાં તેના દરેક આરકાં ઉપર ચિતારેલાં ચિત્રોના સબબે જોવાલાયક છે, કારણકે તે ચિત્રો જાણે લ્યુસર્નની પુરાણી તવારીખ ચિતારે છે. એ બેમાં એક જેને કાપેલ બ્રુકે (Capellbrucke) એટલે ચેપલ યા દેવલનો પુલ કહે છે, તે ઉપરના ૭૭) ચિત્રો લ્યુસર્નની તવારીખ ચિતારે છે. એ ચિત્રોમાં નાં૦ ૩૦ અને ૩૧ વાળાં ચિત્રો ટેલની ઉપર જણાવેલી હકીકતનાં ચિત્રો છે. આ પુલ ઉપર એક મિનારો Wasserthurn એટલે પાણીનો મિનારો (Water tower) નામનો છે, તે અસલપાં એક દીવાદાંડી તરીકે વપરાતો હતો. આ દીવાદાંડી માટેના લ્યુસેર્ના શબ્દ (lucerna) ઉપરથી લ્યુસર્ને પોતાનું નામ લીધું છે. બીજા પુલ (નામે Mulenbrucke) ઉપરનાં ચિત્રો ઘુપા કરીને ધાર્મિક બાબતનાં છે અને તે "મોતના નાચ" (Dance of death) ના નામથી ઓળખાય છે.

લ્યુસર્નના નેગાહ રાખનારા મિનારાઓ.

અસલના વખતમાં શહેર બહાર દુરની હકીકત જાણવા કાજે જે મિનારાઓ (Watch-tower) બાંધવામાં આવતા હતા, તેવા કોઇક રોમન વખતના બચેલા મિનારા અહીં પણ છે. એવો એક મિનારો રોન નદીના બરફના પહાડ તરફની એક સેહેલમાં મેં જોયો હતો. આપણે આપણા નામાઓમાં સીફાવા ભાષામાં વાંચીએ છિએ કે એવા શેહેરની બાહરના કોઇ ઓઝીબાનો દુરથી મેરદ માને

ખુલી ઉડતી જોઇ તે ઉપરથી પોતાના અનુભવથી ખ્યાલ બાંધી થોડીક વખત આગમજથી ખબર આપતા કે આવી રીતની "ગેરદ" ઉડે છે અને તેની સાથે કોઇ સવાર યા સવારો યા લશ્કર આવે છે. તેઓ એવા કોઇ વોચ–ટાવરો ઉપરથી તે જોતા. મધ્ય એશીઆના કોઇક માર્ગ ઉપર આવા મિનારાઓ કેટે દીસે છે. તે બાબે અપાતા ખુલાસાઓમાં એક આ "વોચ–ટાવર"નો છે.

લ્યુસર્નનો સિંહ.

હું આગળ પોપના "સ્વીસ ગાર્ડ" માટે બોલ્યો છું. અહીંના વફાદાર સિપાઇ બચ્ચાઓની એક ગાર્ડ ફ્રેંચ રાજાઓ પણ ધરાવતા. ફ્રાન્સના લુઇ તેરમાએ પહેલે ઇ૦ સ૦ ૧૬૧૬ માં પોતાના લશ્કરમાં એવા "સ્વીસ ગાર્ડ"ની ટુકડી પોતાના જાતી રક્ષણ અર્થે રાખી હતી. ઇ૦ સ૦ ૧૭૮૯ માં બળવો (French Revolution) જાગ્યું ત્યારે બળવો ઉઠાવનારા જેકોબીનો તરફની ઘણી ધમકી અને લાલચ સામે એઓ વફાદારીથી ટકી રહી સેવટે માર્યા ગયા હતા. તેઓની યાદમાં અહીં એક ઉભા ખડકની દીવાલમાં તેઓની બહાદુરીના ચિન્હ તરીકે એક સિંહને કોતરી કાઢયો છે. તે સ્તંભ ઉપર અહીંના લોકો મગરૂરી સાથે આપણું ધ્યાન ખેંચે છે. તેની હેઠે "Helvetiorum fidei ac virtuite" એટલે "હેલવેટાઇ લોકોની વફાદારી અને બહાદુરી"નો લેખ એ માર્યા ગયલા ગાર્ડોની યાદ આપે છે. ઇ૦ સ૦ ૧૭૯૨ માં એઓ માર્યા ગયા હતા.

અહીંના પુરાણા ગ્લેશીઅરો બાબે જ્ઞાન આપનારો બાગ.

ઉપલા સ્તંભની પાસેજ Gletscher garten એટલે બરફના "ગ્લેશીઅરનો બાગ" એવા નામનો બાગ સ્વીટ્ઝરલૅંડની પુરાણીકત તવારીખની પણ આગમજની (prehistoric) હકીકતનો કાંઇક ખ્યાલ આપે છે. મેં આગળ કહ્યું છે કે હાલનું સુંદર સ્વીટ્ઝરલૅંડ તેણે આગલા બરફના જમાના (glacial period) માં ખેંચેલી બરફની કષ્ટીનું કાંઇક પરીણામ છે. તેનો થોડોક ખ્યાલ આપણને આ બાગ, જે ફુલપાનનો બાગ નહીં પણ આ મુલકની પુરાણી પ્રાકૃતીક ભુગોળ (Physical geography) શીખાડનાર બાગ છે. ઇ૦ સ૦ ૧૮૭૨ માં અત્રેના સરોવરના એકાદ ભાગ (moraine) હેઠળથી જે એક ગ્લેશીઅરથી પડેલા ખાડ (a glacier-hole) કહેવાય છે, તે એક પુરૂષ (Amrein-Troller) ને હાથ આવ્યો. પત્થરો સાથનો તે મોટો ખાડ ત્યાંથી લાવી અહીં જોવા મેલ્યો છે. મજબુત બંધાયલા આઇસના ઘસારાથી પત્થરો કેમ ઘસાય અને ખાડો અને ખીણો કેમ બને તેની ભુરચના શાસ્ત્ર સંબંધી (geological) વાકેફી આપણને અહીં નજરોનજર જોવાની મળે છે. આ આસરે ૧૫ યા ૨૦ ફીટની ઉંડાઇનો અને આસરે ૨૦ યા ૨૫ ફીટની પહોળાઇનો પત્થરનો ખાડ અહીં મેલ્યો છે જે આપણને પાણીના ચાલુ ઘસારાથી શું અસર થાય છે તેનો ખ્યાલ આપે છે. આ કાંઇ ફક્ત સેંકડો નહીં, પણ લખો વર્ષના કાર્યનું પારણામ છે. આ જાણે પત્થરનું એક ગંજાવર વાસણ (pot) હોય તેમ દીસે છે. એક ઘંટીનો પત્થર (mill-stone) જેમ ચાલુ ફરી અસર કરે તેમ ગ્લેશીઅરોની ઘંટી યા ચક્કી (glacier mill) ચાલુ ઘસારાથી કેમ ખાડ પાડે તેનો કાંઇક ઝાંખો ખ્યાલ આવે છે.

આ બાગમાં આગલા જમાનાના કેટલાક પુરાણા પ્રાણીઓના નમુના મેલ્યા છે. તેમાં એક ગરૂડ પક્ષીના વર્ગના મોટાં પક્ષીનો નમુનો છે. તે માટે સમજાવવામાં આવ્યું કે આ તરફ એવા મોટાં પક્ષીઓ ગરીબ ખેડુતોનાં બચ્ચાઓને એમનાં [illegible] ઉપાડી જતાં. આ પક્ષીનાં મોટાં કદને આપણા શાહનામાની જાલ અને સીમોર્ગના દાસ્તાનની યાદ આપી

અને જ્ઞાન આપ્યું કે જે સીમાર્ગે બાળક બાલને ઉઠાડી પોતાના માળામાં લઇ ગયું હોય એ તદન બનવાજોગ છે. એવાં જીઆનગાર પ્રાણીઓ પણ કોઇ વખતે માણસનાં બચ્ચાંઓ ઉપર પ્રેમ પ્રીતી રાખી તેને ઉછેરે છે તેનો એક માદા-વરૂએ ઉછેરેલા છોકરા (wolf-boy) ને મારી નજરે આગ્રા ખાતે મેં જોયલો, તેનું વર્ણન મેં મારા એન્થ્રોપોલોજીકલ સોસાયટી હજુરના વિષયમાં આપ્યું છે. પુરાણી જંગલી ગણાતી અને અર્ધ-જંગલી ગણાતાનું કેટલુંક જ્ઞાન આપણને આ બાગની મુલાકાતથી મળે છે.

લ્યુસર્નનું દેવળ. અહેનું પુરાણું ઇ૦ સ૦ ૧૫૦૬ માં બાંધેલું દેવળ (Hof-kirche) તેના પોતા કાજે તેમ તેની આજુબાજુની તરેહવાર કબરોની રચના માટે જોવાલાયક છે. આપણામાં ધર્મક્રિયા યા બંદગીની જગ્યાથી સેવટની આરામગાહ દૂર રાખવાનું ફર્માન છે, ત્યારે ખ્રીસ્તીઓમાં ખુદ દેવળની જગ્યામાં દટાવાનું સારૂં ગણાય છે. આ દેવળમાં બીજાં દેવળોથી કાંઇક જુદા પ્રકારનું આ જોઇએ છિએ કે દેવળની આજુ-બાજુ બહારના દરવાજા સિવાયના બધા ભાગમાં છાપરાં સાથનો અને છાપરાં વગરનો ભાગ કબરોની સમાવેસની ખાસ નેમથી બાંધ્યા કર્યો છે.

સ્ટાનસેરહોર્નની સેહેલ. અત્રે માઉન્ટ રીગી અને પીલેટસની સેહેલો જાણીતી છે. આગલી વખતે તે કીધેલી હોવાથી આ વખતે તેઓને બદલે સ્ટાનસેરહોર્ન (Stanserhorn) ને મેં પસંદ કર્યું. આ પહાડ ઉપરથી આપણે સ્વીટ્ઝરલેંડના સરોવરોમાંથી નાના મોટા પાંચને આપણા પગ નીચે જોઇએ છિએ. આ પહાડ કેટલોક ઉભો છે તે સબબે તેની ટોચ ઉપર જવા માટે જુદા જુદા પ્રકારની ત્રણ રેલવેઓ કરી છે. આપણે પહેલે પગે ચાલી યા ગામમાં સરોવરપર જઇ એકાદ બોટમાં સરોવરના એક ભાગ ઉપર જઇ ત્યાંથી પહેલે સાધારણ ઇલેક્ટ્રીક રેલવે અને પછી બીજી ત્રણ પહાડી રેલવેઓમાં સફર કર્યે છીએ. ત્યાં જઇ પછવાડેના બરફના પહાડોનો આંખે ઉડી વળગતો દેખાવ જોઇએ છિએ.

લ્યુસર્ન, તા૦ ૧૨ મી ઓગસ્ટ ૧૯૨૫

રોન નદીના બરફના પહાડ (Rhone Glacier) તરફની સેહેલ.

અમે કુક કું૦, જો આઠ મુસાફરો ભેગા મળી શકે તો, સવારના સાડાસાતથી તે સાંજના સાડાસાત સુધીની એક મોટી મંજલની સેહેલ (excursion) ઉભી કરે છે. એવી એક સેહેલપર તા૦ ૧૧ મી ઓગસ્ટે હું ગયો હતો અને જે જોયું હતું, જાણ્યું હતું, તથા શિખ્યો હતો તે ઉપરથી અમે આવતા મારા સેહેલાણી ભાઇઓને એ સેહેલપર એક વખત જવાની હું ભલામણ કરૂંછું. આ બસો પચીસ કીલોમીટરની એટલે (એક કીલો-મીટરને મૈલનો પાંચ-આઠમો ભાગ ગણતાં) આસરે ૧૪૦ મૈલની આ લાંબી મંજલ છે, જેમાં બપોરના ભોજન અને ચાહ પાણી માટેનો આસરે દોઢ કલાક બાદ કરતાં આપણને આખો દહાડો આસરે સાડાદસ કલાક મોટરમાં ફરવાનું અને કુંડે પગે ચાલવાનું છે. કુક કું૦ એ સેહેલ માટે અત્રેના આસરે ૯૨) ફ્રેંક એટલે આસરે રૂ. ૫૦) લે છે, તે આપણને પેહેલે ભારી લાગે છે, પણ એ સેહેલ તમામ કરવા બાદ આપણને જણાય છે કે એવી સેહેલ માટે એથી પણ કાંઇ વધારે આપ્યે તો તે કાંઇ ખોટું નથી. આ સેહેલમાં આપણે એક પ્રકારના નહી પણ તરેહવાર પ્રકારના સુંદર તેમજ અજબ કરનારા, અજાયબી સાથે કાંઇક દેહેશત આપનારા (awfully majestic) દેખાવો જોઇએ છિએ. અમારા વાંચનારાંઓમાંથી જો કોઇ આ મુલક તરફ આવનાર હોય તો તેઓને

હું કહું છું કે "ભાઈઓ અને બાઈઓ! ગમે તો તમારાં રેસ્ટોરાંઓ અને હોટેલોમાં કાંઈક પેટે પાટો બાંધજો અને કસર કરજો પણ આ કુદરતની ઉજાણી ભોગવવા વિના રહેશો નહિ • તનની ખાણીપીણીની મજાઓ તે ખાણીપીણીની અસર બાદ વીસરાઈ જશે, પણ ખુદાતાલાની કુદરતમાં મેળવેલી આ મનની ખાણીપીણી હમેશાં તમોને યાદ રહેશે અને ચાહશો તો કાંઈક પ્રેરણા પણ તમોને આપતી રહેશે.

આલ્પસના પહાડો (Alpine Range) તરફની આ સેહેલમાં મેં જે કાંઈક આગલે દહાડે જોયલું, તે આજે પણ માર્ગમાં પાછું જોયું,—દાખલા તરીકે પેલા વીલીઅમ ટેલના નામ સાથે જોડાયલી જગ્યાઓ,—પણ તે ઉપરાંત જીવ ખુશ થઈ જાય તેમ જાણે કુદરતનું મંદીર જોયું અને તે મંદીરમાં પ્રાર્થના કરી. "પ્રાર્થના કરી," એમ જ્યારે હું કહું છું ત્યારે તેની નેમ (spirit) માં બોલું છું એમજ નહીં પણ તેના હરેફહરફ (letters) માં પણ બોલું છું. સબબ કે કલાકના કલાકો મારી મોટરકાર (char à banc) ચાલ્યા કરે ત્યારે હું મનમાં, ગાડીની ગડબડમાં બીજાઓને નહીં સંભળાય તેવા ધીમા અવાજે, મોઢે જેટલું આવડે છે તેટલું, ભણતાં મારાં મનને બમણી યા ત્રમણી મોજ આપતો અને તે દાદારના આ ઓહોળાં પોહોળાં અને કુદરતના મંદીરમાં તેનું સુબારક નામ લઈ ઉપકાર જાહેર કરતો તથા હીમત અને પ્રેરણા મેળવતો. આપણું ખુશ થતું દીલ, જાણે ઉછાળા મારી, આપણને ખુદાને યાદ કરતા કરે છે.

માર્ગમાં ખુશી આપનારું તો ઘણું જોયું પણ તેનું શું વર્ણન કરૂં? કુદરતની લીલા તો, તમો કહેશો કે, તે દાદારે અવારનવાર, કેઠે અને કેઠે, ખુદ આપણા મુલકમાં પણ દેખાડી છે. માટે મને જે કાંઈક અસાધારણ લાગ્યું છે તેજ બાબે અત્રે હું બોલીશ.

આલ્પાઇન રેન્જમાંનો રોન ગ્લેશીઅર-બરફનો જોક્કો.

આ મારી આજની સેહેલની સેવટની જગ્યા અને નેમ બરફના જે પહાડ (Rhone Glacier) માંથી રોન નદી શરૂ થાય છે તે જોવાની હતી. મારા નોર્વે તરફના પત્રોમાં બે ગ્લેશીઅરોની મુલાકાત બાબે હું બોલ્યો છું, પણ આ ગ્લેશીઅર, જે ઉપર અમો બપોર પછી આસરે હોઢને અમલે આવી પહોંચ્યા હતા, તેની મુલાકાત અને નોર્વેના ગ્લેશીઅરની મુલાકાત વચ્ચે આ ફરક હતો, કે જ્યારે નોર્વેમાં ગ્લેશીઅરોના નીચે ઉતરતા ફાંટાઓ નીચે ઉભા રહી, નીચેથી ઉંચે ડોકું કરી જોયા, ત્યારે આ ગ્લેશીઅર નીચે અને ઉંચે બન્ને તરફ ડોકું કરીને તેના એક મોટા ફાંટાના લગભગ વચમાંના ભાગ ઉપરથી જોયો—જોયો એટલુંજ નહી પણ એક બાજુથી તેમાં ફર્યો. તેની ઉપર ફર્યો એટલુંજ નહી પણ તેની નીચે, તેના એક ગોફામાં, આસરે ૫૦ ફીટ સુધી કોતરી કહાડેલા તેના ગુફામાં, ફર્યો. વળી નોર્વેના ગ્લેશીઅરો નજદીકમાંથી જોવાને થાકી જાઓ તેટલું તમોને ચાલવું પડે છે અને કદાચ હાડકાં પાસરાં ભાંગે તેવી તદન ખભડાયલી જગ્યા અને ખડકોમાંથી ચાલવુ પડે છે. પણ અહીં તેમ નથી. અત્રેની સરકારની કારસાજીથી અહીં મોટરો સડસડાટ ચાલી જાય એવા રસ્તા બાંધ્યા છે. અલબતે સામેથી મોટર આવે ત્યારે કેઠે મુશકેલીથી પોહોળી જગ્યાએ ડાબી લેવું પડે છે. પણ તે અગવડ ટાળવા કાજે રસ્તા બાંધનારે કેઠે કેઠે થોડો માર્ગ પોહોળો રાખ્યો છે અને ત્યાં ક્રોસીંગ માટે જગ્યા છે એમ પાટીઆં માર્યાં છે. માટે જો તમો સામેથી મોટર આવતી જુઓ તો એવી એકાદ જગ્યાએ દાબી લેવો. આ ગ્લેશીઅર ઉપર તમો તમારી મોટરમાંથી ઉતરી આસરે પાંચ દસ મીનીટમાં લગભગ સપાટ રસ્તે ચાલી જઈ શકો છો. કરતાકારવતાઓએ તમોને

જેથીઆરપર ફરવા બરફ ઉપર પાટીયાં મુકી સગવડ આપી છે. વળી એક ઠેકાણે બરફને કોતરી આસરે ૫૦ ફીટની લંબાઇનો ગોફો બનાવ્યો છે. અલબતે અંદર અંધારૂં તેથી કોઇને કાંઇક ગભરાટ લાગે, પણ ખુદાનું નામ દેઇ અંદર સેવટ સુધી જાઓ તો ત્યાં વધારે બરફ કોતરી જાણે એક ગુંબજ બનાવ્યો છે, જ્યાં આઠ દસ માણસો ઉભાં રહી શકે છે. એમ અંદર જઇ ઉભા રહી એક બે મીનીટ તમારે ગમે તે ખ્યાલ કરો અને ખુદા સાથે વાત કરો અને તેના શુક્રાના કરો કે તે સાહેબે તમોને તે જગ્યાએ ઉભા કર્યા છે. તમારા પગ નીચે કોણ જાણે સો બસો યા પાંચસો હજાર ફીટનું બરફ હશે અને તમારા માથા ઉપર તો બરફનો પહાડ છે. આ બરફ આઇસ તરીકે ઉપર અને આજુબાજુ પત્થર માફક બંધાઇ ગયલું છે. આ બરફના ગુફામાં ખુદાની કુદરતથી હેરત તેમ ખુશ થવાની આપણને જે ઘેઘડીની તક મળે તે ઘેઘડી અલબતે આપણી જીંદગીની ઘડીઓમાંની કોઇ ભાગ્યશાળી ઘડીઓ ગણાવી જોઇએ. એમ ઘેઘડી ત્યાં ગુજારી તમો બીજા ઉજાશ સાથના કોતરેલા ભાગમાં ફરો છો. સાથે છત્રી રાખવી સારી છે. સબબ કે ઉપરથી બરફનાં પીગળતાં પાણીનાં ટીપાં કેઠે તો વધારે જથ્થામાં પડે છે. એકાદ બે દિવસમાં ઇન્ટરલાકેન થઇ વધારે ઉંચા બરફના પહાડ તરફ જવાનું છે, ત્યાં ખુદાની મેહેરથી વધુ શું અજાયબી જોવાની છે તે તો કોણ જાણે? તેટલાં આ એક પ્રકારની જાણે અજબ રીતની જે ઘેઘડીઓ ગુજારી છે તે માટે તે દાદારના શુક્રાના કરી આસરે પોણા કલાકમાં મોટરમાં સફર પાછી ચાલુ કરી.

આર (Aarr) નદીનો પહાડી ખોહ.

આજની સેહેલમાં એક બીજી ચીજે કાંઇક દેહેશત ઉપજાવનારી દબદબાભરી અજાયબીમાં મને ગરકાવ કર્યો. ઉપલો બરફનો પહાડ અને તેનો ગોફો જોવા પછીની બીજી બાજુ તરફની વલતી સેહેલમાં આર નદીને ઓળંગતાં અને તેને ઉંચે કિનારે કિનારેથી દેખાવ જોતા અમો પસાર થયા. માર્ગમાં એ નદીના બે મોટા ગંજાવર ધોધો જોયા જે એક જગ્યાએ સાથે મળી તુરત આસરે ચાળીસ ફીટની ઉંડાઇમાં પડે છે. આ જાણે ધોધોના ધોધો હતા અને તે બન્ને મળી બેગો મળેલો ધોધ ગંજાવર દબદબાભર્યો હતો. એના મોટા જથ્થા અને ઉંચાઇના સબબે જે બારીક છાંટીઓ (spray) બનતી તેની થંડક સાથે ઉત્પન્ન થતો ધુમસ આખી ખીણમાં ફેલાયો હતો. ત્યાં આસરે ૧૦) મીનીટ થોભી, તે જોઇ, આગળ વધ્યા. એમ કેટલુંક જવા પછી આ નદીનો એક મોટો, આપણને કાંઇક દેહેશત સાથની અજાયબીમાં ગરકાવ કરે એવો મોગો, ખોહ (gorge) આવે છે. આ એક અજબ પ્રકારનો wild and romantic Gorge ગણાય છે. એક નદીના ગોર્જ યા ખોહની મતલબ આ કે તે જગ્યાએ નદી બે તદ્દન ઉભા, જાણે બે ઉભી દીવાલો હોય તેવા ઉભા, પહાડો વચેની ઘણી સાંકડી જગ્યા-માંથી વહે છે. આ ગોર્જનો ખ્યાલ મારા વાંચનારને નીચે પ્રમાણે આપીશ:—

એવું ધારો કે તમો મુંબઇની આપણી પારસી વસવાટની ગોલવાડની ગલીમાં છો તે ગલી આસરે પોણા મૈલ લાંબી છે. કેઠે તે ગલીને ઘણી સાંકડી એટલે કોટમાંની મરઝબાનસેરી યા તેના કરતાં પણ સાંકડી ગલી ધારો, તે એટલી બધી સાંકડી કે એક ઘરના બાઇ સામી બાજુની હારનાં ઘેરવાળાં બાઇને સેહે-લાઇથી પોતાની બારીએથી કાંઇ આપી શકે. હવે એવી સાંકડી ગલીની બન્ને બાજુએ ઘરોને બદલે તમો તદ્દન ઉભા પહાડના ખડકોની દીવાલો ધારો અને તેવા ઉભા પહાડોની દીવાલ તમારી ઉપલી ગલીઓનાં ઘરોનાં છાપરાં જેટલાજ નહી પણ કેઠે સો તો કેઠે બસો યા

ત્રણસો ફીટ ઉંચી ધારો. તમો એમ ધારશો તો ખ્યાલ કરી શકશો કે ત્યાં રોશની કેટલી બધી ઓછી હોય. એક જગ્યાએ તો હું ઘણી સેહેલાઇથી મારા બન્ને હાથો પોહોળા કરી બન્ને બાજુનાં ખડકોને મારા હાથ લગાડી શક્યો.

હવે આવી સાંકડી અને સુરજનાં કીરણો સર્વ જગ્યાએ કવચીતજ દાખલ થાય એવી તમારી ઉંચી દીવાલોથી બનેલી ગલી આ સેરીમાંથી ઉપર વર્ણવેલા ગંજાવરમાં ગંજાવર ધોધોનાં પાણીને તમો વેહેતાં ધારો, પોહોળી જગ્યા ઉપરથી જોશમાં આવી સાંકડી જગ્યામાંથી વેહેતાં તે નદી કેવો ઘોંઘાટ કરતી હશે તેનો ખ્યાલ કરો. આ સર્વ ખ્યાલ કરશો તો પછી તમોને આ દેહેશત ઉપજાવનારા ખોહની કરામતનો કાંઇક ઝાંખો ખ્યાલ આવશે. આ ખોહ કાંઇ જમાનાના જમાનાઓ, હજારો યા લખો વર્ષના, પાણીના રોહનું પરીણામ હશે. આ સાંકડી જગ્યાએ આ નદી કોણ જાણે બસો પાંચસો કે હજાર ફુટ ઉંડી હશે.

હવે તમો પુછશો કે આ સર્વ તમે કેમ જોયું? તો જવાબ આ કે: "શાબાશ અહીંની સરકારને અને તેના કુશળ અમલદારોને! તેઓએ પોતાના દેશનો, ખોદાતાલાની કુદરતની કરામતના આ ખોહ પોતાના વતનીઓને તેમજ બાહાર દેશના સેહેલાણીઓને દેખાડવા કાજે બનતી સગવડ આપી છે. આ આખા ખોહનો માર્ગ, જે ઓળંગતાં આસરે ૨૦ મીનીટ થાય છે. તેની એક બાજુએ ખડકોમાં સુરાખો પાડી અંદર મજબુત સળયાઓ ચીરી લઇ લાકડાંના પાટીયાંઓની એક ઝુલતી ગેલેરી બનાવી છે. તે સાંકડી છે, અને સામાસામીથી આવતા પુરૂષોમાંથી એકાદે જરા દબાવું પડે છે. આપણને કોઇ વખત પાણીની બાજુએ દબાવું પડે છે તો ઘણી ચીંતા લાગે છે. આહ! જીંદગીની આ વીસ પચીસ મીનીટ કોઇ ઓર પ્રકારનીજ (unique) લાગણીઓની મીનીટો હતી. ખુદાની કુદરત અને ઇજનેરોની હીકમત ઓરજ કરી રહી છે. એક ઠેકાણે તો વળી ગેલેરીને પુલ આપી સામી બાજુએ ગેલેરી બનાવી ત્યાંથી સામી બાજુએ પહાડ ઉપર ઉંચે જવાનો માર્ગ છે. ત્યાં પાટીયું મ.યું છે કે "kleine ausgang" એટલે બહાર જવાનો રસ્તો નથી. કાંઇક ખુલાસા ખાતર હું ઉપર ચઢયો અને પુલ ઓળંગવા માંડયો કે પુલ ઉપર ઉભો રહી બન્ને બાજુથી નદીના રોહનો ખ્યાલ કરૂં. તેટલાં

તો નીચેથી અમારા ગાઇડ વગેરેએ પોકારો કરવા માંડયા. તેઓ શું કહે છે તે તો સમજાય નહી. પણ તેઓએ નિશાની કરી કહ્યું કે અહીંથી આપણે માર્ગે પડવાના બહાર જવ.નો રસ્તો નથી. મેં નિશાણીથી દીલાસો દીધો કે હું જાણું છું અને ફકત અહીંથી બંને બાજુનો દેખાવ જોવા આવ્યો છું. આહ! ત્યાં ઉભો રહી પસાર કરેલી બે ત્રણ મીનીટો! તે ખુદાતાલાની અજબ મેહેરની મેહેરબાન માયાળુ મીનીટ હતી. હવે એ પુલ પછી થોડુંક આગળ ચાલતાં બે માર્ગો બને છે. એક કોરેકોરની ગેલેરી ઉપરથી અને બીજો, જેઓ વધુ દેહેશત યા ચિંતાના બોજાથી બચવા માગતા હોય તો તેઓ માટે ખડકમાંથી કોતરી કહાડેલો આસાન માર્ગ હતો, જેમાં વીજળીક રોશની બળતી હતી. પણ તેય તમો જુઓ તો મેં ઉપર જણાવેલા બંને બાજુ ખડકોને હાથ લાગે એવો સાંકડો ખોહનો ભાગ જોવાનું ખોવું પડે છે. માટે કોરેકોર જતાં તમો એક એવી જગ્યાએ આવો છો કે જ્યાં બંને બાજુનાં ખડકોની દીવાલ જાણે મળી જાય છે અને તમો તમારો હાથ લાંબો કરો તો સામેના ખડકને લગાડો છો. મને ઉપર જણાવેલા બગ્ગીના પહાડના ગોફા કરતાં આ ગોર્જ ઘણો કરામતી લાગો અને તે જોવાને મળેલી તકથી હું તે દાદારનો આભાર માની ખુશી થયો. પેલે નાકે બાહાર આવી અમો અમારી કારમાં પાછા બેઠા, ત્યારે જોયું કે કોઇક સફરીઓ આ ગોર્જમાં આવ્યા હતા નહી. અલબત્તે

જેઓ નર્વસ થાય તેવાઓએ અંદર નહી આવવું એ દુરસ્ત ધારવામાં આવે. આ વખતે એ ગેલેરીમાં કેટે ઘોડાક અંધકારમાં તો કેટે ઝાંખી રોશનીમાં ચાલતાં આપણને જાણે કોઇ મોતના ખોળમાં ચાલતા હોઇએ તેમ કાંઇક લાગે છે. સર્વે જણ અંદર આવજાયથી અને કાંઇક ચિંતાથી ગંભીર દીસે છે. પણ ફરનારાઓની સલામતી માટે કારીગરોએ પુરતી સંભાળ લીધી છે.

આલ્પસ પર્વતનો ઘાટ—ફુલકા પાસ—ત્યાંનું હોટેલ.

ઉપર જણાવેલા ગ્લેશીઅર ઉપર જવા કાજે આલપસ ચઢવાનો ઘાટ જોવાલાયક છે. આપણે ઝાડપાન હેઠે મેલી વેરાન જગ્યા ઉપર ચઢયે છિએ. એક પણ ઝાડ કેટે દીસતું નથી. ફકત ઘાસની લીલોતરી કેટે છે. આપણા દેશમાં આપણે ઘાટો ઘણા જોયા છે. પણ અહીં પહાડની શીખર ઉપર આવી તેને ઓળંગવાવાળો ભાગ જે ફુલકા પાસ (Fulka Pass) ને નામે જણાયલો છે અને જે દર્યાની સપાટીથી ૭૯૯૦) એટલે આસરે હજાર ફીટની ઉંચાઇનો છે તે તેની વલાણીથી આપણને અજબ કરે છે. અહીંના મોટરકાર ચલાવનારાઓ પણ અજબ કુશળ છે. આ પાસ ઉપર એક હોટેલ છે. જયાં આપણાં બપોરના ખાણા માટે સગવડ હોય છે. અસલમાં એવા પહાડો ઉપર જે "છનો" યાને એક પ્રકારની પૈસા આપી આશરો લેવાની ધર્મશાળાઓ હતી. તેઓએ હાલમાં હોટેલોનું રૂપ લીધું છે, તે છતાં કોઇક મથકો હજુર અસલી છનો માફક સાદી રૂપે કામ કરે છે.

આ પહાડો તરફના વટેમાર્ગુઓ.

અહીંના પહાડી મુલકોમાં ફરતાં અહીંની છનો યા હોટેલોમાં આશરો લેનારા વટેમાર્ગુઓ આપણું ખાસ ધ્યાન ખેંચે છે. આપણને આ બાજુ અહીં અને તહીં મરદો અને સ્ત્રીઓ મળે છે, કે જેઓ હાથમાં અણીદાર પહાડી લાકડીઓ અને પીઠ ઉપર એક કોથળો બાંધી પગે ચાલતાં મુસાફરી કરે છે. અત્રેના લોકોજ એમ કરે છે એમ નહી, પણ કોઇક બહારગામથી આવેલા સફરીઓ (Tourists) પણ એમ સફર કરવાનું પસંદ કરે છે. જો પગમાં કૌવત હોય અને હાથમાં વખત હોય તો ગાડીઘોડા અને મોટર કરતાં પગે સફર કરવી સારી છે કે તેથી તે દેશની આબોહવા અને દેખાવોનો ભોગવટો સારી રીતે થાય છે. આવા ખ્યાલથી આપણે સંખ્યાબંધ સફરીઓને એમ સફર કરતાં જોઇએ છિએ. કમર ઉપર બાંધેલા કોઠળામાં એકાદ બદલવાનું કપડું અને તે દિવસે માર્ગમાં ખાવા-પીવાની કોઇ ચીજો એમ લઇ તેઓ મજાહ કરતાં, અસલી રીતની મુસાફરી કરીને મુસાફરીની મુશકેલીઓને સાંખી શકાતી કરે છે. ઓઢવા પાથરવાનું માર્ગમાંની છનો તેઓને પુરાં પાડે છે. આપણે કોઇ સ્ત્રીઓની ટોળકીઓને પણ અહીં એમ રંગરાગ કરતી કુચ કરતી જોઇએ છિએ. તેઓમાં આપણા નૌસારી જેવા ગરગામડાંઓની ભલીભોળી ભીખીવહુઓ માફક કોઇ સાદી અને ભોલકણીઓ હોય છે. વળી કોઇ રમુજી પણ હોય છે. ઉપલી સેહેલમાં એક જગ્યાએ એવી એક સ્ત્રીની ટુકડી મળી તો તેમાંની એકાદે અમારી કાર આવી પહોંચતાં માથેથી ટોપી ઉતારી રમુજી સલામ કરી આવકાર આપી બધાંને હસતાં કર્યાં. અહીંની કોઇક સ્ત્રીઓને અહીં એમ એકલી અટુલી મંજલ કરતી જોઇ આપણને તેઓની હિંમતથી ખુશી ઉપજે છે. એવી કોઇક હિમતવાન સ્ત્રીઓ દુન્યાને હિમતવાન બેટાઓ આપે છે.

આવા પગી સફરીઓને જોઇ મને મારા આગલા દહાડાઓ યાદ આવે છે કે જયારે સીમલાથી નાલકંદા તરફ મેં એવી ચાર દિવસની પગી સફર કીધી હતી. સાથે એક રીક્ષા અડીભીડી માટ

રાખી હતી. સીમલાથી દુરની આ મંજલમાં ત્યાંના ત્રેવલર્સ બંગલામાં મારાં એક પુસ્તકનો દીબાચો લખવાની વાત હરખ સાથે યાદ આવે છે. તે સફરમાં એકાદ દિવસે મેં ૩૦ મૈલની સફર કીધી હતી. મારા બાપદાદાઓનાં વહાલાં વતન નોસારીથી એક દિવસે સુરતની આગીસ મૈલની કરેલી મંજલની મોજ પણ અહીંના પગી–સફરીઓને જોઇ મને યાદ આવે છે. ડીસેમ્બર માસની એક થંડી સવારે ગજવામાં સમાય તેટલું ભાત્થું પોત્યું લઇ હું બરીબામહાદે આસરે ૬) ને સુમારે નીકળી સાંજે આસરે ચારને સુમારે નવસારી ભાગલથી દાખલ થઇ મારાં મરહુમ મેહેરબાન માતાજીના મહીરાંવાળા ફરામપુરામાં મેં પગ મેલ્યો હતો.

સ્વીટઝરલેંડ, ઇન્ટરલાખેન

હોટેલ આલ્પેનબ્લીક

તા૦ ૧૫ મી ઓગસ્ટ ૧૯૨૫.

ઇનટરલાખેન અને અહીંનો યુંગ ફ્રાઉ પહાડનો બરફનો ગ્લેશીઅર.

લ્યુસર્નથી તા૦ ૧૩ મીની સવારે નવ કલાકે નીકળી અત્રે બપોરે આશરે ૧૨–૩૦ ને અમલે આવી પોંહતો છું. માર્ગમાં આગલા પત્રમાં વર્ણવેલો રોન ગ્લેશીરવાળી સેહેલનો કોઇક સુંદર ભાગ આગગાડીથી આ વખત પસાર કીધો છે. તે દિવસની અને આ દિવસની સેહેલમાં કાંઇક સારી રવેશ ખ્યાલ આપ્યો કે આગલા વખતની યુરોપની તવારીખમાં વાંચયે છિયે તેમ, તે વખતે આલ્પસ (Alps) ઓળંગવા કેટલું મુશ્કેલ કામ ગણાતું અને એક લશ્કરે તે ઓળંગવું કેટલું વધારે મુશ્કેલ ગણાતું. એ આલ્પસનાં પર્વતો જુદા જુદા દેશોની સરહદોને માટે કુદરતી બચાવ સમાન ગણાતા. હાલમાં પણ અત્રેની સરકારે પોતાની સરહદના બચાવ અર્થે અહીંના આલ્પસના પર્વત પર બચાવના બાંધકામ સાથે લશ્કર રાખયું છે તેની બેશક આપણે માર્ગમાં જોઇયે છિએ.

આ માર્ગમાં નેપોલીઅનનાં ફ્રેંચ લશ્કરને ઇ૦ સ૦ ૧૭૯૯ માં ઓસ્ત્રીઆ અને રશીયા સાથની લડાઇમાં ફટકો પડયો હતો. આ તગ્ગુના એક પહાડી ખડક ઉપર આ બનાવને લગતું એક મોટો ક્રોસ સાથનું મોન્યુમેન્ટ આગલી મોટરની સફરમાં જોયું હતું. પેલા હુન તાયફાવાળાઓએ રોમન શેહનશાહતને જે મોટો ફટકો મારી તેની પડતી આણી હતી, તેઓ પણ આલ્પસના માર્ગ ઘટણી પર ઉતર્યા હતા. તે આગલા વખતોમા આ પાહાડને ઓળંગવા સારા રસ્તા જેવું કાંઇ નહી હતું. તેથી એ પહાડો પરની "ધનો" મુસાફરીઓનેજ આપણી ધર્મશાળાઓ માફક કામ લાગતી.

અહીં આવતાંને વાર કુક કંપનીની સલાહ લઇ આજુબાજુના કોઇક પહાડોની મુલાકાતની ગોઠવણ કરી. એવી પહાડોની નાની સેહેલોમાં પહેલેજ દહાડે હાઇમવેહફલુહ (Heimwehfluh) જે ૨૧૯૬ ફીટ દર્યાની સપાટીથી ઉંચો અને હારડેર (Harder) જે ૩૯૮૪ ફીટ ઉંચો તે પહાડોની મુલાકાત તેઓની ફ્યુનીક્યુલર રેલવેઓ મારફતે ત્યાંથી આ મુલકની ગતા જોવા કાજે લીધી. એઓમાં હારડેરના પહાડ ઉપરથી યુંગ ફ્રાઉ પહાડના ગ્લેશીઅરના દેખાવે ડારજીલીંગ-પરથી કુનચીનજીંગાના ગ્લેશીઅરના દેખાવની યાદ આપીછ, જે બાબે આ પત્રદ્વારે મેં આગળ કાંઇક વિવેચન કર્યું છે. મરનાર મી૦ જમશેદજી ક. માદન, જેવણુના રૂહ ઉપર હજારો દરૂદ હોજો, તેવણુની મહેરબાનીભરી મહેમાનદારી ભોગવી દારજીલીંગની ઓબઝરવેટરી હીલ ઉપર મેં ઘણીક બરીબામહાદો કુનચીનજીંગાને જોતાં પસાર કીધી હતી તેમી અહીં યાદ આવી.

સ્વીટ્ઝરલેન્ડના ઇન્ટરલાખેનના આ સુંદર સ્થળ ઉપર પગ મેલી મારાં હોટેલ ઉપર જતાં મને આપણું ખંડાલા યાદ આવ્યું, કે જે એક સુંદર શાંત પહાડી સ્થળ છે. ફરક માત્ર એટલો કે અહીંના પહાડો ખંડાળા કરતાં ત્રણ ચાર ઘણાં બુલંદ છે અને તેઓમાં અહીંનો યુંગ ફ્રાઉ (Yung frau) પહાડ પોતાના અંજાવર ગ્લેશીઅરની સુંદરતાથી આ સ્થળને ખુબસુરતી આપે છે.

યુંગ ફ્રાઉં પહાડનો અંજાવર ગ્લેશીઅર

આ ઇન્ટરલાખેન સફરીઓને પોતા તરફ ખેંચે છે તે તેના આ બરફના પહાડને સબબે છે. જુદી જુદી નાની મોટી રેલવેઓ મારફતે આપણે ખુદ ગ્લેશીઅરના શીખર ઉપર જઇએ છિએ. અહીંની પહાડી રેલવે ઇજનેરી કળાનો એક હેરત કરનારો નમુનો છે. તે આ મુલકની અજાયબીઓમાં કલગીર (the orowning wonder of Switzerland) ગણાય છે. આપણે આગગાડીના ઘણા તનલો જોયા છે. મેં આગલી વખતે સેન્ટ ગોથાર્ડના પહાડનો નવ માઇલનો લાંબો તનલ જોયો હતો. પણ આ તનલતો અજાયબીમાં નાખે એવો તનલોનો તનલ છે. દર્યાની સપાટીથી ૭૬૨૨ ફીટ એટલે આશરે સાડાસાત હજાર ફીટની ઉંચાઇએથી એ તનલમાં આપણે દાખલ થઇયે છિયે અને માંહેનાં માંહે તનલમાંને તનલમાંજ ૧૧૩૪૨ ફીટની ઉંચાઇએ, ખુદ બરફના પહાડની ટોંચે પોંહચયે છિયે. એટલે આશરે ૪૦૦૦) ચાર હજાર ફીટની ઉંચાઇએ આપણે એકના એક તનલમાં ચઢીએ છિએ. આશરે એક કલાકને દશ મીનીટ ટ્રેન એકજ તનલમાં ચાલે છે, તેમાં આપણે કોઇક સફરીઓને નીરાંતે ઉંઘના ઝોકા લેતા જોઇયે છિએ. પણ એક કલાકનો આરસો કંટાળાભર્યો નહી નિવડે તે માટે ભલા એનજીનીઅરોએ કાળજી રાખી છે. તનલમાં ને તનલમાંજ બે ત્રણ સ્ટેશનો કર્યા છે, જ્યાં દરેક ઠેકાણે પાંચ પાંચ મીનીટ આપણને ઉતરવાને આપે છે. એ સ્ટેશનો ઉપરથી પહાડમાં ગેલરી રૂપે બાજુમાં તનલો ખોદી પહાડપર મોટાં બાકાંઓ પાડયાં છે જેને બારીઓ (windows) કહે છે એવી ઘણી બારીઓ છે. તેવી બારીઓ પર વહેંચાઇ જઇ પેસેનજરો નીચેની ખીનનો અને ત્યા જાણે પગ નીચે પડયું હોય તેવાં પડેલાં બરફનો સુંદર દેખાવ પાંચ મીનીટમાં જોઇ લે છે. વલી તયાં કોરેકોર મોટાં ખોલ (તનલો) ખોદી રેસ્ટોરાં અને હોટલો ઉંઘાડયાં છે કે ત્યાં તમો ચાહ પાણી કરો. ઘણાંક સેહેલાણીઓ, જેઓ ફકત સ્વીટઝરલેન્ડ જોવાનેજ નહી પણ તયાં સાદી શાંત જીંદગી ગુજારી તંદરોસ્તી મેલવવા બે ત્રણ મહીના આવે છે તેઓ તો પાંચ મીનીટમાં પાછા સવાર થઇ ઉપર જવાને બદલે તવાં બે, ચાર યા વધુ કલાક ગુજારી ખાઇ પીને બીજી ટ્રેન, જેવી દિવસમાં કેટલીક ટ્રેનો દોડે છે, તેમાં ઉપર આવે છે. સેવટનું ઉપરનું સ્ટેશન પણ તનલમાંજ છે. સ્ટેશનપર ઉતરી તયાં વળી લીફ્ટ છે તેમાં બેસી તમો પહાડની શીખરપરના હોટલમાં જાઓ છો અથવા બહાર બરફપર નીકલો છો. અહી નીચે અને ઉપર એમ બે રેસ્ટોરાં છે. તે પણ સઘળાં પહાડને ખોદી કહો ડીને તનલમાંજ બનાવ્યા છે. તેઓને પહાડની કોરે બનાવ્યાં છે જેથી તયાંની ઉપર જણાવેલી બારીઓ મારફતે હવા રોશની આવે છે. તનલનાં છેલ્લામાં છેલ્લાં સ્ટેશનપરથી તે હોટેલમાં જવાને તનલો ખોદયાં છે. ઉપરના હોટલના છાપડાના મોટા ભાગ ઉપર પણ બરફનો પહાડ છે. એ હોટલો રોજના સેંકડો આવ જાવ કરનારા સેહેલાણીઓથી ભરપુર રહે છે. હવે ઉપર આવી ઉપરના હોટલના મુખડા ઉપરથી અથવા હોટલમાં ખાવા પીવા નહી જવા માંગતા હોવ તો બાજુના બીજા તનલમાંથી તમો બરફના પહાડ ઉપર નિકળો છો. અને પછી શું જુઓ છો? હું શું કહું?—તમે

જાણે બરફનો દર્યાવ, બરફના સરોવર, બરફના ડુંગરો, બરફના ગંજાવર ટુકડાઓ યા ઢગલાઓના પડેલા જથ્થાઓ (avalanches) જુઓ છો. તમોને લાગે છે કે તમો બીજી દુન્યામાં જાઓ ત્યારની વાત. પણ તેટલાં તમો તમારી આ દુન્યામાંજ બીજી દુન્યા જુઓ છો.

મેં આગળ કેશમીરના ગુલમર્ગ ઉપરથી અપરવતપર જતાં માર્ગમાં મળતાં એક નાના ગ્લેશીઅરનું આ જામે જમશેદમાં વર્ણન કર્યું છે. આ સફરમાં જોયલા નોર્વેના બે ગ્લેશીઅરોનું અને આ મુલકમાંજ જોયલા રોન ગ્લેશીઅરોનું વર્ણન કર્યું છે. પણ હવે જાણે પસ્તાવો લાગે છે કે મેં અતિશયાર્થક વિશેષણો (superlative adjectives) ઉતાવળમાં વાપરી દીધા. જાપાનમાં નીકો નામની સુંદર જગ્યા છે તેને માટે ત્યાં કહેવત સમાન આવા કોઇ શબ્દો છે કે "Never say 'magnificent' until you see Neco" એટલે "નીકોને તમો જુઓ નહી તયાં સુધી 'સુંદર' શબ્દ તમો બોલતાના" એટલે કે નીકોની સુંદરતાને કોઇ પણ સ્થળની સુંદરતા પોંહોચે નહી. નેપલ્સના લોકો પણ પોતાના શહેરની સુંદરતાને વખાણીને કહેછે કે 'Vidi Napoli et poi mori' એટલે "નેપલ્સને જોઇને પછી મરણ પામો" એટલે જાણે નેપલ્સ જોયું કે આ દુનયાનો ફેરો સફળ થયો. આ બંને શહેરોના ઉપલા શબ્દો અહીં યાદ આવ્યા.

નોર્વેના ગ્લેશીઅરોને તો અમો એ તેની તલેટીથી, તેના એક ફાંટાની તળેટીથી જોયા હતા. આગલા કાગળમાં વર્ણવેલા રોન (Rhone) ના ગ્લેશીઅરને નોર્વે કરતાં સરસ રીતે જોયો છે એટલે તેના ખુદ એક ફાંટા ઉપર જઇ તેના તનલમાં દાખલ થઇ જોયો છે. પણ અહીં તો, શાબાસ રેલવે બાંધનારાઓની કુશળતાને–કે તમો ખુદ ગ્લેશીઅરની ટોચ ઉપર આવી તમારી સામે તમારા પગ નીચે આ ગ્લેશીઅરને જુઓ છો. અલબતે અહી પણ તમો તેને આખો જોઇ શકતા નથી તેના ઘણાંક ફાંટાઓ યા ઘણાક ભાગો તમો જોઇ શકતા નથી પણ તમો ખુદાની મહેરથી જે કાંઇ જુઓ છો અને તે મૈલો સુધી જુઓ છો–તેની આગળ તમો જે નોર્વેમાં અને રોન ગ્લેશીઅર પર જુઓ છો તેતો બીશાદ વિનાનું છે. જાણે બચપાં બાલકના ખેલ જેવું છે.

મેં આ વખતે વિચાર કરી રાખ્યો હતો કે આ જાત્રાતો અને યુરોપને આનીતો ગ્લેશીઅર જોવો તો કાંઇક બરાબર જોવો. અને તેને તેના રંગ–રંગ રૂપમાં જોવાની કાંઇક રાઉ રીતીનો થોડોક પણ ખયાલ મેળવીને જોવો; તેથી સવારના નીચેના ઇનટરલાખેન સટેશન ઉપરથી સવા આઠે નીકળેલો જયારે આશરે ૧૨ ને અમલે અત્રે ઉપર આવી પોંહતો કે મેં તુરત અહીના એકાદ ગાઇડ (Alpine guide) ની ખોળ કરવા માંડી કે તે મને બરાબર દેખાડે અને સર્વે બાબતનો ખયાલ આપે. કમ નસીબે અહી કુક કંપની પોતાની ખાસ ટુકડીઓની ગોઠવણ કરતી નથી. આપણને સર્વ ત્રેનોની જે આપણને ચાર વાર બદલવી પડે છે તેની ટીકીટ આપે છે. મને કહેવામાં આવયું કે ગાઇડો તો બરફના મેદાન (plateau) ઉપર છે. તેથી ત્યાં જતાં તો બરફપર ઉતાવળમાં ચાલતાં એક વખત પડી ગયો. અહીં એમ સપાટ જગ્યા ઉપર પડવામાં કાંઇ ચિંતા નથી પણ ઢળાવપર ખચીત તપાસવું જોઇએ. ગાઇડ મળ્યો તયારે તેની રેહેબરી હેઠળ પાછો તનલમાં આવ્યો અને મારાં બુટ કાઢી બરફ માટેનાં જાડાં બુટ પહેર્યાં. એક બરફમાં ભોંકવાની અણીવાળી લાકડી ખરીદી. આ સર્વે અહી ભાડેનાં મલે છે. રંગીત ચશ્મા પણ મલે છે અને તેની ખાસ જરૂર છે, સબબકે તડકામાં સફેદ બરફનો ચળકાટ લાંબો વખત જોતાં કદાચ આંખને હેરાન કરે. મને તો મારો પોતાનો તડકાંના ચશ્મો કામ

લાગ્યો. ઉપર પ્રમાણે તૈયાર થયા પછી બાહેર લાવી ગાઇડે પોતાનું લાંબુ દોરડું લઇ એક છેડો મારી કમરે બાંધ્યો અને બીજો લાંબા વળ સાથનો પોતાને ગલે રાખ્યો અને હાથમાં જરૂર પડે તો બરફને ખોદી પગ મેલવાની જગ્યા કરવા કોહાડી રાખી. ખુદાતાલાનું નામ જુબાનપર લઇ એક અહુનવર ભણી મેં બરફના પહાડ ઉપર ચાલવાનો અનુભવ મેળવવા માંડ્યો. જમવાનો વખત થયો હતો, પણ મને જમવા કરતાં જોવું અને જાણવું વહાલું હતું, તેથી રેસ્ટોરાંમાંથી થોડીક કેકની સલાઇસો ગજવામાં લીધી હતી. જે અનુભવ, જ્ઞાન અને મોજ મલી તેથી હું ખુશ થયો. કુદરતી બનાવોનો, કુદરતી વિદ્યાનો મને શોખ છે. મારૂં પહેલવહેલું પ્રગટ થયલું પુસ્તક પણ એજ બાબતનું "વાયુચક્રશાસ્ત્ર" એટલે હવાની વિદ્યા (Meteorology) ની બાબતનું છે. આવા શોખ સબબે મેં કાંઇક ભાવ સાથે માઉંટ એવેરેસ્ટ પર જતા કાફલાઓ (Expeditions) ના અહેવાલો વાંચ્યા છે. આ દિવસે જે જોયું અને જાણ્યું તે ઉપરથી ગ્લેશીઅર બાબે મારી પરીક્ષાઓના સંબંધમા જે વાંચેલું અને ઉપલા અને એવા બીજા કાફલાઓ સંબંધી જે વાંચેલું તેનો જાણે વહેવારૂ સહેમજ પડે એવો (practical) ખ્યાલ આવ્યો.

પહેલે હું આ ગ્લેશીઅરના પલેટા ઉપરની બરફની એક નાની ટેકડી ઉપર ચઢ્યો અને પછી તેની કોરેકોરે બીજી ઉપર ગયો. આપણો ગાઇડ પહેલ ચાલે અને તેના ચાલવાથી નરમ બરફપર જે પગલા પડે તે પગલાંમાંજ આપણે પગ મેલવાની કાળજી રાખવી અને સાથે સાથે પેલી લાખંડી અણીનો ટેકો લેવો. પણ લાકડી ઉપર ઘણી સંભાળથી આધાર રાખવો સબબકે કોઇ વખતે લાકડી બરફના કોઇ સુરાખમાં આખી ખોસાઇ જાય. ગાઇડ સાથે જોડાયલી આપણી દોરી આપણને દાદરપર ચઢતાં દોરડું કામ લાગે તેમ કામ લાગે છે ઉપલી ટેકડીની એક કોર વીસામો લીધો. ગાઇડના દોરડાં ના ઢગ ઉપર બેઠો કે બરફપર બેસતાં કાંઇ શરદી નહી લાગે. ત્યાં બેસી સાથે લીધેલાં કેકપર કાંઇક જુમ ભાંજી આહ! આ બરફના દર્યાવમાંની ટેકડી ઉપરના આ થોડાંક સાદા ભોજને મારી રગે રગમાં દાખલ થઇ તનને જે પુષ્ટી આપી હશે તેના કરતાં તેણે માગ મનને ખુશી આપી વધારે પુષ્ટી આપી છે. હવે ટેકડી ઉપરથી ઉતરી થોડેક દુર ઢલાણમાં બરફના દર્યાવ વચ્ચે એક ખડક અહીં તહીં બરફથી ઢંકાયલો ઉંચો નીકલી આવ્યો છે ત્યાં ઉપર ગયા. અહીં બરફ કરતાં ખડકને વધારે સંભાળવાના હતો સબબકે ચઢાણ જરા મુશ્કેલ હતું. ધીમે ધીમે ત્યાં ઉપર જઇ પાછી બેઠક લઇ આશાયશ લીધી અને નોંધ પોથીમાં કાંઇ નોંધ લખી. નોંધ પોતાના લીધેલી નોંધમાંના કોઇક શબ્દો અહીં નોંધું છું:

"આહ! આજનો સુંદર દેખાવ! સુંદરતા સાથે કાંઇ દહેશત આપનારો દેખાવ! દહેશત સાથે ખુશી આપનારો દેખાવ! જાણે બરફના ચઢઉતર સુમારાં તળાવોનો બનેલો દર્યાવ કે જેમાં કોઇ નાના મોજા (ripples) પણ નહી. ઓ ખુદા! તારી મહેરબાનીની માટે હજારો હજાર ઉપકાર. અહીંથી એક હાથ ઉપર 11000 ફીટની નીચાઇએ દર્યાના સપાટી ઉપરના મારાં વ્હાલાંઓને દુઆ પોંહોચાડું છું. બીજા હાથપર ઉપર મારાં ગુજર પામેલાં વહાલાંઓ, જેઓની દુઆ અને પ્રતાપથી હું જે છું તે છું, તેઓના રૂહને મારી દરૂદો સલામ પોંહચાડું છું. ખુદા! અહીં અને તહીં સર્વેને સુખી રાખ!"

આ ખડક ઉપરથી સીદધા માર્ગે ઉપર આગલ જઇને થોડાક નીચેના ભાગ ઉપર ઉતર્યો અને ત્યાં પાછી આશ્રામેશ લઇ થોડોક વધુ વખત બેસી ગાઇડથી કેટલીક હકીકતો જાણી.

(ક) ગાઇડ આજે સવારે અગીઆમ-ણદે ચાર વાગા પછી તુરત એક શોખીનને આ બરફના દર્યાપર સામેના બરફના પહાડ ઉપર લઇ ગયો હતો અને દસ વાગે પાછો ફર્યો હતો. એમ અગી આમદાદે જવાનો સબબ આ કે સુર્ય ઉગતાં બરફ કેટલુંક પીગલી વધારે નરમ બને છે તેથી સકારે જવાનું સારૂ.

(ખ) નીચેનો મોટો દર્યા જેવો ભાગ, જે હું બેઠો હતો ત્યાંથી આશરે ત્રણસો ફીટ નીચે હતો, તે ઉપર જાણે કાંઇ ફરી ગયું હોય તેમ મોટા લીસોટાં દેખાયા અને નાકે જાણે કોઇ સ્ટીમર ઉભી હોય તેમ દેખાયું. તે માટે પુછયું કે એ શું? તો ખુલાસો મલ્યો કે આ જેને એવેલાનશીસ (Avalanches) કહે છે તે છે. બરફના પહાડો ઉપરથી કોઇ વખતે બરફના ગંજાવર જથ્થાઓ યા ડુંગર જેવા ટુકડાઓ તુટી પડી સરતા સરતા હેઠે બરફની બનેલી ખીનમાં પડે છે તેને માટે આ શબ્દ વપરાય છે. એવા બનાવ આગલી રાતે બનેલા. એવા બે ત્રણ સરેતા હતા. જે સ્ટીમર જેવું દેખાતું તે સેવટનો થડી રહેલો ભાગ હતો.

(ગ) હું ઉપલા ખડક ઉપરથી ઉતરતા હતો ત્યારે એક ગાઇડની સાથે એક મરદ અને બે હિમતવાન સ્ત્રીઓની એક ટુકડી જોઇ, જેઓએ એકએક પાછળ દોરડું વીટાયેલું. ગાઇડ હરોળમાં હતો, સ્ત્રીઓ વચમાં હતી અને મરદ સેવટે હતો. તેઓ ગાઇડના પગલાંઓ ઉપર પગલાં મેલી કાંઇક ઝહેડપથી ચાલતાં જે ઉપરથી દીસ્યું કે આ કાંઇ એઓની પહેલી સહેલ નહી હશે. આશરે અરધા કલાક પછી મારી છેલ્લી જગ્યા ઉપરથી જોતાં તેઓ મારાથી આશરે બે ત્રણ માઇલ દુર નીચલા બરફના દરયાપર જાણે બોટ ચાલતી હોય તેમ જતાં દીસ્યાં. પુછયું તો ખુલાસો મલ્યો કે ચઢાયું તેટલું ચાલ્યાં પછી હેઠે લાકડાંની સ્લેજ (sledge) પર બેઠાં છે અને ગાઇડ તેઓને ઘસડી લઇ જાય છે. પુછયું કે કયાં જાય છે? તો જવાબમાં દુર એક બરફના પહાડ ઉપર હોટેલ દેખાડયું અને કહયું કે ત્યાં જાય છે. ત્યાં પોહચતાં ત્રણ ચાર કલાક લાગશે. ત્યાં હેઠાણમાં જઇ તેઓને ઉપર થાકવે તેવી પાછી ચઢાણ પગપર ચઢવાની છે. એમ હિમતવાન સેહેલાણીઓ આ બરફના દર્યાવમાં અને તેની આગુ બાજુના બરફના પહાડોવર સેહેલ કરે છે અને કોઇ • વખત વ.ચે છિએ તેમ અકસમાત પણ બને છે.

(ઘ) હેઠે મારાથી એકાદ બે માઇલ દુર અને બસો ત્રણસો ફુટ નીચે બરફમાં તનલ યા બોહ જેવું ઘણીક જગ્યાએ દીસે છે તે શું? આ જેને ક્રેવીસીસ (Crevices) યાને બરફની ફાટો યા બોહ કહે છે તે છે, જે બરફપર સફર કરનારાઓને ઘણીક વાર હાની કરે છે.

(ડ) આ આશરે ૨૦૦ ફીટના નીચાણમાં બરફ વચે કાંઇ લાકડાંનું પીંજરૂં જેવું દીસે છે તે શું છે? જવાબ કે જમીન, હવા અને પાણીમાં મોટરો જુદે જુદે રૂપે દોડવા પછી એક જણ બરફપર મોટર ચલાવવા માંગે છે તે માટે તે અખતરા કરે છે. પહેલી કોશેશ નીસ્ફળ નીવડી છે તે કાંઇ બીજી ચીજો લેવા અને બનાવવા ગયો છે.

આ મુજબનું કેટલુંક જોઇ, જાણી અને શીખી અને સવા કલાક બરફપર

ફરી બે વાગે ટનલના ઉપલાં સ્ટેશનપર આવ્યો અને ખાણું લેવા માટે પુરતો વખત નહી હતો તેથી ગરમ ચા અને બિસ્કિટ લઇ ૨–૨૦ ને સુમારે પાછું ઉતરવા માંડયું તે આશરે ૬–૧૫ કલાકે નીચે ઇંટરલાકેન આવી પોહતો. આજના કોઇ નવા અનુભવથી હું ખુશી થયો છે.

ટ્રુમેલબાકનાં મોટા ધોધો.

ધોધો તો અહીં અને તહીં ઘણા જોયા છે અને ગંજાવર જોયા છે. પણ અહીંથી આગગાડી અને પછી મોટર અને પછી પગે ચાલી જતાં આસરે દોઢ કલાકના રસ્તા ઉપર આવેલા ધોધો (Trummelbaok falls) નવી નવાઇના ધોધો છે. ધોધ તો એકજ નદીનો છે પણ તે એકથી વધુ જગ્યાએ કુદતો કુદતો આવે છે તેથી બહુવચનમાં બોલાય છે. ઉપલા યુંગ ફ્રાઉના પહાડના એક ગલેશીઅર-માંથી વેહેતાં પાણીની બનેલી નદીના આ ધોધો છે. એની નવાઇ આગલાં લ્યુસર્નના એક પત્રમાં વર્ણવેલી આર નદીના ગોર્જની નવાઇ જેવી છે. પણ એમાં વધુ આ છે કે અહીં ગોર્જ યા ખોહમાંથી વહેતી નદીને બદલે એક પહાડી ગોર્જમાં કુદતા અને દોડતાં નદીનાં પાણીના આ ધોધો છે. એઓ પહાડના ખડકમાંથી અંદર ને અંદર કુદરતી બનેલા અને ઉંચેથી નીચે આવતા તનલમાં વહે છે. આપણે તેને પહેલે નીચેથી એક ગંજાવર ત્રીસ યા ચાળીસ ફીટનાં વ્યાસનું વાસણ (cauldron) જેવા ખોહમાં પડતો જોઇએ છિએ. પહાડના એક મોટા બુરાખ (hole) માંથી તે પડે છે. પછી આપણને એક મોટી લીફ્ટ (lift) જેમાં આસરે ૨૦ યા ૩૦ માણસો પેસી શકે, તેમાં બેસાડી પહાડના ઉભા ટનલમાંને ટનલમાં સીધા ૫૦૦) ફીટ ઉપર લઇ જાય છે. દોઢ મીનીટ લીફ્ટમાં ઉપર જતાં થાય છે. ત્યાં પછી ખડકમાં ગેલરીઓ બનાવી છે. તેમાં ચઢી આપણે જુદી જુદી જગ્યાએથી જોઇ શકયે છિએ કે ખુદ પહાડના ભીતરમાં પોતાના જોરે તનલ માફક ખોહ બનાવી એ ધોધ કુદકા મારતો કેમ ઉતરે છે. અંદર વીજળીક રોશની લીધી છે. કોઇ યુકતીથી નીચે વીજળીક રોશની સળગાવે છે તેથી ખડક સુંદર લાલ રંગે દીપે છે. આ ધોધ પણ કુદરતની એક અજબ કરામત અને નવાઇ છે. તેમાં ઇજનેરોની કમાલ કારસાજીએ તે નવાઇ આપણને બરાબર જોવાની સવળતા કરી આપી છે. પુછયું કે આવા આપણને ડરાવી અને ગભરાવી નાખનારા ધોધપર માણસોએ કેમ કામ કર્યું હશે અને વળી વીજળીક રોશની ગોલશની હેઠે ધોધને સુંદર દેખાડવા ગોઠવી હશે? તો ખુલાસો કે શીઆળામાં આ ઘોંઘાટ કરતો ગંજાવર ધોધ ઠંડોગાર થઇ જાય છે, એટલે પહાડ ઉપર સઘળે ઠંડીથી બરફ બંધાય છે તેમ આ ધોધ પણ આઇસ માફક બંધાઇ જઇ જાણે મુએલો પડયો હોય તેમ થઇ જાય છે, ત્યારે કામદારો નીરાંતે તે ઉપર કામ કરી શકે છે.

એમ શીઆળામાં પડતું અને બંધાતું બરફ કેટલેક ઠેકાણે ઘણુંક કામ સવળ કરે છે. એક ઠેકાણે સાંભળ્યું કે પહાડ ઉપરનાં ઝાડોને તેઓને બર વખતે કાપે છે ત્યારે તેનાં લાકડાં પહાડ ઉપરથી હેઠે લાવવાં મુશકેલ થઇ પડે છે, તેથી કામદારો થોભે છે. ઉનાળામાં કાપી ઉપરજ રહેવા દે છે અને બરફ પડયું કે પછી તે ઉપરથી સહેલાઇથી સેરવી લાવે છે. કોઇક સરોવર પણ કોઇક સાલ ઘણી ઠંડીથી બંધાઇ જાય છે તો ઘોડા ગાડી તે ઉપરથી સંફર કરે છે.

આ ધોધ ઉપર જણાવેલા યુંગ ફ્રાઉના બરફના પહાડનાં એક તરફના ગ્લેશીઅરમાંથી વેહેતાં પાણીથી બનેલા છે.

આ પહાડના નામનો અર્થ.

આ પહાડના જર્મન નામ યુંગ ફ્રાઉ (Jung-frau) નો અર્થ "જવાન સ્ત્રી" થાય છે. એ નામ શા ઉપરથી પડયું તે બાબે ચોકસ ખુલાસો મળતો નથી. (ક) એક

જણુ કહ્યું કે કોઇ જવાન સ્ત્રી કોઇવાર તેણીની સાથે બરાબર કામ પાડી શકાય તવી (manageable) હોવી નથી. આ પહાડ ઉપર ચઢવાનું કામ પણ બરાબર ફતેહમંદ રીતે (manage) થાય તેમ પેહલ નહીં હતું તથી તેને એ નામ મળ્યું. (ખ) બીજો ખુલાસો મળ્યો કે જેમ એક જવાન સ્ત્રી સુંદર ખુબસુરત દેખાય છે, તેમ આ પહાડ સુંદર ખુબસુરત દેખાય છે, તે ઉપરથી એ નામ મળ્યું. (ગ) ત્રીજો ખુલાસો પછવાડેથી મળ્યો તે આ કે એક જવાન સ્ત્રી યા કન્યા શાદી થવા આગમજ પાક દામાન (untouched) હોય છે તેમ આગલ જ્યારે એ પહાડ ઉપર કોઇ જઇ શકતું હતું નહીં અને માણસના કદમથી તે હાથ લાગ્યા વગરનો (untouched) હતો, ત્યારે તેને એ નામ મળ્યું કે એક એકલી કન્યા જેવો સ્વચ્છ. આ ત્રીજો ખુલાસો એક ભણેલા અમેરીકન બાનુ શીક્ષકે એક જર્મનથી સાંભળેલા તરીકે સતાવાર તરીકે આપ્યો. આ ત્રણ ખુલાસામાંથી છેલ્લા બે લગભગ મલતા અને સંભવીક દીસે છે.

અત્રેના આલ્પ પર્વતના જંગલી ફુલો.

અત્રેના આલ્પસનાં જંગલી સુંદર ફુલો (wild Alpine flowers) જાણીતાં છે. તેઓ આ તરફ પોતાની તરેહવાર જનતો (varictios) અને રંગરૂપને સબબે આપણું ધ્યાન ખેંચી પોતાના દેખાવથી આપણને ખુશ કરે છે. જેમ કોઇ દેશની સરકાર પોતાના દેશના ઢીમે ઢીમે કમી થતાં જાનવરોના શીકાર ઉપર અંકોશ મેલે છે કે તે જાનવારો કમી થાય નહીં અને તે દેશની નામનાને શોભા આપતાં અટકે નહીં તેમ અહીં સરકાર તરફથી આપણે જાહેરમાં સાવચેતીની ખબર કોઇ પહાડ તરફ મેલલી જોઇએ છીએ કે કોઇએ એ જંગલી ફુલો મોટા જથ્થામાં તોડવાં નહીં અને બહાર કોઇપર મોકલવા. નહીં. કેડે તો જેમ જાહેર બાગોમાં ફુલ તોડવાનો અટકાવ કર્યો છે તેમ અહીંના પહાડો અને બીણો જે કુદરતના સુંદર બાગો છે તેમાંથી ફુલ તોડવાનો અટકાવ કર્યો છે.

આ મુલકના કદાવર કુતરાઓ.

આ સુંદર ધોધોની પડોશનાં એક રેસ્ટોરાંના તવંગર માલેકે આ ધોધ લોકો બરાબર જોઇ શકે તેટલા માટે ટનલમાં ગેલેરીઓ અને લીફ્ટ આસરે બે લાખ ફ્રેંક (અત્રે એક પાઉંડના હાલ આશરે ચોવીસથી પચીસ સ્વીસ ફ્રાંક મળે છે) ખરચી બરપા કર્યાં છે, તે તેમાં પૈસા લઇ લોકોને દાખલ કરે છે. વળી એવી સગવડ આપવાથી તેનાં રેસ્ટોરાંમાં પણ લોકો ખેંચાય છે. આ ધોધ જોઇ આવી તેના રેસ્ટોરાંમાં સુંદર શીતળ ઝાડોની ઘટામાં બાહેર મારૂં બપોરનું ભોજન લઇ પડોશના તેના બાગમાં પેલા ધોધમાંથી બનેલી નદીના કિનારા ઉપર હું ફરતો હતો ત્યારે ત્યાં મારેલી એક તખતી ઉપર મારૂં ધ્યાન ખેંચાયું. તે તખતી ત્યાં દાટેલા એક કુતરાની લાશની કબર ઉપર હતી. તે ઉપર નીચલો લેખ હતો :

Wolf

1914--1924

Je mehr ich Menschen
kennen lerne
umso mehr liebe ich
meinen Hund

(Schopenhauer)

એટલે "માણસને હું જેમ જેમ વધારે પીછાણતો જાઉં છું તેમ હું મારા કુતરાને વધારે ચાહું છું."

આ જગ્યાના માલેકે પોતાનો ઉલફ નામનો કુતરો જે ૧૯૧૪ માં જન્મી ૧૯૨૪ માં એટલે દશે સાલ મરણ પામ્યો હતો, તેને અહીં દાટી તેની કબરવાળી જગ્યા ઉપર જર્મનીના પેલા

જાણીતા ફીલસુફ શોપેનહોઅરના શબ્દો લખ્યા છે. તેની મતલબ આ કે તે પોતાના સંબંધમાં આવેલા માણસો કરતાં પોતાના કુતરાને તેની વફાદારી વીગેરે માટે વધારે ચાહતો હતો. આ જર્મન ફીલસુફ માટે હું મારી "ભવીષ્યની જીંદગી અથવા આત્માનું અમરપણું" એવે નામનાં પુસ્તકમાં કાંઇ બોલ્યો છું. તે આપણા હીંદી ઉપાનીશદ ઉપર મોહીત પડયો હતો અને કહેતો કે જાણું ઉપનીશદથી જીવે છે અને ઉપનીશદથી મરણ પામશે.

હવે આ સુંદર જગ્યાએ ભોજન લઇ કાંઇક મનમાં ગોર કરતાં કરતાં ફરતાં આ કબર જોઇ અને તેની હકીકત જાણી તે ઉપરથી અમેના કુતરાઓનું કામ યાદ આવ્યું મેં આ મુલકમાં પેહેલવેહેલું જોયું કે અહીંના ગંજાવર મોટા કુતરાઓ કેટલુંક કામ કરે છે. તેઓ ઘાસનાં ગાડાં ખેંચે છે. સવારના દુધ-વાળીઓની ગાડીઓ ધસડે છે. અલબતે બોજો વધારે હોયછે, ત્યારે માલેક તેની સાથે પોતે પણ ગાડાંને દોરડું બાંધી ખેંચવા લાગે છે, પણ એક જગ્યાએ મેં જોયું કે એક કુતરો એક નાનું ગાડું થોડાક સામાન સાથે ખેંચતો હતો અને વળી સામાન સાથે તે ગાડાંમાં એક સ્ત્રી પણ બેઠેલી હતી. મને કુતરો મારી જીંદગીમાં બે વખત કરડયો છે. તેથી કુતરાને ઘરમાં રાખવા મને કાંઇક અભાવ છે. તોપણ અહીંના કુતરાઓને ઉપર પ્રમાણે કામ કરતા જોઇ મને તેઓ માટે દયા લાગે છે અને કાંઇક ભાવ લાગે છે. તેઓને જ્યારે ગાડામાં જોડેલા હું જોઉં છું, ત્યારે તેઓના ચેહેરા અજબ સબુરીવાળા અને સાથે જાણે કાંઇ ફર્યાદ કરતા (plaintive) દીસે છે કે જાણે તેઓનું મુખ્ય કામ માણસો અને ઢોરોનું રક્ષણ કરવું, તે કામ ઉપરાંત આવું પણ કામ કરાવવામાં આવે છે.

એવેરેસ્ટના બરફના પહાડ ઉપર જવાની એક જવાન પારસી ભાઇની ઉમેદ.

આ બરફના પહાડ ઉપર ફરતાં અને બરફપર ચાલવાનો અને ચઢવાનો અનુભવ મેળવતાં મેં આપણા એક પારસી સાહસીક જવાન ભાઇને કેટલીકવાર યાદ કર્યા હતા. હું લંડનમાં હતો તયારે તે જવાન ભાઇ જેવણના ભલામાં તેવણના ભલા પીતાની ભલાઇ સબબે હું કાંઇક લાભ લેઉં છું તેવણનો મારા ઉપર એક પત્ર આવ્યો કે એવેરેસ્ટ પહાડ ઉપર જતા કાફલા (expdition) સાથે તેવણને મોકલવાની મારે કાંઇ કોશેશ કરવી, મને કાંઇક સાહ-સીકપણું ગમે છે. એકને એક માર્ગે (routine) જીંદગી ગુજારવાનું તો સાધારણ છે. પણ આ દુન્યાનો સુધારો વધારો અવારનવારના કોઇક સાહસીક પુરૂષના સાહસોમાં પણ સમાવલાં છે. મેં તેથી એક યુરોપીયન મિત્ર જેવણને આ કાફલાની કારસાજી કરનાર ગ્રહસ્થ સાથે સારી પિછાણ છે તેવણને લખ્યું કે આ સાહસીક જવાન, જોકે તે કોઇ દિવસે બરફના પહાડ ઉપર ગયો નથી તોપણ કોઇ એક યા બીજી રીતે પોતાની ખડતલ જીંદગી અને જોરાવર તનની શક્તિ સબબે ઉપયોગી થઇ પડશે. તે જુવાન માટે કાંઇ ગોઠવણ થશે તો હું ખુશી થઇશ. મને જવાબ મલ્યો કે આ સાલ કાફલો જનાર નથી. કોઇ પણ બીજા સાલ માટે મારી અર્જ ધ્યાનમાં રાખવા મેં અર્જ કીધી છે. પહેલે જયારે મને બરફપર ઉપર જણાતા મુજબના ચાલવાનો, ચઢવાનો, તથા ઉતર-વાનો અનુભવ નહી હતો ત્યારે આ જવાનના હોંસ માટે મને પોતાને કાંઇક શક લાગતો હતો. પણ મેં જે અનુભવ્યું છે તે ઉપરથી હવે હું ધારૂં છું કે તે ખડતલ સાહસીક જવાન થોડાક આગળના અનુભવથી, જો તેને મોકલવાનું કબુલ કરવામાં આવે તો, એક પારસી તરીકે પોતાના નામને શોભા આપી

શકે. મારા વિચાર પ્રમાણે તે અથવા તેના જેવા હોંશ ધરાવનાર જુવાનોએ પહેલે કેશમીર તરફના નાના ગ્લેશીઅર ઉપર જઇ કાંઇક અનુભવ મેળવવો જોઇયે. અહીં આલ્પસ તરફ આવી આલપાઇન ગાઇડોનું શીક્ષણ લેવું ખરચાળ થઇ પડે. પણ સો દોઢસો રૂપીઆના ખરચથી એતો કેશમીરમાં યા કાંગ્રા યા કુલુ વેલીના કોઇ ગ્લેશીઅર ઉપર અનુભવ મેલવી તઇયાર થઇ શકે. જો એ જુવાન ભાઇની ઉમેદ પાર પડે તો હું ખુશી થઇશ.

મારે મારા અનુભવથી એક બાબતમાં બીજા ભાઇઓને વાકેફ કરવા જોઇએ અને તે આ કે કોઇને એક પ્રકારનું જેને "માઉન્ટ સીકનેસ" કહે છે એટલે ઉંચા પહાડ ઉપર હવા પટલી હોવાથી કાંઇક દમ લેવાની મુષ્કેલી લાગે તવી બીમારી લાગતી હોય તો તેથી થોડીક સંભાળ લેવી જોઇએ અને તેનો માહવરો પાડવો જોઇયે કે કેશમીરના ગુલમર્ગની ઉપરના આપર્વત પહાડ ઉપર અને અહીં ઉપલા યુંગ ફ્રાઉના પહાડ ઉપર હું જેટલો વખત થોભ્યો તેટલા વખતના પાછલા ભાગ ઉપર મને જરા બેચેની લાગવા માંડી. કેશમીર કરતાં અહીં તે છેક સેવટનો પા યા અરધા કલાકે લાગવા માંડી કે જ્યારે મેં ઇચ્છયું કે ટ્રેન ક્યારે ઉતરવા માંડે. ટ્રેન ઉતરવા માંડયું અને આખરે બે ત્રણ હજાર વાર નીચે ઉતરતાં તે બેચેની ખુદાની મેહરથી દૂર થઇ ગઇ.

મોનટ્રેઅ, હોટેલ ગોલ્ફ,
તા૦ ૧૭ મી ઓગસ્ટ ૧૯૨૫.

મોનટ્રેઅ અને ત્યાંથી ગ્રાંડ સેન્ટ બર્નાર્ડ પહાડના પાસના અને મઠના મુલાકાત.

તા૦ ૧૬ મીએ સવારે નવ કલાકે ઇન્ટરલાકેન છોડી આસરે દોઢ કલાકે અત્રે મોનટ્રેઅ (Montreux) આવ્યો છું. આપણે સ્વીટઝરલેંડ આવ્યે તો તેની સુંદરતા ફકત તેના મુખ્ય શેહેરો ખાતેજ જોવાની નથી પણ માર્ગમાં આગગાડીમાંથી પણ જોવાની છે. આપણને અહીં કેટલીકવાર લાગે છે કે આપણે જાણે ખુદાતાલાના બાગમાંથી પસાર થઇએ છિએ. ઇન્ટરલાકેનથી મોનટ્રેઅ સુધીના સુંદર રસ્તાના સંબંધમાં ખાસકરીને તેમ છે. આ બે વચ્ચે ફકત ૬૧ મૈલનો તફાવત છે, પણ ચઢ ઉતાર માર્ગને સબબે એટલા તફાવત માટે આગગાડી નજદીક સાડાચારકલાક લે છે. ઇન્ટરલાકેન છોડયા પછી આપણે કેટલોક માર્ગ થુન (Thun) સરોવર જોતા તેના કિનારેથી પસાર થઇએ છિએ અને તેમજ સેવટે આસરે અર્ધો કલાક ઉંચેથી જીનીવા (Geneva) નો સરોવર જોતા જોતા આ શેહેર જે પણ જીનીવાના સરોવરપર છે ત્યાં આવી પહોંચ્યે છિએ. આલ્પસના પહાડને લગતા રસ્તાઓમાં આ રસ્તો ઘણો સુંદર ઘટા દેખાડનારો (one of the most enjoyable of Swiss Alpine routes) ગણાય છે. એ માર્ગમાં દેખાતા તરેહવાર ચાલુ દેખાવ (scenery) ને સેન્ટ સાએન્સ, જે ફ્રાંસનો એક જાણીતો ગાયણ જોડનાર થઇ ગયો છે અને જે આસરે પાંચ વર્ષપર મરણ પામ્યો છે, તેના સુંદર ગાયણ સાથે સરખાવવા લાયક (comparable to the music of Saint Sains—varied, sustained uplifting) ગણવામાં આવે છે. ઇન્ટરલાકેન જે બર્નીઝ આલ્પસ (Bernese Alps) ની ઉંચી જગ્યાનો મધ્ય ભાગ (Heart of the Bernese Overland) ગણાય છે, ત્યાંથી આ સુંદર ઘટાવાળો માર્ગ દર્યાની સપાટીથી ગણતાં આસરે ચાર હજાર એકસો ફીટ સુધી ધીમે ધીમે ચઢી આ જીનીવાના સરોવરપર દર્યાની સપાટીથી ૧૨૫૦) ફીટની ઉંચાઇપર આવેલાં શેહેરપર ઉતરે છે.

.નીવાનો સરોવર.

જીનીવા આગેનો મોટામાં મોટો સરોવર છે. તેની લંબાઇ આસરે ૫૨) મૈલ અને પહોળાઇ કુરે આસરે ૮) મૈલ છે. પહેલા દેખાવે તે આપણને કેશમીરનો ઉલર (Woolar) નો સરોવર, જે હીંદુસ્તાનનો મોટામાં મોટો સરોવર છે, તેની માફક, એક સરોવર કરતાં એક દર્યાવ જેવો વધુ લાગે છે. તેના કાંઠા ઉપર જીનીવા અને આ શેહેર અને બીજાં કેટલાંક શેહેરો આવ્યાં છે. સ્ટીમરમાં બેસી ફરતાં તે પોતાની મોટી પહોળાઇને લીધે આપણને હ્યુસર્ન માફક બંને બાજુની ઘટા આપે તેમ નથી. પણ કિનારે ફરતાં આપણે તેના સુંદર ઉંચા પહાડો જોઇએ છીએ. એઓમાંના એક (Rochar de Naye) ના પહેલા તબક્કા શીઓન સુધી જતાં આપણે જીનીવાના સરોવરની મોટાઇ અને સુંદરતાનો ખ્યાલ કરી શકયે છિએ. મારા રહેઠાણવાળું હોટેલ તેના સુંદર કિનારા ઉપર એવી રીતે આવ્યું છે કે મારા ઓરડામાંથી સુતાં સુતાં યા જમતાં યા ચાહ પીતાં જયારે જોવા માંગો ત્યારે એ સરોવરને જોઇ શકાય છે. આ સરોવર લેક લેમાં (Lake Leman) ને નામે પણ જણાયલો છે. આ સ્વીટઝર લેંડનો આખો મુલક પણ મેં શરૂઆતમાં અત્રેના પહેલાં પત્રમાં જણાવેલા હલવેટી તાયફાના નામ ઉપરથી હેલવેશીઆ (Halvetia) ના એક બીજાં નામે પણ જણાયલો છે.

આ સરોવરવાળાં શેહરમાં એક પારસી કેળવણી ખાતું ઉઘાડ કરવાની એક આગલી હીલચાલ–તે હીલચાલમાં મારી કરવા ધારેલી નેમણુક.

હું ૧૮૮૯ માં પહેલ યુરોપ આવ્યો તે વર્ષમાં યા તેની એકાદ આગલી વર્ષમાં એક યુરોપીઅન ગ્રહસ્થ,–જેવણનું નામ હું હાલ ભુલી ગયો છું–તેવણ મુંબઇ આવ્યા હતા અને તેવણે એક હીલચાલ થોડાક પારસી આગેવાનો હજુર રજુ રાખી હતી કે પારસી છોકરાઓ માટે એક ચડતા પ્રકારની મકતબ અહીં સ્વીટઝરલેંડ ખાતે ઉઘાડવી. તે માટે તેને જીનીવા પસંદ કર્યું હતું. હું ભુલતો નહીં હોઉં તો તેણે આ જામે જમશેદના માલિક મી૦ જેહાંગીરજી મરઝબાનને મળી તેવણ હજુર પોતાની યોજના રજુ કરી હતી અને તેવણે તેને મારૂં નામ આપ્યું હતું. તે ઉપરથી તેણે મને મળી મરજી જણાવી હતી કે મારે તે ખાતાંમાં છોકરાઓ ઉપર એક હેમરેખ રાખનાર વડા તરીકે જોડાઇ મારો પોતાનો અભ્યાસ યુરોપમાં વધારવો. તેની મતલબ આ હતી કે તે ઉપરથી છોકરાઓના પીતાઓને તેના એ ખાતાં ઉપર કાંઇક વીશ્વાસ આવે અને પોતાના છોકરાઓને મોકલે. મેં કહ્યું હતું કે તેની યોજના કેમ આગળ વધે છે તે જોઇ હું સેવટનો જવાબ આપીશ. પણ તે યોજના જેમ ધારવામાં આવતું હતું તેમ પડી ભાંગી.જો તે હીલચાલ તે વખતે પાર પડી હતે અને હું તેમાં જોડાયો હતે તો મારી સરજત કોઇ જુદો રાહ લેતે અને કદાચ તે વખતે હું જીનીવાના સરોવરના સુંદર કિનારા ઉપરથી આ પત્ર માટે કાંઇ લખતે. તેમ બન્યું નહી પણ તે છતાં હું થોડા વખતમાં છટકી તરફથી આ સરોવરને સેજદો કરતો પસાર થયો હતો.

શાલોંનો કિલ્લો.

અત્રે આવનાંને વારજે પહેલી જગ્યા મેં જોઇ તે અહીંનો જાણીતો શાલાંનો કિલ્લો (Castle of Chillon) છે. આગળ મેં હ્યુસર્ન બાબે જણાવ્યું હતું કે, જેમ જર્મન સાએર શીલરનું નામ આ મુલકની સુંદરતા બાબે બોલનાર તરીકે જણાયલું છે, તેમ અંગ્રેજી સાએર બાએરન (Byron) નું નામ જણાયલું છે. તેણે આ કિલ્લાને પોતાની નાની ગઝલ સમાન કવેત (Sonnet) થી મશહુર કર્યો છે. જેમ લંડનનો ટાવર, જાણે લોહી રેડાયલા બનાવોનો ટાવર (The Bloody Tower) ગણાય

તેમ કેટલીક હદે આ કિલ્લો પણ ગણાય. અસલી કિલ્લાઓ ફક્ત દેશના બચાવ માટેજ વપરાતા હતા એમ નહી પણ સાથે સાથે રાજાના બંદીવાનો (State prisoners) માટે પણ વપરાતા હતા અને તે માટે દોજખનાં અંધકાર જેવાં બંદીખાનાઓ (dungeons) તેમાં રાખવામાં આવતાં. જીનીવાના સરોવરના કિનારા ઉપરના એક છુટા ખડકપરનો આ કિલ્લો તેવા બંદીખાનાનો આપણને ખ્યાલ આપે છે. ૧૬ મી સદીમાં બોનીવાર્ડ (Bonivard) નામના એક રાજા-બંદીવાનનાં બંદીખાના તરીકે એ મશહુર થયો છે, જે બનાવ બાબે બાયરને The Prisoner of Chillon નામે કવીતા લખી છે.

આ કિલ્લામાં દાખલ થતાં આપણે એક બંદીવાનનું પગમાં બેડી સાથે ફીકર કરતું એક ચિત્ર જોઇએ છિએ, તેમાં કેટલીક ફ્રેંચ ભાષામાં સતરો લખી છે જે નીચલા શબ્દોથી શરૂ થાય છે :

" O Chillon ! tu est un lieu sacre et le pavé de la prison est un autel"

આ લેખ બાએરનના નીચલી સતરોનો તરજુમો છે:-

Chillon! thy prison is a holy place.
And thy sad floor an altar.

આ સતરમાં લખવા પ્રમાણે ઘણાકો જાણે જાત્રાળુઓ માફક આ જગ્યાની પવિત્ર મુલાકાતે આવે છે.

ગ્રાંડ સેન્ટ બર્નાર્ડના પહાડ અને પાસની મુલાકાત.

તા૦ ૧૭ મીએ સવારે ૭-૩૦ને અમલે નીકળી સાંજે ૭ વાગે હોટેલ પાછા ફરી આ તરફના જાણીતા સેન્ટ બર્નાર્ડના પહાડની મુલાકાત લીધી હતી. મારે મનથી આ એક યાદગાર જાત્રા સમાન મુલાકાત હતી. ઓકરવન ઉપરે સેન્ટ બર્નાર્ડના પહાડ બાબે, તેપરના બરફપરથી પસાર થતા મુસાફરોની મુશ્કેલી માટે અને તે મુશ્કેલીમાંથી કોઇ વખત તેઓનો છુટકારો કરનાર સેન્ટ બર્નાર્ડના કુતરાઓ માટે તેમજ ત્યાંના મઠ અને મઠના સાધુ ભાઇઓ માટે કાંઇક મેં વાંચ્યું હતું. તે ઉપરથી જ્યારે આ વખતે સ્વીટ્ઝરલેન્ડમાં એક પખવાડયું પસાર કરવા ધાર્યું ત્યારે પ્રોગ્રામમાં આ પહાડી પાસને પણ સામેલ કીધો.

માનત્રેય તરફથી આ પહાડ તરફનો શરૂઆતનો રસ્તો સુંદર મોટા પહાડો વચ્ચેથી પસાર થાય છે. આપણે અસલી રોમન શાહાનશાહતના અને તેના અમલની માર્ગમા કેટલીક નિશાણીઓ જોઇએ છિએ અને જાણ્યે છિએ. દાખલા તરીકે માર્ટીગની (Martigny), જે શેહેર રોમનોનું ઓકટોડોરમ (Octodorum) શેહેર છે, તેની પડોશમાં રોમન ખંડીએરો માલુમ પડયાં છે. માર્ગમાં મળતાં નાના ગરીબ ગામો આપણી કાશમીર, કાંગ્રા અને કુલુની ખીણોમાં આપણે જે લાકડાંના ગરીબ ઘરો જોઇએ છિએ તેની યાદ આપે છે.

આ પહાડી પાસમાંથી અસલના વખતથી લશકરો ચઢાઇ લઇ જતાં. મારાં હોટેલની ટેરેસ, જે ઉપર બેસી મેં આ પત્રનો કેટલોક ભાગ લખ્યો છે તેની હેઠળી સરોવરને કિનારે કિનારે એક માર્ગ પસાર થાય છે તે ઉપર મારૂં ધ્યાન ખેંચવામાં આવ્યું કે તે રોમન શાહાનશાહતના વખતનો રસ્તો છે અને આ માર્ગે પેલો જાણીતો હન સરદાર એટીલા (Alitta) જેનું નામ, માજી જર્મન શાહાનશાહે છેલ્લા ચીનની બોક્ષર વોર વખતે હાલની જગતને વધારે જાણીતું કીધું છે, તે પસાર થયો હતો.

નેપોલીઅન બોનાપાર્ટ અને આ પહાડી પાસ.

આપણે જ્યારે આ પહાડની પાસ ઉપર જવા ઉપર ચઢવા માંડયે છિએ ત્યારે ઠેઠ ઠેઠ આપણને નેપોલીઅન બોનાપાર્ટના નામ સાથ જોડાયલી કોઇક જગ્યાઓ દેખાડવામાં

આવે છે. (ક) દાખલા તરીકે એક ગામ (Bourg St. Pierre ૫૩૫૮ ફીટ ઉંચું), જે ઉપલાં માર્ટીગનીથી ૮) મૈલ ઉપર છે, ત્યાં એક હોટેલ છે, જે Hotel de dejuner de Napoleon premier એટલે "પેહેલા નેપોલીઅનના નાસ્તાની હાન" તરીકે દેખાડવામાં આવે છે, એવું કહીને કે જ્યારે તે આ માર્ગે ઇટલીપર હુમલો લઇ ગયો હતો ત્યારે તેણે અહીં નાસ્તો લીધો હતો. આગળ કહ્યું તેમ હાલમાં આગલી "હાનો" એ હોટેલનાં નામો લીધાં છે. (ખ) વળી હાલમાં તો સારો મોટરોને લાયકનો રસ્તો બનાવ્યો છે પણ અસલમાં તો ફક્ત રાહદારીઓ અને ભારબરદારી જાનવરો માટેનો રસ્તો હતો, તે રસ્તે નેપોલીઅને લશ્કર સાથે કુચ કીધી હતી, તેથી હાલમાં અહીં તહીં નજરે પડતો જુનો રસ્તો આપણને La route de Napoleon એટલે "નેપોલીઅનનો રસ્તો" એવા નામે દેખાડવામાં આવે છે. (ગ) વળી પાસ ઉપરનાં મઠમાં નેપોલીઅનની હાજરીની અને તેના નામની ઉકમાઇ સાથે નીચલા લેટીન લેખથી નોંધ લેવામાં આવી છે:—

Napoleon Primo Francorum Imperatore semper Augusto Reoublicae Valisienne resto uratore semper optima Ægyptiace. Bis Italico semple invicto in monte iovisiet sempronii semper memorando republicae volesæ Grata II Decembris Anni MDCCCIV.

આ ૧૮૦૪ ના સાલનાં બનાવ સંબંધી લેટીન લેખની સર્વે મતલબ હું સમજી શક્યો નથી. તે આ મઠ બાબેના અત્રે મળતાં એક ચોપાન્યાં (The Hospice of St. Bernard) માં પણ અસલમાં યા તરજુમામાં આપ્યો નથી, માટે હાલ તે કાંઇપણ વધુ ચોક્સ વીવેચન વગર એમજ આપું છું.

(ઘ) વળી એ મઠમાં મને એક ઓરડો દેખાડવામાં આવ્યો કે તેમાં નેપોલીઅન થોડો વખત બેઠો હતો.

આ મઠમાં લીધેલું ભોજન.

અત્રે આ પહાડની પાસ (દર્યાની સપાટીથી ૮૦૦૦ ફીટ) ઉપર એક હોટેલ છે, જેમાં દરરોજ અહીં આવતા સેહેલાણીઓ પોતાનું બપોરનું ભોજન લે છે. અમો ઉપર આસરે સાડાબારને અમલે આવ્યા. બીજા સેહેલાણીઓ ત્યાં જમવા ગયા. હું અને બીજા મારી માફક શોખ રાખનારાં ચાર પાંચ બાનુ અને ગ્રહસ્થોની ખાહેશ આ મઠમાંજ જમવાની હતી. અમો ગાડીમાંથી ઉતરતાંને વાર મઠમાં ગયાં. અહીં રેવજ છે કે મઠમાં આસરો લેવા આવનારાઓએ ત્યાં મેલેલો મોટો ઘાંટ ઠોકવો. અમોએ તેમ કર્યું. એક જવાન સાધુ આવ્યો. અમોએ કહ્યું કે "અમો તમારે ત્યાં ભોજન લેવા માંગીએ છીએ." જવાબ દીધો કે "હોટેલમાં જઇને લેઓ. અહીં તો હાલ ફક્ત ગરીબોને યા સફર કરતાં મુશ્કેલીમાં આવી પડેલાંઓને મુફત ભોજન આપવામાં આવે છે." એમ સાંભળી અમો નીરાશ થયાં. પછી મેં ફરીથી છુટ્ટી વાત કીધી અને કહ્યું કે "આ પહાડ માટે, અહીંનાં મઠ અને તેની મેહમાનદારી વીગેરે માટે મેં ઘણું સાંભળ્યું છે અને અહીં સફરે આવતાં મારી ઉમેદ હતી અને છે કે આ મઠમાં તમો સાધુભાઇઓની મેહેમાનદારી ચાખી ભોજન લઉં. પછી જો તમો મને ભોજન નહીં આપો તો તેમ. મને એક રોટલીનો ભુકો પણ આપો, કે હું જીંદગીમાં સંતોષ લઇશ કે માઉન્ટ સેન્ટ બર્નાર્ડનાં મઠમાં મેં એક દિવસ રોટી ખાધી છે" વીગેરે. એમ વાત કરતાં બે મીનીટમાં આ સાધુનું દીલ મેં જીતી લીધું અને તેણે મને ભોજન આપવા કહ્યું. તેથી હું ખુશી થયો. તેણે કહ્યું કે "હું હોકમ આપું છું તેટલાં તમો મઠનું દેવળ જોવું હોય તો જોઇ લેઓ.

મેં તેમ કર્યું. પછી બહાર આવતાં તેવણ મને જમવાના ઓરડામાં લઇ ગયા અને ત્યાં માણસને ફરમાવ્યું કે મને ખાણું આપે. મુસાફરો માટે ખાણું રોટી, સુપ, બીફ, પતેટા અને વાઇનનું સાદું પુરતું ખાણું હતું. મેં મને પસંદ પડતું બે ઇંડાં, તરકારી અને મધનું ખાણું માંગ્યું. તમ મને તુરત આપવામાં આવ્યું અને સેવટે કાફી આપી. મારાં ઘણાં ભોજનોમાં આ દિવસનું એ સાધુભાઇઓનાં મઠમાં લીધેલું આ ખાણું મને યાદ રહી જશે. આ એક પુરાણું મઠ હતું, તે છતાં તેમાં હાલના વખતના બરનો ફેરફાર થયો હતો. ટેબલપર ટેબલ કલાથ પાંથર્યો હતો અને કાંતા, ચમચા વીગેરે હાલની કેટલીક રીતી પ્રમાણેનું હતું, પણ છરી, પ્યાલાં, રકાબી વીગેરે સાદા મજબુત અસલી ઢપનાં હતાં. પ્યાલાં મોટા વાટકા જેવાં પકડવાના હેંડલ વગરનાં હતાં. આપણા નોસારી ગામમાં હજુર પણ કેઇક મોબેદ સાહેબો મોટા વાટકા યા કાંસીઆમાં ચાઇ પીએ છે તેવા વાટકા સમાન પકડવાનાં હેંડલ વગરનાં આ કોફીનાં પ્યાલાં હતાં. મને મધનો ઘણો શોખ છે અને અત્રેનાં આલપ્સ પર્વતનાં દુધ, મલાઇ અને મધ માટે વખાણ સાંભળી હતી. મધ તો અત્રે સવારે નાસતા ઉપર ઘણાં હોટેલોમાં આપે છે. પણ આ મઠમાં ખાધેલું આ પહાડ તરફનું મધ દેખાવ અને સવાદમાં ઓર પ્રકારનું હતું. તે ક્રીસ્ટલ માફક સાકરના ગાંગડા જેવું હતું કે જે તમો છરી થી કાપી કાંટો ભોંકી ખાઇ શકો. આ ભોજન માટે મારા પાસે કાંઇ દામ લીધું નહી, સબબ કે અહીં મુફત ભોજન આપવામાં આવે છે, પણ બીજી વખતે ધર્મ ખાતે ગમે તેમ આપવાનો રીવાજ છે તેમ મેં મારી મરજી પ્રમાણે આપ્યું.

આ મઠની કાંઇક હકીકત.

ખાણું ખાઇ તે બાબેની મારી જીજ્ઞાસા તૃપ્ત કરી હું પેલા જવન સાધુ ભાઇ સાથે આખાં મઠમાં ફર્યો. પેહેલે તેવણે મને ત્યાંના વડા સાધુ અને બીજા સાધુઓ સાથે પિછાણ કરાવી. મારાથી કાંઇ હકીકત જાણી તેઓ મારા ઉપર થોડા થોડા થઇ જવા લાગ્યા. આપણા શેહેરના સેન્ટ ઝેવીઅર્સ કોલેજના સંસ્કૃતનાં ઉસ્તાદ ફાધર ઝીમેરમાન (Father Zimmermann), જેવણ સ્વીસ છે, તેવણની પિછાણ સાંભળી ખુશી થયા અને જણાવ્યું કે તેઓ ધારે છે કે કદાચ તેવણ પણ અહીં રહી ગયા હોય. મેં આ જગ્યાએથી આ મઠના સંબંધમાં એક ચિત્ર સાથના કાર્ડ ઉપર અત્રેથી ફાધર ઝીમેરમાનપર પત્ર લખી દુઆ સલામ પહોંચાડી. આ પછી એઓનું મ્યુઝીઅમ અને લાઇબ્રેરી જોયાં, જે બંને એ કેટલીક ફાધરોએ પોતાનાં નામ અને કામને છાજતી રીતે સારી હાલતમાં રાખ્યાં છે. એઓનાં મ્યુઝીઅમમાં ઘણીક પુરાણી ચીજો આ પહાડ તરફનીજ હતી. પૂછ્યું કે કાંઇ પૂર્વ ભણીના ભાગની સાહીત્યનાં પુસ્તકો છે, તો ના પાડ્યું.

મેં ઉપર કહ્યું તેમ આ એક પુરાણું મઠ હોવા છતાં તેમાં કોઇક બાબતોમાં હાલનાં વખતને બરના કાંઇક નવા ફેરફારો કર્યા હતા. મેં એક સાધુભાઇને પૂછ્યું કે અસલી રીત મેલી હાલની ટેબલ કલોથ વીગેરેની રીત તમારાં જુના અસલી મઠે શા સબબે દાખલ કરી? તો જવાબ કે "વખત અને સંજોગો પ્રમાણે કામ લેવું જોઇએ." આ એક ઘણો રૂડો જવાબ હતો. આપણામાં જુનામાં જુના વીચારવાળા (Orthodox of orthodox) ધણી પોતાનો પોષાક, ખાણીપીણી, રેહણી તરફ જોશે તો કબુલ કરશે કે અમે તેવી જુની ચીવટ લાગણી છતાં કોઇ નવા ફેરફારોને આપણે માફક આવતાં (adjust) કર્યો છએ.

સેન્ટ બર્નાર્ડ. સેન્ટ બર્નાર્ડ (St. Bernard) જેનાં નામ ઉપરથી આ પહાડે પોતાનું હાલનું નામ લીધું છે, તેની હકીકત જાણવાજોગ છે અને તે આપણને આપણા હીંદી ગોપીચંદ રાજાની અને ગઓતમ બુદ્ધની અને જોનસનના રૈસલસની કાંઇક યાદ આપે છે તે અત્રે પડોશનાં મુલકનાં સેવોએના સરોવરને કાંઠેના કિલ્લા (castle) માં એક તવંગર કુટુંબમાં જનમ્યો હતો અને પોતાનો અભ્યાસ તમામ કરવા પેરીસ ગયો હતો. ત્યાંથી આવતાં તેના બાપે તેને એક તવંગર કુટુંબમાં પરણાવવા કાઢ્યો. પણ તેણે ના પાડી અને એક ધર્મગુરૂ (priest) થવા માંગ્યું. તેથી આ તરફના એઓસ્ટા (Aosta) ગામમાં જઇ ત્યાંના દેવળમાં સેન્ટ ઓગસ્ટીનના વર્ગનો કેનન (caron) થયો તેના ભલા ગુણો જોઇ ત્યાંના બીશપે એને દેવળનો આર્ચ-ડીકન (arch deacon) નેમ્યો. તે વખતે આ પહાડી માર્ગ જોવીસ (Mons Jovis Pass) એવે નામે જણાયલો હતો. અસલી રોમન શાહાનશાહતના વખતમાં એ પહાડ ઉપર જોવ અથવા જ્યુપીટરનું એક મંદીર હતું તેથી એ પહાડ "જોવીસ"ને નામે જણાયલો હતો. એ માર્ગે જતા વટેમાર્ગુઓને અહીં રહેતા લુટારાઓ લુટતા હતા. કહે છે કે બર્નાર્ડ ત્યાં ગયો અને લુટારાઓને સુધારી ખ્રીસ્તી બનાવ્યા. એમ કરીને તેણે સફરીઓનું લુટારાઓથી લુટાવાનું સંકટ ટાળ્યું, એટલુંજ નહી, પણ ત્યાં એક મુફત આસરો આપવાની ધર્મશાળા યા હોસ્પીસ, જે શબ્દ ઉપરથી આપણાં "હોસ્પીટેલીટી" શબ્દએ પોતાનો અર્થ લીધો છે, તે સ્થાપ્યું. રોમન કેથલીક પંચાંગમાં તા૦ ૧૫ મી જુનનો દિવસ આ સાધુભાઇની યાદ માટે ઠેરવ્યો છે.

આ પહાડી પાસ બાબે કાંઇક હકીકત. **વર્ષના નજદીક દસ મહીના આ પાસપર બરફ પડેલું રહે છે.** તેમાં આઠ માસ તો વધારે, તેથી આ પાસ ઉપરથી થોડા જોખમના સંભવે પસાર થવાના ઘણાખરા ચાર મહીના—જુનથી સપટેમ્બર સુધીનાં છે. શીઆળામાં એ પાસ ઉપરથી જવું જોખમભર્યું છે, સબબ કે ત્યાં આસરે ૩૦) ફીટ સુધી બરફ પડેલું રહે છે અને બરફના ડુંગર સમાન જથાઓ (એવલૅન્શ) અવારનવાર પડતા રહે છે. ઉનાળામાં પણ અવારનવાર બરફ પડે છે. કહે છે કે આખાં વર્ષમાં ફકત ૨૦) દહાડા એવા હશે કે જ્યારે બરફ યા ઝાંકલ નહીં પડયો હોય. આ ઓગસ્ટ માસના ઉનાળાના માસમાં હું લ્યુસર્નમાં હતો, ત્યારે ત્યાંના માઉન્ટ પીલેટસ ઉપર બરફ પડયું હતું. અહીં આવવાનો શરૂઆતનો માર્ગ ઘણો સુંદર છે પણ છેલ્લા બે કલાકનો ઉંચો પહાડ ઉપરનો માર્ગ ઝાડ-પાન વીનાનો વેરાન છે. ફકત કાંઇક ઘાસ ઉગે છે, તેથી આવા ઉપરના કાંઇ પણ બચાવ વગરના માર્ગમાં મુસાફર ભાંઇઓની આ મઠ સારી સેવા બજાવે છે. બે ત્રણ કલાકમાં હવામાં એવો જલદી ફેરફાર થાય છે કે સફરીઓ બરફના સપાટામાં આવી પડે છે. તે વખતે આ સાધુભાઇઓની ખરી સેવા મળે છે. હાલમાં જ્યાં બંને બાજુએ રેસ્ટ હાઉસો એટલે તોાન થઇ આવનાં આસરો લેવાનાં મથકો છે, ત્યાં ટેકે ટેકે ટેલીફોન મુકયાં છે. તે મારફતે ઉપર ખબર મળે છે કે ફલાણે ઠેકાણે કોઇ રાહદારી મુશકેલીમાં છે તો તુરત અત્રેના સાધુઓ પોતાના કુતરાઓ સાથે અને એકાદ માણસ સાથે જાય છે અને મદદ કરે છે. આગલ જ્યારે ટેલીફોન હતો નહીં ત્યારે સરેસતો આ ગબ્બેલો કે પાસની બંને બાજુએ—એટલે ઇટલી તરફ અને સ્વીટઝરલેંડ તરફ—થોડાંક નીચાણ સુધી દર સવારે એ સાધુઓ પોતાના

કૂતરાઓ સાથે તપાસ માટે ઉતરે કે કોઇ મુસાફર ત્યાં બરફમાં પડેલો હોય યા મુશ્કેલીમાં હોય તો તેને મદદ કરે અને સર્વે જરૂરી સારવાર કરે.

અત્રેના ધર્મગુરુ-સાધુઓ.

અત્રે સાધુઓની અવારનવાર ચઢઉતર સંખ્યા રહે છે પણ ઓછામાં ઓછી પાંચની તો જરૂર રહે છે. ૧૮ યા ૨૦ વરસની ઉધરતી જવાન વયેથી એઓને અહીં રાખવામાં આવે છે. અહીંની સખ્ત ઋતુના સબબે તેઓ અહીં સંકટ ખમી શકાય એવી જવાન વયે આવવા છતાં વધુમાં વધુ પંદરથી વીસ વરસ સુધીજ બરાબર રહી શકે છે. તેઓ સંધીવા (rheumatism) અને હૈડાંની બીમારી (heart-troubles)થી બીમાર પડે છે. બદહજમીની બીમારી પણ અહીં લાગુ પડે છે. તેથી ઉપલાં વર્ષોના અવસર બાદ તેઓની બદલી થાય છે. અહીં પંદર વીસ વર્ષ કામે રહે છે તે દરમ્યાન પણ એઓ અવારનવાર હવા ફેરફાર અને આસાએશ માટે કોઇ વખત થોડા માસ હેઠે જઇ આવે છે.

એઓના આખા દિવસની જીંદગી બાબે પુછતાં મને કહેવામાં આવ્યું કે એઓ સવારના પાંચ વાગાથી પોતાનો ઉદયોગી દિવસ શરૂ કરે છે, સવાર અને સાંજ અર્ધો અર્ધો કલાક શાંત વિચાર (meditations) માં ગુજારે છે એટલે બીજાઓ ભેગી સામાન્ય રીતસરની (formal) બંદગી ઉપરાંત આ અર્ધા અર્ધા કલાકની પોતપોતાની ખાસ બંદગી કરે છે. એક માણસની ખરી બંદગી તો આજ છે. તે ખુદા તરફની ખરી અસરકારક બંદગી છે. તે ખુદા-તાલા સાથની જાણે ખાનગી ગોફતેગુ યાને વાતચીત છે. માણસને જે બંદગી અદના કરે છે તે એવી બંદગી છે.

આખા દિવસમાં તેઓ બે વખત આસાએશ (recreation) ભોગવે છે, જે દરેક જણ પોતપોતાની મરજી મુજબ ભોગવે છે. વળી દરેકનું કાંઇક નેમી આપેલું કામ હોય છે. મુસાફરો, જેઓ બરફમાં અકડી ગયા હોય યા બીમાર પડયા હોય તેઓની સારવારનું કામ એક જણને સોંપેલું હોય છે. તેઓ પોતપોતાના શોખ પ્રમાણે સાહિત્ય યા ફીલસુફી વીગેરેનો અભ્યાસ કરે છે. કોઇ કુદરતી વિદ્યાઓના શોખીન હોય છે, તેઓને ઝાડપાનની બાબતો (Botany) નો કાંઇક અભ્યાસ વેહેવારૂ (practi-cally) કરવાની અહીં ઉપર અને હેઠેની બાજુમાં તક મળે છે. અહીંનાં મ્યુઝીયમમાં એઓએ આ તરફ મેળવેલી ઘણીક પુરાણી ચીજોનો સંગ્રહ છે. મેં આગળ કહ્યું તેમ સ્વીટ્ઝરલેંડ યા ઇટલી તરફથી પહાડી (Alps) એક યા બીજી બાજુએ ઓળંગવાનો અસલના વખતથી આ માર્ગ (pass) છે. આ સબબે અવારનવાર આગલાં રોમન અને બીજાં લશકરોએ આ પાસ ઓળંગી છે. આ સબબે એઓને હાથે અત્રે વપરાયલા પડી ગયલા કેટલાક સીક્કાઓ અહીંના સાધુઓના હાથમાં આવ્યા છે તે પણ તેઓએ અહીં સંગ્રહસ્થાનમાં મુક્યા છે. અહીં જે માનતામાં બક્ષેલી ચીજો (votive offerings) કહેવાય તે કેટલીક મળે છે. એટલે કે કોઇ મુસાફર મુશકેલીમાં આવી પડયો હોય ત્યારે, અથવા મુશકેલીમાં આવી પડવા આગમજ ખુદાતાલા હજુર દુઆ ગુજારે કે “ઓ ખુદા ! આ પહાડ ઓળંગવાની મારી સફર સફળ કર,” ત્યારે તે પોતાની દુઆ સાથે કાંઇ ચીજ અર્પણ કરે તેવી કેટલીક ચીજો મળે છે. રોમનોના વખતની એવી ચીજોમાં કોઇ નાની પુતળીઓ (statuettes) મળે છે. એવાં “વોટીવ ઓફરીંગસ” માટે હું આગળ માગું એકાદ પત્રમાં બોલ્યો છું. આ તરફની બાજુમાં અહીં અને તહીં આપણે આપણા છાસ્તીના લતાની માફક માર્ગમાં કેટલાક ક્રોસો ઉભા કરેલા જોઇએ છીએ. ખ્રીસ્તીઓમાંના મોટો ઘણા-ખરા કેથલીક પંથના છે.

દાર્જીલીંગ આગળ ટીબેટ અને નેપાલની સરહદ ઉપર ફરતાં મેં જે કાંઇ જોયું હતું તેની, અને જે કાંઇ ડા૦ સર સ્વેન હેડીન (Swen Heddin) નાં પુસ્તકોમાં વાંચ્યું હતું તેની, આવા પહાડી પાસો ઉપર યાદ આવે છે. ત્યાં ખુદાની યારી મેળવનારા કેટલાક શબ્દો દુરથી વંચાય તેમ પહાડો ઉપર અને એવી કોઇક જગ્યાઓએ મોટા હરફે લખેલા હોયછે,–તે કોઇ જગ્યાએ મુસાફરોએ એક પ્રકારના "વોટીવ ઓફરીંગ" તરીકે લખાવેલા હોય છે–કે જે દુરથી વાંચતાં યા જોતાં મુસાફરોને હીમત આવે. ટીબેટ જેવા પહાડી મુલક કે જ્યાં ઘોંઘાટ કરતા પાણીના રોડ (torrents) ઉપરથી બીનઅનુભવીઓને દોરડાંના પુલો મારફતે આંખે પાટા બાંધી યા ટોપલામાં બેસાડી દોરડાંએ ફરી ખેંચી લેવામાં આવે ત્યાં એવાં હીમત આપનારાં ધાર્મીક સાધનોની જરૂર હોય છે.

આ સાધુભાઇઓની સારવારમાં ખોરાક અને દવાદારૂ તરીકે શરાબ (wine) પણ કાંઇક અગતનો ભાગ લે છે. તેઓ પોતે તે પીએ છે તેમ આપણને આપવા માગે છે એટલુંજ નહી, પણ કોઇ મુસાફરને મદદ આપવા જાય છે તો કાંઇ ખોરાક સાથે "વાઇન" પણ રાખે છે કે તે "સ્ટીમ્યુલન્ટ" તરીકે તે બીમારને કાંઇક પાવી દે.

આ પહાડ ઓળંગવાની મુશકેલીઓમાં એક મુખ્ય મુશકેલી આગળ જણાવવા પ્રમાણે ઉંચેથી બરફના ટગલા (avalanches) માર્ગમાં ગબડી આવવાની છે. કોઇ સફરી માર્ગમાં ચાલતો હોય ને એકાએક ઉપરના ડુંગરપરથી બરફનો ટગલો તેની ઉપર પડે. ઉપરના બરફ ઉપર નવું બરફ પડતાં નીચલો ભાગ વધુ બોજો નહીં ખમી શકતાં મોટા આવાજ કરી હેઠે પડે તે જેમ પથરો ગબડતા ગબડતા હેઠે જાય તેમ ગબડતો જાય. એવી વખતે હેઠે ચાલતા મુસાફરીઓ તેની હેઠે દબાઇ જાય. હવે એમ પડતાં કાંઇ હમેશાં મરણ નીપજતું નથી, સબબ કે જો બરફ તુરતનું પડેલું નરમ હોય તો તે ઘણું જખમ કરતું નથી. ગમે તેમ હોય પણ મુસાફર તો અંદર દટાઇ જાય છે. કેટલીકવાર એમ થતાં મુસાફરોના પગ બરફથી બંધાઇ અકડી જાય છે. તે વખતે સાધુઓ બરફ લઇ તે ઉપર જોસથી મસળે છે અને તેથી આરામ થાય છે. શીઆળામાં જોકે આવજાવ ઓછી હોય છે તોપણ એક યા બીજી બાજુના ગરીબોને એક યા બીજી બાજુ જવું હોય તો તેઓ શીઆળામાં પણ જાવઆવ કરે છે.

અત્રેના પહાડી સેન્ટ બેર્નાર્ડ નામના મોટા કુતરાઓ.

અત્રેના બરફમાં સપડાયલા મુસાફરોને મદદ કરવાના કામમાં અહીંના સાધુઓને મુખ્ય મદદ આ તરફના પહાડી કુતરાઓની છે. કે જે કુતરાઓની જાતે પણ સેન્ટ બર્નાર્ડના નામ ઉપરથી પોતાનું નામ લીધું છે. એવા ૧૧) મોટા કુતરાઓ અમોએ હાલ આ મઠમાં જોયા. ખુદાતાલાએ કોઇ કોઇ જાનવારોને કોઇ કોઇ ઇંદ્રીની શક્તી ઘણાં મોટા પ્રમાણમાં બક્ષી છે. દાખલા તરીકે આપણી ખુનદેહશમાં કહે છે કે ઘોડાની જોવાની શક્તી એટલી તો તીક્ષણ હોય છે કે ગમે તેવા અંધારામાં તે જો પીવાનાં પાણીમાં એક બાલ પણ પડયો હોય તો તે પિછાણે છે અને વળી તે બાલનું ધડ ક્યાં અને છેડો ક્યાં તે જાણે છે આવી શક્તીને લીધેજ આપણે શાહનામા પ્રમાણે જાણીએ છિએ કે જ્યારે રૂસ્તમના ભાઇએ તેને મારી નાખવા તેના માર્ગમાં એક ખાડો ખોદી તે ઉપર ઘાસપાલો વીગેરે નાંખ્યાં કે માલમ નહીં પડે અને રૂસ્તમ અંદર પડી જઇ ત્યાં ઉભાં દાટેલાં હથ્યારોથી જખમી થાવ ત્યારે ત્યાંથી પસાર થતાં રૂસ્તમનો રખશ તે જોઇ ઉભો રહી ગયો અને રૂસ્તમે ઘણી એડી મારી અને ધમકાવ્યો તે છતાં અટકી રહ્યો. હવે

કુતરાઓમાં અને ખાસકરી અત્રેના ઉપલા કુતરાઓમાં એવી વાસ પિછાણવાની શક્તી અજાયબ તિક્ષણ છે. તેથી તેઓ બરફમાં જતાં, ત્યાં જો કોઈ માણસ પડયો હોય તો, તે માણસના વાસથી તુરત તે તરફ જાય છે. તે માણસની ઉપર ગમે તેટલું બરફ પડયું હોય તે છતાં પણ બરફ નીચેથી પણ તેઓ માણસનો શોધ લે છે. આ સબબે અત્રેના સાધુઓ પહાડની બંને બાજુના નીચેના માર્ગોમાં સવારે આ કુતરાઓ સાથે જતા અને જો કોઈ માણસ પડેલો હોય તો તે કુતરાઓ મારફતે જાણી લેતા. જો બરફમાં દટાયલો હોય તો કુતરાઓ પગે પગે બરફ ખોદી તેને શોધી કાઢતા અને તપાસીને હલુથી તેને ખેંચી કાઢતા અને પછી સાધુઓ પોતાના ઇલાજોથી તે માણસને હુશીઆર કરતા. આ કુતરાઓ એવા તો મજબુત હોય છે કે એક મોટા માણસને પણ ઉંચકી શકે છે.

એઓની સુંઘવાની ઉત્તમ શકિતના સબબે એઓ બીજી રીતે પણ ઘણા ઉપયોગી થઇ પડતા કહેવાય છે. એઓ આ પહાડ ઉપરનો રસ્તો બરફથી ઢંકાઇ જવા છતાં, પોતાની સુંઘવાની શકતીથી પિછાણી શકે છે. તેથી ધુમસ યા બરફ હાય તે વખતે એ કુતરા જેઓ પોતાનો માર્ગ પિછાણે છે તેઓ પાછળ ચાલવું સલામત ગણાય છે. અહીંના સાધુઓ કોઇ વખત કોઇ ઉપલાં યા બીજાં કામ સબબે નીચે ઉતરે અને તે પછી જો નવું બરફ પડયું હોય કે જેથી આગળ બરફપર પડેલાં પગલાં ઢંકાઇ ગયાં હોય અને પાછું અને "હોસ્પીસ" તરફ કયાંથી પાછું ફરવું તે જાણવું મુશકેલ પડે ત્યારે તેઓ જેમ એ કુતરા ચાલે તેમ તેઓની પછવાડે ચાલે તો આ મઠપર બરાબર પાછા ફરી શકે છે. એ કુતરાઓને સાથે લેવા વગર અહીંના ખબરદાર અને માહીતગાર સાધુઓ પણ કેટલીક વાર પોતાનો પાછા ફરતી વખતે માર્ગ બરફ પડવાને લીધે ભુલી ગયલા અને કયાંના કયાં નીકળી ગયલા કહેવાય છે. કોઇ વખતે એ કુતરાઓને છુટા મુકે છે ત્યારે તેઓ એકલા પહાડોમાં ફરે છે અને કોઇ મુસાફર ભુલો પડેલો હોય તેની આગળ જાય છે અને તે મુસાફર તેઓની હકીકત જાણતો હોવાથી મુંગો મુંગો તેઓની પાછળ ચાલે છે તો સલામત આ મઠની ધર્મશાળા તરફ આવી પુગે છે.

આ મઠમાં આપણે દાખલ થઇએ છિએ. તેવ.જ એક કુતરાની જાળવી રાખેલી (stuffed) લાશ આપણે ત્યાં મુકેલી જોઇએ છિએ. તેને માટે કહે છે કે તેનું નામ બેરી (Barry) પાડેલું હતું. તે સર્વ કુતરાઓમાં ઘણો જાણીતો અને નાંમીતો હતો, સબબ કે તેણે વધુ હુશીયારીથી ઘણી લાસોને શોધી કાઢી હતી. તેથી એઓએ તેની લાશ એક યાદગારી તરીકે અહીં જાળવી રાખી છે, એટલુંજ નહીં, પણ એના માનમાં અને એની યાદગારીમાં, તેઓ તેના મરણ બાદ જેબી કોઇ કુતરો ઘણો મોટો હોય તેને તેનું "બેરી" નામ આપે છે. અહીંની રૂતુ એટલી સખત અને અચોક્કસ છે, કે તેના પરીણામમાં એ મજબુત કુતરાઓ પણ અહીં લાંબો વખત જીવતા નથી. તેઓને પણ અહીં માણસોની માફક રયુમેટીઝમ (rheumatism) અને હૈડાંની બીમારી (Heart troubles) લાગુ પડે છે અને તેઓની ઉમર અહીં નવ કે દસ વરસની સરાસરીની ગણાય છે. નેપોલીઅન બોનાપાર્ટે આ ઉપયોગી, ઉદયોગી અને ઉમંગી કુતરાઓના સંબંધમાં પોતાના ભાઇ જેરોમને કહેલા શબ્દો યાદ આવે છે. "લાંબી જીંદગી કરતાં ટુંકી પણ ઉદયોગી અને ઉપયોગી જીંદગી બેહેતર."

આ કુતરાઓના બચ્ચાંઓને અહીં એઓના કામ માટે કેળવવામાં આવે છે અને થોડા વખતમાં તેઓ પોતાનું કામ સમજી લે છે. તે બચ્ચાંઓને મોટાં કુતરાઓ સાથે સાધુઓ જયારે કોઇ રાહ

ભુલેલા મુસાફરોને મુશ્કેલીમાંથી છોડવવા જાય છે ત્યારે લઇ જાય છે. પેહેલે તેઓ થોડો વખત અહીંતહીં ભટકે છે. પણ પછી તેઓની બુદ્ધી (instincts) તેઓને મોટા કુતરાઓની નકલ કરી બરાબર કામ કરવાના માર્ગપર મેલે છે. આ કુતરાઓના કોઇક પોકારો યા ચીસો યા ચાળાઓ જાણે તેઓની વાત કરવાની યા પેગામ પહોંચાડવાની રીત છે, જે સાધુઓ અનુભવથી સમજી શકે છે. જો તેઓ કોઇ સાધુઓ સાથે મદદ આપવા બરફમાં ગયા હોય અને ત્યાં કોઇ અસાધારણ મુશ્કેલી માલમ પડે તો એકાદ કુતરો દોડતો મઠ તરફ આવે અને કોઇ ચોકસ પોકારો કરે કે જે ત્યાંના સાધુઓ સમજીને બીજી જરૂરી મદદ યા સ્ટ્રેચર વીગેરે મોકલે છે.

આ વખતની યુરોપની સેહેલગાહમાં આલ્પસના પર્વત ઉપર જવાની, ત્યાંનાં બુલંદ યુંગ ફ્રાઉ પહાડના બરફપર ત્યાંના ગાઇડ સાથે દોરડાં, પહાડી લાકડી અને બુટમાં સજ થઇ ફરવાની અને સેવટે આ જાણીતા સેન્ટ બર્નર્ડના પહાડ અને મઠ, જે તરફ તેઓના પહાડી કુતરાઓની હકીકત સબબે જવાન વયનાં વાંચણમાં વધારે ધ્યાન ખેંચાયું હતું, તે જઇ જોવાની મોરાદ હતી. તે સર્વે તે દાદારની મેહેરથી અને ગુજર પામેલાં અને હેયાત વહાલાઓની દુઆથી બર આવી તેથી હું ઘણો ઘણો ખુશી થયો છું. આ સાધુભાઇઓનાં મઠમાં લીધેલું ખાણું આજની સફર સાથે મને યાદ રહી જશે. જે શબ્દો મારી નોંધપોથીમાં નોંધી હું હેઠે ઉતર્યો તે શબ્દો અત્રે નોંધી તેની સાથે જોડાયલા (associated) તરેહવાર વીચારોથી પવિત્ર સમાન ગણાતા આ પહાડની મારી મોલાકાતનું વર્ણન હું તમામ કરૂં છું. "શુક્ર તે દાદારના!" આજનો દિવસ આ મઠની મુલાકાતને લીધે, હું ઘણો ખુશકારક અને સુખી ગણું છું.

ત્રીએન્ટ નદીનો ગોર્જ.

માઉં. ટ બર્નાડથી પાછું ફરતાં અમોએ અત્રેની ત્રીએન્ટ (Triente) નદીનો ગોર્જ યાને પહાડ ખોદી કરેલો માર્ગ જોયો હતો. સ્વીટઝરલૅંડની મુલાકાત દરમ્યાન પહાડી નદીઓનો આ ત્રીજો ગોર્જ મેં તેની કોરેકોર બાંધેલી ગેલરી પર ફરી જોયો હતો. પણ એ સર્વમાં પેહેલવહેલો રૅાન નદીના ગલેશીઅરની મુલાકાતની સફર દરમ્યાનનો આર નદીનો ગોર્જ સર્વથી મોટો અને મગજ ઉપર છાપ રાખી મેલે તેવો હતો. બીજો ગોર્જ એક પહાડી ધોધ (water-fall) ના ખોહ તરીકે જોવાલાયક હતો. આ ત્રીજો ગોર્જ ત્રણેમાં ત્રીજી જગ્યા લે છે.

જબલપોરના માર્બલ રૅાકસનો ગોર્જ.

આપણા દેશમાં અલબતે હીમાલય પર્વતમાં કોઇ એવા ગોર્જો માટે બોલાય છે. પણ તેઓ બહુ દૂર છે. મુંબઇવાસીઓએ નજદીકમાં—અલબતે અત્રેના જેવો તો નહી—કોઇ ગોર્જ જોઇ આવા નદીના પહાડી ખોહનો કાંઇ ખ્યાલ બાંધવો હોય તો તે આપણા ભરૂચ આગળ વહેતી નર્બદા નદીનો જબલપોર તરફના સંગેમરમરના ખડકો (Marble-rocks) માંનો ખોહ છે. અલબતે તે અહીંના ખોહ આગળ બિશાદ વગરનો ગણાય, પણ તે કાંઇક ખ્યાલ આપશે. ત્યાં નર્બદા જાણે સંગેમરમરની બે ઉંચી દીવાલો વચ્ચેથી વહે છે. કિનારા તરીકે ગણાતી દીવાલો લગભગ ઉભી (perpendicular) છે. હોનારત વખતે પગ મેલવા કાજે કિનારા જેવું કાંઇ નથી. તેમાં ફરતાં પણ એવું શાંત લાગે છે કે જાણે મોતની ખીણમાંથી પસાર થતા હોય. ત્યાં ઉપર મેલેલી કોઇક કબરના લેખ ઉપરથી આપણને ખરેખર મોતની યાદ આવે છે, સબબ કે ત્યાંની હજારો અને લાખો મધમાખીઓએ કોઇક કાચગરા જીવો લીધા છે.

હોટેલ સેન્ટ ગેલર્ટ, બુદાપેસ્ટ, હંગરી,
તા૦ ૨૭ મી આગસ્ટ ૧૯૨૫.

બુદાપેસ્ટ–તેની કદરશનાસી–તેણે આપેલાં માન અને ચાન.

તા૦ ૧૮ મી આગસ્ટે સવારે મોનત્રેઆ છોડી ઝ્યુરીખને માર્ગે વીએના તરફથી અને હું તા૦ ૧૯ મીની સાંજે આસરે ૫) ને સુમારે આવ્યો છું. માર્ગે શરૂઆતમાં જીનીવાના સુંદર સરોવરના કિનારેથી દોડે છે. ખ્રીસ્તીઓના આગતના ગણાતા ધાર્મિક સુધારા (Reformation) ને આ શેહેર સાથે ઘણો સંબંધ હતો, તેથી જીનીવાએ સુચક શબ્દો પોતાના મુદ્રાલેખ તરીકે લીધા છે કે "Post tenebras Lux" એટલે "અંધકાર પછી રોશની," મધ્ય જમાના (Middle ages) માં અંધકારનો કાળ (Dark ages) ગયા પછી નવાં જ્ઞાનનો જે કાળ (Renaissance) આવ્યો અને સુધારો ફેલાયો, તેનો આ ઇશારો છે. આ સુધારામાં પૂર્વ તરફથી આવેલા આરબો, જેઓએ ઘણુંક ઇરાન તરફથી લીધું હતું, તેઓનો કેટલોક હાથ હતો, તે બાબે હું આગળ બોલ્યો છું. જીનીવાનો આ મુદ્રાલેખ જાણે પેલા જાણીતા શબ્દો કે Ex Orient Lux એટલે "પૂર્વે તરફથી રોશની" (સઘળે ફેલાઇ), તેનો પડઘા છે.

માર્ગમાં લોસેન (Laussane) શેહેર પસાર કર્યું, જેના સંગ્રહસ્થાન માટે કહે છે કે ત્યાં મેં આગળ જણાવેલાં સરોવર માંહેલાં મકાનો (Lake-dwellings) ની બચેલી કાંઇક ચીજો (relics) છે. આ શેહેર સાથે જાણીતા તવારીખનવેશ ગીબન, જેણે આપણા ઇરાનીઓ બાબે કોઇક બાબતમાં મીઠું તો કોઇક બાબતમાં યુનાની લખનારાઓને આધારે ખાટું ભૂલભર્યું લખ્યું છે, તેનો સંબંધ છે. આ શેહેરમાં તે ઇ૦ સ૦ ૧૭૮૭ માં હતો અને ત્યાં તેણે પોતાનું જાણીતું પુસ્તક (The Decline and Fall of the Roman Empire) લખેલું કહેવાય છે.

આ લોસેનના સ્ટેશનપર મારે ત્રેન બદલી ઝ્યુરીખ જવાનું હતું. મારો અસલ વિચાર જે સુંદર આલ્પસના માર્ગે હું આવ્યો હતો, તેજ માર્ગે બીજી વખત માર્ગમાંની સુંદર સીનરી જોતાં જોતાં જવાનો હતો. પણ ગમે તેવી સંભાળ અને સાવચેતી રાખવા છતાં મુસાફરીમાં કોઇ વખત ગુંચવણ થાય છે, અને તેમ અહીં બન્યું. પોરટરને ઝ્યુરીખ તરફની ત્રેનના સેકંડ ક્લાસમાં સામાન મેલવા કહ્યું. મને ખબર નહીં કે ઝ્યુરીખ તરફ બે ત્રેન એક ૮–૧૦ ને અમલે અને બીજી ૮–૩૦ ને અમલે જાય છે. મેં તેને ૮–૧૦ ની ત્રેન એમ કહેલું નહીં, તેથી તેણે સાડાઆઠની ત્રેન જે બીજેજ માર્ગે જતી હતી તેમાં સામાન મેલ્યો અને હું ત્યાં બેઠો. માર્ગમાં જ્યારે ટીકીટ જોવા આવ્યા, ત્યારે મેં જાણ્યું કે ભૂલ થઇ છે. પેહલે ગભરાટ લાગો કે માર્ગમાંના મથકે ના કુકના એજન્ટો વીગેરેને મને સ્ટેશનો ઉપર મારાં કાગળો વીગેરે પહોંચાડવા કહ્યું છે, તેમાં સઘળો ગુંચવાડો થશે અને કદાચ ઝ્યુરીખથી બુદાપેસ્ટની ત્રેન ઉપડી જશે વગેરે. પણ ત્રેનમાંના એક ભાઇબંધ સફરીએ સધ્યારો આપ્યો કે મારાં ભાયગે આ ત્રેન ધારેલી ત્રેન કરતાં ૧૦) મીનીટ વહેલી ઝ્યુરીખ પહોંચશે વગેરે. પારકા મુલકમાં મુસાફરી કરતી વેળાએ સર્વ પ્રકારે ઘણી સમય-સુચકતા વાપરવાની જરૂર છે. થોડાક ગભરાટ બાદ મનમાં સધ્યારો લીધો કે કોઇ વખત "માઠું થાય તે સારાંને કાજે" તેમ આ ભૂલનાં પરીણામ તરીકે સ્વીટ્ઝરલેંડનો બીજો ભાગ માર્ગમાં જોવાનો મળ્યો. આ માર્ગે ત્રેન ન્યુશાટેલ (Neuchatel) નો સુંદર સરોવર દેખાડતી પસાર થઇ, જેની કોરેકોરથી જતાં જાપાનની સહેર દરમ્યાનની ત્યાંના સુંદર માહેલા દર્યા (Inland Sea) ના દેખાવની યાદ આવી. પછી આ મુલકનો

એક બીજો સરોવર બીએન (Bienne Lake) પસાર કર્યો. વળી આ માર્ગમાં એક જગ્યા સાર્ટાન્સ (Sartans) આગળ આપણે એકાદ પુરાણો રોમન કિલ્લો પસાર કર્યે છિએ અને એક મોટો ટનલ, જે પસાર કરતાં પુર ઝડપે આશરે ૧૩) મીનીટ લાગે છે, તેમાંથી પસાર થઇયે છિએ.

આ તરફ ટ્રેનમાં રાત્રે સુવાની સગવડની થોડીક ગોઠવણ હોય છે. પણ તે માટે એટલી બધી માગ'ણી હોય છે કે છેક ઇન્ટરલાકેનથી ચાર દિવસ આગમજ એ બર્થ રોકવા મી૦ કુકના એજન્ટને જણાવ્યું હતું, તોપણ બર્થ મળી નહી. માટે સફરીઓએ ટ્રેનમાં રાત કાઢવી હોય તો સુવાની સગવડ માટે ઘણા દિવસ આગમજથી ખાસકરી ટુરીસ્ટોના આ "મોસમ" ગણાતા મહિનાઓમાં ગોઠવણ કરવી જોઇએ. અત્રે કોઇક રેલવે લાઇનો ઉપર આપણને સ્ટેશનો ઉપર ભાડેના તકીયા અને ઓઢણીઓ મળે છે. પણ આ ટ્રેનમાં તેમ સગવડ મળી નહીં. તેથી સાધારણ ફર્સ્ટ ક્લાસ માટે વધુ પૈસા આપી જગ્યા મેળવવા છતાં કાંઇક અડચણ ખમવી પડી છે. હવડાં સુધીની લાંબી સફરમાં આ રાત્રે પેહલી વખત ઓઢણી તરીકે સાથે લાવેલી બે શાલો કામ લાગી. વળી જો તમો રીઝર્વેડ બર્થવાળા પહેલા વર્ગમાં સુતા હોવ તો ફીકર નહીં, પણ આવા અન-રીઝર્વેડ વર્ગમાં તમો ગમે તેવી ભર ઉંઘમાં હોવ તોપણ તમારી ટીકીટ નેમેલ વખતે જોવાને તમોને હીલવી ઉઠાડી બેચેન કરે છે.

સવારનાં બરીબામદાદે બીદાર થતાં બહાર નજર કરતાં જે જોવા માંડયું તે ઉપરથી ધાર્યું કે "કોણુ જાણે રાતની ઉંઘમાં કેટલું બધું સુંદર ખોયું હશે." ડેન્યુબ (Danube) નદીનાં સુંદર પહાડી માર્ગમાંથી પસાર થતાં જાણે શુભ સગનવંતી સવાર ગુજારતો હોવું તેમ લાગ્યું. તેના આ અને પેલા પહાડો વચ્ચેના કિનારાઓ ઉપરથી આપણી ટ્રેન કલાકો સુધી માર્ગ લે છે. નદીઓને જોવી હોય તો, નહીં કે જે શહેરો તેના ઉપર આવ્યાં હોય ત્યાંથી, પણ તેના પહાડી મથકમાંથી, તેના શેહેર બહારના ભાગોમાંથી જોવી. માર્ગમાં આ ડેન્યુબને તેના ઘણા સુંદર ભાગમાંથી નાચતી કુદતી, હરખાતી અને રમતી અને જાણે આપણને પણ હરખભર્યાં હેડાંથી નચાવે અને કુદાવે, હરખાવે અને રમાડે તેવી પસાર કરી. તે નદી, ટ્રેનના કોરીડોરમાં ઉભા રહી આપણી બંદગી કરતાં, ખુદાતાલા હજુર તેની ખુબસુરત કરામત માટે ગોયા આપણને આમણું હૈડું મેલતા કરે છે. આપણું આભારી હૈડું જાણે ખુશીથી કુદકા મારે છે.

ડેન્યુબ નદી અને અવસ્તાના દાનુઓ. ડેન્યુબ નદી ઉપર આવતાં અને ત્યાંથી આગળ વધી વીએના પસાર કરી હંગરીની સરહદ ઉપર આવતાં આપણને આપણી યશ્તોમાં યાદ કરેલો દાનુ અથવા દાનવ અને હુન તાયફાઓ યાદ આવે છે. આપણા અવસ્તામાં એ બંને તાયફાના લોકો ઇરાનના દુશ્મનો ગણાય છે. મેં આગળ મારાં એકાદ પુસ્તકમાં જણાવ્યું છે તેમ આ ડેન્યુબ (Danube) નદી અને આ તરફ એના જેવાં નામો ધરાવતી બીજી નદીઓ અને જગ્યાઓ (Don, Dneiper Dneister, Denmark વીગેરે) એ પોતાનાં નામો મારા ધારવા પ્રમાણે અવસ્તાના દાનુ તાયફા ઉપરથી લીધાં છે. એજ પ્રમાણે હંગરીએ "હુન" તાયફાનાં નામ ઉપરથી પોતાનું નામ આ પશ્ચિમ ભણીના મુલકમાં લીધું છે અને પુર્વમાં અફઘાનીસ્તાન તરફ "હુનઝા" એ તે નામ લીધું છે.

બુડાપેસ્ટની મારી આગલી મુલાકાત. બુડાપેસ્ટની આ મારી બીજી મુલાકાત છે. ૧૮૮૯ ના સાલની નવેમ્બર માસની મુલાકાત એક ઘણી ઝડપી, ફક્ત એક દિવસની મુલાકાત હતી, તે વખતે હું

આ શેહેર જોવા આવવા કરતાં મરહુમ પ્રોફેસર વેમબ્રે (Vambrey) ને જોવા અને મળવા આવ્યો હતો. તેની સાહાસીક મુસાફરીઓથી હું વાકેફ હતો, તેથી જ્યારે આ તરફથી હું કોન્સ્ટાન્ટીનોપલ તરફ ગયો ત્યારે મધ્ય એશીઆના આ મુસાફરને મળવા એક દિવસ અહીં ઉતર્યો હતો. તે મુલાકાત દરમ્યાન મળતાંને વાર તેણે મારી સાથે ફારસી જબાનમાં વાત કરવા માંડી હતી, એવું ધારીને કે ઘણાં પારસીઓ ફારસી જબાન બોલે છે. પણ જ્યારે મેં તેવણને જણાવ્યું કે તેમ નહીં હતું, ત્યારે અજબ થયા હતા અને જણાવ્યું હતું કે, પોતાના માદર વતન સાથના સંબંધની યાદમાં પારસીઓએ ફારસી ભાષા જાણવી જોઈએ. થોડો વખત રહી તેવણે "રૂસ્તમ" એમ પોકાર માર્યો. મેં ધાર્યું કે ઇરાન તરફથી લાવેલા કોઇ નોકરને તેડતા હશે. પણ નહી, જવાબમાં એક નવજવાન દેખાવડો છોકરો હાજર થયો. તેવણે તેની મારા સાથે પોતાના બેટા તરીકે ઓળખાણ કરાવી અને જણાવ્યું કે એ બેટાને તેવણે ઇરાન તરફના પ્યાર ખાતર રૂસ્તમ નામ આપ્યું છે. આજે તે છોકરો "રૂસ્તમ" હજુર બેજ નામે એક ઉમરે પુગેલા પુરૂષ તરીકે જણાયલો છે!

તા૦ ૨૦

બુડાપેસ્ટ—ત્યાં એક પછી એક નહી ધારેલા બનાવો.

મીએ સાંજે આસરે પાંચ કલાકે હું અત્રે આવ્યો. મારો વિચાર સ્વીટઝરલેંડમાં એકાદ બે દિવસો વધારે પસાર કરવાનો હતો. પણ મને બુડાપેસ્ટથી કાગજ અને તાર વટીક મળ્યાં કે તા૦ ૨૦ મીએ બુડાપેસ્ટ પોતાના હુંગરીના એક આગલા મહાન રાજાનો પાવત્ર દીવસ જશન સમાન પાળનાર છે, માટે હું તા૦ ૧૯ મીએ આવું તો સારૂં. મેં તેમ કર્યું. સ્ટેશન ઉપરથી ઉતરતાંને વાર અને એક પછી એક મને અત્રેના ભણેલા પુરૂષો તરફથી જે આવકારો મળવા લાગ્યા તે મારે માટે એક પછી એક આશ્ચંતા બનાવો (surprises) હતા. સ્ટેશનપરથી ગાડીમાં બેસવા જતાં, એક સારો ઓહદો ધરાવતા પાદરીએ મને અત્રે ૧૯૧૨ ના સાલથી સ્થપાએલી તુરાનીઅન મંડળી (Turanian Society) તરફથી આવકાર દીધો. હું કમીઠામ થયો કે આસરે ૮–૩૦ કલાકે મને જણાવવામાં આવ્યું કે અત્રેના ત્રણ ચાર અભ્યાસી મંડળો તરફના પ્રતિનિધીઓ મને આવકાર આપવા આવ્યા છે. એ મંડળો નીચલાં હતાં.

૧. Turan Tarsasag (એટલે તુરાન સોસાયટી).

૨. Magar Torok Hovatseg (હુંગ–તુરકી સોસાયટી).

૩. Magyar Neimzete Iroslalum Tarsasag (હુંગેરીઅન લખનારાઓની નેશનલ સોસાયટી).

૪. એક બાઇ હુંગેરીઅન કેળવાયલી સ્ત્રીઓ તરફથી સુંદર ફુલના તોરા સાથે મેહેરબાની કરી આવી હતી.

૫. બુડાપેસ્ટ શેહેર તરફથી.

આ સર્વ મંડળોના પ્રતિનિધીઓએ નાનાં નાનાં ભાષણો કરી મારા જેવા એક કમીના અભ્યાસી ભાઇબંધને આવકાર આપ્યા. કોઇક, દાખલા તરીકે સ્ટેશન ઉપર આવકાર દેનારા પાદરી સાહેબ, અંગ્રેજીમાં બોલ્યા, જેઓને સમજવવાનું અને જવાબ આપવાનું કામ સહેલું હતું. પણ અત્રે કાંઇ સર્વ ભણેલાઓ અંગ્રેજી યા ફ્રેંચ બોલતા નથી. તેવા ભલા ભાઇઓનું બોલવું મને કોઇ અંગ્રેજી જાણનાર ગ્રહસ્થ દુભાસીયા તરીકે સમજાવતા હતા. એ સર્વ સાહેબોની સંખ્યા આસરે આઠ દસ જણની હતી. એ સર્વ મંડળોના આવકાર માટે આભાર માનનારો મેં જવાબ આપ્યો અને છેક આસરે સાડાનવને અમલે મને ઘેર ભુક ખાવાનું બન્યું.

બુડાપેસ્ટ શેહેરની મેહમાનદારી.

વળી વધારે ન ધારેલું, બીજે દિવસે મને એમ જણાવવામાં આવ્યું કે મારે મારાં હોટેલની ખાણીપીણી રેહેણી માટે કાંઇ આપવાનું નથી. બુડાપેસ્ટ શેહેર, જે આસરે આગીઆર લાખ આદમીનું એક મોટું અને યુરોપના ત્રણ ચાર સુંદર શેહેરોમાંનું એક છે, તે શેહેરનો હું મેહેમાન છું. મને હોટેલમાં એક સુંદર મોટો ઓરડો, જુદા બેઠકના ઓરડા અને બીજી સર્વે સગવડો સાથનો આપવામાં આવ્યો હતો. શેહેરના બર્ગો-મ,સ્તર અથવા મેયરે મેહેરબાની કરી શેહેર તરફથી મને મેહેમાનદારી આપી હતી. આ હોટેલ શેહેરની પોતાની માલેકીનું મોટું હોટેલ છે. તેમાં શેહેરના જાહેર અવસરો, જેવા કે કોનસર્ટ, મીટીંગો વગેરે માટે મોટાં દીવાનખાનાં છે. અહીં પાસેજ ગંધકના પાણીના ઝરાઓ છે. ત્યાં આવનારા સફરીઓની સગવડ માટે આ ઘણું મોટું મકાન છે. ત્યાં ખાણીપીણી માટે શેહેરે એક રેસ્ટોરાંવાળા સાથે ગોઠવણ કરી છે. હવે શેહેરે પોતાના આ મકાનમાં મને રહેવાની જગ્યા આપી તો આપી, પણ ખાણીપીણી માટે પણ રેસ્ટોરાંવાળાએ કાંઇ લેવું નહીં એવો મેહમાનદારીનો હાથ મારા તરફ મેહેરબાની કરી લંબાવ્યો છે.

આ સર્વે મેહેરબાની અને મેહમાનદારી શા કાજે?

પણ આ સર્વે મારા તરફ મેહેરબાની અને મેહેમાનદારી શા કાજે! તેનો જવાબ આ કે મારા કમીના અભ્યાસની મેહેરબાની કરી પિછાણ કાજે. મેં આવારનવાર છેલ્લાં આસરે પાંચ સાત વર્ષમાં અસલી હુન લોકો, જેઓના હાલના હંગેરીઅનો મોટે ભાગે વારસો છે, તેઓનાં મુળ, તવારીખ, રાહરસમ, ધર્મ વીગેરે બાબતોનો મારી નાકેસ બરીબ શકતી પ્રમાણે કાંઇક અભ્યાસ કર્યો છે. ડા૦ સર રામકીષ્ણ ગોપાળ ભંડારકરના મેમોરીઅલ વોલ્યુમ માટે પહેલ મેં આ બાબત હાથ ધરી હતી. મારા શોખીન વાંચનારાઓ માટે મારા એ બાબતના ચાર વિષયો, જે સર્વે ભેગા છપાય તો એક ચોપડી જેવા થાય, તેના નામો આપું છું.

1. The Hunas of the Indian books in the Avesta and Pahlavi books of the Parsees.
2. The Early History of the Huns and their Inroads in India and Persia
3. The Religion of the Huns who invaded Persia and India.
4. The Hunic King Toramana of the Indian Inscription was the Iranian Khashnawaz of Pahlavi and Persian Books.

મારા આ ચાર વિષયોમાં મેં આપણાં અવસ્તા, પેહેલવી, ફારસી વીગેરે પુસ્તકોને આધારે, આરબ લખનારાઓને આધારે, ચીનાઇ લખનારાઓને આધારે, ફ્રેંચ તવારીખ આધારે, આપણા હીંદુસ્તાન દેશમાં એ હુન લોકોના સંબંધના જે સ્તંભો વીગેરેપર લેખો (Inscriptions) મળે છે તે આધારે અને હીંદુ પુસ્તકોને આધારે આ હુન લોકો બાબે કાંઇક કમીની શોધખોળ કરી, થોડીક નવી રોશની પાડી છે. જેમ આપણા ઇરાની વડવાઓને ગ્રીક અને રોમન લખનારાઓ "બારબેરીઅન" એટલે "જંગલી" ગણી હીણી ગયા છે, તેમ હાલના અંગ્રેજ લોકોના આ હુન વડવાઓને પણ કેટલાક ગેરઇનસાફ કરી આગલા લખનારાઓ હીણી ગયા છે અને હાલમાં કોઇ હીણે છે. પણ હાલ કેટલાંક વર્ષ થયાં એઓએ પોતે અભ્યાસ કરવા માંડયા છે અને પોતાના હુન વડીલોના નામ અને કામ માટે મગરૂરી

થઇ તેઓ માટે ભૂલભરેલાં લખાયેલાં લખાણોને ખોટાં દેખાડવાની કોશેશ કરે છે. તેઓની આ કોશેશમાં મારાં કમીનાં લખાણો તેઓને અગતનાં લાગ્યાં છે. ખાસકરી આપણી અવસ્તા, પેહલવી, ફારસી વીગેરે લખનારાઓ અને હીંદી લેખો વગેરેની બાબત તેઓને ઉપયોગી માલમ પડી છે. આ સબબે અત્રના કોઇક ભણેલા પુરૂષો મને મારાં નામ અને અભ્યાસથી જાણીતા હતા. વળી અત્રે એક કેઠલીક ધર્મગુરૂ પ્રોફેસર ઝાયટી (Zajti) જેવણ ધાર્મિક વિષયોના શીક્ષક છે. તેવણે પોને જાતે અવસ્તાનો અભ્યાસ કરવા માંડયો છે અને ઇરાન સાથના તુરાનના સંબંધ—અને હુન લોકો તુરાની છે તે–તરફ ધ્યાન ખેંચ્યું છે. તેવણે મેહેરબાની કરી અત્રે મારી રાહનુમાઇ કીધી છે. આ સબબે મારા થોડાક નાના અભ્યાસે અત્રેના વિદ્વાનોનું અને તેઓ મારફતે અત્રના શેહેરી વડીલોનું ધ્યાન ખેંચ્યું છે. મારા ઉપર જણાવેલા એક વિષયમાં મેં દેખાડયું છે કે એ તાયફાવાળા તુરાનીઓ, જોકે ઇરાનીઓ સાથે લડાઇ કરતા હતા, તોપણ પુરાણી લખાયલી વારતા પ્રમાણે એક વડીલ ફરેદુનનાં કુટુંબથી ઉતરી આવેલા ગણાતા હતા અને ધર્મે માજદયસનના અને પાછવાડેથી જરથોસ્તી માજદયસનાન હતા. આ બાબતનાં મારાં મુંબઇ ખાતેનાં છેલ્લાં ભાષણ ઘણાએ પ્રમુખસ્થાનેથી રેવરંડ ડા૦ મેકીકન જેવા ઉસ્તાદને મોઢેથી હું સાંભળી ખુશી થયો હતો કે તેવણની મારી દલીલોથી ખાતરી થઇ હતી કે એ હુન લોકો ધર્મે જરથોસ્તી હતા.

મારાં અત્રેનાં ભાષણો.

મારા આ અભ્યાસ સબબે મેં અત્રે (Academy) 'એકેડેમી'માં બે ભાષણ આપ્યાં છે. એક હુન લોકોની પુરાણી તવારીખ ઉપર અને બીજું તેઓના ધર્મ ઉપર. બંને ભાષણો વખતે અત્રેના આર્ચ ડયુક (Aroh Duke) ના બેટા, જેવણ તુરાનીઅન સોસાયટીના પેત્રન છે, તેવણ પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. મને કહેવામાં આવ્યું કે આસરે હજારથી ઉપર સાંભળનારાઓ હાજર હતા. પેહેલે દહાડે આસરે સવાબે કલાક કામ ચાલ્યું સબબ કે શરૂઆતમાં કોઇક આવકારનાં ભાષણો થયાં હતાં. ત્યાર પછી ભાષણ કરતાં હું થોડું થોડું બોલતો જતો હતો અને એક ભણેલા પાદરી, મારા બોલવાનો તરજુમો હંગેરીઅન ભાષામાં કરતા હતા. બીજા દિવસના ભાષણમાં અત્રેના રીજન્ટ (Regent)પણ પધાર્યા હતા. સાંભળનારાઓના આવકાર ઉપરથી અને બોલનારાઓના આવકારના ભાષણો, જેનો મને ભાવાર્થ અંગ્રેજીમાં કહેવામાં આવતો તે ઉપરથી હું જે જાણી શકયો છું, તેથી ખુશી છું કે હંગેરીઅનો પોતાના દેશની તવારીખ માટે મગરૂર છે અને એ તવારીખ વીગેરે ઉપર મારાથી કાંઇક રોશની પડવાથી ખુશ ખુશ થયા છે. તેઓના દેશ અને પૂર્વજો તરફની તેઓની પ્રીતમાં હું મારા ગરીબ અભ્યાસથી કાંઇક હીસ્સો આપી શકયો છું, તે માટે હું ખુશી છું. હું વધારે ખુશી છું કે મારી પારસી કોમનું નામ અને મારા વહાલા પેગમ્બરનું નામ અત્રે મારી કમાની હાજરીથી ઘણીવાર બોલાયું છે. મારા સાંભળનારાઓ અત્રેની કેળવાયલી મંડળીના સભાસદો અને ભણેલા પુરૂષો હતા. ખુદાતાલાએ તેઓની પસંદતા મેળવવાને મને શક્તિવાન કર્યો તે માટે હું આભારી છું.

પારસીઓ સંબંધી પ્રગટ કરવા ધારેલી બાબો.

એશીઆએ આપણા પારસીઓનાં ધાર્મિક સાહિત્ય વીગેરેના ૧૫) વિષયોના તરજુમા પ્રગટ કરવા ધાર્યા છે. તેમાં મારા ૪) વિષયો છે. એક પારસીઓના ધર્મ બાબેનો અને ત્રણ હુન લોકોના સંબંધના મારા વિષયો. એક વિષય તરીકે દસ્તુરજી દારાબજી પેશોતનજી સંજાનાના Zara-

thushtra in the Gathas and the Classics નો તરજુમો કરવા ધાર્યો છે. બાકીના બીજા યુરોપના ગ્રંથકર્તાઓનાં પુસ્તકોનો તરજુમો છે. આ માળાનું પેહેલું પુસ્તક પ્રગટ થઇ ચુક્યું છે અને તે જતાંને વાર મારા હાથમાં મેલવામાં આવ્યું હતું. તે "પારસીઓના ધર્મ" બાબેનાં મારાં પુસ્તકનો તરજુમો છે. મારાં ભાષણો દરમ્યાન, તેની નકલો "એકેડેમી"માં વેચવા મેલી હતી અને હું જોઇને ખુશી થયો હતો કે કેટલીક નકલો ત્યાં વેચાઇ હતી, સબબ કે ઘણાં બાનુઓ અને ગ્રહસ્થોએ પોતાની નોટ-બુકોમાં યા બીજાં કાગજો વગેરે ઉપર સેવટે મારા હાથની સહી લીધી, તેમાં ઘણાકોએ મારી ચોપડીના આ તરજુમાની નકલો ઉપરજ સહી લીધી. આજ સુધીમાં પાંચ પારકી ભાષાઓમાં મારાં આ પુસ્તકનો તરજુમો થયો છે અને તે તરજુમાઓ મારફતે તે ભાષાઓવાળા દેશોમાં કાંઇ નહી તો પચીસ પચાસ પુરૂષોમાં મારા પારસીભાઇઓ અને તેઓના ધર્મ બાબે કાંઇ વાકેફી ફેલાઇ હોય તો તે માટે હું કાંઇક સંતોષ લઉં છું. મારાં આ પુસ્તકનાં અત્રેનાં વેપાણ ઉપરથી અને મારાં અત્રેના ભાષણ વખતે મળેલી મોટી મીજલસ ઉપરથી મને આશરે ચાળીસ પેંતાલીસ વર્ષપરનો તે અવસર ખુશી સાથે યાદ આવ્યો કે જ્યારે તે વખતના ગવરનર મરહુમ સર જેમસ ફરગ્યુસનના પ્રમુખપણા હેઠળ તદન ચીકાર થયલા ટાઉન હોલમાં એક મોટી મીજલસ હજુર પહેલે એ ભાષણ મેં આપ્યું હતું.

નામદાર રીજન્ટ તરફથી મળેલો ખેતાબ.

હાલ સુધી હુંગરી ઑસ્ટ્રીઆના અમલ હેઠળ હતું, તે છેલ્લી લડાઇ બાદ છુટું થયું છે. ઘણાક મુલકોએ પાદશાહી ફેંકી દઇ પ્રજાસ્તાક રાજ્ય અખત્યાર કર્યું છે પણ હુંગરીએ તેમ કર્યું નથી. અસલી ઇરાનીઓ અને તુરાનીઓ માફક અને, હું જાણું છું તેમ, હાલના ઘણા પારસીઓ જેઓ પોતાના બાપદાદાઓ મીસાલ પાદશાહત તરફ પ્રેમ ધરાવે છે, તેઓ માફક, હુંગરી પોતાને માથે પાદશાહ હોય તેમ ઇચ્છતું દેખાય છે. તેમ પોતાને માથે પાદશાહી ખાનદાનના કોઇ લાયક પુરૂષને નેમવા તે ઘટતા સંજોગો માટે ખોટી દીસે છે. તેટલાં તેણે પોતાને માથે એક નામીચા વડીલને હાકેમ (Governor) નેમ્યો છે અને તેને "રીજન્ટ" તરીકે કહે છે અને તેવણ માટે મોટા હાઇનેસ (Highness) તરીકે બોલે છે. તેવણની મુલાકાત દેશના વડા તરીકે તેવણને માન આપવા મેં તા૦ ૨૪ મી ઓગસ્ટને દીને સવારે લીધી હતી. તેવણ આપણા દેશ તરફ આવી ગયા છે અને પોતાના દેશ માટે ચઢતા પ્રકારનું અભીમાન (patriotism) ધરાવે છે. તેવણ સારૂં અંગ્રેજી બોલે છે. આસરે પંદર મીનીટની મુલાકાત બાદ રૂખસદ લેતાં તેવણે પોતાનું ખાનું ઉઘાડી મને પોતાના દેશનો એક માનવંત ખેતાબ ક્રોસ ઓફ મેરીટ (Cross of Merit) થોડાક મીઠા શબ્દો બોલી તેના સુંદર ચાન સાથે બક્ષયા. આવાં માનો અને ચાનો તેના પોતામાં કાંઇ અગત ધરાવી ખુશી કરે તેના કરતાં તેઓની સાથના સંબંધો (associations) માટે અને તે સાથ તેની કદરશનાસી માટે આપણને વધારે ખુશી કરે છે. અભ્યાસ અને સાહીત્ય સંબંધી સેવા એક મોજનું કામ (Labour of Love) છે. રૂપીઆ, આના, પૈ તરફ જોઇ તેમજ માનચાન તરફ જોઇ તે કરવામાં આવતાં નથી. જો તેમ કરવામાં આવે છે તો તેઓ તેની અગત્યતા ખોહે છે અને વળી તેનું પરીણામ પણ સાહીત્યની નજરે સુંદર આવતું નથી. તેમ વિચાર કરીને અભ્યાસ કરવા બાદ જ્યારે તેની આવાં માન અને ચાન સાથે કદર બુજાય છે,

ત્યારે તે અલબતે આપણુને ખુશાળી આપે છે અને તે માટે આપણે તે દાદારના શુક્રાના કર્યે છિએ. મેં પાંચ સાત વર્ષ પર અહીંના રશીઆના પૂર્વજો હુન લોકો, જેઓની પુરાણી તવારીખમાં એઓ મગરૂરી ધરે છે, તેઓનો અભ્યાસ કરવા માંડયો, ત્યારે મારા સ્વપનામાં પણ નહીં હતું કે મારા અભ્યાસને હાલના હંગેરીઅનો અગતનો ગણશે અને હું કોઇ દહાડે હંગરી જઇશ. હું મુંબઇથી નીકળ્યો, ત્યારે પણ મેં જોકે ધાર્યું હતું, તોપણ ચોકસ નહીં હતો, કે કાંઇ વધુ જાણવા યા શીખવા યા બે બોલ બોલવા હું ખચીત બુદાપેસ્ટ જઇશ. પણ ખુદાની મેહેરથી અહીં આવ્યો અને જોયું તો જાણે એક પછી એક અહીં હંગેરીઅનોના મારા ઉપર મેહેરબાનીઓ વરસવા લાગી અને વળી એઓના વડા રાજ્ય–અધીકારીથી આ નહીં ધારેલાં માન અને ચાન મળ્યાં.

આ "ક્રોસ ઓફ મેરીટ"નાં માનનો ઓરડર એઓએ લડાઇ પછી પોતે ઓસ્ત્રીઆથી છુટા પડવા પછી સ્થાપ્યો છે. તેના ચાર વર્ગો છે, તેમાંથી પેહેલા વર્ગનો મેડલ એઓના મોટા મીનીસ્ટરોને આપે છે. મને બીજા વર્ગનો ચાન આપવાની મેહેરબાની કરી છે. આ ચાન તેના નામ પ્રમાણે ક્રોસરૂપે છે. હવે ક્રોસ જોકે હાલ ખ્રીસ્તી ધર્મનું ચિન્હ ગણાય છે, તોપણ તે ક્રાઇસ્ટના આગમજ એક ધાર્મીક ચિન્હ (symbol) તરીકે વપરાતો હતો. તેને મળતું બીજા ધર્મોમાં પણ કાંઇક છે. તેની ચાર અણીઓ ખોરશેદની હીલચાલની ચાર દીશાઓ દેખાડે છે. તે જાણે આગલા ઘણા પુરાણા જમાનો, જ્યારે ખુરશેદની સેતાયશ ઘણી જાયજ હતી, તે વખતની સેતાયશની નિશાણી છે. ઘણા પારસી વેપારી ભાઇઓ દીવાળી ઉપર પોતાનાં વેપારી ચોપડાઓની વહીપુંજતા નવા ચોપડામાં જે પીળા રંગથી "સ્વસ્ટીકા" (Svastika) પાડે છે તે એક પ્રકારનો ક્રોસ પાડે છે. મારા માબેદ ભાઇઓ આફ્રેગાન ભણતાં સેવટે ચમચથી નીશાણી કરી ફુલના ખુમચા ઉપર યા કળશીયા ઉપર પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ જ્યારે ચમચ દેખાડે છે, ત્યારે એક પ્રકારે તેઓ સુર્યની પુરાણી સેતાયશની યાદ આપનારો ક્રોસ ચિતારે છે. તેઓ દીશાઓ ઉપરાંત વળી અગ્ની, નૈરૂત્ય વીગેરે સુર્યની ચાલના ખુણાઓ પણ દેખાડે છે.

આ સર્વ બાબત ધ્યાનમાં રાખી જ્યારે હું હવે મારાં વહાલાં માતપીતા, અને બેશીઓનાં અશો ફ્રોહરોની અને બીજાં અશો ફ્રોહરોની યાદમાં આફ્રીનગાન ભણીશ અને તેની ક્રિયામાં આ ક્રોસ સમાન ખુણાઓ મારા હાથમાં ચમચ ધરીને દરશાવીશ ત્યારે કોઇ વખતે તા૦ ૨૪ મી આગુસ્ટ ૧૯૨૫ રોજ બેહેરામ માહ સપંદારમદ સને ૧૨૯૪ નાં દીવસના આસરે ૧૧ કલાકનો અમલ યાદ કરીશ કે જ્યારે મારાં ઇરાન વતન સાથે લડનારા તુરાનીઓના હાલના એક હંગેરીઅન રાજ્યકરતા વારેસે મને આ માન અને ચાન આપી સરફરાઝ કર્યો છે. હું તે વખતે મારાં માથાં (સર) માં કાંઇ રૂડા વિચારો કરી ચઢતો (ફરાઝ) થવાની યાદ કરીશ. આ સર્વ તે દાદારની મેહર છે. હૈયાત અને ગુજર પામેલાં વહાલાંઓની ભલી દુઆઓના પ્રતાપ છે. બાકી આપણ બીશાદ વિનાનાં છિએ. આપણી કોશેશ નાકેસ છે.

બુદાપેસ્ટ, તા૦ ૨૭ મી ઓગસ્ટ ૧૯૨૫.

બુદાપેસ્ટ. રોમનોની એક પુરાણી દરમેહેર—આગલા હુન લોકોની કબરોની મુલાકાત.

બુદાપેસ્ટની મુલાકાત દરમ્યાન શેહેર બહારની જગ્યાઓમાંની બે જગ્યાઓ મને ખાસ કરી યાદ રહેશે.

રોમન દરેમેહર. મેં આગળ એકથી વધુવાર લખ્યું છે કે ઇરાનની અસલી મેહેરયજદની સેતાયશ ઉપરથી એક પ્રકારની મેહેરની સેતાયશ યુરોપના મોટા ભાગમાં દાખલ થઇ હતી. હું ભુલતો નહીં હોઉં તો ફ્રેંચ વિદ્વાન રેનાંએ એક જગ્યાએ લખ્યું છે કે આખું યુરોપ મેહેરની સેતાયશ કરતું જરામાં બચી ગયું છે. આવું મિથ્ર યાને મેહેરની સેતાયશનું એક મકાન, જેને મિથ્રેયમ (Mithreum) કહે છે તે મને અત્રે જોવાની તક મળી છે. બુદાપેસ્ટ, જ્યાં એક વખત રોમનોનો અમલ હતો, તે શેહેરની બહાર એઓએ એક પુરાણા રોમન શેહેરનું ખંડીએર હાલ ખોદી કાઢયું છે. તે ખંડીએરમાં એક મકાન આવું મિથ્રનું મકાન છે. આપણા શબ્દોમાં તે એક "દરેમેહર" એટલે "મેહેરયજદ (મેહેર શબ્દ આપણી અવસ્તામાં અસલ મિથ્ર છે)નો દરવાજો અથવા મકાન" છે. આગલા રોમનોની આવી દરેમેહેર જોવાની આજે મને જીંદગીમાં પેહેલીવાર તા૦ ૨૨ મી ઑગસ્ટે પાછલા પહોરે તક મળી તેથી હું ઘણો ખુશી થયો છું.

આ એક આસરે ૬૦ થી ૭૦ ફીટ લાંબું અને આસરે ૩૦ ફીટ પહોળું મકાન છે. બંને બાજુએ લાંબા જરાક ઉંચા પ્લાટફોર્મ યા ઓટલા સમાન છે. વચમાંનો ભાગ જરા નીચો છે. મકાનને પેલે નાકે એક યજ્ઞકુંડ (altar) યાને આરાધના યા અર્પણ કરવા (sacrifice) ની જગ્યા છે. યુરોપ તરફ ફેલાયલા પરસ્તેશમાં મિથ્ર સાથ હથ્યારથી એક ગોધાને મારવાનો વિચાર ભેલાયલો છે. તેમ આપણે અહીં એક કોતરેલા પત્થર (sculpture) જોઇએ છિએ. હેઠે અર્પણ કરવાની ચીજ (offering) માટે પત્થર જોઇએ છિએ, મિથ્રના એક હાથમાં રોશની આપવી મીસાલ અને બીજા હાથમાં એક ખંજર જેવું હથ્યાર જોઇએ છિએ, જે રૂપ જાણે કહે છે કે મિથ્ર રોશની આપી અંધકારને મારી દુર કરે છે. મિથ્રને જાણે ખડકમાંથી નિકળતો (Mithra Patro-genitus એટલે Mithra born out of stone) દેખાડયો છે. રોશની પહેલે જાણે પહાડોની ટોંચ ઉપરથી દેખાય છે, તેનો આ ખ્યાલ આપે છે. અહીં રોમનોની આ દરેમેહેર જોઇ. હવે હું ઘરે ફરી કાંઇક વધારે અભ્યાસ કરવા અને બોલવા ધારું છું, તેથી ઉતાવળમાં કાંઇ વધુ બોલતો નથી. પણ એક ચીજ ઉપર હું ખાસ ધ્યાન ખેંચું છું.

નોસારીની દરેમેહર. મને લાગે છે કે કોઇ અજબ સંજોગો વચ્ચે નોસારી ગામે આપણા ધર્મના મકાનના સંબંધમાં ઇરાનનું કાંઇક પુરાણું તત્વ જાળવી રાખ્યું છે અને હું આશા રાખું છું કે તે હજુર જાળવી રાખશે. દાખલા તરીકે નવાં બંધાતાં આતશબેહેરામમાં હમેશાં યજશને વંદીદાદ નહી થાય તેમ કરવું અને આજ સુધી "દરેમેહેર" જુદી અને "આતશબેહેરામ" જુદું એમ જે ચાલતું આવ્યું છે તેમજ રેહેવા દેવું. કમનસીબે આપણી પાસે ઇરાનશાહ આતશબેહેરામનું પહેલું ખંડીએર બચી રહ્યું નથી. પણ હું ધારું છું કે નોસારીએ તેના અસલ રૂપ પ્રમાણે કામ કરી બંનેને જુદાં રાખ્યાં છે. દરેમેહેર તે ક્રિયાકામ કરવાની, ખાસ કરી મોબેદો માટેની, જગ્યા છે. આતશબેહેરામ યા આતશ આદરાન તે બહેદીનો માટે (અને તેમાં બંદગી કરવા આવનારા મોબેદોને પણ સમજવા) આતશ હજુર ઉભા રહી બંદગી કરવાની જગ્યા છે. નોસારીએ આ બંનેને જુદાં રાખ્યાં છે તે બરાબર છે.

હવે મારી આ બાબદમાં મેં દરેમેહેર શબ્દ વાપર્યો છે તેથી એમ નહી સમજવું કે રોમનોના મેહેરના મકાન (મિથ્રેયમ) માં આપણી દરેમેહર જેવીજ ક્રિયા થતી હતી. મેહેરયજદની સેતાયશ ઇરાનની બહાર જતાં ઘણુંક કાંઇ નવું લીધું

છે. આપણામાં અસલી સેતાયશ માટે ભાગ્યે ખાલી રહી છે. જેમ આફ્રીકામાં બરપા થયલા મજદરેનાન ટોળાંએ જરથોસ્તીઓ ઉપરથી કાંઇક લઇ કાંઇક પોતાનું ખ્રીસ્તી તેમજ કાંઇક બહારનું બીજું દાખલ કર્યું છે, તેવુંજ અહીં કાંઇ બન્યું હતું. જે નોંધ લઇ મેં આ રોમન દરેમેહેરની મુલાકાત તમામ કીધી, તે નોંધ અત્રે ઉતારી લઇ હું આ બાબત તમામ કરૂં છું.

"ઓ ખુદા! તેં આ મારે માટે એક મોટો દિવસ સરજ્યો છે, કે જ્યારે મારા મેહેરયજદની યાદમાં રોમનોએ બરપા કરેલી દરેમેહેરમાં મને ઉભો રાખી મને મારા અવસ્તાના બે પાવત્ર શબ્દો બોલતો કર્યો છે!"

આ નોંધનો સબબ આ કે કોઇક વિચારોથી ઉભાતી લાગણીથી આપણા મેહેરયજદની સેતાયશ વગેરેના કેટલાક શબ્દો હું બાગેબુલંદ આવાજે ત્યાં ભણ્યો હતો. એમ મેં એક હાથ ઉપર મારી ઉભ્રાતી લાગણીઓને રૂપ આપવા અને બીજા હાથ ઉપર મારી રાહબરી કરનાર આપણા અવસ્તાના અભ્યાસી પ્રો૦ ગ્રાઇટી અને તે સાથવાળા બીજા મિત્રોને આપણા ભણતરની રીતનો ખ્યાલ આપવા કર્યું હતું. આ જગ્યા એકાંત હતી, અને સાંજ પડી હતી. દરેમેહેરમાંથી બાહાર નિકળતાં મેહેરના સાથી આફતાબને પુર ખોરેહ સાથે "રયોમંદ ખોરેહમંદ" દ્રષ્ટીમર્યાદા ઉપર આથમવા કાજે ઉતરતો જોઇ "A glorious day" "એક યાદગાર દિવસ!" એમ પોકારી આ રોમન શેહેરના બીજા ખંડીએરો જોઇ હું બુદાપેસ્ટ પાછો ફર્યો.

આગલા હુનોની કબરોવાળી જગ્યાની મુલાકાત.

આ શેહેરની મારી મુલાકાત, એક બીજી જગ્યાની મુલાકાત સબબે, અને તેની નવાઇ કાજે અને કાંઇક વધુ સાન કાજે, મને યાદગાર રહેશે. તે મુલાકાત આગલા હુન લોકોની કબરોની હતી. તા૦ ૨૫ મી ઓગસ્ટે અમો બપોર પછી બેને સુમારે અત્રેથી દુર આવેલાં એક નાનાં શેહેર સેન્ટીસ (Szentes) તરફ ત્યાંની પુરાણી હુન લોકોની કબરો જોવા જવાને નિકળ્યા. આસરે ત્રણ કલાક ટ્રેનમાં અને પછી મોટરમાં, એમ આસરે ૬ ને સુમારે ત્યાં અમો જઇ પહોંચ્યા. તે શેહેરમાં જતાં એક બીજી અજાયબી મારે માટે હતી, જે બાબે મને આગળથી જણાવવામાં આવ્યું ન હતું. શેહેરમાં દાખલ થવા બાદ, એક જગ્યાએ ઓટોમોબીલ ઉભી કે મને જણાવવામાં આવ્યું કે શેહેરના મેયર (Mayor) મને આવકારના બે બોલ કહેવા ઉભા છે. ગાડીમાંથી ઉતરતાં જોઉં છું કે શેહેરના મેયર અને બીજા કોઇક અમલદારે અને આસરે બસો ત્રણસો ભલાં નરનારીઓનું જાણે શેહેરનું નાનું મોટું અનજુમન ભેગું મળ્યું હતું. મેયરે મેહેરબાની કરી આવકાર માટે લખી કાઢેલું એક લંબાણ ભાષણ વાંચી સંભળાવ્યું. મને બે બોલમાં એક ગ્રહસ્થે તેનો ભાવાર્થ જણાવ્યો. આ અને બીજે કોઇ જે હરખભર્યો આવકાર મને મળે છે તે ઉપરથી હું જોઇ શકું છું, કે હંગેરીઆનો પોતાના ભુતકાળ ઉપર તિક્ષ્ણ નજરથી જોઇ તે નજરથી કાંઇ પ્રેરણા (inspiration) મેળવીને પોતાના વર્તમાનકાળને ઘડે છે અને ભવિષ્યકાળ તરફ કાંઇક આશા સાથે જોય છે. તેથી તેઓ ભાવ સાથે આગલા હુન વડીલો તરફ અને તેમાં ખાસકરી તેઓના આગલા સરદાર એટીલા (Atilla) તરફ જોતા છે. આ એટીલા એઓનો જાણે જોહાન પહેલવાન રૂસ્તમ હતો. તે જાણે એઓનો દુન્યા જીતતો સીકંદર (Alexander) હતો. તેણે રોમના દરવાજા એવા તો મજબુત ઠોકવા માંડયા કે તે ભાંગી જતે, પણ એઓના હાલ સમજાવવા મુજબ, રોમના તે વખતના પોપે તેને એવી આજીજી કરી હતી કે એ પવિત્ર શેહેરને બચાવવું, અને તે આજીજીથી તેણે તે દરવાજાં વધું ઠોકતા બંધ

કીધા હતા. તેણે ફ્રાંસના દરવાજા પેરીસ સુધી આગળ વધી ઠોકયા હતા, કે જે સબબે પેરીસ તરફના મારા એક પત્રમાં જણાવવા પ્રમાણે ત્યાંના એક ધર્માલયમાં તેનું એક મોટું સુંદર ચિત્ર એક દિવાલ આપણે જોઈએ છિએ. પોતાની આગલી તવારીખમાં દેશાભીમાન સાથે જોવા માંડતાં, હાલના હંગેરીઅનોએ આઆની તવારીખ, ધર્મ વગેરેના મારા ગરીબ અભ્યાસ તરફ પ્રેમ, પ્રીત અને પ્યાર સાથે જોયું છે. મને જણાવવામાં આવ્યું તેમ મારા આવવાને દહાડેજ એક વર્તમાનપત્રે એક મોટી આર્ટીકલમાં મને આવકાર આપી મારા આવવાની ખબર આપી હતી. મને છેલ્લે દહાડે એક ભણેલી ભલી સ્ત્રીએ કહ્યું કે "દલગીરીની વાત છે (It is a pity) કે તમો હંગેરીઅન ભાષા જાણતા નથી. તે તમો જાણતે તો જોતે કે અત્રેનાં વર્તમાનપત્રો મોટે ભાગે તમોને કેમ આવકાર આપે છે અને તમારે માટે શું ભલું લખે છે વગેરે." મેં મારા મનથી વિચાર કર્યો કે "અજ્ઞાનપણું એ આશીર્વાદ છે. (Ignorance is Bliss)." નહી તો કદાચ એવી વિશેષ સ્તુતીનું જ્ઞાન, સ્થીર મન રાખવાની આપણી સર્વ કોશેશ છતાં, કદાચ આપણને કાંઈક અભીમાની (conceited) બનાવે. ખુદા મને હમેશાં મનથી સ્થીર રાખે અને શીખવનાર કરતાં શીખનારનાં, શેઠ કરતાં વાણોતરના ખ્યાલોમાં પડેલો અને [illegible] રાખે.

મેયરે આપેલા આ આવકારનો મેં થોડાક શબ્દોમાં ઉપકાર માન્યો અને પછી ત્યાંનું સંગ્રહસ્થાન, જે અસલી હન લોકોની કબરોમાંથી મળેલી પુરાણી ચીજોથી મુખ્ય કરી ભરેલું છે તે તેના ભણેલા ડીરેકટરની રાહબરી હેઠળ, એક શીખતા છોકરા માફક, કેટલીક પુરસેશ–પાસોખ સાથે, જોઈ ખુશી થયો અને આવતી કાલે ખુદ કબરો જોઈ કાંઈક વધુ અને નવું જાણવાની આશા રાખી.

અમો હોટેલમાં
શેન્ટીસ શેહેરમાં ગયા અને હાથ મોઢું
આપેલું ખાણું. ધોઈ હું હેઠે ઉતર્યો
કે મારા અત્રે રાખેલા
સામાનય સરેસ્તા પ્રમાણે રાતના ચા અને બે બીસકીટ ખાઈ બીછાણે જાઉં. પણ જોઉં છું તો એક મોટી ટેબલ માંડેલી અને શેહેરના ઉપલા મેયર અને પ્રેસીડન્ટ મને આવકાર આપવા ઉભા હતા અને શેહેર તરફનું આ ખાણું હતું. આસરે ૨૫) જણ હાજર હતા. હવે મને ખબર પડી કે મારી સાથે ટ્રેનમાં બુદાપેસ્ટથી આશરે દસ જણ આવ્યા હતા તે મેયરે બોલાવેલા કેટલાક પરોણા હતા અને વળી ત્રણ ચાર જણાં અને તેમાં એક બાનુ, પ્રેસના પ્રતીનીધીઓ હતાં. શેહેર મને સુંદર ખાણું આપે અને હું ખાણાની મેજ ઉપર મારે માટે ચા અને બીસકીટ માંગું એ કદાચ "ગોજું" ગણાય. તમારે માટે "ફલાણું મંગાઉં અને ફલાણું મંગાઉં" એવી મેહેરબાનીભરી પુછપરછ છતાં મેં મારા અત્રેના નીયમ પ્રમાણે કામ લેવાનું દુરસ્ત ધાર્યું, સબબ કે હલકાં પેટે આસાએશ ભોગવી મારે સવારે હનીક કબરો બરાબર જોવાનું મુખ્ય કામ હતું.

ખાણું શરૂ કરવા આગમજ અત્રેની ત્રણ જવાન બાઈઓ મારી હજુર મને ખરેખરા પુરાણા હંગેરીઅન પોષાકનો ખ્યાલ આપવાને તેવા સુંદર પોષાકમાં આવી અને ફુલનો તોરો મને આપ્યો. તેઓમાંથી એકનાં સુંદર આવકારના શબ્દોનો મને ભાવાર્થ કહેવામાં આવ્યો. મેં તેનો જવાબ આપ્યો અને થોડો વખત તેઓ પણ ટેબલપર બેસી કાંઈક ખાણીપીણી લઈ વીદાય થયાં. કાંઈક આવકારનાં ભાષણો થયાં અને મેં જવાબો આપ્યા. એ ભાષણોમાં એક વર્તમાનપત્રો (journalists) નાં એક પ્રતિનિધિનું ભાષણ હતું, જેણે આપ તરફ ત્યાંના પત્રો તરફની કદરશનાસી જણાવી. મેં જવાબ આપતાં જણાવ્યું

કે હું પણ સંજોગો વચ્ચે જોકે ધંધાદારી (professional) નહીં તોપણ એક શોખનો (amateur) લખનાર હતો અને આ જામે જમશેદમાં આશરે ૪૦ વર્ષ ઉપરથી કાંઇક લખતો આવ્યો છું, એમ કરતાં આ "જામે જમશેદ" શબ્દના અર્થ બાબે મીજલસને સમજાવ્યું કે, આ તરફ જાણીતા થયલા ગાયણકાર વેગનેર (Wagner) ના પારસીફાલ (Parsifal) નામના "ઓપેરા"માં જે મતલબ પવિત્ર કપ (Holy Grail) ધરાવે છે તે મતલબના જેવી નેમ અસલી પાદશાહ જમશેદની જામની ધારવામાં આવતી.

પુરાણા હુન લોકોની કબરોની મુલાકાત.

તા૦ ૨૬ મીની સવાર કાંઇક વર્ષાદ સાથે માઠા ભાગ્યે શરૂ થઇ, તેથી કાંઇક નાઉમેદીભર્યા ચેહરે નિકળ્યા. પણ સારે ભાગ્યે કબરવાળી જગ્યા ચીકલવાળી બનવા છતાં ત્યાં જતાં વર્ષાદ ઉઘડી ગયો અને નવી નવાઇનું જ્ઞાન મેળવવામાં આશરે ત્રણ કલાક પસાર થયા. હંગરીના મુલકમાં અસલી હુનોના ઘણાં કબ્રસ્તાનો છે. પણ આ શેહેરવાળો ભાગ તેઓના વસવાટનું મુખ્ય ઠેકાણું દીસે છે. અહીં આજુબાજુની અને નજદીક અને દુરની જગ્યામાં ઘણાં કબ્રસ્તાનો મળ્યાં છે. અગેના ઉપર જણાવેલાં સંગ્રહસ્થાનના ભણેલા વડા (Director) એ પોતે આશરે દોઢ હજારથી ઉપર કબરોનું ખોદકામ કરાવ્યું છે. આજે તેવણની જાતી મેહેરબાનીભરી રાહબરી હેઠળ કેટલીક કબરો જોઇ, એટલું જ નહીં, પણ એવી પુરાણી કબરોને ધીરજથી કેમ ખોદવામાં આવે છે, તે જોયું. તેવણે પોતે બે કબરો નવી ખોદી, તે ઉપર ધીરજે જે કામ કર્યું તે ઉપરથી નવું જ્ઞાન મેળવી હું અજાયબી સાથે ખુશી થયો.

એક હુશીઆર શસ્ત્રવૈદ (surgeon) નાનાં મોટાં હથીઆરો લઇ જેમ પોતાના દરદી ઉપર સંભાળથી વાઢકાપ (operation) કરે, તેમ કબરમાં જમીન-પર કપડું પાથરી તે ઉપર ગુંથણ મંડી પડી તેવણે કામ કરવા માંડયું. ઉપરનો ભાગ માણસોએ ખોડયો. અનુભવથી એવણ જાણે છે કે કેટલી ઉંડાઇ પછી લાસ મલશે, તેથી કેમ તપાસીને કામ કરવું. જેમ એક માણસ તવંગર હોય તેમ તે પ્રમાણમાં તેની લાસ વધારે ઉંડાઇમાં દાટેલી મળે છે. આ કબરો તપાસીને ખોદવાનું કામ તે માહેલી લાસો કાંઇજ અગતનું છે એમ નથી, પણ તે લાસોની ઉપર મલતી તરેહવાર ચીજો અને તેમાં મલતી સોનારૂપાં યા ત્રાંબા વીગેરેની જણસો માટે અને બીજી ચીજો માટે અગતનું છે. ઘણીક પ્રજાઓ માફક હુન લોકોમાં પણ કાંઇક એવો વિચાર હતો કે મરનારોની લાસો સાથે મરનારની કોઇ માનીતી ચીજો દાટવી તેથી તેવી ચીજો દાટવામાં આવતી. તે ચીજો પણ તપાસી ખોદી કાઢવામાં આવે છે.

ડીરેક્ટર મરનારનાં માથાંની ખોપરીના સંબંધમાં (હુનલોકો પૂર્વ અને દક્ષિણ મોંહ જુએ તેમ દાટતા) પહેલે ઘણી તપાસથી નીચલો ભાગ ઉઘાડતા, ખોપરી દીસે તો બીજાં નાનાં મોટાં હથીઆર વાપરી તેવણ ઘણા નાજુક હાથે તપાસથી કામ લેતા. કાંઇ એરીંગ (ear-ring) યા બીજી જણસ હોય તે તપાસતા, પછી બીજી ચીજો તપાસીને બાહાર કાઢતા. અજબ ધીરજ અને સબુરીથી તેવણ પણ કામ કરતા કે રખેને કાંઇ ચીજ ભાંગી જાય. તેવણ નાજુક હાથે કમરે વાંકા વળી લાંબો વખત કામ કરતા, તે દરમ્યાન હું જે પુછપરછ કરતો તે મીઠાસથી સમજાવતા. આ દિવસે મેં કેટલુંક નવું જ્ઞાન મેળવી ત્રણ કલાકો અહીં પસાર કીધા.

આપણામાં મોટી ઉમરના માણસો માટે કેહેતી છે કે તેઓ એક પગ કબરમાં (with one foot in the grave) એવી હાલતે આવ્યા છે હું ઉપર ઉમેરીને તેવણનું ધીરજભર્યું કામ જોઇ અને તેવણ ખોપરી અને હાડકાં અને સુના

રૂમાં વીગેરેની ચીજો ખોદી કાઢી મને જોવાને ઉપર આપતા, તે તપાસતો, ત્યારે તેની સાથે સાથે મને મરણ બાબે અને આ મરનારો બાબે કોઇક ગંભીર વિચારો પણ આવતા. કદાચ હું કોઇ વખત કોઇને જરા "ચેરો છોકરો" થતો દીસું. પણ કોઇ વખત અજબ જીગ્નાસા મને કાંઇક "ચેરો છોકરો" હોઉં એમ કરે છે. આ વખતે મને વિચાર આવ્યો કે મારે મારો એક પગ નહીં પણ બંને પગો કબરમાં મેલવા. તેથી કાંઇક દરગુજર ચાહી કબરમાં ઉતરવાની પરવાનગી માગી. ડીરેકટરે ખુશીથી તે આપી અને હું એક કબર જેમાં તેવણુ કામ કરતા હતા અને તે ઉપલી સપાટીથી આસરે આઠ દસ ફીટ ઉંડી હતી તેમાં ખોદનારાઓની કાંઇક અજાયબી વચ્ચે ઉતર્યો. મને અંદર બેસવા માટે એક નાની લાકડાંની બેઠક આપવામાં આવી. આસરે દસ પંદર મીનીટ મેં તેમાં પસાર કીધી. તે જીંદગીની મીનીટોમાંની કોઇક આગતની મીનીટો લાગી. એક હાથ ઉપર હું તેવણુનું ધીરજભર્યું નાજુક હુંથનું કામ વધારે નજદીકીથી જોતો અને બીજા હાથ ઉપર કાંઇક ગંભીર ખ્યાલોમાં મનને રમતું મેલતો. સેવટે મરનારોનાં રૂહને શાંતી ઇચ્છી, તેઓની કબરમાં તેઓનાં શરીરના કોઇ ભાગ ઉપર પગ મેલવાની તકસીર થઇ હોય તો તે માટે દરગુજર ચાહી, અને જ્યારે ખરેખર અવલ મંજલે બંને પગે જવાનો મારો વખત આવે ત્યારે શરમ આબરૂ સાથે અને અંતઃકરણના સંતોષ સાથે જવાને તે સાહેબ શક્તીવાન કરે એવી દુવા સાથે બાહાર નિકળ્યો. હવે બાર વાગા હતા અને શેહેર ભણી જઇ હોટેલમાં જમી બે વાગેની ટ્રેન પાછી બુડાપેસ્ટ આવવા માટે પકડવાની હતી.

એક ખેડુતની મેહેમાનદારી—તેવણુંનાં ઘરમાં નાસ્તા.

ઘરથી સવારનાં સરેસ્તા પ્રમાણે નાસ્તો કરી નિકળ્યો હતો. પણ કબરો ઉપર કેટલાક વખત પસાર કરવા બાદ જણાવવામાં આવ્યું કે આ કબ્રસ્તાનની જમીનનો ખેડુત માલીક ઇચ્છે છે કે અમો એવણુને ત્યાં કાંઇક નાસ્તો કરવા જવું. અમો ગયા. ડીરેકટર પણ અમારી સાથે થોડોકવાર આસાએશ માટે આવ્યા. ભલી ભલાઇઓથી ભરપુર આ ખેડુત બાઇના ઘરમાં આસરે સાઠદસ કલાકે લીધેલો નાસ્તો પણ કોઇક નાસ્તાઓમાંના નાસ્તા તરીકે યાદ રહેશે. આસરે ૩૬ વર્ષની વાત પર ઓફીસમાં મેરેપોનની જંગલમીપર એવા એક ખેડુત —જે એવણુ કરતાં ઘણો ગરીબ ખેડુત હતો તેના ઘરમાં બપોરે લીધેલું ભોજન હજુર પણ મારા મોંહમાં તેની સાથનાં સંબંધોનેલીધે પાણી છુટાડે છે.

આ ભલા ખેડુતે નાસ્તામાં સર્વ પોતાની જમીન ઉપર મળતું જ મેલ્યું હતું. દુધ દહીં, મધ અને ઘરમાંજ બનાવેલું પાઉં અને મેવામાં અગેના રસીલાં પેર એવો સુંદર સાદો સ્વાદીષ્ટ નાસ્તો આપ્યો. તેઓ સાથે મેલાયલા વિચારો સાથે આ એક ઘણો ઉમદા તવંગર નાસ્તો હતો. ઘરનાં બનાવેલાં દહીં અને એવણુની જમીનપરનાં મધ મને ઘણો મગમગતો મીઠાશ આપ્યો. પેર તો આપણા કુલુથી આવતાં પેરો કરતાં બમણાં કદનાં મોટાં હતાં.

બુડાપેસ્ટ શેહેરમાં જોવા લાયક જગ્યાઓ.

મારી પોતાનાં મત્રેનાં કામ માટે કાંઇક ખોલી આ શેહેર માટે બે બોલ બોલીશ. પેલા અંગ્રેજી શબ્દો પ્રમાણે બોલ્યે તો "Budapest hides its light under the Bushel" એટલે બુડાપેસ્ટ જાણે શરમાળ થઇ પોતાની સુંદરતા છુપાવે છે. યુરોપ તરફના સફરીઓ આ સુંદર શેહેરને પોતાની સફરમાં જોવાનું ભુલી કાંઇક જોવાલાયક જોવાની તક ગુમાવે છે. આ શેહેર દુન્યાનાં સુંદર ગણાતાં શેહેરોમાં એક સુંદર શેહેર ગણાય છે. તેના મોટા ફરાખ રસ્તાઓ અને તેનું

પાર્લામેન્ટ હાઉસ આપણાં લંડનને વીસરાવે એવાં છે. ડેન્યુબ નદીના સુંદર કિનારે આવેલું તેનું મોટું પાર્લામેન્ટ હાઉસ તેના સુંદર ગુંબજ સમાન ભાગ (cupola) સાથે કોઇપણ શેહેરનાં પાર્લામેન્ટને ટક્કર મારે તેવું છે. તેની ડેન્યુબ ઉપરના પુલોમાંનો એક વચમાં કાંઇ પણ સ્તંભ વગર એકજ સ્પાન (Span) ઉપર બાંધેલો પુલ મોટામાં મોટો પુલ ગણાય છે. તેની ડેન્યુબ નદી શેહેર બહાર અને ખાસકરી પહાડોમાં અતી સુંદર દીસે છે. પણ તે ખુદ શેહેરમાં પણ તેના બુલંદ પાટસ.થે સુંદર જણાય છે. અવસ્તામાં યાદ કરેલા દાનુ લોકોની આ નદી (આબ) ને હોટેલમાંનાં મારા ઓરડાની ગેલેરી ઉપરથી મારી અર્દવીસુર નિઆએશ ભણતાં મેં કેટલાક દિવસો સુધી જોઇ છે.

વળી આ શેહેરનાં જુદાં જુદાં મ્યુઝીઅમમાં હંગરીની પુરાણી અને તેમાં વળી પુરાણા હન લોકોની ઘણીક જોવા અને જાણવાલાયક ચીજો આપણને દેખાડવામાં આવે છે.

અસલી હંગેરીઅન નાચ.

આસરે પચીસ ત્રીસ ભલા ભાઇઓ અને બાઇઓએ મને અસલી હંગેરીઅન ગાયણ અને નાચનો ખ્યાલ આપવા તા૦ ૨૭ મીએ રાત્રે ૯ વાગે મારાં હોટેલના દીવાનખાનામાં એક મેળાવડો કર્યો હતો. તેઓએ પીવાના ઉપર એકાદ બે પુરાણાં ગાયણોનો ખ્યાલ આપ્યો હતો. વળી એક બાઇએ મારા માટે પોતે જોડેલી કવીતા ગાઇ સંભળાવી હતી એક ભણેલા પાદરી, જેવણે મારા તરફ એકાદ બીજી જગ્યાએ પણ પ્રેમ દેખાડયો હતો, તેવણે પણ કવીતા જોડી હતી, જે એક બીજી બાઇએ ગાઇ સંભળાવી હતી.

મારે માટે વધારે શાની મોજ આપનાર એક પુરાણો હંગેરીઅન નાચ હતો. નાચો તો અવારનવાર કેટલાક જોયા છે. તે બાબે હું આગળ કાંઇક બોલ્યો છું. પણ આ નવાઇ જેવો પુરાણો સુંદર સાદો નાચ હતો. આસરે ૫૫ વર્ષની ઉમરના એક મજબુત પેહેલવાની કદના ગ્રહસ્થ અસલી હંગેરીઅન લડવૈયાના પોષાકમાં બાજુએ તલવાર લટકાવી આવ્યા હતા. તેવણની સાથે નાચમાં ભાગ લેનાર તેવણના બહેનનાં જવાન છોકરી હતી, જેણી ફ્રેંચ જાણતી હોવાથી મેહેરબાની કરી તેણીએ પેહેલે દિવસે દેવળની ધાર્મિક ક્રિયામાં અને બીજી એકાદ જગ્યાએ રાહબર અને દુભાસીયા તરીકે મને મદદ કીધી હતી. આ બાઇની ઉમર આસરે ૨૦) વર્ષની હશે. તેવણ અસલી હંગેરીઅન છોકરીના પોષાકમાં હતાં. આ મામા અને ભાણેજીનો પોષાક અસલી હન લોકોના વખતના પોષાકનો ખ્યાલ આપતો.

હરે વાતચીતના બે પ્રકાર હોય છે. તે બોલાતી અને વગર બોલાતી યાને નીશાણીઓ યા ચેનચાળા સાથની એમ બે પ્રકારની હોય છે. આ મામા ભાણેજીનો નાચ જાણે એક પ્રકારની વાતચીત હતી. તેઓ કોઇ વખત એકમેકથી દુર રહી નાચની હીલચાલથી જાણે વાત કરતાં હતાં, તો કોઇ વખત બાપ દીકરી માફક એકમેકને ભેટી નાચમાં જાણે વાત કરતાં હતાં આ પુરાણા સાદા નાચો, જેઓએ ધાર્મિક રૂપ લીધેલું, તેનો નમુનો હતો. જ્યારે એઓ અહીં મને શાની મજાહ આપવા માટે આટલી બધી તસદી લીધી હતી, ત્યારે મેં પણ મારા તરફથી એઓને કાંઇ શાની મજાહ આપવાનું દુરસ્ત ધાર્યું અને અસલી યુનાની એનેક્રીઓન (Anacreon) અને ઇરાની હાફેઝ અને પેલા જર્મન હાફેઝ ગીએટે ઉપર અને પૂર્વ તરફના કોઇ ભેદી ખ્યાલો (mysticism) ઉપર થોડુંક વીવેચન કર્યું એ બાબતની એક ફારસી ગજલ ગાઇ સંભળાવી, તેનો અર્થ સમજાવ્યો, જે એક ગ્રહસ્થે તેઓને તેઓની ભાષામાં સમજાવ્યો. તે તેઓને ઘણું પસંદ પડયું. દસ પંદર જણું

એક પછી એક ઉઠી મારા આગળ આવી પૂર્વ ભણીના આવાં કોઇક લખાણોના ખુલાસા આપે અને ગમ માટે પોતાની ખુશી જાહેર કરી. એકાદ બાઇએ મુબારકબાદી આપી કે હું આવી વયે પણ સારો (rich) અવાજ જાળવી શકયો છું અને જણાવ્યું કે જવાન વયે તે કેટલો વધારે સારો હશે. મેં જણાવ્યું કે અલબત્તે ઉમર પ્રમાણે મારા અવાજનો પોકાર (loudness) મેં થોડોક ખોયો છે. પણ ખુદાની મહેરથી આપણા ભણતરની ગાયણરૂપી (singsong) ઢબ સબબે હું રાગ જાળવી શકયો છું, અને જોકે હું ગાયણની એ, બી, સી, જાણતો નથી, તોપણ કોઇ ગજલો અને કાવ્ય જેવાં લખાણો કાંઇક સુંદર રીતે ગાઇ શકું છું. મારાં ભાષણ દરમ્યાન પણ દલીલ આપનારા અવસ્તાના ફકરા અને ફીરદોસીના શાહનામાનો ફકરો મેં ગાયણરૂપે બોલી સંભળાવ્યા હતા.

આ મેહેરબાનીભર્યા આવકારના મેળાવડામાં અને અત્રે બીજી જગ્યાએ "રીફ્રેશમેન્ટ"માં એક ચીજે મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું તે આ તરફના તરબુચનો ઉપયોગ છે. આપણે આપણા ગરમ મુલકમાં ખાસકરી રાત્રે તરબુચ ખાવાને ડરીએ કે સરદી કરે, પણ અત્રે રાત્રે ૧૧) વાગે પણ રીફ્રેશમેન્ટમાં તરબુચ મોટો ભાગ લેવું, પણ તરબુચ પણ કેવાં સુંદર કે જાણે એક તસુના પણ ફેર વગર લાલ કંજર જેવાં અને જાણે આંખે ઉડી વળગી આપણને લલચાવે.

મારા મેહેમાનોને વધુ મોજ ભોગવતાં મેલી હું ઉપકાર માની જલદીથી વીદાય થયો.

વળી આ છેલ્લા મેળાવડાની આગમજ તા૦ ૨૪ મીએ રાત્રે આસરે પચાસ ગ્રહસ્થોએ ખાણાંનો મેળાવડો કરી મને જમવા બોલાવ્યો હતો. હું આજે સાંજે બુદાપેસ્ટ બર્લીન માટે છોડું છું. ખુદાતાલાની મેહેરબાનીથી મેં અત્રે એક અઠવાડયું સુંદર મેહેમાનદારી ભોગવી અને પુરાણા હન તાયફા માટે કાંઇક વધુ જ્ઞાન મેળવી પસાર કર્યું છે. હુંગરીએ મારા કોઇક ગરીબ અભ્યાસ ખાતર મને ખરાં દીલથી ચાહ્યો છે અને આગતાસ્વાગતા કરી છે. તે છોડતાં મારી તે દાદાર હજુર એવી તદન નહીં ધારેલી મેહેરબાની માટે ઉપકાર સાથે આ દુઆ છે કે હુંગરીએ પોતાની રાજધાની મારફતે અને બીજાં એકાદ શેહેર મારફતે મને ચાહયો છે તો ખુદાતાલા આ મુલકને આપણી આફ્રીનનં દુઆના શબ્દોમાં બોલું તો એક કદમ બારસો કદમ (દો વીસ્તો ગામ) આપે. તેના ભલા તુરાનીઅન વડીલોના ફરોહરો તેઓ ઉપર સર્વ આશીર્વાદ વરસાવી તેઓને તેઓની ચડતી માટે ભલી પ્રેરણા આપે

ના૦ ૨૭, કેલવીન આસે, બર્લીન,
તા૦ ૧ લી સેપટેમ્બર ૧૯૨૫.

બર્લીન.

તા૦ ૨૭ મીએ બુદાપેસ્ટથી સાંજે આસરે ૮) કલાકે નિકળેલો તા૦ ૨૮ મીએ સાંજે ૫) કલાકે બર્લીન આવી પહોંચ્યો છું. છેલ્લી લડાઇ પછી યુરોપમાં પાસપોર્ટની ખટપટ અતીઘણી વધી છે. તમો એક દેશથી બીજે દેશ જાઓ અને તેમ જતાં તમારી ત્રેન જો કોઇ બીજાં રાજ્યનાં દેશમાંથી—પછી તેના નાના ભાગમાંથી વટીક—પસાર થતી હોય તો તે દેશના રાજ્યની પણ પાસપોર્ટ યા તમારી પાસપોર્ટ ઉપર "વીઝ" મેળવવી જોઇએ. બરાબર સમજવા માટે આપણા દેશનો એક દાખલો આપું કે તમો મુંબઇથી અમદાવાદ જવાના હોવ તો તમારા માર્ગમાં સચીનના નાના રાજ્યનો થોડો મુલક અને ગાયકવાડ સરકારનો મુલક પસાર કરવો પડે તો તે મુલકોની પણ પાસપોર્ટપર "વીઝ" મેળવવી જોઇએ. એમ અહીં બુદાપેસ્ટ અને બર્લીન વચ્ચે અને બર્લીન અને રશીઆ વચ્ચે દરેક હદ્દા ઉપર નાના નાના બે મળી ચાર રાજ્યો આવે માટે તેઓની પરવાનગી

મેળવવી જોઇએ. વળી કેટે તો તમો એક મુલકમાં દાખલ થાઓ ત્યારે તેમ વળી તે મુલક છોડી જાઓ ત્યારે સામાન જગાત માટે તપાસે. એમ બુદાપેસ્ટ અને બર્લીન વચ્ચે અનેક વખત પાસપોર્ટની અને સામાન તપાસવાની માગણી થાય છે. એમ પાસપોર્ટની ગોઠવણ મુલકે મુલક કરવામાં કોઇવાર કીમતી વખત જાય છે. પેહેલે બ્રીટીશ કોનસલની પરવાનગી અને પછી નવા મુલકના કોનસલની "વીઝ" મેળવવી પડે છે. પેહેલેથી વીચાર કરી જવાના હોયે કે નહી, તોપણ બનતાં સુધી ખબર કાઢી સર્વ રાજ્યોનાં નામ પાસપોર્ટપર મુંબઇ માંજ દામલ કરાવી લેવાં જોઇએ.

બર્લીનમાં એક પારસી કુટુંબ.

બર્લીનમાં મને જાણે મારા ઘર સમાન ઉતારો અને રાહત મળી હતી. ત્યાં મારાં બહેનનાં છોકરી પોતાના ખાવીંદ પ્રોફેસર અરદેશર મનચેરજી વાછા સાથે રહે છે. પ્રોફેસર વાછા એક ભણેલા બાપના એક ભણેલા ભલા બેટા છે. આપણા શેહેરના એક આગલા જાણીતા અવસ્તા ભાષાના અભ્યાસી એરવદ મનચેરજી શાપુરજી વાછાના તેવણ બેટા થાય છે અને આસરે બત્રીસ વર્ષ થયાં અત્રેનાં કેળવણી ખાતાંમાં ફારસી જબાનની કેળવણી આપે છે. એવણ આપણી બોમ્બે યુનીવર્સીટીના ગ્રેજ્યુએટ છે અને મરહુમ પ્રીનસીપલ ઓકસેનહેમની સીફારસ સાથે અત્રે આવવા બાદ આ મોટાં શેહેરનાં મોટાં કેળવણી ખાતાંને સંતોષ આપી પોતાનું કામ બજાવે છે. એવણનું મકાન બર્લીન આવતા જતા કોઇક પારસીભાઇઓનું નાના પ્રકારનું મેલાપ અને પુછપરછ કાજેનું મકાન (rendez-vous) થઇ પડયું છે. મારાં આ બેઠીઓને ત્યાં ઉતારો લેતાં જાણે મારે પોતાને મકાને આવ્યો હોઉં તેમ લાગ્યું. મારી ભાણેજી અને ભાણેજ જમાઇ અને તેવણનાં બચ્ચાંઓને લાંબે વખતે જોઇ મારી ગોદમાં દાબતાં મને ઘણી ખુશી ઉપજી. ખુબસુરત માતપીતાને ત્યાં જન્મેલાં અને અહીંની સુંદર હવામાં ઉછરેલાં બચ્ચાંઓ ચંચળ અને આસુદાં ઉછર્યાં છે. સર્વ છોકરાંઓનો અહીંજ જન્મ થયો છે અને એકાદ બે વખત મુંબઇ આવજાવ કરવા સીવાય અહીંજ ઉછર્યાં છે. બેટો અહીં ઉછરી કુળવાઇ અમેરીકા ધંધાસર ગયો છે. અત્રેના લાંબા વસવાટ છતાં માતપીતા પોતાની કોમ માટે મગરૂરી અને ભાવ ધરાવી પોતાની બેટીઓને કોઇ લાયક પારસી ભરથારો સાથેજ પરણાવવા ઇચ્છે છે. બે બેટીઓ પરણવા લાયક ઉમરની થઇ છે અને હું ધારૂં છું કે તેણીઓના હાથ જીતનાર કોઇ પારસી જવાનો ભાગ્યશાળી થઇ પડશે. બે છોકરીઓ થોડા વખતમાં મુંબઇ આવનાર છે. સર્વ છોકરીઓ શુદ્ધ જર્મન બોલે છે. તેઓ વળી અંગ્રેજી પણ બોલે છે અને થોડુંક ગુજરાતી પણ બોલે છે, જે થોડા વખતના મુંબઇના વસવાટથી વધારે સારૂં ગુજરાતી બોલશે. માબાપે ઘણાક યુરોપીઅન માબાપો માફક બેટીઓને સારી ઘરસંસારી કેળવણી આપી છે અને સાદાઇમાં ઉછેરી છે. એઓને સફાઇથી જર્મન બોલતાં હું મારા પોતા માટે બળાપો કરતો હતો અને દલગીર થતો હતો કે જર્મન ભાષાના અભ્યાસમાં હું આગળ વધવાને બદલે સામો પાછો હઠયો હતો.

કાંઇક આગલી યાદ.

મરહુમ ડા૦ સોરાબ ખરસેદજી નરીમાન અને મેં એક જર્મન શીક્ષક મી૦ લોરેન્સ આગળ મુંબઇમાં ૧૮૮૫ યા ૧૮૮૬ માં જર્મન ભાષા શીખવા માંડી હતી. ત્યાર પછી જ્યારે સ૦ જમશેદજી મદ્રેસામાં એ ભાષા (હાલના દસ્તુરજી દારાબજીના ગુરૂપદ હેઠળ શીખાડવા માંડી, ત્યારે ૧૦૦) માર્કમાંથી હું ૮૮) માર્ક સેન્ટ ઝેવીઅરસ કોલેજના એક ઉસ્તાદને હાથે લેવાયલી પરીક્ષામાં મેળવી શકયો હતો. ૩૬) વર્ષની મારી યુરોપની

સફરની એક રાત મને યાદ આવે છે કે જ્યારે તે વખતનાં મારાં એ ભાષાનાં થોડાંક જ્ઞાનથી આસરે ચારસોથી પાંચસો રૂપીઆ મ્યુનીખ ખાતે બચાવી શકયો હતો. મારાં હોટલની ચેમબર-મેડ આવીને જર્મનમાં કહ્યું કે "સાઇટ સાઇટ" એટલે "વખત વખત" એટલે સ્ટેશનપર જવા હોટેલની બસ આવી ઉભી છે અને વખત થઇ જવા આવ્યો છે. હું ગભરાઇ ગયો હતો સબબ કે તૈયાર થતાં છેલ્લી ઘડીએ મને માલમ પડયું કે, કુક કું૦ પાસે પેરીસથી મુંબઇ સુધીની, યુરોપનાં શહેરોની અને કોન્સ્ટાન્ટીનોપલ, એથન્સ, ઇજીપ્તના માર્ગની ટીકીટો લીધી હતી, તેનો આસરે ઉપલી કીમતનો ભાગ કેટે પડી ગયો હતો. મને એવો ખ્યાલ આવ્યો કે હું પ્રોફેસર ગાઇગરને મલવા ગયો હતો, ત્યાં પોકેટ બુક કહાડી હતી, તેથી ત્યાં તે પડી ગયો હશે. પણ જ્યારે પેલી મેડે આવી વખત થઇ જવા સબબે ઉપર પ્રમાણે તાકીદ કરી ત્યારે મારી થોડીક ભાંગીતુટી જર્મનમાં કહ્યું કે "Ich habe meinen billet verloren" એટલે મારી ટીકીટ ખોઇવાઇ ગઇ છે. જાણે ખુદાએ યારી આપવા ફરેસ્તો મોકલી આપ્યો હોય તેમ ટેબલ પરથી મીણબતી લઇ ઓરડામાં ખોલી તે ટીકીટનું બંડલ તે બાઇએ શોધી આપ્યું. મારાં એ ભાષાના થોડાક જ્ઞાને મને તે વખતે આ અને બીજી રીતે યારી આપી હતી. માઠાં ભાગયે તે મેળવેલાં જ્ઞાનને મેં બીજા અભ્યાસ અને ઓફીસનાં ભારી કામ વચ્ચે વીટાવા દીધું તે માટે શરમીંદગી લાગે છે. મારાં આગલાં પુસ્તકો, A Dictionary of Avestic Proper Names અને પેહલવી યાદગારે ઝરીરાનનાં અને શગોઇહા એ ઇરાનના તરજુમા વગેરે માટે તે આગલું જ્ઞાન ઘણું ઉપયોગી થઈ પડયું હતું. કમનસીબે આપણાં અભ્યાસીઓને અભ્યાસને ખાતરજ અભ્યાસમાંજ જીંદગી ગુજારવાનાં પુરતાં સાધન નથી. તેઓએ પોતાનાં અને કુટુંબનાં ગુજરાન અર્થે બીજી જગાએ જોવું પડે છે. તેથી તે બીજાં કામ બાદના ફુરસદના કોઇક કલાકો અને તેહવારોજ અભ્યાસ માટે કામ લાગે છે. આ સબબે હું હમેશાં ઓફીસના તેહેવારો તરફ બચ્ચાંઓના ભાવ સાથે જોઉં છું. મારી ફ્રૅટાઇ ગયલી જર્મનના સબબે અને તેણીની અત્રેની માહીતગારીના સબબે, મારી એક નાની ભાણેજી તેહેમાના કોઇક કામ માટે મારી સાથે આવી મારી જાણે guide, friend and philosopher માફક રેહબર થઇ પડી હતી. આ તેહેમીના નામે મને મારી દીકરી તેહેમીનાની યાદ આપી હતી કે જેણીને મેં તેહેમીના નામ આ સબબે આપ્યું હતું કે તેણીના જન્મ વખતે અંદેરીનાં તે વખતના મારા "ધી સ્ટડી" નામના નાના બંગલામાં "રૂસ્તમ અને તેહેમીના"ના દાસ્તાનનો, મરહુમ મી૦ કેખશરૂ ન. કાબરાજીની એહતેમામ ઉપરથી, લેવણનાં શોધખોળ માટેની "શાહનામાની સુંદરીઓ" વાળી માળા કાજે અભ્યાસ કરતો હતો.

મુંબઇથી નિકળવા બાદ આસરે સાડાચાર મહીને હું એક પારસી ઘરમાં પારસી રૂ તે આતશ હુજુર નીઆએશ કરી શકયો છું. પરમ દિવસથી આપણા મુકતાદના પવિત્ર દિવસો શરૂ થાય છે તે દિવસોના શરૂઆતના ત્રણ દિવસો અત્રે મને ફુલફળ સાથે માગં ગુજરેલાં વહાલાંઓને યાદ કરવાને મળ્યા છે તે કાજે હું ખુશી છું. હવે કાલથી રશીઆ તરફ જતાં ત્રેનમાં બે દિવસ તો આજુ-બાજુની કુદરતનાં ઝાડપાનોને ફુલફળનાં સ્થળો મળી બણતાં સંતોષ લેવાનો છે. મારી જીંદગીમાં આ બીજીવાર મારા મુકતાદના દિવસો હું દેશ બહાર કાઢું છું. આગલી સફર વેળા તે નોર્વે અને સ્વીડનના ઉત્તરના ઠંડા દેશોમાં ગુજાર્યા હતા. આ વખત પણ તે દિવસો હું ઉત્તર તરફના રશીઆ જેવા ઠંડા મુલકમાં ગુજારીશ. માણસજાતની પેહલી વસ્તીનું પારણું (cradle) ક્યાં હતું. તે બાબે વિદ્વાનો તરેહવાર વિચારો જણાવે છે.

કોઇ તેને સ્વીડનમાં તો કોઇ રશીઆમાં પણ મેળે છે. આપણા અવસ્તામાં તે પારણું આરીઆન પ્રજાના "અઇર્યન-વએજ" તરીકે દસ મહીના ઠંડીના અને બે મહીના ગરમીના એવા કોઇ ઠંડા મુલકમાં જણાવે છે. રશીઆનાં ઠંડા મુલક તરફ જતાં એવાં કોઇ ઠંડા મુલકના પારણાની યાદ આવે છે.

આ વખતે મુકતાદના થોડાક પણ દિવસો અત્રે એક પારસી ઘરમાં અને તે પણ નજદીકના ખેશીનાં ઘરમાં પસાર કરતાં અને ગુજરેલાંઓને ભણતરમાં યાદ કરતાં મારા વિચારો મુંબઇ તરફ મોકલું છું. આ મુકતાદના દિવસો મારે મનથી દર સાલ જાણે "ટોનીક" (tonic) મિસાલના દસ દહાડાઓ બણું છું. એટલા દિવસ સવારે આફ્રીનગાન ભણી અને રાત્રે મારાં કુટુંબ સાથે આતશ સનમુખ મારાં બેટીઓએ પોતાને હાથે પકાવેલાં સાદાં ખાણાં ઉપર સતુમ ભણી તેઓ સાથે મારી જોડેલી અને બીજી હમબંદગીની મોનાજાતો વીગેરે ગાઇ હું આખાં સાલ માટે જાણે પ્રેરણા લઉં છું. આ સાલ હું તેમ જાતે કરી શકયો નથી, પણ મારા વિચારો હું તે સવાર સાંજના અવસર ઉપર આવાગનવાર મોકલું છું. આ સાલ "ફુલ નહી તો ફુલની પાંખડી" માફક મારી ભલી ભાણુજીને ત્યાં એમ કાંઇક ભણવાથી થોડોક સંતોષ લઉં છું. ખુદા કરેને તે વહાલાં ગુજરેલાંઓ મને પ્રેરણા આપતાં રહે.

બર્લીનની સેહેલ. બર્લીન યુરોપનાં મોટાં શહેરોમાંનું એક આગેવાન અને સુંદર શહેર છે અને તેને માજી કયસર વીલીઅમે વધારે આગેવાન અને સુંદર બનાવ્યું છે. તેના માહયો લાંબા ફ્રેદરીક આસે, ઉન્ટેર લીનડેન વગેરેના સીધા, મોટા અને ક્રાંસના બુલેવાર સમાન રસ્તાઓ લંડનને અને ખુદ પારીસને ટક્કર મારે એવા પોહોળા અને સુંદર છે. તેનો શાર્લોટેનબર્ગવાળો ભાગ તેની સુંદરતામાં કેટલોક હિસ્સો આપે છે. છુટો છુટો ફરવા ઉપરાંત એક સવારે ૧૦-૩૦ થી બપોરે ૧) વાગા સુધીની કુકની પારટી સાથની સેહેલ તેનો સારો ખ્યાલ આપ્યો છે. આ સેહેલમાં ફરતાં ગાઇડને મોંઢેથી અહી અને તહીં અનેક વખત સંભળાતું માજી કયસરનું નામ આપણને આ દુન્યાના કાળચક્ર ઉપર કાંઇ ગંભીર વિચારો કરતા મેલે છે. અમારો ગાઇડ માર્ગમાં ઘણાંક મ્યુઝીઅમો, મેહેલો, નામીચી ઇમારતો વગેરે દેખાડતાં જાણે બર્લીનનું દાસ્તાન કહેતો હતો. હું એક પારસી તરીકે મારા ઇરાન દેશના અને મારી દીનનાં શીક્ષણ પ્રમાણે—કોઇ ખાસ સંજોગોનો અપવાદ નહી હોય તો—એક પ્રજાસતાક ઝુંડા કરતાં એક પાદશાહી ઝુંડાને વધુ પસંદ કરૂં છું. યુરોપના એના વખતના સર્વ રાજાઓમાં માજી કયસર એક ધર્મી અને ખુદાને હમેશ યાદ કરનાર શાહાનશાહ (a praying Emperor) ગણાયો છે. શાહ જમશીદ, જે પણ એક ધર્મી પાદશાહ હતો અને પોતે પાદશાહ હોવા સાથે મોબેદ પણ હોવા માટે ખુશી દેખાડતો હતો (મનમ શેહરયારી આ હમ મુબદી), તેની માફક ધાર્મીકપણા છતાં કોઇક કહેવાતી ગરૂરીને તે શરણ થયો હતો. જ્યારે તેના પોટસડેમ (Potsdam) ના મેહેલમાં મેં સીકંદરનું ચિત્ર જોયું, ત્યારે મને યાદ આવ્યું કે મરહુમ લૉર્ડ કરઝને છેલ્લી લડાઇ વખતે તેને નેપોલીઅનની કાંઇક નકલ કરવાના તેના ભાવના સબબ ઘેર ચઢાવેલો (પીચબેક) નેપોલીઅન કહ્યો હતો અને ખુદ નેપોલીઅન પોતે અર્ધો સીકંદર (Half Alexander) ગણાતો. નેપોલીઅન માફક પેહેલા પ્રકારની પ્રખ્યાતી બાદ તેની પડતી આવી. પણ કેટલીક વખત કહેવાય છે તેમ "ફાવ્યો ડાહ્યો." આપણે ધીરજથી વિચાર કર્યે છિએ તો જોઇએ છિએ કે પોતાના દેશ અને પ્રજા માટે તે ઉંચા પ્રકારનું દેશાભીમાન ધગવતો અને પોતાના દેશની ક્રિર્તિમાં

પોતાની ફ્રાંત માનતો. પણ તેવો જ્યાંસુધી કેટલીક રીતે હદબહાર લઇ જઇ પોતે રાજ ભુલ્યો. જર્મની હાર્યું છે પણ જ્યારે આવવાને દિવસેજ રાતે આસરે આઠ વાગે તેના કોઇક મોટા રસ્તા ઉપર મેં લતાર મારી તો એક પરદેશી તરીકે મને લાગ્યું કે અત્રે ચાલતા રંગરાગ તરફ અને જાણે દીવાળી હોય તેવી રોશની તરફ જોતાં. પેહેલી નજરે કોઇ ધારે નહી કે બર્લીન એક હાર ખાધેલા મુલકનું પાયતખ્ત છે. પણ અત્રેના જાણકાર રહીશો કહે છે કે આગલું રોશન બર્લીન ક્યાં અને હાલનું બર્લીન ક્યાં?

પેહેલા પ્રકારની ચઢતી બાદની પડતી છતાં નેપોલીઅન બોનાપાર્ટનાં નામ, કામ, કિર્તિ તરફ મારી ફીદાગીરી છે. તેવી નહી તો તેના જેવી કાંઇક ફીદાગીરીથી નાખતી ફરી માજી કયસર તરફ ઘણાંકો જોવાનું ચાલુ રાખતે. પણ જ્યારે દેશ અને પ્રજા પોતાની પડતી માટે આંસુ રેડતાં, ત્યારે હાર પછી થોડા વખતમાં અને વળી પોતાની પરણિતર પેહેલી રાણીનાં મરણ બાદ થોડા વખતમાં, આ પડી ભાગેલા શાહાનશાહને બીજાં લગ્ન કરવાની દોડાદોડીમાં પડેલો જોયો, ત્યારે એના તરફના ભાવને કાંઇક મજબુત આંચકો લાગ્યો. અત્રે પણ હું કાંઇક જાણી શક્યો છું તેમ એની એ દોડાદોડીએ એની પ્રજાને એના તરફના માનના સંબંધમાં મોટો આંચકો લગાડયો છે.

પોટસડેમ. અત્રે ગુજારેલી પાંચ રાતો અને ચાર આખા દિવસોમાં એક દિવસ પડોશમાં ત્રણ કલાકના ત્રેનના રસ્તા ઉપર આવેલાં લાઇપઝીગ શેહેરને અને એક પાછલા પેહોરે પોટસડેમને આપ્યો હતો. બર્લીન અને પોટસડેમને ૧૮૮૯ ના સાલની સફર દરમ્યાન વધારે સારી રીતે જોયાં હતાં. તે વખતની યાદમાં પોટસડેમે વધારે છાપ સારી હતો. જે જગ્યા વીંડસરનો મેહેલ ઇંગલાંડના રાજાના મેહેલોમાં લીએ છે, તે જગ્યા કેટલીક હદે પોટસડેમનો મેહેલ જર્મનીના રાજાના મેહેલોમાં લે છે. પોટસડેમનો મેહેલ જાણે જર્મન મેહેલોનું નાક છે અને તેમાં એ મેહેલમાં શેલ-રૂમ (shell-room) તરીકે ગણાતું દીવાનખાનું જાણે નાકની ટોંચ છે. કિમતી દર્યાઇ શેલો અને કિમતી જરજવાહેરના પત્થરોથી આ દીવાનખાનું શણગારેલું છે. બર્લીન આવનારા ભાઇઓ માટે પોટસડેમ આસરે એક કલાકની આગગાડીની મંજલ કરી જોવાલાયક છે. તેના મોટા સુંદર પાર્કો આ નાક અને નાકની ટોંચને શોભાવનાર ચેહેરા સમાન છે. નહી ધારેલી રીતે જે ભલાં એશી કુટુંબની મેહેરબાનીથી સાથમાં આગલા એકાદ પત્રમાં જણાવવા મુજબ મેં નોર્વેના નોર્થ કેપ તરફની સફર કીધી હતી, તે કુટુંબ ફરતું ફરતું અત્રે આજ વખતે આવી લાગ્યું છે. તેઓની સંગતમાં આ ગુજાર પોટસડેમની અને લાઇપઝીગની મેં મુલાકાત લીધી છે. તેઓ હોટેલમાં જુદાં ઉતર્યાં છે, પણ સર્વે સગાંવહાલાંઓને અત્રે નહીં ધારેલાં સાથે મળેલાં અને એકાદ બે વખત ભાણેજ જમાઇને ત્યાં એક પાંતે રોટલીનો ભુક ભાંજતાં જોઇ મને ખુશી ઉપજી છે.

લાઇપઝીગ. આ શેહેર બર્લીનથી ત્રેન મારફતે આસરે ત્રણ કલાકના માર્ગપર છે. તે એક યુનીવર્સીટી ટાઉન તરીકે અને આપણી પૂર્વ ભણીની ભાષાઓનાં પુસ્તકો વેચનારી એક પુરાણી પેહેડીનાં મથક તરીકે અભ્યાસીઓમાં જાણીતું છે. અહીંના પ્રોફેસર હર્ટેલ આપણી અવસ્તા ભાષાના એક જાણીતા ઉસ્તાદ છે. વળી અત્રે એક બાનુ આપણી ભાષાઓનો અભ્યાસ કરે છે અને થોડા વખતમાં આપણાં શેહેરમાં વધુ અનુભવ અને માહિતી મેળવવા આવવા ધારે છે. આ શેહેરની મુલાકાત આ વખતે વધારે અગતની આ સબબે છે કે હાલ તેના વાર્ષિક મેળા (fair) યા એકઝીબીશનનો

અવસર છે. ઘણા જુના વખતથી અહીં દર વર્ષે મે માસમાં અને સેપટેમ્બર માસમાં મેળા ભરાય છે. તેમાં સેપટેમ્બરનો મેળો વધારે મોટો ગણાય છે. તે તા૦ ૩૦ મી આગસ્ટથી આએ સાલ ઉઘડયો છે અને આઠ દિવસ ચાલશે. અમારો વિચાર ત્યાં એક રાત રહેવાનો હતો પણ મી૦ કુકવાળા મારફતે ખબર કાઢતાં ત્યાં હોટેલો ચીકાર હતાં. માટે સવારે ૭) વાગે જઇ રાત્રે અગીઆરે પાછા ફર્યા. આ સબબે ઉપલા ઉસ્તાદો વગેરેની મુલાકાત લેવાઇ શકાઇ નહી.

હવે આ વાર્ષિક મેળા યા એકઝીબીશન બીજા એવા મેળાવડાઓ માફક એક જગ્યાએ ભરાતા નથી. પણ શેહેરના જુદા જુદા ભાગમાં ભરાય છે કેઠે કોરીકામ, તો કેઠે સાંચાકામ, તો કેઠે કાપડ, તો કેઠે ચામડાંની બનાવટ, એમ જુદે જુદે ત્રીસથી વધુ જગ્યાએ જુદા જુદા માલનો સંગ્રહ મેલાય છે. આમાં જર્મનીના માલના ચઢતા નમુનાઓ અહીં ભેગા મળે છે. દેશ દેશના ખરીદનારાઓ અહીં આવી માલ ખરીદી જાય છે. છુટક માલ અહીં આપતા નથી. સર્વથી મોટી સંગ્રહની જગ્યા સાંચાકામની છે. અમોએ આ મેળાનો કાંઇક ખ્યાલ બાંધવા ફકત ત્રણ સંગ્રહો જોયા. શેહેરના જુદા જુદા ભાગો—એક જાણે આપણા કોટમાં તો બીજો કોલાબે—માં ફરીને સર્વ માલ જોતાં તો કેટલાક દિવસો જોઇએ. આ પ્રસંગે બાહેરથી આવેલાં લોકોથી લાઇપઝીગના આ મેળાના વીભાગવાળા રસ્તાઓ ચીકાર ભરાયલા રહે છે. એક હોટેલમાં રાત્રે ૭ વાગે જમવા ગયાં ત્યાં સેંકડો લોકો ભેગાં મળેલાં અને અમાને જમવાને જગ્યા નથી એમ કહી ના પાડયું તો પડોશનાં રેસ્ટોરાં જ્યાં હજારો જણ આવેલાં ત્યાં જેમ તેમ થાળ કારી માટે જગ્યા મળી.

આ મેળામાં જે એક અગતની બાબત આપણુ પરદેશીઓનું તેમજ ત્યાંના દેશીઓનું ધ્યાન ખેંચે છે, તે મેળાના જુદા જુદા દુકાનદારો પોતેજ પોતાના માલ બાબેની જાહેર ખબરોનું સરઘસ કાઢે છે તે છે. એક પછી એક આસરે બસો ત્રણસો આદમીઓનું સરઘસ—જેમાં કોઇક તરેહવાર ઢોંગી પોષાકમાં—તરેહવાર રંગરૂપમાં વાવટાઓ સાથે હતું. કોઇ ચાલતાં તો કોઇ ગાડીમાં હતાં. એ મેળાની ખેંચાણ કરનારી બાબત તરીકે આ સરઘસ જોવા રસ્તે રસ્તે લોકો ભેગા મળે છે. આ સરઘસમાં બે પાંચ માણસ એક ધંધાના અને તેમાં ધંધાદારીના માલની ખેંચાણ કરનારી જાહેર ખબર લઇને તો બીજા બે પાંચ બીજાની જાહેર ખબર વાવટા યા લાકડાં ઉપર લખેલી ખબર સાથે લઇને નિકળેલા. આ લાંબુ સરઘસ જોઇ મને આપણા હોળીના તેહેવાર ઉપર આગળ ચંદનવાડી તરફ સવારે આસરે દસ વાગે ફરતાં સરઘસની યાદ આવી. હાલમાં તે ફરે છે કે નહી તે મને ખબર નથી. તે સરઘસમાં તરેહવાર ઢોંગસોંગ લઇ જુદા જુદા માણસો નિકળતાં હતાં. અહીં તેઓ તે સાથે જાહેર ખબરો લઇ નિકળે છે. જાહેર ખબર પણ ખેંચાણ કરનારી તરેહવાર રીતે આપેલી હતી.

Hotel de l'Europe,

રશીઆ, લેનીનગ્રાડ (સેન્ટ પીટર્સબર્ગ),

તા૦ ૮ મી સેપટેમ્બર ૧૯૨૫.

લેલાનગ્રાડ-અહીંની એકેડેમીનો આવકાર—અહીંનાં કોઇક પુસ્તકખાનાઓ.

બર્લીનથી તા૦ ૧લી સેપટેમ્બરની સાંજે ૫-૩૦ ને અમલે નિકળી ત્રણ રાત અને બે દિવસ ટ્રેનમાં કાઢી, તા૦ ૪ થીને દીને સવારે સાતને અમલે અત્રે રશીઆના આગલાં પાયતખ્ત સેન્ટ પીટર્સબર્ગ, જેણુ લડાઇ દરમ્યાન પેટ્રોગ્રાડનું નામ અને લડાઇ બાદ 'રાજ્યકારોબારમાં ફેરફાર કરનાર આગેવાન રાજ્ય અધીકારી

મી૦ લેનીનનાં નામ ઉપરથી હાલનું નામ લેનીનગ્રાડ અખત્યાર કર્યું છે, ત્યાં આવી પહોંચ્યો છું. માર્ગમાં ચાર વખત ટ્રેન બદલવી પડી હતી.

માર્ગમાં નડેલી પાસપોર્ટની મુશ્કેલી.

મારા બર્લીનથી લખેલા કાગળમાં એક રાજ્યનાં એક શેહેરથી કોઇ દૂરના રાજ્યના બીજાં શેહેરમાં જતાં જો માર્ગમાં બીજાં રાજ્યો આવ્યાં હોય તો તેઓની પણ પાસપોર્ટ પર "વીઝે" લેવાની જરૂર ઉપર હું કાંઇક બોલ્યો છું. તે વખતે મારા સ્વપ્નામાં પણ નહીં હતું કે એ બાબતની કાળજી રાખવા છતાં હું પોતે પાસપોર્ટની એવી ખટપટનો ભોગ થઇ પડીશ. મેં બર્લીનમાં મેસર્સ કુક કું૦ને અરજ કરી હતી કે મારી બ્રીટીશ પાસપોર્ટ ઉપર અત્રે આવતાં માર્ગમાંના રાજ્યોની "વીઝે" મેળવવી. તેમ મેળવવા આગમજ મારા ઉપર રાજ્યકરતી બ્રીટીશ સરકારની મારે પરવાનગી મેળવવી જોઇએ, જે મેં બર્લીનની બ્રીટીશ કોનસુલેટમાં પોતે જઇને મેળવી આપી હતી. હવે બર્લીનથી અત્રે આવતાં માર્ગમાં પોલેન્ડ, લીથુનીઆ અને લેટીઓનાં ત્રણ રાજ્યોમાંથી ટ્રેન પસાર થાય છે. તેમાંથી બેને માટે "વીઝે" મેળવી પોલેન્ડ માટે કુક કું૦ એ તે મેળવી હતી નહીં. હું તેઓ ઉપર તેઓ સર્વ ઘટતું કરશે એમ જાણી કાંઇક બેદરકાર રહ્યો. રાત્રે નવ વાગે જ્યારે "સલીપીંગ કાર"માં મારાં રીઝર્વેડ બર્થમાં સુવા જવાની તૈયારી કરૂં છું ત્યારે એ કારનો કનડકટર, જે પહેલે તપાસ માટે કારના પેસેનજરોની પાસપોર્ટ લઇ રાખે છે, તેણે પાસપોર્ટ પાછી લાવી કહ્યું કે મારી પાસપોર્ટમાં પોલેન્ડ માટે "વીઝે" નથી માટે મારાથી પોલેન્ડના મુલકમાંથી પસાર થવાશે નહીં. રાત્રે બાર વાગે પોલેન્ડની હદ શરૂ થશે. માટે મારે ત્યાં ઉતરવું પડશે અને પાછું બર્લીન જઇ પોલેન્ડના કોનસલ તરફથી "વીઝે" મેળવવી જોઇશે. હું ચિંતામાં પડયો અને આસરે પાંચ મીનીટ ઘણી ચિંતામાં કાઢી. રશીઆથી આવેલાં એકેડમીનાં ઇજન પ્રમાણે હું જાઉં છું, તે વગેરેનાં કાગળો દેખાડવા છતાં તે કાગળો પણ મારી મદદે આવ્યાં નહી. એક ઉપાય હતો અને તે આ કે મારે રાત્રે બાર વાગે પોલેન્ડની હદ આવતાં મારી "સ્લીપીંગ કાર"માંથી ઉતરી બીજી સાધારણ ગાડીમાં જઇને બેસવું અને તે દેશની હદ આસરે ૩–૧૫ ને અમલે ખલાસ થાય ત્યારે પાછું મારી કારમાં આવી સુવું. એનો સબબ આ: કે પોલેન્ડની સરહદમાંથી ટ્રેન પસાર થાય છે તેટલા આસરે ત્રણ યા સાડાત્રણ કલાકના અરસા સુધી તે સાધારણ ગાડીઓનાં સર્વ બારણાંઓને કુંચી દઇ બંધ કરવામાં આવે છે કે કોઇ પોલાંડની સરહદમાં ઉતરી પડે નહી અને બખેડા વગેરે કરે નહી. સ્લીપીંગ કાર ઉપર એવો જાપતો રાખવામાં આવતો નથી કે તેમાંથી કોઇ એમ ઉતરી પડે. પણ તે મેહેરબાનીના બદલામાં તેના મુસાફરોએ પાસપોર્ટની "વીઝે" મેળવવી જોઇએ. આ ઉપાય મને સુચવવાથી મન શાંત થયું. મેં પહેલી રાતથીજ સાધારણ ગાડીમાં જવા માંગ્યું કે તેથી મધરાતે એક ગાડીમાંથી ઉતરી બીજી ગાડીમાં ઠંડીમાં જવાની અગવડ ટળે અને નીરાંતે કાંઇક આસાએશ મળે. પણ ના પાડવામાં આવ્યું કે તે ગાડીઓ ભરેલી હોવાથી ત્યાં આરામ મળશે નહી. બાર વાગામાં ઉઠવાનું છે તેવી ચિંતા સાથે કાંઇક આરામ લેવા બાદ બાર વાગે મને અને મારી હાલતમાં આવી પડેલા બીજા બે પેસેનજરોને ઉઠાડ્યા અને કકડતી ઠંડીમાં બીજી ગાડીમાં આસરે ત્રણ કલાક કાંઇક અગવડમાં બેસી કાઢ્યા. અહીં યુરોપ તરફ તનદુરસ્તી જાળવવા માટે શીખામણના આ સાધારણ શબ્દો છે કે "Keep your head cool and your feet warm" એટલે "માથું ઠંડું રાખવું, પણ પગ હમેશાં ગરમ રાખવા." ઓવરકોટ છતાં પગ ઉપર કાંઇ નાંખવાનું નહીં

હોવાને સબબે તે પુરતા ગરમ નહી રાખી શકાયાથી ઘણીક બેચેની લાગી. પાછલી રાત્રે આસરે સાડાત્રણ વાગે છુટકો થવાથી એક સ્ટેશન આવી પહોંચતાં ત્યાં ઉતરી મારી કારમાં ગયો. પહેલી રાતે કાંઇક હલકે પેટે બીછાને ગયલો હોવાથી અને ઠંડીને સબબે ભુખ લાગવાથી સારાં નસીબે મારી ભલી ભાણજીએ કાંઇક ભાત્યું આપ્યું હતુ તેનો આવે કવખતે નાસ્તો કરી ૪–૩૦ સાડાચારને સુમારે બીછાને જઇ સવારે આઠ સુધી આરામ કીધો. કેટલીક વખતે જેમ ઘણું ભારી પેટે બરાબર ઉંઘ આવતી નથી તેમ ખાલી પેટે પણ ઉંઘ આવતી નથી.

બીજે આખો દહાડો ત્રેનમાં કાઢી રાત્રે સાડાઆઠને સુમારે આ રેલવેના ટર્મીનસ રીગા (Riga) ખાતે આવી પહોંચ્યો. ત્યાં ઉતરતાં હવે લીથુનીઆ, લેટીઆ જેવાં બીજાં રાજ્યો શરૂ થાય છે. અહી સ્ટેશનના અમલદારો સાથે તમારી અંગ્રેજી કે ફ્રેંચ કાંઇ કામે લાગતાં નથી; પણ સાથી–મુસાફરોમાં એ ભાષાઓ જાણનાર કોઇ ખુદાના લાલ મળી આવે છે અને દુભાસીયા તરીકે આપણને મદદ કરે છે. મરદો કરતાં સ્ત્રીઓ પોતાની ભાષાઓ ઉપરાંત અંગ્રેજી યા ફ્રેંચ જાણનાર આપણને વધારે મળે છે અને તે ભલી બાઇઓ આપણને બેગાના જોઇ અને ભાષાની કાંઇક મુશ્કેલીમાં જોઇ મદદ કરે છે. થોડા વખતમાં માલમ પડયું કે રશીઅન એકેડેમીના મેહેમાન તરીકે દેશદેશથી બોલાવેલા બીજા પણ ગ્રહસ્થો હતા. તેઓમાં ફ્રાંસ તરફના ઉસ્તાદોમાં ડા૦ સેની, ડા૦ પેલીઓ વગેરે મિત્રો હતા. આ પ્રમાણે અમો આસરે પચીસથી ત્રીસ મેહેમાનો હતા. અમો સર્વ આશા રાખતા હતા કે અહીથી અમોને સુવાની ગાડીની સગવડ મળશે. પણ નહી, તેમ બન્યું નહી, અને સાધારણ ગાડીઓમાં અમો સર્વ રાત્રે અગ્યાર કલાકે ઉપડયા. સારાં નસીબે માટે ભાગે સર્વને એકેક જગ્યા સુવા માટે મળી શકી હતી. પણ સ્લીપીંગ કાર માફક ટકીઆ ઓઢણીની સગવડ હતી નહીં. અડીભીડીએ ઓઢણી માટે સાથે રાખેલી શાલો મને ઉપયોગી થઇ પડી અને ઓવરકોટ ટકીઆ તરીકે કામ લાગ્યો. મુસાફરે પોતા સાથે પોતાની ઓઢણીની સગવડ રાખવી સારી છે. બીજો આખો દહાડો ત્રેનમાં પસાર કીધો અને તેમાં ત્રણ વખત ત્રેનો બદલવી પડી. એક જગ્યાએ પુરતી જગ્યા ન હોવાથી અમો સર્વ મેહેમાનોએ એક થર્ડ કલાસમાં મુસાફરી કીધી જે થર્ડ કલાસ અમારે માટે જુદો ત્રેનમાં જોડયો.

રશીઆની મેહેમાનદારી.

સાંજ પડતાં અમો રશીઆની સરહદ ઉપર આવ્યા અને ત્યાંથી અમારી સર્વ પ્રકારની સારી આગતાસ્વાગતા અને મેહેમાનદારી શરૂ થઇ. અમારે માટે એક ખાસ સ્લીપીંગ કાર ત્રેનમાં જોડી હતી અને સર્વને સુવાના બીછાણાં અને ઓઢણી 'પાંથરણી'ની સગવડ મળી હતી. અમોને આમંત્રણમાં પહેલે જણાવ્યું હતું કે રેલવે કું૦ અમારી પાસે ટીકીટનો ફક્ત અર્ધો ભાવ લેશે. પણ પછી જણાવવામાં આવ્યું કે અમોએ કાંઇપણ દામ વગર રશીઅન રેલવેઓ ઉપર મુસાફરી કરવા છે. અમો સવારે અત્રે આવી પહોંચતાં એકેડેમીના કરતાકારવતાઓ આવકાર માટે હાજર હતા. તેઓમાં જાણીતા પ્રોફેસર ઓલ્ડેનબર્ગ હતા. જેવણનું નામ પૂર્વ ભણીની અને ખાસ હીંદી બાબતોનાં એક ઉસ્તાદ તરીકે મશહુર છે. તેવણ સાથ હાથેહાથ મેળવતાં અમો બંનેને ઘણી ખુશી ઉપજી હતી. તેવણે મારા રાહબર તરીકે એક પચીસ વર્ષના જવાન રશીઅન અભ્યાસીને મેલ્યો હતો, કે જે અંગ્રેજી ફ્રેંચ ઉપરાંત ફારસી અરબી જાણે છે. તેણે અત્રેના જાણીતા ડા૦ ફ્રેમાન (Alexander Freiman) ના હાથ હેઠળ અવસ્તાનો પણ અભ્યાસ શરૂ કર્યો હતો, પણ હાલમાં તે મેલી દીધો છે. અમો સર્વ મેહેમાનોને અત્રેના ઉપલાં મોટા હોટેલમાં ઉતારા

આપ્યો છે અને ગોઠવણ કરી છે કે અમારી પાસે હોટલે ઓછા ભાવે લેવા.

અત્રે આવવાનો સબબ- અહીંની એકેડેમી તેની બસો વર્ષની સાલગ્રહ.

અત્રે આવવાનો સબબ આ છે કે, રશીઆની જાણીતી એકેડેમી (Academie des Sciences) ની સ્થાપનાનાં આ સાલમાં બસો વર્ષ તમામ થવાં છે. તે (Bi-century) નો ખુશાલીનો અવસર એકેડેમી ખુશી ખુશાલી સાથે પાળે છે. તે ખુશાલીમાં ભાગ લેવાને તેણે યુરોપના દેશદેશના જુદી જુદી બાબતોના ભણેલા પુરૂષોને તેડયા છે. રશીઆનો પોતાનો મોટો મુલક છે. તેના જુદા જુદા ભાગોના ઘણા ભણેલા અને જાણીતા પુરૂષો પૂર્વ તરફથી છેક સાઇબીરીઆ અને મોનગોલીઆ તરફથી આવ્યા છે, તે ઉપરાંત યુરોપના જુદા જુદા મુલકોથી ભણેલા મેહેમાનો આવ્યા છે. આ એકેડેમી ફકત ભાષાઓની અને તેઓના સાહીત્યની ખીલવણી માટેજ નથી પણ સર્વે વિદ્યાઓ અને તેમાં કુદરતના અભ્યાસની વિદ્યાઓની ખીલવણી કાજે પણ છે તેથી એ મેહેમાનોમાં જાણીતા જીઓલોજીસ્ટો, ફીઝીકસના ઉસ્તાદો, ઇજનેરો, વગેરે પણ છે. આપણા દેશમાંથી જાણીતા હીંદુ ઉસ્તાદ ડા૦ રામન, જેવણે સાયન્સમાં નવી શોધો કરી છે અને લંડનની રોયલ સોસાયટીના ફેલો છે, તેવણ આવ્યા છે. આ એકેડેમીએ મારા જેવા કમીના અભ્યાસીને પણ ચાહીને બોલાવ્યો છે. તેનું આમંત્રણ હું ફરતો હોવાથી મારે હાથ લંડન પહોંચ્યું હતું. તે આમંત્રણ કબુલ રાખી હું અત્રે આવ્યો છું અને તે માટે ઘણો ખુશી છું કે એ સબબ મને આ નવો મુલક જોવાને, નવું જાણવાને અને નવા મિત્રો કરવાને બન્યું છે.

પ્રોફેસર ઓલ્ડેનબર્ગે પોતાના અત્રેના પહેલા દિવસનાં ભાષણમાં કહ્યું તેમ આજથી બસો વર્ષપર જ્યારે રશીઆ અર્ધું જંગલી ગણાતું હતું ત્યારે આ દુરના ઉત્તરના દેશમાં તેનો જાણીતો રાજા પીટર (Peter the Great), જેનું રાજ્ય આ દેશની તવારીખમાં એક અગતનો બરસો (Lank-mark) ગણાય, તેના મનમાં ઇ૦ સ૦ ૧૭૨૪ નાં જાનેવારી માસમાં અત્રે એક એકેડેમી સ્થાપવાનો વિચાર આવ્યો. આ રાજા પોતે ફ્રેંચ એકેડેમીનો સભાસદ ચુંટાયો હતો. તે પોતાની યોજના અમલમાં મેલે તેટલાં મરણ પામવાથી તેની રાણીએ તે યોજના બર લાવવામાં મદદ આપી અને ૧૭૨૪ માં તે સ્થપાઇ. બહારના અને તેમાં ફ્રાંસના વિદ્વાનો જેઓએ આગળ પોતાના દેશમાં એકેડેમી સ્થાપી હતી, તેઓની સલાહ અને મદદ સાથે આ એકેડેમી સ્થપાઇ.

એક પારસી એકેડેમી માટે મરહુમ રેવરંડ ડા૦ કાસારટેલીની સુચના.

મરનાર રેવરંડ ડાકટર કાસરટેલી (Casartelli), જેવણ મેનચેસ્ટરની પાઠશાળા (St. Bedes College) માં ઇરાની અન ભાષાના પ્રોફેસર હતા અને મોટા દરજ્જાના ધર્મગુરૂ (Bishop of Selford) હતા, તેવણને પારસીઓના પોતાના ધર્મની ભાષાઓના અભ્યાસ માટે સારો વિચાર હતો અને જેવણે એ બાબત ઓરીએન્ટ કોન્ગ્રેસો હજુર પારસીઓની સાહીત્ય સંબંધી ચપળતા (Literary activity of the Parsees) બાબત ઉપર વિષયો વાંચ્યા હતા. તેવણે આસરે ૩૦) વર્ષપર મને સુચના કરી હતી કે પારસીઓએ શરૂઆતમાં મેમબરોની ૨૦) ની સંખ્યાની હદ રાખી એક એકેડેમી (Academy) સ્થાપવી. જેમાં તેઓએ યુરોપના કોઇ ભણેલાઓ (Savants) ને પણ સભાસદો ચુંટી કાઢવા. દલગીરી લાગે છે કે તે સુચના અમલમાં આવી શકી નથી. પણ મારા વિચાર પ્રમાણે જો પારસીઓ પોતાના સાહીત્યના અભ્યાસને

એક પ્રકારનાં મોટાં બળ (push) થી આગળ વધારવા માંગતા હોય તો તેઓ તેમ એવી એક એકેડેમીથી કરે કે જે માટે શરૂઆતમાં કાંઇ મોટો ખરચ કરવો પડે નહી. તેણે કાંઇ કોલેજ યા યુનીવર્સીટી માફક કામ કરવાનું નથી, પણ જુદી જુદી રીતે પારસી સાહીત્યના અભ્યાસીઓને ઉતેજન આપવાનું. એવી એકેડેમીના એક સભાસદ તરીકે ચુંટી કહાવું તે પેરીસની એકેડેમીના, પેલા ચાળીસ જાણે અમર ગણાતા વિદ્વાનો (The Forty Immortals) માફક એક મોટું માન ગણાય.

નૌસારીવાળા મરહુમ એ. એદલજી મુલ્લાંને મેં એ બાબે કરેલી સુચના.

આસરે પચીસ ત્રીસ વર્ષ પર નૌસારીના એક મિત્રે તે ધણીનું નામ આપવા વગર—પણ પછવાડેથી મેં જાણ્યું કે તે મરનાર એ. મુલ્લાં હતા—મારી સલાહ પુછી કે એક ધણી વસીયતથી રૂપ્યા પચાસ હજાર ધર્મખાતાંમાં આપવા માગે છે તે શામાં આપે? મેં તે વખતે ત્રણ કામ માટે સલાહ આપી હતી, ૧) આવી એક એકેડેમી માટે, ૨) પારસી કોમને માથે એક ભણેલા ભલા દસ્તુર ચુંટી તેને પગારો આપવા માટે, ૩) એક પારસી જેનરલ હોસ્પીટલ માટે. અલબતે એમાંથી કોઇપણ માટે વધારે ફંડ જોઇએ. પણ એ પચાસ હજારની રકમ એક શરૂઆતની રકમ (nucleus) થઈ પડતે. એ ત્રણમાંથી એક પણ મરનારે હાર પાડી નહી. એ ત્રણમાંથી છેલ્લી શેઠ બ. દી. પીટીટની સખાવતથી અમલમાં આવી છે. તેના શરૂઆતના તબક્કામાં તેના કારોબારમાં લીધેલા ભાગને હું ખુશી સાથે યાદ કરૂં છું.

રશીઆના કોઇક સ્કોલરો સાથે આગલી પિછાણ.

રશીઆના સ્કોલરો સાથે મારી પત્રવેહેવારથી પિછાણ આસરે વીસ વર્ષની છે, જ્યારે અહીંના પ્રોફેસર આઇનોસ્ત્રાનઝેવે (Inostranzev) મારો "અસ્તોદાન" બાબેનો એનથ્રોપોલોજીકલ સોસાયટી હજુર વાંચેલો વિષય હાથ ધરી તેવાં અસ્તોદાનો બાબે કાંઇ વધુ લખ્યું હતું. તેવણનું રશીઅન લખાણ તે વખતના હીંદુસ્તાનના રશીઅન કોનસલ મારફતે તરજુમો કરાવી મેં ઉપલી સોસાયટી હજુર બીજા વિષય સાથે રજુ કીધું હતું. એવણના ઇરાનીઅન બાબતોના કોઇ બીજા વિષયોનો મરહુમ મી० કાવસજી દાદાભાઇ દુબાશે મારે હસ્તક મેલેલી રૂપ્યા એક હજારની રકમમાંથી કામા ઇનસ્ટીટ્યુટના જર્નલ માટે મેં તરજુમો કરાવ્યો છે. અત્રેના બીજા ઉસ્તાદ પ્રોફેસર રોઝેનબર્ગ સાથે આપણી ફારસી રેવાયતોના સંબંધમાં પિછાણ પડી હતી. હું ભુલતો નહી હોઉં તો એવણના રેવાયતને લગતી બે બાબતનાં લખાણ માટે આ જામે જમશેદમાં મેં કાંઇ લખ્યું હતું. મારા મરહુમ મિત્ર એ માણેકજી રૂ. ઉનવાળાએ છપાવેલી દારાબ હોરમજદયારની રેવાયતનાં મારા દીબાચામાં હું એ બાબે બોલ્યો છું. અત્રેની બે મોટી લાઇબ્રેરીઓમાં મારા ઘણાક વિષયોની હાજરી જાણી હું ઘણો ખુશી છું. એઓમાં મારા પેહેલવી પુસ્તકોના ત્રણ તરજુમાઓ જોઇ હું વધારે ખુશી છું. ઉપલા બંને ઉસ્તાદો અને પ્રો० ક્રાઇમેન જેવણ હાલ અવસ્તા શીખવે છે, તેઓ સર્વ સાથે અને એકેડેમીના કાયમ સેક્રેટરી પ્રો० ઓલ્ડેનબર્ગ સાથે તેઓના મુલકમાં હાથ મેળવતા મને ખુશી ઉપજી છે. તેઓએ અત્રેના પુસ્તકખાનાઓ વગેરે જોવામાં મેહેરબાની કરી મારી રાહનુમાઇ કીધી છે.

રશીઆ માટેના કેટલાક આગલા વિચારો ફેરવવાની દીસેલી જરૂર.

રશીઆની હાલની રાજદ્વારી બાબત માટે હું કાંઇ બોલવા માંગતો નથી. અલબતે હું તો એક ઇરાનીઅન તરીકે, એક જરથોસ્તી તરીકે, બાપદાદેથી પાદશાહી પસંદ કરૂં છું. હવે મેં અત્રેથી ઇજન આવતાં જોકે આમંત્રણ ઉપકાર સાથે કબુલ કીધું હતું, તોપણ ચોક્કસ વિચાર કર્યો હતો નહીં. પણ જ્યારે વિચાર કર્યો, ત્યારે કેટલાક મિત્રોએ અવારનવાર મને લંડનમાં તેમજ કોન્ટીનેન્ટ ઉપર વાળ્યો, પણ હું ખુશી છું કે ખુદાની મેહેરથી હું મારા વિચારને વળગી રહી અહીં આવ્યો છું. અમોને કોઇપણ પ્રકારના આંકોડા યા અટકાવોમાં જવું પડતું નથી. બલકે આમંત્રણમાં અને બીજાં કાગળોમાં સર્વ સરકારી લાગતાવળગતાઓને અરજ કરી છે કે અમોને દરેક સગવડ આપે અને રેલવેવાળાઓ અમારો કાર્ડ દેખાડતાં અમોને રશીઆના મુલકના કોઇપણ ભાગમાં મુફત મુસાફરી કરવા દીએ. હું ધારૂં છું કે અહીંથી ચીન યા મંગોલીઆની સરહદ સુધી, સાઇબીરીઆ સુધી, જ્યાં પણ રશીઅન રેલવે હોય ત્યાં ચાહું તો મુફત મુસાફરી આ મુલાકાત દરમ્યાન કરી શકું.

અત્રેનાં મોટાં પુસ્તકખાનાઓ—તેઓમાં આપણી બાબતોનાં પુસ્તકો.

બીજું મેં અત્રેનાં કેળવણીખાતાંઓ, પુસ્તકખાતાંઓ, મ્યુઝીઅમો વગેરેને જેવાં તેઓ છે તેવાં મોટા પાયા ઉપર જોવાની આશા રાખી હતી નહીં. અહીં ત્રણ મોટાં પુસ્તકખાનાઓ છે. તેઓમાં શુહેરની મોટી જાહેર લાઇબ્રેરી પેરીસની બીબલીઓથેક નાશીઓનાલ અને લંડનના બ્રીટીશ મ્યુઝીઅમ પછી ત્રીજી મોટી લાઇબ્રેરી ગણાય છે. એ લાઇબ્રેરીનાં ઓરીએન્ટલ ભાગમાં આપણાં કોઇક પુસ્તકો છે.

આપણાં કોઇક પુસ્તકો અત્રેનું મ્યુઝીઅમ, જેમાં પ્રોફેસર રોઝેનબર્ગ કામ કરે છે તેનાં પુસ્તકખાનામાં પણ છે.

મરહુમ ડા૦ સાલેમાનનો પેહેલવી શબ્દકોષ.

પ્રો૦ સાલેમાને એક પેહેલવી ડીક્ષનરી તૈયાર કરેલી કહેવાતી હતી જે છપાવા વગર પડી રહેલી છે. તે મેન્યુસક્રીપ્ટ કાંઇક ઉલટ સાથે મેં જોઇ હતી. જોતાં માલમ પડયું છે કે તે સંપુર્ણ નથી. મરહુમ વિદ્વાન તે સંપુર્ણ કરે તેટલાં મરણ પામ્યો છે. એમાં સાલેમાને પેહેલે સર્વ શબ્દો આપ્યા છે અને તેના પુસ્તકોના હવાલાઓ (references) આપ્યા છે. પણ અર્થો હજુર આપ્યા નથી. જે હું જોઇ શકયો છું, તે ઉપરથી કહી શકું છું કે સર્વ શબ્દો એકઠા કરી અને તેઓના "રફ્રન્સીસ" એકઠાં કરીને પછી તેવણે અર્થ આપવાનું શરૂ કરવાનું દુરસ્ત ધારેલું દીસે છે, કે જેથી જુદાં જુદાં પુસ્તકો પ્રમાણે તે અર્થો આપવામાં આવે.

હવે એ મેન્યુસ્ક્રીપ્ટ જોઇ મે નીચલી સુચના કીધી. પારસી પંચાયતના ટ્રસ્ટી સાહેબોએ મેહેરબાની કરી આપણા આ કામ માટે એક લાયક પુરૂષ એરવદ બમનજી નસરવાનજી ધાભરને એક પેહેલવી શબ્દકોષ તૈયાર કરવાનું કામ આસરે ત્રણ વર્ષ થયાં, પાંચ વર્ષની મુદત કરીને સોંપ્યું છે. તેથી મેં અરજ કરી આ પ્રો૦ સાલેમાનનું અધુરું કામનો હસ્તલેખ જો એઓ મુંબઇ ટ્રસ્ટી સાહેબો ઉપર મોકલે તો તે મી૦ ધાભરને કાંઇક ઉપયોગી થઇ પડે. તેમાં અર્થ તો આપ્યા નથી. પણ શબ્દકોષનો સંગ્રહ અને હવાલાઓ કદાચ ઉપયોગી થઇ પડે.

ડા૦ સાલેમાને પોતાના આ ધારેલા શબ્દકોષને "Glossarium Pehlevioum ourant" એવું નામ આપ્યું છે. એણે શરૂઆતમાં જે ટુંકા ફકરો

(abbreviations) આપ્યા છે, તેમાં C. M. V. તરીકે મારા મરહુમ મિત્ર ખ. રૂ. કામાની યાદગારી કાજે મેં પ્રગટ કરેલા Cama Memorial Volume નો ઉપયોગ થયલો જોઇ હું ખુશી છું. યુરોપના ઘણા લખનારાઓએ એ પુસ્તકના વિષયોનો પોતાનાં લખાણમાં ઉપયોગ કર્યો છે તે જોઇ મને આનંદ ઉપજ્યો છે. પેહેલવી શબ્દકોષ કયાં ધોરણ ઉપર તૈયાર કરવો એ જરાક મુશકેલ સવાલ છે મરહુમ દસ્તુરજી ડા૦ જામાસ્પજીએ અખત્યાર કરેલું ધોરણ તદન ફતેહમંદ નિવડયું હોય એમ દીસતું નથી. પ્રો૦ સાલેમાને ચોક્કસ આકારના હરફો પહેલે લીધા છે. દાખલા તરીકે એવણે પેહેલા હરફ તરીકે તે હરફ લીધો છે કે જે આપણે 'વ', 'ન', 'ર' વગેરે વાંચીએ છીએ. પછી તે હરફ લીધો છે કે જે આપણે 'અ' યા 'હ' યા 'ખ' વાંચીએ છીએ. કમનસીબે એ બાબતનો ખુલાસો દિબાચામાં લખે અને પુસ્તક તમામ કરે તે આગમજ એવણ મરણ પામ્યા છે. મારા વિચાર પ્રમાણે, એવણ જો વધુ જીવતે તોપણ બીજાં ત્રણ ચાર વર્ષોમાં પણ એ કામ કદાચ તમામ કરી શકતે નહીં સબબ કે અર્થો આપવાનું કામ ઘણું અધુરૂં રહ્યું છે. અગેવાળા સાહેબો પ્રો૦ ફ્રાઇમેન તરફ આશા સાથે જુએ છે કે કદાચ એ કામ તેવણ સંપુર્ણ કરશે. પણ તેટલાં હું ધારૂં છું કે પારસી પંચાયતના ટ્રસ્ટી સાહેબો મી૦ ધાભર મારફતે ભણેલી દુનીઆને એક પેહેલવી શબ્દકોષ આપવાની માનવંત કિર્તિ ભોગવશે.

ડા૦ વેસ્ટનું દીનકર્દનું મેન્યુસક્રીપ્ટ.

અહીં જે બીજું અગત્નું કિમતી મેન્યુસક્રીપ્ટ મેં જોયું તે મરહુમ ડા૦ વેસ્ટનું દીનકર્દનું મેન્યુસક્રીપ્ટ હતું. તે ચાલતું ચાલતું અહીં ઉત્તરે સેન્ટ પીટર્સબર્ગની લાઇબ્રેરીમાં આવ્યું છે એમ હું જાણતો હતો નહીં અને હું ધારૂં છું કે મારા ઘણાક અભ્યાસી બંધુઓ પણ જાણતા નથી. દસ્તુરજી દારાબજી પેશોતન સંજાણાને ખુદા લાંબી જીંદગી બક્ષે અને એવણ હાલનું કામ જલદી તૈયાર કરી દીનકર્દનું બીજું એડીશન બે ત્રણ મોટાં વોલ્યુમોમાં બહાર પાડે—અને તેમ પાડવાની હું જરૂર જોઉં છું,—તો તેવણને યા તેવણ નહીં તો ભાઇ ધાભર યા ભાઇ બલસારા જેવા અભ્યાસીઓ તેમ કરે તો આ હસ્તલેખ તેઓને ઘણો ઉપયોગી થઇ પડશે, સબબ કે તેમાં ડા૦ વેસ્ટની કોઇક કીમતી નોટો અને કોલેશનો આપ્યાં છે. કમનસીબે એ મેન્યુસક્રીપ્ટ આપણા હાથમાં આવ્યું નથી. હું ભુલતો નહીં હોઉં તો ડા૦ વેસ્ટનાં મરણ બાદ મેં પારસી પંચાયતના ટ્રસ્ટી સાહેબો તરફથી યા બીજી કોઇ રીતે મરનારના ભાઇ ઉપર એવણના મેન્યુસક્રીપ્ટો મેળવવા લખ્યું હતું, પણ હું નિષ્ફળ નિવડયો હતો. આ M's. ઉપર તેનાં નામ તરીકે નીચલું લખાણ છે

"Dinkard Books IV–IX 1875

Collated in the blue (above) with the Ms., written A. Y. 20 1009 (A. D. 16[illegible]) which was brought from Persia to Surat in 1783 and is now in the Library of Dastur Sorabji Rustamji Mulla Firoz in Bombay."*

એ પછી Bombay શબ્દ ઉપર ઉપર પ્રમાણે * એસ્ટેરીક મુકી નોંધ કીધી છે કે * "These first 23 pages re-written at a later date from the original collated copy which was written on defective paper (This note written August 4th 1900 by E. West.)

એવું દીસે છે કે ડા૦ વેસ્ટનાં પુસ્તકો લાઇપઝીગના જાણીતા બુક-સેલરો ઓટો હારાસોવીટ્ઝના હાથમાં વેચાવા

ગયાં. તે પેહેડીના ૧૯૦૬ ના કેટલૉગમાં પાંચસો માર્ક (તે વખતના ભાવ પ્રમાણે હું ભુલતો નહીં હોઉં તો આસરે રૂપીઆ અઢીસો યા ત્રણસો થાય) તેની કિમત જણાવી હતી. તે કિમતે અત્રેની એકેડેમીએ તે અહીંના પુસ્તકખાના માટે લીધેલું દીસે છે. એ હસ્તલેખના ૭૭૦) પાનાં છે. તેના ગુજરાતીમાં આંક માંડેલા છે. પણ તેમાં કાંઇક ભુલ હોવાથી ડા૦ વેસ્ટે નોંધ લીધી છે કે "Should be 769 because pp. 352, 423 occur twice and 695 is omitted."

અંદર ૫૬૭ અને ૫૬૮ પાનાઓ વચ્ચે એક છુટું કાગજ નીચલી નોંધ સાથે છે. Dinkard I am likewise indebted to the kindness of Prof. Keilhorn who gave me a modern copy of Dinkard IV--IX (with the text in its defective state) which had been prepared at Poona etc." એ પછી જર્મન ભાષામાં કાંઇક કોલેશન છે. આ પાછલી નોંધ પ્રો૦ સાલેમાને ડા૦ વેસ્ટના તેવણ જોગ એકાદ પત્રમાંથી કીધેલી દીસે છે.

આ લખતાં મરહુમ ડા૦ વેસ્ટને અને તેવણનાં કામને માન સાથે યાદ કરૂં છું. ખુદા તેવણનાં રૂહને તેના વધારામાં વાગી દીએ. છત્રીસ વર્ષપર જયારે હું યુરોપ આવ્યો હતો ત્યારે તેવણને મ્યુનીખમાં મળ્યો હતો, જયાં તેવણે આપણા દેશની નોકરીમાંથી ફારેગ થવ પછી પોતાના દેશને બદલે વાસો કર્યો હ[illegible], [illegible] પોતાનો વખત ડા૦ [illegible] પુસ્તક વગેરેના [illegible] હની નજરી[illegible] પહેલવીના વધુ અભ્યાસમાં ગુજારે તે[illegible] કાંઇક [illegible] અને ચેહેરો મને હજુ યાદ છે તેવણ સાથે તેવણનાં મકાનમાં મેં દોઢ બે કલાક પસાર કર્યા હતા. તેવણના જેવા ચોક્કસ વાકયે વાકયજ નહીં પણ બોલબોલ, હરફેહરફ ચોકસ (thorough) અભ્યાસી મેં થોડા જોયા છે. એવા ચોકસપણાને સબબે તેવણને છોડતી વખતે તેવણે મને સોંપેલું એક નાનું કામ મને યાદ છે, કે જેમાં તેવણે પોતાને શક પડતા એક શબ્દ માટે મને અરજ કીધી હતી કે અનજુમનના આતશબેહેરામમાં જઇને ત્યાંનું મરહુમ માણેકજી લીમજી હાતરીઆનું પુસ્તકખાનું, જે માટે ઇરાનથી આવેલી ચોપડીઓ છુટી પાડવામાં મેં કાંઇક શરૂઆતમાં કમીનો ભાગ લીધો હતો, તેમાંના એક પુસ્તકને તપાસીને તે શબ્દ ખોળી કાઢી લખી મોકલવો. વળી તેવણ સાથે મને કાંઇક સાહીત્ય સંબંધી પત્રવેહેવાર થયો હતો, જે પત્રવેહેવારમાં તેવણ નેરીઓસંગના મને બાબે મારી ગણત્રી સાથે લગભગ મળતા થયા હતા. આજથી આસરે ૩૫) વર્ષપર મેં તેવણના Sacred Books of the East ની મણકામાંના દીનકર્દના તરજુમાવાળા પુસ્તકનો આપણાં ટાઇમ્સ (Times of India) માં રીવ્યુ લીધો હતો, જેમાં એવણના કોઇક વિચારથી હું કાંઇક જુદો પડયો હતો. જયારે મેં તેવણ ઉપર રીવ્યુની એક નકલ મોકલી ત્યારે તેવણે એક ખરા સ્કોલરને છાજતી રીતે તે બાબતનો મોટાં મનથી વિચાર લીધો હતો, અને કોઇ ન છાજતી રીતે કરે છે તેમ સાહીત્યની બાબતના મતફેર કાજે આગલી મિત્રાચારીમાં એક તણખાભાર પણ ફેરફાર થવા દીધો હતો નહીં. તેવણ સાથની મોલાકાતે મારાં મન ઉપર તેવણ માટે એક ખરા "ભીખી જાયા" તરીકેનો સુંદર છાપ માર્યો હતો. જ્ઞાન સાથે કમીનાપણાનો, નરમાશને, મીઠાશનો મારો ધડો તેવણની જીંદગીએ આપ્યો હતો. ખુદા કરેને તેવણનું શક્તિવાન રૂહ મારા જેવા કમીનાને પ્રેરણા આપી કમીનાપણાંનું, નરમાશનું શીક્ષણ આપતું રહે.

એવણનાં ઉપલાં પુસ્તકખાનામાં મેં, કાંઇક ભલા વિચાર અને યાદ સાથે, પ્રોફેસર બેનફીને રાહનુમાય સભા તરફથી મી૦ ખ. રૂ. કામાનું જરથોસ્તનામાનું

ભેટ આપાએલું પુસ્તક જોયું. તેમાં નીચલી નોંધ છે.

"Herr Dr. Theodor Benfey,

With oompliments from the Managing Committee of the Rahanoomai Mazdasna Sabha, Bombay."

મરહુમ દસ્તુર આરદેશર મુલાંગીરજી ડા૦ હાઉગને ભેટ આપેલા પજદજર્દી ૧૨૩૦ની કદીમી ખુરદેહ અવસ્તા પણ હું અત્રે આવેલા નીચલા નોંધ સાથે જોઉં છું.

"M Haug. From Dastoor Ardeshir, Bombay 19th Sept. 1860. એ કેતાબ ડા૦ હાઉગે વેસ્ટને ભેટ આપેલો તેની આ પ્રમાણે નોંધ છે. "Presented to E. W. West Esqr. by M. Haug Ph D. Stuttgart 8th May 1867.

મરહુમ દસ્તુરજી ડા૦ જામાસ્પજીએ ડા૦ ફયુરરને (Führer)ને ભેટ આપેલી પોતાની સદદર કેતાબ પણ કાંઇક ફરીને અહીં આવી છે. તે ઉપર નીચલી નોંધ છે. "Dr. A. Fuhrer. With author's best compliments" આવી કોઇક ચોપડીઓ એકેડેમીએ ચોપડીઓ વેચનાર એટો હારાસોવીટઝ મારફતે મેળવી છે.

આવા કોઇક દાખલાઓ દેખાડે છે કે કોઇક કેતાબો કયાંથી કયાં ફરતી ફરતી જુદે જુદે હાથ જાય છે. પચાસનાં એક જાણીતા ઉસ્તાદ જેવણ સાથે મને થોડુંક થયું જ પત્રવેહવારથી પિછાણ થઇ હતી, તેવણને મળવા જતાં તેવણે મને કહ્યું કે એ પિછાણની આગમજ તેવણ મને મારાં પુસ્તકોથી પિછાણતા હતા, એમ કહી તેવણે મારાં કોઇક પુસ્તકોનું બંદલ મને લાવી દેખાડયું કે તે પુસ્તકો તેવણે અવારનવાર સેકંડહેંડ બુક–સેલરોને ત્યાંથી ખરીદયાં હતાં અને વાંચ્યાં હતાં.

લેનીનગ્રાડમાંની એક મહોમેદન મસજીદ.

અત્રે એક મોટી મસજીદ છે, જે દૂરથી શહેરનાં એક સુંદર મકાન તરીકે પોતાનાં મોટાં ગુંબજથી ધ્યાન ખેંચે છે. તેની મેં એક દિવસે મુલાકાત લીધી હતી, તેના ઉપર નીચલો લખ તેની સ્થાપનાનો સન આપે છે: "અદખલહા બસલામ આમનીન ૧૩૩૧" એટલે "અંદર સલામતી અને નીરાંત સાથે દાખલ થાઓ ૧૩૩૧ (હીજરી)" અત્રે કાંઇ નહિ તો આસરે રૂપીઆ બે ત્રણ લાખથી એવી મોટી મસજીદ શા કાજે બાંધી હશે એમ હું ગુંચવાતો, સબબ કે અહીં જુજ મુસલમાન દીસતા હતા. પણ પુછપરછથી માલમ પડયું કે આ શહેરમાં આસરે વીસ હજાર મુસલમાનોની વસ્તી છે. પણ સર્વ રશીઅનોની માફક યુરોપીઅન લેબાશ પેહેરે છે અને રશીઅન ભાષા બોલે છે તેથી માલમ પડતા નથી. તેઓના એક મદદનીશ ધર્મગુરૂને પણ મેં યુરોપીઅન લેબાશમાં એકેડેમીના એક મેળાવડામાં જોયા. તેઓ "દેશ તેવો વેશ" ની કેહેતી પ્રમાણે કામ કરે છે. મને ચીનમાં પેકીન ખાતે જોએલી એક મસજીદ યાદ આવી કે જેનો મુલ્લાં લેબાશ અને દેખાવમાં બીજા ચીનાઓ માફક હતો. હાલના રશીઆના અમલના મનતાક રાજ્યે પોતાની બાંહેધરી હેઠળ મધ્ય એશીઆ વીગેરેના પોતાના આગલા મુલકોમાં કહે છે કે આસરે ચોવીસ છુટાં પ્રજાસત્તાક રાજ્યો (Republics) સ્થાપ્યાં છે. તેમાંના કેટલાંક ધર્મે મુસલામી છે અને તેના વડાઓ (Presidents) પણ મુસલામીઓ છે.

રશીઆ—લેનીનગ્રાડ,
તા૦ ૧૦ મી સપટેમ્બર ૧૯૨૫.

લેનીનગ્રાડનાં મ્યુઝીઅમો તથા મેહેલ. એકેડેમી અને શેહેરે આપેલાં ખાણાં.

અત્રેનાં મ્યુઝીઅમો. લેનીનગ્રાડ શેહેર નીવા નદી ઉપર આવેલું એક મોટું, આસરે બાર લાખની વસ્તીનું, મોટા રસ્તાઓ સાથનું સુંદર શેહેર છે. તેને એ પ્રકારનું જોવાની મેં આશા રાખી હતી નહીં. તેમજ તેનાં મ્યુઝીઅમો આશા રાખવા ઉપરાંત મોટાં અને તરેહવાર નવાઇઓ સાથનાં છે. રશીઆ આપણી પૃથ્વીના ગોળાનો નજદીક છઠો ભાગ રોકે છે. માટે તેના વીસ્તાર પ્રમાણે તેનાં સંગ્રહસ્થાનો મોટાં અને તરેહવાર પુરાણી નવાઇઓ (antiquities) નાં છે. યુનાન, રોમ, ઇજીપ્ત વગેરેના જાણીતા પુરાણા સુધારાનાં મથકો ઉપરાંત તેનાં ફીનલેંડ, સાઇબીરીઆ વગેરેની તરેહવાર ચીજો છે. તેની પેન્ટીંગ ગેલરીઓ પણ મોટી છે.

સીધીઅન સંગ્રહ. આ વિદ્વાનોના હવાલામાં જે સીથીઅન ચીજોનો સંગ્રહ છે તે જોઇને હું કેટલીક હદે છક થઇ ગયો કે આ કાંઇક રવેશે જંગલી (barbarian) ગણાતા પુરાણા તાયફામાં કેવો હુનર હતો અને તેઓ કેવાં તવંગર ઘરેણાંગાંઠામાં સજ થતાં હતાં. પુરાણા વખતના સુનાનાં ઘરેણાંનો એવો ઉમદા સંગ્રહ મેં કદી જોયો નથી. એ ચકચકીત સંગ્રહ તેના ઓરડામાં દાખલ થતાં તમારી આંખોને ચમકાવી મેલે છે. તે વખતે મરદો પણ ઘણાં ઘરેણાં પેહેરતા અને તેમાં સ્ત્રીઓ સુનાની સાંકળીઓ પેહેરે તેની પણ ઘણી મોટી અને ભારી સાંકળીઓ સમાઇ જતી. વધારે બરાબર પોહચે તો ભારી સાંકળાંઓ ગળાંમાં પેહેરતાં. રશીઆ પોતાના પૂર્વથી પશ્ચિમ સુધીના મોટા વીસ્તારને લીધે આવો કિંમતી સાસાનીઅન અને સીથીઅન સંગ્રહ કરી શક્યું છે. પ્રો૦ આરબેલી અને હું એકમેક સાથની લાભકારક મુલાકાતોના કેટલાક કલાકોથી ખુશી થયા હતા. એ મુલાકાતો પેહલે ધારવા કરતાં વધુ લાંબી થઇ પડી હતી. આ સબબે પેહેલી મુલાકાતને દિવસે ઠીક બપોર પછી ચાર વાગે હું ભોજન લઇ શક્યો અને બીજી મુલાકાત બપોરના ખાણાં વગર એક જાતના ઉપવાસમાં મેં પસાર કરી, જે ઉપવાસે મારાં તનને નહીં તો મારાં મનને ઘણું પોષણ આપ્યું. એકમેકથી ખુશી થતાં પ્રો૦ આરબેલીએ ખાહેશ દેખાડી કે મેં આ ઉમદા સંગ્રહના ઓરડામાંજ મારો ફોટો લેવા દેવો. તેમ મેં કર્યું. એવણના સંગ્રહથી અને એવણ સાથના મુલાકાતથી હું એટલો બધો ખુશી થયો કે અમો બંને કોઠી કરીને છુટાં પડયા.

હર્મીટાજનાં મ્યુઝીયમમાં આપણો સાસાનીઅન સંગ્રહ. આ મ્યુઝીઅમમાં હર્મીટાજ (Hermitage) નામે જાણીતું મ્યુઝીઅમ જે મરનાર પાદશાહોનાં શીઆળાના મેહેલ (Winter Palace) સાથે જોડાયલું છે, તેની મેં બે વખત મુલાકાત લીધી હતી, સબબ કે તેમાં આપણા સાસાનીઅન જમાનાની પુરાણી વપરાશની ચીજો અને સીક્કાઓનો ઘણો મોટો સંગ્રહ છે, કે જેવો પેરીસ અને લંડનમાં પણ નથી. સાસાનીઅન પ્લેટો, જામો વગેરેનો સંગ્રહ તે ખાતાંના વડા (Prof. Joseph Arbeli) એ મેહેરબાની કરી મને દેખાડયો. કેટલીક બાબતોમાં હું ઘણું નવું શીખ્યો. કાંઇક બાબતોમાં મેં તેવણે બાબેલા વિચારો દેખ્યા.

ફીરદોસીનાં શાહનામા બાબે કાંઇક શક દેખાડવામાં આવતો કે તેમા એની પોતાની કલ્પના ઘણી હતી. તે શક હાલ દુર થતો ગયો છે. તે વધુ દુર કરવા કાજે આણી

જોવામાં આવતી સાસાનીઅન પલેટો વગેરેનો ઉપયોગ થઇ શકે, સબબ કે તેઓ ફીરદોસીના વર્ણનના બાપદાદાથી ઉતરી આવેલાં કેહણના હુનર મારફતે દાખલો આપે છે.

આપણા ઇરાની અને તેમાં સાસાનીઅન સીકકાઓનો મોટો અસાધારણ સંગ્રહ.

અત્રેનાં ઉપલાંજ હર્મીટાજનાં મ્યુઝીઅમમાં આપણા ઇરાની સીક્કાઓનો જેટલો મોટો સંગ્રહ છે તેવો દુન્યાના કોઇ પણ મ્યુઝીઅમમાં નથી. મને કહેવામાં આવ્યું કે અહીં પચીસ હજાર સાસાનીઅન, બે હજાર પારથીઅન અને આસરે વીસ હખામીનીઅન સીક્કાઓ છે. ફકત જથ્થા (quantity) માં નહી પણ તેની અગત્યતા (quality) માં અહીં એક નાદર સંગ્રહ છે. કોઇપણ મ્યુઝીઅમ યા ખાનગી ધણી પાસેના જે સીક્કાઓ જણાવલા છે તે ઉપરાત અહીં નહી જણાવલા નાદર સીક્કાઓ છે. અહીં દેનાડવા માટે (exhibit તરીકે) બહાર કેસોમાં થોડા મુકવા છે, પણ ભંડારમાં તેઓનો ખજાનો છે. મી૦ ફુરદુનજી દોરાબજી પારખે હાલમાં પ્રગટ કરેલા સીક્કાઓનું નાદર પુસ્તક જે માટે હું આ જામે જમશેદમાં કાંઇક બોલ્યો છું, તેમાં જણાવેલા સીક્કાઓ કરતાં પણ નવા સીક્કાઓ અહીં છે. હું અહીં જાણીને ખુશી થયો છું કે મી૦ પારખ અત્રે પત્રવેહવાર ચલાવી કોઇ નાદર સીક્કાઓના કાસ્ટો મંગાવે છે.

સીધીઅન ઘરેણાંનો સંગ્રહ.

અસલી સીધીઅનો Scythians જેઓના મુલક ઉપર આપણા એક હખામાનીઅન પાદશાહે હુમલા કીધો હતો, તેઓને કોઇક આગલા અને હાલના લખનારાઓએ જંગલી ગણવા છે. તેવા વિચારવાળાઓ જો આ સંગ્રહસ્થાનમાં આવીને જુવે તો સીધીઅન હુનરથી અજબ થાય. હું તો એઓની સુનાના ઘરેણાં અને તરેહવાર ચીજોના સંગ્રહવાળા ઓરડામાં આવ્યો કે જાણુ અહીં તણાં અને સર્વ જગ્યાએ સુનાના તરેહવાર સુંદર નાનાં મોટાં ઘરેણાઓ જોઇ અજબ થઇ ગયો. એઓમાં મરદો પણ ઘરેણાં પેહરતા હતા. તેઓ આઓ માફક ગળાંમાં પણ મોટી સાંકળીઓ પેહરતા. આપણે હાલમાં ગુજરાત તરફની ગરીબ સ્ત્રીઆન પગમાં એક ઉપર એક કલાં પેહેરતા જોઇ તેઓની દયા ખાઇએ છીએ કે કેટલા બધો તેઓને ભાર ઉંચકવો પડતો હશે. પણ અહીં મોટાં ભારી સુનાનાં ઘરેણાં જોઇએ છીએ ત્યારે માલમ પડે છે કે અસલની કાઇક પ્રજાઓમાં ઘરેણાં ખાતર ભાર ઉંચકવામાં અગવડ ગણાતી હતી નહીં. રશીઆના પૂર્વનાં ચીનથી તે પાશ્ચમમાં છેક બાલટીક સમુદ્ર સુધી લંબાવલા મોટા વીસ્તારના દેશ આ દેશના સંગ્રહસ્થાનોને ઘણાક મુલકાની નાદર ચીજો એકઠી કરવામાં મદદ આપી છે. આ સાધીઅનો બાબે હું મારા એક વિષયમાં કાઇક બોલ્યો છું.

પીટર ધી ગ્રેટનો મેહેલ—તેના સુંદર બાગની કાશમીરના બાગ ઉપરથી નકલ.

રશીયાના રાજાઓના મહેલમાં બે જાણીતા છે. એક જે શીઆળામાં વપરાતો (Winter Palace), તે શેહેરમાં છે. તેમાં હાલ મ્યુઝીયમ બનાવ્યું છે અને તે હર્મીટાજ (Hermitage) ના મ્યુઝીયમ સાથે જોડાવલો છે. બીજો ઉનાળાના મકાન (Summer Palace) તરીકે શેહેરથી દુર નાવા (Neva) નદી મારફતે દોઢ કલાકના સફરને છેટે એ નદીના મુખ આગળ બાલટીક સમુદ્ર ઉપર આવ્યો છે. પીટર ધી ગ્રેટ આસરે બસો વર્ષપર એક મોટો ભલા રાજા થઇ ગયો હતો અને તેના નામ ઉપરથી આ શેહેર પોતાનું નામ સેન્ટ પીટર્સબર્ગ તરીકે લીધું હતું. અસલમાં મોસ્કો રાજધાની

હતું, પણ રાજાએ રશીઆને એક પ્રકારે દર્યાઇ બળ ધરાવનાર રાજ બનાવવા માટે મોસક્કોને છોડીને આ શેહેરમાં નવી રાજધાની બનાવી કે અહીં નદી ઉપર દર્યાના સમાગમથી રશીઆ દર્યાઇ બળમાં મજબુત રહે. તેથી આ શેહેરમાં તેણે ઉનાળા માટે આ સુંદર બાગ સાથનો મેહેલ બનાવ્યો છે.

મેં પેરીસના વરસેલ્સ (Verseilles) ના મેહેલના બાગ માટે આગળ લખ્યું છે, કે તે મારા વિચાર પ્રમાણે કશ્મીરના શાલેમાર બાગની નકલ છે અને તે નકલ મોં૦ બેરનીએ (Bernier) નામનો એક ફ્રેંચમેન જે એક ઝવેરી તરીકે મોગલ શાહાનશાહ જાંગીરની દરબારમાં હતો અને તેના સાથે કાશ્મીર ગયો હતો, તેની મારફતે થઇ હોય. આ મારા વિચારને અત્રે એકાદ જાણીતા ફ્રેંચ વિદ્વાન સાથે વાત થતાં તેણે ટેકો આપ્યો છે. હવે આ પીટર હોફ (Peter Hof) ના મોટા, સુંદર, સેંકડો ફુવારા સાથના બાગ માટે કહે છે કે તેની નકલ વરસેલ્સના બાગ ઉપરથી થઇ છે. પણ તે ઘણા મોટા પાયા ઉપર થઇ છે. ત્યારે આ પીટર હોફનો બાગ પણ કેશ્મીરના સાલેમાર બાગની નકલ છે, અને તે વધારે મોટા પાયા ઉપર અને વધારે બરાબર શુદ્ધ અને સહી નકલ છે. સબબ કે જે કુદરતી સગવડો વરસેલ્સને મળી નથી તે અહીં મળી શકી છે. વરસેલ્સમાં તેના બાગના ફુવારાઓ દર મહીને એકવાર ઉડાડે છે તો કહે છે કે આસરે રૂપીઆ એક હજારની કીમતનું પાણી ખપે છે, સબબ કે ત્યાં કુદરતી વેહેતું પાણી નથી. પણ અહીં તો કાશ્મીર માફક પછવાડેના કોઇ પહાડ ઉપરથી પુરતું પાણી વહે છે. વળી વરસેલ્સમાં નેહેર (canal) ના નાકે એક કૃત્રિમ સરોવર બનાવવા પડયો છે. પણ અહીં તો જેમ કેશ્મીરમાં સામે સુંદર દાલ (dal) લેકવાળો સરોવર છે, તેમ નીવા નદીના મુખ આગળનો બાલ્ટીક સમુદ્રનો ભાગ છે. આ સબબે આ બાગ કેશ્મીરના સાલેમારની વધારે બરાબર નકલ છે. કોણ જાણે કદાચ પીટર ધી ગ્રેટે વરસેલ્સની નકલ કરતી વેળા પોતાના કોઇ આર્કીટેકટ બાગબાનને કેશ્મીર મોકલ્યો હોય. હાલમાં જ્યારે સુધારાવધારા સબબે એશીઆ: તરફના કોઇક મુલ્કોના દરવાજા વધારે ઉઘડવા જોઇએ ત્યારે તે સામા બંધ છે. પણ બસો ચારસો વર્ષ પર તે સામા વધારે ઉઘાડા હતા.

અહીંના ફુવારાઓની યુકતી ઘણી બાબતોમાં અસલ (original) છે. એક ઠેકાણે એક ઝાડ જેવું મોટું ઝાડ લીલાં પાતરાં વગેરેનું છે. તેને કુંચી આપવામાં આવે કે તે ઝાડનાં દરેક પાતરાંમાથી પાણી પડે. તમો એક જગ્યાએ બેસો અને કુંચી આપો તો તમારી આજુબાજુ તમારા માથા ઉપર પાણીની ધારો ઉડે અને તમો જાણે ફુવારાઓની વચમાં બેઠા છો. એક મોટું આસરે ૪૦) ફુટ લાંબું પાહોળું, પત્થરનું સેતરંજનું પાટયું (chess-board) બનાવ્યું છે અને અંદર સોટકાના મોટા ગાળાઓ છે. તે ઢળાવદાર બાંધી લાધું છે. કુંચી આપે કે તેના ઉપરથી ગેલ કરતું પાણી નીચે આવે. આવી આવી ફુવારાઓની ઘણી અસલીઆત છે. આદમ, ઇવ, સેમસન (Adam, Eve, Samson) નામે બાગમાં સુંદર ફુવારા છે, બાગનો મોટો સુંદર પાર્ક (park) છે.

લેનીનગ્રાડમાં ગુજારેલો ૧૯૨૫ ના સાલનો મુબારક નવરોઝ.

મારી જીંદગીમાં આપણાં બે નવાં સાલ મારા દેશથી બાહાર ગુજાર્યાં છે. એક ૧૮૮૯ નાં સાલની સફરમાં અને બીજું આ સાલ. અઢારસો નવીઆસીના સ્ટોકહોમની ઓરીએન્ટલ કોનગ્રેસમાં મુકતાદના કેટલાક દિવસો પસાર કરી બર્લીનમાં મેં નવાં સાલનો દિવસ ગુજાર્યો હતો. તે દિવસ મને ખાસ યાદ આ સબબે છે કે સપરમા દહાડો

શરૂ કરતાંજ મને કાંઇક ચિંતાનો સબબ મળ્યો હતો. સરેસ્તા પ્રમાણે આગલી રાતે મેં મારો દગલો, પાટલુન અને બુટ મારા ઓરડા બાહેર મુકયાં હતાં કે સવારે બ્રશ કરી મને આપે. પણ દગલાના ઉપરનાં અંદરના ગજવામાંથી મારી કોથળી જેમાં આસરે ૨૫) પૌંડ હતા, તે કાઢી લેવાને વીસરી ગયો હતો. સવારે યાદ આવતાં તે ગજવામાં મળે નહી. સપરમા દહાડે એમ શરૂ થવાથી કાંઇક દલગીરી ઉપજી. પણ ખુદા ઉપર સબર કરી ભાળી ગણી હોટેલના મેનેજરને જણાવતાં તેણે તુરત તે કોથળી મારા હાથમાં મેલી કે તે હોટેલનાં માણસે તેને લાવી આપી હતી. તે દાદારની મેહેરથી બેઘડીની દલગીરી દુર થઇ નવું સાલ શરૂ થયું હતું.

આ સાલ તે દાદારની મેહેરથી ગાથાના પાંચ દહાડા અને નઓરોઝ આ વખત ઉત્તરની લેટીટ્યુડવાળાં આ ઠંડા શેહેરમાં ગુજાર્યા છે. મુકતાદના દસ દહાડા મારે મનથી જાણે આવતાં સાલ માટે એક પ્રકારના ટોનીક (tonic) ની મિસાલ છે. મુંબઇમાં એ દસ દિવસ સહવારે હું પોતે આફ્રીનગાન ભણી મારાં ગુજરેલાં વહાલાંઓને, મારા ગુજરેલા મિત્રો અને ચાહનારાઓને યાદ કરી તેઓથી પ્રેરણાના આશીર્વાદ મેળવું છું જે મને ટોનીક માફક કાંઇક જાણે આખું વર્ષ જોહન આપે છે એટલા દિવસ રાત્રે હું અને કુટુંબ સાથે આતશ આગળ ભેગાં મળી સરોશનું રાત્રીનું ભણતર ભણ્યે છિયે અને મારી ડાહી બેટીઓએ પોતાને હાથે પકાવેલી કોઇક ગરીબ વાણીના ખાણાં ઉપર સતુમ ભણું છું પછી સર્વ આતશ હજુર ઉભાં રહી આપણા "નીવએધયેમી હંકારયેમી"ના કરદાની શરૂઆતની નાની દુઆ ગુજારી અને પતેત, મારી જોડેલી બેતોમાં મુનાજાત તરીકે ભણ્યે છિયે. પછી આપણાં ભણતરોમાં કરેલી ફરોહરની યાદ એક મુનાજાત, જે આગળ આ જામેના એક અંકમાં મેં પ્રગટ કરી છે તે, રૂપે ભણી વહાલાં ફરોહરોને આમારાં ગરીબ ઘરમાં ત્યાં મેલેલાં ફુલપાન અને ખાણાં હજાર આવવાને અને અમો ગરીબ બચ્ચાંઓને પ્રેરણા આપવાને અરજ કર્યે છિયે. સેવટે આપણાં "તાઓઅહિ નમાને"ના કરદા મુજબની તનદુરસ્તીની મોનાજાત ભણ્યે છિયે. આમારી ગરીબ શક્તિપ્રમાણે એટલું કરી અમો આનંદ લીએ છિયે. આ સાલ હું દગાજ જુદા સંજોગો વચ્ચે પડવાથી તેમ કાંઇ બની શક્યું નથી. પેહેલા ત્રણ દિવસ બર્લિનમાં ભલી ભાણજીના પારસી ઘરમાં હોવાથી સવારે "ફુલ નહી તો ફુલની પાંખડી" સમાન કાંઇક ભણતરથી સંતોષ મેળવ્યો હતો. બાકીના દિવસોમાંથી બે ટ્રેનમાં અને પાંચ અત્રે કાંઇક નાની યાદમાં પસાર કર્યા. નવરોઝનો મુબારક દહાડો કાંઇક નવા સંજોગો વચ્ચે પસાર કર્યો છે. સાધારણ રીતે બાહર ફરવા હરવા અને જોવા જતી વખતે હું આપણા પારસી ઢબનો સાધારણ ગરમ દગલો, પાટલુન અને કાળી ટોપીના પોષાકમાં ફરૂં છું. પણ કોઇ મોટા રીસેપશન યા બેનક્વેટ યા એકેડેમીની કોઇ મોટી મીજલસ હોય છે ત્યારે સફેદ પાઘડી અને સફેદ ફલેનલના દગલા પાટલુનમાં હાજર થાઉં છું. પણ આ નવરોઝના મુબારક દિવસે હું હેઠે સારી રવેશે ગરમ કપડાં પહેરી સફેદ પાઘડી અને સફેદ દગલી અને લેંગામાં હાજર થયો હતો અને મારાં વહાલાંઓ અને ભલા મિત્રો તરફના "સાલ મુબારક"ના શબ્દો ને બદલે અત્રેના નવા મિત્રો તરફથી "Happy New Year" ના શબ્દો સાંભળ્યા. હું અત્રે દુર દેશથી મારા વહાલાં બેટીઓ અને મિત્રોને, મારા મેહેરબાન ટ્રસ્ટી સાહેબોને, મારી ઓફીસના મારા દીલસોજ સ્ટાફને અને મારી પ્રીય કોમને સાલ મુબારકની દુઆ ગુજારૂં છું. મારે માટે હું દુઆ ગુજારૂં છું કે એઓ સર્વની સેવા બજાવવામાં મારી કાંઇ ખામી હોય તો તે સાહેબ માફ કરી આ બેસતાં સાલમાં ભલી સેવા બજાવવાને મને શક્તિવાન કરે.

નવરોઝના આ દિવસે એકેડેમીએ રચેલા પ્રોગ્રામમાં નીચલી ત્રણ બાબતો હતી :—

૧. એકેડેમીનાં પુસ્તકખાનાનાં નવાં મકાનનું વાસ્તુ અને તેના સંગ્રહની મુલાકાત.

૨. લેનીનગાર્ડની સરકારની કાઉન્સીલ તરફનો આવકાર (Reception)

૩. રાત્રે આઠ વાગે ઓપેરા અને બાલેટ (Ballet).

આ નવરોઝના દિવસે શેહેર અને સરકાર તરફનો સર્વને આવકાર.

આ ત્રણમાં મેં હાજરી આપી હતી અને ઘણું નવું જાણ્યું હતું. એ ત્રણમાં બીજી બાબત અગત્યની હતી, સબબ કે તે શેહેર અને સરકાર તરફનો એકેડેમીને અને તેના મેહેમાનોને આવકાર હતો. શેહેરના મેયર સમાન વડાએ એક લાંબાં ભાષણમાં આવકાર દીધો હતો આ આવકાર માટેનું મકાન મોટું સુંદર મકાન હતું કે જેમાં આશરે બે ત્રણ હજાર આદમીઓ હશે. હાલના અને ના અમલના વિચાર મુજબ બાવટાઓ ઉપર ઉદ્યોગ, વિદ્યા અને છુટાપણાના સંબંધમાં નીચલા વાક્યો હતા.

Vive l'Union intime du Travail et de la Science એટલે ઉદ્યોગ અને વિદ્યાનો ગાઢો સંબંધ કાયમ રહો.

La Science est la meilleure alliée du Proletariat dans la lutt pour la liberté એટલે છુટાપણા માટેના ઝઘડામાં વિદ્યા પ્રજાના હકો માટે સરસ સાથી છે.

Salut Proletaire à l'Academie des Sciences એટલે "વિદ્યાઓની એકેડેમીના છુટ ભોગવતી પ્રજાની દુઆ સલામ."

શરૂઆતના આવકારમાં અત્રે આવેલા કેટલાક જાણીતા ભણેલાઓને પ્રેસીડિયમ (Presidium) એટલે આગેવાન ભાગ લેતી કમીટી (Presiding Committee)ના મેમબરો તરીકે જાહેર કર્યા હતા. દેશદેશના આગેવાનોમાંથી એવાં કેટલાંક નામો પસંદ કર્યાં હતાં. કલકત્તા યુનીવરસીટી તરફથી આવેલા પ્રોફેસર રામનનું અને મારૂં નામ પણ એમાં જાહેર કર્યું હતું. એ એક પ્રકારનું તે બાબત માટે માન ગણાતું. અમોને પ્લેટફોર્મ ઉપર જગ્યા આપવામાં આવી હતી. પ્રેસીડન્ટે ભાષણ કરવા પછી કેટલાંક નામો પોકરાતાં તેઓ કાંઇક નાનું ભાષણ કરી પોતાના વિચારો જણાવતા. તેમ કોઇક બોલનારાઓ પછી મારૂં નામ પ્રેસીડન્ટ તરફથી બોલાતાં મેં એક ટુંકું ભાષણ કરી મારા કાંઇક વિચારો જણાવ્યા. અત્રે આવવા પછીના બીજે દિવસના બેનક્વેટ યાને ખાણામાં ખાણાં બાદ મારૂં નામ કાંઇ બોલવા માટે હોવાથી મેં અંગ્રેજીમાં ટુંકું ભાષણ કર્યું હતું. તે વખતે ખાણા પછીની કાંઇ ગડબડમાં બોલવું પડયું. આ વખતે ખાણા વગરની શાંત મોટી આશરે બે ત્રણ હજાર આદમીઓની મંજાવર મીજલસ હતી અહીં આવતાં મેં જોયું હતું કે અંગ્રેજી કરતાં ફ્રેંચ અહીં વધારે બોલાતું અને સમજાતું હતું, તેથી આ વખતે મેં ફ્રેંચમાં બોલવાની હીમત કીધી અને એકેડેમીના કામ માટે અને તેમાં ખાસ કરી આપણી ઇરાનીઅન બાબતોના તેના કામ માટે મારી પ્રસંસા જાહેર કરી અને આપણા કામા ઇનસ્ટીટયુટના જર્નલમાં રશીઅન અભ્યાસી મી૦ બોગડેનોવ, જેવણની ઇરાનવાળી બાઇ અરદેશર ડાપોરટરે મારી સાથે પિછાણ કરાવી હતી તેવણ મારફતે કોઇક રશીઅન વિષયોના તરજુમા થયા છે તે ઉપર અને પ્રો૦ આઇનોસ્ત્રાનઝેવે મારા વિષયો ઉપર કરેલાં લખાણ બાબે કાંઇક ઇસારાઓ કર્યા. આવી મોટી મીજલસમાં હું ફ્રેંચમાં કાંઇક બોલી શક્યો જે માટે એકાદ ફ્રેંચ ઉસ્તાદે પોતાની ખુશાલી જણાવી અને તેથી હું ખુશી થયો હતો. મેં આ

બાબે મારી નોંધપોથીમાં જે નોંધ લીધી હતી તે નોંધ ઉતારી તે દાદારનો ઉપકાર માનું છું.

"ઓ ખુદા! તારા હજારોહજાર શુકરાના કે આજનો મુબારક રોજ, જોકે વહાલાંઓથી અને કોમી મિત્રોથી હજારો મૈલ દુર છું તોપણ, આજના જેવા શાની અને ખુશબખ્તીના મેળાવડાઓમાં ગુજારવાના સંજોગો તેં ઉભા કર્યા છે. આજના જેવા હજારો મૈલ દુરના ઉત્તર તરફના દેશમાં કાંઇક શબ્દો બોલવાને ઘણી ખુશી ઉપજે છે."

એકેડેમી અને શેહેરે આપેલાં ખાણાં.

અત્રેની મેહેમાનીમાં કેટલીક જગ્યાએ ઓછાં વધતાં રીફ્રેશમેન્ટ ઉપરાંત મેહેમાનોને બે મોટાં ખાણાં (banquets) આપવામાં આવ્યાં હતાં. તે ખાણાં અત્રેનું એક મોટું સુંદર મકાન, જેનો મોટો ભાગ કેળવણીનાં કામ માટે વાપરવામાં આવે છે, તેમાં ઘણા મોટાં સંગેમરમરનાં બાંધકામવાળાં દીવાનખાનામાં આપવામાં આવ્યાં હતાં. આસરે પાંચસોથી છસો મેહેમાનો હતા. અમો બહારગામના કેટલાક નોતરેલા મેહેમાનો માટે અમારા નામના કાર્ડ સાથે જગ્યા રાખી હતી. આઠ વાગેનાં ડીનર હતાં. પણ તે વખત બાદ ખાણું શરૂ થયું. તેટલાં મેહેમાનો એકમેકને મળી પોતાની જગ્યા જોઇ રાખતા હતા. આસરે સાડાઆઠને અમલે એક જણે પોકાર કરી કહ્યું કે સાહેબો "ત્યાં રીફ્રેશમેન્ટ છે તે લેવા પધારો." એ સાંભળી હું અજબ થયો કે ખાણાની મેજ તૈયાર છે અને તે આગમજ રીફ્રેશમેન્ટ તે શું હોય. સર્વ ગયા તેઓ સાથે હું પણ ગયો તો એક લાંબી ટેબલ તરેહવાર ખાણીપીણીની ચીજોથી ચીકાર હતી.

દરેક મુલકે મુલકના રેવાજોમાં કાંઇક ફરક હોય છે. અહીં એમ રેવાજ છે કે આવાં બેનક્વેટ વખતે ખાણાંની ટેબલપર સરેસ્તા પ્રમાણે જમવા બેસવા આગમજ કાંઇક રીફ્રેશમેન્ટ લેવું. તરેહવાર વાઇન અને રોટી, માખણ અને મીઠાઇ તેમજ વળી માછલી અને "કેવીઆર" વગેરેનું એ રીફ્રેશમેન્ટ હતું. મને આપણા લગન, નવજોત વગેરેનાં ખાણાંઓની યાદ આવી, કે જ્યાં ખાણાં આગમજ બે ચાર ટેબલો ઉપર સોડા, લેમોનેડ, બ્રાંડી, વીસ્કી અને વફેરો શરૂઆતની ખાણીપીણી માટે મેલવામાં આવે છે, કે જે આપણામાં સવારના પોહોરમાં આતશને રોશન કરવા માટેના "આતશને સંકન નાખવું" એવા આપણા શબ્દો ઉપરથી જુના આતશને રોશન કરવાની મતલબથી "સંકન નાખવું" એમ કહેવાય છે. પણ અહીં તો આ "સંકન નાખવું" કહો કે "રીફ્રેશમેન્ટ" કહો પણ તે એટલી બધી ચીજોનું કે કોઇ પેટ ભરીને જમે. અહીં મેલેલી રકાબીઓ અને કાંટાના ઢગોમાંથી દરેક જણ એક રકાબી અને કાંટો લઇ પોતાને મન ભાવતી ચીજો લઇ ઉભા ઉભા ખાય અને શરાબ નોંશ કરે. આસરે એક કલાક એમ ખાણીપીણી ચાલે, સબબ કે થોડાકો બીસતા થાય કે બીજાઓ આવે.

આ રેવાજ જોઇ મને છત્રીસ વર્ષપર સ્વીડનમાં સ્ટોકહોમ ખાતે જોયલો ખાણાનો રેવાજ યાદ આવ્યો. ત્યાં એક ધણી પોતાને ત્યાં ફક્ત દસ યા બાર માણસની ટેબલ હોય તોપણ ત્રીસ ચાળીસ જણને જમવા તેડે. એક ટેબલ ઉપર રકાબી છરી કાંટા ચમચાનો ઢગ મેલેલો. તેમાંથી તમારે હાથે તમો ગમે તેમ લેઓ. બીજી ટેબલ ઉપર મોટાં બાઉલમાં સુપ, મોટી પલેટોનાં માછલી, મરઘી વીગેરે જુદી જુદી વાનીઓ. તમો એક પછી એક પલેટ લઇ તેમાં સુપ લઇ એકાદ મિત્ર સાથે બાગમાં કોઇ બાજટ ઉપર યા ઘરમાંજ એકાદ સોફા ઉપર બેસી રકાબી હાથમાંજ રાખી કાંટા યા ચમચાથી ખાઓ. એક વાણી ખાઇ તમારે હાથેજ જઇ જરૂર પડે તો બીજી રકાબી વગેરે લઇ બીજી વાણી લઇ કોઇ બીજા એકાદ મિત્ર સાથે વાત કરતાં તેવી કોઇ બીજી

જગ્યાએ બેસી યા ઉભા રહી ખાણું ખાઓ. ખાણાની મેજ ઉપર બેસતાં તમોને આજુબાજુના બેજ મિત્રો સાથે વાત કરવાનું મળે. આ રીતથી હરતા, ફરતા અને અહીંતહીં બેસતાં તમો એકથી વધુ મિત્રોને મળો. વળી ઘર ધણીને ઘણા હજુરીઆ યા મજુરોનો ખરચ નહી. એમ જુદા જુદા દેશોમાં જુદા જુદા રેવાજો હોય છે

અહીં ઉપલાં રીફ્રેશમેન્ટની ટેબલ ઉપર એક વાણી ઉપર મિત્રોએ ખાસ ધ્યાન ખેંચી તે ખાવા કહ્યું તે "કેવીઆર" નામની વાણી હતી. કહેવત સમાન થઇ પડેલા કવી શેકસપીઅરના શબ્દો કે "It is caviarre to the general" એટલે "આમ લોકોને મનથી તો એ કેવીઆરની સુંદર વાણી ખણાય" તે યાદ આવ્યા અને આજે "કેવીઆર" તે શું તે સવાદ લેઇ ખાઇને જાણ્યું. એક પ્રકારની ઉમદા માછલીમાંથી ગરભ જેવા સ્વાદીષ્ટ ભાગમાંથી કોઇ બીજી ચીજોના મિશ્રણ સાથે આ સ્વાદીષ્ટ વાણી બનાવવામાં આવે છે અને તે અત્રેની એક ખાસ વાણી ગણાય છે.

એમ રીફ્રેશમેન્ટ લેવા પછી સર્વ ખાણાં ઉપર ગયા અને એવાં ખાણાંના ઠંડા કારોબાર પ્રમાણે ધીમે ધીમે વખતને કેટલેક ગાળે એક પછી એક વાણીનો કોર્સ ફરે. તેમ થતાં બે કલાકે પણ ખાણું પુરૂં થયું નહી. પણ ઉપલાં રીફ્રેશમેન્ટ ઉપરાંત ખાણાંને પુરતો ઇનસાફ આપતા હું બીજાઓને જોતો. આ તરફની ઠંડીને સબબે ખાણાં માટે વધારે ભુખ અને તલબ થાય છે. ખાણીપીણીમાં છેલ્લે તબકકે કાંઇક ગડબડ ધાંધાટ વધારે થાય છે, સબબ કે મિત્રો મિત્રો પોતાની ખુરસી ઉપરથી ઉઠી આજુબાજુ જઇ યા બીજી ટેબલ ઉપર જઇને ત્યાંના મિત્રો સાથે ગલાસો અડકાવી એકમેકની સલામતી લઇ શરાબ નોશ કરે. યુરોપનાં પૂર્વ તરફના હંગરી જેવા ભાગોમાં પણ આ રેવાજ મેં કેઠે જોયો છે. પણ અહીં રશિઆમાં મેં તે ઘણો જોયો છે.

આપણામાં હાલ એ રેવાજ કોઇ કદાચ અને તે પણ જુજ જોવામાં આવેછે.પણ આગળ તે કેઠે વધારે દીસતો હતો.મને દસ અગીઆર વર્ષની મારી ઉમરનું મારૂં બચપણ યાદ આવે છે કે જ્યારે કોઇ કુટુંબોમાં કુટુંબના વડાને ત્યાં નવાં સાલના નાસ્તાની મીજલસ થતી. તે વખતનાં કેટલાંક વર્ષો મને યાદ આવે છે કે જ્યારે હું એક ઘર-જમાઈ તરીકે સકલાતવાળા કુટુંબના વડીલ કાઉભાઇ સકલાતવાળાને ત્યાં અને ત્યાર પછી નવરોજી સકલાતવાળાને ત્યાં એવા નરોઝના નાસતા ઉપર જતો. ત્યાં એમ પહેલે શરબતનાં અને શરાબનાં ગલાસો કુટુંબીઓ અને બેશીઓ એકમેક સાથે અડકાવી નોશ કરતા. એવા નાસ્તાઓ ઉપરનો એક બીજો રેવાજ પણ મને યાદ આવે છે કે જે પ્રમાણે સકલાત-વાળા કુટુંબના એ નાસ્તાઓ વેળાએ મેહેરજીરાણા કુટુંબના મરહુમ જાણીતા દસ્તુર એરચજી જામા પીછોડીમાં ત્યાં આવતા અને શાહનામાનું દાસ્તાન વાંચતા. આતશની પહેલી શોધ બાબેનું "જશને સદેહ"નું પાદશાહ હોશંગનું દાસ્તાન મેં આ બ ળત્રયે પહેલું સાંભળેલું મને યાદ આવે છે.

ઉપર પ્રમાણેની અત્રેના બેંકુએટોની મીજલસ છેક એક બે વાગે ખલાસ થાય છે. સબબ કે ખાણાં પછી મોડેથી ભાષણો શરૂ થાય છે. કરતાકારવતાઓ એક ગ્રહસ્થ, જેવણ નૌસારીના "રાણા" માફક મેહેરબાની કરી હેરલ્ડ (herald) નું કામ બજાવે છે, તેવણ પાસે કોઇક જાણીતા અત્રેના લાગતાવળગ તાઓના અને પછી મેહેમાનોનાં નામો બાગેબુલંદ પોકરાવે છે અને તેઓ નાનું ભાષણ કરી પોતાના મેહેમાનદારી વીગેરે માટેના વિચારો જણાવે છે. એવાં એક ખાણાંમાં મારૂં નામ પણ પોકરાવાથી હું અંગ્રેજીમાં થોડાક શબ્દો બોલ્યો હતો.

અત્રે ખાણીપાણીમાં અને બીજી વખતે દુધ વગરની કુમળી ચાહનો ઘણો ઉપયોગ થાય છે. અત્રેની ઠંડી સબબે આપણુ મુસાફરોને પણ તે ગરમ ચાહ આવકારદાયક થઇ પડે છે. એકાદ બે દિવસમાં આપણે પણ જાણે અર્ધા રશિઅન બનીએ છિએ. કેઠે મુલાકાતમાં પણ ચાહ આપે છે. તેનો સુંદર કુમળો રંગ પોતે પણ પ્રેંચારક દીસે છે. અહીં પણ ચાહ માટે આપણોજ શબ્દ ચાહ વપરાય છે.

Hotel de l' Europe,
રશિઆ–મોસ્કો,
તા૦ ૧૯ મી સપટેમ્બર ૧૯૨૫.

મોસ્કોની મુલાકાત—તેનો મેહેલ, મ્યુઝીઅમો, પુસ્તકખાના વગેરે.

એકેડેમીએ પોતાની બાદ્–સેન્ટીનરીની ઉજાણી પોતાની જુની અને નવી રાજધાની એ બંને વચ્ચે વહેંચી નાખી હતી. તા૦ ૫ મીથી તા૦ ૧૦ મી સપટેમ્બર સુધી તે લેનીનગ્રાડમાં હતી અને તા૦ ૧૧ મીથી તા૦ ૧૪ મી સુધી આ મોસ્કો શહેરમાં હતી. તા૦ ૧૦ મીએ શહેર તરફની ઉજાણી બાદ રાતે સાડાઅગીઆરે ટ્રેનમાં ઉપડી બીજે દિવસે બપોરે બારને સુમારે અમો સર્વ સુવાની ખાસ સગવડભરી ગાડીમાં મોસ્કો આવ્યા.

રશિઆની ટુંક તવારીખ.

અત્રે શરૂઆતમાં હું રશિઆની કાંઇક ટુંક તવારીખ આપીશ કે અત્રેની કોઇક બાબતો બરાબર સમજ પડે. ઇ૦ સ૦ નવમી સદીની આગમજની હકીકત બરાબર ચોક્કસ થઇ નથી. પણ નવમી સદીમાં પેલા હુન તાયફાની શાખા સમાન ગણાતા મોંગોલ (Mongol) લોકોએ, જેમ તેઓના હુન લોકોએ યુનાન અને રોમ જીતી ત્યાં પોતાનો ડંકો વજાડયો હતો, તેમ અહીં કર્યું. ઇ૦ સ૦ ૮૬૨) માં આ મુલકના લોકોએ આ તાયફાવાળાઓના દોરથી કંટાળી પડોશના સ્વીડનના રાજ્ય ઉપર કેહેણુ મોકલ્યું કે “આવો અને અમારા ઉપર રાજ્ય કરી બચાવ કાજે નીયમીત અમલ સ્થાપો.” તે ઉપરથી ત્યાંના ત્રણ શાહજાદાઓ પોતાના લાગતાવળગતાઓને લઇ અહીં આવી રહ્યા. તેઓમાંના બે મરણ પામવા બાદ બાકીના હૈયાત રયુરીક (Rurik) ના હાથમાં ભેગો અમલ રહ્યો. એ રયુરીક નામ ઉપરથી આ મુલકે પોતાનું રશિઆ નામ લીધું. તેના નબીરાના છોકરા લાડામીરે (Vladamir) ગ્રીસના રાજાઓ ઉપર કેહેણુ મોકલી તેઓની બેહેન સાથે શાદી કરવા માંગી. તે ખ્રીસ્તી નહીં હોવાથી તેઓએ ના પાડયું, ત્યારે તે ઇ૦ ૯૮૮) માં ખ્રીસ્તી બની ગ્રીસની ઉપલી શાહજાદી સાથે પરણ્યો. આ સબબે રશઆમાં ખ્રીસ્તી ધર્મના ગ્રીક ચર્ચ (Greek Church) ની સ્થાપના થઇ. આ રાજાએ પોતાની પ્રજાને પણ ખ્રીસ્તી બનાવી અને તે “સેન્ટ”નો દરજ્જો પામ્યો.

હવે રશિઆ ઉપર મધ્ય એશિઆ તરફના તારટરો (Tartars) ની ચઢાઇઓ શરૂ થઇ. તેઓના ચંગીઝખાને હુમલો કરી આ દેશને જીત્યો. ચંગીઝખાને મોગલો અને તારટર એ બે કોમોને એકત્ર કરી પોતાની સત્તા મજબુત કીધી હતી. આ હુમલો ઇ૦ સ૦ ૧૨૨૪) માં કરવા બાદ, ચંગીઝખાન ઇ૦ સ૦ ૧૨૨૭ માં મરણ પામ્યો. ઇ૦ સ૦ ૧૨૩૬ માં એની છોકરીના છોકરા બેટીઆ (Batea) એ ત્રણ લાખ આદમીના લશકર સાથે બલગેરીઆ જીત્યું અને પછી ૧૨૪૦ માં રશઆ ઉપર હુમલો કરી આ મોસ્કો શહેરને બાળી નાંખ્યું. તેણે અહીં અને આજુબાજુના મુલકોમાં મજબુત દસ્ત સ્થાપ્યો. એનું રાજ્ય “સોનેરી તાયફા” (The Golden Horde) ને નામે જણાયું હતું.

હવે બીજી બાજુથી સ્વીડ લોકો (the Swedes) એ પોપની ઉશ્કેરણીથી રશિઆ ઉપર હુમલો કર્યો, સબબ કે તે રશિઅનોને ગ્રીક ચર્ચને બદલે પોતાના કેટલાક ચર્ચના બનાવવા માંગતો હતો. રશિઅનોએ આ હુમલો હઠાવ્યો. પછી જર્મનોએ હુમલો કીધો. જેઓ પણ ફાવ્યા નહીં. આ લડાઈ દરમ્યાન નેવસ્કી (Alexander Nevsky) નામનો રાજા તેઓ ઉપર અમલ કરતો હતો. તેણે તારટરોનો અમલ તદન ફેંકી દેવાનું અશકય જોવાથી તેઓ સાથે સુલેહની શરતો કીધી હતી. રશિઆના રાજકરતાઓ (Grand Dukes) માં એ નામાંકીત ગણાયો છે.

મોસકોની આગલી હકીકત.

રશિઆ સંબંધી આ આગલી હકીકત દેખાડે છે કે જે મોગલો અને તારટરો ઉપર તે લોક અમલ કરે છે, તેજ મોગલો અને તારતરોના વડવાઓ તેના કેટલાક ભાગ ઉપર લાંબો વખત રાજ કરી ગયા હતા અને તેઓએ એક વખત મોસકોને બાળી નાંખ્યું હતું. તેઓ જાણે રશઆ ઉપર એક પ્રમાણે ચઢતી સત્તા ભોગવનાર (paramount power) સમાન હતા. ઘણીક વખત રશઆના રાજકર્તાઓ (Grand Dukes) પોતાની સત્તા અને નેમણુંક તારટરો, જેઓ આગળ કહ્યું તેમ "ધી ગોલ્ડન હોર્ડ" તરીકે ઓળખાતા, તેઓ તરફથી મેળવતા. મોસકોની એક શેહેર તરીકે પહેલી સ્થાપના ઓલેગ (Prince Olog) ને હાથે ઇ० સ० ૯૮૦) માં થઇ હતી. બારમી સદીમાં યુરીએ (Prince Yoory) તેને ફરીથી સ્થાપ્યું હતું અને ૧૨૪૦) માં તેને આગળ જણાવવા પ્રમાણે તારટરોએ બાળી નાંખ્યું હતું. એ વખતે એનો જે રાજા ડાનીલોવીચ (Iven Danilovitoh) નામનો હતો, તેણે મોસકોને પહેલે ગ્રીક ચર્ચના વડાનું મથક બનાવી, તેના વડા ધર્મગુરૂ (Matripolitan) તરીકે પીટર (Peter) નામના ગુરૂને ઇ० ૧૩૨૯) માં તેડયો હતો. તે જેને લોકો કલીટ (Kalita) એટલે "પૈસાની કોથળી" (money-bag) કહેતા, તે ૧૩૪૦ માં મરણ પામ્યો. તેના બેટા સાઇમને પોતાના પૈસાના જોરથી તારતરો (The Great Horde) તરફથી "મોટા રાજકર્તા" (The Grand Duke) નો "ટાઇટલ" મેળવ્યો. તારતરોના "ખાન" ને મળતો આ ટાઇટલ હતો. તેના વખતના બીજા આજુબાજુના નાના રાજાઓ એ ટાઇટલ મેળવી શકયા નહી. આ ધણીના નબીરાએ કાંઇક નાફરમાની કરવાથી ઇ० સ० ૧૩૮૨) માં તારતરોએ મોસકો હાથ કરી તેની પાસે ખંડણી લેતી કીધી. આ વખતે તારતરોનો વડો અબદુલ્લા (Abdulla Khan) નામનો હતો. સરત મુજબ ખંડણી નહીં મળવાથી ઇ० સ० ૧૪૦૮ માં તારતર ખાન એદીગે (Edigei)એ મોસકો ઉપર હુમલો કર્યો. શેહેર પાસેથી એક પ્રકારનાં દંડ (ransom) તરીકે ત્રણ હજાર રૂબલ (હાલમાં એક પૌંડના આસરે દસ રૂબલ મળે છે) લઈ તે પાછો ફર્યો. આ પછી પણ રશિઆના રાજાઓના વારેસોમાં ઝઘડો ઉઠતો તો ડયુક મુકરર કરવાનું યા ગ્રાંડ ડયુક મુકરર કરવાનું અવારનવાર તારતર હોર્ડના હાથમાં રેહેતું.

ઇ० સ० ૧૪૭૨ માં મોસકોનો ગ્રાંડ ડયુક જોન ગ્રીસની શાહજાદી સોફીઆ (Sophia) સાથે પરણ્યો અને તેણીએ તેને સર્વના વડા યાને ઝાર (Tzar) તરીકે થવાને ઉશ્કેર્યો અને તેણે પોતાને "ઝાર" તરીકે જાહેર કર્યો. રશીઆના મોસકોના રાજાઓએ "ઝાર" તરીકે ઓળખાવાની આ શરૂઆત થઇ. 'ઝાર" શબ્દ "સીઝર," કયસર, ખુશરોને મળતો એશીઆટીક શબ્દ છે. આ રાણીએ એને ઉશ્કેર્યો કે હવે તારતરોને ખંડણી નહી આપે. તેમ તેણે કર્યું અને તારતરો કાંઇ કરી શકયા નહી, સબબ કે હવે તેઓની શાહાનશાહત (Tartar Empire) માં ફાટ પડી હતી. "ગોલ્ડન

હોર્ડ" નામની શાહાનશાહત સામે એક બીજી શાહાનશાહત જે ક્રીમીયા (Crimea Horde) તરીકે ઓળખાતી તે ઉભી થઇ. ખાન ઇબ્રાહીમના મરણ બાદ તેના બે બેટાઓ ગાદી માટે લડવા લાગ્યા અને તેઓમાંથી એક આહમદ (Ahmed Aminiem) મોસકો ખાતે તેના પેહેલા ઝાર જોન પાસે મદદ માંગવા આવ્યો. જોને મદદ આપી કાઝન (Kazan) લીધું અને અહમદને પોતાના રશિઅન પાદશાહત (sovereignty) ના હાથ હેઠળ કાઝનનો ખાન નેમ્યો. આ મુજબ હવે પાસો ફર્યો. એક વખત રશિઆના રાજાઓ તારતરો તરફ પોતાની પસંદગી અને નેમણુંક માટે જોતા હતા. હવે તેઓ તરફ તારતર રાજાઓ પોતાની નેમણુક માટે જોવા લાગ્યા.

આ જોનનો એક નબીરો નામે જોન (૧૫૩૩–૧૫૮૪) "ઘાતકી" (John the Terrible) નામે ઓળખાયો છે. પણ કોઇક એવા રાજાઓના સંબંધમાં બને છે તેમ એણે પોતાના રાજ્યના પાછલા વખતમાં પસ્તાઇને ભલો થવાની કાંઇક કોશેશ કરી. અહીંના એક દેવળમાં આપણે એ રાજાને લગતી કેટલીક હકીકત સાંભળયે છિએ. ૧૫૫૬ માં તારતરો પાસેથી આસ્ત્રાખાન જીતી એણે આ લોકોની કોઇક સત્તાને મોટો ફટકો માર્યો.

આ પછીના માંહોમાંહેના કોઇ ઝઘડા બાદ રશિઅનોએ છેલ્લા રાજાઓની પેહેડીના સ્થાપનાર રોમેનોફ (Michael Romanoff) ને ઇ૦ સ૦ ૧૬૧૩ માં રાજા નેમ્યો. એના વખતમાં આપણે કોસેક્સ (the Cossacks) લોકોનું નામ ખાસ કરી સાંભળયે છિએ કે તેઓ રશિઆને પોતાના તેજ ઘોડાઓ ઉપર અહીંઅન તહીં જઈ ત્રાસ પમાડતા. એ પછી તેઓ રશિઅન લશકરનો અગતનો ભાગ (Russian Cossacks) બન્યા.

આ પછી કેટલોક વખત બાદ સેન્ટ પીટર્સબર્ગને સ્થાપનાર પીટર ધી ગ્રેટ (Peter the Great) રશિઆનો નામાંકીત પાદશાહ થયો. તે ૯) વર્ષની નાની ઉમરે ગાદી ઉપર આવી રશિઆ માટે સર્વ બાબતમાં એક મોટો સુધારક (reformer) નિવડયો. જવાન ઉમરમાં વધુ જ્ઞાન મેળવવા તેણે બાહેરના દેશો જેવા કે ઇંગ્લાંડ, ડેનમાર્ક વીગેરે જવા ધાર્યું. આ મકસદથી તેણે એ દેશો ખાતે એક એલચી ખાતું (embassy) મોકલવાનું ઠેરવ્યું અને તેમાં જેમ ઇરાનનો પાદશાહ બેહેરામગોર જુદે નામે અને વેષે ઇરાનના એલચી તરીકે હીંદુસ્તાન આવ્યો હતો તેમ પોતે એલચી ખાતામાં મીહાઇલોફ (Mihailoff) નામ ધારણ કરી ગયો. કોઇ ઠેકાણે તે પોતાને છુપાવવા સાધારણ સુથાર તરીકે કામ કરતો. આપણા દેશમાં સુરત, ભરૂચ વગેરે જગ્યાએ આવેલા વલંદાઓ (Hollanders) એ એમસ્ટરડમ (Amsterdam) માં ગોદી (East Indian Dock) સ્થાપેલી તેમાં છુપે વેષે બે મહીના કામ કરીને તે વહાણ બાંધવાનું (ship-building) કામ શીખ્યો અને પછી પોતાના રશિઆમાં વહાણો બાંધવાનો હુનર દાખલ કરી રશિઆને પણ એક પ્રકારનું દર્યાઇ સત્તા (naval power) ધરાવતું રાજ બનાવ્યું.

પીટરે રશિઅનોને એશિઆટીક નેબદલે યુરોપીઅન બનાવ્યા.

હાલમાં મેં અત્રેની ઘણીક મીજલસો વગેરેમાં જોયું કે જ્યારે યુરોપમાં મરદો દાઢી સાથે મુછ પણ બોડાવી મરદના સ્ત્રી બને છે અને સ્ત્રીઓ પોતાના સ્ત્રીપણાના શણગારના બાલ કપાવી મરદો જેવાં બને છે, ત્યારે રશિઆમાં ઘણા મરદો હજુર દાઢી પણ રાખે છે. કહે છે કે આ રાજાના વખતમાં સર્વ રશિઅનો એશિઆટીક લોકો માફક દાઢી રાખતા. પણ આ રાજાએ યુરોપના કોઇક ભાગોમાં ફરી પોતાના લગભગ એશઆટીક રાજ્યને નવા સુધારાઓથી જ્યારે યુરોપીઅન બનાવવા માંડયું ત્યારે તેણે દાઢી રાખવાના એશઆટીક

રેવાજને પણ દૂર કરી દાઢી બોડાવવા ફર્માવ્યું, પણ તે છતાં હજુર ઘણા રાશઅનો દાઢી રાખે છે. અત્રેની એકેડેમીના પ્રેસીડન્ટ, વાઇસ પ્રેસીડન્ટ, સેક્રેટરીઓ સર્વને મેં દાઢી સાથે જોયા છે. વળી આ સઘળા રાશઅનોના પોષાક પણ એશિઆટીક હતા. આ પાદશાહે પોતાના દેશને યુરોપીઅન સુધારા માફકનું દેખાડવા માટે આમ ફેરવી નાંખ્યું અને યુરોપીઅન પોષાક દાખલ કર્યો. એણે આ મોસકો શેહેર જે જમીન માહેના ભાગમાં (inland) છે તે છોડીને સેન્ટ પીટર્સબર્ગને દર્યાની નજદીક નવી રાજધાની તરીકે બાંધ્યું કે તેમ કરીને રાશઆનું દર્યાઇ બળ વધારે. તેણે કેટલાક નવા મુલકો જીત્યા અને તેમાં બાકુ, જેમાં કોઇ અસલી ઇરાની આતશકદેહ કહેવાતું, તે ૧૭૨૨ માં લીધું.

પીટરે સ્થાપેલી એકેડેમી. એક ભણેલા રાજા તરીકે તેણે વિદ્યા એહમના વધારા કાજે એક એકેડેમી સ્થાપવાનું શરૂ કર્યું. પણ તેટલાં તે મરણ પામવાથી તેની રાણીએ તે ૧૭૨૫) માં સ્થાપી અને તેનાં ૨૦૦) વર્ષના અવસરની ઉજવણીમાં મેં કાંઇ નવાં જ્ઞાન સાથે રશિઆ નાં એક સુંદર પખવાડયું પસાર કર્યું છે. રશિઆમાં હાલ સુંદર સંગ્રહસ્થાનો, પુસ્તકાલયો વગેરે મોટા પાયા ઉપર કેળવણી ખાતાંઓ છે તે એ રાજાના પ્રતાપે છે. તેણે ફેંકુલો દડો જુદે જુદે હાથે દોડતો રહેલો છે. એકેડેમીના આ અવસર ઉપર યુરોપના સર્વ દેશામાંથી અને એક અમેરીકાથી મેહેમાનો આવ્યા છે. આપણા દેશમાંથી એકેડેમીએ કલકતા, મુંબઇ, મદ્રાસ અને બનારસની યુનીવરસીટીને આમંત્રણ કર્યાં હતાં. એ ઉપરાંત ખાનગી અભ્યાસીઓ તરીકે તેણે આપણા દેશમાંથી ડા૦ દાસ ગુપ્તા, રામન, રાબીનદ્રનાથ ટાગોર, સર રામક્રીષ્ણ ગોપાળ ભંડારકર અને મને ઇજન કર્યાં છે. મને એઓએ મેહેરબાની કરી મારા કમીના અભ્યાસની પિછાણમાં ચાહીને તેડયો છે અને વળી તેડીને મેહેરબાની કરી મારી ખાતરદારી કરી છે તે માટે હું ખુશી છું અને તે દાદારનો આભારી છું. લેનીનગ્રાડ કરતાં આ શેહેરે સર્વની વધારે મેહેમાનદારી કીધી છે અને તે એમ કે અહીં સર્વ મેહમાનોને હોટેલામાં ખાણી અને રહેણીના કાંઇપણ દામ વગર રાખયા છે. તા૦ ૧૪ મીએ એકેડેમીની મેહેમાનદારીનો અવસર પુરો થયો છે. પણ હું ચાર દિવસ વધુ રહેલો છું. આ શેહેર આજે છોડું છું, ત્યાંસુધી મારા માટે એ મેહેમાનદારી મેહરબાની કરી લંબાવી છે. આગળે દહાડે હું આ મેહમાનદારીની કમીટીના પ્રેસીડન્ટને મળવા અને ઉપકાર માનવા ગયો હતો. તેવણે મેહેરબાની કરી ચાહ પાણીની મેહેમાનદારી કરી બાકુ, જે માર્ગે હું આ દેશ છોડવા માંગુ છું, ત્યાંસુધીની પોતાની રશઅન રેલવેની ફ્રી ટીકીટ સાથ (સામગ્રી વગેરે બાબે સર્વ સમજ નકશાથી આપી છે. હું મારી જીંદગીમાં શરાબથી સામાન્ય રીતે પરહેજ રહયો છું. પણ આ વખતે અહીંતહીં મેં કોઇ કોઇ અપવાદો કર્યા છે. તેમાં આ મેહેમાનદારીમાં પ્રેસીડન્ટે ક્રીમીઆ, જ્યાંની દરાખ ઘણી વખણાય છે, તેના જે વાઇન પાયો, તે તેના મીઠાશ માટે નહી વીસરાય એવો હતો. અંદર શકર નાંખી હોય તેવો મીઠો હતો પણ મને કહેવામાં આવ્યું કે ક્રીમીઆની ઉત્તમ પ્રકારની દરાખમાં એવો મીઠાશ અને તનદરસ્તી આપવાનો ગુણ છે. આપણા એક પેહેલવી પુસ્તકમાં શરાબની ત્રણ સુધી જામ પીવાની જેકાંઇક છુટ મુકી છે કે તે હુમત, હુખ્ત અને હવરશ્તની યાદમાં પીવી, તે આવા શરાબ માટે હોય. આજ સબબે આપણા ગ્રાહમબારની યાદીમાં કોઇ ત્રણ વખત શરાબ લઇને પણ માફ કરવામાં આવતી દીસે છે.

મોસ્કોનાં દેવળો.

મં ઉપર આ શહેરની તવારીખનાં વર્ણનમાં અત્રેનાં ખ્રીસ્તી ધર્મના "ગ્રીક ચર્ચ" અને કેટલાંક ચર્ચોની શરૂઆત માટે કંઇક કહ્યું છે. એઓમાં અત્રેના ગ્રીક ચર્ચો ઘણાં પુરાણાં અને સુંદર છે. યુરોપના બીજા ભાગોનાં દેવળોથી અહીંનાં દેવળોનું બાંધકામ (architecture) તદન જુદા પ્રકારનું છે. દેવળોને માથા ઉપર જુદા જુદા ભાગોમાં નાના મોટા ગુંબજો છે અને પછી તે ઉપર ક્રોસો છે. ઘણેક ઠેકાણે ક્રોસ સાથે સુર્ય, ચંદ્રના આકારો છે. ગુંબજો ગીલ્ટ કરેલા સુના માફક ચળકે છે. ઉપર કહ્યું તેમ રશિઆ એક એશઆટીક દેશ છે અને તે જુના વખતથી કરાપીઓ, મોગોલ, તારતર વગેરે કસલામીઓના સંબંધમાં આવ્યો છે. તે સબબે તેનાં દેવળોનાં બાંધકામમાં આપણે ગુંબજો જોઇએ છિએ. એ દેવળો તેઓનાં અંદરના શણગાર સાથે લખ્ખો રૂપીઆનાં છે અને જેમ તેઓની નવાઇ માટે તેમ તેઓની સુંદરતા માટે જોવાલાયક છે. કહે છે કે મોસકો અને અતરાફમાં આસરે ૪૦૦) નાનાં મોટાં દેવળો છે. ખુદ "ક્રેમલીન"ના બાદશાહી મેહેલમાં નાનાં મોટાં ૧૨) દેવળો છે, જેઓમાંથી ઘણુ અમોએ વીગતે જોયાં છે.

નેપોલીઅનની એક પ્રકારની હારની યાદમાં બાંધેલું દેવળ.

ગઇ સદીની શરૂઆતમાં નપોલીઅનબોનાપાર્ટે આ દેશ ઉપર હુમલો કરી માસકો લીધું હતું. અહીંના નામીચા જગપ્રસીદ્ધ ક્રેમલીન (Kremlin) ના મેહેલનો એક દરવાજો આપણને દેખાડવામાં આવે છે કે તે માર્ગે તે એ મેહલના ચોગાનમા દાખલ થયો હતો. તેની જીત એક પ્રકારની હાર સમાન હતી. પોતાનું શહેર તેને શરણ કરવાને બદલે લોકોએ તેને આગ લગાડી દીધી હતી, શહેરની બાહેર એક ઉંચી ટેકડી, જે સ્પેરો હીલ (Sparrow Hill) તરીકે કહેવાય છે, તેની મુલાકાત લેતાં આપણને કહેવામાં આવે છે કે નેપોલી-અને તે ટેકડી ઉપરની પોતાની છાવણી-માંથી શહેરને બળતું જોયું હતું. સર્વ લોકોએ ઠરાવ કરવા પ્રમાણે તેનાં લશકર માટે કાંઇપણ ખાણીપીણી રાખી હતી નહી. એમ ખાધખોરાકી નહી મળવાથી તે હેરાન થયો હતો અને તેનાં લશકરને વેદના ખમવી પડી હતી, તેથી તે આ શેહેર પોતા તરફનો કોઇપણ અમલ સ્થાપવા વગર છોડી ગયો હતો. તે બનાવની યાદમાં લખ્ખો રૂપીઆ ખરચી અહીં એક મોટું સુંદર દેખાવદાર સોનેરી ગીલીટના ગુંબજો સાથનું દેવળ બાંધ્યું છે.

દેવળનો ખજાનો.

લડાઇ આગમજ અત્રેનાં દેવળો તેઓની તવંગરી માટે, તેમાંના જરઝવેરાતો માટે જાણીતાં થયા હતાં. હાલની નવી સરકારે કોઇ દુરદેશથી તેઓની હકીકત સાંભળી ધારે તેથી જુદી રીતે પોતાની પૈસાની તંગી છતાં શેહેરનો પુરાણો ખજાનો જાળવી રાખ્યો છે. દાખલા તરીકે ક્રેમલીનના બાદશાહી મેહેલમાંનો બાદશાહોનાં તાજે-તખ્તનો અને બીજો કીમતી હીરામાણીક વગેરેનો ખજાનો પણ જાળવી રાખ્યો છે. હવે આ દેવળનાં સંબંધમાં કહે છે કે શરૂઆતમાં જ્યારે હાલના રાજ્યની સામી બાજુની પારટીએ પોતાનાં કામો માટે આ દેવળોનો ખજાનો વાપરવા માંડયો અને ઘણો ખજાનો એમ વપરાઇ ગયો ત્યારે રાજ્યે બાકીના ખજાના ઉપર જાપતો મુકી તે પોતાનાં કામ માટે વાપરવા માંડયો અને હાલમાં ઘણાં દેવળો પોતાના પુરાણા ખજાના વગરના છે.

દેવળોનાં "આઇકોનો."

જેમ હીંદુ ધર્મમાં તે-ઓનાં મંદી-રોમાં દેવતાઓની મુર્તીઓ અગતનો ભાગ લે છે, તેમ અહીંનાં દેવળોમાં એઓનાં "આઇકોનો" છે. "આઇકોન"

(Icon) એક પ્રકારનાં ધાર્મિક ક્રાઇસ્ટ, મેરી અને સેન્ટો વગેરેનાં ચિત્રો છે, જે દેવળોમાં જડેલાં યા છુટાં હોય છે અને જે લોકોનાં ઘરોમાં પણ હોય છે. તમો દેવળોમાં જાઓ તો ત્યાં આવતા પુંજારીઓ અહાંતરીં યજ્ઞકુંડો (altars) —અહાંના ઓલટરો બીજાં દેવળો કરતાં કાંઇક જુદા પ્રકારનાં છે—આગળ નમવા ઉપરાંત એવાં આઇકોનોને નમે છે. દરેક આગળ પોતાની છાતીએ ક્રોસ કરી તેઓ તેને નમે છે. આપણે મુર્તીઓનાં વર્ણન માટેના શબ્દ (Iconography) માં ફક્ત છુટી મુર્તીઓને અર્થે "આઇકન" શબ્દ લઇએ છિએ. પણ અહીં આવા પ્રકારના સર્વ "આઇકોનો" છે. કહે છે કે આગળ આ તરફ કોઇ ડયુકને ત્યાં બાળક જન્મે કે તેનું એક "આઇકોન" બનાવે અને તેનાં મરણ બાદ તેની લાશ સાથે તે કબરમાં મેલે.

દેવળોમાં "ઓરેહ"નાં ચિત્રો અને ઘોડાની નાળનાં સગન.

આપણાં દેશમાં ઘોડાની નાળનાં સગન ગણવામાં આવે છે. આપણા કોઇક પારસીઓ પણ તેમ ઘણે છે. મને યાદ છે કે થોડાંક વર્ષપર એક સવારે હું મારા એક મિત્ર સાથે સાઇકિલપર જતો હતો, ત્યારે એક જુની ઘોડાની નાળ રસ્તામાં પડેલી તેવણના જોવામાં આવી તો તેવણ તુરત સાઇકલપરથી ઉતર્યાં અને તે નાળ ઉંચકી પોતાના ગજવામાં એક સગનવંતી ચીજ તરીકે મેલી. આપણે ઘરોનાં ઉંબરો ઉપર પણ કેટે એ નાલ જોઇએ છિએ, ત્યારે નાળ એમ સગન ગણવાનો સબબ શું? તે શરૂઆતનાં ચંદ્રનાં રૂપ (crescent) માં છે તે સબબે છે, યા ઘોડાઓ એક દેશની જીતમાં ભાગ લે છે તે સબબે છે યા ઘોડાના માલેક થવું તે ભાગ્યશાળી ગણાય છે તે સબબે છે, યા બીજા કયા સબબે છે? તે 'એનથ્રોપોલોજીસ્ટો" માટે એક તપાસની બાબત છે. અને મેં દેવળોમાં આઇકોનોના સંબંધમાં જે જોયું તે ઉપરથી મને બીજો વિચાર આવે છે. અર્ધરોશનીમાં મને અહીં દેવળોમાં આવા ઘોડાની નાળો (Horse-shoe) નાં ઘણા આકારો દીસ્યા. તેથી પુછતાં મને કહેવામાં આવ્યું કે એ "આઇકોનો"નાં ચિત્રોવાળા પુરૂષોનાં ઓરેહ યા નુર (આપણું ખરેનંગહ glory, halo) છે. હવે કાંઇક અંધકારમાં તેઓનાં આખાં ચિત્રો બરાબર દીસતાં નથી. પણ ઓરેહ દેખાડનારાં આ સોનેરી ગીલ્ટના ઘોડાની નાળના આકારો આપણને નજરે પડે છે. ત્યારે દીસે છે કે ધાર્મિક ભલા પુરૂષોનાં માથાં ઉપરના ઓરેહ, ચિત્રોમાં ઘોડાની નાળ માફક વક્રાણદાર હોવાથી, કદાચ ઘોડાની નાળો પણ કોઇ ધાર્મિક ખયાલથી સગનવંતી ગણાવા માંડી હોય.

એમ એક રેવાજ એક સબબે શરૂ થઇ તેનું મૂળ વીસરાઇ જઇ તે કોઇ બીજી રીતે કાયમ રહે છે. તેના ઘોડાના સંબંધના દાખલા તરીકે બુડાપેસ્ટની પડોશનાં શહેરમાં હન લોકોની કબર જોવા જતાં ત્યાંના સંગ્રહસ્થાનમાં મેં કોઇક લાસનાં હાડ-પીંજરો જોયાં કે જેની પાસે ઘોડાના પણ હાડકાં હતાં. કોઇ હન લડવૈયાઓ અને બીજા લડવૈયા આગળના વખતમાં મરણ પામતા, ત્યારે કોઇ વખતે જાણીતા લડવૈયાઓની લાસ સાથે તેઓના ઘોડાઓને પણ એક યા બીજા વિચારથી દાટતા હતા. હવે હાલમાં કોઇ વખતે કોઇ જાણીતા સરદાર યા "જેનરલ"નાં મરણ વખતે તેની લાસની પછવાડે તેના ઘોડાને ચલાવે છે. આ રેવાજ આગલા રેવાજની એક બાકીની નીશાની છે. વખતના સુધારાવધારા સાથે ઘોડાને સાથે દાટવાને બદલે ફક્ત તેને તેની કબર સુધી લઇ જવામાં આવે છે. વળી કોઇ મોટા માણસની પાયદસ્ત વખતે—અને આપણામાં પણ કોઇ તવંગર પારસીઓની પાયદસ્ત વખતે—તેની સવારીની ગાડી સાથે ચલાવે છે. આ પણ વળી આગલા રેવાજનું એક વધુ પાછલું રૂપ છે.

એક ગરીબ રશિઅનના ઘરની મુલાકાત—ત્યાં આઇકોનો.

તા૦ ૧૮ મી સપ્ટેમ્બરે સાંજે શેહેર બાહેર તેનું અસલી પુરાણામાં પુરાણું ગણાતું એક દેવળ જોવાને ગયો હતો. આ દેવળ વળી રશિઆના પાછલા વખતનાં દેવળોથી બાંધકામ (architecture) માં જુદા પ્રકારનું છે. તે મોસ્કો નદીના કાંઠા ઉપર એક પ્રકારના ફરતા સુંદર વરંડા સાથનું છે. ત્યાંથી પાછું ફરતાં મેં એક ગરીબ રશઅનનું ઘર જોવાની ખાહેશ દેખાડી તેમાં ગયો હતો. દાખલ થતાં આપણા દેશ માફક અંદર ઘરના ગરીબ ખેડુતનો ઘોડો અને બળદ રાખ્યા હતા. એક નાનો ઓરડો તેનો બેસવા, સુવા, જમવાનો ઓરડો હતો. રાત પડી હતી. આપણા દેશમાં કોઈ ગરીબ ઝુંપડાંમાં બળે તેવો ઘણો ઝીંણો તેલનો દીવો બળતો હતો. જમવાની તૈયારી થઇ હતી. ખાણાંમાં એક પ્રકારનો તરકારીનો સેરવો અને રોટી હતી. બધાંએ સાથે સુપની એકજ રકાબીમાંથી ખાવાનું હતું. ધણી ધણીઆણી, સાસુ અને બચ્ચાંઓ સાથે સાત પુરૂષનું કુટુંબ એક નાના ઓરડામાં રહેતું. એક પરદો સાસુને બીજાંઓથી છુટો પાડતો. બચ્ચાંઓ માટે જમીનપર ગરમ બીસતરો હતો. ધણી ધણીઆણી માટે થોડેક ઉંચે પાટીયાંની સુવા માટે બેઠક હતી. આ નાનાં ઘરમાં પણ આસરે સાત ધાર્મીક "આઇકોનો" ટાંગ્યાં હતાં, જેઓની હાજરી આ ગરીબ કુટુંબનું જાણે રક્ષણ કરતી.

સર્વએ એકજ પલેટમાંથી સાથે જમવું એ અહીંના ગરીબોની રીત છે. આપણાંમાં પણ એમજ હતું. હું નાનો હતો ત્યારે માતાજી અને બહેનો સર્વએ સાથે જમીન ઉપર સાદરી પાથરી સર્વે સાથે એકજ ખુમચામાંથી જમવાનો ચાલ હતો. ૧૪ વખત ટેબલપર જમતાં ત્યારે પણ ચાર પાંચ જણ એકજ ખુમચામાંથી, એકજ રકાબીમાંથી જમતાં. સર્વ સાથેજ જાણે "ગરીબ રોટીનો ટુકડો ભાંજતાં."

મરહુમ મી૦ લેનીનની લાશનું મકાન.

આગલી પાદશાહીને દુર કરી હાલની રીતનું સોશીયાલીસ્ટીક પ્રજાસ્તાક રાજ્ય સ્થાપનાર લેનીન, જેનું નામ અત્રે જાણીતું, માનીતું અને પ્યારૂં છે, તેની લાશને રસાયણી વસાણાંઓથી જાળવી (embalm કરી) રાખી છે અને તે માટે અત્રેના એક મોટા કુશાદે ચોકમાં તેનું સેવટનું મકાન (mausoleum) બનાવ્યું છે. આ અત્રે એક એંચાણકારક જગ્યા છે. રાતના ૮ થી ૯ સુધી તે લોકોને જોવા દે છે. એક કાચના કેસમાં તે લાસ મેલી છે. આ મરનાર એક સાદો માડો સારા સ્વભાવનો લોકોને માનીતો પુરૂષ હતો. તેની લાશને જોવા માટે હજુર પણ દર રાત્રે સેંકડો લોકો જાય છે. હું તા૦ ૧૮ મીએ રાત્રે તે જોવા ગયો ત્યારે સેંકો માણસોની હાર લાગી હતી. તેનો ચેહરો હજુર જાણે જીવતો જાગતો હોય તેમ દીસે છે. મરનારના આચારવિચારોથી જુદા પડનાર મારા જેવાને પણ એવો પુરૂષ, કે જેણે પોતાના વિચારો મુજબ પોતાના દેશનું કાંઇ કલ્યાણ કરવાનો ખ્યાલ કરી તે માટેની આકાગ કાળજી અને ચિંતામાં પોતાની જીંદગીને ખરચી નાખી, તેની લાશનો સેજદો કેટલીક પ્રેરણા આપવા વીના રહે નહી. મને ખાસ પરવાનગીથી બીજાઓને દાખલ કરે તે આગમજ મેહેરબાની કરી દાખલ કરવામાં આવ્યો હતો. તેથી કાંઇક ધીરજથી હું ત્યાં ઉભો રહી શકયો હતો ત્યાં કાંઇક ચિંતનમાં ગુજારેલી બે મીનીટો જીંદગીની કોઇક ભલી ગંભીર મીનીટોમાંની મે મીનીટો હતી.

મેં ઉપર સેજદો શબ્દ વાપર્યો છે, પણ આપણ જેવાને નહી પસંદ આવે તેમ અત્રે ઘણાકોમાંથી ખુદા, તેની તરફનો ભકતીભાવ, ગુજરેલાંઓની ધાર્મીક યાદ, વગેરેના વિચારો ઘણેક ભાગે કમી થયા છે

મોસકોનું ક્રેમલીન.

મોસકો નદી ઉપર આવેલું ક્રેમલીન (Kremlin) નામનું પાદશાહી મકાન મોસકોને તેના નાકસમાન સુંદરતા આપનારૂં મકાન છે અને તે રશિઆની મગરૂરી છે. તે ઉંચી જગ્યા ઉપર સુંદર તોર સાથે આગલા શાહાનશાહી દોરદમામનો નમુનો રજુ કરે છે, જ્યારે એવાં નાના શહેરસમાન પાદશાહી મેહલોના સમુદાયનાં મકાનોના સંબંધમાં નાનાં મોટાં બાર દેવળો છે ત્યારે તે તેના વીસ્તારનો ખ્યાલ આપી શકે છે. તેના આ સુંદર દેવળો, જેમાંના ત્રણ એક અંગ્રેજી બોલનારી બાનુની રાહબરી સાથે અમોએ જોયાં, તે જોતાં આસરે દોઢ કલાક થયો. તેના મેહલના ઓરડાઓ સોનેરી શણગારમાં ગેલ કરે છે.

રશિઆ એક જુના વિચારનો ધાર્મીક દેશ ગણાતો આવ્યો છે. તેમાં જુના વચારો સાથે ઘણાક વેહેમો જોડાયલા છે. તેમાં એકના સંબંધમાં જણાવવામાં આવ્યું કે પાદશાહોનાં સફેદ (linen) કપડાં માટે એક ખાસ ઓરડો છે, જેમાં સફેદ કપડાં ખાસ તપાસ હેઠળ રાખવામાં આવતાં કે રખેને તે કપડાં મારફતે કોઇ બદખ્વાસ કોઇ જાદુગર મારફતે જાદુ કરાવે. વળી એ માટે એક બેડ-રૂમમાં એક મોટી પેટી પણ અમોને દેખાડવામાં આવી. એમ એક ધણીના દેલપરની કોઇ ચીજ મારફતે અથવા તેના નામ મારફતે પણ કેમ જાદુ કરવાની માન્યતા હતી તે બાબે હું વીગતે ગયે સાલ મારા એક વિષયમાં બોલ્યો છું.

અત્રેનાં મ્યુઝીઅમમાં એક નવું હખામીનીઅન સીલ અને પેહલવી પાપીરસ.

અત્રેનાં મ્યુઝીઅમમાં હુનરોનું સંગ્રહસ્થાન (Museum of Fine arts) જોવાલાયક છે. તેનાં અસીરીઅન સંગ્રહમાં આપણા હખામીનીઅન પાદશાહનું એક નવું "સીલ" દક્ષિણ રશીઆ તરફથી આવ્યું છે. તે ઉપર "અદમ અર્ટક્ષથ્ર" એટલે "હું અર્ટક્ષથ્ર (અર્દેશીર પાદશાહ છું")", એવા શબ્દો છે. બીજા હખામીનીઅન સીલો તે વખતની ત્રણ ભાષાઓનાં મળ્યાં છે ત્યારે આ એક ફક્ત એક જુની બીબારોકી ભાષામાં છે તે ઉપર એક ખજુરીનું ઝાડ છે અને એક પાદશાહ હાથમાં એક રાજદંડ (staff) લઇ ઉભો છે. તેની પછવાડે ત્રણ પુરૂષો છે. આ સંગ્રહના વડા (M. Alexander Stratkoff) સાથે આ બાબતમાં કેટલીક વાત થઇ હતી. તેણે તે "કેલસીડોન" નામના પથરનું બનાવેલું જણવ્યું છે. આ કયો આર્ટાઝર્કસીસ છે તે માલમ પડતું નથી. પણ હુનરની નજરે જોતાં તે ત્રીજા આર્ટાઝર્કસીસનું સીલ છે, એમ મોં૦ સ્ત્રાટકોફ ધારે છે સબબ કે તે ઉપર પાછલા વખતની હેલેનીક (યુનાની) હુનરની અસર દીસે છે. મારા વિચાર પ્રમાણે એ કોઇ રાજ્ય દરબારી ઉપયોગ માટેનું સીલ નહી હોય, પણ પાદશાહી નામ સાથની એકાદ યાદ આપનારી ચીજ (souvenir) હોય યા કદાચ તાવીજ (amulet) હોય. તેમાં ગળાંમાં પેહેરવા માટે દોરી માટે બાંગુએથી આરપાર સુરાખ છે. હાલમાં પાદશાહો કેટે સફર કરતાં પોતાની મેહેરબાની દેખાડવા કોઇને પોતાનું નામ લખી પોતાની સખી આપે છે, તેમ એ કોઇને આપવામાં આવ્યું હોય. કદાચ જેમ પાછલા વખતમાં આપણે શાહ ફરેદુનને નામનાં તાવીજોની નીરંગ જોઇએ છિએ તેમ પાદશાહના મુબારક નામ સાથની આ ચીજ એક પ્રકારનાં તાવીજ સમાન હોય.

આ સંગ્રહસ્થાનમાં આપણુ પારસીઓ માટે એક બીજી તવી નવાઇ તરીકે "પેહેલવી પાપીરસ" (Papyrus) છે. તે તે જમાનાના એક પ્રકારનાં કાગજના પેહલવી લખાણ સાથના નાના મોટા ફાટેલા ટુકડાઓ છે. તે કોઇ ધાર્મિક લખાણ નથી. અસલમાં પેહેલવી ભાષા દેશના વેહેવારના સામાન્ય ઉપયોગ માટે

જપરાતી હતી. તેવા ઉપયોગના આ કોઇ કટકાઓ છે. ઇજીપ્તમાં અમલ કરી ગએલા વંશો (Dynasties) માં એક ઇરાની વંશ પણ ગણાય છે. હખામની-નીઅન વંશના અહીંના અમલ પછી સાસાનીઅન જમાનામાં પણ ઇજીપ્તમાં ઇરાનનો અમલ હતો. તે વખતનો યા બીજા વખતનો એ પેહેલવી પાપીરૂસ છે. ડા૦ કાઇમાને તે એક જર્નલ (Mélanges Asiatique)માં વાંચવાની કોશેશ કરી છે. ગોલેનીસ્ટશે (Golenistshen) નામનો વિદ્વાન જે એક ઇજીપશીઅન બાબતોનો સ્કોલર હતો, તેને હાથ આ પાપીરૂસ કોઇક બીજાં ઇજીપશીઅન કલેકશન સાથ આવ્યાં હતાં અને તે તેવણે અહીં મેલ્યાં છે. મારી આગલી સફર વખતે મેં અહીંના કરતાં વધારે સંખ્યાના પેહેલવી પાપીરૂસના ટુકડાઓ વીએનાના એક સંગ્રહસ્થાનમાં પ્રો૦ કારાબાશે હસ્તકનાં જોયાં હતાં.

હું જો પારસીઓનો રાજા હોઉં તો મારા ખજાનચીને ફરમાઉં, યા જો હું કરોડપતી હોઉં તો મારા પોતાને ફરમાઉં, કે હાલ રૂપીઆ એક લાખની રકમ પારસી પંચાયતના ટ્રસ્ટી સાહેબો ઉપર મોકલે, અને તેઓ તેમાંથી ચાર પાંચ પારસી લાયક અભ્યાસીઓને અત્રે અને યુરોપનાં બીજાં સંગ્રહસ્થાનો અને પુસ્તકખાનાંઓમાં મોકલે કે જેથી ત્યાં જે સાહીત્ય વીગેરેનો ખજાનો પડયોછે, તેનો અભ્યાસ કરી તેનું પરીણામ ભણેલી દુનીઆ હજુર તેઓ રજુ કરે એ અભ્યાસી કામ માટે બે ચાર માયના પુતો તૈયાર છે, અને નહીં હોય તો ફીકર નહીં. બે ચાર વર્ષમાં તેઓને પેહેલે તૈયાર કરે, અને પછી તેઓને તેઓના કામ ઉપર મોકલે. આપણા ઇરાન વતનમાં આ વખતે કાંઇક "આર્કીઓલોજીકલ" કામ કરવાનું છે. પણ તે વધારે મોટા પાયાનું અને ખરચનું છે. તે થોડો વખત થોભી શકે, પણ આ એ આઇતો ખજાનો વીખરાયલો પડેલો છે. તેમાંથી લાયક ગોહરો ચુંટી કાઢવાનું કામ ઉપર મુજબ તૈયાર કરેલા અભ્યાસીઓ, જેઓ પોતાનાં કામનાં દામ તરીકે ફકત રૂપીઆ, આના, પૈ ઉપરજ નહી જોય પણ સાથે સાથે પોતાના કામને એક "મોહોબત"નું કામ સમજે, તેઓ કરે તો આપણી બાબતોના જ્ઞાનના વધારા કાજે ઘણું કીમતી કામ કરી શકે.

ક્રેમલીનના દેવળનો એક અસાધારણ મોટો ઘાંટ.

ઘાંટ ઘણીક પ્રજાઓની ધર્મ ક્રિયામાં તેમજ સંસારી બાબતોમાં અગતનો ભાગ લેછે, તે બાબ "આતશકદેહમાં દેવાતી બોઇમાં ઘાંટનો આવાજ" એવા મારા એક વિષયમાં હું કાંઇક વીગતે બોલ્યો છું. આપણાં આતશકદેહમાં સંજણાના બોઇ દેતી વખતનાં ઘાંટના આવાજ, તેમજ પડોશનાં ખ્રીસ્તી દેવળના ઘાંટના આવાજ બચગીથી સાંભળતો હું જેમ ઉછર્યો છું તેમ મારા થોડાજ વાંચનારાઓ ઉછર્યા હશે. એવા ઘાંટના આવાજો આપણા આતશકદેહમાંથી આવે કે ખ્રીસ્તી દેવળમાંથી આવે, હીંદુ મંદીરોમાંથી આવે કે કેઠેથી પણ આવે, તે મને આનંદકારદાયક લાગે છે. ઘણીક વેળા તેઓ આપણાં તરેહવાર કામોમાં રોકાયલાં મનને "Halt" યાને "સબુર કરો" એવા ખ્યાલ સાથે કોઇક ભલા વિચારો ઉપર મુલે છે.

હવે એવા ઘાંટોમાં રશિઆના દેવળોના મોટા ઘાંટો જાણીતા છે અને તેમાં ક્રેમલીનના પાદશાહી મેહેલના એક દેવળનો ઘાંટ પોતાના કદ માટે મશહુર છે કે જેના જેવો દુનીઆમાં બીજો મોટો ઘાંટ કેઠે નથી. જ્યારે અહીં અત્રે આવ્યો છું, ત્યારે તે નજરે જોવાની ઘણી હોંશ હતી અને તે હોંશ તા૦ ૧૮ મી સપટેમ્બરની વર્ષાદની ભીનાશવાળી પાછલા પોહોરે મેં પાર પાડી હતી. ત્યાં ઉતરી મેં જાણે તેની ધાર્મિક પ્રદક્ષણા કરી હતી. તે ઇ૦ સ૦ ૧૭૩૫ માં બનાવવામાં આવ્યો હતો તે હાલ બાહાર ચોકમાં વર્ષાદ અને તડકો ખમતો પડેલો

છે. તેનો એક ટુકડો ભાંગી ગયો છે. તેનો વીસ્તાર એટલો મોટો છે, કે તેના અંદરના ભાગમાં આઠ દસ માણસો આસાન સુઇ શકે અને વધારે મોટી સંખ્યા બેસી શકે.

આથી ઉતરતો રંગુનના બુધીસ્તોનાં સોનેરી પેગોડાનો ઘાંટ–તે સાથે જોડાયલું કેહેણ.

આ ઘાંટથી ઉતરતો ઘાંટ મેં રંગુનમાં ૧૯૨૨ ના સાલનાં જાનેવારી માસમાં ત્યાંના "ગોલ્ડન પેગોડા"માં જોયો હતો. તે માટેનું એક કેહેણ અજબ સંજોગો વચ્ચે મારા બેશી અને મારા સંબંધમાં નહી ધારેલી રીતે ખરૂં પડયું હતું. હું કાંઇ વેહેમી નથી, પણ જે બન્યું તે જણાઉં છું: એ ઘાંટ બાબે ત્યાં એક કેહેતી છે કે બાહાર દેશના મુસાફરો જો તે ઘાંટ વજાડે તે બચીત બીજી વખત રંગુન પાછા આવ્યા વગર રહે નહી. મારા કલકતાવાળા બેશી ભાઇ રૂસ્તમજી કાવસજી મોદી મારી આગમજ ત્યાં ગયા હતા. તેવણે મને પોતા ઉપર બને લું નીચે પ્રમાણે જણાવ્યું. તેવણ આસરે સાત વર્ષપર રંગુન ગયા હતા, ત્યારે તે ઘાંટ વજાડયો હતો અને તેવણ ખાતરીથી માનતા હતા કે તેવણ ફરીથી રંગુન આવનાર નથી. હવે બન્યું એમ કે બીજે વર્ષ તેવણ ચીન જાપાન જવા નીકળ્યા અને એક સ્ટીમર લીધી કે જે રંગુન જનાર નહી હતી પણ પાધરી જનાર હતી. સ્ટીમર ઉપડવા પછી તેવણને જણાવવામાં આવ્યું કે સ્ટીમરને હોકમ થયો હતો કે તેણે પેહેલે રંગુન જવું અને પછી ચીન જવું. એમ નહી ધારેલી રીતે ઉપલું કેહેણ ખરું પડયું અને મને રમુજમાં તેવણે તે બાબતથી વાકેફ કીધો હતો.

હવે હું ૧૯૨૨) નાં જાનેવારી માસમાં કલકતાના બીજાં ઓરીએન્ટલ કોનફરન્સમાં હાજરી આપવા બાદ બર્મા, ચીન, જાપાન વીગેરેની મુલાકાતે નીકળ્યો. તે વખતે મેં ઠરાવ કર્યો હતો કે પાછું ફરતી વખતે મારે સીલોન ખાતે કોલમ્બો માર્ગે પાછું ફરવું. રંગુનમાં મેં પણ ઉપલો ઘાંટ વજાડયો, એવા મજબુત ખ્યાલ સાથે કે હું તો સીલોન તરફથી જનાર છું. પછી જાપાનથી પાછા ફરતી વખતે મને સ્ટીમરમાં વળતી સફર કરતી વેલા હોંગકોંગથી અસલ ધારવા પ્રમાણે સીલોન તરફની સ્ટીમરની ગોઠવણ થઇ શકી નહીં. પણ જે સ્ટીમર "જાપાન" માં હું નીકળ્યો તે સ્ટીમર પાધરી કલકતે જવાની હતી, તેથી મારા મનમાં ખાતરી હતી કે ઉપલું કેહેણ મારા બાબમાં ખોટું પડશે. પણ પીનાંગ (Penang) આવતાં કેપટને નહી આશા રાખેલા અજાયબી વચ્ચે જણાવ્યું કે તેને કલકતેથી ટેલીગ્રામ મળ્યો છે કે તેણે પાધરૂં કલકતે આવવાને બદલે મદ્રાસ જવું અને તેમ જવા આગમજ તેણે રંગુન જઇ ત્યાં બીજી સ્ટીમરમાં કલકતાનાં પેસેનજરોને ત્રાનસફર કરવા. એમ બનતાં નહી ધારેલી રીતે અજબ સંજોગો વચ્ચે ઉપલું કેહેણ મારા બાબમાં પણ ખરૂં પડયું. ઉપલાં મોસકો ખાતેના ક્રેમલીનના ઘંટની બાબતના સંબંધમાં ઉપર જણાવેલા પ્રેસીડન્ટને હું ક્રેમલીનમાં મળવા ગયો, ત્યારે વાત નીકળતાં મેં તેવણને ઉપલી અમો બેઉના સંબંધમાં બનેલી વાત રમુજમાં જણાવી. ત્યારે તેવણે મને રમુજમાં કહ્યું કે તેવણ આશા રાખે છે કે અહીંના ઘાંટના સંબંધમાં પણ એ વાત ખરી પડે અને હું બીજી વખત રશિઆ આવું! હા. હવે તો કોઇ બીજા અવતારમાં આવી શકાતું હોય તો આવું.

ટીફલીસ–હોટેલ પાલાસ,

તા૦ ૨૩ મી સપટેમબર ૧૯૨૫.

મોસકોથી કોકેસસ (Caucasus). પર્વત ઓળંગી ટીફલીસ (Tiflis).

મેં મોસકો તા૦ ૧૯ મીએ બપોરે એક કલાકે ટીફલીસ માટે છોડયું. મોસકોથી રશીઅન રેલવે પાધરી ટીફલીસ જાય છે, જેમ જતાં ચાર દિવસ અને રાત ત્રેનમાં કાઢવી પડે છે, પણ તેમાં ચઢ ઉતરની ફેરફોડ કરવી પડતી નથી. પણ એકેડેમીના બીજા કોઇક મેહેમાનો સાથે માર્ગમાં ઉતરી પડી કોકેકસ પર્વત ઓળંગી ટીફલીસ જવાનું પસંદ કર્યું, સબબ કે તેમ કરતાં આપણાં પુસ્તકોમાં જણાવેલો કુહે કાફ (કોકેસસ), જેની ખુબસુરતીની અત્રે ઘણી તારીફ થાય છે, તે જોવાને બને.

મોસકોથી ઉપડતાં બે બાબતની ચેતવણી.

મોસકોથી ઉપડવા આગમજ બે ચીજ બાબે કેટલાકો તરફથી ચિંતા આપવામાં આવતી. એક આ કે અમોએ બીસાકાતરૂઓથી ઘણા સંભાળમાં રહવું. સબબ કે અહીં માર્ગમાં ખાસકરીને સ્ટેશનો ઉપર એ કામ કરવાવાળા ઘણાંકો ફરતા ફરે છે. આ સબબે એક ભલી બાઇએ આપણામાં આપણી સ્ત્રીઓ અસલના વખતમાં સેરવવાની દોરી સાથની કપડાંની કોઠળીઓ વાપરતાં અને તેને ઇજારનાં નારાં સાથે બાંધતાં, તેવી કોઠળી લાવી મને સલાહ આપી કે મારે કામ જોગા થોડાજ પૈસા—અને તે પણ છેક અંદરનાં ગજવામાં—ઉપર રાખવા અને બાકીના તે કોઠળીમાં મેલી તે કોઠળી ગળામાં પેહરી મારી છાતીપર રાખવી અને પછી ઉપર દગલો પહેરવો. આ ચેતવણી ધ્યાનમાં રાખી મેં કામ કરવા માંડયું છે. મારી સાથે પેરીસના ગણીતશાસ્ત્રના એક ઉસ્તાદ પ્રો૦ શાપલોં (Chapelon) અને તેવણનાં ભલાં ધણીયાણી, જેવણ મારી બેહન યા દીકરી માફક મેહેરબાની ભરી બરદાસ્ત કરે છે, તેઓ હજી તો મોસકોના સ્ટેશન ઉપરથી ત્રેનમાં બેસવા જાય તેટલાં પ્રો૦ શાપલોંના ગજવામાંથી થોડાક પૈસા અને કામનાં કાગળોની કોઠળી ચોરાઇ ગઇ અને મળેલી ચેતવણી [illegible] પડી.

બીજી ચેતવણી ઠંડી સામે હતી અને મારે માટે તે ખાસ જરૂરની હતી. મુંબઇમાં હોઉં ત્યારે કોઇ વખતે તમો સાંભળો કે મારી તબીયત નાદરૂસ્ત છે તો તે ઘણુંકરીને સળેખમ તથા ઠાંસાની બીમારીથી છે એમ જાણવું. એ મારી સાધારણ બિમારી ત્રણ ચાર મહીને ગલબો કરે છે. ખુદાની મેહેરથી આ તરફ પાંચ માસ એ ફર્યાદથી હું ફારેગ હતો, પણ મોસકોમાં આવતાં રૂતુ વર્ષાદ સાથે ઘણી સરદ હતી. તેમાં બીજે દિવસે અમોને ક્રેમલીનનો મેહેલ અને તેનાં દેવળો દેખાડવા લઇ ગયા, ત્યારે વર્ષાદ વધારે હતો. અમો મેહેમાનોને અંગ્રેજ, ફ્રેંચ, જર્મન, રશીઅન એમ ટોળકીઓમાં જે ભાષા અમો વધારે સારી રીતે સમજીએ તેમ વહેંચી નાંખી દરેક પારટીને તે ભાષા જાણનાર એક રેહેબર આપવામાં આવ્યો હતો. અમારા રેહબર તરીકે અત્રેની એક અંગ્રેજી ભણનાર બાઇ હતી. આ તરફ મરદો કરતાં સ્ત્રીઓ એકથી વધુ ભાષા જાણે છે. હવે ક્રેમલીનની મુલાકાત વખત આ બાઇ તેનાં સુંદર દેવળોની સમજ આપવા બહાર ખોલી જગ્યામાં ઉભી રહી બહારથી દેવળો દેખાડી તેની કારીગીરી (architecture), તવારીખ વગેરેની સમજણ આપતી કે બરાબર સમજ પડે. ઉપરથી ધીમો વર્ષાદ પડે અને હેઠે પથરની ભીંજાયલી અને ખાડાખબોચીઆંમાં પાણી ભરાયલી જમીનપર અવારનવાર ઉભું રહવું પડે. આવા સંજોગોમાં મારા ઉપર મારી ઉપલી બિમારીએ અહીં ગલબો કર્યો હતો તેથી મારે માટે ઠંડી સામેના બચાવની ખાસ જરૂર હતી. તે કાજે ગોદરી જેવાં ગરમ ઉન ભરેલાં કપડાંની એક પેઠી અને પાયજામા અને પગ

માટે રબરનાં બુટ મેં સલાહ મલવા પ્રમાણે ખરીદયાં હતાં. માર્ગમાં પેહેલા બે દિવસ ખરેખર તે ઘણાં ઉપયોગી થઇ પડયાં. સબબ કે ઠંડી અતી ઘણી હતી અને કોકેસસ પર્વત ઓટો-મોબીલમાં ઓળંગતાં બે દિવસમાં જાણે તેઓ પાછળના પૈંડાનો ખંગ વળી ગયો હતો. પછી તો રૂતુ સાધારણ હતી.

સરદીના આ ગલબા સામે બચાવ કાજે અને જલદીથી તેનો નિવેડો આવે એવા વિચારથી મેં દવા લેવા કાજે એક તબીબને બોલાવા કહ્યું તો એકને બદલે બબે તબીબો આવી ઉભા. તેમાં એક તો મને કહેવામાં આવ્યું તેમ અત્રેનો પહેલી પંકતીનો તબીબ હતો. એકેડેમીએ પોતાના મેહમાનોની ખાતરદારી કાજે કોઇ બિમાર પડે તો તેઓની સારવાર કાજે એવી ઉત્તમ ગોઠવણ કરી રાખી હતી. મુંબઇમાં હોઉં તો એકાદ દિવસ કાંઇ ઘણી જરૂર હોય તો ઘરમાં રહી થાંસતો હાંફતો હું મારી ઓફીસમાં મારે કામે જતો પણ અહીં તો એકને બદલે બબે તબીબોએ આસાએશ લેવા કહ્યું. બીજે દિવસે હું જરા લખવા બેઠો તો એક રેહબર બાઇએ આવીને કહ્યું કે તબીબે તદન આસાએશ લેવા કહ્યું છે, મારે લખવું પણ નહીં, એટલુંજ નહી પણ થોડા વખતમાં એક નર્સને હાજર કરવામાં આવી અને કહેવામાં આવ્યું કે મારે માટે એક વધારે સારો મોટો ઓરડો તૈયાર કરવામાં આવ્યો છે કે જ્યાં પાસેના ઓરડામાં નર્સ પણ રહી શકે અને છાતી ઉપર રાઇ વગેરે મેલી શકે. મારી માફક ઇંગલાંડથી આવેલા એક ઉસ્તાદ પણ જરાક બિમાર પડયા હતા. અમો બંનેની સારવાર આ નર્સ કરતી. મને સલાહ મુજબ મરજી વીરૂધ એકથી વધુ દિવસ ઘરે રહેવું પડયું. છેલ્લા બે દિવસ એકેડેમીના મેહેમાનો સાથે જોવાલાયક જગ્યાઓ જોવાને આ સબબે હું જઇ શકયો નહીં. ચોથે અને છેલ્લે દિવસે પાછલા પોહોરે મોસકો શેહેર તરફનો આવકારનો મેળાવડો હતો ત્યાં પણ હું જઇ શકયો નહી. મેહેમાનોને મદદ કરનારી એક ભલી બાઇએ તે મેળાવડા બાદ આવીને મને પોતાની ખુશી દેખાડી કહ્યું કે તે મેળાવડામાં મારૂં નામ બોલાતાં ભેગી મળેલી મીજલસે ઘણીક વખત સુધી મારે માટે ખુશીના અવાજો કર્યા હતા. તેણીએ જણાવ્યું કે જો મને ગમે તો મારે રાતના ખાણાના છેલ્લા મેળાવડામાં જવું. મને પણ તેવુંજ ગમતું હતું તેથી હું તુરત તૈયાર થયો કે હું ત્યાં જમીશ નહી પણ આ છેલ્લા મેળાવડામાં સર્વે નવા મિત્રોને છેલ્લીવાર મલવાને બને અને શેહેરના અને સરકારના લાગતાવળગતાઓનો હું તેઓની મેહેમાનદારી માટે ઉપકાર માનું. પણ તેવામાં નર્સ, જેણી પેલા અંગ્રેજ ઉસ્તાદ આગળ ગઇ હતી, તેણી આવી લાગી અને કહ્યું કે તબીબના હોકમ વગર તેણી મને જવા દેશે નહીં. તેણીએ તબીબની ટેલીફોનથી રજા માંગી તો 'ના'નો જવાબ મળ્યો કે રૂતુ સર્દ છે માટે મારે રાતને સમયે બહાર જવું નહીં. હું પારસી પાઘડીનો બની તૈયાર થયો હતો, પણ એમ નીરાશ થઇ કપડાં પાછાં કાઢયાં. પણ સવારે ખબર પડી તેમ તબીબના હોકમને શરણ થવામાં ડહાપણ હતું. સબબ કે એ ખાણાનો મેળાવડો છેક બે વાગે ખલાસ થયો હતો. આ તરફ આવા પ્રસંગોનું કામ કાંઇક અસાધારણ ઢંઢું ચાલે છે. આઠ વાગે ખાણાનાં ઇજન હોય છે તો તે પછી આમળ કહ્યું તેમ જરા "સટકન નાખવા"ના રીફ્રેશમેન્ટમાં પોણો કલાક જાય છે. પછી બે કલાક ઉપર ધીમે ધીમે ખાણા ઉપર જાય છે. પછી ભાષણો શરૂ થાય છે. આ મારી હકીકત મેં વીગતે એટલા માટે આપી છે કે માલમ પડે કે એકેડેમીએ પોતાના મેહેમાનો માટે કેટલી કાળજી રાખી છે અને બિમારીના વખત માટે સર્વે સારી ગોઠવણ કીધી છે. પેલા અંગ્રેજ ઉસ્તાદ તો નર્સના કહેવા પ્રમાણે કાંઇક 'નર્વસ' થઇ ગયા હતા અને પોતાની બિમારી

કાંઇ ગંભીર ધારી તા૦ ૧૪ મીએ રાત્રે ઇંગલાંડ જવા ઉપડી ગયા હતા. તા૦ ૧૪ મીએ મેહેમાનદારી ખલાસ થઇ હતી. પણ મેં શેહેર બરાબર જોયું હતું નહીં તેથી હું તા૦ ૧૯ મી સુધી રહ્યો. તે દરમ્યાન મારે માટેની મેહેમાનદારી મેહેરબાની કરી ચાલુ રાખી હતી અને વળી મારે માટે સવાર સાંજ મોટર રજુ કરવામાં આવતી હતી.

ઐસલેન. અમો બે રાત ટ્રેનમાં કાઢી તા૦ ૨૧ મીએ રાત્રે સાત વાગે બેસલેન ઉતર્યા અને ત્યાંથી બીજી ટ્રેન લીધી, જેમાં ફક્ત ત્રિજા કલાસો હતા અને ગાડીમાં રોશની પણ નહી હતી. અમારી સગવડ માટે મીનબતી લાવી સળગાવવામાં આવી અને અમારી નેગેહબાની માટે એક રશિઅન સોલજરને અમારી સાથે બેસાડયો. આસરે એક કલાકની મુસાફરી બાદ અમો લાડીકવકાસ (Vladi-kavkaz) આવી પહોંચ્યા. પણ ત્યાં હોટેલો ભરેલાં હતાં. છુટા છુટા હોટેલમાં રહેવા માટે પણ જગ્યા નહી હતી. સારાં ભાગ્યે એકેડેમીના મેળાવડામાંથી અમારી સાથે પાછા ફરતા અહીના એક પ્રોફેસરે અમોને અહીંની ખેતીવાડીની કેળવણીની પાઠશાળા (Agricultural Institute) માં એક રાતનો આસરો આપ્યો.

લાડીકવકાસ. આ મથક જેનાં નામનો અર્થ "કોકેસસની પેલી બાજુ" નું નામ થાય છે તે મથકે આવવાની મકસદ ફક્ત આજ હતી કે અહીંથી કોકેસસ પર્વત ઓળંગી ટીફલીસ જવું. આ શેહેર આસરે એક લાખ આદમીની વસ્તીવાળું કહેવાય છે અને તેમાં આસરે પાંચ હજાર મુસલામીઓ છે, જેઓની શીઆ અને સુની એમ બંને કોમોની મસજીદો છે. સવારે થોડો વખત આ શેહેરમાં ફરી આવ્યા. આ શેહેર તેરેક (Terek) નદી ઉપર આવ્યું છે. આસરે ૧૦ કલાકે અમોએ આ શેહેર છોડયું. અમારે માટે એક ખાસ મોટરની ગોઠવણ કીધી હતી, જેમાં અમો ચાર જણ અને આર્મીનીઆ જતા એક ઉસ્તાદ જેવણ પણ એકેડેમીની મેહેમાનદારી માટે આવ્યા હતા, તેવણ પોતાના બેટા સાથે હતા. આ ઓટોમોબીલ પણ એકેડેમીનાં મેહેમાનદારીથી અમોને મળી હતી. અમોએ કોકેસસ ઓળંગી રાત્રે આસરે આઠ વાગે ટીફલીસ આવી ઉપલાં હોટેલમાં આસરો લીધો. માર્ગમાં મોટરને અડચણ થવાથી અને બપોરે જમવા માટે થોભવામાં આસરે ત્રણ કલાક ગયા.

કોકેસસ પર્વત. કોકેસસ શબ્દનું મુળ અને અર્થ શું તે બે ચાર ભણેલાઓને પુછતાં કાંઇ ખુલાસો મળ્યો નથી. તેવા ખુલાસાની ગેરહાજરીમાં હું ધારૂં છું કે આપણાં "કુહેકાફ" એટલે "કાફ પહાડ" એ નામનું કોકેસસ નામ પડયું છે. યાદ રાખવું જોઇએ કે કોકેસસ તે તો અંગ્રેજી નામ છે અને એનું અસલ રશિઅન નામ તો ફક્ત "કોકાસ" (caucase છે. ત્યારે તેમાં પેહલો ભાગ કો (cau) તે આપણો "કોહ" (પહાડ) છે અને કાસ તે આપણા કાફનું રૂપ છે. પેહલવીનો 'ફ' બરાબર લખતાં 'સ' નહી વંચાય પણ કોઇક બેદરકારીથી લખાતાં 'સ' વંચાય.

કોકેસસ પર્વત અને "પર્વતોની રાણી" (Queen of the Mountains) ગણાય છે અલબુર્જ (Elbourz આપણી અવસ્તાનો હર બરેઝઇટી) તેનો એક ભાગ ગણાય અથવા આપણાં પુસ્તકોની રીતી પ્રમાણે બોલ્યે તો કદાચ આખી હાર હર બેરેઝેઇટી યા અલબુઝ ગણાય. એ પહાડનો શરૂઆતનો ભાગ ટેરેક (Terek) નદી, જે કેસ્પીઅન (આપણો વાઉરૂકસ) સમુદ્રનાં ઉત્તરના ભાગમાં ખલાસ થાય છે, તેની કોરેકોર દોડે છે. જેમ આપણી અંગ્રેજી ગણત્રી પ્રમાણે પેહેલી મધ્યાન લીટી (First Meridian) ગ્રીનીચથી (Greenwich) થી દોડે છે. તેમ મારા વિચાર પ્રમાણે

આપણાં પુસ્તકો પ્રમાણે. આપણી મધ્યાનરેખા આ નદીવાળા ટેરેક પહાડ ઉપરથી દોડતી. (કાંઇક વધુ હકીકત માટે જુઓ મારા "અવસ્તાની ભુગોળ"નો વિષય). કદાચ આ નામની ઉપલી નદીને આ પહાડ સાથ સંબંધ હોય. હવે લાડીકવકાસથી ઉપડવા પછીનો શરૂઆતનો ભાગ જોતાં, આ પહાડને "પહાડોની રાણી" શા સબબે કહેતા હશે, તે મને જરા ગુંચવણભર્યું લાગ્યું. પણ પહાડનો બીજી તરફનો ભાગ, જે અનેની પહાડી પાસ (Krestowaja gora ઉંચાઇ ૨૪૨૭ મીટર) ઓળંગતાં આપણે પસાર કર્યે છીએ ત્યારે આપણે જોઇ શકયે છીએ કે તેની ખુબસુરતીને લીધે તેને "રાણી"ની ઉપમા બરાબર મલી છે. શરૂઆતનો ભાગ પણ સુંદર છે પણ આ પહાડની ખરી સુંદરતા તેના બીજા ઉતરાણવાળા ભાગ તરફ છે. જેઓ ટીફલીસથી લાડીકવકાસ જાય તેઓને અલબત આ રાણીનો સુંદર ચેહેરો પેહેલે જોવાને મળે. એ ભાગ એવો તો સુંદર છે કે અમો મોટર ઉભી રખાવી આસરે ૧૦ મીનીટ આફ્રીન કરતા ત્યાં ઉભા. પાનખર (Autumn) શરૂ થઇ છે તે સબબે ઝાડો પોતાનો શીઆળાનો પોષાક પહેરે તે આગમજના તેઓના તરેહવાર રંગબેરંગી રંગોનો પોષાક આંખને ખુશ કરે છે. અહીં હવે આપણે એરેગુઆ નદી અને પછી કુરા (Aragua and Kura) નદીઓ જેઓ કેસ્પીઅનને દક્ષિણ કિનારે મળે છે તેઓને જોતા જઇએ છીએ. ઉપલી જગ્યાએ તેનો મોંઘા અર્થી આવાજ આપણે ઉપર સાંભળયે છીએ. અનેની ખુબસુરતીની ખુબી આ છે કે અહીં આપણે સામેના બુલંદ પહાડોને સીધા ઢળાવ (gentle slopes) સાથે જોઇએ છીએ, જે ઉપરની સુંદર ખેતીના કયારાઓ એ સુંદરતા વધારે છે. અહીં મને મારી હીમાલય પહાડની કાંગ્રા અને કુલુની ખીણો (Kangra અને Kulu valleys) ની ૧૯૦૦ નાં સાલની મુલાકાત યાદ આવી. એક સાંજે "કુલુ-વેલી"ના સુલતાનપોર ગામ તરફ આવતાં એક બાજુથી વલાણ લેતાં જ્યારે હું એક ઢળાવદાર પહાડ સામે એકાએક આવી ઉભો ત્યારે મારાથી ત્યાંના સુંદર દેખાવ માટે 'આફ્રીન આફ્રીન" પોકરાઇ ગયું હતું. અહીં મૈલના મૈલો સુધી અમારા જમણા હાથ ઉપર અમો સુંદરતા જોતા હતા. જે શબ્દો મેં મારી નોંધપોથીમાં લખ્યા હતા તે શબ્દોમાં ટુંકમાંજ હું આ ઇરાનના કુહેકાફ માટે કહું છું કે "Glorious! Glorious! Glorious!"

અમો જેમ વેહેતી ઉપલી નદીઓને તેઓના ઉભાતા બાહારમાં જોવી હોય તો કહે છે કે તે મે મહીનો છે કે જ્યારે પહાડોની ટોંચો ઉપરનું બરફ પીગળી તેઓને ભરપુર કરે છે. ઉપલી "કુર" નદી તે પુરાણી કુરૂ (કુરૂસ Cyrus) છે. આ પહાડપરનો માર્ગ રશિઅન સરકારે એક લશકરી રસ્તા (Military Road) તરીકે મોટા બે મોટરો આસાન દોડે તેવો સુંદર બનાવ્યો છે. માર્ગમાં નચિંતે નાનાં મોટાં ગામો મળે છે. એવાં બે ત્રણ ગામોમાં વીસામાની અને ખાણીપીણીની સગવડો પુરાણી ઇનો (Inns) માફક મળે છે, એવી પેહેલી જગ્યા કાઝબેક (Kazbek) નામના પહાડ ઉપરથી નામ લેતાં એક ગામ આગળ છે. માર્ગમાં આપણને "સાત ભાઇઓ" (Seven Brothers) નામના પહાડ દેખાડવામાં આવે છે. આ નામનો સબબ આ કે તેની અહીં સાત ટોંચો છે. માર્ગમાં આપણે કોકેસસ પર્વતના જુદા જુદા તાબકાના લોકો જોઇએ છિયે.

આજનો દિવસ ઘણો ઠંડો હતો, તેમાં મોટરની દોડ, જે કેઠે ૩૦ યા ૪૦ મૈલથી વધારે હતી, તેથી ઉપજતા ઠંડા પવનો બાતરજમાં ફરી મેલતા હતા. બધા જણ ઘણાખરા મુંગાં મંત્ર બેસી રહેતાં હતાં સબબ કે ઠંડીને સબબે વાત કરવા ગમે નહી કે રખેને મોંઢું ઉઘાડતાં ઠંડો પવન દમમાં જાય. આપણામાં કોઇને મુંગો

રહેવા કહેવા કાજે આ કહેવત સમાન શબ્દો છે કે "મોંઢું માથું ઢાંકી પડી રહે." તેમ અમો ઘણાખરા પડી રહ્યા હતા. સર્વેએ ગરમ પોષાક ઉપરાંત પગ ઉપર જાડા બંદુસો નાખ્યા હતા. મેં તો ખરેખર મોંઢું માથું ઢાંકવા કાજેની એવી એક ટોપી, જે મને ચીનમાં પેકીનની ઠંડી સામે બચાવ કરવા કાજે ત્યાંના ભલા મેજબાને આપી હતી, તે પહેરી હતી અને આંખો ઉઘાડી રાખી હતી. ખાતરજમા કરે એવી આ ઠંડી પહાડ ઉપરની મોટરની દોડથી વધારે લાગી હતી. રસ્તામાં મોટર ઉભી રહેતાં કાંઇક નાસતો કર્યો હતો તે છતાં ઠંડીના સબબે ભુખ એવી તો લાગી હતી કે "કાગને ડોળે વાટ જોતી" કે જમવાનું મથક ક્યારે આવે. તે આવ્યું અને ગરમ ગરમ સુપ અને ખાણા બાદ અને પછી ગરમ ચાહથી તાજા થઇ ત્રણ વાગે અમોએ પાછું ચાલુ મેલ્યું. જેમ આલ્પસ (Alps) ના પહાડો ઉપર અને તેમાં ખાસકરી માઉન્ટ બર્નાર્ડ ઉપરનું ખાણું યાદ રહેશે તેમ, બલકે તેથી વધારે, અહીંનું ભોજન યાદ રહેશે. ભોજન લઇ બાગમાં ફરતાં જોયું કે ત્યાંના સપરચંદનાં ઝાડો ઉપરના તરેહવાર રંગોનાં ફુળો રંગની બાબતમાં જાણે ત્યાંનાં ફુલો સાથે હરીફાઇ કરતાં હતાં કે કોણના રંગો સુંદર છે?

આજની સફરવાળા માર્ગની આજુ-બાજુનો પહાડી મુલક ઓસેટીન અને ઇંગુટશીઆ (Oseten અને Ingutschetia)ના પ્રજાસ્તાક રાજ્યવાળા મુલકનો ભાગ હતો, જેનું મુખ્ય શેહેર વ્લાડીકવકાસ છે. માર્ગમાં કોઇક પહાડો ઉપર ઉંચા બુરજો જોયા હતા કે જે તપાસનાં મથકો (Observatory towers) તરીકે દુરની આવજાવ જોવા માટે હતા. કહે છે કે કાળા સમુદ્રથી કાસ્પીઅન સુધી પહાડો ઉપર એવા અસલી વખતના મિનારાઓ છે. એઓ ઉપર અગતની વખ્તે આગલા વખતમાં આતશ સળગાવી એક પ્રકારની નિશાનીથી અગતની ખબરો આપવામાં આવતી. વળી કેટે કિલ્લેબંધીઓ હતી. કેટે પાછલા જમાનાનાં પુરાણા ખ્રીસ્તી દેવળો છે. કેટે કોઇ બનાવોના સ્તંભો (monuments) પણ છે. અહીં એક રશિઅન બાદશાહ આ પહાડી સફરમાં કોઇક મુશકેલીમાંથી બચ્યો હતો, તેથી તે બનાવની યાદનું એક મોન્યુમેન્ટ કહેવાય છે.

પેલી આગલી આસમાનમાંથી આતશ લાવવા (Fire of Prometheus) ની દંતકથા આ પહાડ સાથે જોડાયલી છે કે પ્રોમેથીઅસ માણસજાત માટે આસમાન ઉપરથી આતશ આ દુન્યામાં ચોરી લાવ્યો તે કાજે તેને અહીં બંધ કરવામાં આવ્યો હતો. આપણાં પુસ્તકો તો આતશની શોધ આ દુન્યામાં શાહ હોશંગને હાથે થયલી જણાવે છે, જે બનાવની યાદમાં આગલું જશને સદેહ બરપા થયું હતું.

અહીંના પહાડમાં સોનું આગળ ઘણું હતું તે બાબે દંતકથા કહે છે કે ભરવાડો અહીંની નદીઓનાં પાણીમાં ઉન ધોય તો ઉન સાથે નદીમાં ધોવાઇ આવેલાં સુનાની રજકણો વળગી જતી. આ પહાડ જાણે ઇરાનની સરહદ ગણાઇ, આ તરફની વસ્તીને બહારના મુલકથી છુટી પાડે છે.

રાત પડતાં ટીફ્લીસ તરફ ઉતરતાં આ શેહેરની બતીઓનો દેખાવ ઘણો સુંદર લાગતો હતો. રાત્રે ૯ વાગે આવી પોહોંચતાં તુરત રાતોરાત રેલ્વે સ્ટેશન ઉપર ગયા કે બહારવણે બાકુ જવા માટે ટ્રેનમાં સુવાની ગાડીની ગોઠવણ કર્યે.

ટીફ્લીસ શેહેર. ટીફ્લીસમાં દાખલ થતાંજ જોયું કે હવે એશિઆના એક ઓરીએન્ટલ શેહેરમાં આવી પહોંચ્યા છીએ. યુરોપથી એમ ઓશઆના એક ખરાં એશિઆટીક શેહેરમાં આવતાં જાણે હવે ઘરને બારણે આવતા જઇએ છીએ તેમ ખુશી લાગવા લાગી. અહીં આવતાં આત્રેના એક ઉસ્તાદે અમોને બીજે દહાડે ૧૨ વાગે યુનીવરસીટી જોવા આવવા માટે ઇજન કર્યું, તેથી બીજે

દીને ગયા હતા. તેના થોડાક લાગતાવળગતાઓએ એક નાનું ભાષણ કરીને અમોને આવકાર દીધો. અમોએ જવાબ આપ્યો, ત્યારપછી યુનીવર્સીટીનું સંગ્રહસ્થાન અને પુસ્તકખાનું જોયું. આપણાં મુંબઈ કરતાં આ નાની વસ્તીવાળું શેહેર યુનીવર્સીટી માટે એક મોટું મથક અને વધુ સામગ્રીઓ ધરાવે છે.

ટીફલીસનાં "પીલગ્રીમ ફાધર્સ."

જેમ આપણા પારસીઓના વડવાઓ "દીન"ને ખાતર ઇરાન વતન છોડી આવવાને લીધે તેઓને "પીલગ્રીમ ફાધર્સ"(Pilgrim Fathers) ગણીયે છિએ અને જેમ અમેરીકાના યુનાઇટેડ સ્ટેટસની સ્થાપના કરનાર આગલા, દીનના છુટાપણાને ખાતર, ઇંગલાંડથી ત્યાં જઇ વસનારા "પીલગ્રીમ ફાધર્સ" ગણાય છે તેમ અહીં પણ જણુ જર્મન "પીલગ્રીમ ફાધર્સ"ના ઓલાદ વસે છે. અહીં જર્મનોના એક જુદા ભાગનું સંસ્થાન છે કે જેની સ્થાપના ગઇ સદીની શરૂઆતમાં થઇ હતી. દીની મતફેર સબબે પોતાના આકીનનું છુટાપણું જાળવનારા કોઇક જર્મનો વુરતેમબર્ગ (Wurttemberg) થી અત્રે આવી વસ્યા હતા.

ઇરાન, આઝરબએજાન, બાકુ, હોટેલ–યુરોપ, તા૦ ૨૮ મી સપટેમ્બર ૧૯૨૫.

બાકુ–વોઉરૂકસ (કેસ્પીઅન) દર્યા, બાકુનું કહેવાતું આતશકદેહ— એક સંભવીક આતશકદેહ.

"હમાજોર ઝરેહ વકૈશ"

(આફ્રીને હફત અમેશાસ્પંદ)

અર્થ–વોઉરૂકસ દર્યા સાથે હમાજોર.

તીફલીસથી બાકુ–માર્ગમાં વોઉરૂકશ દર્યાને નેમાજ.

ખુદાતાલાની મેહેરથી મેં તા૦ ૨૪ મી સપટેમ્બરે ઇરાનના આઝરબએજાનના મુલકમાં પગ મેલ્યો છે. તેમ પગ મેલવાને મને શાકતવાન કરવા માટે તે દાદારનો આભાર માનું છું. તા૦ ૨૩ મીએ મધરાત પછી એક વાગે મેં તીફલીસ શેહેર છોડયું અને આસરે ૧૬) કલાકની મંજલ બાદ તા૦ ૨૪ મીએ સાંજે ૫ વાગે હું બાકુ આવી પુગો છું. બાકુ આવવાની ને ત્રણ કલાક આગમજથી આગગાડીમાંથી મેં પેહેલે આપણાં વોઉરૂકસ દર્યા (હાલના કેસ્પીઅન સી) નો ઓહોળો કિનારો જોવા માંડયો. મારી જીંદગીમાં મારા આકીનગાનના ભણતરમાં જે દર્યા સાથે મથાળે મેલેલા શબ્દોમાં મેં "હમાજોર" કરેલી તે દર્યાને મેં એ દિવસે મારી નજરો નજરો જોઇ, "હમાજોર" કરી અને કુસ્તી કરી આવાં અર્દવીસુરની નીઆએશ ભણીને તે દર્યાને મારી નેમાજ ખુદાતાલાના શુકરાના સાથે કરી. મોસકોથી ઉપડવા પછી બે રાત બાગટ ટ્રેનમાં કાઢી હતી. એક રાત લાડીકવકાસમાં, હોટેલમાં જગ્યા નહીં મળવાથી, ત્યાંનાં એગ્રીકલચરલ ઇનસ્ટીટયુટમાં બેસવાના એક સોફા ઉપર કાંઇક અગવડ સાથે ગુજારી હતી. ચોથી રાતના તીફલીસમાં બાકુ માટે ગોઠવણ કરવાના સબબે છેક એક વાગે બીછાને ગયો હતો. તેથી થોડી ઉંઘ સાથે ગુજારી હતી. પાંચમી રાત પાછી ટ્રેનમાં કાઢી હતી. એમ પાંચ રાતના થોડા ઘણા ઉજાગરા સબબે થાકી મેં બ કુમાં આવીને જમીને આઠ વાગામાં આરામ કર્યો અને બીજે દિવસે સાત વાગે બાકુનું કહેવાતું આતશકદેહ જોવા જવા માટે બીદાર થયો.

અહીં રશિઅન અને તુર્કી જબાન સીવાય બીજી જબાન જવલેજ બોલાય છે. ફારસી પણ ઘણી બોલાતી નથી. આ સબબે તીફલીસના ઇરાની કોનસલને મળી મેં અરજ કીધી હતી કે મેહેરબાની કરી બાકુ તાર કરે કે મને કોઇ લેવા આવે. તેમ તેવણે મેહેરબાની કરીને કર્યું હતું. તેથી અત્રેની કોનસુલેટનો એક મદદનીશ મેહેરબાની કરી મને લેવા આવ્યા હતા અને ઉપલાં હોટેલમાં મેલી ગયા હતા. ઇરાનના લંડન ખાતેના મોટા અમલદારે (Charge des

affairs) મને મેહેરબાની કરી સામાન્ય સીફારસી પત્ર આપ્યો હતો તેનું આ પરીણામ હતું.

આઝરબઈજાન એક્ષપ્લોરેશન સોસાયટીનું ઇજન.

હવે સવારના મને ઉપલાજ મદદનીશ બાકુના કહેવાતા આતશકદેહની મુલાકાતે લઇ જવાને આવનાર હતા, પણ આવ્યા નહી. વાત જોઇ હોટેલના માણસોને એક પછી એક કહેવા માંડયું કે મને કોઇ ગાઇડ મેળવી આપે. હોટેલના એક રહીશ જેઓ કાંઇક ફ્રેંચ જાણતા હતા, તેવણે સમજાવ્યું, "આવે છે આવે છે" એમ કરતાં સવારનો થંડા પોહોરનો વખત નીકળી ચાલ્યા. એમ વમાસણમાં બેઠો હતો, તેવામાં એક જવાન જે થોડુંક અંગ્રેજી બોલતો હતો, તે બાહારથી આવ્યો અને પુછયું કે "તમો ડા૦ મોદી છેઓ?" "હા" નો જવાબ દેતાં તેણે ખુશી થઇને કહ્યું કે "હું અત્રેની ખોળ કરનારી મંડળી (Azarbaizan Exploration Society) તરફથી આવ્યો છું. અમારી સોસાયટીને ખબર પડી કે તમો તીફલીસ આવ્યા છેઓ તે ઉપરથી અમોએ ત્યાં પ્રેસીડન્ટને તાર કીધો હતો કે અમારા તરફથી તમોને તેડું કરે અને તમોને અત્રે મોકલે. તેનો જવાબ આવ્યો કે તમો નીકળી ચુકયા છો. તમો કઇ ટ્રેનમાં આવો છો તે ખબર નહી હોવાથી હું આજે સવારે એક બે હોટેલમાં ખબર કાઢી અહીં આવ્યો છું." ખુદાની મેહેરબાનીથી મારૂં વમાસણ અને ચિંતા નહીં ધારેલી રીતે દુર થયાં અને મને અત્રે માટે એક ભલો રાહબર મળ્યો અને તેણે મને ઉપલી સોસાયટીના એક મેહેમાન તરીકે પોતાની રેહબરીમાં લીધો. તેવણે ટેલીફોનથી તુરત સોસાયટીના ત્રણ ચાર આગેવાન સભાસદોને ખબર આપવા બાદ થોડા વખતમાં મને સોસાયટીના મકાનમાં લઇ ગયો, જ્યાં ઉપલા સભાસદો સાથે પારસીઓ બાબે અને અત્રેના પેલાં કહેવાતાં આતશકદેહ બાબે કેટલીક વાત થઇ. એઓ હુન લોકોની તવારીખમાં પણ, તે હુન લોકોનો કોઇક તાયફો અત્રેના સમાગમમાં આવેલો હોવાને સબબે, ઉલટ લેતા હતા. પાછળથી એક સભાસદ મારી સાથે મારાં હોટેલમાં આવ્યા ત્યારે ત્યાં મારૂં "Asiatic Papers Part II" નામનું પુસ્તક જોઇ, થોડોક વખત તપાસી એ "હુન લોકોની તવારીખ" બાબેના મારા વિષય ઉપર હાથ મુકયા અને બોલ્યા કે "એ બાબત અમોને અગતની છે." મેં જણાવ્યું કે મુંબઇ જઇ તેની નકલ મોકલીશ. હવે સોસાયટીના રૂમમાં ઠેરવવામાં આવ્યું કે મારે પેહેલ પેલું આતશકદેહ જોવું અને પછી રાત્રે આઠ વાગે સોસાયટીના થોડાક સભાસદો, જેઓને ખબર આપી શકાય, તેઓ હજુર મારે એક ભાષણ આપવું. ઠેરવ્યું કે તે બે બાબતો ઉપર સામટું આપવું. એક "પારસીઓ" ઉપર અને બીજું "અસલી હુન લોકોની તવારીખ" ઉપર. ત્યારપછી તે ભલા ભાઇઓ મારી સાથે આવ્યા અને બે મોટરોમાં અમો તે આતશકદેહ જોવા ગયા.

સુરખાની.

"સુરખાની" (Surkhani) નામની જગ્યા, જે બાકુથી મોટર મારફતે જતાં આસરે અર્ધા યા પોણા કલાકના રસ્તા ઉપર છે, ત્યાં એ મકાન હતું. તીફલીસથી બાકુ આવતાં બાકુ તરફની જમીન મૈલના મૈલો વેરાન હતી. એક બે ફીટના નાના રોપા (shrubs), જે દુબલાં ગોસપંદો ચરીને ખાતાં હતાં, તે સીવાય એક પણ ઝાડ દીસતું હતું નહી. બીઆબાન જંગલમાં એકાદ ઝાડપાનની જગ્યા (oasis) હોય, તેમ આ સુરખાનીનો લતો દુરથી જાણે સેંકડો અને હજારો ઉંચા સરોવરનાં ઝાડો હોય, તેમ દીસતા. પણ નજદીક જતાં માલમ પડતું કે આ ઝાડો નહીં, પણ પેટ્રોલીઅમને જમીનમાંથી કાઢવા કાજે ખોડેલા કુવાઓ

(wells) ઉપરનાં લાકડાંનાં બાંધકામો (shafts) હતાં, જે કોઇ પચાસ તો કોઇ ચોરાસી ફીટ ઉંચાં હતાં. આ જગ્યાને "સુરખાની" કહે છે તે શબ્દ કદાચ "શોલાખાને" એટલે "આતશના શોલા (શોલો) નું મકાન (ખાને)" હોય. ઉપલા પેટ્રોલીઅમના કુવાઓના એક મોટા સમુદાય વચ્ચે આ આતશકદેહ હતું. હું તો શું પણ હીંદુભાઇઓના ધર્મ, તેઓનાં મંદીરો અને તેઓની રાહરસમથી થોડો પણ માહીતગાર કોઇ પારસી ભાઇ આસરે દસ પંદર મીનીટની મુલાકાત બાદ ત્યાંના લેખ, બાંધકામ વગેરે ઉપરથી કહી શકે કે આ મકાન પારસી આતશકદેહ નથી, પણ હીંદુ મંદીર છે, જ્યાં હીંદુ બ્રાહ્મણો અગ્નીની પુંજા કરતા હતા.

આજથી સો બસો વર્ષપર આપણાં હીંદુસ્તાનને સમરકંદ, બોખારા વગેરે મધ્ય એશીઆના મુલકો સાથે સારો વેપાર હતો. વળી તે ભણીથી વેપારીઓ વેપાર અર્થે બાકુ ખાતે આવતા હતા. આ વેપારમાં ઉતર હીંદુસ્તાનનાં સીંધ, મુલતાન વગેરેનાં હીંદુ વેપારીઓ ભાગ લેતા અને તેઓ અત્રે આવતા. તેઓની ધાર્મીક જરૂરીઆત કાજે આ મંદીર બરપા થયું હતું. હીંદુભાઇઓ પણ "અગ્ની"ને એક દેવતા તરીકે માને છે. અહીં જમીનમાંથી કુદરતી ગરમ વરાળ નીકળતી, જે જરાક પણ ગરમી દેખાડતાં સળગતી. તેથી અહીં આ જમીનમાંથી મળતા અગ્નીના મુખ આગળ મંદીર સ્થાપ્યું. હવે થોડાંક વર્ષ થયાં, વેપારના માર્ગો અને રાહરીતીઓ બદલાયાં ત્યારે હીંદુઓની આવજાવ બંધ થઇ અને આગલા આવેલા બ્રાહ્મણોમાંથી કોઇક મરણ પામ્યા અને એકાદ બે રહેલા તે પોતાને વતન ગયા. મને આ જગ્યાએ એક લાંબો ઓરડો દેખાડવામાં આવ્યો અને કહેવામાં આવ્યું કે આસરે ૪૦ વર્ષપર આ મકાન જોવા રશીઆનો ઝાર ત્રીજો અલેકઝાન્ડર આવ્યો હતો, ત્યારે તેણે હીંદુ બ્રાહ્મણોની ક્રિયા જોવાની ખાહેશ થવાથી ગામમાં જઇ વસેલા બે ચાર બ્રાહ્મણોને બોલાવી લાવી આ લાંબા ઓરડામાં તેને ક્રિયા દેખાડવામાં આવી હતી.

મેં આ મકાન તપાસવામાં આસરે બે કલાક ગુજાર્યા. એક સીડી મંગાવી કાંઇક ચિંતા સાથે તે ઉપર ચઢી મકાન ઉપરની તખ્તી, જે નાગરી હરફે છે, તે તપાસી, મકાનની આજુબાજુના રહેવાના નાના ઓરડાઓ (cells), જે આપણા દેશના બુધીસ્ત મઠોના સાધુઓના ઓરડા સમાન, મંદીરના ચોકની આજુબાજુ છે, તે તપાસ્યા; અહીં એઓ કોઇ હીંદુ મરણ પામે તો તેની લાસને બાળતા, તે જગ્યા તપાસી અને આ સર્વ ઉપરથી મારી જે ખાતરી હતી તે વધુ ખાતરી થઇ કે આ મકાન સાથે પારસીઓને કાંઇ લાગતું વળગતું નથી. તે પારસી આતશકદેહ નથી પણ હીંદુઓનું મંદીર છે.

આ મકાન આસરે ૧૫ યા ૧૮ ફીટ ચોરસ છે. વચમાં હીંદુભાઇઓ "હોમ" ની ક્રિયા માટે ખાડો ખોદે છે તેવો, બે ત્રણ ફીટ ઉંડો અને આસરે ચાર ફીટ ચોરસ ખાડો છે. આ ખાડામાં અંદરની ગરમ વરાળથી આતશ રોશન કરવામાં આવતો હોય. ઉપર ગુંબજ છે પણ તે આતશકદેહના ગુંબજ માફક તદન ગોળ નથી. પણ વચમાંથી મોટું બાકું છે, જેમાંથી આફતાબ અંદર ખુલ્લો પ્રકાશે. એક પારસી આતશકદેહમાં તો આફતાબનાં કિરણો આતશ ઉપર નહીં પડે તે માટે કાળજી રાખવામાં આવે છે. મકાનની ચાર બાજુએ ધુમાડો જવા માટે ગોખ જેવાં બાંકાં છે.

દાખલ થવાના બારણા ઉપર નાગરી હરફે લેખ છે, જેમાં શ્રીગણેશને પેહેલા યાદ કર્યો છે. આ મકાનને "જ્વાળાજી" એટલે કોઇ બળતા પદાર્થ (volcanic) મકાન જણાવ્યું છે અને બાંધવાની તારીખ વીક્રમાજીત ૧૮૬૬ (એટલે અંગ્રેજી ઇ૦ સ૦ ૧૮૧૦) જણાવી છે. આ નવ લીટીનો લેખ છે. લેખની ઉપર

જે ચિત્રો કોતરેલાં છે તે નીચલાં છે. ઉપર પેહેલી હારમાં પેહેલ એક ફુલ, પછી એક ઘાંટ, પછી સુર્યનું ચિત્ર, પછી આતશનો શોષો, પછી પાછું કોઇ ફળ. એ હારની નીચે બીજી હારમાં પેહેલે એક ફુલ, પછી ત્રિશળ (trident), પછી સ્વસ્તીકર, પછી બીજું ત્રિશળ અને પછી ફુલ. એક નબળી ધ્રુજતી ઘોડી ઉપર ચઢી તે ઉપરથીજ નોંધ લખી લેવાનું તદન અશકત હતું. માટે એ લેખની નોંધ ઘોડી ઉપર ઉભો રહી કેટલોકવાર જોવા બાદ નીચે આવી લીધી છે. લેખમાં પેહેલી લીટીમાં શરૂઆતમાં આપણું "શ્રીગણેશાયનમ", બીજી લીટીમાં "વીક્રમાજીત સાકે" અને ત્રીજી લીટીમાં "શ્રી જવાળાજી" વાંચ્યે છિએ.

એ મકાનને ચારે ખુણે નાનાં શિખરો છે. તે ચારે બાજુએથી ખોહલું છે અને ચારે બાજુએ ત્રણ પગથયાંની શિડીઓ છે. થોડાંક વર્ષપર જ્યારે અહીં પારસીઓ ઉપરાંત બીજી કોમવાળાઓની ઘણી વસ્તી હતી, ત્યારે પારસી આતશ-કદેહ એમ ઉઘાડું રાખવામાં આવે નહી. વચમાં કુંડ સમાન ખાડો છે. આતશકદેહમાં તો આતશ માટે તખ્ત સમાન કોઇ ઉંચી જગ્યા જોઇએ. આ મકાનની પાસેજ આસરે આઠ દસ ફીટ એક જગ્યા છે, જ્યાં કહે છે કે હીંદુઓ પોતાનાં મુરડાં બાળતા. એક પારસી આતશકદેહમાં એમ બની શકે નહી.

ચોકમાં એક ખંડીએર છે, જે કોઇ નાના દહેરાંનાં ખંડીએર માફક છે. એવાં ખંડીએર બીજી બાજુએ પણ છે. બંને જમીનદોસ્ત થયાં છે. એકને સરકારે સમરાવ્યું છે. કોઇ ધાર્મીક પુંજારીએ એ બંધાવ્યાં હોય એમ જણાય છે.

મંદીરની આજુબાજુ મોટો ચોક છે તેમાં હારબંધ નાના રહેવાનાં મકાનો (cells) છે. બાહારથી તે બંધ છે, તેથી બાહારથી જાણે કમ્પાઉન્ડની ભીંટ (compound wall) હોય તેમ દેખાય છે. દરેક "સેલ"ને એકેક જુદું બારણું છે. તેમાંથીજ રોશની હવા દાખલ થાય બારી જેવું કાંઇ નથી. એવાં પચીસ સેલો (cells) છે. એકાદમાં દીવાલે ગણેશનું ચિત્ર છે. કોઇ દીવાલપર ઝાડનાં ચિત્રો અને ત્રિશળ છે. એઓમાં એક સેલ આસરે ૩૫ ફીટ લાંબો છે. કદાચ તે મુસાફર–પુંજારીઓ માટે સામટા રહેવા માટે હોય. કોઇક "સેલ" ઉપર ગુંબજ (cupula) જેવું બાંધકામ છે. એ "સેલો" મુસાફરોના ઘોડા બાંધવા માટે છે. આસરે ૧૯ સેલો ઉપર નાગરી ભાષામાં લખ્યા છે. મુસાફર પુંજારીઓએ એ બંધાવી આપવાની નોંધ દીસે છે. એક ઉપર ફારસીમાં પણ લેખ છે જે તેનો સને હીજરી ૧૧૫૮ આપે છે. એટલે ત્યારે એ લેખ ૧૯૦ વર્ષપર લખાયો છે. આ ફારસી લેખ ઉપરથી દીસે છે કે જ્યારે આગળ બાકુ પણ આઝરબએજાનનાં બીજા ભાગ માફક ઇરાનના શાહની સલતનતમાં હતું, ત્યારે ફારસીનો મહાવરો અને વધારે હોય. આ સને ખુદ ઉપર જણાવેલાં મંદીરના લેખ કરતાં પુરાણો છે તે દેખાડે છે કે ખુદ મંદીર પાછળથી ફરી બાંધી તેનો લેખ મુકયો હોય. એ ફારસી લેખનો કોઇક ભાગ ખરાબ થયો છે પેહેલી લીટી "આતશ સફ કશીદે હમચુ દેલ" ખુલ્લી છે. ઉપર જે સને આપ્યો છે તે પણ બરાબર વંચાય છે.

ઉપલી સર્વ હકીકત ઉપરથી કાંઇપણ શક વગર ખુલ્લું થાય છે કે આ મકાન એક પારસી આતશકદેહ નથી. અત્રે આવવા આગમજ પણ હું કાંઇક વાંચ-ણથી જાણી શકયો હતો કે એ મકાન પારસી આતશકદેહ નથી.

બાકુના આ આતશકદેહ બાબે મારો આગલો અભ્યાસ.

અત્રેનું એ મકાન પારસીઓનું આતશકદેહ છે કે હીંદુઓ જેઓ પણ આતશ (અગ્ની) ને માન આપે છે, તેઓનું મકાન છે, એ બાબે અવારનવાર સવાલ ઉઠે છે. આજથી

આસરે ૨૫ યા ૩૦ વર્ષપર જ્યારે ગુજરાતી જ્ઞાનપ્રસારક મંડળીએ પોતાની ગોલ્ડન જ્યુબીલીનો અવસર પાળવા કોનવરસેઝીઓની (Conversazione) કીધી હતી ત્યારે મેં તેમાં એક જગ્યાએ (stall) રાખી બીજી કેટલીક કરાતી ચીજો અને પુસ્તકો સાથે આ આતશકદેહનું ચિત્ર દેખાડયું હતું અને જણાવ્યું હતું, કે તે પારસી આતશકદેહ નથી. તે વખતે મેં મારી બાબતોનાં હેંડબીલો પણ સમજ આપવા છપાવ્યાં હતાં. મારા મિત્ર મી૦ નસરવાનજી હીરજીભાઇ પટેલ, જેવણ મંડળીનાં જુનાં દફતરો જાળવવા માટે કાળજીમંદ છે, તેવણ પાસે એકાદ નકલ કદાચ હજુર હશે. ત્યાર પછી આપણાં શેહેરના ટાઇમ્સ (Times of India) માં એ બાબત પાછી નીકળી હતી ત્યારે મેં કેટલોક ખુલાસો છપાવ્યો હતો અને તેમાં મધ્ય એશીઆના પેલા જાણીતા મુસાફર ડા૦ સ્વેન હેડીન (Sven Hedin), જેવણ સાથે મને ૧૮૮૯ માં સ્ટોકહોમ ખાતે પેહેલી પિછાણ થઇ હતી, તેવણે મને એ આતશકદેહ ઉપરના લેખના થોડાક ભાગની નકલ આપી હતી. તેનો મારા લેખમાં ઉપયોગ કર્યો હતો. મને યાદ છે કે સર દીનશા એદલજી વાછા, જેવણ રાજદ્વારી બાબતો ઉપરાંત સાહિત્યની એવી બાબતોમાં પણ ખાસ ઉલટ લે છે, તેવણે મારા ઉપર પત્ર લખી મારા કહેવા સાથે મળતા થયા હતા કે એ મકાન આતશકદેહ નહી પણ એક હીંદુ મંદીર છે.

હવે બાકુ તરફ મને ખેંચનાર આ સવાલ મુખ્ય કર્યો હતો. હું પાધરો તીફલીસથી આગગાડી મારફતે આઝરબએઝાનનો દક્ષિણનો ભાગ જે આપણને વધારે અગતનો ગણાવ ત્યાં જતે પણ અહીં ઉતર આઝરબએઝાન તરફ આવવાની ખાસ મતલબ આ જગ્યા જોવાની હતી. વળી દરબંદની નોશેરવાનની દીવાલ જોવાની પણ નેમ રાખી હતી.

નાના જવાલાજી અને બરા જવાલાજી.

હીંદુસ્તાનમાં હીંદુઓ પોતે અત્રેના આ મંદીરને એક હીંદુ મંદીર ગણે છે તે મેં આસરે ૨૫ વર્ષપર મારી હીમાલય પર્વતની કાંગ્રા-વેલી (Kangra Valley)ની મુલાકાત વેળા સાંભળ્યું હતું. સને ૧૯૧૦ નાં સાલમાં આગલા સાલોના મર્કીના ત્રાસનું સંકટ ટાળવાના કાંઇક ચિંતાતુર અને અવારનવાર ચાલુ કામે મારી તબીયતને કાંઇક નાદરૂસ્ત બનાવી દીધી હતી. તેથી મારા એક ખેશી ભાઇ જમશેદજી એરચજી મોદી સાથે હું તેવણના ખેશીઓ ભાઇ ફરામરોજ અને ભાઇ નાદરશા ખજુરીના મેહેમાન તરીકે પંજાબની ધર્મશાળા નામની ટેકડી ઉપર આસાએશ અને હવા ફેરબદલ કરવા માટે ગયો હતો અને ત્યાં થોડીક આસાએશ પછી ત્યાંની કાંગ્રા અને કુલુ વેલીની ખીણોમાં પાહાલણપુર અને બએઝનાથને માર્ગે ગયો હતો. તે વખતે મેં સાંભળ્યું હતું કે ત્યાં જવાલાજી નામનું એક ગામ છે, જ્યાં એક ઠેકાણે ખડકમાંથી રાત દહાડો ગરમ વરાળ નીકળે છે અને પુંજારીઓ તે ઉપર ઘી નાખે છે તો બલતાંના જ્વાલા માફક સળગી ઉઠે છે. એ સાંભળી હું ત્યાં ગયો હતો અને તે "જવાલાજી" એટલે બલતા પદાર્થની જગ્યા જોઇ હતી. તે વખતે ત્યાંના હીંદુઓ સાથે વાત થતાં તેઓએ પોતાના તે જવાલાજીને છોટા એટલે "નાના જવાલાજી" જણાવી કહ્યું હતું કે "અમારો મોટો જવાલાજી" બાકુ ખાતે છે.

મોસકોના એક સંગ્રહસ્થાનમાં બાકુના આગલા હીંદુ પુંજારીઓનો દેખાવ.

મોસકોમાં તા૦ ૧૮ મી સપટેંબરે હું મરહુમ લેનીનને નામનું એક સંગ્રહસ્થાન (Musée de Lenin) જોવા ગયો હતો, ત્યાં રશીઆના જુદા જુદા મુલકોના

ઘોડ઼ાના આખાં કદનાં (full-size) બનાવેલાં પુતલાંઓ છે, તે સંગ્રહ જોવાલાયક છે. તેમાં બાકુના આ મંદીરના આગલા વખતના પુંજારીઓ વગેરેના આકારો છે. તેઓ લાકડાંમાંથી આતશ પાડે છે અને તે આતશની આજુબાજુ આકરૂ બેઠેલા છે. થોડાકો સામેથી વાજીંત્ર સાથે પુંજા કરવા આવે છે. તેઓનાં માથાં ઉપર લાલ તીલા છે. કાઇકને સાદરી વણવાનું કામ કરતા દેખાડયા છે. ત્યા જે વર્ણનની રશિઅનમાં તખ્તી (tablet) લગાડી છે તેમાં પણ તેઓને હીંદુ જણાવ્યા છે. તે તખ્તીનો તરજુમો મારે માટે ત્યાંની રખેવાલ બાઇએ કર્યો તે નીચે આપું છું:—

" Near the town Baku in the villages of Souratshânâ and Emidjan where the fire (nephtha) comes from the earth lived the Hindoos, who came from India. They were Brahmans. They made a temple and adored the fire many years. They lived there, but now they are not at Baku. It is said ten years before they lived in Baku in little rooms and, worked for money. They built their cells. They are not the Parsees—the Guebers who adored Zarathushtra."

આ મ્યુઝીઅમનાં કેટલોગમાં અહીં મેલેલાં ઉપલાં આકારનું કાંઇક વર્ણન નીચલી મતલબનું છે. રશિઅનમાંથી મારી આગળ કરેલા તરજુમા પ્રમાણે એ આપું છું:—

" A Rusian traveller Beresine relates that the temple has the form of 5 sides. In the middle of these five sides' place, there was a little well a long tube—like hole and the naphtha came out of it and the temple has a little bell and when the worshipper begins the prayers, the bell is rung. This little room is covered with a cupola and near the door a trident symbol of Shiva. The inscripton on the door says that the temple was built in 1866 (Russian 1810). Near the temple is a large pit. Over it is a great stove. On the stove all the dead are burnt. In 1842 there were only seven persons and afterwards nobody came from India."

એજ઼ેની રખેવાલ બાઇએ અહીંનું કેટલોગ (The Disoription of the collections in the Ethnographical Museums), જે પ્રો૦ મીલર નામના અહીંના એક સ્કોલરે બનાવ્યું છે, તેમાંથી રશિઅન વાંચી મને જેમ તરજુમો સમજાવ્યો તેમ મેં એ વીગતે આપ્યો છે કે તે મારા કોઇ હીંદુ અભ્યાસી ભાઇઓને પણ કદાચ કામ લાગે અને તેઓ પોતાના ધર્મની પુંજા પોતાના દેશની બાહાર આસરે એકસો વર્ષપર કેમ થતી હતી તે જાણે.

હજુર સુધી એ બાબે ચાલતી સમજ ભુલ.

આ જ થી વીસ વર્ષપર સને ૧૯૦૫ માં છપાયલાં એક સતાદાર ગણાતાં મોટાં પુસ્તક (Baku by J. Henry) માં પણ એ મંદીરને પારસી ધર્માલય ગણવાની ભુલ કીધી છે. તેમાં લખે છે કે " When 25 years ago, the priestly attendant — a Parsee from India and the last of the long list of Fire—worshippers reaching 2500 years died at Surkhani." હું ધારૂં છું કે જ્યાંસુધી પારસીઓને લાગેવળગે છે ત્યાંસુધી તેઓના મનમાંથી આ વિચાર હવે નીકળી જવો જોઇએ કે આ બાકુનું ધર્માલય એક પારસી આતશકદેહ છે. એક અભ્યાસીને પોતાના અભ્યાસની કોઇ નાની કે મોટી બાબત જે ઉપર તેણે પેલી કહેતી પ્રમાણે થોડું કે ઘણું મધરાવનું તેલ બાળ્યું હોય તે બાબતની જગ્યા જોતાં અને

પોતાના આગલાં મતને ખરૂં પડેલું જોતાં જે ખુશી ઉપજે તેવી ખુશી મને બાકુની આ મુલાકાતથી ઉપજી છે. એ ઉપરાંત હું કાંઇ નવું જોઇ અને જાણી શકયો છું તેથી પણ મને ખુશી ઉપજી છે.

આગલના વખતમાં અલબતે અહીં આતશકદેહ હોવા જોઇએ.

હવે ઉપલું મકાન આતશ-કદેહ નથી એમ મેં આગળ જણાવ્યું હતું અને હવે નજરો નજર જોઇ વધારે ખાતરીથી જણાવું છું, તે ઉપરથી એમ નહી જાણવું કે આગલા વખતમાં આ શેહેરમાં કોઇ આતશકદેહ નહીં હોય. તે વખતે અહીં કદાચ એકથી વધુ આતશકદેહ હોય. કોણ જાણે ખુદ ઉપલીજ જગ્યા, જયાં હીંદુઓનું મંદીર હતું ત્યાં પણ કોઇ આતશકદેહ હોય. એમ જમીનમાંથી નીકળતી બલતી વરાળનાં આતશની સેતાયશના આપણને કોઇક ઇસારાઓ આપણાં પુસ્તકોમાં મળે છે. જુદી જુદી જાતના આતશોમાં એક આતશ એવો જણાવ્યો છે કે જે બલતણ વગર બળે. તે આતશ તે આવો શોલાનો આતશ છે કે જે રાત દહાડો કોઇપણ બલતણ વગર બળે છે. એકાદ આગલા ખ્રીસ્તી પાદરીએ (Early Christian Father)જાણે એમાં કોઇ પારસી ધર્મ-ગુરૂની હાથચાલાકી હોય એમ અજ્ઞાન-પણાથી જણાવ્યું છે. પણ એમાં હાથચાલાકી જેવું કાંઇ નથી. આ એક કુદરતી બનાવ છે.

આપણો આતશ "અપામ નપ્તાર" અને અહીંનો નાફ્થા.

આપણે દરેક પેહની સેવટે આત-શોને યાદ કરતાં નીચે પ્રમાણે ભણયે છિએ :—

"થવાંમ આતરેમ અહુરહે મજદાઓ પુથ્રેમ...યજમહદે......અપામ નપ્તારેમ યજમહદે, નઇર્યોમ સંઘહેમ યજમહદે."

અર્થ—તું અહુરમજદના પુત્ર આત-શને......અમો આરાધ્યે છિએ. અપામ નપ્તાર(આતશ)ને અમો આરાધ્યે છિએ. નઇર્યોસંઘહ (આતશ)ને અમો આરાધ્યે છિએ.

આતશની આ આરાધનામાં "અપામ નપ્તાર" શબ્દોમાં જે "નપ્તાર" શબ્દ છે, તે ઉપરથી હાલનો નેફ્થા (Neph-tha) શબ્દ બન્યો છે, આ નેફ્થા (નપ્તાર) તેલ રૂપે વહે છે, માટે તેના આતશને "આપ" એટલે પાણી (liquid) કહ્યું છે. આ સરખામણી બાબે મી૦ મેહેરજીભાઇ પા. માદન તરફથી હું ભુલતો નહી હોઉં તો એક વિષય આપણી ખોળ કરનારી મંડળી હજુર વંચાયો છે.

અત્રે મારા ધારવા પ્રમાણે એક પુરાણું આતશકદેહ છે.

આ મુલકનું "આઝરબએ-ઝાન" નામ આપણા પોતાના 'આતર' 'આઝર' એટલે આતશ શબ્દ ઉપરથી નીકળ્યું છે, સબબ કે અહી આગલા વખતમાં આ બાકુના જમીનમાંથી નીકળતા આત-શના શોલા જેવા આતશના અને બીજા આતશોના ઘણા આતશકદેહો હતાં. આપણું આદર ગુશસ્પ નામનું આતશ-બેહેરામ પણ આજ મુલક જેનાં એવાં બીજાં નામો "આદરબાદગાન" આત-રોપાતકાન" છે, ત્યાં હતું, ત્યારે આ બાકુમાં પણ એવું કોઇ આતશકદેહ હોવું જોઇએ. બાકુથી દસ મૈલ દુર મેં આગલ જણાવેલી કોકેસસ પહાડમાંથી નીકળતી કુર (Kur, કુરૂસ, Cyrus) નદી કેસ્પીઅન (વોઉરૂકસ) દર્યામાં ખાલી થાય છે. ત્યાંસુધી રોમન શાહાનશાહ હેરાકલીઅસે આપણા આતશકદેહો ખરાબ કરવાની વાત નોંધાયલી છે. બાકુ બાબે ઉપર જણાવેલા લખનાર મી૦ હેનરી એ બાબે નીચે પ્રમાણે ગીબનને આધારે બોલે છે.

" Heraelins encamped (?) on the steppes at of the

Kura, ten miles south of Baku. There Gibbon says......at his command the soldiers extinguished the fires and the temples of the Magi. Twelve years later, Persia was vanquished a second time by the Arabs who at the edge of the sword converted the pecple from fire worship to the Musalman faith. Large numbers fled to Ormuz, thence to India aad gave origin to what are now the Parsees of Bombay."

કહે છે કે રશિઆની પડોશમાં આવેલાં લીથુનીઆ (Lithunia)ના લોકો પણ આઝરબએઝાનમાં આતશની સેતાયશ માટે આવતા.

ગીબન હેરાકલીઅસને હાથે બાકુ તરફના જરથોસ્તી આતશકદેહો બુજાવાની જે હકીકત કહે છે તેની બીના આ છે: બુસરૂ પરવીઝ ખ્રીસ્તીઓનાં પવિત્ર પેલેસ્ટાઇન ઉપર હુમલો કરી ત્યાંથી ક્રાઇસ્ટને જે ક્રોસ ઉપર ફાંસી દીધો હતો તે ક્રોસ ઇરાન ઉંચકી લાવ્યો હતો. તેના કીનામાં આ રોમન શાહાનશાહે ઇરાનના આ તરફના આતશકદેહો ખરાબ કીધાં હતાં.

હવે અહીં એક મિનારો છે જેને કીસકાલે (Kiskale) અથવા ફ્રેંચમાં Tour de la jeune fille એટલે "જવાન છોકરીનો મિનારો" કહે છે. અહીંની દંતકથા, જે ઉપર કેટલાકો શક નાખે છે, તે કહે છે કે એક બાપે પોતાની બેટી સાથે પરણવા માંગ્યું, ત્યારે બેટીએ વાયદો દીધો કે "તું એક મોટો મિનારો બનાવ અને તે તમામ થશે ત્યારે હું તારી સાથે પરણીશ." તેમ તેણે બાંધ્યો કે પેલી છોકરી તે ઉપર ગઇ અને ત્યાંથી પડી આપઘાત કરી મરણ પામી. હવે મારા રેહબરે આ દંતકથા ખોટી જણાવી અને તેમાં અજબ થવા જેવું નથી. જો દીકરી બાપ સાથે પરણવા નહીં માગતી હતી તો તેણીને તેજ વખતે આપઘાત કરવાના બીજા માર્ગો હતા.

વળી આ કોઇ સાદો મિનારો નથી, તેમાં બાકુમાં નીકળતી નેફથા (અપામ નપાત) માટે તેના સાત તબકા યા માળો ઉપર માર્ગે છે. મેં આ મિનારો તેની ઉંચાઇ સુધી જઇ તપાસ્યો. તે ઉપર "કુબઅ મસઉદ બીન દાઉદ" એટલે "દાઉદના છોકરા મસઉદનું મકાન" એમ એક ફારસી લેખ છે. હવે અહીં કોઇથી ધારવામાં આવે છે કે આ મકાન ઘણા પુરાણા જમાનાનું, સાસાનીઅન જમાનાનું યા તેથી પણ આગમજના જમાનાનું છે અને તે બાબીલોનના મિનારની નકલ છે. આ આસરે ૮૦૦ વર્ષપર થઇ ગયલા મસઉદ પાદશાહે ફક્ત પોતાની યાદગારી રાખવા અહીં પોતાના નામની તખ્તી મારી છે. તેણે જો પોતે આ મકાન બરપા કીધું હતે તો તે એમ લખતે અને તેનો સને આપતે.

હવે મારી તપાસ પ્રમાણે હું ધારૂં છું કે ઉપલું કહેવું બરાબર છે. આ એક પુરાણું અસલી ઇરાનીઅન મકાન છે અને તે આતશકદેહ છે. તે સામાન્ય આતશકદેહો માફક હસ્તકૃત ઉત્પન્ન કરેલા આતશનું આતશકદેહ નથી. પણ ઉપર જણાવેલી નેફથા (અપામ નપાત) નાં સંબંધનું આતશકદેહ છે. ફક્ત યાને સાતનો આંકડો પાવન જરથોસ્તી આંકડો છે, તેમ તેના સાત તબકા છે. દરેક તબકા ઉપર ખુણામાં એ નેફથાની વરાળની જગ્યા દીસે છે કે જે સળગાવતાં આતશનો શોભો પેદા થતો. આ એક મોટો મિનારો છે જે આસરે ૮૦ ફીટ યા વધુ ઉંચો હશે. ચઢવાની નિસડી એક બાજુથી છે. ઉપર તેનો વ્યાસ આસરે ૪૦ ફીટ હશે એવો તે મોટો છે. ઉપરથી વોઉરૂકશ દર્યા (Caspian sea) ના બોહોળા, પોહોળા અને ચોહલા વીસ્તારનો એક ભાગ આપણે જોઇએ છિએ, જેની સપીલ ઉપરથી કુદરતને તેના આફતાબ માહતાબ સેતારા સાથે નેહાળી શકાય.

હવે આપણા દેશમાં રાવલપીંડી આગળ પુરાણા ટેક્ષીલા શેહેરનાં ખંડી-

એરો ખોદતાં ત્યાં એક આતશકદેહનું બંડીઅર સર જોન મારશલે શોધી કાઢયું છે, જેનાં સંબંધમાં હું આગળ એકથી વધુ જગ્યાએ અને તેમાં મારાં "પાટલીપુત્ર"ના વિષયમાં બોલ્યો છું. તે આતશકદેહ સાથે એક મિનારો અસલી બાબીલોનના ઝીગીરાત યા ઝીઆકુરાત (Ziakurat)ના જેવો હતો. આતશકદેહ અને તેની સાથે સાથે એક મિનારો—કે જે ઉપરથી પડોશનો દર્યો યા નદી યા પાણીનો કોઇ મોટો ભાગ દેખાય અને જે ઉપરથી આફતાબ, માહતાબ, સેતારા, પહાડો વગેરે દેખાય અને તેઓની સેતાયેશ થાય—એ આવા પ્રકારના પુરાણા આતશકદેહની કારીગીરી છે. મેં આગળ કહ્યું છે તેમ આપણું નૌસારીનું આતશબેહેરામ એ અસલી પ્રકારનાં આતશકદેહને મળતું આવતું આતશકદેહ છે. અહીંઆ બાકુનો મિનારો, જેને પણ મારા રેહબરના કહેવા પ્રમાણે બાબીલોન સાથે જોડવામાં આવે છે, તે જાણે એકજ મિનારા રૂપનાં બુલંદ મકાનમાં ઉપલી બંને નેમો ધરાવે છે. સબબ કે અહીં આપણાં સાધારણ આતશકદેહોની માફક આતશને સુખડ યા કાઠી મેલી રોશન રાખવાનો નથી, પણ તે તો કુદરતી નેફ્થાની પ્રવાહી વરાળ (અપામ નપાંત)થી ઉત્પન્ન થતો હતો.

મારી અત્રેની મુલાકાતે એક કહેવાતાં આતશકદેહની વારતાને ખોટી પાડવાના મારા આગલા અભ્યાસના સંબંધમાં મારી ખાતરી કરી છે. તેમ, બીજા હાથ ઉપર એક નવાં આતશકદેહને રોશનીમાં લાવવામાં મારા કમીના વિચાર પ્રમાણે આ મુલાકાત ઉપયોગી નીવડે એમ હું આશા રાખું છું. હેરાકલીઅસ (Heracleus) નામના રોમન પાદશાહે ખરાબ કરેલાં, ગીબનના જણાવવા પ્રમાણેનાં, આતશકદેહોમાંનું એક આ હોય અથવા ઉપલા લખનાર પ્રમાણે તેની પછી થોડા વખતમાં આરબોએ નાશ કરેલાં આતશકદેહોમાંનું તે એક હોય. અત્રેના ભણેલા પુરૂષોનું અને આર્કીઓલોજીકલ ખાતાંનું મારા ભાષણમાં અને અત્રેના પ્રજાસત્તાક રાજ્યના પ્રેસીડન્ટ સાહેબ સાથની મારી મુલાકાતમાં મેં એ મકાન બરાબર જાળવી રાખવા માટે તેવણનું ધ્યાન ખેંચ્યું છે.

બે ભાષણો.

મેં અત્રે બે ભાષણો બાકુ ખાતે મારાં આપ્યાં છે. એક આગળ જણાવવા પ્રમાણે આવવાના દીનની બહારવણી તા૦ ૨૬ મી નવેમ્બરે "પારસીઓ ઉપર અને હુન લોકો" ઉપર આપ્યું હતું. બીજું તા૦ ૨૮ મીએ આપ્યું હતું. આ ભાષણ રાત્રે ૮ કલાકે આપી તેજ રાત્રે દસ વાગે હું તબ્રીઝ જવા નિકળ્યો. પહેલું ભાષણ અત્રેની એક્ષપલોરેશન સોસાયટીના થોડા સાહેબો હજુર ફારસીમાં આપ્યું હતું અને તેનો એક ગ્રહસ્થે તુર્કીમાં તરજુમો કર્યો હતો, અંગ્રેજી એકાદ બેજ સમજતા હતા, ફારસી બીજા થોડાકજ સમજતા હતા, તેથી તુર્કીમાં તરજુમો કરવો પડયો હતો સબબ કે અહીં મુસલમાનોમાં તુર્કી ભાષા બોલાય છે.

બીજું ભાષણ મેં "પારસી નજરે આઝરબએઝાનની અગત્યતા" (The Importance of Azarbaezan from a Parsi point of view) એ વિષય ઉપર એઓના કહેવાથી જાહેરમાં આપ્યું હતું. તે માટે વર્તમાનપત્રમાં ખબર આપેલી હોવાથી દીવાનખાનું ચીકાર ભરાયું હતું. એ ભાષણ પણ મેં ફારસીમાં આપ્યું અને તેનો તરજુમો રશીઅન અને તર્કીશ એ બંને ભાષામાં બે જુદા જુદા ધણીઓએ કર્યો, સબબ કે ઘણાઓ એવા હતા કે જેઓ આ બેમાંથી ફકત એકજ ભાષા સમજતા હતા. આ ભાષણમાં મારી નેમ અહીંના ભણેલા પુરૂષોને આપણી બાબતમાં ઉલટ લેતા કરવાની હતી.

અત્રેના પ્રેસીડન્ટની મુલાકાત.

આ ઉત્તર આઝરબએઝાન છેલી લડાઇ પછી રશિઆના રાજ્યની બાંહેધરી હેઠળ એક છુટું સ્વતંત્ર પ્રજાસ્તાક રાજ્ય બન્યું છે. રશિઆએ પોતાનાં બોહોળાં રાજ્યને છેલ્લા રાજદ્વારી ફેરફાર (Revolution) પછી નાના નાના લોકોની જાત વગેરે પ્રમાણેના આસરે ૨૪ પ્રજાસ્તાક રાજ્યોમાં વેહેંચી નાંખ્યું છે અને સર્વે રાજ્યોનો એક સમુદાય (Union) બનાવ્યો છે. અમેરીકાનાં ભેગાં રાજ્યો (United States) ની કાંઇક નકલ કરેલી દીસે છે. લોકો પોતાની મરજી મુજબ પોતાના પ્રજાસ્તાક રાજ્યનો વડો (President) ચુંટે છે. એવાં કેટલાંક રીપબલીકોના મુલકની મુખ્ય વસ્તી મોહોમેદન હોવાથી મોહોમેદન પ્રેસીડન્ટો ચુંટાયા છે. અહીં પણ ઇસલામીઓની વસ્તી વધારે હોવાથી એક ઇસલામી બુજોર્ગ ગ્રહસ્થ (ઉમર ૬૦) નામે આગામલી ઓગલી Agamali-ogly) પ્રેસીડન્ટ નેમાયા છે. એવણ બોહોળા છુટા વિચારના પુરૂષ છે. પગે અડચણ હોવાથી તેવણ મારાં ભાષણોમાં આવી શક્યા હતા નહી. તેથી છેલ્લે દિવસે તેવણે મને મળવાની ખાહેશ દેખાડી અને પોતાની મોટર મોકલી. તેવણની મુલાકાતથી હું બે બાબતોમાં ખુશી થયો. એક તો આ કે મેં તેવણને આપણી અસલી ઇરાનની બાબતમાં કાંઇ વધુ ઉલટ (interest) લેતા કર્યા અને બીજું તો આ કે હાલના આ દેશના મામલા બાબે હું કાંઇ જાણી શક્યો. ઉપર જણાવેલા મિનારાવાળું મકાન, જે હું પુરાણું આતશકદેહ ધારૂં છું, તે ઉપર મેં તેવણનું ધ્યાન ખેંચ્યું અને તેને સારી હાલતમાં રાખવા અરજ કીધી. તેવણે તેમ કરવા મોટી ખુશી દેખાડી કે તેવણ તે બાબે હોકમ આપશે. આપણા કદીમ ઇરાનના સંબંધમાં શોધખોળ થતાં કાંઇ માલમ પડે તો તે પણ આપણી જાણમાં લાવવા મેં તેવણને અરજ કીધી.

રાજકારોબારનાં સંબંધમાં તેવણે હવે પ્રજાસ્તાક રાજ્ય થવાથી આઝરબએઝાનના આ મુલકની ચડતી થવાની આશા જણાવી. રશિઆના લેનીનગ્રાડ જેવાં શેહેરમાં ખુદાની હસ્તી વગેરે બાબતમાં કાંઇ ઢીલાપણું જોઇ મેં તે ઉપર ધ્યાન ખેંચી જણાવ્યું કે "અલાહ (ખુદા) ને ભુલી જવામાં નહી આવે તો સારૂં." ત્યારે તેવણ કાંઇક લાગણી સાથે અસરકારક અને ધ્યાન ખેંચે એવા શબ્દોમાં બોલ્યા કે "અમો ખુદાને ભુલી ગયા નથી અને ભુલી જઇશું નહી પણ ખુદા અમોને ભુલી ગયલો દીસે છે કે તેણે અમોને આગલાં શાહાનશાહી રાજ્યના અમલમાં પડતી હાલતમાં રાખ્યા." એવણ હવે હાલના નવા ફેરફાર તરફ એક પ્રકારના સજીવનપણાં (Renaissance) તરીકે જોતા દીસે છે. તેવણે કહ્યું કે એવણની નેમ કોઇના પણ ધાર્મિક છુટાપણાને આડે આવવાની નથી. તેવણે થોડા શબ્દોમાં જે નીચલું કહ્યું તેણે મને કાંઇક વીચાર કરતો મેલ્યો: "તમો જરથોસ્તીઓ અહીં આવો અને કહો કે તમારાં આતશકદેહ માટે અમોએ સુરખાનીવાળું આતશકદેહ ગણાતું મકાન તમોને આપવું તો તે આપવાને હું ખુશી છું. તમો કહો કે પેલો મિનારો જે તમો આતશકદેહ ધારો છો તે તમોને આતશકદેહ બરપા કરવા માટે આપવો તો તે આપવાપર વિચાર કરવા હું ખુશી છું."

અત્રે આવતા ડીસેમબર માસમાં એક કોનગ્રેસ મલનાર છે જેમાં તુર્કી અને તેનાં સંબંધની ભાષાઓ વગેરેના અભ્યાસના વધારા માટે અતરાફના વિદ્વાનોને તેડયા છે. તે માટે મને ઉપર જણાવેલી સોસાયટીના સાહેબો એ પણ કહ્યું હતું અને વળી મને છાપેલું આમંત્રણ પણ મોકલ્યું છે અને નહી બને તો એક વિષય પણ મોકલવા કહ્યું છે. આ પ્રેસીડન્ટે પણ મને આગ્રહ કર્યો કે મારે તે વખતે બચીત આવવું. મેં દાઢી ઉપર હાથ મુકી જણાવ્યું

કે હું હવે સીતેર વર્ષનો ખુદાની મહેરથી થયો છું, માટે હવે વધુ મુસાફરીની આશા રાખતો નથી. તો તેવણે પોતાની ઉમર ૬૦ વર્ષની જણાવી, પોતે સાંભળેલી કોઇક જાણ પ્રમાણે. મને કામકાજમાં જવાન જણાવી ભલી દુઆઓ આપી. અમારા વચ્ચેની આ મુલાકાત ઘણી મોહબતવંતી હતી અને મોહબતભર્યા શબ્દો સાથે અમો તેવણે હાજર કરેલા કોઇક સુંદર શીરીની અને મેવા ખાઇ અને ચાહ લઇ છુટા પડયા.

આઝરબએઝાનના આ તરફના ભાગે પેલા જાણીતા સાએર નીઝામીને જન્મ આપ્યો છે. અહીંનું પુરાણું શેહેર ગન્જા (Ganjah), જે હાલ એલીઝાબેટપોલ (Elezabetpol) ને નામે જણાયલું છે અને જે તીફલીસ અને બાકુની વચ્ચે છે, તે તેની જન્મભુમી હતી. આ કવીનાં મરણ વગેરેના સને ઉપર મેં એક વિષય પ્રગટ કર્યો છે. તે કવીએ ખુસરૂ શીરીનનાં આપણા દાસ્તાનને પોતાની સાએરીથી સુંદર બનાવ્યું છે.

આજે આઝરબએઝાન, જેનું આપણી પવિત્ર દીન સાથ જોડાયલું નામ બોલતાં જાણે આપણું મોહું મીઠાશથી ભરાઇ જાય છે, તેનો વોઉરૂકસ દર્યાના કિનારા તરફનો ઉતર બાજુનો ભાગ હું છોડું છું. મારાં હોટલનો જમવાનો ઓરડો નીચે હોવાને બદલે સામો છેક ઉપલા પાંચમા માળ ઉપર છે, ત્યાંથી સવારના હાવનગેહમાં નરમ આફતાબ સાથે અને પછી બીજી ગેહોમાં પણ વોઉરૂકસ દર્યાના દર્શન કરી તેના દેખાવમાંથી કાંઇક પ્રેરણા, કાંઇક રૂડું ચિંતન મેં ખેંચ્યું છે.

આ વોઉરૂકસ દર્યાની કર માહી બાબે બે બોલ બોલી હું આ પત્ર તમામ કરૂં છું.

આપણાં પુસ્તકોમાં "કર કર માહી. માહી" નામની એક માછલી માટે બોલવામાં આવે છે. તે માહીનું મથક અત્રેનો આ વોઉરૂકસ દર્યો યા કેસ્પીઆન સી છે. એ માહી માટે બેહેરામ યશ્ત (ક. ૨૯) માં કહે છે કે બેહેરામ યજદે પેગામ્બર જરથોસ્તને એવી દીર્ઘદ્રષ્ટી અથવા બારીક જોવાની શકતી બક્ષી કે જેવી શકતી કર માહી ધરાવે છે. (અહ્માઇ દથત વેરેથ્રઘ્નો અહુરધાતો...અઓગ્મ સુકેમ યિમ બરઇતી કરો મસ્યો). એ માહી યા માછલીનું મથક રંગહા નદી જણાવવામાં આવે છે અને કહે છે કે તેનાં પાણીમાં એક ઝીણો બાલ પણ પડયો હોય તો તે બાલ એ માછલી જોઇ શકે છે, તે એટલે સુધી કે તે બાલનું માથું કયું અને છેડો કયો તે તે જાણી શકે છે. (યો રંઘઉયાઓ......વરેસો સ્તવંઘહેમ આપો ઉર્વઅસેમ મારયેઇતે). આ માહી આ તરફ કેસ્પીઆનમાં ઘણી મળે છે અને પ્રો. જેકસન કહે છે કે તે માછલીનો નમુનો તીફલીસનાં એક સંગ્રહસ્થાન (Caucasian Museum) માં છે અને આ માછલીને હાલ સ્ટરજીઅન (sturgeon) કહે છે અને વિદ્યાશાસ્ત્રીઓ તેનું નામ એક્ષીપેનસર હુસો (Acoipenser huso) જણાવે છે.

આઝરબએઝાન–દરબન્દ,

તા૦ ૨૭ મી સપટેમ્બર ૧૯૨૫.

દરબન્દ–શાહ નોશીરવાનની કોકેસસ પહાડ અને કેસ્પીઅન સમુદ્ર વચ્ચેની દીવાલ.

"હમાજોર ફરોહરે અનોશેહરવાન
ખુસરો એ કવાદાન બાદ.
(આફ્રીને સ્પીટમાન.)

અર્થ:—કોબાદના બેટા અનોશેરવાન ખુસરોના ફરોહર સાથે હમાજોર હાજો!

ઉપલા શબ્દો હું સેંકડો વખત મારા હસ્તકની કોલાબાની દરેમેહેરમાં અને

બીજે ઠેકાણે ભણ્યો હોઇશ. નોશેરવાન આદલનાં મારાં બે દાસ્તાનો સેંકડો જરથોસ્તીઓ હજુર આજ શબ્દોથી મેં શરૂ કર્યાં હતાં. આજે ફરવરદીઆનનાં પરભનો દિવસ મેં આ દરબન્દ શેહેરમાં રાબેતાની બંદગી બાદ આ પાદશાહને ઉપલા શબ્દોમાં યાદ કરી શરૂ કર્યો. મુંબઇમાં હું હતે તો સવારનાં પોહોરમાં હું ડુંગરવાડી ઉપર ગુજરેલાંઓને યાદ કરવા ગયો હતે. આજનો આ દિવસ અહીં ડુંગરવાડી ઉપર તો નહી પણ નોશેરવાનના મુબારક નામ સાથે જોડાયલા ડુંગર ઉપર,—આપણા વોઉરૂકસ (કેસ્પીઆન) દર્યાની સામેના કુહે કાફના પર્વતની લાંબી હારના એક સેવટના ડુંગર ઉપર—આસરે બે કલાક ફરી અને પછી ત્યાંથી વોઉરૂકસ દર્યાને કિનારે જઇ તેના પવિત્ર પાણીથી હાથ મોંહું ધોઇ આવાં યજદની નીઆએશ કરી ગુજાર્યો છે. તેમ કરતાં શાહ નોશેરવાનના મુબારક નામને યાદ કરતાં આવાં અર્દેવીસુરનું નામ ધરાવનાર મારાં મરહુમ વહાલાં માતાજી આવાંબાઇને પણ યાદ કર્યાં છે, સબબ કે બચપણમાં ફુલ શાકર લઇને તેઓણ સાથે ઘણીક સવારોએ હું મારા કોલાબાનાં "આવાં યજદ" જતો હતો અને ત્યાં ખુદાને યાદ કરી અમો "આવાં યજદ"નું મુબારક પાણી કરસલીમાં ભરી લાવી અમારા ઘરમાં છાટતાં હતાં. આહ! મારે મનથી તે કોઇ શાએરીક (poetic) ખયાલોનો જમાનો હતો, જ્યારે આજનો જમાનો જાણે ગદ્યનો (prosaic) જમાનો છે.

તા૦ ૨૪ મીએ તીફલીસથી બાકુ આવી, તા૦ ૨૬ મીની રાત્રે ત્યાંથી ઉપડી આજની તા૦ ૨૭ મીની સવારે બરીબામદાદે આસરે પોણાપાંચને અમલે, બાકુની 'આઝરબએઝાન એક્ષપલોરેશન સોસાયટી"ના સેક્રેટરી (મી૦ Alexander Dalavassera)ની મેહેરબાનીભરી રેહબરી હેઠળ આ સ્ટેશને ઉતર્યો. આ નવી બરપા થયલી ભણેલી મંડળીએ મને મેહેરબાની કરી બાકુમાં પોતાની મેહેમાનદારીમાં રાખ્યો છે અને અહીં પણ હું એ મંડળીના મેહેમાન તરીકે આવ્યો છું.

આજે પાંચ માસ બાદ મેં ખોરશેદ યજદને વોઉરૂકસ દર્યાને કિનારે ઉગતો જોયો છે યુરોપ તરફ આવતાં આપણી રાહરીતીઓ બદલવી પડે છે. મુંબઇમાં હોઉં તો મારો દહાડો નીયમીત હું નીચે પ્રમાણે ગુજારૂં: સવારે આસરે પાંચ વાગે ઉઠવું, ઠંડા પાણીએ ઝારીથી નાહવું, બંદગી કરવી, થોડીક૦ વખ્ત બંદગી કરતાં દર્યા કિનારે આસરે અઢી ત્રણ મૈલ ફરી આવવું, ચાહપાણી કરી આસરે બે ત્રણ કલાક અભ્યાસપર બેસવું, જમીને ઓફીસે જવું અને આસરે સાડાસાત, આઠે ઘર આવી ખાણું ખાઇ સાડાનવ યા દસે બિછાને જવું. આવી રીતે દહાડા પસાર કરવાનું અહીં બનતું નથી. અહીં રાતનો કેટલોક ભાગ દિવસમાં અને દિવસનો કેટલોક ભાગ રાતમાં ફેરવાઇ જાય છે. સર્વે મોડેથી બિછાને જઇ મોડેથી ઉઠે છે, માટે ઉગતા સુર્યને જોવાને બનતું નથી. તેથી આજે ઘણે માસે ઉગતા સુર્યને જોઇ આનંદ થયો.

નોશીરવાનની પહાડ ઉપરની દીવાલ.

અહીં કેટલીક પુછપરછ કર્યા એક ગાઇડ મેળવી આસરે ૧૧ કલાકે અમો આ દીવાલ જોવાને ગયા. આ દીવાલ બે હારમાં શાહ નોશીરવાને પહાડ ઉપરથી દર્યા સુધી બાંધીને ત્યાંથી આવવાનો દુશ્મન તાયફાનો માર્ગ બંધ કર્યો. દર્યાની ઓટ વખતે પણ તેઓ તે તરફથી કદાચ આવે તે માટે એ દીવાલને છેક દર્યામાં લાંબે સુધી લઇ જવામાં આવી. એ દીવાલ મોટા પત્થરોની બાંધેલી છે, જેમાંના કોઇક આસરે ૩ થી ૪ ફીટ લાંબા, બે ત્રણ ફીટ પોહોળા અને બે ફીટ ઉંચા છે. એ બે દીવાલો વચ્ચેનો શેહેરનો ભાગ "બાબ અલ અબવાબ" એટલે "દરવાજાનો દરવાજો" તરીકે

જણાયલો છે. તે દીવાલ ઉપર બુરજોની કિલ્લેબંધી છે અને તેમાં પાણી ભરી રાખવાની એકથી વધુ ટાંકીઓ (આપ-દાન) બાંધેલી છે. એમાં કેટે ભોંયરાં (ઝીર ઝમીન) વાળા ભાગો પણ છે. છેક ઉપરના ભાગ ઉપરથી પછવાડેના પહાડોની હાર દેખાય છે, જ્યાં પણ લંબાયલી દીવાલના કાંઇક ખંડીએરો છે. અહીંથી પડોશમાં આપણને કાફ નામનો પહાડ દેખાડવામાં આવે છે, જે નામ આપણા કુહેકાફ ઉપરથી કોકેસસ નામ લેવાની ગવાહી આપે છે.

જો બાકુ જવાનું બને તો બની શકે તો દરબન્દ પણ જવું, એવી મેં ધારણા રાખી હતી, તે પાર પડી અને વળી તે એ બાકુની એક ભણેલી મંડળીની મેહેમાનદારી અને રેહબરી હેઠળ ખુદાની મેહેરથી પાર પડી તે માટે હું ખુશી છું. આ દરબન્દ શેહેર સાથ મારી અભ્યાસી પિછાણની શરૂઆત જાણે ૧૯૨૨ નાં સાલથી શરૂ થઇ હતી કે જ્યારે તે સાલના એપ્રીલ માસમાં ચીન ખાતે પેકીનમાં હું પેલી જગમશહુર ચીનની મોટી દીવાલ (The Great Wall of China) ઉપર ખરી બપોરે ઉભો હતો. "જંગલ જેહાંન અને બીઆબાન"માં વેરાન પહાડો અને ખીણો વચ્ચે તે દીવાલના એક ભાગ ઉપર હું જાણે એક અજાયબી જોતો ઉભો હતો. આ દીવાલ ચીનના એક ભલા પાદશાહે પોતાના દેશને "હુન" તાયફાવાળાઓના હુમલાથી બચાવવા ખાતર કરોડોના ખરચથી આસરે પંદરસો મેલની લંબાઇ સાથની બાંધી હતી. મારી ચીનની સફરનાં વર્ણનમાં હું આ બાબત ઉપર આ "જામે"માં કાંઇક બોલ્યો છું. હવે જેમ પૂર્વમાં ઉપલી દીવાલ તેમ પશ્ચિમમાં આ હુન તાયફાની એક શાખાવાળા તાયફા સામે પોતાના આઝરબએઝાનના મુલકના બચાવ કાજે શાહ નોશીરવાન અદલે આ દીવાલ દરબન્દ ખાતે બાંધી હતી અને કોકેસસની પેલી બાજુથી આવનાર તેઓના દરવાજા (દર) બંધ કર્યા (બંદ) કર્યા હતા. આ ભાગને પાછલા વખતમાં "લોખંડના દરવાજો" (Port de fer) પણ કહેતા, તે તેની મજબુતી સબબે કહેતા, કે આ દીવાલ જાણે લોખંડ સમાન મજબુત છે.

જેમ યુનાનની તવારીખમાં એરીસ્ટાઇડીસ (Astides the Just) મશહુર થયો છે તેમ ઇરાનની તવારીખમાં નોશીરવાન અદલ (Nosherwan the Just) મશહુર થયો છે. કહે છે કે એણે પોતાના મેહેલ હેઠળ એક ઘંટ ટાંગી રાખ્યો હતો કે કોઇ ઉપર કાંઇ જુલમ, જબરી યા ગેરઇનસાફ હોય તો તે વજાડે અને તેમ થવે પાદશાહ તેને તેડાવી તેનો ઇનસાફ કરે. એક વખતે પોતાના માલેકથી જખમી થયલાં ગધેડાંએ ત્યાં પોતાની દુખ પામતી પીઠ કાંઇ કરાર મેળવવા ઘસડતાં તે ઘાંટ વાગ્યો. નોશીરવાને તે સાંભળી ખબર કાઢતાં ગધેડું જખમી થયલું માલમ પડ્યું ત્યારે તેણે તેના માલેકને તેડાવી તાકીદ કીધી. એવા એવા તેના ઇનસાફ સબબે કહે છે કે પેગમબર મહમદ, જે એનાં રાજ્યમાં જન્મ પામ્યો હતો, તે મગરૂરી લઇ બોલતો કે "શુકાના ખુદાતાલાના કે હું નોશીરવાન અદલના જમાનામાં જન્મ પામ્યો છું." આ વખતે નોશીરવાનનો ઇરાની અમલ અરબસ્તાનનાં યમન (Arabia felix) વાળા ભાગ ઉપર ચાલતો હતો. પોતાની ઇરાની જરથોસ્તી કોમની નામનાની ખેરખાહીથી તેણે ત્યાંના આરબો સાથે કરાર કીધા હતા કે કદાચ કોઇ ઇરાની જરથોસ્તી કદાચ આરબ બાયડી પરણે પણ કોઇપણ આરબે ઇરાની જરથોસ્તી બાયડી સાથે પરણવું નહી.

વળી આ શાહ સાહીત્યનો મુરબ્બી હતો. રોમની શાહાનશાહતમાં ત્યાંના જાણીતા સાત વિદ્વાનોને ગેરઇનસાફ થવાથી ત્યાં રહેવું મુશકેલ પડવાથી તેણે તેઓને પોતાના દેશમાં આસરો આપ્યો હતો. પાછળથી "કલેલે વ દમને" અને "અનવારે-સોહીલી" ના નામે જણાયલી ચોપડી તેણે હીંદુસ્તાનથી મંગાવી

તેનો પેહલવીમાં તરજુમો કરાવ્યો હતો. હાલનાં 'સોશીએલીઝમ" તરફ ઢળતા જમાનામાં આપણને તેના વખતમાં થઇ ગયલા જે ઇરાની "સોશીએલીસ્ટ" મઝદકની, મેં આગળ જણાવ્યું છે તેમ, અવારનવાર યાદ આવે છે—મને તે કેટલીક વખતે રાશઆમાં આવી હતી—તે મઝદકના ફેલાતા કોઇક વિચારોને તેણે ફટકો માર્યો હતો. હાલના જમાનામાં "કોનફરન્સ" યા "કોનગ્રેસ" (Conference or Congress) જેવી વાદવીવાદની મીજલસો તે "બઝમ"ના નામે ઇરાનમાં ભરતો હતો. એવા એક નામાંકીત પાદશાહની પોતાની આઝરબએજાનની રૈયતની ખેરખાહી કાજે બાંધેલી દીવાલ ઉપર તેને યાદ કરતો ઉભો રહેવામાં મને ઘણી ખુશી ઉપજે છે.

પહાડ ઉપરની દીવાલ અને ફેલબંધીમાં ફરી ગાડીમાં દર્યાને કિનારે આવતાં જોયું કે દર્યા માહેલો દીવાલનો કેટલોક ભાગ નાશ પામ્યો છે. પણ તેના મોટા પથરો હજુર ત્યાં પડેલા છે. વળી હવે કેટલુંક થયું આ તરફથી દર્યો હઠતો જાય છે, તેથી જે ભાગ આગળ દર્યામાં ગણાતો હતો તે હવે જમીનપર દેખાય છે. આ દીવાલ આશરે પાંચ ફીટ પોહાળી છે. તે ચીનની દીવાલ સાથે સરખાવતાં ઘણી નાની છે. હાલમાં તેના એકાદ ભાગને ભાંગી તેમાંથી આગગાડીનો રસ્તો કાપ્યો છે. આ દીવાલની કાંઇક વીગત માટે A Visit to the Great Wall of China and a similar wall built by Noushirwan" એ નામના મારા વિષયનો હવાલો આપવાની રજા લઉં છું. જે દીવાલ બાબેના અભ્યાસ પાછળ કાંઇક કલાકો અને દિવસો પસાર કરેલા તે દીવાલને નજરોનજર જોવાની સરજત માટે હું ખુશી થયો છું.

આસરે બે વાગે હોટેલમાં પાછો ફરતાં મને જણાવવામાં આવ્યું કે શેહેરના હાકેમ ૪ વાગે જમવાને બોલાવ્યો છે. આ હાકેમ (Mustafa Hadji-Kasumoff) મુસલામી છે અને એવણનાં ધણીઆણી રશિઅન છે. ઘણીક રાહરીતી યુરોપીઅન ઢપે હતી. તેવણનાં માતા પણ સાથેજ રહેતાં. આપણી પૂર્વ ભણીની આગલી રીતી પ્રમાણે એવણનાં ધણીઆણી પોતેજ અવારનવાર ટેબલ ઉપરથી ઉઠી ખાણાની વાણીની રકાબીઓ વગેરે લાવતાં અને મેહેમાનોની આગતાસ્વગતા કર્યાં જતાં હતાં અને સાથે ખાણું પણ લેતાં સુખી ચંચળ કુટુંબ હતું. જમવા પછી એક કલાક ઘણીક શાની વાતચીત થઇ હતી. એવણ જાતે ઇજનેર છે. તેવણે એક નકશાથી કેસ્પીઅન સી છેલ્લાં બસો વર્ષનાં કેમ હઠયો છે તેની સમજ આપી. મધરાતે એક વાગેની ટ્રેનમાં અમો બાકુ પાછા ફર્યાં.

આઝરબએજાન—તબ્રીઝ,
તા૦ ૨ જી ઓકટોબર ૧૯૨૫.

બાકુથી આર્મીનીઆને માર્ગે તબ્રીઝ.

તા૦ ૨૮ મીએ રાત્રે ૧૦ વાગે બાકુ છોડી નજદીક લાગટ ૪ દિવસ અને રાત ટ્રેનમાં ગુજારી ટ્રેન બદલતો બદલતો હું આજે તા૦ ૨ જીએ સવારે ૯–૧૫ ને સમારે અહીં આવી પહોંચ્યો છું. હવે ટ્રેનમાં આગળ માફક સુવાના ખાસ બર્થો (berths) યા જમવાની ગાડીઓ (dining cars) હોતી નથી. હવે તમોએ સર્વ આધાર તમારી પોતાની ચીજો ઉપરજ રાખવો પડે છે. ફર્સ્ટ કલાસમાં સાધારણ બેઠકની જગ્યાએજ તમો રાતને માટે સુવા કાજે તમારી જગ્યા રીઝર્વ કરી શકો. પણ ટકીઆ ઓઢણી પાંથરણીની તમોએજ ગોઠવણ કરવી. ખાણીપીણી માટે તમોએજ ગોઠવણ કરવી. કાંઇ સુકું પાકું સાથે લેવું અથવા કોઇ મોટાં સ્ટેશનો ઉપર ગાડી વધારે વાર થોભે ત્યાં ખાણું ચાહે પાણી મળે તે લઇ શકો. એવું અત્રેનું ખાણું આપણને રૂચે નહી, માટે મેં બનતાં સુધી બીસકીટ, રોટી, માખણ,

ફેક, બાફેલાં ઇંડાં અને સાંઝીપણ ફ્રૂટ-દરામ, પીચ અને પેર-નો જથ્થો રાખ્યો હતો. એકાદ સ્ટેશન ઉપર ગરમ હાર્ડ-બોઇલ્ડ ઇંડાં વરદી આપી મેળવી શકયો હતો. વગર દુધની ચાહ એ અહીંનો લગભગ સરેરાસતો છે. નજદીક ૧૦ દિવસ થયાં દુધ ચાખ્યું નથી. બાકુથી ઉપડયો તેની આગમજની પણ બે રાત, દરબન્દ જતાં અને ત્યાં આખો દહાડો ફરી પાછા ફરતાં ટ્રેનમાંજ કાઢી છે, એટલે કુલ્લે ૬ રાત લાગટ સાધારણ બિછાના વગર કાઢી છે. મારી આખી જીંદગીમાં એમ લાગટ ૬ રાત ટ્રેનમાં કદી કાઢી નથી.

બાકુથી રાત્રે ૧૦ વાગે તા૦ ૨૮ મીએ ઉપડી તા૦ ૨૯ મીએ પાછલા પહોરે ચાર કલાકે તીફ્લીસ આવ્યો હતો. સ્ટેશન ઉપરજ ત્રણ કલાક કાઢી બીજી ટ્રેનમાં જુલફા, જ્યાં રશિઆ અને ઇરાનની સરહદ છે, ત્યાં, એક રાત અને એક દહાડો ટ્રેનમાં કાઢી બીજી રાતના ૧૧-૧૫ ના અમલે આવી પોંહતો હતો. મધરાતે ઉતરવાનું તેથી એમજ કપડાં સાથે તૈયાર બેસી રહ્યો. સર્વ દેવીઓમાં નીંદ્રાદેવી એવી એક દેવી છે કે જેને આપણે યાદ કરી આપણા ઉપર પ્રસન્ન થવા કહીએ ત્યારે નહીં પ્રસન્ન થાય અને જ્યારે નહીં કહીએ ત્યારે પ્રસન્ન થઇ આવે. તેમ તેણે કર્યું. જ્યારે ઉતરવાનો વખત થયો ત્યારે ઉંઘાઇ ગયો. જુલફા આવ્યું, સર્વ ઉતરી ગયા, ટ્રેનની લાઇટ બુજાવી નાખી, અને જતી વખતે ગાડીના રખેવાલે મારો કમપારટમેન્ટ, જેમાં હું એકલો હતો, તેનું બારણું ઠોકયું. ગભરાઇને ઉઠું છું તો સઘળું અંધારૂં. ચાંદરણી રાત હતી, તેની રોશનીના પ્રકાશમાં ઉતરી નીશાણીથી પુછયું કે "આ જુલફા કે?" હાનો જવાબ મળતાં ફ્રેંચ અને ફારસી બંને અજમાવી પોરટર વગેરેની કાંઇક મદદ માંગી તે ફોકટ. રાશઅન સીવાય બીજી ભાષા કોઇ સમજે નહીં. પણ ખુદા મારા જેવા એકલા અટુલા ગરીબ મુસાફરનો મદદગાર છે. એક જણે મારો કાંઇક ગભરાટ જોયો. વધારે ગભરાટ આ હતો કે રખેને ટ્રેન કોઇ શેડ જેવી જગ્યાએ મારા સામાન સાથે ચાલી જાય અથવા હું જેમ તેમ મારે હાથે સામાન કાઢી ઉતારવા જાઉં અને અરધો ઉતાર્યા બાદ બાકીના માટે પાછો જાઉં તેટલાં ટ્રેન ચાલી જાય અને મને મારા થોડાક સામાનથી છુટો પાડી દે. તે ધણીએ આવી હીંદુસ્તાનીમાં પુછયું કે હું હીંદુસ્તાની સમજું છું. મેં હા પાડયું. હીંદુસ્તાનથી હજારો મૈલ દુર આ કોઇ ખુદાનો લાલ મળી આવ્યો અને તેણે એક માણસને તેડી સામાન માટે મદદ આપી અને કહ્યું કે મારે બાકીની રાત એ સ્ટેશન ઉપર "મેહમાનસરાએ"માં કાઢી, ચાહપાણી કરવું અને સવારે ઇરાની સરહદના જુલફા ખાતે ટ્રેન માટે જવું. મેં તો તીફ્લીસના ઇરાની કોનસલની મુલાકાત બાદ જતા આગમજ લઇ કાંઇક હકીકત મેળવી પાક્કું કરતાં જુલફાના ઇરાની સતાવાળાઓને તાર કરી ખબર આપી હતી કે મને લેવા કોઇને મોકલે. પણ તેમ બન્યું નહીં. આ લત્તા માટે તીફ્લીસ વટીકમાં ઘણું અજ્ઞાનપણું છે. મને કહેવામાં આવ્યું હતું કે રશિઅન જુલફાના સ્ટેશનની પાસેજ ઇરાની જુલફાનું સ્ટેશન છે, તેથી હું સેહેલાઇથી ત્યાં જઇ શકીશ. પણ નહીં. આ બે વચ્ચે આસરે બે મૈલનો તફાવત છે અને માર્ગમાં વેરાન એકાંત જગ્યા છે.

"મેહમાનસરાએ" માં જઇ ચાહ પીધી અને મેહમાનસરાએનો એક ઓરડો બાકીની રાત પસાર કરવા માટે મને આપવામાં આવ્યો. આ મેહેમાનસરાએ પણ સ્ટેશનથી આસરે દસ મીનીટના માર્ગે ઉપર હતી, જ્યાં મધરાતે ઠંડા ફુંકતા પવન સામે જવું પડયું હતું. ઓરડામાં બે બાજઠ હતા તેમાંથી એક ઉપર મને ઓઢણી પાંથરણી લાવી આપવામાં આવી. પણ તેમાં કાંઇ માંકડ વગેરે હોય તેની ચિંતા લાગવાથી તે ઉપર એમ સુવા ગમ્યું નહીં, તેથી રાતને વખતે મંઝા ઉઘાડવાની

કાંઈક આનાકાની લાગના છતાં, મારી પાસની બે શાલો કાઢી એક પેલા મહેમાનીની પાંથરણી ઉપર પાંથરી અને આપેલી ઓઢણી દૂર કરી બીજી શાલ અને ઓવરકોટ ઓઢવા માટે લીધાં.

ખુદા નાગપોરની અનજુમનને સલામત રાખે. તેણે આસરે બાર વર્ષપર જ્યારે હું દારજીલીંગથી પાછો ફરતાં તે શેહર જોવા ઉતર્યો હતો અને ત્યાં બે ભાષણો આપ્યાં હતાં, ત્યારે મને બે શાલો ભેટ આપી હતી. તે શાલો આ હતી. તે વખતે તે અનજુમનની શાલ આપવાની રીત માટે મને કાંઇ અજાયબી લાગી હતી, તે એમ કે તે અનજુમને એ બંને શાલો ઉપર રેશમ ભરી લખાવ્યું હતું કે "ના. તથા કાં. અ. (એટલે નાગપોર તથા કામતીની અનજુમન) તરફની અદના ભેટ ૧૯૧૩." તેથી તે વખતે મને લાગ્યું કે એમ અનજુમનો દસ્તુર દાવરોને યા ગરીબ જીવનજી મોદીને એમ નામ લખી શાલો ભેટ આપે તો પછી ભેટ લેનારાઓના હાથો બંધાઇ જાય. તેઓ એવી સર્વ શાલોને શું કરે? નામ લખવાથી તેઓ તેવી અનેક શાલોને પોતાનાં દોસ્ત આશનાઓને તેઓને ત્યાંની શાદી વખતે તે ભેટ આપી શકે નહી અથવા તેઓ પોતાને ત્યાંની શાદીરામશની વખતે પણ સામેવાળાઓને ભેટ આપી શકે નહીં. ગમે તેમ હોવ, પણ નાગપોરની અનજુમનની જે આ ભેટ બાર વર્ષ થયાં મારે ત્યાં કોઇને ભેટ અપાવા વીના પડી રહી હતી તે કામ લાગી. આ સફર વખતે મને કહેવામાં આવ્યું હતું કે યુરોપની સફરમાં સર્વ હોટેલોમાં અને સુવાની ગાડીઓમાં ઓઢણી પાથરણી મળે છે, તોપણ ગંકમાં ઘણી જગ્યા રોકાય નહી એવા ખ્યાલથી આ બે શાલો મેં લીધી હતી. આ વખતે નાગપોરની અનજુમનને મેં ઉપકાર સાથે યાદ કીધી. આજે હજારો મૈલ દુરથી ૧૨ વર્ષ બાદ પાછી ફુઆ ગુજારૂં છું કે ખુદા તે અનજુમનને આબાદ રાખે. આ પ્રસંગે એ અનજુમનનાં તે વખતના ભલા પંથકી મરહુમ એદલજી કાવસજી કાંગા, જેવણુ મારા હાથ હેઠળ મરહુમ શેઠ જીજીભાઇ દાદાભાઇની કોલાબાની દરેમેહેરમાં એક પ્રમાણીક ભલા મોબેદ તરીકે લાયક થયા હતા, તેવણનાં અશો રૂહને યાદ કરૂં છું. ખુદા તેવણનાં રૂહને શાદમાન રાખે.

મને આપવામાં આવેલી પાંથરણી ઉપર મેં એક શાલ પાથરી કે તે ઓઢણીપાં માંકડ હશે તો તેને લાંબી મંજલ કરી મારા તન ઉપર ગલબો કરતાં વાર લાગશે. ઠીકઠાક કરી બીછાને જતાં એક વાગી ગયો હતો. અર્ધા કલાકમાં ચટકો લાગવાથી ઉઠીને જોઉં છું તો એક માંકડ તકીઆ ઉપર ચાલતો હતો. મેં આ રાત્રે ઘણુંક વર્ષે એક માંકડ માર્યો. માંકડનું કરડવું તો સમજ્યા. તે તો જ્યાં કરડે ત્યાં ઉઠીને તમો જોઇ જાણી શકો અને ખોલીને તેને મારી શકો. પણ વગર કરડતા ચાંચડ વધારે અશાંત કરે છે. તેમ બન્યું અને વળી ચિંતા લાગવા લાગી કે રખેને તેઓ મારા શાલ યા કપડાંમાં ભરાઇ હવે પછી પણ બુમ પડાવતા રહે. છેડાયલી ઉંઘે છેક પાછલી રાતના ચાર વાગતે મને બે કલાકની કાંઇક શાંતી આપી.

હવે પછીના મુસાફરો આવી કોઇ મેહેમાનસરાએની અગવડસગવડ માટે તૈયાર રહે એટલા કાજે તેઓની જાણ માટે આ બે બોલ લખું છું.

ઉપલી રાત્રે હું રશિઅન આઝરબએજાનની જરથોસ્તી ભુમી ઉપર સુતો હતો. આજે હું ઇરાની આઝરબએઝાનની ભુમી ઉપરથી, તેની રાજધાની ગણાતાં તબ્રીઝ શેહેરમાંથી આ લખું છું, ત્યારે એ ભુમીનાં "ખરફસ્તરો" માટે વંદીદાદમાં જે લખ્યું છે તેને યાદ કરૂં છું. આ તબ્રીઝમાં કંટાળો દેતી, ખાતાં પીતાં, બેસતાં ઉઠતાં કંટાળો દેતી માખો જાણે વંદીદાદનો કાંઇ પાઠ શીખવે છે કે તેમાં આવાં અને એનાં જેવાં બીજાં ખરફસ્તરોને મારવાનું કામ શા સબબે પુન્યવંતું ગણાયું છે. વંદીદાદમાં માખ

મારફતે ફેલાતી દેવસમાન બીમારી માટે લખ્યું છે તેની જાણ ગવાહી રશિઅન આઝરબએઝાનના ચાંચડ માંકડથી અને આ ઇરાની આઝરબએઝાનની માખોથી મળે છે.

રશિઅન જુલફાના સ્ટેશન ઉપર સવારના ૧૧ વાગ્યા સુધી રશિઅન સરહદ છોડતી વખતે પણ પાસપોર્ટ બાબે બાહાલી અને નોંધ મેળવવી જોઇએ તેની કંટાળા ભરેલી જેહેમત પડી હતી અને તડકામાં અહીંતહીં કાંઇક ઢંકેલા ખાવા પડયા હતા અને આસરે બે કલાક ગયા હતા. આ કાંઇ ગાડીઘોડા મળે એવું શેહેર નથી પણ દેશની સરહદનું એક ગામ છે. ૧૧ વાગે કેહેણ આવ્યું કે પાસપોર્ટ, જે રશિઅન ઓફીસમાં આપી હતી, તે લેવાને મને પોતાને તેડે છે. બાકુમાં મારી છત્રી રહી ગઇ હતી. તેથી ખરી બપોરે તડકામાં આસરે પોણા મૈલ પાછું જતાં ખુદા યાદ આવ્યો હતો. ખુદાને યાદ કરતો માથા ઉપર રૂમાલ નાખી ગયો અને ખુદાની યાદ બર આવી અને મારી રંજ અને ચીંતાનો અંત આવ્યો. રશિઅન અમલદાર નહીં ફારસી કે ફ્રેંચ સમજતો હતો. પણ તે કાંઇ થોડુંઘણું કહેતો હતો તે ઉપરથી અને થોડા વખતમાં ઇરાનની સરહદ ઉપરના જુલફાનાં સ્ટેશન તરફથી એક ફારસી બોલનાર ધણી આવ્યો હતો તેના કહેવા ઉપરથી હવે સારી ખાતરદારી થાય એવો મામલો થયો હતો. હું કોણ છું તેની નાના કામદારોને કાંઇ ખબર હતી નહી. એક હાથ ઉપર રશિઆ તરફથી બાકુ ખાતેથી, અને બીજા હાથ ઉપર ઇરાન તરફથી તબ્રીઝ ખાતેથી મારે માટે ટેલીગ્રામો આવ્યા હતા કે મને સર્વ સગવડ આપવામાં આવે. રશિઅન અમલદારે મને જોઇ નીશાણીથી જણાવ્યું કે તે મારે માટે ઇરાનની સરહદ ઉપર જવા કાજે ઓટોમોબીલ મેળવશે. આસરે એક કલાક ખોટી થયો અને તે પોતાના બીજા વડા અમલદાર સાથે મોટર, જે ધારવા પ્રમાણે તેણે તાર કરી ઇરાનની સરહદપરથી બોલાવી હતી. તે લઇને આવ્યો. પછી તેઓ મેહેરબાની કરી પોતે મને મેલવા આવ્યા. તા૦ ૧ લીએ બપોરે આસરે ૧૨ વાગા પછી જાણે પારકા દેશમાં ભાષા, પાસપોર્ટ, ખાણી-પીણી, ઉંઘણી ઉઠણીની કાંઇક ચિંતાઓ, કાંઇ નહી તો ખુદા જાણે થોડા વખત માટે પણ, દુર થઇ.

હું બાકુ ગયો ત્યારનો ઇરાનમાં, ઇરાનના આઝરબએઝાનમાં તો આવ્યો હતો. પણ હાલની રાજદ્વારી ભુગોળ (Political Geography) પ્રમાણે તો હું જાણે રશિઆની હદમાં હતો. તા૦ ૧ લી અકટોબરે રોજ દેપદીન માહ ફરવરદીનને દીને બપોર પછી સવાને અમલે મેં ઇરાનના આઝરબએઝાનમાં મારા ઇરાની પુર્વજોનાં વહાલાં વતનમાં પગ ભણી અને "અરોદવમ સુરાંમ અનાહિતાંમ અષવનેમ અશહે રતુમ યજમઇદે" એ શબ્દો મનમાં ભણી મારાં કમીનાં કદમ મેલ્યાં. તે એક હરખભરી ભાગ્ય-શાળી ઘડી હતી. એ ઘડીએ પાક અરોદવસુરને યાદ કરવાનો સબબ આ કે અહીં એરેસ (Aras), આગલા વખતની એરેક્ષીસ (Araxes), નદી હાલના રશિઆની અને ઇરાનની સરહદ ગણાય છે. એ નદીના આ કિનારે રશિઆની હદ તમામ થાય છે. પેલે કિનારે ઇરાનની સરહદ શરૂ થાય છે. આ નદીને મેં બે રાતપર ટ્રેનમાંથી જોઇ હતી. આજે મેં તેને ઉપર પ્રમાણે ઓળંગી. થોડા વખતમાં અમો ઇરાનના સરહદની ઓફીસમાં જઇ ઉભા. પેલા રશિઅન અમલદારોએ મને મેહેમાન તરીકે ઇરાની પાસપોર્ટ ખાતાનાં અમલ-દારને સોંપ્યો. પછી અમો ઇરાનની હદના જુલફાના સ્ટેશનપર ગયા. જ્યાં મારી આઝરબએઝાન તરફની મેહેમાનદારી શરૂ થઇ. તબ્રીઝથી મારે માટે તાર આવ્યા હતા કે મને સર્વ સગવડ આપવામાં આવે. ચાહપાણી કરી અમો સ્ટેશનપર ગયા અને હું ઇરાનની રેલવેની એક ગાડીમાં ગોઠવાયો.

આર્મીનીઆનો મુલક. બાકુથી અહીં આવતાં ટ્રેનમાં મેં કેટલીક તવારીખની મશહુર જગ્યાઓ પસાર કરી. હું જીઓર્જીઆ, જેની રાજધાની તીફલીસ ગણાય છે, તે મુલક અને આર્મીનીઆના મુલકમાંથી પસાર થયો. "નવજીવન" જે આર્મીનીઆનું એક જાણીતું શેહેર છે ત્યાંથી ટ્રેન પસાર થઇ. એરીવાન (Erivan) હાલમાં આર્મીનીઆની રાજધાની છે ત્યાં ટ્રેન દોઢ કલાક ઉભી રહી ત્યાં ફરતાં આ દેશની કાંઇક આગલીપાછલી હકીકતો યાદ આવી. તેમાં અહીંના પાર્થીઅન વખતના એક પાદશાહ તીરદાદ (રોમન તીરીદાતીસ) અને રોમના પાદશાહ નીરો (Nero) ની હકીકત યાદ આવી. આ તીરદાદ પાદશાહ મોબેદ ઓલાદનો હતો એમ દીસે છે. એના વખતમાં એનો આર્મીનીઅન મુલક રોમન શાહાનશાહતની કાંઇક આંહેધરી હેઠળ હતો. નીરોએ તેને રોમ ખાતે દર્યા મારફતે તેડયો કે ત્યાં તે પોતે તેના માથા ઉપર તાજ મેલી તેને આર્મીનીઆનો રાજા મુકરર કરે. તે તેડાંના જવાબમાં પાદશાહ તીરદાદે લખ્યું કે તેના ધાર્મીક રેવાજ પ્રમાણે તે દર્યા મારફતે જઇ ન શકે, તેથી કોઇ અવતારે, જરૂર ધારવામાં આવે તો ખુશકીને માર્ગે જશે. સેવટે એવું ઠર્યું કે નીરોનું રોમન તાજોતખ્ત એક બેઠક ઉપર મેલવામાં આવે અને ત્યાં આર્મીનીઆનું તાજ મેલવામાં આવે. તીરદાદ ત્યાં જઇ નીરોના તાજોતખ્તને નમીને પોતાને હાથે આર્મીનીઆનું તાજ પોતાને માથે મેલે.

આ હકીકત દેખાડે છે કે મોબેદોએ દર્યા ઓળંગવો નહીં એવો રેવાજ, જે આપણામાં થોડુંક સુધી હતો, તે કાંઇ આજકાલનો હીંદુસ્તાનનો નહીં, પણ પુરાણો ઇરાની રેવાજ હતો. હીંદુસ્તાને તો તેમાં સામી કોઇ છુટ મુકી હતી કે દરમેહેર માંહેલું યોજદાથ્રગીરીનું કામ કરનારા મોબેદોનેજ તે રેવાજ લાગુ પડે. પણ એવું દીસે છે કે ઇરાનમાં તો મોબેદ વર્ગના સર્વ—અને એવા કોઇ રાજાઓ પણ તીરદાદ માફક મોબેદ વર્ગના હતા તેઓ પણ—એ રેવાજ પાળતા.

વખત પોતે સુધારાવાળો છે (Time is the greatest innovator), એ કેહેતીનું વાજબીપણું આપણે આ રેવાજના સંબંધમાં થોડુંક ઉપર બનેલા બનાવ ઉપરથી જોઇએ છિએ. નૌસારી જેવાં મોબેદોનાં પુરાણા ગણાતાં અને જુના વિચારનાં ગણાતાં મથકે ત્રણ ચાર વર્ષ થયાં પોતે રાજીખુશીથી અનજુમન મેળવીને ઠરાવ કરી આ હજાર વર્ષ ઉપરનો પુરાણો રેવાજ, સ્થળ, કાળ અને સ્થીતીને અનુસરીને દુર કર્યો છે અને હવે કોઇ પણ મોબેદ દર્યો ઓળંગી પોતાનું રાબેતાનું બરશનુમ લઇ યોજદાથ્રગીરીનું કામ કરી શકે છે.

માર્ગમાં મલતો માઉન્ટ એરારટ (Arrarat). બાકુથી તબ્રીઝ તરફના માર્ગનાં મેં કલાકોના કલાક સુધી ટ્રેનમાંથી પેલા જાણીતા પહાડ "એરેરટ"ના દર્શન કર્યાં. "નાનો એરેરટ" અને "મોટો એરેરટ" એવા બંને પહાડો થોડા ઘણા બરફથી ઢંકાયલા મેં તા૦ ૩૦ મી સપટેમ્બરે લાંબો વખત જોયા કીધા. આ પહાડની ટોચ ઉપર પેલું નોહાનું વહાણ (Noah's arc) નોહાની રેલ (Noah's flood) તરીકે જણાયલા બનાવ દરમ્યાન અટક્યું હતું. નોહાને પોતાનાં વહાણમાં ચુનંદાં પ્રાણીઓનાં જોડકાં લેવાનું ફરમાન મળ્યું હતું, તેમ જમશેદને પણ એવાજ નહીં, પણ બીજા નજદીક એવા બનાવ માટે મળેલાં વંદીદાદમાં જણાવવા પ્રમાણેના ફરમાનની યાદ, આઝરબએઝાન તરફ જતાં આ વખતે માઉન્ટ એરેરટને જોઇને આવી. કોઇક લખનારાઓ જમશેદના "અઇર્યન વએજ" ને આ એરેરટના આર્મીનીઅન મુલકની પડોશના આ આઝરબએઝાનનાં મુલકમાં મેલે છે. નોહાના આ આર્કનો ભેદ શું છે, તે ઉપર સંખ્યાબંધ

લખાણો થવા છતાં તે ભેદ ખુલ્લો થયો નથી. કોઇ લખનારાઓ આ મુલકની આગલા પ્રાકૃતીક ભુગોળ (Physical Geography) ધ્યાનમાં લેઇ એવો બનાવ આ મુલકમાં બની શકે અને કોઇ મોટી રેલનાં પાણી અહીં ઘેરાઇ ઉંચે એરેરટની ટોંચ સુધી ચઢી શકે એમ જણાવે છે. આગલા વખતમાં પ્રાકૃતીક ભુગોળ પ્રમાણે આ મુલક કેવો હતો, તે કોણ જાણે, પણ ઉપલે દિવસે મુસાફ્રી કરતાં આજુબાજુનો મુલક જોતાં આ તરફ એવી રેલનો બનાવ બની શકે તે હું જોઇ શકયો હતો નહીં.

નોહાની માતાની કબરવાળું ગામ.

આ સફરમાં હું તા૦ ૧ લી અક્ટોબરે રાત્રે એક વાગે મરન્ડ નામનાં ગામનાં સ્ટેશન ઉપર આવી પોહોંચ્યો. ત્યાં ત્રણ કલાક ટ્રેન ઉભી રહે છે. જુલફાથી તબ્રીઝ જવી ટ્રેનનો કારોબાર એવોજ ઠંડો છે, સમજ કે ત્યાં લોકોની આવજાવ અને વેપાર થોડો છે. દરરોજ ટ્રેન પણ જતી નથી. અઠવાડયામાં ફકત બે વાર ટ્રેન જાય છે. તેમાં મુખ્ય સામાનનાં ગાડાં અને મુસાફરો માટે એકાદ ગાડી હોય છે. ટ્રેનનું ટાઇમ ટેબલ જેવું કોઇ ચોક્કસ કામ નથી. મને કહવામાં આવ્યું હતું કે ટ્રેન તબ્રીઝ ખાતે રાત્રે એક વાગે પુગશે અને તેથી ગમે તો મારે બેલાશક ટ્રેનમાંજ સુઇ રહી સવારે પાંચ છ વાગે તબ્રીઝ શેહેર જવું. તેમ મેં કર્યું અને સવારે બીદાર થતાં ધાર્યું કે ટ્રેન ઉભી હશે પણ નહીં ટ્રેન તો હજુર ચાલતી હતી અને સવારે છેક નવ વાગે તબ્રીઝ પહોંચી. આ મરન્ડ ગામમાં નોહાની માતાની કબર એક મસજીદમાં કહેવાય છે. એ ગામના નામનો અર્થ પણ એ હકીકત દેખાડે છે. કહે છે કે તેનો અર્થ આર્મીનીઅન ભાષા પ્રમાણે ("માઇર" એટલે "માતા" અને "અન્ડ" એટલે "ત્યાં છે") "માતા ત્યાં છે" એમ થાય છે.

આ ગામનાં એક ગ્રહસ્થને ખબર પડવાથી તેવણ મને જુલફા સુધી ઇસ્તેકબાલ લેવા આવ્યા હતા. વળી માર્ગમાં મને અહીંના સ્ટેશન માસ્તર તરફથી ટેલીગ્રામથી ઇજન મળ્યું કે મારે અહીં ટ્રેન ત્રણ કલાક ઉભી રહે તે દરમ્યાન જમવું. તેમ હું જમવા ઉતર્યો હતો. ઇરાન સરજમીન ઉપર ઇરાની ઢપનું ખાણું આ રાત્રે પેહેલીવાર મેં ખાધું હતું. તે ખાણું સુંદર દરાખ અને બીજા તાજા મેવા સાથે શરૂ થઇ, કાફી સાથે ખલાસ થયું હતું.

આઝરબએઝાન—તબ્રીઝ,

તા૦ ૫ મી અક્ટોબર ૧૯૨૫.

તબ્રીઝ—ઈરાની આઝરબએઝાનની રાજધાની.

હું તબ્રીઝ તા૦ ૨ જી અક્ટોબરે આવ્યો. મેં રશિઆથી તેહેરાન અરબાબ કેખશરૂ શાહરૂખ ઉપર એક પત્ર લખી તેવણને અરજ કરી હતી કે મેહેરબાની કરી પોતાના કોઇ મિત્ર ઉપર અત્રે લખે કે મને આ શેહેરની મુલાકાત દરમ્યાન રેહનુમાઇ કરી મદદ કરે. આ અરબાબ સાથે મારી કાંઇક સાહીત્યની પિછાણ છે. તે આ કે તેવણે પોતાના ઇરાની હમદીનોની રેહનુમાઇ માટે ફારસીમાં એક પુસ્તક પ્રગટ કર્યું છે, તેમાં જરથોસ્તી દીન બાબે બીજા કોઇ લખનારાઓ સાથે મારી "ધી રીલીજીઅસ સીસ્ટમ ઓફ ધી પારસીઝ" નામની નાની ચોપડીનો તરજુમા રૂપે સાર આપ્યો છે. એવણ ઉપર લખતાં એવણે મેહેરબાની કરી અત્રેની સરકારી હકુમત ઉપર તાર કર્યો. તે સબબે મારી અત્રે સારી મદારત થઇ છે, જે માટે એવણનો હું ઘણો આભારી થયો છું. એવણ પોતાની હુશીઆરી અને ભલમનસાઇથી, ઇરાનની સલતનતમાં જે લાગવગ ધરાવે છે તે જાણી ખુશી ઉપજે છે. તેવણ તેહેરાનની

પારલામેન્ટમાં પારસીઓના પ્રતીનીધી તરીકે એક મેમબર છે. એવનની મેહેરબાનીથી જુલફા ખાતે ઇરાનની સરહદમાં દાખલ થતાંજ મદદ અને મેહેરબાની મળવા પામી છે.

હું તબ્રીઝનાં સ્ટેશન ઉપર આવી પોહોંચતાં ત્યાં આ શેહેરના એક વડા અમલદાર, યાવર અબ્દુલ હુસીનખાન તબાતબાઇ, જેવણનો ઓહદો "રઇસે બલદીએ એ તબ્રીઝ" એટલે "તબ્રીઝની મ્યુનીસીપાલીટીના વડા" તરીકેનો છે, તેવણ લેવાને આવ્યા હતા. રેલવે લાઇનથી સ્ટેશનનું મકાન જરા ઉંચાણમાં છે, ત્યાં મેહેરબાની કરી એક બીજા વડા અમલદાર મીરઝાં અહમદખાન મુશાયખી, જેવણનો ઓહદો "કફીલે અયાલતે આઝરબએઝાન" એટલે "આઝરબએઝાનની સલતનતના હાકેમ" થાય છે, તેવણ આવ્યા હતા અને ચાહપાણી વાગેરેની મેહરબાની કરી હતી. તેવણ સાથે કાંઇક ગોફતેગુ કરી ચાહપાણી કરૂં તેટલાં આઝરબએઝાનના આખા મુલકની નીઝામી અને લશ્કરી સલતનતના વડા સરતીપ (એટલે સરદાર) મહમદ હુસેનખાન ઓયરમ, જેવણનો ઓહદો "ફર્માનદેહ કવાઇએ આઝરબએઝાન" એટલે "આઝરબએઝાનના લશ્કરના ફર્માન આપનાર યા સરદાર" નો છે, તેવણ મેહેરબાની કરી આવકાર આપવા આવ્યા હતા. એ સર્વ ભલા અમલદાર સાહેબોનો તેઓની મેહેરબાની માટે અને મદદ માટે હું આભારી છું. એઓમાં પેહલા અમલદારે મને મેહેરબાની કરી પોતાની મેહેમાનીમાં લઇ પોતાના આલીશાન મકાનમાં રાખ્યો છે અને ઘેર માફકની ખાતરદારી કરે છે.

અત્રે "વાયરલેસ ટેલીગ્રાફી"નાં યંત્રનું મુહુરત.

અત્રે આવતાં સ્ટેશન ઉપર ઉપલા હુકમતના વડા ફર્માનદેહે મને એક ફારસીમાં છાપેલું ઇજન આપ્યું અને મોંહેથી પણ કહ્યું કે બપોર પછી અઢી કલાકને અમલે અને "વાયરલેસ ટેલીગ્રાફી"ની શરૂઆતનું મુહુરતનું જશન છે, ત્યાં મારે પધારવું. તેમ હું મારા મેહેમાન સાથે ગયો હતો. આ ઇજનના કાર્ડમાં બે બાબતોએ મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું. એક આ કે ઇરાનની સલતનતે હવે આપણા અસલી ઇરાની જરથોસ્તી નામો અખત્યાર કર્યાં છે. એ તેડાંના કાર્ડમાં ચાલુ માસને "મેહેર" મહીનો તરીકે જણાવ્યો છે. એઓ આગલી આપણી સલતનત પ્રમાણે તા૦ ૨૧ મી માર્ચના "જમશેદી નવરોઝ"થી પોતાનું વર્ષ શરૂ કરી તે દિવસથી ફરવરદીન, અર્દીબેહેશ્ત વીગેરે આપણા મહીનાઓનાં નામ વાપરે છે. બીજું જે બાબતે મારૂં ધ્યાન ખેંચ્યું તે આ કે એવા ખુશીના અવસર માટે તેઓ આપનો જરથોસ્તી શબ્દ "જશન" જે આપણા "ઇજશન" શબ્દનું રૂપ છે, તે વાપરે છે.

એઓએ "વાયરલેસ" માટે ફારસી શબ્દ "બી સીમ" એટલે "તાર વગરનો" એવો શબ્દ વાપરવા માંડયો છે. હું ત્યાં ગયો ત્યારે એ મોટા શામીઆનામાં પાંચસોથી વધુ આદમીઓની મોટી મીજલસ ભેગી થઇ હતી અને બાહેર આજુબાજુ આસરે બે હજાર આદમી ભેગું મળ્યું હશે. બે બેન્ડો અવારનવાર પોતાનાં વાજીંત્રના શરોદોથી મેહેમાનોને રીઝવતું હતું. મુલકે મુલકના કોનસલો હાજર હતા. લશ્કર સફ સમારી ઉભું હતું. વડા સરદાર સાહેબે મને પોતા પાસે મેહેરબાની કરી જગ્યા આપી અને કેટલાક કોનસલો સાથે પિછાણ કરાવી. હું આપણા સાધારણ પોષાકમાં હાજર થયો હતો. એક અમલદારે ઉપલા વડા સરદાર સાહેબ મહમદ હુસેનખાન ઓયરમને કેટલાક હકીકત જણાવી, આજના અવસરના કામને ઉઘાડવા અરજ કીધી. સરદાર સાહેબે "વાયરલેસ" ના પોસ્ટ આગળ જઇ સુંદર ફારસીમાં એક ભાષણ કર્યું. તે પછી રશિઆન કોનસલે ભાષણ કર્યું અને આ આવ-

સરના કામ માટે ખુશી જાહેર કરી. એ પછી મેં પણ ફારસીમાં એક ભાષણ કરી આ ઇરાન દેશના આગલા પૂર્વજોના એક કમીના વારેસ તરીકે આજના અવસર માટે ખુશાલી દેખાડીને મુબારકબાદી આપી અને મને પોતાને ભાગ્યશાળી જણાવ્યા કે ઇરાની આઝરબએઝાન પાયતખ્તમાં આવતાંને દિવસેજ મને દેશના વધારાના ગણાતાં એક કામમાં સામેલ થવાની તક મળી. તે પછી ઇરાન દેશની અને આઝરબએઝાનની બેહેતરી માટે દુઆના થોડાક શબ્દો કહ્યા. ત્યાર પછી ત્યાં જોડેલી બે સુંદર રંગીત દોરીઓ આ કામને આરંભવાની નીશાણી તરીકે કાપવામાં આવી. તે દોરડીના ટુકડાઓ એક યાદદાસ્ત (souvenir) તરીકે મેહેમાનોને આપવામાં આવ્યા. ત્યારપછી વાયરલેસનો પોસ્ટ ધીમે ધીમે ઉભો કરવામાં આવ્યો. પછી સરદારે આ ટેલીગ્રાફીનાં કામ માટેના એક મકાનનો પાયો નાખ્યો. પછી સર્વ શામીઆનામા પાછા આવ્યા અને બીજાં કાંઇક ભાષણો ફ્રાંસ અને તર્કીના કોનસલો અને બીજાઓ તરફથી થયાં અને તેહેરાન ખાતે ખુશીનો એક ટેલીગ્રામ કરવામાં આવ્યો.

તબ્રીઝ શેહેરની કોઇક જગ્યાઓની મુલાકાત.

પછીના દિવસોએ શેહેરની નીચલી કોઇક જોવા અને જાણવાલાયક જગ્યાઓ જોઇ.

૧) પુરાણી મસજીદે કબુદ એટલે "બ્લુ રંગવાળી મસજીદ"નું ખંડીએર.

૨) બે "કારવાનસરાએ." કહે છે કે આખા શેહેરમાં એવી છસો કારવાનસરાએઓ છે. આજે ઇરાનની એક કારવાનસરાએ પહેલવહેલી જોઇ અને કારવાન એટલે વંજાર સાથે કુચ કરવાની રાહરીતીનો કાંઇક ખ્યાલ મળવ્યો. એવી કારવાનસરાએમાં કાંઇક ગંધકી કેમ હોય છે તે જોયું.

૩) અત્રેનાં બજારો જેમાં ઘણી દુકાનો "આર્કેડ" માફક ઢંકાયલા ગુંબજો જેવાં મકાનોમાં હારબંધ છે.

૪) એક ગરીબ (પરીશાન) ઇરાનીનું ઘર.

૫) એક મએ–ખાને એટલે શરાબ વેચવાનું પીઠું. એવાં "મએ–ખાને"ને જાણીતા સાએર હાફેઝે પોતાની દીવાને હાફેઝમાં વારેઘડીએ યાદ કર્યાં છે. તેના વખતમાં એ "મએખાનામાં" જરથોસ્તીઓ શરાબ વેચતા, જેઓને માટે તે "પીરે મોગાન" એટલે "મોગ અથવા માજી લોકોના ઘરડા આદમીઓ" તરીકે બોલે છે. હવે તે વખત ગયો છે અને હાલમાં આખાં આઝરબએઝાનમાં કોઇ પાંચ સાત જુજ જરથોસ્તીઓ હશે. ઉતર તરફનાં રશિઅન આઝરબએઝાનમાં આસરે પાંચ જણ છે. તેઓમાંથી ચાર ભાઇઓ મેહેરબાની કરી મને ત્યાં મળવા આવ્યા હતા. અહીં તબ્રીઝમાં તો એક પણ જરથોસ્તી નથી.

૬) બજાર.—આ શેહેરનું મોટું બજાર જાણે તબ્રીઝનું સંગ્રહસ્થાન છે. તે "આર્કેડ" (arcade) માફક ઉપરથી બંધ કીધેલું છે. પણ હવાઉજાશ માટે જોગવાઇ રાખી છે. અહીં શેહેરની હમાચીજ એકજ જગ્યાએ મલે છે. આડાઅવળા મોહોલ્લાઓ સમાન ભાગોનું તે ઘણું મોટું બજાર છે, જેમાં અત્રેના દરાખ, પીચ, સપરચંદ, અમરૂદ યા ગોલાખી આલુ વીગેરે ફ્રૂટ આપણું ખાસ ધ્યાન ખેંચે છે. દરાખ આ તરફ એટલી બધી આવે છે કે મેં આઝરબએઝાનમાં કેટલેક ઠેકાણે જોયું કે કોઇક ગરીબો નાન સાથે દરાખ ખાઇ પોતાનું ભોજન બનાવે છે. ખરબુજે (ખરબુચાં) તો જાણે સામાન્ય મેવો છે. દિવસો થયાં મેં પાણી કે "મીનરલ વોટર"નો એક ગોટ પીધો નથી. અવારનવાર ચાહે અને ઉપલાં રસીલાં મીઠાં ખરબુચાં અને દરાખ એ સર્વ પાણીની તરસ મટાડે છે.

આ તરફ કાંઈક આગલી ઈરાની યાદ.

આ આઝરબએજાનના મુલકમાં આવતાં તમો આગલા આતશની સેતાયશ કરનારાઓ માટે યાને જરથુસ્તીઓ માટે અને તેઓના પાદશાહો માટે અવારનવાર કાંઈક સાંભળો છો એટલુંજ નહીં, પણ કોઈ વપરાશની ચીજો ઉપર પણ તમો તેઓ બાબે કાંઈ નક્ષ યા કાંઈ લખાણ જુઓ છો. જુલફાથી આવતાં મરન્દમાં તેના સ્ટેશન માસ્તરને ત્યાં જમતાં જ્યારે ખાણું આવવા આગમજ અહીંના કોઈક રેવાજ પ્રમાણે પહેલે તાજે મેવો રજુ કર્યો ત્યારે તેની ખુમચી (tray) ઉપર એક આતશકદેહનું ચિત્ર જોયું, જેમાં સામટાં ચાર આફ્રીનગાન્યામાં આતશને બળતો દેખાડેલો હતો. આજુબાજુ ઉંચા સર્વના ઝાડો દેખાડયાં હતાં. આ જોઈ મને પાછો કાંઈક અફસોસ લાગો કે નોસારીવાળા સાહેબોએ પોતાના પુરાણા પાવત્ર આતશને ઈરાનના આતશબેહેરામોની માફક શા કાજે જરા શેહેર બહાર સુંદર ઝાડો હોય તે વચ્ચે સ્થાપવાની હાલની તક ગુમાવી હશે? વળી આ ચિત્રમાં પડોશમાં એક મિનારો અને તે ઉપરથી દેખાતાં પાણી, પહાડ, ઉડતાં પક્ષીઓ વગેરે દેખાડયાં છે. આ ચિત્રે ત્યારે ટેક્ષીલામાં શોધી કઢાયલાં ખંડીએર માફકના આતશકદેહની અને નોસારીમાં તેના જળવાયલા રેવાજની યાદ આપી.

વળી અહીં એક સાધારણ ચીતનો અહીં બનાવેલો ગજવામાં રાખવાનો દેશી બાક્ષ જોયો, તો તે ઉપર શીલાલેખે શાહનામાની રાણી આઝરદુખ્ત, જેણી પુરાન દોખ્ત રાણીની બેહેન થતી હતી, તેણીના દાસ્તાનના ફીરદોશીએ તેણીના મોંમાં મેલેલા શબ્દોની નીચલી સતરો મેં વાંચી, જેમાં ઈનસાફ અને કાયદાકાનુન જાળવવા તેણીએ પોતાના દરબારીઓને કહ્યું છે.

“ન ખુસ્તીન ચુનીન ગોફ્ત કે આએ બે ખરદાન
જેહાન દીદહે વ કાર કરદેહ રવાંન
હમે કાર બર દાદ આઈન કુનીદ
કઝીન પસ હમે બેસ્ત બાલીન કુનીદ.”

અત્રે કદીમ ઈરાન તરફ ફરતી મોહોબત.

અત્રેનાં કેળવણી ખાતાંના વડા આગા મોહમેદ અલીખાન તરબીઅત નામના છે, જેવણનો ઓહદો “રઈસે મઆરેફ” એટલે “કેળવણીના વડા” તરીકે ઓળખાય છે. તેવણ અત્રે અસાધારણ ભણેલા પુરૂષ છે અને યુરોપમાં રહી આવ્યા છે. આપણા ધર્મ બાબે કાંઈક ખાસ માહીતી ધરાવે છે અને તે બાબતનાં અને તવારીખનાં કોઈક યુરોપીઅન ભાષાઓનાં પુસ્તકો પણ ધરાવે છે. તેવણ, જોકે પોતાનું નામ ઈસલામી છે, તોપણ પોતાનાં ફરજંદોને નીચલાં અસલી ઈરાની નામો આપ્યાં છે. બહમન, અરદેશીર, ફીરૂઝ, ફીરંગીઝ, આઈરાન. કહે છે કે હાલમાં કેટલાકો એવાં નામો પસંદ કરે છે અને કદીમ રેવાજો અને રીતીઓ તરફ કાંઈક ફરવા (regeneration) ની વલણ દેખાડે છે.

(ક) તેનો એક દાખલો ઉપલો છે કે હવે કેટલાકો પુરાણા કદીમ નામો બચ્ચાંઓને આપવાની વધુ વલણ ધરાવે છે.

(ખ) વળી આગળ કહ્યું તેમ હવે આગલા ઈરાની મહીનાઓનાં નામો ફરવરદીન, અર્દીબેહેસ્ત વગેરે એમ વપરાય છે.

(ગ) આ આઝરબએજાનનો મુલક પુરાણો ઈરાની મુલક છે તોપણ અજબ જેવું છે કે સર્વે હાલમાં ફારસી બોલતા નથી, સબબ કે ચંગીઝખાન અને તેના વારેસોએ અત્રે આસરે બસો વર્ષ અમલ કરીને જોર મારી પોતાની મોંગલ ભાષા, જે એક જાતની તુર્કી ભાષા છે અને જે હાલમાં કોનસ્ટાન્ટીનોપલ ખાતે બોલાતી તુર્કીથી કાંઈક જુદી છે અને “આઝરબએજાની”

ગણાતી ભાષા છે, તે દાખલ કીધી હતી, તે હજુર ચાલુ છે. તે ભાષા હવે દુર કરી પાછી આગલ માફક ફારસી ભાષા બોલાતી કરવાની લાગણી માલમ પડે છે. તેમજ અરબી ભાષાનું તત્વ ઓછું કરવા ચાહે છે. ચંગીઝખાનના હુમલાએ જબાન ઉપર કરેલી અસર બાબે અત્રેના એક લખનારના શબ્દો નીચલા છે.

"ચે સાન ન સુઝમ વ આતશ પ
ખુશ્કો તર ન ઝનમ
કે દર કલમ રઓએ ઝરદુસ્ત
હરફે ચંગીઝ અસ્ત."

અર્થ—જરથોસ્તના મુલકમાં ચંગીઝ (ખાન)ની ભાષા બોલાય છે તો હું શા કાજે (માગ જીગરને) નહી બાળું ને બીલી સુકી ઉપર આતશને નહીં મેલું એટલે જરથોસ્તના મુલકમાં અસલી ફારસીને બદલે ચંગીઝખાનની તુર્કી બોલાય છે તેથી મારૂં જીગર બળે છે.

એક પુરાણું જરથોસ્તી પુસ્તક. ઉપલાં કેળવણી-ખાતાના વડા મને મળવા આવ્યા હતા ત્યારે તેવણે મને કહ્યું હતું કે બે ત્રણ દિવસ થયાં તેવણને અત્રેના એક રહીશે પેહલવી-ફારસી પુસ્તક જોવા આપ્યું છે તે ઉપરથી હું બીજે દહાડે તેવણને ત્યાં ગયો અને તે જોયું. (ક) તે પેહલવી નહી પણ અવસ્તા અને ફારસીનું હાથનું લખેલું પુસ્તક હતું. તે ઉપરની એક નોધ પ્રમાણે તે યજદ શેહેરમાં હીજરી સને ૧૧૪૭ માં ખરીદવામાં આવ્યું હતું. આગળ પાછળનાં પાના ગુમ થયાં છે. (ખ) અજ્ઞાનપણાથી તેનાં પુઠાં ઉપર "દસાતીર" તરીકે લખ્યું છે. (ગ) આ પુસ્તક ખોરદેહ અવસ્તાના ભાગનું છે. (ઘ) શરૂઆતનાં પાનાં—તે આબમજનાં કોઇક ગુમ થયાં છે અને કાંઇક મેલા નથી—પ્રમાણે તે "સરોશ બાજ" છે. અવસ્તામાં ફકરા આપી ફારસીમાં અર્થ સમજાવ્યા છે.

(ડ.) ઘણાક અર્થો બરાબર નથી. દાખલા તરીકે "કેમના મઝદા મવઇતે પાયુમ દદાત" માં "મવઇતે" શબ્દ "મારે લગતાઓ"ને અર્થે છે, તે તરજુમો કરનાર "મુવદ" યા "મોબેદ"નું કોઇ રૂપ સમજેલો દીસે છે, સબબ કે તેણે અર્થ કર્યા છે, કે "બમન અહુરમઝદ મોબદાન વ હાવસ્તાન બા નગેહ દાદ" એટલે "મને અહુરમજદે, મોબેદો અને ઓસ્તાઓ (એટલે શાગેરદો)ની નેગાહમાં આપ્યો.

(ચ) સરોશ બાજ પછી ખોરશેદ માહની નીઆએશ વગેરે છે.

(છ) "અવસ્તા વ ઝન્દ" માં "ઝન્દ" શબ્દનો અર્થ "તરજુમો" એમ કર્યો છે.

(જ) "આફ્રીનગાને દહમાન" પછી કોઇક કોલોફોન જેવું છે તે પ્રમાણે લખનાર "મેહેર કેખસરૂ બીન બેહેરામ"નું નામ છે.

(ઝ) પછી ઓહરમજદ યશ્ત છે તેના લખનાર તરીકે "દસ્તુર ખુસરૂ દસ્તુર બેહેરામ અરદેશીર માવન્દાદ બેહેરામ શેહમર્દાન" છે. પાછલાં નામો મને એકાદ બીજાં આપણાં પુસ્તકનાં નવીસીન્દાના નામ તરીકે જાણીતાં છે. તે મુંબઇ આવી તપાસવા લાયક છે.

(ઞ) સેવટે ફારસીમાં "શાયસ્ત ના શાયસ્ત" છે.

આ પુસ્તકમાં ખરીદીનો સને છે પણ લખવાનો સને નથી. કાંઇ નહી તો મારી અત્રેના આમદની એક નીશાણી (souvenir) તરીકે મેં તે ખરીદવાની ખાહેશ દેખાડી, પણ માલેકે ના પાડ્યું કે, તે તેના બાપદાદાનું પુસ્તક છે તેથી તે આપી શકતો નથી. મેં ઉપલા કેળવણી-ખાતાના વડાને કહ્યું છે કે જોકે તે કાંઇ અસાધારણ યા નહી જણાયલું પુસ્તક નથી, તોપણ હું પોણોસો રૂપઆ આપું, માટે હવે પછી પણ કાંઇ કોશેશ કરવી. આ પુસ્તક પણ "યજદ" તરફથી આવી આવ્યું છે, ત્યારે આ આઝરબએજાન, જે પુરાણો મુલક, ખુદ જરથોસ્ત પેગમ-

બરનો જરથોસ્તી મુલક ગણાય ત્યાં લખાયલું કોઇ પુસ્તક પુછપરછ કરતાં જોવામાં આવ્યું નથી. તે છતાં ખુદ પેગમબરનાં આ મુલકમાં હાલમાં કોઇક ઇરાનના સામાન્ય મુસાફરો માટે અસાધારણ રાહ (out of the way) ના મુલકમાં આપણા અવસ્તાના પુસ્તકને જોઇ મને કાંઇક ખુશી ઉપજી હતી. ઉપલા અહુરા તે મેળવવામાં ફતેહ પામશે તો હું વધારે ખુશી થઇશ.

નક્કારખાનું અને ખોરશેદની જરથોસ્તી સેતાયશ.

આપણા દેશમાં દેશી રાજ્યોમાં ખાસ કરીને તે રાજ્યો, કે જે મોગલ શાહાનશાહતના અથવા તેના વારેસ રાજ્યોના સંબંધમાં આવ્યાં હોય, તે રાજ્યોમાં ખોરશેદ તલુ થતાં અને અસ્ત પામતાં "નગારાં" વજાડવામાં આવે છે. તેને "નઓબત વજાડવું" એમ પણ કહે છે. આઝરબએઝાનમાં પણ કેઠે કેઠે એ રેવાજ જણાવવામાં આવે છે. કહે છે કે તબ્રીઝમાં પણ તે હતો પણ તે આસરે બે માસ થયાં બંધ થયો છે. તે જાણતાં મેં ખાહેશ દેખાડી કે તે રેવાજ ચાલુ રહે તો સારૂં. આ રેવાજ માટે કહે છે કે તે અસલી કેઆની જરથોશતી રેવાજ ઉતરી આવ્યો છે. આપણે "કરનાએ" અને "સુરનાએ"ના વાજીંત્રના આવાજ માટે શાહનામા અને બરજોરનામામાં વાંચ્યં છિએ. આ એક અસલી ખોરશેદની સેતાયશના રેવાજની નિશાણી છે. એને માટેના સર્વ શબ્દો અસલા ઇરાની ફારસી છે. "નોબત વજાડવા"માં પેહેલો શબ્દ ફારસી "નઓબત" એટલે વખત છે. "કરનાએ" એ શબ્દ "કારનાએ" એટલે "લડાઇ (કાર, કારઝાર) વખતે વજાડવાનું યંત્ર (નાએ)" છે. "સુરનાએ" એ "લગન જેવા ખુશી (સુર) ના વખતે વજાડવાનું યંત્ર". છે. "કારનાએ"નું એક રૂપ, "નએકાર" એટલે "લડાઇનું યંત્ર" છે. તે "નએકાર" નું આપણામાં "નગારૂ" શબ્દ થયો છે. આપણું હીંદનું "નગારખાનું" તે "નએકારે વજાડવાનું મકાન (ધામ)" છે. આ મુજબ અહીં કહે છે કે એમ "નોબત" વજાડવાનો રેવાજ અસલી જરથોશતીઓના વખતથી ઉતરી આવ્યો છે. મોગલ અને બીજા ઇસલામી પાદશાહો સાથે તે હીંદુસ્તાનમાં આવ્યો છે. અંગ્રેજી લશકરમાં પણ કેટલેક ઠેકાણે આફતાબ ગુર્બ થતાં એમ "સન સેટ" (Sunset) નું બેન્ડ દ્રમ અને ફાઇફ (Drum and fifes) નું વજાડે છે. તે એક પ્રકારની ખોરશેદની સેતાયશ, જે પુરાણામાં પુરાણી સેતાયશ છે અને જે ઘણીક પ્રજાઓમાં એક યા બીજી રીતે ચાલુ હતી, તેનું રૂપ છે. મને યાદ છે કે હું નાનો હતો ત્યારે, જ્યારે ઘણીક સાંજેએ મારે કુલાબે એમ "સન-સેટ"નું બેંડ વાગતું—અને તે એક જગ્યાએ ઉભું રહીને નહી પણ ફરતાં ફરતાં વાગતું—ત્યારે તેની સાથે ચાલી મજાહ મેળવતો.

હાલમાં બરાખો (Barraoks) ની અંદર લજ બે ચાર ફેરા ખાઇને વજાડવામાં આવે છે બા ચાલીને યા ફરીને "સન સેટ"નું બેંડ વજાડવાનો હાલનો લશકરી રેવાજ આગલા પુરાણા રેવાજની બાકી રહેલી એક નિશાણી (relio) છે કે જ્યારે બેંડ આખાં ગામ યા શેહેરમાં ફરી સર્વેને ખબર આપતું કે હવે ખોરશેદની સેતાયશ કરી કામકાજ બંધ કરવાનો વખત થયો. જીબ્રાલટરની મારી મોલાકાતનાં વર્ણનમાં મેં જણાવ્યું છે તેમ ત્યાં ફકત લશકરના મથક આગળ નહી પણ શેહેરના મોટા ભાગમાં બેંડ કુચ કરતું ફરે છે. શેહેરના હાકેમ પાસે તે વાજતું ગાજતું શેહેરના દરવાજાની કુંચી લેવા જાય છે અને તે લાવી દરવાજા બંધ કરે છે. હાલમાં એ ક્રિયા નામની (nominal) થાય છે, સબબ કે હવે દરવાજા બંધ કરવામાં આવતા નથી, તોપણ આગલો રેવાજ ચાલુ રાખવામાં આવ્યો છે.

આ તરફ પણ કહે છે કે કેઠે સાંજની ત્રીજી નોબત બાદ કોઇને બાહાર જવાને;

અટકાવ છે. આપણા હીંદી નગારખાનાનાં વાજીંત્રોના પણ નામો ફારસી છે. "તબલો" તે ફારસી "તબ્લ" છે. ઢોલ (દોહલ), દફ (દફ્અ) એ ફારસી શબ્દો છે.

આ શેહેરના

તબ્રીઝ શબ્દનો ધાતુ. તબ્આઝ નામનો અર્થ "તાપ (તબ) ને ધોળી નાખનાર યા દુર કરનાર" એમ કરીને કહે છે કે આ મુલકની આબોહવા ખુશ હોવાથી અહીં કોઇને તાપ આવતી હોય અને બહારથી આવે તો તે દુર થાય છે. હારૂન અલ રશીદની બાયડી ઝબનઅને તાપ આવ્યા કરતી હતી તે અહીં હવા ફેરફાર કરવા આવવાથી જતી રહી હતી. અહીં એક પાણીનો ચશમો "ચશમે એ ઝબનબ" નામનો આ બાનુનાં નામ ઉપરથી છે કારણ કે તેનાં પાણીએ તેણીને સારૂં કર્યું હતું.

કોઇએ શબ્દ આર્મીનીઅન "ત વરેઝ" (ta varezha) એટલે "કીનો" લઇ કહે છે કે ઇ૦ સ૦ ૩૪૬ ને શુમારે આર્મીનીઆનો એક રાજા નામે, પેહેલો ખુસરો, અહીં પોતાના ભાઇના મરણનો કીનો લેવા આવ્યો હતો, તે ઉપરથી આ નામ પડયું છે.

કોઇ આ આઝરબએઝાનના મુલકમાં ઘણા આતશકદેહો હોવાથી તેના આતશોનો "તાપ" (તપ) અહીં ફેલાતો તે ઉપરથી આ નામ લે છે.

આઝરબએઝાન-ઉર્મીઆ (ચએચસ્ત)

તા૦ ૮ મી અક્ટોબર ૧૯૨૫.

ઉર્મીઆ (ચએચસ્ત) સરોવર અને ઉર્મીઆ, જે પએગમબર જરથોશ્તની જન્મભુમીનો મુલક, તે તરફ કુચ.

અવસ્તા—આતરેમ અહુરહે મજદાઓ પુથ્રેમ યજમઇદે,
કવએમ હ્વઓસ્રવંધહેમ યજમઇદે,
વઇરીમ હ્વઓસ્રવંધહેમ યજમઇદે,
અસ્નવન્તેમ ગઇરીમ મજદધાતેમ યજમઇદે
(સીરોજા)

અર્થ—અહુરમજદના પુત્ર આતશની અમો પવિત્ર યાદ કર્યે છિએ,
કેખુસરૂ (પાદશાહ)ની અમો પવિત્ર યાદ કર્યે છિએ,
(કે) ખુસરૂના (ચએચસ્ત) સરોવરની અમો પવિત્ર યાદ કર્યે છિએ,
અસ્નવન્ત પહાડની અમો પવિત્ર યાદ કર્યે છિએ.

અવસ્તા—આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર,
કવોઇશ હ્વઓસ્રવંઘહે, વરોઇશ હ્વઓસ્રવંઘહે અસ્નવન્તહે
ગરોઇશ મઝદધાતહે ચએચસ્તહે,
વરોઇશ મઝદધાતહે.
(આતશ નીઆએશ).

અર્થ—અહુરમજદના પુત્ર (આદર ગુશસ્પ) ની, કેખુસરૂ પાદશાહની, (આઝરબએઝાનમાં આવેલા) કેખુસરૂનાં સરોવરની, અહુરમજદના પેદા કીધેલા અસ્નવન્ત પહાડની, અહુરમજદના પેદા કીધેલા ચએચસ્ત સરોવરની (આરાધના માટે જોતી જાહેર કરે.)

ઇરાનનો વચલો અને નીચલો ભાગ, તેહેરાન, ઇસ્ફહાન, શીરાઝ વગેરે, જ્યાં આગલા નામીચા હખામીનીઅન, સાસાનીઅન વગેરે પાદશાહોનાં મકાનોનાં ખંડીએરો મળે છે, તે એક રીતે પાદશાહોનું ઇરાન કહેવાય. પણ આઝરબએઝાન ખુદ જરથોશ્તનું ઇરાન કહેવાય. પેગમબર જરથોશ્તની જીંદગીના બનાવો સાથે પેહેલાં ઇરાનને નહીં પણ પાછલાં આઝરબએઝાનનાં ઇરાનને સંબંધ છે. જેમ આપણાં અવસ્તાનાં પુસ્તકો,—દાખલા તરીકે ઉપલા અવસ્તાના ફકરાઓ,—તેમ પેહેલવી, ફારસી પુસ્તકો અને વળી આરબ લખનારાઓ આઝરબએઝાનના મુલકને, અને તેમાં ચએચસ્ત સરોવર જે હાલનો ઉરૂમીઆ સરોવર છે, તેને ખાસકરીને પેગામબર જરથોશ્તનાં નામ અને કામ સાથે જોડે છે. આ પછી

બીજો અગતનો ભાગ બલખ તરફનો છે, જ્યાં પેગામબરે દીન જાહેર કીધી હતી. પારસી ભાઇઓએ હવે ઇરાન તરફ નજર દોડાવી ત્યાં મુસાફરી કરવા માંડી છે, એ ખુશીની વાત છે, પણ તેઓ ફક્ત ઉપર જણાવેલા પેહેલા ભાગમાં ફરે છે. આઝરબએજાન તરફ તેઓએ હજુર નજર દોડાવવા માંડી નથી, એટલુંજ નહી, પણ આ પુરાણા જરથોસ્તી મુલક તરફ ખુદ જરથોશતનાં નામ સાથે સંબંધ ધરાવનાર મુલક તરફ બાકુ, જે હાલમાં તો રશીઅન આઝરબએજાનમાં ગણાય છે, તે તરફ સીવાય આપણા કોઇ એક પણ હમદીન ઇરાની (વસ્તી જાયુકની કે વેપાર અર્થે નથી. હાલમા રસ્તાની કાંઇક હાડમારી છે ખરી, પણ નવા રસ્તા થાય છે અને હું ધારૂં છું કે ૧૯૨૭ સુધમાં ઓટોમોબાઇલો માટેના લાયક રસ્તાઓ થશે. હાલ પણ ઓટોમોબીલ કેઠે દોડે છે પણ તેમાં ખરાબ રસ્તાને સબબે કાંઇ હાડમારી ભોગવવી પડે છે, જે થોડા વખતમાં દુર થશે અને ત્યારે આપણા જરથોસ્તી ભાઇઓ આ તરફ પોતાની નજર દોડાવી, આ પુરાણા આતશબેહેરામો અને આતશકદેહોના મુલકમાં આસાનીથી ફરી શકશે. હું આ તરફ આવવા માટે ખુશી છું. હું ભુલતો નહી હોઉં તો, ખુદ પેગામબર જરથોશતના ચએચસ્ત સરોવરવાળા આ મુલકમાં આવનાર આપણા હીંદુસ્તાન તરફનો હું હાલમાં પેહેલો પારસી છું. વળી અહીંથી આસરે બાર મૈલ-દુર આવેલું ગામ આમવી, જે ફારસીમાં આમુઇ પણ વંચાય, તે તરફ આંચકા ઉંચકી અને ધકેલા પછાડા અને કલાકોની ખોટી છતાં મારા મોટર પેહેલવેહલી આવી છે. ખુદાતાલાની મેહેરથી મેં આપણા પેગામબર જરથોસ્તના નામ સાથે તાલુકો ગણવાનો સંભવ ધરાવનાર આ નાના ગામ તરફ જવા માટે મોટરનું મેં પેહેલું મુહુરત કર્યું છે.

આપણા અને આરબ લખનારાઓ પ્રમાણે આઝરબએજાન અને તેમાંનું ઉર્મીઆ (અથવા ઉરૂમીઆ) પેગામ્બર જરથોસ્તનો મુલક.

આપણા પુસ્તકોજ નહી પણ આરબ લખનારાઓ પણ કહે છે કે ઉરૂમીઆ પેગામબર જરથોશતનો મુલક છે. પ્રો. જેકસન પ્રમાણે યાકુત (ઇ. સ. ૧૨૨૦) ઉરૂમીઆ (ચએચસ્ત) સરોવર ઉપર આવેલાં ઉર્મીઆ શેહેરને "જરથોશતનું શેહેર અને આતશની સેનાયશ કરનારાઓનું શેહેર" કહે છે. ઇબન ખોરદાદ બેહ (Ibn Khordadbeh ઇ. સ. ૮૧૬) અને અલ બલદહરી (Al baladhari ઇ. સ. ૮૧૬) પણ એમ કહે છે.

આ મુલકની મુલાકાત.

હું તા૦ ૫ મી અકટોબરે બપોરે ૧૨) વાગે એ મુલક તરફ આવવા તબ્રીઝથી નીકળ્યો. અહીં જવાના રસ્તા ખરાબ છે અને સાથે કોઇ બીજા પેસેનજર મલતા નથી તેથી મેં આસરે સવાસો તુમાન એટલે આસરે ત્રીસ પોંડ (એક પાઉંડના હાલ ચાર તુમાન અને બે કરાન એટલે બેંતાલીસ કેરાન મળે છે) થી આવવા જવાની મોટર ગોઠવી. તે પછી આમુઇ જવા માટે નવ તુમાન વધુ આપ્યા. ઇરાની ભાઇઓ ઇરાનને આખી દુન્યાનું બેહેશ્ત ગણે છે. આઝરબએઝાનને ઇરાનનું બેહેશ્ત ગણે છે અને ઉર્મીઆના મુલકને આઝરબએજાનનું બેહેશ્ત ગણે છે. હવે પછીના ઇરાનના બીજા ભાગોનું તો કોણ જાણે, પણ આ તરફ આવતાં તાજા મેવાના સંબંધમાં તો અહીં ઘણી આબાદી જોઇ. જેઓ ફક્ત ઉરમીઆ શેહેરજ જવા માગતા હોય, તેઓ માટે દર અઠવાડયે એક ત્રેન તર્ષે માર્ગે દોડે છે અને ઉરૂમીઆના સરોવરના એક બંદરે જાય છે, જ્યાંથી એક બોટમાં સામે કનારે ઉર્મીઆ ખાતે જવાય છે. પણ તેમ કરતાં એક

તો આશરે દસ, યા બાર યા વધારે દહાડા થાય અને બીજું વધારે અગતનું આ કે માર્ગમાં કાંઇ બીજું જોવાનું અને જાણવાનું નહી બને.

તબ્રીઝથી દેલમાન. ઉપર જણાવ્યા પ્રમાણે તબ્રીઝથી ૧૨) વાગે નીકળી "આજી" નામની નદી પસાર કરી, "સુફીઆન" ગામ ખાતે ત્રણ વાગે પોહોંચી, ત્યાંની કારવાનસારાએના "કાવાખાના"માં આસાએશ લીધી. મારી ઇરાનની મુસાફરીમાં આ પેહેલવેહેલી "કારવાનસરાએ" હતી કે જેમાં મેં ગત નહી પણ થોડોક વખત ગુજારી આશાએશ લીધી. આ તરફ માર્ગમાં કારવાનસરાએના આહેના "કાવાખાના" અહીંના એક પ્રકારનાં ગરીબ "રસ્ટોરાં" છે, જેમાં મુસાફરો નાન અને ચાહેથી પોતાને આસુદા કરે છે. ત્યાં એક પ્રકારના માટીના ઓટલા ઉપર ઇરાની ગાલીચો પાંથરેલો હોય છે તે ઉપર બેસી મુસાફર એટ્રી ખાણીપીણી લે છે. કોઇ વખતે તે યુરોપની આગલી "ઇન" માફક રાતનાં પણ મુસાફરોને સુવાની જગ્યા આપે છે.

માર્ગમાં આગળ વધતાં મીગ્રાં કરેહ, શબસ્ટર વગેરે જગ્યાઓ પસાર કીધી. માર્ગમાં એક બાજુએ "સફીખાને" નામનું ગામ મેલી રાત્રે ૭—૩૦ અમલે "તસુજ" નામનાં ગામમાં ત્યાંની નિશાળના એક શિક્ષકને ત્યાં આસરો લીધો.

પંદરસો આદમીની વસ્તીના ગામમાં આસરે સીતેર મસજીદ. આ તસુજ ગામમાં ઉપલી નિશાળના શિક્ષક સાથે આ તરફની કાંઇક હકીકતો માટે વાત કરતાં જાણ્યું કે ત્યાં કુલે વસ્તી ફક્ત પંદરસો માણસની છે તોપણ આસરે સીતેર મસજીદો છે. સબબ પુછતાં માલમ પડયું કે આ મુલકમાં મસજીદો ત્યાંના રહીસોની ધાર્મિક હાજતો પુરી પાડવા કાજે નહીં પણ પોતાની કોઇ ધાર્મિક ખાહેશને પાર પાડવા માટે બાંધવામાં આવે છે કે તેથી સવાબ લાગે.

આપણામાં પણ હું એવું કાંઇ જોઉં છું. એક મરનાર અથોરનાન ગ્રહસ્થે મુંબઇમાં એક દરેમેહેર બાંધી છે. તેવણ તે બાંધવા આગમજ મારી સલાહ પુછવાને આવ્યા હતા ત્યારે મારા વિચાર પ્રમાણે આપણા શેહેરમાં દરેમેહેરો પુરતી છે તે ઉપરથી અને વળી હવે તેઓને માટે આગળ કરતાં વધારે મોટાં ફંડ નીભાવ માટે રાખવાં જોઇએ, તે ઉપરથી તેવણને મેં તેવણની સખાવતને કોઇ બીજે રાહ આપવા સુચવ્યું. પણ તેવણે કહેલા શબ્દો મને આ ગામમાં યાદ આવ્યા કે "મારી દરેમેહેરના ઓટલા ઉપર બેસી મોબેદ એક યથા ભણશે તો મારું રૂહ ખુશી થશે." ઘણાક ધર્માલયો જરૂરીઆત ઉપરાંત આવા ખ્યાલથી બરપા થાય છે.

અત્રેની પાણીની કનાત. આ સફરના માર્ગમાં પેહેલવેહેલી ઇરાનની "કનાતો" જોઇ. "કનાત" તે આ તરફની એક પ્રકારની જમીન માહેલી નેહેર (subterranean canal) છે. એવી "કનાતો" મેં પેહેલવેહેલી આસરે સાત આઠ વર્ષપર કુએટા ખાતે જોઇ હતી, જ્યાં તે "ગબરી કનાત" એટલે "આગલા ગબર યાને આતશની સેતાયશ કરનારાઓએ ખોડેલી પાણીની નેહેરો" એમ ઓળખાય છે. કુએટાનો મુલક અસલી બલુચીસ્તાનનો ભાગ ગણાય છે. તેની પડોશમાં આપણા વંદીદાદમાં જણાવેલા "પએસનંઘહ" (હાલની પેશીન Peshin)ની ખીણની જગ્યા છે. તે મુલક તરફ "ગબ્રી બંદ" એવે નામે કેહેતે પાણીના બંદો પણ અસલી પારસીઓએ બાંધેલા તરીકે જણાયલાં છે.

આ કનાતોની ગોઠવણ આવી રીતની છે કે દુરથી તમોને થોડે થોડે છેટે કાંઇ ખોડેલી માટીના સંખ્યાબંધ ઢગલા દેખાય. આગળ જઇ જુઓ તો ઉંડા કુવા અને

અંદર પાણી. અાર પાણી ઉપર નહીં હોય ત્યારે દુરના પહાડોમાંનુ પાણી. એમ કુવાઓ ખોદી તેઓને અંદરના માર્ગોથી જોડીને ખેતી માટે લાવે છે. કોઇક વખતે પાંચ સાત મૈલ દુરથી એમ પાણી કોઇ ગામોવાળાઓ પોતાનાં ગામ તરફ પીવા માટે અને ખેતી માટે લાવે છે. એવી રીતે કનાતોથી અને સપાટી ઉપરની નાની પાણીની નેહેરોથી ઇરાનીઓ દુરના પહાડોમાંથી પાણી લાવે છે. ઇરાનના ખેડુતો જાણે અહીંના કોઇ અસલી રીતીના પોતેજ જાણકાર "ઇરીગેશન" ખાતાંના અમલદારો છે. આવાં પાણીનાં બાંધકામો (water-works)માં અસલા દેઓની વખતથી ઇરાનીઓ મશહુર હતા. તેના કેટલાક એશારાઓ આપણે અવસ્તા પેહેલવી પુસ્તકમાં જોઇએ છિએ. આસરે પંદરસો વર્ષપરના શાહ શાપુરના કારૂન નદી ઉપરનાં બાંધકામોનાં ખંડીએરો હજુર પણ કહે છે કે મુસાફરોના જોવામાં આવે છે.

ચએચસ્ત સરોવરનાં પહેલાં દર્શણ.

આ સફરમાં પેહેલે દિવસે આસરે પાંચ વાગાને સુમારે દુરથી મેં પેહેલવેહેલો આપણી આતશની નીઆએશવાળો "ચએચસ્ત" તે હાલનો ઉરૂમીઆ (Urumiah) સરોવર જોયો. વારંવાર આતશ નીઆએશમાં યાદ થતા આ સરોવરનાં પેહલાં દર્શણ થતાં કાંઇક ખુશી ઉપજી અને મેં આવાં અર્દ્વીસુર નીઆએશ ભણી મારી ખુશીને માર્ગ આપ્યો.

આપણા અવસ્તામાં "ચએચસ્ત" સરોવરનું એક વિશેષણ 'ઉરવ્યાપ" એટલે "પોહોળાં પાણીવાળો" છે. તે શબ્દનો મારા વિચાર પ્રમાણે હાલનો "ઉરૂમીઆ" શબ્દ બન્યો છે. આગલો "ઉરૂ" અથવા "ઉર્વ" શબ્દ, જેનો અર્થ "પોહોળો" અથવા "પોહોળો" (વોઉરૂ માફક) થાય છે, તે પાછલાં નામમાં કાયમ રહ્યો અને અવસ્તા "આપ" એટલે "પાણી" ને બદલે આરબોએ આરબીમાં 'મય' એટલે પાણી શબ્દ વાપર્યો. જે વિશેષણ હતું તે આરબોને હાથે વિશેષ નામ થયું. એમ કોઇક વાર બને છે તેનો બીજો દાખલો નોશેરવાન આદલના નામનો છે. આપણી આફ્રીને રપીથવનમાં અને આફ્રીનગાનમાં એ પાદશાહનું નામ "ખોસરૂ કોબાદ" (હમાજોર ફરોહરે ખોસરૂ કોબાદ બાદ) એમ ભણાય છે તે બરાબર છે. રોમન લખનારાઓ પણ એને કુસરો (Chosroe) તરીકે બોલી ગયા છે. પણ આપણાં પુસ્તકોમાં એનું વિશેષણ "અનુશેરવાન" એટલે "અમર્ગ રવાનનો" એમ છે, તે વિશેષણને આરબો વિશેષ નામ લઇ એને "અનોશેરવાન" અને પછી "નોશેરવાન" કહેવા લાગ્યા.

હવે આપણા "ચએચસ્ત" વાળાં નામને પાછળથી આરબ લખનારાઓએ "ચીઝ" કર્યું. જે પછવાડેથી "શીઝ" બન્યું અને તે નામનું એક પુરાણું શેહેર હતું. હાલમાં આ ચએચસ્ત સરોવર "દર્યાએ શાહી" એટલે "પાદશાહી દર્યા" તરીકે પણ ઓળખાય છે, સબબ કે એ તરફ એક "કુહે" શાહી નામનો પહાડ છે. માસુદી એને "કબુધા" કહે છે સબબ કે એ નામનું એક ગામ એ દર્યાના એક ટાપુ ઉપર કહેવાય છે. પણ કોઇ લખનારાઓથી ધારવામાં આવે છે કે આ શબ્દ "કબુદ" એટલે બલુ (blue) હોય અને તે નામ એ સરોવરનાં પાણીના રંગને સબબે હોય.

આ પત્રને મથાળે મેળેલા ફકરાની સરેહમાં પેહેલવી લખનારાઓ આ સરોવરના સંબંધમાં "આદર ગુશસ્પ" નામના આતશકદેહ માટે બોલે છે તે બરાબર છે. આ આતશબેહેરામ જોકે ખુદ એ સરોવર ઉપર નહી પણ તેની કોઇક આતગાફમાં હતું. આ આતશબેહેરામનો આતશ આરબોની ફતેહ બાદ પણ કેટલીક વખત સુધી રોશન હતો. આ આતશબેહગામની શરૂઆતથી તે આરબોની ફતેહ બાદની તવારીખ બાબે મારા "આદર ગુશસ્પનુ નાપના આતશબેહરામની

તવારીખ" એવે નામના મારા વિષયનો હવાલો આપવાની રજા લઉં છું.

મેં ઉપર જણાવ્યું કે આ સરોવરનાં દર્શણ કરી હું "આવાં અહેવીસુર"ની નીઆએશ ભણ્યા. પણ ખરૂં જોતાં તો જો કોઇ સરોવર યા પાણીનો જથ્થો એવો હોય કે જ્યાં આવાં અહેવીસુરની નીઆએશ, તેના અર્થ પ્રમાણે, ક-જગ્યાની ગણાયતો તે આ ઉર્મીઆનો સરોવર છે. આવાં અહેવીસુરની નીઆ-એશ અને યશ્ત પ્રમાણે તો તે નામની નદી કન્યાઓની દુઆ ખર લાવતી હતી, તેની સેતાયશની બરકતથી તેઓની શાદી થતી, તેઓ આશાવંતી હાલતમાં આવતી અને તેઓની છાતીએ દુધ આવતું. પણ આ ઉર્મીઆ સરોવર તો ખારામાં ખારા દર્યાઓમાંનો એક છે, તે એટલા બધી હદ સુધી કે બધા દર્યાઓમાં માછલી મળે છે પણ તેનાં ખારાં પાણીમાં માછલીઓ વટીક જીવતી નથી.„ આ સરોવર જાણે ઇરાનનો "મુએલો દર્યો" (Dead Sea) છે, સબબ કે એનાં પાણીમાં માછી વટીક જીવી શકતી નથી. બહમન યશ્ત અને બુનદેહેશ પણ એમ જણાવે છે. તે તેનાં પાણીનાં અત્યંત ખારો (salts) ને લીધે એમ બને છે. એનો કિનારાનો એક ભાગ સફેદ નીમકથી ચળકતો દીસે છે. હાલ એમાં વેપાર જેવું કાંઇ દીસતું નથી. તેના ફકત બે ત્રણ બંદરો છે અને હાલમાં એક નવાં માટે ગોઠવણ થતી મેં જોઇ. આ સરોવર કુલે ૮૦) મૈલ લાંબો, ૨૪) મૈલ વધુમાં વધુ પોહોળો અને આસરે ચાર હજાર ફીટ ઉંડો કહેવાય છે મારી મોટર માટે ભાગે એના દુરથી દીસતા કિનારાને માર્ગે પસાર થઇ હતી. આ ઉરૂમીઆના મુલકની સફરમાં મેં ૭ દહાડા પસાર કર્યા, તેમાં ચાર દિવસ આ સરોવરને હું અવાર-નવાર જોયા કરતો હતો. ઉર્મીઆ શહેર તરફનાં તેના કિનારાપર 'બુઝાન દાગી" એટલે "ગોસપંદો (બુઝે)નો પહાડ" છે, તે પણ કોઇક લખનાર પ્રમાણે જરથોસ્તના થોડા વખત માટેના મથકની જગ્યા કહેવાય છે.

આ ઉરૂમીઆના મુલકમાં જંદ અવસ્તાની સરેહનું અવલોકન.

ઉરૂમીઆ તરફ જતાં માર્ગમાં જે હું જોતો અને જાણતો અને ખુદ ઉરૂમીઆમાં મેં જે જોયું, સાંભળ્યું અને જાણ્યું તે ઉપરથી એમ લાગ્યું કે હું જાણે આપણી જંદ અવસ્તાની "જંદ" યાને "સરેહ" માર્ગમાં વાંચતો અને જોતો જતો હતો. વંદીદાદમાં અને આપણા અવસ્તાના બીજા ભાગોમાં જે કાંઇ વાંચેલું તેનો અને આપણાં રેવાજો અને રાહરસમનો જાણે કાંઇક વધુ ખ્યાલ અને ખુલાસો હું મેળવતો જતો હતો. તેના એકાદ બે દાખલાઓ નીચે જણાઉં છું.

માર્ગમાં મળતા મિનારાઓ.

માર્ગમાં હું અવાર-નવાર કોઇક મિનારાઓ જોતો હતો, જે કોઇ દસ પંદર તો કોઇ વધુ ઉંચાઇના ગોળ બાંધેલા હતા. પુછપરછ કરતાં માલમ પડયું કે તે એક પ્રકારનાં "તપાસ કરવા માટેના મિનારાઓ" (Observation towers) હતા એ મિનારાઓની ટોંચના ભાગ ઉપર બેસી એક નેગેહબાન રાતની વખતે જોતો અને તપાસ રાખતો કે કોઇ "દોઝડ" યાને ચોર ખેતરોમાંથી માલ ઉતારી યા ચોરી લઇ જાય નહી. તે આગુબાગુનાં પાંચ સાત ખેડુતોનાં ખેતરો ઉપર આવા ઉંચા મિનારાઓ ઉપરથી નેગેહબાની કરી નજર રાખતો. આ તરફના એવા પુરૂષોની નજર ઘણી દુરથી જોનારી અને બારીક બીન હોય છે.

આબ જુઇઓ.

વળી માર્ગમાં વહેતી નાની પાણીની નેહેરો જેઓને "આબ જુઇ" કહે છે, તેઓ માટે પણ કાંઇક નિયમો હતા એકના ખેતરમાં જતાં પાણીને બીજો પોતાનાં ખેતરમાં કવખતે રાહ નહી આપે તે જરૂરનું હતું.

માર્ગમાં સંખયાબંધ એવી "આબજુઇ"ઓ મળતી, જે આપણી મોટરોને ઝડપ નરમ પાડવાને ફરજ પાડતી અને વળી તે નાની નેહેરો ઓળંગતાં આપણને દોડાવી નાંખે તેવા આંચકા ખમવા પડતા. એ નાની નેહેરો (આબજાઇ) થી જેમ ખેતરોમાં પાણી વહેતું તેમ ગામોને પાણી પહોંચતું, તે પાણીના વહેવાને અટકાવવું એ, ખોટું ગણાતું.

ચોરોથી ખેતરોના પાકને અને ગોસપંદોને એમ બચાવવાં અને કોઇ ખેતરો યા ગામોને તેઓનાં પાણીને જુદો માર્ગ આપી ત્યાં પાણીની તાણ ટીપણી લાવનારાઓને અટકાવવા એ જરૂરનું હતું. મારી સાથે મારી રેહબરી માટે સોબતી તરીકે તબ્રીઝના ભલા હાકેમે એક ગ્રહસ્થ, જેવણ કાંઇક ફ્રેંચ પણ જાણતા અને બ્રુસેલસ (Brussels) ખાતે કેળવણી લઇ આવ્યા હતા, તેવણને આપ્યા હતા. તેવણ સાથે હું તરેહવાર બાબતોની એક પ્રકારની "પુરસેશ પાસોખ" યાને સવાલ જવાબ કરતો. આ આગલું પનોતું આઝરબએજાન જ્યાં આપણાં અશો પેગામબરે દાદાર અહુરમજદ સાથે "પુરસેશ પાસોખ" કરેલી તેની મને તેવણના એક કમીનામાં કમીના ચેલાને મારા રેહબર સાથે "પુરસેશ પાસોખ" કરતાં યાદ આવતી. તે દાદારે આપેલી આ તકનો લાભ લઇ ઉપલા સોબતી સાથે અને ખુદ ઉરૂમીઆમાં, ત્યાંના હાકેમ જેવણની હું મેહેમાની ભોગવતો તેવણની એક પ્રકારની દરબારમાં, જેઓ અહીંના સરેસ્તા પ્રમાણે જાણે સલામ કરવા આવતા હતા, તેઓ સાથે હું એમ કાંઇક "પુરસેશ પાસોખ" કરતો હતો. એનથ્રાપોલોજીના મારા કાંઇક ગરીબ અભ્યાસે મને કાંઇક શીખવ્યું હતું કે, સામેવાળાઓને કાંઇક કંટાળો નહીં લાગે અને તેઓ આપણી પુછપરછ તરફ દીલસોજીથી જુએ એ માટે કેમ કામ લેવું. આવી "પુરસેશ પાસોખ" ઉપરથી ઉપલી બે બાબતોના સંબંધમાં હું જે કાંઇ જાણી શકયો હતો તે મને આપણી અવસ્તાના એકરારનામાવાળા "નાઇસીમી દએવો" નામનાં યજશ્નેના બારમા હાની કાંઇક યાદ આપતું, કે જે હામાં એકરાર કરનારને ચોર અને લુટારાઓથી ખેતરોને અને ગાય ગોસપંદોને બચાવવાને અને પાણીની ટીપણીથી માજદયસ્નોના મોહોલ્લાઓને બચાવવાને કહ્યું છે. ઉપલા "ઓબઝરવેશન ટાવર" જેવા મિનારાઓ ઉપરથી એવા ચોર અને લુટારાઓ ઉપર બારીક નજર રાખવાનું કામ થતું હતું. મધ્ય એશિઆના મુસાફરો એવા કોઇક મિનારાઓની નેમ બાબે જુદા જુદા વિચારો આપે છે. પણ અહીં મેં જે જોયું અને જાણ્યું છે તે ઉપરથી હું તેઓને "ઓબઝરવેશન ટાવર" ગણું છું.

ઉર્મીઆ જતાં "રાહ યકીસ્ત." માર્ગમાં "શોફર" જો કોઇને રસ્તો પુછતો તો વારેઘડીએ જવાબ મળતો કે "રાહ યકીસ્ત". આ અવારનવાર બોલાતા શબ્દો અને અવસ્તાના શબ્દો કે "અએવો પન્તાઓ" એટલે "એકજ માર્ગ (પન્તાઓ Path) છે" તેની યાદ આપતા રસ્તાની સફરના વિચાર સાથે કસ્નેલાઇ (idiom) થી ધાર્મિક નીતીના વિચારો કેમ જોડાયા છે તે સમજ પાડે છે. આપણા અવસ્તાનો આખો વાક્ય આ પ્રમાણે છે. "અએવો પન્તાઓ યો અશહે અન્યએશામ અ-પન્તામ" એટલે 'રાહ યા માર્ગ એકજ છે, જે અશોઇનો (માર્ગ છે), બીજાઓ (ખરા) માર્ગો નથી." આગલા ભાગને મલતો શબ્દ જ્યારે એકજ સીધો રસ્તો હોય ત્યારે પુછપરછના જવાબમાં, હું સાંભળતો. પાછલા ભાગને મલતા શબ્દો "રાહે નીસ્ત" એટલે અહીંથી "રાહ યા રસ્તો નથી" એમ હું સાંભળતો. કેટલાક ભાગમાં તો મોટર માટે ખરેખર રાહ હોતો નથી અને ઘોડાં, ગધેડાં માટે પડેલા રસ્તા ઉપરથી મોટર, ચાલે છે.

આઝરબએઝાન—ઉરૂમીઆ,
તા૦ ૯ મી અકટોબર ૧૯૨૫.

ઉરૂમીઆ શેહેર ત્યાંનાં વાતાવરણમા કાંઇક પુરાણી જરથોસ્તી બાબતોની યાદ.

હું તા૦ ૫ મીએ તબ્રીઝથી નિકળી તે રાતે માર્ગમાં "તસુચ" ગામમાં વીસામો લઇ તા૦ ૬ ઠીએ ઉરમીઆ, ઉરૂમીઆ (Urumia) શેહેર ખાતે છે રાતે આસરે ૯—૩૦ વાગે આવ્યો હતો. અહીંના હાકેમે તબ્રીઝના હાકેમની સીફારસથી મને પોતાનો મેહેમાન કર્યો. એવણથી અને એવણની એક પ્રકારની દરબારમાં મળવા ભેટવા આવતા કોઇક ગ્રહસ્થોથી મેં આપણા રેવાજોનાં સંબંધમાં કાંઇક નવું ગ્નાન મેળવ્યું. આ તરફ એવણની હજુરમાં એક રેવાજ આ છે કે જ્યારે પણ એવણની બેઠકવાળા ઓરડામાં કોઇ સલામ કરવા આવે ત્યારે સર્વે જણ, હાકેમ પોતે પણ, ઉઠીને માન આપે. તે ધણી અંદર દાખલ થાય ત્યારે નહી, પણ તે આવીને બેસે ત્યારે સર્વ ઉઠીને તેને માન આપે. હાકેમ સાથે હું આસુઇ ગામ તરફ ગયો ત્યારે ત્યાંના આગેવાનો જ્યારે સલામ કરવા આવે ત્યારે તેઓ નીચે ગાલીચા ઉપર ગુંથણમંડીએ બેસે

ખુદ ઉરમીઆ શેહેરમાં મેં નીચલી જગાઓ, આપણી કોઇક બાબતોના સંબંધમાં જોઇ.

ઉરમીઆમાં "માત મારીઅમ"નું દેવલ અને તેમાં એક જરથોસ્તી માજીની કહેવાતી કબર.

ઉરમીઆમાં "માત મારીઅમ" Mat Mariam નામનું પેગામબર કાઇસ્ટની માતાના નામ સાથ સંબંધ ધરાવતું દેવલ છે. હું મારાં સ્પેન, ફ્રાંસ, ઇંગલાંડ વીગેરે દેશોની સફરનાં વર્ણનનાં ઘણાંક આગલાં પત્રોમાં કરાનથી બાળક કાઇસ્ટને જોવા ગયલા ત્રણ જરથોસ્તી માજીઓ (The Three Magi) માટે બોલ્યો છું. તે ત્રણ માજીઓનાં નામો આ દેવલના વડા (Bishop Marlia) પ્રમાણે માલીકો, બાગડસાર અને કાસપર (Malioo, Bagdasor, Caspar) હતાં. એઓની વાત ખરી હોય તો આ નામો જરથોસ્તી કરાની નામો દીસતાં નથી. તે તેઓએ ખ્રીસ્તી ધર્મ અખત્યાર કર્યો હોય ત્યારે અબ ત્યાર કરેલાં નામો હોય. આ દેવલના ઉપલા બુર્જર્ગ સાથે મેં આસરે પોણો કલાક કાંઇક નવું જાણી પસાર કર્યો હતો. આ દેવલમાં આ ત્રણ માજીઓમાંના એક (Caspar) ની કબર છે, તે જોવાને હું ગયો હતો. પણ દરવાજો બંધ હતો, તેથી પુછપરછ કરતાં હું તેની કુંચી માટે આ પાદરી પાસે ગયો હતો. તેવણે દલગીરી દેખાડી કહ્યું કે કુંચી લઇ એક પુરૂષ બાહેર ગયો છે. મેં અરજ કીધી કે "મેહેરબાની કરી તેનું તાળું ભાંગી મને કબર દેખાડવામાં આવશે તો હું આભારી થઇશ, સબબ કે મારા એક વખતના એ જરથોશ્તી ગણાતા પુરૂષની કબર જોવાની મારી ખાલી ખાહેશ છે. તાળાં માટે જે પૈસા થશે તે હું આપીશ." એવું દીસે છે કે અત્રે ખ્રીસ્તીઓ અને મુસલમાનો વચ્ચેનો સંબંધ ઘણો ખરાબ થયો છે, તે ઉપરથી બનતાં સુધી પોતાનું દેવલ કોઇને નહીં દેખાડવાનો એવણનો વિચાર હોય. પણ જ્યારે મારી વીગત સાંભળી અને શા સબબે હું જોવા માંગું છું તે બાબેની મારી જીગ્નાસા જાણી, ત્યારે તેવણે કુંચી આપી એક માણસને સાથે મોકલ્યો અને દેવલ દેખાડયું. આ દેવલ એવણ કહે છે કે મુસલમાનોએ થોડુંક થયું ઉપલા ખરાબ સંબંધને લાધે ખરાબ કરી નાંખ્યું છે. તે હાલ ખ્રીસ્તીઓ સમારે છે.

આ દેવલમાં ઉપલાં કેસ્પરની કબર મેં જોઇ. કહે છે કે કબર અંદરથી છે અને બાહાર કબરનો દેખાવ છે. કહે છે કે એની સાથવાળો એક બીજો માજી

અહીં પાછો ફરતાં રસ્તામાં મરણ પામ્યો હતો. હવે જર્મનીમાં કોલોનના મોટાં દેવળ (Cathedral) વાળાઓ કહે છે કે એ "ત્રણ માજીઓ"ની કબરો તેઓનાં દેવલમાં છે. એટલે ત્યારે એકથી વધુ દેવલ એ માજીઓનાં કાલબુદ ધરાવવાનું માન ભોગવવા માંગે છે. એમ કોઇક બીજી બાબતોના સંબંધમાં પણ જોઇએ છિએ કે એકજ પ્રકારની ચીજ (relic) એકથી વધુ ધર્માળીય ધરાવવાનું માન ભોગવવા માંગે છે.

ગઓર તપઅ એટલે અસલી આતશની સેતાયશ કરનારાઓની રાખના ડુંગરો.

કહે છે કે આઝરબએઝાનમાં આસરે ૭૦ "ગઓર તપઅ" નામના નાના ડુંગરો સમાન ખંડીઅરો છે. અત્રેની આઝરબએઝાનની તુર્કી ભાષામાં એઓને "શુલ તપઅ" એટલે "રાખના ડુંગરો" કહે છે પણ એઓ માટેનો ખરો ફારસી શબ્દ 'ગઓર તપઅ' છે, જેમાં "ગઓર" તે "ગબર" એટલે "આતશની સેતાયશ કરનાર" એ શબ્દનું રૂપ છે. આપણા દેશમાં પણ એ શબ્દ "ગઓર" તરીકે આવેલો દીસે છે, જે ઉપરથી ફીરંગીઓએ વળી તેને "કઓરી" (Caori) બનાવેલો દીસે છે.

જુલફાથી તબ્રીઝ આવતાં મને માર્ગમાં ત્રેનમાંથી એક "ગઓર તપઅ" દેખાડવામાં આવ્યો હતો. ત્યારપછી મેં એક ગઓર તપઅ ઉરમીઆ તરફ આવતાં દેલમાન શેહેરમાં તા૦ ૬ ઠી અકટોબરે બપોરે ૧૧-૩૦ ને અમલે પેહેલવેહેલો નજદીકથી જોયો અને તપાસ્યો હતો.

દેલમાનનો ગઓર તપઅ

આ દેલમાન શેહેરનું નામ તેને આગલા જરથોસ્તીઓ સાથે જોડતું દેખાય છે. કહે છે કે એ "દેલમાન"નું અસલ નામ "દેલ મોગાન" હતું તે પછવાડેથી દેલમાન થયું. જો એમ હોય તો આગલાં નામનો અર્થ "મોગાન યાને માજીઓ યા આગલા જરથોસ્તીઓનું દેલ (centre)" એમ થાય. આ દેલમાન શેહેરની નજીકમાં એક "કોહેન શેહેર" એટલે "પુરાણું શેહેર" છે. આ નામ શા ઉપરથી પડયું તે બાબે પુછતાં ત્યાંના આગેવાન રહીસે કહ્યું કે તે ઘણા પુરાણા કેઆની વખતનું હોવાનું મનાતું હોવાથી આ નામે ઓળખાય છે.

આ "ગઓર તપઅ" માટે જુદો જુદો ખુલાસો કરવામાં આવે છે. પણ હું ખુશી છું કે ખુદાતાલાની મેહેરબાનીથી મારી તપાસ બાદ હું મારા કરેલા વિચાર પ્રમાણે તેનો પુરતો ખુલાસો કરી શકું છું.

(ક) કોઇ આ તરફ એમ કહે છે કે એવી જગ્યાઓએ આતશકદેહો ઘણાં હતાં. તેથી તે ઉપર બળેલાં બળતણ યા સુખડની જે રાખ લાવી એવી જગ્યાએ ઢગલો કરવામાં આવતી, તેના આ ટેકડાઓ બનેલા છે. પ્રો૦ જેકસન એવો પોતે સાંભળેલો ખુલાસો જણાવી તેઓને "રાખના ટેકડા" (ash-hill) તરીકે જણાવે છે, પણ આ ખુલાસો અશુદ્ધ તરીકે તુરત બાજુ મેલી શકાય. આપણા આતશબેહેરામના દસ્તુર સાહેબો અને આદરીઆનના પંથકી સાહેબો કહી શકશે, કે "નરોજ" યા આદરનું જશન જેવા મોટા દહાડાઓ ઉપર પણ આફ્રરગાનીઆઓ ઉપર રાખનો જીા જેવો મોટો જરથો થતો નથી. ત્યારે રાખના એમ ઢગલા બને એ અસંભવીત છે.

(ખ) કોઇ, દાખલા તરીકે પ્રો૦ જેકસન, કહે છે કે પડી ગયલા આતશકદેહોના એ ઢગલા બન્યા છે. પણ એઓનો જે મોટો ઘેરાવ અને ઉંચાઇ મેં જોઇ છે તે ઉપરથી હું કહી શકું છું કે આ પડી ગયલાં આતશકદેહો નહી હોય. વળી અહીં કહે છે કે આ જગ્યાએથી માટી અથવા જેને એઓ રાખ કહે છે, તે ખેડુતો ખાતર તરીકે પોતાનાં ખેતરોમાં લઇ ગયા છે અને લઇ જાય છે. મેં મારી નજરે જોયું છે કે એમ બન્યું છે. ત્યારે જો પડી ગયલાં આતશકદેહનાં

ખંડીએરોમાં એ મોટા ગંજાવર ઉંચા ઢગલા હોય તો તેના ચુના માટીને ખેડુતો શા સબબે ખેતરોમાં લઇ જઇ ખાતર તરીકે વાપરે ?

(ગ) વળી કોઇ અહીં કહે છે કે અહીં લાશો મેલવામાં આવતી અને તેના આ ઢગલા બન્યા છે. હાલના શબ્દોમાં એ દોખમાં જેવાં ખંડીએરના ઢગલા હોય. પણ આ એવા મોટા ટેકરા છે કે તે દોખમા જેવાં ખંડીએરના ઢગલા નહીં હોય. વળી એમાંથી માટીનાં વાસણના ટુકડા, સોખંડના કોઇક કટકા વગેરે મળે છે. ત્યારે જો એ દોખમું હોય તો તેમાંથી તે નહીં મળે.

હેલમાન શેહેરની આ "ગબ્બેર તપઅ" વાળી જગ્યા ઉપર જઇને મેં આસરે દોઢ બે કલાક ત્યાં ગુજારીને કાંઇક ખોદકામ કરી તપાસ કીધી છે. તે ઉપરથી હું ખાતરીથી કહી શકું છું કે આ આમ લોકોનાં હાડકાંઓનાં અસ્તોદાનો (Ossuaries) ના ઢગલાઓ છે. ખાસ તવંગર લોકો પોતાના કુટુંબનાં અસ્તોદાનોના મકાનો (vaults) બનાવતા. પણ આમ લોકો માટે એક જાહેર જગ્યા કરેલી કે ત્યાં લાસો ભક્ષ થવા પછી હાડકાંઓને પથ્થર યા માટીની બરણીમાં મેલી યા કપડાંમાં મેલી ત્યાં મેલવામાં આવે. વંદીદાદમાં ફરમાવ્યું છે કે દરેક અવસર પ્રમાણે પત્થરનાં યા માટીનાં યા કપડાંના અસ્તોદાનો બનાવવાં. તેવાં અસ્તોદાનો આ એક સામાન્ય જગ્યામાં મેલાયાં હતાં. આ જગ્યાએ માટીનાં વાસણના ટુકડા યા કોઇક ઘડેલા નાના પત્થરના ટુકડા અને પત્થરના અસ્તોદાનોને તેઓનાં ઢાંકણ (lid) સાથે જોડવા માટે ના કોઇક લોખંડના ટુકડાઓ અને સંખ્યાબંધ હાડકાંઓ મળે છે. તે ઉપરથી મારી ખાતરી થઇ છે કે આ ટેકડાઓ, નથી આતશકદેહની રાખના, કે નથી તેઓ આતશકદેહોનાં ખંડીએરો; પણ હાડકાંના અસ્તોદાનોના લાંબા વખતના સંગ્રહના આ ડુંગરો બન્યા છે.

અહીંથી મેં કાંઇક હાડકાંઓ વગેરે લીધાં છે. તેમાં બે ત્રણ દાંતનાં જડબાંઓ મારા બેટા ડા૦ જમશેદને યાદ કરી ખાસ લીધાં છે કે તે તેમાંના દાંતો તપાસી મને કાંઇક વિચારો જણાવે. આ ગબ્બેર તપની આસપાસ હું ફર્યો તો તેમ ફરતાં મને ૧) મીનીટ થઇ. વર્ષો થયાં ખેડુતો અહીંની માટી, તેનાં હાડકાંઓના ભુકાના સબબે ખાતર તરીકે વાપરવા લઇ જાય છે, તેથી તેનો વીસ્તાર કમી થયલો દીસે છે. આગળ તે હાલનાં કરતાં ઘણો મોટો હોવો જોઇએ. પત્થર યા માટીના કોઇક છુટાં છુટાં અસ્તોદાનો આપણા શેહેરમાં આવ્યાં છે. મેં એનથ્રોપોલોજીકલ સોસાયટી હજુર તે અસ્તોદાનો ઉપર વાંચેલા વિષયો ઉપર વધુ વીગત માટે ધ્યાન ખેંચું છું.

ઉરૂમીઆનો ગબ્બેર તપઅ.

એવું એક ગંજાવર અસ્તોદાનોનું 'ગબ્બેર તપઅ" આ ઉરૂમીઆ શેહેરમાં મેં જોયું. મેં તે તા૦ ૭ માએ અને તા૦ ૯ માએ બે વખત ફરી ફરીને તપાસ્યું તે ઉપરથી મેં હેલમાનના "ગબ્બેર તપઅ"ની તપાસ ઉપરથી જે ચોકસ અનુમાનત બાંધ્યું હતું તેને ટેકો મળ્યો અને હું તે બાબે કાંઇ વધારે જાણી શકયો. આ ગબ્બેર તપઅની જગ્યા "દીગ-કલઅ" તરીકે ઓળખાય છે. ઉરમીઆના ઉપલા નેસ્ટોરીઅન પાદરી એ નામ દીગાલહ (Digalah) તરીકે બોલ્યા અને એ જગ્યાને પેગામબર જરથોશતના જન્મની જગ્યા જણાવી અને કહ્યું કે પેગામબરના વખતમાં એને દર સાફેહ (Dar saphah) એટલે "આરામ (pleasure) નો દરવાજો" એમ કહેતા. ખરાબ માટે પણ સારૂ બોલવાની પેલી (Euphemy ની) રીત, જે પ્રમાણે આપણાં બૈરાંઓ ખરાબ માટે પણ સગનવંતી ભાષા બોલે છે, તે પ્રમાણે એમ બોલાતું હોય. આજ સબબે આપણામાં હાલમાં પણ સેવટની અવલમંજલની જગ્યા માટે "આરામગાહ" એમ રૂડું નામ બોલવામાં

આવે છે. ઉરમીઆ નામ પાછળથી પડયું. આ પાદરી સાહેબે પોતે યાહુદીઓના જરથોશ્ત સાથે કાંઇક સંબંધ જણાવ્યો.

વળી આ ગઓર તપઆની જગ્યાને અહીં સામાન્ય રીતે "દીગાલ" તરીકે પણ બોલે છે અને ઉંચો ઢગલો બનેલો હોવાથી "બુલંદ ઢીલ્લો" એમ અર્થ કરે છે. આ ગઓર તપના ડુંગરને જોઇ હું તો અજાયબીથી દંગ થઇ ગયો. આ ગંજાવર ડુંગર દેખાડે છે કે આ પેગામબર જરથોશ્તનાં નામ સાથ જોડાયલાં ઉરૂમીઆના મુલકમાં તેવણનાં મરણ બાદ કેટલી મોટી વસ્તી થયલી હોવી જોઇએ. તે હાલમાં જેમ છે તેમ તેની આજુબાજુ ફરતાં મને સતર મીનીટ થઇ.

આ બીજો ગઓર તપઆ તપાસવા ઉપરથી મને કાંઇક વધુ જાણવાને બન્યું. તે આ કે કેઠે કેઠે ગુંબજ માફક બાંધકામો (vaults) પણ કર્યા હોય અથવા ઉપરના બોજાથી નીચલાં માટી વગેરેનાં અસ્તોદાનો કચડાય નહીં માટે કદાચ થોડાંક પડો થવા પછી કાંઇ બાંધકામ કર્યું હોય કે જે નવાં અસ્તોદાનોને ટેકવી શકે. આ ઉપર કોઇ માહીતગાર "આર્કીટેક્ટ" યા "આર્કીઓલોજીસ્ટ" તેને તપાસી કાંઇ સારી રોશની ફેંકી શકે. મેં એકી વખતે ત્યાં આસરે દસ બાર ખચરોને હાડકાં વીગેરેની માટી ખાતર માટે ભરી લઇ જતાં જોયાં. તે ઉપરથી ધારી શકાય છે કે આખા દહાડામાં આસરે પચાસ યા સો એવા બોજાઓ જતા હશે. ઘણાં વર્ષો થયાં એમ થાય છે તેથી પહેલે એ અસ્તોદાનોનો ડુંગર વધારે મોટો હોવો જોઇએ. આપણા શેહેરમાં આસરે બેંતાલીસ હજાર પારસીઓમાં વરસ દહાડે બારસો પંદરસો મરણની સરાસરી આવે છે તે ઉપરથી આપણે ખ્યાલ કરી શકયે છીએ કે કાંઇ નહીં તો પચાસ વર્ષમાં ઉરૂમીઆ જેવાં મોટાં જરથોશ્તી શેહેરમાં કેટલાં મરણ થતાં હશે અને કેટલાં અસ્તોદાનો ત્યાં મેલેલાં હોવાં જોઇએ. કદાચ એમ પણ હોય કે એવા ઢગલાઓ યા ડુંગરો એકમેકની પાસે પણ કર્યા હોય અને તેના વચ્ચેના ભાગો પાછળથી ત્યાં પણ છુટાં અસ્તોદાનો મુકી જોડી નાખ્યા હોય.

એક હાલની મસજીદ તે આગલું આતશકદેહ.

આ ઉરમીઆ શેહેરમાં જે ત્રીજી જગ્યા એ મારું ધ્યાન ખેંચ્યું તે એક મસજીદ છે, તે એક વખત આપણું આગલું આતશકદેહ હતું એમ દીસે છે. તે મસજીદ મેં તા૦ ૭ મી અકટોબરે બાહારથી જોઇ હતી. અંદર તેઓ જોવા જવા દેતા નથી અને તે ખાસ કરી અંદરથી જોવાની જરૂર પણ નથી. આપણને આપણા વિચારો બાહેરના દેખાવપરથી બાંધી શકયે છીએ. અહીં કોઇ ધારે છે કે એ આગલ એક આતશકદેહ હતું. મારી કોઇક તપાસ ઉપરથી કહું છું કે આ તદન સંભવીત છે કે તે પેહેલે આતશકદેહ હતું. હું ધારું છું કે ઇરાનના પુરાણા આતશકદેહોમાં કોઇક આતશકદેહો મોટા વીસ્તારના મિનારા માફક પણ હોય.

ઉરમીઆમાં જોયલી અને જાણેલી કોઇક હકીકતો ઉપરથી આપણા કોઇક રેવાજો વગેરેનો મલતો ખુલાસો.

ઉરમીઆ તરફ આવતાં અને ખુદ એ શેહેરમાં મેં જે કેટલુંક જોયું અને સાંભળ્યું અને જાણ્યું તે ઉપરથી આપણા રેવાજોના સંબંધમાં હું કોઇક ખુલાસો યા વધુ હકીકતો જાણી શકયો છું તેની કાંઇક વીગત અત્રે ટુંકમાં આપીશ.

ચાર ચશમના કુતરા.

આપણામાં ગુજરેલાંઓની "સગદીદ" માટે બનતાં સુધી "ચાર ચશમ" ના કુતરા એટલે ચાર આંખવાળા કુતરા હાજર કરવાને જણાવ્યું છે. "ચેહાર ચશમ" એવા શબ્દો કોઇક કુતરાઓ માટે મેં આઝરબએજાનમાં સાંભળ્યા

છે. "ચાર ચશમ" એટલે "બે આંખો" ની ઉપર કોઈક કુતરાઓને બે ડાઘા હોય છે, જે જાણે "ચાર આંખો" માફક માલમ પડે. હવે આપણામાં એવા "ચાર ચશમ"ના કુતરા શા સબબે વાપરવા ફરમાવ્યું છે, તે હું આજ સુધી સમજતો હતો નહીં. તે હું ધારૂં છું કે હું હવે સમજું છું. તે એમ કે આ તરફ એવા કુતરા "બદ શુમ" યાને અપસગનવાળા ગણાય છે. એવા કોઈ કુતરા વગર ધણીઆતા રસ્તામાં રખડતા મળે પણ કોઈ તેને ઘરમાં રાખે નહીં યા દાખલ થવા દીએ નહીં. તેઓ એક પ્રકારે જાણે "મોહોત લાવનાર" અપસગની ગણાય. એટલા માટે અસલમાં જ્યારે સગની સગદીદ તો કરવી જોઈએ એવો રેવાજ ઇરાનમાં હતો ત્યારે મોત વખતે એવા મોતની નીશાણી સમાન ગણાતા ચાર ચશમના કુતરાની સગદીદ કરવાનો રેવાજ પડેલો હોવો જોઈએ.

મરણ સાથે એગ કુતરાઓનો કોઈ પ્રકારનો ઉંડો સંબંધ આપણે અસલી યુનાની કુતરા અને વેદમાં જણાવેલા કોઈક કુતરા સાથે જોઈએ છિએ. તે બાબે હું મારા "મરણક્રીયા" (Funeral Ceremonies) ના વિષયમાં બોલ્યો છું.

કાન કાપેલા કુતરા. આપણામાં એક બીજો રેવાજ છે કે "સગદીદ" માં કાપેલા કાનનો કુતરો વાપરવો નહીં. તેનો ખુલાસો પણ હું અહીં સમજી શકયો છું. હું ધારૂં છું કે હું અહીં તેનો સબબ શીખ્યો છું. અહીં કેટલાક કુતરાઓ—ખાસ કરી ભરવાડોના કુતરાઓ (સગે શબાન અથવા આપણા અવસ્તાના શબ્દોમાં કહીએ તો "પસુશ હર્વ" એટલે પશુ યાને ગોસપંદની પાસબાની કરનારા કુતરા)—ના કાન આપણે કાપેલા જોઈએ છિએ. અહીં કહે છે કે એવા કાન કાપેલા કુતરાઓ વધારે હુશીઆર, મજબુત અને એક પ્રકારે વધારે આંગ ઉપર દોડનારા (ferocious) બને છે અને તેથી મેં જાણ્યું કે તેઓ આપણી મોટર પાછળ પણ એવા ઝનુનથી દોડે છે કે જાણે કોઈ હાથમાં આવે તો હુમલો કરી કરડે. ત્યારે એવું દીસે છે કે આઝર-બઈજાનમાં જેમ ચાર ચશમના કુતરા બાબેનો ખ્યાલ તેમ કાન કાપવાનો રેવાજ અસલથી ઉતરી આવેલો છે. આવા કાન કાપેલા કુતરાઓ ઝનુની અને કોઈનાં આંગ ઉપર દોડે તેવા હોવાથી, તેઓને ઘરમાં "સગદીદ" કાજે લાવવાનો અટકાવ કરેલો, કે તેઓ ત્યાં ભેગી મળેલી મીજલસના કોઈ પુરૂષ ઉપર હુમલો કરે નહીં.

સગદીદ. "સગદીદ" એટલે "સગ યા કુતરાએ જોવું." આ મુલકમાં કુતરાઓની જોવાની અને સુંઘવાની તિક્ષણ શક્તી બાબે જે કાંઈ સાંભળ્યું તે ઉપરથી આપણી "સગદીદ" ની ક્રિયા બાબે કાંઈક વિચાર આવ્યા. સગદીદ શા માટે કરવામાં આવે છે તે માટે બે ત્રણ નેમો જણાવવામાં આવી છે. ડા૦ હાઉગે 'મેગનેટીક (magnetic) અસર" એવો કોઈ શબ્દ વાપરેલો મને યાદ છે. પણ એક ભણેલા પુરૂષથી અહીં એનોજ શબ્દો સાંભળી હું અજબ થયો. પોતાનો વિચાર મારા મન ઉપર ઠસાવવા તેવણે આ અંગ્રેજી શબ્દ વાપર્યો. તેવણે બોલ્યા કે કોઈક કુતરામાં એક પ્રકારની મેગનેટીક (magnetic) નજરની ખુબી છે. તે એક જાનવર મુએલું છે કે જીવતું તે તુરત પોતાની બારીક બીન નજરથી પિછાણે છે. અહીં હાલમાં પણ જો એક મુએલું માણસ જંગલમાં પડેલું હોય તો કુતરો તેનો ભક્ષ કરે છે. પણ જો તેની પાસે કોઈ બીજું આદમી એવું તો બેહોશ યા બીમાર પડયું હોય કે તેનો કાંઈ દમ પણ માલમ પડે નહીં તોપણ તે કુતરો તેને અડકે નહીં, એટલે કે તેનામાં કાંઈ અજબ જોવાની શક્તી છે કે જેથી તે મુએલાંને જીવતાંથી પિછાણી શકે. તુલે નામનાં ગામમાં એવા કુતરાની જાતને "તારી" કહે છે. આપણા

મગદીદની નમ કોઈ એવીજ જણાવે છે કે જો કુતરો લાશને ટીકી ટીકીને જુએ તો સમજવું કે તે આદમી ખરેખર મરણ પામ્યો છે, જો તેના તરફ નજર નહીં કરે અને નજર ફેરવી નાખે તો જાણવું કે તે તદન મરણ પામ્યો નથી.

પોઉરૂદર્સ મરઘો. યુરોપમાં સફર કરતાં મરઘાનો પોકાર આપણે કાને પડતો નથી. આ મુલકમાં આવતાં સહેવારના પોહોરમાં આ સુંદર પક્ષીનો સુંદર અને આપણને કાંઈક હુશીઆરી આપનારો આવાજ સમજ્યે છિએ. અત્રેનાં ગામડાંઓમાં ઘણુંખરે ઘરે આ ભાગ્યશાળી પ્રાણીને પાળવામાં આવે છે. આ પક્ષી તરફનો પ્યાર જાણે કાંઈક પુરાણાં વંદીદાદના વખતથી આ આઝરબએજાનના મુલકમાં ઉતરી આવ્યો છે. આ તરફ આ પક્ષીનો આવાજ વંદીદાદમાં મરઘા માટે અને તેના પોકાર માટે જે લખ્યું છે તે સર્વની યાદ આપે છે. આપણામાં મરઘાને "પોઉરૂદર્સ" એટલે ખોરશેદના ઉગવાને "આગમચથી જોનાર" તરીકે જણાવ્યો. અત્રેનાં એક રહીશ તેને માટે "મનાદીએ ઉક" એટલે ખુદાતાલા તરફથી "આફતાબના આવી પહોંચવાની ખબર આપનાર" તરીકે બોલ્યો, જે જાણે "પોઉરૂદર્સ"નો અર્થ હતો. આપણામાં મરઘાને સરોશનો સાથી જણાવ્યો છે. તેના પોકાર સાથ જાણે ગતના દેવો યા ભુતો બેમાલુમ થાય છે. આપણે જાણ્યે છિએ કે આ બાબતનો કાંઈક અંગ્રેજી ખ્યાલ શેકસપીઅરે પોતાના "હેમલેટ"ના નાટકમાં દર્શાવ્યો છે. આ બાબત માટે "Cook as a sacred bird" નામના મારા અંગ્રેજી વિષય ઉપર અને "પોઉરૂદર્સ મરઘાના આવાજ" બાબેના મારા ગુજરાતી વિષય ઉપર ધ્યાન ખેંચું છું.

ચેરાગ બાબેના રેવાજો. તે ફુંક મારી બુજાવવો નહીં વગેરે. અત્રે આઝરબએજાનના રહીશો હજુર પણ આપણી માફક ચેરાગને બુજાવવો હોય ત્યારે ફુંક મારીને બુજાવે નહીં, પણ હાથથી યા તે ઉપર કાંઈ ચીજ દાબીને બુજાવે. વળી આપણામાં આગળ રેવાજ હતો કે રાત પડતાં ચેરાગ હાજર થતાં સર્વ તેને નમે. તેમ અહીં પણ એ આગલો રેવાજ કાંઈક જળવાયલો કહેવાય છે કે ચેરાગ હાજર થતાં એઓ તેને અને એકમેકને સલામ કરે છે. આ પુરાણા ઇરાની રેવાજ હીંદુસ્તાનમાં પણ શાહ અકબરે દાખલ કર્યો હતો અને તેનો અબુલફઝલ તવારીખ-નવેશ તે બાબે કાંઈક જાણવાજોગ લખે છે. આવા કોઈક કદીમ પારસી રેવાજો પોતાની દરબારમાં દાખેલ કરવાથી અકબર પોતાના કોઈ હમજાતીઓની નાપસંદગીમાં આવી પડયો હતો. એ બાબે અંગ્રેજી સાએર ટેનીસન (Tennyson) પોતાની "અકબર" નામની કવીતામાં બોલ્યો છે. "શાહ અકબરની દરબારમાં પારસીઓ અને દસ્તુર મેહરજીરાણા" મારા વિષયમાં હું એ બાબે કાંઈ વીગતે બોલ્યો છું.

વળી એઓ ચેરાગને બુજાવવો હોય તો સાધારણ વપરાતા શબ્દો પ્રમાણે એમ નહીં કહે કે "ચેરાગરા ખામુશ-કુન" પણ કહે છે કે "શાદકુન" એટલે ચેરાગને "ખુશી કરો." આપણાં બૈરાંઓ પણ સારા શબ્દો તરીકે "બુજાવો" એમ નહીં બોલે પણ "વધતો કરો" એમ બોલે.

ઉઘાડે માથે ફરવું નહીં. આ તરફ આપણે સર્વને ઢાંકેલ માથે ફરતા જોઈએ છિએ. આપણાં પુસ્તકોમાં ઉઘાડે માથે ફરવું એક ગુનાહ ગણાયો છે, તેની અહીંનો આ રેવાજ યાદ આપે છે. અહીંના કોઈક પુરૂષો સાથે વાત કરતાં તેઓ કહે છે કે માથું ઢાંકેલું રાખવું એ સામાન્ય રેવાજ છે. હીરોડોટસ (Herodotus)

પણ ઇરાનીઓ અને પલેટીઅનો (Platœans) વચ્ચેની લડાઇનાં વર્ણનમાં કહે છે કે ઇરાનીઓ હમેશાં પોતાનાં માથાંને ઢાંકેલું રાખતા. આ સબબે ઘણાં વર્ષો બાદ જ્યારે એ બંને લોકોની લાસોની ખોપરીઓ તપાસવામાં આવી ત્યારે ફરક માલમ પડયો. હીરોડોટસ, લાસોના જે ઢગલાઓ (mounds) માટે બોલે છે તે કદાચ ઉપર જણાવેલા "ગઓર તપઅ" જેવા હોય.

ઉઘાડે પગે ચાલવું નહીં.

એજ પ્રમાણે તમો અત્રે કોઇને ઉઘાડે પગે જોશો નહી. ગરીબમાં ગરીબના પગમાં પણ કાંઇ પહેરેલું હોય છે. માર્ગમાં કોઇ કદાચ કોઇ ઉઘાડે પગે દીસે તો તે અબંસ્તાન તરફથી પોતાનાં ઉંટ સાથે આવેલો આરબ દીસે છે. ઉઘાડે માથે અને ઉઘાડે પગે નહી ફરવાની બે બાબતોમાં મને અત્રેના એક ગ્રહસ્થે કહ્યું કે કદાચ માથું ઉઘાડું હોય તે તો જરાક પણ ચલાવી લીએ. પણ પગ તો હમેશાં ઢાંકેલા રાખવા જોઇએ.

આ તરફના સીહા ગોસફંદો.

આ મુલક તરફ ટોળાંનાં ટોળાં (રમે) ગોસફંદોને આપણે ચરતાં જોઇએ છે. પાદશાહ જમશેદના સીફતી વિશેષણોમાં આપણે એક "સારાં ટોળાંવાળો" એમ જોઇએ છીએ, જેને માટેના અવસ્તાના શબ્દ માટે આપણે ફારસીમાં "હુ-રમે" (સારાં ટોળાંવાળો) જોઇએ છિએ. અહીં આપણે 'રમે' શબ્દને "માણસનાં ટોળાં" સમજતા આવ્યા છિએ. (જુઓ મારો "જમશેદ" નામનો વીષય). પણ હું ધારૂં છું કે તે આપણે 'ગોસપંદોનાં ટોળાં (flocks)" સમજવાં જોઇએ. આ તરફ અહીં અને તહીં હજારો ગોસપંદો જોઇ આપણને એ શબ્દ યાદ આવે છે. વળી આપણે બુનદેહેશ (બા. ૩૦) વિગેરેમાં વાંચ્યે છિએ કે "સીહા ગોસફંદોમાંથી સફેદ પરખાઇ આવે." તે અહીં સફર કરતાં જે કાળા રંગનાં ગોસફંદો આપણે જોઇએ છિએ તેપરથી સમજ પડે છે આપણા અંગ્રેજી કહેવત સમાન શબ્દો "કાળો મેંઢો" (Black sheep) જાણે અહીં લાગુ નહી પડે. વળી પહાડોની કહણે અને મેદાનમાં ચરતાં આ હજારો ગોસફંદો વચ્ચે જે વરૂ જેવું કોઇ જીઆનગર પ્રાણી તુટી પડે તો તે ગોસફંદોની બીહીકનો ખયાલ આપણે અહીં કરી શકયે છિએ કે જે માટે આફ્રીનમાં ભણ્યે છિએ કે "ચુન મીષ હ ગોર્ગાન બેશીદ કે અગ બોએ ગોર્ગ ફ્રાજ તરસીન્દ (આફ્રીને અરદાફ્રોશ.') યથ મએષિ વેહેર્કંવઇતી વેહર્કાત હચ ફ્તરેસઇતિ (એજ આફ્રીન).

અહીંના ઉદયોગી ખેડુતો-વંદીદાદના ફર્માનની યાદ.

આપણા પેગામબરનાં જુદાં જુદાં શીક્ષણોમાં અંબ મરડી બાજુબળથી રોટી પેદા કરવાનું ફર્માન, જેણે ખેતીની સીફારસનું રૂપ લીધું છે, તે પણ ઉત્તમ ગણાય છે. ગીબન પણ (The Decline and Fall of Rome) માં આ શિક્ષણની એક સુંદર શિક્ષણ તરીકે તારીફ કરે છે. એ ફર્માન પ્રમાણે ખેતી કરવી તે જાણે માજદયસની દીન પાળવા બરાબર છે. પેલી લાટીન કહેવત કે Laborare est Orare એટલે ઉદયોગ એ બંદગી સમાન છે (Work is worship), તેનું એ શિક્ષણ જાણે બીજું રૂપ છે. જ્યારે અહીં આપણે હાલમાં પણ ઉદયોગી ખેડુતને તરેહવાર રીતે દુરના પહાડોમાંથી કનાત મારફતે યા નેહેર (આબજુઇ) મારફતે કોઇ યુકતીથી અહીં પાણી લાવતા જોઇએ છિએ ને પોતાના એક જાનવર સાથે જમીન ખેડતો જોઇએ છિએ અથવા હાથમાં કોદાળી પાવરો લઇ "ડાબીથી જમણી અને જમણીથી ડાબી" બાજુએ આંગ મરોડી કામ કરતો જોઇએ છીએ, ત્યારે જાણે વંદીદાદની સરેહ વાંચતા હોયે તેમ લાગે છે. ખુદા એ બીચારા ગરીબ ખેડુતોની મેહેનત ઉપર આશીર્વાદ વરસાવે!

ગાય ગોસફંદો ઉપરથી નામો.

પોતાની કોમમાં નામો પૈસા યા જરજવાહીર ઉપરથી આપવાં એ રેવાજ આપણે આપણા દેશમાં આપણામાં અને હીંદુઓમાં જોઇએ છિએ. દાખલા તરીકે આપણી પારસી સ્રીઓનાં નામો "સુનાબાઇ, રૂપાંબાઇ, મોતીબાઇ, માણેકબાઇ, હીરાંબાઇ, જરબાઇ" દોલત ગણાતાં સુના રૂપાં અને જરજવાહીર ઉપરથી પડયાં છે. તેમ અસલ અવસ્તાના જમાનામાં મરદોનાં નામો તે વખત ગાય ગોસપંદો, જેને તે જમાનાની દોલત ગણતાં, તે ઉપરથી પડયાં હતાં. દાખલા તરીકે પેગામબર જરથોશતનાં બાપનાં અને બીજાઓનાં નામો ઘોડા "અસ્પ" ઉપરથી પડયાં હતાં. દાખલા તરીકે પોઉરૂશસ્પ, પઇતીરસ્પ, હચએતસ્પ, બએવારસ્પ વગેરે. તેમ કોઇ નામો "ઉશત્ર" એટલે "ઉંટ" ઉપરથી પડયાં હતાં. દાખલા તરીકે પેગામબરનું પોતાનું નામ જરથુસ્ત્ર અને ફરશઓશત્ર. ફરેદુનની ઓલાદના ધણાકોનાં નામ બુનદેહેશ પ્રમાણે તોરા યાને બલદ યા ગાય ઉપરથી પડયાં હતાં. હવે અહીં ફરતાં આપણે જ્યારે આ ગાય ગોસપંદો વગેરેને ખેડુતોના માલમીલકત તરીકે જોઇએ છિએ ત્યારે આપણને આ વંદીદાદ જમાનાના રેવાજની યાદ આવે છે. અત્રેના ભારબરદારી જાનવરોમાં આપણે ઘોડા, ઉંટ, ખચ્ચર જોઇએ છિએ. મેં ખુદ ઉરૂમીઆ તરફ હાલ ઉંટો થોડાં જોયાં છે પણ તબ્રીઝ તરફ સંખ્યાબંધ જોયાં છે.

આ તરફ સવારી ઉપરાંત આપણે ગાડી અને ગાડાં પણ જોઇએ છિએ. માણસ જાતે ઘોડાને પોતાના ઉપયોગમાં લાવવાનું (domesticate) કરવાનું શરૂ કર્યું, ત્યારે ઘોડાને પેહેલ ગાડીમાં જોડયો કે સવારીમાં વાપર્યો? એ બાબે કોઇક એનથ્રોપોલોજીસ્ટો તકરાર કરે છે. આ તરફ વિચાર આવે છે કે આ જાનવર પેહેલ સવારીમાં કામ આવ્યું હોય. (આ બાબત માટે જુઓ મારો વિષય Horse in ancient Iran).

આ તરફના મુલકની ખાનાખરાબી.

"ખાનાખરાબી" એટલે કોઇ ઘરને ખરાબ કરવું, તેના બોલબોલના અર્થ પ્રમાણે મેં ખાને એટલે ઘરો તો શું પણ ગામડાંઓ અને શહેરોની, એક બે ગામની નહી પણ સંખ્યાબંધ ગામોની, ખરાબી જોઇ. માર્ગમાં જોયલાં નાશ પામેલાં ઘરોનાં પ્રમાણમાં સેંકડો ગામડાંઓની અને તેમાં ઉરૂમીઆ શહેરના મોટા ભાગની ખરાબી થઇ છે એમ મેં જાણ્યું છે. કહે છે કે એક મુસલમાનને હાથે એક આ તરફના ખ્રીસ્તી વડા ધર્મગુરૂનું ખુન થયું. તે સબબે આરમીનીઆના અને અત્રેના આજુબાજુના કોઇક ખ્રીસ્તીઓએ આસરે સાત આઠ વર્ષપર ઇરાનની સલતનતની પડતી હાલતનો લાભ લઇ અત્રેના મુસલમાન ગામો ઉપર હુમલો કરી હજારોહજાર ઘરોનો નાશ કર્યો અને હજારો લોકોને મારી નાંખ્યાં. માર્ગમાં ઘણાં નાનાં મોટાં ગામડાંઓ એમ એક પણ આદમી વીનાના તારાજ થયલાં મેં જોયાં. જર્મન તોપોને હાથે ફ્રાન્સના રીમસ (Rhems) શેહેર અને બીજાં ગામોની પાયમાલીની યાદ આવી. અહીં તો જાણે મૈલના મૈલો સુધીની ખરાબી મેં જોઇ.

તર્કોને હાથે ખ્રીસ્તીઓની કતલ (massacre) બાબે કાંઇ વાંચતાં ખ્રીસ્તીઓ તરફ આપણી કાંઇક દીલસોજી દોડતી હતી. પણ ખ્રીસ્તીઓને હાથે હજારો ઘરોની ખુવારી નજરે જોઇ અને હજારોહજારની કતલની હકીકત સાંભળી હું અજબ થયો છું. મારા જેવા એક ગરીબ મુસાફરની દીલસોજી યા નહી દીલસોજીની તેઓને શી પરવા છે? પણ તેઓને કોઇક ખરૂં યા ખોટું એક ધણી તરફથી કારણ મળ્યું હોય તે સબબ એમ હજારો નીરદોશ ઘરોની ખરાબી કરવી—હજારોહજાર લશકરના સીપાહોની નહીં પણ ગરીબ ખેડુતો વગેરેનાં ઘરોની ખરાબી કરવી અને કતલ કરવી એ-બચીત દુખદાયક છે. એક બે કલાકની કુચમાં નહીં પણ એક બે દહાડાની કુચમાં ગામોનાં ગામોની આ "ખાનાખરાબી" મારી યાદમાં રહી જશે.

આઝરબઐઝાન-ઉરૂમીઆ,
તા૦ ૯ મી અક્ટોબર ૧૯૨૫.

પેગામબર જરથોશ્તનાં ધારવામાં આવતા ગામની મુલાકાત.

પેગમબર જરથોશ્તની જન્મભુમી બાબે ઘણુંક લખાયું છે. તે સર્વેની કાંઇક હેરફેર બાબેત વચ્ચે આ લગભગ ચોક્સ ઠર્યું છે કે તેવણુનો જન્મ-મુલક આઝરબઐઝાન છે અને આઝરબઐઝાનમાં ઉરમીઆનો ભાગ તેવણુની ખાસ સર જમીન ગણાય. હવે "શગ્નોહહાએ ઇરાન." નામનું આપણું એક પેહેલવી પુસ્તક એક કદમ આગળ વધી એક નવી બાબત જણાવે છે અને તે આ કે તેવણુના જન્મનું શેહેર યા ગામ આમુઇ (અથવા આમવી છે). માફ તે પુસ્તક મારી સાથે અહીં નથી માટે હું કોઇ ચોકસ વીગત આપી શકતો નથી.

હવે ઉરમીઆ આવતાં મેં આ બાબતની પુછપરછ કરવા માંડી અને પુછયું કે "આમુઇ યા એને મલતાં નામની કોઇ જગ્યા આ તરફ છે કે?" મને કહેવામાં આવ્યું કે આસરે ચાર ફરસખ એટલે આસરે બાર મૈલપર એક "આમવી" નામનું ગામ છે. આ નામ સાંભળતાં મને કાંઇક ઉલટભરી આશા આવી અને ખુશી ઉપજી, સબબ કે "આમવી" અને "આમુઇ" એકના એક ફારસી હરફે લખાય. કોઇ "આમવી" વાંચે તો કોઇ "આમુઇ" વાંચે. મેં તે ગામ તરફ જવાની ખાહેશ દેખાડી. પેહેલે તે ખાહેશ તરફ કાંઇક દીલસોજી દેખાડવામાં આવી કે રાહ ઘણો ખરાબ છે, છતાં વિચાર કરવામાં આવશે. પણ તા૦ ૭ મીની રાતે મને 'ના' જણાવવામાં આવ્યું કે "રસ્તાની મુશકેલીને સબબે બનશે નહી." આથી હું કાંઇક નાઊમેદ થઇ બીછાને ગયો. થોડીક રાહત આપનારી ઉંઘ બાદ જાગતાં મને ઘણી નીરાશી લાગી કે "અહીંવેર આવ્યો છું અને મારાં પુસ્તકમાં જણાવેલી જગ્યાના નામને મલતી જગ્યા અહીં કહેવાય છે તો તે જોવાની મને જોગવાઇ મલતી નથી" તે અને તે વિચારમાં રાતનો પાછલો ભાગ ચટપટમાં કાઢી બામદાદમાં ઉઠી, ખુદાની બંદગી કરી, તે સાહેબની યારી માગી અને એક નરમાશભરી ચીઠી મારા મેજબાન ઉપર લખી. નમનતાઇથી શરૂ કરી ફારસીમાં કાંઇક આજેજી સાથે લખ્યું કે "હું હજારો મૈલથી અહીં આવ્યો છું અને મને અહીં એક ગામનું નામ એવું માલમ પડયું છે કે તે મારા અભ્યાસ પ્રમાણે પેગમબર જરથોશ્તનું જન્મ-ગામ હોય. માટે તે જોવા વગર જવું મને ઘણું નાઊમેદ કરનારૂં છે. રસ્તાની મુશકેલીનો મેહેરબાની કરી ઘણો વિચાર કરવો નહી. હું મારાં મુંબઇ શેહેરમાં હજુરે પણ સવાર સાંજ આસરે પાંચ યા છ મૈલ ચાલું છું. ઉપલું ગામ આસરે બાર મૈલ છે, તો ફીકર નહી મને એક ઘોડો આપવો કે હું ચાલતાં થાકું તો થોડીક વખત તે ઉપર બેસું" વગેરે વગેરે. આવો અર્જ ગુજારીનાં પત્ર લખી સવારનાં પોહોરમાં એક માણસને હાકેમને તવણુના ઓરડામાં હાથોહાથ પહોંચાડવાને આપ્યો. ખુદાની મેહેરથી તેવણુનું દીલ પીગળ્યું અને તેવણ ઉપર અસર થઇ. તેવણ રાબેતા કરતાં વેહેલા તૈયાર થઇ મારી આગળ આવ્યા અને કહ્યું કે મારી ખાહેશ બર લાવવાને તેવણ બનતું કરશે. આથી હું ખુશી થયો. તેવણે હું જે ભાડેની મોટરમાં અહીં આવ્યો હતો તે મોટરવાળાને તેડાવી મોટર તૈયાર કરવા કહ્યું કે જેમ બને તેમ, જોકે રસ્તો સારો નથી તોપણ, તેમાં જવું. તેવણ પોતે પણ એ તરફના ગામોમાં કોઇ દહાડે ગયા હતા નહી. તેથી તેવણે પણ વિચાર કીધો કે સાથે આવે. સારાં ભાગ્યે ઉપલાં આમવી અથવા આમુઇ ગામનો "રઇસ" એટલે પટેલ સમાન વડો ઉરમીઆ ખાતે

આવેલો હતો, તેને સાથે લીધો. આ આમવી ગામ હાલ કુર્દ (Kurd) લોકોથી વસાયલું છે, તેથી આ રહસ પણ એક દેખાવડા તનનો લશ્કરી પોષાક સાથનો કુર્દ હતો.

ખુદાતાલાનું નામ જુબાન ઉપર લઇ આસરે દસ વાગે અમો નિકળ્યા. પણ અર્ધા કલાકમાં એક "આબજુઇ" એટલે ખેતરમાં પાણી લઇ જવાના ઉંડા માર્ગમાં મોટર અટકી પડી. પડોશનાં ગામડાંનાં લોકોની મદદથી અર્ધે કલાકે તેને છુટી કરી આગળ ચાલવા માંડયું.

માર્ગમાં મને આગળ જણાવવા પ્રમાણે એક બીજો "ગબ્રોર તપ્પ" હાકેમે "આબહર" ગામ આગળ દુરથી દેખાડયો. તે ઉપરથી અરજ કરી મોટર થોભાવી હું તે આસરે પા કલાક ફરીને અને તપાસીને જોઇ આવ્યો. આ ત્રીજો "ગબ્રોર તપ" હતો, જે મેં આગળ જઇ જોઇ તપાસ્યો અને એ "ગબ્રોર તપ્પ" તે અસ્તોદાનોના ઢગલાઓનો ડુંગર છે એમ વધુ ખાતરી કીધી.

આગળ ચાલતાં થોડા વખતમાં મોટર એક મોટી ઉંડી "આબ-જુઇ"માં ખુંટી બેઠી. ઘણાં ફાંફાં મારવા છતાં તે નહીં આગળ કે પાછળ લેવાઇ શકાય. અમો ઉતરી પડયા. અમારી સાથે હાકેમે એક લશ્કરી સેપાહને પણ લીધો હતો. મોટરનો માલેક પણ તબ્રીજથી મારી સાથે આવ્યો હતો. સર્વએ પેહલે પેલી "આબજુઇ"ને બે ઠેકાણેથી ફોડીને જુદો માર્ગ આપ્યો અને આડા પથરો નાખી પાણીને મોટર ભણી આવતાં અટકાવ્યું. થોડા વખતમાં ત્યાં બાજુએ જાણે નાનો તળાવ બની ગયો. તે છતાં કોઇપણ પ્રકારે કાદવમાં ચીટકી ગયલી મોટર છુટી થઇ નહીં. તેવામાં સારા બખ્તે એક કુર્દીશ ઘોડેસવાર ત્યાં આવી લાગ્યો. તેને તેના ઘોડા ઉપરથી ઉતારી હાકેમે અમારી સાથના સીપાહને તે ઘોડા ઉપર બેસાડી મારતે ઘોડે પડોશના પહાડ પાછળનાં "સવાબ" ગામમાં માણસોની મદદ માટે મોકલ્યો. આસરે અર્ધા પોણા કલાકમાં મદદ આવી. કોદાળી પાવડાથી આજુબાજુની જમીન ખોદી જેમ તેમ મોટરને છુટી કરી. તેમ કરતાં આસરે દોઢ પોણાબે કલાક નિકળી ગયા. "ખીરયાર બદ શુદ" એટલે "ઘણું ખરાબ થયું" એમ હાકેમથી સાંભળી મારે જરડે પાણી ઉતર્યું. વળી મોટરનો માલેક પણ ફફડતો હતો કે તેની મોટર ખરાબ થાય છે. મારે લીધે મારા મેજબાન હાકેમને એમ મેહેનત પડી તેથી હું ઘણો ઘરગાવા લાગ્યો. મારા તરફથી કામમાં કાંઇક હીસ્સો આપવા "આબજુઇ"ના વાટમાં નાખવા હું પથર વીણી લાવ્યો હતો અને મોટરને દોરી બાંધી ખેંચવામાં મદદ કીધી હતી. હાકેમ તેમ કરતાં મેહેરબાની કરી મને વાળતા હતા કે "જનાબેઆલી! જેહમત મ કશીદ" એટલે "તમો મેહેનત ના લેઓ."

હવે આગળ ચાલતાં પણ ખટકે ખટકે નાળાંમાં યા "આબજુઇ"ઓમાં એવોજ કાંઇ રાહગાત બનતો. તે જોઇ હું ઘણોજ શરમીંદો થતો. બાર મૈલનો રાહ સારા રસ્તા ઉપર એક સારી મોટર અર્ધા કલાકમાં કાપે. પણ સહવારનાં દસ વાગેના નિકળેલા તે બેતરો અને બાહીઆં અહીં અને તહીં ફાંફાં મારીને કુદાવતાં અમો છેક આસરે ૪) વાગે આમવી ગામ આગળ આવ્યા. ગામમાં જઇને પેલા કુર્દીશ રહસને ત્યાંજ કાંઇ ખાધું પીધું એવા વિચારથી ઘરથી કોઇએ જમવાનું લીધું હતું નહીં. ગામમાં જઇ દહીં, મધ, ઇંડાં, ચાહે લઇ કાંઇક રાહત મેળવી.

હવે જેમે તેવી હાડમારી છતાં અને કાંઇક શરમીંદગીના બોજા છતાં મારી ધારેલી જગ્યાએ ખુદાની મેહેરથી હું આવ્યો તેથી તે દાદારનો ઉપકાર માની, હું ખુશ ખુશ થયો કે મારા અભ્યાસ પ્રમાણેનાં અને મારા વિચાર પ્રમાણેનાં મારાં પહેલીવાર તરજુમો કરેલાં પેહલવી પુસ્તકમાં જણાવેલાં મારા બરહક અશો પેગમબરનાં

જન્મ-ગામમાં હું આવ્યો. આ ગામમાં ઉપલા કુર્દીશ રહીસે કહ્યું કે "હાલમાં એ એક નાનું ગામ છે. પણ એક વખતે તે મોટું ગામ યા શહેર હતું." ત્યાં માર્ગમાં પડેલા ખંડીએરો જેવા પથરો ઉપરથી મને પોતાને પેહેલેથી માલમ પડયું હતું કે અહીં આગળ મોટી વસ્તી હશે. આ એક ખેંચાણ કરનારૂં (pioturesque) ગામ હતું. તે પહાડોની વચ્ચે હતું. તેની પછવાડેના પહાડોની પછવાડેના પહાડો બરફથી ઢંકાયલા હતા. ત્યાં આવતાં ઘણા તફાવત સુધી એક સુંદર નીર્મળ પાણીની નદીને જોતા રહ્યા હતા કે જે નદીને હાલમાં "તાલીન" કરી કહે છે. આ ઉર્મીઆના મુલકમાં નદી માટે બોલતાં ફક્ત "રૂદ" એટલે "નદી" એમ નથી બોલતા પણ "રૂદખાને" એટલે "નદીનું મકાન" કરીને બોલે છે.

ગામમાં પહોંચતાં મને થોડેક દુર એક "ગએબાર તપઆ" દેખાડયો અને કહ્યું કે તે "આતશ પરસ્તો"નો હતો. આ ગએબાર તપઆ ઉપરથી માલમ પડે છે કે એ ગામમાં અસલ મોટી જરથોશ્તી વસ્તી હશે. મેં આ તરફ આવતાં મૈલોના મૈલો સુધી એવા પ્રકારના પત્થરો જોયા કે જેઓ દેખાડે છે કે તેઓ કોઇ પુરાણાં ખંડીએરોના હોય.

આ જગ્યાની માટીને આતશની રાખ યા રખ્યા મીસાલે કાંઇક હરખ સાથે મારે કપાળે લગાડી, મેં આપણાં બરહક પેગમબર સાહેબનું નામ યાદ કર્યું. તવણના જન્મની જગ્યા તરીકે મેં શોધેલું ગામ કાંઇક વધુ તપાસ બાદ તેવણના જન્મ-ગામ તરીકે ઠરે કે નહીં ઠરે—મને પોતાને પણ મુંબઇ પાછા ફરી એ બાબે કાંઇક વધુ અભ્યાસ કરવાનો છે—તોપણ મને મારા જીગરનો સંતોષ છે કે તે બાબેની શોધખોળ કરવા કાજે મેં કાંઇક જેહમત ખેંચી મારી બનતી કમીની કોશેશ કરી છે. ખુદા મારી કોશેશ ઉપર આશીર્વાદ વરસાવે અને જે પણ સચ્ચાઇ હોય તે બહાર લાવે. અમે

તેમ પરિણામ આવે, પણ હું તે દાદારે પાકનો આભારી છું કે તે સાહેબે મને મારે ધારેલી જગ્યાએ આવવાને મારી દીધી છે.

હાકેમ પોતે પણ આ જગ્યાએ પેહેલા આવ્યા છે. તેવણના કહેવા પ્રમાણે આ જમીનપર પેહલી મોટર મારી આવી છે. ખુદા મારી શોધને ખરી પાડે અને મારા પછી ઘણાં જરથોસ્તીઓની મોટરો અહીં આવે.

ઉપલાં ગામમાં મને દુરથી એક નેસ્ટોરીઅન ખ્રીસ્તી ધર્માલય પણ દેખાડવામાં આવ્યું. વળી હાલમાં એ ગામ કુર્દ લોકોથી વસાયલું છે. આ મુલકની માલેકીમાં અવારનવાર ફેરફાર થતા રહેવાનું આ પરિણામ છે. વળી સાસાનીઅન શાહાનશાહોએ અને ખાસકરી નોશેરવાન આદેલ ઘણી સહનશીલતાના વિચારોથી ખ્રીસ્તીઓને ઇરાન મુલકમાં વસવા દીધા હતા અને તેઓને તેઓનાં ધર્માલયો બાંધવા દીધાં હતાં. હાલમાં ઉપલાં આસુઇ ગામમાં આસરે પચીસ ઘરોની વસ્તી છે. આ તરફ "પરદા" જેવું કાંઇ નથી. માર્ગમાં કુર્દીશ સ્ત્રીઓને ખુલ્લે ચેહેરે ફરતી જોઇ. કોઇક સ્ત્રીઓ જેઓના ચેહેરાને આપણે "ખભડાયલા સુંદર ચેહેરા" (rough fair face) કહીએ, તેઓ જાણે મરદ જેવી દેખાય.

ઉર્મીઆના જે હાકેમની મહેમાનદારી અને મેહેરબાની ભોગવી હું આ મથકે આવ્યો, તેવણનું નામ હાજી અલીખાન બહાદુર સતવતે સલતનત છે. તેવણનો ઓહદો "હાકમે ઉરૂમીએ વસેલમાસ" છે. આગળ જે "દેલમાન" શેહેર માટે હું બોલ્યો છું તે શેહેર સેલમાસના મુલકનું મુખ્ય શેહેર છે. એ સેલમાસના મુલકની હાકમી પણ ઉર્મીઆ સાથે જોડાયલી છે. આ હાકેમ સાથે મેં ઉપલું આસુઇ યા આસમવી ગામ આસરે પાંચ કલાકે છોડયું. એ ગામ તરફ આવતાં આવતાં જ્યાં જ્યાં પણ અડચણો નડી હતી, ત્યાં ત્યાં હાકમ ફરમાવતા આવ્યા હતા કે રાહ તુરત દુરસ્ત કરે. તેમ પથર માટી

વગેરે નાખી રાહ દુરૂસ્ત કરવામાં આવ્યો હતો. તથી આ પોણાત્રણ કલાકમાં ઘરે પાછા ફર્યા હતા. એક જગ્યાએ અંધારામાં રસ્તો ભુલ્યા હતા તે શોધવામાં આસરે પા થા અર્ધો કલાક ગયો હતો.

આમુઇ ગામની આતરાફ.

આ આમુઇ ગામની આતરાફ (surroundings) આપણને કાંઇક પ્રેરણા આપે એવી રૂડી જગ્યા છે. આપણા પાક પેગમબરના જન્મ-ભોમ તરીકે આપણે આ આતરાફ તરફ નજર કરી પેગમબરીની પ્રેરણા માટે તે એક લાયક જગ્યા છે એમ ખ્યાલ કરી શકયે છીએ. આ બરહક પેગમબરનો અહીંની વેહેતી નદીને કાંઠે એકાદ ઘરમાં જન્મ થયો હોય. એક નાચતાં કુદતાં નાના બાળક તરીકે તે અહીં ઉછર્યો હોય. આ તરફની સુંદર નાની નાચતી કુદતી નદી, જે પછવાડેના કોઇ બરફના પહાડમાંથી પોતાનું મુળ લે છે, તેના નાચતાં કુદતાં સુંદર નીર્મળ પાણીનાં આવાજનાં ગાયણે આ બાળકને પણ કાંઇક ગાતો કર્યો હોય. વળી તે બાળક બેટો આજુબાજુનાં પહાડોનાં એકાંતવાસમાં રમતાં અને ભટકતાં, કુદરતના સમાગમમાં વધુ આવ્યો હોય અને તેમ કરી કુદરત ઉપરથી કુદરતના ખાવીંદ ઉપર (From Nature to Nature's God) પોતાના વિચારો દોડાવવા લાગ્યો હોય. વળી પડોશનાં પહાડની પાછળનાં બુલંદ બરફના પહાડે તે બાળકના સાફ સફેદ નીર્મળ દેખાવથી અને વિચારથી વધારે સાફ અને નીર્મળ કર્યું હોય. વળી કદાચ તે બાળકના વખતમાં પણ અહીં કોઇ કુર્દ લોકોની વસ્તી હોય, સબબ કે શાહાનામા પ્રમાણે કુર્દ લોકોની હસ્તી જરથોશ્ત પેગમબરની આગમજ ઝોહાક અને ફરેદુનનાં વખતમાં એક જુદી પ્રજા તરીકે શરૂ થઇ હતી. તેઓને જેવી છુપી રીતે નાહાસભાગ કરતા તે વખતના ઇરાનના પાયતખ્તથી નહસાડવામાં આવતા હતા તે રીતે તેઓ અજ્ઞાન અને વેહેમી ઉછર્યા હોય અને તેથી આ બાળક ફીલસુફને તેઓની મનશની, ગવશની કુનશની પસંદ નહીં આવી હોય, અને તે ઉપરથી તેઓને બે રૂડા બોલ કહેવા જતાં તેણે તેઓને પોતાના દુશમન બનાવ્યા હોય. તેઓ તેનું કહેલું નહીં માની આગલી વેહેમી દેવદરૂજની માન્યતા ઉપર ચાલુ રહ્યા હોય. તે બાળક છોકરો અહીંની કુદરતની સુંદર આતરાફ (surroundings) ઉપરથી પ્રેરણા (inspiration) લેતો એક જવાનમરદ તરીકે ઉછર્યો હોય. પછી કુદરતના ખાવીંદ તરફથી કાંઇક વધુ જ્ઞાન મેળવવા તે નવજવાન આ મુલકનાં કોઇક બીજા એકાંત પહાડો ઉપર ગયો હોય અને ત્યાં શાંત ચિંતન કરી જાણે ખુદ દાદાર સાથે ગોફતેગોમાં પડી તેનાથી દીની જ્ઞાન (revelation) મેળવ્યું હોય. આપણાં પુસ્તકો કહે છે અને તેની યુનાની ફીલસુફ પલેટો (Plato) અને નોર્વે-સ્વીડનની પુરાણી "સ્કેનડીનેવીઅન" કવીતા એડા (Scandinavian Edda) નોંધ લે છે, કે પેગમબર જરથોશ્ત જન્મતાને વાર હસ્યો. વળી ફરવરદીન યશ્ત કહે છે કે તેના જન્મથી આજુબાજુની કુદરત પણ હસી અને શુકાના પોકારવા લાગી. તમો જો આ આમુઇ ગામમાં ખોલ્લી જગ્યાએ ઉભા રહી આજુબાજુનો સુંદર મુલક જુઓ તો ખ્યાલ કરી શકો કે આ તરફની કુદરત કેમ હસે અને આનંદ પામે; અને જ્યારે એ પેગમબર ખેતીની સીફારસ કરે ત્યારે આ તરફની ખેતીને લાયકની જગ્યા પણ કેમ ખુશાલ થાય. પેલો જાણીતો લખનાર રસકીન (Ruskin) આપણને સમજાવે છે કે સુલેહશાંતીથી જમીન અને ઝાડપાનો કેમ ખુશાલ થાય.

દીની આગાહી માટેના આઝરબએજાનનાં કોઇક પહાડો.

આપણા પેગમબરની દીન માટેની આગાહી અને જ્ઞાન મેળવવાની જગ્યાઓ તરીકે આઝરબએજાનના કોઇક પહાડોનાં નામો આપણા પુસ્તકોમાં

જણાવ્યાં છે. પોતાના ગામ નજદીકના પહાડોમાં કાંઇક ચિંતન કરવા બાદ તેવણ આઝરબઈજાનના કોઇ બીજા પહાડોના એકાંતવાસમાં રહ્યા હતા. તે પહાડો માટે હું અહીં બે બોલ બોલીશ. એવા પહાડોમાં "ઉસ્તવન્ત" અને "ઉશીદરેન" પહાડોનાં નામો જણાવવામાં આવ્યાં છે

સહન્દ (અસ્નવંત) પહાડ. જુલફાથી તબ્રીઝ આવતાં અને ખુદ તબ્રીઝ શેહેરના કોઇક ભાગમાંથી અને ઉરૂમીઆ આવતાં આપણ સહન્દ (sahand) પહાડને જોઇએ છિએ. આતશની નીઆએશની શરૂઆતમાં જે અસ્નવન્ત પહાડને યાદ કર્યો છે તે પહાડના અવસ્તા નામ ઉપરથી "સહન્દ" બનેલું ધારવામાં આવે છે. એ પહાડના કોઇક ભાગો અહીં ઉર્મીઆની સરહદ સુધી પહોંચે છે. આ સબબે એને ચએચસ્ત સરોવરની સાથે યાદ કર્યો છે. કહે છે કે એ પહાડમાં એક ગોફો છે, તેને પેગમબર જરથોસ્તની બંદગીનો ગોફો ધારવામાં આવે છે. પહાડ ૧૨૦૦૦) ફીટ ઉંચો છે. એ પહાડની પડોશમાં મરઘ નામની જગ્યા કહેવાય છે, ત્યાં જમીનના પહેલા ભાગમાં કોઇ જાતની સેતાયશનાં મથક કહેવાય છે. પેગમબર જરથોસ્તની કોઇક પ્રેરણાનું પણ તે મથક ગણાય છે.

સેવીલાનનો પહાડ. આઝરબઇજાનના મુલકમાં સેવીલાન (Savilan વા sebilan) નામનો પહાડ છે. આ નામ અવસ્તાના અહુરમજદ યસ્તના "ઉશીદરેન"ના નામનું અપભ્રંશ દીસે છે. (યજ્‌યદે ઉશીદરનેમ) ઉશીદરેન શબ્દના અર્થ પ્રમાણે આપણા પયગમબરે આ પહાડ ઉપરથી કાંઇક ઉશ (હુશ) યા પ્રેરણા (Revelation) અહુરમજદ તરફથી મેળવી હતી. અમેશાસ્પંદો સાથની કોઇક મુલાકાતો માટે આપણાં પુસ્તકોમાં જે બોલવામાં આવે છે તે આ પહાડ ઉપરથી હોય એમ દીસે છે. આ પહાડ મારી સફરવાળા આઝરબઇજાના ભાગમાંથી જોવામાં આવ્યો નથી. હું જો કેસ્પીઅન આળંગી એનઝેલી ઉતરી તે માર્ગે આવતે તો દુરથી જોવામાં આવતે. તે ઘણીખરો બરફથી ઢંકાયલો રહે છે. આ પહાડો માટે હું મારા "અવસ્તાની ભુગોળ" નામના મારા વિષયમાં અને "અવસ્તાનાં વીશેષ નામોની ફરહંગમાં કાંઇક વીગતે બોલ્યો છું. અમેશાસ્પંદો સાથે એક પ્રકારની માનસીક વાતચીતના મથકો આ પહાડોપર હતાં. આપણાંજ પુસ્તકો નહી, પણ ઇબન હઉકલ (૧૦મી સદી). પ્રો. જેકસન પ્રમાણે કાઝવીની (૧૨૬૨), મીરખોન્ડ (૧૪૭૪) જેવા ઇસલામી લખનારાઓ પણ ઇસારા કરી ગયા છે કે આ પહાડ જરથોસ્તનું દીની એલમ અને આગાહીનું મથક હતું.

પેગમબર જરથોસ્તની જન્મભુમી નક્કી કરવાનાં સંબંધમાં એક પેહલવી પુસ્તકની અગત્યતા. પેગમબર જરથોસ્તનાં જન્મ શેહેરનાં સંબંધમાં આપણાં કોઇક પેહલવી પુસ્તકોમાં લખાણ છે. તેમાં એક અગતનું પુસ્તક "શેહેરહાએ ઇરાન" એટલે "શેહેરહાએ ઇરાન" અથવા "ઇરાનનાં શેહેરો" નામનું છે. આ પત્રમાં વર્ણવેલી "આતુર" આપણી સફર માટેની મને કોઇક સુચના કરનાર આ પુસ્તક છે. હું આ પુસ્તક માટે કાંઇક ખાસ ખુશી સાથે બોલું છું, કારણકે મેં પેહેલીવાર તેનો અંગ્રેજી અને ગુજરાતીમાં તરજુમો તૈયાર કર્યો છે. માસ કમીના એક ખાતાના પરીણામોના મારા પુસ્તકોમાં હું આ પુસ્તકના તરજુમાવાળા મારાં પુસ્તક, નામે "યાદગારે ઝરીરાન, શત્રોઇહાએ ઇરાન વ અફદી વ સહીગી એ સીસ્તાન" તરફ કાંઇ મારૂ ધ્યાન થઇ શકે એવી મગરૂરી સાથે જોઉં છું. એમાં ઉપલું "શત્રોઇહાએ ઇરાન" નામનું પુસ્તક એક તવારીખી અને ભુગોળ સંબંધી (Histo-

rico-geographical) પુસ્તક તરીકે અગતનું છે. જરથોસ્તનાં જન્મ—ભુમ તરીકે આ પુસ્તકે આપણને કાંઇ વધુ ખબર આપી છે.

આ બાબત લખતાં આ પુસ્તકનાં સંબંધમાં હું મરહુમ મી૦ એ. એમ. ટી. જેક્સન, જેવણનું નાહક ખાતે થોડાં વર્ષપર ખુન થયું હતું, તેવણને યાદ કરૂં છું. તેવણ સંસ્કૃતના અને બીજી બાબતોના એક કાબેલ અભ્યાસી હતા. તેવણને ટાલમી (Ptolemy) ની ભુગોળનો અભ્યાસ કરતાં આ નાહનું પેહેલવી પુસ્તક, જે ઉપર કહ્યું તેમ તવારીખી–ભુગોળની બાબત ઉપર છે, તેનો તરજુમો જાણવાની ખાહેશ થઇ. તેવણ જ્યારે કસ્ટમનાં કમીશનર હતા, ત્યારે તેવણે અમારા સામાન્ય મિત્ર મી૦ જેહાંગીર ડોસાભાઇ ફરામજી કરાકાને એનો તરજુમો કોઇ પાસે કરાવી આપવાની અરજ કીધી હતી. મી૦ જેહાંગીરે તે બાબે મને કહેતાં મેં આ તરજુમો હાથ ધર્યો હતો. આ એક નાનું પેહેલવી પુસ્તક છે. તેની ઇબારત કાંઇ મુશકેલ નથી. પણ તેમાંના વીશેષ નામો—પુરૂષોનાં અને જગાઓનાં—એ મને ઘણીક મેહેનત આપી હતી. પેહલવીના મારા અભ્યાસી ભાઇઓજ તેવી મેહેનતનો કાંઇક ખ્યાલ કરી શકે. દાખલા તરીકે એક નામ અંગ્રેજી એકડા જેવા ત્રણ અંકોનું એટલે એકસો અગ્યારનાં એક (111) જેવું બનેલું છે. એ ત્રણ હરફોમાંનો દરેક હરફ પેહેલવીમાં ર, વ, ન, વગેરે વંચાય. આ વીશેષ નામ પાછળ ત્રણ દિવસ ફાંફાં મારી તે "નનવ" છે અને જાણીતા નીનેવે (Ninevah) માટે છે એમ હું જાણી શકયો હતો.

આવકાર માટે કુરબાની.

ઉરૂમીઆ તરફ આવતાં આવતાં માર્ગમાં એકાદ બે જગાએ એકાદ માણસ મારી મોટર આગળ એક ગોસફંદને લાવી "કુરબાન કુનમ" "કુરબાન કુનમ" બોલતો હતો. તેનો ખરો ભાવાર્થ અને નેમ હાકેમ સાથની આમુક ગામની સફરમાં હું બરાબર સમજી શકયો હતો. અમો ગામમાં દાખલ થયા કે ઉપલા શબ્દો સાથે એક તુરતનાં તાજાં કાપેલા લોહીલુવાણ થયલાં ગોસફંદના અમોને દર્શન કરાવવામાં આવ્યાં. કોઇ મોટા માણસો કોઇ ગામમાં જાય ત્યારે કુરબાની (sacrifice) તરીકે એમ ગોસપંદ કાપવામાં આવે છે. કેઠે એમ બોલે તેટલાં તે માણસ કહે કે કાપવું નહી અને તે કુરબાની જાહેર કરનારને કાંઇ ભેટ આપે. અહીંનાં ગામના રઇસે પોતાના હાકેમ તરફ જાનફેશાની દેખાડવા કાજે ખરી કુરબાની કરી હતી. આગલ કોઇ મોટાં અવસરે અને શાદીરામશનીના મોટા અવસરોપર કોઇ જાનવરનો ભોગ આપવાનો પુરાણો રેવાજ હતો. "બકરાં મેઢાં ઉપરથી તે આસતે આસતે "મરઘી" ઉપર આવ્યો અને હવે "મરઘી" ઉપરથી પણ એક "ઇંડાં" ઉપર આવી અટકયો છે. મારી પારસી આઇઓ અને બાઇઓ, જ્યારે જમાઇ અને વહુને વધાવી લેતાં ઘરને બારણે એક ઇંડું ભાંજે છે, ત્યારે એક પ્રકારની "કુરબાની" કરે છે. આ અગેતી "કુરબાની" જોઇ ઉપલો ખ્યાલ કરી મેં મારાં મનની નજર આલબલેસ બાગ તરફ ફેંકી હતી કે જ્યાં કોઇક મનની રમુજ સાથે હું એવી "કુરબાની" જોતો આવ્યો છું. ખુદા સર્વને શાદીરામશની દેખાડે. તે શાદીરામશની કરનારાંઓને તેઓના પેગમબરના આ મુલકમાંથી હું મારી દુઆ અને સલામ પહોંચાડું છું.

આ મુલકમાં છાસ પનીરનો ખાસ ખોરાક.

આ આઝરબએજાનના મુલકમાં છાસ પનીર, દહીંનો ખોરાક તરીકે મેં વધારે ઉપયોગ જોયો છે. ઉરૂમીઆના હાકેમને ત્યાં ખાણાની મેજ ઉપર પાણીને બદલે છાસના શીશા ભરી મુકવામાં આવતા અને પાણીને બદલે જમનારાઓ

તે છાસ પીતા. પનીરનો ઉપયોગ પણ અહીં ઘણો થાય છે આ બાબતે મને યાદ આપી કે એક લખનાર આપણા પેગમબર માટે કહી ગયો છે કે તેવણ પોતાની જીંદગીનો નીભાવ ફકત પનીર ઉપર કરતા હતા. આ જાણે દુધ દહીંનો મુલક હતો. સેંકડો નહીં પણ હજારો ગોસફંદોનાં ટોળાં (રમે) ભરવાડો (શબાન) અને તેઓના ભરવાડી કુતરાઓ (શગે શબાન અથવા અવરતા પસુશ હઉર્વ.) ની સંભાળ હેઠળ હું જોતો હતો.

આ તરફ જોકે ગાયનું ગોસ્ત ખાવાની કોઇ ખાસ મનાઇ નથી, તોપણ કોઇ ગાયને કાપતા નથી. ઇદ જેવા તેહેવાર ઉપર પવિત્ર કુરબાની કરવી હોય તો ગોસપંદની કુરબાની કરે છે. આ ઉપરથી જાણે દીસે છે કે આપણામાં પણ ગાયનું ગોસ્ત નહી ખાવું એવી કોઇ ખાસ મનાઇ નથી, તોપણ આપણે તે નથી ખાતા, તે તમેહ આપણે હીંદુસ્તાનમાંજ અખત્યાર કરી હોય એમ નથી. તે અને ઇરાન સરજમીનથી અખત્યાર કરી હોય એમ છે.

ઇરાક–બગદાદ, મોડ હોટેલ,

તા૦ ૨૧ મી અકટોબર ૧૯૨૫.

ઉરૂમીઆથી તબ્રીઝ તરફની વળતી મુસાફરી–માર્ગમાં અરદેશાર બાબેગાનના નક્શા—મારી સાલગરેહ.

તા૦ ૯ મી અકટોબરે ૧૨–૨૫ એટલે બપોરે આસરે સાડાબાર વાગે ઉરૂમીઆ છોડયું. આ તરફ વખતનો કાંઇ બરાબર સુમારજ નથી. તમો તમારી મોટર માટે ચોકસ વખતે હોકમ આપો, પણ તે પછી બે કલાકમાં પણ લાવે તો સારૂં.

મારી સાલગરેહ તે દિવસની કાંઇક હાડમારી.

આ દિવસ મારી સાલગ્રેહનો દિવસ હતો. ખુદાતાલાની મેહેરથી મેં એ દિવસે મારી જીંદગીનાં ૭૧) વર્ષ તમામ કર્યાં છે અને હવે જેટલાં વર્ષ ગયાં તેટલા મહીના જાય છે કે કેમ, તે ખુદા જાણે. મારા પીતા મને સતર વર્ષની ઉમરનો મેલી મરણ પામ્યા. તેવણનાં મરણ દિવસની આગમજની ચાંદરાત મને યાદ છે, કે જ્યારે તેવણ બીમાર બીછાણેથી ઉઠી ચાંદરાતના ચાંદને જોવા, જેમ તેમ એક ઓરડેથી બીજે ઓરડે આવ્યા હતા અને ચાંદને પગે પડી પોતાના એકપુત્ર બેટાનું મોઢું જોઇ મારાં માતાજી આવાંબાઇને કહ્યું કે "આપણો જીવનજી મેત્રીકયુલેશનમાં પસાર થાય તો આપણે એને એક શાલ ઓઢાડશું." બીજી ચાંદરાત આવે તેટલાં તેવણ ઇક થયા. તેવણના ચાહારમની બીજે દહાડે હું મેત્રીકની પરીક્ષામાં ગયો અને પસાર થયો. તે વહાલા પીતાજીને હાથે શાલ લેવાને હું ભાગ્યશાળી નહીં નિવડયો. પણ તેવણની દુઆથી અને ખોદાતાલાની મેહેરથી કોઇક ભલા દીલમોજ મેહેરબાનોને મુબારક હાથે ત્યાર પછી કેટલીક શાલો ઓઢવાને શકતીવાન થયો છું. કોલાબાની શેઠ જીજીભાઇ દાદાભાઇની ફરેહમેહરના સુંદર ચોકમાં ખુરસીપર બેસી પોતાના એકપુરા દીકરા તરીકે તેવણે મને દીધેલી કોઇક શીખામણો—અને તેમાં ખાસકરી શીખવા પઢવા માટે દીધેલી શીખામણો—આભારી હૈડે હું આજે યાદ કરૂં છું. આજે એકોતેર વર્ષની ઉમરે મારૂં ગરીબ અંતઃકરણ મને કહે છે કે, ભુલો વચ્ચે, તકસીરો વચ્ચે, ગફલતીઓ વચ્ચે મેં મારી કમીની ફરજો—મારાં વહાલાં જન ફરજંદો તરફ, મારા પોતાનાઓ તરફ, મારા મીત્રો તરફ, મારી કોમ તરફ, મારાં શેહેર તરફ અને ખુદ મારા તરફ, મારી કમીની શકતી પ્રમાણે બજાવી છે. અંતકરણનું એ કેહેણ મને ખુશી કરે છે.

આ તરફ ઘરોમાં હમામખાનાંઓ હોતાં નથી. મોટી ઇમારતોના માલેકો પણ પોતાને લાયકનાં જાહેર હમામખાનાઓમાં નાહવા જાય છે. તેમ હોવાથી અને અહીંના જેવાં જાહેર હમામખાનાઓ માટે મને કાંઇક અભાવ હોવાથી

અને વળી સવારે અહીંથી ઉપડી જવાનો વિચાર રાખેલો હોવાથી તનને પાણીમાં ભીંજવેલાં કપડાંથી સાફ કરી બની શકતાં નવાં ધોએલાં કપડાં પેહેરી હંમેશ કરતાં કાંઇક વધુ બંદગી સાથે તે દાદારની દુઆ ગુજારી નવું સાલ શરૂ કર્યું. પાસે નહીં મારાં શીરીનબાઇના મીઠા હાથ હતા કે નહી વહાલી વહુ દીકરીઓના નાજુક હાથ હતા કે તેઓ બે મીઠા બોલ સાથે ઓવારણા લે. કોઇને "ઓવારણા" શબ્દથી હસવું આવે, પણ જે 'એનથ્રોપોલોજીકલ" વાતાવરણમાં મેં નજદીક સાડત્રીસ વરસો ગુજાર્યાં છે, તે વાતાવરણે મને એવી આગલી રાહરીતીઓમાં તેનો ખરો ભાવાર્થ સમજીને કાંઇક શાએરી (Poetic) વિચારની મોજ લેતો કર્યો છે.

આ દિવસ મેં અહીંના આગળ જણાવેલા પેલા ગંજાવર મોટાં અને વીસ્તારમાં પીરેમીડોની કાંઇક યાદ આપનારા "ગબ્રોઆર તપ્પ"ની બીજી મુલાકાતથી શરૂ કર્યો. સાલગ્રેહનો સપરમો દહાડો ગુજરેલાંઓના મકાનની મુલાકાતથી શરૂ કરવો, એ માટે કોઇ સુગાએ— પણ એ બાબતમાં હું કાંઇક ઘડાયલો છું. ફરજના કોઇક ખ્યાલથી એવા કોઇક દિવસોએ પણ ડુંગરવાડીની મેં મુલાકાત લીધી છે. વળી એક પુરાણી કોમ માટે કહે છે કે લગન જેવા શુભ અવસરો ઉપર તેઓ ખાણીપીણીની મીજલસો વચ્ચે કોઇ ગુજરેલાંની લાશ લાવીને મેલતા કે રંગરાગ વચ્ચે તેઓ યાદ કરતા રહે કે મોજમાં પણ મધ્યમપણું વાપરવું. એક દિવસ સર્વએ મરવું છે.

મોટર આવે છે, જાય છે, એમ કરતાં સાડાબાર થવા આવ્યા અને ખુદાતાલાનું મુબારક નામ લઇ તબ્રીઝ તરફની વળતી કુચે નિકળ્યો. તબ્રીઝ અને દેલમાન વચ્ચે એક મોટો "કુશચી" નામનો પહાડ આવે છે તે ઉપરનો ઘાટરોકો રસ્તો પસાર કરી આસરે સવાચારને અમસે સાલમાસના મુલક તરફ હેઠે ઉતર્યો. સેંકડો નહીં પણ હજારોહજાર બકરાં મેંઢાંનાં ટોળાં જોઇ આગળ આ મુલકની હાલત ગાય ગોસફંદોમાં કેમ અંકાતી તેનો ખ્યાલ કર્યો.

અત્રે સાસાનીઅન જમાનાનો પહાડનાં ખડક ઉપર કોરેલો એક નક્ષ છે, જે ઉપરથી તે પહાડ "સુરત દાઘી" એટલે "ચેહેરા યા સુરતનો પહાડ" એમ ઓળખાય છે. ઉરૂમીઆનો મુલક મુસાફરોના હંમેશના માર્ગથી દુર અને અહીં કોઇ કદાચજ મુસાફરો આવે, તેથી એ પહાડ અને નક્ષ થોડા જણાયલા છે. આખામાં આઝરબએજાનના વડા હાકેમ અને લશકરી વડા (ફરમાનેદેહ) અને તેવણના મદદનીશ હાકેમ સાથે તબ્રીઝ આવી વાત કરતાં તેઓએ જણાવ્યું કે તેઓએ પણ તે નક્ષ જોયો નથી અને તે બાબે કાંઇ જાણતા નથી. હવે એ નક્ષ જોવા માટે હું તબ્રીઝથી ઉરૂમીઆ જતાં તે જોવા કાજે કાંઇ કરી શકયો હતો નહીં, સબબ કે તે માટે તે કયાં આવ્યા છે તે બાબે બરાબર વાકેફી હતી નહીં. પણ ઉરૂમીઆ જઇ ત્યાં પુછપરછ કરી કાંઇક વાકેફી મેળવી કે તે કયાં છે. મોટરના શોફરને અને સાથે આવેલા તેના માલિકને સર્વ નિશાણી જાણી લેવા કહ્યું. ઉપલો ઘાટ ઉતરવા પછી થોડે વખતે એ નક્ષનો પહાડ આવે છે. તે તરફના એક નાના ગામડાં આગળ મોટર ઉભી રાખી પુછપરછ કરી એક ભોમીઓ માગવા સોબતીને કહ્યું. તેવણે બરાબર તેહકીક વગર એક છોકરાને ભોમીયા તરીકે લીધો. પ્રો૦ જેકસને એ નક્ષ રસ્તાથી આસરે એકસો ફીટ ઉંચે જણાવ્યો હતો, તેથી તે પા યા અર્ધા કલાકમાં જોઇ આવીશ એમ ધાર્યું હતું. પેલો ભોમીઓ છોકરો મને અને મારી સાથવાળા મારા સોબતીને અને મોટરના માલિકને એક પહાડ ઉપર ચઢાવવા લાગ્યો. પણ થોડુંજ ચહડતાં મેં જોયું કે માર્ગ ઘણો ખરાબ હતો. ચઢતાં એકસો ફીટ અને બસો અને ત્રણસો એમ સો ઉપર સો ફીટ ચઢતાં પણ પેલી સુરત યા નક્ષ મળે નહીં. હું મનમાં

પ્રો૦ જેક્સન ઉપર કાંઇક ખફગી ધરાવવા લાગ્યા કે "ભલા આદમી બરાબર હકીકત નહીં આપી મારા જેવાને બીનજરૂરી મેહેનતમાં નાંખ્યો છે." હવે હું આવ્યો તો તે ગમે તેટલો ઉંચે હતે તોપણ તે જોવા વગર તો ઘણુંખરો રહેતે નહીં. પણ ખરી હકીકત જાણતાં હું ચઢવાની લાકડી વીગેરેની કોઇ સારી સામગ્રી રાખતે અને એકાદ બે ઉમરે પહોંચેલા માણસોને મને મદદ કરવા લેતે. પહાડ ઉપર ચઢવા પગથી જેવું પણ કાંઇ નહીં. કોઇ ઉપર ચઢેજ નહીં તો પગથી જેવું હોય ક્યાંથી? માટે ભાગે અણીદાર પથ્થરો હતા. પાસેના પથ્થરનો ટેકો લેવા જઇએ, તો પથ્થરની કોર હાથમાં ભોંકાય. જમીન ઉપર હાથ મેલી ટેકો લેવા જાઉં તો કાંટાદાર નાની ઝાડીના કાંટા ભોંકાય. પછવાડે ફરીને નીચે જોઉં તો એવી ચીંતા લાગે કે પાછો કેમ ઉતરીશ. એવો ખરાબ પહાડ મારી જીંદગીમાં હું કદી ચઢયો નથી. વળી મનમાં એ નક્ષ કોતરાવનાર પાદશાહ માટે પણ ભુલભર્યો વિચાર કરવા લાગ્યો કે 'ભલા આદમીની ખાહેશ એવી હોય કે તેની સુરત યા નક્ષ ભવીષની ઓલાદ જોય તો આવો ખરાબ પહાડ જ્યાં કોઇ જલદીથી હિંમતથી જઇ શકે નહીં, ત્યાં શું કરવા નક્ષ કોતરાવ્યા હશે!" પેલો છોકરો કહે કે "આ બાજુએ છે, અને તે બાજુએ છે" એમ કહેતો કહેતો તે મને ચઢાવતો અને થાકવતો હતો. મારી સાથનો સોબતી પેલા છોકરાએ આપેલી નિશાણી પ્રમાણે મને પાછળ મેલી આગળ છુટો ચાલી ગયો. પણ બીચારો સફેદ પુણી જેવો થઇ પાછો ઉતરવા લાગ્યો, અને બોલ્યો કે "મને તો ટાઢ ભરાઇ આવી છે." "હવે કરવું કેમ? આટલું આવ્યા તો થોડાને ખાતર હું કેમ પાછો ફરું?" એમ વિચાર કરતો ઉભો રહેતો, કેઠે કેઠે બેસતો-બેસવાની પણ બરાબર જગ્યા નહીં મળે અને બેસતાં ઉઠતાં પણ પડવાની ચીંતા લાગે—ખુદાનું નામ લેતો 'યથા' ભણતો ઉપર ચઢતો. આશરે આઠસો નવસો યા કદાચ વધારે ફીટ ઉંચે ચઢયો કે પેલા છોકરાએ પેલો કેહેવાતો નક્ષ દુરથી દેખાડયો. તે જોતાંને વાર "કેવી ગંભીર ભુલ!" એમ ધારી નાઊમેદ થયો. તે નક્ષ કાંઇ નહીં પણ થોડાંક વર્ષ પર લડાઇ દરમ્યાન રશીઅન લશ્કર આ તરફ આવ્યું હશે, તેણે સર્વે (Survey) કરી અહીં માટા ઉરફે સર્વેની કાંઇક નોંધો કરેલી! ઓ ખુદા! મારી જીંદગીમાં કોઇ ખરાબમાં ખરાબ ભય ભરેલી જગ્યાએ આટલી ઉંચાઇએ મારા કોઇ સાસાનીઅન પાદશાહનો નક્ષ જોવા આવ્યો અને આવી નાઉમેદી! પણ આવી નાઉમેદી ઉપર પણ ખુદાના આશીર્વાદ માગ્યા કે તે સાહેબ સલામત હેઠે ઉતારે. કમનસીબે પેલો છોકરો ફારસી નહીં જાણે પણ અત્રેની આઝરબએઝાનની તુર્કી બોલે. હું તેને ઠપકો પણ કયા શબ્દોમાં આપું! કદાચ હજુર પણ નક્ષ બીજે કેઠે પડોશમાં હોય, તે માટે પણ તેને કેમ પુછું કે તે સમજે? હવે તેને નિશાણી કરીને કહ્યું કે મોટે પોકાર કરી હેઠેથી કોઇને તેડ કે મને મદદ કરે. મેં પોતે મોટેથી પોકારવા માંડયું. તેણે પણ પોકારવા માંડયું. પણ કોઇ સાંભળે નહીં. જેમ તેમ તેની મદદથી થોડુંક હેઠે ઉતર્યો અને પાછો પોકાર કર્યો તો ગામમાંથી એક માણસ નિકલ્યો. તેને હાથ કરી ઉંચે તેડયો. તે વાંદર માફક ઝડપથી વીસ પચ્ચીસ મીનીટમાં ઉપર ચઢી આવ્યો કે મને ઘણી હિંમત આવી કે હવે તેની મદદથી સલામત હેઠે ઉતરીશ, તે ખરી હકીકત સહમજી ગયો અને નિશાણીથી કેહેવા લાગ્યો કે "આ છોકરાની ભુલ થઇ. ખરો નક્ષ તો 'રાહ રાહ' એટલે રસ્તા પર થોડીક ઉંચાઇએ છે." હવે જે બન્યું તેતો બન્યું. તે ઉપર સબુરી કરી હેઠે ઉતર્યો. શોફર અને મોટરનો માલેક તો નીચે પડોશના ગામમાં ચાહ પીવા ગયલા. તેઓને તેડવા મોકલતાં બીજી પંદર વીસ મીનીટ ગઇ,

તેઓ આવ્યા કે પેલા ઉમરે પોહોંચેલા મરદને ભામીઆ તરીકે મોટરમાંજ બેસાડી દીધો કે ખરો નક્ષ દેખાડે.

થાક અને ચિંતા બંનેથી થાકી ગયો હતો. તેથી બે ઘડી આંખ બંધ કરી કાંઇ વિચાર કરતો હતો, તેવામાં ધપ દઇને જાણે માથા પર કાંઇ પડયું. મને એમ લાગ્યું કે મોટર ભાંગી અને બેસી ગઇ અને માગ માથા ઉપર તેનું ટોપ પડયું. બેચાર સેકંડ બાદ કાંઇક હુશીઆરી પકડી અને આંખ ઉઘાડી તો કાંઇ બનેલું નહીં. મોટર ખુશાલ ચાલતી હતી. જે બન્યું તે આ કે મોટર માર્ગમાં નડેલી પાણીની એક આબજુઇ ઓળંગતાં કુદી અને તે સાથે હું બેઠક ઉપરથી કુદયો, તેથી મારૂં માથું મોટરના "ટોપ"ના સળીઆને અથડી મને જબરો આચકો લાગેલો. મારો ચશ્મો મારા ખોળા ઉપર પડી ગયલો અને તેનો કાચ ભાંગી ગયલો; મને કપાળ ઉપર કાંઇક દરદ થવા લાગ્યું અને જોઉં છું તો લોહી વેહેતું હતું. તુરત મોટર ઉભી રખાવી શોફરને એમ પોતાની ચાહે માટે બ્રીન જફેરી ઢીલ કરીને પછી મોટરને ઉતાવળથી બેદરકાર રીતે ચલાવી મને જખમ કરવા માટે ઠપકો આપ્યો અને માથા ઉપર તુરત કટકો બાંધ્યો, તેટલામાં પેલી ખરા નક્ષની જગ્યા આવી. જખમ કાંઇ દરદ આપતો હતો. હવે કરવું કેમ? જો નક્ષ જોવા વગર જાઉં તો સવારે દેલમાન ગામથી તે જોવા પાછું આવવું પડે. ધીરજ ધરી ખુદાનું નામ લેઇ ઉતર્યો અને નક્ષ જોઇ આવ્યો. પાછો આવી કોથલો ઉઘાડી, તેમાંથી બોરીક (Borio) પાઉડર કાઢી કપાળે લગાડી, ધાઇનું કપડું ડાબી પાટો બાંધી ચાલવા માંડયું. મુસાફરીમાં કાંઇ જખમની હોનારત માટે હું એવી ચીજો સાથે રાખું છું. આ નક્ષ ખરેખર રસ્તાની નજદીક છે અને આશરે ૧૦૦) સો ફીટનીજ ઉંચાઇએ છે જયાં બાનુઓ પણ કાંઇક સેહેલાઇથી જઇ શકે.

હવે પેલી કહેવત છે કે "જયારે મુશકેલી આવે ત્યારે એકેકપર ઉપરાસાપરી આવે" તેમ ભાગજોગે હવે મોટરની લામ્પ નિષ્ફળ નીવડી અને તેથી અંધારૂં થતાં માર્ગ દેખાય નહીં. તેથી ધીમી ગાડીની ચાલે તો શું પણ પગે ચાલતા માણસની ધીમી ચાલે મોટર ચલાવવી પડી. ગાડીનો માલેક હેઠે ઉતરી તપાસતો તપાસતો આગળ ચાલે. કેઠે 'મેચ' સળગાવી રાહ શોધે સબબ કે બરાબર રસ્તા જેવું અહીં કાંઇ નહીં હતું. જેમ તેમ કરી આશરે આઠ વાગા પછી "દેલમાન" શહેરના ભલા હાકેમને ત્યાં ઉતર્યા. માર્ગમાં વિચાર કર્યો હતો કે કાંઇક ચાહે પીને સુઇ જવું. પણ મેજબાનના કહેવાથી અને તેવણ સાથે કાંઇક જ્ઞાન મેલવનારી વાતચીત કરવાના ખ્યાલથી થોભ્યો. અમો એકાએક ગયા હતા તેથી ખાના માટે કાંઇક મોડું થયું. સેવટે ખાણું આવતાં મેજબાનને તે દિવસે મારી સાલગ્રેહ હતી એમ વાકેફ કરતાં તેવણથી કાંઇક મુબારકબાદીના રૂડા શબ્દો સાંભળ્યા અને શુકરાના કર્યા કે ખુદાની મહેરથી મારી એક સાલગ્રેહ મારા બરહક પેગામ્બરના મુલકમાં પસાર કરવાને શકતીવાન થયો.

હવે સાલગ્રેહ જેવો સપરમો દાહાડો નાહવા ધોવા વગર શરૂ કરવો અને ઉપર જણાવવા પ્રમાણે એક મુશકેલમાં મુશકેલ ચઢાણની થાક ભોગવવી, કપાળેથી લોહી નિકળવું, રાત પડતાં માર્ગ શોધતાં અંધારામાં ફાંફાં મારવાં અને વાહલાંઓની મુબારકબાદી સાથે બે સારાં મીસ્ઠાંનો ખાવાને બદલે એમ દુરદરાજ પારકાંઓ સાથે જમવું, એ સર્વ કાંઇક ગુંચવાવે એવું લાગ્યું. પણ સર્વ મુશકેલીઓ વચ્ચે સબર પકડી ખુદાના શુકરાણા કર્યાં કે એવી મુશકેલીઓ પસાર કરવાને તે દાદારે શકતીવાન કર્યો, એજ જાણે સારા સગન છે. સપરમે દહાડે માથામાંથી લોહી નિકળ્યું તો જાણે આપણી સ્ત્રીઓ કહે તેમ તે દાદારે પહાડની મુશકેલ જોખમ ભરી ચઢાણનું કોઇ "વીઘન" આ નાના

'વીઅન" થી પસાર કર્યું. કપાળેથી નિકળેલું "લોહી" સપરમે દહાડે કુંકાના સગન માફક જાણે એક પ્રકારના ભોગ (sacrifice) નો ખ્યાલ આપનારૂ તે દાદારને હાથના સગન સમાન હતું. આપણે કપાળે લાલ કુંકુ સગન તરીકે લગાડયે છિએ, તે એક પ્રકારે "લોહી"નીજ નીશાણી (symbol) છે. આગલના વખતમાં સપરમે દાહાડે કોઇ જાનવરનો ભોગ આપી તેનું લોહી ક્રિયા કરનાર પોતાને કપાળે લગાડતો. એક દાખલામાં કહે છે કે હાલમાં પણ એક દેશી રાજ્યમાં રાજાના ગાદીએ બેસવાના દિવસે તેવણના વડા વઝીરે પોતાને હાથે છરીથી પોતાના અંગોઠા ઉપર કાપ મુકી લોહી કાઢી તે લોહીથી પોતાના રાજાને સગન સમાન ટીલો કીધો હતો. આવાઆવા કોઇક ખ્યાલોથી સબુરી લઇ, ગમે તેવી મુશ્કેલીઓ વચ્ચે મારા પેગામ્બરના ઉરૂમીઆ મુલક માં મારૂં એક "વરસ" ઉગ્યું, તે માટે તે દાદારને આભારી જીગરે યાદ કરી, હવે પછીની સફર ઉપર તેના આશીર્વાદ માંગી બીછાણે ગયો અને ખુદાની મહેરથી કાંઇક સારી ઉંઘ કાહાડી બીજે દિવસે સફર ચાલુ કરી.

હવે વધુ સફર માટે કાંઇ બોલું તે આગમજ ઉપલા સાસાનીઅન નક્ષ માટે અને બે બોલ બોલીશ.

આલમાસ ખાતેના "સુરત દાધી" પહાડનો સાસાનીઅન નક્ષ.

ઉપર કહ્યું તેમ આ નક્ષ થોડો જણાયલો છે. ઉરૂમીઆ, સફરી રાહથી કાંઇ બાહાર (out of the way)ના મુલકમાં ગણાય છે. તેથી ત્યાંના આ તરફ આવેલા ખડક ઉપર કોતરેલો નક્ષ યા ચિતાર થોડો જણાયલો છે. એ નક્ષવાલો પહાડ "સુરત દાધી" એટલે "સુરત યા ચેહરા કોતરેલો પહાડ" એમ અહીં બોલાય છે. "દાધ" એ પહાડ (કુહ) માટેનો અહીંનો તુર્કી શબ્દ છે. તેથી કોઇ એને "કુહે સુરત" એવે ફારસી નામ પણ બોલે છે. આ નક્ષ ઉરૂમીઆથી દેલમાન શેહેર તરફ આવવાના માર્ગ ઉપર રસ્તાથી આસરે પાંચ દસ મીનીટના તફાવતે જમીનની સપાટીથી આસરે સો ફીટની ઉંચાઇએ સપાટ કીધેલા ખડક ઉપર છે.

આ નક્ષમાં એકેક પાછળ બે ઘોડેસ્વારો છે. આ બેની વચ્ચે જાણે એક પગ ઉપર હોય તેમ એક નક્ષ છે, તેને અહીંના લોકો "દુખ્તર" એટલે છોકરી કહે છે, પણ તે મરદનું ચિત્ર દેખાય છે અને તેનાં ગળાંમાં સાંકળ જેવું કાંઇ છે. એક ચોથો પણ પુરૂષ દીસે છે. આ નક્ષ હેઠળ યા નજદીકમાં લેખ કાંઇ નથી. એ નક્ષ આસરે દસથી પંદર ફીટ પોહોળો તથા ઉંચો છે. ખડકને કાંઇક સપાટ કરી તે ઉપર નક્ષ કોતર્યો છે. બેઉ સવારો એકજ દીશા તરફના મોંઉ સાથે છે. એક સવાર બીજા સવારની આગળ છે. એ બંને સવારો પાદશાહ હોય તેમ દેખાય છે, સબબ કે બંનેની કોલાહ પાદશાહી દીસે છે. તે કોલાહ જાણે પછવાડે લટકતી કલગીર સાથની છે.

હવે આ જગ્યાની નજદીકમાં કોઇ તવારીખી બનાવ બન્યો હોય તેની યાદમાં આ નક્ષ આ તરફ કોતરેલો દીસે છે. આ બનાવ શું છે, તે ચોકસ કહેવાઇ શકાતું નથી. પણ તે આર્મીનીઆના રાજા સાથના કોઇ બનાવના સંબંધમાં હોય એમ જે ધારવામાં આવે છે તે કાંઇક સંભવીત દીસે છે. હાલમાં આર્મીનીઆ અહીંથી કાંઇક દુર છે. પણ તે વખતે તેનો વીસ્તાર કાંઇ વધારે હોય. મારી પુછપરછ ઉપરથી મને માલમ પડયું છે કે હાલમાં પણ આ તરફ આજુબાજુ કેટલાંક આર્મીનીઅન ગામો છે. જે ધણી મને આ નક્ષ દેખાડવા આવ્યો હતો તેને પુછતાં તેણે આ તરફ નીચલાં આર્મીનીઅન ગામો જણાવ્યાં: ૧) બીઝલજે, ૨) હફતખાને, ૩) પીએજુક, ૪) કીલ એસર, ૫) ઓકડ ઇસ્માએલ, ૬) શેતાનઆબાદ, ૭) ઘેરદત, ૮) હફત દીવાન. ૯) મેહેલમ, ૧૦) ખુસરૂઆબાદ. દેલમાન આવી હાકમથી

પુછપરછ કરતાં તેમણે જણાવ્યું કે આ તરફ ઉપલાં દસથી પણ વધારે આર્મીનીઅન બાંધો છે. આ નક્ષ પોષાક વગેરે ઉપરથી સાસાનીઅન દીસે છે. તે કાંઇ ઘણો સુંદર ચિતારેલો નથી. તે સાસાનીઅન અમલની શરૂઆતનો દીસે છે.

હવે આર્મીનીઆ અને સાસાનીઅન પાદશાહો વચ્ચેની જગા વગેરેનો સંબંધ આપણને કાંઇક નીચે પ્રમાણે તવારીખ ઉપરથી દીસે છે.

આર્મનીઆ અને શરૂઆતનો સાસાની અન અમલ.

કોઇ અજબ સંજોગો વચ્ચે આર્મીનીઆ પુરાણા વખતથી કોઇકવાર ઇરાનની બાજુમાં એક કાંટા (Thorn in the side) સમાન હતું. તેણે આરબોની માફક ઇરાનને કાંઇક નબળું કર્યું હતું.

(ક) સાસાનીઅન અમલ દરમ્યાન રોમ અને ઇરાન વચ્ચેની અવારનવારની લડાઇઓમાં આર્મીનીઆ કોઇ વખતે લડાઇનો સબબ થઇ પડતું. આર્મીનીનીઆનો મુલક ઘણો પહાડી છે અને તેનાં લોકો અજબ સ્વતંત્ર ગણાતા સ્વભાવનાં અને ઝઘડો કરનારાં ગણાય છે. પાર્થીઅન રાજાઓના વખતમાં તેના પાદશાહોએ સ્થાપેલાં કેટલાંક ધર્માલયો આ આર્મીનીઅનોએ ઇ૦ સ૦ ૨૮૬ ને શુમારે ખરાબ કર્યાં હતાં. અરદેશર બાબેગાને આ આર્મીનીઆના રાજા ખુસરોને મારી નાંખી તેનો મુલક હાથ કર્યો હતો,

(ખ) હવે રોમ અને ઇરાન વચ્ચે ચાલુ અંટશ હોવાથી રોમના રાજા ડાયોકલેશીઅને (Diocletian ઇ૦ સ૦ ૨૮૬) ખુસરોના બેટા તીરીડાટીસ (Tiridates તીરદાદ) ને પોતાના બાપના રાજ્યની ગાદીના દાવાદાર તરીકે ઉભો કીધો. તેણે રોમની મદદથી પોતાનું આર્મીનીઆનું તખ્ત મેળવ્યું. ઇ૦ સ૦ ૨૯૬ માં ઇરાનના પાદશાહ નર્સીએ આર્મીનીઆ ઉપર હુમલો કરી તીરદાદને હાંકી કાઢયો. તીરદાદ રોમ તરફ ડાયોકલેશીઅન રાજા આગળ ગયો અને મદદ માંગી. તે ઉપરથી આ રોમન શાહાનશાહે ગેલેરીઅસ (Galerius) ને ઇરાન સામે લડવા મોકલ્યો. ત્રણ લડાઇ થઇ તેમાં છેલ્લી કારહી (Carrhae) ની લડાઇમાં રોમનોની મોટી હાર થઇ અને ગેલેરીઅસ અને તીરદાદ જેમ તેમ યુફ્રેટીસ નદી તરીને ઓળંગી નાઠા.

હવે આ બે બનાવમાંના કેર પોરટેર પાછલા તવારીખના સંબંધમાં આ ચિતાર ગણે છે. પ્રો૦ જેકસન તેને પહેલા વખતના એટલે અરદેશર બાબેગાનના વખતના કોઇ બનાવની યાદ ગણે છે. આપણે આ નક્ષમાં એક ચિત્ર એક બંદીવાન સમાન પુરૂષનું જોઇએ છિએ તે ઉપરથી દીસે છે કે આ નક્ષ અરદેશર બાબેગાનના વખતના પેહેલા બનાવના સંબંધમાં હોય.

તસુજ ગામની મુલાકાત.

તબ્રીઝ માટે હેલમાન મેં તા૦ ૧૦ મીએ સવારે છોડયું. માર્ગમાં "આગાયાન" એટલે "આગા" ઓ યાને ગ્રહસ્થોનું ગામ પસાર કર્યું. એ સાત પુરૂષોનું ગામ ગણાય છે. આસરે ૧૦-૩૦ ને અમલે "તસુજ" ગામ જ્યાં ઉરૂમીઆ જતી વખતે રાત્રે આરામ કર્યો હતો, ત્યાં આવી પહોંચ્યા. આ ગામમાં મસજીદ, બાજાર અને એક હમામખાનાની મુલાકાત લીધી. અહીંની એક મસજીદ માટે મને કહેવામાં આવ્યું કે પેહેલે તે આતશની સેતાયશ કરનારાઓનું મકાન હતું. તેના હાલના દેખાવ ઉપરથી તે તેમ લાગતું હતું નહીં. પણ તે જગ્યાએ આગળ એક "આતશકદેહ" હોય એ સંભવીત છે. ત્યાં આગળ જરથોસ્તીઓની મોટી વસ્તી હોય, સબબ કે તે તરફ એક "ગએોર તપઆ" મેં શેહેર છોડતાં દુરથી જોયો.

ઇરાનમાં હમામખાના.

જાહેર હમામખાના એ ઇરાનના સંસારમાં જાણે એક ખાતું (Institution) હોય તેવી જગ્યા લે છે. અહીં ઘરેઘર હમામખાના નથી. મારી યુરોપની પહેલી સફર વખતે મેં જોયું હતું કે યુરોપમાં પણ કેટલેક દરજ્જે તેમ હતું. તે વખતે હું પેરીસમાં આસરે દોઢ મહીનો એક પાંશીઓં (Pension) માં એક સ્ત્રી શિક્ષક, નામે મીસ દ્યુરાંટને ત્યાં (Rue de Reinnes માં) રહ્યો હતો અને તેણીની પાસે હરરોજ બે કલાક ફ્રેંચ લેસનો લેવાની ગોઠવણ કીધી હતી. ત્યારે મને ચાર પાંચ દહાડે ટુવાલ હાથમાં લઇ મોહોલ્લાના એક જાહેર હમામખાનામાં નાહવા જવું પડતું હતું. ત્યાંનાં કોઇક હોટેલોમાં પણ તે વખતે નાહવાની જગ્યા હોતી નહી. આ "તસુજ" ગામમાં મેં એક હમામખાનું જોયું. એવા હમામખાનામાં સ્ત્રીઓ માટે અને મરદો માટે જુદા જુદા વખતો ઠરેલા હોય છે. પાછલી રાતથી તે ઉઘાડવામાં આવે છે. સ્ત્રીઓ ઘણી કરી પાછલી રાતે અંધારા અંધારામાં નાહી આવે છે.

એવાં જાહેર હમામખાનાં અસલી રોમનોમાં પણ એક ખાતાં સમાન થઇ પડયાં હતાં. પણ આપણાં અરદાએવીરાફનામા પ્રમાણે એવાં જાહેર હમામખાનાઓમાં નાહવા જવું, ગુનાહભર્યું ગણાયું છે. તે ઉપરથી દીસે છે કે તે વખતે ઘરોમાં નાહવાની જગ્યા હશે. પણ રોમનો સાથે સંબંધમાં આવતાં મેસોપોટેમીઆ વગેરેના પશ્ચિમના ભાગના ઘણી શેહેરોમાં રોમની નકલ થઇ જાહેર હમામખાનાઓ થવા માંડયાં હોય તો તે નાપસંદગી દેખાડવામાં આવવી.

આ તરફ જાણેલા કોઇક જરથોસ્તીઓને મળતા રેવાજો.

આ તરફ આપણા જરથોસ્તીઓને મળતા તનદરૂસ્તી સંબંધી કેટલાક રેવાજોની નીચે પ્રમાણેની હકીકત જાણી.

(ક) મરનારોની લાસની જગ્યાએ પેહેલી રાત્રે ચેરાગ સળગાવી રાખે છે.

(ખ) મરનારોની કબર ખોદનારાઓનો ઘણુંખરો એક જુદો "ગોર કન" એટલે "ઘોર ખોદનારા" એવો વર્ગ હોય છે.

(ગ) લાસને નહવાડે છે. તેમ નહવાડવા પછી તેને કોઇ અડકે નહીં.

(ઘ) લાસને લઇ જનારાઓ ઘરે આવી કપડાં ધોઇ નાંખે.

(ડ·) આપણા ગોમેઝ માફક અહીં "ખક" વાપરે છે.

(ચ) નેમાજ વગેરે માટે પાણીથી વજુ કરે પણ પાણી નહીં હોય તો સુકી માટીથી કરે.

(છ) સ્ત્રીએ માસીક માંદગી દરમ્યાન મસજીદોમાં જાય નહી અને નેમાજ ભણે નહીં.

એમાંના કોઇક રેવાજો આપણા હીંદમાં પણ ઇરાન તરફના હુમલાઓથી દાખલ થયા છે.

તા૦ ૧૦ મીએ આસરે ૫) વાગે હું તબ્રીઝ પાછો આવી પહોંચ્યો.

એક ઇરાની કોનસર્ટ.

તા૦ ૧૧ મી અકટોબરે સાંજે અત્રેના ઉપર જણાવેલા ફર્માનદેહ જેવણ આખાં આઝરબએજાનના હાકેમ છે અને લશ્કરના સેપેહસાલાર છે, અને જેવણ ભવીષ્યની કોઇ સારી આશા આપનારા પોતાની પેશાની ઉપરથી દીસે છે, તેવણ મેહેરબાની કરી મારી મુલાકાતે આવ્યા હતા. એ જાણે વળતી મુલાકાત હતી, સબબ કે ઉરૂમીઆ જવા આગમજ હું તેવણ સાહેબને મુલાકાત આપી આવ્યો હતો. તેવણે મને જતી વખતે જણાવ્યું કે રાત્રે આઠ વાગે લશ્કરના મોજીકારોનું

મેસ (Mess) જેવું જે અહીં લશ્કરી મકાન છે, ત્યાં એક કોનસર્ટ છે, ત્યાં મારે ગમે તો પધારવું. હું ત્યાં ગયો હતો. સાત જણાનો સ્ટેજ ઉપર ખુરસીઓ ઉપર એક કુંડાળામાં બેસી હાથે વગાડવાનાં વાજીંત્રોથી વગાડતા હતા અને અવારનવાર છુટું અથવા સાથે ગાણું ગાતા હતા. એવાં ત્રણ ગાયણ બાદ એક ફ્રાંસ કર્યો. એઓનાં સુંદર હલકનાં ગાયણોએ મને ખુશ કર્યો. મેં તેઓને એક ગઝલ ગાઇ સંભળાવી જેથી તેઓ ખુશ થઇ ગયા. એઓનો કોનસર્ટ પુરા થાય ત્યાંસુધી હું થોભ્યો નહી પણ આસર સાડાદસે રજા લઇ ઘરે આવ્યો.

કોનસર્ટ આઠ વાગે શરૂ થવાનું જણાવ્યું હતું, પણ શરૂ થતાં આસરે નવ વાગ્યા હતા. "વખત એ પૈસા છે, (Time is money)" એ સુંદર શબ્દોની અહીં ઘણી થોડી કિંમત ગણાય છે. રશીઆમાં પણ કાંઇક તેવું હતું. ઇરાનની બેહતરી કરવા કાજે કેટલાંક સાધનોમાં એક સાધન સર્વએ—સરકારી અમલદારોએ અને પ્રજાએ,—નેમેલો વખત (punctuality) જાળવવાનો છે. વખતની બાબતમાં આ તરફ હદ ઉપરાંત આપણી સબુરીની તપાસ થાય છે, પણ તેથી આપણે સબુરીનો કાંઇક પાઠ શિખ્યે છિએ. કોઇ સારા ઠરાવની પુઠે વળગી રહેવું અને સબુરી (perseverance and patience) અહીં ઘણાં અગત્યનાં છે.

બગદાદ, તા૦ ૨૨ મી અકટોબર ૧૯૨૫.

તબ્રીઝથી બગદાદ.

તા૦ ૧૨ મી અકટોબરે તબ્રીઝ સવારે ૧૧ વાગે કાઝવીન જવા માટે છોડવાનું ઠેરવ્યું હતું. બીજા બે મુસાફરો સાથે એક મોટરની ગોઠવણ કરી હતી. ઉપડતાં સવારના ૧૧) ને બદલે સાંજે ત્રણ ચાર વાગ્યા. હું અને બીજો મુસાફર ત્રીજાને ઘરે મોટરમાં ગયા કે ત્યાંથી તેને લઇએ. સાથી તેને તેડવા ગયો અને થોડા વખતમાં પાછો આવ્યો અને કહ્યું કે "તેને જરા તાવ આવે છે તે આવી જરા તેને તપાસો." મેં કહ્યું કે "ભાઇ હું કાંઇ તબીબી ડાક્ટર નથી. મને તો ડાક્ટરનો કાંઇ એલકાબ મળ્યો છે," તે પાછો ગયો અને આસરે પોણો કલાક ખોટી કરીને આવીને કહ્યું કે "તે ઘણી તાપને સબબે આવી શકતા નથી. માટે તમો પણ ઉતરો અને આ ઘરમાં રાત્રે સુઓ. આપણે ત્રણે સવારના બામદાદમાં ઉપડી જઇશું." કેવી નીરાશી! પણ બીજો ઉપાય નહીં. ઉપાય આજ કે મારે આખી મોટર મારે માથે રાખવી. મેં તો એકલાએ કાંઇક સગવડ મેળવવા ખાતર બે જણનું ભાડું આપ્યું હતું, ત્યારે હવે ચાર જણનું આપવું. વળી ચાર વાગવા આવ્યા હતા, તેથી કાંઇ લાંબી મંજલ પણ તે દિવસે કપાય નહીં. સારાં ભાગ્યે મારા મેજબાન ત્યાંસુધી સાથે આવ્યા હતા. ત્યારે તેવણુ કહેવા પ્રમાણે પાછો તેવણને ઘરે ગયો. એક વખત નીકળી પાછું તે ઘરે જવું કેવું ભારી લાગે! પણ બીજો એલાજ હતો નહીં. મકાને જઇ કોથળો ઉઘાડી લખવા બેસી ગયો કે નીરાશી ઉપર, તે અને તેજ બાબત ઉપર, વિચાર (brood) કરવાનું થાય નહીં.

બીજે દિવસે એટલે તા૦ ૧૩ મીએ આસરે ૭) વાગે અમો ઉપડયા. દિવસ ઘણો ઠંડો અને વર્સાદનો હતો. કોકેસસ પર્વત ઓળંગવા તૈયાર કરેલો સર્વ ગરમ પોષાક પેહેરવા છતાં, તે પહાડની ઠંડીને વીસરાવે એવી ઠંડી, ઠંડા પવન સાથે અને થોડા વર્સાદ સાથે હતી. માર્ગમાં ગુદકીન, વરનીન્ગ, કઝલમેદાન શીબલી ગામ અને શીબલી પહાડ પસાર કર્યાં. માર્ગમાં એક નાનો સરોવર પણ પહાડ ઉતરતાં પસાર કર્યો.

પછી આગળ જતાં એક જગાએ એક નાળાંની ખાડી ઓળંગતા તેના

ચીકલમાં મોટર ખુંતી બેઠી. કાંઇએ કરતાં નહીં નિકળતાં, ત્યાં દુરથી ચરતાં એક ગોસપંદના ગોવાળોના છોકરાને પૈસા આપી પડોશનાં કોઇ ગામમાંથી માણુસોને લાવવા કહ્યું. ચાર માણુસો આવ્યાં તોપણ કાંઇ વળ્યું નહી. એવી વખતે બચપણમાં શિખેલી પેલી ગાડાંવાળાની વાત યાદ કરી આપણેજ કાંઇ કરવું જોઇએ. એમ વિચાર્યું મેં વધુ પૈસા આપી બીજાં માણુસોને તેડાવ્યાં કે કોદાળી પાવરા લઇને આવે. તેમ બીજાં માણુસો આવ્યાં અને આગળ પાછળથી માટી ખોદાવી કાઢી અને મોટરને કાંઇક છુટી કરી જોસબંધ પાછળ ઉડાવીને ઉપર લઇ પડોશનાં ખેતરમાંથી માર્ગે લીધો. એમ કરતાં આસરે દોઢ બે કલાક ગયા. ધીમા વર્સાદ સબબે ચીકલ એવો થયલો કે પગ ઉંચકાય નહી. સારાં ભાગ્યે વર્સાદ થોડુંકમાં નરમ પડયો. આ ઢીલને સબબે અને, વળી માર્ગમાં એક ઠેકાણે તાયર બદલવું પડયું તે સબબે મીઆનચે શેહેર જઇ રાત કાઢવાનો વિચાર રાખ્યો હતો તે બન્યું નહી. સોમ (Soma) નામનું એક નાનું ગામડું આવતાં રાત પડી.

સોમ નામનાં ગામડાંનાં ઝુંપડાંમાં કાઢેલી રાત.

હવે અંધારી રાત્રે ખરાબ માર્ગે આગળ વધવાનું સલામત નહી હતું. જોખમ કાંઇ ચોર લુટારાઓનો નહીં હતો, સબબ કે હાલની હકુમતમાં ખુદાની મેહેરથી તેની ચિંતા જતી રહી છે. પણ જોખમ કોઇ ખરાબ જગ્યાએ અંધારાંમાં મોટર અટકી પડવાનો હતો. આ સબબે આ ગામમાંજ રાત ખેંચી કાઢવી પડી. બે ઝુંપડાં તપાસી તેમાંથી એક પસંદ કર્યું. ઝુંપડાંના ગરીબ માલેકે આહપાણી આપ્યાં. સાથે ઘંડાં પનીર હતું તે ઉપર રાતનું વાળુ કરી જમીનપર બીસ્તરો કરી સુતા. એક તો આવી અજાણી ખળભડાયલી જગ્યા અને રાત્રે ઠંડી ઘણી, તે સબબે કલાક પણ સારી ઉંઘ આવી નહીં. ઘરધણી સાથે ધણીઆણી અને બાળક હતાં. હું મારા બે સોબતી અને તેઓ સાથનો એક છોકરો એમ સાત જણ એક ઝુંપડાંમાં હતાં. પેહેલ તો લાગ્યું કે ઘરના ધણી (નમાન-પદ્દતી) અને ઘરધણીઆણી (નમાન પંથની) અને બાળક (અ-પેરેનાયુક) સર્વ અમારાં સાથે એક બીસતરે સુએ તેવો મામલો છે, પણ નહીં, ધણી સાથે જમીને ઘરધણીઆણી ઝુંપડાં બાહેર કોઠે સુવા ગયાં.

આ તરફ મોટાં શેહેરોમાં સ્ત્રીઓ પરદો રાખે છે, પણ ગામડાંઓમાં નથી રાખતાં અને રાખે તો જરા નામનો રાખે છે. પણ ઘરધણીઆણી અમારી આગળ પરદો રાખે કે નહી રાખે તે સરખું હતું, સબબ કે તેલનો દીવો આ ગરીબ ઘરમાં એવો ઝુંપતો બળતો હતો કે ઘરનાં કદ-બાનુનો ચેહેરો કેવો છે તે માલમ પડેજ નહીં. થોડા વખતમાં ધપ દઇ છાતીપર કાંઇ પડયું. બીહ ઉઠી ઝુંકતી રોશનીમાં જોઉં છું તો એક બીલાડી દીલપર પડેલી. થોડા વખત બાદ ઝુંપતો દીવો પણ બુજાઇ ગયો અને પગ આગળ કાંઇ સરવર થવા લાગ્યું. પાછો બીહ ઉઠયો. સાથવાળા મુસાફરની વીજળીક ટોર્ચ-લાઇટ પાસે હતી તેથી જોયું તો ઘરધણી પોતે ઉઠી બેઠેલા અને અંધારામાં તંતોસતાં મારા પગને હાથ લગાડતા. આવી રીતે રાત બીચેન પસાર કીધી.

આ ઘરનાં વચમાં એક ખાડો હતો. હું સમજ્યો કે તે આપણી તરફનાં ગામોમાં કોઇ ઘરોમાં વણવા માટે યંત્ર કાજે કોઇ ખાડો હોય છે તે હશે. પણ પાછલી રાત્રે જ્યારે સોબતીઓને તે ખાડામાં ગરમી મેળવવા પગ મુકતાં જોયા ત્યારે પુછતાં માલમ પડયું કે તે તો એક પ્રકારનો ઉંડો ચુહલો હતો, જેમાં અંદર દિવસે નાન ભુંજે અને તે એમનો એમ ગરમ રાખ સાથે રહેવા દીએ કે તે ઘરમાં ગરમી આપે. મારા સોબતીએ તો મને કહ્યું હતું કે મારે તે બાજુએ સુવું. પણ હું તેનું કારણ

સમજ્યો નહીં હતો, તેથી સામી બાજુએ સુતો. જો તે તરફ સુતો હતે તો આંગમાં કાંઇક ગરમી આવી કદાચ વધારે સારી રીતે ઉંઘાતે.

રાત્રે જ્યારે અમો છ જણ એક બીછાણે સુતા ત્યારે ઉંઘ નહીં આવતાં વિચાર કરતાં વંદીદાદનું તે લખાણ યાદ આવ્યું, કે જેમાં પુરશીશ આ હતી કે એક ઘરમાં એમ ઘણાં એક બીસ્તરે સુએ અને તેમાં ખુદા ન કરે ને કજા રજા થાય તો રીમની કેટલા મરદો સુધી પોહોંચે? એવો સવાલ જાણે આજના જેવી એક બીસતરાની મીજલસ માટે હોય.

ઝંજાન શેહેર. પાછલી રાતનાં સાડા-ચાર વાગામાં ઉઠી ઘરધણી પાસે તૈયાર કરાવેલાં ચાહ અને નાન અને ઇંડાંનો કાંઇક નાસ્તો કરી ચાલુ મુકયું. માર્ગમાં મીઆનચે ગામ પસાર કર્યું. તે તબ્રીઝ અને કાઝવીનની વચ્ચે હોવાથી એ નામે બોલાય છે. પછી કાફલાન કુહ અને ગુઝલમીન નદી, જમલઆબાદ, સરજમ, નીકબે પસાર કર્યાં. આખો દહાડો મંજલ કાપવા બાદ સાંજે આસરે પાંચને સુમારે ઝંજાન શેહેરમાં આવી પહોંચ્યો. તબ્રીઝવાળા મેજબાને અહીં મારી મેહેમાની માટે કહેવાડયું હતું, તે સબબે શેહેરનો એક સીપાઇ ગામ બાહેર મારી વાટ જોતો ઉભો હતો. હું 'હકુમત" એટલે "હાકમના કામ કરવાના મકાન" માં ગયો, જ્યાં મને ઉતારો આપવામાં આવ્યો. હાકેમ અને તેવણના મદદનીશ શેહેર બાહેર કામકાજે ગયા હતા. તે સબબે વિચાર કરી બીજા એક ભલા મદદનીશ શેહેરના એક તબીબ નામે મહામદખાનને ત્યાં રાતના ખાણા અને ઉતારાની ગોઠવણ કરી આપી. ત્યાં આરામ સાથે મેં રાત પસાર કીધી. તબીબ પોતે એક બીમારને ત્યાં રોકા-વાથી તેવણનાં જમાઇ મીરઝાં મહમદ-ખાન શરીફ સરીશ્તેદારે મેહરબાની કરી મહારત કરી.

હૈદ્રાબાદવાળાં ચીનાઇ ખાનદાનના એક જવાન તબીબની કબરની મુલાકાત. રાત્રે ખાણા વેળા તરેહવાર વાતચીત કરતાં ઉપલા મીરઝાં મહમદખાને હૈદ્રાબાદવાળાં ચીનાઇ ખાનદાનના એક જવાનની અત્રેની કબર માટે વાત કીધી. આ જવાન છેલ્લી મોટી લડાઇ દરમ્યાન જ્યારે આ ગ્રેજી લશકર અહીં આવ્યું હતું, ત્યારે તે સાથે તબીબ તરીકે આવ્યા હતા અને માઠાં ભાગ્યે અહીં હક થયા હતા.

આ વાત ઉપરથી ઠેરવ્યું કે સવારના પોહોરમાં આ જવાનની કબર જોવા જવું. તેમ તા૦ ૧૫ મી અકટોબરે મોટરમાં તે જોવા ગયાં. મારી સાથે ઉપલા તબીબ સાહેબ મને તે દેખાડવા આવ્યા હતા. મોટરનો રસ્તો તો આસરે ૧૭ યા ૧૮ મીનીટનો હતો, પણ પછી ડુંગરો ચઢઉતર કરવાના હતા. એક તો અંગ્રેજી લશકરે શેહેરથી દુર છાવણી નાખેલી અને વળી કબ્રસ્તાન છાવણીથી દુર રાખેલું. વળી મારા મેજબાન તબીબ પોતે છેલ્લા ત્રણ ચાર વર્ષ થયાં ત્યાં ગયલા નહીં, તેથી તેવણને તે જગ્યા મુકરર કરવાને પણ મુશકેલ પડયું. એમ ડુંગરો ચઢઉતર કરી આસરે અર્ધે કલાકે આ જગ્યાનો પતો મળ્યો. અંગ્રેજી લશકરે આ મથક છોડતાં આ કબ્રસ્તા-નનો દરવાજો ચીણી લીધો હતો, તેથી અંદર દાખલ થવાનું ઘણું મુશકેલ થઇ પડયું. તબીબે પોતે જેમ તેમ ચઢી મને ઉંચકી લીધો. અંદર જઇને જોઇએ છિએ તો સર્વે કબરો ચુંથપીંખ કરેલી. આ તબીબ સાહેબ અને એવણના જમાઇના જણાવા પ્રમાણે આ જવાનના પીતાએ કેટલોક ખરચ કરી કબર માટે સંગેમરમરનો પથર લેખ સાથે મોકલ્યો હતો. પણ અત્રેના રહીશોએ પારશી પ્રજાની પોતાના મુલકમાંની આમદ તરફ અભાવ દેખાડી આ કબ્રસ્તાન ખરાબ કરેલું. તેમાં આ જવાનની કબર ઉપરનો

પથર પણ ભાંગી નાંખેલો. એઓએ એક વખત તે ભાંગેલા કટકાઓ દુરસ્ત પાછા ગોઠવાવેલા, પણ હાલમાં આ તખ્તીઓ પણ જોઈને અજબ થયા કે તખ્તીનો પથર પાછો ભાંગી નાંખેલો. તેનો થોડોક ભાગ રહેલો હતો. બાકી રહેલા ભાગ ઉપર મરનારનું નામ પણ રહેલું નથી. ફક્ત મરનારની કબર ઉપરનોજ લેખ નહીં, પણ આ કબ્રસ્તાન માટે એક સામટો લેખ ત્યાંના સાદા પથર ઉપર દફતરી અમલદારે કોતરાવેલો અને ત્યાં મેલેલો તે પથર પણ ત્યાંથી દાટેલો કાઢી નાંખ્યો છે. પણ તે પથર અહીંનો સાદો પથર હોવાથી તે ભાંગી ટુકડે લઈ ગયા નથી. મરહુમ જવાનની કબરનો પથર સંગેમરમરનો હોવાથી તેને ભાંગી ટુકડા લઈ ગયા છે. હૈદ્રાબાદના જાણીતા ચીનાઈ ખાનદાનના આ ભવિષ્યની કારી આશા આપનાર જવાન તબીબના બેલીઓ તરફ તેઓને લાગેલા ફટકા માટે મારી ખરા જીગરની દીલસોજી છે. મારાં મનમાં કાંઈક લાયક અગત્યતાનું ભણતર ભણી આ જવાનના રૂહને યાદ કરી આ જગ્યા છોડી જુદા મરનારનાં રૂહને યારી દે.

આ પછી ઝંજાન શહેર છોડી સાંજે કાઝવીન આવી પહોંચ્યો. માર્ગમાં આશરે ૧૧–૩૦ ને અમલે એક "બઝાર તપઆ" દુરથી જોયો. માર્ગમા અમીરાબાદ શહેર પસાર કર્યું. વળી આ માર્ગમાં સંખ્યાબંધ કનાતો જોઈ અને આગલા દિવસ કરતાં કાંઈ વધુ લીલોતરી અહીંતહીં જોઈ. ખોરરમ દરેહ ગામ છોડવા પછી સીમરાનના બરફના પહાડો દીસવા લાગ્યા હતા. તેની પાછળ દેમાવન્દ પહાડ છે એમ મને કહેવામાં આવ્યું. સીઆહેવીન ગામ આગળ આવતાં એક રસ્તો બગદાદ તરફ જાય છે. સાંજે ૬) વાગે કાઝવીન આવી આબા બરઝો નામના એક જરથોસ્તી ઇરાની ગ્રહસ્થના હોટલમાં ઉતારો લીધો.

બીજે દિવસે અહીંથી બગદાદ જતી એક ટ્રાંસપોર્ટ એટલે આસરે દશબાર માણસ બેસે એવી મોટી મોટરકારમાં જવાની ગોઠવણ રાખી હતી. પણ તૈયાર થવા બાદ છેલ્લી ઘડીએ મને ના પાડવામાં આવ્યું કે જગ્યા નથી. તે પછી એક બીજી નાની ગાડી જેમાં આશરે ૭) ઉતારૂઓ, જેઓ સર્વે કેરબલા જતા "પીલગ્રીમો" હતા, તેઓ સાથે જવાની ગોઠવણ કરી. પહેલે જણાવવામાં આવ્યું હતું કે ત્રણચાર પેસેન્જરો લઈ અને સગવડ મળશે. તેથી ટ્રાંસપોર્ટમાં ૨૦) તુમાનનું દામ હતું, તેને બદલે એમાં ૪૦) તુમાન આપવા કબુલ્યું. પણ બેસવા જતાં તો પેસેન્જરોની સંખ્યા વધારે હતી. બીજી કોઈ સગવડ માટે થોભવું અથવા તો અગવડ ખમીને જવું, એ બેજ માર્ગ હતા. થોભી થવા કરતાં ઉપડી જવાનું પસંદ કર્યું.

કાઝવીનથી બગદાદ સુધીની કુચ તેની તરેહવાર અગવડો માટે મને યાદ રહી જશે. અગવડ ગાડીમા બેસવા ઉતરવાનીજ નહીં. તેતો ચલાવી લઈએ. પણ ખરાબ મોટરોની, જે થોડે થોડે ખટકે અટકી પડે. માર્ગમાં એકને છોડી બીજી મોટર પકડી. છેવટે તેને છોડી માર્ગમાં સરકારી પોષ્ટ લઈ જતી ગાડીમાં બેઠક લીધી. પણ ખરાબ મોટરોની અગવડ તો જાણે ત્યાંની ત્યાંજ. કહેવામાં આવ્યું હતું કે બે દિવસમાં ખાનીકીન પહોંચી ત્રીજે દિવસે બગદાદ પહોંચીશું. પણ તેને બદલે તા૦ ૧૬ મી અક્ટોબરનો નિકળેલો તા૦ ૨૦ મીએ બગદાદ આવી પહોંચ્યો. ખરાબ મોટરોની મુશકેલીથી અને તેથી ઉપજતી નીરાશીઓથી જાણે "નાકેનું પાણી" થાય. આપણા વડીલોનાં વતનની તવારીખી યાદગાર જગ્યાઓ જોતાં ઠેઠ ઠેઠ જાણે મોઢાં ઉપર ખુશીથી પાણી આવે અને "પાણીનું લોહી" થઈ જાણે જાય, પણ આવી મુશકેલીઓ, જેમાં આપણી ઠંડા પેટની સબરની પણ જબરી કસોટી થાય, તેને સબબે "લોહીનું પાણી" પણ થાય. આશાર-

અફઘાન છોડ્યા પછીની કાઝવીનથી બગદાદ સુધીની સફરમાં પાણીનું પાણી કેટલું થયું અને પાણીનું પણ કેટલું બન્યું, તેનો જો સરવાળો બાદબાકી કરવા જાઉં, તો હું ધારું છું કે પરી-ણામ બાદબાકીમાં આવે. ખુદા ખેર કરે! હવે પછીની સફર ઉપર તે દાદારના આશીર્વાદ માગું છું.

ઈરાનના રસ્તાઓ માટે કાંઈ ખાસ ફરિયાદ કરવાનું નથી. દેશ ને હાલના મામલા પ્રમાણે તે ઠીક છે. વળી રસ્તા-ઓમાં ચોર લુંટારાઓની ચિંતા માટે પણ કાંઈ કહેવાનું નથી. મને તો આખે માર્ગમાં કોઈ દિવસે જરાક પણ ચિંતા લાગી નથી. પણ જે કહેવાનું છે તે મુસા-ફરીની કાંઈક અગવડો માટે છે. જો આપણા દેશમાં એવાં કોઈ ઠેકાણાંઓ ઉપર છે તેમ, એકાદ સારી કમ્પની યા આબરૂદાર પુરુષને થોડાંક વર્ષ માટે "મોનોપોલી" (monopoly) આપવામાં આવે અને તેને "મેલ"નું કોનટ્રાક્ટ આપવામાં આવે તો, પોતાના ધંધા માટે કાંઈક ખાતરી રાખીને તે કમ્પની યા પુરુષ ચઢતા પ્રકારની મોટરો રાખે અને વળી માર્ગમાં અવારનવાર મદદ માટે સાધનો રાખે. હાલમાં ફરતી મોટરોનો કારોબાર ઘણો ધીમો અને ચોર તરેહનો છે. મને માર્ગમાં જુદા પૈસા આપી અવારનવાર વટેમાર્ગુઓની મારી મોટર માટે મદદ લેવી પડી હતી કે તેને ઠેઠ ઠેઠ હડસેલી આપે.

કાઝવીનથી આશરે દસ વાગે નિકળી માર્ગમાં નીચલી જગ્યાઓ પસાર કીધી. રૂદખાને એ પનજી નામની નદી, ને તરફ મોટા "એબઝરવેશન ટાવર" યાને તપાસ રાખવાના મિનારાઓ છે. એ જ જોતાં રઝન ગામ, હમમાબાદ વગેરે ગામો પસાર કર્યાં. રાતે ૭–૩૦ ને આશરે હમદાન પહોંચ્યા અને એક હોટેલ (Hotel de France)માં રાત કાઢી.

તા૦ ૧૭ મી ઑક્ટોબરની સવારે હમદાન આશરે દશને સુમારે છોડ્યું.

હમદાનથી કરમાનશાહ જતાં માર્ગમાંથી પાછું ફરવું પડ્યું.

આશરે અર્ધો પોણો કલાક જવા બાદ હુસાર ગામ, જ્યાં એક "ઝનજીરખાનું" (એટલે રસ્તાનો કર લેવાનું મથક) છે, ત્યાં મોટર અટકી પડી. એક કલાક ફાંફાં મારવા છતાં તે આગળ વધે તેમ નહીં હોવાથી શોફરે વધાઈ આપી કે આપણને હમદાન પાછું જવું પડશે. ત્યાં જઈ મોટર દુરસ્ત કરાવી એક કલાકમાં પાછા નિકળશું. નિરાશી સાથે હમદાન પાછા ફર્યા.

હવે વખત બચાવવા, આ એક કલા-કનો કાંઈ સારો ઉપયોગ કરવા, હું આ શેહેર બાહાર આવેલી સાએર તાએર (Tair) ની કબર જોવા ગયો. તે માટે એક ભાડેની ગાડીમાં જતાં માર્ગમાં મારા ઓવર-કોટ કુઠે પડી ગયો. આ સાએરની કબરની એક પ્રકારની "જીઆ-રત" કરવાને ઉતરતી વખતે માલુમ પડ્યું કે ઓવરકોટ કુઠે પડી ગયો છે. સવારનાં કેરમાનશાહ માટે નિકળેલો પાછો ફર્યો, તેની નિરાશીમાં આ વળી કાંઈક દીલગીરી કે "ઠંડી સામે બચાવ કરવા કાજે અહીં હું એવો ડગલો ક્યાં લેવા જાઉં?" પણ આવી સફરમાં સબર અને સબર સીવાય અને તે દાદારની દાદારી ઉપર મજબુત વિશ્વાસ સીવાય બીજો કાંઈ છુટકો નહીં. હું ઉપલા સાએરની કબરવાળી ટેકરી ઉપર ચઢી, તે નામીચા સાએરની કબર ની એક પ્રકારે મારા વિચારોથી "જીઆ-રત" કરી કાંઈક નોંધ લઈ પાછો ઉતર્યો. મેં એવો વિચાર કર્યો કે પાછો ફરતાં ફરતાં માર્ગમાં પુછપરછ કરતાં જવું, કે કોઈએ ડગલો ઉંચકી લીધો હોય તો મહેરબાની કરી આપે. તે વિચાર સાથે ખુદાને યાદ કર્યો અને તે સાએર, જેની પવિત્ર યાદ કાજે હું અહીં આવ્યો હતો, તેના રૂહને યાદ કર્યું. આ સાએર

તરફ મારૂં ધ્યાન કેમ ખેંચાયું હતું તે બાબે હું પછી બોલીશ. હવે ટેકરી ઉપર થી હેઠે ઉતરૂં છું અને અહીંતહીં જોઉં છું, તો ગાડી મળે નહીં. ત્યારે વળી તેનાં વમાસણમાં પડયો કે એક કલાકમાં મોટર દરૂસ્ત થઇ જશે ને હું ત્યાં કેમ વખતસર પોહોંચીશ. એવા વમાસણ વચ્ચે ગાડીને દુરથી આવતાં જોઇ અને ગાડીવાળો પોકારવા લાગ્યા કે "પએદા કર્દેમ પએદા કર્દેમ" એટલે "હું મેળવી લાવ્યો, મેળવી લાવ્યો." તે સાથે એક માણસ હાથમાં ડબો લઇ ઉતર્યો. ઉતરતી વખતે મેં નિરાશીમાં ગાડીવાળાને ડબો પડી જવા માટે કહેલું તેથી તે બીચારો તુરત ગાડી ફેરવી તેની શોધમાં ગયેલો અને જે ધણીને તે મળેલો તે ધણીએ તેની પુછપરછમાં તેને હવાલે કર્યો. કેવી નહીં ધારેલી ખુશાળી! જાણે મારા કાંઇક અભ્યાસ કરેલા કવીનું ભલું ફઇ તે દાદારની મહેર સાથે મારી મદદે આવ્યું. તે લાવી આપનાર માણસને બક્ષેશ આપી હોટેલ પર પાછો ગયો તો હજુર મોટર આવેલી નહીં. એ બુક બાબને ખબર કાઢી તો કહેવામાં આવ્યું કે "આજે જવાઇ શકાશે નહીં." કાંઇક આસાએશ લઇ આસરે ત્રણ વાગે ગામના હાકેમ આગળ હકુમતમાં ગયો અને અરજ કીધી કે મને બગદાદ તરફ જવી કોઇ મોટરમાં સગવડ કરી આપે. મને લંડનથી ઇરાનના એલચી સાહેબ તરફથી, તબ્રીઝથી ત્યાંના ફર્માનદેહ તરફથી અને મોસ્કોથી અંગ્રેજી એલચી ખાતાએ સામાન્ય સીફારસનામાં આપ્યાં હતાં, કે માર્ગમાં લાગતાવળગતા હકુમતવાળા સાહેબો મને સગવડ આપે અને મદદ કરે. તે સીફારસનામાં દેખાડતાં હમદાનના હાકમ પોલીસના વડાને મને મદદ અને સલાહ આપવાને ફરમાવતાં તેવણે મારી મોટરના શોફરને તેડાવી તાકીદ કરી પુછયું કે મોટર બરાબર દરૂસ્ત થઇ શકશે કે નહીં. તેણે ખાતરી આપી કે થશે. તે ઉપરથી તેજ મોટરમાં સવારે આઠને વખતનું કર્યું, જ્યારે એમ ફરજીઆત રહેવાનું કર્યું ત્યારે તેનો લાભ લઇ સાંજે આ હમદાન શેહેરની કાંઇક જોવાલાયક જગ્યાઓ જોઇ લીધી. સવારનાં એકાદ બે જોઇ લીધી હતી.

તા૦ ૧૮ મી અકટોબરે આસરે સાડા-સાતે કેરમાનશાહ માટે હમદાન છોડયું.

કેરબલા તરફ હજ માટે જતા કાફલાઓ. તે કાફલાઓના ચાઉસ.

માર્ગમાં કેરબલા હજ કરવા જતા કેટલાક કાફલાઓ મળ્યા. ગામેગામથી એમ ટુકડીઓ સાથે મળી તેઓ એક રેહબર યા માહિતગાર વડા સાથે કુચ કરે છે. તે વડો દુરથી પરખાઇ આવે તેમ એક ઘોડા યા ગધેડાં ઉપર એક વાવટા સાથે કુચ કરે છે. તે જોઇ જાપાનની યાદ આવી કે ત્યાં પણ ગામેગામના જાત્રાળુઓ જુદાં જુદાં ધર્માલયોની મુલાકાતે જતાં એક અનુભવી રેહબરની સરદારી હેઠળ કુચ કરે છે. બીજાઓની ભીડમાંથી પરખાઇ આવે અને તેની ટોળકી તેની સાથે અને સાથેજ રહે તે મકસદે તે રેહબર ત્યાં પણ એમ કોઇ ખાસ વાવટો હાથમાં રાખે છે. આ તરફ આવી હજે જનારી ટુકડીઓના રેહબરોને "ચાઉસ" તરીકે ઓળખે છે, જે શબ્દનો અર્થ "વડો યા માલદાર યા રેહબર" થાય. આ શબ્દ મને વધુ પુછપરછ કરવા લાયક લાગ્યો, સબબ કે આગલા દાહડાઓ ઉપર કોઇ નાદાન બેખબર બેહેદીનો મોબેદ ભાઇઓને "ચાઉસ" તરીકે કહી મનમાં મલકાતા હતા કે જાણે મશ્કરી કરી. આજ પ્રમાણે મોબેદોને "પાદશાહ" કહી કાંઇ અજ્ઞાનપણાથી રમુજ લેતા. પણ આ "પાદશાહ" શબ્દથી ધર્મગુરૂઓ આગળના વખતમાં ખાસ એલ્કાબ તરીકે બોલાતા હતા. પાદશાહ જમશીદ શાહ નામામાં પોતાને માટે "પાદશાહ અને મોબેદ" એમ બોલે છે (મનમ પાદશાહો હમ મોબેદી), આતશબેહરામને માટે પણ આપણે "પાદશાહ" તરીકે બોલીએ છીએ,

અને તેના આફરગાનીઆંઓની બેઠક માટે "તખ્ત" અને માથાં ઉપર ગુંબજે ટાંગેલાં ઢાંકણ માટ "તાજ" તરીકે બોલીએ છીએ. ત્યારે આ ભાતના પાદશાહની સેવા બજાવનાર આયોરનાનો પણ "પાદશાહ" તરીકે બોલાતા. આજ પ્રમાણે આ સફર દરમ્યાન ધર્મસ્થળ જવી ટોળકીના વડાને "આહિલ" તરીકે બોલાતાં સાંભળી મને કાંઇક સમજ પડી છે કે આપણા દેશમાં આગલા વખતમાં મોબેદ ભાઇઓ માટે વપરાતો આ શબ્દ અસલમાં "વડા યા આગેવાન યા રેહબર" એવો કોઇ સારો અર્થ ધરાવતો હોવો જોઇએ.

વળી આ ઉપરથી એવું જ કાંઇ યાદ આવ્યું કે આજ પ્રમાણે કોઇ બીન વાકેફોથી મોબેદોની ભાષામાં 'છ' ને બદલે 'શ' વપરાતો હોવાથી તેઓની મશ્કેરી કરવામાં આવતી. આગલા વખતમાં કોઇક મોબેદો "જાઉંછું" યા ને "જાઉછુ" ને બદલે "જાઉંશ" બોલતા હોય તો તે અવસ્તા લખાણની રીત પ્રમાણે બરાબર હતું. અવસ્તામાં 'છ' માટે કાંઇ હરફ નથી, તેથી જો કોઇ 'છ' સાથનો ગુજરાતી બોલ, તેઓ અવસ્તા હરફે—દાખલા તરીકે વંદીદાદની ક્રિયાનાં વર્ણનમાં—લખતા તો 'શ'થી લખતા હતા. તેઓ જે અવસ્તાનાં લખાણની રાહરીતી પ્રમાણે બોલતા તેને કોઇ બીનખબરીથી મશ્કરીનો ઠઠ્ઠાનું રૂપ આપતા.

હમદાનથી નિકળી માર્ગમાં આસદ આબાદ ગામનો પહાડ, આસદ આબાદ ગામ, ને મર્ચાબાદ અને દેહને ગામો પસાર કર્યાં. આ નામો પુછપરછના જવાબમાં જેમ સાંભળ્યાં છે તેમ કોઇ મુસાફરની જાણ માટે આપું છું. ઇરાનના કોઇ મોટા નકશામાં જોઇ તેના ઉચ્ચારો બરાબર નક્કી કરાય, તેથી મારી નોંધમાં કાંઇ ભુલો હોય તો દરગુજર ચાહું છું. આગળ ચાલતાં મેલા દુરથી બેહીસ્તુનનો પહાડ દેખાવા માંડ્યો. માયેદનથી આપણે પશ્ચિમ તરફ "નાગની ફેણ"ના રૂપનો અને નામનો એક પહાડ દુર જોઇએ છીએ તેવા રૂપનો એક પહાડ પડોશમાં દુરથી ધ્યાન ખેંચતો હતો. બપોરે આસરે પોણા કલાકને સુમારે બેહીસ્તુન આવી પહોંચ્યો. ત્યાં આવતાં પડોશમાં એક નદી વહે છે, જે આપણે એક પુલથી ઓળંગીએ છીએ. ત્યાં એક બુલંદ મિનારો 'વોચ-ટાવર' છે.

બેહીસ્તુનના પહાડની એક ઉડતી મુલાકાત.

આ પહાડની નીચેનાં ગામ આગળ મોટર આસરે પીસ્તાળીસ મીનીટ થોભી કે મુસાફરો કાંઇ ખાણું ખાય. મારી સાથવાળાઓને ખાણું ખાતા મેલી હું એ પહાડના લેખોની કાંઇક ઉડતી મુલાકાત લેવાને ગયો. એક જણ રેહબરી કરવા જાણવાથી તેને સાથે લીધો. અજાન રેહબરોથી ખુદા પનાહમાં રાખે. તે મને પાછલા વખતના કોઇ ફારસી લેખની જગ્યાએ લઇ જઇ તે પુરાણા લેખ તરીકે દેખાડવા લાગ્યો. મેં જોવા માગેલા લેખ અને નક્શ તે નથી, તેમ તેને જણાવતાં બીજા એક ધણીએ તે દેખાડવા માથે લીધું અને પત્થરના મોટા ટુકડાઓ વચ્ચેથી ચઢાણ હોવાથી તેણે પોતાની બાથ ઉંચકી ચઢવા જણાવ્યું. તે કબુલ રાખ્યું કે ખરી બપોરે તાપ અને થાક નહીં લાગે. તેમ તેની થોડે ઉપર જતાં તે બેહીસ્તુનના જાણીતા નક્શ આગળ લઇ ગયો અને ત્યાં ઉતાર્યો. હવે પુરતો વખત નહીં હોવાથી કોઇ ધીરજે પાછું ફરતી વખતે કેર્માનશાહ થોભી ત્યાંથી ગોઠવણ કરીને આવવાનો વિચાર કરી આગળ વધ્યા અને મોટરમાં બે બુક ખાઇ લીધા.

બેહીસ્તુનથી આગળ વધતાં આંખને ચમકતી કરે એવો કાંઇક વેરાન માર્ગ હતો. તે માર્ગે બાદ એક નાની નદી પસાર કરી આશરે ૨–૩૦ ને અમલે કેર્માનશાહ આવી હોટેલ બ્રીસ્ટલમાં

મુકામ કર્યો. ખાણું ખાઈ થોડીક આસાયશ બાદ એક ઘોડાગાડીમાં "તાકે બોસ્તાન" ના નક્ષની મુલાકાતે નિકળ્યો.

તાકેબોસ્તાનની મુલાકાત. તાકેબોસ્તાન ઘોડા ગાડીથી કેર્માનશાહથી આશરે એક કલાક ના રસ્તા ઉપર છે. તેનો પહાડ આપણને કેર્માનશાહની સામે ખુલ્લો દેખાય છે. ત્યાં જતાં "મોરાદ હાંસેલ" એવે નામનું ગામ આપણે એક બાજુએ જોઈએ છિએ. "તાકે બોસ્તાન" વાળો પહાડ દુરથી આપણને વગર ખેંચાણ કરતો (unattractive) દીસે છે તે દુરથી જાણે ખસી પડતી માટીનો હોય તેમ દેખાયછે, પણ આગળ જતાં આપણે તેમાં મજબુત પાદક જોઈએ છિએ. તેની આગળ આવતાં આપણે "બાગે અબ્બાસીયા" નામની લીલોતરીભરી જગ્યા જોઈએ છિએ. આ તાકનાં ચિત્રો વગેરે આસરે એક કલાક સુધી તપાસી અંધારૂં થવા આવવાથી ત્યાંથી પાછો નિકળી મારા હોટેલપર આવ્યો. આ તાક માટે પાછું ફરતાં બીજી વીરજની મુલાકાત લેવા બાદ કાંઈક બોલીશ.

અઝીદહાક ગામ. પાછું ફરતાં વચમાં નડતાં એક નાળાં ઉપરનો પુલ પસાર કરતાં એક સરકારી મથક આગળ, જ્યાં જતી ગાડીઓ પાસે કર લેવામાં આવે છે, ત્યાંથી એક થાકેલા મુસાફર માટે ત્યાંના રખેવાળે સીફારસ કરવાથી તેવણને સાથે લીધા. તેવણ સાથે માર્ગમાં કાંઈક રસીલી વાત થઈ અને કાંઈક નવી હકીકત જાણી. આ જગ્યાથી આસરે દસ ફરસખ એટલે આસરે ત્રીસ માઈલ ઉપર એક "અઝીદહાક" નામનું ગામ છે. ત્યાંથી આ ધણી પગે ચાલતો સવારનો નિકળેલો તે અહીં ૯) ફરસખ ચાલી સાંજે ઝાંકાળાં વખતે આવી પુગ્યો અને છેલ્લા એક ફરસખ માટે મારી સાથે થયો હતો. તેના કહેવા પ્રમાણે ઉપલું ગામ એક કુર્દીશ (Kardiab) ગામ છે.

હવે આ "અઝીદહાક"ના આપણા અવસ્તાના નામ ઉપરથી "ઓહાક" નામ બન્યું છે અને તે "ઓહાક"ની ખાંધ ઉપરના બે સાંપો યા દરદોને નરમ પાડવા કાજે આહરેમને ઓહાકને દવા તરીકે ફર્માવ્યું હતું કે દરરોજ બે માણસોને મારી નાખીને તેઓનાં ભેજા મેલા અઝદાહાને ખવાડ્યા કરશે તો કોઈ પીડા થશે નહીં. એમ દરરોજ થતું અટકાવવા કાજે બે ભલા મરદોએ ઓહાકને ત્યાં બબરચી તરીકે નોકરી મેળવીને બેમાંથી એક જણને દરરોજ બચાવવા માંડ્યા. તે બચેલા આદમીઓ તે "કુર્દ" લોકો છે, એવાં ફીરદોસીનાં દાસ્તાનની "અઝદહાક અને કુર્દ" નામો ઉપરથી યાદ આવી. હવે ઓહાકે પાદશાહ જમશેદને મારી ઇરાનનું રાજ્ય લીધું હતું. તે પાદશાહ જમશેદનું મથક નજદીકનાં હમદાન શહેરમાંજ હતું. આ સર્વ ખીના આપણને આ જગા બાબે કાંઈક વિચાર કરતા મેલે છે.

કેર્માન શાહથી આગળ વધતાં થોડા થોડા વારમાં મોટર અટકતી હતી. તે ઉપરથી જ્યારે હારૂનઆબાદ આગળ આવતાં ઇરાની સરકારની પોસ્ટની ગાડીને અમારી મોટરને છોડી ખાનીકીન તરફ જતાં જોઈ ત્યારે મારી સાથવાળાઓની સુચના ઉપરથી દુરસ્ત ધાર્યું કે ઘડી ઘડીનો કંટાળો ટાળવા માટે મારે તે સરકારી પોસ્ટની ગાડીમાં જવું, તેથી હરૂનાબાદ આવતાં તેમ કર્યું, એટલે કાઝવીનથી બગદાદ આવતાં બે વખત મોટર બદલવી પડી. પછી આગળ ચાલતાં સુર્ખદીઝેહ ગામ પસાર કરી રસ્તા ઉપર એક ખડકમાં કોતરેલી તાક નામે "તાકે ગરેહ" પસાર કરી.

તાકે ગારરેહ.

આ તરફ આવતાં તાકે ગારરેહ. તેણે દંતકથાનું વાતાવરણ ખુસરૂ શીરીન અને ફરહાદની વાર્તાઓથી કાંઇક ભરેલું હતું. આ તાક સાથે જોડાયલી દંતકથા નીચે પ્રમાણે આવી વતાવરણની કોઇ વારતા કહેતી હતી. ખુસરૂ શીરીનનું દાસ્તાન ઇરાનમાં મોહોબતનાં દાસ્તાન તરીકે એટલું તો મશહુર છે કે તે બાબે ફીરદોસી ઉપરાંત નીઝામી જેવા સાએરે પોતાની સાએરી ચલાવી છે અને કહે છે કે અહીંના ખ્યાલીઓએ (Local bards એ) પણ તે બાબે પોતાની સાએરી ચલાવી છે. એવી એક વાત નીચે પ્રમાણે છે.

એક વખત આ મુલકમાં શીરીન પોતાના ઘોડા ઉપર જતી હતી. એમ જતાં જ્યાં તેણીને ચાહનાર ફરહાદ પત્થર ફોડવાનું કામ કરતો હતો ત્યાં તેણી આવી લાગી. તે જે પત્થર ફોડતો હતો તેમાંથી એક પત્થર ઉડી તેણીના ઘોડાના પગને જઇ લાગ્યો અને ઘોડો જખમી થયો. ત્યારે ફરહાદે પોતાની સેવા શીરીનને આપી અને તેણીને પોતાને ખાંધે બેસાડી તેણીને મકાને લઇ જવા લાગ્યો. તેને માર્ગમાં ગારરેહ નામનો પાદશાહનો ચોકીબાન મળ્યો તેણે તેઓને અટકાવ્યાં અને કહ્યું કે તે પાદશાહ ખુસરૂ પરવેઝની આગળ તેઓને લઇ જશે અને ખબર આપશે કે તેઓ કોઇ ખરાબ નેમથી નાહાસી જતાં હતાં. કહે છે કે ફોકટની અને આણઘટતી ભડભડ કરીને તે બંનેને ખરાબ હાલતમાં નહીં લાવી મેલ તે સારૂં ફરહાદે તે ધણી, જે તે તરફનો એક પ્રકારનો ચોકીબાન યા નેગેહબાન હતો, તેને કહ્યું કે "તુંને રાત દહાડો અહીં ચોકીબાનનું કામ કરતાં તડકાંમાં અને ઠારમાં કામ કરવું પડે છે; તેથી તુંને હું અહીં આસરો મળે એવી એક તાક ખડકમાં બનાવી આપું કે તેમાં તું આસરો લઇ તારૂં કામ કરે, અને તેના બદલામાં તું આ બાબતમાં પાદશાહને જઇને કાંઇ કહેતો ના". તે ચોકીબાને તે કબુલ કર્યું અને કહે છે કે ફરહાદે એક રાતમાં આ ખડક ઉપર કામ કરી તેને માટે એક તાક બનાવી કે જેમાં તે રાત દહાડો આરામ લઇ શકે. આ ધણીના નામ ઉપરથી અને આ વાત ઉપરથી ત્યારે આ તાકે "તાકે ગરરેહ" નું નામ લીધું.

કસરે શીરીન તરફ આગળ વધતાં "સર પુલે ઓહાબ" નામનું એક મોટું ગામ પસાર કર્યું. માર્ગમાં અહીં અને તહીં, આજુ અને બાજુ મને કોઇક જગાઓની દીશાઓ દેખાડી કે જે જગાઓ આગલાં ઇરાનીઓના શાહેનામાનાં કોઇ દાસ્તાનો સાથે સંબંધ ધરાવતી. એમ પુરાણી બાબતોની વારતાઓ બાબ નાસરખાન હમદાની નામના મોટર પોસ્ટવાનમાના સોબતી સાથે વાત કરતાં કરતાં રાતે આસરે ૯-૩૦ સાડાનવને અમલે કસરે શીરીન આવી ત્યાંના એક કાવાખાનાંમાં રાત કાંઇક અગવડ સાથે પસાર કરી. સવારે મોટરમાં કાંઇ કામ નિકળવાથી બપોરે છેક સાડા અગ્યાર વાગ્યા પછી કસરેશીરીન ખાનકીન માટે છોડયું, જ્યાં બપોર પછી આશરે ૩) વાગે પહોંચ્યો. ત્યાંથી ઇરાકના રાજ્યની રેલ્વે બસરા સુધી છે. તથી રાત્રે ૯) વાગે ટ્રેન પકડી બીજે દહાડે એટલે તા૦ ૨૧ મી અકટોબર સવારે ૫-૪૦ ને અમલે બગદાદ આવ્યો હતો, એટલે તા૦ ૧૩ મીએ તબ્રીઝથી નિકળેલો આઠ દહાડે રોજ સફર કરતો બગદાદ આવ્યો હતો.

ખરાબ મોટરની બીજી ચિંતા.

કેર્માનશાહથી ખાનીકીન તરફની રાહમાં ખરાબ મોટર સબબે એક બીજી મુશકેલીમાંથી સેહેજમાં બચી ગયો. તે આ કે ખરખર દરદર થઇ રહેલી મોટર, જેમાં હું શોફરની બેઠક ઉપર તેની પાસે બેઠો હતો, તેનું મારા પગ નીચેનું પ્લાટીંગ સળગી ઉઠયું. એકાદ પળમાં તેનું બળતું મારાં કપડાં પકડી લેતે. હું ગભરાઇને મારી

બેઠકની પછવાડેના પીઠના ભાગ ઉપર કુદી પડયો. તેમ કરતાં સમતોલપણું નહીં રહેતાં પછવાડેની બેઠક તરફ પડયો. ત્યાં સાથી—મુસાફરો તરીકે એક પરદેનશીન બાઈ અને તેણીના ખાવીંદ બેઠેલાં હતાં. હું એમ પડતાં તે પરદેનશીન બાઇના ખોળા ઉપર પડયો. તેથી ગભરાઇ ગઇ અને તેણીનો ખાવીંદ પણ ગભરાઇ ગયો. એક પરદેનશીન બાનુના ખોળા ઉપર પડતાં હું પણ ગભરાઇ ગયો. તુરત મારી વર્તણુંક માટેનો તેઓનો કાંઇ ગભરાટ નરમ પાડવા હું પોકારી ઉઠયો કે "ચુબ આતશ ગીરફ્ત, ચુબ આતશ ગીરફ્ત" એટલે "લાકડું સળગી ઉઠયું છે, લાકડું સળગી ઉઠયું છે." તેથી મારી હાલતનો ખુલાસો થયો. શોફરે ગાડી થોભાવી બળતાં લાકડાંને ખેંચી કાઢયું. ભવિષ્યનાં મુસાફરોને મારી સુચના છે કે જેઓની મવસર હોય તેઓએ પોતાની ઘરની સારી મોટરની મચીત ગોઠવણ કરવી.

હોટેલ મોડ. બગદાદ,
તા૦ ૨૮ મી આકટોબર ૧૯૨૫.

મેસોપોટેમીઆ (ઈરાક). બગદાદ.

હું તા૦ ૨૧ મી આકટોબરે સવારે બગદાદ આવી પહોંચ્યો છું. તબ્રીઝથી કાઝવીન થઇ હું અત્રે આવ્યો છું. કાઝવીનથી અત્રે આવતાં નીચલાં શહેરોમાં મંજલ કરતો એટલે એકથી બે રાત મુકામ કરતો હું આવ્યો છું.

૧ હમદાન.

૨ કેરમાનશાહ.

૩ કસરે શીરીન.

૪ ખાનીકીન, જ્યાં સાંજે ચાર વાગે આવી બગદાદ માટે રાત ૯) કલાકે ટ્રેન લીધી.

આ શહેરોમાં આવી પહોંચતાં અને ઉપડતાં સાંજ સવાર જોવાલાયક વખારીખી જગ્યાઓમાં જેટલું જોવાયું તેટલું જોઇ લીધું છે. પાછું એજ માર્ગે તેહેરાન જવા કાજે ફરવાનું છે. માટે જે બાકી હશે તે અથવા જોયલું એકવાર ફરીને જોવાની તક મળશે. બગદાદ તરફની કુચમાં મેં બનતી ઝડપે આવવાનું દુરસ્ત ધાર્યું. તેનો સબબ એ કે મેં મારા કલકતાવાળા બેથી ભાઇ રૂસ્તમજી કાવસજી મોદી, જેવણ પોતાનાં કુટુંબ સાથે યુરોપમાં ફરીને અને ઇજીપ્ત અને સીરીઆમાં થઇને અને બગદાદ આવ્યા છે, તેવણ સાથે ગોઠવણ કીધી હતી કે અમોએ અહીં બગદાદમાં મળવું અને ત્યાંથી સાથે ઇરાનના બાકીના ભાગમાં ફરી મુંબઇ જવું. તેવણને રખે મારે કાજે ખોટી થવું પડે, એવા ખ્યાલથી મેં કાંઇક ઝડપે સફર કીધી. પણ અત્રે આવતાં, તેવણ આજે આવે છે અને કાલે આવે છે એમ, કેટલીક ચિંતા સાથે મેં તેવણની રાહ જોઇ. ચિંતા એટલા માટે કે અત્રે આવતાં મેં સાંભળ્યું કે તેવણ અને કુટુંબ કાંઇક મુશ્કેલીમાં સફર કરે છે. સીરીઆ, જે ઉપર છેલ્લી લડાઇના કરારો પ્રમાણેના હોકમ (mandate) મુજબ, ફ્રેંચ સરકારની હકુમત ચાલે છે, તની સરકાર સામે ત્યાંનાં આરબોએ બળવો ઉઠાવ્યો છે મારી ચિંતા અને સાંભળેલું ખરું પડયું.

સીરીઆમાં આરબોનો બળવો. તેનો એક કુટુંબને મળેલો કાંઇક કડવો અનુભવ.

એઓ સર્વે તા૦ ૨૭ મી આકટોબરે ખુદાની મેહેરથી સલામત આવી પુગ્યાં છે. માર્ગમાં હીલ થવાના બબસ. ઉપર જણાવ્યા મુજબ, આરબોનો બળવાનો હતો, જે સબબે એઓના કહેવા પ્રમાણે, એઓ જાણે કાંઇક "વાઘના મોઢમાંથી બચી આવ્યાં છે." એઓ મીસરથી બેરૂત (Beyrout) ખાતે મુસાફરી માટે ખરીદેલી બે મોટરની ગોઠવણ કરી આવી પુગ્યાં હતાં. ત્યાંથી સફર કરી બાલબેકના જાણીતાં ખંડીએરો વગેરે જોઇને દમાસ્કસ

આવ્યાં. ત્યાં આરબોએ ઉઠાવેલા બળવા દરમ્યાન ફેંકાતા બોંબો અને ગોળાઓ વચ્ચે લડાઇ કેમ ચાલે છે તેનો કાંઇક કડવો અનુભવ તેઓને મળ્યો. દમાસ્કસથી તેઓ આગળ આ તરફ વધી શક્યાં નહીં અને તેઓને આખરે બૈરૂટ પાછું ફરવું પડયું. અને ત્યાંથી બીજે માર્ગે પાલમાએરા થઇ તેઓ અત્રે આવ્યાં. આ સફર દરમ્યાન તેઓને એક ઠેકાણે સીરીઆના રેતાળ જંગલ (Syrian desert) માં બીજી મોટરો સાથે રાત મોટરમાંજ કાઢવી પડી પણ સેવટે ખુદાની મહેરથી તેઓ લડાઇના અને રેતાળ જંગલની કુચનો કાંઇક કડવો, તોપણ જીંદગીમાં કાંઇક ભલુ શિક્ષણ આપે તેવો, અનુભવ મેળવી સલામત આવ્યાં છે. તેઓને જોઇને મને ઘમણી ખુશી ઉપજી. એક તો તેઓ સર્વને કાંઇક અકરાયલાં ગભરાયલાં તોપણ સલામત જોઇને અને બીજું તો હવે મને પોતાને નજદીકનાં પેશીઓની સંગતમાં સફર કરવાથી કાંઇક વધુ રાહત મળશે તે કાજે. આવી સફરોની રંજ અને ચિંતાનો પુરતો ખ્યાલ શહેરોમાં આસાન આરામની ખુરસીઓ ઉપર બેસી વાંચનારાઓને કદાચજ આવે. આ વખતે મને હાફેઝની પેલી સતરો યાદ આવે છે કેઃ—

"બ બીમ મોજ ઓ
અર્દાબી ચુનીન આહેલ,
કુજા દાનન્દ હાલેમા
સુબક બારાને સાહેલહા."

એટલે 'કિનારા ઉપર વગર ચિંતાએ બેઠેલાઓ મોજાઓ અને પાણીના વટોળાઓથી ઉપજતી ચિંતાની હાલત કેમ જાણી શકે!"

બગદાદમાં જોવા લાયક જગાઓ.

બગદાદમાં જોવા લાયક નીચલી જગાઓ અને ખાતાંઓ વગેરે છે.

૧ આપણી પારસી નજરે (ક) ટેસીફોન અથવા મદાએન શહેરના ખંડીએરો અને ત્યાં આવેલો "તાકે કેસરા" (ખ) અને બાબીલોન જે ઉપર એકથી વધુ વખત તેને હાથ કરી ઇરાની પાદશાહોએ હકુમત કરેલી તે.

૨ ઇસ્લામી ભાઇઓની કાંઇક નામીચી ઇમારતની જગાઓ.

૩ ખુદ બગદાદ શહેર, જે હાલ પણ હારૂન અલરશીદના વખતનો અને "અરેબીઅન નાઇટસ" (Arabian Nights) નો કાંઇક ખ્યાલ આપે છે, તે અને તેનાં કોઇક ખાતાંઓ.

હું પહેલે ત્રીજી બાબત માટે યાને ખુદ બગદાદ શહેર માટે કાંઇક બોલીશ. પણ તે બોલવા આગમજ એ શહેરવાળા "મેસોપોટેમીઆ" ના મુલક માટે બે બોલ બોલીશ. મેસોપોટેમીઆ તેનું પુરાણું પશ્ચિમ ભણીનું આપલું નામ છે. ઇરાક તેનું પૂર્વ ભણીનું હાલનું નામ છે. તે તર્કીના રાજ્યથી છુટું પડી હાલમાં અંગ્રેજોની "મેન્ડેટરી" (mendatory) તરીકેની બાંએધરી હેઠળ એક આરબ રાજાનું રાજ્ય થયું છે.

મેસોપોટેમીઆ.

ઇરાકનું પુરાણું નામ "મેસોપોટેમીઆ" છે. તે યુફ્રેટીસ (પેહેલવી પુસ્તકોની "ફ્રરાત") અને ટાઇગ્રીસ (પેહેલવીની "દઝલે") નદીઓ વચ્ચે આવેલું હોવાથી આ નામે બોલાય છે. નીનેવે, નીમરોડ, અસહુર, બેબીલોન, ઉર, બગદાદ જેવાં પુરાણી તવારીખમાં મશહુર થયલાં શહેરોનો એ ભાગ્યવંતો મુલક છે. આસીરીઆ અને બેબીલોનીઆના પુરાણા રાજ્યનો એ મુલક છે. આ મુલકના જુદા જુદા ભાગોમાં જુદી જુદી નાની મોટી શાહનશાહતો થઇ ગઇ છે. આપણી હખામનીઅન શાહનશાહતના વખતમાં ઇરાનની સલતનતનો પણ આ મુલકમાં દોર ચાલ્યો હતો. આગલા રાજ્યકર્તાઓ વચ્ચે હખામનીઅન વંશના સ્થાપક સાઇરસને હાલની એક બાનુ લખનાર (By Tigris and Euphrates, by Mrs. Stevens, 1923) નીચે પ્રમાણે ઇનસાફ આપે છે:

"It was left to Cyrus, the Persian to prove that the surest way of holding conquered peoples, is to give them freedom and justice." એજ લખનાર આ મુલકના ઇરાની અમલ માટે કહે છે કે તેઓ પોતાના કરતાં અહીંના લોકોના ભલાં માટે અમલ કરવાની વધારે કાળજી રાખતા (governing conquered peoples for their own (i. e. peoples') good). હાલમાં આપણે "સ્વરાજ" (self-government) માટે કાંઇક બોલ્યે છિએ. પણ આજથી ૨૫૦૦) વર્ષ પર સાઇરસ (Cyrus) પાદશાહ અને તેના વંશના પાદશાહો જીતેલી પ્રજાઓને સ્વરાજ આપતા હતા, તે એટલી બધી હદ સુધી, કે તેઓને માથે તેઓ જે હાકમો (Governors) નેમતા હતા તેપણ તેઓમાંથી નેમાયલા જોવાની કાળજી રાખતા.

આ મુલકની બે મોટી નદીઓ.

ઉપર કહેલાં એ મુલકના યુનાની નામ ને આપણે જો ઇરાની રૂપ આપ્યે તો તે "મીઆન આપ" એટલે "બે નદીઓ વાળો મુલક" એમ થાય. એ બે નદીઓ યુફ્રેટીસ અને ટાઇગ્રીસ છે. યુફ્રેટીસ તે આપણા પેહેલવી પુસ્તકની "ફરાત" (Frat) છે. આ શબ્દ ઉપર યુનાનીઓએ પોતાના રેવાજ પ્રમાણે 'સગણુવંતી ભાષા" (Euphemy) નો શબ્દ "યુ" (Eu આવરતા 'યુ' એટલે સારૂં) વધારી "સારી એટલે બરકતાવર નદી" એમ નામ આપ્યું. ટાઇગ્રીસને પેહેલવી પુસ્તકમાં દીગ્લેહ (Dizleh) કહે છે. એ "દીગ્લેહ" નામનું હરફોની તબદીલથી "ટીગ્રીસ" નામ બની શકે છે. એ નામમાં "તીગ," "તીઝ" એટલે "ઝડપથી વેહેનાર" એવા વિચારનો ખ્યાલ રાખ્યો છે.

આ બે નદીઓએ "મેસોપોટેમીઆ" ને એક વખતે જાણે આખી દુન્યાના મોટા ભાગનું "અનાજનું ભંડાર" (Granary) બનાવ્યું હતું. તરેહવાર રાજ્યોના ફેરફારથી અને તેવા રાજ્યોમાંના કોઇકની બેદરકારીથી તેની આબાદી પાયમાલીમાં ફેરવાઇ. આજે પણ જો કોઇ કાબેલ નેહેર ખાતાં (Irrigation) ના માહીતગારના હાથમાં તેને મેલવાનું બને તો તે પાછી કાંઇક અસલી આબાદી મેળવે.

મેસોપોટેમીઆમાં ખ્રીસ્તીઓ, તેઓનો પારસીઓ જેવો કાંઇ હેજ.

કાઇસ્ટ મેસોપોટેમીઆની નજદીકના પેલેસ્ટાઇનનાં મુલકમાં જન્મ પામ્યો હતો. આ સબબે તેનો ધર્મ આ તરફ ફેલાયો માલમ પડે—પછી તે તેના વખતથી કે પાછલા વખતથી—એ કુદરતી છે. જ્યારે આ તરફ ઇરાનની કોઇક સલતનત હતી, ત્યારે ઇરાની જરથોશ્તી પાદશાહોએ પણ કાંઇક સહનશીલતા સાથે એ ધર્મ માટે છુટ મુકી હતી. આરબોની ફતેહની વખતે આપણા ધર્મ માફક તેને પણ અહીં ફટકો લાગ્યો હતો. તે છતાં તે અહીં ટકી રહ્યો છે આ બાબે ઉપલી લખનાર લખે છે કે, "When the fierce tide of Islam swept over Iraq and Kurdistan, Christianity bowed its head. Churches were converted into mosques, tribes which had been more or less Christian, embraced the faith of the Prophet A persecuted religion it has been ever since." આ મુજબ જે ખ્રીસ્તીઓનો મામલો હતો, તેવો આપણો પણ મામલો હતો. આપણો તેથી કાંઇક વધારે ખરાબ હતો, સબબ કે, આપણે તો મુલકના માલેક હતા. કોઇ એકાદ બાનુઓ, જેઓ એવું કાંઇ કહે છે કે આપણા વડીલો ઇરાન વતન છોડી આવ્યા તે "દીન અને ધર્મ ખાતર નહીં," તેઓએ આ બાબત વિચારવાજોગ છે.

ખ્રીસ્તીઓના જેવી આપણી હાડમારી માટે એક બીજો લખનાર કહે છે કે, "The Arab conquest caused a much more lasting and deeper perturbation in the internal state of Iran, than that of Alexander had done. Fire-worship was prohibited; those few Iranians who had remained faithful to the old creed were obliged to practise its rites by stealth in order to escape severe punishment or seek a refuge in distant India."

આ તરફ ખ્રીસ્તીઓના કેટલાક જુદા જુદા પંથો છે, જેવા કે જેકોબાઇટ, નેસ્ટોરીઅન, સીરીઅન, આર્મીનીઅન, ગ્રીક વગેરે. એઓના એક આગલા ધર્મગુરૂનું આપણાં જેવું રબન હોર્મઝદ (Rabban Hormazd) એવું નામ હતું.

બગદાદ તેની સ્થાપના.

આપણું પેહેલવી પુસ્તક 'શત્રોઇહાએ ઇરાન' (એટલે ઇરાનના શેહેરો) બગદાદ, તેસીફુન અને આ તરફના બીજાં શહેરોની સ્થાપના કોણ કોણ પાદશાહોને હાથે થઇ હતી તેનું ઘણું અગત્યનું વર્ણન કરે છે. તે માટે આ પુસ્તકનો હેવાલો આપું છું (જુઓ મારૂં "યાદગારે ઝરીરાન, શત્રોઇહાએ ઇરાન અજાએબીઆ વ સહીગીઆ એ સીસતાન)". તે પુસ્તકમાં સર્વ શહેરોની સ્થાપનાનો સંબંધ આગલા કોઇ અને કોઇ ઇરાની પાદશાહો સાથે જોડયો છે. પણ સેવટે આ બગદાદ શહેર માટે બોલતાં તેને એક ઇસ્લામી પાદશાહે સ્થાપેલું જણાવે છે. હું ભુલતો નહીં હોઉં તો તેમાં એ પાદશાહનું નામ "જાફર" યા "જફર" આપ્યું છે. આ સ્થાપના આ શહેરની શરૂઆતની સ્થાપના દીસ્તી નથી, પણ કોઇ પાછલી બીજી વારની નવી સ્થાપના દીસે છે. અને સ્થાપનાર તરીકે જાણીતા હારૂન અલ રશીદના બાપાવા મનસુરનું નામ જણાવવામાં આવે છે (ઇ. સ. ૭૬૨), જેનું અસલ નામ જાફર હતું અને "મનસુર" (એટલે કીર્તિવંત) તેનો એલકાબ હતો. બગદાદ એ નામનો અર્થ "બાગેદાદ" એટલે "ઇન્સાફ નો બાગ" કરી કરે છે. પણ જો એની સ્થાપના કોઇ આગલા સાસાનીઅન પાદશાહની જણાય તો એ અર્થ અવસ્તાના નામ મઝદધાત" એટલે "મઝદનું પેદા કીધેલું" માફક બગ (ખુદા) એ પેદા કરેલું (દાત)" થાય. આ શેહેર ટાઇગ્રીસ નદીના કિનારા ઉપર આવ્યું છે. મારાં હોટેલના જમવાના ઓરડામાંથી હું આ પોહોળા પાતળી સુંદર નદી, જેણે યુફ્રેટીસ નદી સાથે ઘણાંક રાજ્યોની તવારીખમાં અગતનો ભાગ લીધો છે, તેનાં દરરોજ અનેકવાર દર્શન કરતો રહ્યો છું.

આ શેહેરથી મોટર મારફતે આસરે ૧ કલાક યા દોઢ કલાકના રસ્તા ઉપર જાણીતું તેસીફોન (આપણા પુસ્તકોનું મદાયન) શેહેર આવ્યું છે. આ મદાયેન શેહેરની પુરાણી સાસાનીઅન ઇમારતોએ અને તેમાં તેના "તાકે કેસરા"ના જાણીતા મેહેલે આ બગદાદ શેહેરની ઘણીક ઇમારતોને પત્થર પુરા પાડયા છે. એમ એક શેહેરને ખોદી કાઢી કેટલાંક નવાં શેહેરો સ્થપાયાં છે. મનસુરે એ શેહેરને નવેસરથી સ્થાપવાથી તે શરૂઆતમાં "મનસુરીએ" કહેવાતું. તે ઉપરથી દીસે છે કે બગદાદ નામ એ જગા માટે મનસુરની આગમજ જણાયલું હતું.

બગદાદની અતરાફમાં આખરી જરથોસ્તી હકુમત.

બગદાદને પાછલા વખતમાં હારૂન અલ રશીદ અને તેના વંશે મશહુર કર્યું છે, પણ તે આગમજ ઇરાનની જરથોસ્તી શાહાનશાહતના મેસોપોટેમીઆ તરફના ભાગ તરીકે આ શેહેરની અતરાફનો ઘણો ભાગ જણાયલો હતો. ઇરાની શાહનશાહત મેસોપોટેમીઆ

તરફની એક મોટી શાહાનશાહત ગણાતી અને વળી તે ધર્મ સંબંધી બાબતમાં સહનશીલતા દેખાડનારી શાહાનશાહત ગણાતી. આ બાબે હાલનો એક લખનાર (The Heart of the Middle East, by Riohard Coke) પારસીઓને પોતાના વડીલોની કારકીર્દી માટે હરખાવે એવા શબ્દોમાં નીચલી નોંધ લે છે:

"The Persian was the last, as it was the greatest of the ancient Mesopotamian empires. It is justly renowned in history for its religious toleration, the first of the beneficent influence of the cult of Zoroaster, the most spiritual religious conception which had so far appeared upon the earth."

એવી સહનશીલતા બાબીલોન સાથ પણ કેટલીક હદે જોડાયલી હતી. બાબીલોન, જેરૂસલમ, યાહુદીઓ અને અસલી હખામીનીઆન વંશના પાદશાહો, એ સર્વનો જાણે એકમેક સાથ સંબંધ હતો.

બગદાદની દરબાર એક મોટી પાઠશાળા હતી.

હારૂન અલ રશીદનો બેટો મામુન, જે હારૂન અલ રશીદની એક ઇરાન તરફનીરાણીને પેટે જનમ્યો હતો, તેની દરબાર મી. મોહલ (Mohl) કહે છે તેમ એક ખરી પાઠશાળા (une veritable Acad*e*mie) થઇ પડી હતી. આપણું એક પેહેલવી પુસ્તક "મઝદતકે અગાલીસ" તેની ગવાહી આપે છે. આપણે હાલમાં, જે "કોનફરન્સો" અને "કોન્ગ્રેસો" માટે બોલીએ છીએ, તેઓની શરૂઆત જાણે "બઝમ"ના નામે શાહ નોશેરવાન અદલે કીધી હતી. મામુને તે બગદાદ તરફ ચાલુ રાખી હતી. શાહ અકબરે તેની કાંઇક નકલ કીધી હતી અને નોસારીના દસ્તુર મેહેરજીરાણા અકબરની દરબારમાં જાણે એવી એકાદ ધર્મ સંબંધી બાબતોની કોનફરન્સમાં એવી કોઇક આગલી રીતે પારસીઓના પ્રતીનીધી તરીકે ગયા હતા.

આ વખતની ઇસલામી કેળવણી (culture) ની અસર આજુબાજુ સુંદર રીતે ફેલાઇ હતી. એ બાબે સ્પેન દેશના કોઇક શેહેરની મુલાકાતનાં મારાં વર્ણનમાં હું બોલ્યો છું. આ બાબે કર્નલ સાઇકસ (Col. Sykes) ના નીચલા શબ્દો નોંધી રાખવાજોગ છે:

It would be well if Europeans, who are sometimes apt in ignorance to depreciate the East, would contrast the state of learning, of science, of literature and of the arts among Moslems in this century (એટલે કે નવમી સદી) with the deep darkness which then covered Europe. It is not too much to say that in all these departments of intellectual activity, the East was incomparably superior to the then benighted West, and this continued true during a period of some five hundred years; for not until the twelfth century did Christanism cease to depend on the East for its light. EX ORIENTA LUX: no aphorism ever crystalized a profounder truth."

આ ફકરો હું કાંઇક હરખ સાથે ઉતારૂં છું, સબબ કે આ ઇસલામી સુધારાના ફેલાવામાં, મેં આગલાં પત્રોમાં જણાવ્યું છે તેમ, કદીમ ઇરાનનો હાથ હતો. ઇસલામી ઉસ્તાદોએ ઇરાન હાથ કરવા સાથ ઇરાનથી ઘણુંક લીધું હતું. આપણા શેહેરમાં આ સાલની શરૂઆતમાં જ્યારે આપણી યુનીવરસીટી હજુર નવી ફેકલટી (faoulty of Oriental Literature) નો સવાલ આણ્યો હતો, ત્યારે ઉપલા કોઇક વિચારોથી મેં તે ખીલચાલને ટેકો આપ્યો હતો.

જે વખતે બગદાદ જાણે એક પ્રકારની એકેડેમીનું મથક બની કેળવણીનો કાંઇક પ્રસાર કરતું થયું ત્યારે કહે છે

કે કેળવણી આપતા ઉસ્તાદો અને કેળવણી લેતા ચેલાઓ (આપણા શબ્દોમાં બોલીએ તો અએથ-પદ્ધતી અને હાશીરત અથવા એરવદ અને ઓસ્તા) મંડળીના બીજા પેશાવાળાઓ વચ્ચેથી જલદી પિછાણી શકાય એવો પોષાક પેહેરતા હતા. તેઓ ઉંચી ટોચની ટોપી (high-peaked hat) ને બદલે એક પ્રકારની પાઘડી પેહેરતા અને ખભાં ઉપર એક પ્રકારનો લાંબો પટો (scarf) નાખતા. યુરોપમાં હાલમાં પણ યુનીવરસીટીના પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ જે પટો (scarf) અને હુડ (hood) પેહેરે છે, તેનું મુળ આ બગદાદની આરબ પાઠશાળાઓના રેવાજમાં જોવામાં આવે છે.

ટાઇગ્રીસ નદી ઉપરથી બગદાદ શેહેરનો દેખાવ.

આ શેહેરને એક વખત તેની નદીની સપાટી ઉપરથી જોવું જોઇએ. મેં તેમ બે વખત મોટર લૉંચમાં જોયું છે. જાણે ટાઇગ્રીસ વગર બગદાદ નહીં અને બગદાદ વગર ટાઇગ્રીસ નહીં. મારી આ બે સેહેલોએ એ શહેર અને તેની નદી માટે મને કાંઇક સારો ખ્યાલ આપ્યો છે. તેને કિનારે આપણી તાપી અને નર્બદા નદીઓના કિનારા માફક સુંદર હવેલીઓ છે. તેના નદી ઉપરના ઝરૂખાઓ એંચાણ કરનારા છે. મારી પેહેલી સેહેલ દરમ્યાન કિનારે ઉતરી મેં એ નદી ઉપરના એક આરબ ગામની મુલાકાત લીધી હતી.

એક આરબ ગામ. તેનો ખજુરનો ઉદયોગ.

આ નદી ઉપરનાં શેહેર બહારના એક આરબ ગામની અને તેમાં એક ગરીબ આરબનાં ઘરની મુલાકાતથી મને બગદાદ તરફના આરબોની ઘરસંસારી જીંદગીનો અને તેઓના ઉદયોગોનો કાંઇક ખ્યાલ આવ્યો હતો.

આ ઉદયોગોમાં ખજુરીનાં ઝાડો ઉગાડવાનો અને ખજુર ઉત્પન્ન કરવાનો ઉદયોગ મુખ્ય છે. જેમ ઇરાનમાં અને યુરોપના કેટલાક શેહેરોમાં સંખ્યાબંધ જાતની દરાખ થાય છે તેમ કહે છે કે આ તરફ ૩૬૫) જાતનો ખજુર થાય છે, જેમાંથી તમો વરસના ત્રણસો પાંસેઠ દહાડા જુદી જુદી જાતનો ખજુર ખાઇ શકો. એઓના એક ઘરમાં ખજુરનો એઓ ગોળ કેમ બનાવે છે તે જોયું. અહીં ખજુરીની તાડી કાઢતા નથી પણ ખજુરમાંથી એક જાતનો દારૂ બનાવે છે. એઓમાં શરાબની મનાઇ હોવાથી તેઓ પોતાનો ખજુર યાહુદીઓને વેચે છે અને યાહુદીઓ તેનો દારૂ બનાવે છે. મનાઇ છતાં કેટલાકો દારૂ પીએ છે. એવું દીસે છે કે સાએર હાફેઝના વખતમાં ઇરાનમાં કેટલાક જરથોસ્તી ઇરાનીઓ, જેઓને એ સાએર "પીરે મોગાન" એટલે "માજીઓના પીર યા બુઝોર્ગો" કહે છે, તેઓ આ તરફ શરાબ બનાવતા. તેઓના હાથમાંથી હાલ એ ધંધો યાહુદીઓના હાથમાં ગયો છે.

બગદાદમાં એક રાતની સેહેલ.

બગદાદના આગલા જાણીતા ખલીફ હરૂન અલ રશીદ માટે કહે છે કે તે કોઇ કોઇ રાતે જુદા જુદા વેશમાં પોતાના આ માનીતા શહેરનો કાંઇક તમાશો જોવા નિકળતો. એક સાંજે મને તે વાત યાદ આવતાં મન થયું કે હું પણ બગદાદનો રાતને વખને કાંઇ તમાશો જોઉં. મને કાંઇ જુદો વેશ લેવાની જરૂર નહીં હતી. ખલીફના આ શહેરમાં ગરીબ જીવનજી મોદીને કોણ પિછાણે કે તેને કોઇ લેબાશમાં જવાની જરૂર હોય? પણ એક ભોમીઆની જરૂર હતી. તેને લઇ ચેરાગ થવા બાદ નિકળ્યો. મોડ બ્રીજ (Maud Bridge) ના માર્ગે ટાઇગ્રીસ નદીને પેલે કાંઠે ગયો. ભોમીઆને કહ્યું હતું કે મને અહીંના કાવાખાનાઓની જીંદગીનો કાંઇક ખ્યાલ મેળવવો

છે. તેથી તે મને આ બાજુ લઇ ગયો. નદીને કાંઠે એક સુંદર જગ્યાએ એક પેહેલું કાવાખાનું છે, કે જેમાં મારા જેવાને પણ બે ચાર સોહબતીઓ સાથે બેસી કાફી પીતાં પીતાં કંઇ વાત કરવા ગમે. અંદર રેસ્ટોરાંની માફક નાની નાની ટેબલો અને ખુરસીઓ હતી. ત્યાં સંખ્યાબંધ મિત્રો મિત્રોની ટોળકીઓ ભેગી મળી હતી. કોઇ ટોળકી સોટકાં વગેરે રમતી હતી, કોઇ ખુશ વાત કરતી હતી. ખુરસી ટેબલ વગર અસલી રીતે લાંબા બાજટો પર બેસી કાફી પીતાં પીતાં તરપા મારનારાઓ માટે પણ ગોઠવણ હતી. ફક્ત ચાહ અને કાફીજ ત્યાં વેચાતી. શોખીનો માટે મીઠા નાનો વેચનારાઓ પણ ત્યાં ફરતા હતા. જોન્સન ની જાણીતી "ઇન" માફક આ એક રીતનું એક પહેલા પ્રકારનું કાવાખાનું હતું

ખલીફ અને બગદાદ અને 'અરેબીયન નાઇટસ' આ શબ્દો જાણે પુરાણા ખ્યાલોને ઉભા કરવા કાજે સાથે સાથે જતા શબ્દો છે. તેથી આ કાવાખાનામાંથી બહાર નીકળતાં સામે અરેબીઅન નાઇટસ (Arabian Nights) તરીકે એક પાટયું વાંચ્યું ને ત્યાં દાખલ થયો. તે રાતે આશરે ૮) વાગાથી ૧૨) વાગા સુધી ઉઘાડું રહેતું. તે એક જાતનું ખોલ્લી જગ્યાનું (open air) સીનેમા અને કોનસર્ટ રૂમ વગેરે હતું. દાખલ થવાની કાંઇ પણ ફી હવી નહીં પણ ત્યાં જઇ ગોઠવેલી ખુરસી ટેબલપર બેઠા કે ઓછામાં ઓછી આઠ આનાની કીમતનું કાંઇ પીવું—પછી શરાબ કે ચાહ કે કાફી—લેવુંજ જોઇએ. તે પીતા જાઓ અને પેહેલ સીનેમા જોતા જાઓ અને પછી કોનસર્ટ સાંભળતા જાઓ. જેઓ કાંઇપણ પીણું વગર મોજ ભોગવવા આવતા હોય તેઓ માટે પાંચ આનાની ફી હતી. ત્યાંથી નિકળ્યા તો પછી નાનાં મોટાં એવાં કાવાખાનાઓની હાર લાગી હતી. તે દેખાવ કાંઇક રળીયામણો લાગતો અને લોકોને મજાહ કરતા જોઇ મને પોતાને મજાહ મળતી.

આગળ ચાલતાં આપણા એક હીંદવાને કાવાખાનું કાઢ્યું હતું ત્યાં ગયો તે જગ્યા સફાઇ સુઘડાઇ ભરેલી હતી. ત્યાં આપણું હીંદી ઘરનું ખાણું પણ આપવામાં આવતું. તેના બાવરચીખાનામાં ગયો તો કોઇક સુફીયાણી રીતે ખાણું ગરમ ગરમ પકાવવામાં આવતું. અત્રે લડાઇ દરમ્યાન ઘણા હીંદુસ્તાનના વતનીઓ કામે આવ્યા . તેઓ માટે આ એક મળવા માટેનું મકાન (rendezvous) હતું. ત્યાં વાત કરતાં એક આપણા પારસી ભાઇ જેવણ અસલ ભરૂચ શેહેરના હતા, તેવણને જોઇને ખુશી ઉપજી અને તેવણથી પુછપરછ કરતાં માલમ પડ્યું કે અત્રે ત્રણ પારસીઓ છે અને અત્રેથી ટ્રેન મારફતે એક દહાડાના રસ્તા ઉપર આવેલાં બસ્રા શેહેરમાં આશરે ૨ પારસી ભાઇઓ છે.

આ કાવાખાનાઓ જોઇ શેહેરનાં બજાર તરફ ફર્યો. હાલ સધી ઇરાનમાં ફર્યો, ત્યાં અને અહીં બજારો ઘણુંખરાં ઉપરથી ઢાંકેલાં આર્કેડ (arcades) જેવાં હતાં, કે જેમાં દુકાનદારોને તડકાં યા વર્ષાદથી અડચણ પડે નહીં. આ બજારમાં ગરીબ કાવાખાનાઓનો કાંઇક ખ્યાલ મેળવ્યો અને પછી હોટેલ પાછો ફર્યો. મને આવી ગરીબોની મોજની જગ્યાઓની મુલાકાત લેવાનો કાંઇક શોખ છે. મારી નોસારી વગેરે બાહારગામોની મુલાકાતોમાં તાડીના પીઠાઓની મુલાકાતમાં હું કાંઇક મોજ લઉં છું. ગરીબોને પોતાની શકતી પ્રમાણેની પોતાના ગામડાંની જાણ મુજબ કોઇ ગામી હકુમત (country politics) ની વાત કરતાં સાંભળવામાં કાંઇક મજાહ મળે છે. વળી તેઓ કોઇ વખત દારૂ તાડીની થોડીક નીશામાં માહોમાંહે કાંઇક એવું ડહાપણ ભર્યું બોલે છે, કે જે જાણે, પેલી કેહેવી મુજબ, આપણાં હૈડાં તલક જાએ છે અને આપણને કાંઇક ઉંડા વિચાર કરતા મેલે છે. આપણા પારસીઓના પુસ્તકોમાં કાંઇ "ગોશ્ત નહીં ખાવું" અને શરાબ નહીં

પીવો" એવું એક પ્રકારનું મત (faddism) નથી. આ સબબે શરાબની પણ કાંઇ મનાઇ નથી. તેથી ઉલટું કહે છે કે એકાદ બે પ્યાલા શરાબની જામ-અલબતે તે શરાબ કોઇ મસ્ત પીણું નહીં—કોઇ વખતે હુમત, હૂબ્ત અને ઉત્કર્ષના માર્ગ પર મેલે.

હવે ઇસ્લામી ભાઇઓમાં શરાબની તદન મનાઇ છે છતાં, આ ખલીફો અને પીર પરહેજગારોના ધામમાં પણ કોઇકને શરાબ પીતા જોઇ પુછ્યુ કે "ધર્મમાં મનાઇ છે તો શરાબ કેમ પીવામાં આવે છે?" તો ખુશ મીજાજથી જવાબ મળ્યો કે "આ પીર પરહેજગારોના પવિત્ર શહેરમાં સઘળું માફ થાય છે." એક બીજા બુજોર્ગ ધણીને બીર પીતાં જોઇ તે બાબત પુછ્યું તો જવાબ દીધો કે "મસ્તી આપનારા શરાબની મનાઇ છે. પણ આવા નરમ શરાબની મનાઇ નથી." મને યાદ આવ્યું કે જ્યારે ૧૮૮૭) માં હું પેશાવર ગયો હતો ત્યારે ત્યાં જાણ્યું હતું કે ત્યાંની શેઠો જમશેદ બાવાળાની પેહેડી, જેણે તે વખતે કાબુલમાં પણ દુકાન ઉઘાડી હતી, તેની મારફતે ઘણો અંગ્રેજી શરાબ કાબુલમાં ખપતો અને તેના ખુલાસા માટે પીનારાઓ કહેતા કે "આ શરાબો કાંઇ શરાબ નથી પણ મીઠું પીણું છે." અજબ રીતે મીઠાં "શરબત" અને "શરાબ"નો ધાતુ એકજ છે.

ટાઇગ્રીસ નદી ઉપરની બોટો.

ટાઇગ્રીસ નદી ઉપર તરેહવાર પ્રકારની બોટો ફરે છે. આપણાં મુંબઇ શેહેરમાં આગળ એક બોટ "બલાઇ" તરીકે બોલાતી, તેવી બોટો (bellums) અત્રે છે. પણ એ સર્વમાં નવાઇ જેવી બોટ ગુફા (gufa) નામની છે. તે કાંઇ નહીં પણ ફક્ત આસરે સાત આઠ ફીટના વીસ્તારની તદન ગોળ બોટ છે જે હલેસાંથી ચલાવે છે અથવા કિનારે એક આદમી તેને દોરીથી બાંધી ખેંચતાં ચાલે છે. આ નદીમાં કેહે પ્રવાહ (current) જોશબંધ હોય છે, ત્યારે અથવા નદીમાં રેલ આવી હોય અને પાણી જોશમાં વેહેતાં હોય, ત્યારે આ ગોળ બોટ સલામત ગણાય છે. તે એક પ્રકારની મજબુત સાદડી જેવી બનાવટની હોય છે અને તે ઉપર એક જાતનો ડામર (bitumen) લગાડી તેને પાણી સામે બચાવ સાથની (water-tight) બનાવવામાં આવે છે.

બગદાદ, તા૦ ૨૯ મી અકટોબર ૧૯૨૫.

પારસી નજરે બગદાદની આજુબાજુની જોવાલાયક જગ્યાઓ.

ટેસીફોન. તાકે ખુસરો.

મેં આગલાં પત્રમાં જણાવ્યું છે તેમ બગદાદમાં આપણી પારસી નજરે જોવાલાયક જગ્યાઓમાં ટેસીફોન અને ત્યાંના તાકે કેસરા યા તાકે ખુસરોનાં ખંડીએરો છે. આ પત્રમાં હું આ માટે કાંઇક બોલીશ. આ જગ્યાની મેં બે વખત મુલાકાત લીધી હતી અને તે કાંઇક ખાસ લાભ લઇ મુલાકાત લીધી હતી.

એક સખી તબે પારસી બાઇની તાકે કેસરાના ખંડીએર માટે કાળજી.

ટેસીફોનમાંના શાહ નોશેરવાનના મેહેલનું ખંડીએર મેં કાંઇક ખાસ કાળજી સાથે જોયું હતું. તેનો સબબ આ હતો કે મુંબઇથી નિકળતાં મેં વિચાર રાખ્યો હતો કે જો ખુદાની મેહેરથી ઇરાન જવાનું બને તો આ ખંડીએર ખાસ કરી જોવું. એક સખી તબે જરથોસ્તી બાઇએ પત્રથી અને મારી સાથે એકાદ બે મુલાકાતમાં વાત કરી એવી ખાહેશ જણાવી હતી કે તેઓ પારસી પંચાયતના ટ્રસ્ટી સાહેબોને રૂપયા એક લાખની રકમ આપે કે તેમાંથી તે સાહેબો તે રકમના એક ભાગમાંથી ટેસીફોન ખાતે શાહ નોશેરવાનની તાકનાં ખંડીએર આગળ

એક રેસ્ટ-હાઉસ યા ડાક-બંગલો જેવું મકાન બંધાવવાની ગોઠવણ કરે કે તેથી હાલમાં જ્યારે પારસી કોમનું ઇરાન સરજમીન તરફ ધ્યાન ખેંચાયું છે ત્યારે ત્યાંનાં ખંડીએરોમાંથી આ નોશેરવાન આદલનું નામ ધરાવનાર ખંડીએર જોવા જનારાઓ ત્યાં વધારે સંખ્યામાં જાય અને ત્યાં તેઓને કાંઇક સગવડ મળે. આ બાઇની આ ભલી નેમથી કરેલી માગણી ત્રસ્તી સાહેબો હજુર રજુ થઇ છે. આ રકમમાંથી ઉપલાં મુસાફરોની સગવડ કાજેનાં મકાન પાછળ નાની રકમ ખરચાવા બાદ જે કાંઇ મોટી રકમ ફાજલ રહે તે આ પુરાણા જગમશહુર ખંડીએરને સારી હાલતમાં ઉભું રાખવા કાજે વાપરવાની નેમ છે. આ ખંડીએરને સારી હાલતમાં રાખવાની સુચના છેલ્લી લડાઇ દરમ્યાન પણ ત્રસ્તી સાહેબો હજુર રજુ થઇ હતી. આ બાઇની ઉપલી ખાહેશ ધ્યાનમાં રાખી મેં લંડનની મારી મુલાકાત દરમ્યાન મારી પોતાની વાકેફી માટે અને મારી પોતા તરફથી આપણી કોલોનીઅલ ઓફીસ (Colonial office) ના એકાદ સત્તાવાળા અમલદારની મુલાકાત લઇ કાંઇ હકીકત જાણવા માંગી હતી. હવે જ્યારે હું અહીં આવ્યા છું ત્યારે મેં એ બાબતમાં કાંઇક ખાસ લાભ લઇ કાળજી રાખી છે.

આ સબબે અત્રે આવવાના દિવસે જ્યારે હું અત્રેના "હાઇ કમીશનર"ને મળવા ગયો ત્યારે કોઇક બીજી બાબતોમાં આ બાબત માટે વાત કરી કાંઇક હકીકત જાણી હતી. એ બાબે ઉપર જણાવવા પ્રમાણે કોલોનીઅલ ઓફીસની લીધેલી મુલાકાત ઉપરથી તે ઓફીસે અહીં લખેલો પત્ર અને તેની સાથનો બીજો પત્રવેહેવાર દેખાડી મેહેરબાની કરી એવણ સાહેબે કાંઇક વાકેફી આપી હતી. તે પછી મેં આ જગ્યાની અને ખંડીએરની મુલાકાત કાંઇક ખાસ લાભ સાથે લીધી છે. મેં જે સાંભળ્યું છે, જાણ્યું છે અને જોયું છે, તે ઉપરથી હું ધારું છું કે આ તરફ કોઇ ખાસ ઉતારાનાં મકાનની જરૂર નથી. બગદાદથી મોટરથી આસરે દોઢ કલાકના રસ્તા ઉપર આ ખંડીએર હોવાથી જેઓ આ ખંડીએર જોવા આવવા માગતા હોય તેઓ માટે તે જોવા જવું કાંઇ અસાધારણ મુશ્કેલ નથી. વળી "જંગલે જેહાન" જેવી જગ્યામાં એવાં એકાંત મકાનમાં કોઇ મુસાફર એકાદ રાત રહેવા માગે તેવી ખેંચાણકારક આ જગ્યા પણ નથી.

હવે બીજો સવાલ—કે આ ખંડીએર પાછળ કાંઇક ખરચ કરીને તે વધારે વખત પગભર રહે તેમ કરવું,—એ એક મોટો સવાલ છે તે બાબે વધુ તેહકીકની જરૂર છે. આ તરફ અને એવી બીજી જગ્યા ઉપર ફરતાં જે પેહેલી બાબતની હું અગત જોઉં છું તે આ કે અહીં યાને ઇરાનમાં આપણા દેશ માફક આવાં ખંડીએરોના બચાવ કાજે એક ખાસ એક્ટ (Act of Monuments)ની જરૂર છે.

ટેસીફોન. આ તાકવાળું પુરાણું શેહેર, જે હાલમાં તો તેના ખંડીએરોમાં હસ્તી ભોગવે છે તે પછવાડેથી મદાયન ("મદીને" એટલે "શેહેર"ના બહુવચન)ના નામે જણાયું હતું, સબબ કે ટાઇગ્રીસ નદીના બંને કિનારા ઉપર એકથી વધુ શેહેરોથી તે બન્યું હતું. પેહેલવી પુસ્તક "શત્રોઇહાએ ઇરાન" તેની ઉત્પત્તી એમ સમજાવે છે કે તે સીફકાન શેહેરના તુસ નામના શખસે તે સ્થાપ્યું હતું (જુઓ મારું યાદગારે જરીયાન વીગેરે નામનું પુસ્તક). આ શેહેર એક પાર્થીઅન રાજા ઓરોડીસ (Orodes હુ-રઓધ) ના અમલમાં પેહેલવહેલ પાર્થીઆનું પાયતખ્ત બન્યું હતું (આસરે ૧૩૮ ઇ૦ સ૦ પૂર્વે). ખાસકરીને શીઆળામાં પાર્થીઅન પાદશાહો અહીં રહેતા. તે એક વખત શાહાનશાહ ત્રેજન (Trajan) ને હાથે રોમન શાહાનશાહતનો ભાગ બન્યું હતું, પણ એક પાર્થીઅન રાજા ઓસ્રોઝ (Osroes કુસરો, ખુસરો)

એ તે પાછું હાથ કીધું હતું. પેહેલવી શિરનામે અરદેશર બાબેગાન પ્રમાણે અરદેશરે પાર્થીઅન રાજા અર્દેવાનને હાર આપી હતી. તે હાર બાદ અરદેશરે આ શેહેર હાથ કરી પોતાનો દસ્ત સ્થાપ્યો હતો. અરદેશર પછી તેના બેટા શાપુરના વખતમાં આ ટેસીફોનની આજુબાજુના મુલકમાં રોમનો સાથે ઇરાનીઓની જંગ ચાલુ રહી હતી. આ જંગમાં રોમ દેશનો શાહાનશાહ વેલેરીઅન (Valerian) શાપુરને હાથ બંદીવાન થયો હતો. પર્સીપોલીસ તરફ આ રોમન શાહાનશાહ વેલેરીઅનને શાપુરના ઘોડાના પગ હેઠળ પડેલો ચિતારેલો કહેવાય છે, તે આ ટેસીફોનના મુલક તરફની ઉપલી લડાઇના પરિણામની યાદમાં છે. કોઇ એ નક્ષ ઉપરથી એમ ધારતા દીસે છે કે શાપુરે ખરેખર આ પાદશાહને ઘોડાના પગ હેઠળ શિક્ષા તરીકે નાંખ્યો હતો, પણ તેમ નહી સમજવું. એક દુશમન ઉપર જીત દેખાડવાની આ એક નિશાણ તરીકેની (Symbolic) રીત હતી.

જ્યારે પાદશાહ બેહેરામ બીજો (ઇ૦ સ૦ ૨૭૫–૨૮૨) ઇરાન ઉપર રાજ કરતો હતો ત્યારે રોમના રાજ્યે એના મુલક ઉપર હુમલો કરવાની ગોઠવણ કીધી હતી. તે પછી ઇ૦ સ૦ ૨૮૩ માં રોમના એક સાદામાદા શાહાનશાહ કેરીઅસે હુમલો કરી આ ટેસીફોન લીધું હતું. ઉપલા રાજા બેહેરામે સીસ્તાન (સાકસ્તાન, સગસ્તાન)ના સાક લોકો સાથે જંગ કરી તેઓનો મુલક પણ હાથ કર્યો હતો. તે અને તેના મરણ (ઇ૦ સ૦ ૨૮૨) બાદ તેનો બેટો નર્સી (રોમનોનો Narses) એ ઉપરથી "સકસ્તાન શાહ" એટલે "સકસ્તાનના પાદશાહ" તરીકે પોતાને જણાવવા લાગ્યા. પાયકુલી (Paikuli) આગળ પ્રો૦ હેર્ઝફેલ્ડ હાલમાં જે ખંડીએરના સર્વે પત્થરો શોધી કાઢી તે ઉપરના લેખ બાહાર પાડયા છે, તેમાં આ ફતેહનો ઇસારો છે. આ વખતે આ મુલકનો કેટલોક ભાગ કોઇક હિંદુ રાજાઓ સાથે સંબંધ ધરાવતો હતો. એ મુલકની જીત સાથ તે હિંદી રાજાઓનો મુલક પણ આ ઇરાની પાદશાહને હાથ આવ્યો. તે રાજાનો મુલક તે વખતે છેક આપણાં મુંબઇની નજદીક સુધી ફેલાયલો હતો.

આ ટેસીફોન શેહેર ટાઇગ્રીસને એક કિનારે અને સીકંદરના જાણીતા અને માનીતા સરદાર સેલ્યુકસે સ્થાપેલું સેલ્યુશીઆ (Selucia) બીજે કિનારે આવ્યાં છે. "આવ્યાં છે" ને બદલે "આવ્યાં હતાં" બોલવું જોઇએ, સબબ કે એ બંને શેહેરો તારાજ થયાં છે અને જમીનથી ઉંચે તેઓનાં મકાનોનાં ખંડીએરો વઠીક દીસતાં નથી. પણ ટેસીફોનના સંબંધમાં તેના 'તાકે કેસરા" અથવા "તાકે ખુસરૂ" અથવા કોઈ વખતે "તાકે નોશીરવાન" તરીકે બોલાતાં મકાનનું ખંડીએર એક અપવાદ સમાન છે. આ ટેસીફોન શેહેરની જગ્યાની અને તેના ઉપલા તાકે કેસરાની પેહેલી મુલાકાત મેં તા૦ ૨૩ મી અકટોબરે સવારે લીધી હતી. તે બગદાદથી મોટર મારફતે આસરે દોઢ બે કલાકના રસ્તા ઉપર છે. ટેસીફોનનું આ તાકવાળું ખંડીએર જોવામાં આગલી પાછલી કોઇક તવારીખી યાદ સાથે અને જમાનાની મરદેશ બાબેના કોઇક વિચારો સાથે આસરે એક કલાક મેં ગુજાર્યો હતો. ત્યાર પછી બીજી મુલાકાત તા૦ ૨૮ મી અક્ટોબરે સાંજે મારાં પેશીઓ સાથે લીધી હતી.

શાહ ખુસરો કોબાદ

તાકે ખુસરો. (ઇ૦ સ૦ ૫૩૧ થી ૫૭૯) જે નોશીરવાનને નામે પૂર્વ ભણીના લખનારાઓમાં અને પેહેલા ખુસરૂ (Chosroes) તરીકે પશ્ચિમ ભણીના લખનારાઓમાં જણાયલો છે, તેણે ટેસીફોન યા મદાયનમાં એક મોટો મેહેલ બાંધ્યો હતો. તે તદન નાશ પામ્યો છે. તેનો જે તાક જેવો ભાગ ફક્ત બાકી રહયો છે તે તેની આગલી મોટાઇનો ખ્યાલ આપે છે. અહીં હાલમાં જે ભાગ

વેગન જમીન તરીકે દેખાય છે તે આગળ આબાદ હોવા જોઈએ એમ ત તરફનાં પુરાણાં ખંડીએરોના ટેકરાઓ(Mounds) ઉપરથી દીસે છે. ત્યાંથી તે બચી રહેલો ભાગ તેના તાક સાથે ઘણો દમામભર્યો (imposing) દેખાય છે. એ ઉપર હાલ કાંઈ લખાણ બચી રહેલું નથી. પણ કેટલાક લખનારાઓને આધારે આ મકાનને નોશીરવાનના નામ સાથે જોડવામાં આવે છે. એ લખનારાઓમાં એક બાઇઝેનટીઅન લખનાર (Theophylactus of Simocata નામનો) છે. તેનાં કહેવા પ્રમાણે નોશીરવાને એનાં બાંધકામ માટે અને સીંગાર માટે પશ્ચિમ તરફનાં આર્કીટેકટોને તેડાવ્યા હતા.

આ મકાનને માટે હાલમાં કોઇ "તખ્તે નોશીરવાન" અને કોઈ "તાકે નોશીરવાન" તરીકે પણ બોલે છે. પેહેલું નામ બરાબર દીસે છે સબબ કે તે પાદશાહી મેહેલ હતો. હાલ ફક્ત તેનો તાક જેવો કોઇક ગંજાવર ઉંચો ભાગ બચી રહયો છે, અને તેમાં દરવાજાનું ગંજાવર આરકું છે, તેથી પાછલા લખનારાઓએ તેને "તાકે નોશીરવાન" એવાં નામથી ઓળખ્યો છે.

તે બચી રહેલો દમામદાર દેખાવનો ભાગ આસરે ૨૮ મીટર એટલે આસરે ૯૨) ફીટ ઉંચો મપાયો છે. એનો કમાનદાર દરવાજાવાળો ભાગ (Vaulted doorway) ઇરાની બાંધકામના હુનરનું અસલ રૂપ (The most original feature) ગણાય છે.

એક ઘર યા મકાનનો દરવાજો ઘરનો ઘણો અગતનો ભાગ ગણાય છે. આ સબબે દરવાજા માટેનો શબ્દ કોઇક પ્રજાઓમાં એક પવિત્ર શબ્દ ગણાયો છે. આપણામાં "દરેમેહેર" શબ્દમાં તે કાંઇક ધાર્મિક અગત્યતા ભોગવે છે. "દર" યાને દરવાજાનો મલતો શબ્દ "બાબ" છે. તેથી આ "દર" શબ્દ 'બાબ' જે ચેપ્ટર (Chapter) ને અર્થે વપરાય છે, તે શબ્દના નામની આપણામાં "સદદર" નામની એક જુની ફારસી કેતાબ છે. આ મુજબ ઘર યા મકાનનો દરવાજો બાંધકામનાં હુનરમાં અગતયની જગયા લે છે. આ "તાક"ના કોઇક વિચારો બાબે હું 'The Torii of Japan and the Torans of India" એટલે "જાપાનના તોરાઈ અને હીંદુસ્તાનના તોરણ" નામના મારા વિષયમાં કાંઇક બોલ્યો છું.

એક પારસી બાનુ પોતાને દરવાજે કોઇ સપરમે દહાડે ફુલનું તોરણ બાંધે છે તે એક પ્રકારે પોતાની ઇરાની માતાઓના વાખતનું એક પ્રકારનું "તાક" ઉત્પન્ન કરે છે. તેણી જેમ પોતાને ઘરે આવતી નવી વહુને ઘરના દરવાજા ઉપર ઉંબર આગળ વધાવી લે છે, તેમ મેં આઝરબએઝાનમાં સાંભળ્યું કે ત્યાં પણ નવી વહુને એમ ઘરને ઉંબરે વધાવી લે છે. આપણા ચોખાને બદલે તેઓ તૈયાર બનાવેલું "નાન" રજુ કરે છે. તે સાથે ત્યાં એક આરસી, નીમક, કપડાંનો કટકો વીગેરે સગન તરીકે રજુ કરે છે.

નોશીરવાન આદલનાં આ તાકના ખંડીએરવાળા મેહેલને દરવાજેથી ઘણાંક ફર્માનો બાહાર પડેલાં જણાય છે. અત્રે આઝરબએઝાનમાં હાલમાં પણ ઘણાક નેસ્ટોરીઅન (Nestorian) ખ્રીસ્તીઓ વસે છે, તેઓ માટે આ ઇનસાફી આદલ પાદશાહે પોતાના ઇરાન દેશને એક આસરો આપનારી જગ્યા (Refuge) બનાવ્યું હતું. તવારીખ એવા ઘણા દાખલા આપે છે કે દીનને ખાતર, એકીનને ખાતર એવી કોઇક નાસભાગો (હીજરે) થઇ હવી. મારા એક આગલા કાગજમાં કેટલાક જર્મનો ધર્મના આકીનને ખાતર પોતાનો દેશ છોડી ગયા હતા તેનો દાખલો આપ્યો છે. આ નેસ્ટોરીઅનો, જેઓને શાહ નોશીરવાને આ તરફ અને બીજા ભાગોમાં આસરો આપેલો તેઓ એવો બીજો દાખલો રજુ કરે છે. આપણા દેશમાં મલબાર કોસ્ટ ઉપર કેટલાક પેહેલવી લેખો મળે છે તે અથવા તેમાંના કોઇક ઇરાનના આ ભાગના નેસ્ટોરીઅનોના ગણાય છે. તેઓ આરબોની ફતેહ પછી આપણી માફક દીનનું

છુટાપણું ભોગવવા હીંદ તરફ નિકળી આવ્યા હતા. કેટલાક યુનાની ફીલસુફોને પણ એ પાદશાહે એવાં વિચાર અને આકીનનાં છુટાપણાં માટે આસરો આપ્યો હતો. આ સર્વ બાબતોના ફર્માનો જાણે આ દરવાજેથી બાહેર પડયાં હતાં. નોશીરવાન આદલના આ મેહેલના અને ઇરાનના બીજા મેહેલો અને મકાનોના બાંધકામના હુનરે ઇરાનના પાછલા ઇસલામી પાદશાહોના મેહેલો અને મસજીદોને પણ કોઇક રૂપ આપ્યું છે, જે રૂપ ચાલતું ચાલતું છેક હીંદુસ્તાન આવ્યું છે અને હું ભુલતો નહીં હોઉં તો અમદાવાદનાં એક મોગલાઇ મકાનમાં પણ ઇરાનની અસર જોવામાં આવી છે.

બગદાદ આવનારાઓ માટે આજુબાજુ જે પુરાણા જમાનાની ઇમારતોનાં ખંડીએરો જોવાનાં છે, તેમાં એક મુખ્ય આ "તાકે ખુસરો" યા "તાકે કેસર" છે. હાલમાં એનું મકાન એક ખંડીએર સમાન પડેલું છે, તોપણ તેનો બાકીનો હાલ બચી રહેલો તાકવાળો ભાગ તેના આગલાં આ ાં મકાનના દબદબાનો કાંઇક ખ્યાલ આપે છે. આ તાક એક પ્રકારના મેહેરાબરોકાં દીવાનખાનાનો ભાગ છે. એ મકાન જાણે નોશેરવાનનો "દીવાને આમ" હતો જ્યાં તે ખાસોઆમની નજર હજુર તખ્તે બેસતો. કહે છે કે જ્યારે આરબો યજદજર્દને આ તરફના કેડેશીઆ (Cadesia)ના મેદાનમાં હાર આપી આ તરફ આવ્યા, ત્યારે તેઓનો સરદાર સઆદ (Saad) અત્રેની તાઇગ્રીસ નદીને માર્ગે આ ભણી આવ્યો. અહીં આવતાં, જેમ આપણાથી કાંઇ સુંદર ચીજ જોઇ "આફ્રીન આફ્રીન" બોલાઇ જાય છે, તેમ એના આરબોથી આ દબદબાભર્યું મકાન જોઇ "અલ્લાહ હો અકબર"ના શબ્દો બોલાયા. જ્યારે હાલમાં તેરસો વર્ષ પછી આ મકાનનું ખંડીએર આપણ મુસાફરોની અજાયબી સાથે નજર પડે છે, ત્યારે અજબ જેવું કાંઇ નથી કે તે વખતે થોડાંક વર્ષપર બરપા થયલું આ મકાન આરબોથી આવા આફ્રીનના શબ્દો સાંભળે.

આ તાક પત્થરનો બાંધેલો નથી પણ ઇંટરડીનો બાંધેલો છે. ઘણાકોને અજબ દીસે કે એવું મટોડીનું કામ એમ હજાર વર્ષ ઉપર સુધી કેમ ટકી શકે. પણ મી૦ હબર્ડ (From the Gulf to Arrarat, by G. E. Hubbard 1917 p. 122) કહે છે તેમ, જેમ તે વખતે આરબોની તેમ હાલ સુધી આપણી અજાયબી અને વખાણ પેંચતું એ મકાન ઉભું છે, તેનો સબબ આજ કે તે અહીં મટોડી અને ઇંટરડીથી બાંધેલું હતું. આ તરફની મટોડી બાંધકામ માટે અતીઘણી ચીવટ ગણાય છે. વળી હું ધારૂં છું કે તેવી ચીવટ મટોડીમાં ખુસરૂના ઇજનેરોએ એક પ્રકારનાં સીમેંટ તરીકે દુધ જેવા પદાર્થ વાપર્યો હોય સબબ કે કહે છે કે કોઇ ઇરાની પાદશાહો પોતાનાં પાણીનાં બાંધકામોમાં ઉંટડીનું દુધ વાપરતા જે ઘણું ચીવટ ગણાતું. વળી આ તાક બચી રહેવાનો બીજો સબબ આ છે કે જો તે પત્થરનો બાંધેલો હતે તો, તેના પત્થરને ખાતર પડોશનાં ગામના આરબો તેને વધુ ભાંગીફોડી પત્થરો કાઢી લઇ ગયા હતે. પણ તે મટોડાનો હોવાથી તેને ભાંગફોડ કરવાની તેઓએ કાંઇ ખાસ જરૂર જોઇ નથી. તોપણ તેની પુરાણી મજબુત ઇંટરડી ખાતર ઘણાકોએ તેને ખરાબ કર્યો હોય એ સંભવીત છે. સારાં ભાગ્યે હાલ ની ઇરાકની સરકારે તેની આજુબાજુ વાડ ભરી લીધી છે અને એક રખેવાલ રાખ્યો છે. તે છતાં ઇંટરડી ખાતર તેની કોઇ છુપી રીતે ખરાબી થતી દીસે છે. વળી અત્રેની સરકારે તેના એકાદ ભાગને ટેકવવા ઇંટરડીનું કોઇક નવું મજબુત બાંધકામ કર્યું છે.

તાક જેવી રચનાનો કોઇ ધાર્મિક ઉપયોગ— દરેમેહેરમાં તાક— મુક્તાદની "તાક ચે."

કોઇ પારસી વાંચનારને "તાક" માટેનો કાંઇક ખ્યાલ લેવો હોય તો, તેણે પોતાના ઘરની પડોશની દરેમેહેરમાં જઇ ત્યાંના મોબેદ સાહેબને કહેવું કે "તમારા ઇંધોરા ઉપરની 'તાક' મને દેખાડો." દરેમેહેરોમાં ઇજશને વગેરે પાવ મેહેલના કામ માટેની ઇજશને-ગાહ અથવા ઓરડા ઉપર એક મોટો ગોખલો હોય છે, જેનો ઉપરનો ભાગ સીધો (Horizontal) નહી પણ "આરકાં સમાન" હોય છે. આતશબેહેરામ યા આદરાનના આતશની કેબલાની જગ્યામાં પણ આપણે ખુણાઓ તાક સમાન બાંધેલાં જોઇએ છિએ.

વળી આપણી મુક્તાદની ક્રિયામાં ફુલપાન ગોઠવવાની જે માચીઓ હોય છે તેમાં પણ આગળ જે ઉપરથી કાંઇક ગોળ યા ગુંબજ જેવો આકાર બનાવવામાં આવતો, તે એક પ્રકારની તાક હતી. આપણાં કોઇ પુસ્તક તેઓ માટે "તાક ચે" એટલે "નાની તાક" એમ બોલે છે. ત્યારે તાકની રચના બાંધકામના હુનરની એક રચના તરીકે ધાર્મિક મકાનોમાં પણ દાખલ થઇ છે.

એક શેહેર યા દેશ પારકાના હાથમાં જાય ત્યારે, પણ જેમ તેના સંસારી રેવાજો ચાલુ રહે છે તેમ તેનાં બાંધકામનો (Architecture) નો હુનર પણ ચાલુ રહે છે. બગદાદની કોઇક પુરાણી ઇસલામી ઇમારતો તેમ હાલની ઇમારતોમાં પણ "તાક" જેવી બાંધકામની રચના આપણે હજુર જોઇએ છિએ. જાણે આ મુલકના બાંધકામના હુનરમાં તે એક અગતની જગ્યા રોકે છે.

તાકનું બાંધકામના હુનરમાં પ્રગટીકરણ.

પેહેલ કુદાઇ ધાર્મિક ખ્યાલથી તેની શરૂઆત થઇ હોય. અસલી ઇરાની બચ્ચો ઉઠતાંનેવાર પોતાના ગરીબ ઘરમાંથી સવારના પોહોરમાં બહાર નિકળતાં રાતને તમામ કરી દિવસ લાવનાર ખોરશેદને આસમાનના ગોળ ગુંબજમાં ઉપર ચઢતાં જોતો. આસમાનના આ બુલંદ ગુંબજ ઉપરથી આપણાં આતશકદેહોમાં આતશના "ગુંબજ"નો ખ્યાલ શરૂ થયો. ગુંબજ ઉપરથી તાક એક પેહેલું પગલું હતું. એક ગુંબજને તેનો પા યા અર્ધા ભાગને કાપી કાઢેશો તમો તમારી નજર સનમુખ ધારો તો તમોને શરૂઆતનો તાકનો ખ્યાલ આવશે. તે પછી એ તાક કાંઇક લાંબી અર્ધ ગોળાકાર (elliptioal) બની. તાક ઉપરથી આરકું (Aroh) એક બીજું પગલું છે. એક તાકનો તમો પાછલો થોડોક ભાગ કાપો યા દુર કરો તો આરકું બને. નોશીરવાનના આ તાક માટે પણ કોઇ લખનાર આર્કી (Arohway) તરીકે બોલે છે એવા આર્ચ યા આર્કી ઉપરથી આપણા દેશના સાંચી જેવાં ખંડીએરનાં તોરણ (Toran) અથવા જાપાનનાં તોરાઇ Torii ત્રીજું પગલું છે. તે ઉપરથી આપણી પારસી બાઇઓ ઘરને દરવાજે યા ઉંબરે જે ફુલ અને દાણાના તોરણ બાંધે છે અને જે તેઓ આતશકદેહના ગુંબજના દરવાજા ઉપર પણ બાંધે છે, તે એક ચોથું પગલું છે.

ત્યારે મારા વિચાર પ્રમાણે નીચે મુજબનું એક પ્રકારનું પ્રગટીકરણ (evolution) છે :—

૧. પેહેલે ખુદાતાલાએ પેદા કરેલાં આસમાનનો ગુંબજ અને આતશબેહેરામોનો ગુંબજ.

૨. પછી તાક.

૩. આરકાં

૪. સાંચી ખાતેનું "તોરણ" અને જાપાનીઝ "તોરાઇ."

૫. ઘરના ઉંબરે યા આતશકદેહને દરવજે બંધાતાં ફુલપાનનાં તોરણ.

આરકાંઓના સંબંધમાં, ફતેહ મેળવનાર પાદશાહ પેહેલવાનો માટેનાં આર-

કાંઓ (triumphal arohes) કાંઇક ધાર્મિક જગ્યા મે છે. ફ્રીમેસનો પોતાના ચઢતી પ્રકારના ગુરૂ (Masters) ને આવકાર દેતાં એવા તલવારનાં આરકાં હજુરમાં ધરે છે, જેની નીચેથી તે ગુરૂ મેસોનીક મંદીર (Temple) માં દાખલ થાય છે.

બગદાદ, તા૦ ૨૯ મી અક્ટોબર ૧૯૨૫.

બગદાદની આતરાફની જોવા લાયક જગ્યાઓ. બાબીલોન.

બાબીલોન.

બાબીલોન, જેને હજુર તેના પુરાણા "બાબલ" ના નામથી અત્રે બોલાતું આપણે સાંભળયે છીએ, તે આપણું અવરતાનું "બવરી" છે. હરફોની તબદીલના કાયદા પ્રમાણે આપણાં શબ્દ "બવરી" અને 'બાબલ' એકજ છે. આ પુરાણા શેહેરને એક બાબીલોનીઅન રાજા (Hammurabi or Khamurabi) એ આશરે ઇ૦ સ૦ પૂ૦ ૨૦૯૩ માં પોતાનું પાયતખ્ત બનાવ્યું હતું, અને તેમ કરી તેણે તેને તેના આગલા એલામીટ (Elamito) માલેકોના હાથમાંથી છોડવ્યું હતું. તે જેમ રાજદ્વારી તેમ ધાર્મિક રાજધાની (metropolis) બન્યું. આપણા મોટા પેહેલી પંકતીના ખ્રીસ્તી ધર્મગુરૂઓ "મેટ્રોપોલીટન" તરીકે બોલાય છે, તે એક પુરાણા વખતના રેવાજ પ્રમાણે છે, કે જ્યારે રાજધાની શેહેર ધર્મનું પણ મુખ્ય મથક ગણાતું. કહે છે કે ઇરાની પાદશાહો અને સીકંદર પણ આ શેહેર તરફ એક પુરાણા ધાર્મિક શેહેર તરીકે જોતા હતા. સીકંદરના વારેસ સેલ્યુકસના વંશવાળાઓએ તેને પહેલે ખરાબ કીધું.

ખ્રીસ્તીઓના વડીલો સમાન ગણાતા યાહુદીઓને બાબીલોનીઅન નેબુકદનઝરે તેઓનાં પવિત્ર જેરૂસેલમમાંથી બાહાર હાંકી કાઢયા હતા. તેઓ કેટલાંક વર્ષ આ શેહેરમાં બંદીવાન તરીકે રહ્યા હતા. આપણા પાદશાહ સાઇરસે તેઓને છોડવ્યા અને તે ઉપરથી તે બાઇબલમાં પવિત્ર (The Anointed) ગણાવા લાગ્યો. યાહુદીઓના સોલોમોનના મંદીર સાથનાં અસલી ઇરાની સંબંધ બાબે હું "King Solomon's Temple and the Ancient Persians" નામના મારાં એક મેસોનીક (Masonio) વિષયમાં વીગતે બોલ્યો છું. મારા મરહુમ મિત્ર શેઠ ખ. રૂ. કામાએ મને પહેલે "મેસોનીક ટેમપલ"ના દરવાજા, જાણે તે એક પ્રકારની દરેમહેરના એટલે મેહેર યજદના દરવાજા (દર) હોય તેમ દુરથી દેખાડયા હતા અને ધી ઓનરેબલ મી૦ ફીરોઝ શેઠનાએ જ્યારે મેં તે દરવાજા ઠોકયા ત્યારે મેહેરબાની કરીને તે ઉઘાડવાનો હોકમ આપ્યો. તે બાબતોને આ લખતાં હું કાંઇક ખુશી સાથે યાદ કરૂં છું, સબબ કે તે "ટેમપલ" યા મંદીરમાં જઇ મેં રેવાજોની સરખામણી બાબે કેટલોક અભ્યાસ કર્યો હતો. હું ત્યાં જોઇને અજબ થતો કે કેટલાક જવાનો, જેઓ પોતાના કોઇ ધાર્મિક રેવાજો અને ક્રિયાઓને "આ શું? અને તે શું?" એમ હસી કાઢતા, તેઓ કોઇક વખત મેસોનીક ક્રિયાઓની એ. બી. સી. નો પુરતો ખુલાસો સમજવા વગર તે ક્રિયાઓ કાંઇક ગંભીરાઇથી પાળતા હતા.

બાબીલોનની પુરાણી તવારીખ. તે ઉપર ઇરાનની સલતનત.

બેબીલોનનાં ખંડીએરોમાં ચકમક (Flint) અને પત્થરનાં જે હથ્યારો મળે છે તે ઉપરથી તેની હસ્તી ઇ૦ સ૦ પૂ૦ પાંચ હજાર વર્ષ ઉપરની ધારવામાં આવે છે. તે ઉપર નીચલા વંશો હકુમત કરી ગયાં છે.

૧) અસલી પેહેલા બાબીલોનીઅન રાજાઓ, જેઓમાં હામુરાબી (Hammu-

rabbi) ઇ૦ સ૦ પૂ૦ અઢી હજારને આસરે થઇ ગયો છે.

૨) ત્યાર પછી કાસીટ (Kassite) રાજાઓ (ઇ૦ સ૦ પૂ૦ ૧૪૦૦–૧૧૫૪).

૩) એસીરીઅન. ૪) નેઓ–બાબીલોનીઅન. ૫) ઇરાની હખામીનીઅન અને ૬) ગ્રીકો–પાર્થીઅન. એઓમાં ઇરાની હખામીનીઅન પાદશાહોની હકુમત ઇ૦ સ૦ પૂ૦ ૫૩૮ થી ૩૩૧ સુધીની હતી. એ પાદશાહોમાં બીજા આર્ટક્ષિ-ર્કસીસે (Artaxerxes II ઇ૦ સ૦ પૂ૦ ૪૦૫–૩૫૮) આ શહેરમાં પોતાની હકુમત દરમ્યાન એક સંગેમરમરનું મકાન બાંધેલું કહેવાતું.

બેબીલોનનાં ખંડીએરોમાં એક મકાન "અપ–દાન" તરીકે જણાયલું છે આ શબ્દ પારસીપોલીસ આગળનો ઝરકેસીસના મેહેલ, જે પણ અપ–દાન તરીકે ઓળખાય છે તેની યાદ આપે છે. આના ખંડીએરોમાં મોટા ગોધાઓના માથાં (Bull's heads) ના ભાગો પણ પારસીપોલીસના સ્તંભો (Columns) ની ઉપરના જેવા કહેવાતા. ખંડીએરના એકાદ ભાગમાં દારાવસના નામના થોડાક હરફો વાંચવામાં આવ્યા છે. વળી અહીંના ખંડીએરોમાં શાહ દારાવસનાં બહીસ્તુનનો બીજારોકી લેખ, જે ત્યાં ત્રણ ભાષામાં છે, તેને મળતો નવી–બબીલોનીઅન (New–Babylonian) ગણાતી ભાષામાં લેખ મળેલો કહેવાય છે. વળી એનાં ખંડીએરોમાંથી શાહ દારાયસનાં વખતના સીક્કાઓ મળ્યા છે. આ મુજબ આ પુરાણું શેહેર પોતાની પુરાણી તવારીખમાં ઇરાનના પાદશાહો સાથનો પોતાનો સંબંધ દેખાડે છે. આ બાબતની કાંઇક છુટી હકીકત આપણે આ શહેરનાં ખોદકામને લગતાં એક પુસ્તકમાં વાંચ્યે છિએ. (The Excavations at Babylon, by Robert Koldewy, translated by Agnes S. Johns 1914). આ શેહેરમાં યાહુદીઓનાં બંદીવાન પકડવાના (The Captivity of the Jews) ના સંબંધમાં કાંઇક નિશાણીઓ પણ જોવામાં આવી છે. (Nineveh and Babylon by Layard, abridged edition of 1897 p. 290.)

જ્યારે પાદશાહ સાઇરસ અને તેના ઇરાનીઓએ એસીરીઆ, મીડીઆ, લીડીઆ વીગેરેને ફટકો મારી પોતાનો દરજ્જો આ તરફ સ્થાપ્યો, ત્યારે તેની સત્તા બેબીલોનીઆ ઉપર પણ મજબુત થઇ. સાઇરસની મોટી ખુબી આ હતી કે તે મોટી સહનશીળતા ધરાવતો અને બીજા ધર્મવાળાઓને પોતાના ધર્મો છુટથી પાળવા દેતો. વળી તે, જેને આપણે હાલ સ્વરાજ્ય (self-government) કહીએ છિએ, તે જીતેલી પ્રજાઓને—અલબતે ઇરાનની તેઓ ઉપર ટોચ ચઢતી સત્તા (Paramount Power) તરીકે રાખીને—પુર છુટથી ભોગવવા દેતો હતો. બાબીલોનનો હાલને જાણીતો તવારીખનવેશ ડા૦ કીંગ (A History of Babylon, from the foundation of the Monarchy to the Persian Conquest, by Dr. L. W. King 1919) એ બાબે કહે છે કે: "The nationality of each conquered race was respected, and it was encouraged to retain its own religion and its laws and customs. Hence Babylon's commercial life and prosperity suffered no interruption in consequence of the change in her political status. Taxation was not materially increased, and little was altered beyond the name and title of the reigning king and the dates upon commercial and legal documents."

પણ સાઇરસે સ્થાપેલી હકુમતને તેના બેટા કેમબાઇસીસના વખતમાં કાંઇક

ફટકો લાગ્યો. તેણે ઇજીપ્તમાં પેલ્યુઝીઅમ (Pelusium) ની લડાઇ જીતી અને મેમફીસ (Memphis) હાથ કરી તે મુલકમાં દરેત સ્થાપ્યો. આ પેલ્યુઝીઅમ બાબે અને મેમફીસની મારી મુલાકાત બાબે હું બીજી જગ્યાએ કાંઇક બોલ્યો છું. કેમબાઇસીસ ન્યુબીઆ અને એબીસીનીઆ તરફ આગળ વધે તેટલાં તેણે મારી નાંખેલા પોતાના ભાઇને મળતો ચેહેરો ધરાવનાર એક ધણીએ ખુદ ઇરાનમાં બળવો ઉઠાવતાં બાબીલોન ઉપરની તેની સત્તાને ફટકો લાગ્યો. તેથી બાબીલોને બળવો કરી ઇરાનની સત્તા થોડો વખત ફેંકી દીધી. પણ થોડા વખતમાં દારાયસે તે બળવો દાબી નાંખી ને સત્તા પાછી સ્થાપી. આ તવારીખી બનાવની શાહ દારાયસ પોતાના બેહીસ્તુનનાં ખડક ઉપરના લેખમાં અહુરમઝદને યાદ કરી નોંધ લે છે. આ બેહીસ્તુનનો પહાડ હાલની સફરમાં હમદાનથી કેર્માનશાહ આવતાં આપણે પસાર કર્યો છીએ. એ પહાડ આગળનો રસ્તો તે વખતમાં હમદાનથી બાબીલોન આવવાનો પણ રસ્તો હતો. આ સબબે આપણે જોઇ અને સમજી શકયે છીએ કે આ માર્ગ જાણે એક મોટા માર્ગ (Highway) ઉપર આવેલો હોવાથી દારાયસે તે ઉપરનો બેહીસ્તુનનો પહાડ, જે આપણે મેલો દુરથી જોઇએ છીએ અને તે છોડવા પછી પણ જોવાનું ચાલુ રાખ્યે છીએ, તે ઉપર પોતાનો લેખ શા કાજે કોતર્યો છે. બાબીલોનના આ બળવા વખતે દારાયસને હાથે અને તેની પછી ઝર્કસીસે ત્યાં ઉઠેલા બળવાને દાબી નાંખવાને કોશેશ કીધી હતી તેથા તેને હાથે, ઘેરા દરમ્યાન, આ શહેરના કોઇક ભાગનો નાશ થયો હતો. ઝર્કસીસે તેની મોટી દીવાલના કોઇક ભાગનો નાશ કર્યો હતો અને કહે છે કે તેના લશ્કરને હાથે આ શહેરનું તેના માર્ડુક (Marduck) દેવતાનું મંદીર પણ ખરાબ થયું હતું.

આ શહેરના ખંડીએરોમાં સીલીન્ડર રોકાં કોઇ ઇરાની સીલો (cylinder seals) મળે છે (જુઓ ઉપલું પુસ્તક પા. ૨૮૭). તેમાંનું એકાદ આપણું ખાસ ધ્યાન ખેંચે છે. આપણામાં રેવાજ છે કે જશન જેવી ક્રિયા કરતી વેળા ખુદ આતશ હાજર હોવા છતાં આપણે આજુબાજુ બે શીનબતી યા ચેરાગ સળગાવી મુકયે છીએ. લગનની આશીર્વાદ સારવાની ક્રિયામાં પણ ખુદ આતશને હાજર કર્યે છીએ, તે ઉપરાંત બે ચેરાગ યા મીણબતી સળગાવ્યે છીએ. તે રેવાજનું મુળ ધારવા પ્રમાણે અસલી ઇરાનીઅન છે અને તે આ તરફ મળતાં ઉપર જેવાં સીલો ઉપરથી માલમ પડે છે કે જેમાં જ્યાં યજ્ઞકુંડ (Altar) ઉપર ખુદ આતશ હજુર બંને બાજુએ ઉભા રહી બે જણ,—કદાચ બે ધર્મગુરૂઓ,—બંદગી કરે છે, ત્યાં તે આતશની બેઠકની આજુબાજુ બે કોઇ ગોળાકાર રોશની પણ બળે છે.

સીકંદરને હાથે હખામીનીઅન વંશના છેલ્લા પાદશાહ દારાયસની હાર થવા સાથે સ્યુસા અને બાબીલોન બંને તેના હાથોમાં જતાં બેબીલોનની હખામીનીઅન હકુમતનો અંત આવ્યો. આપણી પુરાણી ગુજરાતીની બેતોમાં જે ફરદોસીએ વીરાફનામું, શીયાવક્ષનામાના કરતાને હાથે લખાયું છે, તેની કોઇ નકલમાં આ પાદશાહ દારાનાં સીકંદરને હાથની હાર બાદ નીપજેલાં મરણની પાયદસ્તનું એક ચિત્ર આપ્યું છે, તે બાબે હું કામા ઇનસ્ટીટ્યુટનાં ગયાં સાલનાં એક જર્નલમાં કાંઇક બોલ્યો છું.

બાબીલોન અને હખામનીઅન પાદશાહો.

બાબીલોનને પેહેલે તેના પાદશાહ નેબુકદનેઝરે સુંદર બનાવ્યું હતું. એ પાદશાહ એ બાબેનો જશ પોતાની એક તખ્તીમાં નીચલા શબ્દોમાં લખે છે: “Babylon I make glorious that men might behold.” આ શહેર તેની પછી ઇરાનીઓને હાથ આવ્યું.

તે પછી તેણે દારાયસના વખતમાં બે વખત બળવો ઉઠાવ્યો, જે દારાયસે ઉપર જણાવવા પ્રમાણે દાબ્યો. જેમ સાકંદરની આ મુલક ભણીની અને તરફની કુચનો માર્ગ વિદ્વાનો નક્કી કરે છે, તેમ પાદશાહ સાઇરસની પોતાના દશ હજાર સીપાહો (the Ten thousand) સાથની કુચ માટે પણ કોશેશ થઇ છે. (Babylonian Problem, by Col. W. H. Lane.)

(ક) આ મુલકમાં અસલી સુમેરીઅન સુધારો ફેલાયો હતો (ઇ. સ. પૂ. ૫૦૦૦) આ સુધારા તરફ આપણું હીંદીયાનોનું ખાસ ધ્યાન હાલમાં સીંધના મુલકમાં થયલાં ખોદકામથી ખેંચાયું છે, જે ખોદકામે આપણા મુલકમાં આ સુધારાની ઇધાણી દેખાડી છે. (ખ) સુમેરીઆ પછી એલામીટ(Elamite)શાહાનશાહાત આવી ફેલાઇ (ઇ. સ. પૂ. ૩૦૦૦). (ગ) પછી એકેડીઅન શાહાનશાહાત, જેનો અમલ આ મુલકના હુન્નરનો સોનેરી જમાનો (Golden period) કહેવાય છે (ઇ. સ. પૂ. ૨૭૦૦). (ઘ) પછી ગુટી (Guti) નામના તાયફાઓએ તેનો કાંઇક નાશ કર્યો (ઇ. સ. પૂ. ૨૪૦૦ (ઙ:) પછી કાસીટ (Cassite) તાયફાવાળાઓનો અમલ થયો (ઇ. સ. પૂ. ૧૭૦૦). પછી ઇરાનનો અમલ (ઇ. સ. પૂ. ૫૦૦) ચાલ્યો.

શાહ દારાયસના અમલ દરમ્યાન આ તરફ અને આજુબાજુના મુલકોમાં સુંદર હમામખાનાઓ તનદરૂસ્તીના નીયમ ઉપર ઉભાં થયાં હતાં. એ બાબે કહે છે કે, "The splendour of the far-famed baths of Darius bear eloquent, though silent, witness to the prominent part bathing exercises played in the every-day life of the ancient Persians ("Historical Medicine. History of Bathing, by L. J. Llwellyn. Journal and Medical Record of 16th April 1924 p. 406).

જ્યારે આપણે આ વાંચ્યે છિએ ત્યારે મેં એક આગલાં પત્રમાં ઇરાનના હાલનાં હમામખાનાઓના સંબંધમાં જે કહ્યું, કે એવાં હમામખાનાઓમાં નાહવું એ વીરાફનામામાં ગુનાહભર્યું ગણાયું છે, તે કાંઇક અજબ જેવું લાગે છે. પણ એવું દીસે છે કે પાછલા જમાનામાં એવાં હમામખાનાઓની સફાઇ સુઘડાઇમાં કાંઇક ઘટાડો થયો હશે.

આ શેહેરનાં ખંડીએરોની મુલાકાત.

આ બાબીલોન શેહેરનાં ખંડીએરોની મુલાકાત અમોએ તા૦ ૨૪ મી અકટોબરે લીધી હતી. તે બગદાદથી મોટર મારફતે આસરે ત્રણથી ચાર કલાકના રસ્તા ઉપર છે. તેનાં ખંડીએરો આપણને ખ્યાલ આપે છે કે એક શેહેર તારાજ થાય ત્યારે તેનાં ખંડીએરોના ઢગલા (mound) ઉપર બીજું શહેર કેમ ઉભું થાય. એના ખંડીએરોમાં નીચલાં ખંડીએરો આપણું કાંઇક ખાસ ધ્યાન ખેંચે છે.

૧. શેહેરની દીવાલ (City-wall).

૨. એક પડેલા માણસ ઉપર ઉભેલા સીંહનું પત્થરનું ગંજાવર પુતળું.

૩. મોટા અવસરો માટેના સરઘસના રસ્તો (Procession Road).

૪. ઇસ્ટર ગેટ (Ester Gate).

૫. ઝીકરાતનું ખંડીએર.

૬. બાબેલના મિનારા (Babel Tower) તરીકે મનાતાં ખંડીએરની જગ્યા.

૭. કોઇ ગુજરેલાંઓ માટેની જગ્યા.

૮. ઇંટરડીઓનાં મકાનો જે ઉપર નેબુકદનઝરનું નામ.

૯. ઇંટરડીઓની દીવાલ, જે ઉપરની ઇંટરડીઓ એવી રીતે બનાવેલી અને ગોઠવેલી કે તરેહવાર જાનવરોનાં ચિત્રો બની સુંદર દેખાવ આપે.

૧૦. છાપરાંરોકાં ભાગપરના બાગવાળો ગણાતો ભાગ જે ઠળાવદાર બાગ (Hanging Garden) તરીકે ઓળખાય. આપણે એ બાબે જે અહીં જોઈએ છિએ તે ઉપરથી તો ખરેખર આ "હેંગીંગ ગાર્ડન" નહીં, પણ રૂફ-ગાર્ડન (Roof-Garden) ગણાય. વાલકેશ્વર ઉપરનો "સર ફીરોઝશાહ મેહેતા ગાર્ડન" અહીંના આ Roof-Garden નો કાંઈક ખ્યાલ આપશે.

૧૧. સીકંદરની જગ્યા.

બાબીલોનમાં નૌસારી ની યાદ આપનારૂં બપોરનું ખાણું.

અમો બાબીલોન આવી પુગ્યાં ત્યારે આશરે ૧) વાગ્યો હતો. ત્યાં બપોરનું ખાણું અમોએ નૌસારીને યાદ કરી લીધું હતું, સબબ કે અમો અહીંના સુંદર ખજુરાંઓની હેઠે બેઠાં હતાં. પાડેશમાં પાણી ખેંચનારો કોશ હતો. આજુબાજુ વજીફાઓનો સુંદર દેખાવ હતો. આ પુરાણી ભુમી ઉપરથી અમોએ અમારાં વડીલોના નૌસારીના મથક તરફ, તેના દસ્તુરજી અને દેશાઈજી સાહેબો તરફ, તેની અન્જુમન તરફ કાંઈક ભલા વિચારો મોકલ્યા હતા. ખજુરાં હેઠે જમીન ઉપર બીસ્તરો કરી લીધેલું આ ખાણું અમોને બાબીલોનની મુલાકાતનાં સંબંધમાં યાદ રહેશે.

બાબીલોનના કોઈક પુરાણા રેવાજ.

કેટલાંક ધર્માલય તરીકે ગણાતાં પવિત્ર શહેરોમાં કોઈ રેવાજો અને રસમો આપણે એવાં જોઈએ છિએ કે આપણી હાલની કેળવણીની ચડતી નજરે તે આપણે પસંદ કર્યે નહીં. દાખલા તરીકે, આપણા હીંદુસ્તાનનાં કોઈક મંદીરો સાથે જોડાયલી નાચનારી સ્ત્રીઓના વર્ગના રેવાજોની બાબત. રોમની પુરાણી ધાર્મીક ક્રિયાઓ કરનારી કુમારીકાઓ (Vestal-virgins) જેવા વર્ગની કુમારીકાઓના કોઈ ચડતા ખ્યાલો સમાન ખ્યાલો ઉપરથી એવી સ્ત્રીઓ કોઈક ઉતરતા દરજ્જા ઉપર આવી છે. અહીં બેબીલોનમાં પણ એમ તેના મંદીરો સાથે કોઈક સ્ત્રીઓ જોડાયલી હતી. તેજ મુજબ કહે છે કે આ તરફ લગનનો પવિત્ર ખ્યાલ ઉતરતી હાલતમાં આવ્યો છે અને અહીં બગદાદ તરફ પવિત્ર કામકાજે આવનારાઓ થોડા વખતના-પછી તે એક બે દાહડા યા મહીના માટે-લગ્નો કરે તેની જોગવાઈ મેળવે છે. કહે છે કે તેવા થોડા વખતના (Temporary) લગ્નના છોકરાઓ કાનમાં એરીંગ પહેરે છે અને તેથી પરખાઈ આવે છે. પણ તેમાં શરમાવા જેવું કાંઇ ગણાતું નથી. એ તો ગામનો એક રેવાજ ગણાય છે (ઉપલા બેબીલોનીઅન રેવાજ બાબે, જુઓ મારૂં પુસ્તક "કદીમ ઇરાનીઓ', હીરાડોટસ પ્રમાણે.")

આ પુરાણાં બાબીલોન બાબે એક હાલના લખનાર (મી૦ રીચરડ કોક) ધ્યાન ખેંચનારા શબ્દોમાં બોલે છે કે: "In short, there does not seem much to distinguish the Babylon of four thousand years ago, in spirit at at any rate, from the London or Paris of to-day.) પેરીસ અને લનડનમાં આજે જે બોલાય અને થાય તે બીજે દિવસે બીજાં શહેરોમાં બોલાય છે અને નકલ થાય છે, તેમ બેબીલોનના સંબંધમાં હતું.

જમાનાની ગરદેશથી બાબીલોને ઘણાક ફેરફારો જોયા છે. જ્યાં આપણા ઇરાની વડવાઓ કોઈક રાજદ્વારી યા ધાર્મિક ખ્યાલ સાથે જતા હતા, ત્યાં આજે અમો જેવા તેઓના કમીના વારેસો તેનાં ખંડીએરો જોવા ગયાં છિએ. આ ખંડીએરોનાં ખોદકામ બાબે અને તેની પડોશમાં હાલમાં જુદી ગણાતી તેની હીલ (Hillah) નામની જગ્યા માટે હું મારા "A Glimpse into the work of the Bombay Branch of the Royal Asiatic Society during the last One Hun-

dred years, from a Parsee piont of view" નામના વિષયમાં કાંઇક વીગતે બોલ્યો છું.

મેં આગળ કેટલીક વખત કહ્યું છે તેમ, આપણાં કોઇક પુરાણાં આતશબેહેરામોમાં જે કાંઇક મિનારા જેવાં મકાનો જોડાયલાં હતાં, જેનો છેલ્લો દાખલો નોસારીનું આતશબેહેરામ કાંઇક નાના રૂપમાં આપે છે, તે આ બાબીલોન તરફના મિનારા મુજબ હતાં.

આ પુરાણા બાબીલોનનાં પુસ્તકો, જે હાલમાં હાથ આવ્યાં છે તે આપણને કાંઇક અજબ કરે છે. હાલનાં આપણાં પુસ્તકોને બદલે તેનાં પુસ્તકખાનાઓ ઇંટરડીઓ (bricks) થી ભરેલાં હતાં અને એ ઇંટો ઉપર લખાણો લખાતાં હતાં.

આપણા ચેહલવી પુસ્તકનો બોખ્તનસર (Nebuchadnazar)

બેબીલોન સાથે નેબુકદનઝર, જેને માટે આપણે આપણા પેહેલવી પુસ્તકોમાં બોખ્તનસર તરીકે કાંઇ વાંચ્યે છિએ, તેનો આ તલગનો સંબંધ હતો. તે પાદશાહે એને સુંદર કરવામાં ઘણો અગત્યનો ભાગ લીધો હતો. તેણે બાબીલોનમાં બનાવેલાં હેંગીંગ ગાર્ડન, (Hanging Gardens) જે વખતની દુન્યાનાં સાત અજાયબીઓ (Seven Wonders of the World)માંની એક ગણાતી. હાલમાં અહીં અને તહીં બગપા થતા એવા બાગો—દાખલા તરીકે આપણા શહેરમાં ગીબ્સ રોડ ઉપરનો હેંગીંગ ગાર્ડન—આ બાબીલોનનાં બાગોના વારસો છે.

આ પાદશાહને હરાવી ઇરાની પાદશાહ સાઇરસે આ શહેર લીધું ત્યારે તેને આવકાર આપવામાં પહેલા બાબીલોનના ધર્મગુરૂઓ હતા, જેઓએ આ પાદશાહને પોતાનો છુટકારો કરનાર (Deliverer) તરીકે ગણ્યો. સાઇરસ આ સબબે અને તેના યાહુદીઓ તરફના છુટાપણાના વિચારોને સબબે બાઇબલમાં, ઉપર જણાવવા પ્રમાણે "The annointed" એટલે "પાક થયલા" તરીકે માન પામ્યો છે. બાબીલોનની આ પુરાણા વખતની હકીકત આપણે મં૦ કીંગના ઉપલા પુસ્તકમાં સારી રીતે રજુ થયલી જોઇએ છિએ.

અસલી બેબીલોનીઅન કુતરાઓ.

આ દેશની આગલી હકીકતોમાં આગલા વખતના ત્યાંનાં સગ યા કુતરાની બાબત આપણું ખાસ ધ્યાન ખેંચે છે. કહે છે કે ત્યાં હીંદુસ્તાનથી એક જાતના કુતરાઓ લાવી ઉછારવામાં આવ્યા હતા અને ત્યાંના એક હાકેમ (Satrap) તે કુતરાઓનાં પોષણ માટે ચાર શેહેરોની આવપત જુદી કાઢી હતી. મિ઼કરડ (ઉપલું પુસ્તક પા૦ ૩૦૨) આ કુતરાઓની જાતને ટીબેટના કુતરાઓ સાથે સરખાવે છે તે ઉપરથી હું ધારૂં છું કે હીરોડોટસ એ કુતરાઓને હીંદુસ્તાનથી લાવેલા જણાવે છે તે કાંઇ ભુલ હોય. તેઓને ટીબેટથી લાવવામાં આવ્યા હોય. હવે દાર્જીલીંગ ખાતેથી મેં આ જામે જમશેદ ઉપર આસરે દસ વર્ષ ઉપર ટીબેટન રેવાજો બાબે લખેલાં પત્રોમાંનાં એકાદમાં મેં વીગતે આ કુતરાઓ બાબે કાંઇક લખ્યું છે કે ત્યાં માણસની લાશ ઉપરનાં માંસને ભક્ષ કરવા માટે ખાસ કુતરાઓ હોય છે. તે ઉપરથી દીસે છે કે બાબીલોન ઉપરના ઇરાની અમલ દરમ્યાન કદાચ એ કુતરાઓ ખાસ ટીબેટ તરફથી મંગાવવામાં આવ્યા હોય.

પાલમાઇરા.

બગદાદથી કાંઇક દુર પાલમાઇરા (Palmyra)નું પુરાણું શહેર આવ્યું છે. તે સીરીઆમાં આવેલું છે. બનતે તો તે જોવાની મારી ખાહેશ હતી. પણ સંજોગો વચ્ચે તેમ બન્યું નથી. તે છતાં તે બાબે બે બોલ હું અત્રે ખાસ સબબસર બોલીશ. મારાં બિશીઓ આ શહેરના માર્ગેથી આવ્યાં છે. તેઓથી અને તે તરફ જઇ આવેલા કોઇક બીજાઓથી

મેં જાણ્યું છે કે તેની આગલી પાય-માલી છતાં તેમાં હાલમાં પણ કાંઇક આંહીં માફક ખજુરાંના ઝાડો જોવામાં આવે છે.

પાલમાઇરા આ પામીરા યુફ્રેટીસ નદી અને દમાસ્કસ વચ્ચે બન્ને જગ્યાથી આશરે ૧૩૦ મૈલને તફાવતે આવ્યું છે. રોમન શાહનશાહ હેદ્રીઅને (Hadrian) તે સ્થાપ્યું હતું. ઇ. સ. ૨૬૦ થી ૨૬૩ સુધીમાં આહીં ઇરાનના શાહ શાપુર અને એ મુલકનાં રાજા ઓડેનથુસ (Odenthus) વચ્ચે લડાઇ ચાલી હતી. કહે છે કે જયારે શાપુર આ તરફ પોતાના લશ્કર સાથે આવ્યો, ત્યારે આ રાજાએ તેને માટે કિંમતી સોગાદ ભેટ મોકલી. પણ તે સાથે લખેલા કાગજની ભાષા શાપુરને પુરતી નમનતાઇભરી નહીં લાગી. તેથી તેણે ગુસ્સાનો માર્યો તે ભેટ સોગાદ યુફ્રે-ટીસ નદીમાં નંખાવી દીધી. આ બાબત મનમાં રાખી, જ્યારે શાપુર આ શહેરની પેલી બાજુનો મુલક ફતેહ કરી ત્યાં લુટમાં મેળવેલા ખજાના સાથે તેણે આ તરફથી કુચ કરી ત્યારે પાલમાઇરાના રાજાએ તેના લશ્કરને હેરાન કરી, તેનો જીતેલો ખજાનો લુટી લીધો. એટ-લુંજ નહીં પણ પાછળથી તેણે ટેસીફોન ઉપર પણ ઘેરો નાંખ્યો હતો.

આ શહેરને બાઇબલ (Old Testament, Chronicles)માં તાડમોર (Tadmore) કહ્યું છે. આ "તાડમોર" નામ ખજુરીના પામ (Palm) વર્ગના "તાડ" ના ઝાડની આપણને યાદ આપે છે. આપણો "તાડી" શબ્દ ખજુરીના વર્ગના આ "તાડ" ના ઝાડોના રસ માટે પેહેલે વપરાયો હોય અથવા ખજુરી, તાડ અને મહાડનાં 'પામ' જાતના સર્વ ઝાડો કદાચ તાડ શબ્દના સામાન્ય નામથી પેહેલે ઓળખાતાં હોય.

આ પાલમાઇરા શહેરમાં ખોરશીદની સેતાયશનું એક મંદીર (Sun-Temple) હતું. આ મંદીરનાં સ્તંભોના કોઇક ખંડીએરો ત્યાં હજુર ઉભાં રહેલાં કહે-વાય છે. આ તરફનું બાલબેક (Balbek), જેનું બીજું નામ હેલી-ઓપોલીસ (Heleopolis) હતું, તેમાં પણ તેના નામના અર્થ પ્રમાણે સુર્ય (Bel, Halos) નું મોટું મંદીર કહેવાય છે.

પાલમાઇરા અને આપણું પેહેલવી પુસ્તક દરખ્તે અસુરીક.

આપણામાં એક નાનું પેહેલવી પુ-સ્તક છે, જે હાલ સુધી "દરખ્તે અ-સુરીક," એટલે 'અસુર અથવા એ-સીરીઆનું ઝાડ' એવે નામે જણાયલું છે. તેનો ટેક્ષ્ટ લીથો-ગ્રાફીક હરફે ફ્રેંચમાં તરજુમા અને નોટ સાથે મા. બ્લોશે (Bloohet) એ એક ફ્રેંચ જર્નલમાં કેટલાંક વર્ષ થયાં બહાર પાડયો છે. મરહુમ દસ્તુરજી જામાસ્પજી તરફથી પ્રગટ થયલાં "પેહેલવી ટેક્ષ્ટસ" (Pahlavi Texts) માં મી० બ્લોમગોર તે. અંકલેશ્વરીઆ એ દિબાચામાં તેનો ઘણોક સાર આપ્યો છે. ડા० વેસ્ટે ગ્રુનડરીસ (Grundriss) ની માળામાંના એક વિષયમાં તે શું બાબત ઉપર છે, તે જણાવ્યું છે. હાલ માં બે વર્ષપર ડા० જમશેદજી મા. ઉન-વાળાએ લંડનની ઓરીએન્ટલ સ્કુલના એક જર્નલમાં તેનો અંગ્રેજી હરફે ટેક્ષ્ટ, તરજુમો અને નોટ આપ્યાં છે. આપણા આ ઉધરતા ભણેલા સ્કોલરના અભ્યાસ માં હું કેટલેક સબબે કાંઇક ઉલટ લેતો આવ્યાથી મેં એવણનો આ વિષય કાંઇક કાળજી સાથે વાંચીને અને કાંઇક અભ્યાસ કરીને આ પેહેલવી ચોપડીમાંની કોઇક બાબતો ઉપર નોટ તરીકે એક વિષય તૈયાર કરી તે જરથોશ્તી દીનની ખોળ કરનારી મંડળી હજુર વાંચ્યો છે અને પછી તે કામા ઇન્સ્ટીટયુટના જર્નલમાં પ્રગટ કર્યો છે.

હવે આ પુસ્તકની બાબત આ છે કે તેમાં એક ઝાડ (દરખ્ત) અને એક બકરું પોતપોતાની તારીફ કરે છે. પેલું ઝાડ કહે છે કે "હું માણસજાતને

ઘણું કામનું છું" અને બકરૂં કહે છે કે "હું વધારે કામનું છે."

હવે આ ઝાડ શું છે? તેને મીં૦ બરાશે "ઓક" (Oak) ગણે છે. બીજા સાહેબો કાંઇ ચોકસ કહેતા નથી કે તે કયું ઝાડ છે. પણ હું ધારૂં છું કે એ ઝાડ તે 'ખજુરી" નું ઝાડ છે અને આ પુસ્તકનું નામ 'દરખ્તે ખજુરી" છે અને નહીં કે આગલા સાહેબોએ વાંચ્યું છે તેમ "દરખ્તે આસુરીક". વળી હું ધારૂં છું કે એ પુસ્તકમાં જે "દરખ્તનું શેહેર" જણાવ્યું છે તે આ "પાલમાઇરા"નું શેહેર છે, જે સીરીઆના મુલકમાં ગણાય છે

વળી આ પુસ્તકનાં કોઇક શબ્દોના ફેરફાર થયલાં વાંચણમાં જે શબ્દએ મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું છે તે "સીચ" (sioh) શબ્દ છે જે ઉપલા બીજા સાહેબો જુદી જુદી રીતે સમજ્યા છે. પણ હું ધારૂં છું કે તે શબ્દ (કબાબ યા ગોસ્ત ભુંજવાની) "સીક" છે. ખજુરીનું ઝાડ પોતાના તરેહવાર ઉપયોગમાં કહે છે કે "માણસો મારી ડાંખલીની બનાવેલી "સીક"માં ગોસ્ત ભુંજી ખાએ છે."

ત્યારે ઉપલા થોડાક અભ્યાસ સબબે હું પાલમાઇરા જવાની અને ત્યાંનાં ખજુરીનાં ઝાડો અને તે ઝાડોની હેઠે ઉજાણી કરતાં લોકોની રાહરીતી જોવા માંગતો હતો, પણ તેમ બન્યું નથી. પણ હું અહીં બગદાદમાં કરેલી પુછ-પરછ ઉપરથી જાણી શકયો છું કે અહીં પણ કોઇક એમ ખજુરીની ડાંખલીની "સીક" બનાવી તેમાં ગોસ્ત ભુંજી ખાય છે. એ શબ્દ ફારસી છે અને તે અહીં પણ વપરાય છે. ત્યારે નૌસારીના જરથોસ્તી વતનીઓ હાલમાં ઉજાણીમાં ખજુરીની ડાંખલીની સીક બનાવી કબાબ અને ગોસ્ત ભુંજી ખાય છે તે મારા વિચાર પ્રમાણે જાણે તેઓના ઇરાન તરફના બાપદાદાઓનો રેવાજ છે.

બગદાદ, તા૦ ૩૦ મી અકટોબર ૧૯૧૫.

બગદાદ નજદીકના મેહોમેદનોની કેઈક જીઆરતી જગ્યાઓ. ખજુરીઓ અને દાડમડીઓનો આપણી ધાર્મિક ક્રિયાઓમાં ઉપયોગ.

બગદાદ અને તેની અતરાફમાં ધાર્મિક યા તવારીખી નજરે જોવાની કોઇક જગ્યાઓમાં આપણા ઇસલામી ભાઇઓની જીઆરતની જગ્યાઓ છે. એઓમાં અમોએ કેરબલા અને કાઝીમાએ જગ્યાઓ જોઇ છે. તે બાબે બે બોલ આ પત્રમાં બોલીશ.

કેરબલા. બગદાદની નજદીકમાં મોટરથી આસરે બે કલાકના રસ્તા ઉપર કેરબલા (Kerbela) નું ઇસ્લામી પવિત્ર મથક આવ્યું છે. મદીના જે નબી મોહમદનાં મરણની જગ્યા છે, તે ઇસલામીઓમાં પેહેલી અગતની જગ્યા છે અને જેઓ તેની હજે જઇ આવ્યા હોય, તેઓ "હાજી"નો એલકાબ ધરાવે છે. મદીના પછી કેરબલા હોસેનના મરણની જગ્યા તરીકે અને પડોશમાં આવેલું નજફ (Najaf) અલીનાં મરણની જગ્યા તરીકે અગતનાં ધાર્મિક મથકો ગણાય છે. કેરબલાની જીઆરતે જઇ આવેલા "કેરબેલાઇ" તરીકે બોલાઇ તે એલકાબ ધરાવે છે. આ તરફ આવવા આગમજ છેક તબ્રીઝથી હું કેરબલાને યાદ કરતો અને તેનું નામ સાંભળતો આવ્યો છું. તબ્રીઝમાં મેં કેરબલાથી પાછા ફરતા બે કેરબલાઇઓને એક દિવસે જોયા કે તેઓને આવકાર દેવાને તેઓના બેશીઓ અને મિત્રો શેહેર બહાર ગયલા અને તેઓને સરઘસ રૂપે વાજતેગાજતે શેહેરમાં લાવ્યા. શેહેરના એકાદ બેને મેં જોયા કે જેઓ તેઓના આંગને હાથ લગાડી નમી જાણે તેઓના સવાબમાં "હમબેહરા" મેળવતા.

એમ પારકાંનાં ભલાં તરફ દીલસોજી દેખાડી તે પારકાંનાં ભલાંમાં પોતાનાં ભલાંની કાંઇક આશા રાખવાનો દાખલો આપણી નોસારીમાં જોઇએ છિએ. ત્યાં કોઇ પારકાંનો પુત્ર પરણતો હોય અને તેનું શાહાજનનું સરઘસ ગામમાં ફરતું હોય, ત્યારે આપણી કોઇ ઘરના ઉંબર ઉપરથી કોઇ બાઇને દુરથી તે વરગાજાને "ઓવારણાં" લેતાં અને કોઇને તો ચોખા ફેંકી ઓવારણાં લેતાં જોઇએ છિએ. કોઇની એમ કરવામાં નેમ આ કે "તેઓનું મીનુ પોતાને થાય" એટલે તેવણના ઘરનાં બચ્ચાંઓની પણ શાદી જલદીથી થાય.

કાઝવીનથી જે મોટી મોટરમાં મેં બગદાદ તરફ આવવા માંડયું તે મોટરમાં કેરબલા જતા કેટલાક જાત્રાળુઓ હતા. તેઓમાંથી એકાદ થોડે થોડે વખતે અલી અને હુસનને માટે પોકાર કરી તેઓને યાદ કરી તેઓની યારી માગતા. એ બાબેના થોડાક પવિત્ર શબ્દો બોલાતાં બાકીનાઓ એક આવાજે (Chorus માં) સાથે સામેલ થતા. કસરે શીરીનમાં મેં પાછલી રાતનાં ઝઝકળાંમાં, જ્યારે તેના એક કાવાખાનાના દરવાજા ઉપર ઉભો હતો, ત્યારે, જોયું કે એકીવખતે આસરે એકસો ઉપર પુરૂષો ખચ્ચરો ઉપર સવાર થઇ ધાર્મીક પોકાર કરતા કરબલા જવા નીકળ્યા. રાત્રે તેઓએ અહીં આસાએશ લીધેલી તે સવારે પાછું ચાલુ મુકયું. દરવાજા ઉપર એક ધણી ઉભો હતો તે થોડે થોડે વખતે તેઓ સાંભળે તેમ "એલતે-માસ બ દુઆ" એમ બોલતો. એટલે તે તેઓને અરજ (એલતેમાસ) કરતો કે તેઓએ એ ધણીને પણ પોતાની "દુઆ"માં હજની જગ્યાએ યાદ કરવો. કહે છે કે ત્યાં જતાં એ હાજીઓ પહેલે એવી એલતેમાસ કરનારાઓ માટે સામા-ના દુઆ માંગે છે અને પછી પોતા માટે દુઆ માગે છે. બગદાદ શેહેરમાં એમ જુદી જુદી તરફથી સેંકડો જાત્રા-ળુઓ આવે છે. તેઓ માટે અહીં સંખ્યાબંધ કાવાખાનાઓ અને ઉતારાનાં મથકો છે. જેમ પેરીસમાં ત્યાંનાં "રેસ્ટોરાં" દરવાજા બાહેર મેલેલી ખુરસી ટેબલો સાથે પેરીસની એક ખેંચાણ કરનારી બાબત (feature) થઇ પડે છે, તેમ અહીંના કાવાખાનાઓ બગદાદના એક "ફીચર" થઇ પડે છે.

આપણામાં એક રેવાજ હતો અને છે કે જરૂરી હાજત બાદ પાણીથી "પાદયાબ" કરવા. પણ જો મુસાફરીમાં યા બીજે કેઠે પાણી નહીંજ મળે તેમ હોય તો માટીથી પાદયાબ કરવા. ઇસ્લા-મીઓમાં પણ એમ છે. પણ આપણને અત્રે કુચ કરતાં આ જાત્રાળુઓને જોઇને અજાયબી લાગે કે જે નાચારી માટે ફરમાવેલું તે કોઇકમાં જાણે જમેમાં પેસી ગયું છે. જરા આગલ ચાલે યા કોશેશ કરે તો બંદગી માટે યા બીજા પ્રસંગે વજુ કરવા પાણી મળે, તોપણ જમીન ઉપર માટીમાં આખા હાથના પોંહોચા સુધી માટી વળગાવી તે હાથો મોઢાં ઉપર ફેરવી કાંઇક ભેલા થાય.

આ કેરબલા શેહેર આગળ અલીના બેટા હુસેનને મારી નાખવામાં આવ્યો હતો. આપણા દેશમાં મોહરમના તેહેવારો ઉપર મુસલમાન લતાઓ ઉપર હુસેનના આ મરણના દાસ્તાનો ઘણાકોની ગમ-ગીની વચ્ચે વંચાય છે. આ તેહેવારોની છેલ્લી રાત "કતલની રાત" તરીકે ઉપલે સબબે બોલાય છે.

મને આસરે વીસ પચીસ વરસપરની એક 'કતલની રાત" યાદ છે કે જ્યારે મરહુમ મી૦ કૈખસરૂ નવરોજી કાબ્રાજી સાથે, તેવણે એક મેહામેડન મિત્ર સાથે કરેલી ગોઠવણ પ્રમાણે, એકાદ મુસલમાન લતા ઉપર હું ગયો હતો અને ત્યાં શાંત ચુપકીદી વચ્ચે એક બુલંદ આવાજી વાંચનાર અને બોલનારની જબાનથી આ દાસ્તાન સાંભળ્યું હતું. સેવટે અમો સર્વેને સુતરફેણીની ચાશણી કરાવી હતી. મધરાતે હજારોહજાર મુસલમાન ભાઇઓ વચ્ચે અમો બે પારસી ભાઇઓ હતા. તે રાતની આ ગંભીર ચુપકીદી સાથની મીજલસ મને યાદ છે. મરહુમ મી૦

કેખસરૂ કાબ્રાજી એક ખરા સુધારાવાળા હતા. "ખરા" એટલે કે તેઓ "સર્વ જુનું તે ખરાબ" એમ ગણી નાશકારક (destructive) સુધારો નહીં માંગતા. તેમ તેઓ "સર્વ જુનું તે સુનું" (everything old is gold) એમ પણ નહીં માનતા. તોપણ "જુનામાં જે સુનું" હોય તે કાયમ રાખી તે ઉપર નવો (constructive) સુધારો રચવા માગતા હતા. એવા સુધારાના ખ્યાલથી તેઓએ મોહરમની આ મીજલસો જોઇ આપણા મુકતાદના તેહેવારો ઉપર શાહાનામાનાં દાસ્તાનો વંચાવવાની સીફારસ કીધી હતી. તેવી સીફારસ ઉપર ધ્યાન આપી સને ૧૮૯૦ નાં સાલથી મેં એવાં શાહનામાનાં દાસ્તાનો વાંચવાનું શરૂ કીધું હતું. હાલના જમતને છાજતા નવા વિચારો અને સુધારા સાથે જુનાને માન સાથ જાળવી રાખવાના તેઓના વિચારનો બીજો દાખલો મરનારોની ગાજ કરવાનો છે. એક સાંજ મને યાદ છે કે જ્યારે તેઓ પોતાના પ્રીય કુટુંબ સાથે પોતાનાં મરહુમ ધણીઆણીની બાજનું જશન મારી પાસે કરાવી તેમાં સામેલ થવાને અને મારા તરફથી તે પ્રસંગને અનુસરતી એક વાએજ સાંભળવાને કોલાબે શેઠ જીજીભાઇ દાદાભાઇની દરેમેહેરમાં આવ્યા હતા.

હવે એક ધર્મ ગમે તેવો નવો હોય તોપણ તે પોતાના મુલકના કોઇ નહીં ને કોઇ વિચારો, રેવાજો વગેરેને આધીન રહે છે. તેમ ધારવામાં આવે છે કે મોહરમનાં ટાંકણે ઉપર પ્રમાણે હુસનના મરણ કાજે રડણું અને વીલાપ જાહેર રીતે કરવો, તે કદાચ આ તરફના પુરાણા બાબીલોનનાં એકાદ રેવાજની યાદ ઉપરથી હોય, કે જે રેવાજ પ્રમાણે બાબીલોનમાં તેઓના દેવતા ગણાતા તામુઝ (Tammuz) ના મરણનો જાહેર શોક પળાતો હતો.

આ ધાર્મિક શેહેરની મુલાકાત અમોએ તા૦ ૨૯ મી ઓક્ટોબરે સાંજે બાબીલોનથી ત્યાં જઇ લીધી હતી. આપણુ, જેઓ મુસલમાન નહીં, તેઓ ખુદ કબરવાળી ઇમારતની જગ્યાએ જઇ શકતા નથી, પણ બહારથી તેનું મકાન અને જતા આવતા જાત્રાળુઓનો મેહેમાર જોઇએ છિએ. એવી ઇમારતની આ તરફની જગ્યાઓના એકથી વધુ દરવાજા હોય છે. તેઓ ઉપર ઉંચે ટાંગેલી જે આડી સાંકળ હોય છે, તે આપણું ધ્યાન ખેંચે છે. ત્યાં હને જતાઓ તે જંજીર યા સાંકળને હાથ લગાડી નમે છે. આપણાં આતશબેહેરામોમાં કેઠે સાંકળ પવિત્ર આતશના ઓરડામાં ટાંગેલી હોય છે કે સેતાયશ આવેલાઓ ચોકસ ભણતર વખતે તે સાંકળ પકડે છે અને તેમ કરીને કેબલાના ઓરડાનાં બારણાં સાથે જાણે પોતાનો સંબંધ કરે છે. તેમ આ તરફ જનજીરનો ઉપયોગ થતો દીસે છે. કહે છે કે વર્ષમાં મોહરમના ટાંકણા ઉપર દસ દિવસ તે સાંકળો કાઢી નાંખે છે.

કહે છે કે દર સાલ આસરે ચાર લાખ ઇસલામીઓ આ ઇમારતાગહની મુલાકાતે આવે છે. તે માટેના ચાર મુખ્ય માસોમાં કેરબલા તેના પુરા મેહેમારમાં દીસે છે. અહીંનાં સંખ્યાબંધ કાવાખાનાઓ અને કારવાનસરાઓ એ મેહેમારનો આપણને કાંઇક ખ્યાલ આપે છે.

કાઝીમેંઈન. બગદાદથી ઘોડાગાડી મારફતે આશરે એક કલાકના રસ્તા ઉપર કાઝીમેંઈન (Kadhimein) નામનું ગામ અને કબર આવ્યાં છે. એ પણ એક "ઇમારત"ની જગ્યા ગણાય છે અને જાત્રાળુઓને ત્યાં જવાની સગવડ આપવા એક ટ્રામ લાઇન નાખી છે. આ ગામની મેં તા૦ ૨૫ મી ઓક્ટોબરે સવારે મુલાકાત લીધી હતી. ત્યાર પછી તા૦ ૨૯ મી ઓક્ટોબરે સવારે મારાં બેગીઓ સાથે ફરીથી લીધી હતી. અહીંની મોટી મસ્જીદ ઇસ્લામી ભાઇઓના સાતમા અને નવમા ઇમામોની કબર ધરાવે છે. આ મસ્જીદનો બાહારનો

દેખાવ તેના સોનેરી ગીલ્ટનાં ગુંબજો સબબે ઘણો ખેંચાણકારક છે. કહે છે કે થોડાંક વર્ષપર મરનાર નાશરૂદીનશાહ અત્રે જીઆરતે આવ્યા હતા ત્યારે તેવણે એક ગુંબજને સોનેરી ગીલ્ટથી શણગરાવ્યો હતો. મુસા અલ કઝીમ (Moussa-al Kadhim) નામના એક જાણીતા પરહેજગાર પુરૂષના નામ ઉપરથી આ જગ્યા પોતાનું નામ લે છે.

આ તરફ જવાના માર્ગમાં આપણે ખજુરી, દાડમ વગેરેના સુંદર બાગો જોઇએ છિએ. આ તરફના બીજાં કેટલાંક શહેરોમાં જોઇએ છિએ તેમ તેની તરેહવાર દુકાનોના બજારો, જેઓને "સુક" (Souk) કહે છે, તેઓને ઉપરથી બંધ કરેલાં છે. આ ગામના બજારમાં ખજુર અને દાડમો આપણું ખાસ ધ્યાન ખેંચે છે. જેમ કણબીઓ અનાજના મોટા ઢગલાઓ જમીન ઉપર કરે છે તેમ જમીન ઉપર ઢગલે ઢગલે અહીં સુંદર મોટાં દાડમો વેચાય છે. પેલી કહેવત છે કે "ગધેડાં દરાખ ચરે," તે કહેવત જેવો મામલો આઝરબએઝાનથી અને કાઝવીનથી હું આ તરફ જોતો આવ્યો છું. દરાખના લુમ્બ માફક લટકતા કોઇક ઝુમખાઓ ઘણાં લાંબા હોય છે. ગરીબો નાન સાથે દરાખ તરકારી માફક ખાય છે. તેજ પ્રમાણે આ તરફ આપણે ખજુર અને દાડમના ઢગલા જોઇએ છિએ.

આ મસજીદનું મકાન અંદરથી જઇને આપણાથી જોઇ શકાતું નથી તેથી આપણને પડોશના કોઇ મકાનમાં માળ ઉપર લઇ જઇ તેનાં અંદરના ભાગનો કાંઇક ખ્યાલ આપે છે. એક દેશમાં સેંકડો સદી બાદ પણ એક પ્રકારનો બાંધકામનો હુન્નર (Architecture) ઉતરી આવે છે, તે આપણે અહીં જોઇએ છિએ. આ મકાનની રચનાનો કોઇક ભાગ આપણને તાકે ખુસરોમાં વપરાયલી બાંધકામની રીતીનો કાંઇક ખ્યાલ આપે છે. સેંકડો વર્ષ બાદ પણ "તાક" ની બાંધકામની રીત આ મકાનમાં અને એના બીજાં મકાનોમાં ઉતરી આવી છે. અહીં અને તહીં આપણે નાના મોટાં મકાનોમાં તાક જોઇએ છિએ.

રાણી ઝોબેઇદાની કબર.

કાઝીમૈન થી પાછું ફરતાં મેં તા૦ ૨૫ મી ઓકટોબરે હારૂન અલ રશીદની જાણીતી રાણી ઝોબેઇદાની કબર જોઇ. એક મોટા ખલીફની રાણીના નામને છાજતી આ કબર નથી. તે બાહેરથી યા અંદરથી કોઇ સીંગાર વગરનું એક મકાન છે. કોઇને શક જાય કે એ ખરેખર તે મોટી રાણીનું મકાન નહીં હોય. આ જગ્યામાં કાંઇક હજારોહજાર કબરો છે. તેની વચ્ચે આ કબર છે.

કોઇ જાણીતા મરદોની કબર કરતાં સ્ત્રીઓની કબરો આપણને ઘણો વિચાર કરતા મેલે છે. મારા મોટી ખાનદાનમાં એક બરશોદજી નામના પુરૂષ હતા, જેવણ ડીરેક્ટર મોદી ભાઇઓના બાવાના બાવા થતા. તેવણને લોકો "બરશોદજી બંદા" કહેતા હતા સબબ કે "બંદો (યાને માણસ) વધતો કે પૈસો વધતો" એવા સવાલમાં તેવણ 'બંદો વધતો" એવી જીકર જાનોજીગરથી કરતા. હવે "મરદ વધતો કે સ્ત્રી વધતી" એવો સવાલ પણ અવારનવાર ઉઠે છે. આપણામાં "સેતાયશ અહુરમજદ" એ નામની એક સેતાયશ છે. એવીજ એક બીજી પણ સેતાયશ છે. એ સેતાયશોમાં ભણનાર ખુદાનો ઉપકાર માને છે કે "મને મરદ તરીકે પેદા કર્યો અને નહીં કે ઓરત તરીકે." આ પાછલા વખતની પાજંદમાં જોડાયલી સેતાયશોમાં ખરો અસલી વિચાર સમાયલો છે કે પાછલા વખતનો કોઇ પારકો વિચાર દાખલ થયો છે, તે બાબે પ્રો૦ ડાર્મસ્ટેટે પોતાના 'Une Judeo-Persane Priere" એટલે એક "યાહુદી-ઇરાની બંદગી" નામના પોતાના વિષયમાં વાજબી રીતે કહે છે કે યાહુદીઓ ઉપરથી આ નેમાજમાં નકલ થઇ છે. અસલ પારસી સાહિત્યમાં તો સ્ત્રીઓને ખરેખરી ઘરની

માલેકણુ યા રાણી (નમાન-પત્ની) તરીકે ચઢતો દરજ્જો આપ્યો છે. આ તરફ જાણીતા થયેલા શાહ દારાયસને હું ભુલતો નહી હોઉં તો, જોસેફસે (The Antiquities of Josephus), એક રાતે ઉંઘ નહીં આવતાં પોતાના યાહુદી ચોકીઆતો સાથે વાત કરતો જણાવ્યો છે. તેની વાર્તામાં પણ સ્ત્રીજાતીની આ દુન્યા ઉપર ચઢતી અસર જણાવી છે. આ દુન્યાનું જીવતર અને જાગતર સ્ત્રીજાતી ઉપર છે. આવા કોઇક ખ્યાલોથી મને આગ્રાના તાજમેહેલ આગળ યા આ ઝોબેઇદા રાણી જેવી રાણીની કોઇ કબર યા બીજી જગ્યાઓ ઉપર સ્ત્રીજાતી માટે કાંઇક ઘણા ભલા વિચારો આવે છે. સ્ત્રીજાતી વીના આ દુન્યા જાણે કડવી ઝેર જેવી થઇ પડે. આ સબબે આપણા વંદીદાદમાં જણાવ્યું છે કે જ્યાં એક મરદ પોતાના બાયડી છોકરાંઓ સાથે રહેતો હોય તે જગ્યા પણ જાણે તેઓથી ખુશ ખુશાલ રહે છે. ખુદા પારસી સંસારને સ્ત્રી જાતીના સુંદર શણગાર સાથે ખુશ ખુશાલ રાખે. ખલીફ હારૂન અલ રશીદની આ મશહુર રાણીની નામના ઉપરથી આવી જગ્યાએ આપણને સ્ત્રીજાતી માટે આવા કાંઇક ઘણા ભલા વિચારો આવે છે.

હારૂન અલ રશીદ અને તેની આ રાણી આપણને "અરેબીઅન નાઇટ્સ" (Arabian Nights) ની યાદ આપે છે. આ આરબી ગણાતી વાર્તાની યાદ આપનારી "અરેબીઅન ટેલ્સ" (Arabian Tales) નું કાંઇક મુળ આપણા કોઇક પેહેલવી વાર્તાના પુસ્તકમાં હોય એમ ધારવામાં આવે છે. એ બાબે મારા મિત્ર મી૦ પાહાલનજી બરજોરજી દેશાઇ પોતાના એકાદ પુસ્તકમાં કાંઇક વીગતે બોલ્યા છે.

નજફ.

બગદાદથી થોડેક દુર 'નજફ' નામની જગ્યા શીહા મુસલમાનોની પવિત્ર જગ્યા ગણાય છે. આ જગ્યાએ હું જઇ શક્યો નથી. પણ તે જોવા જવાને બનશે એવા ધારેલા વિચારથી જે કાંઇ વાંચ્યુ અને જાણ્યું છે તેની કાંઇક નોંધ અત્રે લઇશ. ઇરાકમાં એ સર્વથી પાક જીઆરતની જગ્યા ગણાય છે. કહે છે કે આજુબાજુથી અને દુરથી સંખ્યાબંધ લાસો આ શહેરમાં દફન થવા આવે છે. આપણામાં સારો રેવાજ છે કે આવલમંજલની જગ્યા ધર્માલયોથી દુર જોઇએ, પણ એઓમાં એવો ખ્યાલ છે કે કોઇ ધર્માલયની આગળ દફન થવું તે સારૂં છે. એવોજ વિચાર ઘણાક ખ્રીસ્તીઓમાં હતો અને છે. તેથી આપણે દેવળોમાં ઘણાકોને દફનાયલા જોઇએ છિએ. આપણા મુંબઇ શહેરનું જુનું કોટમાંનું દેવળ (Cathedral) તેનો દાખલો આપે છે કે જ્યાં ઘણાક મુંબઇના આગલા જાણીતા પુરૂષોની કબરો છે.

નજફ તરફ કહે છે કે એવી લાસોની જાણે વંજાર ને વંજારો આવે છે. વંજારીઓ મરનારોના ખેશીઓ પાસેથી અમુક રકમ લઇ લાસોને અહીં લાવી દાટે છે. અહીં પવિત્ર અલીની કબર છે તે સબબે એ શેહર પવિત્ર ગણાય છે. આ જાણીતા પીર માટે કહે છે કે તેવણનું કુફા તરફ ખુન થયા બાદ તેવણની તરફવાળાઓએ તેવણની લાસને એક ઉંટ ઉપર મેલી કે જ્યાં તે ઉંટ જઇ બેસે ત્યાં તેવણને દાટવા. તેમ આ જગ્યાએ તે ઉંટ આવીને બેઠું તેથી તેવણને અહીં દાટયા. પણ તેવણની કબરને છુપી રાખી કે રખેને તેવણના દુશ્મનોને માલમ પડે અને તે કબરને હેરાન કરે.

આ જાણી આપણને પેલા અસલી હુન લોકોના રાજાઓનો રેવાજ યાદ આવે છે કે તેઓની કબર કોઇને માલમ નહીં પડે તેવા વિચારથી કોઇ નદી નાળાંના માર્ગો થોડો વખત ફેરવી નાંખી પાણીને બીજે માર્ગે આપીને તે નદીના પાટ (bed) માં તે હુન રાજાઓની લાસ દાટવામાં આવતી અને પછી તે નદીનાળાંને પાછું ત્યાં વેહેતું કરવામાં આવતું: કહે છે કે આ જગ્યા

વધારે છુપી રાખવા કાજે તેઓ તે નદીના પાટમાં કબર ખોદનારાઓને અને બીજું કામ કરનારાઓને પણ મારી નાંખતા કે તેઓ કોઇને એ કબરની જગ્યા જણાવે નહીં.

કહે છે કે પવિત્ર અલીની કબર એમ ઘણા વખત જણાયા વગર રહી હતી. પણ એક વખત આ ગેનો ખલીફ હારૂન અલ રશીદ શેકાર કરતો કરતો એ તરફ આવ્યો ત્યારે જે હરણની પુઠે તે લાગ્યો હતો, તે નાહાસતું નાહાસતું આ કબર-વાળી જગ્યાએ આવી બીનદેહેસ્ત ઉભું રહ્યું કે અહીં તેને કોઇ હાથ લગાડી શકશે નહીં. તે ઉપરથી પુછપરછ કરતાં હારૂનને ત્યાંના એક બુઝર્ગ પીરે હકી-કત કહી કે અહીં અલીની કબર છે. ત્યારે હારૂને તે જગ્યા ખોદાવતાં અંદરથી અલીની કબર મલી. તેણે તે પછી એ જગ્યાને પવિત્ર જાહેર કરી અને પછી જાત્રાળુઓ તે તરફ ખેંચાવા લાગ્યા.

એવી કોઇક જગ્યાઓ પાવત્ર જગ્યાઓ (sanctuaries) ગણાય છે કે ત્યાં પેલાં હરણની માફક જઇને આસરો લેનારને કોઇપણ સરકારી અમ-લદાર વટીક હાથ લગાડી શકે નહીં. કહે છે કે "જગ્યા" ઉપરથી "જાનવર" ઉપર એવી "સેંક્ચુઅરી"ઓનો ખ્યાલ ગયો અને કોઇ જગ્યાએ ઘોડાઓ માટે એક પ્યારાં વફાદાર ઉપયોગી પ્રાણી તરીકે એવો વિચાર ફેલાયલો હોય છે કે કોઇને કોઇ બીજો ધણી પકડવા આવે ત્યારે તે ધણી જો તુરત જઇ તે ઘોડા ઉપર હાથ મુકે તો તેને કોઇ પકડી શકે નહીં (જુઓ "The Horse in Ancient Iran" નામનો મારો વિષય).

આ શેહેરમાં લાસોને દાટવા માટે, જગ્યા પ્રમાણે,—તે જગ્યા ઘણી પવિત્ર ગણાતી જગ્યાની પડોશમાં હોય કે દુર તે પ્રમાણે—લવાજમ લેવામાં આવે છે, જે રૂપીઆ પાંચસો યા સાતસો સુધીનું હોય છે. કહે છે કે અહીં તેની વાર્ષિક આવક ૧૯૨૧–૨૨ નાં સાલમાં રૂપીઆ પચાસ હજારથી વધુ થઇ હતી. ખ્રીસ્તી કબ્રસ્તાનોમાં સારી મોઠી જગ્યાનાં પ્રમા-ણમાં કુટુંબી કબરોની જગ્યા (vault) માટે જગ્યા વેચાતી આપવામાં આવે છે, તેની આપણને યાદ આવે છે.

બગદાદમાં જન્મ પામેલા આગલા વખતના જાણીતા પુરૂષોમાં એક પેલો જાણીતો આરબ તવારીખનવેશ માસુદી હતો. જે ઇ૦ સ૦ ૯૧૨ અને ૯૧૬ માં હીંદુસ્તાનમાં પણ આવ્યો હતો. (Maooudi, Traduit par. B. De. Meynard 1. Avant Propos p. III.)

બગદાદને સુંદરતા આપતાં ખજુરીનાં ઝાડો—તે ઉપરથી જરથોસ્તી ક્રિયાઓનાં કાંઇક વિચારો.

આ શહેરને સુંદરતા આપનારાં તેનાં ખજુરીનાં ઝાડોએ મારૂં ઘણુંક ધ્યાન ખેંચી મને કાંઇક ખુશી આપી છે. તા૦ ૨૦ મી અક્ટોબરના પાછલા પોહોરે ૩–૧૭ ને અમલે "ખાનીકીન" (Khanikin) આવી પહોંચતાં મેં ઘણુંક મહીને પહેલા વાર ખજુરીનાં ઝાડો જોયાં. એકલો દિવસો સુધી ઝાડો વગરનાં પહાડો અને પહાડોના હાલની મોસમમાં વેરાન દીસતા ભાગોમાંથી એક પ્રકારનો એકનો એક (monotonous) દેખાવ જોઇ આંખ થાકી ગયલી, તેથી આ તરફ આવતાં લીલોતરી જોઇ આપણને ખુશી ઉપજે. વળી બીજું આ કે આ ખજુરીનાં ઝાડોની હાર પાછળ હાર જોઇ નૌસારી યાદ આવી અને તે સર જમીનનાં ખ્યાલે કાંઇ ખુશી આપી. અને વળી ત્રીજું આ કે આ ખજુરીનાં ઝાડો ઘણાં સુંદર, સીધાં અને દલદાર છે જે બાગોને દીપાવે છે, અને ઘણો સુંદર દેખાવ આપે છે. મુસ-લમાનો શરાબ યા તાડી સામાન્ય રીતે પીએ નહીં, તે સબબે અહીં તાડી કાઢે નહીં. તેથી ઝાડો કદાવર ઉપરે અને તે ઉપર સુંદર મોટા ખજુરોના ઝુમખા દરાખ ના ઝુમખા માફક લુલક માફક લટકે. દિવસોની કાંઇક એવાં ઝાડો વગરની એવી મંજલો બાદ બગદાદ શહેરે એમ કાંઇક ખુશી આપી હતી.

ખજુર અને દાડમડીના ઝાડો—જરથોશ્તી ક્રિયાઓમાં તેઓની જરૂર.

અત્રે બગદાદમાં ફરતાં મેવાની દુકાનો સુંદર ખજુર અને મોટાં સુંદર દાડમોથી ભરચક જોઇએ છિએ. આપણામાં જાણે એક કહેતી છે કે "મરનારોની યાદમાં થતી આફ્રેગાનની બાજની ક્રિયામાં કાંઇ બીજો મેવો નહીં હોય તો ફીકર નહીં. એકાદ ખજુરની પેસી યા દાડમની ચીર હોય તો બસ". નૌસારીનાં કોઇક ગરીબ ઘરોમાં ઘણાંક વર્ષ પર આ જોયલું યાદ છે. હવે આપણી દરેમહેરોમાં પણ આ બે મેવાના ઝાડોની જરૂર છે. એક દરેમહેરમાં એક કુવો એક ખજુરીના ઝાડ અને એક દાડમડીની નહીં છુટી શકાય એવી જરૂર છે.

આઝરબએજાનમાં એ ઝાડો નથી તેનું કેમ?

હવે આઝરબએજાન જેવાં પેગમબર જરથોશ્તનાં વતનના મુલકમાં, તે ઉતર તરફનો થંડો મુલક હોવાથી, નથી કોઇપણ ખજુરી યા નથી કોઇ દાડમડી. ત્યારે ત્યાંની દરેમેહેરોમાં તે વગર કેમ ક્રિયા થતી હતી? તેનો મને કેટલોક વિચાર તે તરફ આવ્યો અને અહીં પણ આવે છે. અહીં પણ આપણા ધામાક શિક્ષણોમાં "કાળ, સ્થળ અને સ્થીતી" પ્રમાણે કામ લેવાનો નીયમ કાંઇક ખુલાસો કરે છે.

પેહેલું તો ખજુરીની પાતરી આપણી દરેમેહેરની ક્રિયામાં લેવામાં આવે છે તે માટેનો શબ્દ "અઇવ્યાઓંઘહન" છે. જેને ખજુરીનાં નામ સાથે કાંઇપણ સંબંધ નથી. આ શબ્દનો અર્થ "કાંઇ પણ આજુબાજુ વીટાળવાની ચીજ" એમ તેના ધાતુ પ્રમાણે થાય છે. આ સબબે કુસ્તી જે કમરની આજુબાજુ વીંટળાય છે તે માટે પણ એજ શબ્દ છે.

વળી દાડમડીની પાત્રી માટે "ઉર્વરામ" શબ્દ વપરાય છે તેને પણ દાડમડી સાથે કાંઇપણ સંબંધ નથી. દાડમ માટેનાં અહીં ફારસી શબ્દ "અનાર" છે. "ઉર્વરામ" શબ્દ, જેને મલતો લેટીન "આર્બર" (arbour) શબ્દ છે તેનો અર્થ તો ફકત ઝાડ થાય છે અને તે કોઇપણ ઝાડ છે.

ત્યારે એ બે જરૂરી ગણાવી ચીજો—"અઇવ્યાઓંઘહન અને ઉર્વરામ"—માટે આપણે એમ કહી શકયે કે આઝરબએઝાનની દરેમેહેરોમાં જો હાલના જેવી ઇજશને, વંદીદાદની ક્રિયાઓ થતી હતી તો ત્યાં બરસમ બાંધવા કાજે કોઈ બીજા ઝાડની પાતરી વપરાતી હોય અને તે ત્યાં "અઇવ્યાઓંઘહન" કરીને બોલાતી હોય. તેમજ "ઉર્વરામ" માટે સમજવું. આઝરબએઝાનથી દક્ષિણે આવતાં ખજુરી, દાડમડીનાં ઝાડોની છુટ હોવાથી તે ઝાડોનો ઉપયોગ થવા લાગ્યો.

એમ "કાળ, સ્થળ અને સ્થીતી" પ્રમાણે છુટછાટ નહીં હોય તો કેમ ચાલે? એવું ધારો કે કોઇ પારસી વસ્તી અફગાનીસ્તાનમાં યા કાશ્મીરમાં યા ઇંગ્લાંડમાં થાય અને ત્યાં દરેમહેર સ્થાપે તો ત્યાં ખજુરી દાડમડી કયાંથી લાવે? ત્યાં કોઇ બીજાં ઝાડો બદલી (substitute) તરીકે વાપરવા વગર છુટકો નહીં રહે.

હવે આપણે હીંદુસ્તાન આવ્યા તે કહે છે કે ખોરાસાન તરફથી આવ્યા. તો ત્યાંથી ઉપલાં ખજુરી અને દાડમડીના ઝાડોનો ક્રિયા કામ માટે ઉપયોગ લેતા આવ્યા કે કેમ તે જાણવું અગત્યનું છે. ત્યાં એ ઝાડો થાય છે કે નહીં તે માટે હું હાલ કાંઇ જાણતો નથી. માટે વધુ બોલી શકતો નથી. ત્યાં એ ઝાડો નહીં હોય. તેથી આપણે વળી કહી શકયે કે ત્યાંથી નિકળેલા થોડાંક વર્ષ ઇરાનના અખાત તરફ હોરમજ શહેરમાં આપણે રહ્યા ત્યાં એ ઝાડો હોય અને ત્યાંથી એ ચીજોનો ધાર્મીક ઉપયોગ હીંદમાં લાવ્યા હોઇએ.

આપણા અભ્યાસમાં જાનવરો અને ઝાડપાનોની બાબત.

આ ઉપરથી દીસે છે કે આપણા અભ્યાસમાં અસલી ઇરાનના જાનવરો અને ઝાડપાનો (The Fauna and the Flora) ની બાબત કાંઇક અગત્યની છે. દાખલા તરીકે આપણી બુનદેહેશ પ્રમાણે જાણે ફુલોની પણ એક ભાષા (Language of Flowers) હતી, કે જે પ્રમાણે જુદે જુદે રોજે યા જુદા જુદા યજદોની ક્રિયામાં જુદાં જુદાં ફુલો વાપરવામાં આવતાં હોય. ત્રીસ પ્રકારનાં ફુલોના નામો જાણે યજદોની જુદી જુદી ખાશીઅતો જણાવવા માટે છે. આઝરબએજાનમાં ઉરૂમીઆ ખાતે પુછપરછ કરતાં હું ત્યાં જાણી શક્યો છું કે ત્યાં ત્રીસથી વધુ જાતનાં ફુલો જણાવલાં છે, જેમાં પહેલી નજરે યા પેહેલા અવાજે આપણી બુનદેહેશના કેટલાંક ફુળોના નામો ઓળખી લિએ યા સાંભળી લિએ.

આજે રાત્રે, બગદાદ તરફ અહીં આવતાં નડેલી કાંઇક હાડમારીનો ખ્યાલ દુર કરી તેની મુલાકાતથી ઉપજેલી કાંઇક ખુશી સાથે હું આ શહેર છોડું છું. તેની કાંઇક આગલી હારૂન અલ રશીદ અને રાણી ઝોબેઇડાના વખતની જાહોજલાલી ખોઇવા છતાં, તે જાણે પોતાની પડતીમાં પણ સુંદર ટાઇગ્રીસ નદીને કાંઠે આવેલું સુંદર શહેર છે. તે જાણે ઉપલા જાણીતા ખલીફ અને તેની રાણીના જાણીતા નામોને કાંઇક જેબ આપનારૂં શહેર છે. હું જો જેવો છું તેવો જીવનજી મોદી નહીં હોઉં, પણ જો કોઇ એવો માલેતોજાર હોઉં કે જે એવું સમજે કે ખુદાએ આપણને જીંદગી આપી છે તે ખાવા પીવા કાજે અને નહીં કે ખાવા પીવાનું સરજયું છે તે કાંઇક ભલી જીંદગી જોગવવા કાજે, તો ફરતો ફરતો બેચાર વર્ષે અત્રે આવી, સુંદર ટાઇગ્રીસ નદીના કાંઠા ઉપર શહેર બહાર બેચાર મહીના ગુજારવાનું પસંદ કરૂં.

ઉમદાન—હોટેલ ડ ક્રાંસ,
તા૦ ૨ જી નવેમબર ૧૯૨૫.

બગદાદથી કેર્માનશાહ—કસરે શીરીન અને તાકે બોસ્તાન.

ખાનીકીન.

અમોએ બગદાદ તા૦ ૩૦ મી અકટોબરે રાત્રે નવ વાગે આગગાડી મારફતે તેહેરાન તરફ જવા કાજે છોડયું. ઇરાકમાં કોઇક ભાગોમાં, જેવા કે બસરા, કેરબલા, બાબીલોન, ખાનીકીન તરફ આગગાડી દોડે છે. મારા ખેશી જેવાણુની સાથે હવે હું હીંદુસ્તાન તરફની વલતી સફર ઇરાન મારફતે કરૂં છું, તેથી ઇરાનની સફર માટે બે મોટર, દરેકમાં ચાર માણસ બેસે તેવી ખરીદી છે. રસ્તાની કોઇક અડચણો બનતાં સુધી ઓછી કરવા કાજે અમો તે મોટરો પણ ટ્રેનપર ચઢાવીને આગગાડીના રસ્તાનો લાભ લઇ તા૦ ૩૧ મી અકટોબરે સવારે ૬) કલાકે ખાનીકીનના ટરમીનસે આવી પુગ્યા ત્યાં મોટરો ઉતારી અને લાંબી મંજલની સર્વ તૈયારી કરી આસરે ૧૦) વાગે અમોએ ખાનીકીન છોડયું. થોડુંક જવા બાદ ઇરાકની સરહદ છોડીને ઇરાનની સરહદમાં દાખલ થતાં પાસપોર્ટ અને સામાન દેખાડવા વગેરેની ગભેતાની ક્રિયામાંથી જવું પડે છે. ઇરાકની સરહદ આસરે બપોરે ૧૨) વાગે છોડીને આસરે ૧-૩૦ ને અમલે કસરે શીરીન આવી પહોંચ્યા. લાંબી મંજલો હોવાથી વખત બચાવવા કાજે બપોરનું કાંઇ સુકું પાકું ખાણું પણ ચાલતી ગાડીએજ લેવાનું દુરસ્ત ધાર્યું. કસરે શીરીનનાં ખંડીએરોનો કાંઇક ખ્યાલ મારાં સાથીઓએ મોટરમાંથી લીધો. મેં બગદાદ તરફની મારી સફરમાં તે ધીરજે જોઇ લઇ કાંઇક નોંધો લીધી હતી. તે મુજબ તેની કાંઇક હકીકત અહીં આપું છું:

કસરે શીરીન. હું કેરમાનશાહ નરકથી કસરે શીરીન તા૦ ૧૯ મી ની રાત્રે આવી પુગ્યો હતો અને ત્યાં, એક મુસાફરખાનું કહોકે કારવાનખાનું કહો, ત્યાં એક કંગાળ રાત પસાર કીધી હતી ત્યાં જેવી સંગતમાં અને જેવી રીતે હું રહયો હતો, તેમ મને કોઇ મુંબાઇનો મિત્ર જોતે તો કદાચ ભુલમાં મને એક પ્રકારનો "સાધુ" બનેલો ગણતે. પણ લાચાર! ધાર્યું હતું કે એ દીને ખાનીકીન (Khanikin) પહોંચી ત્યાંથી રાત્રે નવ વાગેની ટ્રેન પકડી બગદાદ પહોંચીશ. પણ રાહની સફરની અ-ચોક્કસાઇને સબબે તમો આ તરફ કાંઇ પણ ચોક્કસ કહી શકો નહીં. ખાનીકીન નહીં પહોંચી શકાવાથી રાત અહીં કાઢવી પડી. જેમ તેમ હોવ, પણ વખતનો કાંઇક સારો ઉપયોગ કરવાના ઇરાદાથી એકાદ ને જણાવ્યું કે કોઇ ગાનારાને હાજર કરે કે તે અફ્રાસ્યાબ વગેરેનું કાંઇ ગાણું મારા આગળ ગાય. આ બાદશાહ અને ઇરાની પાદશાહ પેહેલવાનોની કેટલીક વાર્તાઓ અને હકીકતથી આ તરફની હવા જાણે ભરેલી હતી, એમ રસ્તામાં મારી એરોપ્લેનમાંના સાથીઓથી જાણ્યું હતું, તે ઉપરથી મેં અફ્રાસ્યાબ બાબે ગાણું સાંભળવા માંગ્યું. ત્યાં હાજર રહેલા એકે પોતે નીચલું ગાણું ગાયું.

"ચુ ફર્દા બર આયદ બુલંદ આફતાબ,
મનો મઅેદાનો ગુર્ઝે અફ્રાસ્યાબ;
અગર ફરમાન આનરઢ કે મન દીદેહ અમ,
મન ઉગાબ મર્દી પરનદીદેહ અમ;
ઝનાનરા હુમીન બસ બુવદ યક હુનર,
નશીનન્દ ઝાયન્દ શીરાન નર,"

અર્થ—જ્યારે કાલે બુલંદ આફતાબ ઉગશે ત્યારે હું અને મેદાન અને અફ્રાસ્યાબની લડાઇ (એટલે સવારે જોઇ લઇશું કે અફ્રાસ્યાબ સાથે કેમ લડાઇ થાય છે). જો રુસ્તમ તે ધણી હોય કે જેને મેં જોયો છે તો મેં તેને મર્દાનગીમાં પસંદ કર્યો છે. સ્ત્રી જાતી માટે ફક્ત આ હુનર બસ છે કે તેણી ઘરે બેસે અને સીંહ જેવા (હીમ્મતવાન) નરોને જન્મ આપે.

આ ગાયણ શાહનામાની કોઇ સતરોની ધબપર છે અને તેમાં બીજી લીટી તો એક જાણીતી બેતનું બીજું રૂપ છે. સેવટની બેત પેલા અંગ્રેજી શબ્દોનું જાણે બીજું રૂપ છે કે સ્ત્રી જાતીનું કામ "To spread the table and fill the cradle." એટલે "ખાનો કારોબાર કરવો અને બહાદુર છોકરાઓ જણવાં" એ છે.

આ તરફની વાર્તાઓના હવા શાહનામાની બીજી વાર્તાઓ, જેવી કે ખુસરો, શીરીન અને ફરહાદની વાર્તાઓથી ભરપુર છે. તેથી ઉપલા ધણીએ બીજું એક ગાયણ એઓ બાબે ગાયું. આ ગાયણમાં ખુસરૂ અને શીરીન પરણવા પહેલાં કોઇ સવાલ જવાબ કરે છે.

શીરીનના મેહેલનું ખંડીએર. રાતે જેમ તેમ એક બે કલાક ઉંઘ આવી અને આસરે ૪–૩૦ ને અમલે ઉઠી તૈયાર થઇ સવારનાં પહોરમાં "કસરે શીરીન" એટલે "શીરીનનો મહેલ," જે ઉપરથી આ શેહેર, જે હાલ એક ગામડું થઇ પડયું છે, તેણે પોતાનું નામ લીધું છે, તેનું ખંડીએર જોવા એક સીપાઈ સાથે ગયો. આસરે અર્ધા કલાકનો રસ્તો હતો અને જ્યાં જ્યાં ચાલતા ત્યાં કોઇ પડી ભાંગેલાં શેહેરની નિશાણીઓ માલમ પડતી. અહીંના પાદશાહી મેહેલનો ફક્ત એક નાનો ભાગ હજુર ઉભો રહેલો છે, જેને 'ચેહાર કાપી" એટલે "ચાર દરવાજા" કહે છે, સબબ એના ચાર બુલંદ આરકાંરૂપી દરવાજા છે. આ ભાગ ખુસરૂ પરવીજ પાદશાહનો એક પ્રકારનો "દીવાને ખાસ" (Audience Hall) હતો. તે અસલ ગુંબજરોકો ભાગ હોય તેમ દીસે છે. તેની દીવાલ આસરે ૧૨ થી ૧૫ ફીટની પોહોળાઇની છે. દુરથી આ ઉભો રહેલો ભાગ આપણને આગળ જવાની જરૂર નહીં હોય એવો બીન-પેંચાણકારક

લાગે છે. પણ આગળ જઇ અંદર ઉભું રહેતાં આપણે તેનો, જોકે તાકે ખુસરો જેટલો નહીં, તો પણ તેના જેવો, કાંઇક દબદબાભર્યો ખ્યાલ કરી શકયે છિએ. શીરીનના નામથી જણાયલા આ મેહુલની આજૂબાજુ આપણે શેહેરનાં ખંડીએરો જોઇએ છિએ અને ફરતી દીવાલની નિશાણી જોઇએ છિએ. ત્યાં જતી વખતે પેહેલે રાત હોવાથી આ ખંડીએરના વીસ્તારનો પુરતો ખ્યાલ બાંધી શકયો હતો નહી. અને તેની દીવાલનું ખંડીએર જોઇ શકયો હતો નહી. પણ પાછું ફરતાં માર્ગમાં હું આ શેહેરના આગલા વીસ્તારનો ખ્યાલ કરી શકયો છું અને અહીંતહીં ઉભી રહેલી કોઇ દીવાલો જોઇ શકયો છું.

કસરે શીરીનની મંજલ તરફ હમદાનથી આવતાં મને માર્ગમાં અહીં અને તહીં કાંઇ દુરથી અને નજદીકમાં શાહા નામાની યાદ આપનારી ખરી કે ખોટી જગ્યાઓ દેખાડવામાં આવી હતી.

૧) પીરાન નામનું ગામ, જે કહે છે કે અફ્રાસ્યાબના વજીર "પીરાન" ઉપરથી એ નામ ધરાવે છે.

૨) "બેજનનો ચાહ" એટલે કે, "બેજનને બંધ પડવાનો કુવો." અહીંની દંતકથા બે જુદા જુદા બેજન માટે બોલે છે. એક ઇરાની બેજન અને બીજો તુરાની બેજણ.

૩) કેખશરૂની નેમાજગાહ.

૪) પાયતખ્તે અફ્રાસીઆબ.

૫) કલએ અફ્રાસ્યાબ.

૬) જામે જોહાક.

આ સર્વની વાતો સાંભળતાં એક ઇરાનીએ લીડીઆના પાદશાહ ક્રોસસ માટે કહ્યું કે ક્રીસસ (Croesus) તે શાહાનામાનો "કરસેવજ" હતો અને તે અફ્રાસ્યાબનો ભાઇ હતો.

નાસરખાન હમદાની નામનો હમદાનનો એક વતની, જે કેરમશા હેજે જતો હતો અને મારી પોષ્ટ ખાતાની મોટરમાં હમ-મુસાફર હતો તેનાથી આ તરફની ઉપલી અને બીજી કાંઇ દંતકથાઓ મેં સાંભળી હતી.

ખંડીએરવાળાં શહેરને અહીં લોકો "કોહન શહેર" એટલે પુરાણું શહેર ગણે છે. કેર્માનશાહથી આ તરફ આવતાં અને અહીંથી ત્યાં જતાં આપણે નીચલાં ગામો વીગેરે પસાર કર્યે છિએ. સરપુલે ઝોહાબ, જે એક મોટું ગામ છે, સુર્ખેદીહેહ, કુમ દરેહ નામની નદી, જે ખુદ કસરે શીરીન આગળ છે, અને "કીલેએ જુવાન મીર," કે જેણે "મીર" નામના પુરૂષે પાછલા વખતમાં ત્યાં કિલ્લો બાંધ્યો હતો, તે ઉપરથી પોતાનું નામ લીધું છે. તે આગલા ગબ્રો યાને જરથોસ્તીઓની જગ્યા કેહેવાતા.

અફ્રાસ્યાબના નામના બેટાના નામ વાળુ સુર્ખેદીહેહ ગામ.

ઉપલું સુર્ખેદીહેહ ગામ જ્યારે વળતાં કુચે અમોએ પસાર કર્યું ત્યારે તે માટે મને જણાવવામાં આવ્યું કે અફ્રાસ્યાબના એક બેટા "સુર્ખ" જેને રૂસ્તમે એક લડાઇમાં મારી નાખ્યો હતો, તેણે એ સ્થાપ્યું હતું. તે ઉપરથી તેણે એ નામ લીધું છે. મને ગામથી એક બાજુએ લઇ જઇને અફ્રાસ્યાબના આ બેટાના મકાનનાં ખંડીએર તરીકે એક ખંડીએર દેખાડયું. વળી પહાડ ઉપર એને નામનો એક કિલ્લો છે એમ પણ જણાવ્યું.

તાકે ગરરેહ.

કેર્માનશાહથી કસરે શીરીન તરફ આવતાં મને ગાડીમાંથીજ પહાડના ખડકમાં કોતરેલી એક તાક "તાકે ગરરેહ" નામની દેખાડવામાં આવી હતી. સાંજ પડી ગયલી હોવાથી હું તે વખતે બરાબર જોઇ શકયો હતો નહી. તા૦ ૩૧ મીએ વળતી કુચ વખતે અમારી મોટર ઉભી રખાવી આસરે પોણાવારને અમલે હું તે બરાબર જોઇ શકયો હતો. કેર્માન-

શાહથી કસરે શીરીન જતાં તે આપણું જમણા હાથ ઉપર પસાર કર્યે છિએ. અહીં જે પહાડનો માર્ગ વાધાટ આપણે પસાર કર્યે છિએ તેને "પાએ તાક" કહે છે. કદાચ આ નામ ઉપલી તાક ઉપરથી હોય તેનો અર્થ આ હોય કે "તે પહાડ કે જેની નીચે યા તળેટી (પાય) એ એક તાક છે." આ તાક ૧૨) થી ૧૫) ફીટ ઉંચો અને ૬) ફીટ પોહોળી અને આસરે એટલા ફીટ ઉંડી છે. એમાં કાંઈપણ નક્ષ નથી. બાજુએ પત્થર ઉપર કાંઈક નકસી છે એવું દીસે છે કે "તાકે બોસ્તાન" માફકનાં કોઈ નક્ષ કોતરવાના ઇરાદાથી પેહેલે આ તાક ખડકમાં કોતરી કાઢી હોય. પણ પાછળથી કોઈ સબબે નક્ષ કોતરવાનો રહી ગયો. આપણે પાછળ જોઇશું કે બેહીસ્તુનના પહાડ ઉપર પણ ત્યાંના જાણીતી તખ્તી જેવી કોઈ તખ્તી કોતરવા કાજે કોઈક જગ્યા સપાટ કરી રાખી છે, પણ પાછળથી તખ્તી કોતરવાનું કામ રહી ગયું છે.

હવે આ "તાકે ગરરેહ" બાબે જે દંતકથા મેં આ તરફ સાંભળી તે આગલ જણાવવા પ્રમાણે આ છે કે ગરરેહ નામનો ખુસરો પરવેજનો એક ચોકીદાર (sentinel) આ તરફ હતો. તેણે ફરહાદને ધમકી આપી કે તે પાદશાહને ખબર આપશે કે તેણે ફરહાદને પોતાની ખાંધ ઉપર શીરીનને બેસાડી લઇ જતાં જોયો હતો. કોઈક ખોટી "હોહા" તે નહીં ઉભી કરે એવા ખ્યાલથી ફરહાદે તેને ચુપ રાખવા આ તાક એક રાતમાં બાંધી આપી કે તડકાં અને વર્ષાદથી પોતાનો આ તાકમાં ઉભો રહી બચાવ કરી તે આ પહાડમાં ચોકીદારનું કામ કરે. જ્યાંસુધી હું જાણું છું ત્યાંસુધી ખુસરૂ શીરીન અને ફરહાદનાં નામો સાથે જોડાયલી આ તાક તરફ કોઈ મુસાફરનું ખાસ ધ્યાન ખેંચાયું નથી.

બગદાદ તરફ જતાં

કેર્માનશાહ. તા૦ ૧૮ મી અક્ટોબરે આશરે બપોરે બે વાગે હું કેર્માનશાહ આવી પહોંચ્યો હતો અને પાછા ફરતી વખતે તા૦ ૩૧ મીની રાત મેં ત્યાં પસાર કીધી હતી. આ બીજી વખતે લાંબી મંજલને સબબે અમો રાતે છ આશરે સાડાનવને અમલે આવી ત્યાંના હોટેલ (Hotel Bristol) ના દરવાજા ઠોકયા હતા. એમ આ તરફ બે વખત આવવાથી આ શહેરથી ચાર મૈલ દુર આવેલાં "તાકે બોસ્તાન" ના જાણીતા નક્ષો, જે ઉપર આપણા પેગમ્બરનું એક ચિત્ર કોતરાયલું ગણાય છે તે મેં બે વખત જોયા હતા.

આ શહેરે પોતાનું નામ બેહેરામ ચોથો, (Varanes IV) જે કેર્માનશાહ તરીકે જણાયલો હતો, તેના નામ ઉપરથી લીધેલું છે. આ પાદશાહ અને તેના શહેર માટે હું વીગતે મારા "શત્રોઇહા એ એઇરાન" નામનાં પેહેલવી પુસ્તકના તરજુમામાં બોલ્યો છું.

આ શહેર આપણા પારસીઓને માટે હાલમાં એક અગત્યની મંજલનું શહેર ગણાય, સબબ કે અહીંથી આપણે આશરે ચાર મૈલ ઉપર આવેલાં "તાકે બોસ્તાન" ના નામથી જણાયલાં તાક જોવા જઇએ છીએ, જેમાં નીચલા નક્ષો છે.

(ક) ખુસરૂપરવેઝ અને તેની સાથ વાળાઓના નક્ષો, જે ઉપર લેખ નહીં હોવાથી લેખને આધારે કાંઇ ચોકસાઇથી કહી શકાય નહીં.

(ખ) શાપુર બીજો, જેનું કિર્તિવંત રાજ્ય ઇરાનને માથે ૭૦) વર્ષની લાંબી મુદત (ઇ. સ. ૩૦૯ થી ૩૭૯) સુધી ચાલુ હતું. અહીં તેના અને તેના બેટા શાપુર ત્રીજાના નક્ષો છે. અહીં પેહેલવીમાં તખ્તી છે તે સબબે કાંઇક ચોકસાઇથી બોલી શકાય છે.

(ગ) ત્રીજો નક્ષ આપણને ઘણો અગત્યનો છે, સબબ કે તેમાંનાં ચાર ચિત્રોમાં એક આપણા બરહક પેગમ્બર

જરથોસ્તનું ગણાય છે. આ બાબત ઉપર પણ આપણે કાંઇ પણ ચોક્કસાઇથી બોલી શકયે નહીં, સબબ કે તે ઉપર ઉપલા બીજા નક્ષ માફક કાંઇ લેખ નથી.

આ તાકે બોસ્તાન અને તેના ત્રણ નક્ષો બાબે હું કાંઇક વીગતે અહીં બોલીશ.

તાકે બોસ્તાન.

કેરમાનશાહથી ઘોડાગાડીના આશરે એક કલાકના રસ્તા ઉપર એક પહાડની કઠણ "તાકે બોસ્તાન"નાં ખડકમાં કોતરેલાં નક્ષો અથવા ચિત્રો આવે છે. "બોસ્તાન" શબ્દને કોઇ "બાગ" ને માટેનો ફારસી શબ્દ ગણે છે અને કહે છે કે અહીં અસલમાં કોઇ બાગ હોય. હું તા૦ ૧૮ મી અકટોબરે એ તાક જોવાને સાંજે પાંચ વાગાને સુમારે ગયો હતો, ત્યારે પાછા ફરતાં ત્યાંથી દુર આવેલાં "અઝીદહાક" ગામના એક કુરદીશ રહીશ મારી સાથે ગાડીમાં બેઠો હતો, સબબ કે તે ઘણો થાકી ગયો હતો. તે આ જગ્યા માટે 'બોસ્તાન" ને બદલે "બસ્તાન" તરીકે બોલવા લાગ્યો. વળી એ જગ્યાનો એક ધણી મને આ તાક દેખાડતાં તે માટે "તાક બ સંગ" એટલે "પથરમાં (કોતરેલી) તાક" એમ બોલ્યો હતો અને તેવોજ અર્થ સમજાવ્યો હતો. હું ધારૂં છું કે આ "તાક બ સંગ" નામ બરાબર છે. "બ સંગ" નું પાછળથી, તેનો અર્થ બરાબર નહી સમજાયાથી અને પડોશમાં કોઇ બાગ હોવાથી "બોસ્તાન" થયું હોય. કોઇ આરબ લખનારાઓ એ તાકને "શબદીઝ" કહી ગયા છે, સબબ કે તે નક્ષમાંનો એક ઘોડો ખુસરો પરવીઝનો આ નામનો જાણીતો ઘોડો ગણાય છે. કોઇ એ જગ્યાને વળી "કસરે શીરીન" એટલે શીરીનનો મહેલ કહી ગયા છે. આ નામો વચ્ચે મને "તાક–બ–સંગ" વધારે બરાબર દીસે છે.

(૪) ખુસરો પરવેઝવાળો નક્ષ. તાકે બોસ્તાનમાં બે તાક છે. તેમાંની એક કે જે તે તરફ જતાં બીજી છે યાને પેલે નાકે છે, તે માટે હું પહેલ બોલીશ. તે બે તાકમાંથી મોટી તાક છે, તેમાં ત્રણ પુરૂષોનાં ચિત્રો છે. એ ત્રણમાંથી જમણા નાકેનો (એટલે આપણે સામું મોઢું કરી ઉભા હોઇએ તો આપણા જમણા હાથ તરફનો) સવાર વચમાંના સવારને એક કડું આપે છે જે આપણું અવસ્તાનું "ચખ્ર," એટલે 'ચક્ર" દીસે છે અને રાજાકર્તાની નીશાણી (symbol) ગણાય છે. આ તાક બહારની સપાટીથી આશરે વીસ ફીટ અંદર અર્ધ ગુંબજ રૂપે કોતરેલી છે. ઉપલાં ત્રણ ચિત્રોની નીચે એક ઘોડેસવાર હાથમાં નેજો લઇને ઉભો છે. આ જગ્યાના રખેવાલે એને રૂસ્તમ તરીકે કહ્યો અને ઉપલી હારમાં (સામે ઉભો રહી જોતાં પાગ) ડાબા હાથ ઉપરનાં ચિત્રને શીરીનનું ચિત્ર કહ્યું અને વચમાંનાને ખુસરૂનું ચિત્ર કહ્યું. ત્યાં આવેલા બે આગાઓએ એ દારયુશ (Darius) નું જણાવ્યું. હવે કોઇ પણ સતાદાર નોંધ વગર આપણે આ ચિત્રો કોણનાં છે તે ચોક્કસ કહી શકયે નહીં. પણ આ તરફ ખુસરૂ પરવીઝનો મજબુત અમલ હતો અને આ તરફની વાતાવરણ એના અને શીરીનના તરેહવાર ચિત્રોથી ભરેલી હતી અને છે, તે ઉપરથી આ ચિત્રો ખુસરો પરવીઝના સંબંધના હોય એમ સંભવીત દીસે છે. તરેહવાર ખુલાસાઓમાં આ સંભવીત દીસે છે કે રોમનો શાહાનશાહ મોરીસ, ખુસરૂ પરવેજ જે તેની દરબારમાં મદદ માગવા ગયો હતો, તેને પોતાની દીકરી આપે છે અને ઇરાનનું તખ્ત મેલવી આપે છે, એટલે કે દીકરી મરીઅમ, જેણીનું ઇરાની નામ શીરીન હતું, તેણીને શાદીમાં આપે છે અને પોતાના લશ્કરની મદદથી ઇરાનનું તાજોતખ્ત મેળવી આપે છે. માટે આ ચિત્ર આ શાદી અને તખ્ત મેળવવાના બનાવની યાદમાં છે

આ તાકમાં પેહેલવી "માદીગાને યુમે ખોરદાદ" ઉપર જણાવેલું, અને નીચેની હારમાં ખુસરો પરવીઝ- કોટરેલું, ઘોડેસ્વાર ચિત્ર ખુસરો પરવીઝનું છે, જે તેના માનીતા ઘોડા શબદીઝ ઉપર બેઠેલો છે. આપણા એક પેહેલવી પુસ્તક "માદીગાને યુમે ખોરદાદ યીનાએ ફર્વર્દીન" માં ખોરદાદ સાલનાં મુબારક દિવસે ઇરાનની તવારીખમાં બનેલા કેટલાક બનાવો વર્ણવ્યા છે. તેમાં એક આ જણાવે છે કે તે દિવસે ખુસરો પરવેઝના રાજ્યમાં અઢાર વર્ષો દરમ્યાન અઢાર મોટા બનાવો, યા ચીજો બની હતી. માઠાં ભાગ્યે તેમાં તે અઢાર બાબદો શું હતી, તે જણાવ્યું નથી. મારા ગરીબ અભ્યાસ મુજબ, એ બાબદો યા ચીજો શું હતી, તે મેં એશીઆટીક સોસાયટીની મુંબઇની શાખા હજુરના મારા એક વિષયમાં નક્કી કરવાની કાંઇ કોશેશ કીધી છે. આ અઢાર બાબતોમાં એક ખુસરૂના "શબદીઝ" ઘોડાની છે, જેને તેના શુદ્ધ કાળા રંગ ઉપરથી એ નામ (શબ એટલે રાત જેવા સીઆહ) મળ્યું હતું. ખોરદાદ સાલને દિવસે એનો આ માનીતો ઘોડો એને હાથ આવ્યો હોય અથવા કદાચ એ દિવસે એણે આ ઘોડાનો આ નક્ષ આહીં જાહેરમાં મેલ્યો હોય. ત્યારે આ તાકમાં નીચેની હારમાં દીસ્તો ઘોડો ખુસરોનો "શબદીઝ" ઘોડો છે એમ જણાયું છે, અને તે ઉપરનો હાથમાં નેજા સાથનો સ્વાર ખુસરો પરવેજ છે.

હવે જો કે આ નક્ષ ઉપર કાંઇ લેખ નથી તોપણ ખુસરૂ પરવેજ પછી આસરે ૩૦૦) વર્ષપર યા પછી થઇ ગયલા, આરબ તવારીખનવેશો આ ચિત્રને ખુસરૂ પરવેઝ અને તેના ઘોડાનું કહી ગયા છે, તે ઉપરથી આપણને તેમ ગણવાનું કારણ છે, સબબ કે તેઓ ખુસરોના જમાના પછી ૩૦૦) યા કાંઇક વધુ વર્ષ પર થઇ ગયા છે. તેથી તેઓએ જે જણાવ્યું છે, તે તેઓએ જોયેલાં યા વાંચેલાં અને પાછળથી ગુમ થયલાં કોઇ પેહેલવી પુસ્તકને આધારે હોય અથવા બાપદાદેથી સાંભળેલી વાત પ્રમાણે હોય.

આ દસમી સદીના આરબ લખનારાઓ હાલની માફક આ તાકની જગ્યા માટે "તાકે બોસ્તાન" તરીકે નથી બોલતા પણ "શબદીઝ"નું મકાન તરીકે બોલે છે. તે ઉપરથી દીસે છે કે "તાકે બોસ્તાન" નામ હાલનું છે અને તે ઉપર જણાવવા પ્રમાણે "તાક બસંગ"નું અપભ્રંશ હોય. અસલમાં તે "તાક બસંગ" હોય, પણ કોઇએ ત્યાં એકાદ બાગ (બોસ્તાન) જોયો હોય, તે ઉપરથી તે "બસંગ" શબ્દોને બોસ્તાન સમજ્યો હોય.

કોઇ ઉપલી હારનાં ચિત્રોમાં ત્રીજા પુરૂષને રોમના શાહાનશાહ મોરીસને બદલે ઇરાનનો "મોબદાન મોબદ" સમજે છે. આ સમજણ પણ સંભવીત છે. ખુસરૂએ એક ખ્રીસ્તી પાદશાહની બેટી શીરીનને પરણી લાવી તેણીને ઇરાનના વડા દસ્તુર આગળ રજુ કરી હોય, કે તે દસ્તુર તેણીને તેની રાણી તરીકે જાહેર કરે. આ તરફના એકાદ બે પુરૂષો ચિત્રમાંનું ચક્ર જે લટકતા ફુમટાં સાથનું છે તે દેખાડતાં બોલ્યા કે પાદશાહ "સોગંદ" લે છે. જો તેઓનું આ બોલવું કોઇ ચાલતી આવેલી દંતકથા મુજબ ઉતરી આવ્યું હોય, તો તે ખાસ ધ્યાન આપવાજોગ છે કે કોઇ ગંભીર યા પવિત્ર સમાન કામ માટે કોલકરાર કરતાં યા બંધારણ કરતાં આવું ચક્ર હાથમાં આપી કોઇ સોગંદ અપાતા હોય. જ્યાંસુધી સુર્ય અને ચંદ્ર ફરતા રહે ત્યાંસુધી કરેલા કોલકરારોને વળગી રહેવાની કબુલાત જાહેર કરવાની કોઇ રીતી આપણા હીંદ દેશમાં આપણે જાણ્યે છિએ. ત્યારે આવું "ચક્ર" આસમાનનાં "ચક્ર"ની ઉપમા યા નિશાણી તરીકે એવોજ કોઇ ખયાલ આપવા માટે હોય કે જ્યાંસુધી આસમાનનું ચક્ર ફરતું છે, ત્યાંસુધી કરાર કબુલ છે.

આ તાકમાં ડાબા હાથ ઉપરના ખડકની બાજુ ઉપર એક પાછલા કસલામી પાદશાહે પોતાનું ચિત્ર કોતરાવ્યું છે. તે ઉપર કાંઇક રંગો પણ દીસે છે. આ ડાબા હાથના ખડક ઉપર એક મોટો શીકારનો દેખાવ (hunting soene) કોતરેલો છે. આ શેકારનાં ચિત્રમાં સર્વ ચિત્રો જાણે એકપછી એક હારમાં કોતરેલાં છે. પેહેલી હારમાં હાથીઓ પછી "ગરાઝ" (ભુંડ) પ્રાણીઓ છે. વચમાં કીસ્તીઓ એટલે મછવાઓ પડેલા છે, જેમાં પાદશાહ ઉભો રહી દર્યાઇ પ્રાણીઓનો શેકાર કરે છે. આ તાકની હેઠે હાથમાં પણ એક ઘણી નાની નદી વહે છે જે ઓળંગી આપણે તાક તરફ જઇએ છિએ. ત્યારે આ મછવાના શેકારનો દેખાવ આ નદી, જેને મારા ગાડીવાળાના જણાવવા પ્રમાણે "કલાસુ" કહે છે, તેના સંબંધમાં હોય, અને ત્યારે આ મછવાનું ચિત્ર લાયક જગ્યાએ ગણાય.

આ તરફ આવતાં એક ગામ દીસે છે જેને "મોરાદ હાસેલ" કહે છે. પડોશમાં એક બાગ છે, જેને "બાગે અબ્રીશમ" કહે છે, જે ઉપરથી કદાચ કોઇએ "બ–સંગ" નામને "બોસ્તાન" બનાવ્યું હોય આ તાકવાળો પહાડ દુરથી ખેંચાણ કરે નહીં તેવો (unattraotive) લાગે છે અને જાણે સઘળો મટોડાંનો હોય તેમ દીસે છે. પણ આગળ જતાં આપણે મજબુત ખડક જોઇએ છિએ.

એક તો જમાનાની ગેર્દીશથી આ તાક ખરાબ થાય છે, તેમાં વળી જોવા આવનારાઓ તેને બગાબ કરે છે. ઉપલા "હન્ટીંગ સીન"માંની એક બોટની કાંઇક સપાટી ખાલી હતી ત્યાં થોડાંક વર્ષ (હીજરી ૧૩૨૧) પર આવી ગયલા એક પુરૂષે પોતાનું નામ અને આવવા (વારેદ શુદન) નો સને કોતર્યો છે.

ઉપલી તાકના જમણા હાથ ઉપર (હું સામે ઉભો હતો તેમ મારા જમણા હાથ ઉપર) પણ ખડકમાં શેકારનો નક્ષ ચિતારેલો છે. એ તાકના ખુણામાં કોઇ મુસાફરે યા આત્રેના બામડીયાએ ચુહસો સળગાવી ખડકને ખરાબ કર્યો છે. આ તાકની બાહારની બાજુએ જમણા હાથ ઉપર પાછળથી કોઇએ ફારસીમાં કોતરાવેલી પાછલા વખતની તખ્તી છે. બીજું તેની હેઠે લખાણ છે. એ તાકની બહારની બંને બાજુએ ફુલોનાં ચિતારનો સીંગાર છે. એવા ફુલોના કરાની ચિતારે બીજા મુલકોના હુનર ઉપર પણ અસર કીધી છે. આ અસર આપણા દેશના રજપુતાનાના માઉંટ આબુ (Abu) ના જાણીતાં "દીલવારા"નાં મંદીરનાં સુંદર કોતરકામ ઉપર પણ જોવામાં આવે છે. આરબો મારફતે તે સ્પેનના કોઇક જાણીતાં મકાનોપર પણ દીસે છે.

(ખ)શાપુર બીજા અને ત્રીજાના નક્ષની તાક.

બીજી તાક (આ તરફથી જતાં પહેલી તાક) માં બે ધણીઓ હાથમાં તલવાર સાથે ઉભા છે. માથાં ઉપર કોલાહ કાંઇક ઇંડાંરોકા (elliptio) આકારની છે. ત્યારે અત્રે ખરૂં જોતાં તો એક નહી પણ બે તાક છે, તેથી ખરૂં નામ તો "તાકહાએ બોસ્તાન" અથવા મારા વિચાર પ્રમાણે વધારે બરાબર બોલ્યે તો "તાકહા બસંગ" હોવું જોઇએ. આ ઉઁનો પેહેલવીનો લેખ એઓને બીજા અને ત્રીજા શાપુરના જણાવે છે.

તાકે બોસ્તાનના ચિત્રોમાં ત્રીજો નક્ષ.

તાકે બોસ્તાનમાં ઉપલી બે તાકોના નક્ષો ઉપરાંત તાકોની બાહેર એક ત્રીજો નક્ષ છે. આ તરફથી જતાં તે પહેલો નક્ષ છે. તે કોઇ તાકમાં નહીં પણ બાહાર ખડક ઉપર કોતરેલો છે. આ નક્ષે મને મારી બન્ને મુલાકાત, જેમાંની બીજી તા० ૧ લી નવેમ્બરની સવારે લાધી હતી તે, દરમ્યાન ઘણો ખેંચ્યો હતો અને ગુંગળાવ્યો હતો અને હજુર જાણે ગુંગળાવે છે કે એ નક્ષ શું છે? આ નક્ષમાં ચાર પુરૂષો છે. બે પાદશાહો છે જેમાંનો એક, એક સમજણ પ્રમાણે, બીજાને એકાદ ચક

સત્તાની નિશાની તરીકે આપે છે અથવા બીજી સમજણ પ્રમાણે કાંઈ કોલકરારના સોગંદ આપે છે. તેઓના પગ હેઠળ એક પાદશાહ પડેલો છે. એક ચોથો પુરુષ પછવાડે હાથમાં એકાદ સપાટ દીસતી કાઠી યા પાટી લઈને ઉભો છે, જેના માથા ઉપર ગ્લોરેહ (glory, halo) નું ચિત્ર છે, જેવું ચિત્ર કેટલીક વખત પેગામ્બરોનાં ચિત્રમાં જોવામાં આવે છે. તેના પગ પણ કોઈ એવી રોશનીના ગ્લોરેહ સમાન ચીજ ઉપર મેલેલા છે.

હવે ઉપલા ત્રણ શખ્સ કોણ છે તે બાબે કાંઈ ચોક્કસ નક્કી થયુ નથી. પ્રો. ફર્ડીનાન્ડ યુસ્ટી તેમાના એકને અરદેશર બાબેગાન ગણે છે. તે બીજાને અહુરમજ્દનું ચિત્ર ગણે છે, જે અરદેશરને પાર્થીઅન વંશના અંત બાદ જાણે ઇરાનનું રાજ આપે છે. જમીન ઉપર પડેલા શાહને તે પાર્થીઆનો છેલ્લો રાજા અર્દવાન ગણે છે. પ્રો. જેકસન તેમ જણાવી ઉપલાં અહુરમજદના ગણાતાં ચિત્રને અરદેશર બાબેગાનના બેટા શાપુરનું ગણે છે. હવે એ બાબતમાં કાંઈક જુદી જુદી અટકળો થાય, પણ કાંઈ ચોક્કસ નથી. પણ આ નક્ષમાં જે અગત્યનું ચિત્ર છે તે પએગમ્બર જરથોશ્તનું ગણાતું ચિત્ર છે, જેણે જાણે મને કાંઈક આંચકો આપ્યો છે અને વિચારના વમળમાં નાંખ્યો છે.

તાકે બોસ્તાનના ત્રીજા નક્ષમાં પએગમ્બર જરથોશ્તનું ગણાતું ચોથું ચિત્ર. મને લાગતી કાઈક આંચકી.

તાકે બોસ્તાનના નક્ષોમાં તાકાની બાહાર ખડકપર કોતરાયલું ઉપલા ત્રણ પુરૂષો સાથનું ચોથું ચિત્ર આપણા અરહક પેગમબરનું ગણાયું છે. હવે તે ખરેખર આપણા પેગમબરનું છે કે કેમ, તે બાબે મત અચોક્કસ છે. કેટલાકો તે પેગમબરનું ગણતા નથી. આજથી સો વર્ષપર અહીં આપણા લોકો પણ પેગમબરનું કોઈ ચિત્ર હોય એવું જાણતા હતા નહીં. એકાદ બે જાણીતા યુરોપીઅન મુસાફરે તેને અટકળે પેગમબર જરથોશ્તનું ધાર્યું. તે ઉપરથી આપણા લોકો પણ તે પછી તેને તેમ કબુલ કરવા લાગ્યા અને પછી તે ચિત્ર ઉપરથી આપણા કોઈક પારસી આર્ટીસ્ટોએ પોતાની તરેહવાર હુનરની કલ્પનાઓ ચલાવીને એક ઉપરથી તરેહવાર ચિત્રો બનાવ્યાં છે અને કદાચ હજુર બનાવતા જશે. દાખલા તરીકે આ ચિત્રના નરના હાથમાં એકાદ લાકડી સમાન કાંઈ ચીજ છે, તેને બદલે તેઓએ આતશની મશાલ યા આતશનો શોલો બનાવ્યો છે અને તેને વળી જુદાં જુદાં રૂપો આપ્યાં છે.

પેગમબરના આ ચિત્ર બાબે મારો આગલો વિચાર. તે હવે કબુલ રાખવાને લાગતી આંચકી.

આસરે પંદર વીસ વર્ષપર પ્રો. જેકસન આપણાં શેહેરમાં પેહેલવહેલો આવ્યો હતો, ત્યારે તેણે આપણા અભ્યાસીઓના વિચારો જાણવા માગ્યા હતા કે ઉપલું ચિત્ર, જે પયગમબર જરથોશ્તના ચિત્ર તરીકે આપણામાં ગણાવા અને મનાવા લાગ્યું છે તે ખરેખર તેમ છે કે? આ બાબે બાઈ ભીખાઈજી બંગાલીની નીશાળમાં જરથોશ્તી દીનની ખોળ કરનારાં મંડળીનાં તેવણ હજુર કેટલાક ભાઈઓએ વિચારો જણાવ્યા હતા. મેં પણ તે વખતે મારા વિચારો કાંઈક વીગતે ઉપલી માન્યતાની તરફેણમાં જણાવ્યા હતા (જુઓ મેં પ્રગટ કરેલી આ મંડળીની તવારીખ). હવે હાલ તાકે બોસ્તાન આવીને આ નક્ષ પેહેલીવાર જોઈ હું અજબ થયો હતો અને મારા વિચારો ફેરવવાનું મેં કાંઈક જરૂરનું જોયું હતું. તા૦ ૧ લી નવેમ્બરે સવારે તે ફરીથી પણ વધારે ધીરજથી જોઈ હું મારાં આગલાં લખાણ ઉપર અને મારી બીજાઓ સાથની સામાન્ય માન્યતા ઉપર કલમ ખેંચી છેકો મારવાને લલચાઉં છું. આપણા લોકોની હજુર પેગમબરનાં ચિત્ર તરીકે જે ચિતાર રજુ કરવામાં

આવ્યો છે, તે ચિતાર જાણે છુટો હોય તેમ રજુ થયો છે. કોઇક મુસાફરોની ચોપડીઓમાં અલબતે તે ઉપર જણાવેલા બીજા ત્રણ પુરૂષોનાં ચિત્રો સાથે રજુ થયો છે. પણ સામાન્ય રીતે તો તે ચિતાર જાણે તાકે બોસ્તાનના પહાડ ઉપર કાંઇ છુટો હોય તેમ રજુ થયો છે અને આપણાં ઘરોમાં પણ આપણે તે ચિતાર છુટો જોઇએ છીએ. પણ તેમ તે અહીં આગી બરાબર જોતાં અને મુસાફરોનાં ચિત્રોમાં બરાબર જોતાં આપણે છુટો જોતા નથી. તે બીજાં ચિત્રો સાથે કાંઇ સંબંધ ધરાવતો અને અગો છે.

દાખલા તરીકે તમો મારી સબી છુટી જુઓ તે એક વાત છે. તે ઉપરથી તમો મારે માટે એલાહેદો, કોઇ ગમે તેવો, તમારા વિચાર પ્રમાણે, ખ્યાલ બાંધો પણ તમો મારી સબી બીજા કોઇ ત્રણ સાહેબોની સાથે જુઓ, ત્યારે તમો મારી હાલત વીગેરે બાબત ઉપર હું તે સબીમાં કઇ જગ્યાએ છું, મુખ્ય જગ્યાએ છું કે બીજી (secondary) જગ્યાએ છું અને કેમ છું, તે વીગેરે બાબતો ઉપરથી વિચાર કરી શકો. હવે મારા વિચાર પ્રમાણે તાકે બોસ્તાનમાં આપણા પેગમબરનું ગણાતું ચિત્ર જોઇ મને તે ખરેખર તેવણનું ચિત્ર હોય તે બાબે ઘણી આંચકી લાગે છે. મને ઘણો શક લાગે છે અને તે લગભગના પાડવા જેવો શક છે. અલબતે હું કોઇ ચોકસપણા સાથે બોલતો નથી તોપણ મને જે મારા શક માટે દલીલો લાગે છે તે રજુ કરૂં છું.

૧. એક તો તાકે બોસ્તાનના સર્વ ત્રણે નક્ષો જોતાં માલમ પડે છે કે આ પેગમબરનાં ગણાતાં ચિત્રવાળો નક્ષ આ જગ્યાની બે તાકો, જે મુખ્ય આગતની માનભરી જગ્યા ગણાય, તે ઉપર નથી, પણ તાકોની બાહાર, તાકોની એક બાજુએ ખડક ઉપર છે. એક પેગમબરના નક્ષને એમ બાહાર ઉતરતી જગ્યા આપવામાં નહી આવે.

૨. બીજું પેગમબર જેવા મહાન પુરૂષનું ચિત્ર, તેની સાથના નક્ષોમાં કાંઇ આગતની જગ્યા રોકતું અથવા, આપણા હાલના અંગ્રેજી કેહેણ પ્રમાણે કહે તો, કાંઇ પેહેલું વાજીંત્ર વજાડતું (playing the first fiddle) હોવું જોઇએ. તેને બદલે આ ચાર પુરૂષોના નક્ષોમાં તે જાણે બીજા કે હજુર બીજો ભાગ બજાવતું (playing the second fiddle) હોય તે સમાન છે.

૩. વળી એ ચિત્રમાં પયગમબરનો પોષાક વીગેરે જુઓ. આઝરબાએજાનનાં પહાડોમાં ચિંતન કરતા એક પીર પેગમબર બાબે અને તેવણનાં ત્રણ ચાર હજાર વર્ષના ગણાતા જમાનાના પોષાક બાબે વિચાર કરો અને આ ચિત્રમાં તેવણનો પોષાક જુઓ. તે પોષાક, ચિત્રનાં માથાં ઉપરના બોરેહને બાદ કરતાં, કોઇ પાછલા વખતના જમાનાના (upto date) એશકી પાદશાહી પોષાક જેવો છે. એક આયેદ કરતાં એક દરબારી, એક ધર્મગુરૂ—દરબારીના પોષાક જેવો આ ચિત્રનો પોષાક છે.

૪. વળી તેવણના હાથમાંની લાકડીને હું જાણે તેવણની સતનું કોઇ સાધન (wand) યા જાણે એક પ્રકારની કોઇ બેદી "નવગર" (નઓગીરેહ) ગણતો હતો. પણ તેમ તે નથી. તે જાણે કોઇ લખાણની સાંકડી લાંબી પાટી હોય તેવું દીસે છે.

હવે અહીં જે એકાદ બે ભામીયાઓથી આ નક્ષ બાબે સાંભળ્યું છે તેની કાંઇક નોંધ લઉં છું. વાંચનારાઓએ પોતાની મુનસફી પ્રમાણે તેને વજન આપવું. તેઓએ આ ચિત્રોમાંના એકને મોહોરાસ્પનું અને બીજાને ફેરસાસ્પનું કહ્યું. જે ચિત્ર જરથોસ્તનું ગણાય છે તેને તેઓએ નોહા (Noah) પેગમબરનું કહ્યું.

આ પાછલું "નોહાં" પેગમબરનું જે નામ મેં સાંભળ્યું તેના સંબંધમાં

આ જાણવું કાંઈક અગતનું છે કે આ તાકે બોસ્તાનની ઉપર જણાવેલી એક તાકમાં પાછલા વખતની દઔલતથા મહમદઅલી ખુઆવ શેહેર આઝાદહ એવાં નામ સાથની એક ફારસી તખતી છે, તેમાં આ પહાડને "કલીમ અલાહ" નો પહાડ કહયો છે. (ઇન કુહે કલીમ અલાહ અસ્ત). આ નામ અંહીના લોકો "મોઝીસ" (Moses) નું જણાવે છે. ત્યારે જુદા જુદા અહેવાલો પ્રમાણે એ ચિત્ર જરથોશ્ત, નોહ અને મોઝીસ પેગમબરના નામ સાથ જોડાયું છે. આ સર્વ વચ્ચેથી આપણે તળેટીએ જે જોઇ શકયે તે આ છે કે આ ચિત્રને કોઇ પેગમબરનું ચિત્ર ગણવામાં આવે છે.

પણ ઉપલી સર્વે હકીકતો વચ્ચે હું જે ધારૂં છું તે આ કે આ ચિત્ર તે ચિત્ર કોતરાવનારાઓના વખતના કોઇ વડા ધર્મગુરૂનું, કોઇ મોબેદાન મોબેદનું, પેગમબરના જાણે કોઇ જાએનશીન "જરથુશ્ત્રતેમા"નું હોય, કે જે કોઇ બે પાદશાહો વચ્ચે થતા કોઇ કરારના ગવાહ તરીકે ત્યાં હાજર હોય. તેના હાથમાંની, મારા ધારવા પ્રમાણેની, પાતી તેવા કોઇ કોલકરારની લખેલી પાતી હોય.

વળી આ બાબતના સંબંધમાં મુખ્ય આ યાદ રાખવું, કે નથી આપણું કોઇ પુસ્તક કે નથી કોઇ આરબ લખનારનું પુસ્તક આ ચિત્રને જરથોશ્ત સાહેબના ચિત્ર તરીકે જણાવતું ફકત ગઇ સદીના એકાદ યુરોપીઅન મુસાફરે અટકલે કાંઇક ધારીને જણાવ્યું, તે ઉપરથી આપણે એને આપણા પએગમ્બરનું ચિત્ર ગણવા લાગયા છિએ.

હવે જોકે આ નક્ષ કેટલાક ઉપલા સબબોને લીધે આપણા પાકજાદ પેગામ્બરનું ચિત્ર નથી, તોપણ તે છતાં હું ધારૂં છું કે કોઇ વડા ધર્મગુરૂ, કોઇ મોબેદાન મોબેદ, જરથોશ્તના કોઇ જાયનશીન જરથુશ્ત્રોતેમાના એ ચિત્રને પોતાના પેગામ્બરનું ચિત્ર કલ્પી યા ધારી જરથોશ્તીઓએ પોતાનો ભક્તીભાવ તે તરફ ચાલુ રાખવો, દાખલા તરીકે હાલમાં ઇરાનમાં ફીરદોસી તુસીનું એક બાવલું ઉભું કરવાની કોશેશ થાય છે. હવે ફીરદોસીનું કોઇ પણ આગલું ચિત્ર યા સખી નથી, કે જે ઉપરથી હાલનો તેનો કારીગર (artist) તે બાવલું બનાવે. તેને તો પોતાની માહીતગાર કલ્પનાનો ઉપયોગ કરી એક બાવલું બરપા કરવાનું છે. પછી ખરૂં કે ખોટું, તે બાવલું ફીરદોસીનું ગણાશે અને તે તરફ ઉધરતાં ઇરાનના અને ભવીષ્યનાં ઇરાનનો ભક્તીભાવ દોડશે. ક્રાઇસ્ટનું ચિત્ર પણ કોઇ તેના પોતાના વખતનું તેનો ચેહેરો જોઇ બનાવેલું ચિત્ર ગણાતું નથી.

તેજ પ્રમાણે જો કે મારા વિચાર પ્રમાણે આ નક્ષ પેગામ્બર જરથોશ્ત જેમ ખરેખર હતા અને પહેરઓઢ કરતા તેમ તેવણનો નથી, તોપણ એક સાઓર માફક એક આર્ટીસ્ટે કલ્પેલો એ ચિતાર ગણી પારસીઓ પોતાનો ભક્તીભાવ એ ચિત્ર તરફ ચાલુ રાખી શકે, અથવા તો કોઇ લાયક હુશયાર માહીતગાર પાસે પેગામ્બર સાહેબના મુલક અને જમાનાનો ખ્યાલ નજર હુજુર રાખાવી એક સતાદાર ચિત્ર તૈયાર કરાવે. હાલમાં પણ જેમ એ ચિત્ર તાકેબોસ્તાનમાં જોઇએ છિએ તેમ, તેમાં ઉપર જણાવવા પ્રમાણે તરેહવાર ફેરફારો થયા છે. કોઇએ લાકડીને બદલે યા પાટીને બદલે મસાલ હાથમાં આપી છે. વળી એ મસાલ પણ તરેહવાર ચિત્રોમાં તરેહવાર રંગરૂપ અને કદની બની છે.

વધારો.

આ અને હવે પછીના પત્રોના પુરફો મુંબઇમાં આવી તપાસતી વખતે હું મારાં પુસ્તકોની નજદીક હોવાથી મારે જે કાંઇક વધારા સુધારા તરીકે બોલવું છે, તે હું આવા વધારામાં બોલીશ.

૧. આ પત્રમાં જણાવેલાં કેર્માનશાહ શહેરની બેહેરામ ચોથાને હાથની સ્થાપના માટે જુઓ "શબ્દોહા એ ઇરાન"નો પેહેલ-વીમાંથી કરેલો મારો તરજુમો, પાનું ૯૪. ત્યાં મેં વીગતે દેખાડયું છે કે ફીરદોસી એ નામના પાદશાહને બેહેરામ ત્રીજો કહી ગયો છે તે ભુલ છે અને એ બેહેરામ ચોથો છે. ઇંગલંડમાં એક ઉમરાવ (Duke of Devonshire) પાસે આ કેર્માનશાહ પાદશાહનું એક સીલ પહે-લવી લખ સાથનું છે. તેમાં, થોમસ પ્રમાણે, આ કેર્માનશાહ (કેર્માન મલકા) ને શાપુરનો છોકરો કહ્યો છે. ત્યારે એ બેહેરામ ત્રીજો નથી પણ ચોથો છે. ફીરદોસી કરતાં આ સીલ વધારે સતા-દાર ગણાવું જોઇએ. (Early Sassanian Inscriptions, seals and Coins, by Edward Thomas P. 110.)

૨. શબદીઝ. ખુસરો પરવીઝના ઉપલા ઘોડા માટે આરબ તવારીખનવેશ તબરી (ઇ. સ. ૮૩૮ થી ૯૨૨) નીચે પ્રમાણે કહે છે:–

"તે દુન્યાના કોઇ પણ ઘોડા કરતાં ચાર માપ (વઝન) વધારે ઉંચો હતો. તે રૂમથી તેનાં હાથમાં આવ્યો હતો. જ્યારે તેને નાલ હાથ પગે (એટલે ચારે પગે) મારવામાં આવતી ત્યારે તે નાલ આઠ ખીલાઓથી ઠોકવી પડતી. જે ખોરાક ખોસરો પરવીઝ ખાતો હતો તેજ ખોરાક એ ઘોડો પણ ખાતો હતો. જ્યારે તે ઘોડો મરણ પામ્યો ત્યારે તેનો ચેહેરો પત્થર પર પાડવામાં આવ્યો." ("બર સન્ગ નક્ષ કર્દન્દ." તબરીના નવલ કીશોરની આવૃતી પા. ૩૬૦ લીટી ૧ થી ૩).

મારી પાસેની તબરીની આવૃતી અહીંજ તમામ થાય છે. પણ ઝોટેન-બર્ગની આવૃતીમાં નીચલું વધારે છે. "પરવેઝને પણ ઘોડા ઉપર સ્વાર થએલો ચિતાર્યો છે" ("On a également répresenté Parwiz monté sur Schebdiz. Tabari, traduite par Zotenberg 1869. Vol II P. 303") તબરીનું આ લખાણ સીદ્ધ કરે છે કે જો કે આ નક્ષની પાસે કોઇ લેખ નથી, તોપણ આ નક્ષ ખુસરો પરવેઝ અને શીરીન અને શબદીઝ ઘોડાના સંબંધનો છે. તબરીના ઉપલા ઉતારાનાં "બ સંગ" શબ્દો છે તે ઉપર મારાં વાંચનારાઓનું ખાસ ધ્યાન ખેંચું છું, કે મારાં ઉપરના લખાણમાં "બોસ્તાન" શબ્દનું અસલ રૂપ "બ સંગ" મેં જણાવયું છે તે ખરૂં દીસે છે. "બ સંગ"નું પાછળથી "બોસ્તાન" બન્યું.

૩. અત્રે આવ્યા પછી પર્એંગાર્બંર જરથોશતનું એક મોટું ચિત્ર નૌસારીના આતશબેહેરામનાં નવાં મકાનમાં મેં જોયું છે. તે મોટા જબ્ભા સાથે તેવણને એક આથ્રેદ, એક પરહેજગાર તરીકે વધારે બરાબર રીતે દેખાડે છે એમ મને લાગે છે.

કોલાબા, તા૦ ૨૩ મી ડીસેમબર ૧૯૨૫.

હમદાન, તા૦ ૩ જી નવેમબર ૧૯૨૫.

બેહીસ્તુન.

અમોએ કેર્માનશાહ તા૦ ૧ લી નવે-મ્બરને દીને સવારે ૯–૩૦ ને અમલે હમદાન માટે છોડયું. હમદાન જવાં આપણી પારસી નજરે જે બે નામીચીમાં નામીચી જગ્યાઓ ગણાય—તાક બોસ્તાન અને બેહીસ્તુનના ખીલારોકી લેખો–તે અમોએ જોઇ. એ બેમાંથી તાક બોસ્તાન માટે હું કાંઇક આગલાં પત્રમાં બોલ્યો છું. આસરે ૧૦) ને શુમારે તાક બોસ્તાન પહોંચી, તે બીજી વખત જોઇ,

ત્યાંથી આસરે ૧૧) ને શુમારે નીકળ્યા તે બેહીસ્તુનના પહાડ આગળ આસરે ૧૨–૪૦ને અમલે અમો આવી પહોંચ્યા.

આગળ જણાવવા પ્રમાણે બેહીસ્તુનની તખ્તીની આ મારી બીજી મોલાકાત હતી. બગદાદ જતાં મેં તેની ઉતાવળમાં મુલાકાત લીધી હતી, સબબ કે હું બીજા સહુરીઓની સાથે હતો. તેઓ ખાણું લેવા બપોરે બેહીસ્તુનનાં ગામ આગળ બેઠા હતા તેટલાં હું ઉતાવળમાં કાંઇક જોઇ આવ્યો હતો. આ બીજી વખતે મેં તે કાંઇક ધીરજે અને સંતોષ સાથે મારા ખેશીઓની સાથે જોઇ હતી.

પેહેલી વખતે ખુદ નક્ષ અને લેખ તરફ હું એક માણસની ખાંધ ઉપર બેસીને ગયો હતો કે કદાચ લેખ ઘણાં ઉંચે હોય અને તડકાંમાં થાક નહીં લાગે. એવી મુશ્કેલ જગ્યાએ કોઇની ખાંધ ઉપરની સવારી પણ કાંઇક ચિંતા આપે છે. આ વખતે હું પોતેજ ચઢ્યો. અલબતે ઉપર ચઢવાનો કોઇ ખાસ રાહ નથી. પડેલા પત્થરો અને ખડકો ઉપરથી કાંઇક તપાસી ચઢવું પડે છે. આ ચઢાણ રસ્તાની સપાટીથી આસરે ત્રણસો ફીટ ઉંચે છે. તેટલી ઉંચાઇએ આવવા પછી ઉપર ચઢવાનો માર્ગ નથી. ત્યાંથી આસરે ૭૦ યા ૮૦ ફીટની ઉંચાઇએ આપણ આ નામીચો નક્ષ અને લેખ જોઇએ છિએ. ત્યાંથી મારી ટુંકી નજર (short sight) ને સબબે પેહેલી વખતે દોડાદોડમાં તે નક્ષ બરાબર જોયો હતો નહી. આ બીજી વખતે ધીરજથી સાદી નજરે, તેમજ દુરબીન ગલાસથી, તે વધારે સારી રીતે જોઇ શક્યો.

બેહીસ્તુનનો પહાડ. તેની પડોશની નદી.

બેહીસ્તુનમાં મારો જાણે જીવ ભરાઇ રહેલો હતો તેથી બગદાદ જતાં હમદાનથી કેર્માનશાહ આવતાં મેં મારા શોફરને કહી રાખ્યું હતું કે એ પહાડ દેખાવા માંડે કે મને આગળથી દેખાડે. તેમ તેણે તે આવી પહોંચવાના આસરે એક કલાક આગમજથી દેખાડયો હતો. તે જોઇ ખુશીથી હૈડું હરખાવા લાગ્યું હતું. પેહેલી વખતે પણ ખરી બપોરે આસરે પોણા વાગતાના અમલે ત્યાં આવી લાગ્યો હતો. આ બીજી વખતે પણ લગભગ તેજ વખતે ત્યાં આવી લાગ્યો હતો.

અહીં આવી પહોંચવા આગમજ બેહીસ્તુનના પહાડની નીચેના ભાગ ઉપર રસ્તા ઉપરથી ખુલ્લો દેખાય તેવો ખડકનો ભાગ સુમારે છોલેલો નજર પડે છે. પેહેલી વખતે તે મોટરમાંથીજ જોયો હતો. આ બીજી વખત મોટર થોભાવી તે જોયો, તો ઉપર કાંઇપણ લેખ યા નક્ષ હતો નહીં. એવું દીસે છે કે કોઇ પાદશાહે ત્યાં નક્ષ અને લેખ લખાવા માટે તે સાફ સપાટ કરી રખાવ્યો હોય, પણ પાછળથી વિચાર ફેરવ્યો હોય. કદાચ શાહ દારાયસે પોતે તે સાફ કરાવી અહીં પોતાનો નક્ષ અને લેખ કોતરાવવા ધાર્યો હોય, પણ પાછળથી તેણે વિચાર ફેરવ્યો હોય, કે નીચાણમાં હોવાથી કોઇ વટેમાર્ગુઓ તેને ખરાબ કરે. એવી ચિંતાથી તેણે પછી પહાડના ઉપરના ભાગ ઉપર જ્યાં કોઇથી ખરાબ થવાનો ઓછો સંભવ ત્યાં તે કોતરાવ્યો હોય; અથવા તેણે પહેલો નક્ષ કોતરાવા પછી અહીં કોઇ જુદા વિચારે કોતરાવા ધાર્યો હોય; અથવા તેના કોઇ વારેસોએ અહીં કાંઇ કોતરવા ધાર્યું હોય.

બેહીસ્તુન, તે અસલ "બાગીસ્તાન" એટલે "બાગોની જગ્યા"નું અપભ્રંશ ગણાયું છે. તે હમદાનની પડોશની ચેરબેહ નદી જે યુનાની ચોઆસ્પીસ (Choaspes) અને અવસ્તા (જમ્યાદ યસ્ત) ની હ્વાસ્પ નદી છે, તેની બાજુ ઉપર આવ્યું છે.

બેહીસ્તુનનો લેખ.

આ બેહીસ્તુનના મુલકમાં એજ નામના પહાડ ઉપર પાદશાહ દારાયસનો જાણીતો મોટો લેખ છે. એમ પહાડ ઉપર લેખ લખવાની રીતે અશોક રાજાને હીંદમાં કાંઇક સુચના

કર્યા હતી. જેમ દારાયસનાં સ્તંભો (columns) એ આ રાજાને તેનાં ફરમાનો (Ediots) સ્તંભો ઉપર લખ-વાની સુચના દીધેલી ગણાય છે, તેમ પહાડ ઉપર લેખ લખવાની ઉપલી રીતે, આ રાજા ને કાઠીઆવાડમાં જુનાગઢમાં ગીરનારના પહાડની તળેટીએ એક ગંજાવર ખડકના ટુકડા ઉપર લેખ કોતરવાની સુચના કરેલી ગણાય છે. એ જુનાગઢના ખડક ઉપર એક ઇરાની રાજપતી (રૂદ્રદામન)નું નામ પણ પછીના વખતમાં ત્યાંના "સુદર્શણુ" નામનાં સરોવરનાં બાંધકામને સમારનાર તરીકે નોંધાયલું છે. આજથી ૧૫) વર્ષપર આ ગીરનારના પહાડની અને તેના આ ખડકની મારી મુલાકાત મને આજે યાદ આવે છે.

આ પહાડ ઉપર પાદશાહ દારાયસે પોતાની ફતેહોની નોંધ લીધી છે અને તે ઉપર કાંઇક ચિત્રો પોતાના ચિત્ર (નક્ષ) સાથે કોતરાવ્યાં છે. આ તરફનાં ચિત્રોમાં જીતેલા પાદશાહોને એક પાછળ એક ગળાંમાં દોરી નાંખી શાહ આગળ આવતા ચિતાર્યા છે. આ તરફ મુસાફરી કરતાં હું જ્યારે ઉંટોની વંજારો જોઉં છું કે એક ઉંટને બીજાંની પાછળ અને બીજાંને ત્રીજાંની પાછળ દોરીથી જોડેલું હોય છે, કે જેમ એક ચાલે તેમ બીજું ચાલે, ત્યારે આ કોતરકામની રીત મને યાદ આવે છે, કે આ તે વખતની જાનવરોને રેહબરી કાજે ચલા-વવાની રીતે શાહ દારાયસને યા તેના આર્કિટેકટને કોઇ સુચના કરી હોય. આ પાદશાહના આ લેખ ઉપરથી અને તેના વંશના બીજા પાદશાહોના આવા બીજારોકી લેખો ઉપરથી મળતી તવારીખ ઉપર હું અગે આવવા આગમજ આપણી એક મંડળી (The Young Men's Parsi Association), જેણે મને પોતાનો પેહલો પ્રમુખ નેમ્યો હતો, તેના ત્રીમાસીક જર્નલના કેટલાક અંકોમાં કાંઇક વીગતે બોલ્યો છું. તે અંકો ઉપર શોખીન વાંચનારાઓનું ધ્યાન ખેંચું છું.

આ લેખ ઇરાની ભાષા ઉપરાંત આ શાહના રાજ્યમાં વપરાતી બીજી જાણીતી બે ભાષાઓમાં લખાયલો છે. ઇરાની લેખની કુલ્લે ચારસો સોળ લીટીઓ ગણાઇ છે. હાલમાં આપણાથી સાધારણ રીતે ખુદ એ લેખ, જે ઘણો ઉંચેથી કોતરેલો છે, ત્યાં જવાઇ શકાતું નથી, પણ ધારવામાં આવે છે કે અસલમાં ત્યાં જવા માટે એક નાનો ગેલેરી રોકો માર્ગ હોય. હખામનીઅન શાહાનશાહ-તનો આ મોટામાં મોટો કિર્તીવંત લેખ છે. એના જેવી નહીં તો લગભગ એના જેવી કિર્તી ધરાવતો સાસાનીઅન શાહા-નશાહતનો મોટામાં મોટો લેખ પાએકુલી (Paikuli) ખાતે આવેલો છે, જે ઉપર પ્રોફેસર હેર્ઝફેલ્ડે હાલમાં ઘણી રોશની ફેંકી છે. બગદાદથી પાએકુલી જવાની ખાહેશ રાખી હતી, પણ ત્યાંના કમીશ-નરના ખાનગી સેક્રેટરી સાથે વાત કરવા બાદ તે ખાહેશ છોડી દીધી હતી.

બેહીસ્તુનનો નક્ષ.

બેહીસ્તુનના આ નક્ષમાં શાહ દારાયસ અને તેની પાછળ તેના બે નામીચા દરબારીઓ છે. સામે ગોયા હવામાં એક નક્ષ છે જે જાણે દાદાર અહુરમજદનું ફરોહર છે. દારાયસ એક ખરા ધર્મી પુરૂષ માફક પોતાની સર્વ ફતેહ દાદાર અહુરમજદની મેહરબાનીથી થયલી વારેઘડીએ આ લેખમાં જણાવે છે. તેથી તે પોતા સામે તે દાદારના ફરોહરને ઉભેલું ધારે છે. તેની સનમુખ જે નવ બંદીવાન પુરૂષો છે તે, તે પાદશાહો અને સરદારોના નક્ષો છે કે જેઓને તેણે લડાઇમાં હરાવ્યા હતા. પ્રો૦ જેકસન કહે છે કે અહીંના લોકો તેઓને નવ "દરવીશ" યાને ફકીર કહે છે. હું ધારૂં છું કે કદાચ સમજવામાં કાંઇ ગેરસમજુતી થતી હોય. મને અહીંના બે પુરૂષોએ શાહ માટે "દાર્યવુશ" અને બીજાઓ માટે "બંદીવાન" તરીકે શબ્દો વાપરી કાંઇક કહ્યું. તેથી હું ધારૂં છું કે કદાચ

"દાર્યવુશ" ને "દરવીશ" સમજવાની ભુલ થવી હોય.

જ્યાંસુધી અહીંનો લેખ વંચાયો હતો નહી ત્યાંસુધી આ નક્ષ બાબે જુદી જુદી સુચના થતી હતી. યુનાની ડાયોડોરસ સેક્યુલસ (Diodorus Seculus) એ નક્ષોમાંના દારાયસનાં ચિત્રને સેમારામીસ (Semiramis) રાણીનું ચિત્ર સમજ્યો હતો. મેં ઉપર કહ્યું છે તેમ આ લેખ ઉંચે હોવાથી નીચેથી જોતાં મરદનું ચિત્ર તેને સ્ત્રીના જેવું લાગ્યું હોય. કહે છે કે આસરે એકસો વર્ષપર એક મુસાફરે એ સર્વ નક્ષોનો ક્રાઇસ્ટ અને તેના બાર ચેલાઓ (Apostles) સાથે સંબંધ જોડયો હતો અને એક બીજા મુસાફરે તેઓને ઇસ્રાએલોની તવારીખ સાથે જોડયા હતા.

આ નક્ષમાં પાદશાહ દારાયસને પોતાના બે મોટા દરબારીઓ સાથે ચિતાર્યો છે. તેણે પોતાનો ડાબો પગ એક ધણી જે ચટોપાટ પડેલો છે, તેની છાતી ઉપર મેલ્યો છે. એ ધણી તે પેલો ઠગારો સ્મર્ડીસ (Smerdes), જેણે ઇરાનનું રાજ ઉંચાપત કર્યું હતું, તે છે. તે પડયો પડયો જાણે બે હાથ જોડી મારી માંગે છે. એની આગળ એક પછી એક એમ નવ રાજાઓ યા ઉમરાવો, જેઓને એણે હરાવી તેઓના બળવા દાબી દીધા હતા, તેઓ બાંધેલા હાથો સાથે ઉભા છે. તેઓ સ્યુસા, બાબીલોન, મીડીઆ, આમરશીઆ, માર્ગીઆ, સીથીઆના બળવાખોર સરદારો છે. સુસીઆ અને બેબીલોનના આવા બે જુદે જુદે વખતના જુદા જુદા સરદારો છે. વળી એક વખત પેલા ઠગારા સ્મર્ડીસને માહાત કરવા બાદ બીજો એક ધણી એજ નામે બરપા થયો હતો તેનો એક નક્ષ છે. પાદશાહની સામે ઉપર હવામાં ઉડતું એક ધાર્મીક ચિત્ર છે, જે તરફ પાદશાહ હાથ કરી નેમાજ જાહેર કરે છે. યુરોપીઅન લખનારાઓ તેને ખુદ અહુરમજ્દનું ચિત્ર ગણે છે. આપણામાં કોઇ સાહેબો તેને ખુદ પાદશાહનું પોતાનું ફ્રરોહર ગણે છે, સબબ કે આપણે આપણા પોતાનાં ફ્રરોહરને પણ ખોરશેદ નીઆએશમાં યાદ કર્યે છિએ (હમીમ ફ્રવશીમ યજમઇદે). ઉપર કહ્યું તેમ હું ધારૂં છું કે એ અહુરમજ્દનું ફ્રરોહર છે.

આપણે હાલમાં કેટે તખ્તી માર્યે છિએ તો ગુજરાતી અને અંગ્રેજી એવી હાલમાં આપણને જાણીતી બંને ભાષાઓમાં માર્યે છિએ. તેમ એ રાજાએ પોતાના વખતમાં પોતાના મુલકમાં જણાયતી ત્રણ ભાષાઓ—ઇરાની, સુસીઅન અને બાબીલોનીઅન—માં પોતાની ફ્તેહોનો લેખ કોતરાવ્યો છે.

આ લેખમાં દારાયસે આ ઉપરાંત બે બાબતો ઉપર ઘણો ભાર મુકયો છે.

૧) એક આ કે સચ્ચાઈ અખત્યાર કરવા બાબે ખાસ સીફારસ કરી છે. આ સચ્ચાઇની સીફારસ કરનાર પાદશાહ એક પ્રકારનું અસાચ્ચું (untruth) બોલી, પેલા ઠગારા સ્મર્ડીસના મેહેલમાં દાખલ થયો હતો, તે બાબે કોઇક લખનારાઓ ટીકા કરે છે. તે બાબે હું મારા "કદીમ ઇરાનીઓ" નામનાં પુસ્તકમાં કાંઇક વીગતે બોલ્યો છું.

૨) બીજી બાબત આ છે કે તે આ લેખ જોનારાઓ અથવા વાંચનારાઓને તાકીદ કરે છે કે "ખબરદાર! કોઇએ તે લેખ ખરાબ કરવો નહી." જે કોઇ તે ખરાબ કરે તેની ઉપર તે શ્રાપ નાખે છે. શ્રાપ નાખે કે ન ન નાખે, તોપણ તે કોઇને હાથે ખરાબ થતે. એક તો તેને ખરાબ કરનારાઓ તે શું છે તે સમજેજ નહી ત્યારે તેઓને શ્રાપની ચિંતા શું હોય? બીજું તો કોઇ કોરગાઓ ખોટું કામ કરતાં એવા શ્રાપની કયાં દરકાર રાખે? ગમે તેમ હોય, પણ આ લેખો આજે આસરે ત્રેવીસસો વર્ષ સુધી બચી રહ્યા છે તેનો સબબ આ કે તેને ખડકપર એવી રીતે ઉંચે કોતર્યા છે કે કોઇ જતા આવતાઓ તેને હાથ લગાડી શકે નહીં.

આ લેખનું મથક. હાલમાં આ નામીચો લેખ આપણે "જંગલે જેહાન" માં જોઈએ છિએ. તેના પહાડની તળેટીએ ફક્ત બેહીસ્તુન નામનું એક નાનું ગામ છે.

(ક) પણ એવું દીસે છે કે એક વખત અહીં એક મોટું શેહેર અને મોટી વસ્તી હોવાં જોઈએ.

(ખ) વળી આ તરફ આવો મોટો અને નામીચો લેખ કોતરાવવાની દારાયસની મકસદ આ હોય કે આ પહાડની આગળનું શહેર, બાબીલોન અને તે તરફના બીજા શહેરો તરફથી હમદાનના રાજધાની સમાન ગણાતાં શહેર તરફ જવાના મોટા માર્ગ (highway) ઉપર હતું.

હવે જ્યારે એક મોટાં શહેર આગળ અને એક મોટા પાદશાહી માર્ગ ઉપર આ લેખ કોતરાવ્યો, ત્યારે તે પહાડના એક ઉંચેના ભાગ ઉપર, અને વળી તે એવો ભાગ, કે જ્યાં જવાનું અતી ઘણું મુશ્કેલ, ત્યાં તે કોતરાવવાનું શું કારણ? જ્યાં જતા આવતા વટેમાર્ગુઓ તે જોઈ યા જાણી શકે નહીં ત્યાં તે કોતરાવવાનું શું કારણ? તે કારણ આજ દીસે છે કે દારાયસની મતલબ આ કે તવારીખના એક લેખ તરીકે તે જળવાઈ રહે અને કોઈ આવતા જતા તેને ખરાબ કરે નહીં. આ લેખ પોતે આવા વિચારને ટેકો આપે છે, સબબ કે તેમાં દારાયસ ઘણી કાળજી દેખાડે છે કે કોઈ તેના લેખને ખરાબ કરે નહીં. સારાં ભાગ્યે તેની મતલબ પાર પડી છે. ખુદ લેખની નજદીક કોઈકજ જઈ શકે છે. મુશ્કેલીથી પરાંચ બાંધી દોરડાંથી ઉંચે ખેંચાઈ ત્યાં જઈ શકાય, તેથી હાલના વખતનું પોતાના નામો લખવાનું ચેટક અહીં થઈ શક્યું નથી. પ્રો. જેકસન કહે છે કે ત્યાં ફક્ત એ લેખની શોધ કરનાર રોલીન્સને પોતાનું નામ એક ખુણામાં વાજબી રીતે કોતર્યું છે.

રોલીનસન. જો પારસીઓ પોતાની નામગ્રહણની ધર્મક્રીયામાં કોઈ જુદદીન વિદ્વાનોનાં નામ દીએ તો બેચીત રોલીનસનનું નામ તેમાં દેવાવું જોઈએ. જંદ અવસ્તાની એકાદ હાથની લખેલી ચોપડીમાં મેં ફીરદોસીનું નામ દાખલ થયલું જોયું છે. રોલીનસન પોતાની જવાનીમાં આપણા મુંબઈ તરફના લશકરમાં એક સાહસીક ઓફીસર હતો. તેણે એક વખત પુનેથી મુંબઈ ઘણી ઝડપી સફર (reoord journey) ઘોડા ઉપર કીધી હતી. ઇરાનના શાહે પોતાના લશકરને કવાયદ શીખવવા એક શુરા અમલદારની માગણી કરતાં તેને અંગ્રેજ સરકારે ઇરાન મોકલી આપ્યો હતો અને તેણે ઇરાનના તે વખતના શાહની નોકરી કરવા સાથે જાણે આગલા હખામાનીઅન પાદશાહોનાં કિર્તિવંત ફરોહરોની પણ સેવા કરી હતી.

બેહીસ્તુન નામ. ઉપર જણાવ્યું છે તેમ કોઈ આ પહાડના બેહીસ્તુન નામને બાગસ્તાન (એટલે બાગની જગ્યા) નું અપભ્રંશ ગણે છે. "તાકે બોસ્તાન"ના "બોસ્તાન" શબ્દ માફક અહીંના લેખના પહાડને પણ "બાગ" સાથે જોડે છે. અહીંના એક વતનીએ આ નામ મને "બી-સતુન" એટલે "સતુન યાને સ્તંભ (column) વિનાનું" એટલે "સ્તંભ વગરનો લેખ" એવે અર્થે સમજાવ્યું. હું આ સ્તંભ (સેતુન column)ના અર્થવાળો શબ્દ લેવાનું પસંદ કરૂં છું. પાદશાહ દારાયસ પોતાના કિર્તિવંત કામોની નોંધ જ્યાં જતો ત્યાં સ્તંભો (સેતુન) ઉપર લેતો. દાખલા તરીકે સુએઝની નેહેર ઉપરનો સ્તંભ અને હીરોડોટસ પ્રમાણે સીથીઆ (Soythia) વીગેરેની ચઢાઈ દરમ્યાન હેલેસપોન્ટ (Hellespont) અને બોસફરસ વીગેરે જગ્યાઓ ઉપરના સ્તંભો. હવે અહીં એણે સ્તંભ વગર (બી-સતુન) પહાડના

ખડકપર લેખ કોતર્યો છે. તેથી આ બી-સતુન નામ પડયું હોય. આ નામના એક થોડાક ફેરફાર સાથના નામ(variant) તરીકે હું બેહ-સતુન એટલે "સારો યાને ચઢતા પ્રકારનો સ્તંભ" એવું નામ અને અર્થ સુચવું છું.

આ નામીચો લેખ જોઇ ઘણા સંતોષ સાથે મેં બેહીસ્તુન છોડયું. આ લેખ જોયો તો જાણે અધું પાદશાહી ઇરાન જોયું એમ સંતોષ ઉપજ્યો અને હસ્તે ચેહેરે અને હરખાતે હૈડે હું હેઠે ઉતર્યો.

વધારો.

મેં ઉપર કહ્યું છે કે આ નામીચા લેખવાળા પહાડ પાસેથી એક નદી વહે છે અને તે ઉપર આગળના વખતમાં એક મોટું શહેર હોય. આ નદીનું હાલનું નામ ચબેહ કહેવાય છે. આ ચબેહ નદી તે અસલી યુનાનીઓની ચોએસ-પીસ (Choaspes) અને આપણા અવસ્તાની જમ્યાદ યશ્ત (ફ. ૬૭) ની હવસ્પ નદી છે આપણી જમ્યાદ યશ્ત બે ભાગ માં વહેંચાઇ છે. એક ભાગમાં ઇરાનનાં પહાડોની ટીપ અને વર્ણન છે અને બીજા માં કેઆની ખોરેહ યા નુરનું વર્ણન છે અને તે કેઆની ઇરાનીઅન ખોરેહ કોણ કોણ પાદશાહે મેળવ્યું હતું તેની હકીકત છે. વળી તેમાં ઇરાનની નામીચી નદીઓની કાંઇક હકીકત છે. એમ પહાડો અને ખોરેહ, જેનું વર્ણન એહજ યશ્ત માં છે, તેઓ વચ્ચેના કાંઇક સંબંધ માટે હું મારા "ખરેનધહ અથવા ખોરેહ" નામના વિષયમાં કાંઇક વીગતે બોલ્યો છું. (જુઓ મારૂં પુસ્તક :"જરથોશ્તી ધર્મ સંબંધી ભાષણો અને વાએજો ભાગ ૧")

બેહીસ્તુનના લેખવાળા પહાડ આગળ વહેતી નદીનું આપણું અવસ્તાનું નામ હવસ્પ છે અને યુનાની નામ ચોએસ્પીસ (Choaspes) છે. ડા૦ સ્ટાઇન જમ્યાદ યશ્તવાળી આ હવસ્પ અફગાનીસ્તાનમાં હોય એમ ગણી તેને ત્યાંની "ખુશપાસ-રૂદ" નામની નદી ગણે છે.(Academy of 16th May 1885). પણ હું ધારૂં છું કે એ હવસ્પ તે યુનાની ચોએસ્પીસ છે કે જે બેહેસ્તુન તરફની હાલની ચબે નદી છે. "હવસ્પ" શબ્દનો અર્થ "સારા ઘોડાવાળી" યાને "સેતાબ ચાલના ઘોડા વાળી" એમ થાય છે. યુનાની ચોએ-સ્પીસ યા કોએસ્પીસ નામ આપણા અવસ્તાનાં હવસ્પનું જ રૂપ છે. બન્નેમાં આપણે અસ્પ (Aspa) શબ્દ જોઇએ છિએ. "હુ" શબ્દ પેહેલવીમાં "ખુ" પણ વંચાય અને તેમ વંચાઇ યુનાની નામમાં "ખુ" (Chu) વંચાયો હોય. એમ યુનાનીઓએ, ઝડપથી વહેતી નદીઓની ઝહડપને અવસ્તામાં "અસ્પ" યાને ઘોડાની ઝહડપ સાથે જોડી છે, તેની નકલ કરી છે. તેનો યુનાની દાખલો આપણે આપણા દેશની સીંધુ નદીની શાખાઓના યુનાની નામોમાં પણ જોઇએ. દાખલા તરીકે કેશ્મીર તરફની હાલની જેલમ (Jhelum) નદી જે હીંદુ વેદની વીતસ્તા છે. તેનું યુનાની નામ "અસ્પ" એટલે "ઘોડા" ઉપરથી હાઇડાસ્પીસ (Hydaspes) છે.

હવે બેહીસ્તુનનાં લેખવાળા પહાડ તરફની આ હવસ્પ અથવા ચોએસ્પીસ નદી પાદશાહ દારાયસનાં વંશમાં તેના હજમીઅત સારાં પાણી માટે વખણાયલી હતી. હીરોડોટસ (બુક ૧ બાબ ૧૮૮) નીચલા ફકરામાં જણાવે છે કે એ વંશ નો સ્થાપક પાદશાહ સાએરસ તો જ્યાં પણ જતો ત્યાં આ નદીનું પાણી મંગાવતો તે લખે છે કે:—

"When the great King leads the army in Persia he carries with him from home provisions well prepared and cattle, and takes with him water from the river Choaspes, which flows from Susa, of which alone, and no other, the King drinks (Bk. I 188. Carey's Herodotus).

હીરોડોટસ જમયાદ યશ્તવાળી હવસ્પ નદીના હજમીઅત પાણી માટે ઉપર જે કહે છે તે જમયાદ યશ્તવાળી બીજી

એક નદી માટે પણ ખરૂં છે. એ બીજી નદી તે "ખરેનંપુહદવી" નદી છે, જે મેં મારા કારૂન નદીના વિષયમાં દેખાડવાની કોશેશ કીધી છે તેમ યુનાનીઓની યુલીઅસ (Eulœus), આપણી પેહેલવીની ખોરેહ અને હાલની કારૂન નદી છે. (જુઓ મારૂં પુસ્તક Asiatic Papers Part 1.) આ જામે જમશેદ પત્રમાં ઇરાની બાબત ઉપર જે પેહેલ વેહેલું લખાણ આજથી ૩૯) સાડત્રીસ વર્ષપર મેં કર્યું હતું તે આ કારૂન નદી વિષે હતું. એનાં પણ પાણી આ એહીરટુન પાસેની નદી માફક હજમીઅત હતાં. તે બાબે મી૦ લોગનના કહેવા પ્રમાણે હેમર કોઇક પૂર્વ બાજુના લખનારાઓને આધારે નીચે પ્રમાણે કહે છે (જુઓ મારૂં ઉપલું પુસ્તક પા૦ ૧૯.)

"The water is always cool, and has so digestive a power, that under this burning sky, the inhabitants of this country eat the heaviest food for the stomach, trusting to its digestive power and they do digest (Journal of the Royal Geographical Society Vol. III, p. 261.)

સર હેનરી લેયર્ડ, લેફ્ટેનન્ટ સેલબી વીગેરે મુસાફરો આ બાબતને ટેકો આપે છે.

ઇરાનની આબોહવા યાને પાણી (આબ) અને હવા માટે મારો અનુભવ છે કે તે ઉત્તમ પ્રકારનાં છે. મારી નજદીક આઠ માસની મુસાફરીમાં આશરે સવાપે માસ મેં ઇરાન ખાતે ગુજાર્યા. અહીંથી તહીં અને આજે અને કાલે ચાલુ ગેર્દેશ છતાં, અને આપણી સબુરી ની કસોટી લીએ એવી કેટકેટેના રાહની અને ફરતી મોટરની કાંઇક હેરાનગતી છતાં, તંદુરસ્તીની બાબતમાં મને પોતાને બીજા કોઇ મુલક કરતાં ઇરાનની "આબોહવા" ઘણી પસંદ પડી. ઇરાનમાં તમો કોઇ કુદરતની લીલાલેહેરના સુંદર દેખાવ (Scenery) જોવા જાઓ તો તદ્દન નીષ્ફળ થાઓ. ઇરાન એક પહાડી મુલક છે અને વળી તેના પહાડો વેરાન છે, ઝાડો વિનાના છે. તેઓ "વેરાન" છે પણ "બી-આબાન" એટલે પાણી વીનાના નથી. તેઓ પોતાના માહેલાં પેટામાંથી ઇરાનને સુંદર હજમીઅત પાણી પુરૂં પાડે છે. એવાં આબ સાથની તેની સુંદર હવા ઇરાનને સુંદર તંદુરોસ્તી આપનાર "આબોહવા" આપે છે, જે તમારા આવરદા કાંઇક વધારે. ત્યારે આ સર્વ ખુબી ત્યાંની હવા સાથે ત્યાંની ઉપલી નદીઓનાં પાણી જેવાં પાણીમાં છે.

કોલાબા, તા૦ ૨૨ મી જાન્યુઆરી ૧૯૨૬.

હમદાન-હોટેલ દ ફ્રાંસ,
તા૦ ૩ જી નવેમ્બર ૧૯૨૫.

અલવંદ પહાડ-તે ઉપરનો લેખ-અલવંદ નદી.

"હમાજોર બાદ ગેરાન કોહાન અશઓ-ખારેહ પુર-ખારેહ અહુરમજદ-દાદ, ...હમાજોર અઉર્વન્દ કોંહ...... હમાજોર અઉર્વન્દ રૂદ."

અર્થ—મોટા પહાડો, જેઓ અશોઇની નેઆમત આપનારા, પુરતી નેઆમત આપનારા અહુરમજદના પેદા કરેલા... ...તેઓ સાથે હમાજોર હોજો. અઉર્વન્દ પહાડ સાથે હમાજોર હોજો...... અઉર્વન્દ નદી સાથે હમાજોર હોજો. (આફ્રીને હફ્ત અમેશાસ્પંદ).

આપણી જન્નાદ પશતમાં અને ઉપલી હફ્ત અમેશાસ્પંદોની આફ્રીનમાં જે અઉર્વન્ત પહાડને યાદ કર્યો છે તે પહાડ અને એ આફ્રીનમાં જે અઉર્વન્દ નદીને યાદ કરી છે તે નદી અહીં હમદાનની નજદીક અલવંદને નામે જણાયલાં છે.

અમો તા૦ ૧ લી નવેમ્બરે સવારે કેર્માનશાહથી નિકળી તાકે બોસ્તાનના

નક્શો અને બેહીસ્તુનના પહાડપરના નક્શો અને લેખો, આગલા બે પત્રોમાં જણાવવા પ્રમાણે જોઇ, હમદાન તેજ દિવસે રાત્રે આવી પહોંચ્યાં. ત્યાંથી સવારે નિકળી તેની પડોશનો ઉપલો આલવંદનો પહાડ, જે તે ઉપરના ખીલારોકી લેખ માટે જાણીતો છે, તે ઉપર ગયાં. આસરે અર્ધા કલાક નો માર્ગ મોટરમાં પસાર કરી એક ગામ આગળથી ખચ્ચરો ઉપર સવાર થઇ તે લેખવાળી જગ્યાએ ગયાં. નીચેથી ઉપર જતાં આસરે ૨॥ કલાક થયા. ઉતરતાં મોટો ભાગ પગે ઉતરવાનું વધારે દુરસ્ત થઇ પડ્યું હતું.

આલવંદ પહાડના નામ માટે દંતકથા.

અત્રેની દંતકથા કહે છે કે જ્યારે નોહાની મોટી રેલ આવી, ત્યારે નોહા, મેં આગલાં મારાં એક પત્રમાં જણાવવા પ્રમાણે, તબ્રીઝ તરફ આવતાં દીસેલા આરારત પહાડ ઉપર ગયો હતો. પણ તેનો આલવંદ નામનો બેટો આ પહાડ ઉપર સલામતી માટે આવ્યો હતો. પણ જ્યારે તેનો બાપ આરારત પહાડ ઉપર પોતાના "આર્ક" સાથે સલામત રહ્યો હતો, ત્યારે આ બેટો આ પહાડની ટોંચ સુધી રેલ ચઢવાના સબબે ડુબી મરણ પામ્યો હતો. તેથી આ આલવંદના નામ ઉપરથી આ પહાડે પોતાનું નામ લીધું છે. આ દંતકથા પહાડ ઉપર જતાં મારા ખચ્ચરવાળાથી સાંભળી હતી. પણ જ્યારે હમદાનથી કેરમાનશાહ જતાં હમાર ગામ આગળ મારી મોટર અટકી પડી હતી, ત્યારે ત્યાંનું "ઝનજીર-ખાને," જે નામથી રસ્તામાં ટોલ લેવાની જગ્યાઓ આ તરફ ઓળખાય છે, તેના કામદાર તરફથી જે દંતકથા સાંભળી હતી તે પ્રમાણે, આ પહાડ ઉપર "અરવન્દ" નામનો એક પીર એક વખત રહેતો હતો. તેનાં નામ ઉપરથી આ પહાડ "અરવન્દ" તરીકે ઓળખાયો હતો. કહે છે કે છેક ઉપર એ પીરની કબર પણ છે.

આ પહાડનું બીજું નામ "ગંજનામે."

આ પહાડ "ગંજનામા" ના પહાડ તરીકે અને તે ઉપરનો લેખ "ગંજ-નામે" તરીકે અત્રે જણાયલા છે. આ નામનો સબબ આ છે કે અત્રેના લોકો એવું માનતા આવ્યા છે કે તેઓથી નહીં વંચાતા આ લેખમાં આ પહાડમાં છુપાયલા કોઇ ખજાના (ગંજ) ના ઠેકાણાંનું લખાણ (નામે) છે, અને જે ધણી આ લેખ વાંચી શકશે તે ધણી તેમાં આપેલી નિશાણી પ્રમાણે તે ગંજ મેળવશે. રૉલીનસન વીગેરેએ તે લેખો ઉતાર્યા છે અને ઉકલાવ્યા છે. પણ તેઓ અહીંથી કોઇ ગંજ મેળવી શક્યા નથી. તેઓ જોકે શારીરીક ગંજ મેળવવા પામ્યા નથી તોપણ મસીહના' અને કિર્તિનો ગંજ મેળવવા પામ્યા છે.

આ લેખ તરફ જવાના પહાડી માર્ગમાં અતી ઘણા પત્થરો આપણને મળે છે, જે સબબે તેનો માર્ગ કાંઇક અગવડભર્યો છે. આ સંખ્યાબંધ પત્થરોના પ્રમાણમાં અહીંના પહાડમાં કોઇ ગંજ યા ખજાનો પણ છે એમ ધારી અહીંના લોકોમાં કહેવત સમાન આ શબ્દો છે કે

"ગન્જ બ કદરે સંગ,
વ સંગ બ કદરે ગન્જ"

એટલે "(અહીં) જે પ્રમાણમાં પત્થરો પડેલા છે તે પ્રમાણમાં (પહાડમાં) ખજાનો છે અને જે પ્રમાણમાં (પહાડમાં) ખજાનો છે તે પ્રમાણમાં અહીં પત્થરો પડેલા છે." આ કહેવીનું એક બીજું રૂપ (variant) પણ મેં અહીં સાંભળ્યું, તે રૂપ "બ કદરે" ને બદલે "બરાબરે" શબ્દ આપે છે. અહીં સવારી કરતાં યા ચાલતાં જે પ્રમાણમાં આપણે નાના મોટા પત્થરો જોઇએ છિએ તે પ્રમાણમાં જો પહાડમાં ખજાનો મળે તો આખે ઇરાન આબાદ થઇ જાય.

આફતો ખજાનો તો નહીં પણ પહાડમાં મળતી ધાતુઓનો ખજાનો (mineral wealth) અહીં ઘણો હોવો જોઇએ.

પત્થરો ખીસાડવા તે સવાબનો માર્ગ. અને પહાડ ઉપર ચઢતાં છેક ઉપર લેખ તરફ જતાં મેં આજુબાજુના ખડકો ઉપર નાના પત્થરોના ઢગલા પડેલા જોયા. તેનો સબબ પુછતાં મને કહેવામાં આવ્યું કે જતા આવતા વટેમાર્ગુઓ માર્ગમાં પડેલા પત્થરો ઉંચકી એમ બાજુએ મેલે છે, એવા ખ્યાલથી કે તેથી તેઓની પછી આવતા જતા વટેમાર્ગુઓને પત્થરોથી મળતી કાંઇક અડચણ દુર થાય. અસલમાં કોઇ પાક મનશનીના પુરૂષો ખરેખર મેહેનત લઇ મોટા જથ્થામાં એમ પત્થરો ઉંચકી બાજુ મેલતા હોય તો કોણ જાણે? તેમ હોય તો તે ખરેખર સવાબનું કામ છે. પણ અમોએ જેમ જોયું તેમ તો ઉંચકી બાજુ મેલેલા પત્થરો કરતાં માર્ગમાં વધારે પત્થરો પડેલા છે. આગળ જે ખરૂં ધાર્મિક કામ હતું તે હાલમાં એક નામની ક્રિયા થઇ પડયું છે.

અલવંદ પહાડ. હમદાનથી કેર્માન-શાહ જવાના માર્ગ ઉપર આવેલો આ અલવંદ (Alvand) પહાડ, જે આપણા પુસ્તકોનો "અઉર્વંન્ટ" પહાડ છે, તેને કલાસીકલ લખનારાઓ ઓરોન્ટીસ (Orontes) તરીકે કહી ગયા છે. એ પુરાણા ઝાગ્રોસ (Zagros) તરીકે જણાયલા પહાડોની હારમાંનો એક પહાડ છે. હમદાન શેહેર જાણે એ પહાડની નીચે આવ્યું છે. એ પહાડ હમદાનથી ૬૦૦૦) ફીટ ઉંચ અને દર્યાની સપાટીથી ૧૧૦૦૦) ફીટ ઉંચે છે. આ પહાડ ઉપર પાદશાહ દારાયસના લેખો ઇરાની, સુસીઆન જે નવી-એલામીટ (New-Elamite) તરીકે પણ બોલાય છે તે, અને બાબીલોનીઆન ભાષાઓમાં છે. "બગ વઝર્ક અહુરમજદ, હય ઇમામ બુમીમ અદા, હય અમાંમ અસ્મનામ અદા" વીગેરે શબ્દોથી આ લેખ શરૂ થાય છે. એ લેખમાં દારાયસ પાદશાહ કહે છે કે "અહુરમઝદ મોટો પાદશાહ (બગ યાને ભગ્વાન) છે, જેણે આ જમીન પેદા કીધી છે, જેણે બુલંદ આસમાન પેદા કર્યો છે, જેણે માણસ જાતને પેદા કર્યું છે અને જેણે માણસ જાતને શાંતી બક્ષી છે, જેણે દાર્યવુશને પાદશાહ, ઘણા પાદશાહોમાં એક (વડો પાદશાહ), ઘણાઓ ઉપર અમલ કરનાર (પાદશાહ) કર્યો છે. હું દાર્યવુશ, પાદશાહોનો પાદશાહ, સંખ્યાબંધ લોકોના મુલકોનો પાદશાહ, દુર સુધીના દેશોનો પાદશાહ છું. હખામીનીઆન વીસ્તાસ્પીસ (વીસ્તાસ્પ) નો છોકરો છું." આ લેખના શરૂઆતના ભાગની રચના આપણને આપણી જમવાની નાની બાજ "ઇથા આતયજમઇદે"ના શબ્દો "યે ગા-મચા અપેમચા દાત અપરચા દાત" વીગેરેની યાદ આપે છે.

શાહ દારાયસના ચાર મોટા લેખો જણાયલા છે. ૧ બેહીસ્તુન, ૨ પાર્સીપોલીસ, ૩ નક્ષે રૂસ્તમ અને ૪ આ અલવંદનો. તેમાં આ અલવંદનો લેખ આ સબબે વધારે જણાયલો છે કે તેણે રોલીનસનને એ લેખોના ઉકલામણના ખજાના (ગંજ) ની જાણે ચાવી આપી હતી. આ લેખના કોઇક હરફો અને શબ્દો ઉપરથી બીજા લેખો વંચાયા હતા. કહે છે કે દાયોદોરસ સેકયુલસ નામનો ક્રિશ્ચ સન પેહેલી સદીનો યુનાની લખનાર આ લેખને પણ સેમીરામીસ રાણીનો લેખ જણાવી ગયો છે. આ ઉપરથી દીસે છે કે દારાયસ પછી આસરે પાંચસો વર્ષપર પણ આ લેખ માટે કાંઇ બીનવાકેફી હતી.

જોકે બેહીસ્તુનની તખ્તીનો લેખ અહીંના કરતાં ઘણો મોટો છે, તોપણ આપણને આ લેખ વધારે દમામદાર અને ખેંચાણકારક લાગે છે, સબબ કે બેહીસ્તુનના લેખની છેક નજદીકમાં આપણે જઇ શકતા નથી. ફકત બેચાર

સાહસીક પુરૂષો ત્યાંના માણુસોની મદદથી ત્યાં બેચાર દહાડા રહી તે જોઇ શક્યા છે. તેઓની કમરે દોરડાં બાંધી તેઓને કાંઇક લટકાતા ઝીખાતા ઉપર ખેંચી લેવામાં આવે છે. પણ અહીં અલવંદ ઉપર તો આપણે લેખોની છેક નજદીક જઇ, તેના હરફો જોઇ શકયે છિએ.

આ લેખ માટે આવવા જવાના માર્ગથી બાજુએ પહાડનો ખડક બે ભાગમાં સાફ સપાટ કર્યો છે. બીજો ભાગ પેહેલા કરતાં જરા નીચાણમાં છે. દરેક ભાગમાં ત્રણ કોલમો છે. જેમાં પેહેલો કોલમ વધારે મોટો છે.

આ લેખનું મથક.

ઉપલા હખામીનીઅન પાદશાહોએ આ બુલંદ પહાડના એક ખુણાની સપાટી પોતાના લેખો માટે પસંદ કીધી તેના બે સબબો દીસે છે.

૧) એક તો આ કે આપણું અહીં જે જોઇએ છિએ તે ઉપરથી માલમ પડે છે કે અસલમાં અહીં એક ઉનાળાનું મથક (summer seat) હોય. અહીં આપણે કોઇક ખંડીએરની નિશાણી જોઇએ છિએ. આ જગ્યા ઘણી રળીઆમણી છે. ઘણુંખરૂં ઉંચેના પહાડો ઉપર બરફ પડેલું રહે છે. નીચે એક સુંદર નાની ગાયણુ ગાતી નદી છે. જે આપણી આફ્રીનની અલવંદ નદી છે. બાજુબાજુએ રળીઆમણા દેખાવો દેખાય છે. અમો ખરી બપોરે ત્યાં ગયાં હતાં અને "ઓવર-કોટ" પહેર્યાં હતા, તે છતાં ઠંડી સાંધેસાંધામાં લાગતી હતી અને બપોરનું કાંઇક ભોજન લેવા માટે બાહાર સુંદર દેખાવ હોવા છતાં પડોશનાં એક ઝુંપડાંમાં ભરાવાનું મન થાતું. ગરમીના દિવસો ઉપર હમદાન, જે આનું મુખ્ય પુરાણું શેહેર હતું, તે માટે આ એક લાયક પહાડી મથક હતું.

૨) આ જગ્યા લેખ માટે પસંદ કરવાનો બીજો સબબ આ દિસે છે કે કેર્માનશાહ તરફના કોઇક શેહેરો માટે હમદાન જવાનો આ એક બીજો પહાડી માર્ગ હતો. કદાચ તે ટુંકો માર્ગ હોય. આ લેખની જગ્યાની પેલી બાજુએ શહેરસ્તાન, આબાસઆબાદ, તુર્સખાને અને કંગાવર નામનાં મોટાં ગામો છે. ત્યાંથી હમદાન જવા માટે આ મોટો જાહેર માર્ગ (highway) હતો. આ તરફ વેહેતી ઉપલી નદી હાલ "અલવંદ આબ" ને નામે બોલાય છે.

અહીંના લેખની તખ્તીઓની આજુબાજુ ખડકમાં મોટા સુરાખો છે, તે એ લેખ કોતરનારા માણુસોને કામ કરવા કાજે બાંધેલી પરાંચના હોય એમ દીસે છે. આ લેખ તરફ જવાના માર્ગમાં બાજુએ "દરરેહે ગુલે ઝર્દ" એટલે "પીળાં ફુલની ખીણુ" એવે નામની જગ્યા આવી છે. આ તરફ એક મોટો છુટો પત્થર છે, જે "સંગે અલી" એવે નામે અલીના નામ સાથે જોડાયલો છે. અલીએ આ પત્થર ઉપર હાથ ફેરવી તેને સુંવાળો કરેલો મનાય છે. આ અલવંદનો પહાડ "કુહે આબાસ" તરીકે પણ પડોશના "આબાસ આબાદ" ગામનાં નામ ઉપરથી ઓળખાય છે.

આ તરફ ઝાડો ઉપર બંધાતા કપડાંના કટકા.

આ તરફ મુસલમાનો કોઇક પવિત્ર ગણાતી ચોકસ જગ્યાઓ ઉપર ત્યાંનાં ઝાડો સાથે કોઇક માનતાઓ કાજે કપડાંના કટકાઓ બાંધે છે. કોઇ સ્ત્રીને છોકરો થતો નહી હોય તો તે માટે માનતા લઇ અથવા બીજી મુરાદો માટે માનતા લઇ તેઓ એ ચીથડાં બાંધે છે. જ્યાં કોઇ કદીમ સાહાનીઅન વીગેરે વખતના નક્શો વીગેરે હોય છે ત્યાં તેઓ ખાસકરી એમ કરે છે. એઓની એવા પ્રકારની એક જાતની ઝાડોની સેતાયશ (Tree-worship) માટે મો૦ હાર્મસ્ટેટેએ પોતાના "હકીકાત વ અમેરેકાત" નામના પુસ્તકમાં કાંઇક વાંચવાજોગ વર્ણન કર્યું છે.

કંગાવર, સંગાવર.

ઉપર જણાવ્યું છે કે કેર્માનશાહથી આ પહાડ તરફ આવતાં કંગાવર (Kangavar) નામની જગ્યા છે. એજ પ્રમાણે આ તરફ સંગાવર (Sangavar) નામની જગ્યા મારા જાણવામાં આવી હતી. આ નામો સાંભળતાં મને નોસારીનાં "કાંગાવાર" અને "સાંગાવાર"ના મોહોલ્લાઓ યાદ આવ્યા. હું જાણતો નથી કે કાંગા અને સાંગા નામની નોસારીનાં બે મોબેદ કુટુંબોની અટક શા ઉપરથી પડી છે. મી૦ સો. મ. દેશાઇએ આપણા મોબેદોની અટકો વિષેના વિષયમાં એ અટકો કેમ સમજાવી છે તે મને ખબર નથી. પણ હું એક અટકળ કરૂં છું, અને તે માટે જો ભુલ થતી હોય તો દરગુજર ચાહું છું. તે આ કે આ તરફના ઉપલા લખ્યાઓની "કાંગાવર" "સાંગાવર" જગ્યાઓએ એ ઓળખ કદાચ અસલમાં બરપા કરી હોય. નોસારી અને સંજાણના નામોને ઇરાનના કોઇ શહેરો સાથે જોડવામાં આવે છે. તેમ અસલમાં આ તરફથી આવનારા કોઇ મોબેદોએ આ ઓળખને અને તે ઓળખવાળાઓના મોહોલ્લાઓને નામ આપ્યું હોય. આ એક તપાસવાજોગ બાબત છે. હાલમાં પણ ઇરાનથી આવતા આપણા ઇરાની ભાઇબંધો પોતાની ઓળખ પોતાના ગામ તરફથી "સરફાબાદી" "કેરમાની" વગેરે લે છે.

હમદાન—હોટેલ દ ક્રાંસ,
તા૦ ૩ જી નવેમ્બર ૧૯૨૬.

હમદાન. તેનાં પુરાણાં ખંડીએરો વીગેરે.

હમદાન શહેરની સ્થાપના હીરોડોટસ પ્રમાણે હખામાનીઅન શાહાનશાહતની આગમજ મીડીઆના એક પાદશાહ દાયાસીસે (Dioces ઇ૦ સ૦ પૂ૦ ૭૦૮) કીધી હતી. આ મીડીઅન શાહાનશાહતની સતા ફેંકી દઇ ઇરાન છુટું થયું હતું. આ હમદાન તે ખીલારોની પોથી (બેહીસ્તુન II ૧૩) નું હગમતન (Hagamatana), બાઇબલનું અક-મથ (Achametha. Ezra VI, ૧૨) અને યુનાનીઓનું એકબેટાના છે. મારાં "શત્રોઇહાએ ઇરાન"ના પેહલવીમાંથી કરેલા તરજુમામાં હું એ શેહેર માટે જે કાંઇક વીગતે બોલ્યો છું, તેનો હવાલો આપવાની રજા લઉં છું.

આ શેહેર આપણા અલવંદ (યુનાનીઓના Orontes) પહાડની તળેટીએ છે. આ તરફનો પુરાણા મીડીઆનો ઘણોખરો એક ભાગ હાલમાં ઇરાની કુર્દીસ્તાન તરીકે ગણાય છે. મીડીઅન શાહાનશાહતની પડતી પછી હખામાનીઅન પાદશાહો અહીંના મીડીઅન મેહેલમાં રહેતા. સીકંદરનાં મરણ બાદ સેલ્યુસીદ (Seleucid) હકુમત સાથે પાર્થીઅનોની લડાઇમાં આ મેહેલનો કાંઇક નાશ થયો હતો, તોપણ તે ઇરાની શાહાનશાહોના મેહેલ તરીકે વપરાતો હતો. તે મેહેલ હાલમાં ખંડીએર તરીકે પડેલો છે. હીરોડોટસે એનું કાંઇક વર્ણન કર્યું છે. ઉપર જણાવેલા કુર્દીસ્તાનના ભાગમાં હજુર અહીંતહીં હખામાનીઅન, પાર્થીઅન અને સાસાનીઅન વખતનાં ખંડીએરો જણાવવામાં આવે છે. પણ એ સર્વની ખોદકામથી હજુર પુરતી જુસ્તેજુઇ થઇ નથી. આ તરફ કનગોવર (Kangovar), એક અસલી ઇરાની આતશકદેહનું ખંડીએર મનાય છે અને તે અનાહીતને અર્પંણ થયલું ધારવામાં આવે છે. (History of Art in Persia, by G. Parrot and C. Chipiez ૧૮૯૨.)

હમદાન અને સીકંદર.

સીકંદરે દારાને હાર આપી બાબીલોન, સ્યુસા વીગેરે હાથ કરવા પછી આ હમદાન શેહેર જીત્યું હતું (ઇ૦ સ૦ પૂ૦ ૩૩૦). કહે છે કે તેણે દારાનો જે ખજાનો હાથ કર્યો હતો, તે તેણે આ હમદાન શેહેરમાં

મેલ્યો હતો કે ત્યાં તે સલામત રહે. તે ખજાનાની કીમત હાલનાં આપણા પૈસામાં આસરે ચાળીસ કરોડ રૂપીઆની અનુમાન. તેની તપાસ માટે કહે છે કે તેણે પોતાના ૭ હજાર મેસીડોનીઅનોને રાખ્યા હતા. મારી મુલાકાત દરમ્યાન મારા ભોમીઆઓ મને જણાવ્યું કે પેલી લડાઇ દરમ્યાન જ્યારે અંગ્રેજી લશ્કર અહીં આવ્યું હતું, ત્યારે તેઓએ કોઇ ખજાનાની શોધમાં આ તરેહના ડુંગર ઉપરનો ભાગ ખોડયો હતો પણ તેઓને કાંઇ જડ્યું હતું નહીં. જો અંગ્રેજી અમલદારોએ ખોડકામ કર્યું હોય તો તે વિદ્યા એલમના ખોડકામ (Arohæological)ની નેમથી કર્યું હોય, અને કદાચ તેઓનાં મનમાં ઉપલી વાત હોય કે અહીં સીકંદરે ઇરાન પાસે હાથ કરેલો ખજાનો દાટયો હતો.

સીકંદરની કહેવાતી કબર.

અત્રે "મકબરે એ સીકંદર" એટલે "સીકંદરની કબરની જગ્યા" એવે નામની એક જગ્યા સીકંદરની કબર તરીકે જણાયલી છે. આડાઅવળા સાંકડા રસ્તાઓ બાદ તે એક નાણું, જે હાલમાં સુકાયલું છે, તે ઉપર આવેલા છે. મેલામાં મેલા અને ગંધીલી તે જગ્યા છે અને ત્યાં એક કંગાળ બાંધકામ મને સીકંદરની કબર તરીકે દેખાડવામાં આવ્યું. એ પાદશાહ તો બાબીલોનમાં મરણ પામ્યો હતો, તેથી તેની કબર કદાચ તે તરફ કેઠે હોય. તેની કબર અહીં હોય કે બાબીલોનમાં હોય, કેઠે પણ તે હોય, પણ આ વખતે મને "સીકંદર અને એક હીંદી પંડીત" ની વાત યાદ આવી. કહે છે કે જ્યારે તેની હજુર આ ભલા ભણેલા પરહેજગાર પંડીતને શિક્ષણ માટે રજુ કરવામાં આવ્યો ત્યારે તે આ પાદશાહને નમવાને યા સલામ કરવાને બદલે બેશીકર જમીન ઉપર પગ ઠોકવા લાગ્યો. સીકંદરે ખુલાસો પુછતાં તેણે કહ્યું કે "તું અમે તેટલા મુલક જીત પણ સેવટે કબર માટે આ થોડાક વારના વીરડારની જગ્યા સીવાય તુંને કાંઇપણ મળવાનું નથી." શું જમાનાનો ફેરફાર! કે આજે આ દુનીઆના મોટા ભાગને જીતનાર પાદશાહની કબર ક્યાં છે તે ચોકસ નથી! અને જો હોય અને કહેવાય છે તેમ તે હમદાનમાં હોય, તો તે એવી જગ્યાએ છે કે જ્યાં તમોને તેને માટે કાંઇ ગંભીર પવિત્ર વિચાર કરવાને બે પળ પણ ઉભું રહેવા ગમે નહીં. પણ ખરી હકીકત આ દીસે છે કે આ શેહેર ખાતે સીકંદરે ગુસ્સાને માર્યા પોતાના એક સરદારને મારી નાંખ્યો હતો. તે સરદાર ની અહીં કબર હોય અને પાછળથી તે સીકંદરના નામ સાથે જોડાઇ હોય.

હમદાન કેટલાક પાદશાહોની હાથ જીતને શરણ થવા બાદ છેલ્લું વળી ૧૭) મી સદીમાં (આસરે ૧૬૩૮) તુર્કોને હાથે કાંઇક નાશ પામ્યું. તેઓએ ત્યાં ૬) દિવસ સુધી લુટ ચલાવી સંખ્યાબંધ ઇમારતોનો નાશ કર્યો. હમદાનમાં શેહેર બહાર ફરતાં આપણે અહીં અને તહીં જમીન ઉપર કોઇ મોટાં પાયમાલ થયલાં શેહેરની નિશાણીઓ જોઇએ છિએ.

બાઇબલમાં જણાવેલા એક ઇરાની પાદશાહની કહેવાતી રાણી અને તેણીના બાપની કબર.

બાઇબલમાં એક આહસુએરૂસ (Ahasuerus) નામના પાદશાહની અને એક યાહુદી બાનુ, જેણીને તેમાં રાણી કહી છે, તેણીની વાર્તા છે. પેરીસ તરફના માગ એક પત્રમાં ત્યાંના એક મહેલમાં જોયલાં એક ચિત્ર ઉપરથી મેં એઓની કાંઇક હકીકત જણાવી છે. એ ઇરાની પાદશાહ આહસુએરૂસને કોઇ શાહ ઝર્કસીસ (Xerxes) ગણે છે. એની વહીશ્તી નામની ખુબસુરત ઇરાની રાણી હતી. તેણીને એ પાદશાહે એક દરબારમાં તેડાવી કે તેણીની ખુબસુરતી દરબારીઓ જુએ. તેણીએ એમ પોતાનો દેખાવ કરવા આનાકાની દેખાડી. તે ઉપરથી

પાદશાહ ગુસ્સે થયો અને પછી તેણીને તરફ ફરી અને ઇસ્થર (Esther) નામની એક ખુબસુરત યાહુદી સ્ત્રી, જેણીનો બાપ તેની દરબારમાં નોકરી હતો, તેણી સાથે પરણ્યો. તેણીની શીખ્ખવણીથી યાહુદીઓ તરફ મોહોબત દેખાડીને તેણે ઇરાનીઓની કતલ કરી. આ બનાવની યાદમાં યાહુદીઓ હાલમાં પણ એક ખુશાલીનું જશન કરે છે જેને તેઓ પ્યુરીમ (Feast of Purim) કહે છે. મને અહીં જણાવવામાં આવ્યું તેમ આ શેહેરમાં આ જશન હજુર પણ ઘણી ખુશાળી સાથે પાળવામાં આવે છે, સબબ કે અહીં એ યાહુદી સ્ત્રી, એસ્થર અને તેણીના યાહુદી બાપ મોર્ડેકાઇ (Esther and Mordecai) ની એક જગ્યાએ કબરો છે. આ કબરો મેં તા૦ ૧૭ મીએ સવારે જોઇ હતી. તે ઉપર એક ગુંબજ બાંધ્યા કીધા છે.

ઉપલું યાહુદીઓ તરફનું લખાણ છે અને તે એકદમ આખું કબુલ રાખી શકાય તેવું નથી. ઇરાન દેશના આ ઇરાની શેહેરમાં યાહુદીઓની વસ્તી થોડી હોવી જોઇએ. તેઓને ખાતર તે પોતાની એક યાહુદી સ્ત્રીના કહેવાથી પોતાની ઇરાની પ્રજાની કતલ કરે એ માનવામાં આવતું નથી. અહીં મારો રેહબર, જે અહીંનાં મારા ઉતારાવાળા હોટેલ (Hotel de France) નો એક માણસ છે, તે આ પાદશાહ માટે ફેરો (Pharao) તરીકે બોલ્યો અને આ એસ્થર રાણી માટે દરબારની એક ફરમાનબરદાર સ્ત્રી (ખાતુન) તરીકે બોલ્યો. તે દેખાડે છે કે આ વાત ઇજીપ્તના કોઇ ફેરો રાજા સાથે અહીં જોડાયલી છે.

પ્યુરીમ શબ્દમાં "પ્યુ" શબ્દને આપણે આતશકદેહ માટેના યુનાની શબ્દ પીરેઇ (Pyrrhae)માં જોઇએ છે એટલે કે કોઇ આતશની સેતાયશ કરનારાઓ સાથે આ જશનનો સંબંધ છે. આ ઉપરથી આ વાર્તાની સચ્ચાઇની કોઇ દલીલ રજુ કરે. પણ તે સાબેત કરવું મુશકેલ છે.

ઉપલી એસ્થર અને મોર્ડેકાઇની વાર્તાને ફ્રેઝર પોતાની ગોલ્ડન બાઉ (The Golden Bough) માં અલંકારીક લે છે અને કહે છે કે "એસ્થર" તે "ઇસ્તાર દેવી" (Ishtar the goddess) છે અને Mordecai તે બાબીલોનીઅન દેવતા મર્દુક (Marduk) છે અને આ વાર્તાને તે પાકની વૃદ્ધીના સંબંધની કોઇ બાબત ગણે છે. મેનું આ કેહેવું પણ ઉપલા કોઇ ઇરાની પાદશાહની તેના સામે કહેવાવી વાતની આડે આવે છે.

હમદાનમાં અબુ સીનાની કબર.

પેલા જાણીતા તબીબ અને લખનાર અબુસીના (યુનાની Avicenna) ની કબર છે. આ જાણીતા લખનારની પવિત્ર યાદને માન આપવા હમદાનની મારી પેહેલી મુલાકાત દરમ્યાન તા૦ ૧૭ મીની અકટોબરે સવારે હું ગયો હતો. હમદાનમાં અબુસીના એક લખનાર કરતાં એક કાબેલ તબીબ તરીકે વધારે જણાયલો છે. અહીંના લોકો એને માટે "યુનાની હકીમ" તરીકે બોલે છે. એ બીજાં શેહેરથી અહીં આવી રહ્યો હતો અને કેટલાકોને તબીબું શીખવી તેઓને પોતાના શાગેર્દ કીધા હતા. એની અહીં એક સાદીમાદી કબર છે, જે ઉપર કેટલાક બેતો લખેલા છે. તેમાંની નીચલી બેત તેની આજુબાજુના મુલકોમાં પ્રસાર પામેલી પ્રસીદ્ધતા દેખાડે છે.

"અએ ઝાતે તો બર કુલ મમાલેક માલેક
વએ રાહે રવાન કુદ્દએ આશકત સાલેક"

એટલે "તારૂં રવાન સર્વ દેશોનું માલેક છે અને તારાં રવાનનો માર્ગ તારી મોહબ્બતના માર્ગપર ચીલા છે" આ અબુસીનાનું નામ એક તબીબ તરીકે યુરોપમાં પણ મશહુર થયું છે. મને કહેવામાં આવ્યું છે, કે એક જાણીતા અંગ્રેજ તબીબે (જો હું ભુલતો નહીં હોઉં તો Sir

William Osler નું નામ મને કહેવામાં આવ્યું) આ યુનાની તબીબ તરફનાં માન ખાતર તેની કબર સારી રીતે ફરીથી બાંધવાની ખાહેશ દેખાડી હતી, પણ કમનસીબે તેની યોજના ભાંગી પડી હતી. મારી હમદાનની પહેલી મુલાકાત દરમ્યાન ત્યાંના એક પુરૂષને બે કેરાન આપ્યા હતા કે આ સાએરની કબર ઉપરની સર્વ બીના, જે મારી ઉતાવળી મુલાકાતમાં હું ઉતારી શક્યો નહીં હતો, તે ઉતારી રાખે કે જ્યારે હું બગદાદથી પાછો ફરૂં ત્યારે મને આપે. પણ પાછું ફરતાં મારી દલગીરી વચ્ચે મેં જોયું કે તેણે તેમ કર્યું હતું નહીં.

આપણે આપણા દેશમાં જેને માટે "યુનાની હકીમું" તરીકે બોલ્યે છિએ, તે ખરેખર તો અસલમાં "ઇરાની હકીમું" હતું, જે જ્યારે એક હાથ ઉપર અબુસીના જેવા તબીબો મારફતે ઇરાનમાં ચાલુ રહ્યું હતું, ત્યારે સીકંદરની અને આરબોની ફતેહ બાદ ઇરાનથી પશ્ચિમ ભણી ભયલા યુનાનીઓ અને આરબો મારફતે યુરોપમાં ફેલાયું હતું. મને યાદ છે કે જ્યારે ૧૮૮૭ ના સાલમાં હું મરહુમ પ્રો૦ દાર્મેસ્ટેટેરની સાથે સુરત ખાતે મરહુમ યુનાની હકીમ બેગમજી ડાક્ટરને મળવા ગયો હતો, ત્યારે આ ડાક્ટર સાહેબે પોતાની પાસેના તબીબોના ફારસી પુસ્તકો દેખાડી મગરૂરી લીધી હતી કે તેવણ જે તબીબું કરતા હતા તે તેવણના પોતાના વતનનું અસલી "ઇરાની હકીમું" હતું. પેગમબર મહમદની આગમજ પણ આરબો ઇરાની તબીબું શીખવા ઇરાન આવતા હતા. દાખલા તરીકે હરીથ (Harith ibn Kilder) નામનો આરબ ઇરાની તબીબું શીખવા ઇરાન આવ્યો હતો. આરબો ઇરાન પછી યુનાન અને હીંદુસ્તાન વટીકથી વધુ તબીબું શીખ્યા. તેઓએ હોસ્પીટલો અને તેમાં સ્ત્રીઓ વટીકની હોસ્પીટલો ઉંઘાડી હતી. સાસાનીઆન અમલ દરમ્યાન જુન્દે શાપુર (Jund-i Shapur) માં તબીબોની એક પાઠશાળા હતી.

સાએર તાહેરની કબર. હમદાનમાં બીજી કબર જાણીતા સાએર બાબા તાહેરની છે. હમદાનની પહેલી મુલાકાત દરમ્યાન જ્યારે માર્ગમાં મોટર ખરાબ થવાથી મને કેરમાનશાહ જતાં હમદાન પાછું ફરવું પડ્યું, ત્યારે તા૦ ૧૭ મી અક્ટોબરે બપોરે મેં આ જાણીતા સાએરની કબરની મુલાકાત લીધી હતી. મેં પ્રમટ ગરેમાં સ્પીગલ મેમોરીઅલ વોલ્યુમમાં એક વિદ્વાને (M. Huart) આ સાએરની ચાર સતરોની ગઝલો (Quatrains) ઉપર એક વિષય લખ્યો હતો. તે વખતે મારો દીબાચો લખવા માટે આ સાહેરની કાંઇક હકીકત જાણવા કાજે મેં એનો કાંઇક અભ્યાસ કર્યો હતો. આ સબબે આ સાએરની કબર તરફ તેની પવિત્ર યાદ કરવા કાજે હું ખેંચાયો હતો. એ સાએરની કબર શેહેરની પાદરે એક ટેકડા ઉપર આવી છે. તે સાદીમાંદી કાંઇપણ ખેંચાણ કરે તેવી હાલતમાં નથી. એની કબરની આજુબાજુ એના એક ભાઇની અને બેનની કબરો છે. આ સાએર "બાબા તાહેર ઉર્યન" એવે નામે જણાયલો છે. આ સાએર ઇ૦ સ૦ ની દસમી સદીની સેવટે અને અગીઆરમીની શરૂઆતમાં થઇ ગયો છે. તેની સાએરીની કવીતા એક પ્રકારના ખ્યાલો સમાન હતી.

હમદાનનો શારે સંગ. હમદાનનાં પુરાણાં ખંડીએરોમાં આપણું ખાસ ધ્યાન ખેંચનાર એક ખંડીએર ત્યાંનો પત્થરનો સીંહ છે. આ ઘણા કદીમ વખતનું કામ છે. હમદાનની હાલની મુસલમાન સ્ત્રીઓ તેને તેલ લગાડે છે, કપડાંના ચીથડાંના કટકા બાંધે છે અને તેના ઉપર નાના પત્થરોના ઢગલા કરે છે. તેઓ આવી તરેહવાર રીતે અખત્યાર કરી ફરજંદો થવા વીગેરેની માનતા લે છે. અસલી બેબીલોનનાં ખંડીએરોમાં પણ એવું સીંહનું એક પુતલું છે. એવું દીસે છે કે હાલમાં ઇરાની સરકારે પોતાની પાદશાહી

નિશાણી તરીકે "સુર્ય અને સીંહ" (The Sun and the Lion) નાં ચિત્રો અખત્યાર કર્યાં છે, તે જાણે અસલના વખતથી ઉતરી આવેલાં છે. આ સીંહવાળી જગાની આજુબાજુ માટીના ઢગલાઓ કોઇ પુરાણાં શેહેરનાં ખંડીએરો તરીકે તુરત આપણું ધ્યાન ખેંચે છે. આ જગાને "ટપે એ હસાર" એટલે "હસારનો ટેકડો" એવે નામે ઓળખે છે. પ્રોફેસર જેક્સન આ "હસાર" ને ઉપર જણાવેલા બાઇબલના આહસુએરૂસ(Ahasuerus) તરીકે લે છે. પડોશનું ગામ પણ હાલમાં "હસાર" તરીકે ઓળખાય છે.

હમદાનનાં મુસલ્લાનું ખંડીએર. પુરાણાં જમીનદોસ્ત થયલાં ખંડીએરોમાં ફરતાં એક ઉંચી ટેકરી, જે "મુસલ્લા એ કીલ્લે એ હમદાન" એવે નામે જણાવવામાં આવે છે, તે તેના નામદાર દેખાવ સબબે અને તે ઉપર ઉભાં રહેલાં કોઇક ખંડીએર સબબે આપણું ખાસ ધ્યાન ખેંચે છે. આ ટેકરી ઉપર કોઇ પાદશાહી મેહેલ હોવો જોઇએ.

હમદાનમાં બીજું એક પુરાણું ખંડીએર આપણને દેખાડવામાં આવે છે તે "ગુમબદે અલાવીઆ" નામનું છે, જે પુરાણું કદીમ ઇરાનના વખતનું ગણાય છે.

તેહેરાન. ગ્રાંડ હોટેલ,

તા૦ ૬ ઠી નવેમ્બર ૧૯૨૫.

હમદાનથી કાઝવીન થઇને તેહેરાન.

હમદાનની પેહેલી અને બીજી બંને મુલાકાતો મારે મનથી જાણે કાંઇક કમનસીબીભરી હતી, સબબ કે જેમ તેની પેહેલી મુલાકાત બાદ ત્યાંથી કેર્માનશાહ જતાં મને માર્ગમાંથી મોટરને હાની પોહોંચવાથી પાછું ફરવું પડયું હતું, તેમ બગદાદથી પાછું ફરતાં બીજી મુલાકાત બાદ તેને કાઝવીન માટે છોડતાં પણ એક કલાકનો રાહ કાપી અમોને પાછું ફરવું પડયું. ઇરાનના રસ્તાઓની ખગાબ હાલત માટે અને ત્યાં ભાડે ફરતી મોટરો માટે હું આગળ માગં એક પત્રમાં લખેલો છું. આઝરબએજાનમાં મારી વર્ષગાંઠને દહાડેજ ખરાબ રસ્તાને લીધે મોટરના આંચકાએ હું જખમી થઇ લોહીલુહાણ થયો હતો. આ વખતે હમદાનથી તેહેરાન જવા માટે કાઝવીન તરફ જતાં એક કલાકના રસ્તા બાદ વચમાં એક પાણીના માર્ગ માટે ખોદેલી જગ્યાને ઢાંકવા કાજે બનાવેલી ઢળાવદાર જગ્યાના સબબે અમારી એક મોટરે એવો તો આંચકો ખાધો કે પછવાડેની બેઠકપર બેઠેલાં અમારી ટોળકીના વડાં બાનુ બાઇ આઇમાએ રૂ. મોદી પોતાની બેઠક ઉપરથી ઉછળ્યાં અને મોટરના છતરનો સળીઓ તેવણનાં માથામાં લાગ્યો અને લોહી વહેવા લાગ્યું. બરાબર મને આઝરબએજાનમાં ઉરૂમીઆથી પાછું ફરતાં જે સબબે લોહી નિકળ્યું હતું તેજ સબબે એવણને નિકળ્યું. પણ એવણના જખમ આગળ સરખામણીમાં મારો જખમ તો નાહનો હતો. પોતે હીમત રાખી કાંઇક ખમ્યું. સારાં ભાગ્યે, એવા કોઇક અકસમાતો ચેતી હું હમેશાં બોરીક પાઉડર અને લાહનું કપડું સાથે રાખું છું. તે આ વખતે ઘણું ઉપયોગી થઇ પડયું. જખમ તો એવો મોટો અને ઉંડો હતો કે મનમાં ચિંતા લાગી કે એ બાઇને વધુ સફર બંધ કરી હમદાનથી બગદાદ પાછું જઇ ત્યાંથી સ્ટીમર લઇ મુંબઇ પાછું ફરવું પડે. હવે કાઝવીનમાં કોઇ લાયક તબીબની મદદ મળવાનો સંભવ નહીં હોવાથી અને કાઝવીન જતાં છેક રાત પડે એમ હોવાથી ઉપર મુજબ પાટો બાંધી અમો સર્વે હમદાન પાછા ફર્યાં અને ત્યાંના અમેરીકન મીશનવાળા એક તબીબ પાસે સારવાર કરાવી. તેવણે

જખમને સાફ કરી ટાંકા માર્યા અને ખાતરી આપી કે સારાં ભાગ્યે કાંઇ ગંભીર અકસ્માત નથી. જરાકમાં બચાવ થયો છે, માટે તે દિવસે આરામ લઇ બીજે દિવસે તેહેરાન ભણી જવું, જ્યાં પણ એક સારા તબીબની મદદ મળશે. તેવણ તરફથી અને ત્યાર પછી બીજાઓથી જાણ્યું કે ખરાબ માર્ગને સબબે આવા જખમી થવાના બનાવો ઘણાક બને છે. અમારી ટોળીમાંના એક ત્રીજા ગ્રહસ્થ તે આ બાઇના ભાઇ મી૦ નવરોજી શરાફને પણ આ સબબે એક નાનો જખમ થયો હતો. એક અમેરીકન બાનુને મેં ત્યારબાદ જોઇ કે જેણીને આ સબબે નાક અને કપાળ બંને જગ્યાએ જખમ થયા હતા. મને થયલા જખમ બાદ આઝરબએઝાનમાં હું કપાળને સારીપેઠે કપડાંથી ઢાંકેલું રાખવાની કાળજી રાખતો હતો.

આ મુજબ અત્રે રસ્તાઓની ખરાબ હાલતના સબબે અને ભાડેની મોટરોની ખરાબ હાલતને સબબે આપણને કાંઇક હાડમારી ખમવી પડે છે. પણ તે સર્વને આપણા કદીમ બાપદાદાઓના પુરાણા વતનને જોવાની હોંશને ખાતર, જેમ કાંઇક દલગીરી તેમ ઘણીક ખુશી વચ્ચે આપણે શરણ થઇએ છિએ.

રસ્તાઓ માટે વધારે જરૂરી કાળજી. પોતાના દેશ તરફ વધુ મુસાફરોને ખેંચવા કાજે અને તેમ તેઓને ખેંચી પોતાના દેશની આમદાનીમાં કાંઇક વધારો કરવા કાજે અને તેની સાથે પોતાના દેશના વેપારવણજ અને ઉદ્યોગો તરફ બહારનાઓનું ધ્યાન ખેંચવા કાજે ઇરાનની સરકાર માટે જે પેહેલું જરૂરનું છે તે પોતાના મુલકના રસ્તાઓ સુધારવાનું કામ છે [illegible], જાણવા અને વાંચવા પ્રમાણે, આપણી અંગ્રેજ સરકારે ઇરાનમાં છેલ્લી લડાઇ દરમ્યાન, હીંદુસ્તાનના બચાવ માટેના એકાદ પગલાં દાખલ, ઇરાન દેશમાં પોતાનાં લશકરને લાવ લઇજાવ કરવાના કામ કાજે ઘણી કાંકરા માફક કરોડો રૂપીઆ ખરચ્યા છે અને અહીંતહીં રસ્તાઓ બાંધ્યા છે અને કેટલાક માર્ગો ખોલ્યા છે. દાખલા તરીકે કુએટા તરફથી કેર્માન આવવાનો દુઝદાબ તરફનો માર્ગ આ છેલ્લી લડાઇને આભારી છે. વળી બુશાયરથી શીરાઝ વીગેરે તરફનો પહાડી ઘાટરૂપી માર્ગ એ લડાઇને અને અંગ્રેજ સરકારને આભારી છે. આવા મુફતમાં મળેલા રસ્તાઓને ઇરાની સરકાર જો સારી હાલતમાં રાખે તો પોતાના મુલક તરફ વધારે મુસાફરોને ખેંચી દેશનું વધુ કલ્યાણ કરી શકે. અત્રે ભાડે મળતી મોટરોની ખરાબ સ્થીતીની મુશકેલી ટાળવા કાજે અમારા બેશીએ પોતાના કુટુંબ માટે બે ખાસ નવી મજબુત મોટરકારોની ગોઠવણ કરવાની સર્વે કાળજી રાખવા છતાં ખરાબ માર્ગને સબબે ઉપલી મુશકેલી ખમવી પડી.

બીજે દિવસે એટલે તા૦ ૪ થી નવેમ્બરે સવારે હમદાન પાછું છોડયું. સવાર પડતાં ઉપલાં બાઇની આંખ સુજી આવવાથી બનતી ઝડપે તેહેરાન પહોંચવાની જરૂર દીસી કે ત્યાં વધુ તબીબી સલાહ મળે, પણ મંજલ લાંબી હોવાથી અને વધુ મુશકેલી ટાળવા કાજે મોટર કાંઇક વધુ સંભાળથી થોડીક ઓછી ઝડપે ચલાવવાથી તેજ દિવસે તેહેરાન પહોંચવાનું બન્યું નહીં. માટે માર્ગમાં અમો રાત્રે કાઝવીન ખાતે ત્યાંના એક જરથોસ્તી મી૦ બરજોનાં ગ્રાંડ હોટેલમાં રહ્યાં.

કાઝવીન. આ શેહેરમાં હું પહેલે તા૦ ૧૬ મી ઓકટોબરે રાત્રે આવ્યો હતો અને [illegible] ગત ગુજારી સવાર બગદાદ માટે ઉપડી [illegible] હતો. બગદાદ તરફના [illegible] થી નવેમ્બરને દીને [illegible] વાગે આવી અમોએ આ શેહેરની કાંઇક ટુંક ગરદેશ કીધી. આ શેહેરે આગલા વખત કરતાં પાછલા વખતમાં ઇરાનની તવારીખમાં કાંઇક વધારે ભાગ લીધો હતો. પાદશાહ શાપુર બીજાએ તેને સ્થાપવા બાદ હારૂન અલ રશીદે

તેને વધારે આરાસ્તે કર્યું હતું અને તે પછી શાહ તેહમાસ્પે તેને પોતાની રાજધાની બનાવ્યું હતું. આ શાહ તેહેમાસ્પ આગળ આપણાં ઇંગ્લાંડની રાણી એલીઝાબેથે આ શહેર ખાતે જેનકીનસન (Anthony Jankinson)ને એક એલચી તરીકે મોકલ્યો હતો. આ એલચીની સફરના એહેવાલે મીલટન જેવા કોઇક જાણીતા અંગ્રેજ લખનારાઓને ધ્યાનમાં કાંઇક ઉલટ લેતા કર્યા હતા. મીલટનનાં લખાણની આપણી એકાદ ધ્યાની બાબત સાથે મારા તરફથી પ્રગટ થયલાં, કામા મેમોરીઅલ વોલ્યુમમાં મારા ભણેલા મિત્ર એરવદ બમનજી નસરવાનજી ધાભરે વાંચવાજોગ સરખામણી કરી છે (The Modern Avesta of Milton).

રાણી એલીઝાબેથનો એલચી આ શેહેરમાં.

આગલા વખતમાં પારસી દીનવાળાઓ તરફ અત્રેનાં રાજાની કેવી નાપસંદગી હતી, તેનો દાખલો આ એલચીની આ તરફની આમદથી મળે છે. કહે છે કે તેણે રાણી એલીઝાબેથ તરફથી શાહને કાંઇક ભેટ આપી હતી અને કાંઇક કોલકરાર કર્યા હતા. તે થવા પછી શાહને ખબર પડી કે એ એલચી તો ખ્રીસ્તી હતો. તે જાણતાં તેને શેહેરમાંથી બહાર કાઢયો અને તે જે જગા ઉપરથી દરબારમાં ચાલી આવ્યો હતો, તે સર્વ જગ્યાને અપવિત્ર થયલી ગણીને તે ઉપર રેતી ફેરવાવી ને તે પાછી પાક કરાવી.

આપણામાં હીંદુસ્તાનમાં બરશનુમ નાહોન ક્રિયામાં રેતીનો ઉપયોગ.

શાહ તેહમાસ્પે કરેલો રેતીનો ઉપયોગ દેખાડે છે કે સ્વચ્છ કરવાનાં સાધન (A purifying agent) તરીકે આપણામાં થતો રેતીનો ઉપયોગ અસલી ઇરાની રેવાજ છે. આપણામાં બરશનુમ આપતાં વા નાહાન નહવાડતાં મોબેદોને અને બેહેદીનોને નીરંગ પછી રેતી તનને સ્વચ્છ કરવા માટે આપવામાં આવે છે અગાઉ રવાનને ઘરમાંથી બહાર કાઢતાં લાકડાંના ઉંબર ઉપર રેતી નાંખતાં. નીરંગદીનની ક્રિયામાં આજ અને નીરંગના ઘડા રેતી ઉપર મુકે છે. આ મુજબ રેતીના ઉપયોગનો રેવાજ અસલ ઇરાની રેવાજ દીસે છે.

કાઝવીનમાં જરથોસ્તીઓ.

કાઝવીનમાં બચ્ચાં છોકરાંઓ સાથે આસરે વીસ જરથોસ્તી ઘરનીઓની વસ્તી છે. તેઓમાંથી ઘણાકો મેહેરબાની કરી અમારૂં હોટેલ (Grand Hotel), જે પણ આગા બરજો શાપુર નામનો એક જરથોસ્તી ચલાવે છે, ત્યાં મળવા આવ્યાં હતાં. ખુદાની મેહેરથી સર્વ સુંદર અને આસુદા હતાં. બાનુઓએ અમારી ટોળકીનાં બાનુઓ સાથે એક કલાક રહી અમોને તેઓની રહેવા ફરવાની રીતોની કાંઇક વાકેફી આપી હતી. તેઓ પરદો રાખતાં નથી પણ બાહેરથી પોષાક અત્રેનાં ઇસલામી બાનુઓ માફક રાખે છે. તેઓ રૂપે રૂપાળાં તેમ વાતચીતમાં હસમુખાં અને ચંચળ હતાં. અને બંને બાજુ વચ્ચે એક દુભાસીઆ (interpreter) તરીકે કામ કરવું પડયું હતું. એક ચંચળ બાનુએ જોકે ગાઇને નહી તોપણ ખુશ આવાજે શાહનામાની થોડીક બેતો વાંચી હતી. અમારી ટોળકીનાં ઉપલાં જખમી થયલાં બાનુએ પણ પોતાનું દુખ વીસરી તેઓની હાજરીથી ખુશી થઇ વાતચીતમાં ભાગ લીધો હતો. તેવણ તેઓના ચેહેરા અને અદબઅદાથી ખુશ થઇ બોલ્યાં કે "આપણા જવાનો હીંદ બહારથી નવાં લાડી તરીકે પારસીદીનની બાઇઓ શાદી માટે લાવે છે, તેને બદલે અત્રેની ખુશ ચેહેર અને ભલી ચંચળ જવાન બાનુઓને શાદીમાં લીએ તો કેવું સારૂં !"

ઇરાની બાનુઓનાં નામો.

આપણાં દેશી બાનુઓનાં આપણી પારસી બાનુઓનાં નામો શા ઉપરથી લેવામાં આવ્યાં છે, તે બાબે હું મારા એક વિષયમાં કાંઇક વીગતે બોલ્યો છું; હાલમાં

અત્રે, ખાસ કરીને આઝરબઅઝાનમાં, મુસલમાનો પણ પોતાનાં ફરજંદોને અસલી ઇરાની નામો આપવા લાગ્યા છે. ઉપલાં અમો લોકોને મળવા આવેલાં જ થોસ્તી બાઇઓનાં પોતાનાં નામોની અને તેઓથી જાણેલાં કેટલાંક નામોની ટીપ અત્રે આપું છું કે તે આપણાં પારસી બાઇઆની જાણમાં આવે અને તેઓને પોતાની બેટીઓને નામો આપવાને વધુ નામો પસંદગી કાજે મળે.

ફુર્વારીદ (એટલે મોતી)

રોશનક (ફેલા હખામીનીઅન પાદશાહ દારાની બેટીનું નામ)

ફ્રુહ અંગીઝ
મેહેર અંગીઝ
મહીન દોખ્ત
ઇરાન
તુરાન
ઇરાન દોખ્ત
તુરાન દોખ્ત
આઝરમી દોખ્ત
કતાયુન
સરવર
ગુહર
ગુહરતાજ
માહબાનુ
પરવીન

અમોને મલવા આવેલા કોઇક જરથોસ્તીઓએ ઇરાનનાં કોઇક શેહેરોમાં જે તવંગર જરથોસ્તીઓ છે, તેઓ પોતાના ગરીબ બાઇબંધોને બરાબર મદદ કરતા નથી, તેઓ માટે નીચલા શબ્દો ધ્યાન ખેંચે તેવી રીતે કહ્યા :

"દેરમદારાનરા શર્મ નીસ્ત
શર્મદારાનરા દેરમ નીસ્ત"

એટલે "જેઓની પાસે દેરમ યાને પૈસા છે તેઓને ગરીબોને મદદ કરવાની લાજ યા દાઝ નથી. જેઓને એવી લાજ યા કાળજી છે, તેઓ પાસે પૈસા નથી."

એટલે "જેઓ પાસે પૈસા (દેરમ) છે તેઓ (ની આંખ.) માં (ગરીબો માટે) શરમ નથી (અને) જેઓ પાસે (ગરીબોને મદદ કરવા) શરમ છે તેઓ પાસે પૈસા નથી."

આ શબ્દોના એક બીજા રૂપ (Variant) તરીકે એક બીજા શખ્સે નીચલા શબ્દો કહ્યા :

"દેરમ દારાને આદમરા કર્મ નીસ્ત
કર્મદારાને આદમરા દેરમ નીસ્ત"

એટલે "દેરમ (પૈસા) વાળાઓમાં સખાવત (નો સદ્‌ગુણ) નથી."

સખાવત (નો સદ્‌ગુણ) ધરાવનારાઓ પાસે દેરમ (પૈસા) નથી.

કાઝવીનની એક મસજીદ, આગળ એક આતશકદેહ હોય.

કાઝવીનમાં જે કેટલીક મસજીદો છે, તેમાંની એક જે જુમા મસજીદ છે, તે માટે પેહેલી વખતે અને પાછા ફરતી વખતે મેં સાંભળ્યું હતું કે તે આગળ એક આતશકદેહ હતું. આ મસજીદ આ શેહેરની બીજી વખતની મુલાકાત દરમ્યાન અમોએ જોઇ. હમો બીજી દીનના હોવાથી અલબતે ધીરજે સર્વ ભાગો તપાસીને જોઇ શક્યા નહી. પણ હું જે જોઇ શકયો છું તે ઉપરથી કહું છું કે તે એક વખત આતશકદેહ હોય તેમાં અસંભવીક કાંઇ નથી, પણ જો તે આગળ આતશકદેહ હોય તો તેના વચમાંના ભાગમાં ઇસલામીઓએ મોટો ફેરફાર કરેલો હોવો જોઇએ. આ મકાનનો દેખાવ દમામદાર છે અને અંદરનો ભાગ પણ દમામદાર છે. પણ તેની રચના સામાન્ય આતશકદેહોથી કોઇ જુદા પ્રકારની છે. હું ધારૂં છું કે હાલમાં જેમ આપણી હીંદુસ્તાનની દરેમહેરો બહારથી તરેહવાર રૂપની બનાવવામાં આવે છે તેમ અસલમાં અહીં પણ હતું. દાખલા તરીકે હાલની રંગુનની દરેમહેર લઓ, તેનો બહારનો દેખાવ અને અંદરની કાંઇક રચના એકાદ ખ્રીસ્તી દેવળના દેખાવની યાદ આપે છે.

તેહેરાન, ગ્રાંડ હોટેલ,
તા૦ ૧૨ મી નવેમ્બર ૧૯૨૫.

તેહેરાન શહેર. તેનો હાલનો રાજઅમલ. તેનો દેમાવન્ડ પહાડ અને પુરાણું રએ શહેર.

તા૦ ૫ મી નવેમ્બરે સવારે ૮–૩૦ ને અમલે કાઝવીન શહેર છોડી, માર્ગમાં આબેયેમ, કોર્ડન વીગેરે ગામો તરફથી પસાર થઇને આસરે ૩) વાગે અમો તેહરાન આવી પહોંચ્યા. સફરમાં અમારામાંથી ઘણાકોનો જીવ જાણે તેહેરાનમાં ભરાયો હતો કે રાજધાની શહેર તેહેરાન જોયું તો જાણે ઇરાન જોયું. તેહેરાન દર્યાની સપાટીથી ૩) હજાર ફીટ ઉંચે આવેલું છે. આ તરફનાં કોઇક મુખ્ય શહેરોની ઉંચાઇ નીચે પ્રમાણે છે.

	ફીટ.
તેહેરાન...	૩૦૦૦
તબ્રીઝ....	૪૦૦૦
કેર્માનશાહ	૫૦૦૦
હમદાન....	૫૦૦૦
ઇસ્ફહાન..	૫૦૦૦
શીરાઝ....	૫૦૦૦
અલવન્દ પહાડ.. ...	૧૦૦૦૦
દેમાવન્દ પહાડનું શીખર..	૧૯૦૦૦
આરારત	૧૬૦૦૦

ઇરાને અસલના વખતથી જુદાં જુદાં શહેરોને રાજધાની તરીકે કબુલ રાખ્યાં છે. આગલા વખતમાં પરસીપોલીસ, હમદાન, ટેસીફોન, શુસા વીગેરે અવાર-નવાર રાજધાની થયાં હતાં. આરબોની ફતેહ બાદ ઇસ્ફહાન, શીરાઝ કાઝવીન વીગેરે રાજધાની બન્યાં હતાં. હાલમાં છેલ્લા કાજર વંશમાં તેહેરાન રાજધાની બન્યું છે. સર્વે જગ્યાએ ઉપર પ્રમાણેની ઉંચાઇના પ્રમાણમાં આસરે મુજબે ઠંડીનો અનુભવ મળેલો હતો. હમદાન તરફ જ્યારે હું ત્યાંથી બગદાદ ગયો ત્યારે પાનખર રૂતુ જાણે પુર બહારમાં હતી જેમ ઝાડોના પાતળાં પોતાનો રંગ બદલી રંગબેરંગી બનતાં. બાર દાહડા પછી પાછું ફરતાં પહાડો બરફથી ઢંકાયલા દીસતા અને શીઆળાની શરૂઆત થઇ ચુકી હતી. હવે તેહેરાનમાં તેની ઉંચાઇના પ્રમાણમાં ઠંડી વધારે કમી હોવી જોઇએ પણ બરફથી ઢંકાયલા અલબુર્જ પહાડની નજદીકીના સબબે તેમ નહીં હતું.

નવા રાજકારોબારના બનાવના માનમાં પાર્લામેન્ટ હાઉસનાં મકાનમાં મીજલસ.

ઇરાનને માથે તેનાં ભલા માટે પાદશાહી જોઇયે કે પ્રજાસત્તાક રાજ્ય જોઇએ એ કેટલુંક થયું એક અગત્યનો સવાલ થઇ પડયો છે. એકાદ બે વર્ષપર પ્રજાસત્તાક રાજ્ય જાહેર કરવામાં આવ્યુ હતું પણ તે વખતની લોકલાગણી જોઇ તેનો વિચાર માંડી વાળવામાં આવ્યો હતો. પ્રજાસત્તાક રાજ નહીં હોવા છતાં અને પાદશાહી હોવા છતાં હાલના પાદશાહ યુરોપમાંજ રહે છે અને અહીં આવી રહેતા નથી યા રહી શકતા નથી. હું આઝરબએઝાન માં તબ્રીઝ ખાતે હતો ત્યારે એક દિવસ ત્યાંના બજારે બંધ થયાં અને તે એવું દેખાડવા (dem nstration) કાજે કે લોકો પોતાનો પાદશાહને માંગે છે તેહેરાનમાં એમ પેહલે બન્યું હતું, તની નકલ તબ્રીઝે કરી હતી વળી બગદાદમાં મે સાંભળ્યું હતું કે આઝરબએઝાન એક જુદા પ્રજાસત્તાક રાજ્ય તરીકે તેહેરાનથી છુટું પડવા માગે છે. એમ થાતે તો ઇરાનના વધારા સુધારાને એકયતાની ગેરહાજરીના સબબે, નુકશાન થતે. એવામાં વળી હમદાનનાં એક દિવસે શહેરને ખુશીખુશાલીમાં સજ થયલું જોઇ અને ખુશીખુશાલી માંજે એક મીજલસ ભરાઇ હ એ સાંભળી પુછપરછ કરતા જાણ્યું કે ઇરાને પોતાના પાદશાહને બરતરફ કર્યા છે અને નવું રાજબંધન થાય ત્યાં સુધી વેટલાં રેગાહ શાહાર રીજાખાનને [illegible] નેમવામાં આવ્યા [illegible]

શાહ નેમાય એમ સંભવીત છે આ સબબે ત્યાં શહેરે રંગરાગનો પોષાક પેહેર્યો હતો અને ખુશીખુશાલી પ્રદર્શીત કીધી હતી. કહે છે કે અહીં પાદશાહીના તરફેણમાં કાંઇક હીલચાલ થવાથી અને તેના પરીણામ માં ઉપર જણાવવા પ્રમાણે બજારો વીગેરે બંધ રહેવાથી જે બાબત હજુર સુધી કાંઇક અચોક્કસ હતી તે ચોક્કસ થઇ અને ઇરાને હાલના વંશની પાદશાહી ફેંકી દીધી છે. પાર્લામેન્ટે એમ ઠરાવ્યું છે અને તેથી ઇરાનના શાહજાદાને ઇરાન દેશ છોડી જવું પડયું છે. થોડા દિવસમાં એક કામચલાઉ પાર્લામેન્ટ મળી રાજબંધન નક્કી કરશે કે કોઇ નવા પાદશાહ સાથે પાદશાહી ચાલુ રાખવી કે કેમ? તેટલાં હાલમાં ઉપલા સેપાહ સાલાર સાહેબ, જે વણી ઇરાનને થોડાંક વર્ષ થયાં ઘણી સબલા મતી, સારો કારોબાર અને ઇન્સાફ આપ્યો છે, તેવણને રીજન્ટ (Regent) એટલે કામચલાઉ પાદશાહ નેમ્યા છે. નવી કામચલાઉ પાર્લામેન્ટ, જે આ ખાસ સવાલ માટે થોડા વખત માટે ભેગી મળશે, તે આ સવાલ નક્કી કરી આ રીજન્ટ સાહેબને પાદશાહ નેમશે એવો ઘણો સંભવ છે. હાલની પાર્લામેન્ટે જુના પાદશાહ માટે સોગંદ લીધેલા હોવાથી તે એ બાબે કાંઇ ઠરાવ વાજબી રીતે કરી શકે નહીં એમ ધારવામાં આવ્યું છે. તે કાજે આ સબબ માટે ખાસ માજલસ યા પાર્લામેન્ટની ચુંટણી આ માસમાં થશે અને મારો આ ત્ર છપાય તે આગમજ કદાચ આ બાબત નક્કી થશે.

હું આઝરબએજાનમાં તબ્રીઝ ખાતે આવી ઉતર્યો તેને પહેલેજ દિવસે ત્યાંના ફર્માનદેહે મહેરબાની કરી આવલા એક પત્રમાં જણાવવા પ્રમાણે તે રાતે મળનારી ખુશીની માજલસ, "વાલરેસ ટેલી આરી" નું મથક ઉંઘાડવા કાજે બોલાવી હતી, તે માટે ઇજન કર્યું હતું. હવે તેહેરાનમાં આવતાં પણ મારાં ભાગ્યે શહેરની મોટી માજલસમાં હાજર થવાને મને ઇજન કરવામાં આવ્યું! ઉપલો બનાવ, કે ઇરાને પોતાના કાજર વંશ, જે અસલ કદીમ ઇરાની વંશ નહીં પણ તુર્કી વંશ હતું, તેની પાદશાહી ફેંકી દીધી છે, અને નવો કામચલાઉ પાદશાહ નેમ્યો છે, તેની યાદગીરી અને ખુશાલી માટે આ મજલીસ બોલાવી હતી.

આ મો નેમણ વખતે આસરે ૭ કલાકે અર્બાબ કેખસરૂના બેટા અફલાતુન જેવણનું નામ યુનાની પલેટોનું ઇરાની રૂપ છે, તેવણની મહેરબાનીભરી રેહબરી હેઠળ ત્યાં ગયા હતા. ત્યાં મોટી રોશની થઇ હતી અને ખુશીખુશાલીની ઉજાણી મચી રહી હતી દેશદેશના એલચીઓ અને કોન્સલો ત્યાં હાજર થયા હતા. રીજન્ટ સાહેબ પોતે હાજર થયા હતા. મેહેમાનો માટે છુટીછુટી નાની ટેબલો ઉપર તેઓના નજદીકમાંજ ચાર પાંચ પુરૂષો વચ્ચે મીજાનો ગોઠવ્યાં હતાં. આશરે બે કલાક સર્વ મેહેમાર જોઇ કાંઇક નવું જોઇ, જાણી અને શીખી ઘરે પાછા ફર્યા.

પેહલવી વંશ.

જો આ હાલમાં નીમાયલા રીજન્ટ સાહેબને પાર્લામેન્ટ પોતાના પાદશાહ નેમે તો ઇરાનમાં જાણે પાછું એક કદીમ નામ ધરાવતું વંશ રાજગાદીએ આવેલું જણાય. પેશદાદીઆન, કેઆનીઆન, હખામાનીઆન, પાર્થીઆન, અને સાસાનીઆન એવાં કદીમ ઇરાની નામો ધરાવનાર વંશો પછી જાણે ઇરાનનું કદીમ નામ, ઠામ, કામ સર્વ સમાપ્ત થયાં હતાં. આરબોની ફતેહ પછી અમલ કરી ગયલાં વંશોના નામો ઇરાનના કદીમ વખતની યાદ આપનારાં નહીં હતાં. પણ હાલના આ રીજન્ટે પોતાના અમલ માટે "પેહેલવી" એવું કદીમ નામ અખત્યાર કરવાનું જાણે જોયાનું આવ્યું છે. કાઝવીન, તેહેરાન, ઇસ્ફહાન વીગેરે આ શહેરોમાં મોટા જાહેર રસ્તાઓ "ખીઆબાન પેહેલવી" એવે નામે હવે ઓળખાય છે કહે છે કે કોઇ બંદરનું નામ પણ હવે પેહેલવી બંદર એમ બદલાયું છે યા બદલાશે. નામદાર

રીજન્ટે પોતાના કુટુંબનું નામ પણ "પહેલવી" એમ અખત્યાર કર્યું છે. તેથી જો એવણ ઇરાનના પાદશાહ નેમાય તો એવણનું વંશ ઇરાનનું પેહેલવી વંશ ગણાશે. ઇરાનના પદભ્રષ્ટ થયલા પાદશાહનું "કાજર" વંશ એક રીતે અન આર્યન આ (નહીં-ઇરાની) વંશ હતું, સબબ કે તે તુર્કી વંશ હતું. એ વંશના પાદશાહો બાપદાદે ઇરાની ઓલાદના નહીં હતા, પણ કહે છે કે હાલના રીજન્ટ માજનદરાનના મુલકના છે અને ઇતરી આવેલાં અસલી સ્વચ્છ ઇરાની ઓલાદના છે. ત્યારે જો એવણ પાદશાહ થશે તો આગલા સ્વચ્છ ઇરાની ઓલાદના એક ઇરાની પુરૂષ પાદશાહ થયલા ગણાશે.

એવું પહેલવી નામ ધરાવતા યા પેહેલવી ગણાતા રાજાઓ આપણા હિંદુસ્તાન દેશમાં પણ "પેહેલવ અથવા પાહલવ" રાજાઓ તરીકે ઓળખાઇ રાજ કર્યું છે. હિંદી સાહિત્ય એ વંશના ઘણાક રાજાઓ યા સેમ્પો માટે બોલે છે, જેઓની હકુમત કાઠીયાવાડ સુધી, અને કોઇકના કહેવા પ્રમાણે વધુ દક્ષિણે મદ્રાસ ઇલાકામાં પણ ફેલાઇ હતી

આ રીજન્ટ સાહેબની મુલાકાત–તેવણે પારસી કોમ માટે મને આપેલો મહેરબાની ભર્યો પેગામ.

અર્બાબ કેખશરૂ શાહરૂખ, જેવણ અને આ મારા જાણે રહેબર, મિત્ર અને ફીલસુફ થઇ પડયા છે, તેવણની મારફતે અને તેવણની મહેરબાની ભરી રેહબરી હેઠળ, અમોએ તા૦ ૧૧ મી નવેમ્બરે સાંજે રીજન્ટ નામદાર રીઝાખાનની મુલાકાત લીધી હતી અત્રેના સરેસ્તા મનાણુ ચાહના પીણાથી આગતા-સ્વાગતા થયા બાદ અમોને એક નાના દીવાનખાનામાં લઇ જવામાં આવ્યા, જ્યાં થોડા વખતમાં આ રીજન્ટ સાહેબ આવ્યા અને અમારી સફરની કાંઇક ખબર અંતર પુછી. તેવણ કાંઇક શામળા રંગના અને સારા દેખાવના એક પુરૂષ છે, જેવણની પેશાનીમાં તમો કાંય પાછળી કાંઇક મજબુતી (determination) જોઇ શકો છો. એવણે છેલ્લાં બે વર્ષ થયાં પારસીઓ અત્રે આવતા થયા છે તે માટે પોતાની ખુશી જાહેર કરી અને બીજા સાહેબો પણ આવે અને ઇરાનને ફાયદો કરે અને પોતે પણ ફાયદો મેળવે, એવી ઉમેદ દેખાડી. એવણ સાહેબનો મહેરબાનીભર્યો આમતનો પેગામ જે તેવણે મોંઢાડેથી કહ્યો હતો તે મારી કોમને પોહોંચાડવામાં આવથી કાંઇ ભુલ નહીં થાય તે સબબે તે ટુંકમાં મને લખી આપવાને મેં અર્બાબ કેખશરૂને અરજ કીધી હતી, સબબ કે તેવણને નામદાર રીજન્ટ સાહેબ સાથે વાતચીત કરવાનો અને તેવણનું બોલવું બરાબર સમજવાનો વધારે માહાવરો હતો તેમ તેવણે મહેરબાની કરી કર્યું છે. માટે નામદાર રીજન્ટનો પેગામ મારી પોતાની ભાષાની કોઇ જોખમદારી વગર હું અર્બાબ કેખશરૂના પોતાના શબ્દોમાં આપવાની રજા લઉં છું. વાતચીત ફારસીમાં થઇ હતી પણ પેગામનો સાર સર્વેને બરાબર સમજ પડે તે કાજે મારી અરજ ઉપરથી અર્બાબ કેખશરૂએ અંગ્રેજીમાં આપ્યો છે. પછાડીના ભાગમાં શબ્દ રચનામાં કાંઇક રહી ગયલું હોય તેમ લાગે છે, પણ મતલબ ચોખ્ખી છે તેથી તેમાં કાંઇપણ ફેરફાર કરવા વગર હું તે આપું છું.

"On 19th Aban 1304, His Imperial Highness Riza Khan spoke to Dr. Jivanji Modi as follows:

"I am glad that for the past two years, the Parsis of India have turned their attention towards Persia and are coming to their own dear country. If in past, they were forced away from the country and obliged to live far away, to-day, the country is in such a position as to invite and recall all who are scattered in foreign lands, especially the

Zoroastrians who are real Persians and very strongly attached to this soil and water.

I promise to be kind to all and to give them every assistance, which, for the welfare of the country, nation and themselves, in such a manner that the country may be benefitted by the Parsis, and the Parsis may also derive great profits and pleasures from the country.

To-day this country needs to gather her children within herself, so that they may try for her grandeur and prosperity and at the same time her true children are in need of deriving profits from this soil and water.

I especially request you to take my message to the Parsee brothers and sisters who are without and to invite them here with full confidence, their mind and thought in returning to Persia, so that gradually they will return to the land of their ancestors. There is no doubt that all the Zoroastrians are Persians and have great enthusiasm for the welfare of Persia, but that enthusiasm must be put in action by their coming and taking part in serving their country and at the same time deriving profits."

નામદાર સપેહસાલાર રીઝાખાન.

આ રીજન્ટ સાહેબ એ કે એક સાદા કુટુંબના છે તે પણ એક પ્રાચીન સીપાહી માંથી સીપાહ સાલાર બની હાલ વડા રાજ્ય કારોબારી બન્યા છે અને કદાચ કાલે નવી "પહેલવી" પેહેડીના સ્થાપક તરીકે શાહ બનશે. ઈરાનના કોઇક નામાંકીત કદીમ વંશો એવણ જેવા કોઇ સાહસીક નરોથીજ સ્થપાયાં છે. સાઇરસ પાદશાહ, જે હખા-મનીઅન વંશનો સ્થાપક બન્યો તે પણ જો કે એક સાદા કુટુંબનો હતો તોપણ શરૂઆતમાં એક થોડો જણાયલો બહાદુર પુરૂષ હતો, જેણે પોતાનાં સાહસીકપણાથી ઈરાનનું એક પ્રકારની પાછી ઝુંપડીથી તારણ કર્યું હતું. અરદેશર બાબેગાન પાર્થીઅન વંશના છેલ્લા પાદશાહ અરદવાનને ત્યાં એક નાના એહદા ઉપર હતો જ્યાંથી તેણે આગળ વધી સાસાનીઅન શહેનશાહત સ્થાપી. આ રીજન્ટની સપાહ તરફેની જીંદગી તરેહવાર રૂપોમાંથી પસાર થઇ છે જેમાં થોડાં વર્ષ થયાં, જોકે ઈરાનને માથે એક જુદો નામદાર પાદશાહ હતો તો પણ તે નામનો પાદશાહ હતો અને નામદાર રીઝાખાન જાણે ખરા પાદશાહ સમાન છે. ઈરાનનાં સહેરીઓને તેવણે લુંટફાટથી રાહત આપી છે એટલું નહીં તો તે એક ખરો મોટો ક્લેશ છે જાનમાલની સલામતી સાથે [illegible] બક્ષેલ ઈરાનની ચઢતીનું એક પગથીયું ગણાશે. અલબત્તે તેવણ માટે એક ડુંગર ચઢવા સમાન મુશ્કેલી છે. પણ ખુદા તે મુશ્કેલીમાં તેવણને સહાય થાય એવી આપણ સર્વ જરથોસ્તીઓની દુઆ હોવી જોઇએ. જો જરથોસ્તી કોમે ઈરાનની ચઢતી કાજે કાંઇ હીસ્સો આપવો હોય તો કોઇ નગર કામના યા વગર આવડના પુરૂષોએ પોતાનું નસીબ અજમાવવા આંહીં આવવાનું નથી, પણ નસીબ અજમાવી ચુકેલા કોઇક નસીબવંત તવંગરોએ, ફક્ત પૈસાના તવંગરોએજ નહીં—તન, મન અને ધનના તવંગરોએ—પોતાની તવાનગીરીનો લાભ આપવા કાજે અને સાથે સાથે પોતાની તવંગરી વધારવા કાજે આવવાનું છે.

પાર્લામેન્ટની મુલાકાત.

તા૦ ૧૦ મી નવેમ્બરને દીને અમે અત્રેનું પાર્લમેન્ટ હાઉસ અને પાર્લામેન્ટની બેઠક જોવાને ગયા હતા. શરૂઆતમાં આર્બાબ કૈખશરૂ જેવણની પાર્લામેન્ટના એક આગેવાન કારોબારી (General Custodion of

the Persian Parliament) તરીકે ત્યાં ઓફીસ છે ત્યાં અમો ગયા. એવણ જરથોશ્તીઓના પ્રતિનિધી તરીકે પાર્લામેન્ટના એક સભાસદ છે એટલુંજ નહી પણ પાર્લામેન્ટના સંબંધનું કેટલુંક અગત્યનું કામ પણ કરે છે. એવણ સાથે અમોએ પાર્લામેન્ટની લાયબ્રેરી અને છાપખાનું જોયું કે જ્યાં સર્વ પ્રકારનું સરકારી કામકાજનું છાપખાનાનું કામ ચાલે છે. આ બંન્ને ખાતાંમાં એવણનો કાંઇક મદદી હાથ છે. એવણની ઇચ્છા છે કે પાર્લામેન્ટના પુસ્તકખાનામાં ઇરાનની પુરાણી તવારીખ, ધર્મ, એલમ હુન્નર વીગેરેના પુસ્તકોનો સંગ્રહ થાય. માટે જો જરથોસ્તી ભાઇઓ અને બાઇઓ આ પુસ્તકખાના માટે એવણ ઉપર અથવા મારા ઉપર ચોપડીઓ મોકલી આપશે તો તે આભારદાયક થઇ પડશે

પાર્લામેન્ટની બેઠકનું મકાન હાર્ના સર્વ સંજોગો વચ્ચે ચઢ ઉતર બેઠકનું સગવડભર્યું છે. વચમાં પ્રમુખની ખુરસી છે. તેની સામે પાદશાહ યા પાદશાહી ખાનદાનનાઓ માટે બેઠક છે. તેની બાજુએ બીજા રાજ્યોના એલચીઓ, જેઓ કામકાજ જોવા આવવા માંગતા હોય તેઓ માટે જગ્યા છે. તેની આજુબાજુ જાણીતા જોવા આવનારાઓ (distingshed visitors) માટે જગ્યા છે. પાદશાહી બેઠકને માથે ફરોહરનું મુબારક ચિત્ર છે. ખુદા કરે ને ઇરાનના અસલી ભલા નેકઆગાનોના ફરોહરો આ પાર્લામેન્ટના કામ ઉપર આશીર્વાદ વરસાવે!

અમારી મુલાકાત વખતે પ્રેસીડન્ટ સવારે ૧૦-૧૫ ને અમલ પોતાની બેઠક ઉપર આવીને બેઠા અને કાંઇક કામ કરવા લાગ્યા. ૧૦-૩૦ ને અમલ કામ શરૂ થયું. સર્વ કામ જરૂરી ગંભીરતા (decorum) થી ફારસી ભાષામાં ચાલતું. સર્વ દુરના શહેરોમાંથી આવતા મેમ્બરોને તેઓની શહેરોના તફાવતના પ્રમાણમાં મુસાફરી વીગેરેનો ખર્ચ મળે છે. અહીં રજુ થતા સવાલો ઉપર મત આપવા કાજે સભાસદો ઉઠી ઉભા થતા હતા. કોઇક કામ માટે, દાખલા તરીકે કોઇક કામ માટેના સભાસદોની ચુંટણી કાજે, છુપો મત (ballot,) લેવા સારૂ પેટી ફરતી હતી.

અલબુર્જ—તેનો બુલંદ દેમાવંદ પહાડ.

"હમાજોર દમાવંદ કોહ કે દરવંદ
બીવરઅસ્પ અંદર ઓ ઓ બસ્ત એસ્તેંદ"
(આકીને હકત અમશાસ્પંદ.) •

અર્થ—દમાવન્દ પહાડ કે જેમાં બીવર અસ્પ (ઝોહાકને) બાંધેલો છે, તેની સાથે હમાજોર હોજો.

Did you not more nobly feed your eyes, when the Sun on morning's pinions arose in his arched course over the innumerable peaks of Darnawend."

(જર્મન સાએર ગોએથેની West-östliche Divan માં Buch des Parsen અથવા "પારસી-નામે.")

રોજ બહમન માહ ફ્રેરદાદ બાઉ હાવનમાં સવારે સાત કલાકે ઠંડીથી કાંઇક ધ્રુજતા હાથે ઇરાનની તવારીખમાં કાંઇક મશહુરી મેળવેલા અલબુર્જ પર્વતની હાર, જેનો દેમાવંદ એક ઉંચો પહાડ છે, તેને તેહરાનના ગ્રાંડ હોટલના મારા ઓરડાની પાછલી બારીમાંથી, મારા જમણા હાથ ઉપર, સફેદ બરફથી પોતાના ઢંકેલાં સર સાથે અને, ઉપલા ફકરામાં જર્મન સાએર ગોએથે કહે છે તેમ, રોશન આફતાબની તેના ઉપર પડતી ઝમકતી ઝલકતી સુંદર રોશની સાથે જોતાં, આ સતરો લખું છું. મારા વાંચનારાઓ ઘણા થોડા ખ્યાલ કરી શકશે કે દર સવારે બીછાનેથી બીદાર થઇ મારૂં સર તે દાદાર હજુર જમીન ઉપર ધરતાં હું પહેલવહેલાં આ પહાડના મુબારક દીદાર કેવી ખુશી સાથે જોઉં છું અને આ બે સતરો કેવી ખુશી સાથે લખું છું!

મીરખોન્દ અલબુર્જના દેમાવન્ડ પહાડની કાંઇક તવારીખ ખુદ પાદશાહ ક્યો-

મસેથી શરૂ કરે છે કે તે આ તરફ રહેતો. તેનો એક ભાઇ જે બલખ ભણી રહેતો તે તેને અહીં મળવા આવેલો. (જુઓ મારો વિષય "A few Materials for a Chapter in the Early History of Bactria"). આપણા 'કુહેકાફ' (Caucassus) તરીકે બોલાતા પર્વતની એક હાર ગણાતો "હરબરેઝઇતી" (અલબુર્જ), કુહેકાફનો એક રાક્ષસ એટલે મોટો પહાડ (A giant of the Caucassus) ગણાય છે. તે અલબુર્જની આ બુલંદ દેમાવન્દ, જેની ઉંચાઇ ૧૮૪૬૪ એટલે આશરે સાડા અઢાર હજાર ફીટ છે તે, એક ઉંચી ટોંચ ગણાય છે. આપણા અવસ્તાનો અરેઝુર પહાડ, જે તે વખતે બળતો પહાડ હોવાથી દોઝખનું મથક ગણાતો, તે પણ આ તરફ અલબુર્જનો એક પહાડ ગણાતો. તેહેરાન શહેરના કોઇક ભાગમાંથી અને શહેર બહારનાં સર્વ ભાગોમાંથી આ દેમાવંદનો પડા રોડો પહાડ તમારી નજર આજુબાજુના સર્વ દેખાવો વચ્ચેથી ખેંચે છે. તેની નીચે દેમાવન્દ નામનું એક ગામ આવેલું કહેવાય છે.

રઘે શહેર. તેહેરાન આવનારા જરથોશતીઓ માટે પડોશનું રઘે શહેર, જે અસલના કલાસીકલ લખનારાઓનું 'રઘ' (Ragha) શહેર છે, તે જોવા લાયક જગ્યા ગણાય છે. હાલમાં તો આ પુરાણું શહેર તેના ખંડીએરોમાં હસ્તી ભોગવે છે. અમોએ આ શહેરની તા૦ ૯ મી નવેમ્બરે સવારે મુલાકાત લીધી હતી. મોટરથી તે આશરે અર્ધા કલાકના રસ્તા ઉપર છે.

પારસીઓને આ પુરાણા શહેરનાં ખંડીએરો બે સબબે ઇઆરત સમાન ની મુલાકાત લાયક છે. એક તો આ કે તે આપણા પેગામ્બરના ભાગ્યવંતા માતા દોગડોનું જન્મ શહેર ગણાયું છે. બીજું તો તે આપણા પેગમ્બરના જાએનશીનો "જરથુસ્ત્રોતેમો" નું મુખ્ય મથક હતું. હાલના શબ્દોમાં કહીએ તો આગલા જમાનામાં કેટલીક વખત આ શહેર ઇરાનના મોબેદાન મોબેદ (Archbishop) નું, તેના મેટ્રોપોટીલીટન (Metropolitan) નું મથક હતું.

એ શહેરની સ્થાપના શાહ હોશંગને લાગુ પાડવામાં આવે છે. જ્યારે ખ્રીસ્તી પુસ્તકોમાં પણ આ શહેરને ક્રાઇસ્ટની આગમજ આસરે ચાર હજાર વર્ષપર એક પીકતું શહેર જણાવ્યું છે, ત્યારે શાહ હોશંગ સાથ આ શહેરનો સંબંધ લઇ તેને પુરાણું ગણવાની બાબત સંભવીક દીસે છે. બીજા રેશી લખ્યોમાં પણ એ શહેરને યાદ કર્યું છે. કહે છે કે જાણીતા હારૂન અલ રશીદનો પણ એ શહેરમાં જન્મ થયો હતો (ઇ. સ. ૭૬૩). આ પુરાણા શહેરના ખંડીએરોમાં મળતી ઇટરડી હજુર પણ "બીશ્તે ગબ્ર" એટલે "આતશપરસ્તોની ઇટરડી" એમ બોલાય છે. આરબોની ફતેહ પછી પણ કેટલીક વખત સુધી આ પુરાણા શહેરમાં કાંઇક જરથોશતી વસ્તી હતી અને જ્યારે ઓમયદ (Ommayad) વંશને દુર કરી આબાસીદ (Abaasid) વંશનો અમલ થયો, ત્યારે આ પાછલા વંશ સામે બળવો ઉઠાવનારાઓમાં સીનબાદ (Sinbad) નામનો એક જરથોશતી હતો, જેણે રઘેથી તે નીશાપોર સુધીના મુલકમાં પોતાનો કાંઇક કાબુ સ્થાપ્યો હતો.

આ શહેર, ઉપર કહ્યું તેમ, હાલ ફક્ત ખંડીએરોમાંજ હસ્તી ભોગવે છે અને તે ખંડીએરો પણ કોઇ જમીન ઉપર ઉંચે દીસે એવાં નથી. જમીન ઉપર ઉભાં રહેલાં બે ત્રણમાં એકાદ નાનો મીનારો કદીમ વખતનો ગણાય છે. આ શહેરની જગ્યામાં કોઇક ટેકરાઓ "તપ્પે એ ગબ્ર" તરીકે ઓળખાય છે. એમાંના એકાદ બે માં મેં કાંઇક ઉપર ટપકે ખોદી જોયું તો તે કાંઇ ઉરૂમીઆ માફક અસ્તોદાનો વાલા "ગઓર તપ" જેવા ટેકરાઓ નથી પણ કોઇ અસલી પારસી ઇમારતોના ખંડીએરોના બનેલા ટેકરાઓ છે. અંદર કોઇ ખજાનો હોય તેની શોધની

મતલબથી યા કોઇ ઐતિહાસિક વાકફી મેળવવાની મતલબથી કાંઇ ખોદકામના ખાડાઓ આપણે જોઇએ છિએ. એવાં એકાદ સાંકડા ખોદકામના (subterranean) ખાડાના માર્ગમાં ઉતરી જોતાં કાંઇ પણ ખાસ જાણવાજોગ માલમ પડયું નહીં.

અહીંથી જે "ખીશ્તે ગબરી" એટલે "આતશપરસ્તોની ઇંટ" એવે નામની ઇંટરડી નીકળી છે તે પડોશમાં કોઇક ઘરોમાં વપરાયલી આપણે જોઇએ છિએ.

તેહરાન ખાતે આપેલાં ભાષણો.

તેહરાન ખાતે મેં ચાર ભાષણો આપ્યા છે. એક તા૦ ૮ મી નવેમ્બરે આપણા જરથોશ્તી હમદીનો હજુર "જરથોશ્તીઓ તરીકેની આપણી ફરજો" ઉપર અર્બાબ કેખસરૂના પ્રમુખપદ હેઠળ એક જશન બાદ કર્યું હતું. બીજું તા૦ ૯ મીએ વડા વજીરના પ્રમુખપદ હેઠળ "અસલી ઇરાન" ઉપર કર્યું હતું. આ ભાષણ વેળાએ અત્રેના અમેરીકન મીશનના કેટલાક પુરૂષો હાજર હતા, જેઓમાં એક ત્યાંની સ્કુલના એક વડા હતા. તેવણે ભાષણ બાદ કાંઇક પ્રસન્નતા જણાવી પોતાની સ્કુલના ચેલાઓ હજુર કોઇ એવીજ બાબત ઉપર એક ભાષણ આપવા મને એલતેમાસ કરી, તેથી ત્રીજું ભાષણ એઓની સ્કુલમાં તા૦ ૧૦ મીએ સવારે "અસલી ઇરાનના શીક્ષણ તેના હાલના બેટાઓને આપેલો વારસો" એ બાબત ઉપર કર્યું ત્યાર પછી અત્રેના જવાનોએ પોતાની મીજલસમાં એક સાંજે મને બોલાવ્યો, ત્યારે તેઓ, જેઓમાં ઘણાંક બહાઇ પંથના હતા, તેઓ હજુર ચોથું ભાષણ "ધર્મ અને ધર્મના તત્વો" બાબે કીધું હતું. એ ઉપરાંત અર્બાબ કેખસરૂએ મને બેશી સાથીઓ (હમરાહાન) સાથે ખાણું આપ્યું હતું, ત્યારે આઝરબાએજાનના મારા અનુભવ બાબે કાંઇક વીગતે બોલ્યો હતો કે જે પ્રસંગે ઇરાનની દરબારના કોઇક જાણીતા પુરૂષો હાજર હતા.

તેહરાન, ગ્રાંડ હોટેલ,
તા૦ ૧૩ મી નવેમ્બર ૧૯૨૫.

તેહેરાન—ત્યાંના જરથોશ્તી ભાઇઓ અને તેઓના ખાતાંઓ.

મારા આગલા પત્રમાં હું તેહેરાન શહેર માટે સામાન્ય રીતે અને તેના હાલના રાજ્ય અમલ માટે ખાસ કરીને બોલ્યો છું. આ પત્રમાં હું આ રાજધાની શહેર માટે ખાસ કરીને કાંઇક જરથોશ્તી નજરે બોલીશ. હું પહેલે બે બોલ અહીંની જરથોશ્તી અન્જુમનના વડા અર્બાબ કેખસરૂ શાહરૂખ માટે બોલીશ. જેવણ અન્જુમનનાં વડા હોવા ઉપરાંત ઇરાનની કુલ્લે જરથોશ્તી અન્જુમનનાં આગળ જણાવેલી રાજ્યસભા (પાર્લામેન્ટ) માં પ્રતીનીધી છે.

સર જમશેદજી સ્કુલનો એક આગલો છોકરો આજે ઇરાનની પાર્લામેન્ટનો સભાસદ. અર્બાબ કેખસરૂ શાહરોખ.

આપણા આવસ્તા પ્રમાણે અસલમાં એક ઘરાની માતપીતા પોતાના ઘરના આતશ આગળ દુઆ ગુજારતાં કે તેઓનો બેટો અન્જુમનમાં બેસનાર (વ્યાખમન) થાય. અહીંની જરથોશ્તી અન્જુમનના વડા અકાબર અર્બાબ કેખસરૂના સંબંધમાં જાણે એવણની માતાની દુઆ સફળ થઇ છે. ચોત્રીસ વર્ષ પર એવણે સર જમશેદજીની સ્કુલમાં આશરે એક વર્ષ સુધી થોડી કેળવણી લીધી હતી, અને ત્યાર પછી ઇરાન આવી તેહેરાન ખાતે વધુ કેળવણી લીધી હતી. ત્યાર પછી ધંધા–ધાપામાં પડવા સાથે તેવણે આસરે ૭ સાત વખત યુરોપ અને અમેરીકા વીગેરે મુલકોની મુસાફરી કરી ધંધા રોજગાર, વેપાર વણજ અને દેશ દેશની પાર્લામેન્ટોના રાજકારોબાર, એ સર્વનો અનુભવ મેળવ્યો છે. આ સર્વ જ્ઞાન સાથે તેવણ આજે ઇરાનની જરથો-

હતી અન્જુમનનાં એક પ્રતિનિધી તરીકે અહીંની પાર્લામેન્ટમાં કેટલાંક વર્ષ થયાં બીરાજે છે અને પોતાની કોમનાં ભલાંમાં અને સાથે સાથે દેશનાં ભલાંમાં, આજુ બાજુનાંઓનું માન અને પ્રિતિ ભોગવી, આગેવાનીભર્યો ભાગ લે છે. એ જોઇ આપણને ખુશી ઉપજે છે. સર જમશેદજી રેકુલ પોતાના તે વખતના એક છોકરાની હાલની કારકીર્દી માટે વાજબી મગરૂરી લઈ શકે. એવણે મારી પિછાણ આશરે વીસ વર્ષ પર કરેલી કે જ્યારે તેવણે પોતાના એના હમદીનોને તેમજ સાથે સાથે પરકોમવાળાઓને ગ્નાન આપવા કાજે જરથોશ્તી ધર્મ બાબે "ફરગે માઝદયશ્ની" નામે એક ચોપડી પ્રગટ કરી હતી અને તેમાં પારસીઓના ધર્મ બાબેના મારા વિષયનો કાંઇક તરજુમો આપ્યો છે. હાલની હકુમતમાં નાણાં સંબંધી (Financial) કેટલુંક કામ એવણ કરે છે, જે માટે પાર્લામેન્ટ હાઉસમાં એવણ માટે ખાસ જગ્યા કરી છે. હીંદના પારકાં રાજ્યોમાં જરથોશ્તી ભાઇઓએ દીવાનના ચઢતા ઓદ્ધાઓ ભોગવી મશહુરી મેળવી છે. આપણ ફુલા ગુજારીશું કે આ પોતાના વડીલોના વતનમાં એવણ પોતાની બાહોશી એવો કોઇ ચઢતો ઓદ્ધો ભોગવી પ્રદર્શીત કરે.

અર્બાબ કેખશરુનું આલીશાન મકાન. ત્યાંનાં સુંદર ચિત્રોમાં રાણી કલીઓપેત્રાનું ચિત્ર. તેવણે આપેલું ખાણું.

અર્બાબ કેખસરૂનું અસલ શહેર કેર્માન છે અને એવણની ઓળખ તે ઉપરથી કેર્માની તરીકે છે. પણ તેવણ ઘણાં વર્ષ થયાં અહીં તેહેરાન આવી વસ્યા છે અને અહીંની જરથોશ્તી અન્જુમનના વડા છે. તેવણનું અહીં એક મોટું સુંદર મકાન છે. ઇરાનના મકાનો બાહેરથી સુદલ ખેંચાણ કરનારાં નથી. તેહેરાન જેવાં કોઇક શહેરોના અપવાદ સીવાય અહીંના શહેરો યા ગામો પણ બહારથી ખેંચાણ કરનારાં નથી. તેઓમાં કાંઇ ચપલ જીંદગી (life) જેવું બહારથી દેખાય નહીં. આપણ સાધારણ રીતે કહેતી તરીકે બોલ્યે છિએ કે "દરેક માણસનું ઘર તેના કીલ્લા સમાન છે." પણ ઇરાનમાં તો :ખરેખર તેમ છે. બાનુઓની પરદેહનશીનીના સબબે ખાસકરી તેમ છે. તમો મોહલ્લાઓમાં ફરો તો જાણે એક મંદ થયલાં શહેર (Dead city) માં ફરતા હોવ તેમ લાગે. આજુ બાજુ નજર કરી શહેરની જીંદગીનો કાંઇ ખ્યાલ લેવા માંગો તો તે સહેલાઇથી બની શકે નહીં. શહેરોના બજારો સીવાય સઘળું બાહેરથી તમારાં અવલોકન માટે બંધ હોય છે. તમો મોહલ્લાઓમાં ફરો તો જાણે બન્ને બાજુઓ ઉપર ઉંચી દીવાલો વચ્ચે ફરો. તે દીવાલોમાં કેયે તમારી નજરે નાહનું બારણું પડે. તે બારણાંમાંથી તમો અંદર જાઓ ત્યારે ચોક સાથે અંદર મકાન માલમ પડે. મોટાં મોટાં આલીશાન મકાનોના સંબંધમાં પણ નજદીક એમજ છે અને અર્બાબ કેખસરૂના સુંદર મકાનના સંબંધમાં પણ એમજ હતું. બહારથી ખેંચાણ કરનારી રેલીંગ વીગેરે સાથના દરવાજા (gates) જેવું થોડું દીસે છે. પણ એવા અ-ખેંચાણ કરનારા દરવાજામાંથી એક ગલી સમાન માર્ગે તમો એક સુંદર ચોકમાં દાખલ થાઓ છો ત્યારે ત્યાં સુંદર ફુલફળનો બાગ અને ફુવારો વીગેરે જુઓ છો, ને પસાર કરી તમો ઇરાનના મશહુર ગાલીચાઓથી આરાસ્તે થયલું દીવાનખાનું અને ઓરડાઓ જુઓ છો. આપણા અર્બાબના સુંદર મકાનનાં સંબંધમાં પણ એમજ હતું.

એવણના દીવાનખાનામાં એવણના એક બેટાને હાથનાં ચિતારવામાં આવેલાં સુંદર ચિત્રોનો જે સંગ્રહ છે, તેમાં ઇજીપ્તની આગલી એક મશહુર રાણી, રાણી કલીઓપેત્રાનું જે સુંદર ચિતારેલું ચિત્ર છે, તેણે મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું. આ ચિત્ર આ રાણીની જીંદગીના છેલ્લામાં છેલ્લા તબક્કાનું ચિત્ર છે. તેણી

પોતા પાસે એક દાબડીમાં ઇજીપ્તના ન્હાના ઝેરી સાંપોમાંનો એક સાંપ (asp) ને રાખતી કે જ્યારે નહીં છુટી શકાય એવી મુશ્કેલીમાં આવે ત્યારે સેવટે તે દાબડીમાંથી તે સાંપને કહાડી તેની પાસે પોતાને દંખ લગાડી આપઘાત કરી મરણ પામે. આ ચિત્રમાં આ સુંદર રાણીને તેણીને તરેહવાર વિચિત્ર તબક્કાઓમાંથી પસાર થયલી જીંદગીની સેવટે હાથમાં પેલા સાંપને ધરતી દેખાડી છે, જાણે કે તેણી પોતાને તે સાંપ પાસે દંખાવે છે અને તેમ કરી પોતાની જીંદગીનો છેડો લાવે છે.

મેં મારા એક આગલાં પત્રમાં જણાવ્યું છે તેમ શેક્સપીઅરે પોતાના એક નાટક (Antony and Cleopatra) થી ઇજીપ્તની આ મશહુર રાણીને વધારે મશહુર કીધી છે. હવે એક ઇરાની જરથોસ્તીના ઘરમાં તેણીનું ચિત્ર ખાસ કરી એક પુરાણી યાદ આપે છે, કે અસલી રોમ ઇરાન સાથે જે ચાલુ ઝઘડો કરતું હતું, તે ઝઘડાના સંબંધમાં એનટનીએ ઇરાન ઉપર હુમલો કરવાને એક વખત કોશેશ કીધી હતી. ઇજીપ્ત રોમ કરતાં ઇરાનની વધારે નજદીક હતું. તેથી ત્યાં પોતાનુ મુખ્ય મથક (Head-quarters) કરી, ત્યાંથી ઇરાન ઉપર હુમલો લઇ જવાની તેની મતલબ હતી. આ મતલબ ખાતર તેણે ઇજીપ્ત આવી કલીઓપેટ્રાની મહેરબાની અને સંગત શોધી હતી. કલીઓપેટ્રાએ તેની સંગત કીધી પણ ઇરાન ઉપર ઇજીપ્ત તરફથી હુમલો કરવાની એનટનીની નેમ તેણીએ પાર પાડી નહીં. આ મુજબ આ રાણી તે વખત માટે જાણે ઇરાનને બચાવનાર (Defender) હતી. ત્યારે એક ઇરાની જરથોસ્તી તરીકે અર્બાબ કેખસરૂનો આ દિવાનમાં આ રાણીનું ચિત્ર જાણે એક લાયક જગ્યાએ મેલાયલું હતું.

પોતાના આ મકાનમાં અર્બાબ કેખસરૂએ બે રાત મહેરબાની કરી અમો પારસીઓને ખાણું આપ્યું હતું. તેમાં એક ખાણું તો જાણે આરીથીઆલ ખાણું હોય તે પ્રકારનું હતું. તે વેળાએ તેવણે ઇરાનના વડા વજીર સાહેબને અને સલતનતના બીજા મોટા સાહેબોને બોલાવ્યા હતા. તે દરમ્યાન સલામતીના જવાબમાં મને આઝરબએઝાન ખાતેની મારી મુસાફરીનું કાંઇક વર્ણન આપતાં અને આપણા પેગામ્બરનાં મુલક તરીકે ઉરૂમીઆના મુલક તરફ ખાસ ધ્યાન ખેંચી આપણા પારસીઓની હજાર વર્ષ બાદ પણ ઇરાન વતન તરફની કાંઇક જાન ફેશાની ઉપર ધ્યાન ખેંચતાં ઘણી ખુશી ઉપજી હતી. અર્બાબ કેખસરૂની આ દિવસની મેહેમાનદારી માટે અમો તેઓના આભારી છીએ. તેહેરાન આવતાં પોતાના બેટાને મોકલી કરેલી "એસ્તેકબોલી" ની મહેરબાની તેવણે પેહલા દિવસ સુધી મહેરબાની કરી ચાલુ રાખી હતી. ખુદા એવણની જીંદગીને જશવંતી કરે એવી મારી દુઆ છે.

એક ઉમેદ. જે મુલકમાંથી આપણે એક વખત નાશભાગ કરી હીંદુસ્તાનના મેહેમાનદાર કિનારા ઉપર આશરો લીધો હતો, તે મુલકની સલતનતમાં હાલને વખતે એજ મુલકનો એક જરથોસ્તી લાગવગ અને કાંઇક સત્તા ભોગવે અને પોતાના પાદશાહ સમાન રાજકર્તાનો વિશ્વાસ ભોગવે, એ આપણને હરખાવનારૂં છે અને વળી ભવિષ્યની કોઇ સારી આશા આપનારૂં છે. આપણા હીંદના રાજકર્તાઓ કાંઇ સર્વ ફરેસ્તા સમાન નથી. તેઓમાં તેઓની પોતાની ખામીઓ છે જે તરફ આપણે કાંઇ આંધળા નથી. તેઓમાં જે કાંઇ નહીં છુટી શકાય એવી જરૂરી ખાસીએતની વધારે જરૂર છે તે આપણા નામદાર પાદશાહે જણાવવા પ્રમાણે આપણા દેશ તરફ દીલસોજી (sympathy) છે. આ સર્વ છતાં મેં જે જોયું છે, જાણ્યું છે, વાંચ્યું છે, અને સાંભળ્યું છે, તે ઉપરથી કાંઇક કમીના વિચારથી કહું છું, કે હીંદુસ્તાનને અને તેમાં આપણી કોમને અંગ્રેજો કરતાં કોઇ વધારે લાયક રાજકર્તા મળવા મુશ્કેલ

હતા અને મુશ્કેલ છે. તેઓએ આપણા દેશનું ભલું કર્યું છે અને કરશે. તેઓની રેહબરી હેઠળ આપણે સર્વ સંજોગો વચ્ચે, કાળ, સ્થળ અને સ્થીતી પ્રમાણે, કાંઇક આબાદ અને સુખી છિએ. તેથી આપણે કાંઇ ગાંસડા પોટલા બાંધી ઇરાન આવનાર નથી. પણ જ્યારે આપણા સાહાસીક ભાઇઓ યુરોપ અને આફ્રીકાના મુલકોમાં ધંધા રોજગાર માટે જઇ પાંચ પૈસે સુખી થયા છે, ત્યારે તેવા થોડાક સાહસીક ભાઇઓ પ્રમાણીકપણાને પોતાની પુંજી તરીકે અથવા પુંજીના એક ભાગ તરીકે લઇને અહીં આવે તો તેઓ હાલના દીલસોજ વખતમાં પોતે કાંઇક સુખી થાય, આ દેશને સુખી કરવામાં પોતાનો કાંઇક હીસ્સો આપે અને જરથોસ્તી નામનામાં કાંઇક વધારો કરે.

અત્રેના જરથોસ્તી ભાઇઓની મુલાકાત.

અત્રેની જરથોસ્તી અન્જુમનના આવકાર માટે અમો અન્જુમનના આભારી થયા છિએ. આપણે શાહનામામાં "એસ્તેકબાલ" ના કોઇ કદીમ રેવાજ માટે વાંચ્યે છિએ કે પોતાના શહેરમાં આવનારાઓ કોઇક સફરીઓને શહેર બહાર "એસ્તેકબાલ" યાને લેવા જાય. તેમ અર્બાબ કેખસરૂના બેટા અને બીજા અન્જુમનના આકાબરો અમોને આશરે એક કલાકના માર્ગ ઉપર લેવા આવ્યા હતા. પછી તેહેરાન આવવાને બીજે દહાડે અર્બાબ કેખસરૂના આલીશાન મકાનમાં "દીદની" એટલે જોવા યા મળેવા આવનારાઓની બેઠક મળી હતી. સવારે આઠથી આશરે અગ્યાર કલાક સુધી આપણા જરથોસ્તી ભાઇઓ અચાર નવાર પોતાની સગવડે મળવા (visit) કાજે આવતા હતા. અત્રે જાથુકના આવી રહેનારાઓએ આ "દીદની" ના રેવાજ બાદ "પસ-દીદની" યાને વળતી મુલાકાત (return visit) નો રેવાજ પાળવાનો હોય છે. પણ અમારા જેવા શહેરની ઉડતી મુલાકાત લેવા આવનારાઓને આ વળતાં કામથી દરગુજર કરવામાં આવે છે. અર્બાબ કેખસરૂના દીવાનખાનામાં નાની ટેબલો ઉપર મીઠાઇ મેલી રાખી હતી કે મુલાકાતે આવનારાઓ, જેઓ દરેકને ચાહ આપવામાં આવતી તેઓ ગમે તો સાથે મોહું મીઠું કરે. આવી રીતે અત્રેના જરથોસ્તી ભાઇઓની મુલાકાત કરવાની એમ જોગવાઇ આપવા કાજે અમો સર્વ અર્બાબ કેખસરૂના ઘણા આભારી થયા છિએ.

આરબાબ જમશેદ.

આ મુલાકાત આપવા આવનારાઓમાં અર્બાબ જમશેદને જોઇને મને ઘણી ખુશી ઉપજી હતી. તેવણનું મુબારક નામ અને તેવણનાં કામ મેં સાંભળ્યાં હતાં કે એક વખત તેવણે અત્રે ઘણી જાહોજલાલી જોયલી અને દોલતમાં રેલછેલ ભોગવી તેહેરાનમાં જાણે બાંકે બેંક સમાન મોટી આબરૂદાર આંટ ભોગવતા. પણ જમાનાની ગેર્દશથી, જેઓને તેવણે નાણું ઉછીકું આપેલું તેઓની ગેર-વ્યવસ્થા સબબે, અને જે જમીનમાં એવણે પુંજી રોકેલી તે જમીનની કીમત ઘટવાને સબબે અને એવા બીજા સબબોએ એવણને કાંઇક માઠો વખત જોવો પડયો છે. હું તેવણને મળવા જવાની ખાહેશ રાખતો હતો કે આ મુબારક નામવાળા હમદીન, જેવણે અત્રે પોતાનું નામ મશહુર કરેલું, તેવણના મુબારક દીદાર જોઉં, પણ તેટલામાં તેવણજ ઉપલી "દીદની" ની મીજલસમાં આવ્યા. તેવણ બુજોર્ગ ઉમરે પહોંચ્યા છે. તેવણને જોઇ મેં તેવણ સાથે બગલગીરી કીધી. અને મીજાજપુરસી કીધી. આ મુલાકાત પછી બે ત્રણ મીજલસોમાં તેવણ મળ્યા અને તેવણનો પરનુર ચેહરો જોઇ મને ખુશી ઉપજતી હતી. આજે આ લખતાં પણ હું તેવણને માન અને મોહોબત સાથે યાદ કરૂં છું અને દુઆ ગુજારૂં છું કે ખુદા એવણની મુશ્કેલી દુર કરે. એવા ભલા ખવાસના નેકનામ બુજોર્ગોને જોવા, કે પોતે ભલાઇ, નેકનામી અને

બુઝોર્ગીનો કાંઇક અંશ મેળવવા બરાબર છે. ઉગતા સુર્ય કરતાં આથમતાં સુર્યનાં કીરણો આપણને કોઇ વખત વધારે સારી ખુશી અને ભલી પ્રેરણા આપે છે.

આ મીજલસમાં, અને તે પછી, જે બીજા ગ્રહસ્થને જોઇને મને ઘણી ખુશી ઉપજી તે મી૦ અર્દેશર રીપોરટર હતા. તેઓ અત્રે અહીંના જરથોસ્તીઓના લાભો સાચવવા કાજે આવ્યા ત્યારે ફારસી, તુર્કી વીગેરે મધ્ય એશીઆની ભાષાઓ બોલનાર એક ચંચળ જવાન તરીકે મુંબઇમાં જણાયલા હતા. તે વખતે આપણા શહેરમાં આવનારા ઇરાનના કોન્સલોના તેઓ એક પ્રકારે રહેબર થઇ પડતા હતા અને તે કોન્સલો આપણી પારસી મીજલસોમાં આવતા ત્યારે એઓ તેઓના બોલવાનો તરજુમો મીજલસને કહી સંભળાવતા હતા.

પેહેલા દિવસની અમારી આમદ વેળા અર્બાબ કેખસરૂના બેટા "અફ્લાટુન" અમારા ભલા રેહબર થયા હતા. "અફ્લાટુન" એ યુનાની પ્લેટો (Plato)નું ફારસી રૂપ છે. આપણામાં કોઇ છોકરો, મસ્તીખોર હોય છે તેને આપણે "અફ્લાટુન" કહીએ છિએ, તે શા સબબે તે બરાબર સમજ પડતી નથી, સબબ કે યુનાની ફીલસુફ "પ્લેટો" એવો કોઇ મસ્તીખોર ફીલસુફ હતો નહીં. પણ આપણામાં જેમ પોષાકગીર (પોષાગીર), એરકી વીગેરે શબ્દોએ કોઇ સબબે કાંઇક ઉતરતો અર્થ લીધો છે, તેમ આ અફ્લાટુન નામના સંબંધમાં બનેલું દીસે છે. આ "અફ્લાટુન" પોતાના પીતાની કિર્તિને રોશન કરે એવા પુરૂષ નીવડવાની આશા આપે છે. તેઓ યુરોપમાં કંઇતી કેળવણી લીધી છે.

અત્રેની દરેમેહેરની મુલાકાત. ત્યાં કરવામાં આવેલું જશન. ત્યાં મારૂં ભાષણ. ત્યાં જાહેર થયલી સખાવત.:

તેહેરાન આવી પહોંચવાને બીજે દીને ઉપલી "દીદની" ની મીજલસ ખલાસ થતાં, હું અત્રેની નવી સ્થાપયલી દરેમહેર જોવાને ગયો હતો. આ દરેમેહેરમાં જતાં અને ત્યાર પછી એકથી વધુ વખત મેં અંદેરીવાળા મી૦ બેરામજી ભીમાજી પટેલ અને બેહવાર અને મીસ્ત્રી ઇજનેરોની પહેડીવાળા મી૦ જમશેદજી મીસ્ત્રીને કાંઇક ખુશી સાથે યાદ કર્યા હતા. સબબ કે આ દરેમહેર અને અત્રેની જરથોસ્તી છોકરીઓની નિશાળ સ્થાપવામાં એ ભલા ભાઇઓનો ઉમંગી હાથ હતો. આ કામ કાજે સ્થપાયલી મુંબઇની કમીટીનાં પ્રમુખ તરીકે મેં એ કામમાં મારો કાંઇક કમીનો હીસ્સો આપ્યો હતો, તેથી એ દરેમહેર અને નિશાળ જોવાને મને ઘણી ખુશી ઉપજી હતી. નજદીક સાત માસે એક આદરાનમાં પવિત્ર આતશની મુબારક રોશની જોઇ આતશ નીઆએશ કરતાં મને ઘણી ખુશી ઉપજી હતી. આ આપણા પુરાણા વતનમાં, ખુદ તેની રાજ્યધાનીમાં, આપણા પવિત્ર આતશ કદેહમાં ઉભા રહી જયારે મેં યાદ કર્યું, કે આ દુર દેશમાં બે ત્રણ વખતની ધારેલી નેમમાં નીષ્ફળતા મેળવવા બાદ આખરે તે દાદારની મહેરથી હું આવી શકયો છું, ત્યારે મને મોટી ખુશી ઉપજી હતી. આ અને આવા કોઇ વિચારો સાથે આ આદરાનના દાનો મોબેદ ભાઇને હરખના આંસુ સાથે—હું કોઇક અલંકારીક રીતે બોલતો નથી, પણ ખરેખર મારી આંખમાંથી એકાદ ખુશીનાં આંસુ ટપક્યાં હતાં—મેં બગલગીરી કીધી. હજાર વર્ષપર છુટા પડેલા અત્રેના મારા હમકાર મોબેદોના હાલના એક વારેસ મોબેદ ભાઇ સાથની બગલગીરી, તે સાથના આગલા પાછલા વિચારો સાથે, અજબ ખુશી આપનારી હતી.

આ દરેમહરમાં રોજ હોરમઝદ માહ ખોરદાદ તા૦ ૮ નવેમ્બરને દીને ભાઇ રૂસ્તમજી માદીઆ એક જાહેર જશન કરાવ્યું હતું. તે બાદ મારે એક ભાષણ આપવું એમ ઠરાવ્યું હતું. તે માટે સર્વ જરથોશ્તી બાનુઓ અને ગ્રહસ્થોને જાહેર આમંત્રણ કરવામાં આવ્યું હતું. અહીંના આપણા જરથોશ્તી હમદીનોમાંના ઘણાઓના મુબારક દીદાર ત્યાં જોવાને અમોને ઘણી ખુશી ઉપજી હતી.

આ પ્રસંગે મને ખાસ ખુશી આ સબબે ઉપજી હતી કે તે દાદારની મહેરબાનીથી મારી સરજતમાં હતું કે હું આપણા અસલી ઇરાની બાપદાદાઓની ભૂમીમાં જશન કરૂં. તેહેરાનમાં મોતી જરથોશ્તી વસ્તી થોડાં વર્ષનીજ છે અને દરે મેહર પણ, આગળ જણાવ્યું તેમ, થોડાં વખતનીજ બંધાઇ છે. આ સબબે આ શહેરમાં મોબેદો પણ બેજ છે. તેઓ માંહીં એક ભાઇને સફેદ પોષાક સાથે માથા ઉપર ઇરાની મોબેદો માફકની પણ કાળા રંગની પાગડી પહેરેલા પેહલે દહાડે જોઇ અને તેવણુના સાથીને પણ તે દહાડે કાળા રંગના પોષાકમાં જોઇ હું કાંઇક અજબ થયો હતો અને તે અજાયબી તેઓને દેખાડી હતી. અત્રેના કોઇક ઇરશાદી ભાઇઓનું ઝનુન તેઓએ એવા પોષાકના સબબ તરીકે જણાવ્યું હતું. તે વખતે અર્બાબ કેખસરૂએ તેઓને જણાવ્યું હતું કે હવે વખત બદલાયો છે. માટે જો તેઓ ચાહે તો હવે સફેદ ફેંટાની પાગડી સાથે તેઓ શહેરમાં ફરી શકશે. આ જશન વખતે આ બંન્ને મોબેદ ભાઇઓએ સફેદ પોષાક પહેર્યો હતો અને એકે મારી આત્રવક્ષી કરી હતી. બીજા ભાઇએ બાજ ધરી હતી.

અત્રેના રેવાજ પ્રમાણે તાજાં મોસમના ફળ ફુલો ઉપરાંત કપડાંના મોટા બે થાંસડાઓમાં સુકો મેવો જશનમાં મેહલ્યો હતો, જે જશન બાદ મુઠી મુઠીએ સર્વ ભેગા મળેલા પુરૂષોમાં વેહેચી આપવામાં આવ્યો હતો.

હું મારા એક આગલા પત્રમાં બોલ્યો છું કે ક્રિયાઓની અલાત સમાન ગણાતી ચીજોમાં, કાળ, સ્થળ અને સ્થીતી પ્રમાણે ફેરફાર થાય છે. હવે તેહેરાનમાં તેની ઠંડી આબોહવાને સબબે ખજુરીના ઝાડો થતાં નથી. ત્યારે યજશનેની ક્રિયામાં અઇવ્યાંઘ્નોઇહન તરીકે શું વાપરવામાં આવે છે તે પુછતાં માલમ પડ્યું કે ખજુરીને બદલે "તુટ" યાને સેંતુરના ઝાડને કામમાં લેવામાં આવે છે.

જશન બાદ અને ઉપર જણાવવા મુજબ ચાશની માટે સુકો મેવો વેંહેચવા બાદ મીજલસ ત્યાંના એક દીવાનખાનામાં ભેગી મળી, જ્યાં બાનુઓ પણ હાજર હતાં. ત્યાં મેં "જરથોશ્તીઓ તરીકેની આપણી ફરજો" બાબે ફારસીમાં એક ભાષણ કર્યું હતું. ભાષણ બાદ અર્બાબ કેખસરૂએ અત્રેની જરથોશ્તી અન્જુમન તરફથી મને એક રૂપાનું વાઝ કદરશનાસીના કાંઇક લેખ સાથે ભેટ આપ્યું હતું. ઇરાનના પાયતખ્તનાં જરથોશ્તી ભાઇઓની મારા કાંઇક કમીના અભ્યાસ અને સેવાની આ કદરશનાસી માટે હું આભારી છું.

મારા ભેટણાનું કાંઇ ભલું કામ.

ભાષણની છેવટે મારા ભેટણા પેથી ભાઇ રૂસ્તમજી માદીઆ ૫૦૦) તુમાન એટલે રૂ૧૫૦૦) થી કાંઇક ઉપર તેહેરાનની જરથોશ્તી અન્જુમનનાં ધર્મખાતાંઓ માટે આપ્યા અને તેનો કેમ ઉપયોગ કરવો, તે અર્બાબ કેખસરૂની મુન્સફી ઉપર મેહલ્યું. આ અર્બાબે તેવણુનો આ સખાવત માટે ઉપકાર માન્યો. એક મુળ કુટુંબના એક શાખાદાર (A chip of the same block) તરીકે ભાઇ રૂસ્તમજીની આ બક્ષેશથી જેટલી તેહેરાનની જરથોશ્તી અન્જુમનને તેટલી, બલકે તે કરતાં વધારે, મને ખુશી ઉપજી. એક મુળ કુટુંબનો એક આસામી પોતાના ભલાં કામથી યા ભલી વર્તણુંકથી મુળ કુટુંબની નામના વધારે છે અને તે નામના તે મુળ કુટું-

ઓની સર્વ શાખાઓના સજ્જનોને હરખાવે છે. બાઇ રૂસ્તમજી મોદી જેમ પીતા તરફથી તેમ માતા તરફથી "મોદી" છે. અમારા મોદી કુટુંબના સ્થાપક નૌસારીના એક ખુણામાં એક નાની ગાંધીની દુકાન ચલાવતા હતા. તે સબબે તેવણ "મોદી" તરીકે ઓળખાતા, સબબ કે "મોદી" નો અર્થ "ગાંધી" થાય છે. એ મોદી કુટુંબના એક જીવનજી મોદીના એક બેટા બહમનજી નામના હતા. તેવણનાં એક પુત્ર બેટા મેરવાનજીના એક બેટા કાવસજીના એવણ એક બેટા થાય છે. એજ જીવનજી મોદીના એક બીજા બેટા જમશેદજી મારા બાપાવાગ બાવા હતા. મારા પીતાને ત્યાં મારો જન્મ તેવણની મોટી ઉમ્મરે થયો હોતો. તે સબબે મેરવાનજી અમારા કોલાબાના ઘરોમાં, આ ... ૧૦૪, ... ના બેટા સમાન ગણાતા ઉમરે હતા. તે સબબે ... બાદ પણ તેવણ અમો બધ પેહેનાઓમાં 'મેરવાનજી બાવા' તરીકે બોલાતા હતા. ત્યારે એવા બાપ સમાન પીત્રાઇના નબીરાને બાવા બળે ગરીબાઇમાંથી આગળ વધી તવાનગર યાને શક્તીવાળા થવાના જોઇ અને તે તવાનગરી યા શક્તીનો ભલો ઉપયોગ કરતા જોઇ અવસરે મને ઘણી ખુશી ઉપજી હતી. પૈસાવાળા તો ઘણા હોય છે. પણ તે સર્વ "પૈસાવાળા" કાંઇ 'તવંગર" હોતા નથી. એક વાતો છે કે એક ધણીએ એક ડાહ્યા આદમીને પુછ્યું કે "તમો જાણો છો કે ફલાણો શખ્સ 'તવંગર' છે ?" તે ડાહ્યાએ જવાબ આપ્યો કે "તે 'પૈસાવાળો" છે એમ હું જાણું છું પણ તે "તવંગર" છે એમ હું જાણતો નથી." મતલબ આ કે "તવાનગર" એટલે (ફારસી 'તવાન ગર' ઉપરથી) શક્તીવાળો. તથા જે ઘણી પૈસાની શક્તી (power) ધરાવે ... આગુ- ... વધારે તેજ "તવાનગર" ગણાય નહીં તો પૈસા, જે ઘણા ઉપયોગ વગર જ ... ગણાય, તે ધરાવનાર ફક્ત "પૈસાવાળો" ગણાય પણ "તવાનગર" યાને "શક્તીવાળો" નહીં ગણાય.

વળી બાપદાદાથી મેળવેલી દોલતથી થયલા તવંગર કરતાં, જાતી બળે વધેલા પુરૂષ (a self-made man) તરીકે થયલા તવંગર આપણું વધુ ધ્યાન ખેંચે છે. તેમ આ ભાઇના સંબંધમાં છે. કલકત્તા ખાતે એક પારસી વેપારીની ઓફીસમાં એક મદદનીશ તરીકે અનુભવ મેળવી ત્યાં પોતાની ચંચળ બુદ્ધીથી વેપારી તરકીબો અખત્યાર કરી પોતાનો સ્વતંત્ર ધંધો કરવા ચાહ્યું. તેમ નાની શરૂઆતથી કોશેશ કરી, એવણના પ્રમાણીક ઉદ્યોગ અને વેપારી ઝેહને એવણને યારી દીધી અને આજે ખુદાએ તેવણને જે આપ્યું છે તેનો સદ ઉપયોગ કરે છે. પોતાના વ્હાલાં વતનને યાદ રાખી તેવણે ત્યાં અને બીજે ઠેકાણે આજ સુધીમાં આસરે રૂપીયા એક લાખથી વધુ સખાવત કીધી છે. એવણની એક ખેરી તરીકે આવી ભલી જીંદગીની અત્રે નોંધ લેતાં મને ઘણી ખુશી ઉપજે છે ખુદા એવણને હાથે ઘણા ભલાં કામો કરાવે!

અત્રેની જરથોસ્તી નીશાળોની મુલાકાત

તા૦ ૧૧ મા નવેમ્બરે અમોએ અત્રેની જરથોસ્તી છોકરા છોકરીઓની સ્કુલોની મુલાકાત લીધી હતી. છોકરાઓની સ્કુલ ઘણાં વખતની છે. તેમાં દાખલ થતાં બે મોટી છબીઓ જોતાં તેમાંની એક મને શેઠ મેરવાનજી પાંડેની તરીકે ઓળખાવવામાં આવી અને બીજી કોણની છે તે કોઇ જાણતું હતું નહીં. તે શેઠ માનેકજી પીટીટની હતી. એ બંન્ને સાહેબો ઇરાનનાં જરથોસ્તીઓનાં ભલામાં ઘણો ભાગ લેતા હતા. છોકરાઓની સ્કુલનાં મકાનમાં એક મોટું ચિત્ર હતું. જેણે મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું. તે મરહુમ શેઠ માનેકજી હાતરીઆએ ચિતરાવેલું કહેવાય છે. એ ચિત્રમાં શેઠ માનેકજી શાહ નાસરદીનને પારસીઓ તરફથી એક

અરજી આપે છે. ચિત્રના ઉપરના ભાગમાં કેટલાક બાનુઓનાં ચિત્ર છે. તેમાંનું એક ગુલિસ્તાન બાનુનું છે. એ બાનુ મરહુમ મિડી શાપુરજી દીનશાં પીટીટના વડીલ હતાં. અબાજ કેમસરૂના કહેવા પ્રમાણે તેવણ અંતણ (અબાજ) ના બપાજના પ્રિન્ થતાં હતાં.

આ મિટાં ચિત્રમાં નીચેનું બાનુઆની પરાનીઓની ભલત કુમારેનારી મંડળીના તે વખતના નીચલા કારોબારી સાહેબોનાં ચિત્રો જોઇએ છિએ:-

મનચેરજી શાપુરજી (અનસુખ).
દસ્તુર સોરાબજી મુલ્લાં ફીરોઝ.
માણેકજી નસરવાનજી પીટીટ.
બમનજી ક. કામા.
મરવાનજી ફરામજી પાંડે.
એદલજી નસરવાનજી શેઠના.
સર દીનશાજી મા. પીટીટ.
અરદેશર ડા. મુનશી.
એદલજી બ. માર્ચીસ.
નસરવાનજી મા. પીટીટ.
નસરવાનજી મે પાંડે.
ખુરશેદજી નસરવાનજી કામા.
અરદેશર સો. કાપડીન.

એ ઉપરાંત માનેકજી હાતરીઆનું પોતાનું અને તેવણનાં ધણીઆણીનું ચિત્ર છે.

આ મોટાં ચિત્રમાં એક ચિત્ર બાઇ વીરબાઇજી સોરાબજી (દાવર) નામનું છે આ મોટાં ચિત્રની નેમ એમ ધારવામાં આવેલી છે કે તેમાં શાહ નાસરૂદીનને તેના દરબારીઓ સાથે ચિતાર્યા છે. માનેકજી હાતરીઆ અને મુંબઇવાળી મંડળીના સાહેબો અને બીજાં પારસી બાનુઓ શાહને પારસીઓ તરફથી માથા મહેરબાની દેખાડવા માટે એક અરજી આપે છે.

આ નિશાળના મકાનમાં બીજું એક છુટું ચિત્ર મરહુમ મી૦ નસરવાનજી રતનજી તાતાનું છે. તે કોણનું છે તે અહીંવાળા જાણતા હતા નહીં. એ મરનારનો એ ખાતા સાથે કાંઇ ખાસ સંબંધ હતો નહીં. પણ કહે છે કે મરહુમ માનેકજી હાતરીઆ સાથે મિત્રાચારી હોય, તે ઉપરથી માનેકજીએ પોતાને ત્યાં તેવણનું ચિત્ર રાખેલું. જ્યારે માનેકજી ઉઠ થયા અને જ્યારે તેવણને ત્યાંથી ઉપલાં મોટાં ચિત્ર સાથે અહીં કાંઇક ચીજો લાવવામાં આવી, ત્યારે આ ચિત્ર પણ અહીં લાવવામાં આવ્યું.

ઇરાનનાં આ જરથોસ્તી બેટાઓના વર્ગોમાં ફરી તેઓની કાંઇ તપાસ લેતાં અમોને ઘણી ખુશી ઉપજી. તેઓને અહીં ફારસી ઉપરાંત અંગ્રેજી પણ શીખવવામાં આવે છે. હાલમાં જ્યારે પાર્લામેન્ટ મારફતે રાજ્યહુકુમત ચલાવવાનું શરૂ થયું છે ત્યારે ખુદા કરેને આ છોકરાઓમાંનો કોઇક પોતાના દેશની આ અન્જુમનમાં સારો ભાગ લેવાને શક્તીવાન થાય! અત્રેની જરથોસ્તી પ્રજાને રાજદ્વારી, ધાર્મિક અને સંસારી મુક્તી માટે જે જોઇએ છે, તે કેળવણી, કેળવણી અને કેળવણી છે.

અત્રેની છોકરીઓની નીશાળ મેં આગળ જણાવ્યું તેમ મી૦ બેરામજી બી. પટેલ અને મી૦ જમશેદજી મીસ્ત્રીને હુમે ખરચા થયલું નવું ઉઘડતું ખાતું છે. અત્રેની બાનુઓ જેઓ મીજલસમાં હાજર થાય છે, તેઓની અદબઅદા અને સલુકે, અત્રેના સ્થળકાળ અને સ્થીતી જોતાં, મારા મન ઉપર સારો છાપ માર્યો છે. તેઓ અત્રેની બીજી બાનુઓ માફક પોષાક પહેરે છે. તેઓ બુરખો ગમતો નથી તોપણ, જેમ આપણા દેશના પારસી બાનુઓ, અઢ સદીની અધવચમાં બુરખો નહીં રાખવા છતાં, માથા ઉપર અર્ધો ચહેરો ઢંકાય તેમ સોડ ખેંચતા હતાં, તેમ માથા આગળના પોષાકનો કાંઇક ભાગ ખેંચેલો રાખે છે. કોઇક આગળ વધેલાંઓ તદ્દન ખુલ્લો ચહેરો રાખે છે. તેઓની ચંચળ આંખો, સુંદર ચહેરા, અને માઠી જબાન, આપણા મન ઉપર સારો છાપ મારે છે અને આશા આપે છે કે અત્રેની ઉપલી નિશાળમાં છોકરીઓને સારી તરબીએત આપવામાં આવે તો

પોતાના વખતમાં તેઓ જરથોસ્તી ધરાનને, કદીમ ઘરાની બાનુઓ માફક, બહાદુર અને ચંચળ બેટાઓ આપશે કે જે બેટાઓ પોતાની કોમની કિર્તિમાં વધારો કરશે.

અત્રેની જરથોસ્તી અન્જુમનના ચુંટી કાઢેલા અકાબરોનો સોગંદ લેવાનો રેવાજ.

અત્રે અન્જુમનનો કારોબાર કરવા માટે દર બે વર્ષે નવા કારોબારીઓની ચુંટણી થાય છે. આ ચુંટણીનાં સંબંધમાં એક રેવાજ વિષે જે મેં સાંભળ્યું તેણે મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું. તે આ કે ચુંટી કઢાયલા સભાસદો ખાદરીઆનમાં જઈ પોતાના ઓહદાના સોગંદ લીએ છે તે એક પ્રકારે અન્જુમનનું કામ ઉદયોગ અને સારી નેયથી કરવાના સોગંદ છે. મારા કમીના વિચાર પ્રમાણે આપણી કોમના કેટલાક ખાતાંઓની કારોબર મંડળીઓના સંબંધમાં આ રેવાજની નકલ થાય તો તે ઘણું બરહક થઈ પડે. ઘણાંક ખાતાંઓમાં એવા જે ચુંટાયલા સાહેબો વર્ષમાં એકવાર પણ હાજરી આપતા નથી, તેઓને આવો સોગંદ લેવાનો રેવાજ કાંઇક ચપલ કરે અને પોતાના મંડળ અને તેના કામ તરફ વધારે વફાદાર બનાવે.

તેહરાનનું દખ્મું.

તેહેરાનથી લાખે તફાવતે એક પહાડની કદણ અત્રેના જરથોશતીઓ માટે મરહુમ મી૦ માનેકજી હાતરીઆએ એક દખ્મુ બરપા કરાવ્યું છે. ત્યાંની તખ્તી ઉપર એ જગ્યા માટે "દાદગાહ" શબ્દ વાપર્યો છે. તે આપણે હીંદુસ્તાનમાં એવી જગ્યાઓ માટે "આવલ મંજલ પ્હોંચાડવાની જગ્યા" "આરામગાહ" વીગેરે જે શબ્દો બોલપે છીએ તેનાં કરતાં વધારે બરહક શબ્દ છે, સબબ કે આપણા વંદીદાદમાં એને માટે જે "દાઇત્યો ગાતુ" શબ્દ વાપર્યો છે, તેનું એ "દાદ ગાહ" શબ્દ બરાબર રૂપ છે. આ દાદગાહ (દખમા) ની અમોએ તા૦ ૧૦ નવેમ્બરે મુલાકાત લીધી હતી. તેના દરવાજાને બીજી જગાઓ માફક તાળાંથી બંધ કરવાને બદલે ચણું રેતુથી સદંતર બંધ કર્યું હતું. તેમાં સબબ માં કહે છે કે મુસલમાનો તાળું ઉઘાડી નાખે છે યા ભાંગી નાખે છે, આ સબબે તેને તદન બંધ રાખી જ્યારે જરૂર પડે ત્યારે રેતુ ફેરવી ઉઘાડે છે. આ દખમું પહાડની ટોચ ઉપર હોવાને બદલે કદણ છે, તેથી પછવાડેના પહાડ ઉપર જઇ કોઇ તેમાં નજર કરી શકે તેમ છે. પ્રો૦ એડવર્ડ બ્રાઉને એમ પોતે જોયલું જણાવે છે (A year amongst the Persians, 1893 p 88). અસલમાં એ દખમાને મુદલ દરવાજો હતો નહીં અને તે વખતે બે જણ ઉપર ચઢી સીંકળો લાવને ઉપર ઉંચકી લેતા. એમ દરવાજો નહીં રાખવાનો સબબ મુસલમાનો સામે સાવચેતી બાળવાનો હતો. પછવાડેથી જ્યારે સગવાઃ બાતર દરવાજો મુકયો ત્યારે જોયું કે તેનું તાળું ભાંજવામાં આવતું.

કરૂદ્દઉન, મ્હેમાનખાને,

તા૦ ૧૫ નવેમ્બર ૧૯૨૫.

તેહેરાનથી ઈસ્ફહાન

તહેરાન ખાતે એક અઠવાડયું ગુજારી અમોએ તે તા૦ ૧૩ મી નવેમ્બરે ૧૧-૩૦ ને અમલ છોડયું. જે મહેરબાનીથી આખા ઘ. કે મસરૂએ પોતાના ભેયન મોકલી અસ્તેકબાલી કરી હતી તે જ મહેરબાનીથી તેવણે અત્રેના રેવાજ પ્રમાણે જેમ શહેર છોડી જતા ખેશીઓ અને મિત્રોને આપવામાં આવે છે તેવું કુલ ફુલ મેવાની ભેટના સગન સાથે વિદાયગીરી સહુગી કરજી. અલીઆબાદ આગળ બપોર પછી આશરે ૨-૪૫ ને આપલ ભોજન લઇ રાતે આશરે ૭) ને કુમ આગી પ્હોંચ્યા, અને ત્યાં રાત પસાર કીધી.

કુમ શહેર. ત્યાંના ગુંબદને નેમાજ કરવાની રીત.

કુમ ગામમાં પીર અલીની છોકરી મઅસુમેની કબર છે, જેની જીઆરતે દુર દેશથી મુસલમાનો આવેછે. કુમ આવી પોંહચવા આગમજ ઘણા લાંબા છેટાથી આપણને તે કબરનો મોટો ગુંબદ દેખાય છે. તે ગુંબદ દેખાવા માંડે છે ત્યારથી આપણે માર્ગની આજુ અને બાજુએ અહીં અને તહીં અને ખાસ કરી ઉંચી જગ્યાએ પથ્થરના ગુંબદ રેકા ઢગલા જોઇએ છિએ. તે બાબે પુછતાં માલુમ પડ્યું કે અહીં જીઆરતે આવનારાઓ તે પવિત્ર ગણાતા ગુંબદને જોતાં પોતા તરફથી જાણે એમ પથ્થરો ગોઠવી એક ગુંબદ તેને અર્પણ કરે છે. જે પવિત્ર જગ્યા યાને પવિત્ર જગાની ચીજ તરફ માણસો ભકતીભાવ દેખાડતાં હોય, તે જગ્યા યા ચીજને તેની બરાબરના યા તેને લગભગ મળતી કાંઇ ચીજ અર્પણ કરવી, એ ધર્મીક કામોમાંનું એક સવાબનું કામ ગણાય છે. કાઠયાવાડમાં પાલીતાણામાં સેત્રુંજાનો પહાડ છે. ત્યાં જૈનોનાં પારસનાથ વીગેરે ગુરૂઓનું અસલમાં એક મંદીર બંધાયું. ત્યાર બાદ ત્યાં આવતા તવંગર જાત્રાળુઓ પોતા તરફથી બીજા નાના મોટાં મંદીરો બાંધી તેને અર્પણ કરતા ગયા છે અને આજે સેત્રુંજાનો પહાડ એક મંદીરનું નહીં પણ સંખ્યાબંધ મંદીરોનું શહેર બન્યું છે. આપણા દેશમાં કોઇ એવી ધર્મી જગ્યાઓમાં "પાદુ" એટલે પવિત્ર પુરૂષોના "કદમ" એક અગતની જગ્યા લે છે. કોઇ પવિત્ર આદમીનાં કદમ સાથે કાંઇક ધાર્મિક ખ્યાલ જોડાયલો હોવાથી કદમ અર્પણ કરવાં એ એક સવાબનું કામ ગણાય છે. આ સબબે હીંદુસ્તાનનાં કોઇક મંદીરોમાં જતાં આપણે જોઇએ છિએ કે ત્યાં જાત્રાએ જતાં લોકો માર્ગમાં પગની પાટલીના આકારના "પાદુ" એટલે પાવ અથવા કદમ અર્પણ કરે છે. કોલાબા રેકલેમેશન ઉપર મારી સવારની સેહેલ બાબતે મેં ત્યાંના દર્યા કિનારા ઉપર ઉપરનાંજ હીંદુઓના આગળ મછિયારાં યા એવા કોઇ પવિત્ર તેહેવારો ઉપરજ ઘણીવાર જોયું છે કે કોલાબા ગામની હીંદુ સ્ત્રીઓ ત્યાં સ્નાન કરવા આવી સ્નાન કરી રેતીના જાણે ઘરો બનાવે છે અને તેના માથા ઉપર ફુલો મુકે છે. તેઓ એમ એક કોઇ મતલબના ખ્યાલથી કરે છે કે તેઓ પોતાને હાથે બનાવેલું પોતાનું સ્વર્ગનું મકાન બનાવી અર્પણ કરે છે. આપણામાં પવિત્ર આતશને સુખડ ચઢાવવું એ વાજબી રીતે સવાબનું કામ ગણાય છે. પણ આતશ બહેરામ યા આદરાન "પાદશાહ" સમાન ગણાય છે અને તેથી તેના આદરમાં માટે ખાસ અને માથા ઉપર તાજ હોય છે અને આપણે આતશને "તખ્તનશીન કરવા" એમ બોલીએ છિએ. આ ખ્યાલથી આપણામાં સુખડ ચઢાવવાનો એક પ્રકાર "માચી" ચઢાવવાનો છે. "માચી" એટલે "બેઠક" યા "તખ્ત." તેથી તખ્તનશીન થયેલા "આતશ બહેરામ પાદશાહ" ને આપણે સુખડનું તખ્ત ચઢાવીએ છિએ. આ પ્રમાણે એવા યા બીજાને મળતા વિચારો ધર્મીક કામોમાં આપણે જોઇએ છિએ આપણી [illegible] જરૂરી [illegible].

હવે આ કુમ શહેરની ઉપલી કબરની જીઆરતે આવનારાઓ તેના ગુંબજને દુરથી જોઇ એક ગુંબદ અર્પણ કરે છે. અસલ વિચાર પડોશમાં કોઇ ખરો નાનો ગુંબદ તવંગર જીઆરતે આવનારાઓએ ઉભો કરવાનો છે. પણ ત્યાર પછી તે વિચારે, સર્વ ગરીબો માટે, પેલી કહેવત, કે "ફુલ નહીં ને ફુલની પાંખડી," તે મુજબ આવા પથ્થરના પોતાના હાથે બનાવેલા ગુંબજનું રૂપ લીધું છે.

માર્ગમાં અમોએ "દર્યા-[illegible]" નામનો ખારા પાણીનો એક સરોવર, આ ભાગનાં વેરાન જંગલ (Salt desert) નો કોઇક ભાગ અને કરજ નામની નાની નદી

પસાર કીધી, કે જે માટે કહેવામાં આવ્યું કે તે કાઝવીન તરફથી આગ્રે વડે છે

મશ્હદના અમીને ઇસ્ફહાન તરફ કુચ કરવાની ફરજ હોવાથી રાતે ઉતરતાંજ અમારે ઉપલી કબર જોઇ. ખુરાસાનમાં મશહદ (Meshed) ખાતે હઝરત રઝાની કબર છે, તે હઝરત રઝાની આ કબરવાળી બાઇ હઝરત માસુમે બેહેન થાય છે.

આ જોઇ દંત કથા પડોશના આશરે એક ફરસાખની દુરીએ આવેલા પહાડ માટે કહે છે કે તે ઉપર શાહ તેહમુરસે એક કિલ્લો બાંધ્યો હતો અને આ શહેર પણ અસલમાં તે પાદશાહે સ્થાપ્યું હતું.

આ શહેરના બજારમાં અનાર યાને દાડમનાં સીંગારે અમારું ખાસ ધ્યાન ખેંચ્યું. આ તરફ આંખને અને હોજરીને ટાઢક આપે એવા સુંદર લાલ રંગના અને રસના ભરેલાં દાડમનો પુષ્કળ પાક છે. લોકો તેને આપણી કેરીના માફક સારી પેઠે દાબીને ગોળકી ઉપર એક છેડું નાકુ પાડી તે માર્ગે રસ ચુસે છે. તેમ અમારે ફરી તપાસતાં તેનો તાજગી આપનારો રસ ઓરજ લહેજત આપે છે. આપણામાં દાડમની પાતરી "ઔર્વરામ" તરીકે જશનની ક્રિયામાં વપરાય છે; અને આપણા લોકોમાં એવો ખ્યાલ હતો કે બાજદની ક્રિયામાં કાંઇ નહીં તો દાડમની એક ચીર યા થોડા દાણા હોય તો બસ. આ રેવાજ અને આ વિચાર દેખાડે છે કે હીંદુસ્તાનમાં આપણા વડીલો જેમ ખજુરીના તેમ દાડમનાં ઝાડોવાળા કોઇ મુલકમાં થઇને યા તે મુલકો સાથે સંબંધ બાંધીને આવ્યા હોય.

કોઇક ધાર્મિક વિચારોમાં દાડમ શું ભાગ લે છે તે બાબે હું મારા "જશન" ના વિષયમાં કાંઇક વીગતે બોલ્યો છું. બજારમાં ફરતાં કેટલીક દુકાનોમાં દાડમોથી કરેલો સીંગાર જોયો. તેમાં એક દુકાનવાળાએ તો સેંકડો દાડમો બાંધી અને ફુમારૂપે પોતાની દુકાનની દીવાલોએ સુંદર રીતે ગોઠવેલાં હતાં. હજુર તો સેંકડો ત્યાં પડેલાં હતાં, જેને માટે તે દુકાનદારે કહ્યું કે આ સર્વને દીવાલના બાકીના ભાગ ઉપર સીંગાર તરીકે ગોઠવતાં તેને હજુર બે દિવસ જશે. એક તો એમ સીંગારનો સીંગાર અને બીજું તો એમ ગોઠવી તેઓ જમશીદી નવરોજ આવે તે વખત માટે દાડમો ખરાબ થાય નહીં તે કાજે સાચવી શકે.

કબુતરખાનાઓ. આ કુમ શહેર તરફથી ઇસ્ફહાન જતાં માર્ગમાં અને ખુદ ઇસ્ફહાનમાં "કબુતર-ખાને", એવે નામે જાણીતાં મિનારા જેવાં મકાનો, એક પ્રકારની નવાઇ તરીકે, આપણું ખાસ ધ્યાન ખેંચે છે. બહારથી મિનારા સમાન દેખાતાં એવાં મકાનો જોઇ અને ખુદ ઇસ્ફહાન ખાતે અંદર જઇ એવું એક મકાન જોઇ પુછપરછ કરતાં નીચલી હકીકત માલુમ પડી: આ તરફ હજારો હજાર કબુતરો છે, તેઓને મથક આપવા કોઇકોઇ ધણીઓ મિનારા સમાન સુંદર પાકી બાંધણીનાં મકાનો ઉભાં કરે છે તેવાં મકાનો પાછળ ચાર-પાંચ હજારથી વધુ રૂપીઆ થતા હશે. અંદર જઇને જોઇએ તો આ મિનારા રોકા મકાનની દીવાલોના અંદરના ભાગ ઉપર અને વળી વચમાં બીજા દીવાલના જે પડદા કીધેલા તે ઉપર હજારો હજાર ગોખલાઓ બનાવેલા કે જેમાં કબુતરો રાતે આવી વાસો કરે. તે કબુતરોની છેર પડે તે ખાતર તરીકે ઘણી ઉપયોગી થઇ પડે છે, તેથી તેવા મકાન બાંધનારાઓને તે વેચવાથી પોતાનો ખરચનો બદલો મળે છે.

હવે કોઇ પુછે કે એમ કબુતરોની છેર ખાતર કાજે એકઠી કરવા માટે આવાં મિનારા રોકા સુંદર ખેંચાણકારક મિનારાઓનું શું કામ? સાધારણ બલ-ડાયલાં શુરાખો યા ગોખો (Pigeon holes) સાથનાં મકાનો પણ ધારેલી મતલબ સારે પણ એનો ખુલાસો એમ દીસે છે, કે જેમ માણસોને રહેવા માટે સુંદર મકાનો જોઇએ, તેમ આ કબુતરોને પણ જે મકાન સુંદર હોય તે જોઇએ. જે પાંચ ધણીઓ એવા મકાનો બાંધે તેમાં

જેઓનું મકાન વધારે સુંદર હોય તેઓના મકાનમાં પોતાનું રહેઠાણ કરવા એ પક્ષિઓને પણ ગમે. "બ્રેહમન અમથાસ્પંદના જાનવરો" એવે નામના મારા એક ભાષણમાં કુદરતી વિદ્યાશાસ્ત્રીઓ (Naturalists) ના કહેવા પ્રમાણે મે જણાવ્યું છે કે જાનવરોને પણ અને તેમાં માછલીઓ વગેરેને સુંદર રહેવાના મકાનો વધારે ગમે. અમેરીકાની કોઇક નદીઓની માછલીઓની તપેલી બારીક તપાસ ઉપરથી માલમ પડયું છે કે જેમ માણસ જાતમાં સ્ત્રીઓને તેવા ખાવીંદ પસંદ પડે કે જે તેઓને સારૂં રહેવા ખાવાનું અને પોષાક આપે અને તેવા ખાવીંદો સાથે પરણવાનું તેઓ પસંદ કરે, તેમ મારા માછલીઓના સંબંધમાં પણ છે. માછલીઓ પણ એક પ્રકારના જગ્યા ફેરફાર કરનારાં (migratory) પ્રાણીઓ છે. તેથી ચોકકસ મોસમે તેઓના નરો નદીઓમાંથી જગ્યા ફરવી પોતાને માટે નવી જગ્યા ઉપર મથક (shells) વીગેરે બનાવે. તે બનાવયા પછી બાદ માછલીઓ તે તરફ આવે અને તેઓ પોતપોતા માટે જે વધારે સુંદર મથકો વીગેરે હોય તેમાં જાય અને જાણે તે ઘરના ધણીને, તે નર-માછલીને, પોતાનો ખાવીંદ કરી તેની સાથે રહે. આ મુજબ દીસે છે કે જે કબુતરખાનાઓ સુંદર બાંધેલાં હોય ત્યાં વધુ કબુતરો પોતાનો વાસો કરે છે આપણે આપણા દેશમાં ઘણાંક શહેરોના માચડા ઉપર ઉભાં કરેલાં લાકડીનાં મકાનો (pigeon houses) થી વાકેફ છિએ. પણ આ તો સુંદર ચુના માટીના મજબુત બાંધેલાં મકાનો છે.

કુમથી ઇસ્ફહાન. કુમથી ઇસ્ફહાન જતાં આપણે દેલજાન, મીમે, મુર્ચેખાર્ટ, ગુર્ચે ખાર્ટ, ગુમાબ, અને સદાબ ગામો પસાર કર્યે છીએ. તા૦ ૧૪ મી નવેમ્બરે એ માર્ગે જતાં આખો દહાડો સામે બરફના પહાડો જોયા. માર્ગમાં સુંદર પ્રમાણે, કેનાલો જોવામાં આવી. બરફસ્તાન તરફ આવતાં આપણને ઇરાનની લીલોતરીનો કાંઇક વધારે ખ્યાલ આવે છે. ઇરાનમાં એક ખાસ પહાડી ભાગ છે જે "કુહેસ્તાન" એટલે "પહાડોનું મથક" છે એમ બોલાય છે. પણ બીજી રીતે જોતાં આપણે આખાં ઇરાનને "કુહેસ્તાન" એટલે "પહાડી મુલક" કહીએ. તેના પહાડો પણ જાણે વેરાન બીઆબાન જેવા છે. આ તરફ જંગલ (Forest) જેવું કાંઇ નથી. આશરે બે માસ થયાં ઇરાનમાં મુસાફરી કરૂં છું, પણ કેથે પણ, પેટ ભરીને તો શું પણ થોડીક ભુખ લુપ્ત થાય તેમ, જંગલના ઝાડ-પાનોથી ઢંકાયલા પહાડો જોયા નથી અને કહે છે કે માઝીનદરાન તરફ સીવાય જોવામાં આવશે નહીં. અલબતે આપણા દેશમાં પણ કોઇ એવા ભાગો છે, પણ અહીં તો મેલોના મેલો અને દહાડાના દહાડા સુધી તમો ઝાડપાનના જંગલો જોતા નથી. તેથી ઉલટું ઘણે ઠેકાણે વેરાન ભાગ દીસે છે. પણ તે સર્વ છતાં ઇરાનમાં ફળ ફળાદી ઘણી સુંદર અને આપણી ભુખ ભાંજે અને તરસ મટાડે તેવી છે. એ તેનાં પહાડોના પેટમાંના પાણીને આભારી છે કે જે પાણીને તરેહવાર યુકતીથી અહીં અને તહીં, કનાતો મારફતે અને આબ ગુસ્બ મારફતે, પહાડોની પતાલમાંથી ઇરાનનો ઉદ્યોગી એહુન, તેના બાપદાદાને વંદીદાદમાં આપેલાં ફરમાન પ્રમાણે, જમણી અને ડાબી બાજુએ હાથ પગ અને ખભું ઉલટી ફલદ્રુપ મેદાનવાળી જગ્યાએ લાવી ખેતીમાં વાપરે છે. આ ઇરાની ફરમાન માટે ગીબન જેવા લખનાર, જે ઇરાનીઓ માટે કાંઇક જરૂરી દીલસોજીથી લખતો નથી, તે પણ સ્તુતીના શબ્દો બોલે છે. એવું દીસે છે કે કોઇ ઝાડપાન વગરના પહાડોની માટી વરસાદના કોઇક ઝાપટાંઓના યા બરફના પીગળેલાં પાણીથી જલદીથી ધોવાઇ ઇરાનના ખેતરોને નવી અને નવી માટી આપતી રહે છે અને તેને ચાલુ ફળદ્રુપ કરે છે. આ સબબે ઇરાનમાં મેવા અને ખાસ કરી દ્રાક્ષ પુરતા થાય છે.

અને રસીલાં અને લિજ્જતદાર થાય છે. તેમાં આ માર્ગમાં ઇસ્ફહાન ભણી આવી પ્હોંચતાં દુરથી ડાબા હાથ ઉપર ગુર્મા આબ નામે એક બાગ મને દેખાડવામાં આવ્યું અને કહેવામાં આવ્યું કે ત્યાં રસીલાં મીઠાં સાવા જેવાં નરમ ખરબુજાં એવાં તો નાજુક થાય છે કે ખેડુત તેના ઝાડની પાસેથી ચાલે ત્યારે ઘણો ધીમે ધીમેથી ચાલે અથવા તો જોડા કહાડીને ચાલે, સબબ કે નહીં તો થોડાક પણ અવાજની ધ્રુજણીના મોજાથી તે નાજુક રસદાર ફળ ફાટી જાય. પહાડોના ઉપર મુજબના ઝાડપાનો વગરના બીઆબાન દેખાવો છતાં ઉપલે સબબે ઇરાન સુંદર પાક ઉત્પન્ન કરે છે અને વળી તેની આબો હવા ઘણી સુંદર તાજગી આપનારી છે. બે ચાર માસ એક બે વર્ષે આ તરોતાજગી આપનાર મુલકમાં એક ઠેકાણે ફરીઠામ થઇ પસાર કર્યા હોય તો તેની સુંદર આબોહવા જીંદગીને જોર આપે.

સુર્યેખર ગામ—તેનો જરથોસ્તીઓની તવારીખ સાથે કાંઇક સંબંધ.

કુમથી ઇસ્ફહાન ભણી આવતાં ઇસ્ફહાનની નજદીકમાં સુર્યેમર નામનું જે એક ગામ છે, તેને આપણા લોકોની તવારીખ સાથે કાંઇક દુરનો સંબંધ છે. આપણે એકાદ તવારીખમાં વાંચ્યું છે કે નાદીરશાહે આગરે એક લાખ જરથોશતીઓની કતલ કીધી હતી (જુઓ એલીઅટની હીંદુસ્તાનની તવારીખ). જો એ ખરૂં હોય તો આ પાદશાહે એકદમ એક લાખ જરથોશતીઓને શા સબબે કતલ કર્યા તેનું કારણ હું જાણતો હતો નહીં. પણ આ ગામ તરફ આવતાં, અહીં થયલી એક લડાઇ માટે કાંઇક સાંભળ્યું અને તે સાંભળવા પછી જે વાંચ્યું, તે ઉપરથી હું ધારૂં છું કે હવે હું તે સબબ સમજી શકું છું. આ બાબતની હકીકત નીચે પ્રમાણે છે:—

આરબોની ફતેહ બાદ ઇરાન ઉપર ખલીફોની હકુમત, જે એક પ્રકારે રાજદ્વારી તેમ ધામીક હકુમત હતી, તે આસરે ઇ.સ.૮૨૦) સુધી ચાલી. તે પછી ઇરાન પર અમલ કરતાં આરબ વંશનો દોર કમી થયો. તે પછી ખોરાસાન તરફના તાહીરી વંશે સત્તા સ્થાપી. ખુદ ઇરાનમાં સેલજુક સફર (ત્રાંબા પીતળનું કામ કરનાર) (Coppersmith) નું સફવી નામનું વંશ અને સામાન નામના પુરૂષે સ્થાપેલું (Samanide) વંશ અને બુવાહીદ (Buwahid) વીગેરે વંશોએ અહીં તહીં અવારનવાર અમલ કર્યો. એઓમાં સફવી વંશ જો કે ધર્મે નહીં તોપણ તોખમે જાણે વધારે કદીમ ઇરાની હતું. કેટલાક અરસાં બાદ અફઘાનીસ્તાનના મુલકના રાજા મહમુદે ઇરાન ઉપર હુમલો કર્યો. આ હુમલામાં કેર્માનના જરથોશતીઓ, જેઓ પોતાના જુલમગાર રાજકર્તાઓથી કાંઇક કંટાળી ગયા હતા, તેઓએ અફઘાનોને કાંઇક મદદ કીધી. શરૂઆતની કાંઇક હાર પછી અફઘાનો ફતેહમંદ થયા અને ઇરાનમાં અહીંતહીં કાંઇક પગદંડો સ્થાપ્યો.

આવી મુશ્કેલીમાં ઇરાનના પાદશાહ તેહમાસ્પની મદદે, નાદીર જે પાછળથી નાદીરશાહ થયો અને જેને સાઇક્સ એશીઆ ખંડનો નેપોલીઅન કહે છે, તે આવ્યો. તે અવલમાં પુસ્તીન બનાવતો અને ભરવાડ તરીકે ગોસ્ફંદના ગોવાળાં ચરાવતો હતો. તેવી હાલતમાંથી તે વધી મોટો સરદાર થયો અને ઇરાન તરફથી અફગાનો સામે લડયો. આ લડાઇમાં અફગાનોને મોટો ફટકો આ મુર્ચેખર શહેર આગળ થયલી મોટી લડાઇમાં લાગો. કહે છે કે રખેને કેર્માનના જરથોશતીઓની માફક યજદના જરથોશતીઓ પણ અફગાનોને મદદ આપે એવી ચિંતાથી સંખ્યાબંધ જરથોશતીઓને યજદ ખાતે એક સાવચેતી તરીકે મારી નાંખવામાં આવ્યા.

ત્યારે આ તવારીખી બનાવ ઉપરથી દીસે છે કે કેર્માનના જરથોશતીઓએ પોતાના રાજકર્તાઓના જુલમથી કંટાળી હુમલો લાવનારા અફગાનોને મદદ કરી તેના સબબે નાદીરશાહ જે અફગાનો સામે લડતો હતો, તેણે જાણે સજા યા કીનાને કાજે જરથોશતીઓની કતલ કરી હોય.

ઇસ્ફહાન, મેહમાન ખાતે,
તા૦ ૧૬ નવેમ્બર ૧૯૨૫.

ઇસ્ફહાન-તેનો આતશગાહવાળો પહાડ.

આમો ઇસ્ફહાન તા૦ ૧૪ મી નવેમ્બરની રાત્રે આવી પહોંચ્યા અને ત્યાંનું મેહમાનખાનું, જે ત્યાંનું એક પ્રકારનું હોટેલ છે તેમાં મકાન કર્યું. ઇસ્ફહાનીઓ પોતાના શહેરને "નસ્ફે જેહાન" એટલે "અર્ધી દુન્યા" કહે છે. તેઓ પોતાના શહેરને "નીસ્ફે ઇરાન" કહે તો હું પણ વાંધો લઉં નહીં, સબબ કે ઇરાન ખાતે ફરતાં બગદાદ પછી જો કોઇ શહેર સુંદર જણાય તો તે ઇસ્ફહાન છે. જ્યાં આંખને તાઢક આપનારી ઘણીક લીલોત્રી અને બાગો આપણે જોઇએ છીએ. "તેના ખયાબાને ચેહારબાગ' વાળા રસ્તામાં, જાણે પેરીસના કોઇ બુલેવાર્ડની નકલ, કાંઇક ગરીબ નકલ, કરવા ધારી હોય તેમ દીસે છે.

ઇસ્ફહાનનો આતશગાહવાળો પહાડ.

ઇસ્ફહાનમાં આપણી પાસી નજરે પેહેલો જોવા લાયક જગ્યા એક સપાટીથી આશરે ૨૦૦) યા ૩૦૦) ફીટ ઉંચો પહાડ છે જેને 'કુહે આતશગાહ" એટલે "આતશની જગ્યાનો પહાડ" એમ ઓળખવામાં આવે છે. અસલી ઇરાનના પહાડો ઉપર આવેલાં પુરાણાં આતશખાનાઓ, કે જેમાંના કોઇક આપણા પુસ્તકો પ્રમાણે પહાડોની ટોંચો ઉપર હતાં, તેઓનો ખયાલ આ પહાડ ઉપરના આતશગાહના ખંડીએર ઉપરથી આવે છે. હું ભુલતો નહીં હોઉં તો કાંઇક આગલો ખયાલ આપનારૂં પહાડી મથકનું પુરાણું આતશકદેહનું ખંડીએર આખા ઇરાનમાં હજી જળવાઇ રહ્યું હોય તો તે આ ખંડીએર છે. એ ખંડીએર તેની ભાગેલી તુટેલી હાલતમાં પણ પહાડની ટીખરે ખાલાભર્યું અને દમામદાર દીસે છે. આ ખંડીએરમાં જે ભાગે મારૂં વધારે ધ્યાન ખેંચ્યું, તે મેં અનેકવાર જણાવેલો કાંઇક આતશકેહેર મની સાથે જોડાયલો છુટો મિનારા રોકો ભાગ છે આ ખંડીએરમાં શીખરથી નીચેનાં ખંડીએરોમાંનાં કોઇકના ભાગમાં પવિત્ર આતશ બળતો હોય અને આ મિનારા સમાન ટોંચનો ભાગ અહીંય દોરથી સુંદર નદીને જોઇને, અને આજુબાજુની સુંદર કુદરતને જોઇને નેમાજ કરવાનો જાણે વાસ્તવીક (Concrete) ખયાલ આપે છે. એ ચારે બાજુએ ફરી જેમાં આ એંઘહામ અસદ હાચ્ય"ની ચાર દીશાવાળી નેમાજ, મન પર છાપ મારે તેમ, બરાબર રીતે જણવા કાજેનો ભાગ છે ઇરાનની સુંદરતાનો કાંઇક સુંદર ખયાલ ઇરાનમાં જાણે પહેલ વહેલ આ પહાડ શીખરના આતશ કદેહના આ મિનારાના બુરજ સમાન ભાગ ઉપરથી આવ્યો. દુર બરફના સુંદર પહાડો દીસતા અને નીચે સુંદર 'ઝેન્દે રૂદ' નદી વહતી હતા. તેને કિનારે અને આજુબાજુ લીલોત્રીભર્યાં ઝાડોની હાર લાગી હતી. કાશ્મીરના કોઇક પહાડ ઉપરથી નીચે લાલા હેર અને ખેતીવાડી જોઇએ છીએ તેની કાંઇક યાદ આવતી.

હવે આ પહાડ ઉપરનું ઉજલું ખંડીએર એક આતશ કદેહનું હતું તે તેના "કુહે આતશગાહ" ના નામ ઉપરથી માલમ પડે છે. વળી કેટલાક આરબ લખનારાઓ, જેઓનાં પ્રો૦ જેકસને વાંચવા લાયક ઉતારા કર્યા છે, તે ઉપરથી પણ તેમ માલમ પડે છે. માસુદી પ્રમાણે, છેક તેના વખત સુધી એટલે આજથી આશરે આઠસો નવસો વર્ષના અરસા વેળાએ પણ, અહીં પવિત્ર આતશ બળતો હતો. માસુદી આ આતશગાહના પહાડનું નામ "મા સ" આપે છે (Masudi par B. de Meynard વા. ૪. પા. ૪૭ માસુદી પ્રમાણે આ પહાડ ઉપર પેહેલે કોઇ બુત પરસ્તેનું મકાન (બએત) હતું. પણ જ્યારે શાહ ગુશ્તાસ્પે જરથોસ્તી દીન અખત્યાર [illegible]

આહીં આતશકદેહ બનાવ્યું. મસુદીએ જણાવેલો આ "મારસ" પહાડ કદાચ જમ્શીદ શહેરનો (અરેધ) મનુષ હોય જે પહાડ બુનદેહેશ (બાબ ૧૨ ફ. ૨ અને ૧૦) નો "માનુશ" પહાડ હોય કે જે ઉપર માનુશ ચેહર (મીનોચેહર) પાદશાહનો જનમ થયો હતો. 'માનસ' ગામમાં 'ન' હરફ 'ર' પણ વંચાય.

આ પહાડની જગ્યા એવી સુંદર છે કે આજે પણ જો ત્યાં પારસીઓની કાંઇક વસ્તી થાય—હાલમાં તો ત્યાં ફક્ત બે પાંચ ઇરાની જરથોસ્તી પંથાદારીઓ કહેવાય છે—અને તેઓ પોતાની સેતાયશ માટે એક આતશ-કદેહ બાંધવા માંગે તો હું આજ પહાડ ઉપર બાંધવા સીફારસ કરૂં. જમાના બાદ પણ તેના ખંડીએરના કોઇક ભાગો હજુર પણ એવા છે કે કોઇ કુશળ આર્કીટેક્ટ ત્યાં મધ્યમસર ખરચથી એક કામચલાઉ આતશકદેહ બરપા કરે.

મેં ઉપર કહ્યું કે આશરે દોઢ મહીના થી ઉપર ઇરાનમાં ફરતાં જો પેહલે વધુ લીલોત્રી ભર્યો સુંદર ભાગ કોઇ જોયો હોય તો તે આ ઇસ્ફહાનમાં હતો. પહાડ ની ટોચ, તેની ઉપર અને કઠણ પુરાણા આતશ ગાહનું ખંડીએર, નીચે વહેતી સુંદર ઝીન્દે રૂદ નદી, તેનાં પાણીની બરકતથી આજુબાજુ બરપા થએલા બાગો અને લીલોત્રી, દુરના બરફના પહાડો, સવારની સુંદર હવા, એ સર્વએ જીવને ઘણો ખુશ કર્યો. તે વખતે મારી નોંધપોથીમાં નોંધેલા વિચારો અત્રે આપું છું.

"ઓ મારા દાદર! આજના મુબારક દેપાદર રોજે, મને ઇરાનની સર જમીનની એક સુંદરમાં સુંદર જગ્યાએ તેં ઉભો કર્યો છે, તે માટે તારા હજારો હજાર સેપાસ. આ એક પુરાણા આતશ કદેહ ના પહાડ ઉપર, તુંને, તારી ઝીન્દે રૂદને, તારા પર્વતો અને નદીનાળાઓને, તારા ખોરશેદ અને માહને, મારા જીગરના નેમાજ. અહીંથી મારા ભલા વિચારો, તું દાદાર તરફ, તારા અમશાસ્પંદો તરફ પહોંચાડું છું. (જર્મન) સાએર ગોએથે, જેની દીવાને મને ઝીન્દે રૂદ અને દેમાવન્દના નામો વધારે પ્યારાં કીધાં છે તેના રૂહને નેમાજ."

ઇસ્ફહાનનું પુરાણું નામ.

આપણા પેહલવી પુસ્તક શત્રોઇહાએ ઇરાનમાં ઇસ્ફહાનને 'ગએ' કહ્યું છે અને તેને સીકંદરે સ્થાપેલું કહે છે. વળી ત્યાં કહે છે કે યઝદજર્દ શાપુરના અમલમાં ત્યાં યાહુદીઓની વસ્તી થઇ અને તે તેની એક યાહુદી રાણી શીશીનદોખ્તની સીફારસથી થઇ હતી. આ પુરાણા "ગએ" નામને આરબો "જએ" લખી ગયા છે અને ઇસ્ફહાનમાં હાલમાં જુહૂદા નામનો જે ભાગ છે તે ખાસ કરી આ પુરાણા ગએ અથવા જએ નો ભાગ છે. કોઇ આરબ લખનાર આ શહેરને ઘણું પુરાણું ગણી તેની પેહેલી સ્થાપના તેહમુરસ અને જમશેદને લાગુ પાડે છે. ફરેદુનના વખતમાં જાણીતો થએલો કાવે આહનગર આ ઇસ્ફહાન શહેરનો હતો. તેણે પેહલે તેને નામે જણાવેલો "કાવીઆની" ઝુનડો બરપા કીધો હતો. તે સબબે કહે છે કે પાછલા ઇરાની પાદશાહોના વખતમાં આ કાવીઆની ઝુન્ડો ઉઠાવવાનો હક ફક્ત ઇસ્ફહાન તરફના સેપાહોનો હતો.

કોઇક આરબ લખનારાઓ ઇરાનના ઘણા શહેરોની સ્થાપના પુરાણા કાળમાં નોહના વંશના કોઇ નબી ને કોઇ પુરૂષને લાગુ પાડે છે. તેજ પ્રમાણે તેઓ આ શહેરની સ્થાપના પણ નોહના એક નબીરાના ઇસ્ફહાન નામના છોકરાને લાગુ પાડે છે. જુનાની ભુગોળનવેશ ટોલમી આ શહેરનું નામ "અસ્પદાન" આપે છે. એ નામમાં "દાન" નો અર્થ "ધરાવનાર" લઇએ તો આ નામનો અર્થ "ઘોડા ધરાવનાર" થાય એટલે આ શહેરમાં યા તેની આજુબાજુ ઘોડાઓ ની ઘણી આમદ હોય યા મથક હોય. જેમ આપણા કોઇક શબ્દો કલમદાન, શમદાન, આતશદાન, આબદાન છે તેમ આ શબ્દ સમજવો અને તેમાં "દાન"

શબ્દને અવસ્તાના "દાન" ને "અર્થે ધરાવનાર, રાખનાર" એમ લેવો.

ઇસ્ફહાનની ઝીન્દે રૂદ.

આ આતશ બાહની મુલાકાતે મને ખુશી કર્યો હતો. આ જાણે એક નમુનેદાર (typical) મથક હતું, જે કોઇ પુરાણા પહાડની શીખરો ઉપરના આતશ કદેહોનો આપણને કાંઇ દબદબાભર્યો ખ્યાલ આપતું. આ ખંડીએર જોઇ તપાસવા બાદ, ઉપર જણાવ્યા પ્રમાણે, આજુબાજુનો સુંદર દેખાવ જોતાં જે દેખાવે મારૂં વધુ અને વધારે વાર ધ્યાન ખેંચ્યું તે અહીં વહેતી "ઝીન્દે રૂદ" નામની સુંદર નદી છે, જે ઇસ્ફહાનને સુંદર બનાવવામાં પોતાનો કિંમતી હિસ્સો આપે છે. આ નદીને તેની સુંદરતાના સબબે હાફેઝે પોતાના "મોગાની નામે" નામે યાને "ગાનારાઓનું નામું" નામના લખાણ માં યાદ કરી છે, કે જે મોગાની નામે એ પેલા જર્મન હાફેઝ ગોએથેને પોતાના દીવાનમાં એવાંજ એક પુસ્તક (Mog-anni-nameh or Buch des Singers) ની સુચના કરી છે. પોતાના પારસીનામા (Buch des Parsen or Parsee-nameh) માં ગોએથે એ પણ આ ઝીન્દે રૂદને યાદ કીધી છે. તેણે તેના સુંદર કિનારા ઉપરથી દેમાવંદ પહાડ ઉપર તલુ થતા ખોર્શેદને યાદ કર્યો છે. આ સાએરે આ ખોર્શેદની રોશની ની મદદથી ઉગતા દરાખના વેલાના સંબંધમાં દરાખના રસ તરીકે શરાબ માટે જે કહ્યું છે તે જાણે શરાબના ઉપયોગ માટેના આપણા શિક્ષણનો પડઘો છે. (He will when drunk, stammer and totter; he will when moderate sing and rejoice).

ઇસ્ફહાનીઓ આ ઝીન્દે રૂદ નદી માટે ખરો શબ્દ "ઝાયન્દે રૂદ" જણાવે છે, એવી નેમથી, કે આ નદીના પાણી સુંદર ફળફળાદીને જન્મ આપે છે. એને કોઇ "ઝેરેનરૂડ" પણ કહે છે. એક જણે મને આ નદી માટે કહ્યું કે તે એક ઠેકાણે જમીનમાં બેમાલુમ થઇ કેટલાક ફરસંગ જમીનના પેટામાં વહી કેર્માન તરફ પાછી નીકળે છે. એમ આપણે કેશમીરના કોઇક નદી નાળાં માટે પણ સાંભળ્યે છિએ.

ઇસ્ફહાનના હીલતા મિનારા.

આ આતશ કદેહના પહાડ ઉપરથી અમો આત્રેનું એક મકાન જે "મીનારે જુમ્બાન" એટલે "હીલતા મિનારાઓ" તરીકે જણાવવું છે, તે જોવાને ગયા. આ પાછલા વખતનું એક મકાન છે, જેમાં માળ ઉપર અબાસી જેવા ભાગ ઉપર એકમેકથી આસરે પંદર વીસ ફીટના તફાવતે બે આસરે પંદર વીસ ફીટની ઉંચાઇના નાના મિનારાઓ છે. તેઓમાના એક ઉપર કોઇ આદમી જઇને જો પોતાના શરીરને ઝોંકા આપે છે તો તે આખો મિનારો હીલે છે, એટલુંજ નહીં, પણ હેઠે વચમાનાં બાંધકામમાં કોઇ એવી રચના છે કે તેથી સામનો મિનારો પણ જો કે તેટલો નહીં તો પણ જરાક હીલે છે.

ઇસ્ફહાનમાં બીજી જોવા લાયક જગ્યાઓ.

ઇસ્ફહાનમાં બીજી જોવા લાયક જગ્યાઓમાં એક "ચેહલ સતુન" એટલે "ચાલીસ સ્તંભનું મકાન" છે, જે પાદશાહી વંશના મકાન સાથ જોડાયલું છે. બીજી જાણીતી જગ્યા "મએદાને શાહ" નામનું મોટું મેદાન છે. ઝીન્દે નદી આ શહેરમાંથી પસાર થાય છે તે ઉપર આ સુંદર શહેર ના નામને છાજતા એકાદ બે પુલો બાંધ્યા છે. આ પુલ હેઠેથી વહેતી ઝીન્દે રૂદના કિનારાઓ ઇસ્ફહાનનાં લોકો માટે કોઇ વખત ખ્યાફતની જગ્યા બને છે.

ઉપલા ચેહલ સતુનના મકાનના એક મોટાં દીવાનખાનામાં દીવાલે જે ચિત્રો ચિતાર્યાં છે, તેમાનાં કેટલાંક આપણું આપણા હીંદુસ્તાન દેશની તવારીખનાં સંબંધમાં ધ્યાન ખેંચે છે, સબબ કે તેઓમાં ઇરાનના પાદશાહ તેહમાસ્પની

અને હીંદુસ્તાનના મોગલ પાદશાહ હુમાંયુનના સંબંધના ચિત્રો જોઇએ છિએ. કહે છે કે અકબરની એક બાયડી શાહ તેહમાસ્પની છોકરી હતી. આ ચહેલ સેતુનમાં હાલ બરાબર ૪૦ સેતુન યા થાંભલા નથી, પણ કહે છે કે આગળ તેનો કેટલોક ભાગ આયના યાને આરસીના કાચથી બનેલો હતો ત્યારે તે કાચમાંથી પ્રતીબીંબ થતા આકારો સાથે ચાલીસ સ્તંભો બનતા.

ઝુલફાની મુલાકાત. ઇસ્ફહાનનો એક છુટો ધ્યાન ખેંચાણકારક ભાગ ઝુલ્ફાને નામે જણાયલો છે. આઝર બએઝાનની મારી મુલાકાત ના વર્ણનમાં હું.એક ઝુલ્ફા માટે બોલ્યો છું. કહે છે કે ત્યાંથી શાહ અબ્બાસ ઇ. સ. ની ૧૭ મી સદીની શરૂઆતમાં ખ્રીસ્તીઓને મોટી સંખ્યામાં અહીં ઇસ્ફહાન લાવ્યો અને તેઓના અસલ મથકનું નામ અહીંની આ જગ્યાને આપી ત્યાં તેઓને વસાવ્યા. કહે છે કે શાહની મતલબ કે આ વધારે સારી રીતે રહેતા વરતા ખ્રીસ્તીઓ ઇસ્ફહાનના ઇસ્લામીઓને પોતાની રહેણીકરણીથી કાંઇક સારો દાખલો આપે. હવે આલબતે આપણે જુલ્ફાના સુંદર ગામમાં દાખલ થતાંજ ઇસ્લામી ઇસ્ફહાન અને આ ખ્રીસ્તી ઇસ્ફહાન (જુલફા) વચ્ચે થોડા વારમાં મોટો ફરક જોઇએ છિએ. તે આકે આ લત્તો ઘણો સ્વચ્છ અને સુંદર છે અને લોકોની રહેણીકરણી ચઢતા પ્રકારની છે. અહીં રહેતા એક ખ્રીસ્તી ગૃહસ્થે (C. J. Bamban) મહેરબાની કરી અમોને પોતાના સુંદર મકાનમાં બોલાવ્યા. ત્યાં તેવણ સાથની વાતચીતથી આ લત્તાના ખ્રીસ્તીઓ સંબંધી કેટલીક હકીકત જાણી.પછી અહીંના એક આર્મીનીઅન દેવળની મુલાકાત લઇ અહીંના આર્મીનીઅનો બાબે કાંઇ જાણ્યું. આ બહારથી અ-ખેંચાણકારક પણ અંદરથી સુંદર દેવળ હતું.

આ તરફ શાહ અબ્બાસે જે પોતાના વખતમાં કર્યું તે જાણે તેની આગમજના એક ઇરાની પાદશાહની નકલ કીધી હતી. ગુશતાસ્પના બાપ શાહ લોહરાસ્પ માટે આપણા એક પુસ્તકમાં કહે છે કે તેણે જ્યારે જેરૂસલેમ લીધું અને ત્યાંના યાહુદીઓને વાખેરી નાંખ્યા ત્યારે તેઓ માંથી કેટલાકોને અહીં લાવી વસાવ્યા હતા. આ ભાગ ઘણા વખત સુધી એ ઉપરથી "યાહુદીએ" તરીકે ઓળખાતો. જ્યારે ઇસ્ફહાનમાં આગળ આપણા જરથોશતીઓની વધારે વસ્તી હતી ત્યારે તેઓ આ તરફજ એક એલાહેદા ભાગ માં રહેતા હતા. આગલા એક પત્રમાં જણાવ્યા પ્રમાણે જ્યારે અફગાનોએ ઇરાન ઉપર હુમલો કીધો ત્યારે કોઇક ઇસ્લામી હાકેમોના જોરજુલમથી કંટાળેલા જરથોશતીઓએ ધાર્યું કે આ તેઓ માટે એવા જોરજુલમમાંથી છુટવાની તક હતી. તેથી તેઓ તે હુમલો લાવનાર અફગાન સાથે મળી ગયા. જેમ અફગાનો તેમ જરથોશતીઓ પણ પેહેલ ફાવ્યા. પણ આખરે જ્યારે પાસો ફર્યો ત્યારે અફગાનોની હાર સાથે પારસીઓને આગલા જુલમ કરતાં જાણે અસલ મુદ્દલમાં વ્યાજ સાથે ઉમેરો થયો અને તેઓને આ તરફ અને યજદ કેરમાન તરફ પણ હજારે.ની સંખ્યામાં, અફગાનોની તરફેણ કરવાના કીનાનાં મારી નાંખવામાં આવ્યા. આ બાબે બ્રાઉન કાંઇક જાણવાજોગ હકીકત આપે છે. (Persian Literature in modern times A. D. 1500–1924). હુમલો લાવનાર અફગાન સરદાર મીર મહેમુદ નામનો હતો. તેને મદદ કરનાર જરથોશતીઓના સરદારે નસરૂલ્લા નું ઇસ્લામી નામ અખત્યાર કર્યું હતું. કહે છે કે આ જરથોશતી સરદાર માર્યો ગયો હતો. વધુ કહે છે કે પાછળથી તેની કબર આગળ ચેરાગ રોશન કરાવી બે મોબેદો રાખવામાં આવ્યા હતા. ઇસ્ફહાન તરફ આવતાં એક જગ્યા પારસીઓ ઉપરથી "ગબ્રાબાદ" તરીકે બોલાય છે.

મરનાર સાએર એશકીનું રસ્તા ખીઝનું ગાયણ.

ઇસ્ફહાનમાં એક રાતે અમારા મેહેમાનખાનામાં બે ઇરાની ઇસ્લામી ગાનારા અને વગાડનારાઓને બોલાવ્યા હતા. મેં આગળ કહ્યું તેમ તબ્રીઝમાં એક ઇરાની જલસાના ફારસી ગાયણો મેં સાંભળ્યાં હતાં. માર્ગમાં એકાદ બે જગ્યાએ કાવાખાનાઓમાં એકાદએને ગાતા સાંભળ્યા હતા અને અહીં ઇસ્ફહાનમાં ખાસ બોલાવેલા શખ્સોથી ઇરાની ગાણું વાજીંત્ર સાથે સાંભળ્યું. આ સર્વથી મારા મન ઉપર એ છાપ પડયો છે કે ઇરાનનું ગાણું કાંઇક શોકાતુર (plaintive) ઢપનું છે. ઇરાન પોતાની આગલી જાહોજલાલીની પડતી માટે જાણે શોક કરતું હોય તેમ જાણે તેનું ગાયણ પણ શોકાતુર છે. તેનું સુંદર ગાયણ આપણને અલબતે ખુશી કરે છે, પણ જેને આપણે ખુશીની મજા આપનારૂં (cheerful) કહીએ તેવું તે લાગતું નથી.

આ ગાયણકારોએ ગાયલાં ગાણાંઓમાં એકાદ બે ખાસ ધ્યાન ખેંચનારાં ચેલાં જાણીતા રસ્તાખેજના હતાં. એક તો ઉપર કહ્યું તેમ ગાયણની ઢબજ જાણે વીલાપ કરતી (plaintive) અને તેમાં વળી બાબત પણ એવીજ ઇરાનની પડતીની હતી, તેથી તે ગાયણોએ મન પર બમણો અસરકારક શોકાતુર છાપ માર્યો. આ વખતે આ નાની ઘેરનાઓની મીજલસમાં મેં શાદીની એક ગજલ ગાઇન આ ગાનારાઓ પાસે તેઓનાં વાજીંત્રમાં ઉતરાવી. પછી તેઓ પણ જીણા સુંદર અવાજે સાથે કાંઇક કલીઓ મારી સાથે ગાવા લાગ્યા.

આહમબાદ ખાને, યઝદ,

તા૦ ૧૮ નવેમ્બર ૧૯૨૫.

ઇસ્ફહાનથી યઝદ—માર્ગમાં શારીફઆબાદના ઝરથોસ્તી ગામની મુલાકાત.

અત્રેના કબુતરખાનાઓ.

અમોએ ઇસ્ફહાન તા૦ ૧૬ મી નવેમ્બરે છોડયું. શહેર તરફ પાણી લાવવાના માર્ગોને લીધે શરૂઆતનો રસ્તો કાંઇક અડચણ ભર્યો અને મોટર માટે ઘણો તપાસીને ચલાવવા જેવો છે. માર્ગમાં આગળ જણાવવા પ્રમાણે કેટલાંક કબુતરખાના પસાર કર્યે છિએ, જે ઉપરથી ખ્યાલ આવે છે કે અહીં કેટલાં બધાં હજારો હજાર કબુતર હશે. આપણા દેશમાં કેટલેક ઠેકાણે આપણા હીંદુભાઇઓ એ પક્ષીઓ તરફની પોતાની પ્રીત ખાતર કબુતરખાનાઓ (pigeon houses) ઉભાં કરે છે. પણ તે કબુતરખાનાઓ અહીંનાં સુંદર મિનારાદાર બુલંદ કબુતરખાનાઓ, જેમાં દરેકમાં આશરે બે ત્રણ હજાર કબુતરો માટે બાળાઓ બનાવેલા, તેઓ સન્મુખ બચ્ચાંની રમત સમાનના નાના છે. ખરેખર અહીંના કબુતરો ભાગ્યશાળી કે તેઓને બીજાં ઠેકાણાંઓ સાથે સરખાવતાં આવાં સુંદર મકાનો રહેવા માટે મળે છે. તેઓના ઘેરના ખાતર (manure) ની કેટલી મોટી કિંમત આવતી હશે તેનો ખ્યાલ કો કબુતરખાનામાંથી એકાદને ઉતરીને બરાબર જોતાં અને તેઓની મોટી સંખ્યા તરફ જોતાં આવે છે. ઇસ્ફહાનની આજુબાજુનો મુલક ઇરાનમાં ઘણો ફળદ્રુપ ગણાય છે તે કદાચ આ ખાતરની ખુબી સબબે હોયે. તેમ બીજા હાથ ઉપર અહીં હજારોહજાર કબુતરોની સંખ્યા પણ આ તરફની ફલદ્રુપ જમીન વીગેરની આબાદી સબબે હોય કે અહીં તેઓને પુરતો ખોરાક મળે. જે જમીન

ઉપરથી તેઓ ખોરાક મેળવે છે તે જમીનને એ પક્ષીઓ પાછો ખોરાક આપે છે. આવું અરસ્પરસનું બેઉના લાભનું કામ અને મદદ આપણે કુદરતમાં ઘણીક બાબતોમાં જોઈએ છિએ.

માર્ગમાં મળતો "ગર્દબાદ" નો કાંઈક ખ્યાલ.

કરેફ્હાન છોડયા પછી ખરાસેફુન નામનું વેરાન થયલા ખંડી એરોનું ગામ પસાર કરવા બાદ આપણો માર્ગ જાણે બીઆબાનમાંથી પસાર થાય છે. આપણે અહીં અને તહીં "ગર્દબાદ" યાને પવનના વંટોળયાઓ હવામાં ઘણીક ઉંચાઇ સુધી જતા જોઈએ છિએ. અહીં મેં એવા જે "ગર્દબાદો" દુરથી જોયા તે ઉપરથી ખ્યાલ કરી શકયો છું કે એવા પ્રકારના વેરાન રેતાળ મુલકમાં વટેમાર્ગુઓ કેમ હેરાન થાય છે અને કોઇ વખત કેમ માર્યા પણ જાય છે. ચતુર મુસાફરો એવા કોઇ મોટા વંટોળયાને દુરથી પોતા તરફ આવતો જોઇ મોઢા ઉપર કાંઇ ઓઢી જમીન ઉપર ઉંધા સુઇ જાય છે કે તે વંટોળયો તેઓને ઘણા હેરાન કરવા વગર પસાર થાય. કોઈક દેશમાં એવા "ગર્દબાદો" કુંકી કોઇ કોઇના જાનો લે છે. એઓ માટે હું કાંઇક વીગતે મારાં "વાયુચક્રશાસ્ત્ર અથવા હવા વીષેની વીદ્યા" ના પુસ્તકમાં બોલ્યો છું.

મીરાજ.

ઇરાનની આ મુસાફરીમાં એકથી વધુ જગ્યાએ અને એકથી વધુ વખત મને પેલો કુદરતી બનાવ (phenomenon), જે મીરાજ યાને મૃગજળને નામે ઓળખાય છે, તે જોવાની તક મળી. બગદાદ તરફથી આબ્બીસાન તરફ જતાં મેં એ બનાવો જોયા હતા. અને જે વાંચેલું હતું અને સાંભળેલું હતું તે ઉપરથી હુશ્યારી રાખવા છતાં એક વખત તો હું ખરે છેતરાયો હતો કે સામે ટાઇગ્રીસ નદીનો ભાગ દેખાય છે. પણ મોટરના શોફરે તુરત ભુલ બતાવી હતી. અહીં પણ હું એક વખત છેતરાયો ત્યારે શોફરે "તમુજે હવા" એટલે "હવાની ગરમી સબબે બનેલો દેખાવ" છે, એમ કહી ભુલ બતાવી. આવા બીઆબાન યા રેતાલ મુલકમાં હવામાં રોશનીના કીરણો તરેહવાર રંગ રૂપ લઇ ઠગારા દેખાવો રજુ કરે છે. કરેફ્હાન પછીનો માર્ગ ઘણો વેરાન હોવાથી અને ઘણીક ભાગ નીમકી (salty) જમીનનો હોવાથી આપણી નજર સન્મુખ જાણે દુર પાણી હોય એવા દેખાવો દેખાય છે.

આવા દેખાવો વીગેરે જોતાં અમો રીગઝી નામનું માર્ગમાં એક મોટું ગામ પસાર કરી રાત્રે ૭–૩૦ ને અમલે નાઇન નામના ગામમાં આવી પહોંચ્યાં.

આબ-અમ્બાર.

નાઇન ગામમાં રાત તાર ખાતાંના એક મથકમાં પસાર કરી અમો ત્યાંથી તા૦ ૧૭ મીએ સવારે ૭–૩૦ ના અમલે નીકળ્યા. માર્ગમાં એક નવાજ પ્રકારનું મકાન દીસ્તાં ગાડી ઉભી રખાવી તે જોયું. તેને અહીં 'આબ-અમ્બાર' એટલે પાણીનો ભંડાર કહે છે. આ એક ગુમ્બદ ઘાટું બાંધી લીધેલું મકાન છે, કે જેમાં વર્ષાદ યા બરફનું પાણી ઝીલી ભરી રાખે છે, અને આપણા દેશોની વાવો માફક તેમાં ઉતરી પાણી ભરી લેવાનું હોય છે. ઉપર કહ્યું તેમ આ મુલક વેરાન હોવાથી મુસાફરી કરનારાં વટેમાર્ગુઓ કાજે માર્ગમાં પાણી સાચવી રાખવાની આવી કોશેશો કીધેલી હોય છે.

આજના દિવસનો મોટો ભાગ, ખાસ કરી સવારે પસાર કરેલો ભાગ તદન વેરાન હતો. માર્ગ તદન રેતીને બદલે નાના મોટા કાંકરાઓથી ભરપુર હતો. આવી જગ્યાઓએ રસ્તાઓ બાંધેલા નથી, પણ એક પાછળ બીજી ગાડીઓ પસાર થાય યા ભારબરદારી જાનવરો પસાર થાય, તેથી માર્ગ પડેલા હોય છે. જમીન કઠણ હોવાથી એવા માર્ગો અધિક માફક ખાડાવાળા બનતા નથી.

શરીફાબાદ.અસલ જરથોશ્તી ગામ.

ઇરાનમાં અવાર નવાર જરથોશ્તી ભાઇઓને નાની મોટી સંખ્યામાં જોતો આવ્યો હતો. પહેલે તેઓને બાકુમાં, પછી કાઝવીનમાં જોયા. પછી મોટી સંખ્યામાં તે ભાઇઓને તેહરાનમાં, આગળ જણાવવા પ્રમાણે, જોયા. પેહેલી મોટી જરથોશ્તી વસ્તી તેહરાનમાં જોઇ કે જ્યાં આ સબબે જરથોશ્તી સ્કુલો અને આતશકદેહ ઉભાં થયાં છે. પણ તેહેરાનની જરથોશ્તી વસ્તી તો ત્યાં નવી જરથોશ્તી વસ્તી કહેવાય. ધંધાધાપા વીગેરેના સબબે એ રાજધાની શહેરમાં આપણી વસ્તી વધી છે અને હજુર વધારે વધશે. આ સબબે ત્યાંના આપણા બચ્ચાંઓ માટેના કેળવણી ખાતાંને વધારે મજબુત કરવા માટે પારસી ભાઇઓને આગ્રહ કરવાની જરૂર છે.

આપણા ઇરાનના જરથોશ્તી ભાઇઓનાં સંસાર, રાહ રસમ, એતેકાદ વીગેરેનો ખરો અસલ ખ્યાલ બાંધવો હોય તો તે આપણે યઝદમાં અને યઝદ તરફના ગામોમાં બાંધી શકયે છિએ. હવે ઇસ્ફહાનથી યઝદ આવતાં આપણા જરથોશ્તીઓનું એવું અસલ એક ગામ શરીફાબાદ નામનું છે. આ ગામમાં અમો બે કલાક થોભ્યા. આ ગામની મુલાકાત બાબે હું એક જુદા પત્રમાં બોલીશ.

અમોએ આ અસલ જરથોશ્તી ગામને અત્રેના જરથોશ્તીઓના એક નમુનેદાર (typical) ગામ તરીકે આસરે બે કલાક ફરીને જોઇને આસરે સાડા ત્રણને અમલે યઝદ જવા માટે શરીફાબાદ છોડયું. માર્ગમાં અમો ઘણા જરથોશ્તીઓને ગધેડાં ઉપર સ્વાર થઇ પોતાના ખેતરો તરફ જતા યા ત્યાંથી આવતાં જોતા હતા. તેઓની હાલત ગરીબ હતી અને તેઓ ગરીબ જેવા પોષાકમાં દેખાતા હતા. તે ઉપરથી આપણે તેઓને જલદીથી જરથોશ્તી તરીકે પિછાણી શકયે નહીં. પણ અમારી મોટરોના હાંકનાર શોફરો, જેઓને તેહરાનથી રાખ્યા હતા, તેઓ જરથોશ્તી હોવાથી તેઓને ચહેરા અને રીત ભાત ઉપરથી તુરત પીછાણી અમોને કહેતા હતા કે ફલાણો સ્વાર જરથોશ્તી છે. એક જગાએ તો અમોએ આ જરથોશ્તી ભાઇઓની નાની જેવી બંજાર જોઇ.

યઝદ આવતા આગમજ અમોએ મરસ્ડેહ ક્માનતર (એટલે મોટું ખેતર), અલીઆબાદ વીગેરે ઘણા ગામો પસાર કર્યાં. એ ગામોમાં એક ગામ ૨૦૦) જરથોશ્તીઓની વસ્તી અને એક આતશકદેહ સાથનું હતું. યઝદ આવી પોહોંચ્યા તે સાંજ ઇરાન સરજમીનપરની એક ઘણી સુંદર સાંજ હતી. તે સાંજે જેને આપણે એક સુંદર સુર્યાસ્ત કહયે (a beautiful sunset) તે જોયો.

યઝદની એસ્તેકબાલી. મેહેરજીરાણા ખાનદાનના એક નબીરાના હાથમાં ઇરાનના જરથોશ્તીઓનું ભલું કરવાની તક.

યઝદ આવી પોહોંચવા આગમજ આસરે દોઢ કલાકના રસ્તા ઉપર યઝદની અનજુમનના આગેવાન સાહેબ, અત્રેની ઇરાનીઓની હાલત સુધારનારી મંડળીના અત્રેના એજન્ટ ભાઇ પેશોતન નસરવાનજી દસ્તુર મેહેરજીરાણા, અને બીજા બે સાહેબો મહેરબાની કરી અમોને એસ્તેકબાલ લેવા આવ્યા હતા. આ સાહેબોમાંથી ભાઇ પેશતનજી દસ્તુર સાથે મુંબઇ અને નોસારીની આગલી પિછાણ હતી. તેવણની જીંદગી હીંદના મુલકમાં અને બાહાર ઘણીક જગાએ ગુજરી છે અને તેમાં તેવણ એક વખતે પેશાવરથી શેઠો જસાવાલાની પહેડીના આડત્યા તરીકે કાબુલ ખાતે પણ અમીર અબદુર રહેમાનના વખતમાં જઇ આવ્યા હતા. આ સબબે એવણને ફારસીની વાતચીતનો સારો મહાવરો છે. એવણ અત્રે આશરે ૮) માસ થયાં આવ્યા છે, પણ ખુદાની મહેરથી એવણને એટલી ટુંકી મુદતમાં પણ અત્રની દેહપઝીર આબોહવા માફક આવી છે. એવણના ચહેરા અને અંગ ઉપરથી તે આપણે

જોઇ શકીએ છીએ. હીંદુસ્તાનના એક જાણીતા દસ્તુર, દસ્તુર મેહેરજીરાણા, જેવણુ ઇરાન સાથ સંબંધ ધરાવનાર અકબર પાદશાહની દરબારમાં ગએલા, તેવણુનાં વંશના એક બેટાને ખુદ ઇરાનમાં, દસ્તુર તરીકે નહીં પણ ઇરાની જરથોશ્તી ભાઇઓને મદદ કરવાનું ભલું કામ કરનારી એક મંડળીના પ્રતીનીધી તરીકે, અત્રે આવેલા જોઇ આપણને ખુશી ઉપજે છે. એવણુ એક પ્રકારે અત્રે જાણે મરહુમ મા૦ માનેકજી હાતરીઆની ખુરસી ઉપર બીરાજે છે. એવણુ માટે અત્રે અહીંના જરથોશ્તી ભાઇઓ અને મ.ઇ-ઓનું ભલું કરવા કાજે મોટું ખેતર પડેલું છે. વળી એક દસ્તુરજાદા તરીકે ધર્મ-ભણતર અને ક્રિયામાં કાંઇક માહીત-ગાર હોવાને સબબે અને ફારસી ઠીક જાણતા હોવાને લીધે, સાહીત્યની નજરે પણ, આ ભાઇ તરફથી આપણે ઘણી આશા રાખીએ છીએ. ખુદા એવણુના માર્ગમાં ઘણી સવળતા મેલે અને એવણુને આપણા અત્રેના હીંદીઓનું ઘણું ભલું કરવાને અને આપણને અત્રેની રહે-રીતી, રસમ, રેવાજ વીગેરે તરેહવાર બાબતોનું ગ્નાન આપવાને શક્તીમાન કરે. એવણુના વડીલોએ નોસારીના આગેવાનો તરીકે, આ યજદ શેહેર ખાતે આસરે બે ત્રણ સદી ઉપર લખેલાં કેટલાંક કાગળો, જે જાણીતી રેવાયતોમાં જળવાઇ રહ્યાં છે તે ઉપર સહી કરી યજદના દસ્તુરોથી કેટલીક ખબર અને રાહનુમાઇ ચાહી હતી. હાલમાં જાણે મામલો ફેરવાયો છે અને મુંબઇના જરથોશ્તીઓએ એવણુને અત્રેના જરથોશ્તીઓની જુદી જુદી બાબતોમાં રેહનુમાઇ કરવાને મોકલ્યા છે. ખુદા તે રેહનુમાઇ કરવા માટે એવણુને યારી આપે.

અમો રાત પડતાં આસરે સાડા સાત ને સુમારે યઝદ આવી પ્હોંચ્યા અને અહીંના દસ્તુર-વેપારી, દસ્તુર રૂસ્તમ ખુશરૂએ સખી તબેથી અહીંના જર-થોશ્તીઓના ઉપયોગ માટે જે "ગાહમ્બાર ખાને" નામનું મોટું સુંદર મકાન બંધાવી આપ્યું છે, તેમાં તેવણુની મેહેરબાનીથી ઉતારો લીધો. યુરોપમાં મધ્ય જમાનામાં અને તે જમાના બાદ, ઘણાક ખ્રીસ્તી ધર્મગુરૂઓ ગુરૂપદ જાળવવા સાથે જાગીરદાર બની ખેતી કરતા યા બીજો આબરૂભર્યો ધંધો પણ કરતા હતા. તેઓ માફકના આ દસ્તુર રૂસ્તમ ખુરશેદ છે. તેવણુના ચહેરા ઉપર તેવણુની ખુબોગી અને ભલો ખવાસ અમો વાંચતા હતા. આ ગાહમ્બાર-ખાનેનું મકાન એવું તો મોટું અને સુંદર છે કે મુંબઇ જેવાં શહેરમાં તેવું મકાન બાંધતાં બે ત્રણ લાખ રૂપીઆ થાય. તેમાં આ દસ્તુરજીએ પોતાને ખરચે આપણી મુંબઇની ઢબે એક નવું આદરાન પણ બરપા કીધું છે. આ દસ્તુરજી હાલ દસ્તુરીથી ફારેગ થઇ વેપારમાંજ પડયા છે.

આ યજદ શહેરમાં અમો કેટલાક જરથોશ્તી ભાઇઓ અને બાઇઓને અવાર નવાર મળ્યા કે જેઓ અવાર નવાર મુંબઇ આવી ગયલાં અને જેઓ તે સબબે કાંઇક ગુજરાતી બોલતાં. આ દસ્તુર-જાગીરદાર પોતે પણ જવાનીમાં મુંબઇ મોબેદી માટે આવેલા. તેવણે મને કહ્યું કે તેવણે મને મારી જવાનીમાં કેટલીકવાર મારે હસ્તકની શેઠ જીજીભાઇ દાદાભાઇની દરેમહેરમાં જશન માંડતાં જોયલા. શેઠ જીજીભાઇની બાજને દીને ગામનાં સર્વ મોબેદોને ઇજત થાય છે, તેથી એવણુ ત્યાં આવેલા.

યજદ-ગાહમ્બારખાને,

તા૦ ૧૮ નવેમ્બર ૧૯૨૫.

શરીફાબાદ.

ઇસ્ફહાનથી યજદ આવતાં અમો, આગલાં પત્રમાં જણાવવા પ્રમાણે શરીફાબાદ નામનાં ગામમાં બે કલાક થોભ્યાં હતાં. આ એક પેહેલવેહેલું અસલી જરથો-શ્તી ગામ હતું કે જે અમોએ પેહેલ વેહેલું જોયું. આ ગામની કાંઇક જ્ઞાન દેનારી મુલાકાત આપે હું આ પત્રમાં લખીશ.

આ ગામમાં આશરે ૧૫૦) જરથોશ્તીઓની અસલવારેની વસ્તી છે. આ વસ્તી પુરાણી છે તેના ટેકામાં અમોને કહેવામાં આવ્યું કે અહીંના કોઇ જરથોશ્તીઓના ગાહમ્બાર કાજેના વકફ તરીકે ઓળખાતાં ધર્મખાતાંઓ ૩૦૦) વર્ષના પુરાણા છે. અમોને જણાવવામાં આવ્યું કે આ તરફ એક દખમું મરહુમ મી૦ માનેકજી હાતરીઆએ બંધાવી આપ્યું હતું. અહીં છોકરાઓ માટે નીશાળ છે. પણ છોકરીઓ માટે નહીં હોવાથી તેની આરજુ દેખાડવામાં આવી.

અહીં મુસલમાનો સાથ આપણા જરથોશ્તી ભાઇઓને સારો એખલાસ છે. દીન-દુશ્મની જેવું કાંઇ નથી, તેનો ખાસ સબબ આ માલમ પડયો કે અસલ થોડુંક સુધી આ આખું ગામ જરથોશ્તી હતું, પણ આસ્તે આસ્તે અહીંના કોઇક જરથોશ્તીઓ પડોશના ગામના મુસલમાનો સાથે ધંધારોજગાર વીગેરેનાં સંબંધમાં આવતાં, તેઓ પાસેથી લીધેલાં નાણાના તકાદા વીગેરેમાંથી બચવા ખાતર મુસલમાન થઇ ગયા. આ સબબે જેઓ મુસલમાનો છે તેઓ પણ એક બે સદી આ દાહેકાના મુસલમાન થએલા અને તેઓની રગોમાં હજુર જાણે જરથોશ્તી લોહી દોડતું હોવાથી તેઓ અહીંના જરથોશ્તીઓ, જેઓ જાણે તેઓ સાથે એક લોહીના, તેઓ સાથે માયા મમતા ધરાવે છે. કહે છે કે આ સબબે જ્યારે કોઇ જરથોશ્તીઓ ગાહમ્બાર કરે છે ત્યારે જશન બાદ વેહંચવામાં આવતો સુકો મેવો તેઓ આવા ગરીબ મુસલમાનોને પણ આપે છે.

જરથોશ્તીઓનાં ઘરો

અત્રે બે ત્રણ જરથોશ્તી ભાઇઓનાં ઘરોમાં જઇ તે જોયાં. દાખલ થતાં આપણા દેશનાં કોઇક ખેડુતોના ઘર માફક એક ભાગમાં ગોશફન્દો બાંધેલાં. વળી તેની પડોશમાંજ યા સાથે જાજરૂ. એમ જાજરૂ ઘરમાં દાખલ થતાંજ કાંએ બાંધેલાં તો સબબ જણાવ્યો કે એમ હોવાથી આજુબાજુના ખેડુતો આવી ત્યાંથી બહારોબહાર મેલુ પોતાના ખેતરો માટે ઉંચકી જાય. એ જાજરૂ આપણા નોસારી જેવાં ગામમાં હજુર પણ કોઇ કોઇ છે, તે મુજબની જગ્યા છે. નોસારી ની માફક ફળીઆની તેમ મગસરની દરેમહોલોમાં હજુર પણ મુંબઇ શહેર માફક જાજરૂઓ બાંધેલા નથી પણ ફક્ત થોડીક ખુલ્લી ઘેરી લીધેલી જગ્યા છે જ્યાં લોકો ખુલ્લાં બેસે છે અને મેહતરો દરરોજ આવી જગ્યા સાફ કરી જાય છે. અહીં પણ એમજ જણાવવામાં આવ્યું, વળી અહીં વધુ આ કે ઘરધણીએ મેહેતરને કાંઇ પણ કામ માટે લવાજમ આપવાનું નહીં, પણ ખેડુત પોતેજ પોતાનું ગધેડું લાવી પાવડાથી સર્વ ઉંચકી જાય અને સાફસુફ કરી જાય. વળી કોએ ખાતર તરીકે મેલી ચીજો લઇ જવા માટે ખેડુતો સામા પૈસા આપે. આવા પ્રકારનુંજ કાંઇ જાપાનમાં મુસાફરી કરતાં ત્યાંનાં કોઇ ગામો માટે જાણ્યું હતું કે એવી ચીજ ખાતરના ઉપયોગ માટે લાવવામાં આવતી. કોએ તો ખારકુઇ માફક બનાવે અને તે પેલા ખેડુત થોડી થોડી મુદત બાદ સાફ કરી લઇ જાય. આ સબબે ત્યારે અહીં ઘરમાં દાખલ થતાંજ આપણે આ જરૂરની જગ્યા (જાજરૂ) જોઇએ છિએ. કહે છે કે કોઇ જરથોશ્તી ખેડુતો પોતે પણ ઘરેઘર પોતાના ગધેડાંઓ સાથે આવી આ ખાતર માટેની ચીજ લઇ જાય છે.

વળી અહીંના ઘરોમાં બે બીજી ગોઠવણો આપણું ધ્યાન ખેંચે છે. એક તો આ કે ઘરોમાં એક બે ઓરડા "સરદાબ" નામના હોય છે, જે જમીનની નીચે બનાવેલા હોય છે. યઝદ તરફ શીયાળામાં ઠંડી ઘણી પડે છે તેમજ ઉનાળામાં આજુબાજુના બીઆબાનોની જગા તપી તાપ પણ ઘણો પડતો કહેવાય છે. આ સબબે ગરમીની મોસમમાં દિવસે લોકો એ ભોયરાવાળા સરદાબમાં જઇ દીવસ ગુજારે છે કારણ ત્યાં ઠંડક હોય છે,

વળી એ ઘરોમાં બીજી ચીજ આપણું ધ્યાન ખેંચે છે તે આ કે ઘરોમાં "બાદ-ગીર" એટલે "પવનને પકડનાર" એવી બાંધકામની અગાસી રોાં છાપરાંઓ ઉપર ગોઠવણ કીધેલી. તેથી પવન આ બાદગીરોમાં પુંકી નીચેના ઉપલા ઓરડાઓને ઠંડા રાખે. આપણું સ્ટીમરો ઉપર નીચલા ભાગોને સ્વચ્છ હવા પુરી પાડવા કાજે જે ભુંગળાંઓરૂપી રચના તુતક ઉપર મથાળે જોઇએ છે તે રચના આ "બાદ-ગીરો" ની યાદ આપે છે.

ઘરમાં બેસવા ઉઠવાની રાહરીતી જમીન ઉપર પાંથરેલા ગાલીચાની છે.

ઇરાની ઘરમાં આવકારની રીત.

ભાઇ મહેરબાન રૂસ્તમ નોશેરવાન, જે ભાઇ અમોને ગામની પાદરે લેવા આવ્યા હતા અને જેવણ આ નાના ગામની અન્જુમનના વડા હતા, તેવણને ત્યાં જતાં અમોને દાખલ થતાં આવકારમાં ગુલાબ હાથ ઉપર આપવામાં આવ્યો અને આરસી દેખાડવામાં આવી અને મીઠાઇ દેખાડવામાં આવી. ઘર છોડતાં સગનની ભેટ તરીકે પસ્તાં અને બદામ આપવામાં આવ્યાં. અહીંના કોઇક જરથોસ્તીઓ સાથે વાત કરતાં તેઓને મોઢેથી અવાર નવાર 'યા અલ્લા" એવા ખુદાને માટેના ઇસ્લામી શબ્દો સાંભળ્યા, તે ઉપરથી જોયું કે ઇસ્લામી ભાઇઓની સંગતે તેઓની ભાષાને કેટલું અને કેવું રૂપ આપ્યું છે. હવે એમાં વીચાર કરતાં કાંઇ અજબ જેવું નથી. આપણા પારસી ભાઇઓ by God, by Jove એવા શબ્દો કેટલીકવાર બોલે, એજ પ્રમાણે આજુબાજુની સંગતની સદા યાદ દેવાડે છે. એજ પ્રમાણે મને યાદ છે કે નોસારીની આજુબાજુના ગામોમાં મારી સવારની ગર્દેશમાં એક દિવસ એક હીંદુને મેં "દાદાર ઓહરમઝદ" "દાદાર ઓહરમજદ" એમ બોલતાં સાંભળ્યો હતો, તેમ સાંભળી અજબ થઇ પુછતાં માલમ પડયું કે એ ધણી પારસી જમીનદારો સાથે લાંબા સંબંધમાં આવેલો, તેથી તે ખુદાતાલાને તેઓના બોદા માટેના નામથી કોઇ વખત યાદ કરતો યા બોલતો.

આરસી એક ચિન્હ તરીકે.

અમોને ઘરમાં દાખલ થતાં આવકાર દેતાં બીજી ચીજોમાં આરસી દેખાડી, તે રેવાજે મને કાંઇક વિચાર કરતો મેલ્યો. આપણા હીંદુ ભાઇઓમાં તેમજ જાપાનમાં આરસીએ જાણુ તે ધર્મનું અગતનું આલાત હોય તેવી જગ્યા લીધી છે. કલકત્તાના હુબલીના ઘાટ ઉપર સ્નાન કરવા આવતા હીંદુઓને બ્રાહ્મણો કાંઇક ધાર્મીક ક્રીયા કરી આરસી દેખાડે મારી સવારની ઘણીક સેહેલમાં કફ પરેડ પર બ્રાહ્મણોને દર્યે સ્નાન કરવા જનારાઓને આરસી દેખાડતા જોયા છે. કેટલીક બાબત શારીરીક તંદરોસ્તીના સંબંધના રેવાજો (health laws) ધાર્મીક રેવાજોનું રૂપ લે છે. નાહીધોહી પોષાક પેહેરી પોતાનો ચહેરો આરસીમાં જોવાની સામાન્ય રીતે પાછળથી ધાર્મીક રૂપ લીધું. નાન નાહવું અથવા સ્નાન કરવું યાને અંગ સાફ કરવું, એ અસલમાં શારીરીક સ્વચ્છતાનું કામ હતું તેણે પાછળથી વધારે અસર કરવા કાજે ધાર્મીક રૂપ લીધું.

મહોમદ ગીઝનવીની એક વાત છે કે એક દિવસ પોતાનો ચહેરો આરસીમાં જોતાં તે તેને કદરૂપો લાગ્યો ત્યારે તે દલગીર થયો. ત્યારે વજીરે દીલાસો દીધો કે એક માણસના ચહેરા કરતાં તેના સદગુણો બીજાઓ ઉપર વધારે છાપ મારે છે. આરસીમાં આપણો ચહેરો જોતાં આપણને બદસુરત લાગે તો મનમાં પવિત્ર ખ્યાલ બાંધવો કે એવી શારીરીક ખામી ઉપર આપણુ આત્મીક અને માનસીક સદગુણોથી ફાવી શકશું. જો એમ જોતાં આપણને આપણો ચેહરો ખુબસુરત લાગે તો મનમાં પવિત્ર ખ્યાલ બાંધવો કે આપણુ આ શારીરીક ખુબસુરતીને કદી પણ આત્મીક યા માનસીક બુરા ગુણોથી દાઘ લાગવા દેશું નહીં.

હમદાનથી હું રાજકારોબારના ફેરફારની ચળવળ માટે કાંઈક સાંભળતો આવ્યો હતો. તે ઉપરથી આપણા અહીંના જરથોશ્તી ભાઈઓને મેં પુછ્યું કે તેઓને કેવું રાજ્ય ગમે અને કોણનું ગમે છે? તેઓએ ઠંડે પેટે જવાબ આપ્યો કે તેઓને મનથી સર્વ સરખું છે આબાદી અને સુખ હોય તો કોઈનું પણ રાજ્ય સરખું છે.

અહીંના જરથોશ્તી ધર્માલયો.

આ પુરાણા જરથોશ્તી ગામમાં ત્રણ ધર્મના મકાનો છે. તેઓની મુલાકાતે, તેઓનાં નામ, અને તેઓની જાણીતી હકીકતે મને કાંઈ નવું જ્ઞાન આપ્યું અને વિચાર કરતો મેલ્યો. આ ત્રણ ધર્મના મકાનો નીચલાં છે.

૧ પહેલું, આતશબહેરામ.

૨ બીજું, આદરનું મકાન.

૩ ત્રીજું મહેરનું મકાન અથવા બરાબર બોલીયે તો "દરે મેહેર."

પહેલાં મકાનમાં એટલે આતશબહેરામમાં લોકો દરરોજ અથવા કોઈ પણ રોજે જાય, બીજાં મકાનમાં આદર રોજે જાય, ત્રીજા મકાનમાં મહેર રોજે જાય.

આની ગોઠવણ કોઈ ઘણા આગલા વખતની યાદ આપે છે અને દીસે છે કે અસલમાં એમ જરથોશ્તી ધર્મના મકાનો યા આતશકદેહો કોઈ કોઈ ચોક્કસ યજદની ખાસ સેતાયશ માટે યા ખાસ યાદ માટે બાંધવામાં આવ્યાં હોય. આપણે વાંચીયે છીએ કે આગળનાં વખતમાં કોઈ ઈરાની આતશબહેરામ ખાસ (અર્દીબેહેસ્ત) અમશાસ્પંદ માટે હતું. આપણે હીંદુસ્તાનમાં આની પહેલવહેલું સંજાન ખાતે આતશકદેહ સ્થાપ્યું તેને ફતેહની ઉપરના મતલબ "બહેરામ" યજદ ઉપરથી આતશબેહેરામ નામ આપ્યું. મહેર યજદની સેતાયશની યાદમાં ક્રિયા કામો કરવા માટેના મકાનોને આપણે "દરેમહેર" નામ આપ્યું.

એમ આગળના વખતમાં કોઈ બીજા યજદોને નામના પણ આતશકદેહો હતાં. આ શરીફાબાદમાં જેમ મને જણાવવામાં આવ્યું છે તેમ હોય તો એક ધર્મનું મકાન ખાસ આદર યજદ સાથ સંબંધ ધરાવતું.

હવે ઉપર જણાવેલાં ત્રણ મકાનમાં એકને એઓએ 'આતશ બેહેરામ' કહ્યું, તેને આપણે અહીં હીંદુસ્તાનમાં જેને "આતશ બેહેરામ" કહીએ છીએ તેવે અર્થે ખાસ લેવાનું નથી. અહીં આપણે હાલમાં આતશકદેહના તેઓના દરજ્જા (grade) પ્રમાણેના ત્રણ વર્ગો કર્યે છીએ. ૧ આતશબેહેરામ ૨ આતશ આદરાન ૩ આતશ દાદગાહ એ ત્રણની સ્થાપનાની ક્રિયા અને તેના આતશની બોઈની ક્રિયામાં ફેર છે. હવે આ શરીફાબાદનું "આતશ બેહેરામ" અત્રેની જુદા પ્રકારની મોટી લાંબી ક્રિયાથી બરપા કરેલું કોઈ પહેલા વર્ગનું મકાન છે એમ ખાસ સમજવાનું નથી.

આતશબેહેરામ ગણાતાં આતશકદેહના સબંધની રીતો.

ઉપલાં ત્રણમાં બહેરામ નામથી જણાયલાં આતશબહેરામનાં સંબંધમાં નીચલું કેટલુંક જાણ્યું યા જોયું.

૧ જે અસલ પવિત્ર આતશ છે તે ઓરડો મકાનમાં અંદરથી છે અને આપણા દેશમાં આગળ જેવી સગડીઓ બંધાતી તેવા પ્રકારનો એ ઓરડો કાંઈક અંધારો છે.

૨ એ અંદરના આતશના ઓરડામાં એક નેમસો મોબેદ અને ગામનો "દસ્તુર મોબેદ" સીવાય બીજા કોઈ જાય નહીં.

૩ રાતે તે મોબેદ નીઅએશ કરી આતશ ઉપર લાકડાં મુકી ઘરે જાય, કે આખી રાત આતશ રોશન રહે.

૪ એ મોબેદો સીવાય બીજા જરથોશ્તીઓ અંદરના પવિત્ર આતશ આગળ જાય નહીં. તેથી તે બીજા જરથોશ્તીઓ અત્રે સેતાયશે આવે તો પોતાની સેતાયશ કાજે નવો આતશ ઉત્પન્ન કરે.

૫ મેં પુછ્યું કે અંદરના પવિત્ર આતશ કોઈ વખત આકસ્માતીક બુજા

જાય તો શું કરવામાં આવે? તે બાબે પુછતાં કહે કે જુદા જુદા પેશા યા ધંધાદારીના આતશ લાવી તે ઉપર વંદીદાદ ભણી રોશન કરે.

આતસનું આદોશ્ત. આ આતશબેહેરામ તરીકે ઓળખાતાં આતશકદેહમાં એક ચીજે મારૂં ધ્યાન ખેંચી રાખ્યું તે આતશ રોશન કરવાનો એક પત્થર હતો જે મને "આદોશ્ત" તરીકે જણાવવામાં આવ્યો. મેં કહ્યું કે પવિત્ર ગણાતો આતશ અંદર એક અંધારા ઓરડામાં ખુણામાં હતો, જેને તેને રોશન રાખનાર મોબેદ અને ગામના દેહ મોબેદ સીવાય કોઇ જોય નહીં. બીજાં સેતાયશે આવનારાંઓ તે મરદો યા સ્ત્રીઓ-તો પોતાની સેતયશ કાજે ઉપલા આદોશ્ત તરીકે ઓળખાતા પત્થર ઉપર નવો આતશ રોશન કરે. તેઓ ત્યાં મીણબત્તીઓ પણ રોશન કરે, જે આપણને કેટલુંક રીતસર નહીં લાગે યા પસંદ પડે નહીં.

હવે ગમે તેમ હોય, પણ આ "આદોશ્ત" જે મેં અહીં મારી જીંદગીમાં પહેલ વહેલ જોયો, તે અપણને આપણા પુરાણા કાળની એક આતશની બેઠકની યાદ આપે છે. આપણે અહીં જેને આતશનું "આફ્રગાનીઉ" કહીએ છિએ, તે ઇરાનનું અસલી ઇરાની દાસતું નથી, પણ હું ધારૂં છું કે આપણું હીંદુસ્તાનનું છે. અસલના વખતમાં તો આતશ ઇરાનમાં એવા એક સુંદર રોનકદાર ઘડેલા પત્થર ઉપર મુકવામાં આવતો. આપણે આપણા કદીમ ઇરાની સીક્કાઓ ઉપર જે આતશનું પાતરૂં જોઇએ છિએ તે કાંઇ આપણા આફ્રગાનીઆં માફક નથી પણ આ ઇરાનમાં શરીફાબાદના આતશ કદેહમાં જોયલા "આદુશ્ત" માફક દીસે છે.

આ આદુશ્ત શબ્દ અસલમાં પેહેલવી "આતશ્તો" શબ્દ છે, જેનો અર્થ "આતશ" અને "સ્તા" (to stand) ઉપરથી, "આતશની બેઠક" એમ થાય છે. એ આતશ્તો શબ્દ આદોશ્ત બન્યો છે. આપણા અહીંના પુસ્તકોમાં આ શબ્દ "આતશનો ખાન", જે ઉપર યજશ્ને ગાહમાં આફ્રગાનીઉ મેલવામાં આવે છે, તેને લાગુ પડે છે. અસલમાં હાલના આફ્રગાનીઆંના રૂપનો ઘડેલો ઘાટ ઘટમનો સુંદર પત્થર આદોશ્ત તરીકે વપરાતો હતો. તેવા પત્થર ઉપર આતશ બળતો. પાછળથી તે પત્થરનો ધારધરમ બદલાઇ તે પત્થર એક ખાન (slab) જેવો બન્યો અને તે ઉપર ધાતુનું જુદું આફ્રગાનીઉં મેલાયું.

આ આતશબહેરામ તરીકે બોલાતાં આતશકદેહમાં મને એક આદુશ્ત જેવો પત્થર દેખાડવામાં આવ્યો અને તેને માટે કહેવામાં આવ્યું કે આ ગામથી બે ફરસાખ દુર એક જરથોશ્તી ગામ હતું, ત્યાંથી ત્યાંની એક બાકી રહેલી નિશાણી (relic) તરીકે તે અહીં લાવી મુકવામાં આવ્યો છે. તે ગામ જે એક નાનું જરથોશ્તી ગામ હતું તે હાલ મુસલમાન ગામ થયું છે ત્યાં રહેતા થોડાક જરથોશ્તીઓ સર્વે મુસલમાન થઇ ગયા છે. તેથી તે ગામમાંથી આ આદુશ્ત ગણાતા પત્થરને અહીંના જરથોશ્તીઓ ઉંચકી લાવ્યા છે અને અહીં તે ઉપર સેતાયશે આવતાં લોકો ચેરાગ મુકે છે. અહીં આતશકદેહમાં ચેરાગ ચઢાવવો એક ધાર્મીક કામ ગણાય છે. તેહરાનની દરેમહેરમાં આદરાન આગળ એક ધાતુની ખાંચા ખાંચાવાળી સુંદર બેઠક (stand) મેં જોઇ જેમાં સેતાયશે આવનાર લોકો મીણબત્તી ચઢાવે છે. આ તરફ સુખડ બરાબર મળી શકતું નહીં હોવાથી લોકો સુખડ સળગાવવા કાજે અર્પણ કરવાને બદલે મીણબત્તી સળગાવે છે.

આ આતશકદેહનું મકાન ખુદાબાદ બીન નોશેરવાન નામના સખીતએ પુરૂષે બંધાવી આપ્યું છે તે ઉપર જે તખ્તી છે તેણે મારૂં કાંઇક ખાસ ધ્યાન ખેંચ્યું. તે મકાન પહેલે નાસરૂદીનશાહના બાપ મુઝફરૂદદીનશાહના વખતમાં બંધાયલું, તેથી તે પાદશાહનું નામ આપણે તેમાં

જોઇએ છિએ અને તેમાં તે પાદશાહને અસલી કદીમ નામીચા પાદશાહો સાથે સરખાવી "જમ-જાઉ, કેઆની-કોલાઉ, જમશેદ-જાયગાઉ, ફરેદુનદ-રેગાઉ નઓશીરવાન" વીગેરે ગણ્યો છે.

આતશકદેહમાં હાથનાં પંજા.

અહીંના આતશકદેહમાં દીવાલ ઉપર કેયે આપણે હાથનો "પંજો" પાડેલો જોઇએ છિએ તે આપણું ખાસ ધ્યાન ખેંચે છે આપણે મુસલમાન ભાઇઓના ધર્માલયો સાથે પંજાનો ખ્યાલ જોડયે છિએ. પણ એવું દીસે છે કે જેમ જો કે હાલમાં "ક્રોસ" ક્રાઇસ્ટના ધર્મ સાથે ખાસ જોડાયલો છે, તોપણ તે અસલમાં ક્રાઇસ્ટની આગમજ પણ એક ચિન્હ તરીકે, હીંદુઓના સ્વસ્ટીકા માફક, એક ચિન્હ તરીકે વપરાતો હતો તેમ "હાથનો પંજો" પણ એક પ્રકારની સખનવંતી નિશાણી તરીકે વપરાતો હતો. હાલમાં પણ આપણા હીંદુસ્તાનમાં એક પારસી બાનુ પોતાના ચાર આંગળાથી જે ખરપતું પાડે છે તે એક પ્રકારનો પંજો છે.

યઝદ, ગાહમ્બારખાને,

તા૦ ૨૦ મી નવેમ્બર ૧૯૨૫.

યજદ શહેર. તેની જરથોસ્તી તવારીખમાં કોઈક સફા. ત્યાંના ગાહમ્બાર.

(આ અને હવે પછીના પત્રો મારી સાથે મુંબઇ લાવી છાપાખાનાને આપ્યાં છે. તેમ કરતાં અને પુસ્તકોની મળેલી મદદનો તેઓને કાંઇક લાભ આપ્યો છે.)

યજદ અને કેર્માન, તે જાણે આપણું હાલનું જરથોસ્તી ઇરાન.

યજદ અને કેર્માન, તે આપણ પારસીઓને મનથી આપણી દીનની હાલની નજરે આપણું હાલનું ઇરાન છે. આજ સુધી ઇરાનમાં ફર્યો તે હાલમાં મોટે ભાગે ઇસ્લામી ઇરાન છે. બાકુમાં જુજ જરથોસ્તીઓને, કાઝવીનમાં તેથી વધારે જરથોસ્તીઓને અને તેહરાનમાં તેથી વધારે મોટી સંખ્યાને મળ્યો હતો. પણ એઓ એ શહેરોમાં જાણે પારકા શહેરનાં હોય તેમ જઇ વસ્યા છે. એઓમાં તેહેરાને રાજધાની શહેર તરીકે એઓને વધારે ખેંચ્યા છે. ત્યારે હાલના આપણા જરથોસ્તી ભાઇઓના કોઇક બાપદાદાથી ઉતરી આવેલાં પુરાણા મથકોમાં યજદ અને કેર્માન શહેરો અને તેઓના આજુબાજુના પરાંઓ ગણાતાં ગામો છે.

ઇ. સ. ૧૭૨૦ ની આગમજ કેર્માનની જરથોસ્તી વસ્તી આશરે ૧૨૦૦૦) ની હતી. ઇ. સ. ૧૮૭૦ માં તે ફક્ત ૧૩૦૦) ની ગણાઇ હતી. યજદમાં ઇ. સ. ૧૮૮૮ ને આશરે ૪૦૦૦) પારસીઓની વસ્તી જણાવવામાં આવે છે. તે ઘણી ઓછી છે. પણ હાલમાં યજદ અને કેર્માન અને આજુબાજુના ગામો સાથે કુલે વસ્તિ આઠ નવ હજારની કહે છે આ બે શેહેરોમાં પણ યજદ અને તેના ગામોની વસ્તી વધારે છે.

આપણા હાલના હસ્તલેખો આ શહેરોથી.

હવે યજદ અને કેર્માન ફક્ત આજેજ નહીં પણ ઘણીક સદીઓથી આપણાં મુખ્ય મથકો છે, તે એકથી વધુ આધારે માલમ પડે છે. આપણા અહીંના બસો ત્રણસો વર્ષપરના વડીલો ઇરાનથી આપણી દીની બાબતોમાં જે પુછપરછ કરતા હતા અને જે પુછપરછ આપણી રેવાયતોમાં જળવાઇ રહી છે, તે યજદ અને કેર્માનથી હતી. આપણે હાથ આપણા અવસ્તા પેહેલવી ફારસીના કોઇક પુસ્તકો આવ્યાં છે, તે પણ યઝદ અને કેર્માનથી છે. આઝરબએજાનમાં તબ્રીઝમાં હું ફક્ત એકજ અવસ્તાનું પુસ્તક જોવા પામ્યો હતો અને તે પણ ત્યાંથી લખેલાં પત્રમાં જણાવ્યું છે તેમ, યઝદમાં લખાયલું ત્યાં ગયું છે.

આ મુજબ યઝદ-કેર્માન આપણું હાલનું જરથોશ્તી ઇરાન છે. ત્યારે યેઝદ માં આવતાં મને આ સબબે ખુશી ઉપજી હતી કે જો કે મારી મુલાકાત ટુંકી હતી તોપણ હું એ હમદીન ભાઇઓ માટે કાંઇક થોડુંક જાણવા જોગ જાણી શક્યો હતો, જોઇ શક્યો હતો અને શીખી શક્યો હતો.

આ શહેરમાં આપણી વસ્તી ટકી શકવાનો એક સબબ.

યઝદ અને કેર્માન તરફના મુલકમાં આપણી નાની આટલી ટકી રહી છે, તેનો સબબ આ, કે તેઓ ઇસ્લામી પાયતખ્તોથી કાંઇક દુર આવ્યાં છે એવું દીસે છે કે શરૂઆતના ઇસ્લામી અમલોમાં ખલીફો અને બીજાઓના રાજ અમલનું મુખ્ય બીંદુ પશ્ચિમ ભણી હોવાથી તેઓનો કાંઇક દીનીદોર પશ્ચિમ ભણી વધારે હતો. શાહ યઝદજર્દ બગદાદ તરફથી હાર ખાઇ નાઠો, તે પુર્વ ભણી આવ્યો. તેની સાથે પણ અને તેની પછી પણ નાથભાગનો રોઠ પૂર્વ ભણી હતે. પૂર્વે ઇસ્લામી રાજધાની શહેરોથી કાંઇક દુર હોવાને લીધે ખુદ રાજકર્તાઓના દીનીદોરનું દબાણ જરથોશ્તીઓ ઉપર કાંઇક કમી હોવાથી તેઓ આ તરફ ટકી રહ્યા.

૧૮)મી સદીમાં યઝદ કેર્માનના જરથોસ્તીઓ. તેઓએ અફઘાન લડાઇમાં લીધેલો ભાગ.

આપણે આગળ કહ્યું કે ઇ. સ. ૧૮ મી સદી આગમજ આ શહેરો તરફ વસ્તી કાંઇક વધારે હતી, તે વસ્તી કમી થવાનો એક મુખ્ય સબબ, મેં આગળના એક પત્રમાં ઇશારો કર્યા પ્રમાણે, ઇરાન ઉપર અફઘાનોનો હુમલો હતો. આ હુમલા વખતે અને હુમલા બાદ ઘણા જરથોશ્તીઓ બંન્નેને હાથે—અફઘાનોને હાથે અને ખુદ ઇરાનીઓને હાથે—માર્યા ગયા હતા, તેની કાંઇક હકીકત નીચે મુજબ છે. ઇ. સ. ૧૭૧૦ માં ઇરાન અને અફગાનિસ્તાન વચ્ચે લડાઇ જાગી તે કેટલુંક સુધી ઓછી વધતી ચાલુ રહી. ઇ. સ. ૧૭૨૦ માં કંદહારના રાજકર્તા મીર વઇસ Meer Vais) ના બેટા મહમુદે ઇરાન ઉપર હુમલો કર્યો. કેર્માન આ હુમલા દરમ્યાન મુખ્ય ઇરાની શહેર હતું. તે ઉપર હુમલો થતાં અફગાનોને હાથ કેટલાક જરથોશ્તીઓ માર્યા ગયા. એ પછી થોડો વખત પાછો પોતાના મુલક તરફ જઇ ૧૭૨૨ માં મહમુદ પાછો હુમલો લાવ્યો. આ વખતે તેણે કેર્માનના જરથોશ્તીઓને પોતાની મદદે ખેંચ્યા. તેણે તેઓને આશા આપી કે 'તમો ઇસ્લામીઓથી જુલમ ખમો છો તો આ વખતે અમારી સાથે જોડાઇ જાઓ કે અમારી ફતેહ અને અમલ થતાં તમોને રાહત થશે." મી૦ જોનેસ હેન્વે નામનો વેપારી, જે ઇરાનમાં ઇ. સ. ૧૭૪૪ માં મુસાફરી કરતા હતા તે પોતાના એક પુસ્તકમાં અફગાનો અને કેર્માન તરફના જરથોશ્તીઓ વચ્ચેની આ ગોઠવણ બાબે લખે છે (A Historical Account of the British trade over the Caspian Sea with the Author's Journal of Travels Vol. II Chap. II I. p. 153). તે નીચે પ્રમાણે કહે છે:-

"He represented to the Parsees, that the hour was now come which would free then from the yoke of their tyrants; that liberty was in their iron hand, if they would prove themselves worthy heirs of the valour of their ancestors." કહે છે કે પારસીઓએ મહમુદની સુચના કબુલ કરી તેની તરફેણમાં લડવા લાગ્યા. એક જરથોશ્તી, જેણે નાસર ઉલ્લા એવું મુસલમાન નામ (કદાચ પોતાના અસલ નામ નોશીરવાન ઉપરથી) અખત્યાર કર્યું હતું, તેણે જરથોશ્તીઓની ખાસ સરદારી લીધી હતી. જ્યારે

અફગાનોએ ગીએઝ (Ghiez) નામના કીલ્લા પર ઘેરો નાખ્યો, ત્યારે તેઓ ફાવ્યા નહીં. ત્યારે તેણે આ નવા થએલા પારસી મિત્રો (Allies) ને તે કીલ્લાના દરવાજા પોતાના કોહાડીથી તોડવા મોકલ્યા. આ કોશેશમાં ઘણા પારસીઓ માર્યા ગયા. એમ નીષ્ફળતા મળતાં અફગાન સરદારે ઠેરાવ્યું કે તે કીલ્લામાં જમીનનાં ભીતરમાંથી માર્ગ ખોદી દાખલ થાય. કહે છે કે એક જરથોશ્તી જેનો પેશો કુવા ખોદવાનો હતો, તેને તેણે આ કામ સોંપ્યું. કહે છે કે આ લડાઇમાં ઉપલો પારસી સરદાર એવો તો બહાદુર હતો, કે ઉપલા લખનાર પ્રમાણે તે પોતાના જરથોશ્તીઓ સાથે જ્યાં પણ ઇરાનીઓ સામે જતો, ત્યાં તેઓ વચ્ચે મોટી ચીંતા (terror) સમાન થઇ પડતો. આખરે તે મરણ પામ્યો ત્યારે ઉપલા અફગાન સરદારે તેની લાસને માન અકરામ આપ્યું અને બે મોબેદોને તેની જગ્યા આગળ આતશ રોશન કરી ભણવા બેસાડવા. હેનવે લખે છે કે:—

"Mahmud erected a stately monument to him, near the burrying place of the Armenians. The Afghans looked upon him as a saint, and expressed a high veneration for his memory. This was the more extraordinary, as they could not plead ignorance that he was a worshipper of fire since there were two priests hired by the Sultan, who kept the sacred flame near his tomb."

યજદ અને કેરમાન તરફના જરથોશ્તીઓની બહાદુરીની આ વાર્તા જાણે અત્રે સંજાન ખાતે જે બનેલું તેની યાદ આપનારો કોઇ પડઘો હતો. આ બાબતમાં હું મારાં "દસ્તુર બહેમન કેકોબાદ અને કીસ્સે સંજાન" નામના વિષયમાં કાંઇક બોલ્યો છું.

ઉપલે સબબે યજદ શહેરના જરથોશ્તીઓને ખમવી પડેલી જફા.

જ્યારે ઇરાનના રાજકર્તાએ અને તેને મદદ કરનાર નાદીર જે પાછળથી નાદીરશાહ થયો હતો અને જેણે આપણા હીંદુસ્તાન ઉપર ઇ. સ. ૧૭૩૯ માં હુમલો કર્યો હતો, તેઓએ જોયું કે કેરમાનના જરથોશ્તીઓએ અફગાનોને મદદ કીધી છે, ત્યારે તેઓએ ચિંતા રાખી કે એજ પ્રમાણે યજદના જરથોશ્તીઓ પણ અફગાનો તે તરફ આવતાં તેઓને મદદ કરશે. આ સબબથી તેઓ મદદ કરે કે નહીં કરે તોપણ તેઓનાં સાવચેતી તરીકે ધાક બેસાડવા કાજે અને કેરમાનના જરથોશ્તીઓના કાપનો જાણે એક પ્રકારનો કીનો લેવા કાજે યજદના જરથોશ્તીઓની મોટી સંખ્યાને તેઓએ મારી નાખી.

નાદીરશાહે હીંદુસ્તાનમાં પાછળથી જે કર્યું તે આપણે જાણીએ છીએ. તે ઉપરથી આપણે ખ્યાલ કરી શકીએ છીએ કે જ્યારે તે કીના ઉપર આવતો તો કોઇ વખત તે કેમ કાપાકાપી કરતો. તેણે ઉપર જણાવ્યા પ્રમાણે ઇ. સ. ૧૭૩૯ માં હુમલો કર્યો ત્યારે આગલા મહમદ ગીઝનવી અને તએમુરના હુમલાઓને વીસરાવે તેવો નાશ પાથર્યો હતો. તે વખતે તેનો પોતાનો હમ-દીન મુહમદશાહ દીહલી ખાતે રાજ કરતો હતો. તેણે કર્નાલ (Karnal), જે પાણીપતની મશહુર જંગભુમી આગળ આવ્યું છે ત્યાં આ હમ-દીન પાદશાહને હરાવી દીહના હાથ કર્યું, પછી જ્યારે દીહલીના લોકો તેની આમદ નાપસંદ કરી સામે થયા, ત્યારે તેણે દીહલીને લુંટી સઘળે પાયમાલી પાથરી અને કહે છે કે ૩૦૦૦૦ આદમીઓ—જેમ હીંદુ તેમ મુસલમાનો—ની કતલ કરી. તે દીહલીમાં ફક્ત ૫૮ દિવસ રહ્યો હતો પણ તેટલાં [illegible] દિવસોમાં તેણે એ શહેરને પાયમાલ કર્યું અને લખો રૂપીયાનો જર

ખજાનો ફક્ત મોગલ પાદશાહનોજ નહીં પણ પ્રજાનો પણ-લુટયો અને ઇરાન પાછો ફર્યો. તેહરાન શેહેરમાં શાહના ખજાનામાં જે તખ્તે તાઉસ (Peacock's Throne) નામનું જાણીતું તખ્ત છે, તે પણ તે અહીંથી લઇ ગયો. તેહરાનની મુલાકાત દરમ્યાન આ નામીચું તખ્ત જોવાની આરઝુ રાખી હતી પણ અમારી મુલાકાત વખતે દેશ રાજ કારોબારના જે ફેરફારમાંથી પસાર થતું હતું તે કારોબારના સબબે શાહના મહેલને અને ખજાનાને તાળાં મારેલાં હતાં. તેહરાન ખાતેની એક સાંજ મને યાદ છે કે જ્યારે ત્યાંના નકારે-ખાના (નગારખાના)તરફ જતાં ઇરાની પાદશાહના મહેલને બાહેરથી દુરથી જોઇ કાળ ચક્રની "શાહના ફકીર અને ફકીરના શાહ" ની કહેવતનો કાંઇક ગંભીર અને સુચક ખ્યાલ કરતો હું ત્યાંથી પસાર થયો હતો.

હવે જ્યારે નાદીરશાહે પોતાના એક હમદીન પાદશાહના મુલક તરફ આવી ખાતકી ચાલ ચલાવી ત્યારે તે યજદ અને કેર્માનના આપણા જરથોસ્તી હમદીનો તરફ ખાતકી ચાલ ચલાવે તેમાં નવાઇ નહીં. આપણે જાણીએ છીએ કે નજદીક બસો ત્રણસો વર્ષ સુધી આપણા અહીંના લોકો ઇરાન ખાતે યજદ અને કેર્માનના દસ્તુરોને કાગળો, જે રેવાયતોમાં જળવાયાં છે, તે લખતા હતા. પણ ઉપલી નાદીરશાહની કતલ પછી આપણા જરથોસ્તીઓની એટલી દુર દશા થઇ કે તેઓ કાંઇ પણ દીની જ્ઞાન આપી શકે તેવા રહ્યા નહીં.

ખજદમાં ગાહંબાર. તે માટે આફ્રીન.

અમોએ યજદ શહેરમાં તા૦ ૧૭ મી ની રાત્રે આ૦ રા અને બાહેરવને તા૦ ૧૮ મી રોજ ખોરશેદ માહે ખોરદાદ (કદમી ગીન)થી ઇરાની ભાઇઓના મેદીઓઇશહેમ ગાહમ્બાર શરૂ થયા. આ સબબે અમોને અહીંની ધાર્મિક જીંદગીની કોઇક ચપલ બાજુ જોવાની કાંઇક તક મળી. આપણા ઇરાની ભાઇઓને સર્વે દીની કામો અને ક્રિયાઓમાં ગાહમ્બાર કરવા ઉપર ઘણો અજબ એતેકાદ છે. વળી-એતમાં ધર્મ ખાતે કોઇ કાંઇ આપે તો તે ગાહમ્બાર માટે આપે. આ સબબે એઓ જમીન યા એવી જાગીર વકફમાં આપે છે, જે એક પ્રકારનું ટ્રસ્ટ કહેવાય. અહીંના આપણા જરથોસ્તીઓ માટે ભાગે ખેડુત છે અને ગાહમ્બારો રૂતુના જશન હોઇ એક પ્રમાણે ખેડુતોના પવિત્ર તેહેવારો બનવા છે. ત્યારે આપણે કાંઇક સમજી શકયે છીએ કે ગાહમ્બારો, જે રૂતુના અને તેથી અને ખેતીના સંબંધના જશનો છે, તે શા કાજે એઓમાં માનીતાં છે. ગાહમ્બારોના જાહેર મેળાવડાઓ એક પ્રકારે એક ગામ યા શહેરનાં ખેડુતી પ્રદર્શનો (Agricultural shows) જેવા ગણાય. ખેડુતો પોતાના ખેતરો અને બાગમાં એ અવસરો માટે કાંઇક ઉમેદ અને આશાથી કામ કરે, કે ગાહમ્બારના પ્રસંગે તેઓ બાગમાંથી ઉપજામાં ઉમદાં ફળ ઉતારી ગાહમ્બારની ઉજવણીમાં મેલે અને ખેતરમાંથી ઉતરેલા પાકના નવા અનાજમાંથી દરૂન માટે અનાજ આપે. એવા પ્રકારનાં પાકના જશનો (Harvest feasts) ધાર્મિક કોમોમાં દીસે છે. હાલમાં પણ અંદેરી ખાતે ગોપાસાંની સેનટ મારી કોઇક મહેસવમાં હું જોતો કે ત્યાંના દેશી ખ્રીસ્તી ખેડુતો પોતાના ખેતરમાંથી ભાતનાં ઝુમખાઓ, સર્વે પાક ઉતારવા અગમજ, દેવળમાં એવાં કોઇ જશનને દીને લઇ જઇ અર્પણ કરવાને ઘણી લાગણી રાખતા હતા.

આપણા દેશમાં મરહુમ પટેલ સર જમશેદજીનો દાખલો છે, કે તેણ સાઠે-બો ગાહમ્બાર પર ભણેલું આફ્રીન હતું. પારસી પંચાયેતના જુના દફતરોના અભ્યાસ ઉપરથી મેં જોયું છે કે આપણા મુંબઇ શહેરમાં, છેક આસરે બસો વર્ષ ઉપરથી જાહેર ગાહમ્બારો થતા હતા. જુદા જુદા ધંધાદારીઓ ગાહમ્બારો અવારનવાર કરતા. પણ તે સર્વે ધંધાદારીઓમાં "પરતાકાઓ" (એટલે તર-

કારી વેચનારાઓ) જાણીતા હતા. તેઓ ઘણા જુના વખતથી આજ સુધી દેહ મહીનામાં ગાહમ્બાર કરતા રહ્યા છે. પારસી પંચાએતના આકાબરો પણ જાહેર ગાહમ્બાર કરતા પણ તે વીષે કાંઇ ખાસ ફંડ યા નીયમ નહીં હતાં. પણ પછી મરહુમ પેહેલા સર જમશેદજી, જેવણુને ગાહમ્બાર પર ઘણું આકીન હતું, તેવણે આસ્તે આસ્તે ફંડ વધારી અને વધઘટી વર્ષના એકથી વધુ ગાહમ્બારો કરવાનું ઠેરવ્યું. આજ સુધી તેવણ સાહેબના ફંડમાંથી મુંબઇ ઉપરાંત કેટલાંક ગુજરાતનાં નાના મોટાં ગામોમાં ગાહમ્બાર થાય છે.

ગાહમ્બારની ક્રિયા.

ઇરાનમાં ગાહમ્બારની ક્રિયા જોવાની મને તક મળી તેથી હું ખુશી થયો. અત્રેની એ ક્રિયાનું જે વર્ણન મારે હસ્તક પ્રગટ થયલાં સર જમશેદજી મદ્રેસાના જ્યુબીલી વાલમમાં, મરહુમ મી૦ ખોદાબાર શહેરયારની કલમથી લખાયલું મેં વાંચ્યું હતું, તે જાતે જોવાનું બન્યું. એ ગાહમ્બારની કાંઇક હકીકત નીચે પ્રમાણે છેઃ—

૧ ગાહમ્બારનાં પાંચ દિવસોમાં પેહેલો દિવસ વધારે અગત્યનો ગણાય છે. સબબ કે તે જાણે શરૂઆતનો આવવારનો દિવસ છે. તે દિવસે અત્રેના આતશબેહેરામ તરીકે જણાતા મકાનમાં સવારનાં ગાહમ્બારની જશને થાય છે અને તે વખતે ધાર્મિક એતેકાદનાં ઘણા પુરૂષો—મોબેદો તેમ બેહદીનો—તે જશનેની ક્રિયામાં પણ ભાગ લે છે. અમો સવારે ત્યાં ગયા, ત્યારે જશને શરૂ થઇ ચુકી હતી અને મીજલસ મળેલી હતી.

પોષાકમાં કાંઇ એકયતા જેવું નહીં હતું. તરેહવાર પોષાકો દીસતા તેમાં શુદ્ધ સફેદ જુજ હતો. મોબેદોના પોષાકમાં પણ એમજ હતું. જો કાંઇ શુદ્ધ સફેદ પોષાક હોય તો તે જશને કરનારાઓનો અને તેમાં પણ આત્રવક્ષીનો હતો.

હાજર રહેલા મોબેદો ઉપર નજર કરતાં માલમ પડયું કે કોઇક મોબેદ સાહેબો પણ દાઢી બોલાવે છે. ધર્મગુરૂ વર્ગે દાઢી રાખવી એ આપણો પુરાણો રેવાજ કે કાંઇક દલગીરી સાથે આપણે જોઇએ છિએ કે તે આપણામાંથી નીકળતો જાય છે. એક વખત નોસારીમાં એ બાબે એવો તો સખત કાયદો હતો કે એક મોબેદના ઘરમાં હજામ ચઢે નહીં. કહે છે કે જો કોઇ ભાઇ બાલ કપાવવા પણ ચાહતા તો તેવણને નોસારીથી દુર માણેકપોર અને ટંકોરી નામના ગામોમાં જઇ બાલ કપાવી આવતા અને તે ઉપરથી "માણેકપોર ટંકોરી જઇ આવવું." એટલે બાલ કપાવવા, એ એક પ્રકારની કહેતેલાઉ થઇ પડી હતી.

૨ જશનેની ક્રિયાના થોડાક શરૂઆતનાં ભાગમાં મીજલસ પણ કેટેકટે સાથે ભણીને ભાગ લેતી. કેટલાકોના હાથમાં આ સબબે જશનેની ચોપડી હતી એવી એક લીથોગ્રાફ ચોપડી ઇ. ૧૮૯૭ ના સાલની મેં જોઇ.

૩ જશનેનાં રૂપીઆવાળા ઓરડામાંના આતરોક્ષી સાથે ચેફ્રલે ભણતર વેળા કુસ્તીથી પેવંદનો સંબંધ કરવામાં આવતો. આપણામાં હિંદુસ્તાનમાં એમ જશનેની ક્રિયામાં બીજાઓ મીજલસમાં સામેલ થાય એવું આપણે જોતા નથી. પણ હું ધારૂં છું કે આપણી હિંદુસ્તાનની "ગાહમ્બારની પાતી" બેસવાની ક્રિયા આ ગાહમ્બારની જશનેની મીજલસની ક્રિયાનું બદલાયલું રૂપ છે.

મારૂં આ જોયલું યાદ છે કે, હાલમાં જેમ ઇરાનમાં જોઇએ છિએ તેમ, મુંબઇમાં પણ આસરે ચાલીસ પચાસ વર્ષ પર બેહેદીનો પણ ગાહમ્બારની યા બીજાં આફ્રીનગાન વીગેરેની ક્રિયામાં મોબેદો સાથે સેતરંજી ઉપર બેસી કાંઇક ભાગ લેતાં. મીજલસમાં બેહેદીનોએ પણ દસ્તુર મોબેદો સાથે એકજ પંગતીએ સેતરંજી પર બેસવું આ રેવાજ આપણા વાડીઆજીના પુરાણા આતશબેહેરામમાં આસરે વીસ પચ્ચીસ વર્ષ સુધી હતો.

૪ ઇજશ્નેની ક્રિયામાં દરૂન ઘણાં મોટાં કદનો વાપરે છે.

૫ ઘણા ધર્મચુસ્ત જરથોસ્તીઓને ઘરેથી એકાદ માણસ ગાહમ્બારની ઇજશ્નેનું આરાપણું કરેલું પાણી તેઓને ઘરે ધાર્મિક ખ્યાલથી પીવાને લઇ જવાને આવે છે. આ ગાહમ્બારની ઇજશ્નેની ક્રિયા “વાજે (બાજે) યશ્તે ગાહમ્બાર” કહેવાય છે.

૬ શરૂઆતનાં થોડાંક ભણતર બાદ મીજલસ છુટી પડે અને પછી બન્ને મોબેદો ઇજશ્ને તમામ કરે. આપણા દેશમાં નીરંગદીનની ક્રિયામાં, દરેમહેરમાં રાતનાં વંદીદાદ વખતે, દસ્તુર, મોબેદો અને બેહદીનોની મીજલસ મળે છે, જે વંદીદાદની પહેલી પરગરદ ‘અમ્મોત” મંડાતાં છુટી પડે છે, તેની યાદ આવે છે કે એ રીત જાણે કોઇ પુરાણી રીતની બાકી રહેલી નીશાણી છે.

ઉપર પ્રમાણે ગાહમ્બારના તેહેવારોની આમદ પેહેલે દિવસે કોઇક જાહેર રીતે અન્જુમન ભેગી મળી કરે છે. આ રીત નોસારીના એક આગલા ભલા રેવાજની યાદ આપે છે. કે જે રેવાજ પ્રમાણે કહે છે કે ગાહમ્બારનાં જાહેર ખાણાનાં પ્રસંગે દસ્તુરો, દેસાઇઓ અને અન્જુમન જામો પીછોડી પહેરી જ્યાં ગાહમ્બારનું ખાણું થવાનું હોય ત્યાં આગલી સાંજે જઇ કુસ્તીપાદયાબ કરી કાંઇક પવિત્ર કલામો સાથે રાંધવાના વાસણમાં “વઘાર નાંખતા.” પછી બાવરચીઓ પોતાનું કામ આગળ ચલાવતા.

આ ઉપરથી ઇરાનનાં કોઇક આગલા પાદશાહોની વાત યાદ આવે છે કે તેઓ જમશેદી નવરોઝનાં ટાંકણા ઉપર પોતે જાતે ખેતરમાં જઇ નવા વર્ષનો હળ પોતે પોતાને હાથે ખેડતા.

અહીં ઇજશ્નેની ક્રિયા માટે, મેં આગળ જણાવ્યું છે તેમ, ખજુરીનું ઝાડ નથી. એને બદલે એઓ તુટ યાને સેંતુરના ઝાડની પાતરી “અહળ્યાધહેમ” ના કામ માટે વાપરે છે. કયે આ તુટ અને દાકમડી (હિવેરામ માટે) ના ઝાડો પણ ઇજશનેગાહ સાથે નહીં હોય ત્યાં તેઓ બહાર કેથે જ્યાં એ ઝાડો હોય ત્યાંથી લાવે. કેટલાક મોહલ્લાઓ ખાસ જરથોસ્તી મોહલ્લાઓ હોય છે, જ્યાં ઇસ્લામીઓની મુદલ આવજાવ નહીં, તેથી એમ બહારથી પતરી વીગેરે લાવવામાં અડચણ ગણાતી નથી. પણ આપણા હીંદુસ્તાનની દરેમહેરોમાં તો આ પાતરી વીગેરે ઇજિશ્ન ઉપર લાવવા માટેના માર્ગમાં “પાવી” ખોદેલી હોય છે કે તેની ઘેરાયલી હદમાંથીજ મોબેદ ચાલીને તે લાવે. તેવું કાંઇ અત્રે દીસતું નથી.

આ આતશબહેરામનાં મકાનમાં ગાહમ્બાર માટે કોઇએ કાઢેલાં વકફનામાઓને ફ્રેમમાં કાગજો મેલી જાહેરાત આપે છે. દાખલા તરીકે એક વકફનામું મેં ‘વકફનામે એ રૂસ્તમ એબને મરહુમ બેહેરામ” એવે મથાળે જોયું. એકાદ દાખલામાં તો પથ્થરની તખ્તી ઉપર એવાં વકફનામાની નોંધ લીધી છે. આ રીતે ધર્મખાતાંઓની ધર્મના મકાનોમાં જાહેરાત આપવાની રીત આપણને વિચિત્ર લાગે છે, પણ તે ઘણી બરહક દીસે છે. આપણા શહેરમાં હું કાંઇક દાખલાઓ જાણું છું કે મરનારોએ—અત્રેના શબ્દોમાં બોલું તો ‘વકફ’ કરીને—ધર્મ ખાતે ગાહમ્બાર કરવાની રકમો અલાહેદી કાઢી હતી. હું નાહનો હતો અને પછી જવાનીએ પહોંચ્યો હતો, ત્યારે તેવા ગાહમ્બારોમા જવાની મને યાદ છે. પણ હવે તે સર્વે જતું રહ્યું છે. આપણા ઘણાક દીની કામ માટેના ધર્મખાતાંઓ ખવાઇ ગયાં છે. ફક્ત ગાહમ્બાર બાજ જેવા દીની ધર્મખાતાંઓજ નહીં, પણ સાર્વજનીક ધર્મખાતાંઓ પણ ખવાઇ ગયાં છે. આ સબબે જ્યારે આપણા શહેરમાં સર ઇબ્રાહીમ રહીમતુલ્લાએ એવાં ધર્મખાતાંઓ (Religious endowments) માટે કાયદો બંધાવવાની કોશેશ કીધી હતી ત્યારે મારી પોતાની તે તરફ દીલસોજી હતી. પણ તેવણના ખરડામાં એક બાબત એવી

હતી કે જે ગ્રસ્થીઓને માથે કાંઇ અ-સાધારણ બોજમદારી નાંખે, જે સબબે કોઇ આબરૂદાર ગૃહસ્થ ગ્રસ્થી થવાને કાંઇક આનાકાની કરે. હાલમાં આપણા ઘણા લોકો વસીઅતનામામાં એથી ધર્મ ખાતે રકમો કાઢી જાય છે, પણ તેના જાહેર પારસી આલમને ખબર નહીં હોવાથી તેવી રકમોનું શું થયું તે ખબર પડતી નથી. માટે અત્રેની ઉપલી રીત પ્રમાણે કોઇ આતશબહેરામ આદરાન જેવી જગ્યાએ મરનારોના ધર્મ ખાતાંની કોઇ જાહેર નોંધ રહેતો અન્જુમનનો કોઇ પણ ધણી તે બાબે કાંઇ જુસ્તેજો કરી શકે.

યઝદ, ગાહમ્બાર બાને,

તા૦ ૨૦ મી નવેમ્બર ૧૯૨૫

યઝદ શહેર-તેની કાંઇક વધુ હકીકતો.

આગલા પત્રોમાં મેં યઝદના જરથોસ્તી ભાઇઓ માટે, તેઓની ધારમીક જીંદગીના સંબંધમાં કાંઇક લખ્યું છે. આજે પણ તેજ બાબત ઉપર કાંઇક વધુ લખવા માગું છું. સબબ કે યઝદની મોલાકાતમાં ત્યાં જુના તવારીખી ખંડીએરો વીગેરેના સંબંધમાં થોડું જોવાનું છે; જે જોવા જાણવાનું છે તે આપણા હમદીનોના સંબંધમાં છે.

ગાહમ્બારના જશનમાં એક દફતરખાન.

આગળ જણાવેલાં ગાહમ્બારના જશનમાં એક મોબેદ ભાઇ ખાસ ધ્યાન ખેંચતા. તેવણને સાધારણ રીતે "દફતર-ખાન" એટલે "દફતર-વાંચનાર" તરીકે ઓળખેછે. આ "દફતર" તે "નામ-ગ્રહણ" ની ચોપડી હતી. અહીં રેવાજ એવો દીસે છે કે ગામના કોઇક જરથોસ્તીઓ જેઓ મરણ પામ્યા હોય તેઓના નામ આ ચોપડામાં દાખલ કરેલાં હોય છે. આપણામાં, મુંબઇ, નોસારી વીગેરે શહેરોમાં હાલમાં કોઇક બઝમ યા મંડલોએ એવું જાહેર કર્યું છે, કે જેઓ તેઓના ફંડો માં રૂ૨૦) યા ૨૫) યા અમુક રકમ આપે, તેઓ કહે તેવું તેઓના કોઇ મરનાર બેહેસ્તીનું નામ તે મંડળી યા બઝમ પોતાના નામગ્રહણમાં દાખલ કરે. એવું કાંઇક આ તરફની દફતર-ખાનાની રીત માં છે. ગામનો કોઇ જરથોસ્તી પોતાના કોઇ બેહેસ્તીનું નામ આ "દફતર"માં દાખલ કરવા માટે કોઇ અમુક રકમ આપે—અને આ તરફ આપવાની એ રકમ નાની કહેવાય છે—તો તે નામ દાખલ કરવામાં આવે અને ગાહમ્બારનાં આવાં જશનો માં તે યાદ કરવામાં આવે. આપણામાં હીંદુસ્તાનમાં તો આફરગાન માંડનાર દસ્તુર યા મોબેદ આફરગાનનો દીબાચો ભણતાં નામગ્રહણમાં એવાં નામોને યાદ કરે છે. પણ અહીં તો એક જુદો મોબેદ (દફતર-ખાન) એ સર્વ નામો યાદ કરે છે. આફરગાન માંડનાર જોતી અને આત્રવક્ષ એને બીજાઓ આફરગાન ભણતા જાય, ત્યારે આ દફતર-ખાન મોબેદ ઉપર જણાવવા પ્રમાણે તેના દફતર યાને નામગ્રહણમાં દાખલ કરાવેલાં નામોને આખો વખત ભણતો રહે. પણ તેના દફતરમાં, નામ દાખલ કરવાનો લવાજમ નાનો હોવાથી, એટલાં બધાં તો નામ દાખલ થયલાં હોય છે કે તે જશનનાં અર્ધા પોણા કલાકમાં તે સર્વ નામો યાદ કરી શકે નહીં. તેથી જેટલાં યાદ થઇ શકે તેટલાં યાદ કરે અને પછી બીજે ઠેકાણે ગાહમ્બારના વકફનું જશન થાય ત્યાં બાકીના નામો ભણવા માંડે. ત્યાં પણ પુરા થાય નહીં. તો ત્રીજે ઠેકાણે જઇ ભણવા માંડે. આ મુજબ તેના દફતરમાં દાખલ થયલાં સર્વ નામો ગાહમ્બારના અવસરે ગામમાં યાદ થાય.

આ દફતરનું નામ તે ઉપર નીચે પ્રમાણે લખયું છે:—

"કેતાબે ખુદા આમુઝીએ ગુઝસ્તેગાન" એટલે "ગુજરેલાંઓને ખુદા માફ કરે તેની ચોપડી." આ નામ દેખાડે છે કે ફકત આપણાં દેશમાંજ નહીં પણ ઇરાનમાં પણ ગુજરેલાંઓના સંબંધની

ક્રિયા તેઓની તકસીરોની માફી માટે હોય એમ ધારવામાં આવે છે. ગુજરેલાં ઓ માટેની દુઆ કેટલી અને કેવી રીતે કાર્યસાધક છે, તે માટે હું વીગતે મારા સ્વાન-પીજ્તગી અથવા આત્માની મુકતી નામનાં વિષયમાં બોલ્યો છું.

નૌસારીમાં મલેસર ફળયેના એક રેવાજની યાદ.

આત્રેના આ રેવાજે નૌસારીના મલેસર ફળયેનો એક રેવાજ, જે ત્યાં હજુ પણ થોડુંક સુધી ચાલુ હતો, તેની મને યાદ આપી. "The Disa—pothi and the Nam-Grahan of the Parsis (દીસાપોથી અને પારસીઓનું નામગ્રહણ) એવે નામનો મારો એક વિષય, જે-મેં કલકત્તાની બીજી ઓરીએન્ટલ કોન્ફરન્સમાં વાંચ્યો હતો, તેમાં હું મલેસરના આ રેવાજ બાબે કાંઇક વીગતે બોલ્યો છું. મલેસરનો આ રેવાજ આ છે કે, ત્યાં આખા મલેસર ફળયાનું એક દફતર યા નામ-ગ્રહણ છે, જે ત્યાંના મોબેદ સાહેબો રાખે છે. મલેસર ખાતે કોઇ પણ ગુજર પામ્યું હોય, પછી તવંગર કે ગરીબ, તેનું તેમાં નામ દાખલ કરેલું હોય છે. કોઇ ધાર્મિક પુરૂષ, સારે માઠે પોતાને ત્યાં આફરગાન કરાવતાં પોતાના મોબેદને વધુ દામ આપવાનું કહે કે આખાં ગામનાં સ્વાનોને યાદ કરવાં, તો તેમ મોબેદ ભાઇ કરે છે. પણ એમ આખાં ગામના મરણ પામેલાંનાં નામો, જે હજાર ઉપર થવા જાય, તે સર્વને યાદ કરવાં એ કાંઇ નાનુંસુનું કામ નથી. તેથી કહે છે કે તેવ બાબત તેવી ફરજ બજાવનાર કોઇ મોબેદ સાહેબ તો પીઠ પછવાડે તકીઓ લઇને બેસે અને અઢેલીને નીરાંતે તે નામો ભણવા માંડે કે જેમ કરતાં કલાકો થઇ જાય તેની થાક તેઓને લાગે નહીં. કહે છે કે થોડાંક વર્ષ સુધી એમ ત્યાં કોઇ ધર્મચુસ્ત પુરૂષો ભણાવતાં.

આ રેવાજની કાંઇક યાદ-આપનારાં ખ્રીસ્તી સાધુ ભાઇઓનાં નામગ્રહણ.

એવાં નામ-ગ્રહણનો રેવાજ આપણને કોઇક ખ્રીસ્તી સાધુભાઇઓના મંડળનાં રેવાજની યાદ આપે છે. એ સાધુઓના કોઇક પુરાણા મઠોમાં રેવાજ આ હોય છે, કે જ્યારે કોઇ મઠનો સાધુ મરણ પામે ત્યારે ફક્ત તે મઠના મરણ પામેલા સાધુઓની ટીપમાંજ નહીં પણ તે પંથના સર્વ પંથોની ટીપમાં તેનું નામ દાખલ થાય. મઠનો વડો સાધુ સર્વ મઠોમાં મરનારનું નામ મોકલી આપે અને ત્યાંના દફતરમાં દાખલ કરાવે, ત્યારે ચોક્કસ ક્રિયાઓના મોટા અવસરોએ સર્વ મઠોના મરનાર સાધુ ભાઇઓનાં નામની યાદ સર્વ મઠોમાં થાય.

ઓક્ષફર્ડ યુનીવર્સીટીનો એકાદ રેવાજ.

આહીં પજંદ-માં પળાતી ઉપલી રીત પ્રમાણે થોડાક પૈસા આપે તો કોઇનું પણ નામ એમ થોડીક હદે જાહેર ગણાતાં દફતર યા નામગ્રહણ-પોથીમાં દાખલ થાય. આપણો પુરાણો રેવાજ કે કોમ, શહેર યા દેશનો કોઇ જાહેર પુરૂષ, મોટી જાહેર સેવા બજાવે તો તેનું નામ જાહેર અવસરોના નામ-ગ્રહણમાં દાખલ કરવું. એ પુરાણો શુભ રેવાજ છે, પણ કમનસીબે હાલમાં તે તેની ચઢતી હાલતમાં જળવાઇ રહ્યો નથી. એ બાબે હું આગળ કાંઇક બોલ્યો છું. ઉંચે એવા કોમ યા ખાતાંના ભલું કરનારા ચુનન્દા પુરૂષોનાં નામો ચોક્કસ અવસર યાદ કરવાનો રેવાજ કહે છે કે ઓક્ષફર્ડની યુનીવર્સીટીમાં હાલમાં પણ જળવાઇ રહ્યો છે. ત્યાં ચોક્કસ અવસરે ભણાતી એક બંદગી (Bidding prayer) માં ઓક્ષફર્ડની યુનીવર્સીટીને મદદ કરનારા ગુજર પામેલાઓને યાદ કરવામાં આવે છે.

ગાહમ્બારના જશન બાદ વેંહેચાતી ચય-અદ વખતે નેતરનો ઉપયોગ.

આ ગાહમ્બારનાં જશનમાં જશન બાદ, આગળ જણાવ્યું છે તેમ, ગરીબોને સુકો મેવો અને નાન વેંહેચવામાં આવે છે. તેમ થતાં મેં એક ધણીને હાથમાં નેતર લઇ ઉભેલો જોયો કે જે વારનવાર તે નેતરને બરચાંઓમાં અને કોઇ મોટી ઉમરનાઓમાં પણ ગડબડ યા દોડાદોડી અટકાવવા ઉપયોગ કરતો. ગરીબ હમદીનો પોતાનો મેવા યા નાનનો ભાગ લેવા દોડાદોડી કરતાં તો આ ધણી તે બીચારાંઓ ઉપર નેતરનો ઉપયોગ કરતો. ધર્મક્રિયાના અવસરે આવો નેતરનો ઉપયોગ આપણને અજબ કરે છે અને કાંઇક કમકમાવે છે

થોડુંક સુધી આપણા સુધરેલાં મુંબઇમાં પણ આપણે તેવું જોતા હતાં. મારી બચગી અને જવાનીના દાહડાઓ યાદ આવે છે કે જ્યારે મરહુમ શેઠ જીજીભાઇ દાદાભાઇ, જેઓનું મુબારક નામ મને હમેશાં કાંઇક આનંદ આપે છે, તેઓની રોજ ૧૮ માહ ૮ ને દીને પડતી બાજને દીને તેઓની ફ્રાશાબાની દરેમહેરમાં ગામના મોબેદોનું અને ગરીબ બેહેદીનોનું વેહેંચાણ થતું હતું. તે વખતે મુંબઇમાં પાંચસો સાતસો ગરીબ મોબેદો હતા, કે જેઓ એ પ્રસંગે મોબેદોને આઠ આનાની અને ત્યાર પછી એક રૂપીઆની અપાતી આશોદાદ માટે, કોલાએ આવતા. સંખ્યાબંધ ગરીબો પણ ચાર આનાની ભેટ માટે આવતા એવી જાહેર વાટણીમાં કોઇક બીચારા અભણોની દોડાદોડી થાય અને તેથી ગરબડ પણ થાય. તેઓને બરાબર વાંટણી થાય તે કાજે દરેમહેરના કમ્પાઉંન્ડના દરવાજા સર્વેને અંદર દાખલ કરી બંધ કરવામાં આવતા અને દરવાજાની નાની બારીમાંથી એકેક ને પસાર કરી આશોદાદ આપવામાં આવતી. તે માટે ધણી ધક્કા ખુલ્લી થતી હતી, જેને કાબુમાં રાખવા એક ધણી હાથમાં નેતર લઇ ઉભો રહેતો અને તે નેતરનો છુટથી ઉપયોગ કરતો. આ નઓજુ તેમ ધાતકી દેખાતું. આ દરેમહેર સાથના મારા સંબંધમાં હું આ એક ખુશીનો મારા સંબંધનો બનાવ ગણું છું કે દરેમહેરના ત્રસ્ટી સાહેબોએ આ રીત બંધ કરી અને કમ્પાઉન્ડમાં બાજટો ગોઠવી તે ઉપર અને ઓટલાઓ ઉપર સર્વેને બેસાડીને આપવા માંડવું. ખુદાની મહેરથી તે આગલા પૈસાની તંગીના દાહડાઓ વહી ગયા છે અને વળી સાથે સાથે એવી ગરીબ મોબેદોની સંખ્યા સારે ભાગ્યે કમી થઇ છે. તેથી જાહેર વેહેંચાણ હોવા છતાં હવડાં તો એટલી નાની સંખ્યા આવે છે કે તે સર્વે મોબેદ ભાઇઓને જશનની મીજલસમાં જગ્યા આપી શકાય છે. મોબેદ ટોળાની બેહેતરી માટે, તેઓના દરજ્જાના કોઇક ખયાલથી, હું પોતે તે ધારૂં છું, કે ખુદા કરેને તેઓની સંખ્યા હજુર પણ ઓછી થાય તો સારૂં. એમ ઓછી સંખ્યા થતાં તેઓની સારી કદરશનાસી થશે અને તેમ સારી કદરશનાસી થતાં વધારે ચઢતે દરજ્જેના મોબેદ ભાઇઓ કોમ મેળવી શકશે. કોઇ કહેશે કે ત્યારે મોબેદોની અછતને લીધે ક્રિયાઓનું કેમ? તો હું કહું કે ક્રિયાઓ સંખ્યા (Quantity) માં ઓછી થઇ ગુણ (Quality) માં વધતી થાય તો તે મોબેદ ભાઇઓ માટે, બેહેદીન ભાઇઓ માટે, કોમને પોતાને માટે, ખુદ આત્મીક દુન્યાના સુધારા વધારા માટે સારૂં છે. ક્રિયા સંખ્યામાં ઘટી ગુણમાં વધે તે પસંદ કરવા જોગ છે.

ગાહમ્બારખાનું સ્થાપનાર ગ્રહસ્થનું મકાન.

એક દિવસે અમો આગળ જણાવેલા ગ્રહસ્થ દસ્તુર રૂસ્તમ ખુશરૂ, જેઓ ગાહમ્બારખાનાનું મોટું મકાન એક આદરીઆન સાથે બાંધ્યું છે અને જેઓની મહેરબાનીથી અમોએ તેઓના આ ગાહમ્બારખાનામાં ઉતારો લીધો છે, તેઓની મુલાકાતે ગયા, કે તેઓની મુલાકાત લેવાને અને સાથેસાથે એક ભલા વેપારી દસ્તુરનું ઘેર પણ

જોવાને બને. એવણે પોતાના મકાનમાં એક ઇબ્રાહીમશાહ, જરૂરી ઉર્વીસ અને આદુરત સાથે રાખી છે. એવણના મોહલ્લાને "મોહલ્લાએ દસ્તુરાન" તરીકે ઓળખવામાં આવે છે. આ મકાનના નાના સુંદર બાગમાં એક ભાગે "નારંગસ્તાન" તરીકે ઓળખાઇ અમારૂં ખાસ ધયાન ખેંચ્યું. તેમાં નારંગીના સુંદર ઝાડો હતાં. જે ઉપરથી કાંઇક ફળો તોડી અમોને આવકારમાં ભેટ આપ્યાં.

આ મકાનમાં આપણા આગલા ઇરાની પાદશાહોનાં ચિત્રો હતાં. તેમાં એક ગયેમર્દનું હતું, જેની નીચે આ બેત લખેલી હતી :

"નખુસ્તીન ખદીવી કે કેશ્વર ગશુદ

સરે પાદશાહન કયોમર્સ બુદ"

એટલે પેહેલવહેલો પાદશાહ કે જેણે મુલક ઉંગાડયો (યાને સ્થાપ્યો) તે પાદશાહોનો સરદાર કયોમર્સ હતો.

એ ચિત્રમાં એ પાદશાહને ચામડાંના પોષાકમાં એક ઝાડની નીચે બેઠેલો ચિતાર્યો છે.

આ મકાનની મુલાકાતે અમોને એક માતબર જરથોસ્તી મોબેદ સાહેબના ઘરની અંદરની રચનાનો કાંઇક ખ્યાલ આપ્યો છે.

આગલા મધ્ય (Mediaeval) જમાનાના ખ્રીસ્તી ધર્મગુરૂઓની આ દસ્તુરે કાંઇક રૂડી યાદ આપી. તે આ કે તે જ નાના ધર્મગુરૂઓ ફક્ત પોતાના પેશાનેજ વળગી રહેતા એમ નહીં પણ સાથે સાથે બીજો પણ આબરૂદાર પેશો કરતા. તે સબબે ઘણા આબરૂદાર ધર્મગુરૂઓ, ફક્ત પોતાના યજમાનોને આધારેજ નહીં રહેતાં, પોતાના બાજુ બળથી પણ કાંઇક ધર્મગુરૂના પેશા માંથી જે મળે તે ઉપરાંત મેળવતા. તેથી ઘણા નહીં તો થોડા તેઓ સ્વતંત્ર રહેતા. " The Social Life of a Christian of Mediaeval England and the Social Life of a Parsee of Modern India" (મધ્ય જમાનાના ઇંગ્લાંડનાં એક ખ્રીસ્તીની સંસારી જીંદગી અને હાલના હીંદુસ્તાનના એક પારસીની સંસારી જીંદગી), એવે નામના મારા કલકત્તાની ઓરીએન્ટલ કોન્ફરન્સ હજુરના એક વિષયમાં એ બાબે હું કાંઇક બોલ્યો છું. હવે "એક ધર્મગુરૂ પોતાનાજ ગુરૂપદને વળગી રહે કે તે, સાથે સાથે બીજો પણ પેશો કરે" એ એક મોટો સવાલ છે. મુંબઇની આસરે ૪૫) હજાર આદમીની પારસી કોમ બે ચીજો માગે છે. ૧ ભણેલા ધર્મગુરૂઓ અને ૨ વળી મોટી સંખ્યામાં ધર્મગુરૂઓ કે જેઓ કોમના હજારો પુરૂષોને ત્યાંની ધર્મક્રિયાઓ બેહદીનોને પરવડે તેવા લવાજમે કરે. આ બન્ને માગણીને પોંહોચી વળવું, મારા કમીના વિચાર પ્રમાણે, અશક્ય છે. એક વખતે પ્રોફેસર મેક્ષમુલરે કરેલી ફર્યાદ વાંચેલી મને યાદ છે કે તેના જેવા ભણેલા પુરૂષ તરફ અને ભણેલાં ખેતરોમાં કામ કરતા પુરૂષ તરફ પણ કોઇક સાહેબો "મંડળીને માથે પડેલા પુરૂષ" તરીકે જોતા હતા, સબબ કે તેવણનું પોતાના અભ્યાસીના ખુણામાં બેસી ગુપચુપ કરેલું કામ કોઇ રીતે મંડળીને રૂપીઆ, આના, પૈ લાવી આપતું હતું નહીં. તેથી એવું ધારો કે પારસી કોમ પોતાના ધર્મગુરૂઓ પાસે ધર્મઅભ્યાસનું અને વળી ધર્મ-ક્રિયાનું બન્ને કામ માગે તો એ બન્ને સંતોષકારક રીતે કેમ બને? તેઓએ એવા ધર્મ-ગુરૂઓ માટે ગુજરાનનાં સારાં સાધનો પુરાં પાડવાં જોઇએ. તમો આગળ માફક સર્વે ક્રિયાઓ ચાલુ રાખવા કાજે ધર્મગુરૂઓની મોટી સંખ્યા માગો, અને વળી તેઓ ભણેલા હોય એવું માગો, તો તો તેઓ માટે—અને જ્યારે ક્રિયાઓ જો આગલા પ્રમાણમાં ચાલુ રાખવા માગો અને બેહદીનો ઉપર બોજો નહીં પડે તેવા લવાજમથી ચાલુ રાખવા માગો તો તેઓ માટે—અતી ઘણા મોટાં ફંડની જરૂર જોઇએ. હાલમાં જ્યારે એકાદ

શહેર યા ગામનાં એકાદ ભણેલા દસ્તુરના ગુજરાનના સાધનો માટે સાંસા પડે છે, ત્યારે સર્વ ધર્મ-ગુરૂઓને તમો કેમ પોંહોચી શકશો? આ એક મોટો સવાલ છે. તેવા સવાલની આજુબાજુ અને ભીંતરમાં જોતાં એક પ્રમાણે આપણા ઉપલા દસ્તુરભાઇનું આગલું દસ્તુરપદ અને હાલનું વેપારી ધંધારોજગારનું કામ એ બન્ને આપણું ખાસ ધ્યાન ખેંચે છે. એવા કાંઇક ખ્યાલો ઉપરથી જો કાંઇક અનુમાન ઉપર આવી શકાતું હોય તો તે આ છે કે ધર્મગુરૂઓનો સંસારી દરજ્જો ચઢતો થવો જોઇએ. તે ચઢતો થાય તો બે પાંચ પૈસે સુખી બાપો પોતાના બેટાઓને આ ચઢતા દરજ્જાને સબબે આ પેશા તરફ ધ્યાન ખેંચતા કરે. તવંગર બાપોના બેટાઓ, જેમ પોતાની કાંઇક તવંગરીને આધારે બીજા ચઢતા ગણાતા પેશા (Professions) માં પડે છે, તેમ આ ચઢતા ગણાતા પેશામાં પડે. તેઓ જમીનદારી યા ખેતી જેવા કોઇ ચઢતા પેશા સાથે ધર્મગુરૂના પદ તરફ જોય. તેઓ તે ધર્મગુરૂના પદના શોખને ખાતર પેશામાં દાખલ થાય તો યજમાનોની ધાર્મિક યા આત્મીક રેહેબરી વધારે સારી રીતે કરે.

મુંબઇ, ગાહમ્બારખાને,

તા૦ ૨૧ મી નવેમ્બર ૧૯૨૫.

યજદ્દ ત્યાંનું ગાહમ્બારનું જશન.

આ પત્રમાં હું જે બોલું છું, અને છેલ્લા એકાદ પત્રમાં જે બોલ્યો છું, તે કદાચ સર્વ પારસી ભાઇઓને ખાસ જાણવા જોગ નહીં લાગે, પણ મોબેદ ભાઇઓને ભણતરની રાહરીતી અને ક્રિયાઓની સરખામણી કાજે અગત્યનું લાગે. આ સર્વ રીવાજો અને ક્રિયાનાં ફેરફારો આપણને શીખાડે છે કે આપણે ક્રિયાઓ તરફ બંદગી વીગેરેની એક સેવટની નેમ (end) તરીકે નહીં, પણ તે નેમના એક માર્ગ (means to an end) તરીકે લેવું જોઇએ. તરીકત અને ક્રિયાઓ અલબત્તે અગતનાં છે; કોઇ પણ પ્રજા થોડી કે ઘણી ક્રિયા પાળવા વીનાની હોય નહીં. તો પણ તેની હદ હોય છે. ક્રિયા વગરના ધર્મનો કદાચ આપણે ખ્યાલ કરી શકયે, પણ ધર્મ વગરની ધર્મ ક્રિયા નહીં હોય.

ગાહમ્બારના જશનની મીજલસ.

આગલા પત્રમાં મેં અત્રે આવવાને દિવસેજ ગાહમ્બારના તેહેવારો શરૂ થવાની તક સબબે, આપણા ઇરાની ભાઇઓના માનીતા ગાહમ્બાર બાબે કાંઇક કહ્યું છે તે કેહેવું ગાહમ્બારની ઇજશ્નેમાં હમશરીક થવાની મીજલસ બાબે હતું. આપણા શહેરમાં યા નૌસારી, ઉદવાડા જેવાં પુરાણાં મથકોમાં પણ યજદની માફક ગાહમ્બારની ઇજશ્ને યા વીસ્પરદના ભણતરના અવસરે આમની મીજલસ મળવાનો કોઇ રીવાજ નથી.

હવે હું આજે શરૂઆતમાં આ શહેરમાં એક જરથોસ્તી, અર્બાબ ખુદાબક્ષ ગોદરેજ મેહેરબાન, જેવણ આપણા શહેરમાં જાણીતા થયલા ગોદરેજ મેહેરબાનના ખેશી હતા, તેવણને ત્યાં થયલાં ગાહમ્બારનાં જશન માટે બોલીશ. કેહે છે કે અહીં પાંચ દહાડા ગાહમ્બારો જુદા જુદા જરથોસ્તીઓ પોતાના વડીલોએ કાઢેલાં "વકફ" માંથી એટલા બધાં તો ખરેખર કરે છે કે મોબેદોને ફુરસદ મળતી નથી. મારા ખેશીએ તેહેરાન માફક અહીં પણ જશન કરવાનો વિચાર રાખ્યો પણ તેમ સર્વ દિવસો અને વખત રોકાયલા હોવાથી બની શક્યું નહીં. અર્બાબ ખુદાબક્ષે મેહેરબાની કરી પોતાને ત્યાંનું ગાહમ્બારનું જશન અને મીજલસ જોવાની અમોને તક આપી અને ચાહીને મેહેમાનદારી કરી તે માટે હું આભારી છું.

આ અર્બાબને ત્યાં ગાહમ્બારમાં જતાં તેવણના ઘરની જમવાની મેજ

(ટેબલ) ઉપર આ એક જાણીતો અર્થ-સુચક લેખ વાંચ્યો કે,

"અન્દર ફેનારે ખાને તો ખુર્શીદ ફર્સે નાન" એટલે "તારી મેજની બાજુએ (એટલે તેની સાથે સરખાવતાં) સુર્ય એક રોટીની થાળી (disc) છે."

આ અબાંખના અમો આભારી થયા છીએ તે ફક્ત તેવણની એ દિવસની મહેરબાનીભરી મહેમાનદારી માટેજ નહીં પણ તેવણે આમંત્રણ કરવાથી ત્યાંનું ગાહમ્બારનું જશન અને ક્રિયા જોવાને પણ બન્યું તે કાજે પણ. મેં જે જોયું અને જાણ્યું અને સાંભળ્યું તેની કાંઇક નોંધ અત્રે લઉં છું.

૧ સર્વે મીજલસ—અને તેમાં મોબેદો પણ—આપણી અત્રેની મીજલસ માફક સફેદ પોષાકમાં નહીં, પણ તરેહવાર પોષાકમાં, મુખ્ય કરી કાળા પોષાકમાં ભેગા મળ્યા હતા.

સારાં ભાગ્યે આપણે આપણા દેશમાં આપણી ધાર્મીક મીજલસોમાં કાંઇક ગંભીરતા અને સુંદરતાનો દેખાવ જાળવી રાખી શક્યાં છીએ. તદન શુદ્ધ સફેદ પોષાકમાં સજ થયલી આપણા મોબેદ સાહેબોની જાહેર જશનો ઇત્યાદિ વીગેરેની મીજલસો ગંભીરતાનો કાંઇક સારો ખ્યાલ આપનારી મીજલસો છે. આપણા ઇરાનની આવી મીજલસોના સંબંધમાં એમ નથી. તેઓ ગંભીરતાના સંબંધમાં આંખને ખેંચાણકારક નથી.

૨ આ ગાહમ્બારોની મીજલસમાં "દેહ મોબેદ" (અર્થ પ્રમાણે ગામડાંનો મોબેદ) અગતનો ભાગ લે છે. નૌસારીમાં જે જગ્યા ત્યાંના "રાવ" અથવા હાલમાં "રાણી" તરીકે જણાયલા મોબેદ સાહેબ લે છે, તે જગ્યા ઇરાનમાં "દેહ મોબેદ" લે છે. પણ જેમ મને કહેવામાં આવ્યું તેમ આ "દેહ મોબેદ" કાંઇ ખાસ "મોબેદ" નહીં પણ હોય. એક "બેહેદીન" પણ "દેહ મોબેદ" હોય. ગામમાં ગાહમ્બાર ઉપરાંત નવજોત, લગ્ન, મરણ વીગેરેની મીજલસમાં આ દેહ મોબેદ એક રેહબર તરીકે અગતનો

ભાગ લે છે. તે મોટા અવાજે હવે શું બાબત છે અને હવે શું કરવાનું છે, તેના કહેણ (instructions) માટે અવાજે પોકારે છે. દાખલા તરીકે આજની મીજલસમાં તેણે જાહેર કર્યું કે એ કોણનો યાને કોણની નઇએતનો ગાહમ્બાર છે.

૩ ગાહમ્બારની મજલસમાં મોસમની તાજી ફરૂટ ઉપરાંત મોટા જથ્થામાં સુક્કો મેવો હોય છે. આ સુક્કા મેવાને "લોર્ક" કહે છે. એમાં તરેહવાર જાતના સુક્કા મેવાનું મીશ્રણ હોય છે.

૪ આ બીલા સુક્કા મેવા ઉપરાંત "નાનો" (એટલે મોટી રોટીઓ) અગત્યની છે. તે બાજુએ રાખવામાં આવે છે.

૫ ગાહમ્બારના વકફમાંથી થતાં આ જશનો જાહેર જશનો ગણાય છે. કોઇ પણ જરથોશ્તી મરદ, સ્ત્રી યા બચ્ચાં ત્યાં આવે છે અને દરવાજાની અંદર યા બહાર ભેગાં મળે છે. જશન બાદ તે સર્વને મુઠે મુઠે સુક્કો મેવો અને એક યા બે નાનો આપવામાં આવે છે. ગાહમ્બારના આ પાંચ દીવસોમાં જુદે જુદે ઘણે ઘરે વકફોમાંથી આવા ગાહમ્બારો થાય તેથી ગરીબોને થોડાક દિવસ ચાલે તેટલો મેવો અને નાનો મળે છે. યઝદ શહેરમાં એવી સખાવતને લાયકનાં આપણા ઘણા ગરીબ જરથોશ્તીઓ વસે છે

અત્રેના ગાહમ્બારો ઉપર સાકુંને મળતી ખોરાકની આ વાટણી મને યુરોપનાં કોઇક ખ્રીસ્તી ગામોની કાંઇક આવાજ પ્રકારની રીતની યાદ આપે છે. ખ્રીસ્તી કેથલીકોમાં તા૦ ૧) લી અને ૨) જી ડીસેમ્બરના દિવસો સર્વ ગુજરેલાંઓની યાદના દિવસો છે. ફ્રાંન્સમાં એ દિવસોમાંનો એક Jour de tous les morts એટલે આપણા શબ્દોમાં મોકયે તો "હમા અશો ફરોહરનો દહાડો" એમ બોલાય છે. એ દિવસે ત્યાંના ગામડાંઓમાં કોઇક શક્તીવાળાઓ ગરીબોને એમ રોટી અને સાથે બીજો કાંઇક ખોરાક પહોંચે છે. કહે છે કે ઘણા

ગરીબો એ દિવસે એક ઘરથી બીજે ઘર અને એક ગામથી પડોશના બીજાં ગામમાં જઇ એક ખોરાકની ભેટ એકઠી કરે છે, જે તેઓનાં ગરીબ ઘરમાં ઘણાં દિવસ ચાલે છે.

૬. આપણા તરફ તાજી મય્યતના ખુમચામાં અથવા તો તે મય્યતના ખુમચાને પાસે મેલી બીજા ફાલતુ ખુમચામાં ફુળ પાણી મુકી જોતી આફ્રીનગાન માંડે છે. અહીં સર્વે તાજી ફરદનાં જબ્બે કટકા કરી એકબે ખુમચામાં મેલે છે અને જોતી આફ્રીનગાન સુકા મેવાના ખુમચામાં માંડે છે.

૭ "અહુરહે મજદાઓ" નો કરદો ભણતાં ભેગા મળેલા સર્વ મોબેદો એક કુસ્તી યા દોરીથી પેવંદમાં જોડાય છે. આગળ આપણામાં "ગાહમ્બારની પાવી" ભણતી વેળા એમ, જો કે એકજ સેતરંજી પર બેઠેલા હોવા છતાં, રૂમાલથી પેવંદ કરતા તે રીવાજ આપણા શહેર માંથી કમી થયો છે

૮ અને ગાહમ્બારનું આફ્રીનગાન તમામ થતાં સર્વ મોબેદો ઉઠીને કુસ્તી કરે છે. આપણા હીંદુસ્તાનમાં આફ્રીનગાન બાદ કુસ્તી કરવાનો રીવાજ નથી પણ ગાહમ્બારની પાવી બેસે છે, ત્યારે તે પાવી બાદ ઉઠી કુસ્તી કરે છે. અહીં "ગાહમ્બારની પાવી" જેવી ક્રિયા ગાહમ્બારના અવસરે થતી નથી. આપણા દેશમાં તો ગાહમ્બારની પાવી બેસતાં ફકત એકજ વખત "દુધ" ઉપરજ નહીં, પણ કેટલીક વખત "દારૂ" ઉપર પણ બાજ થતી જોઇ છે. હું નાનો હતો ત્યારની મને યાદ છે કે એક ઘરે "શરબત" ઉપર પણ બાજ થતી મેં જોઇ હતી.

એવું દીસે છે કે "ગાહમ્બારની પાવી" ની ક્રિયા હીંદુસ્તાનમાં દાખલ થઇ છે. આંકેટીલ ડુપેરોં પોતાના જંદ અવસ્તાના પુસ્તકમાં એ ક્રિયાનું પુરત ખાતેનું કાંઇ વર્ણન કરે છે, તે પ્રમાણે એ ક્રિયા કરનારાઓ, ખરેખર એક "પાવી" આટલે જમીન ઉપર 'કશ' ખેંચી ઘેરેલી જગ્યામાં બેસી એ ક્રિયા કરતા હતા. તે ઉપરથી એ ક્રિયાને "પાવી" નામ મળ્યું છે. હાલમાં પાવી બેસતાં પાવીનો કશ ખેંચવામાં આવતો નથી, તોપણ તે ક્રિયા "પાવી" તરીકે બોલાય છે.

૯ ઇરાનમાં આપણું અત્રેનું "પદાન" ગુમ થતું ગયું અને જાય છે.

૧૦ હીંદમાં "અહુરહે મજદાઓ" નો કરદો તમામ થતાં જોતી રાથવી ચમચથી દીશાઓ દેખાડે છે. અહીં યઝદમાં એક ધાતુનું વાસણ જેમાં પાણી ભરેલું હોય છે તે ફેરવે છે. એ વાસણને "નાવેહ" કહે છે જે ફારસી શબ્દનો સાધારણ અર્થ વાસણ થાય છે. મેં હીંદુસ્તાનમાં પણ કોઇ મોબેદ સાહેબોને જોયા છે કે જ્યારે તેઓ એકલા આફ્રરગાન કરતા હોય છે ત્યારે ચમચને બદલે આફ્રીનગાનના ખુમચામાં મેલેલો પાણીનો કળસ્યો ઉંચકી દીશાઓમાં ફેરવે છે. તેની હવે સમજ પડે છે કે એ રીત અત્રેના ઇરાનની પુરાણી "નાવેહ" ની રીત છે

૧૧ આપણે હીંદુસ્તાનમાં માટીની બનાવેલી કાંઇ પણ ચીજ, દાખલા તરીકે કોરીની રકાબી, વાપરતાં નથી. પણ અહીં ગાહમ્બારની આફ્રીનગાનની ક્રિયા વેળા મેં કોરીની રકાબીઓ જોઇ છે. આ બાબતમાં હું જોઉં છું કે આપણો હીંદુસ્તાનનો રીવાજ વંદીદાદના ફરમાન પ્રમાણે વધારે બરહક છે વંદીદાદ વધારે સ્વચ્છતાના ખ્યાલે ધાતુઓને પણ તેઓના વીશેષ ગુરૂત્વ (Specific gravity) પ્રમાણે ચઢ ઉતર સ્વચ્છ ગણી છે. તેથી માટીના વાસણ ના–રવા ગણાયાં છે.

૧૨ આપણા હીંદુસ્તાનમાં જશન, આફ્રીનગાન ખાસ જમીન ઉપરજ સેતરંજી પાથરીને કરવાનો ખ્યાલ છે. ઇરાનમાં તેપ ખાસ જરૂરીઆત ગણાતું નથી.

૧૩ જશનમાં મેલેલી ચીજોને અહીં સારી સુંદર રીતે ગોઠવવાની તજવીજ કરવામાં આવે છે. જેમ આપણાં મુક્તાદમાં સીસાઓ વીગેરે ગોઠવી કાંઇ સુંદરતા દેખાય તેમ કર્યે છીએ, તેમ અહીં

આ અહુરમઝદના આફ્રીનગાનના જશન વખતે પણ ફુલાવર–વાઝ વગેરેની ગોઠવણ કરે છે. આ અવસર માટે એક ખાસ જરૂરીઆત ગણાતી ચીજની તૈયારી એ આ દિવસ આગમચથી કરવામાં આવે છે. તે આ કે એકાદ સીસા ઉપર કાંઇક માટી વળગાવી તે ઉપર ઘાસ જેવી લીલોત્રી ઉગાડે છે.

ફુલોને બદલે આંગળી ઉંચી કરવાનો રેવાજ.

અહીં બાજરમાર-ના જશનના ક્રિયામાં એક રિવાજે મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું. તે આ કે હીંદમાં આફ્રગાન ભણતાં "અહુ હે મઝદા એ રખેવતો ખરેન ધઇ હતો" શબ્દો ભણતાં મિજલસના સર્વ મોબેદો, હાથમાં એક ફુલ લે છે, પણ મજલસમાં એમ નથી. આ અગાડી આગળ આવી પહોંચતાં, જેઓ દેહ મોબેદ ઉભેલ તેઓ આવી ઉપલા શબ્દો પછીના શબ્દ "આફ્રીનામી" મોટા અવાજે પોકારે છે. ત્યારે જોતી હસ્ત આત્રેક્ષીન આફ્રગાનમાં મેલેલી બે મેદી (Myrtle) ના પાલની પાત્રી મો-માંથી એક આપે છે અને બીજી પાત્રી પોતે હાથમાં ધરે છે બાકીના સર્વ મોબેદો ઉભેલા દેહ મોબેદનો "આફ્રી-નામી" નો પોકાર સમજતાં અંગેઠા પછીનું પેહેલું આંગળું ઉંચું કરે છે.

હવે એવું દીસે છે કે અસલમાં એમ આંગળું ઉંચું કરવાનો રિવાજ હતો. પણ આપણા દેશમાં આંગળાંને બદલે ફુલ ઉંચકવાનો રિવાજ શરૂ થયો હતો.

થોડાંક વર્ષપર દારજીલીંગ ખાતે તે મથકની પડોશના ટીબેટના મઠો (ગુમ્બા-ઓ) માં તેઓનાં ધર્મગુરૂઓ (લામાઓ) ની સાથે મેં કેટલાક દિવસોના કેટલાક કલાકો ગુજાર્યા હતા. ત્યાં અને તેઓથી મેં જે સાંભળ્યું, જોયું અને વાંચ્યું હતું, તે ઉપરથી આ નામે જમશેદમાં કેટલાક પત્રો છપ્યાં હતાં તેમાં હું ધારૂં છું કે આ બાબત ઉપર પણ ધ્યાન ખેંચ્યું હતું. ત્યાં મઠોમાં સામી બાજુ વાળો કોઇ કંઇ કહે તે માટે આપણી સમતી (agreement) દેખાડવું હોય તો આંગળી ઉંચકવી, એવો રિવાજ છે. હવે આપણી આફ્રગાનની ક્રિયામાં જ્યારે "આફ્રીનામી" ના શબ્દથી શરૂ થતા ફકરામાં દેશના પાદશાહ વાટે દુઆ ગુજારવાનું જોતી શરૂ કરે છે ત્યારે સર્વ બીજા મળેલા મોબેદો આંગળું ઉંચું કરી પોતાની સમતી દેખાડે છે. ટીબેટનો દાખલો બુધ્ધીસ્ટ ધર્મનો છે. પણ તે આગમચ તે બાજુ ધર્મ જે "મેગ" ધર્મ કહેવાતો જણાયેલો હતો તે ઉપર છાની ધર્મની કાંઇક દુરની અસર હતી ત્યારે દીસે છે કે હાલમાં જેમ આપણે વાતચીતમાં સમતી દેખાડવામાં હકાર તરીકે "હાજી" બોલીએ છીએ અથવા સમતીનું ડોકું ધુણાવીએ છીએ, તેને બદલે ઇરાનમાં અને મધ્ય એશીઆના બીજા ભાગોમાં આંગળું ઉંચકવાનો રિવાજ હતો. હવે હીંદુસ્તાનમાં એમ પેહેલાં આંગળી ઉંચકી સમતી દેખાડવાને બદલે 'ફુલ' ઉચકીને સમતી દેખાડવાનો રીવાજ દાખલ થયો દીસે છે. ઇરાનમાં હું ધારૂં છું કે સખત શીઆળામાં જ્યારે બરફ પડે ત્યારે કાંઇ પણ ફુલ મળે નહીં. પણ ગરમ હીંદુસ્તાન આખું વર્ષ કોઇ નહીં ને કોઇ ફુલ ઉત્પન્ન કરી શકે.

આફ્રગાનની ક્રિયા-માં મેદી યા મેંધી (Mertle) નો ઉપયોગ.

મજલસમાં આપણા મોબેદો મેદીના પાત્રાં યા ફુલ ખાસ કરી વાપરે છે. આ મેદીનો ઉપયોગ તે પણ એક પુરાણો રિવાજ છે જે બાબે બે હજાર વર્ષ ઉપર આગમચ લખી જનાર યુનાની તવારીખ નવેશ હીરોડોટસ કાંઇક કહી ગયો છે ઇરાનીઓનું વર્ણન કરતાં તે લખી ગયો છે કે ક્રિયા કરનાર એ મેદીનો પાલો યા ફુલ વાપરે છે. (Herodotus, Bk. I ભા ૧૩૨). હવે આ પછી યુરોપમાં એક બાબ જાણે ફુલની ભાષા (language of flowers) ઉપર છે. ત્યાં જુદાં જુદાં

યઝદ અમેશાસ્પંદોના ખાસ ફુલો તરીકે જુદાં જુદાં ફુલોના નામો છે, તેમાં "મોરદ" ના ફુલને ખુદ દાદાર અહુરમજદનું ફુલ ગણ્યું છે. ત્યાં કહે છે કે "મુર્દ મારે ઓન ઓહરમજદ નેકશમત" એ મુજબ કે "મેંદી જાતની સંબેલા અહુરમજદની પોતાની છે (જુઓ મારી બુન્દેહેશ, પા. ૧૨૯) ત્યારે "અહુરહેઝમાઓ રએવતો" શબ્દ ભણી પાદશાહ માટે હુમા ગુજરતાં અહુરમજદના નામ સાથ તાલુકો ગણનાર ફુલ યા તેની પતરી આ સબબે અહીં હાથમાં ધરવામાં આવે છે, તે કાંઇક સમજ પડે છે.

યઝદ, તા૦ ૨૦ નવેમ્બર ૧૯૨૫.

યઝદ—ત્યાંના જરથોસ્તી મકાનો અને ખાતાંઓ.

યઝદનું દાદગાહ અને દખમું. તા૦ ૧૮ મા નવેમ્બરને દિવસે સાંજે ચાર કલાક અત્રેના દોખમાની મુલાકાત મેં લીધી. મેં આગળ કહ્યું તેમ દખમા માટે અહીંનાં જે "દાદગાહ" શબ્દ વપરાય છે તે આપણા વંદીદાદના ભાવાર્થ પ્રમાણે વધારે જરૂરી શબ્દ છે. એક કામ માટે લાયક જગ્યા તે "દાદગાહ" તરીકે સામાન્ય રીતે બોલાય છે. અવસ્તાનાં "દાઇત્ય ગાતુ" ઉપરથી આ દાદગાહ શબ્દ આપણે લઇએ છિએ:

આ જગ્યાએ જતાં, જે પહેલી ચીજ મારૂં ધ્યાન ખેંચ્યું તે દખમાના ટેકડાની નીચેના કેટલાક મકાનો હતાં. પુછતાં માલમ પડયું કે એ મકાના યઝદની આજુબાજુના જરથોસ્તી ગામો,—જેવાં કે ખુરરમશાહ મોરીઆબાદ, રેહેમતઆબાદ, કુચ બીઓગ, ખલેતાબાદ, વગેરે—ના રહીશો એ પોતપોતાના ગામના જરથોસ્તીઓ માટે બનાવ્યાં છે. તેઓ આપણી અત્રેની સગડીઓને મળતા થોડાંક જરૂર ધરે છે ....

એ જુદાં જુદાં ગામવાળાઓ પોતાના ગામના રવાનો આ દખમા માટે લાવે ત્યારે તેઓ તે રવાન સાથે થોડા વખત પોતાનું મુકામ અહીં પોતપોતાના ગામનાં મકાનમાં કરે અને ત્યાં ક્રિયા વગેરે કરે. અહીં ત્રણ ચાર મકાનો, જેમ કે નસાસાલારો, જેનુ રહે અને ગામ આરવી લાગવા મોટાના ક્રિયા ... અહીં જેવુ એક ... આવેલાં છે.

અત્રે જે જુનું દાદગાહ છે, તે આપણે "દખમું" બોલાવીએ છિએ તેનું પાછ સાથનું દખમું તથા સાથેના બીજા ઉંચી જગ્યા ઉપરથી આ દાદગાહની અંદરની સારી ગોઠવણ આપણે જોઇ શકયે છિએ.

૧ પેહેલું તો રવાનને અંદર લઇ જવા માટે હીંદુસ્તાનમાં છે તેમ સળંગ માર્ગ નથી પણ રવાનને ઉપરથી ઉંચકી લેવામાં આવે અને અંદર દાખલ કરવામાં આવે છે. ... નહીં ... પારસી દીનવાળાઓના ... છે.

૨ અંદર આપણાં હીંદુસ્તાનનાં દખમા માફક પાવી જતું નથી. પણ રવાનને જમીન ઉપર જ ... બીજા ... થાય અને ... તેમ ખુલ્લાં મેલે. આ વંદીદાદમાં જણાવેલી આપણી અસલ સાદી રીત છે.

૩ દાદગાહની આખી ઘેરી લીધેલી જગ્યાના બે ભાગ કરેલા. એકમાં ઉપર જણાવ્યા પ્રમાણે રવાનને ખુલ્લું ખાલી જમીન પર મેલે. પછી થોડા દિવસ બાદ જ્યારે માસનો ભાગ પક્ષી ખાયી થઇ રહે છે ત્યારે હાડકાંઓને પડોશના બીજા ભાગમાં ફેંકી દીએ. આ દાદગાહ પહાડના ઢોળાવ ઉપર બનાવેલું છે. તેથી સામી બાજુએથી આપણને અંદરની ઉપલી રવાનનો ખ્યાલ આવે છે અને માથાની ખોપરીઓ હાડકાઓ વગેરે આ બીજા ભાગમાં પડેલાં જોઇ શકતા હતા. એજ ભાગમાં રવાનનાં કપડાં પણ નાખવામાં આવે છે.

આ દાદગાહ યા દખમાની જગ્યા જોતાં આપણને માલમ પડે છે કે એ યજ્ઞમાં પળાતો રિવાજ, વંદીદાદ વર્ણન કરે છે તે અસલ જમાનાના દાદગાહના રિવાજ અને આપણા હીંદુસ્તાનના દખમાના હાલના રિવાજ એ બે ના વચ્ચે નો રિવાજ છે. ગાર્થ નામ પોથીમાં મેં ટુંક નોંધ લીધી તેમ અત્રેની આ રીત આપણી વંદીદાદની વર્ણવેલી ડુંગરની રીત અને હાલની આપણી હીંદુસ્તાનની રીત એ બે વચ્ચેની રીત (Intermediate step) છે. આપણી વંદીદાદમાં અસલી રીતના બાંધેલાં આ ઠેકાણે પછી હાડકાંઓનો પથ્થર, માટી યા ચુનાનાં નાના અસ્તોદાનો બનાવવા કહ્યું, જે અસ્તોદાન જમીનના ટાંકામાં મુકતાં અને આપણે આજકાલ અસમાનના વર્ણનમાં જોયું તેમ ત્યાંના દેહવાન, ઉદ્‌ગાહ વગેરેના "... ...–તપ" એવા હજારો હજાર નાના ખરતુરોમાં અસ્તોદાનોના ગંજાવર સંગ્રહ છે. જે આરસ ... વર્ષો ... એક ટેકડી સમાન બન્યો છે. આ ... યજ્ઞનાં પહાડની ટેકરી ઉપર ... જગ્યામાં જે ... છે તે એક મધ્યાનું ... માટું ... છે. આપણા હીંદુસ્તાનના ... ... નવકરા છે. જેમા દખમાનો ... ભંડાર અસ્તોદાનની જગ્યા ધારે છે.

આ ગંભીર જગ્યા ઉપર ઉભાં રહેતાં ઉપલા ... મનેઃ ... કરતા વીચાર આવ્યો કે, હીરોડોટસ આપણાં વડીલ ... માટે કહી ગયો છે કે ઇરાનીઓ ... ... કાંઇક નકલ કરતા તે કેટલાક કહે તે ... ... હતું. હાલમાં પણ આપણા પારસીઓ માટે તે ... કહે ... છે. બીજું આપણા દખમાઓની હાલતી હીંદુસ્તાનની રચના જ ... ... મઝાના ... (evolution) ... ... થયું છે અને તે ... આપણી કોમ ... રેવળ અને સંજોગોને શરણ થઇ પોતાને સંજોગોને આધીન (adjust) કરી પોતાની કાંઇક ચડતી ઐક્યતા જાળવી રાખી શકી છે.

પ્રોફેસર મેક્ષમુલ્લરનો સવાલ.

પ્રોફેસર મેક્ષમુલ્લર પોતાના એક ભખાણમાં કાંઇક અજાયબી સાથે કહે છે કે, કરોડો બીન કરોડો હીંદુઓ અને બીજી દીનવાળાઓ વચ્ચે રહી અને હીંદી ધર્મ અને ખ્રીસ્તી ધર્મના "આશ-નાઇઓના બે ચાક્કા વચ્ચે આવતી મુશ્કેલી: કોમ પોતાનો ધર્મ જાળવી રાખી શકી છે તે એક અજાયબી છે અને ફીલસુફીએ એ તપાસવા જોગ બાબત છે. એ રમુજી સવાલ કોમ ફીલસુફીના માટે રહેવા દઇ, આપણી સામાન્ય ફેહમ અને ... નજરે જોઇ આપણે આ ... કહીશું કે પારસી કોમ પોતાના ધર્મના ... તત્વો (stable elements) ને વળગી રહી, ... રિવાજો જેવા ફેર-વાતા (unstable) તત્વોમાં ફેરફારોને શરણ થતા રહી છે અને પોતાને ને ફેરવાતા સંજોગોને આધીન (adjust) કરતી રહી છે. આપણે જે ... ... તે સોનું છે (Everything that glitters is gold) એમ સમજવા તરફ ધસડાવું નહીં જોઇએ, તેમ બાપદાદાના ચાલતું આવેલું સર્વ પુરાણું તે સોનું છે (everything old is gold) એમ પણ સમજવું નહીં જોઇએ. બાકીને માલમ જાય છે કે ... આપણી ... રેવાજ પાળતાં પણ આપણે રવળ, ... રેવાતી ... ... રહી ફે-રફારો કરતા રહ્યા છીએ.

નીઝામાબાદ ગામ.

દખમાઓવાળી જગ્યા થી ... ... નીઝામાબાદ નામના પુરાણા ગામ ... ... જવા ઉપર જણ ... ... રસ્તા-માં ... ... અમને આપવાનું ... ... અંતરમાં ગરનાની કુઠુ માટે ... ... એક સુંદર

મકાન(summer house) અમોએ જોયું પણ સાથે સાથે કાંઈક દિલગીરીભર્યો ખ્યાલ કર્યો કે આ તરફના આપણા જરથોસ્તી ભાઈઓ કેમ બરબાદ થતાં જતાં છે. કહે છે કે આ ગામમાં એક વખત ૧૦૦૦) જરથોસ્તીઓની વસ્તી હતી, ચાર દરેમહેરો હતી અને ચાર જોડ મોબેદોની જરૂર પડતી હતી ગામમાં હાલ ફકત આતશે પાયજ ધરે છે. દસ્તુરજીનાં બાનુ અને બીજે સુંદર તાજે મેવા ખાઈ અને મલાઈ ચાખી આજે એક સુંદર રાની અને મીઠી સાંજ અમોએ ગુજારી હતી. જાણે ઇરાનની આબોહવા અમારી રગોરગમાં દોડતી હતી.

જરથોસ્તી હમામખાનું. ઇરાનની આખી સફરમાં જો કેઇ ચીજે મને કાંઈક મુશ્કેલી આપી હોય તો તે નાહવાની સગવડની ગેરહાજરી છે. તહેરાન જેવા પાયતખ્તના શહેરમાં પણ અમો હતા તે વખતે ખુદ હોટેલમાંજ નાહવાની સગવડ તૈયાર કરવામાં આવી. તખ્તમના હાકેમના મોટાં આલીશાન મકાનનાં સર્વ સગવડો છતાં કહેવામાં આવ્યું કે ઘરમાં કાંઈ હમામખાનું નથી હંમેશ પણ જાહેર હમામખાનામાં જાય. અલબત્તે એ જાહેર હમામખાનાઓ નાહવા જનારાઓના દરજ્જા પ્રમાણે અઠેદાર ઉંચા દરજ્જાનાં અને સસ્તાંના હોય છે પણ તે આપણને સંતોષ નહીં આપે. અને યજદ જેવા જરથોસ્તી શહેરમાં પણ એમજ હતું. સારે ભાગ્યે અમોને તો મદ-રસાનામાંજ એકાદ બે ત્રણ જેવી જગાએ કામચલાઉ ગોઠવણ કરી આપી પણ કહે છે કે ખાસીઆત જરથોસ્તીઓ માટે તો જાહેર હમામખાનાઓ નાં. જરથોસ્તીઓ માટે ખાસ જરથોસ્તી હમામખાનું હતું. તેની એક દિવસે મુલાકાત લીધી તો મારી નોંધપોથીમાં હું આ નોંધ લઈને બહાર નીકળ્યો કે "નાહવા લાયક નથી." એમ ટુંકમાંજ મેં નોંધ લીધી મેં આગળ કહ્યું છે તેમ આપણા પહેલી નજરે વીરાક-નામામાં જાહેર હમામખાનામાં નાહવા જવું એક ગુનાહ ગણાયો છે તેનું કાંઈક વાજબીપણું માલમ પડે છે.

યઝદનું જરથોસ્તી તાલીમખાનું. આપણા દેશમાં આપણી કોમની તંદુરસ્તીનો સવાલ અગત્યનો આપણું ધ્યાન ખેંચે છે. હાલનાં શરીરની ખીલવણી (Physical culture) એવે નામે વાજબી રીતે આપણું ધ્યાન ખેંચે છે. એની ખીલવણી માટે મુંબઈ સહુના પહેલા ભાગમાં આપણામાં તાલીમખાનાઓ જણાવેલાં છે. પણ જેમ બીજી બાબતેમાં તેમ આ બાબતમાં ખાનાનાં મૂળ ઇરેની શીક્ષણનો નાબાલક ઉપયોગ થતાં 'તાલીમખાનાં" અપભ્રંશમાં આવ્યાં. "તાલીમખાનું" શબ્દજ દેખાડે છે કે શરૂઆતમાં તેઓ તરફ તાલીમ વા એલમના એક ખાતાં તરીકે જોવામાં આવતું હતું. યજદ આવતાં જણાયું કે હરરોજ ગુજરેલા વખતના સાથે એક જરથોસ્તી તાલીમખાનું પણ ચાલતું હતું. તા૦ ૧૯ મી નવેમ્બરે નવ વાગે તેની મુલાકાત લીધી અને તે જોઈ અને ત્યાં થતી આપણા જરથોસ્તીઓની કસરતો જોઈ કાંઈ આગલી પછીની યાદ કરી ખુશી સાથે બહાર આવ્યો.

૧) પહેલું તો આપણા મુંબઈ ને સાદી જેવાં તાલીમખાનાઓમાં જે નહીં જોવાય તે જોયું અને તે આ કે આપણાના વાજીંત્રોના (musical) ટકોરા પ્રમાણે કસરત કરવાના આવતી હતી એક બાજુએ ઢોલી નીયમસર ઢોલ વગાડતો જાય અને તેના ટકોરા મુજબ કસરતો થતી જાય જ્યારે તેઓને દમ ઉપ દમ-મને કહેવા મુજબ કે ૩૦) વા ૪૦) દમ તેઓ પીએ છે—લેતા જોયા ત્યારે જાણે તેઓ જતેક કરતા હોય એમ લાગ્યું.

૨ તાલીમખાનામાં કેઇ ચિત્રે આપણું ખાસ ધ્યાન ખેંચ્યું. એક ચીત્રમાં ઇરાનને એક સુંદર સ્ત્રીના રૂપમાં ચિતારેલું.

તેણીના માથા આગળ, સરદાર શીઆ-ખાન—જેવણ હાલમાં શાહ થયા છે તેવણ—હાથમાં તલવાર લઇ ઉભા છે સામે શાપુર, નાંરશા, જમશેદ દારયુશ ઉભા છે. "શરેશ" યજદ આગળ દુશાગુ નરે છે કે શિઆખાનને શક્તી આપે કે તે ઇરાનને આબાદ કરે.

૩ જો યશ્ત ગાહતું હતું તેમાં એક કોણિ એક સ્ત્રીને એક મરદને ગાયણનારે પોકાર કરતી જણાતી કે,

'ઓ મન નેગારા ખબર ન દારદ

બ હાલે ઝારમ નઝર ન દારદ"

એટલે કે "(ચાહનો પુરૂષ) મારી નજર માટે કાંઇ ખબર રાખતો નથી. મારી કંગાળ હાલત ઉપર કાંઇ નઝર કરતો નથી."

ઉસ્તાદને પુછયું કે "એમ કસરત કરતાં મરદની ફોતની શા ગરજે પડે?" તો જવાબ દીધો કે "એવી માથુરની ફોત કસરત કરનારાઓને કાંઇ જુસ્સો અને જોશ આપે છે કે તેઓ વધારે વાર એ ફુરતીદેનો અંત આણે."

આ ખુલાસાએ મને યુરોપના શુરાતનપણાં (chivalry) ની યાદ કરતો કીધો. યુરોપના શુરાતનપણાના જમાનામાં બહાદુર "નાઇટો" પોતાના કામનો સપથ લેતા ત્યારે એક સપત સ્ત્રી જાતીનું રક્ષણ કરવા માટેનો લેતા. કોઇ કહે છે કે યુરોપમાં "શીવલરી"નો ખ્યાલો પુર્વ ભણીથી અને તેમાં ખાસ કરી ઇરાન તરફથી ક્રુસેડરો (Crusaders) મારફતે અને તે આગમનજ ઇરાનમાં ગુજરતા સંબંધમાં આવેલા માણસો, જેઓ સ્પેનમાં અમલ કરી રહ્યા હતા, તેઓથી ફેલાયા.

એ જરથોસ્તી બાહુઓની કસરતોમાં એક કસરત એક પ્રકારનાં ગાયણ સાથનો નાચ (musical dance) પણ હતી. ઢોલો ઢોલ વગાડતા અને તે વગાડતાં કોઇ વખત કાંઇ બીજું લલકારતો, ત્યારે કસરતબાજો કોઇક નાચ સમાન કસરતો કરતા જે હાથ અને પગને ઘણું હીલાણ આપતા, આ નાચ સાથની કસરત એવી સુંદર લાગતી કે જાણે આપણે પણ પેંચાહને સાથે નાચીએ. એ જરથોસ્તી નાચનાર બાહુઓમાં એક એવા સુંદર ચહેરનો હતો અને એવી સરસ નાચકુદ કરતો કે સઘળે તેના તરફ પેંચાઇ ગયેં. તેની આગળ જઇ તેની પીઠ થાબડી આ તાલીમખાનું મે આ વિચાર સાથે છોડયું કે હિંદનાની પારસી કોમ જો આવી તનની કસરત કરનારા તનદુરસ્ત અને તનદારીની ના મકાનમાં મદદ્રેસ જરથોસ્તીઓ બહાર પાડશે તો ઇરાનનો દહાડો વાગવામાં તેને પાછું સજીવન કરવામાં તેઓ સારો ભાગ આપશે.

યજદ તા૦ ૧૯ મી નવેમ્બર ૧૯૨૫.

યજદ-નેનાં કોઇક પારસી ખાતાંઓ.

યજદ—પારસી ધર્મ ખાતાંઓનું મથક.

હિંદુસ્તાનના પારસીઓનું ભાગ્ય જે હમદીનોને ફરેલું દાન પેંચાવ્યું હતું, તે યજદ અને કેરમાનના જરથોસ્તી હમદીનો હતા. એમ દાન પેંચાવામાં પારસી સખી દીલગુરદો એઓ તરફ ફર્યા હતા. એન સખી દીલગુરદાને રાહત આપનારા ઘણાક સાહેબોના પીટીટ અને પાઉં અને આમા ખાનદાનવાળાઓ વધારે જાણીતા અને દીલસોજ આ સબબે છે કે હજારો વર્ષના વાસાથી ઉતરી આવેલા તેઓની ઇરાન વતન તરફની કાંઇક દીલસોજી તેઓની રગમાં તેમના એક વડીલ યા બીજીએ એક ઇરાની બાનુ સાથે લગ્ન કરવાથી વધી હતી.

આપણે આ સબબે ખુશી સાથે જોઇએ છીએ કે ત્રણ ઇરાનીઓની હાલત સુધારવા મંડળીના આગેવાન પીટીટ ખાનદાને ત્રણ પેઢી થવા આવ્યું છે અને ઇચ્છીયે કે, ઘણીક પેઢીઓ

સુધી તેઓ ચાલુ રાખે. આ મંડળી પોતાના એજન્ટ ભાઇ પેશોતનજી નસરવાનજી દસ્તુર, જેવણ માટે હું આગળ કાંઇક બોલ્યો છું, તેવણ મારફતે અને કાંઇક ખાતાંઓ અને, તેમાં ખાસ કરી, યઝદ અને આજુબાજુની નીશાળો ચલાવે છે.

હીંદી અને ઇરાની જરથોસ્તી લગ્નો.

જ્યારે એવાં એકાદ લગ્ને આ રીતે આ દેશ તરફ પારસી દીલસોજી વધારી છે, ત્યારે તેના દાખલા ઉપરથી હું ઇચ્છું છું કે હાલમાં હવે અવાર નવાર ઇરાનની મુલાકાતે જતા પારસી જવાન ભાઇઓ ત્યાંથી ઇરાની કન્યાઓને પરણી લેતા આવે. જેટલું હું જાણી શકયો છું, તેટલાં ઉપરથી હું ખાત્રીથી માનું છું કે ઇરાની કન્યાઓ તેઓના ધણીને વધારે ખુશ કરશે, તેઓના સંસારને સુખી કરશે અને તેઓ મારફતે પારસી કોમને મજબુત ભલા બચ્ચાઓ આપશે. હાલમાં આપણા ઘણાક જવાનો જાણે ડરી લાગ્યા બીહે છે કે તેથી રખેને તેઓના કાંઇક છુટથી ફરવા હરવામાં આડ આવે અને તેઓ આખા દુનીયાંથી જે જાણે મોજ યા રાહત મેળવે છે તેમાં ઘટાડો થાય. પણ તે ભલા ભાઇઓ વીસરી જાય છે કે ફકત પોતા અને પોતાના તનની મોજી જીંદગી ખરી જીંદગી નથી. કાંઇક વેગળ છે પોતાના ભલાંમાં બીજાને હમશરીક કરવાની પરમાર્થી જીંદગી ભલી જીંદગી છે. તમારા આખા રૂપીઆના બોમનવટામાં તે દાહાડે પેદા કરેલી ઘણીક ભલી બાઇઓમાંથી એકનો હાથ ધરી તેણી સાથે અર્ધો અર્ધો રૂપીઓ એમ વેહેંચી લેશો તે તમારો અર્ધો રૂપીઓ તમારા આખા રૂપીઆ કરતાં તમોને વધારે સુખ દેશે. દુન્યામાં ઘણાને નહી તો એકને પણ આપણા સુખમાં ભાગીદાર બનાવવું એ એક નાનો પરમાર્થ છે જે આપણને પરમાર્થી જીંદગીનો પેહેલો પાઠ શીખવે છે પણ એટલાજ હદનો વીચાર કદાચ સાંકડી હદનો વીચાર ગણાય. તમારી તે હાથ ધરતી બાઇ પોતે પણ પોતાનું પરમાર્થી દીલ ધરતી આવશે અને પોતાના મોહોબતવંતા પ્યારનું ઘણું સુખ તમોને આપી તમારા ભાગ પડેલા અર્ધાનો બોજ સાથે બદલો આપશે. પરણેલી જીંદગીથી તેની જોખમદારીના ખ્યાલથી દુર રેહેનારા ભાઇઓ પોતાની જીંદગીને "પૂર્ણ કારી" બનાવવાને બદલે "અધુરી કારી" એટલે કેટલીક હદે ઓછી ઉપયોગી કરે છે. આવા કાંઇક વીચારો સાથે હું ફરીથી કહું છું કે હીંદુસ્તાનના પારસી જવાનોને તેહરાન, યઝદ અને કેરમાનની જવાન જરથોસ્તી બાનુઓમાં જીંદગીની સારી ભાગીદારણો મળશે. તેણીઓ મોટે ભાગે તનદુરસ્ત છે, ચેહરે ખુબસુરત છે, સ્વભાવે શાંત દીસે છે. અલબત તેઓમાં આપણા ખાસ ધોરણ જે વધુ જોઇએ છે તે રૂડી કેળવણી. એમ જ આપણા ઇરાનના હમદીનો માટે પુરૂષોની કેળવણી સાથે સ્ત્રી કેળવણી વધારે જરૂરની છે.

પારસી જવાનોને સાદી કરવા માટે આપણી ઇરાની હમદીન છોકરીઓ તરફ નજર કરવા મેં કહ્યું છે. તેમજ તેઓના કેમત અને ખુદ ચેહરા માટે પ્રોફેસર જેકસન જે કહે છે તે અત્રે નોંધીશ.

"From what I saw of them both at Yezd and Kerman I formed a very high idea of their honesty, integrity and industry......I was much struck both by their decorous conduct and by the high average of their good looks. Their religion has prevented them from intermarrying with Turks, Arabs and other non Aryans and they consequently represent the purest Persian type which in physical beauty can hardly be surpassed."

સર રતન તાતા મેડીકલ હૉલ.

યજદમાં મરહુમ સર રતનજી તાતાના ધર્મ ખાતામાંથી એક દવાખાનું ચલાવવામાં આવે છે. તેની મુલાકાત અમોએ તા૦ ૧૯ મી નવેમ્બરે લધી હતી. ત્યાંનો નીચલો લેખ ત્યાંના ફારસી લેખ સાથે સ્થાપકના નામ તરફ આપણું ધ્યાન ખેંચે છે.

Sir Rutton Tata Medical and Surgical Hall under the auspices of the Irani Zoroastrian Anjuman of Bombay.

જાણવામાં આવ્યું કે રોજના સરાસરી ૭૦) દર્દી આ દવાખાનાનો લાભ લે છે. આ દવાખાનામાં એક બીજા મરહુમ જાણીતા પુરૂષનાં ધર્મખાતામાંથી આપેલી મદદની નીચલી નોંધ આપણે નજરે પડે છે:-

"In this dispensary, medicines are given free to poor Zoroastrians from the interest of the donation of Rs. 25000 made by the family of late Mr. Cowasji Erachji Desai in the name of late Dinbai Cowasji Erachjee Desai Gondalwala.

બાપદાદાથી નૌસારી સાથે કાંઇક સંબંધ ધરાવનાર તરીકે નૌસારીના બે જાણીતા મરહુમ પુરૂષોના નામ આ મુલાકાત દરમ્યાન કાંઇક ખુશી અને આગલા પાછલા વીચારો સાથે યાદ આવ્યાં. પેહેલા પુરૂષ સર રતન તાતાની ઘણીક સખાવતો માં બે મને ઘણી વાર યાદ આવી છે અને આવે છે.

૧) એવણે પાંચ વર્ષ સુધી, દર વર્ષે રૂ.૨૦ હજાર [illegible], પાટલી પુત્ર, કે હાલના પટના ખાતેનું ખોદકામ, કે જે ખોદકામ સાથે મરહુમ ડા૦ સ્પુનરનું નામ જોડાયેલું રહેશે, તે માટે આપ્યા હતા. આ ખોદકામે ઇરાનની હિંદુસ્તાન ઉપરની બાબત ઉપર કેટલીક નવી રોશની નાખી છે. આ બાબત ઉપર હું કાંઇક વીગતે મારા એક વિષય (Ancient Pataliputra, Dr. D. B. Spooner's Recent Excavations at its site, and the question of the influence of ancient Persia upon India.) માં લખેલો છું. ઇરાનનાં કોઇક ખંડીએરોના ફોટા જ્યારે ઇરાનની હિંદુસ્તાન ઉપરની અસરના સવાલ વીચારમાં આવતો ત્યારે હું અવારનવાર ડા૦ સ્પુનર, સર રતન તાતા અને પાટલીપુત્રને યાદ કરતો હતો. એવો કોઇ ખરચ હજી પણ થોડાંક વરસ ચાલુ થાય તો ઘણી નવી રોશની મલે.

૨ મરનારની બીજી સખાવત મને અવારનવાર યાદ આવે છે તે આપણા પ્રીન્સ ઓફ વેલ્સના મ્યુઝીઅમમાં એ મરનારની પવિત્ર ખાહેશ મુજબ લેડી નવાજબાઇ રતન તાતાએ ભેટ આપેલો આર્ટનો સુંદર સંગ્રહ છે જે આસરે ૧૫) લાખથી વધુ કીમતનો ગણાય છે. આપણા શહેરમાં આપણે "આર્ટ ગેલરી" જેવું કાંઇ જોઇએ તો તે આ સંગ્રહ છે. એક ભલા ભરથારની ભલી બાનુ તરીકે ચુપચુપ આ બાઇ આ સંગ્રહનાં લાભ લઇ તેને અવારનવાર વધારવાની કાળજી રાખે છે તે એ મ્યુઝીયમના એક ટ્રસ્ટી તરીકે હું જોતો આવ્યો છું.

મરહુમ શેઠ કાવસજી દેશાઇને નામનું ધર્મખાતું.

આ દવાખાનામાં, ઉપર જણાવવા મુજબ બીજા નૌસારીના જાણીતા પુરૂષ મરહુમ કાવસજી દેશાઇ ગોંડલવાલાનું જે નામ મેં વાંચ્યું, તેણે મને આ ભલા પુરૂષની કાંઇક આગલી પાછલી થોડીક બીના યાદ આપી. દેશી રાજ્યોમાં પારસી નામની બોલબાલા બોલાવનારાઓમાં મરનાર એક હતા. તેવણ સાથે મેં નૌસારીમાં તેવણનાં બંગલામાં કેટ-

લીંક સુંદર સાંજના સુંદર ફલાકો મારા મિત્ર શેઠ પાલનજી બરજોરજી દેસાઇ અને મિ. એદલજી આંટીઆ સાથે પસાર કરીને આપણા એક દેશી રાજ્યના કર્તા કારવના તરીકે તેવણના જ્ઞાનનો કાંઇક લાભ મેળવ્યો હતો તેવણના વસીઅતનામા ઉપર યા એક કુટુંબી દસ્તાવેજ ઉપર એક સાંજે મેં સહી કરેલી તેની મને કાંઇક યાદ આવે છે ખુદા આ બન્ને ભલા ભાઇઓનાં કુટુંબ ખુશનુદ રાખે.

આ દવાખાનાને ડા૦ પટેલમાં એક ભલા કારસાજ તબીબ મળ્યા છે.

શેઠ પેસ્તનજી માર્કરનું ધર્મખાતું.

આપણા ઉગતા વતન તરફની પાક મોહોબતથી શેઠ પેસ્તનજી માર્કરનું જીગર અને દીલ જાણે ઉભરાઇ ઉભરાઇ જાય છે. આપણામાં જે કેટલાક ધાંધાટ કરવા વગર ચુપચુપ ભલું કરનારાઓ ખુદાતાલાએ પેદા કર્યા છે, તેઓમાના આ એક સાદા માદા ભલાં દીલના પરોપકારી ગૃહસ્થ છે. તેવણ અત્રે સ્થાપેલાં છોકરાઓના એક ફંડના મુલાકાત લેતાં અમોને ઘણી ખુશી ઉપજી હતી. ઇરાનના જરથોસ્તીઓનું એક ભલું ઇચ્છનાર તરીકે તેવણનું નામ અત્રે પનોતું થઇ પડયું છે. અને ખાસ કરી તેવણ અહીં આવી ગયા પછી તેવણના મુબારક દીદાર જોવા બાદ અહીંના ઘણા તેવણને વધારે યાદ કરે છે. માર્કર કુટુંબના નામ સાથે અહીં બીજી પણ સખાવતો જોડાઇ છે. ખુદા આ ભલા ભાઇને હાથે ઇરાનના લાભના વધુ ભલાં કામો કરાવે. મારા વીચાર પ્રમાણે હાલમાં "કળવણી, કેળવણી અને કુળવણી" એજ મુખ્ય જરૂરનું કામ છે.

આ ઓર્ફનેજ પરનું અંગ્રેજી નામ નીચે મુજબ છે: "Postanji Dossabhoy Marker Zoroastriran Boys' Orphanage..." પણ ફારસીમાં નામ આપતા એ ખાતાને ' મદ્રેસે એ શબાના ફ્રીઆ ' કહ્યું છે એટલે કે "રાત દહાડાની મદ્રેસા" એ શબ્દો આપણું ધ્યાન ખેંચે છે આ તરફનાં લોકોમાં અફીણ તે શું તેનો ખાતર ખબર નહીં હોવાથી આ શબ્દો કાંઇક ખાસ તેનાં ઉમેરવા દીધે કે એ ખાતાનું આખું નામ અહીં ફારસીમાં "મદ્રેસે એ શબાના ફ્રીઆ અન્‌જુમને ઝરતુસ્તીઆન, તાબાની પેસ્તનજી દોસાભાઇ માર્કર" એ પ્રમાણે છે.

અત્રેની છોકરા છોકરીઓની નીશાળો.

આપણા શહેરમાંની ઉગતીઓની હાલત સુધારનારી મંડળી હસ્તક તે મંડળીના ઓનરરી સીક્રેટરી પેશોતન દસ્તુરની દેખરેખ હેઠળ યજદ શહેરમાં અને આજુબાજુના જરથોસ્તી ગામોમાં કેટલીક નીશાળો ચાલે છે. તેઓમાં આ શહેરની નીશાળોની મુલાકાત કંઇક ખુશાલી સાથે અમે લીધી હતી. અત્રેનું આઉટ્‌આરમાનું અખબાર આગલાં પત્રોમાં જણાવેલા દસ્તુરજી પણ એકાદ એવી શાળાની કાંઇક મુખ્તાગીરી કરે છે.

દસ્તુરજી હસ્તકની આ સ્કુલને અને અત્રેનાં બીજા ખાતાંઓને બાનુ ફરામજી માદીએ ૧૦૦૦) તોમાનની અને તેવણના ધણીઆણીએ રૂ. ૫૦૦)ની આ નીશાળના મળાવડા વખતે મહેરબાની કરી મદદ કીધી છે. આ શહેરના કેળવણી ખાતાંઓને મદદની ઘણી જરૂર છે.

યજદમાં ત્યાંના જરથોસ્તી ભાઇઓ એક દિવસે દીદની યાને મુલાકાતે મહેરબાની કાજે આવ્યા. ત્યાર બાદ એક દિવસે મેં તે ભાઇઓની અને બાનુઓની મીજલસ હજુર એક ભાષણ કર્યું હતું.

શુક્ર, તા૦ ૨૦ મી નવેમ્બર ૧૯૨૫.

ખોરરેમઆબાદ ગામ.

જેમ આપણા હીંદુસ્તાન દેશમાં ઘણાક જરથોસ્તી ભાઇઓ પોતાના ગામ ઉપરથી પોતાની ઓળખ લે છે—દાખલા તરીકે, મંઢેરીઆ, બીલીમોરીઆ, તારાપોરવાલા—તેમ હીંદમાં આવતા આપણા ઇરાની હમદીન ભાઇઓ પોતાના અત્રેના ગામોના નામ ઉપરથી ઓળખ લે છે. એમ ઓળખ લેવાની રીત કાંઇક પુરાણી છે અને બીજી પ્રજાઓમાં પણ છે; દાખલા તરીકે ખોરેનમો મોઝીસ, આફ્રીકાનો સીપીઓ. હવે એવી ઓળખવાળા ઇરાની ભાઇઓમાં આપણે કોઇક નામો ખોરરમાબાદી સાંભળયે છિએ. ખોરરમ આબાદ તેઓનું અહીં એક જાણીતું જરથોસ્તી ગામ છે તે ગામની મુલાકાત અમોએ તા૦ ૨૦ મી નવેમ્બરને દીને લઇ ત્યાંની દરેમેહર જોઇ, ગામમાં ફરી અને એકાદ જરથોસ્તીનું ઘર જોઇ તેઓની ધાર્મીક સંસારી, વીગેરે જીંદગીનો કાંઇક ખ્યાલ બાંધ્યો.

અસ્પન્દ અને મોર્દનો આવકાર.

આ ગામમાં અમોએ પહેલે એક જરથોસ્તીની શાળાની મુલાકાત લીધી આ મુલાકાત દરમ્યાન ત્યાં બાંધેલા અસ્પન્દે ખાસ ધ્યાન ખેંચ્યું. તેને અહીં અસ્પન્દ "સી ઓ સે દાને" એટલે તે ત્રીસ દાનાનું અસ્પન્દ એમ કહે છે. જેમ આપણામાં હીંદુસ્તાનમાં કાંઇક સગન જેવા ભલા ખ્યાલથી બારણે તોરણ બાંધે છે તેમ અહીં રૂપે સેપન્દ બાંધે છે, "જેમાં ૩૩)દાના" સી ઓ સે અમેશાસ્પેંદ એટલે ૩૩ અમશાસ્પંદોની યાદ આપે છે. એવી માન્યતા છે કે અસ્પન્દનું બાંધવું ૩૩) અમેશાસ્પેંદોની યારી મેળવી કાંઇ બુરાઇને દુર રાખે છે.

વળી અમોને આવકાર માટે મોર્દ (myrtle મેડી) નામના ઝાડની ડાંખળી આપવામાં આવી. એ ઝાડ માટે મેં આગળ કહ્યું છે કે અહીં આફ્રીનગાનમાં તેનો ઉપયોગ કરે છે.

આસરે ૨૩૦૦) વર્ષ પર થઇ ગયેલા ઇરાનીઓના રેવાજોનું વર્ણન કરતાં આ પાલા માટે હીરોડોટસ ખાસ કરી બોલી ગયો છે, અને પેહેલવી બુનદેહેશ પ્રમાણે આ પાલાનું ફુલ તે દાદાર અહુરમજદનું ખાસ ફુલ ગણાય છે.

તીરંગાનનું જશન.

ખોરરમ આબાદની મુલાકાતનો દીન કહમી વીરંગાનના જશનનો દિવસ હતો. તેથી એ દિવસે એ ગામની મુલાકાતમાં આ જરથોસ્તી ગામ જોવા સાથ આ જરથોસ્તી તેહવાર પાળવાની અહીંની કાંઇક રાહરીતી પણ જોવાને બન્યું. એક જરથોસ્તી ભાઇનું ઘર જોવાને ગયા તો તેવણુને ત્યાં એ વર્ષમાં એક બેથીનું મરણ થયું હતું, તેથી આ પેહેલા વર્ષમાં કેટલાંક જશનો પાળવામાં આવ્યાં હતાં તેમ આ વીરંગાનનું જશન કર્યું હતું. અહીં માફક આપણા હીંદુસ્તાનની આપણી માન્યતા યાદ આવી કે કુટુંબના કોઇ વાહલાનું મરણ થાય ત્યારે પેહેલાં વર્ષમાં બનતાં સુધી સર્વ જશનના તેહેવારો પાળવામાં આવે છે એટલે સર્વ ગાહમ્બારો અને મેહરગાન, તીરંગાન વીગેરે સર્વ જશનો મરનારની નઇમતે કરવામાં આવે છે.

આપણે મુક્તાદ માંડયે છિએ ત્યારે ફુલપાનનો કાંઇ સંભાર કર્યે છિએ, તેમ કુંડા યા ફ્લાવર વાઝ વીગેરેમાં સુંદર ફુલો ગોઠવ્યાં હતાં. મરનાર એક જઇફ સ્ત્રી હતી માટે તેણીની જીવતી હાલતની જરૂરીઆત ચીજ તરીકે તપકીરની દાબડી ત્યાં મેલી હતી. આતશપર કાંઇક સુગંધી બળતણ ઉપરાંત નવાઇ તરીકે જે જોયું તે આ કે સાધારણ બળતણ તરીકે લાકડાંને બદલે ઉંટના છાણનાં સુકાં છાણા બાળવામાં આવતાં. સબબ પુછતાં સાંભળ્યું કે એ છાણાથી આતશ લાંબો વખત સુધી પજળ્યાં કરે અને સર્દ થઇ જાય નહીં. ત્યાં શરાબ નાના વાસણમાં મેલવાને બદલે શરાબનો આખો શીશો જ મેલેલો હતો. ફુલ ફળ ઉપરાંત, પકાવેલું કાંઇક ભાજી, ગોસ્ત, ચાવલનું [illegible]

અને ચાહ પણ મેલ્યાં હતાં. આ જોતાં વિચાર આવ્યો કે મરનારોની યાદમાં તેઓના સંબંધના ખાસ અવસરોએ અર્પણ કરવાની ચીજોમાં સારૂં ખાણું અને ફુલ ફળ રજુ કરવાં એ કાંઇ આપણે ફક્ત હીંદુસ્તાનમાં અખત્યાર કરેલો રેવાજ નથી. તે અસલી ઇરાની રેવાજ છે. હું ભુલતો નહીં હોઉં તો દસ્તુર ખુરશેદજી ખાનરીએ એકાદ મેમોરીઅલ વોલ્યુમ—કદાચ દસ્તુર હોશંગ મેમોરીઅલ વોલ્યુમ—ના પોતાના એક વિષયમાં આપણી ક્રિયાઓની હાલની રેવાજી રીતીમાં વપરાતી પારસી નામે જણાયલી કોઈક મીઠાઇનાં નામોનું મુળ અવસ્તા પેહેલવીમાં લેવાની કોશેશ કીધી છે. આ અભ્યાસી ભાઇ એવી અભ્યાસી બાબતોમાં પોતાના અભ્યાસી ઉસ્તાદ એર્વદ શહેરીઆરજીને સારા નીવડયા છે. એવણુમાં પોતાના ઉસ્તાદ માફક એક ખુણે બેસી કાંઇક નવું ખોળવાની આવકારદાયક જેહન શક્તિ છે.

હરીસો. આવી ધાર્મીક ક્રિયામાં અર્પણ કરેલી ઘરના ખાનપાનની આવી કોઇક મીઠી ચીજોમાં અહીં "હરીસો" નામની મીઠાં ખાનાની વાનીએ મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું. આપણા હીંદુસ્તાનનો "મલીદો" અહીં "હલવાએ શક" એટલે "શાકરથી બનાવેલી મીઠાઇ" એવે નામે જણાયલો છે. પણ "હરીસો" નામની મીઠાઇ આવા ભણતરોમાં અર્પણ કરેલી ચીજોમાં ખાસ ભાગ લે છે.

પારસી પંચાએતના જુના દફતરોનો અભ્યાસ કરતાં આ રેવાજે મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું હતું. આજથી આસરે નજદીક એકસો વર્ષ પરના પંચાએતના દફતરમાં કેટલાંક સાલ દર વર્ષે રૂ.૧૦૦) નો ખરચ "હરીસા" ના ખરચ માટે જણાયો છે. એવું દીસે છે કે ખોરદાદ સાલને દીને માનેકજી શેઠની વાડીમાં પારસી પંચાએત તરફથી મોટા જથ્થામાં હરીસો બનાવવામાં આવતો અને જર-

થોશ્તીઓ ત્યાં તેની ચાશણી કરવાં
આવતા. આપણામાં "સાંધના અ
હરીસો," જેમ "ખીર અને પાણી
"પાપડી અને મલીદો" જોડયા શબ્દો
તેમ જોડયા શબ્દો ગણાયા છે. ત્યાં
અહીં "હરીસો," જે એક જાતની ખા
મીઠાઇ માટેનો અત્રેનો ફારસી શબ્દ
તેનો ખોરદાદ સાલ જેવાં જશન મા
ખાણાની અર્પણ કરવાની ચીજોમાં ખા
ઉપયોગ, ફક્ત આપણા હીંદુસ્તાનમાં
દાખલ થયલો નથી પણ, અસલ ઇરાની

એક જરથોસ્તીનું મરણ.

અત્રે મોહલ્લા
ફરતાં એક ઠેકા
કાંઇક ભરબડ જો
પુછતાં જાણ્યું
એક જવાન જરથોશ્તીનું મરણ નીપજ્યું
હતું. હું તે ઘરમાં ગયો. એક જવા
બાઇ વીધવા થઇ હતી. કોઇ મરનારો
મરણથી તેનાં કોઇ જીવતાં વાહલાંઓ
ગીરફતારીમાં આવી પડે છે, તેવાં ગીર
તારીમાં આવેલાંઓમાં એક વીધવા અ
બાપ વીનાના બનેલાં બચ્ચાંઓ આપણ
જીગરને વારેઘડીએ આર્જુદ કર
આદરબાદ મારેસ્પંદે પોતાના પેહેલવ
પંદ—નામામાં આ બે ને પોતાની મીસાલ
ખાસ કરી યાદ કર્યા છે. શાહનામા પ્રમાણે
પાદશાહ કેખશરૂએ પોતાના વસીઅત
નામામાં જાહેર કરેલી સખાવતમાં એ
માબાપ વીનાના બચ્ચાંઓને ખાસ યા
કર્યાં છે. ઘણેક સબબે એક જવા
વીધવા અને તેના બાપ વીનાના બને
બચ્ચાં આપણું દેલ રંજીદા કરે
ખુદા તેઓને દુખમાં દીલાસો દે. અ
ઘરમાં રડતી વંધવાએ મારાં દેલને કે
લુંક રંજીદા કર્યું હતું.

મરનારની લાશ ઉપર કાતર—તે પરથી ઉપજતા કાંઇક વિચારો.

ઉપલા મરન
ની લાસ ઉ
એક બાજુ
એક કાતર
લી જોઇ,
કાંઇક નવાઇ જેવું લાગ્યું.
કે તેમ કોઇક બીજી પ્રજા યા તાબા

હોય છે. કહે છે કે અહીં એવો ખ્યાલ છે કે એમ કાતર મેલવાથી દેવો મરનાર ઉપર હુમલો કરવાથી દુર રહે છે. મરણના ત્રાસદાયક ગણાતા અવસરો ઉપર આવા ખ્યાલો, પછી તેને વહેમી કહો-જેમ તેમ કહો, તરેહવાર રીતે તરેહવાર ખ્યાલોથી જુદી જુદી પ્રજાઓમાં દાખલ થયા છે.

આપણા દેશમાં પણ આપણા સુધરેલાં ગણાતાં કોઈ બાઈઓ યા ભાઈઓ પણ એવા કોઈક ખ્યાલોથી નીરાળ નથી. એવા દેવોના કોઈ દોરે આપણા દેશની પારસી બાઈઓમાં "પંચક" નામના કોઈ વહેમને રૂપ આપ્યું છે. જેવા વહેમને ટાળવા અહીં કાતર મેલે છે, તેવા વહેમના વિચારે કાતરને બદલે ત્યાં કોઈક પાંચ કપડાંની ઢીંગલીઓ લાસની ગેહાનપર મેલે છે, તો કોઈ નસેસાલારોને "પંચક" નો ડર ટાળવા નસેસાલારોને પાંચ યા ઓછા વધતા રૂપીઆ આપે છે, કોઈ એવા ખ્યાલથી કે કોઈ કહેવાતા દેવનો દોર તે પાંચ ઢીંગલીઓ સાથે યા પાંચ રૂપીઆ સાથે તેઓને ઘરથી દુર થાય. કોઈથી પાંચ રૂપીઆ નહીં બને તો થોડાક ઓછા પણ રૂપીઆ આપે, ત્યારે કવાયદમાં આ રીતીથી ઢીલા થયલા અભણ માણસો પોતાની નજર યા ચાળાથી અણગમો બતાવે. એમ બને છે, ત્યારે ફર્યાદ ઉઠે છે. પારસી પંચાએતના ત્રસ્ટી સાહેબોએ જાહેરમાં એમ આપલે નહીં કરવા માટે અરજ કરવા છતાં આ કોઈક દેવના દોરનો ડર અહીં તહીં ચાલુ રહ્યો છે. બીજી કોઈક હાલની કે પુરાણી પ્રજાઓમાં પણ આપણે એમ જોઈએ છિએ.

યજદ, તા૦ ૨૯ મા નવેમ્બર ૧૯૨૫.

યજદની કોઈક જરથોસ્તી ક્રિયાઓ અને માન્યતા.

અત્રે ની મરણની કોઈક ક્રિયાઓ.

જ્યારે અત્રે બારમઆબાદમાં મેં એક જરથોસ્તી જવાનના મરણ વખતે તેના ઘરમાં જઈ સેજદો કરી વીલાપ કરતી વીખરાના રડણથી આજુર્દે થયા સાથ કાંઈક જોયું, ત્યારે પાછળથી મરણ ક્રિયા બાબે જે કાંઈ થોડુંક પુછપરછથી જાણ્યું, તે બાબે બે બોલ બોલીશ. મારી ઉડતી મુસાફરીની ઉડતી પુછપરછમાં તે સમજવામાં યા સમજાવવામાં કાંઈ ભુલ ચુક થતી હોય તો તે માટે દરગુજર ચાહું છું. મારી કોઈક હકીકત કોઈ વસવાટના અવલોકન, અનુભવ યા જ્ઞાન સાથની નથી પણ કોઈક ઉતાવળી પુછપરછનું પરીણામ છે.

લાસને ઉંચકી લઈ જનારા.

અહીં જે જાણ્યું તે પ્રમાણે મોહલ્લાના કોઈ પણ બે પરગજુ ભાઈઓ લાસને દખ્મ લઈ જાય છે. કહે છે કે પછી તેઓ પોતાના અંગ ઉપરનાં કપડાંને ધોઈને ઘરમાં બાજુએ રાખી મુકે છે કે ખુદા નહીં કરેને કોઈ બીજી વખત જોઈએ તો કામ લાગે. એવા પરગજુ કામ કરનારાઓને પણ ઘરધણીઓ હાથ કરી કાંઈ નહીં તો બે કેરાન, કાંઈક નજીવાં દામ તરીકે આપે છે એવા ખ્યાલથી કે જો મરનારની લાશ મુફત ઉંચકાવે તો મરનારના પુલજાગુર થવામાં કાંઈ અડચણ થાય.

અત્રેની ઉપલી એક વખત વપરાયલાં કપડાં ધોઈને બીજી વખતે વાપરવાની રીત આપણી હીંદુસ્તાનની કેટલીક રીતોની આપણને યાદ આપે છે કે આપણે ત્યાં ઘણા ખરચાળ થતા ગયાં છિએ. એક મરનારની લાશને અવલમંજલ પોહો-

ચાડવી વખતે તેની લાશનાં અને તેને ઉંચ-કનારા માણસોના કપડાં ખરચની મોટી રકમ થઇ પડે છે. મને મારી બચપણી યાદ છે કે જ્યારે મારાં માતાજી એક કબાટમાં ઘરના ફાટેલાં તુટેલાં કપડાંઓ સીવી સાંધી એક ગાંસડી બાંધી રાખતાં હતાં, કે ખુદા નહીં કરે ને, કુંટુંબમાં કોઇ માઠો બનાવ બને તો તે વખતે દોડાદોડી અને ખરચનો પાર-અપાર યા પારાવાર નહીં થાય. તુરત લાસને લઇ જનાર માણસોને માટે તે કહાડી આપવામાં આવે. પણ હાલમાં તો તેવી કોઇ ગોઠવણ જાણે અપસમન ગણાય છે અને ખરચના પારાવાર થાય છે. આપણા ઇરાનના જરથોશ્તીઓની ઉપલી રીત કાંઇક રૂડો ખ્યાલ આપે છે.

હવે કપડાંની બાબતમાં તો સમજ્યા. કદાચ એમ કહો કે કોઇક ઉડતા રોગની કોઇક સંભવીત ચીંતાના સબબે તે ચલાવી લઇએ. પણ આપણા મુંબઇ શહેરની એક બીજી ખરચાળ રીતીનો ખ્યાલ કરો. દર વર્ષે સંખ્યાબંધ લોખં-ડની નવી ગેહાનો તરંબરો કરાવે છે કે પોતાના વાહલાઓને સ્વચ્છ નવી ગેહાન પર અવલ મંજલ પોંહોચાડે. હવે એવા ખ્યાલ ઉપર પણ આપણે કાંઇક છુટછાટ મુકવા તૈયાર થઇએ. પણ તે ગેહાનો પાછળ કેટલો બધો ખરચ રદ જાય છે. ઘણેક ઘરેથી એવી નવી ગેહાનો આવવી હોવાથી દર વર્ષે કેટલીક સંખ્યામાં તેઓ-ને ભાંજીને દાટવી પડે છે. તેને બદલે તેઓના લોખંડને સ્વચ્છ કરી ફરીથી બાળી નવી ગેહાનો બનાવવામાં આવે તો દર વર્ષ સેંકડો રૂપયાનો બચાવ થાય. આપણા ઇરાનનો હાલનો રેવાજ આપણને એવી કોઇક બાબતોમાં ઘણી છુટછાટ મેલવાનું શીખવે છે.

એક વખતનું ઉઠમણું.

અત્રેના રેગલેમાં રવાન પાછળના ખરચના ઉમાળામાં એ-કાદ બે વધુ બાબતો આપણે જોઇએ છિએ. દાખલા તરીકે ઉઠમણું એકજ વખતનું અને તે પાછલી રાતનાં કરે છે. આપણા મુંબઇ શહેરમાં બે વખતના ઉઠમણાનો રેવાજ પડયો છે. ઉઠમણું શબ્દ આપણા હીંદી શબ્દ છે. માટે અહીં માટે પણ ઉઠમણું શબ્દ વાપરૂં છું તે ફક્ત સમજ આપવા માટે છે. અહીં ઉઠમણાંમાં મુખ્ય ક્રિયા પાછલી રાતના દહમના આફ્રિનગાનની છે.

હું ધારૂં છું કે આપણામાં ત્રિજે દિવસે ઓજીરન ગેહમાં ઉઠમણું, જેમાં મુખ્ય અગત્યનો ભાગ તો બુપ ભારનાની ક્રિયાનો છે, તે નીચલે વાજબી સબબે દાખલ થયું છે. ત્રિજો દિવસ મરનારના સંબં-ધમાં એક અગત્યનો દિવસ છે, સબબ કે તે દિવસે બામદાદે તેનું રવાન પુલ ગુજાર થાય છે. હવે એવા પાછલી રાતના ઠંડીના વખતે મરનારનાં ખેશીઓ યા મિત્રોને મરનાર માટે દુઆગુજારીના બે શબ્દો ભણવા માટે મરનારને ઘરે જવું અડચણભર્યું થઇ પડે, તે સબબે ત્રિજે દિવસનો ઓજીરન ગેહનો વખત સગવડ ભર્યો ધારવામાં આવ્યો. વળી આ દિવસ મરનારને ત્યાં બેટો નહીં હોય તો અન્જુ-મને તેનો એક પાળક જાહેર કરવાનો અવસર ગણાય છે. તેથી એ વખત મીજલસને હાજર થવાને લાયકનો વખત છે.

ત્યારે ત્રિજે દિવસે ઓજીરન ગેહમાં આ બુપ સારવાની ક્રિયા થાય તો પાછલી રાતનાં તે પાછી કરવાની જરૂર રહેતી નથી. નૌસારીમાં મારે ભાગે એમજ છે. પણ મુંબઇની દેખાદેખીથી જેમ ત્યાં કાંઇ પસંદ કરવા જોગ દાખલ થયું છે તેમ નહી પસંદ કરવા જોગ પણ દાખલ થાય છે. તેમ કોઇક ઘરે પાછલી રાતની બુપ સારવાની ક્રિયા પણ દાખલ થઇ છે. બુપ સારણાંનું ભણતર કાંઇ નહીં પણ બામદાદનાં આફ્રીનગાનમાં ભણાતા દીબાચાનું થોડાક શબ્દોના વધારા સાથનું ભણતર છે.

મરનારની એકલાંની ક્રિયા.

આપણા હીંદુસ્તાનમાં બીજો એક ખરચાળુ રેવાજ દાખલ થયો છે,તે "જોડાં"ની ક્રિયાનો છે. અત્રે એમ જોડાંની ક્રિયા થતી નથી. પણ મરનારની એકલાંની કીયા કરવામાં આવે છે તે ખરચક છે. એ જોડાંની ક્રિયાનો રેવાજ કેમ દાખલ થયો હશે ? તે બાબે હું આ ખુલાસો ધારૂં છું. આપણા દીની શીક્ષણની માન્યતા છે કે સરોશ યજદ આપણા રવાનની-જીંદેહ રવાન યાને જીવતાં રવાનની અને અનોશેરવાન યાને મરણ બાદ ગુજરેલાં રવાનની-પાસબાની કરે છે. મરણ બાદ ત્રણ દિવસની સરોશની ક્રિયા તે સરોશ યજદે કરેલી પાસબાનીની એક પ્રકારની ઉપકારી દીલનો ઉભરો જાહેર કરવાની ક્રિયા છે. હવે આ વાજબી નીયમ ગણાયો છે કે જેબી ભલુ કામ કરવું હોય તે પોતાને હાથે સાથે કરવું. કોઈ કરે તે કરતાં પોતે જાતે કરવું, એ વધારે પસંદ કરવા જોગ છે. તે સબબે એક જરથોસ્તીએ પોતાની જીંદગીમાં એક વખત સરોશ યજદ, જે તેના રવાનનો પાસબાન છે તેની સેવા ગુજારીની ક્રિયા પોતાને હાથે કરી લેવી. હવે કદાચ કોઈ ધણી યા ધણીઆણી જેઓએ પોતાની જીંદગીમાં આગળ તેમ નહીં કર્યું હોય તેઓએ પોતાના ધણીઆણી યા ધણીના મરણ વેળાએ પોતાના જીંદેહ રવાનની ક્રિયા પણ તે મરનારની ક્રિયાના આવશ્રેજ કરી હોય. એવા એકાદ બે દાખલા ઉપરથી તે જાણે ફરજીઆત ક્રિયા તરીકે જરૂરની મનાવા લાગી.

એમ જીવતાં જીવત પોતાને હાથે જાતે પોતાની મરણ ક્રિયા કરી લેવાનો કોઈ બીજી મજાનો દાખલો ફ્રાંસના એક ધર્મી પાદશાહનો છે, કે જેને માટે કહે છે કે તેણે એક વખત પોતાને હાથે પોતાની સર્વ ક્રિયા કરાવી હતી. તે જાણે મરણ પામ્યો હોય તેમ સુતો. પાદરીઓએ ભણતર કર્યું. લાશને સરઘસ સાથે સીમેટરી યાને દાટવાની જગ્યાએ લઈ જવામાં આવી; તેની જીવતી લાશની પેટીને એક કબરમાં ઉતારવામાં આવી; સર્વે ભેગા મળેલાઓએ તેના રવાનની શાંતીની છેવટની બંદગી કરી, જેમાં કહે છે કે તે પણ મનમાં બંદગી ભણી સામેલ થયો હતો. સર્વે છેવટનો સેજદો કરી ઘરે ગયા કે પછી તે પાદશાહ કાંઈક ભલું ચિંતન થોડો વખત કરી કબરમાંથી ઉઠી પોતાને ઘરે ગયો.

આપણામાં જીવતાં જીવત ઉપર મુજબ સરોસની જીંદે રેવાનની મરણની ક્રિયા માફક ક્રિયા કરવાના રેવાજ સાથે આ વિચાર પણ જોડાયલો છે કે કોઈનું એવા કફોડી રીતે મરણ થાય કે તેની ખર વખતે તેના ખેશીઓને ખબર નહીં પડે-દાખલા તરીકે ભરદર્યે યા મોટી મુસાફરી દરમ્યાન-તો તેણે પોતાની જીંદગીમાં પોતાને હાથે સરોસ યજદની કરેલી ક્રિયા તેને પોંહોંચે છે.

આવી ઉપલી મતલબે મરનારની ક્રિયા સાથે કોઈ ધણી યા ધણીઆણીએ પોતાની કરાવેલી ક્રિયા એક જરૂરી ભાગ તરીકે દાખલ થઈ. ઘણીક વાર એમ બને છે કે કોઈ ચોક્કસ અવસરે જરૂર દીસતું કામ શુભ નેમથી કરાવતાં પાછળથી તે નેમ ભુલાઈ જઈ જમેમાં પેસે છે અને જરૂરી ગણાય છે. એનો એક જાણીતો દાખલો આપણી ઉઠમણાંની ક્રિયામાં સરોશ હાદોખ્ત ભણવાનો છે. મુંબઈમાં તે ભણવામાં આવે છે પણ નોસારીમાં નહીં. આ સબબ આ કહે છે કે એક વખત એકાદ જાણીતા પુરૂષને ત્યાં ઉઠમણાંની મોટી મીજલસ મળી હતી. તે વખતે ઉઠમણાનાં ફુલ આવતાં વખત લાગ્યો ત્યારે મીજલસના વડા દસ્તુરજીએ કહ્યું કે "સાહેબો ! ફુલ આવતા વાર છે તેટલાં આપણે અમથા બેસી રહે તેનાં કરતાં સરોશ હાદોખ્ત, જે ઓજીરન ગેહનું એક લાયક ભણતર છે, તે ભણીએ," તેમ ભણ્યા. એકાદ બે દાખલામાં તેમ ભણાતાં એ ભણતર મુંબઈમાં એક જરૂરી ભણતર ગણાતું

આળખું છે. પણ નોસારીમાં તે ભણાતું નથી.

આહીં ઇરાનમાં આપણુ એવું કાંઇક જોઇએ છીએ કે જેમાં ખરચનો કાંઇક ઉમાળો ઘસે છે અને આપણા દેશમાં ખરચમાં વધારો થઇ ગયો છે.

મરનાર પાછળ ભણાવવામાં આવતી લાખ.

આપણામાં હીંદુસ્તાનમાં "લાખ" ભણાવવાનો રેવાજ છે. ઉઠમણામાં મરનારનો બેટો યા નજદીકનો ખેશી હાથમાં એક રૂપીઓ લઇ દસ્તુરજી આગળ બેસે છે, અને દસ્તુરજી તેને કાંઇક ફરજ આપે છે તેમાં એક "એક લાખ પાંચસો અહુનવર" ભણવા યા ભણાવવાની ફરજ આપે છે. તે મરનારના ખેશીઓ સમજતાં નથી કે તેઓને શું ફરજ આપવામાં આવે છે.

હવે અહુનવર યા યથા આપણામાં એક ઘણું પુરાણું ભણતર ગણાય છે. ખ્રીસ્તીઓમાં જે જગ્યા એઓનો Word લે છે તે જગ્યા અથવા એઓની Pater noster જે જગ્યા લે છે તે જગ્યા આપણામાં યથા યાને અહુનવર લે છે. આ સબબે મરણ ટાંકણે તેના ખેશીઓ આ પવિત્ર પુરાણી બંદગી ભણે તે બરાબર ગણાયું છે. હવે અહીં ઇરાનમાં કેટલીક હદે બરાબર રીતે એ રેવાજ જળવાયો છે. અને તે એમ કે અહીં કહે છે કે મરનારના મરણ ટાંકણે કોઇ ખેશી ૧૦૦ યા કોઇ ૨૦૦ યા કોઇ વધુ યથા ભણવાનું જાહેર કરે છે. તે ખેશી પોતે માસીસા આગમચજ તેટલા યથા મરનારની નઇઆતે ભણે છે અને જો પોતાથી નહીંજ બને તો માબેદ પાસે ભણાવે છે. મુંબઇમાં ઘણુ ઠેકાણુ લોકોએ શું ફરજ આપવામાં આવે છે તે બરાબર નહીં સમજવાથી અર્થનો અનર્થ થાય છે. આ બાબે સર જમશેદજી મદ્રેસાના જ્યુબીલી વૉલ્યુમમાં હું કાંઇ વીગતે બોલ્યો છું.

બરશનુમ લેવાનો રેવાજ.

આપણામાં ખાસ લમાં એક માન્યતા હતી કે દરેક જરથોસ્તીએ જીંદગીમાં એક વખત પોતાને હાથે પોતાના સરોશની ક્રિયા યાને જીંદેહ રવાનની ક્રિયા કરાવવી, તેમજ જીંદગીમાં એક વખત "બરશનુમ" લેવું. ક્રિયામાંજ ધર્મનો અને ધાર્મીક જીંદગાનો ખ્યાલ સમજવાની રીતીમાં આ એક પગલું હતું. પણ ખરૂં કે ખોટું, અર્થ સાથનું કે અનર્થનું કહો, જરૂરનું કહો કે નહીં જારૂરનું કહો, તોપણ અસલમાં તે સાથે જે વિચારો જોડાયલા હતા તે બરાબર હતા. બરશનુમમાં એક જરથોસ્તી ભાઇ યા બાઇ દશ દિવસ દુન્યાઇ કામથી દુરી (retreat) માં રહે, ચોક્કસ વખતે ખાએ પીએ, રાત દિવસ ખુદાતાલાના ચિંતન (meditation) માં ગુજારે, વખતોવખત બંદગી કરે, હમેશના રાહાતના સાધનોથી દુર રહી કાંઇક થોડીક રાહતમાં વખત ગુજારે. એ એક પ્રકારની કવાયદ (disoipline) છે. તે ભલી જીંદગી હવસ, શોખો, મોજ મજાહને કાબુમાં રાખવા માટેનો એક ભલો પાઠ છે. તેવી રીતે જોઇએ તો આપણુ તે કેટલીક હદે પસંદ કર્યે. કહે છે કે ઇરાનમાં યજદ અને કેર્માનમાં એમ કેટલાકો—નર અને નારીઓ—બરશનુમ લે છે.

હવે આપણા દેશમાં પણ આગળ એવું કાંઇક હતું. મરહુમ શેઠ હોરમજી એદલજી આલબલેસે મને કેટલીક વખત કહેલું યાદ છે, કે તેવણુ પોતે અને તેવણુના કુટુંબનાં એકાદ ખેશી બાઇએ બચગીમાં મારા પીતાજીના વખતમાં કોલાબાની શેઠ જીજીભાઇ દાદાભાઇની દરેમહેરમાં બરશનુમ લીધું હતું. એમ આગળ ઘણાકો બરશનુમ લેતા. મારા પોતાના વખતમાં એમ બેહેદીનોએ દશ દિવસનું બરશનુમ લીધેલા કોઇક દાખલાઓ મને યાદ છે.

પણ ઘણું અજબ જેવું છે, કે પાછળથી, જેમ આપણુ કેળવાતા ગયા ત્યારે

ધાર્મીક વિચારોમાં જેમ વધારે શુદ્ધ અને રાહપર રહેવું જોઇએ તેને બદલે વધારે અ-શુદ્ધ અને ભુલભર્યા રાહપર કેટલાક હદે ગયા છિએ. તે આ કે આપણાંમાંથી હીંદુસ્તાનમાં ઉપર મુજબના જરથોશ્તી નર નારીઓએ જાતે બરશ્નુમ લેવાનો રેવાજ બંધ થયો. તે બંધ થયો તે વીરૂદ્ધ આપણે કાંઇ બોલવાનું નથી. પણ તે બંધ થવા સાથ પોતા તરફથી એકાદ મોબેદ સાહેબને બરશ્નુમ આપવાનો રેવાજ દાખલ થયો. આગળ જાણે વિચાર હતો કે "મારે કોઇ કવાયદી (disciplinary) જીંદગી ગુજારવા માટે જીંદગીમાં એક વખત નાની વયે બરશ-નુમ લેવું." તેને બદલે હવે એમ થયું કે "હું થોડાક રૂપીઆ આપી મોબેદ સાહેબને મારી પોતાની નઇયતે બરશ્નુમ લેવા કેહું કે જાણે તે મોબેદ ભાઇ "ડીસીપ્લીન"નો કાંઇક ખ્યાલ—જો હાલની રીતી પ્રમાણે પુરેપુરો સંપાદન થઇ શક્તો હોય તો—સંપાદન કરી તે મને પોંહોચાડે." વળી એટલુંજ નહીં, પણ એક પગલું આગળ વધ્યું. મારી જીંદગીમાં એમ મારાથી કવાયદી જીંદગીનો લાભ એકાદ મોબેદ ભાઇને પાંચ પૈસા આપી લેવાને નહીં બન્યું તો—અથવા બન્યું હોય તો તે ઉપરાંત પણ—મારા મરણ બાદ પેહેલાં વરસ દરમ્યાન મારાં વાહલાંઓએ એક મોબેદ ભાઇને બરશ્નુમ આપવું, કે તેનો લાભ મારાં રવાનને મળે.

હવે જેમ એક ધંધાદારીને તેનો પેશો કરવાને લાયક બનાવવો, એ એક ભલું ધર્મી કામ છે. તેમ એક મોબેદ ભાઇના બરશનુમને અડચણ થઇ હોય કે જેથી તે પોતાનો પવિત્ર પેશો કરવા અયોગ્ય (disqualified) થયો હોય તો તેને—હાલના ગમે તેવા ખ્યાલો અને માન્યતા વચ્ચે પણ—બરશનુમ આપી તેને પોતાના પેશા માટે પાછો યોગ્ય (qualified) કરવો તે એક રીતે વાજબી ગણાય. પણ એક મોબેદને બરશનુમ હોવા છતાં તેને પોતાના યા કોઇ મરનાર શખ્શીના રવાન-નાં કવાયદી ભલાં કાજે બરશનુમ આપવું એ બરાબર નહીં ગણાય.

આવી રીતે જોતાં મજદમાં જરથોશ્તી ભાઇઓ યા બાઇઓ પોતે જાતે બરશ-નુમ લે તે,—બરશનુમ બાબેના વિચારો-ના ગમે તેવા ફેરફાર છતાં તે—આપણી હીંદુસ્તાનની અનર્થ રીતી કરતાં અર્થ-વાળી રીતી ગણાય. હવે એ જાણીને બરશનુમ આપવા કાજે નહવાડવા માટે પુરતી મર્યાદા જાળવવા માટે એકાદ મોબેદ અહીં ખાસ હોય છે કે જે મર્યાદા જળવાય એવી તરવીજથી સ્ત્રીઓને બર-શ્નુમ આપે. સ્ત્રીઓ એ કામમાં મદદ કરે છે.

બરશનુમના રેવાજની તવારીખમાં એક પ્રકારની કવાયદ (discipline) નો ખ્યાલ દાખલ થયો છે, તેનો વિચાર કરતાં મને ચાર વર્ષ પરની મારી બર્માની સફર યાદ આવે છે કે જ્યાં મેં જોયું અને જાણ્યું હતું કે પોતાના બચ્ચાંને કાંઇક અંકોશ અને કવાયદ હેઠળ જીંદગી ગુજારવાનો ખ્યાલ આપવા હજુર પણ ઘણાક માબાપો પોતાના છોકરાંઓને થોડોક વખત—કાંઇ નહીં તો એક મહીનો પણ—મઠમાં ત્યાંના સાધુઓની સંગતમા મોકલે. ત્યાં તે છોકરાઓ, પછી તે ગમે તો તવંગરોના પણ કાંય નહીં હોય, તેઓ મઠનું સર્વ હલકું પણ કામ હોકમ પ્રમાણે કરે. તેઓ મઠમાં ઝાડુ કાઢે, પાણી ભરે અને સર્વ પ્રકારનું કામ કરે અને મઠના ધર્મ-ગુરૂઓ કાજે ખોરાકની ભીક્ષા માગવા પણ જાય.

યઝદ, તા૦ ૨૧ મી નવેંબર ૧૯૨૫.

યઝદ-નામગ્રહણની દફતરખાની. તે ઉપરથી ઉપજતા કોઇક વિચારો વીગેરે.

યઝદનાં આપણા પુરાણા જરથોસ્તી બાપની ધાર્મિક જીંદગી બાબે હું કાંઇ આગળ બોલ્યો છું. આજે બે બોલ વધુ બોલી હું ખતમ કરીશ.

નામગ્રહણવાળાં દફતરની કાંઇક વધુ હકીકત.

અત્રેની નામગ્રહણની રીત બાબે એક આગલા પત્રમાં હું કાંઇક બોલ્યો છું. આ દફતર કાંઇક ધીરજે જોવાજોગ હોવાથી, ઉપર જણાવેલા ગહમબાર બાદ, થોડો વખત મેં ઘરે માંગ્યું હતું. તે વધારે વાર મારેથી રાખી શકાયું નહી, સબબ કે ઘરેઘર વકફોમાંથી થતા ગહમબારો વેળા ત્યાં નામો વાંચવા માટે તે નામ વાંચનાર (દફતર-ખાન)ને જોઇતું હતું. તોપણ થોડા વખતની ઉડતી તપાસમાં જે કાંઇ થોડુંક નોંધ્યું છે તે અત્રે જણાવું છું.

૧. આ નામગ્રહણને "કેતાબે ખુદા-બખ્શાયુગ એ ગુઝરતગાન" એટલે "ગુજરેલાઓને ખુદા માફ કરે તેની કેતાબ" એવું નામ આળખ્યું છે.

૨. આ નામગ્રહણ શાહ જમશીદના નામથી શરૂ થાય છે. પછી શાહ નોશેરવાનનું નામ લેઇએ છીએ.

૩. આપણે હીંદમાં "અએદર યાદ બાદ અનોશે રવાન રવાની" એવી રીતે મરનારના નામો યાદ કર્યે છીએ. અહીં "બા શરીકાન ખુદા શાન બે-આમુરઝાદ" એટલે '(ફલાણા ફલાણાને) તેના હમશરીકો સાથે ખુદા માફ કરે" એવી રીતે યાદ કરવામાં આવે છે. આ અત્રેની "હમશરીકો' સાથે મરનારને યાદ કરવાની રીત આપણી "રપીથવનની આફ્રીન"ને મળતી છે, સબબ કે તેમાં પણ એક પુરૂષનું નામ દેતાં "આવા હમા ફરોહરે" શબ્દોથી તેના જેવા બીજાઓને યાદ કરે છે.

૪. આપણે હીંદુસ્તાનમાં દરેક નામ છુટું લઇ "અએદર યાદબાદ" વીગેરે ભણીએ છીએ. અહીં કેટલાંક નામો બોલી જઇ, પછી થોડાં થોડાં નામો પછી ઉપલો યાદ-નો વાક્ય 'બા શરીકાન" વીગેરે ભણે છે.

મારો વિચાર છે કે આપણાં ભણતરો અને ક્રિયાઓ પૈંચાણકારક કરવા કાજે તેઓ ટુંકાં થવાં જોઇએ. જથ્થા (quantity) કરતાં ગુણ (quality) માં તે વધતાં થવાં જોઇએ. તે વિચારથી જોતાં હું આ તરફની રીત પસંદ કરૂં છું, કે દરેક નામ પછી "અએદર યાદ બાદ" વીગેરે ભણવાને બદલે પહેલે ફકત નામો યાદ કરી, પછી થોડેક થોડેક નામ "અએદર યાદ બાદ" ભણે તે બહેતર છે. અહીંની આ હકીકત બરહક છે તે આપણને "આફ્રીને હફત અમેશાસ્પંદ" ઉપરથી માલમ પડે છે. ત્યાં "રવાને ગયો-મર્દ, વ હઓશંગ, વ તહમુરસ્પ, વ જમશીદ, વ ફરેદુન, વ મીનોચહેર બામી, વ હુઝોબે દહમાસ્પાન, કએકોબાદ, કએ કાઉસ" વીગેરે વીગેરે નામોવાળાં-ઓનાં ફકત નામો યાદ કરી છેવટે "અનોશહ રવાન બાદ" એમ ભણવામાં આવે છે. ત્યારે એમ આપણા હીંદુસ્તાન દેશના આફ્રીન-ગાનનાં ભણતરમાં ટુંકું કરવાની મારી સુચનાને (ક) એક તો ઇરાનનાં હાલ ઉપલા રેવાજનો અને (ખ) બીજું તો ઉપલી આફ્રીનનો ટેકો મળે છે.

હવે "અએદરયાદ બાદ" અને "ખુદા શાન બે આમુરઝાદ" એ બે રચનાઓમાં હું આપણી અહીંની "અએદરયાદ બાદ" રીત પસંદ કરૂં છું. એક મરનારનાં મરણ બાદ થોડોક વખત મરનારની કાંઇ તકસીર હોય તો તેને માફ કરવાની ખુદાતાલાને કરેલી અરજ કાંઇ પણ ખ્યાલમાં ઉતરી શકે, પણ સદીઓ અને હજારાઓ બાદ તેવી અરજ બરાબર ખ્યાલમાં ઉતરતી નથી. દાખલા તરીકે આજે હજારો વર્ષ બાદ જમશેદ, ફરેદુન મીનો-ચેહર અને વળી જરથોસ્ત જેવા ભલા મહાન પુરૂષોના રવાન કાજે આજે મારીની

બરેજ ગુજારતા રહેવું એ દુરસ્ત દીસતું નથી.

૫. કોઇ દસ્તુરનાં નામ આગળ "સર-વર દસ્તુર". એટલે "વડા દસ્તુર" એમ નામ આપણે વાંચીએ છીએ. આપણા હીંદુસ્તાનમાં કહે છે કે નામદાર પહેલા સર જમશેદજી ઉક થયા ત્યારે તેવણનું નામ મરણ બાદ "સર જમશેદ" એમ એક દસ્તુર સાહેબ તરફથી ભણાતાં, તે ઉપરથી કોઇક બીજા સાહેબોએ એમ નામ દેવાની રીત સામે કાંઇક અણગમો દેખાડયો કે એમ "દુન્યવી" ખેતાબો મરનારનાં નામ સાથે ધર્મ ક્રિયામાં દેવું "દીની" નજરે બરાબર નથી. એ બના-વની સર્વ હકીકત હું જાણતો નથી. પણ હું ભુલતો નહીં હોવું તો મને યાદ આવે છે કે મરહુમ ત્રીજા સર જમશેદજી (માણેકજી)નાં ઉઠમણાની વખતે પણ તેવણના નામ સાથે "સર" શબ્દ જોડવાની સુચના એક બેહેદીન શેઠયા તરફથી થતાં, બીજા બેહેદીન શેઠયાએ તેમ નહીં થાય એમ સુચવ્યું હતું.

હવે ઉપર પ્રમાણે ઇરાનમાં જે હાલ ચાલ છે અને આપણી આફ્રીનોમાં કેટ-લાંક નામો મરનારોનાં એલકાબો સાથે દેવાયાં છે, તે ઉપરથી મારા કમીના વિચાર પ્રમાણે દીસે છે કે મરનારોનાં નામ સાથે તેઓનાં એકાદ એલકાબ ઓળખાણ આપવા કાજે જોડાય તો સારૂં. અસલ મતલબ આ છે, કે જાહેર અવસરે ઉપર મરનારોનાં નામની બા-પોકાર યાદ થાય (યાદ બાદ) કે તેથી તે સાંભળનાર હવતાઓ મરનારને તેનાં નામથી પિછાણી તે માટે કાંઇક વિચાર કરે; દાખલા તરીકે હાલની હીંદુસ્તાનની રીતી પ્રમાણે કોઇ મોટાં જાહેર જશનમાં મરહુમ પહેલા સર જમશેદજીનું નામ બેહેદીન જમશેદજી બે. રૂસ્તમજી (પાલક હોવાને સબબે પાછલું નામ બોલાય છે) એમ ભણાય છે તો ભેગી મળેલી મીજલસ કેમ જાણે કે આ ધણી તે પહેલા સર જમશેદજી છે!

૬. નામગ્રહણમાં આપણે કોઇ દસ્તુરનાં નામ સાથે "બા ફરઝનદાન" એટલે "ફરજંદો" સાથે એમ જોડીએ છીએ. એટલે નામગ્રહણ ભણનાર ફક્ત મરનારના રવાનને નહીં પણ સાથે તેનાં ફરજંદોનાં રવાનને પણ ખુદા હજુર માગી ચાહે છે. આ રીત મને અજબ લાગે છે. આપણે કોઇ જીવતાંને માટે "તંદરોસ્તી" ભણતાં "બા ફરઝંદાન" એટલે "ફરઝંદો સાથે" એમ ભણીએ છીએ તે સમજી શકીએ છીએ, પણ એકાદ મ નાર દસ્તુરનું નામ યાદ કરતાં તેનાં ફરઝંદોને પણ એમ સામાન્ય શબ્દોથી યાદ કરવામાં આવે, એ કાંઇક અજબ દીસે છે. આપણે સતુમના કર-દામાં સામાન્ય રીતે બરચ્ચાંઓ માટે ભણીએ છીએ કે "વીસ્પનાંમ અપેરેના-યુકનાંમ દહમો-કેરેતનાંમ, અષઓનાંમ ફરવષયો યજમઇદે," એટલે "સર્વ ભલું કામ કરનારાં આ રા નાની ઉમરના-ઓના ફરોહરોને અમો યાદ કર્યે છીએ." પણ આ તો સામાન્ય યાદ છે; પુરી ઉમરે નહીં પોહોચેલાંઓ (minors), જેઓએ પણ સારાં કામો કર્યાં હોય, તેઓને યાદ કર્યાં છે. પણ પ્રોફેસર ડાર્મે-સ્તેતરે આ "દહમો-કેરેતનાંમ" શબ્દને "ભલું કામ કરી ગએલાં (માબાપો)" ને અર્થે લે છે. એટલે કે આપણામાં કહે વત છે કે "બાપ દાદાઓ યા વડીલોનાં કીધેલાં પુન્ય તેઓનાં ફરઝંદોને યારી આપે છે." આ કહેવતને ત્યારે ટેકો આપનાર અર્થ આ ફકરાનો દાર્મે-સ્તેતે કર્યો છે, અને એની નામગ્રહ-ણની "દફતર-ખાની" તેને જાણે ટેકો આપે છે કે એક ભલો મરનાર પુરૂષ પોતાની ભલાઇથી જાણે પોતાનાં બચ્ચા ને માટે પણ કાંઇક કિર્તિ અને તેનાં પુણ્યમાં કાંઇ ભાગલાભ મેલી જાય છે. મરનારનાં નામો યાદ કરવાની આ તરેહ-વાર રીતો આપણને વમલમાં નાંખે છે કે એક યા બીજી રીતે જોતાં જાણે બંન્ને બાજુના વિચારોમાં કાંઇ વજુદ છે,

૭. કોમ, શહેર અને દેશનું ભલું કરી જનાર બાનુઓનાં નામ જાહેર ક્રિયામાં દેવાનો રેવાજ આપણામાં હીંદુસ્તાનમાં ઘણો સાધારણ રીતે ચાલુ નથી. કેથે કેથે તેની કાંઇક શરૂઆત આપણે જોઇએ છિએ પણ યજદના નામ ગ્રહણવાળાં દફતરમાં આપણે "બાનુ દસ્તુર મહેરબાન ફરંગીઝ દસ્તુર ખોદા-બક્ષ" એમ અને એવાં બીજાં કોઇક નામો વાંચીએ છીએ. આ નામને સમજ પડે તેમ છુટું પાડી સમજીએ તો તે આ રીતે થાય કે "દસ્તુર મહેરબાન દસ્તુર ખોદાબક્ષનાં ધણીઆણી (દસ્તુરન) ફરંગીઝ"

આપણી ફરવરદીન યસ્તમાં આપણે એવી ઘણીક ઇરાનની જાણીતી બાનુઓના નામોને યાદ કર્યે છીએ. આપણાં હીંદુસ્તાનનાં હાલમાં જાણીતાં દેશહિતકારી બાનુઓનાં નામોને જાહેરમાં યાદ કરવાનો રેવાજ ભુલાયલો જોઇએ છીએ. પણ નોસારીનાં મોબેદ ભાઇઓએ ત્યાંના જાણીતા પુરૂષોની ટીપ (Calender) માં એક "માલન" નામની બાનુનું નામ દાખલ કર્યું છે.

૮. આપણા પારસી માબાપો હીરાબાઇ, માનેકબાઇ, જીવનબાઇ જેવાં હીંદુ નામો મેલી પોતાની બેટીઓને ઇરાની નામો આપવા ચાહે તો તેને માટે પસંદગી કાજે મેં 'કાઝરીન" ના પત્રમાં કેટલાંક નામો આપ્યાં છે. અહીંના ઉપલાં નામગ્રહણના દફતરમાં, મેં યાદ થતી ઇરાની બાનુઓના જે નામો જોયાં છે, તે ઉપલીજ નેમે અત્રે આપું છું, હમલ, ગુહર, ખાતુન, તાજબાનુ, દેલબર, ઝર-બફત, પરીગુલ, મહેરબાનુ, સ્ત્રીઓનાં નામ દેતાં તે સ્ત્રીઓનાં ખાવીંદ જો કોઇ દીની ઓહદેદાર હોય તો તેમ જણાવવામાં આવે છે. દાખલા તરીકે એક નામ "શીરીન દસ્તુર દીનયાર" એમ વાંચીએ છિએ. એક નામ "પરીગુલ ઉસ્તાદ બહેરામ" એમ છે. આ નામગ્રહણમાં દસ્તુરોનાં નામ પછી બેહેદીનોના નામ છે. તેઓમાં કોઇ હીંદુસ્તાનના પારસીઓના નામ પણ જોયાં કે જેઓએ ઇરાનના હમદીનોના ભલાં માટે કાળજી દેખાડેલી.

યજદમાં મુંબઇથી આવેલા બે નવા પરોણાઓ.

યજદની હમારી મુલાકાતનાં છેલ્લા ત્રણ દિવસોમાં મુંબઇ તરફથી આવેલા બે પરોણાઓની મુલાકાત થઇ. ૧ ભાઇ માણેક ફરદુનજી મુલ્લાં, જેવણને આપણે કેટલુંક થયું ઇરાન અને ઇરાનને લગતી બાબતો તરફ જાનફેસાની કરતાં જોઇએ છિએ. એવણની આ મુલક તરફની આ બીજી મુલાકાત છે. પોતાનાં કોઇક જાતી ભોગે આ ભલા ભાઇ ઇરાનનાં અત્રેના કોઇક ખાતાંઓની રેહબરી કરવા આવ્યા છે. ખુદા એવણનાં માર્ગમાં સર્વ સફળતા બક્ષે.

બીજા પરોણા ડા૦ જમશેદ માણેકજી ઉનવાળા છે. એવણ અભ્યાસ માટે સ્તુતિપાત્ર શોખ ધરાવે છે, અને તેવણની એ શોખ પુરો પાડવાની કાળજી માટે હું ઘણું જાણું છું, સબબ કે એવણના અભ્યાસના વધારા માટે મેં કાંઇક કાળજી રાખી હતી. તેવણે જર્મનીની હાઇડેલબર્ગની યુનીવરસીટીમાં ચારથી વધુ વર્ષ સારો અભ્યાસ કર્યો છે. યુનીવરસીટીની ડીગ્રીઓમાં જર્મનીની અને તેમાં હાઇડેલબર્ગની આ પુરાણી યુનીવરસીટીની ડીગ્રી વધુ માનભરી ગણાય છે. તે તેવણે મેળવી છે. લડાઇ દરમીઆન કેટલાક હાડમારી અને મુશ્કેલી વચ્ચે આ જવાન અથોરનાન ભાઇએ ઘણીક સબુરીથી અભ્યાસ કર્યો હતો અને પોતાના ઉસ્તાદોની પ્રસંસા મેળવી હતી. એ ભાઇ માટે અને એવણના અભ્યાસ માટે આ જામે જમશેદ પત્રમાં હું અનેકવાર પ્રસંસાના બે બોલ બોલ્યો છું. એવણમાં પારસી કોમ અભ્યાસની બાબતમાં ભવિષની સારી આશા આપનાર એક અભ્યાસી મેળવ્યો છે. ખુદા એવણને

સહાય થાય. એવણના અભ્યાસ અને જ્ઞાનને ઇનસાફ મળે એવા કોઇ ઓહદો યા જગ્યા બરપા થાય યા બરપા કરવામાં આવે તો ઘણું સારૂં, કે જેથી એવણ પોતાનું જ્ઞાન વધારી તેનો આપણને વધુ લાભ આપતા રહે. એવણની અભ્યાસી જીંદગીમાં ખાસ ધ્યાન ખેંચનારૂં આ છે કે એવણે ખુદાની મેહેરથી પોતાના બાજુબળ ઉપર, પોતાનાં તન મનનાં બાજુબળ ઉપર ઉભું રહેવાની કોશેશ કરી છે. કોઇ મદદ આપે તો જર્મની અભ્યાસ માટે જવું, એવા ભરૂસા કરતાં પોતેજ મુંબઇમાં ગ્રેજ્યુએટ થવા બાદ ગરીબ ગજાં ઉપર કેટલોક બોજો નાખી, બહારથી નાણું કઢાવી હિંમતથી એવણ જર્મની ગયા હતા ત્યારબાદ હીંદી સરકારે એવણને પોતાનાં સ્કોલર નેમી ઇંગ્લાંડ અને ફ્રાંસ મોકલ્યા હતા. આ સર્વ મુલકોમાં સારો અભ્યાસ કરી એવણ ઘણીક ભાષાઓ ઉપર સારો કાબુ મેળવ્યો છે. હવે યજદમાં એવણ એવીજ અભ્યાસની ભલી નેમથી પોતાનાજ ગરીબ ગજવાં ઉપર કાંઇક બાર મુકી આવ્યા છે. એવણની મકસદ ઇરાનનાં પુરાણા અને હાલના સુધારા (culture) નો અભ્યાસ કરવાની છે અને સાથે સાથે આપણા ઇરાની ભાઇઓને કાંઇક શિક્ષણ આપવાની છે. જેઓ પોતાને મદદ કરે છે તેઓને ખુદા મદદ કરે છે. ખુદા એવણનો યાર થાય અને એવણની ભલી મુરાદો પાર પાડે. એવણ મારા જેવી ઉડતી મુસાફરી માટે આવ્યા નથી, પણ ધીમી, શાંત, જ્ઞાન શોધતી સફરે આવ્યા છે, તેથી એવણ જેમ મારા જેવા ઝડપી મુસાફરીવાળાઓનાં કોઇક અવલોકન યા અનુભવને પોતાના ધીરા અભ્યાસની નજરે કોઇ કોઇ બાબતમાં મજબુત ટેકો આપે તેમ કોઇ કોઇ બાબતમાં ભૂલ ભાંજે એવી ભાગ્યશાળી હાલતમાં છે. માંગે ત્યારે તો માએ પણ ખાણું કરે. પણ માગ્યા વગર કોઇ ખાણું કરે તેમાં ઘણી અને ખરી મેહેરબાની રહેલી છે. માટે કોઇ સખી તખ ભાઇ એવણના માગ્યા વગર એવણની હોંશભરી સફરમાં સવળીતા કરી આપશે તો હું ખુશી થઇશ. તે એક અથોરનાનજાદાને આપેલી ખરી ખુશોદાદ ગણાશે.

અમો કાલ રોજે શીરાઝ માટે યજદ છોડયું. આઝરબએજાનમાં મેં જાણે પએગમ્બર જરથોસ્તના જમાનાવાળું ઇરાન જોયું. ત્યાંથી બગદાદ ભણી જતાં અને ત્યાંથી તેહેરાન ભણી આવતાં આપણા આગલા ઇરાની પાદશાહોનું રાજ કરતું ઇરાન કેટલેક ભાગે જોયું. તેહેરાનથી તે ઇસફહાનમાં જાણે હાલનું ઇરાન જોયું, પણ યજદમાં થોડાક દહાડાઓ ઇરાની જરથોસ્તી ભાઇઓ વચ્ચે ગુજારી હાલના જરથોસ્તીઓનું ઇરાન જોયું છે. ખુદા આ જરથોસ્તી ભાઇઓની બોલબાલા કરે. મેં એઓમાં ઘણુંક ભલું જોયું છે. એઓથી કાંઇક નવું, કાંઇક ભલું અને કાંઇક ભલાઇ શીખ્યો છું.

શીરાઝ, તા૦ ૨૪ મી નવેમ્બર ૧૯૨૫.

યજદથી શીરાઝ અને શીરાઝથી તખ્તે જમશીદ.

અમોએ તા૦ ૨૨ મી નવેમ્બરે સવારે ૬-૪૫ ને અમલે યઝદ શીરાઝ માટે છોડયું. અર્ધા કલાકમાં રેહેમતાબાદ આવી પહોંચ્યા. અમારો પેહેલો ઠરાવ આગલે દીને યઝદ છોડવાનો હતો અને તેમ કરતાં થોડાક કલાક આ જરથોસ્તી ગામમાં થોભવાનો વિચાર રાખ્યો હતો. પણ અમારા એક શોફર ઉપર નધારેલી કાંઇ તવાઇ આવવાથી એક દિવસ ફરજીઆત થોભી જવું પડયું. તે સબબે આગલે દીને ત્યાંના જરથોસ્તી ભાઇઓ અમારી ઘણી રાહ જોઇ નાઉમેદ થયા તે જાણી અમો ઘણા દલગીર થયા. આજે એક ભાઇ માર્ગમાં થોડાંક ફુલ લઇ આવકાર માટે ઉભા

હતા, તેવણુ પાસે ફુલ સેઇ બઇ કાલની નામેરાઈ માટે ઇન્ગ્રીઝી જણાવી ગામના હમદીન ભાઇઓને આભારનો પેગામ મોકલી અમો આગળ વધ્યા. જેમ યઝદમાં આવતાં તેમ યઝદ છોડતાં આપણુને વેરાન રેતાલ ભાગમાંથી પસાર થવું પડે છે, જે આપણુને ઇરાનનાં કોઇક ભાગોની વેરાનીનો અને બીઆબાનીનો ખ્યાલ આપે છે આ સબબે યજદનાં કોઇક બાગબગીચાઓ આપણુને બમણી ખુશાલી આપે છે.

યઝદની આસપાસનો વેરાન મુલક ત્યાંનાં જરથોસ્તીઓ માટે એક આશીરવાદ સમાન.

મેં આગળ કહ્યું તેમ યઝદ અને કેરમાન ઇરાનના જરથોસ્તીઓના મોટા મથકો તરીકે બચી રહ્યાં છે, તેનો એક સબબ આ કે તેઓ આગલા આરબોના મોટા વગવાળા હાલના ઇરાક તરફના મુલકથી દુર આવ્યા છે. વળી એ શેહેરો તરફનો વેરાન રેતાલ મુલક પણુ યઝદનાં જરથોસ્તીઓ માટે જાણુ એક આશીરવાદસમાન હતો, સબબ કે તેથી તેઓ કાંઇક નીરાંત સાથની એકાદ જગ્યાએ રહી શકયા કે જ્યાં બાહારનાં જાસ્તી કરનારાઓ સેહેલાઇથી આવી શકે નહી. આ બાબે પ્રો૦ જેક્સન કાંઇક અસરકારક શબ્દોમાં વીવેચન કરે છે તે કહે છે કે "Situated amid a sea of sand which threatens to engulf it, Yezd is a symbolio home for the isolated band of Zoroastrians that still survives the surging waves of Islam that swept over Persia............... Although exposed to persecution and often in danger from storms of fanaticism, this isolated religious community, encouraged by the buoyant hope characteristic of its faith, has been able to keep the sacred flame of Ormazd alive...........When the Arab hosts...........swept over the land of Iran with.........fire sword, slaughter, enforced conversion, or compulsary banishment, a mighty change came over Persia. The battle grounds of Kadisia and Nihavand decided not Iran's fate alone, but Iran's faith. Ahura Mazda, Zarathushtra, and the Avesta ceased almost to be known."

સફરનો માર્ગ (જાદેહ) અને રવાનનો માર્ગ.

અમારો શોફર આ તરફ પહેલવહેલો આવ્યો હતો, તેથી તે વારનવાર રાહદારીઓને "જાદેહ" "જાદેહ" બોલી રસ્તો પુછતો. તેના આ શબ્દો મને આપણી પતેતની યાદ આપતા, સબબ કે કોઇ મરનારની નઇઅતે પતેત ભણતાં પણુ આપણુ "(ફલાના) "જાદેહરા" "જાદેહરા" એમ બોલ્યે છિએ. "જાદેહ" એટલે "માર્ગ" અથવા રસ્તો," આ શબ્દો પોકારી અમારો શોફર આગળ વધવાનો રાહ અથવા રસ્તો પુછતો કે "કેઇ તરફ શીરાઝ ભણીનો રસ્તો જાએ છે?" આ શબ્દો પતેતના સેવટના ફરદામા "હુમત હુખ્ત હુવરશ્ત" અને "દુશમત, દુજૂખ્ત અને દુઝવરશ્ત" શબ્દો સાથે ભણાતા "જાદેહ"ની યાદ આપી સુચવતા કે દરેક માટે એક વખત આવશે કે જ્યારે તેના રવાનને પણુ જાણુ કોઇ બીજા વટેમાર્ગુ રવાનને પોતા માટે "જાદેહ" યા રસ્તો પુછવો પડશે, અને તેને જવાબ મલશે કે "એહ્જ રસ્તો છે કે જે અશોઇનો છે (અશોઓ પન્તાઓ યો અશહે.)"

મેહરીજ ગામ.

હવે માર્ગ કાંઇક ગુંચવણું આપે એવો આવવા લાગ્યો કે જે માટે રાહદારીઓને અવારનવાર ખોટી થઇ પુછતાં પરવડે નહી અને તેથી મેહરીજ નામના ગામમાં થોભી એક રાહબર ભોમીઓ લેવાની જરૂર જણાઇ. આ બે હજાર માણસની વસ્તીનું એક સુંદર ગામ છે, જેમાં બે ચીજે ખાસ ધ્યાન ખેંચ્યું ૧. એ કે, ત્યાં આવેલાં "લયલી ને મજનુન" નામના એકમેક ઉપર જાણે ફીદા થતાં આશક માશુક ગણાતાં ઝાહડો અને ૨. બીજું પાણીની આબાદાનીથી આ તરફ જમીનને પાણી પહોંચાડવાની (water-works) ની રચના. એક મોટાં આબઅંબુઇ યાને નાળાંમાંથી ગામના જુદા જુદા ભાગોને અને તે ભાગોમાંથી ગામનાં ઘરોને પાણી મળતું.

ભોમીઆને લઇ આગળ વધત ત્રણ ચાર મૈલ આગળ ઘણો ખરાબ રસ્તો હતો. ખરૂં જોતાં તો રસ્તા જેવું કાંઇ નહી હતું અને ગોળ પથ્થરોના મેદાનમાંથી ગમે તેમ માર્ગ લેવો પડતો. એવા વેરાન ભાગમાં પણ કેઠે કેઠે કાંઇક આગાયત જમીન આવતી, ત્યારે વંદીદાદનો પેલો ફકરો યાદ આવતો કે ગરીબ બીચારા ખેડુતો ડાબા અને જમણા અને જમણા અને ડાબા હાથો મરોડી કેવી મેહેનતથી પોતાની ખેતી કરતા હતા. સર્વે ઉદ્યોગોમાં ખેતીને શા સબબે વંદીદાદમાં વધારે વજન આપ્યું છે, તેનો અહીં આપણને કાંઇક ખ્યાલ આવે છે.

આગળ વધતાં ઓર્મીઝક, ચાહ મોરદોની, તંગે ચીનાર, અહલાબાદ, ફખ્રાબાદ વીગેરે ગામો પસાર કરી, સાંજે ૫) વાગે દેહશીર ગામ આવ્યા, કે જે માટે કહેવામાં આવ્યું કે આગળ અહીં સીંહો (શીર) હતા તે ઉપરથા એને દેહશીર એટલે "સીંહોનું ગામ" કહેવામાં આવે છે. આ માર્ગમાં આપણને રાહદારીઓ રાહઝન યાને ચોરોથી બચાવવા માટે પોહોરેગીરોના મિનારા (watch-towers) મળે છે, જે મિનારાઓ અને આજનો માર્ગ આપણા ફરીઓને આપણા ઇજશનેના "નાઇસી મોદ એવ" નામનાં દીનનાં કલમાત્રાળા ૧૧) માં હા ઉપર લઇ જતા અને સમજ પાડતા કે તેમાં ગાય ગોસ્પંદો વીગેરેને ચોરો અને લુટારાઓથી (તાવાઅતચા હઝવ્રહતચા) અને માજદયસ્નાનોનાં મોહોલ્લાઓને પાણીની તાણથી બચાવવાનો શા કાજે એકરાર કરવામાં આવતો. દેહશીરમાં મી૦ બેહરામ નામનાં તેહેરાનના એક જરથોસ્તીભાઇની જમીન છે જે તેવણે ભાડે આપી છે.

દેહશીરથી શીવન.

તા૦ ૨૩ મી નવેમ્બર સવારે ૭-૩૦ ને અમલે દેહેશીર ગામ શીવન માટે છોડયું. આજના દિવસનો માર્ગ પણ મોટે ભાગે વેરાન અને બીઆબાન હતો. આસરે ૧૭) ફરસંગ યાને ૫૧) મૈલનો માર્ગ વચમાં કોઇપણ ગામ નહી આવે એવો બીઆબાન હતો. વચમાં થોડા ભાગપર કાંઇક પાણી મળે. માર્ગમાં નસ્રતઆબાદ, અર્દેગઆબાદ, મેહેરઆબાદ વીગેરે ગામો પસાર કર્યાં.

અમો રાતે નવ કલાકે શીવન આવી પહોંચ્યા. આ ગામમાં એક રાત કાઢવાની સગવડ કરાવી આપવા કાજે ભાઇઓ ખુસરો અને અર્દેશીર નામના જરથોસ્તી ભાઇઓની રેહબરી માટે ઉપકારી છિએ.

બેહરામગોરનાં હફત ગુમબજ.

બેહરામગોર એક કિર્તિવંત પાદશાહ થઇ ગયો છે. તેની રાજદ્વારી કિર્તિ ઉપરાંત એક ચુનંદા શેકારી તરીકેની તેની કિર્તિ જાણે કહેવત સમાન મશહુર છે. એના એવા શેકારી હુનર માટે હું મારી "શાહનામાની સુંદરીઓ" નામની ચોપડી, જેમાંના વિષયો, મેં પેહલા મરહુમ મી૦ કેખશરૂ ન. કાબરાજીની ખાહેશ ઉપરથી તેવણનાં સ્ત્રી બોધમાં

આપેલા છે, તેમાંનાં કોઇક દાસ્તાનોમાં બોલ્યો છું. આ શીકારી પાદશાહના સાત ગુમબદો માટે બોલાય છે. તેના આ ગુમબદો તે જાણે હાલના વખતના શબ્દોમાં બોલીએ તો તે હાલનાં શીકારી મથકો (Hunting Seats) સમાન હતા. એવા સાત ગુમબદોમાંના એકની જગ્યા આપણને આ તરફના માર્ગમાં દેખાડવામાં આવે છે. એવી એક બીજી જગ્યા બીજે દિવસે દેખાડવામાં આવી.

આ તરફ ફરસખના જુદા જુદા તફાવતો અને આપણી અહ્દીસુર નીઆએશમાં જણાવેલી ઘોડેસ્વારી.

આ તરફ ફરસખ જેવા તફાવતોની માપની ગણત્રી કાંઇક અજબ રીતની કેહે કેહે આપણે લેઇએ છિએ. તેથી રાહદારીઓને તફાવત પુછતાં જ્યારે તેઓ કહે કે "આટલા ફરસખ દુર છે" ત્યારે આપણે ચોક્સ તફાવતનો માપ કરી શકીએ નહી. એક ફરસખ સાધારણ રીતે આપણા અંગ્રેજી ૧) લીગ યાને ૩) મૈલ જેટલો છે. પણ અહીંના લોકો હમેશાં એ માપથી ગણતા નથી. એક ઠેકાણે આપણે આસરે ૩ મૈલનાં તફાવત માટે એક ફરસખ એવા શબ્દો સાંભળીએ તો બીજી જગ્યાએ રાહ ખરાબ હોય ત્યાં એક યા દોઢ યા બે મૈલનો તફાવત પણ એક ફરસખ ગણાય. મતલબ કે રસ્તાની મુશ્કેલીનાં પ્રમાણમાં ફરસખ નાનો મોટો ગણાય. કોઇ તફાવત એક કલાકમાં તમો કાપો તેવો કાંઇક આસાન હોય તો તે એક ફરસખનો યાને સાધારણ રીતે ત્રણ મૈલનો ગણાય. પણ બીજો તફાવત ફક્ત ૧) મૈલનો હોય પણ મુશ્કેલીને સબબે તે કાપતાં પણ એક કલાક થાય તો તે પણ એક ફરસખનો તફાવત ગણાય. આ હકીકત જાણતાં આપણી અવાં અહ્દીસુર નીઆએશની કાંઇક હકીકત યાદ આવી અને તે બરાબર સમજ પડી. ત્યાં અહ્દીસુર નદી, જેને કોઇ હાલની ઓક્સસ (Oxus) ગણે છે, તેની શાખાઓ (અપધઝાર) માટે કહે છે કે, તેની લંબાઇ પસાર કરવા માટે એક તેજ ઘોડેસવારને (હુવસ્પાઇ અરેસ્નાઇ) સવારી માટે ચાળીસ દહાડા (ચથ્વરેસતેમ અયરે બરનામ) લાગે, ત્યારે આ શરત પ્રમાણે તફાવત એક ઘોડેસવાર કેટલો વખત લેતો તે ઉપરથી મપાતો. કોઇ માર્ગ ઘણો લાંબો પણ સરળ હોય તો તેને પસાર કરતાં ઘોડેસવારને ૪૦) દિવસ લાગે. બીજો માર્ગ ટુંકો પણ ખરાબ રસ્તાની મુશ્કેલીનો હોય તો તેથી તેને પણ પસાર કરતાં ૪૦) દિવસ લાગે. ત્યારે જોકે બન્ને માર્ગોનાં તફાવત વચ્ચે ફેર હોય તોપણ તે એક સરખા લંબાઇના ગણાય.

અમોએ શીવન તા૦ ૨૪ મી નવેમ્બરે સવારે ૮—૨૫ ને અમલે તખ્તે જમશીદ અને ત્યાંથી શીરાઝ જવા માટે છોડયું. માર્ગમાં "લાસ-ખુર" એટલે "લાશને ખાનારાં" એ નામનાં જે મોટાં ગીધ પક્ષીઓ જોયાં, તે જોતાં કાંઇક ખ્યાલ આવ્યો અને સમજ પડી કે જ્યારે એક વખત ઇરાનમાં હાલની માફક હજારથી ગણત્રી થાય તેમ નહી પણ લખોથી ગણાય તેમ આપણી જરથોશ્તી વસ્તી હશે ત્યારે આવા મોટાં પક્ષીઓથી લાશના માંસ હારનું કામ સવળ થતું હશે.

આજના માર્ગમાં ઉપર જણાવેલા બેહરામગોરના સાત શીકારી મથકોમાંના બીજા એક મથકની જગ્યા અમોને દુરથી દેખાડવામાં આવી.

આસરે નવ વાગાથી માર્ગના ડાબા હાથ ઉપર એક પાહાડની લાંબી હાર પસાર કરવા માંડી. તેની બાજુનાં ખડકનાં પડો (strata) એવાં તો સરખાં હારબંધ દીસતાં કે હાલમાં કોઇ ચિત્રો યા નક્શો માટે કોઇ લાયક જગ્યા પુછે તો તુરત આ જગ્યા દેખાડયે. હવે ઘણા સુંદર માર્ગમાંથી અમો પસાર થતાં અને જાણે આપણાં કોઇ વહાલાંઓને લાબે વખતે ગોદમાં લેવા જવાની ઉલટમાં

આપણું હૈડું હરખાય, તેમ મારૂં હૈડું હરખાયું હતું, કે હવે ઇરાનનાં મર્વ દસ્તનાં જગમશહુર મેદાન તરફ હું આવી પહોંચ્યો છું. આ મર્વ દસ્તનું મેદાન કોઇ આગલી જાતી નજરેનજરની પિછાણથી નહી તો વાંચણથી મેળવેલી કાંઇ પિછાણથી વહાલાં એશી સમાન લાગતું અને સુંદર સહવારની સુંદર લેહેરી અને સુંદર ગરદેશ સાથે જીવ જાણે દેલના ધબકારા સાથ આગમજથી ખુશ ખુશ થતો કે જે વખત જાય છે તેમાં તખ્તે જમશેદને વડાલ સાથે ગોદમાં લઇશ. એવા હરખાતાં અને જાણે ખુશીથી ધબકારા મારતાં દેલ સાથે આસરે ૧૦-૪૦ ને અમલે અમો પારસીપોલીસ યા તખ્તે જમશીદ આગળ આવી પહોંચ્યાં.

મર્વ દસ્તનું નામીચું મેદાન.

પાર્સીપોલીસ યા તખ્તે જમશેદનું નામીચુ ખંડીએર મર્વ દસ્તનાં વીશાળ મેદાનમાં આવ્યું છે. અમારો ભોમ્યો આ નામ "મર્દ દસ્ત" તરીકે બોલ્યો અને એ નામનો અર્થ તેણે "(બાહાદુર) મર્દોનાં જંગનું મેદાન" એમ કર્યો. મેદાનો તો ઘણાં જોયાં છે, પણ આના જેવું કુશાદે મોટું મેદાન કેઠે જોયલું યાદ આવતું નથી. આ નામચીન મેહલને લાયકનું આ સુંદર મોટું મેદાન હતું અને જાણે આ સુંદર મોટાં મેદાનને લાયકનો આ મેહેલ હતો. "મેહેલ હતો" તેને બદલે "મેહેલ છે," એમ જો કહીએ તો તેમ પણ જરા ચાલી શકે, સબબ કે જોકે આ તેનું ભાગી પડેલું ખંડીએર છે, જોકે તે રૂપીઆનું અધાં આના સમાન પણ બાકી રહેલું ખંડીએર નથી, તોપણ તે તેની ભાગીતુટી હાલતમાં બુલંદ મેહેલનો અને તેની મોટાઇનો ખ્યાલ આપે છે. તખ્તે જમશેદના મેહેલની પછવાડેનો પાહાડ, જે હાલ "કુહે રેહમત" ને નામે ઓળખાય છે, તેની તળેટીએ આ મેદાનોનું મેદાન બંધાય છે.

શીરાઝ, તા૦ ૨૫ મી નવેમ્બર ૧૯૧૫.

તખ્તે જમશીદ.

યઝદથી શીરાઝ જતાં માર્ગમાં બે ઠેકાણે બે રાતો પસાર કરી તા૦ ૨૪ મીએ સવારે ૧૦-૩૦ ને અમલે તખ્તે જમશેદ પહોંચી અમોએ અહીંનાં જગપ્રસીદ્ધ ખંડીએર ઉપર આસરે ત્રણ ચાર કલાક પસાર કર્યા. આ મેહેલ "કુહે રેહમત"ના નામથી જણાયલા પહાડની કહણે આવેલો છે. પહાડની કહણના નીચલા ભાગની કેટલીક જગ્યાને પલેટફોર્મ તરીકે બનાવી ત ઉપર આ મેહેલ બાંધેલો છે. આ પલેટફોર્મ કેઠે મર્વદસ્તના મેદાનથી ૪૦ થી ૫૦ ફીટ ઉંચો છે. તે ઉપર ચઢવાની બેવડી સુંદર સેહડીઓ (પીસ) શરૂઆતમાંજ દમામદાર દીસે છે. પલેટફોર્મ ઉપર આવતાં એક બુલંદ દેખાવનો દરવાજો જાણે મેહેલની બુલંદીનું બેઆનું આપે છે. ઘણાક દેખાવો યા ઘણાંક મકાનો માટે એમ કહીએ છિએ કે તેઓનું વર્ણન તેઓ માટે કાંઇપણ પુરતો ખ્યાલ આપી શકે નહી માટે તેઓને જોવાં જોઇએ. તેવાં મકાનોમાંનું આ એક ગંજાવર ખંડીએર છે. એના વર્ણનમાં શું બોલવું અને શું નહી તે જાણે ગુંચવણમાં નાંખે છે. પલેટફોર્મ ઉપર જવા બાદ તેના મેહેલોની સીડી ઉપરના બેવડી હારના તરેહવાર સીંગારના નક્શો જોતાં વિચાર આવે છે કે આ ખંડીએરોના સંબંધમાં ખોદકામ કરી તપાસનાર વિદ્વાનો (archæologists)એ જે કર્યું છે અને જે કરવાનું છે તેનાં કરતાં તેના સીંગારની બાબતમાં હુનરના ઉસતાદો (artists)એ જાણે હજુર વધારે કરવાનું છે.

આલબર્ક અને પાલમાઇરા, જે માટે હું બગદાદ તરફનાં મારાં પત્રોમાં બોલ્યો છું અને જે હું ઇરાનમાં બીજે માર્ગે દાખલ થવાને સબબે જોઇ શક્યો હતો નહી, ત્યાંના નામીચાં ખંડીએરો આ પારસીપોલીસના મેહેલના ખંડીએરોનાં ડીઝાઇન જેવાં બંધાયલાં જણાય છે. ત્યારે દીસે છે કે આ પારસીપોલીસના મેહેલોની રચનાએ જેમ પૂર્વમાં આપણાં હીંદુસ્તાનમાં પાટલીપુત્રના હીંદી મેહેલ ઉપર અસર કીધી હતી, તેમ પશ્ચિમનાં સીરીઆ તરફના મેહેલો ઉપર પણ અસર કરી હતી.

આ મેહેલવાળા પાદશાહો.

આ મેહેલવાળાં મકાનો એકજ વખતે એકજ હાથે બંધાયાં હતાં નહી, પણ પેહેલે દારાયસ, પછી તેના બેટા ઝર્કસીસ અને તેની પછી તેના વંશના ત્રીજા આર્ટા-ઝર્કસીસ (Artaxerxes Ochus), એઓએ બાંધ્યાં હતાં. જેમ હાલમાં કોઇ નામીચો આર્કીટેક્ટ એક સુંદર જગ્યાએ મકાન બાંધતાં પાછળનો વિચાર કરે કે પછવાડેથી ત્યાં નવાં મકાનો બાંધવાનો વિચાર થાય તો તે માટે સગવડ મળે તેમ બાંધવું. તેજ પ્રમાણે કાંઇ બનેલું આપણે આ પલેટફોર્મ ઉપર જોઇએ છિએ. આ મકાનની સુંદરતા અને મોટાઇનું વર્ણન આજથી (નજદીક ૨૦૦૦) વર્ષપર થઇ ગએલા યુનાની લખનારાઓએ દાખલા તરીકે દારાયસે સેક્યુલસે, કર્યું છે. તેપરથી દીસે છે કે ઘણા પુરાણા વખતથી આ મેહેલોનું કામ બાહારના મુલકોનું પણ ધ્યાન ખેંચતું. દાયાદોરસ આ મેહેલો માટે નીચે પ્રમાણે બોલે છે: "તે વખતે પારસીપોલીસ ખોર્શેદની રોશની ભોગવતા કોઇપણ શેહેર કરતાં (એટલે દુનીઆના કોઇપણ શેહેર કરતાં) વધુ તવંગર હતું......પાદશાહનો મેહેલ દુનીઆના કોઇપણ મેહેલ કરતાં વધારે મોટો અને વધારે મશહુર હતો......પારસીપોલીસ દુનીઆના કોઇપણ શેહેર કરતાં વધારે સુંદર અને વધારે આબાદ શેહેર હતું" (હું આ ઉતારાઓ એના ફ્રેંચ તરજુમાને આધારે આપું છું. (Histoire Universelle de Diodore de Sicile, par M. L. Abbé Terrasson Tome 5 બુક ૧૭ બાબ ૧૬). દાયાદોરસ આ મેહેલવાળાં શેહેરની અને ખુદ મેહેલની સીકંદરને હાથની લુટનું જે વર્ણન આપે છે તે કાંઇક ચીડ઼ી ઉપજાવનારૂં છે અને આપણ પારસીઓને આપણા પોતાનાં પુસ્તકો ઉપરાંત ખુદ યુનાનીઓના એક પુસ્તકને આધારે દેખાડે છે કે સીકંદરને આપણા ઇરાની વડવાઓએ આપણાં પેહેલવી પુસ્તકોમાં લઅનતીભર્યો (ગઝસ્તે) કહયો છે તે કેટલું વાજબી છે. દાયાદોરસ કહે છે કે એક વેશીઆ સમાનની પોતાની એક માનીતી સ્ત્રી (courtisane) નામે થેઇસ (Thaïs)ની ઉશ્કેરણીથી સીકંદરે ઇરાનનાં આ નામીચાંમાં નામીચાં મકાન (La plus fameux edifice de la Perse) ને બાળી નાંખ્યો. એ યુનાની લખનાર કહે છે કે સઘળાંઓએ શરાબની ઝુમમાં પોતાનાં માથાં ગુમાવ્યાં હતાં. સીકંદરે પોતે આ નાશનું કામ શરૂ કર્યું. તે ખાણાની ટેબલ ઉપરથી ઉઠયો અને સર્વની—ખાણાની મેજ ઉપર બેઠેલા સર્વ મરદે અને સ્ત્રીઓની—પોતે આગેવાની લીધી. સર્વએ બળતી મસાલો હાથમાં લીધી અને માંહોમાંહે એકમેકને કહ્યું કે ચાલો આપણે આપણી ફતેહની યાદમાં "બેકસ (Bacchus) દેવતાને ભોગ (libation) અર્પણ કરીએ". કેટલીક સ્ત્રીઓ ગાયણ ગાવા લાગી અને સીકંદર પેલી વેશીઆ સમાન ગણાતી સ્ત્રી થેઇસની સાથે મુરલી અને વાંસલી (Fifres et flutes) વગાડતો મેહેલ ભણી ગયો. પેહેલે સીકંદરે, પછી પેલી સ્ત્રી થેઇસે અને પછી એક પછી બધા-ઓએ પોતાના હાથમાંની મસાલોથી અહીંતહીં આગ લગાડવા માંડી અને થોડા વખતમાં આખો મેહેલ સળગી ઉઠયો. દાયાદોરસ એક હલકા પેશાની

સ્ત્રી (Une femme de la plus vile profession) ની ઉશ્કેરણીથી કરવામાં આવેલા આ સુંદર ઘરાની મેહેલના નાશના બનાવને એક મોટો બનાવ (Un événement remarquable) ગણે છે. (બુક ૧૭ બાબ ૧૭).

એ પાદશાહોના મેહેલો.

આ પ્લેટફોર્મ ઉપર હખામીનીઅન પાદશાહોના નીચે પ્રમાણેનાં મકાનોના ખંડીએરો આપણે જોઇએ છિએ:

૧. શાહ દારાયસનાં મકાનો.

(ક) ઉતરથી દક્ષિણ જતાં એક દરવાજો (Gate). એ મોટે ભાગે ખરાબ થયો છે.

(ખ) આ દરવાજેથી દાખલ થવા બાદ એક ચોક. પછી દારાયસનો દીવાનેખાસ, જેમાં દસ દસની દસ હારમાં ૧૦૦ સ્તંભો છે. આ આએવાન ૨૨૫) ફીટ લાંબો પહોળો મપાયો છે. આપણાં દેશમાં મદ્રાસ ઇલાકામાં મદુરા, તાનજોર વીગેરેનાં પુરાણાં હીંદી મકાનો જોતાં, અને સ્પેનમાં પણ, મેં આગલાં એક પત્રમાં જણાવવા પ્રમાણે, આરબોનો દોર અને દમામ ધરાવેલાં એક શહેરમાં મને પારસીપોલીસ તરફના "ચેહલ સતુન" અને આ "સદ સતુન" વાળાં મકાનોની યાદ આવી હતી.

(ગ) ત્યારપછી આ મકાનનો એક પોરટીકો જેવો દરવાજો. તે માહે દાખલ થઇ એક પુષ્ઠા જેવો ભાગ. પછી શાહ દારાયસનો મેહેલ. આ મેહેલની પશ્ચિમ બાજુની સરીલ ઉપરથી સામે અને જમણી અને ડાબી યાને ઉતર અને દક્ષિણ મેદાનો મેદ્ય મર્વદસ્તના કુશાદે મેદાનને જોઇને અને પછવાડે દહેનપોસ્ત-વાળો અથવા કુહે રેહમત તરીકે જણાવેલો પહાડ જોઇને, મનમાં "આફ્રીન, આફ્રીન" બોલાય છે. અને જ્યાં તમો કદાચ એકાંતમાં એક અવાજ પણ નહીં સાંભળો એવાં ખંડીએર જુઓ છો, ત્યાં આસરે તેવીસસો, ચોવીસસો વર્ષ ઉપર શું પાદશાહી ધમાલ પ્રસાર પામી હશે,

તેનો વિચાર કરતાં આપણી "આફ્રીન" સાથે જાણે જમાનાના કાળચક્ર ઉપર "નફ્રીન" યા અફસોસના ઉદગારો નીકળે છે.

૨. શાહ ઝર્કસીસનાં બાંધકામો અને મકાનો.

(ક) મર્વદસ્તના મેદાન ઉપરથી આ મેહેલોવાળો પ્લેટફોર્મ ઉપર જવાની બેવડી સીડી. એ સીડીનાં સંબંધમાં કાંઇ લેખ નથી પણ તેપરથી ચઢવા બાદ આપણે પેહલા ઝર્કસીસના મેહેલ ઉપર આવીએ છીએ, તેપરથી દીસે છે કે ઝર્કસીસે એ બાંધી હશે.

(ખ) તે ઉપરથી ચહડવા બાદ દરવાજો (Gate).

(ગ) શાહ ઝર્કસીસનો દીવાનેખાસ, જે હાલમાં ચેહલસતુન એટલે ચાળીસ સ્તંભોવાળું મકાન, એમ પણ ઓળખાય છે. સ્તંભો તો આગળ બોતેર હતા. પણ આ નામ અમલમાં વપરાવા મંડાયું હોય ત્યારે કેટલાક પડી જવા પછી ૪૦) સ્તંભો બાકી રહ્યા હોય, તે ઉપરથી એ નામ પડેલું દીસે છે.

પછી ઉપર જણાવેલા એના બાપ દારાયસના મેહેલવાળા ભાગમાં થઇ તે મેહેલની દક્ષિણે એક મેહેલ જે તેના બાપના મેહેલ કરતાં મોટો છે.

ઘ) એ મેહેલની પૂર્વ એક અલાહેદું સુંદ મકાન તે કોઇ પ્રકારનું એબાદતનું મકાન હોય એમ દીસે છે. એ માટે આપણે ચોક્સ કહી શકીએ નહીં કે, તે ઝર્કસીસે બાંધ્યું હતું. તે કદાચ દારાયસે પણ બાંધ્યું હોય. તેનો ઉતર તરફનો ભાગ જે દર્શણ સમાન દીસે છે તે ધ્યાનમાં લેતાં તે કદાચ દારાયસે પણ બાંધ્યું હોય. એ ઉપર કોઇ લેખ નથી. પોતાના સર્વ કામની કિર્તિ અહુરમજદને આપનારા પાદશાહો માટે એક એબાદત-ગાહ જોઇએ. પ્રો૦ જેક્સન એ મકાનને રહેવાનું મકાન (abode) ધારે છે અને તે વાલીવારેસ શાહજાદા (Crown-prince) માટે ધારે છે. પણ મારા વિચાર પ્રમાણે તે તેમ નથી, કે વર્ષપર

પ્રો૦ હેઅર્ફેલ્ડે આ તરફ એક આતશકદેહ ખોળી કાઢેલું મને લખી જણાવ્યું હતું. તેવણે જો આ મકાનને આતશકદેહ ગણ્યું હોય તો હું ધારૂં છું કે તે બરાબર છે.

આહીંના મેહેલોની રચના.

આ મેહેલોની રચના નીચે પ્રમાણે છે એક પહાડ (કુહે રેહમત યા કુહે શાહ), જે ઉત્તર દક્ષિણ લંબાયલો છે, તેની તલેટીએ એક મોટું ગંજાવર મેદાન, જેને મર્વદસ્ત કહે છે, તે પડ્યું છે. તે મેદાન કોઇપણ ઝાડો વગરનું કુદરતે આશરે પાંચ સાત મૈલના વીસ્તારનું છે. છેક સામે દુરથી કાંઇક જમણા હાથ તરફ નક્શે રૂસ્તમના પહાડોની હાર છે. આ કુહે રેહમતનો ઢળાવ જે મર્વદસ્તના મેદાનને આવી મળે છે, તેના નીચલા ભાગનો ઢળાવ કાપી કહાડી એક મોટો ગંજાવર પ્લેટફોર્મ બનાવ્યો છે, તે પ્લેટફોર્મની ત્રણ બાજુ—પશ્ચિમ ઉતર, દક્ષિણ—પત્થરના દેવાલ બાંધી લીધી છે. પત્થરો ગંજાવર મોટા છે અને ચુના વગર એકેક ઉપર બંધબેસ્તા મુક્યા છે અને લોખંડના પટા (clasps) થી જોડ્યા છે. પછવાડે પૂર્વે તો પહાડનો ઢળાવ છે. મર્વદસ્તનાં મેદાનમાંથી ઉપર ચડતાં કાંજે ડાબી અને જમણી બાજુએ મોટી પોહોળી આસરે ૧૦૦ સીડીઓ છે. હાલમાં તો મેદાનનો કોઇ ભાગ પુરાવાથી પ્લેટફોર્મની મેદાનથી ઉંચાઇ કાંઇક કમી જણાય. પણ એક પુરાણા આરબ લખનાર પ્રમાણે તેના વખતમાં તે પ્લેટફોર્મ ૭૦ ગજ ઉંચો હતો તેની ત્રણ બાજુની દીવાલ (plinth) નાં પથરો ૩ ગજ ઉંચા અને ચાર ગજ પોહોળા હતા ઉપર જવાની સીડી એવી સુંદર, પોહોળી, ટુંકાં પગથીઆંની છે કે પાંચ સાત ઘોડેસવારો ને ઉપર એક હારમાં આસાનીથી ચઢી શકે. તમો પ્લેટફોર્મ ઉપર આ સુંદર દમામદાર ધીમી ચઢાણની સીડી ઉપરથી ચડતા કે તમો સર્વે મેહેલો તમારા જમણા હાથ ઉપર જુઓ છો. તમો તે મેહેલો તરફ જવા કાંજે એક બુલંદ સુંદર નકશીદાર દરવાજા (પોર્ચ) માંથી પસાર થાઓ છો. એ દરવાજો છુટો બાગમાં દમામદાર દીસે છે. તેમાંથી તમો એક મોટા ચોકમાં દાખલ થાઓ છો કે જ્યાં પાદશાહ ઝર્કસીસનો મેહેલ છે. તે કાંઇ રહેવાનો મેહેલ નથી, પણ જાણે મોટું મુલાકાતનું દીવનખાનું (દીવાને ખાસ) છે. એ મેહલ પછી પાદશાહ દારાયસનો મેહલ છે. તે પછી એક હારમાં ઝર્કસીસના રહેવાનો મેહલ અને તેની પશ્ચિમે આર્ટા ઝર્કસીસનો રહેવાનો મેહલ છે, એમ જોતાં ઝર્કસીસના જાણે બે મેહલો છે, પણ ઉપર કહ્યું તેમ પેહેલો જાણે દીવાનખાનું છે અને બીજો રહેવાનો મેહલ છે, આર્ટા ઝર્કસીસનો મેહલ ફક્ત રહેવા માટે છે. આ મેહલોની હાર (પશ્ચિમથી પૂર્વ તરફ મોઢું કરી જોતાં દીસતી હાર)ની પછવાડે એકસો સ્તંભનું દીવાનખાનું છે. હું 'છે' એમ વર્તમાનકાળમાં બોલું છું, પણ આ સર્વ ભુતકાળનું સમજવું, જે છે તે ખંડીએરો છે. એ સર્વમાં જે દમામદાર ધ્યાન ખેંચે છે તે બાંધકામના હુનરમાં જણાયલા સ્તંભો (Persepolitan columns) છે, જેમાંના ઘણાં પડી ગયા છે. કોઇક ત્યાંજ પડેલા છે. કોઇક કોણ જાણે ક્યાં ભંજાઇને યા બીજી રીતે ઉંચકાઇ ગયા હશે. પણ જે સ્તંભો હાલ ઉભા છે તે આપણને પોતાના બુલંદ દમામથી અને સુંદર ખુબસુરતીથી અજાયબી સાથે હરખાવે છે. જ્યારે આ ખંડીએર એમ આપણને હેરત સાથે હરખાવે છે, ત્યારે અસલમાં મેહલ કેવો સુંદર લાગતો હશે. તમો હીંદુસ્તાનમાં ખંડીએરોનાં કે બચી રહેલા કોઇક મકાનોનાં સંબંધમાં તેઓની રચના યા તેઓના સ્તંભ યા તેઓના સીંગારના સંબંધમાં "પાર્સીપોલીટન" શબ્દ સાંભળો છો યા વાંચો છો, તેનો તમોને અહીં કાંઇક ખ્યાલ આવે છે.

આપણે આગલા કે હાલના કોઈક બીજા મેહલોના સંબંધમાં જે જોઈએ છીએ ને જાણીએ છીએ તેને યાદ કરતાં અહીંની રચના, જોકે પુરતી દમામદાર, તોપણ જુદા પ્રકારની છે. તમો હાલમાં એવા મેહેલોવાળા પ્લેટફોર્મ ઉપર ચઢો તો ચઢીને પ્લેટફોર્મ ઉપર જતાંજ સામે મેહલો જુઓ છો. પણ અહીં તેમ નથી. પ્લેટફોર્મની સીડી ઉપર દાખલ થવા પછી જમણા હાથ ઉપર મેહલોની હાર છે અને તે હાર પણ તમારી સામે અને સામેના મેહલની ડાબી યા જમણી બાજુએ બીજા મેહલો જુઓ તેમ નથી પણ એકમેકની પછવાડે દીસે છે. પણ જો તમો પ્લેટફોર્મ ઉપર જઈને ઝર્કસીસનાં પોર્ચમાં દાખલ થવા વગર મર્વ દસ્તનાં મેદાન તરફની પ્લાટફોર્મની કોરેકોર દાખલ થાઓ અને પહાડ તરફ અને પુર્વ તરફ મોહ કરી એ મહેલની હાર જુઓ તો તમો તે હાર બરાબર સનમુખ અને સામે, જમણી ડાબી બાજુએ, ઢંકાતી જુઓ છો. વળી હાલમાં જેમ આપણે પોર્ચમાંથી દાખલ થઈ જોઈએ છીએ તેમ તો દીકરા ઝર્કસીસનો મહલ પેહેલે અને પછી બાપ દારાયસનો મેહલ પછવાડે, એમ લાગે છે. પણ મેં ઉપર કહ્યું છે તેમ, જો તમો મર્વદસ્તનાં મેદાન તરફના પ્લેટફાર્મની કોર ઉપર ઉભા રહી જુઓ તો તમોને સઘળું હાલની નજરે બરાબર અને નીયમીત દેખાય છે, કે પેહેલે બાપ દારાયસનો મેહલ છે. પછી દીકરા ઝર્કસીસે પોતાના બાપના મેહલની જમણી બાજુએ (મહેલ ઉપર ઉભા રહી મેદાન તરફ જોતાં જમણી બાજુએ) પોતાનો દીવાનેખાસ અને ડાબી બાજુએ પોતાનો રહેવાનો મેહલ બાંધ્યો છે. દીકરાનું રહેવાનું મકાન બાપના મકાન કરતાં મોટું છે. આર્ટાઝર્કસીસે થોડાક ભાગ પોતે ઝર્કસીસનાં રહેવાનાં મેહેલની [illegible] છે.

અહીં આપણે દારાયસ અને ઝર્કસીસ અને આર્ટાઝર્કસીસનાં મહેલો એમ છુટું બોલીએ છીએ. પણ તેનું સમજવું એમ નહીં, કે આગલો મેહલ તજીને તેઓએ નવા સંપૂર્ણ મેહલો બનાવ્યા. પણ એમ સમજવું કે તેઓએ પોતાના વડીલનાં મકાનમાં નવા વધારા કીધા. એટલે સામટી રીતે આ સર્વ મકાનો એક પાદશાહી મહેલ ગણાય.

ત્યારે મને એવું દીસે છે કે આ પ્લેટફોર્મ ઉપર જવાની બુલંદ દમામદાર સીડી બાપ દારાયસે નહીં, પણ પાછળથી દીકરા ઝર્કસીસે બાંધી હોય, અને તેમ બાંધીને તેણે હરેકના મેદાનમાંથી ઉપર જવાનો માર્ગ બનાવ્યો હોય; અને તે માર્ગે ઉપર જવા બાદ મેહલો તરફ જવા કાજે શીંગાર કાજે દમામદાર દરવાજો (Porch) બાંધ્યો હોય. દારાયસે પોતે તો પોતાના વખતમાં આ પ્લેટફોર્મ ઉપર જવાનો માર્ગ પછવાડેથી એકજ બાજુએથી રાખ્યો હોય. આપણે કોઈ હીલ સ્ટેશનો ઉપર કેઈ બંગલાની રચના જોઈએ છીએ, તેવું અહીં દીસે છે કે તે બંગલાનો મુખડો યા દરવાજો સામે નહીં પણ બાજુએથી કાઢ્યો હોય કે જે સામેના પહાડોનો યા ખીણનો સુંદર દેખાવ સીલસીલાબંધ દેખાય. વળી એવું દીસે છે કે દારાયસે આ મેહલનું મકાન પેહેલે કાંઈ થોડા વખતના આવ-જાવ માટે રાખ્યું હોય, લાંબા વસવાટ માટે નહીં. તેના વસવાટ અજે તેનાં બીજાં શોહેરો તરફના મેહલો હતા. પણ તેના દીકરા ઝર્કસીસે અહીં જોકે જાયુકનો નહીં તોપણ બાપ કરતાં વધુ વસવાટ કરવા ધારી બાપ કરતાં મોટાં મકાનો બાંધ્યાં હોય. દારાયસે પોતાના સરખામણી-માં નાના મકાન માટે બાજુએથી રસ્તો રાખ્યો હોય. તે આ ઉપરના દીસે છે કે તે તરફ આપણે એક નાનો "પોર્ચ" જોઈએ છીએ. પ્રો૦ જેક્સને પોતાનાં પુસ્તકમાં જે પ્લાન આપ્યો છે તે જોતાં મારું [illegible] અને [illegible] વાંચનારને [illegible]

અલ્બીંનો દઝે નપેશ્ત અને તેનું પુસ્તકખાનું.

આ જ બ જાણવા પ્રમાણે દાયાહોરસ ૨૦૦૦ વર્ષપર આ મેહલોના એક ભાગ માટે સીટેદલ (Citadel) "કીલ્લા" તરીકે બોલે છે. તે આપણને આપણા પહેલવી પુસ્તકોના "દઝે નપેશ્ત" એટલે "લખાણોના પુસ્તકો (નપીશ્ત)નો કીલ્લો (દઝ)", એવાં નામની યાદ આપે છે. એવું દીસે છે કે હાલમાં "કુહે રેહમત" અને આગલા વખતમાં "કુહે શાહ" એવે નામે જણાયલો પહાડ, જેની તળેટીઓ ખોદીને એક પ્લેટફોર્મ તરીકે બનાવેલા ભાગ ઉપર આ મેહલો બાંધ્યા છે, તેનો ભાગ "કુહે નપેશ્ત" એટલે "લખાણોના પુસ્તકોવાળો પહાડ" એમ જણાતો હતો અને તે પાછળથી આરબ લખનારાઓમાં પણ એમ જણાતો રહયો હતો. પાંચ સાત વર્ષપર હંગેરીના એક ચોપાનીઆમાં, હું ભુલતો નહી હોઉં તો ત્યાંની એશીઆટીક સોસાયટીના એક જર્નલમાં, એ પહાડ ક્યાં અને શું હતો, તે માટે કાંઇક જીજ્ઞાસા બતાવવામાં આવતાં મેં તે ચોપાનીઆંના બીજા અંકમાં એ બાબે કાંઇ ખુલાસો કર્યો હતો. હવે આ નપીશ્તના પહાડ ઉપર તે વખતે એક કીલ્લો (દઝ) હતો, જે પણ "દઝે નપીશ્ત" એમ જણાતો હતો. હું આગલા એકાદ પત્રમાં બોલી ગયો છું કે જેમ હાલમાં ગ્રેટબ્રીટનમાં બ્રીટીશ મ્યુઝીઅમનાં અને બોદલીઅન એવા બે મોટાં પુસ્તકખાના જણાયલાં છે, તેમ અસલ ઇરાની શાહનશાહતમાં બે પુસ્તકખાનાં જણાયલાં હતાં. તેમાંનું એક પુસ્તકખાનું આ પારસીપોલીસ યા તખ્તે જમશેદના મેહલોની પછાડીનો પાહાડ જે કુહે શાહ (એટલે પાદશાહનો પહાડ) તરીકે જણાયલો હતો તેની કહણે એક કિલ્લામાં હતું. હાલના પેરીસના એક વખતના પાદશાહી પુસ્તકખાના (Bibliotheque de Roi) માફકનું તે એક પાદશાહી પુસ્તકખાનું હતું. આ દઝે નપીશ્તનું કાંઇ ખંડીએર, પહાડની કહણે ખોદકામ કરી શોધી કહાડવાનું કામ કોણ જાણે કોણ માયેના પુત માટે સરજેલું હશે! દાયાહોરસ, જે પણ ઉપલા પહાડ માટે "પાદશાહી પહાડ" તરીકે બોલે છે, તે કહે છે કે એ પહાડ ઉપર ઇરાની પાદશાહોના ખજાનાના મથકો (treasuries) હતાં. તે ઉપરથી દીસે છે કે ઉપર કહેલું પાદશાહી પુસ્તકખાનું (royal archive) પાદશાહના તે ખજાના સાથે જોડાયલું હતું. જેમ ખજાનાને મજબુત કીલેબંધી વીગેરેથી બચાવવામાં આવે તેમ નાદેર પુસ્તકોની નાદેર નકલોને ત્યાં ખજાના સમાન બચાવી રાખવામાં આવતી. એ વિચારને આ બાબતથી ટેકો મળે છે, કે ઇરાનનું બીજું પાદશાહી પુસ્તકખાનું "ગંજે શપીગાન" એટલે "શપીગાનનો ખજાનો" એવે નામથી જણાયલું હતું અને તે એક આતશબહેરામના ખજાના (ગંજ) સાથે જોડાયલું હતું.

એક આતશકદેહ.

મેં ઉપર કહ્યું છે કે આ મહેલોના સંબંધમાં એક મકાન એક એબાદતગાહ હોય. હવે માસુદી નામનો આરબ તવારીખનવેશ, જે ઇ. સ. ની નવમી સદીની છેવટે થઇ ગયો છે, અને જે ઇ. સ. ૯૧૨–૯૧૩ માં હીંદુસ્તાનમાં મુલતાન તરફ આવ્યો હતો અને પાછળથી સીલોન સુધી ગયો હતો, તે પણ પોતાના તવારીખના પુસ્તકમાં જ્યાં આતશ કદેહો (બેયુતઅલ નીરાન) માટે બોલે છે ત્યાં (બાબ ૬૮ માં) આ તરફના એક આતશ કદેહ માટે બોલે છે. તે આ આતશકદેહ બેહમનની બેટી હોમાએ સ્થાપેલું જણાવે છે. આ બેહમન જેને પુર્વે ગ્રીકના લખનારાઓ "દરાઝ દસ્ત" એટલે "લાંબા હાથવાલો" કહે છે. તે યુનાનીઓનો આર્ટાઝર્કસીસ છે, જેને ક્લાસીકલ લખનારાઓ પણ લાંબા હાથવાળો (Longimanus) કહે છે, કહે છે કે તે, મોટી સત્તા (દસ્ત) ધરાવનાર હોવાથી તે લાંબા હાથનો ક

વાતો હતો. તે ઉપરથી ક્લાસીકલ લખનારાઓ અને પાછલા બીજા મુસલમાન લખનારાઓ અને તેમાં ફીરદોસી પણ, આ દરેક લાંબે હાથ બોલે લખે છે તેના લાંબા હાથ હતા એમ સમજ્યા છે. એવું દીસે છે કે રાણી હોમાયે પોતાના બાપ આર્ટાઝર્કસીસના વખતમાંજ આ આતશકદેહ બાંધ્યું હોય.

માસુદી પોતે તે જોયલું જણાવે છે અને તેને એક અજબ બુલંદ દેખાવનું મકાન જણાવે છે. તેના વખતમાં અને ત્યાર પછી એ મકાન "મસ્જીદે સુલેમાન" તરીકે જણાવા લાગ્યું છે. સોલોમન, જેને કેટલાકો જમશેદ સાથે જોડે છે તેની આ તરેહની દંત કથાઓમાં એક માસુદી આ જણાવે છે, કે તે દર સવારે સીરીઆમાં આવેલાં બાલબેકના મેહેલ માં ખાણું ખાતો અને સાંજે આ મકાન માં ખાણું લેતો. માર્ગમાં અર્ધે રસ્તે તે તાડમોર યાને પાલમાઇરામાં આરામ લેતો. અત્રેના પાર્સીપોલીસના મેહેલના બાંધકામના રંગો અને બાલબેકના રંગો અને પાલમાઇરાના મેહેલના રંગો વચ્ચેના કાંઇક મળતાપણાના ખ્યાલનો અંશ આપણે આ દંતકથામાં જોઇએ છીએ.

આ પાર્સીપોલીસવાળા ફારસના મુલકના એક બીજા આતશકદેહ માટે બોલતાં માસુદી બાલક કાઇસ્ટને મળવા ગયલા પેલા ત્રણ માજીઓ, જેઓને માટે હું મારાં આગલા પત્રોમાં અનેકવાર બોલ્યો છું, તેઓની ખ્રીસ્તીઓએ આપેલી હકીકત માટે જે કહે છે તે ધ્યાન પોંહોંચાડવા જોગ છે. તે કહે છે કે અહીંના રાજા કુરેશ (કુરશ અલ મલેક) તેઓને પોતા તરફનાં કાસેદો તરીકે મોકલ્યા હતા અને તેઓ માટે ખ્રીસ્તીઓએ આપેલી હકીકત સહરાગત થી ભરપુર છે (Barbier de Meynard. વાં. ૪ પાનું ૭૯).

શીરાઝ, તા૦ ૨૫ મી નવેમ્બર ૧૯૨૫

તખ્તે જમશેદ, દારાયસના મેહેલના સીકંદરના હાથે નાશ, તેનાં લેખો વીગેરે.

દારાયસના કોઇ નક્ષ બાબે હીરોડોટસ.	દારાયસે એક નક્ષ કોતરાવેલા તે બાબે હીરોડોટસ

ઇસારો કરી જાય છે, કે તેણે ઘોડા સાથે એક નક્ષ કોતરાવ્યો હતો. હીરોડોટસ લખે છે : "His power was fully established on all sides. Having then first of all made a stone statue, he had it erected, and a figure was upon it representing a man on a horseback, and he had engraved on it the following inscription; 'Darius, son of Hystaspes, by the sagacity of his horse (here mentioning the name) and by the address of Œbares his groom, obtained the Empire of the Persians." (Bk. III. 88.) હીરોડોટસે વર્ણવેલો આ નક્ષ ચોકસ થઇ શક્યો નથી. દારાયસ અને તેની સાથવાળાઓએ જ્યારે ઠગાઇથી રાજ્ય હાથ કરી બેઠેલા ઠગારા સમેંડીસને મારી નાખ્યો ત્યારે માંહોમાંહે ઠરાવ કર્યો હતો કે તેઓના ઘોડાઓમાંથી જેઓનો ઘોડો બીજે દીવસે સહવારનાં પોહોરમાં પેહેલા ખંખારે તે ધણી ઇરાનની ગાદી ઉપર આવે. દારાયસના ઘોડાવાળાની કોઇક યુક્તીથી તેનો ઘોડો પેહેલે ખંખાર્યો અને તેથી તે ગાદી ઉપર આવ્યા. આ વાર્તાનો નક્ષ આપણે અહીં કે કે ચોકસ કરી શકતા નથી.

દારાયસ અને ડેનીએલ. ઈરાનીઓ અને મીડ લોકોના નહી ફેરવાય એવા કાયદાઓ.

આપણી અંગ્રેજી કહેવત સમાન વાક્યોમાં એક આ છે:

Irrevocable like the laws of the Medes and the Persians. એટલે "મીડ અને ઈરાનીઓના કાયદાઓ માફક નહી ફેરવી શકાય એવો નીયમ", આ નીયમનું મુળ આ મેહેલની શરૂઆત કરનાર પાદશાહ દારાયસથી ગણાય છે. કદાચ આ મેહેલમાંથી એવા કેટલાક ઈરાની કાયદાઓ બહાર પડયા હશે. આપણા હખામીનીઅન પાદશાહોમાં દારાયસ ધર્મ અને રાજ્ય પ્રકરણમાં ઘણાં ઉદાર હાથનો સહનશીલતાવાળો (tolerant) પાદશાહ ગણાયો છે. એ વંશના પાદશાહો પોતાના જીતેલા મુલકની પ્રજાઓને છુટે હાથે સ્વરાજ (self-government) આપતા હતા અને ધર્મનું છુટાપણું આપતા હતા. એમ દારાયસે યાહુદીઓને ઘણું છુટાપણું આપ્યું હતું.

બાઇબલ પ્રમાણે શાહ દારાયશ સાથે આ યાહુદીઓનો પેગમ્બર ડેનીઅલ પણ સંબંધમાં આવ્યો હતો. દારાયસે નવા મુલકો જીતી તે ઉપર ૧૨૦) પાદશાહી ખાનદાનના સરદારોને હકુમત કરવા નેમ્યા. એ ત્રણ ઉપર ત્રણને પ્રેસીડન્ટ નેમ્યા હતા. એ ત્રણ પ્રેસીડન્ટોમાં ડેનીએલ (Daniel) એક હતો. વળી દારાયસે તેને એ ત્રણમાં વડો કર્યો હતો અને આખાં રાજ્યમાં વડો કરવાનું ધાર્યું હતું (The King thought to set him over the whole realm. ડેનીએલ બા. ૬ ક. ૩). બીજા દરબારીઓને એ પસંદ આવ્યું નહીં, ત્યારે તેઓએ ડેનીઅલ સામે કોઇ યુક્તી રચવા ઠેરવ્યું, તેઓ સર્વએ સંપ કરી પાદશાહ આગળ જઇ અરજ કીધી કે પાદશાહે એક મજબુત કાયદો બહાર પાડવો, કે દેશમાં કોઇએ પણ કોઇ દેવતા ઈસ્વી યા કોઈ પણ માણસ પાસે કાંઇ પણ ખાહેશ યા મોરાદની માગણી કરવી નહીં, સીવાય કે તું પાદશાહ પાસે. જેઓ આ કાયદાનો અનાદર કરે તેને સીંહના મથકે (den of lions) માં નાંખવા. એવું ફરમાન નહીં ફરે તેવી રીતે ઈરાની અને મીડોના કાયદા (The Laws of the Medes and Persians) પ્રમાણે બહાર પાડવા તેઓએ પાદશાહને કહ્યું.

ડેનીઅલને આ ફર્માનની ખબર પડતાં તે પોતાને ઘરે ગયો અને ઘરની બારી ઉઘાડી જેરૂસલેમ તરફ ફરી હરરોજ ત્રણ વખત પોતાનાં ખુદાને યાદ કરવા લાગ્યો. પેલા તેની સામે એકસંપ થએલા પુરૂષો એ તેમ જાણતાં પાદશાહ આગળ ફર્યાદ કીધી, કે ડેનીઅલ બીજા પાસે દાદ માંગે છે. પાદશાહ ડેનીઅલને ચાહતો હતો તે આ જાણી દલગીર થયો કે મારીથી એ કાયદો તો બંધાયો છે ત્યારે ડેનીઅલને કેમ તેની સજામાંથી છુટો કરવો. તેણે ડેનીઅલને કાયદા મુજબ સીંહોના મથકમાં નાંખ્યો અને કહ્યું કે "જે ખુદાની તું રાત દહાડો બંદગી કરે છે, તે તુંને છોડવશે." પાદશાહે ડેનીઅલને ખાતર પોતે તે રાત ઉપવાસમાં અને દલગીરીમાં ગાયણની મોજ બોગવ્યા વગર ગુજારી, અને તેને ઉંઘ આવી નહીં. સહવારના પોહોરમાં પાદશાહ પેલા સીંહને મથકે ગયો, અને ડેનીઅલને સાદ માર્યો. ડેનીઅલે જવાબ આપ્યો અને કહ્યું કે તેના ખુદાએ સીંહોનું મોહ બંધ કરી નાંખ્યું હતું. અને તેથી તે સલામત રહ્યો હતો. પાદશાહ દારાયસ તેથી ખુશી થયો. બાઇબલની આ વાર્તા છે. એ બાબે ચોક્કસ કંઇ આપણે કાંઇ ચોક્કસ જાણતા નથી. પણ દારાયસના આ મહેલમાંથી દારાયસના એવાં કોઇ ફર્માનો બહાર પડયાં હોય અને તે ઉપરથી ઈરાનીઓના નામ સાથે જોડાયલી ઉપલી [illegible] હોય

આ મહેલનો નાશ સીકંદરના હાથે.

એક યા વધુ યુનાની લખનારાઓ લખી ગયા છે કે સીકંદરે હખામીનીઅન વંશના છેલ્લા પાદશાહ દારાને હરાવી, આ મેહેલમાં, એક રાત્રે જીઆફત કરતાં, જીઆફતના શરાબની ઝુમમાં, પોતાની એક માનીતી દરબારી બાનુની કાંઇક શીખવણીથી, આ સુંદર મહેલને આગ લગાડવાનો હોકમ આપ્યો હતો. કહે છે કે સીકંદરે ઇરાન ઉપર હુમલો કર્યો હતો, તેમાં આજુબાજુની દુન્યા જીતવાના તેના ખ્યાલ સાથે ઇરાને અવારનવાર યુનાન ઉપર હુમલા કર્યા હતા, તેનો કીનો લેવાનો પણ કાંઇક ખ્યાલ હતો. એશીયા માઇનરમાંનાં ઘણાંક યુનાની શહેરો આ વખતે યુનાન અને ઇરાન વચ્ચેના કોલકરાર પ્રમાણે ઇરાનના અમલ તળે હતાં. તે શહેરોએ જ્યારે સીકંદર જેવા ઉભરતા નવજવાન મેસીડોનીઅનની બહાદુરીની કિર્તિ સાંભળી ત્યારે પોતાની તરફથી એક ખાસ એલચી મોકલી સીકંદરને ઉશ્કેર્યો કે તે ઇરાન ઉપર હુમલો કરીને તે શહેરોને ઇરાનની સત્તા હેઠળથી છુટાં કરે. વળી કહે છે કે એથન્સની મુલાકાત લેતાં, ત્યાં તેણે ઇરાનીઓને હાથે એથન્સને ખમવી પડેલા નુકશાનીની નીશાનીઓ જોઇ, ત્યારે તેથી પણ તેનું મન ઇરાન જીતવા અને અને તેને સજા કરવા તરફ ઢળ્યું, ત્યારે ફતેહની ઝુમમાં તે એકથી વધુ સબબે તે ઇરાનના નાક સમાન ગણાતા આ સુંદર મેહેલનો નાશ કરવા તરફ ખેંચાયો. તેની ફતેહોમાં તેની એક રાહરીતી આ હતી કે પોતાના નામ અને કામની દેહેશત આજુબાજુનાઓમાં બેસાડવી, કે તેઓ તેનાં જવા પછી તેની સામે માથું ઉંચકવાની હીંમત કરે નહી. આ ખ્યાલ ઉપરથી પણ તેણે આ સુંદર ઇરાની મેહેલનો નાશ કરવાનો વિચાર કર્યો હોય.

ઇરાનીઓ સામે મનમાં એવો કાંઇક ખાસ કીનો રાખવાનો એક દાખલો આ છે. ઝર્કસીસ પાદશાહે યુનાન ઉપર હુમલો કરેલો ત્યારે તે તરફના એપોલોના મંદીરના સ્થાપક બ્રેંકોસના વંશવાળા જે બાનકીડી તાબફાવાળાઓ એશીયામાં બકધાનીસ્તાનવાળા મુલકમાં આવી રહેલા, તેઓને તેણે ખાસ તપાસ કરી શોધી કાઢી મારી નાંખ્યા, સબબ કે તેઓએ ઇરાનીઓને મદદ કીધી હતી. ત્યારે આવા ઘણાંક સબબોથી ખસુસ સીકંદરે આ સુંદર મેહેલનો નાશ કર્યો.

તખ્તે જમશેદ નામ શા સબબે? ખુનદહેશનો આધાર.

જોકે આ દારાયસ અને તેના બેટા અને તેના વંશવાળાઓના મેહેલોનું મથક છે, તોપણ તે તખ્તે જમશેદનાં નામથી જણાય છે, તેનો સબબ શું?

(ક) આ ખંડીઆરોવાળું શેહેર ઇસ્તખરને નામે જણાયલું હતું. યાકુત પ્રમાણે કોઇ આ ઇસ્તખર શેહેરને તેહમુરસના ઇસ્તખર નામના એક બેટાએ સ્થાપેલું ગણે છે. દંતકથા કહે છે કે રાજા સોલોમન થીબેરીઆડ (Thibariade) નામના સીરીઆનાં એક શેહેરથી એક દાહાડામાં ઉડી આવી આહીં રહેતો. સોલોમાનનાં નામ સાથે આ શેહેર દંતકથાથી જોડાવાનાં સબબે આ તરફ એક જગ્યા છે, જે હજુ પણ "સોલોમનની મસજીદ"ને નામે જાણીતી છે. હવે કેટલાકો સોલોમન અને જમશેદને એક ગણે છે, તે સબબે તેઓ આ મેહેલને પણ જમશેદનાં નામથી "તખ્તે જમશેદ" કરી ગણે છે.

(ખ) વળી યાકુતનાં પુસ્તકનો તરજુમો કરનાર (Barbier de Meynard) પ્રમાણે કોઇ આ ઇસ્તખર શેહેરની સ્થાપના શાહ જમશેદને લાગુ પાડે છે. એમ પહેલવહેલું ઇસ્તખર શેહેર જમશેદનાં નામ સાથ જોડાયલું હોવાથી ત્યાંના આ ખંડીઆરો પણ જમશેદનાં નામ સાથ જોડાયલાં દીસે છે.

(ગ) મારા વિચાર પ્રમાણે આપણી પેહેલવી બુનદેહેશ આ બાબત ઉપર કાંઇ ખાસ રોશની નાખે છે. તેમાં આપણે વાંચીએ છીએ કે:—

"વરે જમ કર્દ મીઆને પાર્સ પવન સરૂવા. અમીતુન ઇમલખુન્દ આઇગ વરે જમ કર્દ અઝીરે કુહે યમકાન" (જમકાન), (બાબ ૨૯ સેવટનો ફકરો.)

અર્થ—જમશેદે બનાવેલો વર (યાને સ્વરસ્થાન) પારસના મુલકની વચ્ચે સરૂવામાં (આવ્યો છે). એમ કહે છે કે જમશેદનું સ્વરસ્થાન યમકાન (અથવા જમકાન) ના પહાડની હેઠે (આવ્યાં છે). (મારો બુનદેહેશનો તરજુમો જુઓ.)

હવે શીરાઝ પારસના મુલકની રાજધાની ગણાઇ છે. ત્યારે જેમ પાર્સીપોલીસનો આ મેહેલ પારસના મુલકમાં શીરાઝની આતરાફમાં આવ્યો છે, તેમ બુનદેહેશ પ્રમાણે જમશેદે સ્થાપેલું સ્વરસ્થાન (વર) પણ પારસના મુલકમાં આવ્યું છે. તે ઉપરથી દીસે છે કે જોકે પારસીપોલીસનો હાલના ખંડીએરવાળો મેહેલ દારાયસ અને તેના વારસાએ બરપા કર્યો હતો, તોપણ ત્યાં પાદશાહ જમશેદના વખતનું કોઇ સ્વરસ્થાન યા શેહેર યા મેહેલ યા મકાનનાં ખંડીએર હોય અને તે ઉપરથી દંતકથા યાને બાપદાદાથી ચાલતી આવેલી વાતે આ મેહેલવાળી જગ્યાને, અને તે પછી એક પગલું આગળ વધીને તેના પાછલા મેહેલને, પણ ચોક્કસ વાજબી સબબે જમશેદના નામ સાથે જોડ્યાં.

હવે આ મેહેલની જગ્યા અને ખુદ મેહેલ જેમ પર્સીપોલીસ અને તખ્તે જમશેદના નામથી ઓળખાય છે, તેમ ઇસ્તખરના નામથી પણ ઓળખાય છે. પર્સીપોલીસ એ જુનાની નામ છે, જેનો અર્થ "પારસનું મુખ્ય શેહેર યા રાજધાની" થાય છે, જે નામ બરાબર છે.

હવે કોઇ આરબ લખનારાઓ આ મેહેલની પડોશમાં આવેલા પાયતખ્ત શીરાઝને તેહમુરસ્પના એક શીરાઝ નામના બેટા ઉપરથી નામ લીધેલું જણાવે છે (Yakout. Barbier de Meynard પા. ૩૬૨). તેમ કોઇ ઇસ્તખરને પણ કયોમર્સના એક બેટા ઇસ્તખરે સ્થાપેલું જણાવે છે (પા. ૪૮). અહીં આપણે આ કહેવું છરેક છરફ બરાબર સહમજવાનું નથી. પણ મતલબ આ કે ઇસ્તખર અને પડોશનું શીરાઝ એ બન્ને મથકો સાથે કયોમર્સ અને તેહમુરસ્પ પાદશાહના નામ જોડાયલાં છે. વળી ઇસ્તખર માટે કહેછ કે તેને હોશંગે વધાર્યું અને પાદશાહ જમશેદે તમામ કર્યું. આ લખનાર પ્રમાણે પણ ત્યારે આ મેહેલવાળો મુલક શાહ જમશેદના નામ સાથે જોડાયલો છે.

આ સર્વ સબબોએ આપણે જે જોઇ અને સમજી શક્યે છિએ તે આ કે, જોકે હાલના ખંડીએરવાળા મેહેલો હખામીનીઅન વંશના પાદશાહોના છે, તોપણ ઇરાનની બાપદાદેથી ઉતરી આવેલી દંતકથા એની જગ્યાને "તખ્તે જમશીદ" કહી શાહ જમશેદ સાથે જોડે છે તે કાંઇ કલ્પીત યા ખોટું નથી, પણ તેને આપણી બુનદેહેશનો અને આરબ લખનારાઓનો ટેકો છે

આ થોડીક તપાસ આડકતરી રીતે રોશની નાખે છે કે વંદીદાદમાં જણાવેલા શાહ જમશેદના સ્વરસ્થાન (વરે યમ કર્દ અથવા વરે જમકર્દ) નું મથક દારાયસના આ મેહેલના ખંડીએર વાલી જગ્યાએ હતું. આગલા પાદશાહોના વખતથી આ જગ્યા એક નામીચી જગ્યા તરીકે જણાયલી હતી. તે જગ્યા શાહ દારાયસે પોતાના નવ મેહેલને માટે પસંદ કીધી.

ઉપલા બુનદેહેશના ફકરામાં જમશેદના વરણવેલા પહાડને "કુહે યા કુહે યમકાન (અથવા જમકાન)" કહયો છે, તે પણ આ જગ્યાનો પુરાણો સંબંધ જમ (એટલે જમશેદ) સાથે જોડે છે. હું ધારૂં છું કે આ પેહેલવી નામ "જમકાન" સેવટના હરફના લોપ સાથે અને હરફની કાંઇ તબદીલ સાથે "જમ કાન" ને બદલે "જમ કર્દ" પણ લેવાય. એટલે ત્યારે

"કુહ જમકાન" તે "જમશેદ પાદશાહે બનાવેલા ઘર યા સ્વસ્થાનવાલો પહાડ" ગણાય.

આ પેહલવી યમકાન શબ્દને યુસ્ટીએ પોતાની બુનદેહેશમાં (પા. ૭૦ માં) દમકાન વાંચ્યો છે અને પોતાના શબ્દકોશ (Wörterbuch)માં જમખાન લખ તેને પારસમાં આવેલા એ નામના મુલક સાથે જોડયો છે. વળી તે ઉપલા પેહેલવી ફકરામાં આવેલી "સરૂવા" નામની જગ્યાને શીરાઝ અને ફસા નામનાં શેહેરો વચ્ચે આવેલું સરવસ્તાન યા સર્વસ્તાન ગણે છે અને સરૂવાને સર્વના ઝાડોથી ભરપુર જંગલ (Cyprersen wald) અથવા મથક ગણે છે.

આ સર્વ બાબદો દેખાડે છે કે શાહ દારાયસના મેહેલોનું મથક હાલમાં ઇરાનીઓથી "તખ્તે જમશેદ" તરીકે ઓળખાય છે, તે ઘણીક હદે વાજબી છે.

અહીંનાં ખીલારોકી લેખો.

આ હીંના ખીલારોકી લેખો ઉપર ઘણા ઉસ્તાદોએ રોશની નાખી છે અને હજારો વર્ષ ગુમાં પડેલાં અહીંનાં મકાનોને એ લેખો મારફતે જાણે બોલતાં કીધાં છે. જોકે દારાયસની આગમજ સાઈરસ પાદશાહે એવો એકાદ લેખ કોતરાવયો છે, તોપણ એવા લેખોની મોટાઇ અને અગત્યતા સાથે શાહ દારાયસનું નામ જોડાયલું રહેશે. એના પછી ઝર્કસીસ વીગેરે પાદશાહો જાણે દારાયસની લટણે ચાલ્યા છે. આ લેખોનું લખાણ કેટલીક બાબદો ઉપર આપણને ખાસ વિચાર કરતા મેલે છે.

૧. આ લેખોમાં શાહ દારાયસની નેમ પોતાની કિર્તિ ગાવાની યા પોતાની કીર્તિની નોંધ લેવાની નહી હતી તેટલી પોતાનાં દેશની કિર્તિ ગાવાની અને નોંધ લેવાની હતી, કે તે વાંચી તેનાં ગાદીવારેસો દેશભક્તીનાં કોઇ પાઠો શીખે. એ બાબતમાં અહીંનાં કરતાં બેહીસ્તુનના લેખો વધારે અગતના છે. એ લેખોમાં પાદશાહ જાણે પોતાના દેશની પોતાના વખતની કોઇક તવારીખ લખે છે.

૨. પાદશાહ દારાયસનું દેલ ખુદા (અહુરમઝદ) તરફની મોહોબત અને ખુદાનાં આભારનાં ખ્યાલથી જાણે ઉભરાઇ ઉભરાઇ જાય છે.

૩. ઇરાન નામીચા ઘોડાઓનું અને ઘોડાની શરતોનું સ્થળ (cradle) ગણાય છે. ઓરશેદની ચાલને અને આવા અદેમીસુર નદીની દોડતી ઝડપને, આપણાં પુસ્તકોમાં, ઇરાનનાં આ પ્યારાં પ્રાણીની ઝડપ સાથે જોડવામાં આવી છે. આ સબબે શાહ દારાયસ આ લેખોમાં જેમ ભલાં માણસો તેમ ઉમદા ઘોડાઓની ઇરાનને થયલી બક્ષેશ માટે ખુદાની આભારી યાદ કરે છે, તે કહે છે:

"આ ઇરાનનો મુલક છે કે જે મને અહુરમઝદે સુંદર દેખાવ સાથનો, સારા ઘોડાઓ સાથનો, સારાં માણસો સાથનો આપ્યો છે.

૪. આ લેખોથી આપણે જાણયે છિએ કે અહુરમઝદની સાથે તેનાં યજદ અમશાસપંદોની માન્યતા આ હખામીનીઅન પાદશાહોમાં જારીજ હતી. શાહ દારાયસ કહે છે કે "અહુરમજદ પોતાનાં સાથી યજદો સાથે મને મદદ આપે."

૫ દારાયસ પોતાના દેશનો શારીરીક દુશ્મનો ઉપરાંત માનસીક દુશ્મનોથી બચાવ માગતો. તે કહે છે કે "અહુરમજદ આ દેશને લશ્કરથી, આફતથી (તેમ) દરૂગથી યાને જુઠાઇ (ઠગાઇ) થી બચાવે."

૬. આ ખંડીએરપરના લેખોના ઉકલાણા પ્રમાણે દારાયસ આ વખતે આ મેહલનાં પોતાનાં તખ્ત ઉપરથી નીચલા મુલકો ઉપર અમલ કરતો હતો. ઉવજ, માડીઆ, બાબીલોન, અર્બેસ્તાન, એસીરીયા, મંસર (ઇજીપત) આર્મીનીઆ, કેપેડોશીઆ, સ્પર્દ અીઓન (આયોનીઆ) સબર્શીઆ, પાર્થીઆ, ઝરંક, હરઇવ, બેક્ત્રીઆ, સુગધ, ઉવરઝમ્ય, થટગુશ, અરેકોશીઆ, હીંદુસ્તાન, ગંધર, સીક્યા, મથક.

શીરાઝ, તા૦ ૨૬ નવેમ્બર ૧૯૨૫.

તખ્તે જમશેદની પછવાડેના પહાડ ઉપરની પત્થરની લાસ-દાનોની જગ્યાઓ.

મહેલોની પછવાડે પહાડની કઠણુ પાદશાહી લાસો મેલવાની જગ્યા.

પર્સી પોલીશના મહેલોનાં સુંદર ખંડીએર આપણે આજુબાજુથી અને ખુશી સાથે જોઇયે છિએ; પણ જે જોઇએ છિએ તેમાં કેટલુંક મુસાફરો અને ખબરદાર વિદ્વાનોનું વર્ણન આગળથી અને પાછળથી વાંચવા છતાં કદાચ બરાબર સમજી શકયે નહીં. પણ આ મહેલના ખંડીએરોની પછવાડે આશરે દશ પંદર મીનીટની ચાલ અને ચઢાણ બાદ પહાડની કઠણે આપણે કોઇ કદીમ પાદશાહોની સેવટની આરામગાહની જગ્યાઓ જોઇએ છિએ, તેમાં ઘણુંક આપણુને જલદીથી સમજ પડે છે. એમાં એક જગ્યા નજદીક આસરે દશ પંદર મીનીટની ચાલના તફાવતે છે. બીજી જગ્યા દુરથી છે અને ત્યાં પહોંચવા માટે કાંઇક વધુ રંજ પડે છે. અમોએ ત્રણ માંથી આ બે જગ્યા જોઇ.

હવે હાલમાં આપણે તે લાસની સેવટની જગ્યાઓ ઠેક નજદીક સુધી અને અંદર પણ જઇ થકી લાસ મુકવાની પત્થરની પેટીઓ (sarcophagus) વીગેરે નજરે નજર અને હાથ લગાડી તપાસી જોઇ શકયે છિએ, પણ આગળ તેમ હતું નહીં. આગળ તો એ જગ્યાઓ ખડકની ઉપરના ભાગમાં જમીનની સપાટીથી કાંઇક ઉંચાઇએ એવી રીતે બાંધેલા હોય કે કોઇ ત્યાં જવા માગે તો તને દોરડાંથી ઉંચકી લેવામાં આવે. ત્યાં પાદશાહોની લાસને પણ એમ દોરડાંથી બાંધી ઉંચકી લેવામાં આવતી એમ દીસે છે. ડાયોડોરસ સીક્યુલસ નામનો આગલો એક યુનાની લખનાર આ તરફના મકાનો વીગેરેનું વર્ણન કરતાં આ જગ્યાઓ, જેઓ માટે તે કબર (tomb) તરીકે બોલે છે, તે માટે જે કહે છે તે આપણા એક રીવાજનાં સંબંધમાં મને ઘણું અગત્યનું અને કાંઇક રોશની નાંખનારૂં દીસે છે. તે કહે છે કે :

"પુર્વ બાજુએ, શહેરથી આશરે ૪૦૦) ફીટ દુર એક પહાડ છે, જેને 'પાદશાહી પહાડ' કહે છે. તેમાં પાદશાહોની કબરો (tombeaux) છે. ત્યાં જવાનો કાંઇ બરાબર બનાવેલો રસ્તો નથી. પણ તે ઉપર લાસોને ખાસ બનાવેલાં ટાંગવાના યંત્રો (Machines de suspension) થી ઉંચકી લેવામાં આવે છે." ડાયોડોરસ સીક્યુલસના ફ્રેંચ તરજુમા ઉપરથી હું આ આપું છું. (Histoire Universelle de Diodore de Sicile, par M. L' Abbé Terrasson, 1769 A. B. Vol. V p. 119 Bk. 17 ch. 16)

હવે હાલમાં તો આપણે ત્યાં ખુદ લાસની પેટીઓનાં ભાગ આગળ ચઢાણ ચઢી કાંઇક અડચણ છતાં ચાલી જઇએ છિએ. પણ ઉપલા ફકરા પ્રમાણે આગળ તેમ નહીં હતું. ત્યારે દીસે છે કે ડાયોડોરસ પછી આસ્તે આસ્તે તે જગ્યા ઉપરનો ઉપરના પહાડનો કોઇ ભાગ પડી ગયો હોય તેથી, અથવા તો હરેલનું કોઇ બાંધકામ પડી જવાથી, તેનાં ભાગેલા તુટેલા ટુકડાઓ (debris) થી આ ભાગ પુરાઇ ગયો હશે. હવે આગળના વખતમાં એમજ હતું, તે આપણુને નક્શે રૂસ્તમ તરફની આવી અવલ મંજલ પહોંચાડવાની જગ્યાઓ, જે માટે બીજા પત્રમાં બોલીશ, તે ઉપરથી માલમ પડે છે. ત્યાં આપણુને લાસ-દાનોવાળી જગ્યાએ ઉપર જવું હોય તો આપણુને દોરડાંથી ઉપર ચઢવું પડે છે.

આપણાં દખમાઓનાં દરવાજા.

હવે આપણાં હીંદુસ્તાન દેશના આગલાં દખમાઓના દરવાજાની રીતી આ પાદશાહી લાસોને અવલ મંજલ પોહોંચાડવાની જગ્યાઓ,

જેઓને પણ આપણે ટુંકમાં સમજવા દખમા કહીએ, તેઓ ઉપરથી માલમ પડે છે. દખમામાં અંદર જવા માટે મજાનો ઢળાવ કરવો યા સીડી કરવી એ થોડાં વર્ષનો રેવાજ છે. તેની આગમજ દોખમાઓને સીડી નહી હતી. નસેસાલારો-માંથી એક ગેહાનના દાંડા દખમાના દરવાજા ઉપર મેલે અને પછી પોતે ઉપર જઇ તે ઉઠાવે અને પછી બીજો પોતા તરફનો દાંડા ઉંચકી ગેહાનને અંદર દાખી આપે. મુંબઇમાં પણ પુરાણું મોદીનું દખમુ આવા પ્રકારનું હતું. હું ભુલતો નહી હોઉં તો બહારગામનાં ઘણાં દખમાઓ આવા પ્રકારનાં છે, એટલે ઉંચે મેલેલા બારણાં સાથનાં અને વગર સીડીનાં છે. હાલમાંજ આસરે પોણોસો વર્ષ થયાં હું ધારૂં છું કે અંદર જવાની સીડી કરવામાં આવે છે. લાસની આ આરામગાહો જોઇ હું અત્રે કાંઇક નવું શીખ્યો છું.

ઇરાનમાં યજદના દખમાનું વર્ણન કરતાં મેં કહ્યું છે કે ત્યાં પણ એમજ છે. એ રીતીનો સબબ આપણે એમ ધારતા આવ્યા છીએ કે કોઇ બીજી દીનવાળાઓ સીડી ઉપરથી દરવાજા ઉપર જઇ અંદર નજર નહીં કરે. કદાચ એ નેમ પણ પછવાડેથી હોય. પણ અહીં તખ્તે જમશેદનાં પાદશાહી મેહેલ આગળની અને નક્શે રૂસ્તમનાં દખમાઓની અથવા બરાબર જોઇએ તો લાસની સેવટની આરામગાહોની જગ્યાઓ પણ જમીનની સપાટીથી ઘણી ઉંચે રાખી છે; નક્શે રૂસ્તમ, જ્યાં આપણને એ રીત બરાબર જોવાની તક મળે છે, ત્યાં આપણે જોઇએ છીએ કે જમીનની સપાટીથી આસરે વીસ યા ત્રીસ ફીટ ઉંચે એ જગ્યાઓ છે, તેમાં રવાનો મુકવી વેળા દાયાડોરસ સીકયુલસનાં કહેવા પ્રમાણે લાસોને કપ્પી વીગેરેથી ઉપર ઊંચી લેવામાં આવતી હોય.

ત્યારે એમ કરવાની નેમ શી હતી? તે વખતે કોઇ જુદદીનની નજરની ચિંતા તો હતી નહી. માજદયસ્ની પાદશાહોનાં અમલમાં તે તરફ કોઇ જુદદીન હોય પણ નહી અને હોય તો તેની શું તાકાત કે તે ત્યાં જવાની હિંમત કરે? ત્યારે ખરી નેમ આ દીસે છે કે પાદશાહોની સેવટની આરામગાહની જગ્યાને બીજી સર્વ જગ્યા-ઓથી એક પ્રકારે જુદી યા અલાહેદા (isolated) કરવી, કે કોઇપણ જીજ્ઞાસાને ખાતર પણ ત્યાં સેહેલથી જઇ શકે નહી અને વખતનાં વેહવા સાથ જમા-નાની કાંઇ અસર આવે ત્યારે તે લાસને નુકસાન કરે નહી. ટુંકમાં મતલબ આ દીસે છે કે દખમાઓના દરવાજા જમીનની સપાટીથી ઘણા ઉંચા રાખવા અને તેપર જવા માટે કાંઇપણ સીડી રાખવી નહી. તે રીત ઇરાનની જુની રીતની બાપદાદે ચાલતી આવેલી નકલ છે, કે જે જુની રીત પ્રમાણે લાસોની જગ્યા પાહાડોની કઠણ ઉંચાણમાં રાખવામાં આવતી કે જ્યાં લાસોને કોઇ તરવીબથી નીચલી જમીનની સપાટીથી ઉંચકી લેવામાં આવતી.

લાશને અવલ મંજલ પોંહોચાડવાની આ રીત શું છે?

હવે પાદશાહી લાસને અવલ મંજલ પોહોચાડવાની આ રીત શું છે? આપણી અવસ્તા જમાનાની પુરાણી રીત, કે લાસોને માંસાહારી જાનવરો પાસે ભક્ષ કરાવવી, તે રીતથી આ જુદી છે. એ જગ્યા અને મકાનને આપણે પાદશાહી દખમાઓ કહિએ. પણ તે ખરેખરાં દખમા નથી. અહીં પાદશાહોની લાસને માંસહાર કરાવવામાં આવતી હોય એવું કાંઇ દીસતું નથી. આપણાં અભ્યાસીઓ ધારતા હતા અને કહેતા હતા કે એ પાદશાહોનાં અસ્તોદાનો હતાં. પાદશાહોની લાસોને કેઠે પહાડ ઉપર મેલી તેઓની લાસ ઉપરનું માંસ માંસાહારી જાનવરોથી ખવાઇ જવા બાદ હાડકાં અહીં પત્થરની અંબાવર પેઠીઓમાં મેલવામાં આવતાં, કે જે પેઠીઓ એક પ્રકારનાં અસ્તોદાનો હતાં. મરહુમ મી૦ ખરશેદજી રૂસતમજી કામાએ પણ પોતાના જરથો-

રતી આબ્યાસમાં એમ કહ્યું છે. હું પણ એમ કહેતો, માનતો અને લખતો હતો. બે વર્ષ પર જ્યારે પ્રોફેસર હેર્ઝફેલ્ડ અહીં હતા ત્યારે પણ તેમની સાથના આ બાબતનાં પત્ર વહેવારમાં હું એમ કહેતો હતો. પણ આ જગ્યા નજરે-નજર જોઇ હું મારો વિચાર હવે કાંઇક બદલવા તરફ ખેંચાઉં છું અને કહું છું, કે નથી એ જગ્યા આપણા હાલનાં પ્રકારનાં દખમા, કે નથી અસ્તોદાનો, પણ જેમ આપણાં હાલનાં દખમાઓ એક પ્રકારે લાશને માંસાહાર થવા માટેની જગ્યાઓ છે તેમજ તેઓનાં ભંડારો સબબે અસ્તોદાનો છે. તેમજ આ પાદશાહી સેંગટની આરામગાહો એક ઓર પ્રકારની લાશ-દાનો યાને લાશને રાખવાની પેટીઓની જગ્યા છે, જે વખતના વેહેવા બાદ માંસ પોતાની મેળે સુકાઇ યા ખવાઇ જવા પછી હાડકાંઓ સાચવી રાખી જાણે અસ્તો-દાનો બને છે.

ત્યારે આ સ્થળો ઉપરથી આ દીસે છે કે અહીં લાસ મેલેલા પાદશાહોની લાસોને માંસાહારી પક્ષીઓથી ખવડાવી દેવામાં આવી હતી નહીં. તેઓને ખોરશેદ નેગીરશ્નને કરવામાં આવી હતી કે નહીં? તે બાબે આપણે કાંઇ ચોક્કસ જવાબ દઇ શક્યે નહીં. કદાચ મરણ બાદ આગલાં શીક્ષણની કાંઇ રૂઢી નેમમાં નહીં તો હરફમાં જાળવવા આશરે બે દિવસ ખોરશેદ નેગીરશ્નને કરી હોય, ત્યારે અહીં જે કરવામાં આવ્યું છે, તે આ કે લાશને આખીને આખી પત્થરની પેટીઓમાં મેલી તે પત્થરની પેટીઓ અહીં મેલવામાં આવી હતી. આપણે યુરોપનાં સંગ્રહસ્થાનોમાં કેટે કેટે લાસો માટેની મોટી પત્થરની પેટીઓ જોઇએ છીએ તેવી અહીં પત્થરની પેટીઓ (Sarcophagus) છે. તેની ઉપરનાં ઢાંકણાંઓ તો મોટા જાડાં અને ભારી હોય છે કે હું ધારું છું કે દસ પંદર માણસથી પણ તે ઉંચકી શકાય નહીં. આ ઉપરથી તમો ખુદ પત્થરની પેટીનાં કદ અને વજનનો ખ્યાલ કરી શકો છો. ડાયોડોરસ સેક્યુલસ કહે છે કે એ પાદશાહી લાસોને કોઇ સાંચા (machines) ની મુકવીથી ઉંચકી લેવામાં આવતી તે અહીં અને નક્શે રૂસ્તમ તરફ જોતાં સમજ પડે છે.

સવાલ કે એમ કાંઈ?

હવે ત્યારે કુદરતી સવાલ ઉઠે છે કે આ હખામીનીઅન પાદશાહો, જેઓ જાણે વાક્ય વાક્યએ પોતાના લેખોમાં અહુરમજદનું મુબારક નામ લે છે, તેઓ એમ વંદીદાદમાં જણાવેલા માંસાહારના ફરમાનનો અનાદર કાંઈ કરે? હવે એ પાદશાહો માજદયસ્ની હતા તે તો ખરૂં, પણ તેઓ ખરેખરા જરથોસ્તી માજદયસ્નો હતા કે એ વિદ્વાનોમાં એક સવાલ છે. પણ તે સવાલને બાજુએ મેલતાં પણ દીસે છે કે તેઓની રીત કોઇ અ-જરથોસ્તી નહીં હતી. જરથોસ્તી દીનના ફરમાનો લાસને ભુમીદા યા આગીદા યા જલદા કરવાનું ના-રવા ગણે છે. એ ફરમાન અહીંની રીતીમાં બેલાશક ઉરફે પળાયું છે. લાસોને માંસાહારી પક્ષીઓને શરણ કરવાની રીતીમાં પણ સેંગટની જેમ પણ જમીન, હવા, પાણી આતશ જેવા અનાસરોની સ્વચ્છતા (purity of elements) જાળવવાની છે અને તે સાથે જર્મન સાઅર ગેઅથે પોતાના પારસીનામામાં જેને "અનાસરોનો દરજ્જો" (Dignity of Elements) કહે છે, તે જાળવવાની છે. અહીંના એ રીતીમાં તે સ્વચ્છતા અને દરજ્જો બન્ને જળવાય છે. તેમાં વધારે આ કે આ રીતીમાં હવાની સ્વચ્છતા અને દરજ્જો વધારે જળવાય છે.

હવે એક ચીજ ને આપણી હાલની અને આગલી જરથોસ્તી રીત જોતાં, આપણે અહીંની રીતમાં નથી જોતાં, તે પક્ષીઓથી માંસનો આહાર કરવાની છે. આ રીતીમાં પાદશાહોની લાસોના માંસનો પક્ષીઓ યા બીજા માંસાહારી પ્રાણીઓથી ભક્ષ થતો હતો નહીં. હવે ખુદ આપણા દેશમાં પણ આપણે અહીંતહીં એવું

કંઈ જોઈએ છિએ. દાખલા તરીકે કલકત્તા જેવાં એક મોટાં જરથોસ્તી શહેરમાં તેનાં આગલા દખમા ઉપર જાળી જડેલી હતી કે લાસો આરશુદ નેગીરસ્તને થાય પણ પક્ષીઓથી ખવાય નહી. મુંબઈમાં એ મરહુમ તવંગર શેઠીઆઓએ ૧૯ સદીમાં પોતાનાં કોઈક ખ્યાલ સબબે પોતાની લાસ માટે પોતાની જીંદગીમાં નવાં દખમા બાંધ્યાં હતાં. તેમાંનાં એકમાં જાળી કરવાને સબબે માંસહારની સગવડ નથી. તે દખમું હજુર પણ છે. જ્યારે હાલનાં સમયમાં પારકા અમલ હેઠળ કોઈ તવંગર પારસીઓએ અનાસરોની સ્વચ્છતા અને દરજાની ઉપલી જરથોસ્તી નેમ ધ્યાનમાં રાખી આ મુજબ આમ લોકોની આપણી સામાન્ય રીતીમાં કાંઈક ફેરફાર કર્યો છે, તો ખુદ જરથોસ્તી અમલમાં ખુદ હખામનીઅન માજદયસ્ની પાદશાહોએ પોતે એવીજ નેમ ધ્યાનમાં રાખી સામાન્ય રીતીમાં કાંઈક ફેરફાર કર્યો હોય, એ સંભવીત છે.

વળી અસલ નેમને ધ્યાનમાં રાખી ચાલુ રીતીમાં કાંઈક ફેરફાર કરવાનો આશરે ત્રણ સદી ઉપર સુરતમાં બનેલો દાખલો લેઓ. ત્યાં એક તવંગર પારસી નામે નાનાભાઈ પુંજીઆ મોદી, જે સુરતના હાલના મોદી યા દાવર ખાનદાનના વડીલ થાય, તેવણે એક નવું દખમું બાંધવા માંડયું હતું, કે તેમાં તેવણ મરણ પામે તો તેવણના લાસ પેહેલે મેલે. પણ તે દખમું તમામ થયું તે આગમજ તેવણ હક થવાથી તેવણની લાસને બે ત્રણ મહીના બીજાં જુનાં વપરાતાં દખમામાં પક્ષીઓ નહી ખાય તેમ, ઢાંકીને મેલવામાં આવી હતી કે પછી નવું દખમું તૈયાર થતાં ત્યાં મેલવામાં આવે. કાંઈક ચકચાર ઉભી થતાં આ ઇરાન તરફ કાસદો ધર્મની બાબદમાં પુછપરછ કરવા મોકલ્યા હતા. આ બાબત દારાબ હોરમજદયારની રેવાયતમાં આવી છે અને તે બાબે હું મરહુમ મી. માનેકજી રૂ. ઉનવાળાની રેવાયતના મારા દીબાચામાં કાંઈક બોલ્યો છું. ત્યારે દીસે છે કે હખામનીઅન પાદશાહોએ આહીં પોતાની લાસોને પક્ષીઓને માંસાહાર માટે આપી નથી તે છતાં તેઓએ ખરા માજદયસ્ની યા જરથોસ્તી તરીકે પોતાની લાસો કાજ જમીન, પાણી, હવા, આતશના તત્વો ખરાબ થાય નહી અને તે તત્વોની સ્વચ્છતા યા દરજજો જળવાય તેમ માર્ગ લીધો છે. ટુંકમાં તેઓએ ફક્ત હાડકાં જાળવવા (અસ્તોદાનો)ની ગોઠવણને બદલે આખી લાસ જાળવી રાખવા (લાસ-દાન)ની ગોઠવણ કીધી.

એ ત્રણ લાસ-દાનો-વાળા પાદશાહો.

પાર્સીપોલીસની પાછળનાં પાહાડની ઢલણ ઉપરની એ ત્રણ પાદશાહી સેવટની આરામગાહો, જેઓને માટે તેઓને આહીં જોઈ અને તેઓ માટે બરાબર વિચાર કરી હું "લાસ-દાનો" એટલે "લાસો મેલવાની જગાઓ" તરીકે બોલવાનું દુરસ્ત ધારૂં છું, તે કોણ પાદશાહોની છે, તે ચોકસ કહેવાઈ શકાતું નથી. સબબ કે તેઓ ઉપર કાંઈ લેખ નથી, પણ કોઈક માહીતગાર અભ્યાસીઓ તેઓને બીજા આર્ટઝર્કસીસ (આર્ટઝર્કસીસ નેમોન) ત્રીજા આર્ટઝર્કસીસ અને ત્રીજા દારાયસ (દારાયસ કોડોમેનસ), જેની સીકંદરના હાથે હાર થવા સાથે હખામનીઅન વંશનો છેડો આવ્યો, તેઓની ધારે છે. એમાંની પેહેલી બે મેં જોઈ છે. પેહેલી બન્નેનાં ખંડીએરોની લગભગ પછવાડે આસરે ૧૦ મીનીટના રાહપર પહાડનાં ઢલણ ઉપર આવી છે. બીજી તેનાથી દક્ષિણે આસરે ૨૦ યા ૩૦ મીનીટનાં કાંઈક કઠણ રાહપર આવી છે. ત્રીજી પેહેલીથી ઉત્તરે આવી છે. આ લાસ-દાનો ઉપલા પાદશાહોની છે અને શાહ દારાયસ યા તેના બેટા, યા નબીરા વીગેરેની નથી, સબબ કે આ નક્ષની જગાથી મર્ગ દસ્તના મેદાનની પેલી બાજુએ નક્શે રૂસ્તમ તરીકે જણાયલી જગાએ શાહ દારાયસનું લાસ-દાન છે

તે ચોક્કસ છે, કારણકે તર્યાં તેના નામનો ખીલારોથી લેખ છે. તેની જમણી દાહાબી બાજુએ તેના બેટા નબીરા વીગેરેની લાસ-દાનો છે. જોકે તેવો ઉપર લેખ નથી, તોપણ એમ માનવાનું કારણ છે.

આ લાસ-દાનો વાળી જગ્યા ઉપરથી દેખાવ.

મેં આગળ કહ્યું તેમ તખ્તે જમશીદના મહેલનો પ્લેટ ફોર્મ, સામેના મર્વદસ્તના મેદાનથી કેટલે આસરે ૫૦) ફીટ ઉંચો છે ત્યાંથી આ લાસ-દાનોની જગ્યાઓ ઘણી ઉંચે પહાડની કડણી જણાય છે. આ દાસ-દાનોની જગ્યાએથી જોતાં આપણે એવી નજરે જાણે આપણા પગ હેઠળ તખ્તે જમશીદનાં ખંડીએરોને, તેની પછી મર્વદસ્તનાં મેદાનને અને તેની સામી બાજુની ની ઉત્તર-પશ્ચિમની શરીફ નક્ષે રૂસ્તમના પાહાડને અને આપણી આજુબાજુએ પહાડની હારને જોઈએ છિએ આ મુજબ અહીંથી આપણે એક મોટો દબદબાભર્યો સુંદર દેખાવ જોઈએ છિએ. શારીરીક આંખે નજરે પડતા આ દેખાવ સાથે, મનની નજરે આસરે બે અઢી હજાર વર્ષની ગુજરેલી તવારીખનો કાંઈક ખ્યાલ આપણને જેમ ખુશી કરે છે તેમ અજાયબીમાં કાંઈક વિચાર કરતા મેલે છે.

મેં આગળ કહ્યું છે તેમ જ્યારે મેં બેહીસ્તુનનો પહાડ અને લેખ જોયો ત્યારે જાણે મારા મનમાં અર્ધું ઇરાન જોયું હોય એમ સંતોષ ઉપજ્યો. હવે તેજ લેખવાળા પાદશાહ દારાયસ અને તેનાં વારસોનો તખ્તે જમશીદનો આ મહેલ જોયો ત્યારે મનમાં જાણે બીજું અર્ધું ઇરાન જોયું હોય, તેવી ખુશી પ્રાપ્ત થઈ. આવી ખુશી ખુરમી અને ખ્યાલો વચ્ચે આ લાસ-દાનવાળા પહાડની સરીહ ઉપરથી, મહેલ અને મેદાન વીગેરે જોઈને મેં જે નોંધ મારી પોથીમાં લીધી હતી, તે અત્રે ઉતારું છું.

"ઓ દાદાર! આજનો દિવસ તેં મારી જીંદગીમાં મુબારકમાં મુબારક દિવસ કર્યો છે, હું અહીં એક રીતે પુરાણા ઇરાનની પાદશાહી અને ધર્મ બન્ને જોઉં છું. જે પાદશાહે પોતાનું કામ તારી "વરના" (મરજી યા મેહેરબાની) મુજબ થયલું જણાવ્યું છે તે પાદશાહનાં ફરોહરને યાદ કરી મારું કમીનું ખાકસાર માથું તારી વરના (મરજી) આગળ ધરું છું. તારી મેહેરબાની (વરના) થી હું અહીં આવી શક્યો છું અને ઇરાનને એક ઉડતી મુલાકાતથી જોઈ શક્યો છું."

આ લાસ-દાનોપર સર્વથી અગતનું ચિત્ર.

મારી નોંધપોથીમાં લીધેલી નોંધના શબ્દોમાં બોલું તો આ લાસ-દાનોનાં નક્શમાં "મને સહુથી હરખાવનારું ચિત્ર" ઉંચે પહાડની ઢળાવ ઉપરનું હતું. જેમાં એક પાદશાહ હાથમાં કમાન સાથે બે હાથ જોડી સામે હવામાં અધર ઉડતી એક પાંખવાલાં રૂહને નમે છે. તે રૂહથી દુર ઉંચે આફતાબ યા માહતાબ પ્રકાશે છે, જે આસમાનનો ખ્યાલ આપે છે, કે જાણે તે રૂહ આકાશ તરફથી તેની સન્મુખ આવે છે. સામે આતશનું આદુરેસ્ત અથવા, આપણાં હીંદુસ્તાનનાં શબ્દોમાં બોલીએ તો, આફરગાન્યુ છે. આ નક્શમાં જે કમાન સાથનો પાદશાહ છે તેની બાબત ઉપર મેં, એક વખત આપણા નવાં વર્ષના મુબારક દિવસે મારી એક વાએજમાં કાંઈક વિવેચન કર્યું હતું. તે ઉપર તેનાં વીગતવાર ખુલાસા કાજે મારા વાંચનારાઓનું ધ્યાન ખેંચું છું. તે પ્રસંગે એક યાદગારીની ચીજ (souvenir) તરીકે મેં રાહનુમાએ સભાનાં તે વખતનાં પ્રમુખ અને તે મીજલસનાં પ્રમુખ મરહુમ શેઠ ખ. રૂ. કામાને રૂપાંની એક કમાન એક બરીક બ્રૉચ તરીકે આપી હતી. મને યાદ છે કે બીજાં નવાં વર્ષને દહાડે જ્યારે હું ફરીથી ભાષણ કરવા ઉભો હતો, ત્યારે ભાષણ બાદ વીવેચન કરી શેઠ કામાએ પોતાની પાસેથી તે કમાન કાઢી આગ ઉપર કાગજના ટુકડાનો એક તીર બનાવી કાંઈક ઘટતા શબ્દો સાથે તે મારા ઉપર ફેંકી મને કાંઈક વિચારોથી વીંધી નાખ્યો હતો. ચિન્હ રચના

(symbolism)માં હું કંઇ મોજ લઉં છું અને તેવણ પણ લેતા હતા. તેવણુની સુચનાથી ક્રીમેશન થવા પછી મેં "સીમબોલીઝમ"માં કાંઇક વધુ મોજ લેવા માંડી છે. શેઠ કામાજીનાં મરણ બાદ તેવણુનાં કુટુંબે મારી ભેટ આપેલી કમાન મારાં કામા ઇનસ્ટીટયુટને મેહેરબાની કરી ભેટ આપી છે. આ તરફના લાસ-દાનોની બાબત મેં પેહેલ કેટલાંક વર્ષપર એવણુના જરથોસ્તી અભ્યાસમાં વાંચી હતી. આ લખતાં તે આબલી પાછલી કોઇ બાબતો યાદ કરી તેવણુનાં ભલાં રૂહને મારી દરૂદો સલામ પોંહોંચાડું છું.

આ લાસ-દાનના નક્ષમાં ફરોહરનું ચિત્ર.

આ લાસ દાનનાં ઉપલાં નક્ષનાં ચિત્રોમાં ઉપર જણાવવા પ્રમાણે હવામાં એક ઉડતું ચિત્ર છે તે કોણનું ચિત્ર છે તે બાબે માહીતગારોમાં કાંઇક મતફેર છે. યુરોપીઅન ઇરતાદો તેને અહુરમજદનું ચિત્ર ગણે છે. આપણે તે બંદગી કરતા પાદશાહનું પોતાનું ફરોહર ગણયે છીએ. મેં પણ તે બાબત એમ ગણયું છે કે "હઓમ ઉર્વાનેમ યજમઇદે, હઓમ ફ્રવષીમ યજમઇદે એટલે" "હું મારા પોતાનાં રવાનને આરાધું છું. હું મારા પોતાના ફરોહરોને આરાધું છું". એવા ખોરદેહ મેહેર નીઆએશોમાં ભણાતા શબ્દોની મતલબ પ્રમાણે પાદશાહ પોતાનાં ફરોહરને પોતાની નજર સનમુખ ધારી તેને નમે છે. ઇરાનની સફરમાં મેં કેટલુંક નવું જાણ્યું છે અને કેટલુંક જાણતો હતો તેની જાણ કાંઇક તાજી કરી છે. તેવી ચીજોમાં આ એક છે. આ જગ્યાએ ખુદ અસલ નક્ષમાં બંદગી કરનાર પાદશાહનાં ચિત્રને અને તેની સામે ઉડતાં ચિત્રને જોઇ હું આ વિચાર ઉપર ચલું છું કે આપણે એ ઉડતાં ચિત્રને, નહી અહુરમજદ તરીકે, કે નહી બંદગી કરનાર પાદશાહના પોતાનાં ફરોહર તરીકે લેવું, પણ તેને અહુરમજદનાં પોતાનાં ફરોહરનાં ચિત્ર તરીકે લેવું. આપણી ફરવરદીન યશ્ત પ્રમાણે આપણ માણસ જાતનાં અને જાનદાર પદાર્થના ફરોહરો છે તેમ મીનોઇ હસ્તીઓનાં પણ ફરોહરો છે અને તેમાં ખુદ દાદાર અહુરમજદનું પણ ફરોહર છે. આ બંદગી કરનાર પાદશાહ પોતાની સન્મુખ પોતાના મનની નજરે અહુરમજદના તે ફરોહરને જાણે સુર્ય તરફથી એટલે આકાશમાંથી આવતું જુએ છે અને સામે ઝલવા સુંદર આતશ સનમુખ અહુરમજદના તે ફરોહરને નમે છે અને અહુરમજદની "વરના" યા મહેરબાની માગી પોતાની કમાન ખેંચીને પોતાનાં કામકાજની કોશેશો અને તદબીરનાં તીરને ધારેલી નેમ પ્હોંચાડવાની પ્રાર્થના કરે છે.

અહીંના ઉપલા નક્ષોમાં પાદશાહ પ્રાર્થના કરે છે તે હાથમાં કમાન લઇ તે કમાન ખેંચીને, કમાન ઉપર ચીલ્લો ચઢાવીને કરે છે. આ ચિત્ર પોતાના પુસ્તકો ઉપર શરૂઆતમાં છાપી પ્રો૦ બાર્થોલોમી તેની હેઠે નીચલા સુચક જર્મન શબ્દો મેલે છે:

Wie du kannst so wolle (Wish as you can). મતલબ કે "તમારાથી બનતી કોશેશ કરો અને તમારી ઇચ્છા પાર પાડો". જે પ્રમાણમાં તમો તમારાં કમાન વધારે જોરથી ખેંચશો તે પ્રમાણમાં તમારો તીર દુર જશે તેજ પ્રમાણે જે પ્રમાણમાં તમો વધી ચપલ કોશેશ કરશો અને મેહેનત કરશો, તે પ્રમાણમાં ફાવશો.

મરણ ક્રિયામાં બબ્બેની જોડ.

આ લાસ-દાન જોતાં જેમ આપણી લાસો કાજેનાં આગલાં દખમાંઓમાં સીડી વગરના દરવાજાની ગોઠવણની કાંઇક સમજ પડી તેમ આપણામાં મરણ ટાંકણે લાસને અવલ મંજલ પ્હોંચાડવાની ક્રિયામાં હમેશાં બબ્બેની જોડકી રાખવાનો-દાખલા તરીકે પાયદસતે જનારાઓએ બબ્બેની ટોળીમાં ચાલવું તેનો-રેવાજ છે તેની

કાંઇક બાદ આવી. અહીં લાસ-દાનમાંના કોઇક નક્શોમાં આપણુને બબ્બેની જોડ-લીઓ (pair) નજરે પડે છે. આપ-ણામાં વંદીદાદમાં પણ ફર્માન છે કે કોઇએ લાસને એકલી લઇ જવી નહીં. એ ફર્માનનો ખ્યાલ આ સેવટની આરામગાહના નક્શ ઉપરથી આવે છે. અહીં પણ એમ જોડલી વંદીદાદના ઉપલાં ફર્માનની આરસ્પરસની મદદ અને દીલસોજીની કાંઇ નેમની ફ્ક્ત હોય.

લાસ-દાનોની હાલની હાલત. આ લાસ-દાનો યાને લાસ ધરાવનારી પત્થરની પેટી આ હાલમાં ધુળ કચરાથી ભરાયલી અને તેનાં ગંજાવર ઢાંકણા કોઇ આખાં તો કોઇ કોઇ ભાગેલાં જોઇ આપણુને તરેહવાર વિચારો આવે છે. તે મરનાર પાદશાહો યા તેઓનાં બેટાઓએ એ લાસો બાબે લાંબો વખત સુધી કોઇ હરામી હલાલીને હાથે નુકસાન નહી પામે તેની ઘણુંક પ્રકારની કાળજી રાખવા છતાં, આજે નથી એ પેટીઓમાં પાદશાહોની લાશ કે નથી તેઓનાં હાડકાં. જમાના બાદ કોઇ હરામીઓએ કદાચ લાસોપરની ધારી લીધેલી કોઇ કીમતી ચીજ હાથ કરવાના ખ્યાલથી આ પેટીઓ ઉપરનાં ભારી ઢાંકણા (lids) પણ ઉઘાડી નાખી નીચે ફેંકી દીધાં છે. જમાનાના દોર આગળ કાંઇ ટકી શકતું નથી.

આ લાસ-દાનોની જગ્યા કોઇ એક પાદશાહ માટેજ નથી પણ એકથી વધુ માટે છે. જાણે એક કુટુંબનાં આસામીઓ માટે ભેગી જગ્યા (family vault) છે, સબબ કે આપણે એકથી વધુ આ પેટીઓ (sarcophagus) જોઇએ છીએ ઉપર જણાવેલી બે જગ્યાઓમાંની બીજીમાં મેં ૬) "સારકોફેગસ" જોઇ. પર્સી પોલીસ યા તખ્તે જમશેદનાં આ નામચીન મહેલને અને તેની પાછળની લાસ-દાનો જોઇ રહી આ તખ્તે જમ-શીદનાં પાએ આગળ, જાણે બરાબર તેનાં પાયે-તખ્ત આગળ, પ્લેટ ફાર્મની નીચે ઉભાં ઉભાં બપોરે બે વાગે બે બુક ખાઇ લઇ અમો હરખભર્યાં હૈયાં સાથે શીરાઝ ભણી જવા નીકળ્યા. અહીં ઉભાં ઉભાં અને ફરતાં ફરતાં ખાધેલા બે બુકોએ ઘણીક રાહત અને ખુશી આપી. એ મારે મનથી એક યાદગાર ભોજન હતું અને તેની ખુશીભરી યાદ ઘણીકવાર એવા બે બુકોની મને મજાહ આપતી રહેશે. પારસીપોલીસની સીફતમાં પ્રો૦ ખાકિને કહેલા શબ્દો યાદ કરી હું આ પત્ર બંધ કરીશ: "To study Persepolis would require months; to describe it volumes" એટલે પરસીપોલીસનો અભ્યાસ કરવા કાજે .મહીનાઓ જોઇએ; તેનું વરણન કરતા દફતરો ભરાય."

શીરાઝ, ખીબાબાને સેપાહા,
તા૦ ૨૬ મી નવેમ્બર ૧૯૨૫.

તખ્તે જમશેદથી શીરાઝ.

તખ્તે જમશેદ જોઇ અમોએ શીરાઝ તરફ માર્ગ લીધો. શીરાઝ આવવા આગ-મજ માર્ગમાં કેટલીક જગ્યાઓએ ધ્યાન ખેંચ્યું છે, અને તે માટે અહીંતહીં થોભવું પડયું છે.

૧. નક્શે રજબ. તખ્તે જમશેદથી શીરાઝ તરફનો માર્ગ લેવા આગમજ થોડુંક ઇછા ફરી એક બાજુએ નક્શે રજબનાં નામનાં કોતરકામો આવે છે, તે જોવાં. તખ્તે જમશેદ તરફ આવતાં પેહેલે મારૂં ધ્યાન આ નક્શપર ખેંચાયું હતું નહીં. પણ પછવાડેની મોટરમાં આવતાં મારા બેશીનું ધ્યાન ખેંચાયું હતું. તેથી તખ્તે જમશેદથી થોડુંક પાછા ફરીને નક્શ જોયા.

એક નક્શમાં પહેલા અહીંતહીં નજદીક સાધારણ થયલો નક્શ છે, જેમાં બે પુરૂષો એકમેક સાથ હાથ મેળવે છે અને એકમેકને કાંઇ આપે છે. એવાં કોઇ નક્શોમાં આ આપાવી ચીજ એક ચક્ર અથવા ચક્કર (circlet) છે કે

જે પાદશાહી સત્તાની નિશાની ગણાય છે. આ એક પ્રકારનો તાજપોશીનો દેખાવ (coronation scene) છે. પારસી પંચાયતના ટ્રસ્ટી સાહેબોએ મરહુમ નામદાર પાદશાહ એડવર્ડ અને હાલના રાજા જ્યોર્જને આપેલાં માનપત્રોનાં કાસ્કેટો ઉપર આવું તાજપોશીનું ચિત્ર આપ્યું છે. આ ચિન્હ આપનાર કોણ છે? યુરોપના ઉસ્તાદો તેને અહુરમજદનું ચિત્ર ગણે છે. પણ તે દેશના વડા ધર્મગુરૂ "મોબેદાન મોબેદ" (arohbishop) નું ચિત્ર હોય. આ અર્દેશર બાબેગાનની તાજપોશીનું ચિત્ર છે. એવું એક ચિત્ર નક્શે રુસ્તમમાં પણ છે જ્યાંથી તાજપોશીની કરાણી કયા જાયે "અર્દેશર અને અહુરી કરાણી તાજ પહેરાવવાની ક્રિયા" એવે નામનાં જ્ઞાનપ્રસારક મંડળી હુન્નરનાં માગ વિષયમાં કાંઇક વિવેચન કર્યું છે. (જ્ઞાનપ્રસારક વિષયો ભાગ ૨).

આ નક્શે રજબના બીજા નક્શામાં આપણે એકાદ સ્ત્રી અને બાળકોનાં પણ ચિત્રો જોઇએ છીએ. આ ચિત્ર શાપુર પહેલાનું છે. એવું દીસે છે કે એ પાદશાહે એવાં એકથી વધુ ચિત્રો કોતરાવ્યાં હતાં.

આ નક્શામાં આપણે એક મરદને પોતાના નાક આગળ હાથ કરેલો જોઇએ છીએ. આપણે આ તરફનાં ઘણાં નક્શામાં તરેહવાર હાથનાં રૂપો (hand-postures) જોઇએ છીએ, તેમ આ નાક આગળ હાથ દેખાડવાનું ચિત્ર પણ કાંઇ ખ્યાલ ધરાવે છે.

એક ઠેકાણે એક સ્ત્રી એક પાદશાહને માથે કાંઇક ચીજ ધરે છે. આ દેખાડે છે કે આવકાર યા સગનની શુભ ક્રિયાઓમાં સ્ત્રીઓનાં પનોતાં પગલાં અને તેઓ તરફનો આવકાર અસલથી અગતનાં ગણાયાં છે. આ નક્શ જમીનની સપાટી ઉપરથી આસરે ચાર ફીટ ઉપરથી ઉંચે જતાં શરૂ થાય છે. ઉપરના ભાગમાં એક જગાએ એક મરદ પીઠ ફેરવી પછવાડે પેહલવી લેખ તરફ જુએ છે.

અહીં કુલ ત્રણ નક્શો છે. આસરે પોણાત્રણને અમલે આ નક્શ છોડી તખ્તે જમશેદ તરફ પાછા આવી અમોએ શીરાઝ ભણીનો રસ્તો લીધો.

માર્ગમાં "રૂદખાને પુલખાન" નામની નદી પસાર કીધી. આ નદી ઉપરનાં પુલને પુલખાન કહે છે. આ તરફનો મુલક "પુલવારની ખીન"નાં મુલક તરીકે ઓળખાય છે.

૨. બન્દે મીર. અહીંની જગ્યાઓમાં એક બન્દે મીર એટલે "(અ)મીરે બાંધેલાં બન્દ (વાળું નાળું)" એવે નામનું નાળું પસાર કર્યું છીએ, કે જે નાળાંને ચોક્કસ મુરે, પોતાની લાલારૂખમાં, આપણા પારસીઓનું કદીમ વતન તરફનું દેશાભીમાન ઉશ્કેરાય એવી પોતાની કવીતા, નામે The Fire-worshippers, માં યાદ કર્યું છે અને તેની સાથે ગુલેગુલાબ અને બુલબુલોનાં ગાયણના ખ્યાલો જોડયા છે.

૩. એક મોટા કોરાણની જગ્યા. એક બીજી જગ્યા અલીઆબાદ નામની પડોશમાં માર્ગમાં જતાં મળે છે, તેને "કુહે કોરાન" એટલે "કોરાણનો પહાડ" કહે છે. અહીં માર્ગમાં ઉતરી આપણે એક પહાડ ઉપર થોડેક ઉંચાઇએ જઇએ છીએ ત્યારે એક મકાનમાં એક કોરાન મેલેલું જોઇએ છીએ. તે ઘણું મોટા કદનું છે અને તેનું વજન સતર મણનું કહે છે. આ મકાનની બારીઓએ સેંકડો સ્ત્રીઓએ કોઇ નહીં ને કોઇ માનતાઓ કમ સંખ્યાબંધ દોરાઓ બાંધ્યા છે કે તેઓને ત્યાં ફરજંદો અવતરે યા તેઓની મુરાદો બર આવે. આ મોટું કોરાન હઝરત ઇમામ હુસેને પોતાને હાથે લખેલું કહેવાય છે. આપણે આપણા વંદીદાદના હાથના લખેલા કોઇક પોથાઓને મોટા પોથાઓ સમજતા આવ્યા છીએ. પણ યુરોપમાં કોઇક દેવળોમાં બાઇબલોના જે મોટા પોથાઓ મેં જોયા અને અહીં

જે કોરાનનો પોથો જોયે તે આગળ આપણા વંદીદાદના પોથાઓ તો કદમાં ઘણા નાના ગણાય. જેમ અહીંનો કોરાનનો પોઠો આપણા વંદીદાદન પોથા ઉપર ધ્યાન ખેંચે છે, તેમ કોરાનના સંબંધના દોરાઓ વંદીદાદના સંબંધના દોરાઓની યાદ આપે છે.

વંદીદાદના દોરા. આ તરફ ધર્મના યા પુરાણા મકાનોના સંબંધમાં દોરાઓ (thread) સાથે કાંઇક ધાર્મિક ખ્યાલો જોડાયલા આપણે જોઇએ છિએ. મને આગલા કોઇ દહાડા યાદ આવે છે કે જ્યારે આપણી સ્ત્રીઓ નીરંગદીનની મોટી ક્રિયા દરમ્યાન વંદીદાદ ભણતા મોબેદ (જોતી) પાસે કોઇ દોરા વણાવવી, જે તેઓ એક પ્રકારનાં તાવીજો તરીકે પોતે યા પોતાના વહાલાઓની બાજુએ બાંધતી. કોઇ જોશીઓનાં દોરા ચીઠ્ઠીઓ કરતાં આ બહેતર માન્યતાની ચીજ અને તાવીજ ગણાતાં. આપણી કુસ્તી પણ એવા દોરાઓ વણેલી પવિત્ર દોરી (sacred thread) છે. ફ્રેનસીસકન સાધુઓ પણ કાંઇક પવિત્ર ખ્યાલોની નિશાણી તરીકે એક દોરડી પોતાની કમરે બાંધે છે. પણ આ સર્વમાં અહીં, આ મોટાં કોરાનની જગ્યાએ જોયું તેમ, ઇરાનનાં ઘણાંક ભાગોમાં દોરાઓ સાથે ઇસલામી સ્ત્રીઓની ધણીક માન્યતાઓ જોડાઇછે. તેમાં આપણું ખાસ ધ્યાન ખેંચનારૂં આ છે કે અસલી પુરાણા આપણા ખંડીએરો સાથે પણ એઓ એવા માનતાવાળા વિચારો જોડે છે.

૪. અત્રેનાં નક્ષો. આ મંજાવર મોટાં કોરાનવાળા પહાડ ઉપર, પહાડની એક કટણે, એક નક્ષ છે, જે ત્યાંવાળા એક સીપાહ રખેવાળે જમશેદના નક્ષ તરીકે અમોને દેખાડયો. પણ તે દેખાવે તુરત આપણને કોઇ પાછલા ઇસલામી પાદશાહનો દીસે છે. વચમાં એક દમામદાર પાદશાહનું ચિત્ર છે. તેના જમણા હાથ ઉપર કાનમાં વીંટી (ear-ring) સાથનો એક નક્ષ છે. આ ચિત્ર કૈકાઉસના તરીકે અમોને દેખાડવામાં આવ્યું. એ ચિત્રો પાસેનું બીજું એક ચિત્ર અમોને રૂસ્તમના ચિત્ર તરીકે દેખાડવામાં આવ્યું. અલબતે દેખાવમાં તે રૂસ્તમ જેવું કદાવર છે, પણ તે પાછલા વખતનું છે. આ ચિત્રો શુજા નામનાં આ તરફના એક હાકેમનાં કોતરાવેલાં ગણાય છે, કે જે ધણીના બાપ રોકન અદ દુલાના નામ ઉપરથી અત્રેના રૂકનાબાદની જાણીતી નદી યા નાલાંએ પોતાનું નામ લીધું છે. આ પહાડ ઉપરથી થોડેક તફાવતે દીસતાં શીરાઝ શેહેરનો દેખાવ ઘણો સુંદર દીસે છે.

૫. રોકનાબાદની નદી. આ પહાડની કટણે રોકનાબાદ નામનું જાણીતું નાળું વહે છે કે જેને જાણે હાફેઝે પોતાની ગઝલમાં અમર કર્યું છે. ઇરાનના આ જાણીતા શાએરની નીચલી લીટીઓ જાણીતી છે અને મને એક રીતે માનીતી છે, સબબ કે મારી જીંદગીમાં કોઇ સાએરની કોઇ લીટીઓ મેં એટલી બધી વખત લલકારી નથી કે જેટલી આ શીરાઝ અને તેની રોકનાબાદ નદી અને તેના મુસલ્લાને યાદ કરતી લીટીઓ મેં લલકારી છે.

"અગર આન તુર્કે શીરાઝી બદસ્ત
આરદ દલેમારા,
બખાલે હીંદુ યશ બખશમ સમરકંન્દ
વ બોખારારા;
બેદેહ સાકી મએ બાકી કે દર જીંન્નત
ન ખાહી યાફત,
કેનારે આબે રોકનાબાદ વ ગુલગશ્તે
મોસલ્લારા."

(દીવાને હાફેઝ ગઝલ ૬)

અર્થ—અગરજો શીરાઝની પેલી ખુબસુરત સ્ત્રી મારાં દેલને પોતાને હાથ લાવે તો તેણીના મોંહ ઉપરના એક ખીલ માટે હું સમરકંન્દ અને બોખારા શહેરો આપી દેઉં. આ સાકી! મને (તારા સીસામાં) બાકી રહેલો શરાબ નાખી દે,

સબબ કે બેહેસ્તમાં રોકનાબાદની નદીનો કિનારો અને મોસલ્લાના ગુલાબની જગ્યા મળશે નહી.

આ લીટીઓમાંની પહેલી બેને મેં પારીસથી લખેલાં આગલાં મારાં એક પત્રમાં યાદ કીધી છે, સબબ કે ફ્રાંસના શાએર મોલીએરે પોતાના એક નાટક (Misanthrope Act I Scene 2) માં પેરીસને ખાતૂં ગણવા છતાં એક માનીતી પ્યારી સ્ત્રીનાં પ્રેમને વધારે પ્યારો ગણ્યો છે. એક હદ સુધી શાએર તરીકે હાફેઝનાં લખાણો બાતેનમાં ખુદા તરફનાં પ્રેમ પ્યાર અને પ્રીતીને કેમ લાગુ પડે છે તે આપણે જાણીએ છિએ.

આ પહાડની કટણ ઉપર જ્યારે મને આ રોકનાબાદનું નાલું દેખાડવામાં આવ્યું, ત્યારે એક હાથ ઉપર આ જાણીતાં અને મનમાં માની લીધેલાં માનીતાં નાલાંના દર્શન કરતાં મને ઘણી ખુશી હાંસેલ થઇ, અને મેં તેનાં પાણીને આવાં પજદનાં પાણી તરીકે મારી આંખે લગાડયું. પણ બીજા હાથ ઉપર કાંઇક નીરાશી આ સબબે લાગી કે મનમાં એક નાની નદીનો યા નાલાંનો જે ખ્યાલ બાંધ્યો હતો, તેનાં કરતાં આ ઘણું નાનું નાલું હતું. કોણ જાણે હાફેઝનાં વખત પછી તેના કદમાં અને પાણીના જથ્થામાં ઘટાડો થયો હશે.

આ નાલાંને જોઇ તેનાં પાણીને આંખે લગાડતાં મને મારી જવાન શીખલી જીંદગીના દહાડાઓ તરેહવાર વિચારો સાથે યાદ આવ્યા. હું કોલેજમાં પેલા જાણીતા ફારસી ઉસ્તાદ પ્રોફેસર ભારઝાં હેરાતનાં હાથ હેઠળ હાફેઝની ગઝલો શીખતો હતો. તે વખતે હું મારો અભ્યાસ કરવા પાછલી રાત્રે બામદાદની આગમજ ચાર વાગતે યા તે આગમજ બીદાર થતો હતો અને કોલેજ માટે જે પહેલો પાઠ કરતો હતો, તે ફારસીના પુસ્તકોનો હતો. આ સબબે હું તે વખતના કોપરેલના કાંઇક ઝુંદતા જાગતા દીવા હજુર બુલંદ અવાજે હાફેઝની ગઝલોનો મારો પાઠ અવારનવાર વાંચતો અને મારાં ઘરને જાણે તેઓની મીઠી ઉંઘમાંથી કાંઇક બીદાર કરતો હતો. પણ તે વાંચણનો કાંઇક ગાયણરૂપી અવાજ જે મારા કાન ઉપર પડી મને મોજ અને શરૂ થતા દિવસનાં કામ માટે કાંઇ સગનવંતી ઉલટ આપતો હતો, તે મારાં કુટુંબને આવકારદાયક થઇ પડતો હતો. તેવી રીતનાં વાંચનથી હું જાણે મારા અવાજને પણ ખીલવતો હતો. હાફેઝનાં આ વાંચનમાં ઉપલી લીટીઓ તેની મશહુરી અને સુંદરતાને સબબે મને યાદ રહી ગઇ છે અને તે કોઇક સુંદર નદી નાલાંની જગ્યાએ મેં લહ-કારી મારા જીવને આનંદ આપ્યો છે. કાશમારની મારી આસરે ૩૦ વર્ષપરની પહેલી મુલાકાત દરમીઆન ત્યાં અચી-બલ આગળનાં એક સુંદર નાલાંને કિનારે એક મદયાન બપોરે પાસેથી વહેતાં પાણીનાં ગાયણનો અવાજ સાંભ-ળતાં લીધેલું એક ભોજન મને યાદ આવે છે કે જ્યારે કાંઇ ઓરજ મજાહથી મેં એ:ગઝલની ઉપલી સતરો ત્યાં ગાઇ હતી.

બીજે દિવસે શીરાઝથી નક્ષે રૂસ્તમ જતાં મને એક જગ્યા આ રૂકનાબાદનાં નાલાનાં મુખ તરીકે દેખાડવામાં આવી, કે એ નાલું તે જગ્યાએથી શરૂ થતું હતું. તેમ દેખાડતાં મોટર ચોભાવી હાફેઝની ગઝલની યાદવાળાં મારાં આ માનીતાં નાળાંનાં મુખનાં મેં દર્શન કરી સંતોષ મેળવ્યો અને આગલી પાછલી પાછી યાદ કરી. ઉપર કહયું તેમ રોકન નામનો આ તરફ આવલ એક હાકેમ હતો, તેનાં નામ ઉપરથી આ નાલાંએ પોતાનું નામ લીધું છે.

વધારો—મેં તખ્તે જમશેદ નામ માટે ખુલાસો કરતાં આગલાં પત્રમાં જે કહ્યું છે કે અહીં દારાયસ પાદશાહની આગમજ પણ પાદશાહી મથક હતું, તેને ફીરદોસીના શાહ કેકોબાદનાં વર્ણન પરથી ટેકો મળે છે. એ શાએર કહે છે:

"બઝાન જા સુઇએ પારસ અન્દર કશીદ,
કેદર પારસ બુદ ગન્જ દારા કલીદ;

નશીરતન ગેહ આન ગેહ બ ઇરતખરબુદ,
કેઆનરા બદાન જાય ગેહ ફ્રખરબુદ."

ત્યારે ફીરદોસી પ્રમાણે આજ" દારા-
બસની આગમજથી પાદશાહી રાજધાની
અને ખજાનો હતો.

શીરાઝ, ખીયાબાને સેપાહ
જરથોસ્તી મથક.

તા૦ ૨૬ મી નવેમ્બર ૧૯૨૫.

શીરાઝ શેહેર.

શીરાઝ, જે તખ્તે જમશેદથી આસરે ૪૦ મૈલ છે, ત્યાં અમો તા૦ ૨૪ મી નવેમ્બરની સાંજે આવ્યા હતા. હજુર આફતાબ ઘણો ઉપર હતો. તેથી આ નામાંચ્યા શેહેરની અતરાફનો અને બહારથી ખુદ શેહેરનો સુંદર દેખાવ જોતાં જોતાં અમો શેહેરમાં દાખલ થયાં.

શીરાઝના સરવે સહી.

શીરાઝ શેહેરમાં દાખલ થતાં માર્ગમાં મળતા બાગોમાં સરવના જે સંખ્યાબંધ ઝાડો જોયાં તે ઝાડોએ મને પાછી તખ્તે જમશીદની કાંઇક યાદ દેવાડી અને હું સમજી શક્યો, કે તે મેહેલના નક્ષોમાં, ખાસ કરી મેહેલની પાદશાહી સીડીઓ ઉપરના નક્ષમાં, થોડાક થોડાક ચિત્રોના ઝુમખા બાદ આપણે જે સુંદર ઝાડોના છુટાં ચિત્રો જોઇએ છીએ, તે ઝાડો આ સરવના ઝાડો છે. તે નક્ષ ઉપરનાં ઝાડો અને હાલના આજના જીવતાં જાગતાં ઝાડો ઘણીક હદે મળતાં દેખાય છે. એની ઉપરથી એમ ધારી શકાય છે કે શીરાઝમાં સરવનાં ઝાડો જે માટે એક ઓરતની સુંદરતા વર્ણવતાં ફીરદોસી જેવા સાએરો "સરવ સહી" એટલે "સીધા સરવના ઝાડ માફક" એવી ભાષા-રૂઢી વાપરે છે, તે ઇરાનના આ ભાગ તરફ હખામીની-અન વંશના પાદશાહોના વખતથી ઉગતાં આવ્યાં છે. હાલમાં જેમ ઇરાનમાં તેમ હીંદુસ્તાનમાં આ સરવના ઝાડને ચોક્કસ રીતે કાપીને ઉગતાં (trim) કરે છે, જેથી એ ઝાડો પકાયા "પીરેમીડ" માફક નીચેથી ગોળાકાર ચડતી ઉપર ટોચ રૂપે બને છે. તખ્તે જમશીદની મેહેલની સીડીઓ ઉપર આપણે ચિત્રોમાં થોડે થોડે અટકે એ ઝાડો ટ્રીમ કરેલાં પાડેલાં જોઇએ છિએ. તે ઉપરથી ધારી શકીએ છિએ કે આ સરવનાં ઝાડોને "ટ્રીમ" કરવાની રીત પુરાણી ઇરાની રીત છે.

પેગમ્બર જરથોસ્તનું સરવનું ઝ.ડ.

ઇરાનના કવીઓએ ઇરાન સાથે સરવના ઝાડોને જે વહાલ સાથે જોડયું છે, તે ઇરાની વહાલની નિશાની આપણે આપણા પેગમ્બરનાં નામ સાથે જોડાયલાં સરવના ઝાડના સંબંધમાં પણ જોઇએ છિએ. ફીરદોસી કહે છે કે પેગમ્બર જરથોસ્ત શાહ ગુસ્તાસ્પની દરબારમાં એ "સરવ સહી" લાવ્યો હતો અને તે એક આતશકદેહ આગળ રોપવામાં આવ્યું હતું. એ સરવના ઝાડને તે કશ્મરનું સરવ (સરવે કશ્મર) કહે છે. દંતકથા એક જગાવને બીજી જગ્યાએ કેમ ફેરવી નાંખે છે, તેનો દાખલો પેગમ્બર જરથોસ્તના નામ સાથે જોડાયલાં આ સરવના ઝાડમાં મળે છે. ફીરદોસીએ તેને કશ્મર, જે ઇરાનનો એક મુલક છે, તે મુલકનું જણાવ્યું છે, તે ઉપરથી મુલ્લાં મોહસન ફાની દબિસ્તાન કેતાબમાં આ કશ્મરને કેશમીર સમજ્યો અને પોતે કેશમીરના મુલકનો હોવાથી પેગમ્બર જરથોસ્તનું સરવ કેશમીરમાં હતું એમ જણાવે છે. એની ઉપરથી મુલ્લાં બાદ મરહુમ દસ્તુર એરચજી મહેરજીરાણાએ પણ પેગમ્બર જરથોસ્તના આ ઝાડને પોતાની "રેહબરે દીને જરથોસ્તી"માં કેશમીરમાં મુક્યું છે. કેશમીરમાં એક વખત જરથોસ્તીઓની વસ્તી હતી, એમ સદરહુ ઉપરથી માલમ પડે છે, તેથી કદાચ તેવણ પણ આ મુલક તરફ ધસડાયા હોય.

શીરાઝ એક પુરાણું મુલક.

શીરાઝ તરફના આ મુલકની અતરાફમાં ઘણાંક પુરાણાં નક્શા મળે છે. તે ઉપરથી આ મુલક ઘણો પુરાણો માલમ પડે છે. એક આરબ લખનાર તો કહે છે કે તેહમુરસ્પ પાદશાહનો શીરાઝ નામનો એક બેટો હતો તેના નામ ઉપરથી આ શહેરે પોતાનું નામ લીધું છે. કેટલાક આરબ લખનારાઓ ઘણાંક શહેરોના નામ એમ આગલા જમાનાઓના નામાંકીત પાદશાહોના નામો ઉપરથી લે છે, તે સબબે આપણે આવી ઉત્પતી એકદમ માન્ય કરવાની નથી. કોઇ આ નામનો અર્થ સંહિ (શીર) નું પેટ એમ કરે છે અને કહે છે કે એ શેહેર આજુબાજુના શહેરોના પેદાયશની ચીજો મેળવી પોતે વાપરે છે, પણ પોતે તે શહેરો તરફ ઘણી થોડી પેદાયશ મોકલે છે તે સબબે એને "સંહિનું પેટ" એવે નામે ઓળખ્યું છે.

શીરાઝનો શીરાઝી વાઇન અને સ્પેનનો શેરી વાઇન.

આગલા પત્રમાં જણાવેલી સતરોમાં હાફેઝ સાહેબ પોતાના શીશામાં બચેલા બાકીનો શરાબ નાખી દેવા આગ્રહ કરે છે, તે આગ્રહ આપણને યાદ આપે છે કે શીરાઝનો વાઇન જગમશહુર છે. એવું દીસે છે કે યુરોપનો "શેરી" (sherry) વાઇન શબ્દોમાં શીરાઝના વાઇનનું જ એક રૂપ છે. "શેરી" શબ્દ "શીરાઝ" શબ્દનું જ જાણે એક રૂપ છે. આપણે જાણીએ છીએ કે સ્પેનનો શેરી વાઇન મશહુર છે. સ્પેનમાં શેરીઝ (Xeres) નામની એક જગા છે. તેની દરાખ ઘણી સરસ તરીકે જાણીતી છે અને તે દરાખમાંથી બનતો વાઇન પણ જાણીતો છે. કહે છે કે એ "શેરીઝ" નામની જગા ઉપરથી "શેરી" વાઇને પોતાનું નામ લીધું છે. હવે ઇરાનને છોડીને અને ઇરાન થઇને જ્યારે ફતેહમંદ આરબો, મેં આગળ સ્પેન તરફના મારા એકાદ પત્રમાં જણાવ્યું છે તેમ, આફ્રીકાના ઉત્તર કિનારે કિનારે થઇ સ્પેનમાં ગયા અને ત્યાં આસરે સાતસો વર્ષ કદીદામ થયા, ત્યારે તેઓએ ઇરાનથી જે શીખી ગયા હતા, તેમાંનું ઘણુંક સ્પેનને અને તે મારફતે યુરોપને આપ્યું અને તેમાં ઉત્તમ પ્રકારની ખેતી અને તેમાં દરાખના વેલાઓની ખેતી પણ હતી. કહે છે કે મધ્ય જમાના (Middle ages)માં એ આરબોએ શીરાઝથી ઇરાનીઓને શરાબ બનાવવા કાજે તેડ્યા હતા. તેમ થતાં તેઓએ ઇરાનની દરાખની વાવણી સ્પેનમાં શરૂ કીધેલી ગણવામાં આવે છે અને ઉપલું "શેરીઝ" નામનું નામ પણ "શીરાઝ"નું આરબોએ આપેલું રૂપ ગણાય છે.

હવે ઇરાને આરબો મારફતે સ્પેન ઉપર દરાખની ખેતીની બાબદમાં અને દરાખના દારૂ યાને શરાબ યા શેરીની બાબદમાં જે અસર કરી હતી, તેની સાબેતી, મારા વિચાર પ્રમાણે, શેરીની બનાવટમાં સ્પેન ખાતે વપરાતા એકાદ બે શબ્દોની ઉત્પતીમાં મળે છે. (ક) દાખલા તરીકે સ્પેનમાં શેરી વાઇનના ભંડારો (Wine-cellars) "બોદે ગાસ" તરીકે બોલાય છે. હું ધારૂં છું કે એ શબ્દ ફારસી "બાદે-ગાહ" એટલે "શરાબ (બાદેહ)ની જગા (ગાહ)" છે. "ગાહ" શબ્દ અસલમાં પહેલવીમાં "ગાસ" છે. (ખ) વળી સ્પેનમાં જે શેરી વાઇનને કેટલાંક વર્ષો સુધી જુનો બનાવવા સાચવી રાખેલો હોય છે તેને સોલેરાસ (soleras) કહે છે. હું ધારૂં છું કે એ શબ્દ ફારસી "સાલવાર" એટલે "ઘણા વર્ષનો" શબ્દ છે. આપણા આદરબાદના પહેલવી પંદનામામાં જે એક શીખામણ છે તે જુના ભરી રાખેલા શરાબની વધતી જતી કીમતના સંબંધમાં યાદ આવે છે. ત્યાં આદરબાદ પોતાના બેટાને નીચલી મતલબની

શીખામણ દે છે, કે "જેમ શરાબ જુનો થાય છે તેમ તે કિંમતમાં વધે છે અને પાદશાહોને પીવા લાયક કિમતી બને છે, તેમ તું દોસ્તોના સંબંધમાં સમજજે કે જુના દોસ્તોને ચાહીને તેઓને સાચવી રાખજે સબબ કે જેમ એક દોસ્ત ઘણા વર્ષનો જુનો દોસ્ત હશે તેમ તે તુંને ઘણો કિંમતી અને ઉપયોગી થઇ પડશે."

ખુદ શીરાઝમાં આપણી પારસી નજરે જોવાનું પુરાણું ઘણું થોડું છે. આ શેહેર મુખ્ય કરી તેના સુંદર બાગ બગીચાઓ માટે, તેના સુંદર ગણાતા શરાબ માટેના દરાખના વેલાઓ માટે અને તેના સુંદર સરવના ઝાડો માટે, જોવા લાયક શેહેર ગણાય છે. આજુબાજુની જગાઓમાં પડોશનો બાબાકુહી નામનો પાહાડ અને તે તરફની દર સાલની કુરબાની માટેની કુરબાનગાહ, એ બન્ને તરફ આપણું કાંઇક ચાહથી ધ્યાન ખેંચવામાં આવે છે.

હાફિઝ અને સાદીની કબરો.

આ શેહેરનું નામ બાબી ધર્મના સ્થાપક બાબ સાથે અને જાણીતા સાએરો હાફિઝ અને સાદીના નામો સાથે જોડાયલું છે. એઓમાં હાફિઝ અને સાદીની કબરોની તા૦ ૨૬ મી નવેમ્બરની સવારે મેં એક પવિત્ર હજ સમાન મુલાકાત લીધી હતી, સબબ કે આગળ જણાવ્યું છે તેમ કોલેજના અભ્યાસ દરમ્યાન આ સાએરોના લખાણમાં કાંઇક મોજ લઇ મેં ઘણાક બોધ મેળવતા કલાકો પસાર કર્યા હતા.

ઇરાન હજુર પણ અવારનવાર નામીચા ફારસી સાએરો ઉત્પંન કરે છે, તેઓમાં એક "ફુરસત ઉમદ આયેત" નામના એક કવીની કબર મુસલ્લામાં છે. એ સાએર પોતે એક સખી ચિતારનાર (નકાશ) પણ હતો. તેણે પોતે પોતાને હાથે પોતાની ચિતારેલી સખી આ કબર આગળ મેલી છે. જાણીતા સાએરો હાફિઝ અને સાદીની કબરો જોઇ મારી નોંધપોથીમાં નોંધેલા નિચલા શબ્દો પાછા યાદ કરી હું આ શેહેરની મુલાકાત અને તેના આ સાએરોની જીઆરતગાહની મુલાકાત માટે શુકરાના કરૂં છું. "શુકર તું દાદારના કે આ મારા ઉસ્તાદોની કબર તેં મને દેખાડી."

હાફિઝની કબરવાળી જગ્યા સાદીની જગ્યા કરતાં વધારે સુંદર ને ખેંચાણકારક છે. હાફિઝની કબરવાળો બાગ "હાફિઝીઆ" અને સાદીની કબરવાળો બાગ "સાદીઆ" એમ બોલાય છે. આ કબરોની જગ્યાઓ તરફ જતાં ઉંચે એક જગ્યા "કોહપે એ ચાહ બનદે" એવે નામે ઓળખાય છે, સબબ કે એ કીલ્લા સમાન બાગમાં એક મોટો કુવો (ચાહ) આવ્યો છે. આ તરફ આપણે શીરાઝનો જાણીતો "દેલ કુશાએ" એટલે "દેલને ખુશી આપનાર" બાગ જોઇએ છીએ. તેની ખુશનુમાં રંગીન બંટરડીઓ તેને સીંગાર આપે છે.

શીરાઝમાં બીજી જોવાની જગ્યા મુસલ્લા નામની છે. જેને હાફિઝે ઉપર જણાવેલી પોતાની ગઝલમાં રોકનાબાદનાં નાલાં સાથે મશહુર કરી છે. એવું દીસે છે કે હાફીઝે આ મુસલ્લાની જગ્યાને તેની પડોશમાં ઉપલું રૂકનાબાદનું નાલું વહેતું વહેતું આવે છે તે સબબે ખાસ કરી યાદ કીધી છે. તેની ગઝલ પ્રમાણે, એ ખુશનુમા જગ્યામાં તેણે સાકી પાસે શરાબ માગ્યો, એવું જણાવીને કે બેહશ્તમાં પણ આવી સુંદર જગ્યા નહી મળશે. આ મુસલ્લાના બાગમાં રૂકનાબાદનાં પાણીને દાખલ કર્યું છે.

આ મુસલ્લાવાળી જગ્યામાં ૪૦ દરવેશોની હારબંધ કબરો છે. બીજી બાજુએ પણ કેટલીક કબરો છે. ઉપલા સાએરોની કબરોવાળી જગ્યામાં એ સાએરોની પોતાની લખેલી કેટલીક સતરો લખી છે. અહીં વાંચેલી નીચલી સતર આપણને ઘણી બોધકારક લાગે છે.

"આએ દેલ? ગુલામે શાહે જેહાન
બાશ વ શાહ બાશ
પએવસ્તે દર હમાયતે લોત્ફે અલ્લા બાશ."

અર્થ—ઓ (મારાં) દેલ ! તું દુનીઆના પાદશાહનો ગોલામ થા અને તું પોતે પાદશાહ થા અને હમેશાં ખોદાની મહેરબાનીનાં રક્ષણમાં રહે.

મતલબ આ કે જો તું પાદશાહ થાને સતાવાળો યા શકતીવાન થવા માંગતો હોય, જો તું ખુદાતાલાની માયા મેહેરબાની મેળવવા માંગતો હોય, તો તું દુનીઆના પાદશાહનો ગોલામ થા.

"પાદશાહી મેળવવા માટે એક ધણીએ પહેલા ગોલામ થવું જોઇએ," એ શીખામણ ઘણાંક રૂડા વિચારો—નમનતાઇ, ફર્મોનબરદારી, સાધેસાઇ, કાયદાકાનુનોને માન, વડાઓ તરફ માન અને ફર્મોનબરદારી એ સર્વેના રૂડા વિચારો—આપે છે. એક ફર્મોનબરદાર સેપાઇ વખત જતે ફતેહમંદ સરદાર બને છે અને બીજા સેપાહોની ફર્મોનબરદારી માન સાથે ખેંચે છે.

ઇરાની અખાત, સ્ટીમર બરસોવા,
તા૦ ૩૦ મી નવેમ્બર ૧૯૨૫.

નક્ષે રૂસ્તમ.

શીરાઝની અમારી મુલાકાત ટુંકી હતી. અમોએ બુશાયર માર્ગે મુંબઇ આવવા માટે તા૦ ૩૦ નવેમ્બરની સ્ટીમરમાં પેસેજ નોંધાવી હતી. તે સબબે અમોને ઇરાનની સફરના શીરાઝ પછીના તબક્કા માટે કાંઇક દોડાદોડ કરવાની ફરજ પડી હતી. જેમ હાલમાં મામલો છે તેમ તમારી સફરનું ક્રમ દિવસે દિવસ બરાબર મુકરર કરી શકો નહી. એક મંજલથી નિકળતાં ધાર્યું હોય કે સાંજ સુધીમાં બીજાં કોઇ મોટાં શહેરની મંજલે પહોંચી જઇશું. પણ માર્ગની યા મોટરની યા એવી કોઇ બાબદની અડચણ નિકળી આવતાં, આખી રાત કોઇ વચમાંના ઓછી અગતવાળા ગામમાં કાંઇક ઓછી સગવડમાં કાઢવી પડે. વળી કોઇ ન ધારેલે સબબે એક મંજલે એકાદ દિવસ અટકી પડવું પડે. દાખલા તરીકે યઝદમાં ખાસડા પોટલાં બાંધી મોટરોમાં બેસવા જતાં શોફરની અડચણ નીકળી આવી કે તેના ઉપર કાંઇ તવાઇ આવી હતી અને તેથી તેને અટકાવવાને પછવાડેનાં મથકેથી તાર આવ્યો હતો. માલમ પડયું કે તેના ઉપર અણુઘટતો અટકાવ નાંખ્યો હતો અને તેને અમારી સાથે આવવા દીધો. એવા એવા સબબો ને લીધે બગદાદથી નીકળતાં બુશાયર સુધીનો કેરમાન સુધાં જે પ્રોગ્રામ ઘડયો હતો, તે અવાર નવાર ઉલટાઇ જતો. તેથી શીરાઝથી અમોને કાંઇ દોડાદોડી કરવી પડી હતી અને કેરમાનને છોડી દેવું પડયું હતું, અને ત્યાંના કેરમાની જરથોશ્તી ભાઇઓના મુબારક દીદારો જોઇ શકયા હતા નહીં. પણ જરથોશ્તી વસ્તીમાં કેરમાન કરતાં યઝદ મોટું શહેર હોવાથી ઇરાનના જરથોશ્તી ભાઇઓની હાલત અને રાહરીતીનો ત્યાંજ કાંઇક થોડો ખ્યાલ બાંધી શકયા હતા. આવા સંજોગો વચ્ચે અને મુસાફરીની ભાંધ છોડ સબબે અને જોવા જાણવાની કાળજી વચ્ચે, હું એક જગ્યાએ લખવાનું જે શરૂ કરેલું તે બીજી જગ્યાએ તમામ કરતો. પણ શીરાઝ તરફનું અને શીરાઝ પછીનું લખવાનું તો બુશાયરથી સ્ટીમર પર સ્વાર થવા બાદજ હાથ ધરી શકાયું.

તા૦ ૨૫ નવેમ્બરની સવારે શીરાઝથી ત્યાંના બે જરથોશ્તી ભાઇઓ સાથે નક્ષે રૂસ્તમ જવા નિકળયો હતો. માર્ગમાં રૂકનાબાદના નાલાના પુળનાં દર્શન કર્યાં. બાઝગાહ યા વાઝગાહ નો પહાડ માર્ગમાં બાજુએ પસાર કર્યો. આ પહાડને આ નામ આ સબબે આપવામાં આવેલું કહેવાય છે કે ત્યાં આગળ રસ્તાનો કર (બાઝ) લેવામાં આવતો.

આપણો "બાજ" શબદ.

આપણા ખાસ પારસી શબ્દોમાં "બાજ અને સીઆવ" એ શબ્દોએ મને ઘણો ગુંચવાવ્યો છે અને હજુર કાંઇક ગુંચવાવે છે. તેઓની મને આ પહાડના નામ ઉપરથી પાછી યાદ આવી. કોઇ પેશીની

"બાજ કરવી અને સીઆવ કરવો," એમાં એ "બાજ" અને "સીઆવ" શું શબ્દો છે, તે બાબે જુદા જુદા વિચારો આપવામાં આવે છે. મને લાગે છે કે આપણી ફીરદોસીમાં "બાઝ વ સાવ" એટલે "ખંડણી અને કર" એવા જે શબ્દો વારેઘડીએ વાચ્યે છીએ તે શબ્દો આપણી ધાર્મીક ભાષામાં કદાચ દાખલ થયા હોય. મારો તરફ આપણી કાંઈક જરૂરી ફરજોથી બંધાયલા છીએ. તેઓને જે જે ઘટતું હોય તે આપણી ક્રિયામાં આપવું જોઈએ. એવા ખ્યાલ સબબે એ શબ્દો આપણામાં દાખલ થયા તો નહી હોય? મારી સાથવાળા જરથોસ્તી ભાઈઓને પુછતાં બાજમાં ઘંજવામાં આવતાં કપડાં માટે "સીઆવ" શબ્દ એઓમાં અહીં સાધારણ વપરાતો નથી.

આગળ ચાલતાં માર્ગમાં બાજુએ "આબે બારીક" નામનો પહાડ પસાર કર્યો. ત્યાં એક નાનું (બારીક) નાળું (આબ) છે, તે ઉપરથી એ પહાડે પોતાનું નામ લીધું છે. પછી ઝરકાન ગામ પસાર કર્યું. માર્ગમાં આપણા ગુજરાતની માફકનાં ખેતરોને પાણી પાવાનો કોશ એકાદ જગ્યાએ ફરતો જોયો. જેને એઓ અહીં "ગાવ ચાહ" એટલે "બળદ ઉતરવાનો કુવો" કહે છે. આગળ વધતાં દુરથી એક બરફ સાથનો પહાડ દીસવા લાગ્યો. પછી "નવાકલી ઝર્કાન" નામની જગ્યા જ્યાં ટોલ લેવામાં આવે છે, ત્યાંથી "રૂદખાને એ બન્દામીર" નામની આપણાં એક કાવ્યમાં થોમસ મુરે લાલારૂખમાં પસારો કરેલી નદી પસાર કરી. ત્યાં ઉતરી તેનાં પાણી સરોઆશને લગાડી કાંઈક આગલી પાછલી યાદ કીધી.

આ અંગ્રેજી શાએર, જેને મેં કેશમીરમાં કેટલીક વખત યાદ કરેલા અને જેની લાલારૂખ સાથે મારાં વાંચણો મારફતે મારાં વાંચનારાંઓની અનેકવાર ઓળખાણ કરાવેલી, તેને કાંઈક હર્ખ સાથે અહીં યાદ કર્યો. એક સુંદર સવાર યાદ છે કે જ્યારે કેશમીરવાલા મા૦ હકીમ જજની સહેમાનદારી આપતાં હાલ સમુદ્રમાં સેહેલ કરતાં, મરહુમ મીસીસ મહેરામજી મલબારીની પાછળથી, લાલારૂખનાં મારાં દાસ્તાનમાંથી આ બન્દેમીરને યાદ કરતી લાલારૂખના ક્રાનની ધીન તરફની બાન-ફેસાનીના કોઈક ફકરાઓ લલકાર્યા હતા.

આજના માર્ગનો કેટલોક ભાગ તખ્તે જમશીદથી શીરાઝ આવતાં જે રસ્તો કાપેલો હતો તેનોજ ભાગ હતો. તે તમામ કરતાં મર્વદસ્તના મેદાનમાં આવી લાગ્યા. આગલે દહાડે તખ્તે જમશેદના મહેલના પ્લેટફોર્મ ઉપરથી મર્વદસ્તનાં ખુલ્લું મેદાનને જોયું હતું અને આજે મર્વદસ્તનાં મેદાનમાંથી તખ્તે જમશીદને જોયો. મેદાના મેદા[illegible] જતાં દુરથી તેનાં ખંડીઆરો [illegible] દીસતાં હતાં. એઓ જે એ ખંડેરોમાં [illegible] ઉભાં છે, પણ તેના [illegible] બીજાં ઘણાં મકાનો હોવાં જોઈએ.

માર્ગમાં [illegible]

જલ્યાન ગામ. [illegible]

[illegible] પસાર કરી

આશરે [illegible] વાગે [illegible] ગામ આવી [illegible] છોડી. [illegible] આપણે [illegible] ધરો જોઈએ છીએ, તેમ અહીં પોલ માફક દિવાલોના વચ્ચે [illegible] ધરો [illegible] આપણે જોઈએ છીએ. આ ગામમાં આશરે [illegible] ઘરની વસ્તી છે અહીં નથી કોઈ મસ્જીદ કે નથી કોઈ નિશાળ. અહીં બપોરનું ખાણું ખાઈ [illegible] સવારે [illegible] નહીં રૂસ્તમ જવાનું હતું. [illegible] ઘોડા નક્કી કરવામાં ગોઠવણ થાય, તેટલાં ગામમાં લટાર મારી આવ્યો અને ગામની એકાદ બે બાઈઓ પાસે બરમાનું હાલરડું ગવાડ્યું.

હાલરડાંઓ સાંભળવામાં હું કાંઈક મોજ લઉં છું. ઘણીક જગ્યાએ હાલરડાંઓ સાંભળ્યાં છે. મારા વડા બેટાના જન્મ વેળાએ મેં પોતે એક જરથોસ્તી હાલરડું જોડ્યું છે, જે ઘણીક

રાતોમાં મારાં ધણીઆણી સાથે ઝોળી ઉપર માથું મેલી બચ્ચાંઓને સુવાડતાં હરખભર્યાં હૈડાંથી મેં ગાયું છે. તે મારું હાલરડું અને માથેરાન, મહાબળેશ્વર વગેરે જગ્યાએ સાંભળેલાં હાલરડાં મારાં કેટલાંક એનથ્રોપોલોજીકલ વિષયોમાં મેં આપ્યાં છે. આ સર્વેની તળે ટીપે આપણે જોઈએ છિએ તે આ કે, વાજબી રીતે કહેવાય છે તેમ, માણુસજાતનો ખવાસ સામાન્ય રીતે એકજ છે (Human nature is always the same). ઘણાંએક હાલરડાંઓમાં માબાપ બચ્ચાંને પોતાનો જીવજાન આપવા કહી તેને માટે નીંદ્રા દેવીને બોલાવે છે. આ ઘર-ધણી ધણીઆણી અને ત્રણ બચ્ચાં મળી ૫) જણનું, આસરે ૧૦ ગુણ્યા ૧૫ ફીટના એક ઓરડાવાળું ઘર હતું. ઘર ધણીઆણીએ કાંઈક સુંદર સરોડે હાલરડું ગાઈ સમજાવ્યું. જે "લાલા લા નાને જાન" થી શરૂ થઈ તેજ શબ્દો વારનવાર સમજાવતું. તેમાં માતાની દુઆની મતલબ આ હતી કે "ઓ માએના જાન! તું સુઈ જા, તું પોઢી જા." સર્વ હાલરડાંઓ એમ નીંદ્રાદેવીને આમંત્રણ કરે છે.

નહી મસજીદ કે મુલ્લાં, નહી નિશાળ કે શીક્ષક, એવું આ ગામ કાંઈ અજ્ઞાનપણાંમાં રહેતું હતું. એક જણને પેગમ્બરનું નામ પુછતાં "ઈમામઅલી" ને પોતાનો પેગમ્બર જણાવ્યો. આપણાં દેશમાં પણ માહેલા ભાગોમાં હજુર ઘણાંક ઇસ્લામી ગામો છે, કે જ્યાં એવું અજ્ઞાનપણું આપણે જોઈએ છિએ. મહાબળેશ્વરના ધાવડ લોકો વચ્ચે વારનવાર કેટલાક સહવારો પસાર કરી મેં ઇસલામી ધર્મના પહેલાં ત્વેનું એવું અજ્ઞાનપણું જોયું હતું (જુઓ મારો વિષય The Dhankars and Dhavars of Mahableshwar).

ખાણું ખાઈ બપોરે બારને શુમારે અમો નક્શે રૂસ્તમ માટે નિકળ્યા. હવે મોટર માટે રસ્તો નહી હોવાથી, ગધેડા ઉપર જવાનું હતું. માર્ગમાં શીર્વાન તરફથી આવતી નદી ઓળંગી. આ નદીમાં પાણી વધારે હોવાથી ગધેડાં ઉપર બેસતાં પગ પાણીમાં ડુબ્યા વગર રહે નહી તેથી માણસની ખાંધ ઉપર બેસી નદી ઓળંગવી પડી. વળી માર્ગમાં ખેતરોમાં પાણી લીધેલું હોવાથી કોઈક ખેતરો ઘણાં ચીકલવાળાં અને પાણીથી ભરેલાં બનેલાં હોવાથી, ત્યાં પણ માણસોની ખાંધ ઉપર બેસવું પડયું. એમ ચઢઉતર કરતાં આસરે પોણુ બેને શુમારે નક્શે રૂસ્તમના જાણીતાં નક્શ આગળ આવી પુગા.

નક્શે રૂસ્તમ-પાદશાહી લાશ-દાનોનું મથક.

મર્વદસ્ત અને તેની અતરાફમાં જેટલા અસલી નામીચા ઇરાની નક્શો અને મહેલોના ખંડીરો છે તેટલા ઇરાનના બીજા કોઈ ભાગમાં નથી. પાસારગડી, પાર્સીપોલીસ, ઇસ્તખર, નક્શે રજબ, નક્શે રૂસ્તમ, હાજીઆબાદ, વીગેરેની આ તરફની જગ્યાઓ ઇરાનના પુરાણા નક્શો અને બખાનો એક ઝુમખો પુરો પાડે છે. એ લત્તામાં જેમ પાદશાહોના રંગરાગના મહેલો અને એબાદતખાનાઓ છે, તેમ તેઓની સેવટની આરામગાહની પણ જગ્યાઓ છે. હખામીનીઅન વંશનું નામ આ અતરાફ સાથે ખાસકરી જોડાયલું છે. પડોશમાં મોર્ગાબમાં પાસારગદીમાં પાદશાહ સાઇરસના લાસ-દાનની યાને સેવટના આરામગાહની જગ્યા છે. ત્યાંજ કેઠે કદાચ તેના બેટા કેમબાઇસીસની લાસ-દાનની જગ્યા હોય.

એ લાસ-દાનવાળા પાદશાહો.

આ મર્વદસ્તનાં મેદાનમાં આ નક્શે રૂસ્તમ તરફ એઓના વારસોની સેવટની આરામગાહ છે, તેમાં દારાયસની આરામગાહ તે સાથના લેખથી ચોક્કસ ઠરી છે. બીજી ત્રણ લાસ-દાનોની જગ્યા તેના બેટા ઝર્કસીસની, નબીરા આર્ટા ઝર્કસીસ પહેલાની અને બેટાના નબીરા દારાયસ બીજાના ધારવામાં આવે છે.

તેની સામે કાંઇક દક્ષિણે આસરે પાંચ છ મૈલના તફાવતે આવેલા પારસીપોલીસનાં ખંડીએરોની પછવાડે પહાડના ખડકોમાં એ પાદશાહો પછીના પાદશાહોની લાસ–દાનો હોય, એમ આપણે આગળ એક પત્રમાં જોયું છે.

લાસ—દાનોની નીચે સાસાનીઅન પાદશાહોનાં નક્શા.

આ નક્શે રૂસ્તમમાં ઉપલા ચાર પાદશાહોની આરામગાહની જગ્યા ઉપરાંત જે જોવાનું છે તે આ આરામગાહોનો પહાડ, જે કાંઇક પૂર્વ પશ્ચિમ લંબાએલો છે. તેના ખડકમાં આ આરામગાહોની નીચેના ભાગમાં પાછલના વખતના સાસાનીઅન પાદશાહોના નક્શો છે.

તમો તમારી નજર સનમુખ આપણો વાલકેશ્વરનો પહાડ, જે અલબતે સરખામણીમાં, કદમાં અને ઉંચાઇમાં નાનો છે, તે ધારો. હેંગીંગ ગાર્ડનવાળા તેના આગલી તળેટીએ તમો પોતાને ઉભા રહેલા ધારો. આ પહાડ ઢળાવદાર છે. પણ તેને બદલે તમો તેની બાજુ કાંઇક ઉભી (perpendicular) ધારો. તમો ઉભા છો ત્યાંથી આસરે ૨૦ યા ૨૫ ફીટ ઉંચે પહાડની કરણે પહાડને કોતરી એક પ્લાટફોર્મ બનાવેલો ધારો, તે ઉંચેના પ્લાટફોર્મ ઉપર તમોને જવા માટે કાંઇ રસ્તો નથી. તમો જો જવા માગતા હોવો તો બે ત્રણ અનુભવી ધકાયલા માણસોને ઉપર મોકલો કે તેઓ બાજુના ખડકના કોઇ ભાગના ખભડાયલા વાંકા ભાગ ઉપરથી જેમ તેમ ઉપર ચઢી જાય અને ઉપર ચઢી તમારે માટે મજબુત દોરડું ઉંચેથી પકડી નીચે નાખે કે તેનો છેડો પકડી જેમ સ્ટીમર ઉપર દોરડું પકડી કોઇ પાએલટ યા ખલાસી ચઢે તેમ ખડકપર તમારા પગો ટેકવી દોરડું પકડી તમો ઉપર ચઢી જાઓ.

ઉપર પ્લાટફોર્મ ઉપર જતાં તમો જુઓ છો કે ખડકમાં અંદરથી ગોફા માફક ખોદીને તેમાં લાસ–દાનો એટલે લાસો મેલવાની પત્થરની પેટી (sarcophagus) ઓ મેલી છે. બહારના ભાગ ઉપર ઉંચેથી નક્શો છે. તમો ઉપર ચઢયા વગર નીચે ઉભા રહી જુઓ તો તમોને તમારેથી આસરે ૮૦ થી ૧૦૦ ફીટની ઉંચાઇએ એ નક્શો દેખાય. હવે ઉપરના આ લાસ–દાનો તે ઉપલા હખામનીઅન પાદશાહોની સેવટની આરામગાહો છે.

એ પાદશાહો પછી સીકંદરના વારેસોના વખતમાં અને પાર્થીઅન વંશના વખતમાં તો જાણે ઇરાનમાં એક પ્રકારના અંધારાના જમાનો (Dark ages) નો વખત હતો, જે સાસાનીઅન વંશ સ્થાપનાર અરદેશર બાબેગાને ઇરાનના રાજ અને દીનને નવો જન્મ (Renaissance) આપી દુર કર્યો. એ વખતમાં એ સાસાનીઅન પાદશાહો આ તરફ આવ્યા અને જ્યાં આહીં પોતાના હખામનીઅન વડીલોની સેવટની આરામગાહની મશહુર જગ્યા જોઇ, ત્યાં તેઓએ પોતાના કેટલાક નક્શો તે આરામગાહવાળા ખડકોના નીચલા ભાગ ઉપર કોતરાવ્યા, ત્યારે તમારા વાલકેશ્વરના પહાડની ઉપર જણાવેલી તળેટીએ ઉભા રહેતાં ઉપરના ખડકમાં ખોદેલા પ્લાટફોર્મપર અંદરથી તમો હખામનીઅન લાસ–દાનો ધારી શકો અને નીચેના તમારી નજદીકના તમોને બરાબર દીસે તેમ હેઠેથી તમો સાસાનીઅન નક્શો ધારી શકો.

આ જગ્યાને "નક્શે રૂસ્તમ" નામ પાછળથી મુસલામીઓએ આપેલું દીસે છે. નીચેના સાસાનીઅન નક્શોમાં તેઓએ હથીઆરબંધ પુરૂષોનાં ચિત્રો જોઇ તેઓને તેઓના ઇરાનના આગલા નામીચા ફતેહમંદકારી પહેલવાન (National Hero) રૂસ્તમના ચિત્રો ધારી આ નામ આપ્યું હોય એમ દીસે છે.

મારી ઉપર ચઢવાની કોશેશ નીષ્ફળ.

હવે હું મારી સાથે શીરાઝથી દોરડું લઇ ગયો હતો. બે માણસોને ઉપર મોકલી તે દોરડું પકડી ચઢ-

વાની મેં કોશીશ કીધી. બીજે વખત કોશીશ કીધી. બીજે ચાર ચાર પગલાં ચઢયો. પણ પછી તે કોશીશ મેલી દીધી. કાંઇક ગભરાટ (nervousness) જેવું લાગ્યું કે કદાચ દોરડું છુટી જતાં પડી જવાય અને કાંઇ નહીં તો ખડકને અહીંતહીં અથડતાં હાથપગ ઘસાય અને લોહી નીકળે. કાંઇક નીરાશા સાથે હખામીનીશન લાસ-દાનોના પલાટફોર્મ ઉપર ચઢવાની કોશીશ છોડી દીધી, પણ મારી નિષ્ફળતાએ મને ઘણો દલગીર કર્યો નહીં. સબબ કે આગલાં એક પત્રમાં લખવા પ્રમાણે પાર્સીપોલીસના મેહેલની પછવાડેની એવી જગ્યા મેં જઇને બરાબર જોઇ હતી અને લાસની પેઢીઆવાળી જગ્યાઓનો કાંઇક ખ્યાલ બાંધ્યો હતો. મેં આગળ જણાવ્યું છે તેમ એ જગ્યા પણ પહેલે નીચેથી ચઢાય તેમ હતી નહીં. પણ ત્યાં પહાડ ઉપર પડેલા કોઇક ટુકડાઓ વીગેરેથી ઉંચાઇ પુરાઇ જવાથી આપણાથી ઉપર જવાઇ શકાય છે.

સરકાર તરફથી જોઇતી કાંઇક સવળતા.

હવે અહીં નક્ષે રૂસ્તમનાં ઉપલા પલાટફોર્મ ઉપર ચઢવાની વાત કાંઇ મુશ્કેલ નથી. જો એ જગ્યાનો કાંઇક પુરતો ખ્યાલ હોતે તો ધીરાઇથી એકાદ લાકડાંની હલકી સીડીની ગોઠવણ કરી હોતે યા દોરડાંની સીડી બનાવી લીધી હોતે, ત્યારે તો ઉપર ચઢવાનું કામ એકાદ મીનીટનું આસાન થઇ પડતે. યુરોપના કોઇક એવા પુરાણાં મકાનોમાં ત્યાંની સરકાર મુસાફરોને કાંઇક સગવડ આપે છે. તેમ જો અહીંની સરકાર સગવડ આપે તો વાત સેહેલી છે, કે એકાદ માણસને અત્રે લાકડાંની એક સીડી સાથે રાખે કે તે મુસાફરોને કાંઇક દામ લઇ સવળતાં આપે. પણ હાલના સંજોગોમાં આપણે એ બાબતમાં સરકારનો કાંઇપણ વાંક કાઢી શકીએ નહીં. સબબ કે હાલમાં મુસાફરોની આવજાવ ઘઉંમાં કાંકરા માફક મગ્રીક છુટીછવાઇ હોય છે. કદાચ એક માહમાં એક પણ નહીં હોય.

હીંદુસ્તાનના મોન્યુમેન્ટ એકટ જેવો એકાદ જરૂરી કાયદો.

બીજા હાથ ઉપર વિચાર કરતાં એવું દીસે છે કે હાલના સંજોગો વચ્ચે જ્યાંસુધી ઇરાનના ખંડીએરોના બચાવ અર્થે ત્યાંની સરકાર આપણા દેશ માફક એક એવા પુરાણા ખંડીએરોના બચાવ કાજે એક કાયદો (Monument Act) પસાર કરે નહીં ત્યાંસુધી ઉપર જવાની સગવડ જેમ થોડી હોય તેમ સારૂં. લોર્ડ કર્ઝનના અમલનો હું એક વખાણનાર છું. તેનામાં હીંદુસ્તાને એક ઘણો ચપળ અને ચંચળ વાઇસરોય મેળવ્યો હતો. જેને રાજઅમલની ગાડીનાં ચક્રને કોઇ ચપળતા સાથે ચલાવવાની કોશીશ કીધી હતી અને તેના દેશનાં ભલાં માટેનાં કોઇક કામોમાંનું એક કામ આપણા દેશને આવો એકટ આપવાનું હતું. આ સબબે આપણી મુંબઇની એશીઆટીક સોસાઇટીની શાખાએ પોતાનાં સો વર્ષ તમામ કરવાના (Centinary) ના અવસરે જ્યારે તે અવસરની યાદમાં એક મેળાવડો કર્યો હતો, ત્યારે મરહુમ વાઇસરોય ઉપર ઉપ્રલા તેના એકટ માટે ઉપકાર માનનારો એક ઠરાવ પસાર કરવાની મેં સુચના કીધી હતી. પોતાના પાંચ વર્ષ તમામ થતાં વતને ગયા પછી જો એ વાઇસરોય પાછો નહીં આવ્યો હોતે તો તે તેને માટે ઘણું ભલું ગણાતે. ઇરાનની પોતાની સફર બાદ તેણે ઇરાન માટે પ્રગટ કરેલાં બે વાલ્યુમો મોટે ભાગે કોઇક સતાદાર પુસ્તક તરીકે લાંબો વખત વંચાતાં રહેશે ત્યારે લોર્ડ કર્ઝને આપણા દેશને આપેલા કાયદા જેવા કોઇ કાયદાની ગેરહાજરીમાં એ લાસ-દાનોવાળી પલાટફોર્મ ઉપર જવાની સગવડની ગેરહાજરી માટે બહુ ફરીઆદ કરવાનું દરૂસ્ત દીસતું નથી. આ પાદશાહોએ ખાસ એવા ખ્યાલથી—કે કોઇ જતો અને આવતો મુસાફર તેઓની એ સેવડની આરામગાહને છતાસા ખાતર

ખરાબ ન કરે—આ આરામગાહ એમ ઉંચી બનાવી હોય. બેહીસ્તુનના લેખમાં આવા ખ્યાલથી શાહ દારાયસ જે કોઇ તેના લેખને ખરાબ કરે તેને શ્રાપ દે છે.

આ બાબતમાં આ જાણી સંતોષ ઉપજે છે કે તેહેરાનમાં હાલ એક મંડળ ઉભું થયું છે, કે જેની નેમ આ છે કે ઇરાનનાં પુરાણાં ખંડીએરોનાં રક્ષણ માટે કાંઇક ઘટતાં પગલાં લેવાં.

આગલા કોઇક ઇરાની પાદશાહો પોતાને હાથે પોતાની સેવટની આરામગાહ બનાવતા.

કહે છે કે, અસલમાં કોઇક ઇરાની પાદશાહો પોતાની જીંદગીમાં પોતે હાથે જાતે પોતાની લાશ–દાનોની જગ્યાઓ બનાવતા હતા. શાહ દારાયસે તેમ તે પોતાને હાથે જાતે પોતાના પારસીપોલીસ યા તખ્તે જમશીદની સામેના આ પહાડમાં તે બનાવી છે. એ પાદશાહની એ આરામગાહ માટે ટેશીઆસ (Ctesius) નામનો એક જુનાની લખનાર નીચલી હકીકત કહે છે:

તેણે પોતાની એ સેવટની જગ્યા તૈયાર થતાં તે જોવા જવા ધાર્યું, ત્યારે તેને તેનાં માબાપે અટકાવ્યો. આ હકીકત ખરી હોય તો તેઓએ તે જોવા જવામાં કાંઇ અપસગન હોય, એવા ખ્યાલથી તેને અટકાવ્યો હોય. તેઓએ તેને અટકાવ્યો, પણ પોતે તે જોવા ગયાં. મેં ઉપર કહ્યું તેમ, ઉપર જવાનો માર્ગ નથી તેથી તેઓને કેટલાંક માણસોએ જેમ તેમ આડે માર્ગે ઉપર જઇ દોરડાંથી ખેંચી લેવા માંડયાં પણ તેવામાં તે માણસો હજુર સાંપો નીકળી આવ્યા, તેથી ગભરાટમાં તે માણસોએ દોરડાં છોડી દીધાં અને તેથી શાહનાં માબાપ હેઠે પડી મરણ પામ્યાં. તે ઉપરથી દારાયસે તે દોરડાં ખેંચનારાઓમાંથી ૪૦) જનને મારી નાખ્યા.

જોકે હું ઉપર જઇ શકયો નહી હતો, તે છતાં નીચેથી બલાટેકીએ જોયો તે ઉપરથી અને બીજાં કાંઇક અવલોકન ઉપરથી ધારૂં છું કે ટેશીઆસની આ વાર્તા માનવાને ઘણી આનાકાની લાગે છે. તેમાં કાંઇક ગેરસમજુતી દીસે છે.

એક તો બે જણને ઉપર ખેંચી લેવા ચાળીસ અને વધુ માણસોની શી જરૂર હોય? મને બે જણાઓએ ખેંચવાની ગોઠવણ કરી હતી. આ તરફ યાતો બીજાંઓ આપણને ઉપર ખેંચે છે યા આપણે પોતે દોરડું જે ઉપરથી બે માણસોએ પકડેલું હોય છે, તે પકડી ચઢવાનું છે. બીજું એવી જગ્યાએ ચઢવાનું જયારે મુશકેલ હોય ત્યારે દારાયસની મા અને બાપને એકીવખતે કાંય ઉપર ખેંચવા માંડયાં હોય! એવા વખતે આશા રાખી શકાય કે એકને પહેલ ખેંચે અને પછી બીજાંને ખેંચે. વળી આપણા જેવા મુસાફરોને ત્યાં ખ્યાલ આવે છે કે એક લાકડાંની સીડી હતે તો કેવી સહેલાઇથી ચઢાતે, તો આ પાદશાહી લોકોની મરજી દીકરાની ભવિષ્યની આરામગાહ જોવાની હતી તો સીડી મુકાવી તેમ કરતે. કોઇપણ રીતે વિચાર કરતાં એટલું દીસે છે કે ટેશીઆસની વાર્તામાં કાંઇ ગેરસમજુતી હોય.

આ વાર્તા અને માર્ગની ગેરહાજરી ઉપરથી ઉપજતા કોઇક વિચારો.

આ વાર્તા ઉપરથી લાસને અવલ મંજલ પહોંચાડવાના સંબંધમાં કાંઇક વિચારો ઉત્પન્ન થાય છે.

આપણામાં એવો કાંઇક ખ્યાલ છે કે એક નવું ઘર તૈયાર થતાં તેમાં પહેલું રેવાન કોઇ જવાન પુરૂષનું નહી, પણ કોઇ ઉમરે પુગેલા જઇફ પુરૂષનું મેલવું અથવા તો એક નાનાં બચ્ચાંનું મેલવું. એ વિચારમાં કોઇ સગન અપસગનનો ખ્યાલ જોડયો છે. તેવા ખ્યાલથી પોતાના બેટા દારાયસના આ સેવટની આરામગાહ જગ્યા પહેલે જોવા જવા દેવાને બદલે બુઢ્ઢાં માબાપે જોવા જવાનો કદાચ વિચાર કર્યો હોય.

પાદશાહો એ આરામગાહના મકાનોમે ઉપર જવાની સીડી નહી રાખતા,

પણ લાસને ખેંચી લેવાનો કોઇ અસાધારણ માર્ગ અખત્યાર કરતા. હવે અફઘાનીસ્તાનમાં હાલમાં પણ કેટે રેવાજ છે અને એ રેવાજ આગળ ઇરાનમાં પણ હતો, કે રવાનને ઘરમાંથી બહાર કાઢે તે ઘરના દરરોજના વપરાતા દરવાજેથી બહાર નહી કાઢે, પણ બીજે દરવાજે જે ઘણુંખરો બંધ રહે તેમાંથી બહાર કાઢે. જીવતાં માને ઘરમાં આવવાનો એક માર્ગ અને ગુજરેલાંની લાસને ઘરમાંથી બહાર કાઢવાનો બીજો માર્ગ. ઘરમાં આવવાના દરરોજના માર્ગમાંથી રવાનને બહાર કાઢવું, એ કોઇ રીતે અવિધ માટે અપસગનભર્યું ગણાતું. એ અથવા એવા કોઇ બીજા વિચારો ધરાવવામાં આવતા તેથી કહે છે કે અફઘાનીસ્તાનમાં કોઇક ભાગમાં ઘરમાં લાશ બહાર કાઢવાને માટે બીજું બારણું નહી હોય, તો ઘરની દીવાલનો કોઇ ભાગ તે પ્રસંગ માટે ખાસ ભાંગે યા બારીએથી યા બીજી રીતે લાસને દોરડાંથી બાહેર ઉતારે. ત્યારે અહીં સીડીની ગેરહાજરીમાં કદાચ એવો કાંઇ ખ્યાલ તો નહી હોય?

ઇરાનમાં લાસની સેવટની ક્રિયા માટે "ઝાદ મર્ગ" એટલે "જન્મ મરણની જગ્યા" એવે નામની જગ્યા હોય છે. તેમાં પણ કાંઇ એવો ખ્યાલ હોય અથવા આ "ઝાદ મર્ગ" શબ્દ "ઝાદે મર્ગ" એટલે "મરણ યા ગુજરેલાનો રસ્તો" એમ પણ લઇએ, જેમાં ઝાદેહ શબ્દ આપણે રસ્તાને અર્થે પતેતમાં ભણીએ છિએ અને અહીં ઇરાનની સફરમાં વારંવાર સાંભળ્યે છિએ. મરણની જગ્યા માટેનાં આ જનમ અને મરણના સંબંધના શબ્દો, ઘરના બે દરવાજાના ઉપલા વિચાર સાથે કાંઇ સંબંધ ધરાવતાતો નહી હોય!

મેં ઉપર કહ્યું કે એવું ધારવામાં આવે છે કે હખામીનીઅન પાદશાહો પોતાની જીંદગી દરમ્યાન પોતાને હાથે પોતાની સેવટની આરામગાહ પોતાની લાસો મેલવા બાંધતા હતા, તેની સાબેતી આપણને આ મળે છે કે દારાયસની સેવટની આરામગાહ ઉપર એક બીલારોકી લેખ છે, તેમાં તેનાં મરણ માટે કાંઇપણ નોંધ નથી. જો તેનાં મરણ બાદ તેના કોઇ વારેસે તે બાંધી હતે તો તે કદાચ કાંઇ નોંધ લેતે કે આ દારાયસની કબર છે અને તે ફલાણાં ફલાણી જગ્યામાં અને ફલાણા ફલાનાં દિવસે મરણ પામ્યો. પણ તેવું કાંઇ નથી. એ લેખમાં તો એના બેહીસ્તુનના લેખ માફક એની જીંદગીના કોઇ રાજદ્વારી બાબતની હકીકત છે.

ટેશીઅસ Ctesius.

ઉપલા યુનાની લખનાર ટેશીઅસ માટે જણાવવું અગત્યનું છે કે તે ઇરાનમાં રહી આવ્યો હતો. તે યુનાનનો પેસો જાણીતો વૈદ એસ્કેલેપીયસ, જે એક પ્રકારે ઇરાનના ફરેદુન જેવો દવાદારૂનો ઉસ્તાદ હતો, તેના વંશનો તબીબ હતો. તે વખતે મોબેદોની માફક તબીબોનો પેશો પણ એક પ્રકારે વંશપરંપરા (hereditary) ઉતરી આવતો હતો. એના વખતમાં ઇરાનના વખતના હખામીનીઅન પાદશાહો કોઇ વખતે પોતાની દરબારોમાં યુનાની હકીમો પણ રાખતા હતા. તેમ એ ઘણી આર્ટાક્ષર્કસીસ બીજા (Artaxerxes Mnemon) ની દરબારનો તબીબ હતો. આ ઇરાની પાદશાહ અને તેના ભાઇ સાઇરસ (Cyrus the younger) વચ્ચે કુનાક્ષા (Cunaxa), જે બાબીલોનથી આસરે ૫૦) મૈલ દુર આવ્યું હતું, ત્યાં થયલી લડાઇ દરમ્યાન એ આર્ટાક્ષર્કસીસની છાવણીમાં હાજર હતો. તેણે એ પાદશાહની ૨૭) વર્ષ (ઇ. સ. પુ. ૩૯૩) સુધી સેવા બજાવી હતી અને પોતાને વતન જઇ તેણે ઇરાનની તવારીખ ૨૩) પુસ્તકોમાં પેર્સીકા (Persika), એવે નામે લખી હતી. તે વખતે ઇરાન સાથે હીંદુસ્તાન કેટલાક સંબંધમાં આવ્યું હતું, તેથી તેણે ઇરાનમાં રહી, હીંદુસ્તાન માટે પણ કેટલુંક જ્ઞાન મેળવી, ઇન્ડીકા (Indika), એવે નામે હીંદુસ્તાન

ઉપર પણ એક ચોપડી લખી હતી. તેના આ બંને પુસ્તકો ગુમ થઇ ગયાં છે. પણ તે ઉપરથી બીજાઓએ તેને નામે કરેલા ઉતારાઓ (Fragments તરીકે) રહી ગયા છે.

ઇરાની અખાત, સ્ટીમર વરસોવા,
તા૦ ૩૦ મી નવેમ્બર ૧૯૨૫.

નક્શે રૂસતમ. તેના નક્શોની કાંઇક હકીકત.

બે વંશના નક્શો.

નક્શે રૂસ્તમ તરફ ઇરાનના બે વંશના નક્શો છે. ૧) હખામનીઆન અને ૨) સાસાનીઆન. પોતાના દેશના આગલા વડીલ હખામનીઆન પાદશાહોના નક્શો આ પ્રસીદ્ધ મેદાનમાં અને આ પાહાડ ઉપર જોઇ, ઘણીક સદી બાદ સાસાનીઆન પાદશાહોએ પણ અહીં નક્શો કોતર્યા છે. હખામનીઆન પાદશાહોના નક્શો તેઓની સેવટની આરામગાહોની એટલે તેઓની લાસ-દાનોની જગ્યાઓ ઉપર, પાહાડની કઠણ ઉંચેથી પથ્થરોમાં ઉપર છે. સાસાનીઆન પાદશાહોના નક્શો તે લાસ-દાનોવાળી જગ્યાની નીચેના ખડક ઉપર છે જોકે શીરાઝ તરફથી ઉપર જણાવવા પ્રમાણે નદી ઓળંગી હું આ તરફ આવ્યો ત્યારે મારી નજરે પહેલે પહાડના ખડકની નીચેના ભાગ ઉપર બે સાસાનીઆન નક્શો આવ્યા, તોપણ હું આ પત્રમાં પહેલે હખામનીઆન નક્શ માટે અને પછી સાસાનીઆન નક્શો માટે બોલીશ.

હખામનીઆન નક્શો.

આપણે પાહાડની ઉંચાઇએ દમામદાર દેખાવ આપતા ચાર હખામનીઆન નક્શો નીચેથી જોઇએ છિએ. એક પછી એક એ ચાર હખામનીઆન નક્શો છે, તેમાંના ત્રણ થોડે થોડે દુર પણ એક હારમાં છે. પણ ચોથો આપણા જમણા હાથ ઉપર આડી દીવાલ તરીકે નિકળી આવેલા એક ઉભા ખડક ઉપર છે. આ નક્શો પોતાના દમામદાર (Commanding) દેખાવથી આપણને સુંદર ખ્યાલોમાં તેમ કાંઇક અજાયબીમાં નાખે છે.

તખ્તે જમશીદની પછવાડેના પાહાડો ઉપર લાસ-દાનોના જે નક્શો જોયા તેને મળતા આ નક્શો છે. એમાંના પહેલા માટે કાંઇક વીગતે હું બોલીશ, કે તેથી બીજાઓનો પણ ખ્યાલ આવે.

(ક) ઉંચે તમો જમીન ઉપર ઉભા છો. ત્યાંથી આસરે ૧૦૦ ફીટ ઉંચે એક પાદશાહને હાથમાં કમાન ધરી ઉભેલો જુઓ છો. તે અહુરમજદના ફરોહર તરફ જોઇ અને સામે "આદુરત" પર બળતો રોશન આતશ, જેની પછવાડે આફતાબનું ચિત્ર છે, તે તરફ નેગાહ કરી, કાંઇ દુઆ ગુજારે છે.

ખ) હેઠે ચૌદ ચૌદ પુરૂષોની બે હાર છે.

ગ) તેની હેઠે સુંદર કોતરેલી કારનીશ છે જે હાલ કાંઇક ખરાબ થઇ છે.

ઘ) તેની હેઠે લાસ-દાન (સાર્કોફેગસ) વાળો ઓરડો દીસે છે.

લગભગ આ પ્રમાણેના બીજા બે હખામનીઆન લાસ-દાનોના નક્શો ઉંચે છે. એ સર્વે ત્રણ એક હારમાં છે.

દારાયસનું પોતાનું લાસ-દાન.

આ ત્રણની હારમાંનો ત્રીજો નક્શ શાહ દારાયસના લાસની પેટીવાળી જગ્યાનો છે. એ ઉપરનો ખીલારોકી લેખ, જે વિદ્વાનોએ વાંચ્યો છે, તે ઉપરથી એ બાબે કાંઇ શક રહેતો નથી. પણ આ હારમાંના બે અને જમણા હાથ ઉપરના આડા ખડકની હારપરનો ચોથો નક્શ, તેઓ ઉપર કોઇ લેખ નહી હોવાથી, ચોકસ કહેવાઇ શકાતું નથી કે તે કોણનાં છે. પણ તે શાહ દારાયસના બેટા ઝર્કસીસ, તેના નબીરા આર્ટઝર્કસીસ અને તેના બેટા ઝર્કસીસના નબીરા દારાયસ બીજાના ધારવામાં આવે છે. જમણા હાથ ઉપરની જગ્યા

માનની મણાય છે. તે ધ્યાનમાં લેતાં દારાયસના ઉપલા નક્ષની જમણી બાજુનો (એટલે આપણે નીચે ઉભા રહીને જોઇએ છીએ તેમ લેતાં આપણા ડાબા હાથ ઉપરનો) નક્ષ દારાયસના બેટા ઝર્કસીસનો હોય અને તેની પછીનો તેના (ઝર્કસીસના) બેટા આર્ટા ઝર્કસીસનો હોય ચોથો, જે જરાક છુટો છે અને જે આપણે ઉભા રહી જોઇએ છિએ તેમ, આપણા જમણા હાથ ઉપર દીવાલ સમાન બહાર નીકળી આવેલા ખડક ઉપર છે, તે નક્ષ આર્ટા ઝર્કસીસના બેટા દારાયસ બીજાનો હોય એમ દીસે છે.

દારાયસના લાસ-દાન વાળા નક્ષનો લેખ.

મેં આગલાં એક પત્રમાં કહ્યું કે દારાયસની આરામગાહ, તેણે પોતાની જીંદગીમાં પોતાને હાથે જાતે તૈયાર કરાવેલી હોવી જોઇએ, સબબ કે તેની ઉપર મરણનો યા તેની જગ્યા યા તારીખનો કાંઇ ઇસારો નથી. આ બીહીસ્તુની લેખોની માહીતી મેળવવા માટે સાધારણ વાંચનારાઓ માટે મરહુમ પ્રો૦ ટોલમાનનું પુસ્તક સગવડ ભર્યું છે. આ લેખમાંની નિચલી બાબતો આપણું ધ્યાન ખેંચે છે.

૧) તે આપણા નાની જમનાની બાજના શબ્દોમાં શરૂઆતમાં અહુરમજદને યાદ કરે છે.

૨) પોતાનું નામ, નિશાન અને વંશ જણાવે છે તેમાં તે પોતાને પારસી અને ઇરાની તરીકે જણાવે છે. તે કહે છે કે (પારસી પારસી પુત્ર, આર્ય આર્ય ચીથ્ર) "હું પારસી પારસીનો પુત્ર, ઇરાની, ઇરાની તોખમનો છું."

૩) પોતાની હકુમતવાળા દેશોનાં નામો આપે છે. એવાં ૨૪) મુલકોનાં નામ આપે છે.

૪) આ સર્વ હકુમત ખુદાની માયા મહેરબાનીથી મળેલાં જણાવે છે.

૫) તેના સેવટના આ શબ્દો ઉંચો નીતીમાન બોધ આપે છે.

"ઓ આદમી! અહુરમજદનાં જે જે ફર્માનો છે તે તે સાહેબ તુંને જાહેર કરે. તું ખોટું કરતો મા. રાસ્તીના માર્ગથી ફરતો મા. ગુનાહ કરતો મા."

આ નક્ષોમાં વખતના અનુક્રમે, જોકે દારાયસનો નક્ષ જુનો છે અને બીજા તેની પછીના છે, તોપણ આ બીજા પાછલા નક્ષો દેખાવમાં જુના દીસે છે, એટલે કાંઇક વધારે ઘસાયલા પીસાયલા દીસે છે. તેનો સબબ આ હોય કે દારાયસે પોતાના નક્ષ માટે પહેલે ખડકની સર્વથી સરસ જગ્યા ચુંટી હોય કે જે ઉપર હવા પાણીની થોડી અસર થાય અથવા કહાય તેના નક્ષનાં જેવા હુશીઆર કારીગરો તેના વારેસો મેળવી શક્યા હોય નહી.

આ લાસ-દાનોની જગ્યા.

આ તરફનો પહાડ, જેના ખડકની કઠણી હખામની-અન પાદશાહોની સેવટની પાદશાહી આરામગાહ છે, તેની ઉંચાઇ આસરે ૯૦૦ ફીટની કહેવાય છે. લાસ-દાનોના પલાટફોર્મની ઉંચાઇ હેઠેની જમીનથી આસરે ૨૫ યા ૩૦ ફીટ છે.

લાસ-દાનો માટે ખડકમાં ખોદેલા ભાગ માટે કહે છે કે તે ૧૪ ફીટ ઉંડો ૮૦ થી ૯૦ ફીટ ઉંચો અને ૫૦ ફીટ પહોળો છે, (Tolmans Persian Inscriptions); એટલે આપણે હેઠે ઉભા હોઇએ છીએ ત્યાંથી નક્ષનો મથાળાનો ભાગ આસરે સવાસો ફીટ ઉંચો છે.

સાસાનીઅન નક્ષો. પેહલો નક્ષ. તે ઉપરથી ઉપજેલા કાંઇક વીચારો.

અને આવતાં જે પહેલવહેલો નક્ષ મેં જોયો તે નક્ષ ઉપરના એક ચિતાર ઉપરથી મને "તાકે બોસ્તાન"ની યાદ આવી કે જ્યાં એક ચિત્ર પેગમ્બર જરથોસ્તનું ગણાય છે. અહીં તેના જેવું, જોકે બરાબર તેવુંજ નહી, તોપણ તેની યાદ આપનારૂં, એક ચિત્ર જોયું, જેમાં એક ઘોડેસ્વાર શખસ, પેગમ્બર જરથોસ્તના ગણાતાં

ચિત્રમાં હાથમાં જે લાકડી છે, તેવી લાકડી એક હાથમાં પકડી બીજા હાથે બીજા પુરૂષને એક ચક્ર આપે છે. આ લાકડી ઉપરથી મેં મારા આગલા વિચારને કાંઇક મજબુત કર્યાં કે તાકે બોસ્તાનનો તેમ અગ્રેના ચિત્રવાળો પુરૂષ મોબદાન મોબેદ, એટલે દેશનો વડો ધર્મગુરૂ હતો. આ પુરૂષની પછવાડે કોઇ અમલદાર યા એવો ફર્માનબરદાર નથી, તે ઉપરથી માલમ પડે છે કે આ પુરૂષ કોઇ પાદશાહ નથી, પણ ધર્મગુરૂ છે. આ સબબે આના જેવી સાસાનીઅન નક્ષોમાંની તાજપોશી (Coronation)નાં ચિત્રોમાં આપણે જે પુરૂષને એક પાદશાહને ચક્ર આપતો જોઇએ છિએ તે પુરૂષ દેશનો વડો દસ્તુર હોય, એ સંભવીત છે. આ સાસાનીઅન નક્ષ જમીનથી આસરે ૮) યા ૧૦) ફીટ ઉંચો છે. આ નક્ષ ઉપર કાંઇએ લેખ નથી, પણ તે અરદેશર બાબેગાનની તાજપોશીનો ગણાય છે, તે સંભવીત દીસે છે.

બીજો સાસાનીઅન નક્ષ. પહેલા પછી જરા આગળ વધતાં એક બીજો નક્ષ છે. તે ખડકના સરખા સમાંતર ભાગ ઉપરાંત ખડક કાંઇક વાંક લે છે તે ભાગ ઉપર પણ છે. એ પાદશાહ બહેરામ બીજાની દરબારનો ગણાય છે. પણ તે માટે કાંઇ ચોકસાઇથી બોલાય નહી. એમાં એક પાદશાહ દમામદાર રૂપમાં હાથમાં તલવાર લઇને અને તે તલવારને જમીન ઉપર ટેકવીને ઉભો છે. પછવાડે એકમેક પાછળ પાંચ પુરૂષો છે. એ પાંચમાંથી ઘણુ પોતાના હાથનું આંગળું ઉંચું કરી ઉભા છે.

આ નક્ષની હેઠે એક સફાઇદાર જગ્યા (Tablet) તૈયાર કરેલી જોઇએ છિએ. એ ઉપર કાંઇ લેખ લખવા ધાર્યો હોય પણ તે કામ અધુરૂં રહી ગયલું દીસે છે. આ નક્ષનો ખડક બરાબર સરખો સીધો નથી, પણ એક નાકા ઉપર હોવાથી કાંઇક ગોળ રૂપ લે છે. એક બાજુએથી જોતાં બીજી બાજુનો ભાગ દીસતો નથી. આ નક્ષમાં એકાદ પુરૂષ પારકા મુલકનો (foreigner) દર્બાઇ અમલદાર જેવો દીસે છે અને આહીંનો કેટલોક ભાગ પારકા મુલકમાંથી આવેલા એલચીખાતાં (Embassy)નો હોય, એમ દીસે છે. એક પાદશાહી તાજપોશી વેળાએ કોઇ પારકા દેશનો એલચી તાજપોશીની ક્રિયામાં ભાગ લેવાને આવ્યો હોય.

બીજો સાસાનીઅન નક્ષ. આગળ ચાલતાં ત્રીજો સાસાનીઅન નક્ષમાં એક ઘોડેસ્વાર ઘોડા ઉપરથી સામેવાળાને કાંઇ હથ્યાર, કદાચ તલવાર ભોકવા જતો હોય એમ દેખાય છે.

ચોથો યાને સાતની હારમાં વચલો સાસાનીઅન નક્ષ રાજ્ય-ચક્ર આપવાનો દેખાવ રજુ કરે છે. આ સાસાનીઅન પાદશાહ શાપુરની વેલેરીઅનની શાહાનશાહાત દરમ્યાનની રોમ ઉપરની ફતેહનો ચિતાર છે. નીચે પડેલું માફ માગતું ચિત્ર વેલેરીઅનનું ગણાય છે. પણ તેને બદલે એ ચિત્રને એક રોમનનું ગણીને તેને રોમના મુલકનું ચિન્હ ગણવાનું હું પસંદ કરૂં છું.

પાંચમાં નક્ષમાં એક પાદશાહનું ચિત્ર ઘોડા ઉપર છે.

છઠો નક્ષ નાનો છે અને તે કેટલોક રેતીમાં દટાઇ ગયલો છે. એ પણ આગળ વર્ણવવા પ્રમાણેનો એક તાજપોશીમાં રાજ્ય ચક્ર આપવાનો દેખાવ છે. પછવાડે દરબારી જેવો પુરૂષ આંગળું ઉંચકી પોતાનું માન યા પસંદગી દેખાડે છે.

આ નક્ષ આગળ પહલવી ફારસી જબાનમાં એક લેખ છે, અને પડોશમાં ખડકમાં નક્ષ માટે એક જગ્યા સપાટ કરી રાખી છે. પણ નક્ષ કોતરવાનો રહી ગયો છે. આ ફારસી લેખનો સને હીજરી ૧૧૧૭ એટલે ઇસ્વી ૧૭૦૫ છે. એટલે તે આસરે ૨૨૦) વર્ષ આગમજનો કોતરેલો છે, એવું દીસે છે કે એક પછીએ

પટેશના હસનાબાદ નામના એક ગામ માં પાણીની જે એક કનાત ખોદાવેલી તેની નોંધ અહીં રાખી છે.

ત્યારે અત્રેના કદીમ પાદશાહોની આ જગ્યા ઉપર આ પ્રમાણે આપણે ત્રણ જુદા વખતના નક્ષો યા લેખો જોઇએ છીએ. ૧) અસલ હખામીનીઅન પાદશાહોના. ૨) ત્યાર પછી આસરે પાંચસો છસો વર્ષે સાસાનીઅન વંશના. ૩) પછી આસરે ચાદસો પંદરસો વર્ષે આ હાલના જમાનાના એક મરેલામી પુરૂષનો લેખ, જેણે કદાચ અહીં નક્ષ પણ ચિતરાવવા ધાર્યો હોય પણ તે રહી ગયો છે. એક ખડક ઉપરના એક પછી એક એમ ત્રણ તબક્કાના આ નક્ષો યા લેખોએ મને જુનાગઢમાં ગીરનારના જૈન મંદીરોવાળા સુંદર પહાડની નીચેના ખડકની યાદ આપી કે જે ખડક ઉપર પહેલે અશોક રાજાએ લેખ લખ્યો છે. પછી પટેશના સુદર્શન નામના એક સરોવરને દુરૂસ્ત કરવાના બનાવની નોંધ છે, જેને દુરૂસ્ત કરવામાં એક ઇરાનીનો એન્જીનીઅર તરીકે હાથ હતો. પછી તે ઉપર એક બીજો પાછલો લેખ છે. આ મુજબ પાછલા પાદશાહો પોતાની આગળનાઓના નામ સાથ પોતાનો સંબંધ દેખાડવામાં કાંઇક ખુશી લે છે.

પેહલો સાતમો બહેરામગોરનો અગતનો નક્ષ.

છઠ્ઠો યાને સાતમો સાસાનીઅન નક્ષ મારા કોઇ આગલા અભ્યાસની નજરે અગતનો નક્ષ હતો. "The Bas Relief of Beharam Gour (Beharam V) at ·Naksh-i Rustam, and his Marriage with an Indian Princess" એવે નામે જે એક નિબંધ મેં આસરે ૩૨) વર્ષ પર, બોમ્બે બ્રાંચ રૉયલ એશીયાટીક સોસાએટી હજુર, વાંચ્યો હતો તેનો હવાલો આપવાની હું રજા લઉં છું. તે વખતે મારા સ્વપનામાં પણ નહીં હતું, કે જે નક્ષ માટે હું ફક્ત ચોપડીઓના વાંચણ અને તેઓમાં જોયલા ચિત્ર ઉપરથી ખુલાસો કરતો હતો, તેજ નક્ષ આગળ, હું ખુદાની મહેરથી, કોઇ દિવસ ઉભો રહીશ. મારા એ નિબંધમાં જે લખનારાઓને આધારે મેં એ વર્ણવ્યો છે, તેઓને આધારે અહીંના નક્ષોમાં મેં એને પહેલો નક્ષ કહયો છે, પણ આજે હું તેને માટે છેલ્લો યા સાતમો નક્ષ તરીકે બોલું છું, સબબ કે હું શીરાઝથી અહીં આવતાં બીજે છેડથી આ નક્ષો જોતો આવ્યો હતો અને તેથી જોતાં તે છેલ્લો હતો.

આ નક્ષો સાથે આપણા હિંદુસ્તાન દેશને અને આપણા હિંદુ ભાઇઓને પણ કાંઇ લાગતું વળગતું છે. બહેરામગોર પાદશાહ પોતે ઇરાની પાદશાહ તરીકે નહીં, પણ ઇરાની પાદશાહનો પોતે એલચી હોય તેમ, હિંદુસ્તાન આવ્યો હતો. અને હિંદુસ્તાનના એક રાજા. રાજા શંગેલ (એ જાતી નામને બદલે એલકાબી નામ છે) ની બેટી સેપીનુદ સાથ પરણ્યો હતો. પરણ્યા પછી તે તેણીને ઇરાન લઇ ગયો હતો અને ત્યાં આદરગુશસ્પના આતશબહેરામમાં લઇ જઇને તેણીને ત્યાંના મોબેદ પાસે નાહન નહવડાવી જરથોસ્તી બનાવી હતી. આ નક્ષ માટે બીજા મુસાફરોએ જે ખુલાસો કર્યો છે, તે કરતાં આ મારો પોતાનો જુદો ખુલાસો છે અને પ્રોફેસર જેક્સને તેના પોતાના ઇરાનની મુસાફરીના પુસ્તક માં એક સંભવીત ખુલાસા તરીકે ઇશારો કર્યો છે (આ બાબતનાં ગુજરાતી દાસ્તાન માટે જુઓ મારી "શાહનામાની સુંદરીઓ.")

આ હખામીઅન અને સાસાનીઅન નક્ષોનાં ચિત્રોમાં હાથના ચાલાઓ વીગેરે.

પર્સીપોલીસ તરફના અને આ તરફના નક્ષો જોતાં કેટલીક ચીજોમાં જે એક ચીજે મારૂં ધ્યાન ખેંચ્યું હતું, તે હાથના ચાલાઓ (Hand-postures) અને એક બીજાના હાથો વચ્ચેના યા શરીરના કોઇ ભાગો વચ્ચેનો સંબંધ હતો. આ ચિત્રોમાં

આપણે વિચારો દેખાડનારી નિશાનીઓ (symbols) તરીકે નીચલા હાથના ચાળાઓ વ. નિશાનીઓ જોઇએ છિએ.

૧. કોઇ નક્ષોમાં પાદશાહની પછવાડેના દરબારીઓ યા સરઘસમાં આવનારાઓ પોતાના આંગળાં મોઢાં તરફ ઉંચકે છે

૨. એકાદ હારમાં એક ધણી બીજાનો હાથ પકડી ચાલે છે.

૩. કોઇ ધણી એક હાથે બીજાના પોષાકની દામન પકડે છે.

૪ કોઇ બીજાની ખાંધ ઉપર હાથ મુકી ચાલે છે.

આ સર્વ હાથના ચાળાઓ યા હીલચાલો યા નિશાનીઓ, એક યા બીજી રીતે, આપણી આપણી ધાર્મિક ક્રિયાઓમાં ઉતરી આવતી જોઇએ છીએ.

કોઇ નક્ષેમાં

આ નકશાની બાહાલી પાદશાહની પછ
માટે આંગળુ ઉભું કર વાડેના પુરૂષો
વાની રીત અને આપ- હાથ ઉંચો કરી
ણી આફ્રીનગાન ની રીત- હાથનું એક
આંગળું છુટું

ઉંચુ દેખાડે છે. આ રીતે મને કાંઇક વિચારો સુચવ્યા. પર્સીપોલીસના હખામનીઅન નક્ષેમાં પણ આપણે કોઇક દરબારીઓને એમ આંગળું ઉંચું કરી ઉભેલા જોઇએ છીએ. ત્યારે આ સાસાનીઅન નક્ષની રીત હખામનીઅન વખતથી ઉતરી આવેલી છે. હવે પછીના મારાં એક પત્રમાં મેં જણાવ્યું છે કે ત્યાં આફ્રીનગાન કરતી વેળા આફ્રીનગાન માંડનાર મોબેદ "અહુરહે મજદાઓ રએવતો ખરેનંગહતો" ભણવાનું શરૂ કરતાં દરેક મોબેદ એ શબ્દ પોકારે છે અને પોતે પણ એ શબ્દોથી એ કરદો શરૂ કરતાં હાથ ઉંચો કરી આંગળું ઉંચું કરે છે. આપણા હીંદુસ્તાનમાં મોબેદો આ આંગળું ઉંચું કરવાને બદલે એક ફુલ હાથમાં ધરી તે ફુલ ઉંચું ધરે છે. આ હખામનીઅન અને સાસાનીઅન જમાનાથી હાલના ઇરાની મોબેદ ભાઇઓમાં ઉતરી આવેલી આંગળુ ઉંચું કરવાની રીત આસીરી આસીરીઆનોમાં પણ હતી, એ બાબે હું કાંઇક વીગતે મારા એક વિષય (Some Prayer-jestures of the Babylonians and Assyrians. Their Parallels among the ancient Iranians and modern Parsees) માં બોલ્યો છું કે જે વિષય મને શેઠ બેરામજી જીજીભાઇનાં ખંડાલાના બંગલાના કમ્પાઉંન્ડમાંના હીંદુ દેવતાઓના એક પત્થર (monolith) ઉપરથી સુજ પડયો હતો. ત્યાં હાથના ચાળાઓ (Hand-jestures)ના ચિત્રો સાથનો પત્થર, મારાં ધારવા પ્રમાણે, તે બાજુએ આવેલા રાજમાચીના ડુંગર ઉપરના દહેરામાંથી લાવવામાં આવ્યો હોય. આ રાજમાચીની મારી મુલાકાત બાબે હું આ જામે જમશેદના એક અંકમાં બોલ્યો છું

હવે આ આંગળું ઉંચુ કરવાની રીત એક પ્રકારની બહાલી આપવાની યા બહાલી દેખાડવાની રીત છે, તે હાલમાં પણ ટીમિંગમાં ચાલુ છે. તમોએ કોઇ બાબદ ઉપર તમારી પસંદગી યા બહાલી યા એકમતી દેખાડવી હોય તો તમોએ એક આંગળી ઉંચી કરવી. "અહુરહે મજદાઓ રએવતો ખરેનંગહતો" શબ્દો સાથે મોબેદો પાદશાહ માટે દુઆનું ભણતર ભણે છે. ત્યારે જોડી સાથે તે ભણતરમાં સામેલ થતાં, ખુદા, જે એક છે, તેનું નામ લેતાં, પોતાની એક આંગળી ઉભી કરી બીજા હાથમાં ખુદાને યાદ કરી, પાદશાહને દેવાતી દુઆમાં, પોતાની સામેલગીરી દેખાડી તે દુઆમાં જોડાય છે.

આપણી મીટીંગોમાં કોઇ ઠરાવ મેલાતાં સભાનો સરનગાન બહાલી માગે છે ત્યારે તે ઠરાવની તરફેણવાળાઓ આંગળીને બદલે આખા હાથ ઉંચા કરે છે. આંગળીને બદલે આખા હાથ ઉંચકવા, એ એજ રીતીનું એક બીજું રૂપ છે. ઇરાનના કોઇ નક્ષેમાં પાદશાહ જેવા મોટા માણસ પોતાની કોઇ સમંતી યા બહાલી યા પસંદગી દેખાડવા આંગળીને બદલે આખી મુઠી ઉભી કરી

અંગોઠે ઉંચો કરે છે. આ પણ એકજ રીતીનું બીજું રૂપ છે. ફ્રીમેસનોની સભાઓમાં ઠરાવની તરફેણમાં હાથ ઉંચા કરાવે છે ત્યારે બીજી મીજલસો માફક હાથના પોંહચા ઉભા (Vertical) નહીં પણ સીધા (Horizontal) રાખે છે, જે રીતીમાં બહાલી સાથે આશીરવાદ યા દુઆનો ખ્યાલ જોવાય છે, કે ખુદા એ ઠરાવ જેને બહાલી આપવામાં આવે છે, તે ઉપર આશીરવાદ વર્ષાવે.

હાથના કોઈક બીજા ચાળાઓ અને રીતો.

નક્ષેમાં દીસતાં અંગળા ઉપરાંતના હાથના બીજા ચાળાઓ યા રીતો, જે મેં આગળ જણાવ્યાં છે, તેઓને પણ આપણે એક યા બીજા પ્રકારે આપણી ધાર્મિક ક્રિયાઓમાં જોઈએ છીએ. દાખલા તરીકે બજરનેની ક્રિયામાં આતરવક્ષી ક્રીયાની સેવટે જોતી આગળ જઈ તેના હાથ પકડી બાહેર બીજી પાવીમાં લાવે છે, જ્યાં તેઓ સાથે કુસ્તી કરે છે.

એક બીજાના પોષાકની દામન પકડવાની રીત, જ્યારે કેટલાક મોબેદ સાહેબો સાથે મળી આતશ આગળ આતશની નીઆએશ કરે છે ત્યારે આપણે જોઈએ છીએ. તેઓ એકમેકનાં હાથ ધરી યા એકમેકના જામાની દામન પકડી આતરવક્ષી, જે આતશ ઉપર ચમચ પકડે છે, તેના સાથે સંબંધ (contact) કરે છે.

એકજ સેતરંજી પર બેઠેલા હોય છે તે છતાં, નોસારી જેવાં પુરાણા મથકોમાં, મોબેદો ગાહમ્બારની પાવી બેસતાં રૂમાલથી યા જામાની દામાનોથી વધુ જોડાણ (contact) કરે છે.

રપીથવનની બજરને તપાસ થતાં જોતી રાથવી એક બીજાના સદરાની દામન પકડી બજરને ગાહમાંથી બાહેર આવે છે.

મરણ ક્રીયા વેળા એકમેક સાથ રૂમાલ વીગેરેથી સંબંધ કરવાની યા જોર વલભવાની રીતને ઉપલી રીતી સાથે કાંઇક સંબંધ છે.

કાબે એ જરથોસ્ત.

આ નક્ષોની અર્ધ: વચે, સામે એક મકાન છે, જે હાલમાં "કાબએ જરથુસ્ત" એટલે "જરથોસ્તનું પવિત્ર મકાન" એમ ઓળખાય છે. એ એક એવું મકાન છે કે જે તેના દેખાવ ઉપરથી માલમ પડે છે કે તે કોઇ રહેવાને માટેનું મકાન નથી. એ શું મકાન છે, તે બાબે વિદ્વાન મુસાફરોમાં મતફેર છે, પણ બહારથી જોતાંજ તે મને એક અસલી આતશકદેહ લાગ્યું. એ વિચારમાં પોરટર અને જેકસન ખરા છે. વળી તે, તે પ્રકારનું એક આતશકદેહ છે, કે જે પ્રકારનાં પુરાણાં આતશકદેહ બાબે હું આ પત્રોની માળામાં અનેકવાર બોલ્યો છું. તે પોતામાં આતશની સેતાયશ કાજેનું ખુદ આતશકદેહ અને સુર્ય, ચંદ્ર, પહાડ, નદી વીગેરેની સેતાયશ માટેનું મીનારાનું મકાન, એવી બન્ને ગોઠવણ સમાવે છે. હવે ત્યારે આ હખામનીઅન પાદશાહોની સેતરની આરામગાહોના પહાડ નજદીક, અથવા, આપણા મુંબઇના શબ્દોમાં બોલીએ તો, આ પાદશાહી ડુંગરવાડી આગળ આતશના મકાનની જરૂર શી?

આપણી હાલની સગડી અને આ આતશકદેહ.

હું ધારું છું, કે પ્રોફેસર જેકસન ધારે છે તે બરાબર છે, કે આ આતશકદેહ આપણી હીંદુસ્તાનની સગડી મીસાલ છે. અહીં જ્યાં પાદશાહોની આરામગાહો છે, ત્યાં તેઓની સામે તે આરામગાહો ઉપર રોશનીના કિરણો નાંખવાને કાજે આ આતશનું મકાન છે. વંદીદાદનાં બયાણ પ્રમાણે આપણો વિચાર આ છે કે લાસોને ખોરશેદ—નેગીરશ્ને કરવી, કે તેઓ ઉપર સુર્યના કિરણો બરાબર પડે. રોશનીના કીરણોનો આ વિચાર એક પગલું આગળ વધ્યો. તે આ કે રાત્રે સુર્ય અસ્ત પામવા પછી સુર્યની રોશનીની ગરજ સારનાર આતશ રોશન રાખવો, કે તે આતશના કિરણો તે ઉપર પડે, તે સબબે આથી

સૈનટની આરામગાહની જગ્યાએ એક આતશકદેહ, કે જેમાં રાત્રે આતશ રોશન રહી, સુર્યની ગેરહાજરીમાં પોતાના કિરણોને લાશદાનો તરફ ફેંકે, તે બાંધવાનો વિચાર બરપા થયો હોય. એમ આપણે ધારી શકીએ છીએ, પણ એમજ ચોક્કસ વિચાર હતો, એમ ચેક્કસ કહી શકીએ નહીં. કદાચ એવી આરામગાહની જગ્યાએ આતશકદેહ બાંધવાનો વિચાર આ સબબે પણ બરપા થયો હોય, કે લાશદાનોને સેજદો કરવા જનારાઓ જ્યારે ત્યાં જાય ત્યારે ત્યાં બંદગી માટે એક આતશકદેહ હોવું જોઈએ.

પેરીસના મોટાં કબ્રસ્તાનોમાં મેં ઘણાંક તવંગરોની કબરના સંબંધમાં જોયું છે, કે કબરની સાથે સાથેજ એક નાનું દેવળ (miniature Chapel) પણ બાંધેલું છે. દેવળ માફક એક નાનું ચબુતરું (Altar) હોય છે. અને તે ઉપર ક્રોસ બનેલો હોય છે. ત્યાં પવિત્ર અવસર પર મીનબત્તી વીગેરે સળગાવવામાં આવે છે. આ "ચેપલ" યા દેવળ હંમેશની બંદગી માટે નહીં, પણ તે કબરની મુલાકાતે કોઈ જાય ત્યારે તે જનારાઓની બંદગી માટે, થોડા વખતની બંદગી માટે, ધારેલું હોય છે; અથવા તો તે ત્યાંના મરનારની નિસ્બતે કોઈક ધાર્મિક વિચાર થી પણ બાંધેલું હોય છે.

ત્યારે અહીં કદાચ ધારવામાં આવ્યું હોય કે મરનાર પાદશાહોની સૈનટની આરામગાહોના સંબંધમાં એક આતશકદેહ બાંધવું કે જ્યાં તે આરામગાહોની મુલાકાત લેનારાઓ તે મરનારોની યાદમાં દુઆ ગુજારે. આ મકાન ઉપલાં ચાર સૈનટની આરામગાહો યા લાશદાનોની જગ્યાઓની વચમાં બરાબર સામે આવ્યું છે કે જ્યાંથી સર્વે જગ્યાઓ ઉપર, અને જ્યાં સર્વે જગ્યાઓ ઉપરથી તેની ઉપર, નજર પડે. તે દેખાડે છે કે આ આતશગાહ આ આરામગાહોની સાથે કાંઈ સંબંધ ધરાવતા ખ્યાલથીજ બાંધ્યું હોય.

પાર્સીપોલીસના મહેલના વર્ણનમાં પણ હું એક એબાદતગાહ માટે બોલ્યો છું. પછવાડેનો પહાડ, જે ઉપર લાશદાનો છે, કે જે લાશદાનો માટે હું આગળ બોલ્યો છું, તેની સામે તે જાણે એ લાશદાનો તરફ, નજર ફેંકે છે. તેને પણ ત્યારે આ નક્શે રૂસ્તમના આતશકદેહના જેવા વિચારો લાગુ પડે છે.

આપણા હિંદુસ્તાનમાં દોખમાઓની સામે સગડી બરપા કરવાનો ખ્યાલ ઉપલી હકીકત સાથ કાંઈક સંબંધ ધરાવે છે. તે બાંધવાનો રેવાજ પણ એવાજ ખ્યાલથી બરપા થયલો દીસે છે.

પ્રો. જેક્સન આ નક્શવાળા પહાડ ઉપર નક્શોની ઉપરના કોઈ ભાગ ઉપર "ટેબલ" એટલે ઘડેલા ખડકના સપાટ કરેલા ભાગો માટે બોલે છે. તે ભાગ તરફ મારું ધ્યાન ખેંચાયું નહીં અને તે મારા જોવામાં આવ્યા નહીં. એવણ એ પત્થરો કોઈ બીજા પુરૂષોની લાસોને માંસહારી પક્ષીઓ યા જાનવરોથી માંસ ની હાર કાજે મેલવાના પત્થરો ગણે છે. હું ધારૂં છું કે તે પાદશાહોના આ નક્શોના સંબંધમાં હોય, કે વંદીદાદના ફર્માનને અનુસાર લાસોને લાશદાનોમાં મેલવા અગમજ ત્યાં, એકાદ દિવસ તેઓને ખોરશેદનેગીરસ્ત્ની કરવા કાજે મેલતા હોય.

મેં નક્શે રૂસ્તમ પાછલા પોહોરે ૩-૩૦ કલાકે છોડ્યું. ગધેડાં ઉપર વળતી કુચ શરૂ કરી ૪-૩૦ ને અમલે આગળ કહેલાં જહયાન ગામ આગળ આવી પાછી મોટર પકડી. ત્યાંથી મૈલોના મૈલ સુધી સામી બાજુએ પર્સીપોલીસના ખંડીએરો પાછા જોતાં જોતાં શીરાઝ ભણી કુચ કરી.

"ઓ દાદાર આજના મુબારક રોજ માટે શુકરાંના", એવા શબ્દો નોંધપોથીમાં નોંધી, તે દાદારનો આભાર માની આજની ઘાન આપવી રજ્યામણી સહેલ તમામ કીધી.

સ્ટીમર વરસોવા,

તા૦ ૧ લી નવેમ્બર ૧૯૨૫.

શાપુર.

શીરાઝથી કાઝરૂન. અમોએ શીરાઝ તા૦ ૨૬ મી નવેમ્બરે સવારે દસ કલાકે છોડયું. આસરે ૧) વાગે ડાબા હાથ ઉપર એક પહાડ પસાર કર્યો કે જેની કઠણ લગભગ ઉભી (perpendicular) હતી, પણ સાથે સાથે તેના ભાગો ખાંચવાળા (fluted) હતા. તેથી એ પહાડે મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું. એક દેશના બાંધકામના હુનર ઉપર તેની પ્રાકૃતિક ભુગોળ (physical geography) કેટલેક હદે અસર કરે છે. મને લાગ્યું કે તેનો દાખલો આ પહાડ આપે છે. શીરાઝ તરફના પારસીપોલીસ તરફના સ્તંભો બાંધકામના હુનરમાં મશહુર છે. તેવા સ્તંભોમાં કેટલાક પોતાના ખાંચાદાર (fluted) રૂપ માટે જાણીતા છે અને તે રૂપે ઇરાન બહાર પણ કંઇ અસર ફેલાવી છે. મને લાગે છે કે કોણ જાણે આ પાહાડ જેવા ખાંચાદાર પહાડોએ ઇરાનના આગલા આર્કીટેક્ટોને આવા "રૂપો"ની સુચના કીધી હોય.

આજે માર્ગમાં દુરથી પહાડો બરફથી વધુ ઢંકાયલા જોઇ કાંઇક મનમાં ચિંતા લાગી કે હવે શીઆળો નજદીક આવ્યો છે, તેથી રસ્તેને બરફ જલદી પડી બુશાયર તરફનો પાહાડ બરફ પડવાથી ઓળંગવા કાજે કાંઇક બંધ થાય અને મુશ્કેલી આપે. પાનખરૠતુમાં બગદાદ યા તેહરાન તરફથી આ તરફ આવનારાઓએ પોતાની સફર આમાએ શરૂ કીધી તે આગમજ શરૂ કરવી જોઇએ કે, જેથી તેઓ નવેમ્બરની શરૂઆતમાં આ તરફ આવી પહોંચે.

મા દીકરીના પહાડો. કાઝરૂન ભણી આગળ વધતાં આપણે માર્ગમાં બાજુએ બે પહાડો પસાર કર્યે છિએ, જેઓનાં નામો આપણું ખાસ ધ્યાન ખેંચે છે. એકનું નામ "કુહલે દુખ્તર" એટલે "છોકરીના પહાડ" અને બીજાનું નામ "કુહલે પીરઝન" એટલે "બુઢી સ્ત્રીનો પહાડ". આ નામો માટે દંતકથા કાંઇપણ વાતો રજુ કરતી નથી. પણ અહીં લોકો કહે છે કે એક જે જરા સુંદર દેખાય છે અને નાનો છે તેને "છોકરી" અને બીજો જે મોટો અને જરા ખખડાયલો દેખાય છે તેને "બુઢી સ્ત્રી" એમ કહે છે.

માર્ગમાં એક કલાકથી વધુ સુધી આપણે એક નીમકના ખારવાળી જગા જ્યાં નીમક પાકે છે તે જોઇએ છિએ, જે પોતાની સફેદીથી મૈલો સુધી આપણી આંખને ચમકાવે છે. અહીંના લોકો "બાટલાક" જે ખાર (marsh) માટેનો તર્કી શબ્દ છે તે નામથી એ જગાને ઓળખે છે.

કાઝરૂનની નજદીક આવતાં એક પહાડની કઠણી એક લેખ દીસતો. ઉતરી જોતાં માલમ પડયું કે તે કોઇ કદીમ લેખ નથી પણ ફતેહ અલીશાહનાં વખતનો એક ફારસી લેખ છે. અમો સાંજે ૬–૩૦ ને સમયે કાઝેરૂન આવી પહોંચ્યાં.

કાઝેરૂન. આ શેહેરવાળા લત્તા સાથે અર્દેશર બાબેગાનના બેટા પાદશાહ શાપુર (શાપુર પેહેલા)નું નામ જોડાયલું છે. પણ એ શાપુરના પણ આગમજનું એક જાણીતું શેહેર મનાય છે. કોઇ લખનારાઓ એને તેહેમુરસનાં વખતનું ગણે છે. સીકંદરને હાથે એનો નાશ થવા બાદ લાંબે વખતે શાપુરે તેને પાછું સ્થપ્યું હતું. પાદશાહ શાપુરે આ લત્તા તરફ આ શેહેરને આબાદ કરી શાપુર શેહેર સ્થાપ્યું અને વળી તેની નજદીકમાં કેટલાંક સરસ નક્ષા બરપા કીધાં. વળી અહીં એનું પત્થરનું મોટું બાવલું બરપા થયું. એ સર્વેનો સબબ આ કે ઇરાનના કેટલાક સુંદર ફળદ્રુપ ગણાતા ભાગોમાં આ ભાગ ઘણો ફળદ્રુપ ગણાય છે અને તેથી આ ભાગ તરફ પહેલા સાસાનીઅન પાદશાહો ખેંચાયા હતા. પ્રોફેસર હેર્ઝ-

ફેલ્હે આ તરફ કાંઇક નવાં ખંડીએરો શોધવાં છે, જેમાંના કોઇક લેખો સાથનાં છે.

શાપુર શેહર.

શાપુરે સ્થાપેલાં શેહરો.

પહેલવી "યાદગારે ઝરીરાન" પ્રમાણે અર્દેશરના શાપુરે (શાપુર પહેલાએ) સાત શેહરો સ્થાપ્યાં હતાં. એમાંના કોઇક એક યા બીજી રીતે એ પાદશાહનાં નામ સાથે જોડાયલાં છે. એણે સ્થાપેલાં એ શેહરોમાં અનેનું શાપુર શેહર ઘણું મશહુર હતું. તે શીરાઝથી આશરે પચીસ ફર્સંગ એટલે આસરે પોણાસો મૈલ દુર ગણાય છે. શાપુર નામથી એક મોટો લત્તો પણ ઓળખાતો અને તે પારસનો ભાગ ગણાતો.

આગલા કોઇ લખનારાઓ એને નીશાપોર પણ કહી ગયા છે. ખોરાસાનનાં નીશાપોરથી આ બીજું જુદું નીશાપોર હસે છે. એનાં આ નામ માટે કહે છે કે અસલમાં તેને શાહ તેહમુરસે સ્થાપ્યું હતું, અને તે તેને "દીન દલા" કહેતો. સીકંદરે તેનો નાશ કરવા બાદ લાંબો વખત તે પડતીમાં પડી રહેવા બાદ અર્દેસરનાં બેટા શાપુરે તેને નવું પાછું સ્થાપી આબાદ કર્યું. તે ઉપરથી એને પેહેલે શાપુર અને પછી નએ શાપુર યા નીશાપુર એટલે "શાપુરનું નવું (નએ)" સ્થાપેલું શેહર કહેવા લાગ્યા. કોઇ આ નામના પહેલા ભાગને ફ.રસી 'ની" એટલે "શેહર" લઇ "શાપુરનું શેહર" એમ અર્થ કરે છે. માનુશચેહેરના પેહેલવી પત્રોમાં જે નીશાપોરનો ઇસારો છે તે આ શેહરનો ઇસારો છે.

આ શાપુર પાદશાહ માટે હું મારા "કારૂન"નદી ઉપરના વિષયમાં કંઇક બોલ્યો છું. રોમન શાહાનશાહ વલેરીયન સાથે શાપુરને મોટી લડાઇ થઇહતી. એમાં એડ્રેસા (Edreesa),જે ફીરદોસીનું "બાલુન્ય" છે ત્યાં તેણે વલેરીયનને હરાવ્યો. આ લડાઇમાં કેટલાક રોમનો એના હાથમાં કેદ પડ્યા. તેઓમાં એક "બ્રગાનુશ" નામનો રોમન હતો જે એક ઇજનેર યા આર્કિટેક્ટ (ઇન્દ્રસી) હતો. શાપુરે આ ઇજનેરની મદદ પોતાના કોઇક બાંધકામોમાં લીધી હતી શાપુરે એની અને બીજા કરાની દસ્તાદોની મદદ સાથે કારૂન નદી ઉપર એવાં તો પાણીનાં સરસ બાંધકામો બાંધ્યાં હતાં કે તેનાં ખંડીએરો હજુરે મજબુત પડેલાં કહેવાય છે અને લેફટેનન્ટ સેલ્બી આહવાઝ આગળના એનાં પાણીનાં બાંધકામો માટે કહે છે કે: "Unless distroyed by some convulsion of Nature, it will endure as long as the world lasts." એટલે "જ્યાંસુધી આ દુનીઆ રહેશે ત્યાં સુધી ટકી રહેશે." એમાં કદાચ કોઇ સહુરાભાત ગણ, પણ લેફટેનન્ટ સેલ્બી જેવા ખબરદાર અનુભવીની પ્રશંસા એનાં બાંધકામોની ખુબી દેખાડે છે. જેમ મોટાં શહેરો, તેમ મોટાં પાણીનાં બાંધકામો અને નક્શો આ પાદશાહના જેટલાં બીજા કોઇ સાસાનીઅન પાદશાહે બાંધ્યાં નથી.

એક વખત આ તરફનો આખો લત્તો "કુરેહે શાપુર" એટલે "શાપુરનો મુલક" એમ બોલાતો અને શાપુર અને કાઝેરન તેમાં બે મોટાં શેહરો ગણાતાં.

આપણાં કોઇક પેહલવી લખાણોમાં અપણે "નીશાપોર" નામના એક દસ્તુરનું નામ અવારનવાર વાંચીએ છીએ. આ જાણીતા દસ્તુર આ શાપુર યા નીશપોરના હોવાથી તેવણે એ નામ લીધેલું હોય. એવું દીસે છે કે આ શેહર એક મોટું દસ્તુરીપદ (Bishopric) વાળું શેહર હતું.

શાહ શાપુર અને બોલબેટની રમત.

ક્રીકેટ રમનારા આપણા પારસી જવાન ભાઇઓને આ શાપુર શેહર તરફ આવતાં તેને સ્થાપનાર શાપુરની નામ સાથે તેઓની ક્રીકેટની રમત, જે અસલમાં આપણી "ચોગાન ગુઇ"ની રમત હતી, તેની કોઇ પુરાણી યાદ આવશે. આ શાપુર પાદશાહ એક બાળક

તરીકે એક પ્રકારે પાદશાહી બાપની દરબારમાંથી દરબાર-નીકાલ હતો. અર્દેશર બાબેગાનની બાયડી આગલા પાર્થીઅન પાદશાહ અર્દેવાનની બેટી હતી. તેણીએ પોતાના બાપ, જેને ઇરાનનું તાજોતખ્ત અર્દેશરને સોંપી દેવું પડયું હતું, તેની આણુપટવી તરફદારી કીધી, તેથી તેણીને પાદશાહે પોતાથી દુર કીધી હતી પણ શાહનાં વજીરે છુપી રીતે તેણી, જેણી આબાદવંતી હાલતમાં હતી, તેણીને બચાવી હતી. તેણીને પેટનો આ શાપુર બેટો હતો. આ બાળક શાહાજાદો "ચોગાન ગુઇ" બીજા નાના છોકરાઓ સાથે રમતો હતો, તે રમત દરમ્યાન તેના બાપ અર્દેશરે તેને પોતાના શાહાજાદા તરીકે પિછાણ્યો અને પોતાના વહાલ હેઠળ લીધો. એ બાળકને પેલા વજીરે "શાહપુર" એટલે "શાહનો છોકરો (પુર)" એવું નામ આપ્યું હતું. આ વાર્તાની વીગત માટે હું મારા નીચલા વિષયોનો હવાલો આપું છું:

1. "Education among the Ancient Iranians."

2. The Game of Ball-bat among the Ancient Persians.

કાઝેરૂન અને શાપુર શેહરનાં આતશકદેહો.

એબ્ન હૌકલ "ઝીકુએ આતશકદેહા એ પારસ" એટલે "પારસનાં આતશકદેહોનાં વર્ણન" એવાં મથાળાં હેઠળ જણાવે છે કે આ હતા તરફ કોઇપણ લ-તો યા ગામ એવું નથી કે જેમાં આતશકદેહ નહી હોય. તે શાપુર શેહરમાં પોતાના વખત (૧૦ મી સદી) માં એક આતશકદેહ "ગુમબદે કાઉસ" નામનું જણાવે છે. કાઝેરૂનમાં તે "ખઇફે કતાહુન અને મસુબાન" નામનાં આતશકદેહો જણાવે છે. આ આતશકદેહો માટે બોલતાં તે પોતાનાં વખતનાં ઇરાનનાં પારસીઓનો એક રેવાજ જણાવે છે કે જે અસલનાં વખતથી ઉતરી આવેલો હતો. એ રેવાજ સ્ત્રીઓએ સુવાવડ અને માસીક માંદગીમાં કાંઇક પરહેજ જાળવવાના સંબંધનો હતો, તે પરહેજ નહી જાળવવાથી કોઇ ગુનાહ થનો હતે', તો એક સ્ત્રી આતશકદેહના હેબેઃ આગળ જતી અને "કોમીઝ" થી આંખ સાફ કરતી. નીરંગ માટેનો આ ફારસી "કોમીઝ" શબ્દ આપણા "ગાવમેઝ"નું અપભ્રંશ છે. આ શબ્દના અપભ્રંશ રૂપથી દીસે છે કે અહીં એ બંને હકીકતે જણાવેલાં આતશકદેહોનાં નામો પણ કાંઇક બીગડેલાં નામો છે. આ તરફ એક આતશકદેહ "બામઆસર" એટલે "બાવના માથાવાળું" એવે નામનું હતું.

કાઝરૂનમાં રાત પસાર કરી સવારે ૯) ને અમલે અમો શાપુર શેહરનાં જાણીતાં નક્ષો જોવા નિકળ્યાં. બગદાદ છોડયા પછી માર્ગમાં કેઠે ખજુરીનાં ઝાડો દીઠામાં આવ્યાં હતાં નહી. તે હવે આજ રે જે પાછાં દીસવા માંડયાં. આજના માર્ગનો કેટલોક ભાગ પહાડોની હારની વચ્ચેથી હતો અને કેટલોક ભાગ સડકો હતો. કેઠે માર્ગની ખબર નીશાણી પણ માલમ પડતી હતી નહી. અમો ૧૦ ૩૦ ને અમલે નક્ષની જગ્યાએ આવી પહોંચ્યાં.

શાપુરના નક્ષો.

આ તરફના નક્ષોની વચ્ચે એક નાલું વહે છે. અમોએ જતાં પહેલે જમણા હાથ ઉપરના બે નક્ષો જોયા. એક નક્ષમાં એક પાદશાહના ઘોડાના પગ હેઠળ, ઘોડાનો પગ તે પડેલા માથા ઉપર હોય તેમ, એક ધણી પડેલો છે. એક ધણી હાથ લાંબા કરી માફ માગતો હોય તેમ દીસે છે. આ શાપુરની રોમના શાહનશાહ વલેરીઅન ઉપરની ફતેહનું ચિત્ર ગણાય છે ઉરતાદ મુસાફરો આ પડેલા પાદશાહને રોમનો પાદશાહ વલેરીઅન ગણે છે અને શાપુર માટે કોઇ સખ્ત શબ્દો વાપરે છે. પણ હું ધારું છું કે આ પડેલા ધણીને શાહ વલેરીઅન ગણવા કરતાં એને પડેલા રોમનું એક ચિન્હ (symbol) ગણવું જોઇએ. પોતાની ફતેહની અમ તેની ગરૂરી એકબારગી

આવલી હોય, તોપણ શાપુર જેવો નામીચો પાદશાહ, ખુદ જીતેલા પાદશાહને પોતાના ઘોડાના પગ નીચે ચિતરાવે, એ માનવામાં આવતું નથી. જે જમાનાનું પયગંબરનાનું શીખામણ આપે છે કે "બા દુશમનાન બા દારેસ્તાન કુશ" એટલે "દુશમનો સાથે વાજબી રીતે વરતજો," તે જમાનાનો નામીચો શાહ જીતેલા પાદશાહને એમ અપમાન આપવા માગે એ ધ્યાનમાં ઉતરતું નથી.

આ બન્ને ચિત્રો શાપુરની ઉપરની ફતેહના છે. એમાં એક ધણી માફ માંગે છે. તે આ પાદશાહની તવારીખ પ્રમાણે સીરીયાદીસ (Cyriadis) ધારવામાં આવે છે કે, જેને શાપુર માફ કરી વલેરીઆનની જગાએ થોડો વખત રોમનો પાદશાહ બનાવે છે. શાપુરે એન્ટીઓખ (Antiooh) જીત્યું ત્યારે આ ધણી તેને શરણ થયો હતો. પછી તેને શાપુરે રોમનો રાજા બનાવ્યો. શાપુરે હાલના ઇરાક તરફની પોતાની ફતેહો દરમ્યાન ત્યાં આવેલા પાલમાઇરા શેહેરના રાજા ઓડેન્થુસ અથવા ઓડેનાથુસે (Odenathus) તેને કેમ હેરાન કર્યો, તે બાબે હું આગળ બગદાદથી લખેલા મારા એક કાગળમાં પાલમાઇરા માટે બોલતાં કાંઇક બોલ્યો છું. આ નક્શો ખરાબ થતા જાય છે. આ બે નક્શોમાંના એકની નીચે કોઇ વટેમાર્ગુએ ચુલો બનાવ્યો હશે તેના અંધારથી આગળનો કોઇ ભાગ ખરાબ થયો છે.

નદીને પેલેપારના નક્શા.

આ તરફના બે નક્શા ઉપરાંત નદીની પેલેપાર પણ નક્શો જોવાના હતા. તે તરફ જવાનો કોઇ પુલ યા બીજો માર્ગ નહી હતો, તેથી એક માણસની ખાંધ ઉપર બેસી છાલકી નદી ઓળંગી. આ નદીનું નામ મને "ચૌગે ચેકા" કહીને જણાવવામાં આવ્યું. તે માણસને પાછો પયપાર મોકલ્યો કે મારી સાથવાળાં પથીઓને એક પછી એક ઉંચકી લાવે. પણ તે ત્યાં જાય તેટલાં તેઓ કોઇ બીજા નક્શ અને બીજો માર્ગ જોવા જરા આગળ નીકળી ગયલાં, તેથી તે મારી રેહબરી કરવા પાછો આવ્યો નહી, તેથી ક્યાં જવું અને ક્યાં નહી, તેની ગુંચવણમાં કેટલોક માર્ગ કાપી હું પહાડની કઠણ નક્શોની હાર આગળ આવી લાગ્યો.

આ હારમાં પણ એક નક્શમાં એક પુરૂષ બીજા પુરૂષને પાદશાહી સત્તાની નિશાણી તરીકે "અબ્ર" યાને ચક્કર આપે છે. અહીં પણ એક પુરૂષ પાદશાહના ઘોડાના પગ હેઠળ પડેલો છે અને તે હાથ ઉંચા કરી માફી માંગે છે. આ જમીન ઉપર પડેલા પુરૂષની પછવાડે છ માણસો છે. તે તેની સાથવાળાઓ (followers) છે. આ ચિત્રમાં ઘોડાઓ ઉપરાંત એક હાથીનું પણ ચિત્ર છે ઘોડેસ્વાર પાદશાહની પછવાડે ૧૨ સવારો છે જે સર્વે લબાસે ધરાવતા છે.

શાપુરનું મોઢું બાવલું.

આ તરફથી કેટલેક દૂર શાહ શાપુરનું એક મોટું બાવલું કહેવાય છે. પુરતો વખત નહી હોવાથી ત્યાં જઇ શક્યું નહી, માટે કાંઇક દલગીરી ઉપજી. માણસના સાધારણ કદ કરતાં બમણા કદનું આ બાવલું કહેવાય છે. મેં આગળ કહ્યું છે તેમ અહીંના હાલના રહેવાસીઓની પણ કેટલીક માન્યતા આવાં કદીમ સાસાનીઅન ખંડીએરો તરફ છે. કેટલાંકો માને છે કે તેઓ તરફની માન્યતા કાંઇ સારૂં નસીબ લાવશે એક લખનાર પ્રમાણે કોઇ લોકો એવું માનતા કે આ તરફ એક કાફર (Infidel) હતો. તેને ખોદાએ સજા તરીકે પત્થરમાં બદલી નાંખ્યો. એવો કોઇકનો ખયાલ હોવા છતાં તેની જાણે પરસ્તેશ થાય છે એટલે ઇરવાની લોકો તેને તેલ અને ફુલપાન ચઢાવે છે અને તેને એક તલીસમ (Talisman) ગણી માનતા લે છે.

કહે છે કે કોઇ પાદશાહો પછવાડેના જમાનાના લોકોને પોતાના જોર, કદ

સત્તાનો કાંઈક અટાતો ખ્યાલ આપવાની નેમથી પોતાના નક્શા યા ચીત્રો ખરા કદ કરતાં વધારે મોટાં કરાવતા. ઇજીપ્તના આગલા કોઈક રાજાઓનાં પુતલાં એમ મોટાં છે. બર્માંમાં પેગુ આતે બુધનું સુતેલાં રૂપ (reclining posture) માં જેવું મોટું પુતલું જોયું હતું તેવું મેં કુઠે નથી જોયું. તેની આજુબાજુ ફરી વળતાં એક્યાર મીનીટ થાય પણ તે બુધે પોતે નહી પણ તેના કોઇ સેવકે બરપા કર્યું છે. સીકંદર માટે પણ કહે છે કે તે જ્યારે હીંદુસ્તાન છોડી પાછો પોતાના વતન તરફ જવા નિકળ્યો ત્યારે તેણે પોતાની છાવણીમાં કોઇ બાંધકામ એવી નિશાણી સાથે કરાવ્યાં કે તેના જવા પછી હીંદવાસીઓ, તેના કદ અને જોર માટે મોટો ખ્યાલ બાંધે. હવે શાપુરે પોતાનું બાવલું પણ એવાજ કોઇ ખ્યાલથી કદાચ બરપા કર્યું હોય.

વધારો.

મેં આ પત્રમાં અને ભુલતો નહી હોઉં તો આગલા એક પત્રમાં અર્દેશર બાબેગાન અને શાપુર વીગેરેના નક્શાની એક બાબતના સામાન્ય રીતે થતા ખુલાસા માટે શક બતાવ્યો છે. એ પાદશાહોના નક્શામાં એક પુરૂષને તેઓના ઘોડાના પગ હેઠળ પડેલો ચિતાર્યો છે. તે પડેલા પુરૂષને અર્દેશરના સંબંધમાં પાર્થીઆન વંશનો છેલ્લો પાદશાહ અર્દેવાન લેવામાં આવ્યો છે અને શાપુર પહેલાના સંબંધમાં રોમનો શાહનશાહ વેલેરીઆન ધારવામાં આવ્યો છે. અર્દેશર અને શાપુરે એ બન્ને પાદશાહો ઉપર ફતેહ મેળવી હતી. તેથી તેઓને એ પાદશાહોએ પોતાના ઘોડાના પગ આગળ પડેલા ચિતાર્યા છે, એમ સમજાવવામાં આવે છે. આ સમજણ આપી વળી કોઇ લખનાર તો એમ પણ કહે છે કે શાપુર ઘોડા ઉપર બેસતો ત્યારે વેલેરીઆનને બંદીખાનામાંથી તેડાવી તેને વાંકો વાળી તેની પીઠ ઉપર પગ મુકી ઘોડા ઉપર ચઢતો. આવી કોઇક બાબતો જણાવી શાપુરને હલકો પાડવામાં આવે છે. આ બાબે મેં શક દેખાડયો છે. તેમ શક જણાવ્યા બાદ વીલીઆમ આઉસલીનું ઇરાનની મુસાફરીનું પુસ્તક વાંચતાં (વો૦ ૧ પા૦ ૨૮૯) નીચલું વાંચી હું ખુશી થયો છું.

"But in all the sculptures that I have seen, representing together Sapor and Valerian, probably at their first interview, the conqueror appears mercifully inclined towards his illustrious captive. . . . . But the chisel may have been guided by adulation, or employed before the infliction of cruelty."

આ ફકરામાં જોકે આઉસલી શાપુરની કહેવાતી ઘાતકી વર્તણુક નહી માનતો હોય એમ નથી, તોપણ તે જણાવે છે કે કોઇક નક્શામાં ઇરાની શાહ રોમન શાહ તરફ કાંઇક સારી લાગણીથી જુએ છે, તે સબબે તે માનતો દેખાય છે કે નક્શ કોતરનારે ઉપલા આઉસલીએ જોયલા કોઇ મહેરબાની દેખાડનારા નક્શામાં ઇરાની શાહ તરફના પોતાના કોઇક ખુશામદીભર્યા ખ્યાલો દેખાડવા આવા મમતાભર્યા નક્શ કોતર્યા હશે અથવા તો પાદશાહે વેલેરીઆન તરફ કાંઇક ઘાતકીપણું દેખાડવા માંડયું હોય તે આગમજ આ નક્શ ચિતાર્યા હોય. હવે આઉસલી કયાંના અને કયા નક્શોને માટે બોલે છે કે તે નક્શ વેલેરીઆન તરફ સારી લાગણી દેખાડે છે, તે હું જાણતો નથી, તોપણ તેનું કહેલું બરાબર બને તો કેટલાક નક્શા આ બે પાદશાહો વચ્ચે કાંઇક સારી લાગણી દેખાડે છે. ત્યારે શાપુર જેવો આવી સારી લાગણી દેખાડનારો મોટો પાદશાહ જીતેલા રોમન પાદશાહ વેલેરીઆનની પીઠ ઉપર પગ મુકી ઘોડા ઉપર બેસે અથવા તેમ તેને ઘોડાના પગ હેઠળ પડેલો ચિતારે, એ

માનવા જોગ નથી અને આપણે એવા નક્ષોમાંથી જે સમજવાનું છે તે આજ છે કે ઘોડાના પગ હેઠળ પડેલા પુરૂષો તે કાંઇ અદંવાન યા વેલેરીઅન નથી, પણ એ ચિત્રો શાહે જીતેલા મુલકોની નિશાન તરીકે ચિતારેલાં છે. શાહે આર્દેવાનનો પાર્થીઆનો મુલક અને રોમન પાદશાહ વેલેરીઆનનો કોઇ મુલક જીત્યો હતો. ત્યારે આ ચિત્રો એક પાર્થીઅન અને એક રોમનનાં ચિત્રો છે, જે પાર્થીઆ અને રોમના મુલકોના જાણે ચિન્હ છે. આ તરફના નક્ષોમાં પાદશાહ (શાપુર) આગળ કોઇક રાજાઓ ભિટસોગાદો મેલી જાય છે તેનાં ચિત્રો છે. તેમાંનાં એકાદમાં આઉસલી પાલમાઇરાના રાજા ઓડેનાથુસ, જે રાણી ઝેનોબીઆ (Zenobia) નો ખાવીંદ હતો, તેને ધારે છે કે તે શાપુર આગળ ભિટ લાવ્યો હતો. તે સંભવીત દીસે છે. એ રાજા ભિટ લાવ્યો, પણ કહે છે કે શાપુરે તે સ્વીકારી નહીં અને તેનું પરીણામ આ આવ્યું કે શાપુરને પાછળથી આ રાજાને હાથ કાંઇક ખમવું પડયું, જે માટે હું પાલમાઇરા માટે બોલતાં બગદાદ તરફનાં એક પત્રમાં લખેલો છું.

ઇરાની અખાત, સ્ટીમર વરસોવા,

તા૦ ૨ જી નવેમ્બર ૧૯૨૫

બુશાયર. ઈરાની અખાત.

કાઝરૂનથી બુશાયર.

અમોએ તા૦ ૨૮ મી નવેમ્બરે સવારે ૭–૩૦ ને અમલે કાઝરૂન બુશાયર માટે છોડયું. બુશાયર આવતાં પ પહાડો ઓળંગવા પડે છે. એમાંનો એક ઘણો મોટો પહાડ છે. આ પહાડનો ઘાટ ઓળંગવા બાદ મેં મારી નોંધ પોથીમાં નોંધ લીધી કે "આજનાં જેવો જોખમ ભર્યો (risky) ઘાટ કદી નથી જોયો." છેલી મોટી લડાઇમાં અંગ્રેજ સરકારે ઇરાનમાં કાંકરા માફક રૂપીઆ ખરચી રસ્તાઓ બનાવ્યા હતા, તેમાં એક રસ્તો આ ઘાટનો છે. તે ઉપરથી હાલ મોટર આવજાવ કરે છે. પણ ઘાટપર ઘણીક જગ્યાએ વલાણ લેવા માટે પુરતી જગા નહીં હોવાને સબબે મોટરને હડાવ શુરૂ કરવી પડે છે. તે વખતે જાણે જીવ સટોસટ હોય તેમ લાગે છે. કેટલીક જગ્યાએ તો ઉતરી પડી ચાલવાથી ચેન પડે છે. આવીજ જગ્યાએ એક હુશીયાર શોફરની હુશીઆરીની પરીક્ષા થાય છે.

બુશાયર અને રી શેહેર.

બુશાયર શેહેરવાળો મુલક પણ પારસના મુલકનો ભાગ ગણાયો છે. બુશાયરનું અસલ નામ "અબુ–શેહેર" એટલે "શેહેરોનો બાપ" (અબુ) યાને "મુખ્ય શેહેર" છે. તે પછવાડેથી બુશેહર થયું. બુશાએર એ બુશેહરનું અપભ્રંશ છે. હાલનું બુશાયર આ તરફ પાછલા વખતનું બંદર છે. તેની આગમજ "રે શેહેર" જે અહીંથી આસરે પાંચ છ મૈલ ઉપર દર્યાના કીનારા ઉપર છે, તે મુખ્ય શેહેર હતું. વળી તેની તવારીખ પુરાણી છે.

પાદશાહ દારાયસે હીંદુસ્તાનનો પંજાબ તરફનો ભાગ હાથ કરી ઇરાન તરફ પાછું ફરતાં પોતાના દર્યાઇ સેનાપતી સાઇલેક્ષ (scylax) ને ઇરાની અખાતને માર્ગે શોધખોળ કરતાં ઇરાન તરફ જવા કહ્યું હતું. તેના એ દાખલાની નકલ કરી સીકંદરે પોતાના એડમીરલ નેઆર્કસને પણ એ માર્ગે જવા કહ્યું હતું. નેઆર્કસે એ સફરમાં આ શેહેરની મુલાકાત લઇ તેની સીફતમાં કાંઇક કહ્યું હતું. યુનાની લખનારાઓ એને મેઝામ્બ્રીયા (Mesambria) તરીકે કહી ગયા છે. એરીઅન (Arrian) નામનો યુનાની લખનાર એ શેહેરની પડોસમાં એક તઓક (Taok) નામની જગા માટે લખે છે કે ત્યાં ઇરાનના પાદશાહોના મેહેલ હતા. આઉસલી આ નામ "તાક" ધારે છે કે જે શબ્દથી બગદાદ આગળ નોશીરવાનનો મેહેલ પણ "તાકે નોશીરવાન" તરીકે જણાવેલો છે.

આ રી શેહેર અસલ શેહેરાસ્પે સ્થાપેલું જણાવવામાં આવે છે. હાલમાં

પણ રી શહેરમાં એક કુવો "ચાહે બહમની" એટલે "બહમનનો કુવો" એવે નામે જણાયલો છે. એ નામ આ શહેરને સોહેરાસ્પના નબીરા અસફંદ્યારના બેટા બહમન સાથનો કાંઇક સંબંધ દેખાડતું જણાય છે. કહે છે કે અરદેશર બાબેગાને હીંદુસ્તાન દેશ સાથ ઇરાનનો સંબંધ વધારવા કાજે આ શેહેરને ફરીથી સ્થાપી આબાદ કર્યું અને તેના બેટા શાપુરે તેની આબાદી વધારી. આ નામ "રી શહેર" અસલમાં "રહસી શહેર" એટલે "શહેરોનું સરદાર (રહસ)" એવો અર્થ ધારવામાં આવે છે. આ તરફ એક કલ્લો પણ "કિલ્લે એ બહમન" તરીકે બોલાય છે.

હાલમાં ઇરાનનાં કેટલાંક શહેરોમાં મોટા જાહેર રસ્તાઓને "ખીઆબાને પેહેલવી" અને "ખીઆબાને સેપાહ." એ બે-માંથી એક નામ અપાય છે. નામદાર રીઝાખાન સેપેહસાલાર હતા અને તેવણે પેહેલવી નામ અખત્યાર કર્યું છે તે સબબે હાલમાં એ નામો અખત્યાર કરવામાં આવ્યાં છે. તે મુજબ અહીં બુશાયરમાં પણ એક જાહેર રસ્તા (ખીઆબાન) ને "ખીઆબાને પહેલવી." એવું નામ આપ્યું છે. કહે છે કે આ તરફ ફરતી એક ઇરાની સ્ટીમરે પણ એ નામ લીધું છે.

અહીં તા૦ ૨૯ મી નો દિવસ આવતી કાલે ઉપડવાની તૈયારીમાં કાઢયો. સ્ટીમર ઉપર જવા કાજે અને હીંદુસ્તાન જવા કાજે અહીં છેવટની પાસપોર્ટની ગોઠવણ કરવી પડે છે. તા૦ ૨૯ મી નવેમ્બરનો દિવસ આતવારનો હોવાથી શરૂઆતમાં એક અમલદારે કાંઇક ગભરાટમાં નાંખ્યા કે આતવાર હોવાથી બ્રીટીશ સરકારી ઓફીસમાં તે પાસ માટેની ગોઠવણ થઇ શકશે નહીં. સવારના પોહોરમાં ઉપડવાનું હતું માટે આ કેહણી શરૂઆતમાં કાંઇક ચિંતા આપી પણ બ્રીટીશ કોન્સલના દેશી અમલદારોએ ઘટતી મદદ આપી એ ચિંતા દુર કીધી.

ઇસ્લામી મુલકોમાં મુસાફરી કરતાં જુમાનો દિવસ એટલે શુક્રવાર આપણે યાદ રાખવો જોઇએ. સબબ કે આ તેહેવારનો દિવસ હોવાથી અગતનું કાંઇ કામ કરવાનું હોય તો અટકી રેહેવું પડે!

રી શેહેરની મુલાકાત. અત્રે મલતાં અસ્તોદાનો.

સાંજે ઉપલા રી શહેરની મુલાકાતે ગયાં. આ ઇરાન સરજમીન ઉપરની છેલ્લી સાંજ હતી. આ શેહેરનાં કિનારા ઉપર દર્યાની સપાટી ઉપર નજર કરી કાંઇક ખુશીભર્યા ખ્યાલો સાથે દર્યાની પેલેપાર હીંદ તરફ અને વહાલાં ઘરબાર તરફ વિચારો ફેંક્યા.

આ કિનારાની એક જગ્યાએ મને નહી ધારેલો કુટેલોકવાર ખેંચી રાખ્યો. અહીં એક જગ્યાએ દર્યો કિનારાને ધોઇ નાંખી અંદરની જમીન ઉપર કાંઇક ધસતો આવતો દીસે છે. તે સબબે કીનારા ઉપરની એક ટેકડી ખોદાતી જતી હતી. તે જોતાં મને તુરત મારી એનથ્રોપોલોજીકલ સોસાયટી અને તેના સંગ્રહસ્થાન (Museum) માટે બુશાયરથી આવેલું અસ્તોદાન યાદ આવ્યું.

મારી જીંદગીની કાંઇક જંજાળોને મેં મારા અભ્યાસથી કાંઇક આસાન કરવાની તજવીજ કીધી છે. દરરોજ અભ્યાસમાં પસાર કરેલા ત્રણ ચાર કલાકો એક પ્રકારની રમત યા રંજન (diversion) તરીકે મારી જંજાળોને વીસરાવતા હતા—વીસરાવતા હતા, એટલુંજ નહીં, પણ આખા દિવસનાં કામ માટે મને તાજો અને તૈયાર કરતા હતા. મારા જવાન કામદાર વાંચક ભાઇઓને મારી સલાહ છે કે ગમે તેવાં કામના બોજા છતાં દરરોજ થોડો વખત, કાંઇ નહીં તો એક વહાલી મોજ યા રમત (hobby) તરીકે થોડો વખત, અભ્યાસપર રોકવો. સાધારણ વાંચન કરતાં ગંભીર અભ્યાસ તમોને તમારૂં ધંધારોજગારનું કામ વધારે સારી રીતે કરવાને તૈયાર કરે છે. એવા અભ્યાસમાં

તમોએ કોઇ ચોક્કસ બાબત માટે એક યા બીજી બાજુની બનાવીઓ તપાસવી પડે છે. તે તપાસી તમો કાંઇ ચુકાદા ઉપર આવો છો. અભ્યાસની તબે તમોને તમારા ધંધારોજગારમાં કાંઇક કામ આવશે, કે તમો હજુર આવતા સવાલોની સર્વ બાજુઓ તપાસી, એક યા બીજા ચુકાદાપર જલદી કેમ આવવું. હવે મારા અભ્યાસમાં મારી એશીઆટીક અને એનથ્રોપોલોજીકલ સોસાયટીઓએ મને યારી દીધી છે. એમાંની પહેલી હજુર મેં આસરે ૫૦) થી વધુ વિષયો, અને બીજી હજુર આસરે ૮૦) વિષયો વાંચ્યા છે. પહેલા મંડળી કરતાં બીજી મંડળીએ મને જીંદગીની મોજ (zest in life) વધારે આપી છે. તે સાથે તેણે મને મારા વિચારોમાં કાંઇક સહનસીલતા (tolerance) શીખવ્યું છે. આ શીક્ષણે મને કોઇક બાબતોમાં જરા જરામાં બીક ઉરાડતો (alarmist) બનતો અટકાવ્યો છે. હાલની તેમ પુરાણી રાહરસમો અને રીતભાતો અને તેઓની સરખામણીએ મને ઘણું શીખવ્યું છે અને મોજ આપી છે. પારસી લગ્ન નવજોત અને બીજી મરણ જીવનની ક્રિયાઓ જોતાં, વારે ઘડીએ તે ને તેજ જોવા છતાં, હું કાંઇક નવા વિચારોમાં પડું છું. આપણી પારસી બાઇઓનાં ઘસાઇ પીસાઇ ગએલાં "ઓવારણાં" અને "આછાં મીઠાં," જ્યારે પણ જોઉં છું, ત્યારે જાણે મુછમાં હસતાં વિચારો સાથે તેઓમાં કાંઇક મોજ લઉં છું.

હવે આ એનથ્રોપોલોજીકલ સાસાયટી આગળના મારા વિષયોમાં મારો પહેલો વિષય ઇ. સ. ૧૮૮૭ માં "પારસીઓમાં સગન," એ હતો. અને ૧૮૮૯ માં બીજો વીષય આ બુશાયર સાથે સંબંધ ધરાવતો હતો. સબબ કે અહીંથી મારી મંડળી હજુર એક અસ્તોદાન આવ્યું હતું. તે ઉપર મેં નીચલે નામનો એક વિષય વાંચ્યો હતો.

"Astodan or a Persian Coffin, said to be 3000 years old, sent to the Museum of the Anthropological Society of Bombay, by Mr. Malcolm of Bushire.

હવે આ કીનારા ઉપરની ઉપલી ટેકડી જોતાં મને આઝરબઈજાન તરફ જોએલાં "અઓર તપ" પણ યાદ આવ્યાં. ધીરજે તપાસ કરતાં મેં જોયું કે એ ટેકડીમાં અહીં તહીં કોઇક હાડકાંઓ છે. વધારે ધીરજે ઉપર ટપકેથી ખોદતાં અને ખોદાવતાં અંદરથી કાંઇક વધુ હાડકાંઓ મળ્યાં. તે ઉપરથી મેં ધાર્યું કે ઉપર જણાવેલું મુંબઇ આવેલું અસ્તોદાન બુશાયરનાં આવા કોઇ ભાગમાંથી મળેલું હોવું જોઇએ. તેથી પરપુરછ કરતાં માલમ પડયું કે આ તરફ કેથે હાડકાંઓની આખી બરણી યા પેટી યા અસ્તોદાંણો પણ મળે છે. મારી સાથે આવેલા રેહબર ગૃહસ્થને મેં તે ઉપરથી અરજ કીધી કે એવું એક આખું અસ્તોદાન કેથે હાથ આવે, અને તે મારા ઉપર મોકલી આપવામાં આવશે તો હું તેનો સઘળો ખરચ આપીશ અને આભારી થઇશ.

	સોમવાર તા૦
ઇરાન સરજમીનને	૩૦ મી નવેમ્બર
છેલ્લી સલામ.	૧૯૨૫, રોજ દેપ
	દીન માહ આરદાદ

અને ૧૨૯૫ યઝદજર્દીને દીને પાછલી રાતનાં આસરે બે વાગાથી બીદાર થઇ ઇરાન સરજમીન ઉપર અમારા બાંધા પોટલાં છેલ્લીવાર બાંધ્યા અને ત્રણ વાગે મકાન છોડી, ચાર વાગે સ્ટીમ લોંચ ઉપર સવાર થઇ બારદર્યે ગયાં, કે ત્યાંથી બસ્રા તરફથી આવતી સ્ટીમર, જે ચાર પાંચ વાગામાં અત્રે આવનાર હતી, તે ઉપર ચઢીએ. આ તરફ પાણી છાલકી હોવાનાં સબબે સ્ટીમર ઘણી દુર ઉભી રહે છે. દર્યો કાંઇક અશાંત હતો, પણ ઘણી મુશ્કેલી તો સ્ટીમ લોંચ ઉપરથી સ્ટીમર ઉપર ચઢવામાં પડી, સબબ કે

ઉછળતાં મોજાંના સબબે સ્ટીમ લોંચને સ્ટીમરની બાજુએ બરાબર લેવાઇ શકાતી હતી નહીં. અહીંતહીં સ્ટીમ લોંચને ઉછાલ આપી સ્ટીમર સાથે સંબંધ સ્થાપી તે ઉપર દિવસ ઉગતાં ઠરીઠામ થયા. ઇરાનનાં છેલ્લી મુલાકાતવાળાં મથકોનું ઘણું વર્ણન લખવાનું કામ છેલ્લા દિવસોની દોડાદોડની મુસાફરી સબબે ચઢી ગયું હતું, તે તમામ કરવામાં તા૦ ૩૦ મી નવેમ્બરનો અને તા૦ ૧ લી અને ૨ જી ડીસેમ્બરના દિવસો પસાર કર્યાં.

ઇરાની અખાત. આ છેલ્લા દિવસોની દર્યાઇ સફર ઇરાની અખાત (Persian Gulf) તરીકે ઓળખાતા દર્યામાં હતી. હાલમાં એ અખાત (Gulf) તરીકે બોલાય છે. પણ આગળ તે દર્યા (Sea) તરીકે ઇરાની દર્યો (Persian Sea), એમ બોલાતો હતો. એક વખત ઇરાનનું નામ એટલું મશહુર હતું અને આ તરફનો વેપાર પણ એટલો મોટો હતો, કે ઇરાને, હાલમાં જે અરબી સમુદ્ર તરીકે બોલાય છે, તે સમુદ્રમાં મોટા ભાગને પણ 'ઇરાની સમુદ્ર' એવું નામ આપ્યું હતું. અસલી યુનાનીઓ એને ઇરીથ્રીયન દર્યો (Erythrean Sea) કહેતા. એઓ આ અખાતની હદ ઉપરાંતના દર્યાને પણ એ નામથી ઓળખતા. ઇ. સ. બીજી સદીમાં થઇ ગયલા પેલા જાણીતા ભૂગોળવેત્ત ટોલમી (Ptolemy Claudus) એ પોતાના એક પુસ્તક (Periplus of the Erythrean Sea) માં એ નામ વાપર્યું છે. અસલી ફીનીશીઅનો અને ચીનાઓનો એ દર્યામાં વેપાર હતો, તે સબબે આ દર્યો એ બે પુરાણી પ્રજાઓનાં પારણાં (cradle) મીસાલ ગણાયો છે.

અસલી કેલ્ડીયા (Chaldœa), જેનો પુરાણા ઇરાન સાથે સંબંધ હતો, તેની પુરાણી દંતકથા, જેની બેરોસસ (Berosus), જે ઇ૦ સ૦ પૂર્વે ત્રીજી સદીમાં બાબીલોન તરફ થઇ ગયો છે, તેણે નોંધ લીધી છે, તે પ્રમાણે એ દેશનું રક્ષણહાર પ્રાણી અર્ધું માણસ અને અર્ધું માછલી, એ એનું ઓનેસ હતું. આ પ્રાણી આ ઇરાની અખાત તરફનું ગણાતું હતું. આપણાં ઇરાની ખંડીએરોમાં જાણે ઇરાનના એક રક્ષણહાર પ્રાણી તરીકે આપણે એક અર્ધું માણસ અને અર્ધો સીંહ જોઇએ છીએ, તેનાં ખ્યાલને આ ઇરાની અખાતનાં પ્રાણી સાથે કાંઇક સંબંધ હોય. ઇરાન દર્યા કરતાં જમીનપર મજબુત હતું, તે સબબે તેણે જમીન ઉપરના મજબુત પ્રાણી સીંહને પોતાનાં સુચક પ્રાણી તરીકે અખત્યાર કર્યો હોય.

ઇઝકીલ (Ezakiel I 10) માં એઝેકીએલ આકાશ ઉપરથી ઉતરી આવતા ૪) ફરેસ્તાઓ, જેઓની વાતો શાહ ગુશ્તાસ્પની દરબારમાં પેગમ્બર જરથોસ્ત આગળ ઉતરી આવતા ફરેસ્તાઓની યાદ આપે છે, તેઓનું વર્ણન કરતાં, તે ફરેસ્તાઓનું આવુંજ રૂપ જણાવે છે. (They four had the face of a man and the face of a lion). ત્યારે આ કોઇ અસલી ઇરાની ખ્યાલ છે. એ બાબે એક વિદ્વાન બરાબર કહે છે કે ફરેસ્તાઓ માટે ઉપલો એઝેકીએલે જણાવેલો ખ્યાલ કોઇ અસલ હીબરૂ ખ્યાલ નથી. (The Cherubim are clearly no native Hebrew conception" Authority and Archœology, by H. Hungar p. 19.) શાહનામામાં પણ શાહ કૈખસરૂને આ અખાતમાં મકાનના કિનારા ઉપર ગંજાવર મોટી માછલીઓ જોતો જણાવ્યો છે. ત્યારે ઇરાનના ખંડીએરો ઉપર દીસતા સીંહ યા ગોધાના ચિત્રોનો ખ્યાલ પહેલો આ અખાતની મોટી માછલીના ખ્યાલથી ઉભો થયો હોય.

દારાયસના દર્યાઇ સેનાપતી (Admiral Seylax) અને સીકંદરના સેનાપતી (Nearchus) એઓએ આ અખાતના માર્ગમાં શોધખોળો (explorations) કરી

હતી. ઇરાનનો હીંદુસ્તાન સાથે આ અખાત માર્ગે મોટો વેપાર હતો. અને એક આરબ લખનાર પ્રમાણે શાહ યજદજર્દ શહેરયારની હાર પછી આરબોએ બસરા શહેરની સ્થાપના કીધી હતી તેની નેમ આ હતી, કે કદાચ યજદજર્દના કોઇ વારેસો હીંદુસ્તાનની મદદ મેળવી આ અખાત માર્ગે પાછા ઇરાન ઉપર હુમલો કરે તો ઇરાકમાં તેઓના સામા થવા ટાઇગ્રીસ નદીને કાંઠે એક મજબુત શહેર સ્થાપવું. તેમ આરબોએ આ શહેર સ્થાપ્યું (Tabari, Zotenberg, III p. 401).

ઇરાનનો દર્યાઇ કાફલો.

આ ઇરાની અખાતમાં સફર કરતાં અસલી ઇરાનના દર્યાઇ બળ માટે કાંઇક વિચાર આવે છે. તે આ કે, અસલી ઇરાનીઓ જમીન પરનાં લશ્કરી બળમાં બળવાન હતા, પણ દર્યાઇ બળમાં કાંઇક નબળા હતા. તેઓ શા સબબે તેમ નબળા હતા? તેઓએ એ બળમાં ઘણી થોડી લાયકાત દેખાડેલી જણાય છે. પાદશાહ ઝર્કસીસની યુનાનને હાથે સેલમીસની મોટી દર્યાઇ લડાઇમાં હાર આ નબળાઇના સબબે હતી. આ નબળાઇનો સબબ આ તો નહીં હોય, કે અસલી ઇરાનીઓને દર્યામાં મુસાફરી કરવા સબબે કાંઇક ખાસ અભાવ હતો? તે અભાવ આ સબબે હોય, કે દર્યામાં મુસાફરી કરતાં પાણીમાં ફરજીઆત ગલીચી કરવી પડે. પાણીમાં કાંઇ નસા નહીં નાંખવો અને પાણીને સ્વચ્છ રાખવું, એ ફરમાનની અસલ ભલી નેમનો કોઇ ભુલ ભર્યો ઉપયોગ કરવાને સબબે આ અભાવ હોય.

હવે હખામીનીઅન પછીના પાર્થીઅન વંશના જમાનામાં એવો ખ્યાલ હતો, તે આપણે તવારીખ ઉપરથી જાણીએ છિએ. જ્યારે રોમના પ્રાસ્રી શાહનશાહ નેરોએ આર્મીનીઆના ટીરીડાટીસ (Tiridatis વીરદાદ) નામના જરથોસ્તી પાદશાહને રોમ બોલાવ્યો, કે તે ત્યાં પોતાને હાથે એ પાદશાહને રાજ્ય અભીષેક કરી તેને માથે તાજ મેલે, ત્યારે તીરદાદ પાદશાહે ધર્મના રેવાજનો સબબ દેખાડયો કે તે રેવાજ પ્રમાણે તે દર્યો ઓળંગી શકે નહીં. કહે છે કે, ત્યારે આ ધાર્મીક નજરની મુશ્કેલી ટાળવા એવું ઠેરવવામાં આવ્યું, કે આર્મીનીઆમાંજ એક જગ્યાએ નીરોનું તખ્ત મેલવું અને પછી ત્યાં તીરદાદ જઇ નીરો પાદશાહના તાજો તખ્તને નમી પોતાને હાથે તાજ પહેરે. એના ભાઇ વલખશ (Volageses) માટે પણ કહે છે કે તે પણ ઓલાદે મોબેદ વંશનો હતો અને આ મોબેદી રેવાજ પાળતો હતો. આ રેવાજ ઇરાનમાં બસો ત્રણસો વર્ષ સુધી પાળવામાં આવતો હતો. એક રેવાયત પ્રમાણે અત્રેથી ધર્મ સબંધી સવાલો લઇ ગયલા એક પારસી કાસદને, તે દર્યા માર્ગે ગયો હતો તે સબબે, ઇરાન જતાં બરશનુમ આપવામાં આવ્યું હતું. હીંદુસ્તાનમાં પણ એમજ હતું. ત્યાં તો તેવા લાંબી દર્યાઇ સફર કરનાર મોબેદને પાવ મહેલની ક્રિયાથી હંમેશાં દુર રાખવામાં આવતો. મરહુમ શેઠ કાવસજી એડનવાલાની દરેહમહેર ઇજવા ગયલા નોસારીના મોબેદો એડનથી આવવા પછી હીંદુસ્તાનમાં પાવ મહેલની ક્રિયાથી હંમેશ માટે દુર થયા હતા. હવે આ અટકાવ મારા ધારવા પ્રમાણે ધાર્મીક ફરમાનને તેની અસલ નેમ (spirit) માં સમજવાને બદલે તેનાં હરફે હરફ (letter) માં સમજવાનું પરીણામ હતું. વંદીદાદનું વાજબી ફરમાન હતું કે પાણીમાં નજીસાત નાંખવી, એ ગુનાહનું કામ છે. પણ એ ફરમાન તનદુરસ્તી અર્થે મીઠાં પાણી માટે હતું. દર્યાના ખારાં પાણી માટે હતું નહીં. હીરોડોટસ પણ આ ફરમાનનો ઇશારો કરે છે. ત્યારે દીસે છે કે એ ફરમાન મળવા પછી થોડીક સદીમાં તેની અસલ શુભ નેમ ભુલાઇ ગઇ અને તે ફરમાન કાંઇક સમજ ભુલથી ખારાં પાણીને પણ લાગ્યું. ત્યારે પાણીમાં નજીસાત નાંખવાની મનાઇ સબબે અસલી ઇરાનીઓને દર્યા સામે અભાવ હોય અને

તે સબબે તેઓ કદાચ બળામાં કાંઇક નબળા રહ્યા હોય.

હવે ઉપલેજ સબબે આપણે જોઇએ છિયે કે હીંદુસ્તાનમાં હેલ્લી બે ત્રણ સદીઓમાં ઘણાં પારસીઓ વહાણોના માલેક હતા પણ કોઇ પારસીઓ ખલાસીનો પેશો કરતા હતા નહીં. ઉપલા ફર્માનના સંબંધમાં આપણે જેમ ખુશી સાથે તેમ અજાયબી સાથે–સાધારણ અજાયબી નહીં પણ એતી ઘણી અજબી સાથે–જોયું છે કે નૌસારી, જે પુરાણા રેવાજોને વળગી રહેનારૂં ધર્મ સ્થળ છે, તેણે આ હજારો વર્ષ સુધી પળાએલા રેવાજને, પોતાની અન્જુમનના એક ઠરાવથી ચાર પાંચ વર્ષ થયાં વા; બી રીતે બાજુએ મેલ્યો છે.

અરબી સમુદ્ર, સ્ટીમર વરસોવા,

તા૦ ૪ થી નવેમ્બર ૧૯૨૫.

કરાંચી.

કાંઇક આગલી યાદ.

તા ૩ જી ડીસેમ્બર, રોજ આસ્તાદ માહ બેરદાદના મુબારક દીને સવારે ૧૦) ને શુમારે ઇરાનના સરજમીન ઉપરથી ઇરાની અખાતને માર્ગે આવી આ હીંદુસ્તાનની સરજમીન ઉપર કરાંચી ખાતે પગ મેલ્યો. ઘણાંક આગલા પાછલા વિચારો સાથે હું એ દીવસને "મુબારક" કહું છું. પહેલવહેલો આજથી ૧૫) વર્ષપર હું આ શેહેરને કિનારે ઉતર્યો હતો. વખતે ઇરાન જતાં જતાં અહીં ઉતર્યો હતો અને ગોઠવણ કીધી હતી કે સ્ટીમર થોડા કલાક અહીં ઉભી રહે તે દરમ્યાન આ શેહેર જોઇ અને એક ભાષણ આપી બગદાદ જવા માટે તેજ સ્ટીમર ઉપર સાંજે પાછું ચઢવું. આ સહેરની આગમજનું આઠવાડયું મુંબઇમાં કામકાજની અતીઘણી રોકાણીમાં ગયું હતું, સબબ કે તે વખતે પ્રોફેસર જેકસન મુંબઇ આવ્યા હતા, તેવણના ભાષણની હારમાળાની ગોઠવણ કરવાની હતી. આરીસના રાબેતાના કામ ઉપરાંત આ કામ અને વળી ત્રણ ચાર દિવસના એકદમ ઉતાવળા વીચારમાં ઇરાન જવાનું હાથ ઉભું કરેલું. ત્યારે આ સર્વ જંજાળના પરીણામમાં કાંઇક નાદુરસ્ત તબીયત સાથેજ મુંબઇથી સ્ટીમરપર ચઢેલો અને તેમાં કદાચ સહેરના કાંઇક ચલાવે ઉમેરો કરેલો. આ સર્વ સબબે કિનારે તબીયત નાદુરસ્ત થવાથી આંખમાં કાંઇક આંસુ સાથે કરાંચીથી મુંબઇ પાછો ફર્યો હતો. આ સબબે જ્યારે આસરે ૧૫) વર્ષ બાદ મેં કરાંચીને બંદરે ઇરાનની સફર સફળ કરી પગ મેલ્યો ત્યારે અલબતે તે દાદારનો આભાર માનનારાં ઉમર સાથનો તે દિવસ મારે મનથી "મુબારક" દિવસ હતો. આ મુબારક દિવસે કરાંચીની અનજુમનનાં તે વખતના સરનશીન મરહુમ મી૦ ફરામરોજ પંચકીના ભલા રૂહને એહસાન સાથે યાદ કર્યું, સબબ કે તે વખતની બીમારી અને નાસીપાસીના થોડાક દિવસો તેવણના મેહરબાનીભર્યા મેહમાનદાર છાપરા હેઠળ મેં પસાર કર્યા હતા. ખુદા તેવણના રૂહને પારી દીએ.

વળી એક વિચારે તેને વધારે મુબારક કર્યો. પેલી કહેવત છે કે, કોઇ વખત "માઠું થાય તે સારા કાજે," તેમ તે વખતે કરાંચીથી નિષ્ફળ થયો તે એક રીતે સારૂં થયું. મેં તે વખતે ઇરાન જવાનો એકદમ વિચાર આ સબબે કર્યો હતો કે તે વખતના ઇરાનના મુંબઇના કોનસલ મીરઝાં અકબરઅલી, જેવણ હાલમાં મુંબઇની હાઇ કોર્ટના ન્યાય આસને ચઢયા છે, તેવણ ઇરાન જતા હતા. તેવણની સાથ પકડી હતી કે તે વખતે ઇરાનનો મામલો કાંઇ બરાબર રાહ ઉપર નહીં હતો, તેથી ઇરાનના કોનસલની સાથે મુસાફરી કરવામાં સરકાર દરબાર તરફથી કાંઇક સવળાતા મળે. પણ તેવણ બસરા થઇ બગદાદ ગયા કે તેવણને ત્યાં માલમ પડયું કે દેશની કાંઇક ગેરબંદોબસ્તને સબબે બગદાદથી તેહરાન જવાનો માર્ગ સલામત નહીં હતો, તેથી

તેવણુ પણુ ઇરાનમાં જવા વગર બગદાદની અતરાફમાંજ ફરીને પાછા ફર્યા હતા. ત્યારે તે વખતની કરાંચી ખાતેનાજ, જાણે ઘરનાં બારણાં આગળનાજ અડકાવમાં અને નિષ્ફળતામાં, જાણે ખુદાતાલાનો હાથ હતો કે જવે તોપણ બગદાદથી ઇરાન જવા વગર પાછું ફરવું પડતે.

મેં સ્ટીમર ઉપરથી દસ્તુર ડા૦ ધાલા ઉપર વાયરલેસ તાર કરી એક બાપણુ માટે ગોઠવણુ કરવા અરજ કરી હતી. આ સબબે મારી આમદની ત્યાં જાણ પડવાથી આ ભલા દસ્તુરજી સાથે કરાંચીના કેટલાક ભલા બાઇઓ આવકાર દેવાને બંદર ઉપર મેહરબાની કરી હાજર થયા હતા. એઓમાં કરાંચી અનજુમનના બુઝોર્ગ સરનશીન સાહેબ શેઠ સોપારીવાળાના મુબારક દીદાર જોઇ તેવણુના મનોતા હાથે ફુલ ગજરો લેતાં ઘણી ખુશી ઉપજી. "સોપારીવાળા" નામ મારે મનથી કાંઇ આગલી પાછલી ખુશ યાદ આપનારૂં નામ છે. મારાં વહાલાં કોલાબામાં એક મનચેરજી સોપારીવાળાનું ઘર હતું. હજુર તેનો થોડોક ભાગ છે, જેમાં આજથી ૬૦) વર્ષની વાત ઉપર મારાં પેહેલાં બાળલગનના આશીરવાદ પડયા હતા. તે આગમજ તેના ઓટલા ઉપર એક મેહેતાજીની નીશાળ મંડાવી, ત્યાં મેં મારી બચપણની કેળવણીના પાઠો લીધા હતા.

કરાંચી એક ભાગ્યશાળી પારસી શેહર.

કરાંચી એક ભાગ્યશાળી પારસી શેહેર છે મુંબઇ બહારનાં પારસી મથકોમાં આ સારી પારસી વસ્તીનું શેહેર છે અને ખુદાતાલાએ ત્યાંનાં, ત્યાંની પારસી સંખ્યાના પ્રમાણમાં, ઘણા પારસી ભાઇઓને દાળ રોટલીથી સુખી રાખ્યા છે, એટલુંજ નહી પણ બીજા ગરીબ હમદીનોને દાળ રોટલીથી સુખી રાખવાની હાલતમાં મેલ્યા છે. દાળ રોટલી મેળવવી તે તો ઘણાકો મેળવે છે. પણ દાળ રોટલી પોતે મેળવી બીજાઓને પણ તેમાં બનતો હીસ્સો આપવો, એમાં ખરી મરદાનગી, ખરૂં જરથોશ્તીપણું છે. પોતાના ગરીબ હમદીનો તરફ પોતેજ જોવું અને તેઓને બીજાં શેહેરોની પારસી સખાવતે નહીં રાખવા, એવો સ્વતંત્ર ઉમદા ખવાસ બીજાં એવાં એકાદ બે શેહેરો સાથે, કરાંચીના પારસીઓ ઉત્તમ પ્રકારે ધરાવે છે.

કરાંચીના પારસીઓ બીજી આ બાબતમાં ભાગ્યશાળી છે કે તેઓ પોતાની પસંદગીથી, પોતાની ચુંટણીથી પોતાને માથે એક ભલા ભણેલા દસ્તુર મેળવી શક્યા છે. આપણે પોતે પોતાના જાતી બળે વધેલા વેહવારૂ પુરૂષ (self-made man) તરફ માનથી જોઇએ છીએ. તેમ અત્રેના દસ્તુર, દસ્તુર માનેકજી ધાલા, બાપના બેટા તરીકે નહીં, પણ પોતાની લાયકાતથી દસ્તુરી પદે આવ્યા છે.

જો મારી આગળ બે ધર્મગુરૂઓને હાજર કરે, કે જેમાં એક ફલાણી ડીગ્રી અને ફલાણી ડીગ્રી મેળવેલો કેળવાયલો દસ્તુર હોય, અને બીજો એવી ઓછી ડીગ્રીઓ મેળવેલો કેળવાયલો હોય પણ તે વર્તણુકમાં ભલો, સાદો, સાલેસ, મીલનસાર, મીઠો અને નેક હોય, તો હું આ બેમાંથી પેલા વધુ કેળવાયલા ગણાતા પેહેલા કરતાં બીજાને પસંદ કરૂં અને તેવણુ હજુર પેલી અંગ્રેજી કેહેવત પ્રમાણે "મારી ટોપી ઉતારવા"નું, અથવા આપણી રાહરીતી પ્રમાણે બોલું તો, મારી પાઘડી પહેરવાનું પસંદ કરૂં. કરાંચીને દસ્તુર ધાલામાં જેમ કેળવાયલા તેમ ઉપલા બીજા વર્ગના દસ્તુરને ઘટતા સદ્ગુણોવાળા દસ્તુર મળ્યા છે. ખુદા એવણુની દસ્તુરી ઉપર અને કરાંચીના પારસીભાઇઓની એવણુની રેહબરી ઉપર સર્વે આશીરવાદ વરસાવે. એ દસ્તુરજી અમેરીકા અભ્યાસ માટે ગયા ત્યારથી, બલ્કે તેથી પણ આગમજ, મરહુમ શેઠ ખ. રૂ. કામા સાથે એવણુના અભ્યાસમાં અને ત્યારબાદ એવણુની દસ્તુરીમાં, મેં કાંઇક કમીનો ભાગ લીધો છે. તે સબબે આ દસ્તુરજી

અને તેવણુના ઘેરસીબાણુ દસ્તુરનને કરાંચી આવી પહોંચતાં જોઇ મને ઘણી ખુશી ઉપજી હતી. કરાંચી ખાતેની અમારી પાર્ટીના થોડાક કલાકો આગાખી રોડ નશરવાનજી મહેતા, જેવણુ ભગીબ્બના હજુર વધારે સારી આશા આપનારા પરગજુ બેટા સાથે પોતાના કરાંચીના કેટલાક પરમાર્થી પારસી ભાઇઓ, જેઓ પારસી નામને શોભાવે છે, તેઓમાંના એક છે, તેઅણુની એહસાનપાત્ર મેહરબાનીભરી મેહમાનદારીમાં ગુજાર્યા અને સાંજે મારી મુસાફરી બાબે એક ભાષણુ આપવા બાદ રાતે સ્ટીમર ઉપર પાછા સવાર થઇ મુંબઇ માટે ઉપડયા.

કરાંચી ખાતે ઉતરતાં મેં શરૂઆતમાં અર્ધો કલાક દસ્તુરનાં પુસ્તકખાનામાં કાંઇક ખુશી સાથે ગુજાર્યો. આઝરબઇજાનમાં આરુમ ખાતે મેં પેગમ્બર જરથોસ્તનું ગણાતું શહેર જોયું હતું. તેમ જોતાં મારી પાસે મારી "અત્રેઇ હાએ ઇરાન"ના વિષયવાળી ચોપડી નહીં હતી. તેથી હું મારી યાદદાસ્ત ઉપરજ આધાર રાખી કામ કરતો, તેથી અત્રે આવતાં મારી "યાદગારે ઝરીરાન" વાળી ચોપડીમાં ઉપલો પેહલો વિષય મેં જોયો અને તેમાં મારી યાદદાસ્ત મુજબનો ફકરો તપાસી ખાતરી કરી ખુશી થયો કે મારા ધારવા પ્રમાણે આરુમ શહેરને તેમાં જરથોસ્તનું શહેર જણાવ્યું છે.

હીંદ અને ઇરાન વીગેરેની પુરાણી તવારીખમાં કરાંચી.

કરાંચી સીન્દના મુલકનું એક મુખ્ય શહેર છે. કેટલીક રીતે સીન્દનો મુલક પૂર્વ તરફનું ઇજીપ્ત ગણાયું છે. અહીંની સીંધુ તે ઇજીપ્તની નાઇલ માફક ગણાઇ છે અને કરાંચી તે અલેકઝાન્ડ્રીઆ તરીકે ગણાયું છે. કોઇ અસલી લખનારાઓનું, દાખલા તરીકે ૧૦) મી સદીમાં થઇ ગયલા એબ્ને-હઓકલનું સીન્દ હાલના કરતાં ઘણું મોટું હતું. હાલમાં આપણે સીન્દને હીંદુસ્તાનનો એક ભાગ ગણ્યે છિએ, પણ આગળ "સીન્દ અને હીન્દ" એ જુદા મુલકો ગણાતા. તે વખતે સીન્દની પશ્ચિમ તરફની સરહદ છેક કેર્માન સુધી ગણાવી. કેટલીક હદે મક્રાન અને બલુચીસ્તાનનો મુલક પણ તેનો ભાગ ગણાતો. આ તે વખતના મોટા વીસ્તારવાળા સીન્દના મુલકના કોઇક ભાગોમાં ઇ૦ સ૦ ની ૧૦) મી સદી સુધી એબ્ને હઓકલ પ્રમાણે ગબ્ર યાને જરથોસ્તીઓ રહેતા.

સીન્દમાંથી વેહતી સીંધુ નદીના સબબે અસલમાં પશ્ચિમના મુલકોનો કેટલોક વેપાર આ સીન્દ મારફતે હીંદુસ્તાન સાથે હતો. ડા૦ હોર્નેલ ઇરાની પાદશાહ દારાયસની ચતુર વેપારી રાજનીતી (The farsighted commercial policy of Darius) ને વખાણી કહે છે કે આ ઇરાની પાદશાહની નેમ હીંદુસ્તાન અને પશ્ચિમ વચ્ચેના મુલકની શોધખોળ (The exploration of the seas between India and the West) હતી. આ સબબે મેં ઉપર કહ્યું તેમ તેણે હીંદુસ્તાન ઉપર હુમલો કરતાં પોતાના દર્યાઇ સેનાધીપતી (Admiral Scylax) ને સીંધુ નદી મારફતે અરબી સમુદ્રમાં ઉતરી શોધખોળ કરતાં ઇરાન જવા કહ્યું હતું. હાલમાં અરબી સમુદ્રનો થોડોક ભાગ ઇરાની અખાત (Persian Gulf) ગણાય છે. પણ આગલા વખતમાં જ્યારે ઇરાનનો અમલ મોટો હતો, ત્યારે અરબી સમુદ્ર પણ ઇરાની સમુદ્ર (Persian Sea) ગણાતો. શાહ દારાયસે પોતાના સુસા (Susa) ના મેહલમાં ગુજરાત અને મલબારનું સાગ લાકડું વાપર્યું હતું. એ પાદશાહના વખતના ધર્મક્રિયાના કોઇક વાસણો (Libation Vessels) અથવા હાલના આપણા શબ્દોમાં બોલીએ તો "ક્રિયાના આલાતો" સ્યુસા ખાતે કોઇક હીંદી બનાવટનાં માલમ પડયાં છે.

દારાયસે સુએજની નેહર બાંધી હતી, તે પણ હીંદુસ્તાન સાથે પોતે હાથ કરેલા

ઇજીપ્તનાં મુલકનાં વેપાર અર્થે હતી. દારાયસ પછી સીકંદરે પોતાના એડમીરલ નેઆર્કસને આ તરફના દર્યામાં વેપાર અર્થે વધુ શોધખોળ (exploration) કરવા ફર્માવ્યું. ત્યારપછી જ્યારે રોમે ઇજીપ્ત જીત્યું ત્યારે તેણે આ તરફનો હીંદુસ્તાન સાથનો વેપાર ઘણો વધાર્યો. રોમ હીંદુસ્તાનથી આસરે રૂ. ૧) એક કરોડનો માલ લેતું. પણ સાદી જીંદગી ગુજારનાર હીંદુસ્તાન રોમથી વળતા વેપારમાં થોડી ચીજો ખરીદતું હતું. આપણે હાલમાં હીંદુસ્તાનના વેપારના સંબંધમાં દેશમાંથી દોલત બહાર જવા (drain of money out of India) માટે વીલાપ કર્યે છિયે, પણ તે વખતે પોતાની દોલત હીંદુસ્તાન ઘસડાઇ આવતી (the drain of money to India) એમ રોમ ફર્યાદ કરતું. કહે છે કે એવા વેપાર માટે ૧૨૦) વાહાણોનો કાફલો આ તરફ ફરતો હતો. આ અસલી વખતમાં કરાંચીનું જુનાની નામ દબલ (Debal) હતું.

પાશ્ચમ બાજુનાં સીન્દના આવા પુરાણા વેપારી સંબંધને સબબે આપણે આ મુલકમાં અસલી સુમેરીઆનો સુધારો (Sumerian civilization) નાં ખંડીએરો માટે જે સાંભળ્યે છિયે તે સમજ પડે છે.

આ સર્વ સબબે ત્યારે કરાંચીના જરથોસ્તીઓ એક રીતે ભાગ્યશાળી છે કે તેઓ તે પુરાણા મુલકમાં રહે છે કે જ્યાં તેઓના એક આગલા પાદશાહ દારાયસના ઇરાનીઓની આમદરફત થઇ હતી.

બહેમનઆબાદ

સીંધમાં બમનાબાદ નામની જગ્યા ઉપર કોઇક પુરાણાં ખંડીયરો શોધી કાઢવામાં આવ્યાં છે. આ નામ શું છે તે બાબે કાંઇક મતફેર છે, પણ રેનો આ શેહેર ઇરાનના શાહ બહમને સ્થાપેલું જણાવે છે. (Fragments Arabes et Persans, par Reinaud, Introduction p. XXI.). રેનો, જે આધારે લખે છે તે આરબ લખનાર પણ એમજ કહે છે. (જુઓ ટેક્ષ્ટ, પા૦ ૪૧). (જુઓ Journal Asiatique, Tome V of 1845) હાલમાં સીંધ ખાતે શોધી કહાડાતાં સુમેરીઆન સુધારાનાં ખંડીઆરો, હખામીનીઆન ઇરાનના સીન્દ સાથનાં સંબંધના વિચારને મજબુત કરે છે અને બહમનાબાદ શેહેરનાં ઇરાની નામ સામેના કોઇ શકને દુર કરતાં દીસે છે.

કુવર વીલા, કોલાબા,
તા૦ ૫ મી મે ૧૯૨૯.

સેવટના બે બોલ.

આ પત્રમાં સેવટના બે બોલો બોલી મારા પત્રોની હારમાળા તમામ કરૂં છું. તા૦ ૩ જી ડીસેમ્બરની રાતે ૯ વાગે અમારી સ્ટીમરે કરાંચીથી પોતાનું લંગર ઉંચક્યું અને તા૦ ૪ થીનો દિવસ સ્ટીમર ઉપર બખવામાં કાઢી તે દિવસે સાંજે મારી નોંધપોથીમાં જે નોંધ મેં લીધી તે અત્રે પાછી યાદ કરૂં છું.

"ઓ દાદાર તારા હજારોહજાર શુકાના કે તારી અપરંપાર મેહેરબાનીથી હું મારી સફર તમામ કરવાને છેડે આવ્યો છું. મારી જીંદગીમાં આ લાંબી સફર તું દાદારની મેહેરથી સર્વ પ્રકારે ફતેહમંદ નિવડી છે. માટે ઓ દાદાર! મારૂં કમીનું સર તારી સેપાસ ગુજારીમાં નમાઉં છું."

તા૦ ૫ મી નવેમ્બર, રોજ જમ્યાદ માહ ખોરદાદને દીને બરી બામદાદથી મુંબઇ દેખાવા માંડયું. પહેલે કોલાબા બોહલું દેખાયું. ૮–૧૫ ને સુમારે સ્ટીમર વરસોવાએ લંગર નાંખ્યું અને ૯–૧૫ ને અમલે સ્ટીમર લોંચમાં બેસી આસરે ૯–૪૫ ના અમલે મુંબઇને કિનારે, સાત માસ અને ચોવીસ દિવસે, પાછો પગ મેલી મારાં વહાલાં કુટુંબને ગોદમાં લઇ, અને મને પોતાને તેઓની ગોદમાં મેલી, તે દાદારના શુકાના કર્યાં.

આપણા અવસ્તા પહેલવીના હસ્ત લેખ પુસ્તકો લખનારા નવીસંદાઓ પોતાનું પુસ્તક સેવટે કોલોફોનમાં જે

શબ્દોથી તમામ કરે છે તે શબ્દોને હું મારી સફરના પત્રોની હારમાળાના સેવટના આ કોલોફોન સમાન પત્રમાં બે બોલ બોલી યાદ કરૂં છું, અને તા૦ ૫ મી મે ૧૯૨૬, રોજ મારેસ્પંદ માહ આવાં સને ૧૨૯૫ યજદેજરદીને દીને અઈવીસ્રુથ્રેમ ગાહમાં રાત્રે ૭-૩૦ ને અરસે આ છેલ્લો પત્ર લખી મારૂં કામ તમામ કરૂં છું.

"ફ્રજપત પવન દરૂદ વ શાદીઅ વ રામશ્નીઅ."

અર્થ:—દુઆ અને શાદી અને રામશની સાથે તમામ કર્યું.

આ દુઆ મારા સેંકડો અને હજારો વાંચનારાં બાનુઓ અને ભાઈઓના હકમાં ગુજારી હું તેઓથી કાંઈક દરગુજર ચાહું છું. આ પત્રોમાંના ઘણાંક, એકજ શહેર યા જગ્યાએ બેસી એકી વખતે લખ્યાં નથી. કોઈક એક શહેરમાં શરૂ કર્યાં છે, તો બીજે શહેરે તમામ કર્યાં છે. કોઈક યા કોઈકના કોઈક ભાગો હોટલોની સુખ-વડભર્યા ટેબલો ઉપરથી લખ્યા છે, તો કોઈક ભાગ કુક કંપનીના સહેલાણીઓ-ની પાર્ટીઓમાં ફરવા જતાં, બપોરના ભોજન બાદ પા યા અર્ધો કલાક રેસ્ટો-રોમાં વખત મળ્યો હોય ત્યારે લખ્યા છે. કોઈ ભાગ ચાલતી આગગાડીઓમાં લખ્યાં છે, તો કોઈ મોટરકારોમાં લખ્યા છે. દરાનમાં કોઈ વખત મોટરકાર રસ્તામાં અટકી પડતી, તો મારો કોથળો કાઢી કાંઈક લખવામાં વખત ગુજારતો. એમ અહીં અને તહીં, આજે અને કાલે, સવારે અને સાંજે, ખરી બપોરે યા મધરાતે, તરેહવાર સ્થળ, કાલ અને સ્થીતી વચ્ચે એ પત્રો લખાવાથી તેમાં કેટલે દરગુજર ચાહાવા જોગ કાંઈક લખાયું હશે. એકજ બાબત ઉપર એકથી વધુ જગ્યાએ વિવેચન થયું હશે. પુસ્તકો સાથે નહીં હોવાથી કાંઈક ભુલો થઈ હશે. આ સર્વે માટે દરગુજર ચાહું છું. વળી કમનસીબે દસ્કત કાંઈક ખાનોભર્યાં હોવાથી, કમ્પોઝીટર ભાઈને હાથ તે ફિકલાવતાં, તેમજ વાંચનાર ભાઈને હાથે તે સરખાવતાં, ભુલો રહી હશે. જોડણીમાં એવી ઘણી ભુલો રહી છે. આ વર્તમાનપત્રમાં તે સર્વે પત્રો વખતસર છપાવામાં ઢીલ થવાનો એક સબબ મને આ જણાવવામાં આવ્યો છે કે ફક્ત એકાદ કમ્પોઝીટરજ મારા હરફોથી કાંઈક માહીતગાર બનેલો હોવાથી ઢીલ થઈ છે. તે ભલા કમ્પોઝીટર ભાઈને મારા ખરાબ દસ્તખતે જે તસદી આપી હોય તે માટે દરગુજર ચાહું છું.

આ પત્રોની બાબી કોઈક ખામીઓ છતાં, મને મારા જીગરનો સંતોષ છે, કે મારા સંખ્યાબંધ વાંચનારાઓને મારાં પત્રોથી કાંઈક સંતોષ મળ્યો છે. મુંબઈ આવવા બાદના આ પાંચ માસમાં ઘણાક મિત્રો અને વખાણનારાંઓ, અત્રેના તેમજ બહારનાં, જેઓમાંથી કોઈકને નજદીકની પિછાણનું પણ હું માન ધરાવતો નથી, તેઓથી હું જાણી ખુશી થયો છું, કે મારાં આ ગરીબ પત્રો તેઓએ કાંઈક ઉમંગ અને હોંશથી વાંચ્યાં છે. કેટલાકોએ એ બાબે પત્રો લખીને અને એકાદ ભલા બાઈએ તો દુર દેશાવરથી તાર કરીને પાછો ફરતાં આવકાર આપી પોતાની ખુશાલી જાહેર કીધી છે. મુંબઈ પાછું ફરવાં ચાર મંડળીએ, જેઓના પ્લેટફોમ ઉપર હું આગળ અવારનવાર ઉભો હતો, તેઓના પ્રતીનીધીઓએ ઘેર આવીને બે મીઠા બોલોથી આવકાર દીધો છે. તેમાંથી બે મંડળીઓ તરફથી થોડાક ભલા ભાઈ-ઓનું ડેપ્યુટેશન આવ્યું હતું. આ સર્વે આવકાર માટે ઉપકાર માનતાં, ગ્રાંટ રોડની પારસી એસોસીએશનનો હું ખાસ આભાર માનું છું, કે તેઓએ આવતાંને વાર એકાદ દીનમાં એક નાદર ફુલોની બાસ્કેટ સાથે હરખભર્યો આવકાર આપ્યો હતો. ચાલુ મુસાફરીની તરેહવાર જંજા-ળોથી કાંઈક આસાએશની જરૂર દીસવાથી નોસારી જતાં ત્યાંના દસ્તુરજી અને દેસા-ઈજી સાહેબોએ બીજા થોડા ભાયડાઓ સાથે મારા બાપદાદાઓની આ પનોતી ભુમી, જેને મેં મુસાફરીમાં કેટલીકવાર પ્રેમ સાથે યાદ કીધી હતી, તેના સ્ટેશન ઉપર

તરફથી લઇ જે મમતાભર્યો આવકાર આપ્યો હતો, તે વળી એક અ-ચાનક બનાવ (surprise) હતો, જે માટે હું આભારી છું.

હું ગયો ત્યારે કેટલાક ભલું ચાહનારા મિત્રો અને સ્નેહીઓની દુઆ સાથે, અને તે દુઆઓની નિશાણી તરીકે સગનની પહેરામણી સાથે ગયો હતો. આ પહેરામણીઓમાં સર્વથી પહેલી સગનવંતી પહેરામણી, કેટલાક દિવસો આગમજથી નામદાર સર જમશેદજી તરફની હતી. તેવણ સાહેબે માયા, મમતા મહેરબાનીની સાથે કરેલા પહેરામણી હું આભાર સાથે ખાસ યાદ કરૂં છું. એવણના વડીલો અને એવણની સરદારી હેઠળ આજે ૩૩ વર્ષ થયાં મારી કમીની શાક્ત પ્રમાણે મારી જે કોમની કાંઇક ગરીબ સેવાઓ બજાવી છે, તે કોમના વડા તરફનો કાંઇક ચાહ બલ્કે કોમ તરફનો ચાહ હોય એમ ખુશી કરે છે.

વળી પાછું ફરવા પછી પણ એકાદ બે તરફથી કાંઇક પહેરામણી થઇ છે. તેમાં એક ભલાં બાઇને ખાસ ખુશી અને આભાર સાથે યાદ કરૂં છું. તેવણને કેટલાંક વર્ષ થયાં હું મળ્યો નથી. કોઇ વખત દુરથી પત્ર વહેવાર થયો છે. તેવણ તરફથી પાછું ફરવા બાદ થોડા વખત પછી, તેવણના બેટા, માતા તરફનો એક પત્ર લઇ, મળવા આવ્યા. તે પત્ર ઉઘેડતાં તેમાં રૂ૧૦૧) ની રકમ હતી, જે તે બાઇએ થોડાક આછા કદરશનાસીના શબ્દો સાથે સગનની પહેરામણી તરીકે ભેટ મોકલી હતી. તેવણે જણાવ્યું હતું કે નાદુરસ્ત તબીયતને લીધે તેવણ પોતે મારી સફરના પત્રો નહીં વાંચી શકતાં તો પોતાના પુત્ર પાસે વંચાવે છે. આવી ભલી કદરશનાસીઓ, જીંદગીને તેની ઘણીક જંજાળો છતાં કાંઇક જોર અને ઝુમ આપે છે. આવી રીતે મારી કમીની કોશેશની કદરશનાસી કરનારાં સર્વ ભાઇઓ અને બાઇઓ, જેઓ મને ચાહે છે તેઓને ખુદા ચાહે. મારા પોતા માટે પણ હું ચાહું છું. કે ખુદા મને તેઓના ચાહને લાયક રાખે.

તકદીર અને તદબીર. હું તકદીર અને તદબીર, નસીબ અને કોશેશ, ડહાપણ અને તે દાદારની દીર્ઘ-દ્રષ્ટી (Prudence and Providence) એ બંનેમાં માનું છું. આપણ માણસે આપણા પોતા તરફથી સર્વ કોશેશ કરવી જોઇએ. પણ જો સર્વ પ્રમાણીક કોશેશો (તદબીર) છતાં નિષ્ફળ નીવડયે તો તકદીર, જેમાં તે દાદારની દીર્ઘદ્રષ્ટીનો હાથ છે, તે ઉપર સંતોષ કરી બેસવાનું છે. આપણા હકમાં શું ભલું છે તે આપણે જાણતા નથી. તે સર્વ તે સાહેબ જાણે છે. આ વિચાર હું હાલ આ સબબે કરૂં છું કે મેં એકથી વધુ વખત ઇરાન જવા માટે તદબીર કીધી હતી, પણ તકદીરમાં નહીં હતું, તેથી નિષ્ફળ નિવડયો હતો. મને ૧૮૮૯ માં યુરોપ ગયો હતો, ત્યારે અત્રેથી સ્ટીમરની આવવા જવાની ટીકીટ નહીં લીધી હતી, કે જેમ કરતાં પૈસાનો બચાવ થાતે. તેમ નહીં કર્યું હતું સબબ કે પાછું ફરતાં ઇરાન માર્ગે આવવાનો વિચાર રાખ્યો હતો. તે કાજે લંડનમાં આપણા સેક્રેટરી ઓફ સ્ટેટની મુલાકાત લીધી હતી. તે વખતે રશીઆ અને ઇંગ્લાંડ વચ્ચે ઘણો એખલાસ નહીં હતો. તે છતાં તેવણે મેહેરબાની કરી કોશેશ કરી મને રશીઅન રેલવે ઉપર મુસાફરી કરવા દેવાની પરવાનગી મેળવી હતી, સબબ કે મેં પહેલે સમરકંદ અને બોખરા જઇ પછી ઇરાન જવા ધાર્યું હતું. વળી તેવણે મેહેરબાની કરી તેહેરાનના અંગ્રેજી એલચી ઉપર પણ સીફારસ પત્ર આપ્યો હતો. વધુ આ કે સ્ટોકહોમ ખાતે મળેલી ઓરીએન્ટલ કોનગ્રેસમાં બે ત્રણ રશીઅન વિદ્વાનો સાથે મેળાપ થતાં અને આ ધારેલી મુસાફરી બાબે વાત કરતાં, તેઓએ મદદ આપવા ખુશી જણાવી હતી. એઓમાં એક વિદ્વાન મને યાદ આવે છે, કે જે મને કોનગ્રેસની બેઠકોમાં યા બેઠકો પછી મળતો ત્યારે આઇ સદીનાં આપણા એક જાણીતા પારસી, મરહુમ

મી૦ પાલનજી રાનજી માફક ચાહથી ઠઠ્ઠી કરતો. તે વળી મને પ્રીત સાથે કહેતો કે 'તમો સેન્ટ પીટર્સબર્ગ આવો અને ત્યાંથી તમોને હું રૂસ્તં સમરકંદ મધ્ય એશીઆની અને ઇરાનની સફર માટે આપું.' આ સર્વ વાત સપ્ટેમ્બરની શરૂઆતમાં થઇ હતી. ત્યાર પછી હું ફરતો ફરતો પેરીસ જઇ દોઢ માસ કાંઇક અભ્યાસ માટે રહ્યો. એમ મુસાફરી કરતાં અને રહેતાં પેરીસ છોડતાં નવેમ્બર શરૂ થઇ ચુક્યો હતો, તેથી કેટલાક મિત્રોએ વાર્યો કે શીઆળો બેસી ચુક્યો, તેથી ઠંડીમાં જવું નહીં. એવા સબબે તે વખતે ઇરાન જવાનું તકદીરમાં નહીં હતું, તે બને તેવી તદબીર છતાં નહીં બન્યું. વિચાર રાખ્યો હતો કે અત્રેથી બીજે વર્ષે નીરાંતે જઇશ. પણ કોઇક સબબે બન્યું નહીં. ત્યારપછી જ્યારે ૧૫) વર્ષ પર જવા માંડયું, ત્યારે આગલાં પત્રમાં જણાવવા પ્રમાણે કરાંચી વેર જઇ ત્યાં તબીઅત બીગડવાથી પાછું ફરવું પડયું. વળી ૧૯૨૪ માં જવા ધાર્યું. ઇરાકના સફર માટે બગદાદના હાઇ કમીશનર તરફથી ટેલીગ્રામ મારફતે પરવાનગી પણ મંગાવી. પણ બન્યું નહીં. પણ સરજત માં હતું કે એક વખત જવું તો આ વખતે તકદીરે તદબીરને યારી દીધી અને ખુદાની મહેરથી જઇ આવ્યો છું. સફર દરમ્યાન મને અવાર નવાર સાથી-મુસાફરો પુછતા કે હું એકલો સફર કરૂં છું કે? "હા" માં જવાબ દેતાં કોઇક અજબ થતા. પણ હું તેઓને અવાર નવાર કહેતો કે "એક જણ મારી સાથે છે." એમ કહી હું મારૂં આંગળું આકાશ ભણી દેખાડતો, અને ખરેખર તે દાદાર મારી સાથે મારા સાથી તરીકે, મારા રહેબર તરીકે હતો. તે સાહેબની યારી અને મહેરથીજ હું મારી ધારણા મુજબ, અને ધારણા કરતાં પણ વધારે સારી રીતે, મોજ ભેગાં ગ્યાન સાથે પાછો ફર્યો છું.

ગ્યાનના સંબંધમાં એક પાઠ જે શીખ્યો હતો અને જાણતો હતો તે વધુ વધારે સારી રીતે શીખી આવ્યો છું. તે ન્યુટને કહેલા શબ્દોનો પાઠ છે કે:—

"I seem to have been only like a boy playing on the sea-shore and diverting myself in now and then finding a smoother pebble, or a prettier shell, than ordinary, whilst the great ocean of truth lay all unobserved before me."

તે મહાન ફિલસુફે મરતી વખતે કહેલા શબ્દો મારા જેવા એક કમીના અભ્યાસી માટે ઘણા વધારે ખરા છે. આપણને તે દાદારની જગતમાં જાણવાનું અને શીખવાનું એટલું બધું છે કે આપણે જે જાણ્યું છે તે બીસાત વીનાનું છે.

ન્યુટનના શબ્દોની માફકજ કાંઇક બોધ દેતા શબ્દો આપણા ઇરાનના પેલા દાના-વમાં દાનાવ જણાતા બુઝોર્ગ મેહેરના છે, કે જે શાહ નોશેરવાન આદલનો વડો વજીર હતો. કહે છે કે બુઝોર્ગ મેહેરની બાયડી અવારનવાર પોતાના ખાવીંદને કોઇ અને કોઇ ચીજ યા બનાવની સમજ પુછતી. બુઝોર્ગ મેહેર જે જાણતો હતો તે બાયડીને સમજાવતો હતો. જો તે નહીં જાણતો હતો તો કહેતો કે "એ બાબત હું જાણતો નથી." એક દિવસે બાયડીએ ઘણીક બાબતોમાં એમ સમજ પુછતાં તેણે ઘણીકવાર ઉપર મુજબ જવાબ આપ્યો કે "આ બાબત હું જાણતો નથી." તો કહે છે કે ત્યારે તેની બાયડીએ તેને રમુજમાં કહ્યું કે "ઓ બુઝોર્ગ મેહર! હું તુંને પુછું છું ત્યારે તું ઘણીકવાર એમ જવાબ આપે છે કે 'હું જાણતો નથી, હું જાણતો નથી.' ત્યારે પાદશાહ નોશેરવાન તુંને વડા વજીર તરીકે આવો મોટો પગાર આપે છે, તે શા કાજે 'હું નહીં જાણતો, નહીં જાણતો' તેને માટે કે?" ત્યારે આ વિદ્વાને ઠંડે પેટે પોતાની બાયડીને જવાબ આપ્યો કે "મારી વહાલી! પાદશાહ નોશેરવાન મને જે

પગાર આપે છે, તે હું જે જાણું છું તેને માટે, તેના પ્રમાણમાં છે. પણ આ જગતમાં જે જાણવાનું છે તેમાંથી હું અતીઘણું નથી જાણતો. તેથી જે હું નથી જાણતો તેના પ્રમાણમાં જો પાદશાહ મને પગાર આપતો હતે તો તેના સર્વ મુલકનો ખજાનો પણ પુરો પડે નહીં." મતલબ કે આપણી શી બીસાદ છે! આપણે કેટલું થોડું શીખી અને જાણી શકયે છિએ. આ દુનીઆમાં કેટલું બધું હજુર આપણાથી જણાયા વા શીખાયા વગરનું પડયું છે!

ત્યારે એક ચતુર મુસાફરને તેની મુસાફરીએ જે પેહેલું ભાન અને જ્ઞાન આપવાનું છે, તે નમ્રતા, નમ્રવૃત્તી, નીરભીમાન (humility) નું છે. તેનું ભાન આપવા માટે આ લાંબી મુસાફરીનું વર્ણન તમામ કરી હું મારી કમીની કલમ મેલું છું. કાલ કોણે જાણી છે! પણ હું ધારું છું કે આ મારી છેલી લાંબી મુસાફરી છે. પણ એક આથી વધુ લાંબી મુસાફરી બાકી રહી છે. તે પેલા દુરના મુલકની મુસાફરી છે કે જેને માટે શાહેર શેકસપીઅર કહે છે કે "From whose bourn, no traveller returns." એટલે "જેની હદ તરફથી કોઇપણ મુસાફર પાછો ફરતો નથી." આ જગમાં મારા ભલા દીલસોજ વાંચનારાઓને આવારનવાર મેં મારી કેટલીક મુસાફરીઓનું વર્ણન સને ૧૮૮૭ ના વર્ષથી આપ્યું છે. જો શેકસપીઅરે યાદ કરેલા ઉપલા મુલકનું પણ વર્ણન લખીને આપી શકાતું હોત, તો મારા વાંચકોને તે પણ ઘટતે વખતે આપવાને હું ખુશી થાત.

સમાપ્ત.